શ્રી ગણેશાય નમઃ

પારશ મણી.

મુળ હિંદીમાંથી ભાષાન્તર કર્તા.

રા. રા. હરજીવન ત્રિભુવન ત્રિપાઠી.

વાનપ્રસ્તાશ્રમ—ડાકોર.

પ્રસીદ્ધ કરનાર.

રા. રા. દલસુખરામ હરગોવનદાસ સાહ્યબા.

અમદાવાદ.

પ્રથમ આવૃતી. નકલ ૫૦૦ સને ૧૯૧૫

અમદાવાદ.

ગોલીફન્ટ રોડપર આવેલા ધી. ન્યાયદર્શક પ્રી. પ્રેસમાં

સા. મણીલાલ મગનલાલે છાપ્યો.

કિંમત રૂ. ૨-૦-૦

અર્પણ પત્રીકા.

છપયછંદ.

કરે સદા સત્કર્મ, ધર્મનો મર્મ ધરીને,
હરે અવરનાં દુઃખ, દ્રવ્ય તન મને કરીને;
દે વિદ્યાનું દાન, જ્ઞાન આપે સૌ જનને;
સરળ સ્વભાવે વદે, હીતકર સત્ય વચનને;
એવા નરવર નીરખીને અધિક અધિક અંતર ઠરૂં:
પારસમણિ આ ગ્રંથ તેને, પ્રેમવડે અર્પણ કરૂં. ૧
મન ઇંદ્રિ શમ દમન, કરી વશ જે વરતે છે;
ધરી ટેક વિવેક, થઇ નેકી યશ લે છે;
પ્રભુ પદ પૂરણ પ્રેમ, નીતિના નિયમો પાળે;
ષડરીપુ કેરો વેગ, સકળ તન મનથી ટાળે;
એવા નરવર નીરખીને અધિક અધિક અંતર ઠરૂં,
પારસમણિ આ ગ્રંથ તેને, પ્રેમવડે અરપણ કરૂં. ૨
દેવા જનને બોધ, કવિ રચે કવિતા સુખકારી;
શ્રવણ કરાવે શાસ્ત્ર, શ્રવણ કરતાં નરનારી;
ભાષણ ભાખી સત્ય, હરે મળ અંતર કેરા;
અન્ન વસ્ત્ર દે દાન, જોઇ શુભ પાત્ર ઘણેરા;
એવા નરવર નીરખીને, અધિક અધિક અંતર ઠરૂં;
પારસમણિ આ ગ્રંથ તેને, પ્રેમવડે અર્પણ કરૂં. ૩
પૃથ્વી પાણી પોલ, પ્રકાશ પવનને દેખે;
પ્રપંચ માયા તણો, નામ રૂપે જગ લેખે;
અસ્તિ ભાતિને પ્રિય, રૂપ આત્માનું જાણે;
સર્વ સ્થળે પરીપૂર્ણ, પ્રભુ પેખીને માણે;
એવા નરવર નીરખીને, અધિક અધિક અંતર ઠરૂં;
પારસમણિ આ ગ્રંથ તેને, પ્રેમવડે અર્પણ કરૂં. ૪
માત તાત સદગુરૂ, આશિષો સૌની લીધી,
આજ્ઞા પાળી અધિક, વડિલની સેવા કીધી;
અનાથ અંધાં જેહ, પાંગળાં લૂલાં આવે;
તેને સુખ આપવા, અધિક ધન અરપે ભાવે;
એવા નરવર નીરખીને, અધિક અધિક અંતર ઠરૂં;
પારસમણિ આ ગ્રંથ તેને, પ્રેમવડે અર્પણ કરૂં. ૫

સરખેજ મહા સુદ ૧૧ ગુરૂ ૧૯૬૭ તા. ૯—૨—૧૧

હરજીવન ત્રિભુવન ત્રિપાઠી.

પ્રસ્તાવના.

શ્રીમન્ મહારાજાધિરાજ મીરઝાં મહારાવ **શ્રી ખેંગારજી** સવાઇ બહાદુર જી. સી. આઇ. ઇ. માલીક મુલ્કે કચ્છના. **એઓશ્રીજીની આજ્ઞાથી** યુવરાજ **શ્રી વિજયરાજજી** મહારાજના શિક્ષકનું કામ, સંવત્ **૧૯૪૭ થી ૧૯૫૭** સુધી ૧૦ વર્ષ મેં કરેલું તે સમયમાં અવકાશના વખતમાં સ્વામી **શ્રી ચિદ્ઘનાનંદ** કૃત ભગવદ્ગીતાનું હિંદીપરથી ગુજરાતી ભાષામાં મેં ભાષાંતર લખેલું, તે મારા મિત્ર નાગર ગૃહસ્થ મર્હુમ મંગળજી ગોકળજી તથા માસ્તર ધનજીભાઈ રત્નેશ્વર વગેરેને હું વાંચી સંભળાવતો હતો. તેવામાં રા. રા. મંગળજીભાઇએ "પારસભાગ" નામનો ગ્રંથ મનન કરવા જેવો છે, એમ મને જણાવ્યું તેથી તે ગ્રંથ તેમની પાસેથી લેઇ મેં મિત્ર મંડળમાં વાંચવાનું શરૂ કર્યું. તે વંચાઇ રહ્યા પછી તેનું હિંદીમાંથી ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવાની ઇચ્છા થતાં આ પારસ ભાગનું ભાષાંતર મેં અવકાશના વખતમાં પૂર્ણ કર્યું.

પારસ ભાગ વેદાન્ત મતાનુસાર છે. એમાં **કામ, ક્રોધ, મદ, લોભ મોહ અને** અહંકારને નિર્બળ કરવાના ઉપાય; **અને દાન, જપ, તપ, વ્રત** કરવાના લાભ તથા **પ્રીતિ, દયા, સત્યા સત્ય, ચોરી,** ઇર્ષાદિ દેહ સંબંધી કર્મોના નિર્ણયનું દૃષ્ટાંત યુક્ત વર્ણન કર્યું છે.

આ ગ્રંથનું શ્રવણ, મનન કરવાથી માણસના હૃદયમાંથી તમામ પાપોનો મળ નીકળી જાય છે. માટે સ્ત્રી પુરૂષ સર્વને આ ગ્રંથ ઉપયોગી છે.

ઘણા ગૃહસ્થોને આ ભાષાંતર છપાવી વિના મૂલ્યે મુમુક્ષુઓને અર્પણ કરવા વિનતી કરવામાં આવેલી, પણ તેવો કોઇ ગૃહસ્થ પ્રાપ્ત નહિ થવાથી આ ભાષાંતર મારી પાસે જેમનું તેમ પડી રહેલું. માત્ર કેટલાંક મુમુક્ષુજનોને હું તેનું શ્રવણ કરાવતો હતો તેવામાં **રા. રા. દલસુખરામ હરગોવનદાસ સાહેબાએ** આ ગ્રંથ છપાવી પોતાની ઇચ્છા પ્રમાણે કરવાની મરજી દર્શાવી જેથી આ પુસ્તક ગુજરાતીમાં લોકો સમક્ષ રજુ થાય છે. આશા છે કે તેનો લાભ મુમુક્ષુજનો લેશે.

મૂળમાંની કેટલીક હકીકત સરળ કરવા ભાષાંતરમાં કોઇ કોઇ સ્થળે ફેરફાર કર્યો છે.

આ ભાષાંતર યથામતિ થએલું છે. જો કોઇ વિદ્વાને આ ભાષાંતર કર્યું હોત તો તે વધારે સારૂં થાત. આમાં કાંઇ દોષ દર્શન થાય તો ગુણીજનો ક્ષમા કરશો. હું કાંઈ પંડિત નથી પણ ઇશ્વરની કૃપા અને પ્રેરણાથી યથા-શક્તિ લખી શકયો છું. માટે સર્વ સજ્જનો વાંચી વિચારી સંતોષ પામશે એટલે હું મારો યત્ન સફળ થયો એમ માનીશ.

સરખેજ મહા સુદ ૧૧ ગુરૂ
તા. ૯-૨-૧૧.

હરજીવન ત્રિભુવન ત્રિપાઠી.

પ્રસીદ્ધ કર્ત્તાની પ્રસ્તાવના.

આ. પ. રસમણી ગ્રંથ મુમુક્ષુ જનોને ઘણોજ લાભદાયક હોવાથી પ્રસિદ્ધ કરવાની ઇચ્છા થઇ છે. જેથી તેનો ઘણા જણા લાભ લેશે તો શ્રમ સફળ થશે. કીંમત બેઠી તેટલી પણ રાખી નથી.

લી.
દલસુખરામ હરગોવનદાસ

અથ પારસભાગ પ્રારંભ.

પ્રકરણ ૧ લું.

મંગળાચરણ.

દોહરો.

ભક્તિ ભક્ત ભગવંત ગુરૂ, ચતુર નામ તન એક;
તેના પદ વંદન કર્યે, નાસે વિઘ્ન અનેક. ૧.

મંગળાચરણ, સ્તુતિ અને આભાર એકજ પરબ્રહ્મ પરમેશ્વરને વારતે છે.

તે પવિત્ર પરમેશ્વર એવો કારીગર છે કે તેણે એક મુઠી માટીમાંથી જુદી જુદી સુરતો અને માટીની મૂરતો પલકમાં પેદા કરી છે; એટલુંજ નહિ પણ કોઇ કાળા અને કોઇ ગોરા, કર્યા છે; અને તેમની આકૃતિઓ એવી રંગ બેરંગી બનાવી છે કે એકના આકાર સાથે બીજાનું ડોળ મળતું નથી; પણ કરોડો બ્રહ્માંડોમાંથી જેને ઇચ્છીએ તેને ઓળખી શકીએ છીએ. વળી આ આકાશ છે તે પરમાત્મા રૂપી મહાસાગરનો એક પરપોટો છે અને પૃથ્વી પાણીમાં એક પતાસા જેવી છે, પરંતુ એ તમાસો છે કે સમુદ્ર હજારો લહેરો મારે છે, છતાં પણ તે પૃથ્વીનો એક વાળ પણ વાંકો કરી શકતો નથી. જેની એવી અપારશક્તિ અને માહાત્મ છે, તેનું વર્ણન કરવાને માણસની જીભ મુંગી છે. વર્ણન કરવા જાય તો શું કહી શકે? એથી ઉત્તમ એ છે કે જે વાતમાં દમમારી શકે નહિ, તેમાં મૌન રહે.

આકાશના તારા, મેઘનાં બુંદો, વનસ્પતિનાં પાંદડાં તથા પૃથ્વીનાં રજકણ એમનો ગણત્રી કરીને કદાપી કોઇ જાણી શકે, પણ હે ઇશ્વર આપના ઐશ્વર્યને તથા પૂર્ણતાને અને સામર્થ્યને કોઇ જીવ જાણી શકતા નથી. તેમ આપને જાણવાના સંપૂર્ણ માર્ગને પણ કોઇ પામી શકતું નથી.

જે સાચા મહા પુરૂષ છે, તેમની પણ છેવટની એ અવસ્થા છે કે એ પણ આપ પરમાત્માને સંપૂર્ણ જાણવાને વિસે પોતાનું અસામર્થ્ય વર્ણવે છે.

દેવતાઓ અને મોટા મોટા મહાત્માઓ પણ આપ પરમાત્માની સ્તુતિ અને પ્રભુતાને વિષે બોલતાં પોતાને અસમર્થ માને છે.

મહાન્ બુદ્ધિવાળાં મનુષ્યોની બુદ્ધિ પણ આપ પરમાત્માના આદિ પ્રકાશ, ચૈતન્ય અને સામર્થ્ય વિષે વિસ્મયતાને પામે છે.

જિજ્ઞાસુ અને પ્રીતિમાન મનુષ્યો પણ આપ પરમાત્માના દરબારની સમિપતાને ખોળવામાં વિસ્મય પામી રહ્યા છે. અને આપના સ્વરૂપને પામવાનું તેમને સંકલ્પમાં પણ પ્રાપ્ત થતું નથી.

હે પરબ્રહ્મ પરમેશ્વર આપને જાણવાનું બીજા સ્થુળ આકાર અને દૃષ્ટાંતોથી વિલક્ષણ (જુદું) છે. તે કારણથી બુદ્ધિરૂપી નેત્રોની દૃષ્ટિ આપ પરમાત્માના સ્વરૂપને જોવા વિષે મંદ થઇ જાય છે. તેથી સર્વ બુદ્ધિઓનું ફળ એજ છે કે આશ્ચર્ય પમાડે એવી આપની કારીગરીઓને જોઇને આપ પરમાત્માને ઓળખે.

કોઇ માણુસને એવો અધિકાર નથી કે જે આપ પરમાત્માના સ્વરૂપની મોટાઇનો સંપૂર્ણ વિચાર કરે કે આપ કેવા છો અને શું છો ? વળી કોઇને યોગ્ય નથી કે જે એક ક્ષણ માત્ર પણ આપની આશ્ચર્યકારક કારીગરીથી અચેત થાય, અને એમ ન જાણે કે આ કારીગરીના કર્તા અને આશ્રયદાતા કોઇપણ નથી. પરંતુ કારીગરીને જોઇને આ પ્રમાણે વિચારે કે આ સર્વ જગત્ એક આપ મહારાજના ઐશ્વર્યનું પ્રતિબિંબ છે અને આપનાજ તેજનો પ્રકાશ છે.

આ જગતની જે જે કાંઇ સર્વ આશ્ચર્યમય રચના છે, તે આપ પરમાત્માનોજ અનુભવ છે અને બીજું તમામ જે જોવામાં આવે છે તે આપ પરમાત્માના સ્વરૂપનો આભાસ છે; અર્થાત્ સર્વ પદાર્થ આપનાથીજ ઉત્પન્ન થયા છે અને આપનામાંજ સ્થિત રહેલા છે.

તાત્પર્ય એકે બધું પરમાત્મા મયજ છે. શાથી કે કોઇ પદાર્થ આપ ભગવન્તની શક્તિ વિના પોતાની મેળે સ્થિત નથી; તેથી બધાનો આશ્રય આપ પરમેશ્વરજ છો.

હે પરબ્રહ્મ પરમેશ્વર આપના પ્રિયતમ જે સન્ત જન છે, તેઓ પણ જિજ્ઞાસુને શુભ માર્ગ દેખાડનારા છે. અને આપ ભગવન્તના ગુહ્યભેદ જાણી જણાવનારા તથા પરમ દયાળુરૂપ છે, તેથી તેમને પણ મારા નમસ્કાર છે.

હે પરબ્રહ્મ પરમેશ્વર આ મનુષ્યને આપ પરમેશ્વરે વ્યર્થ બોલવા ને હસવા સારૂ ઉત્પન્ન કર્યું નથી પણ જેમ તે માણસનું પદ મહા ઉત્તમ છે, તેમ તેને ભય પણ ઘણો છે, હે પ્રભુ આ જીવ અનાદિકાળથી આપેજ ઉત્પન્ન કરેલો છે, તેથી તે અવિનાશી રૂપ છે.

હે પ્રભુ આપે આ જીવનું સ્વરૂપ સ્થુળ તત્વોએ કરીને રચેલું છે, તોપણ તેનું હૃદય જે ચૈતન્ય સ્વરૂપ છે, તે મહા ઉત્તમ અને અમર કરેલું છે.

હે પરમાત્મા આ જીવનો સ્વભાવ આદિ ઉત્પત્તિ વિષે પશુઓ, સિંહો, અને ભૂતોના સ્વભાવની સાથે મળેલો છે; પણ જ્યારે તેને યત્નની કુઠારી (ધાતુ ગાળવાનું પાત્ર) માં નાંખીએ, ત્યારે નીચ સ્વભાવોની મલિનતા છોડી તે શુદ્ધ સ્વરૂપ થઇ જાય છે, અને આપ ભગવન્તનાં દર્શનનો અને દરબારનો અધિકારી થાય છે.

હે પરબ્રહ્મ પરમેશ્વર અધોગતિ મહારસાતલ નીચ છે, અને ઉર્ધ્વગતિ દેવત્વ ઉચ્ચ છે.

અધોગતિ વિષે જવાનું એ છે કે પશુ અને સિંહોના સ્વભાવ વિષે પડવું. અર્થાત્ ભોગોને અને ક્રોધાદિકને વશ થવું.

ઉર્ધ્વગતિ પામવી એ છે કે દેવતાઓના સ્વભાવ વિષે સ્થિત થવું અને ભોગોને તથા ક્રોધાદિકને પોતાને વશ કરી સ્વાધીનમાં રાખવા.

હે પ્રભુ માણસ જ્યારે ભોગાદિકને તથા ક્રોધાદિકને પોતાને વશ કરે છે, ત્યારે તે આપ ભગવન્તની ભક્તિનો અધિકારી થાય છે. અને દૈવી સ્વભાવ તથા મનુષ્યની ઉત્તમ અવસ્થા પણ એજ છે.

હે પ્રભુ જ્યારે આ મનુષ્યને આપ ભગવન્તનાં દર્શનનો આનંદ પ્રાપ્ત થાય છે, ત્યારે એક ક્ષણ પણ તે આપ ઇશ્વરના સ્વરૂપથી જુદું રહી શકતું નથી. તેમ તેનું મન પણ બીજે ઠરી શકતું નથી. આપ પ્રભુનાં દર્શનનો આનંદ તેને સ્વર્ગરૂપ ભાસે છે. તેથી આ સ્થુળ સ્વર્ગ જે ભોગો અને આહારનું સ્થાન છે, તે તો તેને તુચ્છરૂપ જણાય છે.

હે ઇશ્વર આ મનુષ્ય દેહરૂપી રત્ન આદિ ઉત્પત્તિ વિષે તો નીચ અને મલીન હોય છે, પણ પુરૂષાર્થ અને સાધન વડે તે પૂરણ પદને પામે છે.

જેમ ત્રાંબુ અને બીજી ધાતુનું પારસ વગર સુવર્ણ કરવું કઠણ છે અને તે વિદ્યા પણ બધાં માણસો કંઇ જાણી શકતાં નથી. તેમજ મનુષ્યરૂપી જે ધાતુ છે, તે ધાતુને પશુઓના સ્વભાવરૂપી મેલથી શુદ્ધ કરી પૂર્ણ ભાગ્ય વિષે પ્રાપ્ત કરવાની વિદ્યા પણ મહા ગુહ્ય છે. તે વિદ્યાને કોઇ બીજાં માણસો જાણી શકતાં નથી. તેથી આ જે ગ્રંથ છે તે જ્ઞાનનો પારસમણિ છે અને એમાં જે સુંદર વચનો છે, તે પારસમણિ રૂપ છે. તેથી આ ગ્રંથનુ નામ પારસભાગ (મણિ) રાખ્યું છે. શાથી કે પારસ ઉત્તમપણાનું નામ છે.

જે પારસ લોઢાનું સુવર્ણ કરે છે તે તો સ્થુળ અને તુચ્છ છે, કેમકે તે લોઢામાં અને સુવર્ણમાં માત્ર રંગનોજ ભેદ છે અને તે સુવર્ણે કરીને માત્ર માયાના ભોગો પ્રાપ્ત થાય છે ને તે માયા પણ પોતેજ નાશવંત છે. તેથી માયાના ભોગ પણ અલ્પકાળ વિષે પરિણામી થઇ અંતવાન થઇ જાય છે. પરંતુ આ જે પારસરૂપી વચનો છે, તે તેનાથી મહા વિશેષ છે. શાથી કે એ વચનોએ કરીને મહા રસાતળમાંથી મનુષ્ય ઉર્ધ્વગતિને પામે છે.

અધોગતિ અને ઉર્ધ્વગતિ વિષે મોટો ભેદ છે. તે એકે જ્યારે આ મનુષ્ય નિર્મળ સ્વભાવરૂપી ઉર્ધ્વગતિને પહોચે છે, ત્યારે અવિનાશી પદને પામે છે. તે અવિનાશી સુખ એવું છે કે તેનો કાલ અને અન્ત નથી, તેમ દુઃખરૂપી મેલ પણ એ પરમ સુખ વિષે કદાચિત્ સ્પર્શ કરતો નથી, તેથી આ ગ્રંથનું નામ પારસભાગ (મણિ) રાખેલું છે. પારસની શોભા પણ દૃષ્ટિ માત્રજ કહી છે.

લોઢું તથા બીજી ધાતુ જ્યારે પ્રથમ પારસની પ્રાપ્તિ થાય છે ત્યારેજ સુવર્ણ થાય છે. તે સ્થુળ પારસ પણ બધે ઠેકાણે અને બધાના ઘરમાં મળતો નથી; પણ કોઇ સિદ્ધ અવસ્થાવાળા પાસે, અથવા કોઇ મહારાજાના ભંડાર વિષેજ હોય છે. તેમજ આ સૂક્ષ્મ પારસ પણ ભગવન્તનાજ ભંડાર વિષે છે. તે ભગવન્તનો ભંડાર સન્તજનોનું હૃદય છે. માટે જે કોઇ માણસ આ પારસને સંતજનોનાં હૃદય વિના બીજે ઠેકાણે ખોળે છે, તે વ્યર્થ ભટકતો ફરે છે. તેને કંઇ પ્રાપ્ત થતું નથી. એ કારણથી છેવટે તે પુરૂષ અંતકાળમાં નિર્ધનપણાને પામે છે. અને ખોટા મદે કરીને જે પહેલાં અભિમાની થાય છે, તે પછી નિર્લજતાને પામે છે.

હે ભગવન્ત આપે પોતાની દયાએ કરીને સંત જનોને આ જગત્ વિષે જન કલ્યાણને નિમિત્તે મોકલ્યા છે એ મોટો ઉપકાર કર્યો છે. તે સંત જનો વચનરૂપી પારસને પ્રસિદ્ધ કરે છે; અને જીવોને ઉપદેશ કરે છે. તેથી

હૃદયરૂપી ધાતુને સાધન રૂપી કુલડીમાં શી રીતે રાખવી, અને મલીન સ્વભાવોને શી રીતે દુર કરીને ઉત્તમ સ્વભાવોને શી રીતે પ્રાપ્ત થવું તે મનુષ્ય શીખે છે.

સન્તજનોના ઉપદેશે કરીને મનુષ્યો નીચ સ્વભાવોથી મુક્ત થાય છે, અને નિર્મળ સ્વભાવોને પામે છે.

આ વચનરૂપી પારસમણિનું તાત્પર્ય એ છે કે પ્રથમ માયાના પદાર્થોથી વિરક્ત ચિત્ત થઇ મનુષ્ય ભગવન્તને શરણે આવે.

આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે સર્વ પદાર્થોનો ત્યાગ કરી પોતાને ભગવન્તને શરણે લાવો.

એનું વર્ણન ઘણા વિસ્તારે કરીને સમજાય તેમ છે; તોપણ એનું ઓળખાણ ચાર પ્રકારે થાય છે, તેમાં પહેલો એ છે કે પોતે પોતાને ઓળખે, બીજું, ભગવન્તને ઓળખે, ત્રીજો પ્રકાર એ છે કે માયાને ઓળખે અને ચોથો પર લોકને જાણે.

ઇતિ મંગળાચરણ સંપૂર્ણ.

અધ્યાય ૧ લો.

સર્ગ ૧ લો.

પ્રથમ પોતે પોતાને ઓળખવું એજ ભગવાનને ઓળખવાની કુંચી છે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે–જેણે પોતાને ઓળખ્યો છે, તેણે નિઃસંદેહ પોતાના મહારાજ પરમેશ્વરને પણ ઓળખ્યા છે.

શ્રી ભગવાને કહ્યું છે કે મેં પોતે પોતાનાં લક્ષણ જીવોના મનમાં પ્રકટ કર્યાં છે; તે એટલા માટે કે પોતે પોતાને ઓળખીને મને પણ ઓળખે. તેથી હે ભાઇ તારા સમાન તને બીજો ઓળખવાને કોઇ નજીક નથી; પ્રથમ જ્યારે તું પોતાને પણ નહિ ઓળખે, તો બીજા કોઇને શી રીતે ઓળખીશ ? અને જો તું આ પ્રમાણે કહીશ કે હું તો, પોતે પોતાને ઓળખું છું તો તે કહેવું ખોટું છે, શાથી કે તું પોતાને જેવો જાણે છે તેવું જાણવું ભગવાનને ઓળ-

ખવાની કુંચી નથી. કારણ કે જે રીતે તું પોતાને હાથ, પગ, ત્વચા અને માંસ એવું સ્થુળ જાણુછ અથવા પોતાંના અંતરમાં જ્યારે તું ભૂખ્યો થાય છે, ત્યારે આહાર જોઇએ છે; અને જ્યારે ક્રોધવાન્ થાય છે, ત્યારે લઢાઇ કરે છે, અને જ્યારે કામાદિક ભોગોને ઇચ્છે છે, ત્યારે તે સંકલ્પમાં લીન થઇ જાય છે, તે પ્રમાણે પોતાને ઓળખવામાં બધાં પશુ પણ તારા જેવાં છે. તારે પોતાના યથાર્થ રૂપને ઓળખવા વિચારવું જોઇએ કે હું શી વસ્તુ છું ? અને કયાંથી આવ્યો છું ? અને કયે ઠેકાણે જઇશ ? અને આ સંસારમાં શા કારણ માટે આવ્યો છું ? અને ભગવન્તે મને કયા કામને સારૂ ઉત્પન્ન કર્યો છે ? મારી ભલાઇ શી છે ? શામાં ભલાઇ છે ? ભાગ્યહિનતા શું છે ? માણસમાં જે પશુ અને દેવતાઓના સ્વભાવ એકઠા ઉત્પન્ન કર્યા છે, તેમાંથી મારો પ્રબળ સ્વભાવ કયો છે ? મારો પોતાનો સ્વભાવ કયો છે ? અને પરસ્વભાવ મારામાં કયો છે ? એમ જ્યારે ભલી પ્રકારે વિચાર કરીને જાણે છે, ત્યારેજ માણસ શ્રદ્ધા પણ ઉત્પન્ન કરી શકે છે.

સર્વ કોઇમાં ભલાઇ, પૂર્ણતા અને આહાર ભિન્ન ભિન્ન છે. તેમાં પશુઓની ભલાઇ અને પૂર્ણતા, સુવું, ખાવું અને લઢવું એ સિવાય બીજા કશામાં નથી. માટે જે માણસ પોતાને પશુ જાણતો હોય, તે દિનરાત એજ પુરૂષાર્થ કરે કે જેથી પેટ અને ઇંદ્રિયોનું પાલન પોષણ થાય.

ફાડી ખાવું, અને ક્રોધવાન થવું એ સિંહોની પૂર્ણતા છે; ભૂત પ્રેતોનો પ્રભાવ એ છે કે છળ કપટ અને પ્રપંચ રચવાં. માટે જે માણસનો સ્વભાવ એમના જેવો હોય તે પોતાને ભૂત અને સિંહ સમજે ત્યારેજ પોતાની પૂર્ણતાને પ્રાપ્ત થાય.

દેવતાઓની ભલી પૂર્ણતાઇ અને અહાર ભગવન્તના દર્શનમાંજ છે. તે સ્વભાવ જે માણસમાં હોય તેને ભોગવાસના અને ક્રોધ જે પશુઓ અને સિંહોનો સ્વભાવ છે, તે સ્પર્શ કરી શકતો નથી. માટે આદિ ઉત્પત્તિ વિષે જો માણસનો દેવ સ્વભાવ હોય તો તેણે એજ પુરૂષાર્થ કરવો કે જેથી તે ભગવન્તના દરબારને ઓળખે અને ભોગવાસના તથા ક્રોધથી પોતાને મુક્ત કરે.

ભગવન્તે માણસને વિષે પશુઓ અને સિંહોનો સ્વભાવ એટલા સારૂ ઉત્પન્ન કર્યો છે કે જેથી તે પરમાત્માના સ્વભાવોને અંગીકાર કરે અને જે માર્ગે

માણસને જવાનું છે તે માર્ગ વિષે પોતાના સ્વભાવોને વશ કરીને લેઇ જાય અને પશુ સ્વભાવોને આધીન ન થાય.

માણસને ઘટે છે કે એક સ્વભાવને ઘોડા કરે અને બીજા સ્વભાવોને શસ્ત્ર કરે, અને જગતમાં જેટલો કાળ પોતાને જીવવાનું છે, તેટલો કાળ પોતાના કાર્યને સિદ્ધ કરવામાં વાપરે તો તે ઘોડા અને શસ્ત્રે કરીને પોતાની ભલાઇને પ્રાપ્ત થાય.

માણસને જ્યારે ભલાઇ પ્રાપ્ત થાય છે, અને તે પોતાના સ્વભાવોને વશ કરે છે, તથા ભગવન્તને ઓળખવા તરફ એનું મુખ થાય છે, ત્યારે તે મોક્ષ પદને પામે છે.

ભગવન્તનું ઓળખાણ સન્તજનોને સ્થિત થયાનું ઠેકાણું છે અને સુક્ષ્મરૂપ છે.

જેમ બીજા જીવ સ્વર્ગને સુખરૂપ જાણે છે, તેમ સન્તજન પરમેશ્વરના ચરણમાંજ સુખ છે, એમ માને છે.

જ્યારે માણસ એ પ્રકારે સમજે ત્યારે તેને કંઇક પોતાના પોતાપણાનું ઓળખાણ થાય છે અને જે માણસ આ ભેદને જાણતાં નથી તેને ધર્મ માર્ગ વિષે ચાલવું કઠણ પડે છે અને આત્મસુખમાં તેને આવરણ આવે છે.

સર્ગ ૨ જો.

માણસ જ્યારે પોતાને ઓળખવાને ઇચ્છે છે, ત્યારે તેણે જાણવું જોઇએ કે તેને બે પદાર્થોએ કરીને ઉત્પન્ન કર્યો છે. તેમાં (૧) પહેલું શરીર જે સ્થુળ નેત્રોએ કરીને જોવામાં આવે છે તે અને (૨) બીજું ચૈતન્ય છે; તે સૂક્ષ્મરૂપ છે; તેને જીવ કહે છે, મન કહે છે, અને ચિત્ત પણ કહે છે.

એ ચૈતન્યને બુદ્ધિરૂપી નેત્રોએ કરીને માણસ જોઇ શકે છે કેમકે તે સ્થુળ નેત્રોની દૃષ્ટીથી પર છે; પોતાનું નિજ સ્વરૂપ છે; અને તેજ ચૈતન્ય તત્ત્વ છે.

માણસમાં જેટલા ગુણ છે તે બધા ચૈતન્યને આધીન છે અને તેના નોકર અથવા તેની સેનાની પેઠે રહે છે. એ ચૈતન્યનું નામ હૃદય રાખ્યું છે.

આત્મા, હૃદય અને મન એ બધાં ચૈતન્યનાં નામ છે, એ વાતો નિઃસંદેહ છે. હું જે હૃદયનું વર્ણન કરૂં છું તે મારૂં પ્રયોજન શરીરના હૃદય સ્થાનનું નથી; શાથી કે આ સ્થુળ હૃદય સ્થાનનું સ્વરૂપ તો માંસ અને ચામડીએ કરીને રચેલું હોવાથી અને પાંચ ભૂતોનું બનેલું હોવાથી તે જડરૂપ છે. પરંતુ મનુષ્યનું જે ચૈતન્યરૂપ હૃદય છે, તે સ્થુળ સૃષ્ટિથી વિલક્ષણ છે અને આ શરીરમાં પરદેશીની પેઠે પોતાના કાર્ય નિમિત્તે આવેલું છે.

વળી આ જે સ્થુળ હૃદયનું સ્થાન છે, તે જીવનો ઘોડો અથવા હથીયાર છે, અને બધી ઇંદ્રિયો પણ જીવની સેના છે. અને આ શરીરનો રાજા જીવ છે. માટે ભગવન્તને ઓળખાવાનો અને તેનાં દર્શન કરવાનો અધિકાર જીવનેજ છે. તે કારણથી દંડ, ઉપદેશ, પુણ્ય અને પાપનો અધિકારી એ જીવજ છે; તેથી ભાગ્યહીન કે ભાગ્યવાન્ એ જીવનેજ કહેવાય છે.

સર્વકાળ વિષે શરીર જીવને આધીન છે. એ કારણથી ચૈતન્ય સ્વરૂપને ઓળખવું, અને તેના સ્વભાવોને સમજવા એ ભગવન્તને ઓળખવાની કુંચી છે; માટે માણસે એજ પુરૂષાર્થ કરવો કે જેથી ચૈતન્ય સ્વરૂપને ઓળખે કેમકે આ ચૈતન્યરૂપી રત્ન દુર્લભ છે અને દેવતાઓની પેઠે નિર્મળ સ્વરૂપ છે. એ રત્નની ખાણ પરિબ્રહ્મ છે; કારણ કે આ જીવ પરબ્રહ્મ તરફથી આવ્યો છે, અને ફરી એ પરબ્રહ્મ તરફજ જશે.

મનુષ્યે એ વાત જાણવી જોઇએ કે આ જીવ આ સંસારમાં પરદેશી છે, અને પોતાના કાર્યને સારૂ તે અહિં આવ્યો છે; પણ તે પરમેશ્વરની દયાએ કરીને જાણવામાં આવે છે.

સર્ગ ૩ જો.

આત્મ સત્તાના અભ્યાસનું વર્ણન.

આપણે જ્યાંસુધી ચૈતન્યરૂપને ઓળખીશું નહિ ત્યાંસુધી હૃદયના યથાર્થ સ્વરૂપને પણ ઓળખીશું નહિ અને તે કારણથી પરમેશ્વરનું ઓળખાણ પણ થશે નહીં અને જ્ઞાનરૂપ ઉત્તમ પારસને પણ જીવ પામશે નહિ.

જ્યારે એક ભાવે (ઐક્યતાએ) કરીને જોઇએ ત્યારે ચૈતન્યરૂપ અતિ પ્રકટ છે. ચૈતન્યનું હોવું શરીરને આશ્રિત નથી, કારણ કે મૃતક શરીર અને ઇંદ્રિયો પ્રકટ હોય છે, તોપણ ચૈતન્ય સત્તા વિના તેને મૃતક કહે છે. આમ પણ છે કે જો કોઇ પુરૂષ નેત્ર આદિક ઇંદ્રિયોને રોકે અને ચૈતન્યતાના અભ્યાસ વિષે સર્વ શરીર અને સ્થુળ જગતનું વિસ્મરણ કરે (ભૂલી જાય) તો નિઃસંદેહ તે પોતે પોતાના આત્માને ઓળખી લે અને આત્માના યથાર્થ રૂપને જાણે વળી તેના વિષેજ અધિક અભ્યાસ અને વિચાર કરે તો સુગમતાથી તે પરલોકને પણ જોઇ લે તેમજ આ વાર્તાને પણ પ્રત્યક્ષ જાણે કે જ્યારે આ માણસનું શરીર છુટે છે, ત્યારે ચૈતન્યરૂપ જીવનો નાશ થતો નથી અને તે ચૈતન્ય પોતે પોતાને વિષે સ્થિત થાય છે.

સર્ગ ૪ થો.

સાધનના કાળનું વર્ણન.

આ જીવનું જે શુદ્ધ સ્વરૂપ છે, તથા તેનો જે પરમ સ્વભાવ છે એ વાત ઉઘાડી કરવાનું પ્રમાણ ધર્મશાસ્ત્રમાં કહ્યું નથી.

એ ઉપર એક વાર્તા છે કે--કેટલાક લોકોએ જઇને આચાર્ય મહારાજને પૂછ્યું કે "જીવનું સ્વરૂપ શું છે?" ત્યારે તેમણે જીવના પરમસ્વરૂપનું વર્ણન કર્યું નહિ, પણ ભગવન્તની આજ્ઞા મેળવીને એટલુંજ કહ્યું કે "એ મહારાજની સત્તા માત્ર છે" તેનું એથી વિશેષ વર્ણન કરવાનું તેમણે ઉચિત ધાર્યું નહિ? તેથી એટલોજ ઉત્તર આપ્યો.

એક વખતે શંકર પાસે સપ્તરૂષી ગયા અને પૂછ્યું કે હે માહારાજ આ જીવનું સ્વરૂપ કેવું છે? ત્યારે શંકરે આંખો મીંચી પણ ઉત્તર આપ્યો નહિ. તે જોઇ રૂષિ સમજ્યા કે તેનું વર્ણન વાણીથી થઇ શકે તેમ નથી; માટે શંકરે મૌન ધારણ કર્યું હશે.

આ બધી સૃષ્ટીની રચના બે પ્રકારની છે, તેમાં એક સ્થુળ છે, અને બીજી જે સત્તારૂપ છે તે સૂક્ષ્મ છે.

જે પદાર્થ મર્યાદા (હદ) વાળો, આકારવાળો તથા વધે ઘટે એવો હોય તેને સ્થુળ કહે છે.

જે પદાર્થ ને મર્યાદા, આકાર કે વધવા ઘટવાનું નથી તે ચૈતન્ય સત્તા સૂક્ષ્મ અને અખંડ છે.

આ મનુષ્યનું હૃદય જ્યારે ખંડ થઇ જાય છે ત્યારે એનામાં એક તરફ વિદ્યા અને બીજી તરફ મૂર્ખતા થાય છે, તે પ્રમાણે ચૈતન્ય સ્વરૂપમાં કંઇ હોતું નથી; તેથી ચૈતન્યને અખંડ અને મર્યાદાથી રહિત કહેલું છે.

અને તેનું નામ જીવ એટલા માટે કહેલું છે કે તે જીવ પરમાત્મામાંથી ઉત્પન્ન થએલો છે તેનું સ્વરૂપ સ્થુલ નથી પણ સૂક્ષ્મ છે માટે તેને સૂક્ષ્મ સૃષ્ટિ કહેવાય છે.

આ જીવને કેટલાક અનાદિ કહે છે, કેટલાક પ્રતિબિંબ કહે છે, અને કેટલાક દેહ કહે છે; પણ તેમ નથી કારણ કે જો અનાદિ હોય તો ઉત્પન્ન ન થાય અને પ્રતિબિંબ સ્વયં પોતે કંઇ વસ્તુ નથી; પણ શરીરનું આશ્રયી છે. શરીર તો ખંડ ખંડ થઇ જાય છે, અને આત્મા તો અખંડ છે, તથા જ્ઞાન સ્વરૂપ છે. મતલબ કે સત્તારૂપ ચૈતન્ય સ્વરૂપ અને દેવતાઓની પેઠે આ જીવ પ્રકાશમાન છે. આ જીવનું જે કારણ સ્વરૂપ છે, તેને ઓળખવાનું તો દુર્લભ છે. કેમકે વચનવડે પ્રસિદ્ધ રીતે તે કહી શકાય તેવું નથી. તેમ સાધન કાળમાં જિજ્ઞાસુને આ નિર્ણયની અપેક્ષા પણ રહેતી નથી; કેમકે ધર્મ માર્ગ વિષે જિજ્ઞાસુએ યત્ન અને ઉદ્યમ કરવો જોઇએ.

ઘણું કરીને જ્યારે વિધિ સંયુક્ત પુરૂષાર્થ દૃઢ થઇ જાય છે, અને ભલે પ્રકારે દૃઢ અભ્યાસ કરે છે, ત્યારે જિજ્ઞાસુને સ્વરૂપના જ્ઞાનનો ભાસ પોતેજ થાય છે, અને તેને કોઇથી કાંઇ સાંભળવાની અપેક્ષા રહેતી નથી. શાથી કે સ્વરૂપનું જ્ઞાન પોતાના પુરૂષાર્થ અને ભગવન્તની દયાથી પ્રાપ્ત થાય છે.

શ્રી ભગવાને પણ કહ્યું છે કેઃ—જ્યારે પુરૂષ મારા માર્ગમાં મન દેઇને અભ્યાસ કરે છે, ત્યારે હું તેને મારા પોતાના સ્વરૂપનું જ્ઞાન આપું છું.

જે પુરૂષ યત્ન અને પુરૂષાર્થ ભલી પ્રકારે કરતો ન હોય તેને આત્મ-સ્વરૂપની વાર્તા પ્રસિદ્ધ કરવી યોગ્ય નથી, અને જો તેને કહીશું તો દૃઢ પણ થશે નહિ.

જ્યાંસુધી યત્ન વડે જીવની સેનાને પ્રથમથી ન જાણીયે ત્યાંસુધી, અશુભ સેનાથી વિરૂદ્ધ વર્તાતું નથી.

—o—

પાંચમો સર્ગ

—o—

જીવની સેનાનું વર્ણન.

જીવરૂપી રાજા છે, અને આ શરીર તેનું રાજમંડળ છે. તેમાં ભિન્ન ભિન્ન જાતની સેના રહે છે.

આ જીવને ભગવન્તે પરલોકના કાર્ય નિમિત્તે ઉત્પન્ન કર્યો છે માટે તેનું એ કાર્ય છે કે પોતાની ભલાઇને ખોળવી. તે ભલાઇ એ છે કે ભગવન્તને ઓળખવા. ભગવન્તને ઓળખવાનું તેમની આશ્ચર્યકારક કારીગરીએ કરીને થાય છે.

આ સર્વ જગત્ ભગવન્તનીજ કારીગરી છે, એ કારીગરીને જાણવાનું ઇંદ્રિયોએ કરીને થાય છે, અને ઇંદ્રિયોનું આશ્રયસ્થાન આ શરીર છે. તેમાં પાંચે ઇંદ્રિયો ફાંસીની જાળ જેવી છે, તેનો શીકાર ભગવન્તની કારીગરી છે.

આ શરીર પાંચ તત્ત્વોએ કરીને રચેલું છે, તેમાં વાત, પિત્ત, કફ એ ત્રણ પ્રબળ વિકારો છે. તે વિકારો વડે એને નાશ થવાનો ભય રહે છે. વળી આ શરીર ભૂખ અને તરશે કરીને પણ નાશ થઇ જાય છે, તેમજ જળ, અગ્નિ, શત્રુ, સિંહ આદિક પણ એનો નાશ કરે છે. તેથી ભૂખ તરશ દૂર કરવાને ભગવન્તે જળ અને અન્ન ઉત્પન્ન કર્યાં છે, અને શરીરની રક્ષાને માટે બે પ્રકારની સેના રચી છે; તેમાં એક સેના સ્થુળ છે જેવી કે હાથ, પગ, શસ્ત્ર ઇત્યાદિ અને બીજી સેના સૂક્ષ્મ છે. તેમાં ઇચ્છા અને ક્રોધ વગેરે છે; પણ સર્વ કાર્યોને જાણનારી બુદ્ધિ છે, તે બુદ્ધિએ કરીને પ્રથમ જીવ શત્રુઓને ઓળખે છે. તેની ઇચ્છાએ કરીને જળ અને અનાજ લે છે, અને તે વડે શરીરનું રક્ષણ કરે છે.

શ્રવણ, ત્વચા, નેત્ર, રસના, નાસીકા એ જે પાંચ ઇંદ્રિયો છે, તે પણ બુદ્ધિની આશ્રિત છે, અને ચાર અંતઃકરણ છે તે શરીરનાં પ્રેરક છે. આ બધું

લશ્કર ભગવન્તે પોતાના કાર્ય નિમિત્તે બનાવ્યું છે. જ્યારે એ સેનામાં કાંઇને કાંઇ વિઘ્ન થઇ આવે છે, ત્યારે આ મનુષ્યનાં સ્વાર્થનાં કે પરમાર્થનાં એકે કાર્યો સિદ્ધ થતાં નથી.

એ સ્થુળ તથા સૂક્ષ્મ સેના છે તે બધી જીવને આધિન છે, અને જીવ તેનો રાજા છે. તે જ્યારે જીભને આજ્ઞા કરે છે ત્યારે તે બોલવા માંડે છે; તેની આજ્ઞાથી હાથ ગ્રહણ કરે છે, અને ચિત્તને આજ્ઞા કરે છે ત્યારે ચિત્ત વિષે ચિન્તવન શક્તિ આવીને સ્ફુરે છે. એ પ્રકારે સર્વ અંગો અને સર્વ સ્વભાવો વિષે જીવનીજ આજ્ઞા વર્તે છે. તે સેના વડે જીવ જ્યારે પરલોકના માર્ગના ભાથાને બનાવે, ભગવન્તની ઓળખાણરૂપી શિકારને ફસાવે, પોતાની ભલાઇનાં બીજને વધારે, અને પરમાર્થનાં કાર્ય વિષે દૃઢ થાય, ત્યારે નિઃસંદેહ તે જીવ પરમપદને પહોંચે છે.

શરીરની રક્ષા કરવાનું એટલા માટેજ કહ્યું છે, અને પ્રમાણ કર્યું છે કે આ જીવ શરીરે કરીને પોતાનાં શુભકાર્યોને સિદ્ધ કરે.

જેમ દેવતાઓ ભગવન્તની આજ્ઞાને આધીન છે, અને પ્રસન્નતા સહિત ભગવન્તની આજ્ઞા માને છે, તેમ શરીર, ઇંદ્રિયો અને અંતઃકરણ આ જીવને આધીન છે, અને તેની આજ્ઞામાં વર્તે છે. માટે એ બધું જીવનું લશ્કર છે. એ લશ્કરનું વર્ણન કરવામાં તેનો વિસ્તાર વધી જાય તેમ છે, તોપણ ટુંકામાં સમજવાને સારૂ તેનું કંઇક વર્ણન કરૂં છું.

આ શરીર છે તે એક રાજાનું નગર છે, અને બધી ઇંદ્રિયો શરીરમાં રહેનારા લોક છે; ભોગોની અભિલાષારૂપી રાજાનો ઉપપ્રધાન છે, ક્રોધરૂપી કોટવાળ છે, જીવ એ દેશનો રાજા છે, અને બુદ્ધિ તેની મુખ્ય પ્રધાન છે. આ સર્વ સેનાની જીવરૂપી રાજાની ચાહના (ઇચ્છા) છે, કેમકે રાજ્ય એનાથી સિદ્ધ થાય છે.

એ સેનામાં અભિલાષારૂપી જે ઉપપ્રધાન છે, તે મહા જુઠો અને પાખંડી છે. તે બુદ્ધિરૂપી મંત્રીના કહેવાથી ઉલટી રીતે વરતે છે. અને સર્વદા એમ ઇચ્છે છે કે રાજાની બધી સામગ્રી હુંજ ખચી લેઉં.

ક્રોધરૂપી જે કોટવાલ છે, તે મહા તિક્ષ્ણ અને કઠોર છે. ને તે સર્વદા જીવોનો ઘાતજ ઇચ્છે છે. એવા કારણથી જીવરૂપી રાજાનો દેશ મહા દુઃખી રહે છે, પણ જ્યારે આ જીવ જે રાજા છે તે બુદ્ધિરૂપી મંત્રીની સાથે એકમત

થાય અને અભિલાષારૂપી પ્રધાનને નિર્બળ કરી પોતાને વશ કરે અને બુદ્ધિથી વિપરીત જે કંઇ કહે તે માને નહિ, તથા કોટવાળ ઉપર પ્રબલ કરે ત્યારે તેને મર્યાદા વિષે રાખી શકે છે એ પ્રકારે ક્રોધરૂપી કોટવાળને પ્રબલ થવા ન દે, તથા મર્યાદાનું ઉલ્લંઘન કરી વર્ત્તવા ન દે ત્યારે એ જીવનો દેશ સુખી થાય.

એવી રીતે સદૈવ બુદ્ધિરૂપી મંત્રીના કહેવા પ્રમાણે જીવ વર્તે, અને અભિલાષા તથા ક્રોધને એવાં નિર્બળ કરે કે તે પણ બુદ્ધિની આજ્ઞા પ્રમાણે ચાલે ત્યારે જીવનું રાજ્ય સુખી થાય અને સ્વાધીન થાય. તથા ભગવન્તના દરબારમાં વિઘ્ન ન થાય.

પણ જ્યારે આ જીવ અભિલાષા અને ક્રોધને આધીન બુદ્ધિને કરી દે છે ત્યારે તેનું રાજ્ય નાશ પામે છે. અને તેનો રાજા પણ મંદ ભાગી થાય છે.

એ સેના શરીરની રક્ષાને નિમિત્તે ઉત્પન્ન કરી છે. તેમ જળ અને અન્ન પણ શરીરનો આહાર છે, અને શરીરને ઇંદ્રિયોને રહેવાને નિમિત્તે બનાવ્યું છે. તેથી શરીર ઇંદ્રિયોનું નોકર છે.

ઇંદ્રિયો બુદ્ધિને ખબર પહોંચાડવાને સારૂ રચી છે, તે એટલા માટે કે તે ઇંદ્રિયોએ કરીને ભગવન્તની કારીગરીને જુએ અને જાણે. તેથી એ ઇંદ્રિયો બુદ્ધિની ટેલ કરનારી નોકર છે. એ બુદ્ધિને જીવને સારૂ ઉત્પન્ન કરી છે, અને બુદ્ધિ છે તે જીવનો દીપક છે. તે દીપકના પ્રકાશે કરીને જીવ ઇશ્વરને જુએ છે. તે ઇશ્વરનું દર્શન એજ આ જીવનું પરમ સ્વર્ગ છે. તેથી બુદ્ધિ જીવની સેવક છે.

જીવને ઇશ્વરનાં દર્શનને માટે ઉત્પન્ન કર્યો છે, માટે જ્યારે આ જીવ ઇશ્વરનાં દર્શનને પ્રાપ્ત થાય ત્યારેજ પોતાના ઉત્તમ કાર્યને સિદ્ધ કરે છે. અને ભગવન્તની સેવા વિષે લીન થાય છે.

ભગવન્તે કહ્યું છે કે " મેં સર્વ મનુષ્યોને મારા પોતાના ભજનને સેવા માટે ઉત્પન્ન કર્યાં છે. " એનો અર્થ એ છે કે ભગવન્તે આ જીવને ઉત્પન્ન કરી તેને ઇંદ્રિયો આદિક સેના આપી છે અને શરીર રૂપી ઘોડો આપ્યો છે, કે જેણે કરીને તે સ્થુળ દેશથી ગમન કરીને સૂક્ષ્મ દેશ વિષે જઇ પહોંચે.

જ્યારે આ જીવ ભગવન્તના ઉપકારનો ધન્યવાદ કરવા ઇચ્છે, અને ભગ-

વન્તનાં દર્શન કરવા ઇચ્છે, ત્યારે તેણે આ શરીરરૂપી દેશ વિષે બેશીને રાજ્ય કરવું, અને પોતાનું મુખ ભગવન્તની તરફ લાવવું, તથા આ સંસારથી ગમન કરવાની ઇચ્છા રાખવી તેમજ સર્વ ઇંદ્રિયોને પોતાની નોકરીમાં જોડવી એટલે પોત પોતાનાં કામમાં સાવધાન કરવી. પછી ઇંદ્રિયોએ કરીને જે કંઇ કામ કરવું તે મનમાં વિચારવું. અને વખત જોઇને બુદ્ધિ વિષે તેનો અભ્યાસ કરવો. એટલે બુદ્ધિરૂપી મન્ત્રી તે સમાચાર જાણીને રાજાને સમજાવે.

જેમ દૂતો દેશની ખબર લાવે છે, અને પ્રથમ તે દરવાંનને જણાવે છે. પછી દરવાન મન્ત્રીને તે ખબર આપે છે. એટલે મન્ત્રી તે ખબર રાજાને સમજાવી દે છે. તેમ ઇંદ્રિયોરૂપ દૂત છે, ચિત્ત તેનું દરવાન છે અને બુદ્ધિરૂપી મન્ત્રી છે. તેઓ અનુક્રમે એક બીજાને સમાચાર પહોંચાડે છે, પછી બુદ્ધિ તે સમાચાર જીવરૂપી રાજાને સમજાવે છે.

બુદ્ધિરૂપી મન્ત્રી જ્યારે જુએ કે આ જીવની સેનામાં કામ ક્રોધ અથવા કોઇ બીજો સ્વભાવ પ્રબળ થયો છે, અને તે રાજાની આજ્ઞાથી વિપર્યય થઇને ફરે છે, અને રાજાનો નાશ કરવાને ઇચ્છે છે, ત્યારે તે બુદ્ધિરૂપી મંત્રી તેને પોતાના વશમાં કરે, અને કોમલ (નમ્ર) કરીને રાખે, શાથી કે એના વિના શરીરનો વ્યવહાર સિધ્ધ થતો નથી. તેનું બળ વધે તે પણ દુઃખદાયક છે, તેથી એ કામ અને ક્રોધાદિક જ્યારે બુધ્ધિની આજ્ઞામાં હોય છે, ત્યારે એ સર્વ સ્વભાવ પણ યથાર્થ માર્ગની સહાયતા કરે છે. જેથી જીવરૂપી રાજા પોતાના સ્વામી ઇશ્વર પાસે પહોંચે છે અને સન્મુખ થાય છે, તથા ઇશ્વરની બક્ષિસને પામે છે.

જ્યારે આ જીવરૂપી રાજા એ પ્રકારે પોતાની સેનાને વશ કરી પોતાના દેશ વિષે ન્યાય ન કરે અને દુષ્ટોની સાથે મળી જાય એટલે વાસનાને આધીન થઇ જાય ત્યારે ભગવાનના ઉપકારનો કૃતઘ્ની થઇ જાય છે અને મંદભાગી થઇ મહાદુઃખ પામે છે.

સર્ગ ૬ ઠો..

જીવના સ્વભાવનું વર્ણન.

આ શરીરને વિષે જેટલા સ્વભાવ જોવામાં આવે છે, તે સરવેની સાથે

જીવનો સંબંધ છે, પણ એ વિષે એટલો ભેદ છે કે કોઇ સ્વભાવ શુભ હોય છે, અને કોઇ અશુભ હોય છે.

શુભ સ્વભાવોએ કરીને જીવ ઉત્તમ અવસ્થાને પામે છે, અને અશુભ સ્વભાવે કરીને આ જીવનો નાશ થાય છે. તે સ્વભાવો અગણિત છે, તોપણ તેના ચાર પ્રકાર સમજાય છે.

(૧) પશુઓનો (૨) સિંહોનો (૩) પ્રેતોનો (૪) દેવતાઓનો.

(૧) જે મનુષ્ય વિષે ભોગોની અભિલાષા અને તૃષ્ણા પ્રબળ છે, અને જેઓ માત્ર કામાદિક ખાનપાન વગેરે ભોગો ભોગવવામાંજ આસક્ત છે. તેઓ પશુ વર્ગમાં ગણાય છે.

(૨) જે માણસોનો સ્વભાવ ક્રોધી છે અને તે મન, કર્મ અને વચને કરીને ઇર્ષા કરે છે, દુર્વચન બોલે છે, અને જીવોનો ઘાત કરે છે, તેઓ ક્રુર એવા સિંહના સ્વભાવમાં ગણાય છે.

(૩) જે માણસો છળ, કપટ, પ્રપંચ દંભવડે બીજાં માણસોને ઠગે છે તથા દુઃખ દેઇ ઉપાધિ ઉત્પન્ન કરે છે તેમનો સ્વભાવ ભૂતોમાં ગણાય છે.

(૪) જે મનુષ્યો બુધ્ધિએ કરીને વિદ્યા, ભલાઇ, પરોપકાર અને વૈરાગ્ય વગેરે દિવ્ય કામો કરે છે; બધાં નિંદ્ય કામોથી પોતાને ઉગારે છે, તમામ જીવોના સુખને ઇચ્છે છે, શુભ કામો વિષેજ પ્રસન્ન રહે છે, અને જડતાનાં તથા મૂર્ખતાનાં વિઘ્નોને સમજે છે તેમનો સ્વભાવ દેવતાઓના જેવો ગણાય છે.

કૂતરાને અપવિત્ર કહેલો છે, તે તેના શરીરે કરીને કંઇ અપવિત્ર નથી, પણ તેનો સ્વભાવજ અપવિત્ર છે; કેમકે તે ક્રોધે કરીને બીજાં પ્રાણીયોને ફાડી ખાય છે અને તેથીજ તે અપવિત્ર છે. તેમજ ડુક્કરમાં પણ શરીરે કરીને કંઇ અપવિત્રતા નથી, પણ તે અપવિત્ર પદાર્થોની તૃષ્ણા કરે છે, તેથી તેને અપવિત્ર કહેલું છે. તેમજ ભૂત અને દેવતાઓનું જે વર્ણન કર્યું છે તેમાં પણ તેમના સ્વભાવનોજ અર્થ છે.

માણસને સંત જનોએ અને શાસ્ત્રોએ ઉપદેશ કર્યો છે, કે બુધ્ધિરૂપી નેત્રોના પ્રકાશે કરીને મનરૂપી ભૂતના છળોને ઓળખે, અને તેની ભુંડાઇ જાણીને

પોતાના ચિત્તથી તે ભુંડાઇનો ત્યાગ કરે; કે જેથી તેનાં વિઘ્નો અને છળ કપટથી માણસનું રક્ષણ થાય.

આચાર્ય મહારાજે કહ્યું છે કે સર્વ મનુષ્યો વિષે ભૂતોનો સ્વભાવ પ્રત્યક્ષ છે, અને મારા વિષે પણ છે; પરંતુ ભગવન્તે મને તેના ઉપર પ્રબળ કર્યો છે, અને તેથી તેનાં વિઘ્નો મને સ્પર્શ કરતાં નથી. તેમજ આ મનુષ્યને સંતજનોએ આ પ્રમાણે આજ્ઞા કરી છે કે જો તૃષ્ણારૂપી ડુક્કર અને ક્રોધરૂપી કુતરાને પોતાને વશ કરે, અને બુધ્ધિની આજ્ઞાનુસાર વર્તે તો તેણે કરીને માણસના બધા સ્વભાવ સારા થાય. અને તે સ્વભાવજ તેના પુણ્યનાં બીજ થાય.

જ્યારે માણસ ખરાબ સ્વભાવને વશ થઇને વર્તે છે ત્યારે તેના બધા સ્વભાવ અશુભ થઇ જાય છે; અને એ અશુભ સ્વભાવજ માણસની ભાગ્યહીનતાનાં બીજરૂપ થઇ જાય છે.

આ જીવને જ્યારે જાગ્રત અથવા સ્વપ્ન વિષે પોતાની અવસ્થા પ્રત્યક્ષ ભાસે છે, ત્યારે તે નિઃસંદેહ જાણે છે કે હું ભૂતો અને કુતરાઓને આધીન છું, અને તેઓની આજ્ઞા વિષે વર્તું છું.

જેમ કોઇ ધર્માત્મા પુરૂષને કોઇ અધર્મી તામસી મનુષ્યનાં બંધીખાનામાં બાંધી રાખે ત્યારે તે ધર્માત્મા પુરૂષ મહા દુઃખી થાય છે, તેમજ કોઇ દેવતા કોઇ કુતરા જેવા દૈત્યના બંધનમાં પડે, ત્યારે તેની પણ નીચ અવસ્થા થાય છે, અને તેજ પ્રમાણે આ માણસ જો યથાર્થ નીતિની દ્રષ્ટીથી વિચાર કરી જુએ તો તે જાણે કે હું દીનરાત પોતાના મનની વાસનાને આધીન છું, અને જો કે જોવામાં માત્ર મનુષ્યનું શરીર દ્રષ્ટીએ આવે છે તોપણ સ્વભાવે કરીને કુતરાં, ડુક્કર અને ભૂતો જેવો છું. વળી પરલોક વિષે એ વાર્તા પ્રસિધ્ધ થશે કેમકે પરલોકમાં જેનો જેવો સ્વભાવ હોય તેવુંજ શરીર તે પામે છે. તેથી જે મનુષ્ય વિષે તૃષ્ણા અને અભિલાષા અધિક છે, તે ડુક્કરના શરીરને પામે છે.

જ્યારે કોઇ માણસ સ્વપ્ન વિષે પોતાને કુતરો અથવા સિંહ દેખે ત્યારે તેનો અર્થ એ છે કે તે પુરૂષનો સ્વભાવ અપવિત્ર છે, શાથી કે સ્વપ્ન પણ પરલોકને જણાવનારૂં છે. સ્વપ્ન વિષે આ મનુષ્ય ઇંદ્રિયાદિક દેશથી ઉલ્લંઘિત થઇ જાય છે, તેથી તે વખતે જીવને સ્વભાવ પ્રમાણેજ પોતાનું સ્વરૂપ દેખાય છે, અને જેવું તેનું હૃદય હોય છે, તેવોજ આકાર તે પ્રત્યક્ષ દેખે છે. એ

વાતના સિધ્ધાંતનું વર્ણન ઘણા વિસ્તારે કરીને થાય તેમ છે, તેથી આ ગ્રંથ વિષે વિશેષ લખતા નથી.

જ્યારે માણસ જાણે કે એ ચારે સ્વભાવ પોતાના અંતઃકરણ વિષે પ્રકટયા છે ત્યારે તેણે પોતાની કૃતિનો વિચાર કરીને નિર્ણય કરવો કે હું એ ચારે સ્વભાવોમાંથી કોની આજ્ઞા વિષે ચાલું છું ? અને તેણે એટલું પણ નક્કી સમજવું કે જેવી ક્રિયા હું કરૂં છું તેવોજ સ્વભાવ મારા હૃદયને વિષે દૃઢ થાય છે, અને તેજ સ્વભાવ પરલોકમાં સંગી થાય છે.

સર્વ સ્વભાવોનું મૂળ એ ચાર સ્વભાવ છે. જ્યારે માણસ તૃષ્ણારૂપી સૂવરની આજ્ઞા વિષે ચાલે છે, ત્યારે તેના હૃદયમાં અપવિત્રતા, નિર્લજતા, લમ્પટતા અને ઇર્ષાદિ અપલક્ષણ પ્રકટ થાય છે.

એ તૃષ્ણારૂપી સૂવરને જ્યારે માણસ પોતાને આધીન કરે છે, ત્યારે સંયમ, શીળતા, ગંભીરતા, નિર્લોભતા, નિરાશા અને અતૃષ્ણા આદિક શુભ ગુણો ઉત્પન્ન થાય છે.

માણસ જ્યારે ક્રોધરૂપી કુતરાને આધીન થાય છે, ત્યારે કુટિલતા, નિઃશંકતા; આત્મપ્રશંસા કરવી, બડાઇ કરવી, દુર્વચન વદવાં, માન ઇચ્છવું, બીજા જીવોને નીચ જાણવા, બીજાના જીવોનાં મન દુખાવવાં ઇત્યાદિક અનેક અવગુણ ઉત્પન્ન થાય છે, અને જ્યારે તેને પોતાના વશમાં રાખે છે, ત્યારે ધૈર્ય સહનશીલતા, ક્ષમા, સ્થિતિ (શાંતિ) પરાક્રમ, અને દયા આદિક શુભ ગુણો તેનામાં પ્રકટ થાય છે.

માણસ જ્યારે ભૂત પ્રેતની આજ્ઞામાં વર્તે છે, એટલે તેમના જેવો સ્વભાવ રાખે છે, ત્યારે તેના હૃદય વિષે મલિનતા, રોગ, કપટ, દુગ્ધા (ચિંતા) છળ, પાખંડ આદિક ખરાબ સ્વભાવ ઉત્પન્ન થાય છે, અને જ્યારે ભૂત પ્રેતોના સ્વભાવને વશ કરે છે, અને તેને આધીન થતું નથી ત્યારે તેની બુદ્ધિની જીત થાય છે. તેથી વિવેક, ઓળખાણ, વિદ્યા, અનુભવ, બીજા જીવોનું ભલું ઇચ્છવું અને ભાવ (શ્રદ્ધા) આદિ ગુણો વધે છે.

જ્યારે ભલા સ્વભાવો માણસમાં પ્રકટ થાય છે, ત્યારે તે તેના સર્વદાના સંગી થાય છે, ને તેઓ માણસના પરમ ભાગ્યનાં અવિનાશી બીજરૂપ છે, જે અશુભ સ્વભાવો છે, તેણે કરીને હૃદયનો સ્વભાવ પણ ખરાબ થાય છે, અને તેનું નામજ પાપ કહેવાય છે.

માણુસની સારી કે નઠારી ક્રિયામાંથી જે કૃતિ સારી કે નઠારી થાય છે તે પાછળથી કદાચિત્ પણ દુર થતો નથી.

માણુસનું હૃદય દર્પણ પ્રમાણે નિર્મળ છે, અને તેના જેટલા ખરાબ સ્વભાવ છે તે ધુણી અથવા જંગાલ (ત્રાંબાનો કાટ) જેવા છે. એ જંગાલ રૂપી મેલે કરીને હૃદયરૂપી દર્પણ મલીન થાય છે, તેથી તે હૃદય ભગવન્તના દરબારને જોઇ શકતું નથી.

માણુસમાં જે ભલા સ્વભાવ છે તે પ્રકાશરૂપ છે; તે પ્રકાશવડે હૃદયરૂપી દર્પણનો અવિદ્યારૂપી અંધકાર દુર થાય છે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે "માણુસથી જ્યારે કાંઇ નિન્દિત કર્મ થઇ જાય ત્યારે તે પછી તરતજ જો તે સારૂં કર્મ કરે તો તે નિન્દિત કર્મરૂપી ભુંડાઇનો નાશ થઇ જાય છે અને હૃદય મલીન થતું નથી." શાથી કે પરલોક વિષે જેવું જેનું હૃદય છે, તેવુંજ પ્રકટ થઇ જાય છે. તેમાં જેનું હૃદય નિર્મળ છે તે પણ ત્યાં જણાઇ આવે છે.

ભગવન્તે કહ્યું છે કે "જેનું હૃદય શુદ્ધ છે, તેનેજ મારો માર્ગ જડે છે"

માણુસનું હૃદય આદિ ઉત્પત્તિ વિષે લોઢાના જેવું કડણ હોય છે. તેને વિધિ સંયુક્ત જ્યારે મર્દન કરીને ઓપ ચઢાવીએ ત્યારે તે દર્પણવત્ નિર્મળ થાય છે, અને સર્વ પદાર્થોને દેખાડે છે. પણ જો તેને મર્દન કરી ઓપ ન ચઢાવીએ તો તે એવું તો મલીન થઇ જાય છે, કે તેનામાં કાંઇ નિર્મળતા જણાતીજ નથી; અને પછી તે કોઇપણ પદાર્થને ઓળખાવતું નથી.

ભગવન્તે કહ્યું છે કે "નિઃસંદેહ હું તમારા હૃદય તરફ જોઉં છું, અને જેવી કૃતિ તમે કરો છો તે પણ હું તેવીજ દેખું છું."

સાતમો સર્ગ

પૂર્વ પક્ષનું વર્ણન.

જ્યારે કોઇ પ્રશ્ન કરે કે માણુસ વિષે પશુ, સિંહ, ભુત અને દેવતાના

સ્વભાવ પ્રકટ છે, તે તો હું સમજયો, પણ તમે એમ કહો છો કે આ મનુષ્ય દીવ્ય રત્ન છે, એનું સ્વરૂપ નિર્મળ છે, એનો પોતાનો સ્વભાવ શુદ્ધ છે, અને બીજા બધા પરસ્વભાવ છે, તો એમ તમે શા કારણથી કહો છો ? તેમ એ વાર્તાને અમે શી રીતે સમજીએ કે માણુસને ભગવન્તે પોતાના સ્વભાવને મળતો નિર્મળ સ્વભાવ પ્રાપ્ત કરવાને માટેજ પેદા કર્યું છે ? કારણ કે જો એ ચાર પ્રકારના સ્વભાવો મનુષ્યમાં એકઠાજ ઉત્પન્ન થયા છે, તો પછી તેનો પોતાનો નિર્મળ સ્વભાવ શો રીતે થયો, અને બીજા સ્વભાવ પરસ્વભાવ શા કારણથી કહેવાય છે ?

તેનો ઉત્તર એ છે કે માણુસને પરમેશ્વરે પશુ અને સિંહોથી ઉત્તમ ઉત્પન્ન કર્યું છે, અને સર્વ પદાર્થોની વડાઇ અને પૂર્ણતાઇ પણ ભિન્ન ભિન્ન છે.

જે પદાર્થની જેનાથી મોટાઇ હોય છે તે તેનું કારણ કહેવાય છે. જેમ ગધેડાથી ઘોડો વિશેષ છે, શાથી કે ગધેડાને ભાર ઉપાડવાને બનાવ્યો છે, અને ઘોડાને દોડવા ચાલવા તથા સવારની આજ્ઞા પ્રમાણે વર્ત્તવા ઉત્પન્ન કર્યો છે, અને લઢાઇમાં તે સાવધાન રહે છે. વળી ઘોડો ગધેડા કરતાં ભાર ઉપાડવામાં વિશેષ બળવાન છે તથા ગધેડા કરતાં ઘોડામાં દોડવાની અને સંગ્રામમાં સાવધાન રહેવાની મોટાઇ પ્રભુએ વિશેષ આપી છે. તે મોટાઇ ગધેડામાં જોવામાં આવતી નથી. પણ જયારે ઘોડો પોતાની વડાઇ અને પૂર્ણતાઇથી હીન થાય છે, ત્યારે તે માત્ર બોઝો ઉઠાવવાનોજ અધિકારી થાય છે, અને ગધેડાના પદને પામે છે. તેથી તેની પોતાની વડાઇ નાશ પામે છે. તેમજ જે પુરૂષો આ પ્રકારે સમજ્યા છે કે માણુસ ખાવાને, સુવાને, કામાદિક ભોગ ભોગવવાને અને ધનનો સંચય કરવાને સારૂજ ઉત્પન્ન થયાં છે, તેઓ મૂઢ છે અને તેમની સઘળી ઉંમર એજ કામોમાં વહી જાય છે. વળી કોઇ એમ જાણે કે માણુસને જીત મેળવવાને તથા ક્રોધ કરવાને ઉત્પન્ન કર્યું છે, તો તેને પણ તામસી અને દુષ્ટ જાણવું. એ બેઉ પ્રકારનાં માણુસો ભૂલ્યાં છે, કેમકે અધિક આહાર અને ભોગ તો પશુઓમાં પણ જોવામાં આવે છે, જેમકે સિંહ અને બળદનો આહાર માણુસથી વિશેષ છે, તેવીજ રીતે ચકલાં વિષે કામ ચેષ્ટા વિશેષ છે અને ફાડી ખાવુંને ક્રોધ કરવો એ સિંહનો સ્વભાવ છે.

પશુઓનો સ્વભાવ જેમ માણુસોમાં મુકેલો છે, તેમ તેઓને મોટાઇ પણ આપેલી છે, અને તેથી તે પશુઓથી વિશેષ છે. એ મોટાઇને બુદ્ધિ કહે છે,

અને તે બુદ્ધિએ કરીને મનુષ્ય ભગવન્તને ઓળખે છે, ભગવન્તની કારીગરીને જાણે છે, ક્રોધ અને ભોગોથી પોતાને બચાવે છે, અને દેવતાઇ સ્વભાવ મેળવે છે.

દેવતાઇ સ્વભાવે કરીનેજ મનુષ્ય પશુઓ અને સિંહોથી વિશેષ છે, અને સર્વ સૃષ્ટી પોતાને આધિન કરે છે.

ભગવાને કહ્યું છે કે–" ધરતી અને આકાશ વિષે જેટલી સૃષ્ટી છે, તે મેં મનુષ્યની આજ્ઞાકારી કરી છે." તેથી આ મનુષ્યની મોટાઇ અને વિશેષતા એ બુદ્ધિએ કરીનેજ છે.

માણસમાં બીજા જેટલા સ્વભાવ જોવામાં આવે છે, તે વાસ્તવીક રીતે માણસના નથી પરંતુ તે આ જીવની ચાકરી અને કાર્યને સારૂ ઉત્પન્ન કર્યા છે.

આ જીવ જયારે મૃત્યુ પામે છે ત્યારે ભોગ અને ક્રોધની બધી સામગ્રીનો નાશ થાય છે.

જયારે આ જીવની બુધ્ધિ શુધ્ધ હોય છે, અને દેવતાઓની પેઠે તેનો સ્વભાવ નિર્મળ થાય છે, ત્યારે તે ચૈતન્ય દેશ વિષે પ્રાપ્ત થાય છે, અને નિઃસન્દેહ તે ભગવન્તની ઓળખાણમાં અને તેમનાં દર્શનમાં લીન થાય છે.

જયારે આ જીવની બુદ્ધિ મલિન અને વિપરીત થાય છે, ત્યારે તેને ભોગો અને ક્રોધાદિકની મલિનતાએ કરીને આવરણ આવી જાય છે, અને જો કે તે કદાપી ઉપદેશ સાંભળવા જાય છે, તોપણ તેનું મુખ સંસાર તરફ રહે છે. અર્થાત્ તેનું હૃદય ઇંદ્રિયાદિક ભોગોમાં બદ્ધમાન થાય છે અને સર્વદા તેને વિષયોની ખેંચ (આકર્ષણ) રહે છે, જેને અધોગતિ કહે છે.

અધોગતિ એટલે પરલોકરૂપી ઉત્તમ દેશ વિષે પણ તે મનુષ્યનું હૃદય નીચતાની તરફ ખેંચાયું રહે છે.

ભગવન્તે કહ્યું છે કે " પરલોક વિષે પાપીયોનાં માથાં નીચે લટકતાં રહેશે. "

હૃદયરૂપી દેશની ઐશ્વર્યતા અપાર છે, અને સર્વ પદાર્થોથી આશ્ચર્યરૂપ છે, પણ મનુષ્ય અચેતતાએ કરીને તે આશ્ચર્યતાને ઓળખતું નથી.

મનુષ્યની વિશેષતા બે પ્રકારે કહેલી છે તેમાં (૧) એક વિદ્યા અને (૨) બીજું બળ છે.

વિદ્યાની વિશેષતા એટલા માટે છે કે વિદ્યાવડે માણસ સૌ કોઇને ઓળખે છે. વિદ્યાના બે પ્રકાર છે. એક વિદ્યા જે સૂક્ષ્મ અને ગુહ્ય છે, તે તો મહા દુર્લભ છે.

બીજી જે સ્થુળ વિદ્યા છે તેણે કરીને માણસ સર્વ પદાર્થોની વિદ્યાનો જાણનાર થાય છે, અને નાના પ્રકારની કારીગરીને ઓળખે છે, અનેક પ્રકારના ગ્રંથોની વિદ્યાને ભણે છે, તથા વૈદક, જ્યોતિષ, વ્યાકરણ, ધર્મશાસ્ત્ર વગેરે અનેક વિદ્યાના ભેદોને સમજે છે. તોપણ માણસનું હૃદય એવું આકાશરૂપ વિશાળ છે કે તે પુરી પંડિતાઇથી વ્યાપ્ત થતું નથી, પરંતુ સર્વ પદાર્થોનું જ્ઞાન એનામાં સમાઇ જાય છે.

બીજી રીતે કહીએ તો જેમ પાણીનાં બુંદો સમુદ્રમાં સમાઇ જાય છે, તેમ સર્વ સંસાર માણસની ચૈતન્યતા વિષે સમાઇ જાય છે.

ચૈતન્ય પુરૂષની સૂક્ષ્મગતિ એવી છે કે પોતાના કિંચિત્ સંકલ્પે કરીને પાતાળ અને આકાશ વિષેનું કામ પણ કરી લે છે, અને ઉદય અસ્ત સુધી જોઇ આવે છે. જો કે એ ચૈતન્યનો સંબંધ આ શરીરની સાથે એવો દૃઢ છે કે તે સર્વદા શરીર એ પોતેજ છે એમ જાણે છે, તોપણ તેનામાં એવી શક્તિ છે કે તે પોતાની વિદ્યાના બળે કરીને આકાશના તારાઓનું પ્રમાણ જાણે છે, અને એમ પણ જાણે છે કે અમુકગ્રહ અમુક સ્થાનમાં આવ્યો છે, અને અમુક ગ્રહ અમુક ગ્રહથી આટલે અંતરે છે. વિદ્યાના બળે કરીને માણસ માછલીને સમુદ્રની ઉંડાઇમાંથી બહાર કાઢી લે છે, અને આકાશને વિષે ઉડનારાં પક્ષીઓને પૃથ્વીપર પાડે છે. એટલે ટુંકામાં કહીએ તો આ જગત્ વિષે જે કાંઇ આશ્ચર્યતા અને વિદ્યા છે, તેને તે પાંચ ઇંદ્રિયોએ કરીને ગ્રહણ કરી લે છે.

ઇંદ્રિયાદિક સર્વ વિદ્યા સ્થુળ કહેવાય છે અને તેથી તેને બધા જાણે છે.

પણ બીજી વિદ્યા જે મહા આશ્ચર્યરૂપ છે તે એવી છે કે તેના પ્રભાવથી આ માણસના હૃદય વિષે એક દરવાજો છે તે જેમ આ પાંચે ઇંદ્રિયો અધિભૌતિક જગતની તરફ ખુલ્લી રહે છે તેમ દેવલોક તરફ ખુલ્લો થાય છે. સૂક્ષ્મ દેશનું નામ દેવલોક છે. તે દેવલોકનેજ ચૈતન્ય દેશ કહે છે.

ઘણા પુરૂષો તો ઇંદ્રિયાદિક દેશનેજ ફકત ઓળખે છે, પણ ચૈતન્ય દેશની અપેક્ષાએ કરીને જોઇએ તો આ બધું જગત્ તુચ્છ માત્ર છે.

ચિત્ત વિષે જે દરવાજો (માર્ગ) છે તેનું ઉઘડવું પણ બે પ્રકારનું છે.

(૧) પ્રથમ જ્યારે ઉંઘે કરીને સર્વ ઇંદ્રિયોનો માર્ગ રોકાઇ જાય છે, ત્યારે સ્પપ્ન વિષે સૂક્ષ્મ દેશની તરફ એ બારી ઉઘડે છે. તેણે કરીને તે અપૂર્વ સૃષ્ટિઓને પોતે ઓળખે છે, પણ પ્રત્યક્ષ દેખતો નથી.

જેમ મંદ દ્દષ્ટી જીવોને પદાર્થોનાં સ્વરૂપ પણ મંદ દેખાય છે, તેમજ સ્વપ્ન વિષે ભવિષ્ય કાળ પણ સ્હેજજ દેખાય છે, કારણ કે જ્યારે એ સ્વપ્નનું વર્ણન કરીએ ત્યારેજ યુક્તિએ કરીને તે સમજાવી શકાય છે; બીજી રીતે સમજાવી શકાતું નથી. એ વાર્તા પ્રસિદ્ધ છે.

સૌ કોઇ જાણે છે કે જાગ્રત વિષે ભવિષ્યકાળની કંઇ પ્રકટતા થતી નથી, પરંતુ સ્પપ્ન વિષે સૌ કોઇ અધિક અથવા અલ્પ ભવિષ્ય દેખે છે. તે જોવાનું કાંઇ ઇંદ્રિયોના માર્ગથી થતું નથી; અને એ સ્વપ્નનો અર્થ ખુલ્લો કરવો એ પણ ઘણો વિસ્તાર કરવાથી થાય છે. સારાંશ એ છે કે આ મનુષ્યનું હૃદય દર્પણવત્ નિર્મળ છે. જેમ બે દર્પણ પરસ્પર સન્મુખ ધરવાથી એક બીજાનાં પ્રતિબિંબનો તેમાં ભાસ થાય છે, તેમજ ચિત્તરૂપી દર્પણ જ્યારે ઇંદ્રિયાદિક વૃત્તિથી ભિન્ન થાય છે, ત્યારે હિરણ્યગર્ભ (ચૈતન્ય) જે સ્થુળ જગતનો આશ્રય છે તેનું પ્રતિબિંબ ચિત્તમાં ભાસી આવે છે.

જ્યારે ચિત્ત ઇંદ્રિયોની વૃત્તિનો ત્યાગ કરે છે, ત્યારે ભવિષ્યકાળને જુએ છે. એમાં એટલો ભેદ છે કે જો કે સ્વપ્ન વિષે ઇંદ્રિયોની વૃત્તિ રોકાઇ જાય છે, તોપણ સંકલ્પો બંધ પડતા નથી, અને ચિત્તનું સ્પુરણ થાય છે, તેથી ચિત્ત ભટકતું રહે છે. આ કારણથી સ્વપ્નકાળ વિષે ભવિષ્યકાળને તે માણસ મંદ દ્દષ્ટિની પેઠે જુએ છે, પણ પદાર્થોને પ્રત્યક્ષ દેખતું નથી.

આ જીવ જ્યારે શરીરને છોડીને જાય છે, ત્યારે ઇંદ્રિયો અને સંકલ્પની વૃત્તિયોનો નાશ થઇ જાય છે. તેથી તેને પરલોક પ્રત્યક્ષ દેખાય છે, અને સ્વર્ગ, નર્ક વગેરેને પણ પ્રત્યક્ષ દેખે છે. પછી તે પરમેશ્વર પાસે પ્રાર્થના કરે છે કે હે ભગવંત તમે મારી સાહ્યતા કરો.

જ્યારે જીવને અકસ્માત્ કાંઇ સંકલ્પ સ્ફુરી આવે છે, ત્યારે તે સંકલ્પ

સત્યરૂપ થઇ દેખાય છે, પરંતુ જાણવામાં આવતું નથી કે આ સંકલ્પ ક્યાંથી આવ્યો છે.

પણ એણે કરીને એટલું જાણી શકે કે વિદ્યાનો માર્ગ કેવળ ઇંદ્રિયોજ નથી; પરંતુ વિદ્યાનું પ્રકટ થવું સૂક્ષ્મ દેશથી થાય છે અને ઇંદ્રિયોને આ સ્થુળ જગત્‌ને ગ્રહણ કરવાને સારૂ ઉત્પન્ન કરી છે. એ કારણથી સૂક્ષ્મ દેશની ઓળખાણ વિષે ઇંદ્રિયોએ કરીને પડદો (અંતરાય) થાય છે.

જ્યાંસુધી માણસને ઇંદ્રિયોની વિક્ષેપતા દૂર ન થાય ત્યાંસુધી તે સૂક્ષ્મ દેશને પામતું નથી.

માણસના હૃદય વિષે જે બારી અર્થાત્‌ ખડકી કહી હતી તે ઉઘાડવાનો બીજો પ્રકાર એ છે કે માણસે પુરૂષાર્થ અને અભ્યાસે કરીને ઇંદ્રિયો તથા ચિત્તને રોકવાં અને ચિત્તમાંથી ક્રોધ, ભોગ, મલીન સ્વભાવ તથા સર્વ અભિલાષાને દુર કરવાં, અને ચિત્તનો મળ ત્યાગ કરી તેને શુદ્ધ કરવું. એકાંતમાં બેશી મનને એકત્ર કરવું અને પછી ચિત્તની વૃત્તિ ચૈતન્ય દેશ તરફ જોડવી અને ભજન વિષે સાવધાન રહેવું. આ પ્રમાણે કરે છે ત્યારે આ અભ્યાસ વિષે તે એવો લીન થઇ જાય છે કે તેને પોતાનું શરીર અને સર્વ જગત્‌ વિસ્મર્ણ થઇ જાય છે, અને તેના ચિત્તમાં કોઇ પદાર્થનું જ્ઞાન સ્ફુરતું નથી. જ્યારે માણસની એવી દશા થાય છે ત્યારે નિઃસંદેહ જાગ્રત વિષે પણ એની સૂક્ષ્મ દેશની અંતરની બારી ઉઘડે છે. તે બારીને રસ્તે બીજા પુરૂષોને જે સ્વપ્ન વિષે ભવિષ્યકાળની ખબર થાય છે, તે તેને જાગ્રત વિષેજ સ્ફુરી આવે છે, અને ઘણા દેવતાઓ અને અવતારોનાં સ્વરૂપોને તે પ્રકટ દેખે છે, તથા તેમની પાસેથી સહાયતા અને લાભ પામે છે.

જેના હૃદયને વિષે એવા માર્ગ ઉઘડે છે તેને બીજા એવા અનેક પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે કે તેનું વર્ણન કરી શકાતું નથી.

આચાર્ય મહારાજે કહ્યું છે કે "મેં પોતાના પ્રકાશે કરીને ધરતી અને આકાશને લપેટી લીધાં છે, અને ઉદય અસ્તને મેં પ્રત્યક્ષ જોયાં છે."

માટે સંતજનોની જે વિદ્યા છે તે તેમને પોતાના ચિત્તના માર્ગ વિષે ખુલ્લી છે; અને તેમને ઇંદ્રિયોના માર્ગે કરીને જ્ઞાન પ્રાપ્ત થતું નથી, પરંતુ પ્ર-

થમ તેમણે જે યત્ન અને અભ્યાસ કર્યો હોય છે, તેથી સૂક્ષ્મ દેશદ્વારાએ તેમને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ભગવન્તે કહ્યું છે કે "પ્રથમ તમે બધા પદાર્થોમાંથી વિરક્ત અને શુદ્ધ થાઓ. પછી પોતે પોતાના આત્માને મને અર્પણ કરો, અને માયાનાં કામો વિષે આસક્ત ન થાઓ. એમ કરવાથી તમારાં કામો મારી સહાયતાએ કરીને સિદ્ધ થશે, કારણ કે ઉદય અસ્ત વિષે મારા જેવો બીજો કોઇ સમર્થ નથી. માટે મારોજ આશ્રય કરો અને બીજા કોઇ તરફ હૃદય ન રાખો અને જ્યારે તમે મારો આશ્રય લેશો ત્યારે પોતાના ચિત્તને નિઃસંકલ્પ કરીને બધા જગતથી જુદા થશો ! !

આ ઉપદેશમાં જે યત્ન કરવાનું વર્ણન કર્યું છે, તે જગતની જંજાળ અને ઇંદ્રિયાદિક ભોગોથી મનને દુર રાખી હૃદયની શુધ્ધતાને સારૂ કરેલું છે, અને જીજ્ઞાસુ તથા સંતોનો આદિ માર્ગ એજ છે.

શાસ્ત્રની વિદ્યા ભણવી, અને તેના ભેદોને સમજવા એ પંડિતોનો માર્ગ અને વિશેષતા છે. સંતજનોની વિદ્યા એવી છે કે તે કોઇ શાસ્ત્ર કે ઉપદેશને આધીન નથી અને તેથી તેના હૃદય વિષે ભગવન્તની સહાયતાએ કરીને સર્વદા અનુભવનો મેઘ વરસે છે. એવી અવસ્થા ઘણા પુરૂષોને પ્રાપ્ત થઇ છે; અને તે અવસ્થા એવી દૃઢ થઇ છે કે શાસ્ત્રોનાં વચન તથા પોતાની બુધ્ધિએ કરીને પણ સમજવામાં આવે છે. માટે માણસે અવશ્યે કરીને એટલું તો સમજવું જોઇએ કે જેથી એ અવસ્થાને પ્રાપ્ત થવાની પ્રતીતિ તેના હૃદય વિષે દૃઢ થાય; અને સંતજનોની અવસ્થા, તથા વિદ્વાનોનો માર્ગ એ છે કે તેમની પ્રતીતિથી તે વિમુખ ન રહે.

જે અવસ્થાનું વર્ણન ઉપર કર્યું છે, તે માણસના હૃદયની આશ્ચર્યતાજ છે; અને તેથી કરીનેજ માણસના હૃદયની વિશેષતા કહી છે.

કોઇએ એવું અનુમાન પણ કરવું નહિ કે આ અવસ્થા સંતજનો અને અવતારોનેજ પ્રાપ્ત થઇ છે અને થાય છે, તથા આ વખતમાં કોઇને પણ પ્રાપ્ત થતી નથી.

આદિ ઉત્પત્તિ વિષે બધાં મનુષ્યોનું હૃદય એ ઉત્તમપદનું અધિકારી

હોય છે. જેમ સર્વ કલઇ દર્પણની અધિકારી હોય છે, પણ તે જ્યારે કાંઇ મેલે કરીને મહા મલીન થઇ જાય ત્યારે તેની નિર્મળતા નષ્ટ થઇ જાય છે, તેમજ જે માણસનું હૃદય માયાની તૃષ્ણા અને ભોગોની અભિલાષાએ કરીને તથા બીજાં પાપ કરમોએ કરીને મલીન થઇ જાય છે, અને તેના ઉપર જ્યારે ખરાબ સ્વભાવ પ્રબલ થઇ જાય છે, ત્યારે તેની મનુષ્યતા નિઃસંદેહ નાશ પામે છે, અને તે પરમપદ પામવાનો અધિકારી થતો નથી.

આચાર્ય મહારાજે કહ્યું છે કે–"બધાં બાળકોનો એક ધર્મ હોય છે, પણ પછી માતા પિતાની સંગતીએ કરીને તેમનો નિશ્ચય ભિન્ન ભિન્ન થઇ જાય છે."

ભગવન્તે કહ્યું છે કે "હું તમારો ઇશ્વર છું, અને તમે મારા ઉત્પન્ન કરેલા જીવ છો" આ વચન બધા જીવોએ સત્ય કરીને માન્યું છે. તેથી એ વચનવડે સિદ્ધ થયું કે આ અવસ્થાને પ્રાપ્ત થવાના સૌ કોઇ અધિકારી છે અને તેમાં કંઇ ભેદ નથી.

બુદ્ધિમાન પુરૂષ આ વાતને પ્રત્યક્ષ જાણે છે કે "એકથી બે વધારે છે." એણે કોઇથી આ વચન સાંભળેલું નથી તોપણ તેને તે નિઃસંદેહ સમજે છે. તેમજ સર્વ જીવોની આદિ ઉત્પત્તિ વિષે આ નિશ્ચય દૃઢ છે કે "અમારા ઉત્પન્ન કર્ત્તા એક ઇશ્વર છે," તથા ધરતી અને આકાશ તેણેજ સ્થિત કર્યાં છે.

પરમ પદને પ્રાપ્ત થવું એ કેવળ દેવતા કે અવતારોનોજ અધિકાર નથી એ વાર્તા પોતાના અનુભવે અને યુક્તિએ કરીને તથા બુદ્ધિવડે અમે પ્રત્યક્ષ સમજ્યા છીએ.

આચાર્ય મહારાજે કહ્યું છે કે "હું તમારી પેઠે માણસ છું પરંતુ ભગવન્તની સહાયતાએ કરીને મને આકાશવાણી થાય છે."

તાત્પર્ય એકે કોઇ પુરૂષને એવી અવસ્થા શુભ સાધનોથી પ્રાપ્ત થાય, અને તે સર્વ જીવોને ઉપદેશ કરીને કલ્યાણનો માર્ગ દેખાડે, ત્યારે તેને આચાર્ય અને અવતાર કહે છે, અને તેનાં વચનજ ધર્મશાસ્ત્ર કહેવાય છે કોઇને એ અવસ્થા પ્રાપ્ત થાય અને તેનામાં ઉપદેશ કરવાની શક્તિ પણ હોય, તોપણ કોઇ બીજા આચાર્યનો ઉપદેશ જગત્ વિષે ચાલતો હોય તેથી કરીને તે ઉપદેશ કરતો નથી. છતાં પણ આથી તે પુરૂષની અવસ્થા ખંડીત થતી નથી. માટે માણસે એ વાતની પ્રતીતિ કરવી ઉચિત છે.

આચાર્યની કે અવતારોની અવસ્થાને પ્રાપ્ત થવાનું મૂળ કારણ અભ્યાસ છે, તોપણ ભગવન્તની સહાયતા (કૃપા) એ કરીને મનુષ્ય પહોંચી શકે છે. કેવળ પોતાના બળે કરીને પહોંચવું કઠણ છે, શાથી કે એ માર્ગમાં વિઘ્ન કરનારા શત્રુ ઘણા છે. વળી જે પદાર્થ દુર્લભ હોય છે, તે પામવાનું પણ દુર્લભ હોય છે; તેમજ તે વસ્તુને પામવાને યુક્તિ પણ ઘણી જોઇએ છીએ; તેનું દૃષ્ટાંત એ છે કે "બધા ખેતી કરનારા ખેતરમાં અનાજ વાવે છે, પણ તે સઘળા અનાજ પામતા નથી" જો કે અનાજની પ્રાપ્તિ ખેતીએ કરીનેજ થાય છે, અને વસ્તુનું મળવું પણ શોધ કરવાથી થાય છે, તોપણ અકસ્માત્ વિઘ્ન પણ આવી પડે છે.

આજે બધું વર્ણન થયું છે, તે માણસની બુઝ અને ઉત્તમ અવસ્થાનું થયું છે. તે અવસ્થાનું પ્રાપ્ત થવું યત્ન અને ગુરૂ તથા દેવની સહાયતા વિના સંભવતું નથી.

જિજ્ઞાસુને ગુરૂની સંગતી પ્રાપ્ત થાય અને કદાચ તે યત્ન પણ કરે તોપણ સર્વ પ્રકારે ભગવન્તની સહાયતા વિના કોઇ કામ સિદ્ધ થતું નથી.

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે "પુરૂષાર્થ અને મોટાઇ પણ જેને ભગવન્ત આપે છે, તેનેજ પ્રાપ્ત થાય છે. તેમજ ધર્મનો માર્ગ પણ જેને ઇશ્વર દેખાડે છે, તેજ દેખે છે."

આઠમો સર્ગ.

મનુષ્યના બળનું વર્ણન.

માણસની વિશેષતા અને વિદ્યાનો પ્રકાર ઉપર પ્રમાણે સમજવામાં આવે તે પછી જે બળે કરીને જે પ્રકારે મનુષ્યની વિશેષતા છે, તે વિષેની વાત પણ તેણે સમજવી જોઇએ. તે એટલા માટે કે એ બળ પણ દેવશક્તિ છે, અને તે મનુષ્ય સિવાય અન્ય પશુ આદિ પ્રાણીયોમાં જણાતી નથી. તેનો અર્થ એ છે કે જેમ આ બધા શરીર ધારી જીવ દેવતાઓને આધીન છે, અને તે દેવતાઓ ભગવન્તની આજ્ઞા લેઇને જીવોના સુખને સારૂ મેઘ વરસાવે છે, પવનને

ચલાવે છે, ગર્ભ વિષે જીવોનું પ્રતિપાલન કરે છે, અને ધરતી વિષે વનસ્પતિની ઉત્પત્તિ કરે છે, તથા એ પ્રકારે બધા દેવતાઓને ભગવન્તે પોત પોતાનાં કર્મો વિષે દૃઢ કરેલા છે. તેમજ આ માણુસનું જે હૃદય છે તે પણ દેવ રત્ન છે, અને તેનામાં પણ દેવતાઓની પેઠે ભગવન્તે શક્તિ આપી છે, એ કારણથી કેટલાંક શરીરોપર તેની આજ્ઞા (સત્તા) પણ ચાલે છે. તેમજ એનું પોતાનું જે શરીર છે તે પણ તેના હૃદયને આધીન છે, કેમકે સર્વ અંશો વિષે ચિત્તની આજ્ઞા વર્તે છે.

હાથની આંગળી વિષે ચિત્તનું ઠેકાણું કહેવાતું નથી પણ ચિત્તની પ્રેરણાએ કરીને તે આંગળીયો પ્રત્યક્ષ હાલે છે. આ વાત પ્રસિધ્ધ છે. તેમજ જ્યારે ચિત્ત વિષે ક્રોધનું બળ હોય છે ત્યારે શરીરના અંગોમાં પસીનો વર્ષાદનાં બુંદ પેઠે થઇ આવે છે. વળી જ્યારે ભોજન કરવા લાગે છે, ત્યારે રસના પણ પાણી (અમી) નાંખવા લાગે છે. આ પ્રમાણે એ વાર્તા બધા જન જાણે છે, કે શરીરની બધી ક્રિયા ચિત્તના સ્ફુરવાથી થાય છે.

કેટલાક પુરૂષ વિશેષતા અને પુરૂષાર્થ સંયુક્ત એવા દૃઢ હોય છે કે તેમના સ્વભાવ દેવતાઓની પેઠે કેવળ દૃઢ થાય છે, માટે તેમની આજ્ઞા બીજાં શરીરો ઉપર પણ ચાલે છે, અને તેમના તેજે કરીને સિંહ પણ ધ્રુજવા લાગે છે. વળી તેવા પુરૂષો જ્યારે ઇચ્છે ત્યારે રોગી માણસને આરોગ્ય કરી દે છે, અને જ્યારે ક્રોધ કરીને જુએ ત્યારે અરોગી મનુષ્ય રોગી થઇ જાય છે; તથા જે પુરૂષ તેનાથી દુર હોય તેને સંકલ્પ વડે ખેંચીને પાસે લાવે છે તેમજ તેના ચિત્તને ખેંચી લે છે. જ્યારે તેઓ ઇચ્છા કરે કે મેઘ વરસે ત્યારે મેઘ વરસવા માંડે છે. આ બધી વાર્તા પ્રસિદ્ધ અને નક્કી થાય છે. તે બુધ્ધિની યુક્તિએ કરીને પણ જાણી શકાય છે. સંતજનોનું બળતો એથી પણ અધિક છે.

દૃષ્ટી દોષ અને મંત્ર યંત્ર આદિક જે સ્ફુરણા છે, તે પણ માણુસના હૃદયની વિશેષતા અને બળ છે. તે બળ પણ બીજા શરીર વિષે પ્રવેશ કરે છે. પણ જેનું મન મલીન હોય છે, તેનું બળ પણ એવું મલીન હોય છે કે તે જ્યારે કોઇ સુંદર પશુને જુએ છે, ત્યારે તેના પ્રત્યે ઇર્ષા અને દોષ દૃષ્ટી કરે છે. તેથી તે પશુ તત્કાળ નાશ પામે છે. અથવા દુઃખ પામે છે. એ પણ માણુસના હૃદયનું બળ છે, પણ તેમાં એટલો ભેદ છે કે જેના બળે કરીને

જીવોનું હૃદય શુભ માર્ગ વિષે દૃઢ થાય, તે બળને શુદ્ધ સાત્વિકી બળ કહે છે. જેના બળે કરીને જીવોને શારીરીક અથવા ધનનું સુખ પ્રાપ્ત થાય છે તેને સિદ્ધિ અને ઐશ્વર્ય કહે છે.

જેના બળે કરીને ઉપાધી અને ખેદ ઉત્પન્ન થાય છે, તેને તામસી બળ કહે છે.

શુદ્ધ સાત્વિકીબળ, અને યંત્ર મંત્રાદિક જેટલાં તામસી બળ છે તે સર્વે માણસના હૃદયનાં બળ છે તથા પુરૂષાર્થ છે.

એ બળ વિષે પણ સ્થુળ દૃષ્ટીએ કરીને જોઇએ તો તેમાં મોટે ભેદ છે, તેનું સંપૂર્ણ વર્ણન આ ગ્રંથ વિષે કહેવાતું નથી. અને જે પુરૂષો એ વચનોના ભેદોને સમજી શકતા નથી તેમને સતજનોની અવસ્થાની કંઇપણ ઓળખાણ થતી નથી. પરંતુ તેઓ સાંભળવા માત્રથીજ તે પુરૂષોને સંત જાણે છે.

અવતારો અને સંતજનોની જે અવસ્થા છે, તે બધીએ અવતારો અને માણસોના પુરૂષાર્થ વડે છે. એ અવસ્થાનાં ત્રણ લક્ષણ છે.

(૧) તેમાં પ્રથમ એ છે કે સંસારી જીવ જે ભેદને સ્વપ્ને કરીનેજ ઓળખે છે, તે સંતજનોને જાગ્રત વિષેજ પ્રત્યક્ષ ભાસે છે.

(૨) બીજો ભેદ એ છે કે બીજા જીવોના સંકલ્પ પોતાનાજ શરીરમાં પ્રવેશ કરે છે, અને સંતજનોના સંકલ્પ સર્વ શરીરો વિષે પ્રવેશ કરી જાય છે, અને તે સંકલ્પોના પ્રવેશે કરીને જીવોનું હૃદય શુભ માર્ગને પામે છે.

(૩) ત્રીજો ભેદ એ છે કે જીવ જે વિદ્યા ભણી ગણીને પ્રાપ્ત થાય છે, તે વિદ્યા સંતજનોને વગર ભણેજ પોતાના અંતઃકરણ વિષે સ્ફુરી આવે છે.

જે પુરૂષ બુધ્ધિમાન અને શુદ્ધ ચિત્તનો હોય છે, તેને કેટલાક વિદ્યા પોતાની મેળે પોતાના હૃદયમાંજ ભાસી આવે છે. તેને અનુભવ કહે છે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે "કેટલાક પુરૂષોની વિદ્યા પોતાનાજ અનુભવે કરીને હોય છે." માટે જે પુરૂષમાં એ ત્રણ લક્ષણ સંપૂર્ણ હોય છે, તેની અવસ્થા સંતજનો, અવતારો અને આચાર્યોની થાય છે. જ્યારે તે પુરૂષની આજ્ઞા અને ઉપદેશ જગત્ વિષે પ્રવર્ત્તમાન હોય છે, ત્યારે તેને આચાર્ય કહે છે તથા

જ્યારે વૈરાગ્યે કરીને સંકોચ પામે છે, અર્થાત્ ઉપદેશ કરતા નથી ત્યારે તેમની સનકાદિક જેવી અવસ્થા કહેવાય છે.

સંતજનોની અવસ્થા વિષે પણ મોટા ભેદ હોય છે. કોઇની અવસ્થા ઉત્તમ, કોઇની મધ્યમ અને કોઇની નિકૃષ્ટ હોય છે

-પૂર્ણ સંત તેને કહે છે કે જેમાં એ ત્રણ લક્ષણ સંપૂર્ણ હોય છે.

એ ત્રણ લક્ષણ એટલા માટે કહ્યાં છે કે તેનો કંઇક અંશ જીવો વિષે પણ મળી આવે છે. જેમ સ્વપ્ન, સંકલ્પનું સત્ય હોવું, અને અનુભવ જે વિષે પ્રથમ કહી આવ્યા તે. એ ત્રણવડે મનુષ્ય ત્રણ લક્ષણને પણ સમજે છે. શાથી કે મનુષ્યનો એ સ્વભાવ છે કે જે અવસ્થાનો તેનામાં અંશ હોય છે, તેના વિષે તે પ્રતીતિ (વિશ્વાસ) પણ કરે છે. એ કારણથી કહ્યું છે કે-"ભગવન્તની સંપૂર્ણતાને ભગવન્તજ ઠીક જાણે છે." બીજું કોઇ ઓળખી કે જાણી શકતું નથી.

તાત્પર્ય એ છે કે આચાર્યો અને સન્તો વિષે એ ત્રણ લક્ષણોથી વધારે બીજાં પણ અનેક લક્ષણ છે, પણ આપણને તેનું કંઇ ઓળખાણ નથી. કારણ કે તેનો કંઇપણ અંશ આપણા જાણવામાં નથી. એ કારણથી કહ્યું છે કે-"જેમ ભગવન્તને પોતે ભગવન્તજ યથાર્થ ઓળખે છે, તેમજ સંતજનોની અવસ્થાને સંતજનજ ઓળખે છે. પણ બીજા જીવ જાણી શકતા નથી." એનું દૃષ્ટાંત એ છે કે જ્યારે આપણા દેશ વિષે નિદ્રાની પ્રબળતા નથી હોતી અને કોઇ પુરૂષ આપણને આ વાર્તા સંભળાવે છે કે "અમુક દેશ વિષે એવા લોક પૃથ્વી પર પડેલા દૃષ્ટીએ આવે છે કે એમનામાં બોલવાનું, જોવાનું, સાંભળવાનું એ કંઇ હોતું નથી, તથા તેમની ચેષ્ટા શુન્ય થઇ જાય છે, પણ પછી વખત જોઇને સુચેત થઇ ઉઠે છે.

જો આપણને નિદ્રાનો અનુભવ ન હોત તો આપણે કદાચિત્ત એ વાર્તાને સમજત નહિ. શાથી કે આ માણસ જે કાંઇ નજરે જુએ છે, તેના ઉપરજ ફક્ત વિશ્વાસ કરે છે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે "મેં તમને વિદ્યા સમજવાનો અધિકાર આપ્યો છે, તોપણ જ્યાંસુધી હું તમને માર્ગ ન દેખાડું ત્યાંસુધી તમને એ વિદ્યાના ભેદની યુક્તિ ખુલતી નથી." માટે માણસે આ વાર્તાને આશ્ચર્યકારક જાણવી નહિ.

કેમકે સંતજનો વિષે બીજાં કેટલાંક એવાં લક્ષણ પણ હોય છે કે તેને બીજા કોઇ ઓળખી શકતા નથી.

સંતજનો એવાં ઉત્તમ લક્ષણોએ કરીને પરમાનંદને પામે છે.

જે પુરૂષોને રાગ અને ગાયનનું ઓળખાણ હોતું નથી, તેને રાગ અને ગાયન સાંભળવાથી કંઇ આનંદ થતો નથી. તેને કોઇ બીજો પુરૂષ ગીત શબ્દનો અર્થ સમજાવે તોપણ તે સમજતો નથી; કેમકે તે તે જાણતોજ નથી. જેમ જન્મ અંધને તેજ, રૂપ અને સુંદરતાઇ કે કુરૂપતાઇનું કંઇપણ જ્ઞાન હોતું નથી.

ભગવાનના સામર્થ્ય વિષે આ વાત કાંઇ આશ્ચર્યકારક નથી કે આચાર્યો અને સંતજનોને એવી પણ કેટલીક અવસ્થા પ્રાપ્ત થાય છે, કે તેને બીજા જીવો જાણી શકતાજ નથી.

નવમો સર્ગ

પૂર્વ પક્ષના ઉત્તરનું વર્ણન.

આથી આગળ જે કાંઇ વર્ણન કર્યું છે તેથી મનુષ્યની વિશેષતા સમજાય છે, અને જીજ્ઞાસુઓનો માર્ગ પણ ઓળખાય છે.

યોગીજનોને અંતરીય અભ્યાસના માર્ગમાં સ્થુળ વિદ્યા પડદો (આવરણ) નાંખે છે; કેમકે ઇંદ્રિયો અને ઇંદ્રિયોની જે સ્થુળ વિદ્યા છે, તે હૃદયની એકાગ્રતા વિષે આવરણ કરે છે. તેથી ચિત્તની વિક્ષેપતાને પામે છે.

આ મનુષ્યનું હૃદય તળાવ જેવું છે. અને પાંચ ઇંદ્રિયો તળાવમાં પાણી આવવાના રસ્તા છે, જો કોઇ એ તળાવની અંદરથીજ નિર્મળ જળ કાઢવાને ઇચ્છે તો તેનો ઉપાય એ છે કે પ્રથમ તો તે તળાવ વિષે બાહ્યજળ હોય તેને કાઢી નાંખે, પછી તેમાંના મલીન કાદવને દુર કરે, પછી તે તળાવને ખોદે અને બહારથી જળ પ્રવેશ કરનારા રસ્તાઓને રોકે, અને આ પ્રમાણે કરે ત્યારે તે તળાવ વિષે નિર્મળ જળ ઉત્પન્ન થાય પણ જ્યાંસુધી તે બહારનું પાણી અને

કચરો દુર ન થાય ત્યાંસુધી અંદરનું નિર્મળ જળ કદાપિ નિકળતું નથી. તેમજ ચિત્ત ઈંદ્રિયાદિક વિદ્યાથી જ્યાંસુધી રહિત થાય નહિ, ત્યાંસુધી તેમાં સૂક્ષ્મ વિદ્યા કદાચિત્ પ્રકટ થતી નથી.

જ્યારે માણસ સ્થુળ જગતના જ્ઞાનનું વિસ્મરણ કરે, અને હૃદયના અભ્યાસમાં દૃઢ થાય ત્યારે નિઃસંદેહ તે અનુભવ વિદ્યાને પામે છે.

સ્થુળ વિદ્યાને પડદો કહ્યો છે તે એટલા માટે કે જ્યારે માણસ કોઇ મત અથવા પંથનું ગ્રહણ કરે છે, ત્યારે તેની વિદ્યા અને યુક્તિયોને ભણીને તેમાં વિશ્વાસ કરી લે છે. પછી એક બીજાના મતનું ખંડન કરવાને ઇચ્છે છે અને તેના વાદ વિવાદ વિષે દૃઢ થાય છે. પછી એમ સમજે છે કે આ વિદ્યાથી ચઢતી બીજી કોઇ વિદ્યાજ નથી. તે પછી તે જ્યારે કોઇ બીજા યથાર્થ વચનનું શ્રવણ કરે છે, અને સમજતો પણ હોય છે, તે છતાં પણ પોતાના હૃદય વિષે એવું અનુમાન કરે છે કે જેવી વિદ્યા હું આગળ ભણ્યો છું, તેથી આ વચન ઉલટું છે અને એમ સમજીને એ વચનનો બરાબર અર્થ જાણવામાં પ્રમાદ કરે છે. એ કારણથી યથાર્થ વિદ્યાને તે પામતો નથી. આ પ્રમાણે સંસારી જીવ જે વિદ્યાનો અને મતનો નિશ્ચય કરે છે, તે વિદ્યા યથાર્થ જ્ઞાનની કેવળ ત્વચાજ છે; અર્થાત્ સાર વસ્તુ નથી.

યથાર્થ જ્ઞાન કે વિદ્યા એ છે કે જેથી ગુહ્યભેદને ભલી પ્રકારે સમજે. જેમ ફળની છાલ જ્યારે દુર થાય છે, ત્યારે તેનો સર્વ રસ અને ગર્ભ પ્રકટ થાય છે, તેમ જ્યારે પન્થો અને મતોનો નિશ્ચય દુર થાય છે, ત્યારેજ યથાર્થ વસ્તુનું જ્ઞાન પ્રકટ થાય છે. માટે તમે જાણો કે જે પુરૂષ વાદ વિવાદની વિદ્યાને ભણે છે, તેને યથાર્થ જ્ઞાનની વિદ્યા પ્રાપ્ત થતી નથી. તે જાણે છે કે જે વિદ્યા હું ભણ્યો છું તેજ વિદ્યા યથાર્થરૂપ છે, અને આ અભિમાનજ તેને પડદો થાય છે. કારણ કે એવી વિદ્યા ભણનારાને નક્કી અભિમાન થાય છે. પરંતુ જો તે પુરૂષ અભિમાની ન થાય, તો તેને તે વિદ્યા પડદો થતી નથી; તે સાર વસ્તુના જ્ઞાનને પામે છે, અને તેની અવસ્થા અતી ઉત્તમ થાય છે, તથા તે યથાર્થ માર્ગ વિષે ચાલે છે. પણ ઘણા વિદ્યાવાન્ તો એવા થાય છે કે પોતાનો જન્મ મિથ્યા પ્રતીતિ વિષેજ ખુએ છે અને તેથી તે સ્થુલ પ્રતીતિજ તેને પડદો કરે છે. જે પંડિત બુદ્ધિમાન હોય છે તે કદાચિત્ જુઠી પ્રતીતિ કરતા નથી, અને તેથી તે કદાપી આગળ જતાં સંશયોથી નિર્ભય થાય છે.

માટે આ વચન વિષે જે વિદ્યાનો પડદો કહ્યો છે, તેનો અર્થ સૌને સમજવો યોગ્ય છે, પણ તેનો તિરસ્કાર કરવો યોગ્ય નથી. જે સદાચરણી ઉત્તમ માણસ છે તેવાં જ્ઞાનીઓને અનુભવ વિદ્યા પ્રકટ થએલી છે, અને જે મનસ્વી જુઠા લોકો છે તેને અનુભવ વિદ્યા પ્રાપ્ત થતી નથી. તેવા જનોએ સંતજનોનાં થોડાંક સૂક્ષ્મ વચન શીખી લીધેલાં હોય છે. અને તેમનું નિત્યકર્મ એજ હોય છે કે તેઓ હમેશાં શરીરને બહારથી ધોતા રહે છે, કિંવા મેલી ગોદડી કે આસનોને રાખીને બહારથી સાદાઇ દેખાડે છે, અને વગર સમજે વિદ્યાનો અને વિદ્યાની નિંદા કરે છે; તેઓને ભારે દંડ દેવો યોગ્ય છે. કારણ કે તેવા લોકો જગત્‌નો માર્ગ ખોવાવાળા છે, તથા ભગવાન અને તેના ભક્તોથી વિરૂદ્ધ છે; એટલા માટે પરમાત્મા અને મહાત્માઓએ પણ વિદ્વાનોની સ્તુતિ કરી છે; અને સર્વ જગત્‌ને વિદ્યા ભણવાનો ઉપદેશ કર્યો છે; જે પાપી અને ભાગ્યહીણ લોકો છે, તે આ અનુભવની અવસ્થાને પ્રાપ્ત થતા નથી, અને વિદ્યાથી પણ હીણ છે. તો તેમને વિદ્વાનોની નિંદા કરવી કેમ પ્રમાણ હોય ?

એવા લોકોનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇએ સાંભળ્યું હોય કે સોના કરતાં સોનું બનાવવાનું રસાયણ ઉત્તમ છે, કારણ કે—રસાયણથી અનહદ સોનું પેદા થાય છે; અને આવું સાંભળીને તે મનુષ્ય જ્યારે કોઇ તેને સોનું આપે છે, ત્યારે તે તેનો સ્વિકાર કરતો નથી અને કહે છે કે સોનું શા કામમાં આવે છે ? તેની કિંમત પણ હલકી છે. માટે મને તો રસાયણ જોઇએ; કારણ કે રસાયણ સોનાનું મૂળ (કારણ) છે. આ પ્રમાણે માનીને તે પુરૂષ સોનું પણ ગ્રહણ કરે નહિ અને તેને રસાયણ પણ મળે નહિ, ત્યારે તે પુરૂષ નિર્ધન અને ભાગ્યહીણ રહે છે, તથા તે મૂર્ખ ગણાય છે. કેમકે તે રસાયણની વિશેષતા માત્ર સાંભળીનેજ પ્રસન્ન થાય છે. અને સોનું લેવાનો અનાદર કરે છે. તેમજ સંતજનોની અવસ્થા રસાયણની પેઠે છે. એ વાત નિઃસંદેહ છે કે સોના રૂપા કરતાં રસાયણનું પ્રાપ્ત થવું વિશેષ છે. તેવીજ રીતે વિદ્વાનો કરતાં સંતજનોની અવસ્થા વિશેષ છે.

એ વિષયમાં બીજો પણ એક ભેદ છે. દાખલા તરીખે જ્યારે કોઇની પાસે એટલુંજ રસાયણ હોય કે તેમાંથી ૧૦૦ સો મહોર જેટલું સોનું થઇ શકે, અને કોઇ બીજા પુરૂષ પાસે ૧૦૦૦ હજાર મહોરો હોય, ત્યારે, પેલા હજાર મહોરોવાળા કરતાં સોમહોરના રસાયનવાળો વિશેષ થતો નથી, કારણ કે

રસાયણની વિદ્યાને શોધવાવાળા પુરૂષ જગત્‌માં ઘણા છે, પરંતુ રસાયણની પરિપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થવી કઠણ છે; તે કારણથી બહુ કાળ સુધી યત્ન કર્યાથી કોઇ વિરલાનેજ તે પ્રાપ્ત થાય છે. તેવી રીતે હૃદયના અભ્યાસનો જે માર્ગ છે, તે જો કે ઘણો ઉત્તમ છે, તથાપિ તેની પરિપૂર્ણતાને પહોંચવું મહા દુર્લભ છે. વળી એમ પણ ઓળખવું જોઇએ કે જે પુરૂષને ધ્વનિ, ધ્યાન અથવા યંત્ર, મંત્રના કંઇ પરચા થાય છે, તે પુરૂષ કાંઇ સર્વ વિદ્યાનોથી વિશેષ થતો નથી; કારણ કે જો કોઇને પ્રથમ સાધનાએ કરીને કાંઇક એકત્રતા થાય છે, તોપણ ઘણા પુરૂષ પાછા છુટા પડી જાય છે. કોઇ વળી સંકલ્પે કરી ગાંડા થઇ જાય છે, અને તેઓ એમ જાણે છે કે અમે મહાન્ અવસ્થાને પ્રાપ્ત થયા છીએ પરંતુ એવો કોઇકજ વિરલો થાય છે કે જે પોતાના હૃદયની શુદ્ધતાએ કરીને પૂર્ણપદને પહોંચે છે; ઘણાક તો વિક્ષેપતાને પ્રાપ્ત થઇ જાય છે. જેમ કોઇ સ્વપ્નું સાચું પણ થાય છે, પરંતુ વિશેષે કરીને તો તે સ્વપ્નાં ચિત્તના ભ્રમજ હોય છે. જે પુરૂષની શક્તિ એવી હોય કે, જે વિદ્યાને અન્ય જીવો ભણીને સમજે છે, તે તેને ભણ્યા વગરજ ભાસી આવે છે. તો તે વિદ્વાનોથી પણ વિશેષ કહેવાય છે. તે અવસ્થા મહા દુર્લભ છે. માટે માણસ જ્યારે સંતજનોની અવસ્થા અને તેમની વિશેષતા ઉપર પણ પ્રતીતિ કરે, અને પાખંડી મનુષ્યોનાં વચનોએ કરીને વિદ્વાનોનો અનાદર ન કરે, ત્યારેજ તેનો ધર્મ નષ્ટ થતો નથી. કોઇ એવો પ્રશ્ન કરે કે મનુષ્યની બુરાઇ, ભલાઇ અને ઉત્તમ ભાગ જે પરમાત્માની ઓળખાણ છે, એમ આગળ કહ્યું છે, તે ભેદને કેમ કરીને જાણિયે? ત્યારે તેનો ઉત્તર એ છે કે જે પદાર્થે કરીને કોઇને પ્રસન્નતા અને આનંદ પ્રાપ્ત થાય છે, તેજ પદાર્થ તે પુરૂષની ભલાઇ કહેવાય છે. પ્રસન્નતા તથા આનંદ જે પદાર્થ એનો સ્વતઃસ્વભાવ અનુસાર હોય છે તેમાં પ્રાપ્ત થાય છે. સ્વતઃસ્વભાવ તેને કહે છે કે "જે પદાર્થને માટે પરમાત્માએ આ જીવને ઉત્પન્ન કર્યો છે," જેમ કામની પ્રસન્નતા એ છે કે પોતાના ઇષ્ટ પદાર્થને પ્રાપ્ત થવું. ક્રોધની પ્રસન્નતા એ છે કે પોતાના દુશ્મનને જીતવો. કાનને સુંદર શબ્દ અને રાગમાં સુખ થાય છે. તેમજ બુદ્ધિની પ્રસન્નતા અને ભલાઇ એ છે કે કામોના ભેદને ઓળખવા; કારણ કે તેનો પોતાનો સ્વભાવ પણ એજ છે, અને પરમાત્માએ પણ એ બુદ્ધિને એટલા માટે ઉત્પન્ન કરી છે. વળી કામ ક્રોધ અને પાંચે ઇંદ્રિયોના ભોગ તો પશુઓમાં પણ માલુમ પડે છે, પરંતુ આ સ્વભાવ મનુષ્યોમાં જુદો અને વધારે છે કે જે પદાર્થના ભેદને તે નથી જાણતો તે પદાર્થને નિઃસંદેહ તે શોધ્યા કરે છે, અને જાણવાને ઇચ્છે છે. પછી જ્યારે તેના ભેદને સમજે છે ત્યારે રાજી રાજી થઇને તેપર વડાઇ કરે છે. જો

કે તે પદાર્થ તુચ્છ હોય તોપણ તેમાં તે એવો પ્રસન્ન થાય છે કે તેના આ-નંદને તે રોકી શકતો નથી. જેમ શેતરંજ રમવાવાળો પુરૂષ શેતરંજની વિદ્યા બતાવવામાં ધીરજ કરી શકતો નથી. વળી એમ પણ જાણે કે હું સારૂં રમી જાણું છું. અને તેથી તે આનંદને ઝાહેર કરવા ઇચ્છે છે. હવે જો તું એટલું સમજ્યો કે આ વિષયનું (પદાર્થ) જાણવું મનુષ્યોનો સ્વભાવ જાણવાપણું છે, ત્યારે તારે એમ જાણવું કે વિષય (પદાર્થ) જેટલો જાણવા યોગ્ય વિશેષ અને ઉત્તમ હોય છે, તેટલોજ તેના જાણવામાં આનંદ પણ અધિક થાય છે. જેમ કોઇ મંત્રિના ભેદને જાણે છે, ત્યારે આનંદ પામે છે. પણ જે પુરૂષ પા-દશાહના ભેદને જાણે છે, તે તેનાથી અધિક આનંદ પામે છે. વળી સેતરંજની વિદ્યા જાણવાવાળા પુરૂષ કરતાં જ્યોતિષ અને વૈદ્યક વિદ્યાના જાણનાર અધિક પ્રસન્ન થાય છે. માટે એ વાત પ્રસિદ્ધ છે કે જ્યારે જાણવા યોગ્ય પદાર્થ ઉત્તમ હોય ત્યારે તેની ઓળખાણમાં આનંદ પણ વધારે થાય છે. તો પછી કોઇપણ પદાર્થ પરમાત્મા સમાન ઉત્તમ નથી; કારણ કે સર્વ પદાર્થોની વિશે-ષતા તેની શક્તિએ થાય છે. અને તે સર્વ સૃષ્ટિનો ઇશ્વર છે, તથા જગત્‌માં જે કાંઇ આશ્ચર્ય છે, તે સર્વ તેની કારીગરી છે. તે કારણથી પરમાત્માના જ્ઞાન સમાન બીજું કોઇ જ્ઞાન નથી. અને તેના દર્શન સમાન બીજું કોઇ દર્શન સુંદર નથી; તે જ્ઞાન અને દર્શન આ મનુષ્યનો સ્વભાવ છે. વળી આ જીવને પરમાત્માએ પોતાના જ્ઞાન નિમિ-તે પેદા કર્યો છે, માટે આ મનુષ્યની ભલાઇ અને પૂર્ણતા પરમાત્માના જ્ઞાનમાં છે. પરંતુ જે પુરૂષના હૃદયમાં પરમાત્માના જ્ઞાનની પ્રીતિ ન હોય ત્યારે સમજવું કે તેનું હૃદય રોગી છે. જેમ કોઇ પુ-રૂષને અનાજની રૂચી ન હોય અને તે માટીને પ્રીતિએ કરીને ખાતો હોય, ત્યારે તે રોગી કહેવાય છે. અને જો તેનો કંઇ ઉપાય ન કરે તો તે મરણને પામે છે, તથા આ જગત્‌માં ભાગ્યહીણ કહેવાય છે. તેમજ જે મનુષ્યને વિ-ષયમાં અધિક પ્રીતિ હોય અને પરમાત્માની પ્રીતિથી તે શુન્ય હોય, તેનું હૃદય રોગી કહી શકાય. અને જો તે તે માનસિક રોગનો ઇલાજ ન કરે, તો તે પર-લોકમાં મંદ ભાગી થાય છે. અને તેની બુદ્ધિ નષ્ટ થઇ જાય છે, તથા તે મહા દુઃખી થાય છે. કારણ કે ઇંદ્રિયાદિક ભોગોના સંબંધ આ શરીરની સાથે છે. મૃત્યુને સમયે આ શરીર દૂર થાય છે, તેથી સર્વ ભોગો પણ નાશ પામે છે, અને જીવ ભોગોના આકર્ષણમાં ઘણું કષ્ટ પામે છે, તથા તેથીજ પરલોકમાં ભાગ્યહીણ કહેવાય છે. પરમાત્માની ઓળખાણનું જે સુખ છે, તેનો સંબંધ હૃદયની સાથે છે, તેથી તે સુખ મૃત્યુને સમયે વિશેશ થાય છે, કારણ કે તે સમયે વિક્ષેપ કરનારા બધા પદાર્થો દૂર થઇ જાય છે. વળી જે કાંઇ આ મનુ-

ષ્યના હૃદયની વિશેષતા કહી છે, તેટલીજ આ ગ્રંથમાં પૂર્ણ વર્ણવી છે, પરંતુ આ સત્ં વખાણ આ જીવના સ્વભાવોના વર્ણનમાંજ કર્યાં છે.

આ મનુષ્યનું જે શરીર છે, તેમાં પણ પરમાત્માએ મોટા આશ્ચર્યમય ગુણો ઉત્પન્ન કર્યા છે, અને તેના સર્વ અંગોમાં અનંત ગુણો ઉપજાવ્યા છે. આ શરીરમાં કેટલી નસો અને હાડકાં છે, તે સર્વના આકાર અને ગુણ જુદા જુદા બનાવ્યા છે, અને તેનાથી કર્મો પણ જુદાં જુદાં સિદ્ધ થાય છે; પરંતુ એ સર્વ અંગોથી માણસ અજ્ઞાન છે. તે એમ જાણે છે કે, હાથ ગ્રહણ કરવા માટે બનાવ્યા છે, પગ ચાલવા માટે બનાવ્યા છે, અને જીભ બોલવા માટે છે. પરંતુ આ જે આંખો છે, તેને સાત પડ કરીને બનાવી છે. જ્યારે એક પડ દૂર થઇ જાય છે, ત્યારે આંખોની નજર મંદ થઇ જાય છે. માણસને એમ કંઇ સમજણ નથી, કે એ સાત પડદા શા માટે બનાવ્યા છે, અને તે બધામાં જોવાની ક્રિયા કેવા પ્રકારે રાખી છે. વળી આંખોનો જે આકાર છે, તે તો પ્રત્યક્ષ અલ્પ માત્ર છે, પરંતુ તેની દૃષ્ટી કેટલી દૂર ફેલાય છે? તેની દૃષ્ટિ અને વિધિનું વર્ણન કરીએ તો આવા કેટલા બીજા ગ્રંથો રચાય ? માટે એટલુંજ સમજવું પુરતું છે કે આ શરીરમાં મૂળ ચક્રથી આદિ લઇને જે સ્થાનો બનાવ્યાં છે તે સઘળાંનું પ્રયોજન શું છે? પ્રથમ આ શરીરમાં આંતરડાં એટલા માટે બનાવ્યાં છે કે તે જુદા જુદા ખોરાકને પચાવીને તેનું લોહી બનાવે, પછી તે લોહી સર્વ નસોમાં પ્રવેશ કરે, અને તેનો ખોરાક સર્વ અંગોને પહોંચે. વળી એક એવું સ્થાન છે કે તે જ્યારે લોહી પરિપક્વ થાય છે, ત્યારે તેનો જે મેલ બાકી રહે છે, તેને ફેંકી દે છે. જ્યારે તે લોહીમાં કાંઇક ફીણ ઉત્પન્ન થાય છે, ત્યારે પિ-તો તેને દૂર કરી દે છે. પહેલાં જે લોહી આંતરડાં માંથી બહાર નીકળે છે, તે પાતળું પાણીથી મળેલું હોય છે, તે પાણીને ગુરદો લોહીમાંથી ખેચી લે છે. પછી જ્યારે તે પાણીના ભાગને નાડીયો જુદો કરીને મૂત્ર સ્થાનમાં નાંખી દે છે, ત્યારે તે લોહી મેલ, ફીણ અને પાણીના ભાગથી રહિત શુદ્ધ થઇને નસોમાં પ્રવેશ કરે છે. પરંતુ જ્યારે બધા અંગોમાંથી કોઇ એક અંગને કંઇ નુકશાન થઇ જાય છે ત્યારે શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે આ પરથી સૂક્ષ્મ અને સ્થુળ દેહના જે જે અવયવ છે, તે સર્વ પોત પોતાના કાર્ય નિમિ-તે ઉત્પન્ન કર્યા છે, અને શરીરની રક્ષા પણ તેનાથીજ થાય છે. એમ સિદ્ધ થાય છે.

વળી આ જીવનું જે શરીર છે, તેનો આકાર જોવામાં અલ્પ ભાસે છે,

તોપણ તેની રચના બ્રહ્માંડની પેઠે છે અને જેટલા પદાર્થ બ્રહ્માંડમાં બનાવ્યા છે, તેટલાના અંશ શરીર (પીંડ) માં પણ દાખલ કરેલા છે. જેમ શરીરની અંદર હાડકાં છે, તે પર્વતોની પેઠે છે, રોમાવળી વનસ્પતિ છે, પરસેવો વરસાદની પેઠે છે, માથું આકાશ છે અને ઇંદ્રિયો નક્ષત્ર મંડળ છે. એનું વર્ણન પણ મોટા વિસ્તારે કરીને થાય છે. પણ તેનું તાત્પર્ય એ છે કે બ્રહ્માંડમાં જે પ્રમાણે પદાર્થો અને જીવ છે, તેના અંશ (પિંડ) શરીરમાં પણ મળી આવે છે. તેમ સૂઅર, કુતરા પશુ, પ્રેત, દેવતા અને અપ્સરાઓ આદિકના સ્વભાવ પણ આ મનુષ્ય શરીરમાં જણાય છે. બ્રહ્માંડમાં જે પ્રમાણે વ્યવહાર છે, તેનો અંશ પણ શરીરમાં પ્રસિદ્ધ છે. જઠરાગ્નિ જે ખોરાકને પચાવે છે, તે જાણે રસોઇ કરનાર છે, અને જે શક્તિએ કરીને ખોરાકનો રસ નીકળે છે, મેલ જુદો પડે છે, તે ઘાંચી (કિંવા સુગંધી તેલ વગેરે કાઢવાવાળા અત્તરિયા) ની પેઠે છે, અને જે અંગે કરીને લોહીનું દૂધ અને વીર્ય બને છે, તે ધોબીની પેઠે છે. જે અવયવ પાણીના ભાગને મૂત્રસ્થાનમાં નાંખે છે તે પખાલી છે. જેણે કરીને ખોરાકનો મેલ બહાર નીકળે છે, તે ભંગીયો છે. જેણે કરીને બહારના પિત્ત તથા કફ શરીરમાં કોપે છે, અને શરીરને દુઃખ થાય છે, તે લૂંટારા અને ચોરની પેઠે છે, અને જેણે કરીને પિત્ત કફનો કોપ નિવૃત્ત થાય છે, તે ધર્માત્મા રાજાની પેઠે છે. આનું વર્ણન પણ બહુ વિસ્તારે કરીને થાય છે; તાત્પર્ય એ છે કે મનુષ્યને એવી ઓળખાણ હોવી જોઇએ કે તેના શરીરમાં જે જુદા જુદા સ્વભાવ અને અવયવો ઉત્પન્ન કર્યા છે, તે સર્વ તેની સેવામાં સાવધાન છે. જયારે માણસ અચેત થઇને સૂઇ રહે છે, ત્યારે પણ તેઓ તેની સેવાનો ત્યાગ કરતા નથી. પરંતુ તેની કોઇને ખબર હોતી નથી; અને તેથી જે પરમાત્માએ એવા સેવકો બનાવ્યા છે, તેના ઉપકારને પણ કોઇ જાણતું નથી. જ્યારે કોઇ (અન્ય સંસારી) મનુષ્ય એકવાર કોઇ માણસની સેવાને માટે પોતાના સેવકને મોકલે છે, ત્યારે આખી જિંદગી સુધી તે તેનો ઉપકાર યાદ રાખે છે; પરંતુ જે પરમાત્માએ માણસની સેવા માટે હજારો સેવકો તેના શરીરની સેવામાં લગાડેલા છે, જે એવા સાવધાન છે કે એકે પળ પણ સેવામાં આળસ કરતા નથી, તે પરમાત્માનું મનુષ્ય કયારે પણ સ્મરણ કરતો નથી.

વળી આ શરીરની જે ઉત્પત્તિ છે, અને તેના અવયવોમાં જે ગુણો રચેલા છે, તેની વિદ્યા પણ અપાર છે, અને બધા લોક આ વિદ્યાથી અજ્ઞાન છે. પરંતુ જયારે કોઇ આ શરીરની વિદ્યાનો અભ્યાસ કરે છે ત્યારે તે વૈદ્ય થવાને માટે ભણે છે. માટે શરીરની વિદ્યાને પણ એટલા માટે ભણવી યોગ્ય છે કે તેને

ભણીને પરમાત્માની કારીગરીને જાણે અને ત્યારેજ તે પુરૂષને નિઃસંદેહ પરમાત્માની ઓળખાણ પ્રાપ્ત થાય છે. તે પરમાત્માની ઓળખાણ એ છે કે પ્રથમ શરીર અને જીવને ઉત્પન્ન કરવાવાળા પરમેશ્વરને એવો સામર્થ્યવાન્ જાણે કે તેની શક્તિમાં દીનતા અને પરાધીનતાના કંઇપણ અંશનો સંશય કરે નહીં. અને તેથી એમ સમજે કે તે જે કાંઇ કરવાને ઇચ્છે છે, તે કરી શકે છે. દાખલા તરીકે વિર્યના ફક્ત બુદમાંથીજ તેણે શરીર ઉત્પન્ન કર્યું છે. જે પરમાત્મામાં એવી શક્તિ છે, તેનું સામર્થ્ય એવું છે કે શરીરનો નાશ થયા પછી પાછું જીવાડી લેવાની વાત કંઇ તેને માટે કઠિણ નથી. એજ કારણથી પરલોકનું દુઃખ તથા સુખ જાણી શકાય છે. તે પરમાત્મા એવા જ્ઞાન સ્વરૂપ છે કે જેનું જ્ઞાન આખી દુનિયામાં ભરપૂર છે, અને જે કાંઇ નાના પ્રકારનાં આશ્ચર્યો તથા જે જે ગુણો તેનામાં છે, તે બધા તેની વિદ્યાએ કરીને સિદ્ધ થએલા છે. વળી પરમાત્માનો ત્રીજો ગુણ એ પણ જાણવો જોઇએ કે તે પરમ કૃપાળુ છે, અને સર્વ જીવોપર તેની અપાર દયા છે. તેથી જે જે જીવને જે કાંઇ જોઇએ તે સર્વ તે આપેલું છે, પણ લોભે કરીને કાંઇ છુપાવી રાખેલું નથી માથા અને હૃદયસ્થાનથી લઇને, જે કાંઇ જરૂરનું જોઇએ તે સર્વ આપેલું છે. જે અવયવોની આ જીવને જરૂરીઆત છે, અને જેના વડે કાર્ય સિદ્ધ થાય છે, એવા હાથ, પગ, જીભ આદિક સર્વ આપેલું છે. વળી જેમાં આ જીવનું કાંઇ પ્રયોજન પણ નથી, પરંતુ તેણે કરીને માત્ર ખુબ સુરતી અને સૃંગાર સિદ્ધ થાય છે, તેવા અવયવો પણ આપ્યા છે. જેમ આંખોની બહારની સરખાઇ, હોઠોની લાલાશ, વાળોની શ્યામતા, ભમરોની વાંકાઇ, પાંપણોની સરખાઇ ઇત્યાદિક બીજા પણ કેટલાક અવયવો ખુબ સુરતીને માટે આપેલા છે. એવા પ્રકારની દયા પરમાત્માએ એકલા મનુષ્યો પરજ માત્ર નથી કરી. અન્ય પ્રાણીપર પણ કરેલી છે. તેથી જણાય છે કે સર્વ જીવોપર તેની દયા સમાન છે કારણ કે મચ્છર અને માખી પર્યંતના જીવોને જે કાંઇ જોઇએ તે સર્વ તેણે આપેલું છે. તેમનાં શરીર અને આકાર, નાના પ્રકારનાં ચિન્હો (અને ચિત્રોએ કરીને) સુંદર બનાવ્યાં છે. તે જીવોના શરીરની ઉત્પત્તિને જાણવી એ પણ એક પરમેશ્વરને ઓળખવાની કુચી છે. વિદ્યા ભણવાની વિશેષતા એજ છે કે તેણે કરીને પરમાત્માની મોટાઇને ઓળખે. જેમ કોઇ પુરૂષ જ્યારે કોઇ કવિશ્વરની કવિતા અને કોઇ કારીગરની કારીગરીને સારી રીતે સમજે છે, ત્યારે તે નિઃસંદેહ તે કવિશ્વર અને કારીગરની મોટાઇને જાણી લે છે; તેમજ આજે કાંઇ પરમાત્માની કારીગરી છે, તેજ તેને ઓળખવાની કુંચી છે, અને તે તેના સર્વ ગુણોને ઓળખાવવાવાળી છે. તોપણ શરીરની ઉત્પત્તિની જે ઓળખાણ છે, તે હૃદયની

ઓળખાણ પાસે તુચ્છ માત્ર છે; કારણ કે આ શરીર ઘોડાની પેઠે છે અને ચિત્ત તેનો સવાર છે; તેથી ઉત્પત્તિનું જે તાત્પર્ય છે, તે હૃદયરૂપી સવારજ છે. કારણ કે ઘોડો સવારને નિમિત્તે હોય છે, પણ સવારની ઉત્પત્તિ કંઇ ઘોડાને નિમિત્તે થયેલી નથી.

આજે કાંઇ વર્ણન થયું છે, તેથી એટલું પ્રસિદ્ધ થયું છે કે માણસ પોતાના શરીરના અવયવોને પ્રથમ સારી રીતે ઓળખતો નથી; તેમ એ વાત પણ પ્રત્યક્ષ છે કે માણસને પોતાના સ્વરૂપ કરતાં બીજો કોઇ પદાર્થ નજીક નથી. જ્યારે માણસ પોતાનેજ ન ઓળખે, ત્યારે બીજા કોઇ પદાર્થની ઓળખાણનો અભિમાની શી રીતે થઇ શકે ? એનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ એવો નિર્ધન હોય કે પોતાના શરીરને માટે ખોરાકી મેળવવાને પણ સમર્થ ન હોય છતાં પણ એમ અભિમાન કરીને કહે કે-" આખા શહેરના અતિથિયો મારે ઘેરજ ભોજન પામે છે, " તો એ વાત અસંભવિત છે, અને એવા અભિમાનવાળો પુરૂષ મૂર્ખ અને જુઠો કહેવાય છે.

સર્ગ. ૧૦ મો.

જીવની પરાધીનતાનું વર્ણન.

આ મનુષ્યના હૃદયરૂપી રત્નની મોટાઇ, શોભા અને વિશેષતા હવે તમે સારી રીતે સમજ્યા. આગળ ઉપર તમારે એમ પણ જાણવું જોઇએ કે જો કે પરમાત્માએ એવું રત્ન તમને આપ્યું છે, તથાપિ તે તમારાથી ગુપ્ત કરી રાખ્યું છે. જ્યાંસુધી તમે તે રત્નને શોધો નહિ તથા તેનાથી અજ્ઞાન રહો, અને વ્યર્થ આયુષ્ય ખુઓ, ત્યાંસૂધી તમારી મોટી હાની થાય છે. માટે તમે જ્યારે પુરૂષાર્થ કરીને પોતાના ચિત્તને શોધો અને માયાની જંજાળથી વિરક્ત થાઓ, ત્યારેજ તમારૂં ચિત્તરૂપી રત્ન પૂર્ણતાને પહોંચે તેની પૂર્ણતા અને મોટાઇ ચૈતન્યરૂપી સૂક્ષ્મ દેશમાં પ્રકટ થાય છે, કારણ કે ચૈતન્ય દેશમાં જીવ શોક રહિત થઇ આનંદને પામે છે, અવિનાશી સત્ય સ્વરૂપને જુએ છે, પરાધીનતાથી રહિત સામર્થ્યને પ્રાપ્ત થાય છે, અને અવિદ્યા (અજ્ઞાન) થી રહિત જ્ઞાનને પામે છે. પરમાત્માનું નિર્મળ સ્વરૂપ પણ તેજ છે, અને આ જીવ પણ સૂક્ષ્મ

દેશમાં તેજ સ્વરૂપમાં લીન થાય છે. વળી આ સ્થુળ દેહમાં જીવની જે વિશેષતા કહી છે, તે એટલા માટે કે તે પરમપદને પામવાનો અધિકારી છે; અને જ્યાંસુધી એવા પરમપદને પ્રાપ્ત ન થાય, ત્યાંસુધી આ જીવ એવો પરાધીન અને નીચ છે કે તેની નીચતાનું વર્ણન કરી શકાય તેમ નથી. ભૂખ, તરશ, ટાઢ, ગરમી, રોગ, શોક, દુઃખ, મોહ, ક્રોધ, તૃષ્ણા આદિક સર્વ સ્વભાવોને તે આધીન છે. વળી આ જીવને શરીરનું જે સુખ છે તે પણ કડવાં ઓસડોમાં રાખેલું છે. જે ભોગ એને વહાલા લાગે છે, તેણે કરીને બહુધા રોગની પ્રાપ્તિ થાય છે. આ મનુષ્યની વિશેષતા વિદ્યા, બળ, ધૈર્ય, શ્રદ્ધા અને સુંદરતાએ કરીને હોય છે.

જ્યારે આપણે મનુષ્યની તરફ વિચારથી જોઇએ, ત્યારે એમ જણાય છે કે તેના જેવો મૂર્ખ બીજો કોણ છે? કેમકે જો કોઇ વખત એક નાડી પણ એના શરીરમાં વિપર્યય થઇ જાય છે, તો તે વખતે તે બેબાકળો થઇ જાય છે, અને મરણના ભયને પામે છે. જો કે તેનું ઓસડ તેની પાસેજ પડયું હોય છે, છતાં પણ તે જાણી શકતો નથી, કે આ મારૂં ઓસડ છે, અને મને આ રોગ થયો છે. વળી જ્યારે આપણે તેના બળની તરફ જોઇએ ત્યારે માલુમ પડે છે કે એના જેવો નબળો અને પરાધીન બીજો કોઇપણ નથી. કારણ કે આ મનુષ્ય એક માખીથી પણ પોતાને બચાવી શકતો નથી, અને જો એક મચ્છર પણ તેના ઉપર ડંખ મારે છે, તો તેના ડંખથી પણ મહા દુઃખી થાય છે. વળી જ્યારે તેના પુરૂષાર્થ અને ધૈર્યની તરફ જોઇએ ત્યારે તે એવો અધીર જણાય છે કે એક પૈસો પણ પડી જાય છે, તો તે અફસોસ કરે છે, અને દુઃખી થાય છે. ભૂખને વખતે એક કોળીઓ પણ તેને ઓછો મળે તો તે મૂર્છાને પામે છે; તાત્પર્ય કે આ મનુષ્ય સમાન બીજો કોઇ પરાધીન નથી.

વળી જ્યારે આ મનુષ્યની ખુબસુરતીનો વિચાર કરીએ છીએ. ત્યારે જણાય છે કે તેનું શરીર ઘણુંજ મલીન છે. કારણ કે મળમુત્રના ઘર ઉપર જે ચામડું લપેટેલું છે, તેને જો એક દિવસમાં બેવાર ન ધુવે તો તેમાંથી એવી દુર્ગંધ નીકળે છે કે તે પોતે પોતાથી કંટાળો પામે છે એટલુંજ નહિ પણ બીજા પુરૂષો પણ તેનાથી કંટાળે છે. જે શરીરની ખુબસુરતીનું તે અભિમાન કરે છે, અને જે તેનો આધાર છે, તેના મેલને પોતાના હાથોથી દરરોજ પોતે ધુવે છે. એ સંબંધમાં એક વાર્તા છે કે-એક મહા પુરૂષ રસ્તામાં ચાલ્યા જતા હતા, તે રસ્તામાં ચંડાળો વિષ્ટા નાંખતા હતા. તેની દુર્ગંધીએ કરીને

લોકો પોતાનાં નાકને ઢાંકવા લાગ્યા, ત્યારે તે લોકોને પેલા મહાપુરૂષે કહ્યું કે "હે ભાઇઓ, તમને હું કાંઇક કહું છું તે સાંભળો આ વિષ્ટા કાલરોજ બજારમાં પડી હતી, અને સર્વ લોકોએ તેને પૈસા આપીને ખરીદી હતી, પરંતુ તેણે એક રાત્રી પર્યંત તમારી સોબત કરી, તેથી કરીને આવી મલીનતાને તે પ્રાપ્ત થઇ છે. એ હેતુથી જો વિચારી જુવો તો જણાશે કે મારે તમારાથી નાસવું ઘટે છે કે, તમારે મારાથી નાસવું ઘટે છે ?

આનું તાત્પર્ય એ છે કે આ જીવ આ શરીરની અંદર મહાદીન અને પરાધીન છે, અને તેની અવસ્થા પણ મહા નીચ છે, તેથી પરલોકમાં તેની હીણુતા અને વિશેષતા પ્રત્યક્ષ થાય છે; અર્થાત્--જ્યારે આ પુરૂષ સારા સ્વભાવોના પારસની સાથે નિર્મળતા કરીલે છે, ત્યારે પશુઓ અને સિંહોના સ્વભાવોથી મુક્ત થઇને દેવતાઓના પદને પામે છે; કારણ કે પશુઓને ક્રિયા અને કર્મના દોષ લાગતા નથી; પરંતુ જ્યારે તે અશુભ કર્મોએ કરીને નર્કને ભોગવે છે, ત્યારે તેને યોગ્ય છે કે જે રીતે પોતાની વિશેષતાની ઓળખાણ પોતાને છે, તેવીજ રીતે પોતાની નીચતા અને પરાધીનતાની ઓળખાણ પણ પોતે રાખે; કેમકે એ પ્રકારનું ઓળખવું પણ પરમાત્માને ઓળખવાની એક કુંચી છે ? આ પ્રમાણે પોતે પોતાને ઓળખવાનું વર્ણન આટલાથીજ પૂર્ણ થાય છે.

અધ્યાય પહેલો.

સંપૂર્ણ.

અધ્યાય બીજો.

સર્ગ પહેલો.

પરમાત્માની ઓળખાણનું વર્ણન.

સંતજનોના વચનમાં આ વચન પ્રસિદ્ધ છે, તથા તેમણે માણસને ઉપદેશ પણ એજ કર્યો છે કે "હે ! ભાઇ ! જ્યારે તું પોતે પોતાને ઓળખીશ, ત્યારે નિઃસંદેહ તું પરમાત્માને ઓળખીશ." એ વિષે મહાત્માનું વચન છે કે—"જેણે પોતાના મનને તથા આત્માને ઓળખ્યાં છે, તેણે પરમાત્માને ઓળખ્યા છે." એની સમજ એમ છે કે માણસનું હૃદય દર્પણના જેવું છે, તેથી જે પુરૂષ તેમાં બુદ્ધિની દૃષ્ટિએ કરીને જુએ છે, તેને પરમાત્માનું દર્શન પ્રત્યક્ષ ભાસે છે. પણ સર્વ લોકો પોતાને જુએ છે, પરંતુ પરમાત્માને જોતા નથી; તેનું કારણ એ છે કે જે રીતે પોતાને જોવાનું સંતજનોએ કહ્યું છે, તેવી વિધિ યુક્ત તેઓ પોતે પોતાને જોતા નથી માટે જે દૃષ્ટીએ કરીને હૃદયરૂપી દર્પણમાં પરમાત્માને જોઇ શકાય છે, તેનો ખુલાસો કરવો એ આવશ્યક છે. પરંતુ સઘળા લોકોની બુદ્ધિ આ ભેદને સમજી શકે તેવી હોતી નથી, તેથી જે રીતે સર્વને સમજવું સુગમ થાય, તે રીતે હું તેનું વર્ણન કરૂં છું. પહેલાં મનુષ્યે પોતાના શરીરના હોવાપણાએ કરીને પરમાત્માના સ્વરૂપને ઓળખવું, તથા પોતાના ગુણોએ કરીને પરમાત્માના ગુણોને ઓળખવા; અને પોતાનું શરીર અને ઇંદ્રિયો જેવી રીતે આ જીવની આજ્ઞામાં રહે છે, તેવીજ રીતે સર્વ જગત્ પરમાત્માની આજ્ઞાને આધીન છે એમ સમજવું. પછી પોતે પોતાના હોવાપણાને એમ સમજવું કે કેટલાક વખત પહેલાં મારૂં નામ, રૂપ કાંઇપણ નહોતું; તે પછી પોતાના મૂળનો વિચાર કરવો કે જે મૂળ ઉત્પત્તિનો માર્ગ વીર્ય છે, તે વીર્ય મલીન જળનું ટીપું હતું, તે ટીપામાં બુદ્ધિ, કાન, આંખ, માથું, હાથ, પગ, જીભ, હાડકાં, નાડિયો, ચામડી, એ કાંઇ નહોતું, પરંતુ તે તો કેવળ ધોળું પાણીજ હતું. માટે છેવટે એજ વિચાર ઉપર આવે કે આ શરીરમાં નાના પ્રકારનાં આશ્ચર્ય પમાડે એવાંજ કાર્યો ઉત્પન્ન થયાં છે તે તેણે પોતે બનાવ્યાં છે કે કોઇએ તેને ઉત્પન્ન કર્યાં છે ? વળી તેને એમ પણ જ-

જાણવું યોગ્ય છે કે, હવે તો જો કે પોતે બુધ્ધિ અને ઇંદ્રિયએ કરીને સંયુક્ત અને પૂર્ણ છે, છતાં પણ એકે વાત તે બતાવી શકે તેમ નથી; તો પછી જ્યારે તેનો આકાર વીર્યરૂપ હતો, ત્યારે તો તે મહા નીચ (તુચ્છ) હતો તેથી તે પોતાને તે વખતે શી રીતે બતાવી શકે તેમ હતું ?

આ પ્રમાણે જ્યારે મનુષ્ય પોતાની આદિ ઉત્પત્તિને જાણે, ત્યારે પોતાની ઉત્પત્તિ કરવાવાળા પરમાત્માને સુગમતાથી ઓળખી લે છે; તથા જ્યારે પોતાના આશ્ચર્યરૂપ અવયવોને જુએ ત્યારે પરમાત્માની સમજ શક્તિને પ્રત્યક્ષ સમજી લે છે; વળી એમ પણ જાણે કે તે ઇશ્વર એવો સમર્થ છે કે તે જે રીતે કોઇ પદાર્થની ઉત્પત્તિ કરવાને ઇચ્છે, તે રીતે કરી શકે છે જેણે એક મલીન જળના ટીપામાંથી આ સુંદર આશ્ચર્યરૂપ શરીર ઇંદ્રિયોની સાથે બનાવ્યું છે. તેનું વિશેષ વર્ણન શું કરી શકાય ! મનુષ્ય જ્યારે પોતાના સ્વભાવોની તરફ જુએ, અને ઇંદ્રિયોના કર્મોને ઓળખે, ત્યારે તેણે અકેક અવયવ કેવા ગુણોને કાજે બનાવ્યા છે એ વાત પણ સમજી લેવી જોઇએ. જેમ હાથ, પગ, જીભ દાંત અને આ શરીરની અંદરના બીજા અવયવો જેવા કે હ્રદય, નાભી પ્રાણ, ઇત્યાદીક અસંખ્ય અવયવો છે, તેની ઉત્પત્તિના ગુણોએ કરીને તે પોતાની ઉત્પત્તિ કરવાવાળા ઇશ્વરની વિદ્યાને સમજે, કે તેની વિદ્યા અપાર છે, સર્વ પદાર્થોમાં ભરપૂર છે. વળી તેણે એમ પણ સમજવું જોઇએ કે તેની એવી વિદ્યાથી કોઇ પદાર્થ ગુહ્ય રહેતો નથી. જ્યારે સર્વ બુદ્ધિમાનો એકઠા થઇને લાંબા વખત સુધી વિચાર કરીને કોઇ એક અવયવને બીજી રીતે બનાવવા ઇચ્છે છે, ત્યારે જે પ્રથમ ઇશ્વરે બનાવેલો હોય છે તેનેજ તેઓએ સારો ગણવો પડે છે. અને તેનાથી બીજી કોઇ રીતે કાંઇ વિશેષ કરી શકતા નથી. જેમ આ દાંત છે, તેમાંના આગલા દાંતોની અણિયો તિક્ષ્ણ છે, તેથી તે ખાવાની વસ્તુના કટકા કરી નાંખે છે ? તથા જે બીજા દાંત છે, તેનાં મથાળાં પહોળાં છે, તેણે કરીને જેવી રીતે અનાજને ઘંટી દળે છે, તેમ અહારની વસ્તુ દળાય છે. અને જેમ તેમાં ગાળાએ કરીને અનાજ એકઠું થઇ જાય છે, તેમજ જીભ કોળીયાને એકઠો કરીને દાઢાની નીચે લાવી મૂકે છે. વળી જીભની નીચે એક સરોવર રાખ્યું છે, તેના ઝરણે કરીને જીભ કોળીઆને પલાળે છે. એટલે આહાર પલળે છે, અને તેમાં કોમળતા આવે છે. તેનું પલાળવું પણ મર્યાદા પ્રમાણે હોય છે અને તેથી કોળીયો સુખવડે ગળામાં ઉતરી જાય છે. જ્યારે સર્વ બુદ્ધિમાન પુરૂષો એકઠા થઇને પરમાત્માની આશ્ચર્યરૂપ કારીગરીથી કંઇ અન્ય પ્રકારે કોઇ વસ્તુ બનાવવા વિચારે, તો તેઓ તેનાથી વિશેષ કંઇ બનાવી શકવા નથી તેમજ

તેના જેવું પણ બનાવી શકતા નથી. એટલા માટે પરમાત્માએ જે કાંઇ કર્યું છે, તેમાંજ ભલાઇ અને સુંદરતાઇ છે. જેમ હાથની પાંચ આંગળી છે, તેમાં ચાર આંગળીયોનો સ્વભાવ એક છે, પરંતુ પાંચમા અંગુઠાનો સ્વભાવ જુદો છે. તેની લંબાઇ થોડી છે; તથાપિ તે સર્વ આંગળીયોની ઉપર ફરે છે. અને સર્વની સાથે કામ કરે છે. આંગળીયોને ત્રણ ત્રણ બંધ છે અને અંગુઠાના બે બંધ છે; પણ અંગુઠાને એવો મજબૂત બનાવ્યો છે કે જ્યારે ઇચ્છે છે ત્યારે આંગળિયોને ભેગી કરી મૂઠીવાળી લે છે, અને ફરી તે મૂઠીને ઉઘાડી પણ દે છે. કયારેક હાથની અંજળી કરી લે છે, અને કયારેક પહોળો કરી લે છે. વળી જુદા જુદા પ્રકારનાં જે શસ્ત્ર છે, તે પણ અંગુઠાએ કરીને સધાય છે. કયારેક તે હાથને વાસણની પેઠે બનાવી લે છે.

તાત્પર્ય એ છે કે હાથોની સર્વ ક્રિયા અંગુઠાએ કરીને સિદ્ધ થાય છે. જયારે સર્વ શાણાઓ મળીને વિચાર કરે કે પાંચે આંગળીયો કોઇ બીજી રીતે સમાન થાય અથવા ત્રણ એક તરફ હોય, અને બે જુદી હોય કિંવા છ અથવા ચાર હોય, અથવા એ ત્રણ બંધો કરતાં બીજી રીતે કરવા ચાહે, ત્યારે તે વિચાર પ્રમાણે કરેલું સર્વ તુચ્છ અને કુરૂપ થશે. માટે પરમાત્માએ જે બનાવ્યું છે, તેજ પૂર્ણ છે. તેથી સિદ્ધ થયું કે ઉત્પત્તિ કરવાવાળા ઇશ્વરની વિદ્યા આ જીવના શરીરમાં તેમજ સર્વ પદાર્થોમાં ભરપૂર છે તથા તે સર્વ જગતને જાણવાવાળો છે. વળી આ શરીરમાં જેટલા અવયવો છે, તે સર્વમાં એવાજ ગુણ અને ભેદ છે; પણ જે કોઇ એ ભેદોને અધિક સમજે છે, તે ઇશ્વરની વિદ્યાને જોઇને વિશેષ આશ્ચર્યવાન થાય છે. માટે મનુષ્યે પ્રથમ પોતાના અવયવોની તરફ જોવું અને પછી, અહાર વસ્ત્ર અને પૃથ્વી આદિક જે સ્થાન છે, તેનો વિચાર કરવો, અને અહારની ઉત્પત્તિનો સંબંધ જે મેઘ, પવન, શીત, ઉષ્ણ આદિકની સાથે છે તેને ઓળખવાં વળી આશ્ચર્યરૂપ જે ખાણો છે, તેમાં લોઢું, તાંબુ આદિક ધાતુઓ ઉત્પન્ન થાય છે. લોહ અને કાષ્ટે કરીને અનેક જાતનાં શસ્ત્ર બનાવાય છે, તથા તે શસ્ત્રોની વિદ્યા અને જે કારીગરી છે, તે પણ અપાર છે. જ્યારે કોઇ પુરૂષ વિચાર કરીને જુએ ત્યારે તેને જણાશે કે આ બધા પદાર્થો જે જગતમાં જોઇતા હતા તે પરમાત્માએ પ્રથમથીજ પોતાની દયાએ કરીને ઉત્પન્ન કર્યા છે, અને સંપૂર્ણ વિધિ સંયુક્ત બનાવી રાખ્યા છે, તથા તે દરેક પદાર્થમાં કેટલાએ ગુણો રચેલા છે. જો પ્રથમથીજ ઇશ્વર તે ઉત્પન્ન ન કરત, તો એટલું પણ કોઇ ન જાણત કે અમુક પદાર્થજ અને

જોઇએ છે તે હું માગી લઉં. માટે પરમાત્માએ પોતાની દયાએ કરીને ઓળખવા અને માગવા પહેલાંજ સર્વ પદાર્થો આપ્યા છે, અને જીવોને સર્વ કાર્યોની વિદ્યા આપી છે. તેણે કરીને તે પરમાત્માની પરમ દયા જાણી શકાય છે. તે પરમ પિતા સર્વ સૃષ્ટિપર મહા કૃપાળુ છે, અને તેની એવી કૃપાને જોઇને સર્વ સંતો આશ્ચર્યવાન્ થઇ રહ્યા છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે– "જેવી બાળક ઉપર માતા પિતાની દયા હોય છે, તેવી અને તેથી અધિક પરમેશ્વરની દયા સર્વે જીવોપર હોય છે." તેથી આ જીવની ઉત્પત્તિએ કરીને તે પરમાત્માની સત્તા જાણી શકાય છે, અને નાના પ્રકારના અંગોની ઉત્પત્તિએ કરીને તેના અસ્તિત્વનું સંપૂર્ણ સામર્થ્ય જાણી શકાય છે. વળી સર્વ અવયવોમાં જે અનેક પ્રકારના ગુણ અને કાર્ય રચેલાં છે, તેથી પરમાત્માની પરમ દયા જણાઇ આવે છે. જેટલા પદાર્થ જરૂરિયાત કામો માટે તથા સુંદરતાઇને નિમિત્તે જોઇતા હતા, તે સર્વ આ મનુષ્યને આપ્યા છે અને કોઇથી કાંઇ છુપાવી રાખ્યું નથી. એવા વિચારે કરીને પરમાત્માની પરમ દયા જાણી શકાય છે, માટે પોતાને ઓળખવું એ પરમાત્માને ઓળખવાની જે કુંચી કહી છે તે એજ છે.

સર્ગ બીજો.

પરમાત્માની નિર્લેપતા અને પરમ પવિત્રતાનું વર્ણન.

જ્યારે તમે પોતાના સ્વરૂપની સત્તાએ કરીને પરમાત્માના સ્વરૂપને ઓળખ્યું, અને પોતાના ગુણોએ કરીને પરમાત્માના ગુણોને ઓળખ્યા, ત્યારે તમારે તેની પવિત્રતા અને નિર્લેપતાનો અર્થ પણ જાણવો જોઇએ. તે પવિત્રતાનો અર્થ એ છે કે જેટલી સ્થુળતા મનના સંકલ્પમાં આવે છે, તેનાથી પરમાત્મા નિર્લેપ છે, અર્થાત્ તેનું સ્વરૂપ સંકલ્પમાં આવતું નથી. વળી તે દેશકાળથી પણ નિર્લેપ છે. જો કે કોઇ સ્થળ તેની સત્તાથી અલગ નથી, તોપણ આપણાથી એમ નથી કહી શકાતું કે તે પરમાત્મા અમુક સ્થાનમાંજ રહે છે. એ નિર્લેપતાનું લક્ષણ પણ માણસના પોતામાંજ જાણી શકાય છે. જેમ મેં પ્રથમ વર્ણન કર્યું છે કે આ જીવ ચૈતન્ય સ્વરૂપ છે, તેથી મનના સંકલ્પમાં તેનાં રૂપ રંગ ઢંગ જણાતાં નથી. તે અમાપ છે, અખંડ છે, અને અરૂપ છે;

અને તેથી જે વસ્તુ મર્યાદા તથા રૂપથી રહિત હોય છે, તેનું સ્વરૂપ કદી પણ સંકલ્પમાં આવતું નથી. કારણ કે જે પદાર્થને આંખોથી જોયો હોય, અથવા તેના જેવી કોઇ બીજી વસ્તુ જોઇ હોય, ત્યારે તેનું સ્વરૂપ સંકલ્પે કરીને જાણવાની ઇચ્છા માણસને થાય છે. અર્થાત્ અમુક વસ્તુ કેવી છે? અમુકનાં રૂપ રંગ કેવાં છે? અમુકની મર્યાદા કેટલી છે? અને તે લાંબી કે ટુંકી છે? એમ જાણવા ઇચ્છે છે. એવા સંકલ્પોની ચૈતન્ય સ્વરૂપમાં જગ્યાજ નથી. જો કોઇ એમ સવાલ કરે કે "તે કેવો છે?" તો તે સવાલજ ફોકટ છે. જો તમે એ સંશયને દૂર કરવા ચહાતા હો કે જ્યારે જે પદાર્થનાં રૂ રંગ કાંઇ ન હોય, તે પદાર્થને કેમ કરીને સત્ય જાણિયે, તો તેનો ઉત્તર એ છે કે એ વાતને પણ તમે તમારા અંતરમાં જુઓ કે તમારૂં ચૈતન્ય સ્વરૂપ છે, તે મર્યાદા અને પ્રમાણથી રહિત છે, અને તેનું રૂપ વર્ણનમાં આવી શકતું નથી, છતાં પણ તેનું હોવાપણું જણાય છે. આ પ્રમાણે જ્યારે તું પોતે પોતાને એવી રીતે નિર્લેપ જાણે ત્યારે તું એમ જાણી શકે કે પરમાત્માની નિર્લેપતા તારી નિર્લેપતાથી અધિક વિશેષ છે. પણ લોકો આ વાતને સાંભળીને આશ્ચર્ય માને છે કે જેનાં રૂપ રંગ કાંઇ ન હોય તેને સત્ય સ્વરૂપ શી રીતે જાણી શકાય? પરંતુ જો તેઓ વિચાર કરી જુએ તો તેમને જણાશે કે તેઓ. પોતે પણ રૂપરંગથી રહિત અને સત્ય સ્વરૂપ છે, તથા પોતાને ઓળખી શકતા નથી. વળી જો આ મનુષ્ય પોતાના શરીરમાં રહેલા ગુણોનો વિચાર કરી જુએ તો તેને જણાશે કે હજારો પદાર્થો રૂપરંગથી રહિત છે. જેમકે ક્રોધ, પ્રેમ, પીડા, સુખ, દુઃખ, ઇત્યાદિ, સર્વ અરૂપ છે. તેથી જે કોઇ એ સવાલ કરે કે અરૂપ વસ્તુ સત્ય કેમ હોઇ શકે? તો તે પ્રશ્નજ વ્યર્થ છે; કારણ કે જ્યારે આ પુરૂષ રાગ, સુગંધ, અને સ્વાદના ચિન્હને જોવા ઇચ્છે છે, ત્યારે તેનો આકાર જોવામાં પણ તે અસમર્થ થાય છે તેનું કારણ એમ છે કે રૂપરંગનું શોધન પણ જે કે મનના સંકલ્પે કરીને થાય છે, તથાપિ પ્રથમ જ્યારે કોઇ વસ્તુને આંખોથી જોઇ હોય, ત્યારે તેની મૂર્તિ સંકલ્પમાં દૃઢ થઇ જાય છે, અને તેથી સંકલ્પ આંખોથી જોએલાને શોધે છે, પણ કાનમાં જે શબ્દ થાય છે, તેનામાં આંખોની નજર પહોંચી શકતી નથી. શબ્દનું રૂપ કે ચિન્હ કાંઇ પામી શકાતું નથી. માટે જે રીતે શબ્દનું સ્વરૂપ દૃષ્ટિથી જુદું છે, તેવીજ રીતે રૂપરંગનું દર્શન પણ કાનથી પણ વિલક્ષણ આ પ્રમાણે સર્વ ઇંદ્રિયોના વિષય જુદા જુદા છે. પરંતુ જે પદાર્થનું જ્ઞાન બુદ્ધિથી થાય છે, તેને ઇંદ્રિય અગોચર કહે છે, અને તે પદાર્થ કોઇ ઇંદ્રિનો અરૂપ તથા વિષય નથી. રૂપરંગની પ્રાપ્તિ ઇંદ્રિ-

યોના દેશમાંજ જણાય છે, પરંતુ આ ભેદને પુરૂષાર્થ અને યુક્તિથી સમજી શકાય છે. તેનો વિસ્તાર બીજા ગ્રંથોમાં છે, માટે આ ગ્રંથમાં જેટલું વર્ણન થયું તેજ પુરતું છે. તાત્પર્ય એ છે કે આ માણસ પોતાની અરૂપતા અને નિરાકારપણાએ કરીને પરમાત્માની અરૂપતા અને નિરાકારપણાને ઓળખે છે, તથા એમ જાણી શકે છે કે જેમ આ જીવનું સ્વરૂપ રંગથી રહિત છે અને શરીર જે રૂપરંગ સહિત છે તેનો તે રાજા છે, અને તે તેનો દેશ છે; તેમજ સર્વ સૃષ્ટિનો ઇશ્વર જે પરમાત્મા છે, તે રૂપ રહિત અને નિરાકાર છે, અને જેટલું કાંઇ આ સ્થુળ જગત્ આકારવાન્ છે, તે તેની આજ્ઞામાં વર્તે છે. વળી પરમાત્માને જેમ દરેક સ્થાનથી નિર્લેપ કહ્યા છે, તેમજ આ જીવને પણ હાથ પગ માથું અને બીજા કોઇ અવયવો રૂપીસ્થાનોમાં પામી શકાતો નથી. કારણ કે આ ઇંદ્રિયો અને સર્વ અવયવો ખંડાકાર છે, પરંતુ ચૈતન્ય સ્વરૂપ જે જીવ છે, તે અખંડ છે. તેથી ખંડાકારમાં અખંડ વસ્તુનું સ્થિર થવું અસંભવિત છે. તે એટલા માટે કે જો ખંડાકારરૂપ પદાર્થમાં અખંડ વસ્તુ સ્થિત થાય તો તે પણ ખંડ ખંડ થઇ જાય છે. મોટું આશ્ચર્ય છે કે જો કે જીવની સત્તાથી કોઇ અવયવ જુદો નથી અને સર્વ અવયવો તેની સત્તા અને આજ્ઞામાં છે; તથાપિ તે જીવને કોઇ એક સ્થાનમાં કહી શકાતો નથી. જેમ શરીરના સર્વ અવયવો જીવને આધીન છે, તેવીજ રીતે તે પરમાત્મા સર્વ સૃષ્ટિના ઇશ્વર છે, નિર્લેપ છે, અને સર્વ જગત્ તેની સત્તામાં ને સ્વાધીનમાં છે. છતાં પરમાત્માને પૃથ્વી, આકાશ, અને પાતાળમાં કોઇ એક સ્થાનમાં કહી શકાતો નથી. વળી પરમાત્માની જે નિર્લેપતા અને શુદ્ધતા છે, તેનો સંપૂર્ણ ભેદ જ્યારે જીવના યથાર્થરૂપનું વર્ણન કરીએ ત્યારે સમજી શકાય છે. ધર્મશાસ્ત્રમાં આ વચનને પ્રસિદ્ધ કહેવાનું વર્જિત કર્યું છે. પરમાત્માએ પણ કહ્યું છે કે "આ મનુષ્યને મેં મારા સ્વરૂપને અનુસાર ઉત્પન્ન કર્યો છે."

સર્ગ ત્રીજો.

પરમાત્માના અધિરાજનું વર્ણન.

તમે પરમાત્માના સ્વરૂપ, તેના ગુણ અને અરૂપત્વને સમજ્યા, અને તેને તમે દેશકાળથી નિર્લેપ નિરાકાર જાણ્યા; તે સર્વ ભેદોનું ઓળખાણ પોતાની

ઓળખાણે કરીને સિદ્ધ થાય છે. ત્યારે હવે પરમાત્માના અધિરાજને ઓળખવાનો પ્રસંગ પણ તમારે સાંભળવો જોઇએ અને જાણવું જોઇએ કે તે મહારાજ પોતાના સામ્રાજ્યમાં શી રીતે વર્ત્તે છે, અને સર્વ દેવતાઓને કેવી રીતે પોતાની આજ્ઞામાં ચલાવે છે, તેમજ તે સર્વ દેવો તેની આજ્ઞા શી રીતે માનીને વર્તે છે, અને તે જગત્‌નાં કાર્યોને કેમ કરીને સિદ્ધ કરાવે છે. ઉર્ધ્વલોકથી તેની આજ્ઞા ભૂલોકમાં કયે પ્રકારે આવે છે, ગગનમંડળને તે કેમ કરીને ભ્રમણ કરાવે છે, ભૂલોકના જીવોનાં કાર્યો કેવા પ્રકારે દેવતાઓને આધીન રાખ્યાં છે અને સર્વ જીવોની પ્રતિપાળના ઉર્ધ્વ લોક દ્વારા શી રીતે થાય છે. આ વિદ્યાને ઇશ્વરના કાર્યોની ઓળખાણ કહે છે. અને તેનું વર્ણન ઘણા વિસ્તારથી થાય છે; પરંતુ આ વિદ્યાને જાણવાની કુંચી પોતે પોતાને ઓળખવાથી મળે છે તેથી જ્યાંસુધી એ ભેદને તમે નહિ જાણો કે હું મારા શરીરમાં શી રીતે રાજ્ય ચલાવું છું, ત્યાંસુધી સર્વ જગત્‌નો રાજા જે મહારાજ પરમાત્મા છે, તેના અધિરાજ્યના ભેદને કેમે કરીને ઓળખી શકશો નહિ. તે કારણથી પ્રથમ તમે તમારા એક કર્મને ઓળખો તે એવી રીતે કે જ્યારે તમારા ચિત્તમાં પરમાત્માનું નામ લખવાની ઇચ્છા થાય છે. ત્યારે પહેલો તે સંકલ્પ તમારા હૃદયમાં સ્ફુરે છે, અને પછી તેનો પ્રવેશ માથામાં જઇ પહોંચે છે. પરંતુ જેને હૃદયસ્થાન કહ્યું છે, તે પ્રાણની સ્થિતિ હોવાનું સ્થળ છે અને સર્વ ઇંદ્રિયોનો વ્યવહાર પણ તેણે કરીને સિદ્ધ થાય છે, તેથી વૈદકશાસ્ત્રમાં પ્રાણોના સ્થાનને ચૈતન્ય કહે છે. પરંતુ મારા મતમાં પ્રાણોનું સ્થળ જે હૃદયસ્થાન છે, તે જડ, સ્થુળ અને નાશવંત છે; પરંતું તે હૃદય જે ચૈતન્યરૂપ છે અને જ્ઞાનનું સ્થાન છે, તે આ પ્રાણ વાયુથી જુદું અને અવિનાશી છે. પણ જ્યારે કોઇ નામના બહુ સંકલ્પ હૃદયસ્થાનથી માથામાં પહોંચે છે, ત્યારે તે નામની મૂર્ત્તિ સંકલ્પમાં દૃઢ થઇ જાય છે. તેનાથી પછી તેની પ્રેરણા કાંધ અને સર્વ નાડીઓમાં આવી પ્રસરે છે, અને તેણે કરીને નાડીઓ અને તેની પ્રેરણાથી આંગળીયો હાલે છે, તથા જ્યારે લેખણને હલાવે છે, ત્યારે કાગળપર અક્ષર પ્રગટ થાય છે અને તે નામની મૂર્ત્તિ બની જાય છે. પરંતુ જેવી મૂર્ત્તિ સંકલ્પમાં સ્ફુરી હતી, તેજ નેત્રાદિક ઇંદ્રિયોના સંબંધથી કાગળ ઉપર પ્રકટ થાય છે. જેમ તમને પણ પહેલાં પરમાત્માનું નામ લખવાની ઇચ્છા પ્રગટ થઇ હતી, તેમજ સર્વ જગત્‌ની ઉત્પત્તિનું કારણ શ્રી પરમાત્માની ઇચ્છા છે. વળી જેમ તે ઇચ્છાની પ્રેરણા તમારા હૃદયસ્થાનમાં સ્ફુરી હતી તેમજ પ્રથમ પરમાત્માની ઇચ્છા પણ ઇશ્વરમાં આવીને સ્ફુરે છે. જેમ તમારી ઇચ્છા હૃદયસ્થાનથી માથામાં પહોંચી હતી, તેજ રીતે પરમાત્માની ઇચ્છા ઇશ્વરની મારફત બીજા દેવતાઓને પહોંચે છે.

જેમ તમારી ઇચ્છાની મૂર્ત્તિ પ્રથમ સંકલ્પમાં દૃઢ થઇ હતી, અને તે પ્રમાણે અક્ષરો પ્રગટ થયા હતા, તેમજ જે કાંઇ આ જગત્‌માં પ્રગટ થયું છે, તેની મૂર્ત્તિ પ્રથમ મહતત્ત્વમાં પ્રગટ થાય છે. જેમ માથાના બળે કરીને કાંધ, ભુજા, અને આંગળિયો હાલે છે, તેમજ દેવતાઓની સત્તા નક્ષત્ર અને તારા મંડળને હલાવે છે. અને જેમ ભુજા અને આંગળિયોના બળે કરીને કલમનું હાલવું થાય છે, તેમજ નક્ષત્રોએ કરીને પંચભૂતોના સ્વભાવ ભિન્ન ભિન્ન પ્રગટ થાય છે.

જેમ લેખણથી સાહીનું પસરવું અને અક્ષરોનું પ્રગટ થવું થાય છે, તેમ વાયુ, પિત્ત અને કફ આદિ જે ભૂતોના સ્વભાવ છે, તેણે કરીને નાના પ્રકારનાં શરીર ઉત્પન્ન થાય છે. જેમ કલમનું કાર્ય એજ હતું કે આદિ સંકલ્પ પ્રમાણે નામની મૂર્ત્તિને કાગળપર પ્રગટ કરવી. તેમજ પાંચ તત્ત્વોનું કર્ત્તવ્ય એજ છે કે દેવતાઓની સહાયતાએ કરીને તેમાં નાના પ્રકારનાં શરીર અને વનસ્પતિની ઉત્પત્તી કરવી. જેમ મગજમાં સંકલ્પ વિષે પહેલાં નામની મૂર્ત્તિ દૃઢ થયા પછી તે પ્રમાણે નાડી અને આંગળી આદિથી કોરા કાગળપર પ્રગટ થાય છે, તેમજ પરમાત્માના આદિ સંકેતમાં બધી રચના પહેલેથીજ થઇ ચુકી છે, અને તેજ પ્રમાણે સર્વ જગતની ઉત્પત્તિ અને તેમાં સર્વ જીવોના તમામ વ્યવહાર સમય પ્રમાણે થતા રહે છે. વળી જેમ માણસનાં સર્વ કાર્યોની ઇચ્છા હૃદયસ્થાનમાં સ્ફુરે છે, અને પછી તેનો પ્રવેશ સર્વ અવયવોમાં થાય છે, તેમજ સર્વ જગતનું કારણ ઇશ્વર છે, અને પછી દેવતાઓને ઇશ્વરનું બળ પહોંચે છે; જેમ મનુષ્યના ચૈતન્યનું સ્થાન હૃદય કહેવાય છે, અને તેણે કરીને સર્વ ક્રિયા સિદ્ધ થાય છે, તેમજ પરમાત્માની ઇચ્છાનું સ્થાન ઇશ્વર છે, અને ઇશ્વરની સત્તાથી સર્વ જગત્‌નો વ્યવહાર સિદ્ધ થાય છે, એ વાતમાં કંઇ ભેદ નથી. પરંતુ જેમનાં બુધ્ધિરૂપી નેત્ર ખુલેલાં છે, તેમનેજ આ વાત ભાસે છે, અને તેઓજ તે વચનના અર્થને સમજે છે; જેમ પરમાત્માએ કહ્યું છે કે "મેં મનુષ્યને પોતાની સૂરત પ્રમાણે ઉત્પન્ન કર્યું" તેથી નિઃસંદેહ તમે સમજો કે રાજાઓના ભેદને કોઇ રાજાજ જાણે છે, બીજો કોઇ જાણી શકતો નથી. તે કારણથી પરમાત્માએ તમને પણ રાજ્ય આપ્યું છે. માટે પોતાના શરીરરૂપી દેશના રાજ્યે કરીને તમારે પરમાત્માના રાજ્યને ઓળખવું અને પરમાત્માનો પરમ ઉપકાર માનવો કે પ્રથમ તમને ઉત્પન્ન કર્યા છે. વળી તમને પોતાના રાજ્યની પેઠે કાંઇક રાજ્ય પણ આપ્યું છે, અને તમારા હૃદયસ્થાનને તમારૂં વૈકુંઠ બનાવ્યું છે. માથાને દેવલોક બનાવ્યો છે, ચિત્તને મહતત્ત્વ બનાવ્યું છે, અને આંખ, કાન, આદિ જે સર્વ ઇંદ્રિયો છે, દેવતારૂપે સ્થિર કરી છે. માથાને

આકાશનાં પેઠે ઇંદ્રિયોનું સ્થાન પણ બનાવ્યું છે. વળી જીવને રૂપરંગથી રહિત બનાવ્યો છે, અને જેટલું રૂપરંગ સહિત શરીર છે, તેનાપર તેને રાજા બનાવ્યો છે, અને તેને એવા પ્રકારની આજ્ઞા કરી છે. કે "તારે પોતાના રાજ્યથી એક પળ પણ અચેત ન રહેવું; કારણ કે જો તું પોતે પોતાથી અજ્ઞાન રહેશે, તો તું મને પણ ઓળખશે નહિ; માટે પ્રથમ તું પોતે પોતાને ઓળખ" અત્રે જે કંઇ વર્ણન કરવામાં આવ્યું છે, તે જીવ અને પરમાત્માના રાજ્યનું સૂચન માત્ર કરીને કર્યું છે. વળી જે જીવનાં સર્વ અંગ અને સ્વભાવોનું વર્ણન કર્યું છે, તે ઘણા વિસ્તારે કરીને પણ થઇ શકે. તેમજ આ બ્રહ્માંડ અને દેવતાઓનો જે પરસ્પર સંબંધ છે, અને તેનાં જે સ્થાન અને પુરિયો (શહેરો) છે, તેનો વિદ્યા પણ અપાર છે. તાત્પર્ય એ છે કે જે કોઇ બુદ્ધિમાન હોય તે આ ભેદને સમજીને વિશ્વાસ કરે છે કે સર્વ સૃષ્ટિનો ઇશ્વર પરમાત્મા છે. પરંતુ જેનું હૃદય મલીન હોય છે, તે એટલું પણ સમજી શકતો નથી, અને એવો અજ્ઞાન હોય છે કે પરમાત્માના સ્વરૂપનાં સુંદરતા અને સામર્થ્ય ઉપર પણ તે વિશ્વાસ કરતો નથી. આ જીવોની બુદ્ધિ એવી મલીન છે કે જે કાંઇ વર્ણન કર્યું છે, તેને પણ તે સમજતા નથી; તો પછી તે પરમાત્માના સ્વરૂપને તો શી રીતે ઓળખે ?

સર્ગ ૪ થો.

વૈદ્યક અને જ્યોતિષ મત વિષે.

વૈદ્યો તથા જ્યોતિષીઓ એવા છે કે જગતનાં કાર્યોને વાત, પિત્ત, કફ તથા ગ્રહોને આધીન કહે છે. એનું દૃષ્ટાંત એમ છે કે જેમ કાગળને લખાતાં કોઇ મંકોડો કે કીડી જુએ, ને જુવે કે તે કાળો થતો જાય છે, અને તે પર અક્ષરો બને છે; પછી શંસયમાં પડે કે આ કાગળ શા માટે કાળો થતો જાય છે? પાછળથી જયારે તે લેખણને જુએ, ત્યારે પોતાના ચિત્તમાં ખુશ થાય કે મેં આ ભેદને સારી રીતે જાણ્યો છે કે આ અક્ષરોને કલમજ પોતે બનાવે છે. આટલું તો આ દૃષ્ટાંત પ્રસિદ્ધ કરે છે કે વૈદ્યક મતવાળાએ સૌથી નીચું પદ અંગિકાર કર્યું છે; શાથી કે તેઓ સર્વ કાર્યોને વાત, પિત્ત,

અને કફને આધીન સમજે છે. ઉપલાજ દૃષ્ટાંતમાં કોઇ બીજો મંકોડો કિંવા કીડી પહેલા મંકોડા કે કીડી પાસે આવે અને તેના કરતાં તેની દૃષ્ટી વધારે લાંબી હોય તો તે કીડી પહેલીને કહે કે-તું ભૂલી છે, કારણ કે આ લેખણને ચલાવવાવાળી આંગળીઓ છે. પછી પોતાની આ સમજણ ઉપર પ્રસન્ન થઇને કહે કે-મેં તો આ વાતને સારી રીતે જાણી છે. આ દૃષ્ટાંત જ્યોતિષિયોને લાગુ પડે છે કેમકે વૈદ્યોથી તેમની દૃષ્ટી વધારે છે, તેઓ તત્ત્વોના સ્વભાવોને ગ્રહોને આધીન જાણે છે; પરંતુ એમ નથી જાણતા કે ગ્રહો પણ અન્ય દેવતાઓને આધીન છે આ પ્રમાણે એના કરતાં જે ઉંચી પદવી છે, તેને તેઓ પણ જાણતા નથી. વળી જેમ જ્યોતિષીઓ અને વૈદ્યોની સમજમાં ભેદ છે. અને તેમનો પરસ્પર વિવાદ થાય છે; તેમજ આત્મા અને અનાત્માના સમજવાવાળામાં પણ મોટો ભેદ હોય છે. ઘણા પુરૂષો તો એવા છે કે તેઓ શરીર તથા પ્રાણાદિને ચૈતન્ય માને છે, અને તેથી તેઓ તો ઘણી નીચી પદવીમાં ઉતરી પડયા છે અને ઉંચી પદવી જે ચૈતન્યનો માર્ગ છે, તેનાથી તેમને આવરણ થયું છે. આ પ્રમાણે તેમની બુદ્ધિ શરીર દેશમાંજ દૃઢ થએલી છે. વળી કેટલાક એવા પુરૂષ છે કે તેઓ શરીરથી જીવને ભિન્ન ગણે છે. અને ચૈતન્યતાના પ્રકાશ વિષે સ્થિર થયા છે. એવી રીતે બીજાં પણ કેટલાંક પદ છે, તે એક એકથી દૂરનાં દૂર ચાલ્યાં જાય છે. તેમાંના કોઇનો પ્રકાશ તારા સમાન છે કોઇનો ચંદ્રમા જેવો છે, અને કોઇ સૂર્યની પેઠે પ્રકાશમાન છે. એ પદોને જેમની બુદ્ધિ ચિદાકાશમાં ગમન કરે છે, તેજ પુરૂષો પ્રાપ્ત થાય છે, તે ઉપર એક સંતે કહ્યું છે કે "જે પરમાત્માએ પૃથ્વી તથા આકાશની ઉત્પત્તિ કરી છે, તેની તરફ હું પણ મારૂં મુખ લાવ્યો છું." વળી આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે-"પરમાત્મા અને જીવને વિષે સત્તર હજાર પડદા છે, તે દૂર થાય તો જીવ પ્રકાશરૂપ થાય." અર્થાત્ પરમાત્માનાં સત્તર હજાર આવરણ કિંવા કળા પ્રકાશરૂપ છે. જો પરમાત્મા પોતે તે તમામ પડદાઓને ઉપાડી લે, તો નિશ્ચય કરીને તેનો પ્રકાશ પડે જે એવો છે કે જેની દૃષ્ટિ તેનાપર પડે તેના મુખને અવશ્યમેવ તત્કાળ તે ભસ્મ કરી દે આ વચનોનો સાર એ છે કે વૈદ્યક વિદ્યાવાળાઓએ પણ ખરૂં કહ્યું છે. કારણ કે જો વાત, પિત્ત અને કફમાં પરમાત્માની સત્તા ન હોત તો વૈદ્યક વિદ્યા જુઠી થઇ જાત, પરંતુ તેમ નથી. તેમનું ભૂલવું એવી રીતનું છે કે તેઓ અંત નીચા પદને ઉત્તમ પદ માને છે, અને તેથીજ તેમની દૃષ્ટિ મહા મંદ છે.

એમનું આ પ્રમાણે સમજવું મૂર્ખ મનુષ્યના સમજવા જેવું છે, જે મૂર્ખ

મનુષ્ય કોઇ નોકરને રાજા તરીકે જાણે છે, પણ એમ નથી સમજતો કે આ નોકર તો જોડા ઉપાડવાવાળો છે. વળી ઐકયતાની દૃષ્ટિથી જોઇએ તો જ્યોતિષિયોએ જગત્‌ને જે ગ્રહોને આધીન કહ્યું છે, તે પણ ખરૂં કહ્યું છે. કારણ કે જો ગ્રહોમાં પરમાત્માની સત્તા કાંઇ ન હોતતો રાત્રી તથા દિવસ એક સરખાં થાત, કેમકે સૂર્ય પણ એક મોટો (ગ્રહ) છે. સૂર્યથીજ જગત્‌માં પ્રકાશ અને ગરમી હોય છે. જો તેમ ન હોત તો ગ્રીષ્મ અને શરદ ૠતુ સમાન થાત. શાથી કે જ્યારે આકાશમાં સૂર્ય પૃથ્વીની નજીક આવે છે, ત્યારે ગ્રીષ્મ ૠતુ થાય છે, અને જ્યારે પૃથ્વીથી દૂર જાય છે, ત્યારે શરદ ૠતુ થાય છે. તેથી જે પરમાત્માએ સૂર્યને પ્રકાશ તથા ગરમી સહિત બનાવ્યો છે, તેણેજ શુક્રને શીતળ અને શોષક બનાવ્યો છે. વળી એક ગ્રહને ગરમ અને બીજાને સજળતા સહિત બનાવ્યો છે, એવી રીતની સમજણથી ધર્મમાં કંઇ ખંડિતપણું થતું નથી. પરંતુ જ્યોતિષિયોએ તેનું કારણ ભૂલા પડીને ખોટું કહ્યું છે. તેમણે જગત્‌ને ગ્રહોને આધીનજ જાણ્યું છે અને ગ્રહોની પરાધીનતા જાણી નથી. વળી એમ સમજતા નથી કે સૂર્ય ચંદ્ર અને બધા ગ્રહો પરમાત્માની આજ્ઞાને આધીન છે. માટે તેમને ચલાવવાવાળી પરમાત્માની શક્તિ છે, અને એ સર્વ પોતે (સ્વયં) પોતાની મેળે ચલાવવાને સમર્થ નથી. દાખલા તરીકે હાથ અને ભુજાઓમાં કાંધની શક્તિ સ્ફુરે છે, પરંતુ કાંધને વિષે માથાનું બળ હોય છે. તેવીજ રીતે જો કે ગ્રહમંડળ તથા નક્ષત્રો પણ જોડા ઉપાડવાવાળા દાસની પેઠે નથી, તથાપિ હલકા નોકરો છે. વળી તત્ત્વોનો સ્વભાવ જે વાત, પિત્ત અને કફ છે, તે તો મહા અધમથી પણ અધમ છે, અને પરમાત્માના હાથમાં તે (માત્ર) કલમની પેઠે આધીન છે. ઘણા લોકોમાં તેણે કરાને વિવાદ થાય છે; કેમકે અકેક ભાવે કરીને વૈદ્યક તથા જ્યોતિષવાળા પણ ખરૂં કહે છે, પરંતુ તેઓ સારી રીતે યથાર્થ ભેદને સમજતા નથી; તેમ છતાં જાણે છે કે— "અમે જેવો જોઇએ તેવો ભેદ પામ્યા છીએ" એનું દૃષ્ટાંત એમ છે કે—"કોઇ ઠેકાણે કેટલાક આંધળા રહેતા હતા, તેમણે સાંભળ્યું કે તેમના શહેરમાં એક હાથી આવ્યો છે; પછી હાથીને જોવા સારૂ બધા એકઠા થઇને ગયા, પણ તેઓ એમ જાણતા નહોતા કે હાથી આંખોથી જોવાય છે, પણ હાથ ફેરવવાથી ઓળખી શકાતો નથી. ત્યાં ગયા પછી તેઓ જ્યારે હાથીપર હાથ ફેરવવા લાગ્યા, ત્યારે કોઇનો હાથ પગપર, કોઇનો દંતુશળ ઉપર, કોઇનો કાનપર, અને કોઇનો સૂંઢ ઉપર પડયો. એ રીતે હાથીને જોઇને તેઓ પાછા આવ્યા અને પરસ્પર પૂછવા લાગ્યા કે "ભાઇ હાથી કેવો હતો?" ત્યારે જેણે પગને પકડયો હતો

તે કહેવા લાગ્યો કે-" હાથી મોટા થાંભલા જેવો છે. " જેણે કાન પકડયા હતા, તેણે હાથીને પંખા જેવો બતાવ્યો; જેનો હાથ દંતુશળ ઉપર પહોંચ્યો હતો તે મૂસળની પેઠે વર્ણવવા લાગ્યો, અને જેના હાથમાં સૂંઢ આવી હતી તે અંગરખાની બાંહ્યના જેવો કહેવા લાગ્યો એમ કહીને પરસ્પર લઢવા લાગ્યા. " પરંતુ વિચાર કરીને જોઇએ તો એક ભાવે કરીને તેમનું કહેવું સત્ય હતું, અને એક ભાવથી મિથ્યા હતું. કારણ કે તેમણે અકકેકા અવયવને ઓળખ્યા હતા, પણ હાથીને સંપૂર્ણ જોયો નહોતો. તેમજ વૈદક અને જ્યોતિષવાળાની નજર પણ પરમાત્માના એક દાસ ઉપર પડી છે અને તે દાસની મોટાઇને જોઇને તેઓ આશ્ચર્ય પામ્યા, તથા તેથી તેનેજ રાજા જાણ્યો. પરંતુ જેને પરમાત્માએ સીધો રસ્તો બતાવ્યો છે, તે સર્વેની નીચતા અને પરાધીનતાને ઓળખે છે, અને એમ પણ જાણે છે કે જે કોઇ પરાધીન હોય છે, તે રાજા કહેવાતો નથી, પરંતુ તેના ઉપર બીજો ઇશ્વર છે.

સર્ગ પાંચમો.

તત્વો અને નક્ષત્રોનું વર્ણન.

આ બ્રહ્માંડ રાજાના મહેલની પેઠે છે, તેમાં વૈકુંઠપુરી એક ઘર છે, ત્યાં પ્રધાનને રહેવાનું સ્થળ છે; અર્થાત્ તે વિષ્ણુનું ભવન છે. તે ભવનની ચારે તરફ એક પરસાળ છે, તેને બાર રાશી કહે છે. તેના દરેક દરવાજાપર પ્રધાનના કામદારો બેસે છે, તે જાણે બાર રાશીમાં બાર દેવતા છે. વળી તે પરસાળની બહાર નવ છડીદારો ફરે છે, તે નવ ગ્રહો છે. પ્રધાનની આજ્ઞા જે કામદારોને પહોંચે છે, તે આજ્ઞા તેઓ સાંભળે છે. વળી છડીદાર સવારોની નીચે પાંચ પ્યાદળ છે, તે પાંચ તત્વો છે, તેમની દૃષ્ટિ હમેશાં સવારોની તરફ રહે છે, તે એટલા માટે કે કોઇ દરબારથી કેવી આજ્ઞા આવે છે તે જણાય. વળી તે પ્યાદળોના હાથમાં પાંચ દોરી છે, તે વાત, પિત્ત, કફાદિક સ્વભાવો છે. તેઓ કેટલાંક મનુષ્યોને પરમાત્માની આજ્ઞાથી ઉર્ધ્વગતિમાં ખેંચે છે, અને કેટલાંકને અધોગતિમાં ફેંકી દે છે. વળી કેટલાંકને સુખરૂપી શિરપાવ આપે છે અને કેટલાંકને દુઃખરૂપી દંડ દે છે વૈકુંઠધામમાં જે પ્રધાન કહ્યો છે, તે વિષ્ણુદેવ છે, તે પરિબ્રહ્મ-

રૂપી મહારાજના અતિ નિકટ વર્તી છે અને સર્વે તેને આધીન છે.

જગત્‌માં જ્યારે કોઇ મનુષ્યની અવસ્થા બદલાઇ જાય છે, ત્યારે સંસારથી તેની રૂચી દૂર થઇ જાય છે; તે વખતે તેને એવો પ્રબળ શોક થાય છે કે તે સંસારના ભોગને નીરસ જાણે છે, અને પરલોકના ભયથી ચિંતાતુર રહે છે. તેને જ્યારે કોઇ વૈદ્ય જુએ છે, ત્યારે તે એમ કહે છે કે "આને વાયુનો રોગ છે અને તેનું કારણ શીત ઋતુનું શોષણ છે તેથી જ્યાંસુધી વસંત ઋતુ નહિ આવે, ત્યાંસુધી એનો ઉપચાર થઇ શકશે નહિં." વળી તેને જ્યારે કોઇ જ્યોતિષી જુએ છે, ત્યારે તે એમ કહે છે કે "આ પુરૂષને વાયુનો રોગ બ્રહસ્પતિના કોપે કરીને થયો છે. કારણ કે બ્રહસ્પતિ અને મંગળની વિરૂદ્ધતાઇ થઇ છે; માટે જ્યાંસુધી એમની વિરૂદ્ધતા દૂર ન થાય, ત્યાંસૂધી આ પુરૂષનો રોગ દૂર નહિ થાય" એક ભાવે કરીને જોઇએ તો એમણે પણ ખરૂં કહ્યું છે. પરંતુ તાત્પર્ય એ છે કે પરમાત્મા જ્યારે જે જીવનું કલ્યાણ કરવા ઇચ્છે છે, ત્યારે બ્રહસ્પતિ અને મગળ જે બંને છડીદાર છે, તેમને તરતજ તેમની તરફ મોકલે છે. તેની આજ્ઞાથી પવનરૂપી પ્યાદો શોષણ રૂપ દોરી તેના ઉપર નાંખે છે, જેણે કરીને તેનું ચિત્ત માયાના ભોગોથી વિરસ થઇ જાય છે. પછી શોકરૂપ ચાબુક લગાવીને તેની શ્રદ્ધારૂપી લગામ ખેંચે છે, અને પરમાત્માના દરબારની તરફ તેનું મોઢું ફેરવે છે. પરંતુ આ ભેદની સમજણ વૈદ્ય અને જ્યોતિષ શાસ્ત્રમાં દેખાતી નથી. આ વિદ્યા સંતજનોના અનુભવરૂપી સમુદ્રમાં હોય છે, તે સંતજનોની વિદ્યા સર્વ દિશાઓ અને સર્વ કાર્યોમાં ભરપૂર છે, તે કારણથી તે સંતજનો ગ્રહો અને નક્ષત્રોના ભ્રમણને પણ જાણે છે, અને એમ પણ જાણે છે. કે તેઓ પરમાત્માની આજ્ઞા પામીને કોઇને ઉપર ખેચે છે, અને કોઇને નીચે ઢાળી પાડે છે. જો કે વૈદ્ય અને જ્યોતિષોનું કહેવું પણ ખરૂં છે, તથાપિ પરમાત્મા અને તેના શ્રેષ્ટ પ્રધાન અને સેનાપતિઓને તેઓ જાણતા નથી. કારણ કે તે પરમાત્મા દુઃખ, રોગ, આપદા અને દંડે કરીને જીવોને પોતાની તરફ ખેંચે છે. પરમાત્માનું વચન છે કે "જ્યારે સાત્વિકી મનુષ્યોને કાંઇ રોગ થાય છે. ત્યારે હું તેમને પીડા આપતો નથી. પરંતુ તે દુઃખવડે કરીને હું મારા પ્રિય તમોને મારી તરફ ખેંચું છું. તેથી તે દુઃખ પણ મારી દોરી છે.

પ્રથમ જે કાંઇ વર્ણન કર્યું છે, તે આ જીવના સ્વરૂપની ઓળખાણ વિષે

કહ્યું છે, તથા તેણે કરીને પરમાત્માના સ્વરૂપની ઓળખાણ પણ પ્રસિદ્ધપણે કહી છે, અને હમણા જે વર્ણન કર્યું છે તે પરમાત્માના રાજ્ય અને તેના કર્ત્તવ્યની ઓળખાણ આપી છે, તે ઓળખાણ પણ પોતાના રાજ્યને કર્ત્તવ્યની ઓળખાણે કરીને થાય છે, તે કારણથી મેં પોતાની ઓળખાણનો અધ્યાય પહેલો કહ્યો છે.

સર્ગ છઠો.

ભગવત્ સ્વરૂપ સૂચક સ્તુતિનાં ચાર વચન.

ભગવત્‌ની સ્તુતિ ચાર વચનોમાં કહી છે તે જાણવા યોગ્ય છે. તે ચાર વચન આ છે.

(૧) ભગવત્ સર્વથી નિર્લેપ અને શુદ્ધ છે.

(૨) પરમાત્માનેજ સર્વ પ્રકારે ધન્યવાદ છે ને તેમનાંજ કૃપા અને ઉપકાર મનુષ્ય ઉપર છે અને તેજ જગના ઇશ્વર છે.

(૩) ભગવત્ એકજ છે અને તેના જેવો બીજો કોઇ નથી.

(૪) તે પરમાત્મા સૌથી મોટા છે, અને પરથી પણ પર છે.

જો કે આ ચાર વાકયો કહેવામાં સંક્ષેપે કરીને કહ્યાં છે, તોપણ તે ભગવત્‌ની સંપૂર્ણતાને બતાવવાવાળાં છે. તેથી જ્યારે માણસ પોતાના (આત્માની) નિર્લેપતાએ કરીને પરમાત્માની નિર્લેપતાને સમજે છે, ત્યારે તેને નિર્લેપતાના અર્થની પ્રાપ્તિ થાય છે. (૧) તથા જ્યારે પોતાના રાજ્યે કરીને ઇશ્વરના રાજ્યને ઓળખે છે અને એમ જાણે છે કે જેટલા કંઇ દેવતા અને કાળ, કર્મ સ્વભાવ સહિત સંબંધ છે, તે સર્વ ઇશ્વરને આધીન છે; ત્યારે એવું સમજવાથી ધન્યવાદનો અર્થ તે પરિપૂર્ણ રીતે સમજે છે. કારણ કે જો કોઇ બીજો સુખ દેવાવાળો નથી, અને કોઇ પોતાની મેળે સ્વયં સામર્થ્યવાન નથી, તો પછી સર્વ પ્રકારનાં જેટલાં સુખ છે, તેટલાંને માટે કેવળ ભગવત્‌નોજ ઉપકાર માનવો છે, અને તેનોજ ધન્યવાદ કરવાની ઇચ્છા કરવી.

(૩) જ્યારે માણુસે એ રીતે જાણ્યું કે ભગવત્ વિના બીજો કોઇ સમર્થ

નથી, અને સર્વ તેનેજ આધીન છે, ત્યારે ત્રીજા વાકયનો અર્થ તેને પ્રત્યક્ષ થાય છે.

(૪) વળી ચોથા વાકયનો ભાવ એ છે કે પરમાત્મા સૌથી મોટા છે; તેનો અર્થ એમ સમજવાનો છે કે માણસ જે એમ જાણે છે કે મેં પરમાત્માને ઓળખ્યા, તો તેણે તેમને એમ જાણવાથી કાંઇ ઓળખ્યા નથી. ભગવત્‌ની મોટાઇનો અર્થ એ છે કે આ જીવ સર્વ અનુમાને કરીને પણ તે પરમાત્માને ઓળખી શકતો નથી. પરંતુ મોટાઇનો અર્થ એમ નથી કે ભગવત્ અમુક પદાર્થથી મોટા છે. કારણ કે તેમની પાસે તો બીજો કોઇ પદાર્થ નથી, કે જે પદાર્થથી ભગવત્‌ને મોટા કહીએ એટલા માટે જે કાંઇ સૃષ્ટિ ભાસે છે, તે ભગવત્‌ના પ્રકાશનું પ્રતિબિંબ છે; અને તેની સત્તાએ કરીને સ્થિત છે. આ પ્રમાણે હોતાં તેમને કોના કરતાં મોટા કહી શકાય! જેમ સૂર્યની ગરમી છે તે, જ્યારે સૂર્યથી કાંઇ ભિન્ન હોય, ત્યારેજ તેથી સૂર્યને મોટો કહી શકીએ. તેથી ભગવત્‌ની મોટાઇનો અર્થ એજ છે કે–મનુષ્ય પોતાની બુદ્ધિ તથા અનુમાને કરીને પરમાત્માને જાણી શકતો નથી. અને તેની જે નિર્લેપતા તથા શુદ્ધતા છે, તેને મનુષ્યની નિર્લેપતાના જેવી જાણવી, એ મહા અયોગ્ય છે. કારણ કે જેટલો આ સૃષ્ટિ ભાસે છે, તે સર્વથી ભગવત્‌નું સ્વરૂપ વિલક્ષણ છે, અને તેને કોઇના જેવો કહી શકાતો નથી. તો પછી આ મનુષ્ય તો શા હિસાબમાં છે કે જેનું દૃષ્ટાંત ભગવત્‌ના ઉપર લાગુ થાય. અને પરમાત્માની મહા પ્રભુતા અને રાજ્યને આ મનુષ્યના ઐશ્વર્ય અને રાજ્યની સમાન કોઇ જાણે, કિંવા વિદ્યા અને શક્તિ આદિક જે પરમાત્માના સ્વભાવ છે, તેને મનુષ્યની વિદ્યા અને સામર્થ્યની પેઠે કોઇ વિચારે એવી બુદ્ધિથી તો ભગવત્ મનુષ્યની રક્ષા કરો. એવું જાણવું કે વિચારવું તે તો મહાઅયોગ્ય છે.

જો કે એ પ્રકારે આગળ વર્ણન કરેલું છે, તથાપિ પરમાત્માનું સ્વરૂપ ઓળખાવવા માટે તે દૃષ્ટાંત માત્ર કહ્યું છે, તે એવા હેતુથી કે તેથી આ મનુષ્યને પણ કાંઇ સમજણ પ્રાપ્ત થાય. જેમ કોઇ બાળક કોઇ બુદ્ધિમાનને પૂછે કે–" રાજ્ય કરવામાં કેવો સ્વાદ હોય છે ? " તો તે બાળકને તે કહેશે કે–" જેમ તને ગિલી દંડે રમવામાં સ્વાદ આવે છે તેમજ રાજાઓને રાજ્ય કરવામાં સ્વાદ આવે છે. " તે બાળકને તે બુદ્ધિમાને એટલા માટે એમ કહ્યું છે કે– ગિલી દંડાથી બીજા સુખને તે બાળક જાણતું નથી, અને જે સુખનેં તેણે જેયુંજ ન હોય તેને અનુમાનથી શી રીતે ઓળખી શકે ? તેથી તેને ગિલી દંડાના

દૃષ્ટાંતે કરીને તેણે સમજ પાડી. જો કે એ વાત તો પ્રસિદ્ધ છે કે ગિલ્લી દંડાનું સુખ, રાજ્યના સુખથી પરસ્પર કંઇ સંબંધ રાખતું નથી, તથાપિ સુખ શબ્દ બંને પર સમાન આવે છે, તેથી નામ સંજ્ઞાની એકતાએ કરીને બાળકોને સમજાવવું સુગમ પડે છે. તેમજ મનુષ્યની શુદ્ધતા અને નિર્દોપતાનું જે વર્ણન કર્યું છે. તે આ જીવની મૂર્ખ બુદ્ધિને સમજાવવા માટે કહેલું છે. તેથી એ વાત નિઃસંદેહ છે કે—"ભગવાન્‌નાં પૂર્ણતાને ભગવાન્ વિના બીજો કોઇ જાણી શકતો નથી." તે કારણથી પરમાત્માની ઓળખાણનો વિસ્તાર અમાપ છે. જે આ ગ્રંથમાં કહી શકાતો નથી; માટે આ જીવને શ્રદ્ધા અને પ્રીતિ ઉત્પન્ન થવા માટે એટલુંજ બસ છે; અને આ મનુષ્ય પણ એટલુંજ સમજવાનો અધિકારી છે કે આ જીવની ભલાઇનો સમાવેશ પરમાત્માની ઓળખાણ, તેની સેવા, અને ભક્તિમાં થાય છે. તે એટલા માટે કે જ્યારે આ મનુષ્યનું શરીર મૃત્યુને પ્રાપ્ત થાય છે, ત્યારે યોગ્ય છે કે તેનું ધ્યાન તે વખતે પરમાત્માની તરફ હોય. કારણ કે આ જીવને ઠરવાનું તેજ ઠામ છે. અને અવશ્યે કરીને તેને ત્યાંજ પહોંચવાનું છે. માટે જો પ્રથમથીજ તેની પ્રીતિ તેની સાથે હોય, તોજ જીવની ભલાઇ જાણવી. કારણ કે જેટલા પ્રમાણમાં પ્રીતિ કોઇનાપર વધારે હોય છે, તેટલાજ પ્રમાણમાં તે પ્રિયતમના દર્શનમાં તેને આનંદ પણ વધારે થાય છે; જ્યાંસુધી આ મનુષ્યને પરમાત્માની ઓળખાણ અને ભક્તિની અધિકતા ન હોય, ત્યાંસુધી તેના હૃદયમાં પરમાત્માની પ્રીતિ દૃઢ થતી નથી. એ વાત પ્રસિદ્ધ છે કે જે પુરૂષની સાથે કોઇની પ્રીતિ વધારે હોય છે, તે તેનું સ્મરણ પણ વધારે કરે છે, અને જેનું સ્મરણ કરે છે, તેની સાથે પ્રીતિ પણ દૃઢ થઇ જાય છે. એ બાબતમાં એક સંતને આકાશવાણી થઇ હતી કે—"હે! સંત" તારાં સર્વ કાર્યોનો સિદ્ધ કરવાવાળો હુંજ છું અને તારૂં પ્રયોજન પણ મારીજ સાથે છે, "તેથી એક ક્ષણ પણ મારી ભક્તિથી તું વિરક્ત ન રહે." પરંતુ આ મનુષ્યના હૃદયમાં ભક્તિ ત્યારેજ દૃઢ થાય છે. કે જ્યારે પ્રથમ તે સત્કર્મોમાં વર્તે છે. અને સત્કર્મોનો અવકાશ ત્યારે પામે છે. કે જ્યારે સર્વ ભોગવાસનાઓનો ત્યાગ કરે છે. તેથી પાપ કર્મોનો ત્યાગ કરવો એ હૃદયની મુક્તિનું કારણ છે; અને સત્કર્મોનું ગ્રહણ કરવું એ ભક્તિની દૃઢતાનું કારણ છે. એ બંને ભગવત્‌ની પ્રીતિ ઉપજાવવાવાળાં છે, અને ઉત્તમ ભોગોનું બીજ ભગવત્‌ની પ્રીતિએ કરીને સિદ્ધ થાય છે. આ જીવ શરીરધારી છે, તેથી

તે સર્વ ભોગોથી રહિત થઇ શકતો નથી. કારણ કે ખાન, પાન વસ્ત્રાદિક શરીરનાં કાર્ય નિમિત્તે જરૂરનાં કહેલાં છે. તેથી પ્રથમ વિચારની મર્યાદા સ્થિત થવી જોઇએ; અને તે પછી કર્ત્તવ્ય કર્મો અને ભોગવાસનાને ભિન્ન કરી શકાય. વિચારની મર્યાદા પણ બે પ્રકારે કરીને થાય છે, તેમાં એક એ છે કે મનુષ્ય પોતાની બુદ્ધિ અને અનુભવની દૃષ્ટિ સાથે વિચારની મર્યાદાને જોઇને અંગીકાર કરે, અથવા કોઇ મહા પુરૂષની સંગતીએ કરીને વિચારની મર્યાદામાં વર્તે પરંતુ પોતાની બુધ્ધિ અને પુરૂષાર્થને આધીન મર્યાદામાં રહેવું કઠણ છે, કારણ કે આ જીવ ઉપર ભોગવાસના એવી પ્રબલ છે કે તે બુદ્ધિને આંધળી બનાવીને હમેશાં યથાર્થ માર્ગને છુપાવી રાખે છે. અને પોતાના મનોર્થો પ્રમાણે ભોગોને પુણ્યરૂપ કરીને બતાવે છે; તેથી આ મનુષ્યે કયારે પણ સ્વતંત્ર રહીને વર્ત્તવું ન જોઇએ, પણ જ્ઞાનવાન્ સંત હોય તેની આજ્ઞામાં રહી આ જ્ઞાનીએ મર્યાદાથી ઉલ્લંઘિત ન થવું. એમ કરે છે ત્યારે તે સ્વભાવની ભલાઇને પામે છે. સંતની આજ્ઞામાં વર્ત્તવાનું કારણ એજ છે. કે મનુષ્ય જયારે પોતાની વાસનાએ કરીને સંતજનોની મર્યાદાથી ઉલ્લંઘિત થાય છે, ત્યારે તેની બુદ્ધિ તત્કાળ નાશ થઇ જાય છે. એ વિષે આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે–" જે પુરૂષે વિચારની મર્યાદાનો ત્યાગ કર્યો છે, તેણે પોતે પોતાપરજ અન્યાય કર્યો છે. "

સર્ગ ૭ મો.

સંત માર્ગથી વિપરીત ચાલનારા મૂર્ખ મનુષ્યોનું વર્ણન.

જે પુરૂષોએ પોતાની વાસના અનુસાર સંતજનોની આજ્ઞા અને મર્યાદાનો ત્યાગ કર્યો છે, તેની અવસ્થા સાત પ્રકારની છે. (૧) પહેલા એવા મૂર્ખ છે કે તેમની શ્રદ્ધા ભગવતપર પણ હોતી નથી. તેઓ એ રીતે કહે છે કે ભગવત કલ્પના માત્ર છે, કારણ કે જો કોઇ આ જગતના પ્રભુ હોત, તો તેનાં રૂપરંગ પણ કાંઇ હોત; પરંતુ જેનાં રૂપ, રંગ, સ્થાન, દીશા કાંઇ જાણી શકાતું નથી, તે તેવો પરમેશ્વર માત્ર કલ્પેલો છે, અને આ જગતનાં કાર્યો તત્વોના સ્વભાવ અને ગ્રહોને આધીન છે. તે મૂર્ખાઓ એમ જાણે છે કે મનુષ્ય અને બીજા

જીવ તથા વિવિધ રચના જે અનેક ગુણો સંયુક્ત દેખાય છે, તે સર્વ ઇશ્વર વિના પોતાની મેળે ઉત્પન્ન થયેલાં છે, તથા તે એજ રીતે સ્થિર રહેશે; અ-થવા તેમનું ઉત્પન્ન થવું એ તત્ત્વોનો સ્વભાવ છે; એ તેમનું કહેવું વ્યર્થ છે. કારણ કે તે મૂર્ખાઓ પોતાના પોતાપણાથી અજ્ઞાન છે, ત્યારે બીજા કોઇ પદાર્થને તેઓ શી રીતે જાણે ?

એનું દૃષ્ટાંત એમ છે કે—જેમ કોઇ પુરૂષ લખેલા અક્ષરોને જોઇને કહે કે-“ આ અક્ષર વિધાન અને સમર્થ લહિયા વિના પોતાની મેળે લખાયલા છે. અથવા અક્ષરોની મૂર્ત્તિ અનાદિકાળની લખેલી ચાલી આવે છે.” આ પ્રમાણે જે પુરૂષનાં નેત્ર એવાં અંધ હોય, તેનું આ પ્રકારનું જોવુંજ અજ્ઞાનતાનો માર્ગ છે.

(૨) બીજા એ પ્રકારના મૂર્ખ છે કે તેઓ પરલોકને માનતા નથી; અને એમ કહે છે. કે મનુષ્ય પણ ઘાસ અને ખેતીના પદાર્થોની પેઠે છે; તેથી જ્યારે આ જીવ મૃત્યુ પામે છે, ત્યારે તે મૂળથીજ નાશ પામે છે. એ કારણથી પાપ, પુણ્ય, સુખ, દુઃખ, દંડ શિક્ષા એ સર્વ વ્યર્થ છે. તે એવા મૂર્ખ છે કે પોતાને પણ ઘાસ, વેલા અને ગધેડાઓની પેઠે જાણે છે, અને આત્મા જે ચૈત-ન્ય અને અવિનાશી છે, તેને ઓળખતા નથી, તથા મૃત્યુ થવું એ શરીરના નાશનું નામ છે, તેનાથી અજ્ઞાન છે. પરંતુ એનો નિર્ણય અમે પરલોકના અ-ધ્યાયમાં કહીશું.

(૩) ત્રીજા પ્રકારના મૂર્ખ એવા છે કે—“ તેઓ ભગવત્ અને પરલોકને માને છે.” પણ તેમની શ્રદ્ધા નિર્બળ હોય છે, તેથી તેઓ સંતજનોનાં વચ-નોને ઓળખતા નથી, અને કહે છે કે “ ભગવત્‌ને અમારી ભક્તિની ગરજ શી છે ? અમારાં પાપ કર્મોથી તેને શું દુઃખ છે ? કારણ કે તે ભગવત્ એવો મહારાજા છે કે તેને જગત્‌ની ભક્તિની કાંઇ પરવાજ નથી; તેથી તેના પાસે પાપ અને ભક્તિ સર્વ સમાન છે. “ પરંતુ એ મૂર્ખ ભગવત્‌નાં વચનોમાં પ્રત્યક્ષ જોતા નથી કે પરમાત્માએ કહ્યું છે કે “ જિજ્ઞાસુજનો પુરૂષાર્થ અને શુભ કર્મો પોતાના મનની શુધ્ધિને માટે કરે છે.” તે વચનોને એ મૂર્ખ અને મંદ ભાગી જાણતા નથી; અને એ રીતે સમજે છે કે સારાં કામો ભગવત્‌ને નિમિ-તે કરાય છે, પણ પોતાના કલ્યાણને માટે નહિ. તેનું દૃષ્ટાંત એમ છે કે, જેમ કોઇ પુ-રૂષ રોગી હોય અને તે પથ્ય (કચરી) નો ત્યાગ કરે, અને કહે કે “ મારા

પથ્ય કિંવા કુપથ્યથી વૈદ્યની શા હાની થાય છે?" એ વચન તો સત્ય છે કે વૈદ્યને કાંઇ હાની થતી નથી, પરંતુ એ કુપથ્યે કરીને રોગીનોજ નાશ થાય છે. તે રોગીનો નાશ વૈદ્યની અપ્રસન્નતાથી થતો નથી, પરંતુ તે કુપથ્યજ રોગીના નાશનો માર્ગ છે. વૈદ્ય તો તેને શુભ માર્ગ દેખાડવાવાળો છે, તેથી વૈદ્યની હાની કેમ થાય? જેમ શરીરનો રોગ શરીરના નાશનું કારણ છે, અને રોગોના ઉપચાર કરવા એ સુખોનું કારણ છે; તેમજ મલીન સ્વભાવ બુદ્ધિના નાશનું કારણ છે, તથા ભગવત્‌ની ભક્તિ અને ઓળખાણ એ બુદ્ધિની આરોગ્યતાનું કારણ છે.

(૪) ચોથા પ્રકારના મૂર્ખ એ રીતે કહે છે. કે "સંતજનોએ જે ભોગ અને ક્રોધથી હૃદયને શુધ્ધ કરવાનું કહ્યું છે, તે અસંભાવિત છે. કારણ કે તે સ્વભાવો મનુષ્યની આદિ ઉત્પત્તિમાં મળેલાજ ઉત્પન્ન થયા છે, તેથી એ યત્ન કરવો એવો છે કે જેમ કોઇ કાળી ધાબળીને સફેદ કરવા ઇચ્છે તો તે કયારે પણ સફેદ થતી નથી." એ મૂર્ખ એમ નથી જાણતા કે સંતજનોએ ભોગ અને ક્રોધને વશ કરવાનું કહ્યું છે તે એટલા માટે કે તેથી તેઓ તેમની આજ્ઞા અને મર્યાદાથી ઉલ્લંઘિત ન થાય અને પ્રબળ ન થઇ શકે. તેમ તામસી અને રાજસી કર્મોનો ત્યાગ જે કહ્યા છે, તે વાત પણ બનવા યોગ્ય છે. ઘણા પુરૂષો એ દશાને પામ્યા છે. એ વિષે આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "હું પણ બીજા મનુષ્યોની પેઠે ક્રોધ કરૂં છું. પરંતુ મારૂ હૃદય પરિતપ્ત થતું નથી." ભગવાને પણ એવા પુરૂષોની પ્રશંસા કરી છે અને જણાવ્યું છે કે જેમણે ક્રોધને જીત્યો છે, તેમનું તેને જીતવું ત્યારેજ કહી શકાય છે કે જ્યારે પ્રથમ તેમને ક્રોધ થાય; ને તેને પછી શાંત કરે. પણ જો ક્રોધ ઉત્પન્નજ ન થાય તો પછી તેનું જીતવું શી રીતે થાય?

(૫) પાંચમા પ્રકારના મૂર્ખ એવી રીતે કહે છે કે–"તે ભગવન્ પરમ દયાળુ અને કૃપા સ્વરૂપ છે; તેથી અમારા અવગુણો તરફ તે જોશે નહિ!" પરંતુ તેઓ એમ નથી જાણતા કે જો કે તે પરમાત્મા પરમ દયાળુ છે, તોપણ પાપી મનુષ્યોને દંડ દેવાવાળા પણ તેજ છે.

આ જગતમાં જે નાના પ્રકારના રોગ કષ્ટ, અને નિર્ધનતા આદિક દુઃખો જીવોને પ્રાપ્ત થાય છે, તેને તે મુર્ખાઓ જોતા નથી. પરમાત્માની દયા અને કૃપામાં તો કાંઇ સંદેહ નથી; પણ જો તેઓ પોતાની આજીવીકા માટે મહેનત

કરે છે, તો તેમની શ્રદ્ધા પરમાત્માને દયાળુ જાણવામાં કયાં રહી શકે છે,? વ્યવહાર અને આજીવિકા માટે તેઓ શા માટે યત્ન કરે છે? કાંકે તે પરમાત્મા તો વગર ઉદ્યમે પ્રતિપાલન કરવાવાળા છે. પરમાત્માએ પ્રસિદ્ધ કહ્યું છે કે "પૃથ્વી અને આકાશમાં સર્વ જીવોનું પ્રતિપાલન કરવાવાળો હુંજ છું." એ વચનવડે પરમાત્માએ પ્રસિધ્ધ રીતે તેમને વ્યવહારથી વર્જ્યા છે, પરંતુ પરલોકના માર્ગમાં યત્ન કરવામાં તો એમ કહ્યું નથી કે "તમે ભક્તિ અને પુરૂષાર્થ કરો નહિ." વળી એ રીતે જ્યારે મૂર્ખ લોકો ભગવાનને કૃપાળુ સ્વરૂપ જાણે છે. અને માયાની તૃષ્ણાનો ત્યાગ કરી શકતા નથી તો પછી પરલોકની વાત મોઢેથી કેવળ વ્યર્થજ કરે છે કે "અમને પરમાત્મા ક્ષમા કરી લેશે." એવા લોકો મનસ્વી અને વાસનાના દાસ છે, અને તેમને પરમાત્માની કૃપાપર કશી શ્રધ્ધા નથી.

(૬) છઠ્ઠુ પ્રકારના મૂર્ખ સ્વાભિમાની છે. તેઓ એમ કહે છે કે–"અમે એવી અવસ્થાને પ્રાપ્ત થયા છીએ કે અમને પાપોનો સ્પર્શ થતો નથી, અને અમારો ધર્મ એવો દૃઢ થયો છે કે તેને કયારે પણ મેલ લાગતો નથી," એવા મૂર્ખાઓની ઘણું કરીને તો એવી અવસ્થા થાય છે કે જ્યારે તેના એક વચનનું ખંડન કરીને કોઇ તેમનો અનાદર કરે ત્યારે પોતાનું સર્વ આયુષ્ય તેની વિરૂદ્ધતામાં તેઓ ખુએ છે અથવા તેઓ એક કોળીઓ પણ ભોજનનો જ્યારે કોઇ પાસે માગે, અને તે ન આપે, ત્યારે ક્રોધથી તેમના અંતઃકરણમાં મહા અંધકાર છવાઇ જાય છે. એ મૂઢ પરમ પુરૂષાર્થમાં એવા દૃઢનો થયાજ નથી કે જેથી તેમનમાં પાપનો પ્રવેશ ન થાય, તો પછી એવું અભિમાન કરવું શો રીતે યોગ્ય કહેવાય! વળી જ્યારે કોઇ મૂર્ખ એવા પદને પામી જાય કે વૈરભાવ અને ભોગોની ઇચ્છા દંભ અને ક્રોધથી તેણે દૂર કરી હોય, તોંપણ જો એ રીતે તે જાણે કે હું પરમપદને પ્રાપ્ત થયો છું, તો તે અભિમાની કહેવાશે. કારણ કે સંતજનોની અવસ્થા એવી થએલી છે કે જ્યારે તેમાં કાંઇ અવજ્ઞા થઇ જાય છે, ત્યારે તેઓ ભયે કરીને રૂવે છે, અને પરમાત્માની પાસે પ્રાર્થના કરી ક્ષમા માગે છે. જે સાચા ઉત્તમ પુરૂષ થઇ ગયા છે, તેઓ લગાર પાપ થતાં પણ ડરતા હતા, અને મલીન ધાન્યના સંશયે કરીને શુદ્ધ ધાન્યનો પણ ત્યાગ કરી દેતા હતા. તો આ મૂર્ખાએ કેવી રીતે જાણ્યું કે હું માન અને ભોગની ફાંસીથી મુક્ત થયો છું. એ બુદ્ધિહીનની અવસ્થા કાંઇ સંતજનોથી ઉત્તમ થઇ નથી. વળી જ્યારે તેઓ એ રીતે કહે કે "સંતજનો પણ કર્મોથી

નિર્લેપ થયા છે, પરંતુ તેમણે જીવોના કલ્યાણ માટે અશુભ કર્મોનો ત્યાગ કર્યો છે." તેનો ઉત્તર એમ છે કે જો તે સંતજનો જીવોના કલ્યાણને માટે પાપ કર્મોનો ત્યાગ કરતા હતા, તો પછી તે મૂર્ખાઓ જીવોના કલ્યાણને માટે પાપ કર્મોનો ત્યાગ કેમ નથી કરતા? તેઓ એમ પણ જાણે છે કે જ્યારે કોઇ બીજો અમારાં પાપકર્મોને જુએ છે, ત્યારે તે પણ ધર્મ માર્ગથી પતિત થાય છે, અને તેની બુદ્ધિ નાશ થઇ જાય છે. જ્યારે તેઓ એવી રીતે કહે છે કે–"લોકોની બુદ્ધિનો નાશ થવાથી અમારી શી હાની થાય છે?" ત્યારે એ મૂર્ખો એમ નથી જાણતા કે લોકોના નાશથી એમની કંઇ હાની ન થાત તો આગળ જે સંતજનોએ પોતાના શરીરપર તપ અને વૈરાગ્ય રાખેલાં છે, તે લોકોના અકાજમાં તેમની હાની શી રીતે થતી હતી? જેમ આચાર્ય મહારાજ પાસે એક સકામપણાનું ફળ આવ્યું હતું, ત્યારે તેમણે મોઢામાંથી તે ફળ ફેંકી દીધું. જો તે ફળ તેઓ ખાઇ જાત તો તેમાં તેમને શું પાપ થાત? અને લોકોને તેમાં શો અવગુણ હતો? પરંતુ જ્યારે તે ફળને ખાવામાં પણ દોષ હતો, ત્યારે આ મૂર્ખાઓને અભક્ષ્ય ભક્ષ ખાનપાન કરવાથી શી રીતે દોષ નહિ લાગે? વળી જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે જણાશે કે જેમણે એક કોળીઆનો ત્યાગ કર્યો હતો, તેમની અવસ્થાથી આ મૂર્ખાઓની અવસ્થા કાંઇ ઉત્તમ નથી. જો એક કોળીઆના પાપથી મદિરાપાનનું પાપ પણ થોડું નથી, તો પછી શી રીતે જાણિયે કે તે સંતને એક ફળનું પણ પાપ લાગતું હતું, અને આમને મદિરાથી પણ દોષ લાગતો નથી? તેથી નિ:સંદેહ જાણી શકાય છે કે સંતોનાં ક્રિયા જોઇને માયા પ્રસન્ન થાય છે; અને મૂર્ખાઓને (તેણે) હાસ્યનુ સ્થાન તથા રમકડાં બનાવ્યાં છે. વળી જ્યારે બુદ્ધિમાન પુરૂષો આવા મૂર્ખાઓના કાર્યોને જુએ છે, ત્યારે તેમના દંભથી આશ્ચર્ય પામે છે. માટે ધર્માત્મા પુરૂષ તેજ છે કે જે મનને છળરૂપ જાણે છે. એ ઉપરથી મન તથા વાસનાને જેમણે વશ નથી કર્યાં તે મનુષ્ય નીચ કિંવા પશુ છે; કારણ કે જેને પોતાના મનના છળોની ઓળખાણ નથી, તેણે અભિમાન કરવું એ વ્યર્થ છે. તે એટલા માટે કે તે મૂર્ખ બુદ્ધિની હીનતાથી કહે છે કે–"મેં મનને વશ કર્યું છે." પરંતુ મનને વશ કરવાનું કોઇ લક્ષણ પણ તેનામાં જણાતું નથી. મનને જીતવાનું લક્ષણ એ છે કે જ્યારે આ જીવનાં કર્મ પોતાની વાસના પ્રમાણે ન હોય અને તે સંતજનોની આજ્ઞામાં વર્તે તથા સર્વદા પોતાને તેમની આજ્ઞામાં અર્પણ કરે, ત્યારે સમજવું કે તે સાચો છે; પણ જ્યારે પોતાનાં ડહાપણ અને ચતુરાઇથી નિર્દોષ થવા ઇચ્છે, ત્યારે જાણવું કે તે મનનો દાસ છે અને જુઠું

અભિમાન કરે છે. તેથી પોતાના મનની પરીક્ષાનો ત્યાગ કરવો કયારે પણ યોગ્ય નથી. જ્યારે મનુષ્ય નિડર થાય છે ત્યારે નક્કી તે છપાય છે અને પોતાના નાશને પણ જાણતો નથી. વળી સંતજનોનાં વચન પ્રમાણે કર્મ કરવાની પણ જીજ્ઞાસુઓની આદિ અવસ્થા છે, તે વિના ધર્મની દ્રઢતા થઇ શકતી નથી, તો પરમપદનું પામવું તો મહા કઠણ અને પરથી પણ પર છે; આ પ્રમાણે હોતાં તે પદનું અભિમાન કરવું એ વ્યર્થ છે.

(૭) સાતમા પ્રકારના મૂર્ખ પોતાની વાસનાની પ્રબલતાએ કરીને મૂઢ થયા છે. તેઓ પોતાને નિર્લેપ જાણતા નથી તેથી કંઇ તેઓ અજ્ઞાન નથી પરંતુ તેઓ જ્યારે મનસ્વી લોકોની તરફ જુએ છે કે જેઓ કુમાર્ગમાં ચાલ્યા જાય છે, વિવિધ ભોગો ભોગવે છે, સૂક્ષ્મ વચનોનાં ઉચ્ચારણ કરે છે, પોતાને સંત કરીને બતાવે છે અને વેષ પણ સંતજનોનો કરે છે, ત્યારે તેમની ક્રિયાને જોઇને તે જોવાવાળા પોતે પણ લંપટ થઇ જાય છે, અને તેથી તેઓ ભોગોને ખરાબ કહેતા નથી, અને એમ પણ નથી જાણતા કે ભોગોથી દુઃખ પ્રાપ્ત થાય છે. તેઓ કહે છે કે "ભોગ તો નિંદવા યોગ્ય નથી. તેમાં દુઃખ પણ કયાં છે? દુઃખ તો કહેવા માત્ર છે." વળી તે એવા મૂર્ખ છે કે "કહેવા માત્ર" નો અર્થ પણ જાણતા નથી; અને પાખંડીઓનો સંગ તથા મનની વાસનાથી મહા અજ્ઞાન અને આંધળા થએલા છે. તેમને માયાએ જીતી લીધા છે. તેઓ આવાં વચનો અને ચર્ચાથી સીધા થતા નથી, કારણ કે તેઓ અજ્ઞાને કરીને કાંઇ ભૂલ્યા નથી. પણ જાણી જોઇને બાવરા થયા છે; તેથી તેમનો ઉપાય રાજદંડ છે; પરંતુ બીજાં વચનોએ કરીને તેમનો ઉપાય થતો નથી. એવા મૂર્ખ માટે તેમની અવસ્થાનું વર્ણન એટલુંજ ઘણું છે; આ અધ્યાયમાં એમની અવસ્થાનું વર્ણન કર્યું છે તે એટલા માટે કે એવા મૂર્ખાઓની અવસ્થા અને મૂર્ખતા કાંતો તેમના પોતાના મનથી થાય છે અથવા તો પરમાત્માની તરફ પહોંચવાનો જે માર્ગ છે, તે સંતજનોના માર્ગથી તેઓ અજાણ્યા હોય છે. પરંતુ મૂર્ખના અંતઃકરણમાં મૂર્ખતાનો સ્વભાવ એવો દ્રઢ થઇ જાય છે કે તેનું દૂર કરવું કઠિણ થઇ જાય છે. તે કારણથી કેટલાક એવા મૂર્ખ થાય છે કે અજ્ઞાનમાં અને સંશયમાંજ મનસ્વીપણાના માર્ગમાં ચાલ્યા જાય છે, અને તેનાપર વડાઇ કરે છે. જ્યારે તેમને કોઇ તેમના મત વિષે સવાલ કરે છે, ત્યારે તેઓ બાવરા થઇ જાય છે, અને વચનનો નિર્ણય બતાવી શકતા નથી; તથા કોઇને પૂછતા પણ નથી. કારણ કે તેમના હ્રદયમાં કાંઇ પ્રેમ પણ હોતો નથી. તેમ કોઇ વચનની

શંકા પણ કરતા નથી. કારણ કે શંકા પણ જેમના હૃદયમાં કાંઇ શોધક બુદ્ધિ હોય છે, તેમનેજ ઉપજે છે. એવા પુરૂષોનો ઉપચાર કરવો મુશ્કેલ છે. જેમ કોઇ રોગી પુરૂષ વૈદ્યની પાસે જાય, અને પોતાના રોગનું જાહેર રીતે વર્ણન કરે નહીં, તો તેનો ઉપચાર કરવો મુશ્કેલ પડે છે. એવા મૂર્ખાઓને એ ઉપદેશ કરવો સારો છે કે બીજી જે વાતને તમે જાણી શકતા નથી, તેનાથી અજાણ્યાજ રહો; પરંતુ એટલી શ્રદ્ધા રાખતાં તેમને અવશ્ય સમજાવવું જોઇએ કે તમે બધા પરમાત્માના ઉત્પન્ન કરેલા છો અને તમારો ઉત્પન્ન કરવાવાળો ઇશ્વર પણ સમર્થ છે, તથા તે જે કાંઇ કરવા ઇચ્છે તે કરી શકે છે. અને તે વાતમાં સંશય કરવો અયોગ્ય છે. આટલું સમજાવ્યા પછી પણ તેમનામાં કાંઇ શ્રદ્ધા જોઇએ, તો તેમને સંતજનોનાં વચન યુક્તિ અનુસાર સમજાવવાં એજ પ્રકારે આ ગ્રંથમાં પણ વર્ણન કરવામાં આવ્યું છે.

અધ્યાય બીજો

સંપૂર્ણ.

અધ્યાય ત્રીજો.

સર્ગ પહેલો.

માયાની ઓળખાણ.

આ સંસાર પણ ધર્મ માર્ગની મુસાફરી છે. વળી જે માણસો ઇશ્વરને મળવા જીજ્ઞાસુ છે, અને ભગવત તરફ ગમન કરે છે તેમના પંથમાં તેઓને ભાથુ ખરીદવા માટે, કોઇ મોટા જંગલને કિનારે આવેલા નગર અથવા બજાર જેવો આ સંસાર રચવામાં આવ્યો છે, તે એટલા માટે કે એ નગરમાંથી પરદેશી મનુષ્ય પોતાને માટે ભાથુ કરી લે. લોક અને પરલોકનો અર્થ એ છે કે શરીર નાશ થતાં પહેલાં જે સંસાર દેખાય છે, તેનું નામ આ લોક; અને શરીરના મરણ થયા પછી જીવની જે અવસ્થા થાય છે, તે પરલોક કહેવાય છે.

આ સંસારમાં મનુષ્યને જન્મ લેવાનું ઉત્તમ પ્રયોજન એ છે કે પરલો-

कने माटे भाथुं बनावे कदाचित् प्रथम उत्पत्तिमां मनुष्यनी अवस्था सामान्य के अधम होय छे तोपण तेने पूर्णपद मेळववानुं अधिकारी बनाव्युं छे. ते देवताओना उत्तम स्वभावने ज्यारे निज अंतरमां दृढ करे छे, त्यारे परमात्माना धाममां जवाने अधिकारी थाय छे. तेथी ज्यारे मनुष्यने ए मार्गनुं योग्य ज्ञान थाय, त्यारे निस्संदेह ते प्रभुनुं साक्षात्कार दर्शन करी शके छे. मनुष्य जन्मनुं मोटुं फळ अथवा वैकुंठ पण एज छे. अने जगत्कर्त्ताए आपणने मनुष्य देह आप्यो छे तेनुं मुख्य कारण पण एज छे. परंतु ज्यांसुधी माणस पोताना हृदयनी आंख (ज्ञान दृष्टी) उघाडे नहि अने ते सूक्ष्म स्वरूपनी समजण अने ओळखाण रूडे प्रकारे मेळवे नहि त्यांसूधी ते परमात्माना दर्शननो अधिकारी थइ शकतो नथी, एटले दर्शन करी शकतो नथी..

ईश्वरनुं महात्म्य जाणवानुं खरेखरुं साधन तेनी अद्‌भूत सृष्टि रचना छे ते रचनाने जाणवानुं साधन इंद्रियो छे, अने ते इंद्रियोनुं स्थान देहने विषे छे. ए देह पांच तत्वोना संबंधथी रचवामां आवेलो छे.

आ जीव, परलोक माटे भथ्थुं प्राप्त करवा स्थुळ तत्वोना प्रदेशमां आवी भ्रमण करे छे ते पोताना मनने यथास्थित ओळख्या पछी परमात्मानी ओळखाणनुं अवलंबन करे छे. सर्व पदार्थोनुं ज्ञान देहने इंद्रियोनी मारफत थाय छे, अने ज्यांसुधी आ जगत्‌नो व्यापार इंद्रियो वडे जाणवामां आवे छे, त्यांसुधी आ पुरूष संसारमां जीवे छे, अने ज्यारे इंद्रियो आ खबर आपवाथी विमुख बने छे, तथा आ जीव पोताना असल स्वभावमां समावेश करी ले छे, स्थिर थाय छे, त्यारे ते परलोकमां जाय छे. माटे आ जगत्‌मां माणसनुं आववुं एटला माटे छे के पोताना कार्यने सारी रीते ते संपादन करे.

सर्ग बीजो.

शरीर तथा हृदयना रक्षण विषे.

संसार विषे आ जीवने बे काम अवश्य करवानां छे. तेमां प्रथम पोताना अंतःकरणने अशुभ स्वभावोथी बचाववुं शाथी के अशुभ स्वभावे करीने बुद्धिनो नाश थइ जाय छे. माटे दुष्ट विकारोथी बचवा सारू मनुष्ये मुख्यत्वे

કરીને અંતઃકરણનો ખોરાક પણ પ્રાપ્ત કરવો. બીજું કામ એ છે કે શરીરની સ્થિતિવડે અંતઃકરણની સ્થિતિ છે, માટે શરીરનું રક્ષણ પણ જરૂરનું છે. અને તે રક્ષણ સારૂ જે પદાર્થોની જરૂર છે, તે તેને અંતઃકરણના રક્ષણ માટે મળવાજ જોઇએ. સાથે સાથે દેહ તે પદાર્થો મેળવવામાં પ્રમાદી ન થાય, તેટલા માટે અંતઃકરણના ખોરાકની પહેલ વહેલીજ જરૂર છે અને અંતઃકરણનો ખોરાક પરમેશ્વરનું ઓળખાણ, અને પરમેશ્વરપર પ્રેમ, એજ છે.

સૌનો ખોરાક પોત પોતાના સ્વભાવને અનુકુળ પડતો હોય છે, અને જે અનુકુળ હોય, તેજ પ્રિય લાગે છે. એ બાબત આગળ પણ કહેવામાં આવ્યું છે કે જન સ્વભાવની અનુકુળતા મૂળે પરમેશ્વરનું ઓળખાણ કરવાની છે, તેને તજી તે જ્યારે અન્ય પદાર્થોપર આસક્ત થાય છે, ત્યારે તે જીવની બુદ્ધિનો નાશ થઇ જાય છે. દેહનું રક્ષણ તથા તેને લગતાં સુખ છે તે પણ અંતઃકરણના સુખ સારૂ અતિ અગત્યનાં છે.

આ ચૈતન્ય સ્વરૂપ હૃદય અવિનાશી છે, અને આ દેહતો નાશવંત છે, અર્થાત્ જીવ અને શરીરનો સંબંધ તે તીર્થ સ્થળે અનુક્રમે યાત્રાળુ અને ઉંટના સંબંધ જેવો છે. પણ યાદ રાખવું જોઇએ કે યાત્રાળુ સારૂ ઉંટની જરૂર છે, પણ ઉંટને સારૂ યાત્રાળુની જરૂર નથી. જો કે યાત્રાળુ ઘાસ અને પાણીવડે ઉંટની રક્ષા કરે છે, પણ તે મુખ્ય કારણ પોતાની તીર્થયાત્રાની સગવડ છે, અને ગૌણ કારણ ઉંટનું રક્ષણ છે. પરન્તુ ઉંટની રક્ષાનો વિષય તેના રક્ષકનો સ્વાર્થ સાધક છે અને યાત્રાનું કામ પુરૂં થયા પછી ઉંટની જરૂર પડતી નથી. માટે માણસને ઘટે છે કે ઉંટ (શરીરરૂપી) ની સંભાળ રસ્તામાં પોતાના યાત્રા કરવાના કામની સીદ્ધિ થવા યોગ્ય જેટલી રાખવી જોઇએ તેટલીજ લે; પણ અહર્નિશ ઉંટની સેવામાં જો તે દિવસો ખુએ તો સાથે ચાલનારા યાત્રાળુઓથી વિખુટો પડે છે અને તીર્થ સ્થળને વિષે તે પહોંચી શકતો નથી. તેવાજ રીતે જો આ મનુષ્ય ઉમર ભર અહાર વિહારના વિચારમાં તથા વ્યવસાયમાંજ રચ્યો પચ્યો રહે અને પોતાના અંતઃકરણની રક્ષાને ભૂલી જઇને વિઘ્નોથી માત્ર શરીરનીજ રક્ષા કર્યા કરે, તો તે માણસ ખરા જ્ઞાનથી અજ્ઞાન રહીને પોતાના કર્ત્તવ્યને સાધી શકતો નથી.

સંસારમાં શરીર રક્ષા સારૂ જે ત્રણ પદાર્થ અગત્યના છે, તે અહાર, લુગડાં અને ટાઢ તડકાથી રક્ષણ કરવા સારૂ સ્થાન એટલાંજ છે. પ્રાણીના રક્ષણ સારૂ માણસને એ ત્રણ પદાર્થોથી અધિક કંઇ જોઇએ નહિ. વળી માયાના સર્વ

પદાર્થોનું મૂળ પણ એજ છે. તેમજ માયામાં લુબ્ધ કરનાર સર્વ પદાર્થોનું આદિ કારણ એ ત્રણ પદાર્થ છે, તથા સંસારના ઝગડાનાં સઘળાં તત્ત્વો એ પદાર્થોના પરમાણુઓથી રચાયલાં છે.

હૃદયનો અહાર જે ભગવાનનું ઓળખાણ છે, તે જેટલું વધારે હોય તેટલું સુખદાયક છે, અને શરીરનો અહાર જે અનાજ છે તે જ્યારે મર્યાદથી અધિક અંગીકાર કરે છે ત્યારે તેણે કરીને શરીરનો નાશ થાય છે. પણ આ જીવ વિષે ભગવાને ભોગોની અભિલાષા રચી છે, તેનું પ્રયોજન એ છે કે તે અભિલાષા આહાર, વસ્ત્ર અને સ્થાનની ઇચ્છા કરનારો થાય. અને તેણે કરીને આ દેહ રૂપ અશ્વનું રક્ષણ થાય, તથા તેમ થવાથી ભગવતનું ઓળખાણ થવાના માર્ગની મુસાફરી સુખરૂપ થાય પણ એ તૃષ્ણા એવી પ્રબલ રચી છે કે તે પોતાની મર્યાદામાં રહેતી નથી, અને હમેશા અધિકતાને ઇચ્છે છે, તેથી ભગવાને બુદ્ધિ ઉત્પન્ન કરી છે કે જે એ અભિલાષાને મર્યાદમાં રાખે. હદમાં રાખવાનું કામ મહાન્ પુરૂષોજ સાધી શકે છે. અને એ વાત પણ ખરી છે કે મુશ્કેલીયોના પ્રમાણમાંજ જયની મહત્તા છે. તે મહત્તા મેળવવાનો મનુષ્ય અધિકારી બને, તેટલા સારૂ પરમાત્માએ તેને બુદ્ધિની બક્ષિસ કરી છે. તે તૃષ્ણારૂપી ઘોડાને હદમાં રાખવા માટે લગામરૂપ છે. અને સંતજનોની રસના વિષે ધર્મશાસ્ત્રનાં વચન ઉત્પન્ન કર્યાં છે તે એટલા માટે કે એ વચનોએ કરીને વિચારની મર્યાદા પ્રગટ થાય. પરંતુ ભોગોની અભિલાષા બાળપણમાંથીજ એ જીવ ઉપર પ્રબલ થઇ હોય છે, શાથી કે શરીરની પ્રતિપાલના તે વડે થાય છે. ખાનપાનાદિક ભોગો અને બુદ્ધિનો પ્રવેશ પછી થયો છે. તેથી ભોગોએ પ્રથમથીજ હૃદયસ્થાનને ઘેરી લીધું છે.

આગળ વધો તો જન્માંતરની શ્રેણીથી ખાનપાનાદિકનો ભોગવટો આ જીવ કરતો આવ્યો છે. માટે બાળપણમાં આ સઘળું સમજવા જેટલી બુદ્ધિની ખામીને લીધે આ સઘળા છંદોનો આ જીવ દીર્ઘકાળનો સહવાસી થઇ રહે છે, અને એવા દીર્ઘકાળના પરિચિત મિત્ર ખાનપાનને તજી અથવા તેનો વિયોગ ખમી, અપરિચિત પણ હિતેચ્છુ મિત્ર બુદ્ધિની સલાહ અંગિકાર કરવાનું જીવને પસંદ પડતું નથી. અને પસંદ શી રીતે પડે ? પોતાનો પરાભવ પોતાને હાથે કોણ કરાવે ? જો બુદ્ધિ કરતી કારવતી થાય તો ભોગ વિલાસનું ચલણ રહે નહિ અને જીવનાં કષ્ટોનો નાશ થાય. પરંતુ "વિખનો વિલાસી જીવ સાકરને શું કરે" ? એ ન્યાએ ભોગ વિલાસ તેને ખાડાજ બતાવ્યે છે. તથા બુદ્ધિની

સલાહનું ઉલ્લંઘન કરાવે છે, અને તેમાં જીવને મજા પડે છે. તેથી આહાર વસ્ત્રાદિક ભોગ વિલાસના પદાર્થોમાં મનુષ્ય મોહિત થાય છે, અને પોતે પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે, તથા ખાનપાનાદિકમાં પ્રમત્ત બને છે. તેમજ પ્રમાદ તેને નશાના ખાડા તરફ આકર્ષે છે, અને પરમેશ્વરની પીછાન રૂપ સારા કાર્યમાં વિધ્ન આણે છે વિચારની મર્યાદા તો પછીથી પ્રકટ થાય છે. પણ તેને ઉલંઘીને વર્તે છે, તેથી મનુષ્ય પોતેજ ભોગોમાં આસક્ત થઇ જાય છે. ખાન, પાન, વસ્ત્ર ઇત્યાદિ પદાર્થો શા કારણસર છે, અને જીવે આ જગત્‌માં શા માટે જન્મ લીધો છે, તેનું પણ માણસને ભાન રહેતું નથી. જેમ મગર પોતાના અવયવો પાણીમાં છુપાવી, શીકારને ભૂલાવામાં નાંખી પાસે આવવા લલચાવી, તેને ઉંડા પાણીમાં ઘસડી મારી ખાઇ જાય છે, તેમ ભોગ વિલાસરૂપી મગરના પ્રતાપે આ જીવ અજ્ઞાનરૂપી જળના પ્રવાહમાં ઘસડાતો ઘસડાતો હૃદયના અહારથી વંચિત થઇ, પરલોક ગમન કરવાને સારૂ જોઇના ભથ્થાનો સંગ્રહ કરવામાં પરિણામે અશક્તિમાન બને છે. ભાતુ ન હોય તો મુસાફરી કેવી રીતે થાય ? અને ખાય શું ? અને ખાય નહિ તો જીવે કેમ ? અને જીવે નહિ તો થાય શું ? એ સઘળા સવાલોનો જવાબ તેને અનુકુળ મળતો નથી. જે કરે તે ભોગવે પોતાની ફરજ ન બજાવે તેનું તો એમજ થાય. ઉપરના વૃત્તાંતથી તમે માયાનું સ્વરૂપ, માયાનાં વિધ્ન અને હેતુ સારી રીતે જાણ્યાં હશે. તે પછી તમારે હવે માયાનો વિસ્તાર તથા તેની શાખાઓનું જ્ઞાન પણ મેળવવું જોઇએ.

સર્ગ ૩ જો.

માયાના વિસ્તારનું વર્ણન.

વિચાર દૃષ્ટીથી જોઇએ તો આ સંસાર ત્રણ પદાર્થનો બનેલો જોવામાં આવે છે, તેમાંનો એક પ્રત્યક્ષ વનસ્પતિ છે, બીજો પર્વત માંહેલી ખાણો છે, અને ત્રીજા નાના પ્રકારના જીવો છે. વનસ્પતિની ઉત્પત્તિ તથા ઉપલા બે પદાર્થોની સ્થિતિ એ ધરતી માતાની આશ્રીત વા તેની પુત્રી છે, એમ કહેવામાં આપણે જરાપણ ભૂલતા નથી. અર્થાત્ તેમની ઉત્પત્તિ, સ્થિતિ વગેરેને સારૂ ધરતી અગત્યની છે. વળી સંસારમાં વપરાતો અમુક પદાર્થ ધરતીમાંથી થયો

નથી એમ કહેનારને આપણે અજ્ઞાની અને જુઠાજ કહીશું.

તાંબુ, લોઢું, સીસું, કલાઇ, સોનું, રૂપું વગેરે ધાતુઓની ખાણો છે, તે વાસણ, લુગડાં વગેરેને માટે સરજવામાં આવી છે, અને વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિ તેમને પોત પોતાનેજ માટે કરવામાં આવી છે. પરંતુ મનુષ્યે પોતાના હૃદય તથા શરીરને એ ખટપટમાં પ્રેર્યાં છે. હૃદયનું બંધન સ્થુળ સંસારની પ્રીતિ છે, તથા શરીરનું બંધન આ જગત્માં કાર્યો છે પણ માયાપરની પ્રીતિથી ચિત્તમાં એવા તો દુષ્ટ વિકારો ઉત્પન્ન થાય છે, કે તે નર્યા બુદ્ધિના નાશનું કારણ થઇ પડે છે. દાખલા તરીકે તૃષ્ણા કૃપણતા, અદેખાઇ, દુશ્મની, વગેરે દુષ્ટ વૃત્તિઓ નક્કી બુદ્ધિનો નાશ કરનારી છે.

માયાનાં કાર્યોએ શરીરને એવો પાશ બાંધ્યો છે કે તે હૃદયના મોહનું કારણ પણ થઇ પડયાં છે. અને તે મોહનીના, રમણ ભ્રમણમાં જીવ પોતાને તથા પરલોકને પણ ભૂલી જાય છે; તોપણ માયાનું મૂળ કારણ અહાર, લુગડાં તથા રેઠાણ મનુષ્યને માટે અગત્યનાં છે, એ બાબત કોઇથી ના કહી શકાય તેમ નથી; અને તે હદમાં હોય તો હૃદયના ખોરાકને ઉપજાવવાને માટે બરાબર જેવા મદદગાર પણ છે; અને તે નિશાન તરફ આપણી તાકણી હોય તો "શરીર રક્ષતો ધર્મ" શરીરનું રક્ષણ કરવું એ ધર્મ છે એ ન્યાયે શરીરનું રક્ષણ કરવું એ આપણું કર્તવ્ય કર્મજ છે. પણ તેની અતિ વ્યાપ્તિમાં પરલોક ગમનના, તથા પરમેશ્વર પ્રાપ્તિના આપણા કાર્યને આપણે ભૂલી જવું જોઇએ નહિ.

ખેતી કરવી, લુગડાં બનાવવાં, રેઠાણ કરવાં, વગેરે જે જે ધંધા છે, તે સર્વ માયાના ઉપર લખ્યા સર્વ મૂળ કારણોના આશ્રિત માત્ર છે, અર્થાત્ તેનેજ અવલમ્બીને રહેલા છે. તે સર્વ ધંધામાં જો મિશ્ર વા કેવળ સહોદ્યોગ ન હોય તો સંસારનો સઘળો વ્યવહાર અટકી પડે છે. જેમકે લુગડાં બનાવવામાં સૂતરીઆ, ધોબી, દરજી વગેરેનો પ્રત્યક્ષ એકત્ર મહેનત એ કેવળ સહોદ્યોગનો દાખલો છે. અને કારીગરોને સારૂ ધાન્ય તથા ઓજારો વગેરે બનાવનારાઓની મહેનત એ મિશ્ર સહોદ્યોગનો દાખલો છે, અર્થાત્ એ સર્વ કારીગરોની એકત્ર મેહેનતથી એ પદાર્થો બને છે. મતલબ કે કેવળ અથવા મિશ્ર સહોદ્યોગથી એ પદાર્થ બને છે. એ સહોદ્યોગ ન હોતતો મનુષ્ય જાતની આટલી ઉન્નતિ થાત નહિ. બલકે દરેક જણને પોતાની ખોરાકી પોષાકી મેળવવામાં એટલું તો કષ્ટ વેઠવું પડત કે તેને હૃદયનો ખોરાક મેળવવા જેટલો અવકાશ પણ રહેત નહિ.

માટે પરસ્પરની સહાયતાની અપેક્ષા દરેક જણ કરે છે.

પરસ્પર સહાયતામાં અનીતિ તથા તૃષ્ણાના પ્રભાવે સામ્ય (સરખાપણું) સચવાઇ શકાતું નથી અર્થાત જન સમુદાય ન્યાય અને વિવેકના કાયદાથી વેગળો જાય છે અને તેથી વ્યવહારમાં ગડબડ થાય છે. તેમાંથી એક બીજાની લાગણી દુખવવાના બનાવો જન્મ પામે છે. તે બનાવોનો જન્મ તથા પોષણ અટકે તે કારણસર બીજા ત્રણ કર્તાઓની જરૂર છે.

તેમાં પ્રથમ ધર્મશાસ્ત્રી જરૂરનો છે તે એવો જોઇએ કે જે ધર્મની મર્યાદા અચ્છી રીતે સમજાવી શકે. બીજો પરસ્પરના ઝગડાઓનું અચ્છી રીતે સમાધાન કરાવી શકે, અને તેમાં તે તેના શ્રોતાઓને શ્રદ્ધા ઉત્પન્ન થાય એવો ઉત્તમોત્તમ વિચાર તથા વર્ત્તણુકનો જોઇએ. ત્રીજો કોઇ બળવાન રાજા જોઇએ, કે જે અપ્રમાણિક મનુષ્યને શિક્ષા કરે.

ઉપલી સર્વ બાબતો એક બીજા સાથે સંબંધ ધરાવે છે. અને તે સંબંધનો અધિકથી અધિક ફેલાવો થતો જાય છે. કારણ સંસાર એ ફેલાવાનો ને ખસવાનો પર્યાય છે, અર્થાત્ તે આગળ વધવાની સૂચના કરે છે. પરન્તુ લોકોએ તે સંસારની ખટપટમાં પ્રવર્ત થઇ પોત પોતાને ઓળખવાનું ભાન ખોયું છે, અને આહાર, લુગડાં, રેઠાણ વગેરે જે પ્રાણના રક્ષણનું કારણ છે, અને જે માયાના સર્વ પદાર્થોનુ મૂળ છે, તેને તેની અગત્ય કરતાં વધારે યોગ્યના લાગુ પાડવામાં આવે છે. સસાર વ્યવહારના સર્વ કાર્યોનું કારણ આહાર વગેરે ત્રણ પદાર્થ છે, અને એ પદાર્થોની અગત્ય શરીરની રક્ષા માટે છે, તથા શરીરની રક્ષા એ જીવની રક્ષાને સારૂ જરૂરની છે. એટલે શરીર એ આ જીવને લેઇ જનારૂં વાહન છે, અને જીવની ઉત્પત્તિનું કારણ પરમેશ્વરની ઓળખાણ કરવી એ છે. પરંતુ મનુષ્યોએ માયાનાં કામોમાં લીન થઇ પોતાનું પોતાપણું ગુમાવ્યું છે, અને પરમેશ્વરની ભક્તિને ભૂલી ગયાં છે. જેમ કોઇ યાત્રાળુ યાત્રાએ જવાનો માર્ગ તથા સાથે ચાલનારા યાત્રાળુઓને ભૂલી જઇ પોતાનો સઘળો કાળ પોતાના વાહનની બરદાશમાં ગુજારે છે, અને તેથી તેનું યાત્રાએ જવાનું કાર્ય ફળીભૂત થતું નથી; તેમ જે મનુષ્ય પરલોકના સુખકર મારગ ઉપર પોતાની નજર ન રાખતાં તથા પોતાને પરદેશી નહિ જાણતા માયાના પ્રદેશનો પોતાને જાથુકનો રહેવાશી સમજી માયાની મોહજાળમાં હદ ઉપરાંત આસક્ત થઇ જાય છે, તેણે માયાના ભેદનું બરાબર જ્ઞાન મેળવ્યું નથી; એ વાત તો

સૂર્યની રોશનીની માફક પ્રકાશિત છે, અને માયા બરાબર ઓળખાતી નથી તેનું મુખ્ય કારણ તેનું મહા મોહનીરૂપ છે. તે ઉપર અનુભવી મહાત્માએ કહ્યુ છે કે "એ માયા મન્ત્ર, યન્ત્રવડે કરીને જીવોને મોહ પમાડનારી છે તેથી તેના સઘળા છળ ભેદથી ભયભીત થવું લાયક છે. (ઘટારત છે) તે છળે એવો છે, એ નિઃશંક છે તેથી તેના છળની કળ ખસુસ કરી ધ્યાનમાં રાખવી જોઇએ. તેનું દિગ્દર્શન થવા માયાના છળોનું દાખલા આપી વર્ણન કરૂં છું.

સર્ગ ચોથો.

માયાના છળનું વર્ણન.

માયાના છળ ભેદનો પહેલ વહેલો દાખલો એજ છે કે એ માયા હુમેશાં સ્થિર ભાસે છે, અર્થાત તે હમેશાં રહેશે એવું લાગે છે. પરંતુ તે એવી ઠગારી છે કે ઝાંઝવાંના જળની માફક હુમેશાં દૂરની દૂર રહી, મનુષ્યને પોતાની પાછળ દોડાવતી જાય છે, અને કાંઇપણ સંતોષકારક પરીણામ વગર નિરર્થક તેને દોડાવીને થકવી નાંખે છે. વળી ભગવત્ પીછાન સારૂ તેનું જરા જેટલું બળ પણ સિલિકમાં રહેવા દેતી નથી. પ્રતિક્ષણે એ ઠગારી માયાની સ્થિતિ એટલી તો સૂક્ષ્મ તર થતી જાય છે, કે તેને અજ્ઞાન તિમિરમાં અંજાયલો મનુષ્ય પિછાણી શકતો નથી.

જેમ ઝાડની છાયાને ઉપલક અવલોકનથી તપાસીએ છીએ, ત્યારે તે સ્થિર ભાસે છે, પણ બારીક અવલોકનથી તપાસવામાં આવે તો તે ક્ષણવાર પણ એકજ સ્થિતિમાં સ્થિર રહેતી નથી, એમ ખુલ્લી રીતે માલુમ પડશે. તેવી રીતે આયુષ્ય હુમેશાં ટકી રહેશે એમ માણસ જાણે છે, પણ આયુષ્ય તો દરેક ક્ષણે ઘટતો જાય છે. શરીર તથા આવરદા માયારૂપ છે, એ નિર્વિવાદ છે. વળી એ માયા એવી દગાખોર છે કે મનુષ્ય એનાંથી સવેળા દૂર રહેવા સાવધાન રહી શકતો નથી. અને તે સર્વદા એનાથી વિખુટી પડતી જાય છે.

માયા મનુષ્ય પ્રત્યે ઘણી પ્રીતિ બતાવે છે, અને તે પ્રીતિથી મનુષ્ય ગુચવાડામાં પડે છે, અને અંતઃકરણમાં તે (માયા) પરની પ્રીતિ તથા વિશ્વાસ એવાં

દ્દઢ થઇ જાય છે કે, એ મ્હારી પરમ પ્યારી છે, અને કદી પણ મને છોડી બીજા પાસે જવાની નથી એમ તે મનુષ્ય ધારે છે. પરંતુ એ માયા વ્યભિચારીણી સ્ત્રીની માફક હે મનુષ્ય ! તને ઓચિંતી છોડી તારા શત્રુ પાસે જતી રહેશે તે તું સમજતો નથી. સૌ કોઇ જાણે છે કે વેશ્યા પર પુરૂષોને પ્રીતિના પાશમાં સપડાવી તેમને મોહાંધ બનાવે છે, અને પોતાના ઘરમાં લાવી, તેનાં ધન, વીર્ય તથા લજ્જાનો નાશ કરે છે, અને કેટલીક દુષ્ટ વેશ્યાઓ તેને જાનથી પણ મારી નાંખે છે જીવે સમજવું જોઇએ કે આ માયા તેથી અધિક દુષ્ટ છે, અને તેણે તો વળી અસંખ્ય જમાનાનો પ્રબલ અનુભવ મેળવ્યો છે, તો પછી તે એક વેશ્યા કરતાં પણ કેટલી ભયંકર છે તેનો હે ! જીવ તું વિચાર તો કર !

આચાર્ય મહારાજને સ્વપ્નામાં માયાનું સ્ત્રી સ્વરૂપે દર્શન થતાં તેમણે તેને પૂછ્યું કે " તેં કેટલા પતિ કર્યા છે ? " ત્યારે તેણે વળતો જવાબ આપ્યો કે " મેં અસંખ્ય પતિ કર્યા છે " ત્યારે તેમના તરફથી ફરી પૂછવામાં આવ્યું કે " તે સઘળા મરી ગયા કે તેમણે તારો ત્યાગ કર્યો છે ? " માયાએ જવાબ આપ્યો કે મેંજ તે સઘળાઓને યમરાજાના મુલાકાતે મોકલાવ્યા છે. "

માયાનું આવું બોલવું સાંભળી આચાર્ય મહારાજ લોકની મૂર્ખતા ઉપર હસ્યા અને બોલ્યા કે " જેણે જેણે તારી સાથે ખુબ પ્રીતિ કરી છે, અને જે તારામાં લીન થયા છે તે સઘળા નાશ પામ્યા છે, તથા દુઃખી થયા છે, તોપણ તેઓ તારાપર મોહિત થયા છે, અને બીક રાખતા નથી, એથી મને વધારે આશ્ચર્ય થાય છે. "

માયા કપટી મનુષ્યની માફક બહારની ટાપટીપથી સુંદર જોવામાં આવે છે, પરંતુ અંદરખાને દુઃખ તથા વિઘ્ન કરવાની તેની વાંછના હોય છે, તેને તે છુપાવી રાખે છે. તેના આવા દાંભિક હાઠથી અજ્ઞાનજનો એકદમ લપટાઇ જાય છે. જ્યારે અંદરના ભેદથી તેઓ વાકેફ થાય છે, ત્યારે સુંદર વસ્ત્રાલંકારોથી ભુષિત થયેલી તથા ઘુમટાથી ઢંકાયેલી કુરૂપસ્ત્રીના આશકની માફક પસ્તાય છે. અર્થાત્ માયા સુશોભિત દેખાતી પરંતુ ખરી રીતે મુખ ઉપર થોડુંક દૂધ અને નીચે સર્વત્ર વિષથી ભરાયલા ઘડાના જેવી મનુષ્યને મોહ પમાડનારી તથા પાયમાલ કરનારી છે.

મહાત્માએ કહ્યું છે કે " પરલોકમાં માયાની શિકલ (રૂપ) મહા કુરૂપ-

વાન ડોશીના જેવી જોવામાં આવશે. તેની બિહામણી આંખો, મોઢામાંથી બહાર નીકળી આવેલા દાંત, વગેરે નિહાળીને પરમાત્મા પ્રત્યે મનુષ્ય અરજ કરશે કે "હે મહારાજ! આ દુષ્ટાથી મારૂં રક્ષણ કરો" અને પૂછશે કે "એ મહા રાક્ષસી કોણ છે?" ત્યારે આકાશ વાણી થશે કે "જે માયા સારૂ તું અદેખાઇ તથા વિરોધ કરતો હતો અને પ્રાણીયોનો ઘાત કરતો હતો અને જેના મોહમાં ભાવના રહિત તથા દયાહીન બની જતો હતો, અથવા જેનો પક્ષ ખેંચી તું અભિમાન ધરતો હતો, તેજ એ દુષ્ટ માયા છે.

વળી દુષ્ટ માયાને નર્કમાં નાંખવાને જ્યારે હુકમ થશે કે આ માયાને મહા નરકમાં નાંખો ત્યારે માયા યાદ દેવડાવી કહેશે કે મારા વહાલા કયાં છે? ત્યારે હુકમ થશે કે એના પ્યારાઓને પણ નર્કમાં નાંખો એ રીતે પોતાના વહાલાઓને પણ નર્કમાં નંખાવવા સંબંધમાં હુકમ મેળવી લેશે. કેવી કૃતઘ્ની એ માયા છે?

માયાની ઉત્પત્તિ તથા તેના નાશનો જો વિચાર કરવામાં આવે તો કાંઇપણ શક વગર જણાય કે માયાને આદિ નથી, તેમ અંત પણ નથી. અને આદિ ન હોય તેને અંત કયાંથી હોય? બહુધા મધ્યકાળને વિષે થોડાક દિવસ એની સ્થિતિ માની શકાય. જેમ કોઇ મુસાફર દેશાટન કરવા નીકળ્યો હોય અને રસ્તામાં થોડા દિવસ વાસો કરે, તેમ સંસારની શરૂઆત પારણું છે, અને છેડો મશાણ છે. એ બેની વચ્ચે કેટલીક મજલો કાપવાની છે. તેમાં માનો કે વર્ષ મજલની માફક છે; મહિના યોજનની માફક છે, અને દિવસ ગાઉ પ્રમાણે છે, અને શ્વાસો શ્વાસ એ ઝાડ છે.

સઘળા જીવો મૃત્યુના રસ્તામાં મુસાફરી કરતા કરતા આગળ ચાલ્યા જાય છે, તેમાં કોઇને જોજન સુધીનો, કોઇને એથી થોડો, અને કોઇને એથી વધારે પંથ કાપવાનો છે.

માણસ પોતાને આ દુનિયાનો જાથુનો નિવાસી સમજે છે, અને દીર્ઘકાળ રહેવાની આશા કરી કામોનો આરંભ કરે છે. પરંતુ અજ્ઞાનથી એટલું વિચારી શકતો નથી કે હું બે ચાર, વા શુન્ય દિવસનો નિવાસી છું.

વિષયમાં લપટાયલો જીવ માયાના ભોગ વિલાસમાં મચ્યો રહે છે, અને ઘણો ખુશી થાય છે, પણ પરલોકમાં જાય છે, ત્યાં એટલું દુઃખ તથા લજ્જા

પામે છે કે તેનું વર્ણન કરી શકાતું નથી. જેમ કોઇ માણસ ગળ્યું અથવા ચીકાશવાળું ભોજન લઇ તે સારી પેઠે ખાય છે, અને પછી પેટમાં દુખાવો થવાથી બહુ હેરાન થાય છે; અને તેને શુળ, ઉલટી, તથા અતિસાર થઇ આવે છે, તથા પરિણામે અંતે મૂર્છા વશ થઇ જાય છે; વળી દુર્ગંધવડે તેને બહુ અકળામણ આવે છે, અને શરમાય છે. તેનું સ્વાદનું સુખ તો ચાલ્યું જાય છે અને બાકીનાં તો ફક્ત દુઃખજ રહે છે, જે પ્રયત્ન કરતાં છતાં દૂર થઇ શકતું નથી. સાર એ કે ભોજન જેટલું સ્વાદિષ્ટ હોય છે, તેટલુંજ પરિણામે અધિક અધિક દુઃખ વર્ધક હોય છે; તેજ પ્રમાણે આ સંસારમાં માયાના અતિ ભોગ વિલાસ જે ભોગવે છે તે પરલોકમાં તેટલોજ દુઃખી થાય છે, અને બહુ શરમાય છે, તથા તે અન્તકાળે પ્રત્યક્ષ દુઃખ પણ તે અનુભવે છે. દરેક મનુષ્ય પાસે જેમ જેમ અધિક ભોગ વિલાસના પદાર્થો, બગીચા, નોકર, દાસ દાસીઓ તથા અધિક સોનું, ચાંદી વગેરે આવે છે, તેમ તેમ અન્તકાળે તે અધિક અધિક દુઃખનો અધિકારી બને છે; પરંતુ માયાની થોડી સામગ્રીવાળો થોડો દુઃખી થાય છે. એ ભોગ વિલાસના વિયોગનું દુઃખ છે, તે શરીરના નાશ થયા પછી પણ કાયમ રહે છે, અને વધારે વધે છે; કારણ કે માયાપરની પ્રીતિ મનુષ્યના અંતઃકરણનો સ્વભાવ છે. તે પ્રીતિ શરીરનો નાશ થયા બાદ મનુષ્યનું હૃદય પોતે પોતામાં સ્થિર કરી લે છે. એ કારણથી માયાના ભોગોની પ્રીતિના આકર્ષણથી તે હૃદય ઘણુંજ દુઃખી થાય છે.

માયાનાં કાર્યોને કરનાર મનુષ્ય જ્યારે કોઇ કાર્ય કરવા લાગે છે, ત્યારે શરૂઆતમાં તેને તે કાર્ય નજીવું લાગે છે. તે જાણે છે કે હું જલદીથી એ કામ પાર પાડીશ અને તેમાં તલ્લીન થઇશ નહિ. પરંતુ એ કાર્યના સંબંધના આશા અને તૃષ્ણા વધે છે, ત્યારે એકજ કાર્યમાં ધ્યાન લગાડવાને બદલે હજારો જગોએ મનોરથોનું આકર્ષણ થાય છે. અને ઘણે ઠેકાણે ધ્યાન લગાડવાથી એકે કામ બરાબર થઇ શકતું નથી, પણ આકર્ષણનો વધારોજ થયે જાય છે. એ વિષે આચાર્ય મહારાજનું કહેવું છે કે “ માયાની તૃષ્ણાથી મનુષ્ય બહુજ અસંતોષી બને છે.” જેમ કોઇ તૃષાવન્ત મનુષ્ય ખારવાળી જમીનનું ખારૂં પાણી જેમ જેમ પીએ છે તેમ તેમ વધારે વધારે તરસની વેદનાથી પીડાય છે, અને આખરે એ જળ સારી પેઠે પીતો પીતો તે મરણને શરણ થાય છે.

કોઇ માણસ પાણીમાં ઉતરે તે કદી પણ કોરો રહેતો નથી; તેમ, માયાના

વ્યવહારમાં આસક્ત થએલો મનુષ્ય કદિપણ તે માયાથી ખરડયા વગર રહેતો નથી. અર્થાત્ તેને જરૂર લેપ લાગે છે. કોઇક એવા વિરલા જનો હોય છે કે જેઓ માયાની સંગતમાં રહી આસક્ત થતા નથી. પણ તેવા ઘણાજ થોડા કહો કે વિરલાજ હોય છે.

જેમ કોઇ ગૃહસ્થના ઘરમાં કોઇ પરોણા આવી ઉતરે અને તે ગૃહસ્થ તેમની સારી રીતે બરદાસ લે, સાફસુફ કરાવેલી જગ્યામાં તેઓને ઉતારો આપે, રૂપાનાં વાસણોમાં ભોજન કરાવે, અને સુગંધવાળા પદાર્થો તેઓને સુખ વૃદ્ધિ કરવા સારૂ અર્પે. આવી રીતે તેને ત્યાં કેટલાક પરોણાની આવજા થયાં કરે, અને ઘરધણી તેઓની સારી પેઠે બરદાસ રાખે; આવેલા પરોણાઓમાંથી જેઓ બુદ્ધિમાન હોય છે, અને ઘરધણીની રીતભાત જાણે છે, તેઓ ભોગવવા સારૂ મળેલા પદાર્થો વાપરવામાં લઇ, ઘરધણીને તેનાં વાસણો પાછાં સોંપે છે અને તેનો ઉપકાર પણ માને છે. પરંતુ જે પરદેશી મૂર્ખ હોય છે, તે વાપરવા મળેલા સુગંધીદાર તથા ભોજનના પદાર્થો સાથે રૂપાનાં વાસણ પણ પોતાને મળ્યાનું સમજી લે છે, અને તેવા વિચારમાં ચાલતી વખતે પારકી માલીકીનાં વાસણો પોતાની સાથે ઉપાડી લઇ જાય છે. એટલે ઘરધણી આવી જ્યારે પોતાનાં વાસણો તેના પાસેથી ઝુંટી લે છે, ત્યારે શોકવાન ને દુઃખી થાય છે ને બુમો પાડે છે.

તેમજ આ સંસાર પરદેશીઓનુંજ રેહઠાણ છે; અને તે રેહઠાણ પરદેશી જીવોને પોતાનું ભલું કરવા સારૂ પરમેશ્વરે સરજ્યું છે. માટે પરમાત્માનું હાર્દ સમજનાર જીવોએ અન્ય બાબતોમાં મોહિત ન થતાં પોતાનું ભલું તૈયાર કરી લેવું જોઇએ. આ વાતનો સાર સમજનારા બુદ્ધિમાન મનુષ્યો પોતાના કામની સિદ્ધિમાં મચ્યા રહે છે, અને મૂર્ખાઓ માયિક પદાર્થોના લોભ તથા ભોગ વિલાસમાં આસક્ત થઇ, બંધાઇ જાય છે, તથા ફરી તે પદાર્થોનો વિયોગ થયે અતિશય દુઃખી થાય છે.

સંસારી જીવો માયાના પાશમાં એટલા લીન થઇ જાય છે, કે પરલોકની વાતનું પણ તેમને સ્મરણ રહેતું નથી. તેનું દૃષ્ટાંત નીચે પ્રમાણે.

એક વહાણમાં પરદેશ જવા કેટલાક ઉતારૂઓ ચડયા હતા, આગળ ચાલતાં એક બેટ આવ્યો, જ્યાં સર્વ રસોઇ પાણી સારૂ ઉતર્યા; ત્યારે વહાણના કપ્તાને બુમ પાડી સર્વેને કહ્યું, હે ભાઇયો ! સૌ કોઇ પોત પોતાનું કામ કરી

જઇ, વહેલાં વહેલાં વહાણે ચઢી આવો. કારણ કે આ વહાણ ઉતાવળથી આગળ હંકારવામાં આવશે. જેઓ બુદ્ધિશાળી હતા, તેમણે તો પોતાના કામથી પરવારી વહાણમાં આવી. પોતાને મન ગમતી જગો મેળવી લીધી. અને ત્યાં સગવડે બેઠા; પરંતુ કેટલાક તો બેટમાં નાના પ્રકારના પક્ષીઓ, ફુલ, રંગીન પદાર્થ તથા રંગીન પથરા વગેરે પડેલા તેની નવાઇ પામી ને જોવામાં કેટલોક વખત ગાળી, વહાણ ઉપર આવી પહોંચ્યા. તેમને પહેલાઓના કરતાં ઓછી સગવડવાળી જગા મળી. તેથી સંકોચાઇને બેઠા ત્રીજા નંબરના વધારે અજ્ઞાન લોકોએ તો વધારે વધારે નવાઇમાં ગરક થઇ તથા લોભવશ વર્તી, જોવા માત્રથી સંતોષ ન પામી, રંગીન પથરા વગેરેની ગાંસડીઓ, પોટલીઓ બાંધી; અને તે સાહેત વહાણમાં આવી બેઠા. આપણે આગળ જોયું તેમ પેલા એમના કરતાં વધારે ડહ્યા ઉતારૂઓથી વહાણ ચિક્કાર થઇ ગયું હતું, એટલે પેલા ગાંસડા પોટલા રાખવાની જગો તો તેમને ક્યાંથી મળે? ન છુટકે ગાંસડા પોટલા પોતાના માથા ઉપર મૂકી એક બે દિવસ તેમણે પસાર કર્યા, તેમ કરતાં એક ગાંસડાંમાંના રંગીન પથરાઓ ઓગળી રંગરૂપે ફેરવાઇ ગયા, એટલે તેમાંથી બહુ દુર્ગંધ આવવા લાગી, અને દુર્ગંધ દૂર કરવા તે પથરાને દૂર ફેંકવાની અગવડને લીધે ગાંસડીઓ પાસે રાખવી પડી. અને દુર્ગંધથી બહુ દુઃખી થવા લાગ્યા, અને પસ્તાવો પણ કરવા લાગ્યા. વળી ચોથા નંબરના જડબુદ્ધિ જીવો તો બેટની રચના જોવામાં લીન થઇ, રચનાના મનહરપણાથી મોહિત થઇ, બેટમાં ફરતા ફરતા વહાણથી બહુજ દૂર નીકળી ગયા. પછી વહાણ પણ ચાલવા માંડયું. તેથી મનહરપણાનો લાભ લેનારાઓના શા વલે થઇ? ખરે ડહ્યા કપ્તાનના ડહ્યા શબ્દોપર ધ્યાન ન આપવાની તેમને શિક્ષા થઇ. શિક્ષાને પરિણામે ઘણા ભૂખ તરસથી મૃત્યુ વશ થયા, અને બાકીનાઓને સિંહ વગેરે હિંસક પ્રાણીઓએ મારી ફાડી ખાધા. એ વાતનો સાર એ કે સુજ્ઞ શરૂઆતમાંજ વહાણમાં આવી સારી જગાએ બેઠા તે વૈરાગી સમજવા; બેટમાંજ રહી મરણ શરણ થયા તે તામસી મનુષ્ય સમજવા; કારણ કે તેઓ માયાની જાળમાં પકડાઇ ભગવાનને પોતાને તથા પરલોકને વીસરી ગયા. અને પોતપોતાની મેળે માયામાં બંધાઇ ગયા. જે લોકોએ થોડી ઢીલ કરી, રંગીન પથ્થરો ઉઠાવવામાં થોડોક વખત ગુમાવ્યો, અને તેવા કારણથી આવવામાં બીજો નંબર મેળવવા પામ્યા, અર્થાત્ મોડા થયા તે રાજસી પ્રકૃતિના મનુષ્ય સમજવા. રાજસી પ્ર-

કૃતિનો મનુષ્ય તે કહેવાય છે કે જે ભગવાન તથા પરલોકને માને છે, પણ માયાનો ત્યાગ ન કરતાં જગતના પદાર્થોનો સંઘરો કરી નાહક બોજો ઉપાડે છે.

સર્ગ પાંચમો.

માયિક અને નિર્માયિક પદાર્થોનું વર્ણન.

માયિક પદાર્થોનો માયાની માફક મના કરેલી છે. તે પરથી એમ ન સમજવું કે માયા સંબંધના સર્વ પદાર્થો નિન્દા કરવા લાયક છે; શાથી કે આ સંસારમાં કેટલાક પદાર્થો એવા પણ છે, કે જે માયાથી રહિત છે. જેમ વિદ્યા અને શુભ કર્મો પણ સંસાર વિષે પ્રાપ્ત થાય છે, પણ માયાથી રહિત છે, અને પરલોકમાં પણ જીવોના સાહ્ય કરનાર તથા સંગી છે. જો કે પરલોક વિષે વિદ્યાના અક્ષર અને વચન પહોંચતાં નથી, તોપણ વિદ્યાનો જે ગુણ છે, તે જીવોની સાથે રહે છે. તે વિદ્યાના ગુણ બે પ્રકારના હોય છે. પ્રથમ તો હૃદયરૂપી રત્નની પવિત્રતા, અથવા શુદ્ધતા, પાપોનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે. અને બીજો ગુણ તત્ત્વ અને આનંદ છે; તે પરમેશ્વરનું ભજન અને ચિત્તની એકાગ્રતાથી પ્રાપ્ત થાય છે. એ સારા ગુણો સત્ય સ્વરૂપ છે. માટે ભગવાનની સ્તુતિ અને ભજનનું જે તાત્પર્ય છે, તે બધાં કાર્યોથી અધિક છે. પરંતુ તે રહસ્ય પણ આ જગતમાંજ પ્રાપ્ત થાય છે, અને તે માયાથી રહિત છે. આથી સિદ્ધ થાય છે કે બધાએ રસ કાંઇ વખોડવા લાયક નથી. વિચાર કરવાથી માલુમ પડે છે કે પરિણામ મેળવવાનો રસ કે સ્વાદ નિન્દ્ય નથી તે સ્વાદ પણ બે પ્રકારનો છે. તેમાં એક તો એ કે જે સ્વાદે કરીને શરીર બળવાન થાય છે તે નિન્દ્ય છે, કારણ કે એવા સ્વાદે કરીને પ્રમાદ અયોગ્યતા અને સંસારની સાચાઇ વધે છે. બીજું સુખ જે આહાર, વસ્ત્ર અને સ્થાને કરીને પ્રાપ્ત થય છે. તે પણ જો કે નાશવંત છે, તોપણ નિન્દ્ય નથી. કારણ કે વિદ્યા અને સારાં કર્ત્તવ્યો પણ એનાથીજ સિદ્ધ થાય છે. માટે એને પરલોકનાં સોબતી કહે છે. માટે જે કોઇ પુરૂષ શરીરનાં સુખોને સંતોષ સાથે અંગીકાર કરે, અને એવો મનોરથ કરે કે હું કાળજી વગરનો થઇ ભગવત્ ભજન કરૂં ત્યારે તે માયા રહિત કહેવાય છે. એટલા માટે આચાર્ય મહારાજનું કહેવું છે કે "માયાના જે પ-

હાર્થોથી ભગવત્ પ્રાપ્તિ થાય છે, તે પદાર્થો નિંદ્ય નથી પણ ગ્રહણ કરવા લાયક છે" માટે માયાના પ્રપંચો અને તેના વધારાનું જે વર્ણન આ ગ્રંથમાં કર્યું છે, તે એટલુંજ લાગુ પડે છે.

અધ્યાય ત્રીજો
સમાપ્ત.

પારસ ભાગ.

અધ્યાય ચોથો.

સર્ગ પહેલો.

પરલોકની ઓળખાણ.

જ્યાંસુધી મૃત્યુનું થવું એ શું છે, તેની ઓળખાણ માણસને પડતી નથી, ત્યાંસુધી પરલોકનું જ્ઞાન તેને થતું નથી. અને સંસારમાં તેને જ્યાંસુધી જીવવાનું છે તે જીવતરને તે નથી જાણતો, ત્યાંસુધી મૃત્યુને પણ તે જાણતો નથી. અને જીવના યથાર્થ સ્વરૂપને પણ ઓળખતો નથી. તે યથાર્થ સ્વરૂપનું જાણવું એજ કે પોતે પોતાને ઓળખવું. એ સંબંધમાં મેં કેટલુંક વર્ણન આગળ કર્યું છે. અને સન્તજનોનાં વચનો વિષે પણ આવી ગયું છે, કે આ મનુષ્ય બે પદાર્થના સંબંધથી ઉત્પન્ન થએલો છે. એક જીવ અને બીજું શરીર; શરીર એ ઘોડારૂપે છે, અને જીવ તેના ઉપર સવાર રૂપે છે. પરલોકમાં જીવને જે સુખ દુઃખ પ્રાપ્ત થાય છે, તે શરીરના સંબંધને લીધે થાય છે; તેમજ વગર શરીરે પણ આ જીવ પોતે પોતાની મેળે સુખી દુઃખી થાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે શરીરના સંબંધે જીવની જે સુખી અથવા દુઃખી અવસ્થા છે, તેને અનુક્રમે સ્થુળ સ્વર્ગ કે સ્થુળ નર્ક કહે છે. અથવા સદ્દગતિ અસદ્દગતિ કહે છે.

શરીર વગર જીવને જે સુખ તથા આનંદ પ્રાપ્ત થાય છે તેને આત્મ સ્વર્ગ સુખ કહે છે, તથા વગર શરીરે જીવને જે કષ્ટ તથા દુઃખ પ્રાપ્ત થાય છે, તેનું નામ માનસિક નર્ક છે. સ્થુળ સ્વર્ગ નર્કને બધાએ ખુલ્લી રીતે સમજે છે કે સ્વર્ગમાં કલ્પવૃક્ષ, ઉત્તમફળ અપ્સરાઓ અને અનેક પ્રકારનાં સુંદર ખાન-પાન વગેરે ભોગોનો લાભ મળે છે; અને નર્કમાં સાપ વીંછી, અગ્નિના કુંડ આદિક પદાર્થોથી અતિશય દુઃખ થાય છે. આજે સ્થુળ સ્વર્ગ નર્કની વાર્ત્તા ટુંકામાં કહી છે, તેનું કારણ માત્ર એટલુંજ છે કે આ જ્ઞાન ધર્મશાસ્ત્રમાં સારી રીતે પ્રસિદ્ધ છે. તેથી બધાએ તે જાણે છે હવે એથી આગળ મૃત્યુ થવાનો અર્થ ખુલી રીતે સમજાવવામાં આવે છે. પછી માનસીક સ્વર્ગ નર્કનું વર્ણન કરવામાં આવશે. કારણ કે એ સૂક્ષ્મ સ્વર્ગ નર્કને બધાં જાણી શકતાં નથી એ ભેદને જાણવાનો સૌથી શ્રેષ્ટ રસ્તો એજ છે કે મનુષ્યના ચિત્તમાંએ એક બારી છે અને તે દેવલોક તરફ ઉઘડેલી છે, તે અનુભવરૂપી સૂક્ષ્મ બારીમાં જે કોઇ મનુષ્ય અવલોકન કરે છે, તેને પરલોકની મુક્તિ અને દુર્ગતિ પ્રત્યક્ષ ભાસે છે, અને તે સંબંધે તેને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે સંદેહ રહિત હોય છે શાથી કે જે વાત પ્રત્યક્ષ જણાય છે તેમાં કંઇ સંશય રહેતો નથી. પરન્તુ યુક્તિ, શ્રવણ તથા વચનથી એ સંબંધનું જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે કોઇ વખત સંશયવાળું હોય છે ખરૂં. જેમ વૈદ્યને રોગી વા સાજા માણસની પરીક્ષા બરાબર જણાઇ આવે છે, અને તે સારી પેઠે જાણે છે કે, જો આ રોગી પથ્ય નહિ પાળે તો મૃત્યુ પામશે; અને જો રોગનો ઉપચાર ઔષધે કરીને કરશે તથા પથ્ય બરાબર પાળશે, તો એના રોગનો નાશ થશે. તેમ સંત પુરૂષોને જીવોના સદ વા અસદગતિનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, અને તેઓ સારી રીતે જાણે છે, કે ભગવાનનું ભજન તથા તેની ઓળખાણથી જીવ શ્રેષ્ટ ગતિને પ્રાપ્ત થાય છે, અને મૂર્ખાઇ તથા પાપવડે તે નીચગતિને પ્રાપ્ત થાય છે. વળી એ વિદ્યા એવી તો દુર્લભ છે કે મ્હોટા મ્હોટા વિદ્વાનો પણ તેના ભેદને જાણી શકતા નથી; અથવા તેનાપર શ્રદ્ધા રાખતા નથી. અને સ્થુળ નર્ક અને સ્વર્ગ વિના બીજું કાંઇ જાણતા નથી; તેમજ પરલોકને પણ માત્ર કાને સાંભળીને માને છે. માટે શાસ્ત્રનાં પ્રમાણ તથા વચનોવડે કાંઇક પરલોકના અર્થનું વર્ણન કરીશું.

જે માણસની બુદ્ધિ નિર્મળ છે, અને જેનું અંતઃકરણ ભિન્ન ભિન્ન પંથોની વિવાદરૂપી જાળમાં ગુંચવાઇ ગયું નથી, તથા ગાડરીઆ પ્રવાહથી જે દોરાતો નથી, અને ઇચ્છા રહિત છે, તેનેજ માત્ર એ માર્ગનું જ્ઞાન તથા પ્રત્ય-

ક્ષયણું પ્રાપ્ત થાય છે; અને તેનાજ હૃદય વિષે પરલોકનું દૃઢિકરણ થાય છે. તેમના સિવાય બીજા ઘણાખરા લોકોનો વિશ્વાસ પરલોકને ઓળખવામાં નિર્બળ આશા વડેમથી ભરેલો હોય છે.

સર્ગ ૨ જો.

મૃત્યુનું વર્ણન.

હવે મૃત્યુનો અર્થ જાણવાની જેમને ઇચ્છા થાય તે તૃપ્ત કરવા સારૂ તેમણે જાણવું જોઇએ કે મનુષ્ય દેહ વિષે બે પ્રકારનું ચૈતન્ય હોય છે. એક પ્રાણ ચેતના કહેવાય છે, કે જેનાવડે અંતઃકરણ અને પ્રાણ વાયુના સંયોગ સહિત શરીર તથા ઇંદ્રિયો ચૈતન્યવાળી રહે છે. તે પ્રાણ ચેતના તો માણસો તથા પશુઓમાં એક સરખી છે પરંતુ બીજા પ્રકારનું ચૈતન્ય જેનું કારણ બુદ્ધિ છે, તે કેવળ મનુષ્યના અધિકારને આધીન છે.

જે પ્રાણ ચેતના શરીરને સતેજ અને સચેત રાખે છે, તેનું સ્ફુરણ હૃદય સ્થાન વિષે ઉત્પન્ન થાય છે અને હૃદયસ્થાન તત્ત્વોના સૂક્ષ્મ અંશોએ કરીને રચેલુ છે. તે તત્ત્વોના અંશ વાત, પિત્ત, કફ આદિમાં હોય છે; અને જ્યાં લગી તેઓ સમાન રહે છે, અર્થાત્ તેઓમાં વધઘટ થતી નથી ત્યાંસુધી હૃદયસ્થાન સુખી રહે છે. હૃદયસ્થાનની નાડી માથું અને સર્વ અંગો વિષે પ્રસરે છે અને તેથી પ્રાણવાયુના સંબંધવડે સઘળી ઇંદ્રિયો ચૈતન્યમય બની જાય છે, અને શરીરની સઘળી ક્રિયાઓ સ્વમાર્ગે સુખે ગમન કરે છે.

એ તત્ત્વોની સમાન વૃત્તિ મસ્તક વિષે પહોંચે છે, ત્યારે આંખ, કાન ઇત્યાદિ ઇંદ્રિયોને પોત પોતાના વિષય વિષેનું એટલે આંખને જોવાનું, કાનને સાંભળવાનું વગેરે બીજી ઇંદ્રિયોને પોતાનો વિષય ગ્રહણ કરવાનું બલ પ્રાપ્ત થાય છે.

તેનું દૃષ્ટાંત એ છે કે જેમ દીવાના અજવાળાથી મંદિરમાં ચમત્કાર થાય છે, અને પડેલા સર્વ પદાર્થો દેખાય છે; તેમજ પરમાત્માની સત્તા અને કૃપાવડે, તત્ત્વોના સમાન અંશ અને પ્રાણવાયુના માર્ગથી સઘળી ઇંદ્રિયોને પોત

પોતાનો વિષય ગ્રહણ કરવાનું બળ પ્રાપ્ત થાય છે; અને તેથી તે ઇંદ્રિયો પોત પોતાના કર્તવ્યમાં સાવધાન રહે છે. આથી ઉલટું જ્યારે કોઇ નાડીમાં પ્રાણ વાયુનો માર્ગ તથા તત્ત્વોના સમાન અંશથી પડદો પડે છે એટલે પોત પોતાના સંબંધમાં હરકત પડે છે, ત્યારે તે અંગ તે ક્રિયાથી રહિત થઇ જાય છે, જેથી તે અંગ પોતાનો વ્યાપાર ચલાવવાને અશક્ત બને છે. અથવા તો શુન્ય પણ થઇ જાય છે, એટલે જડ બની જાય છે. આ હરકત દૂર કરવામાં વૈદક વિદ્યાનો ઉપયોગ એ છે કે તેનો ઉપચાર કરીને પડદાને દૂર કરી દે તેથી તે અંગ વિષે ચૈતન્યતા સ્ફુરી આવે છે અને પોતાની ક્રિયા વિષે તે સવધાન થાય છે. આ દૃષ્ટાંતોથી જાણવામાં આવ્યું તો હમેજ કે હૃદયસ્થાન એ શરીરને વિષે મંદિરમાંના દીવાના જેવું છે, પ્રાણવાયુ વાટની જગાએ છે, અને આહાર એ તેલની ગરજ સારે છે. માટે આતો સિદ્ધ છે કે જેમ તેલ વગર દીવો હોલવાઇ જાય છે, તેમ આ પ્રાણરૂપી દીવો આહાર વગર બુઝાઇ જાય છે. વળી તેલની અધિકતાને લીધે જ્યારે વાટ તેલનું આકર્ષણ કરી શક્તી નથી ત્યારે પણ જેમ દીવો હોલવાઇ જાય છે. તેમ આ હૃદયસ્થાન અધિક પિત્તપણાને લીધે, ઘડપણમાં આહારનું આકર્ષણ કરી શકતું નથી, અને તેથી મૃત્યુ થાય છે. વળી જેમ તેલ વાટ વગેરે છતાં, વાયુ વગેરે વિઘ્નોથી દીવો હોલવાઇ જાય છે, તેમ ઓચિંતા બનાવથી જેવા કે શસ્ત્રાદિક વિઘ્ને કરીને યા બીજા બનાવોથી આ શરીર મરણને શરણ થાય છે.

પ્રાણ વાયુની સમાનતાએ કરીને શરીર તથા ઇંદ્રિયોની સર્વે ક્રિયાઓ સિદ્ધ થાય છે; અને વાત, પિત્ત વા કફના કોપથી આ સમાનતા જ્યારે નાશ પામે છે, ત્યારે અવશ્ય ઇંદ્રિયોની ક્રિયા શુન્ય થઇ જાય છે. જેમ કોઇ મેલી આરસીમાં કોઇપણ પદાર્થની મૂર્ત્તિ દેખાતી નથી, અને તે જ્યારે ઉજળી હોય છે ત્યારે તેમાં સઘળું સારી રીતે દેખાય છે; અર્થાત્ જ્યારે નિર્મળતાની ખામી હોય છે, ત્યારે કોઇપણ પદાર્થનું પ્રતિબિમ્બ તેમાં યથાવત્ ભાસતું નથી, એજ રીતે પ્રાણીની જે સમાનવૃત્તિ છે, તેની પણ એવીજ પ્રકૃતિ છે, કે જ્યારે સમાનવૃત્તિનો લય થાય છે, ત્યારે હૃદયસ્થાન શુન્યમય થઇ જાય છે, અને તેથી કરીને ઇંદ્રિયાદિક વ્યવહાર સિદ્ધ થતો નથી, શરીરનાં અંગ જ્યારે એ પ્રાણવાયુની જ્યોતિથી રહિત થઇ જાય છે, ત્યારે જડ થઇ જાય છે, અને તે જડ અંગને મુડદાલ અંગ કહે છે. આ પ્રમાણે મરવાનો ભાવાર્થ પ્રાણવાયુની સ-

માનવૃત્તિનું નાશ પામવું, એટલોજ કરવાનો છે.

સમાનતાનો નાશ કરનાર યમરાજ છે, અને તે પણ પરમાત્મા પરમેશ્વરેજ ઉત્પન્ન કર્યો છે, પણ સૃષ્ટિના લોકો એ યમરાજને માત્ર નામ વડેજ માને છે, એ વાતનું સ્પષ્ટિકરણ બહુ વિસ્તારવડે થાય તેમ છે. સઘળી વાતનું રહસ્ય એજ છે કે પ્રાણ વાયુની ગેરહાજરી વા નાસ્તિનું નામ મૃત્યુ છે.

એ પ્રાણવાયુ પણ સૂક્ષ્મ શરીર છે; એટલે તત્ત્વોના સૂક્ષ્મ અંશોનોજ રચેલો છે. પણ મનુષ્ય દેહ વિષે જે ચૈતન્ય રૂપ જીવ છે, તે પ્રાણ ચેતનાથી નિરાળો છે, અને શરીરના જેવો નથી પણ અખંડ છે અને તે ભગવત્‌ને જાણવાનું સ્થાન છે. જેમ એ ભગવત્ અખંડ તથા એક છે તેમ તેને ઓળખવાનું પણ અખંડ છે. એટલે તેને જાણનારો જીવ પણ અખંડ છે, કારણ કે એ જ્ઞાન સ્વરૂપને સમજવાનું આ અંડાકાર શરીર વિષે બની શકેજ નહિ. તેથી અખંડ સ્વરૂપ જીવના વિષેજ પરમાત્માનું ઓળખાણ થાય છે. આપણે એક દીવાનો દાખલો લઇએ તો એ ભેદને બરોબર જાણીએ. આ સ્થુળ શરીર દીવાની માફક છે, હૃદયસ્થાન તેની વાટ છે, પ્રાણરૂપી અગ્નિ છે, અને ચેતન્યરૂપી પ્રકાશ છે. સારાંશ કે જેમ દીવાથી તેનો પ્રકાશ વધારે સૂક્ષ્મ છે, તેવીજ રીતે પ્રાણશક્તી કરતાં ચૈતન્યરૂપી પ્રકાશ વધારે સૂક્ષ્મ છે, અને એવું સ્વરૂપ છે કે તેને કયા શબ્દોથી સંજ્ઞિત[1] કરવો એ સુઝે તેવું નથી. માટે જ્યારે સૂક્ષ્મતા તરફ આપણી દૃષ્ટી ફેંકીએ છીએ ત્યારેજ આપણને એ દૃષ્ટાંત યથાર્થ દૃષ્યમાન્ થાય છે; અર્થાત્ એજ ઉદાહરણ વધારે બંધ બેસતું થઇ પડે છે વળી તપાસતાં માલૂમ પડે છે કે દીવાનો પ્રકાશ એ દીવાનેજ આધારે છે, એટલે દીવાનો નાશ થતાં તેના પ્રકાશનો પણ નાશ થાય છે. એમ વિચાર કરીએ છીએ ત્યારે આ ઉદાહરણ આપણને નકામું અને વર્ણનના બનાવ સાથે બેસતું ન આવે એવું પ્રત્યક્ષ ભાસે છે; કારણ કે પ્રાણવાયુના નાશવડે કંઇ ચૈતન્યનો નાશ થતો નથી. માટે એ વાત એવી રીતે સમજવી ઠીક લાગે છે કે જેમ દીવાની વિશેષતા પ્રકાશવડે થાય છે તેમ ચૈતન્યવડે આ શરીરની વિશેષતા છે. માટે દીવાનું ઉદાહરણ આપવાનું પ્રયોજન પણ એજ છે કે જેમ દીવો પ્રકાશના નિમિ-તેજ કરવામાં આવે છે, તેથી દીવો પ્રકાશનો આશ્રિત છે. તેવી રીતે ચૈતન્ય પણ પ્રાણનો આશ્રય છે, અને પ્રકાશની માફક મહા સૂક્ષ્મ છે અને એ

૧. નામ આપવું.

ભાવેજ દીવાનું દૃષ્ટાંત સંભવિત ભાસે છે. એ સંભવ સિદ્ધ કરે છે કે પ્રાણરૂપી ઘોડાપર ચૈતન્યરૂપી સવાર છે અથવા ચૈતન્યરૂપી જીવના હાથ વિષે પ્રણરૂપી હથિયાર છે તેથી જ્યારે પ્રાણોની સમાન વૃત્તિ નાશ પામે છે, ત્યારે સ્થુલ શરીર મૃત્યુ વશ થાય છે. અને ચૈતન્ય પોતે પોતા વિષે સ્થિત રહે છે. સવાર જેમ ઘોડા વગર પ્યાદો કહેવાય છે તેમ ચૈતન્ય પણ શરીરરૂપી ઘોડાના નાશથી પ્યાદો થઇ જાય છે. પણ જેમ સવારનો નાશ ઘોડાના નાશથી થતો નથી, તેવીજ રીતે શરીરના નાશથી કંઇ જીવોનો નાશ થતો નથી. એટલે આ શરીરરૂપી ઘોડો વા હથીયાર પરમાત્માએ આ જીવને આપેલું છે, તે પરમાત્માના ઓળખાણરૂપી શિકારને નિમિત્તેજ આપ્યું છે. અને તે પ્રમાણે જે મનુષ્યે ઓળખાણરૂપી શિકાર કરી લીધો છે ત્યારે તેને આ શરીરરૂપી ફાંસીથી છુટવું બહુ સુખદાયક છે. એટલે મતલબ કે તેનો બોજો ઉપાડવાથી મુક્ત થાય છે ત્યારે તેને ઉત્તમ સુખનું સ્થાન પ્રાપ્ત થાય છે. એ સંબંધમાં આચાર્ય મહારાજે કહ્યું છે કે "જ્યારે સાધુ પુરૂષોનાં શરીર છુટી જાય છે ત્યારે તેઓ ઉત્તમ સુખનાં સ્થાન પામે છે. અને તેને તેઓ પરમ લાભ માને છે. પરન્તુ જે માણસનું શરીર ભગવતનું ઓળખાણ થયા પહેલાં છુટી જાય છે, તે મહા દુઃખી થાય છે. જેમ શિકારની પ્રાપ્તિ વિના કોઇ શિકારીની જાળ દૂર થઇ જાય, તો તેનું કાર્ય સિદ્ધ થતું નથી, અને તેને અધિક પશ્ચાતાપ થાય છે; તેમ ઇશ્વરને ઓળખ્યા વિના શરીર છુટી જવાથી જીવને દુઃખ પ્રાપ્ત થાય છે; અને પ્રથમ સમ માર્ગમાંજ પસ્તાવો કરવા લાગે છે.

સર્ગ ૩ જો.

જીવની અખંડતાનું વર્ણન.

જ્યારે કોઇ માણસના હાથ, પગ, ભુજા વગેરે અંગો સુકાઇ જાય છે અથવા અર્ધાંગવાયુ (પક્ષાઘાતને લીધે મુડદાલ થઇ જાય છે, ત્યારે તે પુરૂષની ચૈતન્યતા દૂર જતી નથી; એટલે ચૈતન્ય રહિત થઇ જતો નથી. કારણ ચૈતન્યરૂપ જીવ હાથ પગથી રહિત છે, પણ હાથ પગ તેનાં હથીયાર છે, અને

જીવ તેનો પ્રેરક છે. માટે જેમ હાથ, પગ, નિજ સ્વરૂપ નથી, તેમ પેટ, બરડો, માથું, ઇત્યાદિ અવયવોવાળુ જે સમગ્ર શરીર છે, તેનાથી પણ જીવનું સ્વરૂપ જુદુંજ છે. આથી સિદ્ધ થાય છે કે જ્યારે આ બધું શરીર જડ થઇ જાય છે, ત્યારે પણ જીવની ચૈતન્યતા પોતે પોતામાં સ્થિર રહે છે.

આ હાથ પણ જ્યારે પોતાની ક્રિયાથી શુન્ય થાય છે, ત્યારે તેને મુડદાલ કહે છે. અર્થાત્ હાથની ક્રિયા બળથી થાય છે, અને તે બળ પ્રાણ ચેતનાના પ્રકારો કરીને નાડીઓની વાટે સર્વ અંગોમાં પહોંચે છે. જ્યારે કોઇ નાડીનો માર્ગ અટકી જાય છે, ત્યારે તે અંગને પ્રાણનો પ્રકાશ પહોંચતો નથી, અને તે અંગ બળની હીનતાએ કરીને ક્રિયાથી રહિત થઇ જાય છે.

તેવી રીતે આ શરીર પણ પ્રાણોના સંબંધે કરીને જીવની આજ્ઞામાં વર્તે છે. પરંતુ જ્યારે પ્રાણોની સમાન વૃત્તિ દૂર થઇ જાય છે, ત્યારે શરીરના સર્વ અવયવ શુન્ય થઇ જાય છે, અને જીવની આજ્ઞાથી રહિત થઇ જાય છે. તેને મૃત્યુ કહે છે. તથાપિ જીવનું ચૈતન્ય સ્વરૂપ પોતાના નિજ સ્વરૂપમા સ્થિર રહે છે. જેમ કોઇ નોકર જ્યારે શેઠની સેવાથી દૂર થઇ જાય છે, ત્યારે તેથી શેઠનો નાશ થતો નથી, તેમ શરીર એ જીવનું સેવક છે, અને જીવનું નિજ સ્વરૂપ તેથી વિલક્ષણ છે. તેથી શરીરના નાશથી જીવનો નાશ થતો નથી..

વળી જો માણસ વિચારીને જુએ તો તેને જણાશે કે તેના અવયવ બાળ અવસ્થામાં જેવા હતા તેવા હાલ નથી, કેમકે તે બધાં અંગો પરિણામે કરીને વિપર્યય થયાં છે, અને આકારે કરી મોટાં થઇ ગયાં છે. એથી સિદ્ધ થયું કે જીવનું શરીર તેનું તેજ નથી, પરંતુ જીવતો હમણાં પણ તેનો તેજ છે. આ પ્રમાણે જીવનું સ્વરૂપ શરીર નથી, તેથી શરીરના નાશની ચિંતા માણસે કરવી નહિ; કેમકે જો કે માણસનું શરીર નાશ થઇ જશે તપાપિ તેના જીવનું સ્વરૂપ અવિનાશી રહેશે.

માણસના સ્વભાવ બે પ્રકારના છે, તેમાં એક શરીરના સંબંધની સાથે મળેલો છે. જેમ ભૂખ, તરશ નિદ્રા, આદિ આ શરીરના સબંધની સાથે મળેલાં છે, તે શરીરના સંબંધ વિના સિદ્ધ થતાં નથી. માટે શરીરનું મૃત્યુ થતાં એ બધા સ્વભાવ દૂર થઇ જાય છે. બીજો સ્વભાવ જીવની સાથે મળેલો છે, તે એવો છે કે તેમાં શરીરનો કંઇ સબંધ નથી; જેમ ઇશ્વરને ઓળખવા, તેમનાં

પ્રભૂતા જોવી, અને તેમના જ્ઞાનવડે આનંદ મેળવવો, એ કેવળ જીવનો પોતાનોજ સ્વભાવ છે. તે કારણથી એ પદાર્થો હમેશાં જીવની સાથે રહે છે, પરંતુ ક્યારે પણ તેનાથી દૂર થતા નથી.

વળી સારા ગુણોને જે અવિનાશી કહ્યા છે, તેનો અર્થ એ છે કે તે સારા સ્વભાવ હમેશાં જીવના સોબતી છે, તેમજ મૂર્ખતા અને અજ્ઞાન પણ જીવનો પોતાનોજ સ્વભાવ છે, તેથી આ મૂર્ખતા પણ પરલોકમાં જીવની સાથેજ રહે છે. અજાણપણું એ માણસની બુદ્ધિરૂપી આંખોની હિનતા છે અને મન્દ ભાગ્યનાં બીજ છે. એ વિષે પરમાત્માએ પણ કહ્યું છે કે "આ સંસારમાં જે મનુષ્ય અજ્ઞાને કરીને આંધળો છે, તે પરલોકમાં પણ મહા દુઃખી અને આંધળોજ રહે છે." જ્યાસુધી માણસ આ પ્રકારના ચૈતન્યને સારી રીતે ઓળખતા નથી, ત્યાંસુધી કોઇ રીતે મૃત્યુના અર્થને સમજી શકતો નથી. કારણ કે પરિણામત્વ અને ચૈતન્યમાં જે ભેદ છે, તેના જ્ઞાને કરીને મૃત્યુનો અર્થ પણ જાણવામા આવે છે.

સર્ગ ૪ થો.

પ્રાણ ચેતના અને ચૈતન્યકળાના ભેદ.

આ પ્રાણ, ચૈતન્ય તત્ત્વનો વિકાર છે; અને વાયુ, પિત્ત આદિ જે તત્ત્વોના સૂક્ષ્મ અંશ છે, તે તેના વડે બનેલા છે. જ્યારે વાયુ, પિત્ત અને કફનો પરસ્પર કોપ થાય છે, ત્યારે પ્રાણની વૃત્તિ પણ વિપરીત થાય છે; અને જ્યારે તેમનો સ્વભાવ સમાન હોય છે ત્યારે પ્રાણ ચેતના પણ સમાનતાના સ્વભાવમાં સ્થિર થઇ જાય છે. માટે વૈદક વિદ્યાનું રહસ્ય એ છે કે વાયુ, પિત્ત અને કફ, તથા રૂધિરના કોપને ઉપચારે કરીને સમાન રાખવા. આ પ્રમાણે થવાથી પ્રાણ ચેતના સાવધાન થઇને ચૈતન્યકળાની આજ્ઞા ઉઠાવે છે. ઉપર કહેલી ચૈતન્યકળા, તત્ત્વોના દેશમાંથી ઉત્પન્ન થઇ નથી; પણ સૂક્ષ્મ દેશથી આવેલી છે. તેમજ દેવતાઓની પેઠે તે નિર્મળ સ્વરૂપ છે; અને તત્વોના દેશમાં તેનું આવવું પરદેશીની પેઠે છે. તેનું સ્વરૂપ આધિભૌતિક નથી. આ શરીરમાં આવવાનું તેનું

પ્રયોજન એ છે કે પરલોક માર્ગનું ભથ્થું બનાવી લેવાનું તેનાથી બની શકે. એ વિષે પરમાત્માએ પણ કહ્યું છે કે-"મેં પોતાની કૃપાએ કરી સર્વ જીવોને માર્ગ બતાવ્યો છે, અને જે શુભ માર્ગનું જ્ઞાન પામીને તે માર્ગમાં ચાલે છે, તે ભય તથા શોકથી રહિત થાય છે, ને થયા છે. વળી આ મનુષ્ય જાતીનું શરીર મેં પૃથ્વી આદિક તત્ત્વોથી રચ્યું છે, અને મારો અંશ જે ચૈતન્યકળા છે તેણે તેના શરીરમાં પ્રવેશ કર્યો છે." એનું રહસ્ય એ છે કે ઇશ્વરે પહેલાં પ્રાણ ચેતનાને સ્થિત કરી છે, અને ચેતનાને ચૈતન્યકળામાં સ્થિત હોવાને લાયક બનાવી છે; પછી તેમાં ચૈતન્યકળાએ પ્રવેશ કર્યો છે. એનું દૃષ્ટાંત એ છે કે જેમ પહેલાં રૂ અથવા લૂગડાની મશાલ બનાવીએ છીએ, તે અગ્નિને ખેંચવાને લાયક થઇ જાય છે; અને તે પછી તેમાં અગ્નિનો પ્રવેશ કરાવીએ છીએ, ત્યારે પ્રકાશિત થાય છે, તેવીજ રીતે પ્રાણોની સમાન વૃત્તિ મશાલની પેઠે છે, અને ચૈતન્યકળા અગ્નિની પેઠે છે. જેમ વૈદક વિદ્યાના જાણનારા પ્રથમ પ્રાણોની સમાનવૃત્તિને ઓળખે છે, અને તે પછી રોગ તથા કષ્ટથી શરીરની રક્ષા કરે છે. તેમ ચૈતન્ય રૂપ જે જીવ છે, તેના સ્વભાવમાં પણ સમાનપણું છે. પરંતુ તેને માત્ર સંતજનોજ જાણે છે. જ્યારે આ જીવનો સ્વભાવ, વૈરાગ્ય તથા પુરૂષાર્થે કરીને સંત લોકોની મર્યાદા વિષે સમાનપણે રહે છે, ત્યારે મનુષ્યનું ચિત્ત આરોગ્ય થાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જેમ પોતાને ઓળખ્યા વિના ભગવતની ઓળખાણ થતી નથી, તેમજ યથાર્થ સ્વરૂપે ચૈતન્યના જ્ઞાન વિના પરલોકનું પણ સારી રીતે જ્ઞાન થતું નથી. માટે પોતાના મનને ઓળખવું એ ભગવાનને ઓળખવાની કુંચી છે, તથા પરલોકને ઓળખવાની કુંચી પણ તેજ છે. વળી ધર્મની પ્રતિતિનું મૂળ પણ પોતાને ઓળખવું તેજ છે. એજ કારણથી મેં પોતે પોતાને ઓળખવાને સંબંધે વર્ણન પ્રથમથીજ કરેલું છે. તોપણ આ જીવનું જે યથાર્થ સ્વરૂપ છે, તેનો મેં પ્રસિદ્ધ રીતે નિર્ણય કર્યો નથી અને સંત લોકોએ પણ એ સ્વરૂપનું કથન ત્યાજ્ય ગણેલું છે. કારણ કે આ જીવની બુદ્ધિ એ ગુપ્ત ભેદને સમજી શકતી નથી. ભગવત્‌ની સંપૂર્ણ ઓળખાણ અને પરલોકને ભલી પ્રકારે નિહાળવો, એ વાત વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ વડેજ થાય છે. માટે હે જીવ ! તું એવો પુરૂષાર્થ કરકે જેના અભ્યાસ તથા યત્ને કરીને એ યથાર્થ સ્વરૂપને પોતાને વિષે નિરખે; કારણ કે એ સ્વરૂપનાં દર્શન પોતાને વિષેજ થાય છે. જો એ સ્વરૂપની વાત સાંભળી જીવ અંતઃકરણને વિષે તેની ચાહના પણ ન કરે તો તેનો વિશ્વાસ પણ નાશ-

વંત થશે. આમ કહેવાનું કારણ એટલુંજ છે કે જ્યારે ઘણાં મનુષ્યો ભગવત્‌ના યથાર્થ સ્વરૂપના લક્ષગુનાં માત્ર વ્યાખ્યાન સાંભળે છે, અને તેથી તેમની બુદ્ધિ નાશ પામે છે; અને બુદ્ધિની હિનતાએ કરીને તેઓ સંશયને પ્રાપ્ત થાય છે. વળી ઇશ્વરના હોવાપણામાં નકાર કરીને તેઓ મહાધૃષ્ટ થાય છે એનું તાત્પર્ય એ છે કે જો માણસમાં ભગવત્‌ના યથાર્થ સ્વરૂપનું વ્યાખ્યાન શ્રવણ કરવાનું ભેજ નથી, તો પછી તે સ્વરૂપની વાત સાંભળીને પોતા વિષે શી રીતે પ્રમાણ કરી શકશે ? એ કારણથી પરમાત્મ સ્વરૂપનું વર્ણન ધર્મશાસ્ત્રમાં પણ કર્યું નથી. તે એટલા માટે કે જો સંસારી જીવો એ ભેદને શ્રવણ કરે તો શ્રદ્ધાહીન થઇ જાય. તેથી તેમાં ભગવાને સંતજનોને એમ આજ્ઞા કરી છે કે જીવોની બુદ્ધિ પ્રમાણે ઉપદેશ કરો, અને તેમને મારા ગુઢ ભેદ તથા સહજ સ્વરૂપની વાત પ્રકટ કરીને કહો નહિ. કારણ કે એવાં સૂક્ષ્મ વચનો સાંભળવાથી એ જીવોની શ્રદ્ધા દૂર થઇ જશે, અને તેથી તેઓ ધર્મ હીનતાને પ્રાપ્ત થશે. એ કારણથી જીવોની બુદ્ધિ અનુસાર વચન કહેવાં યોગ્ય છે. માણસે સારી રીતે સમજવું જોઇએ કે તેનું ચૈતન્યરૂપ પોતે પોતાવડે કરીનેજ સ્થિર છે, અને જીવનું હોવું શરીરને આધીન નથી. તેથી મરવાનો અર્થ એ નથી કે ચૈતન્ય સ્વરૂપનો નાશ થાય છે; પણ મૃત્યુ થવાનો અર્થ એ છે કે જ્યારે આ જીવની આજ્ઞા આ શરીરમાં પ્રવર્ત્તતી નથી ત્યારે તેને મૃત્યુ થયું કહે છે.

પરલોકમાં જીવના જીવવાનો અર્થ પણ એમ નથી કે પ્રથમ આ જીવનો નાશ થાય છે, અને પછી પરલોકમાં તે ઉપજી આવે છે. પરંતુ પરલોકમાં સુજિત હોવાનો અર્થ એ છે કે આ જીવ બીજા શરીરનો અંગીકાર કરે છે. તથાપિ જે રીતે ભગવત્ આ જીવને તથા તેના શરીરને ઉત્પન્ન કરે છે, તે રીતી કોઇ મનુષ્યની બુદ્ધિમાં આવતી નથી, કેમકે ભગવત્‌ના કર્ત્તવ્યની કઠિનતા અને સુગમતા જાણી શકાતી નથી.

ઘણા પુરૂષો એમ પણ કહે છે કે પરલોક વિષે આ જીવને તેનું તેજ શરીર પ્રાપ્ત થાય છે. પરંતુ તેમનું એમ કહેવું યથાર્થ નથી; કારણ કે આ શરીર ઘોડા સમાન છે. તેથી જેમ ઘોડો જ્યારે બદલાઇ જાય છે, ત્યારે કાંઇ સવાર બદલાઇ જતો નથી, તેમ આ શરીર તો બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સૂધી પરિણામની પ્રાપ્તિ મેળવતું જાય છે, તથા આહારના સંબંધે કરીને શરીરના

સઘળા અવયવોનું સ્વરૂપ કાંઇનું કાંઇ અવસ્થાંતરને પામે છે, તથાપિ જીવનું અવસ્થાંતર થતું નથી. માટે જે મનુષ્યો એવું માને છે કે પરલોક વિષે આ શરીર બહુધા કાયમ રહે છે તો તેમની એ માન્યતાપર બીજા પણ કેટલાક પ્રશ્ન અને સંશય ઉત્પન્ન થાય છે, અને તેમનો ઉત્તર એવો તો નિર્બળ છે કે તેથી સંસય દૂર થઇ શકતા નથી. જેમ કોઇ મનુષ્ય એમ શંસય કરે કે જો એક માણસ બીજા માણસને ખાઇ જાય, તો એથી તો બન્ને શરીરનાં અંગ એકઠાં થઇ જાય છે. ત્યારે પછી પરલોકમાં એકજ શરીર બન્ને જીવોને કેમ કરી પ્રાપ્ત થાય? અથવા કોઇ અંગ હીન મનુષ્ય હોય અને તે ભજન કરે તો પરલોકમાં તે ભજન કરનાર અંગહીન બની ભજનનું ફળ ભોગવે છે કે અંગોના કાયમપણા સાથે? જો ઉપલા પ્રશ્નનો જવાબ એમ મળે કે તે પુરૂષ પુણ્યનાં ફળને અંગહીન અવસ્થામાંજ ભોગવે છે, તો તેનો પ્રત્યુત્તર એવો છે કે સ્વર્ગમાં અંગહીન કોઇ હોતુંજ નથી.

જો એમ કહેવામાં આવે કે જીવ અંગો સહીત ભોક્તા બને છે, તો તેનો જવાબ એટલોજ છે કે જ્યારે ભજનની વખતે તથા કર્મો કરવામાં આ અંગ હતાંજ નહિ, ત્યારે ફળ ભોગવવા વખતે કયાંથી સોબતી થયાં? આવા પ્રશ્નો કરવામાં આવે તો, તેનો ઉત્તર મંદ તથા નિર્બળ થાય છે, અને તેથી શંકા દૂર થતી નથી. તેથી સિદ્ધ થાય છે કે પરલોક વિષે અવશ્યજ આ જીવને પૂર્વ શરીરની જરૂર રહેતી નથી, અને જેઓ એ પ્રમાણે સમજ્યા છે કે પરલોક વિષે જીવને એનું એ શરીર પાછું પ્રાપ્ત થાય છે, તેઓની એવી સમજનું કારણ એટલુંજ કે એ લોકો પોતે પોતાને શરીર માત્રજ જાણે છે. અને તેથી એ લોક એમજ સમજે છે કે શરીરના અવસ્થાંતર સાથે જીવનું પણ અવસ્થાંતર થઇ જાય છે. એ બાબતનું મૂળજ અસત્ય છે; કારણ કે શરીર જુદું છે, અને જીવ પણ જુદો છે.

સર્ગ ૫ મો.

જીવનું અવિનાશીપણું.

કદી તમે એમ પ્રશ્ન કરશો કે કેટલાંક શાસ્ત્રમાં એમ છે કે જ્યારે આ

દેહ છુટી જાય છે, ત્યારે પ્રથમ આ જીવનો નાશ થાય છે; અને ફરીથી પરલોકમાં જીવને ઉત્પન્ન કરીને શરીરવડે તેને આચ્છાદિત કરવામાં આવે છે, તો એ વાત કયાં કયાં શાસ્ત્રોએ પ્રમાણ ગણી છે? વળી આગળ કહેવામાં આવ્યું તે બાબત સાથે આ વચનોની વિરૂદ્ધતા આવી જાય છે; અને જ્યારે એમ છે ત્યારે કઇ વાતમાં ભરોસો રાખવો? આ પ્રશ્નોનો જવાબ એટલોજ છે કે જે કોઇ પુરૂષ બીજાના કહેવાપર ગોથાં ખાય છે, તે આંધળો કહેવાય છે, અને જે લોકોએ આવો નિશ્ચય કર્યો છે, કે મોત થવાથી પ્રથમ જીવનો પણ નાશ થાય છે, એવાનો વિશ્વાસ તેમના અનુભવ ઉપર તેમજ તેમના શાસ્ત્રના જ્ઞાનપરથી પણ કરવો નહિ કારણ કે જો તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન હોત તો એ વાત તે પ્રત્યક્ષ દેખત કે શરીરના મરણથી જીવના નાશ થતો નથી. અને જો શાસ્ત્ર ઉપર તેઓ વિશ્વાસ રાખતા હોત તો તેઓ ભગવત્ અને સંતજનોનાં વચનોનો અભ્યાસ કરી આ વાત સમજી લે, કે આ જીવ અવિનાશી છે, અને શરીરનો નાશ થયા પછી પણ જીવ કાયમ રહે છે. વળી સંતજનોની એ વાત પણ સુપ્રસિદ્ધ છે કે પરલોક વિષે બે પ્રકારના જીવ હોય છે. એક ભાગ્યહીન અને બીજા ભાગ્યવાન્. તેમાં જે ભાગ્યવાન્ હોય છે, તે મોટાઇને પામે છે અને તે અવિનાશરૂપ છે. એ સંબંધમાં પરમાત્માનું પણ કથન છે કે "જેણે મારા માર્ગ વિષે પોતાના શરીરનો ત્યાગ કર્યો છે, તેમનું મૃત્યુ થયું એમ ન જાણવું, અને તે ઉત્તમ પુરૂષ મારી બક્ષિસો મેળવી સદા આનંદમાં રહે છે." જે ભાગ્યહીન જીવો છે, તેમનો નાશ પણ થતો નથી. એ વિષે એક વાત એ છે કે, એકવાર એક લડાઇ થઇ, તેમાં બહુ માણસ મરણ પામ્યાં, અને આચાર્ય મહારાજની જીત થઇ, ત્યારે મુવેલાં પ્રત્યે પોતે કહ્યું કે "ભાઇઓ! મને ભગવતની આજ્ઞા હતી કે તારી જીત થશે. તે વાત મેં પ્રત્યક્ષ નિહાળી છે. તેવીજ રીતે ભગવતનું વચન હતું કે તેઓ તામસી પુરૂષોને પરલોક વિષે કષ્ટ અને દંડની શિક્ષા કરશે તો તે શિક્ષા તમને પ્રાપ્ત થઇ છે કે નહિ? ત્યારે આચાર્યના શિષ્યોએ તેમને પૂછ્યું કે "આ મૂવેલાં તો માટી જેવાં છે, તમે તેમની સાથે તે શી વાત કરો છો? ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે "જે પરમાત્માની સત્તાને હું આધીન છું. તેના સમખાઇને હું કહું છું કે–આ મુવેલાં મારાં વચનો તમારા કરતાં વધારે સાંભળે છે; પણ એમને ઉત્તર આપવાની આજ્ઞા નથી." એ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવનું મૃત્યુ તો ધર્મશાસ્ત્ર વિષે પણ ના મંજુર કર્યું છે. વળી પિતૃ પૂજા નિમિત્ત, શ્રાદ્ધ અથવા

દાન વગેરે જે કર્મ કરવા યોગ્ય કહેલાં છે, તે ઉપરથી જણાય છે કે જીવનો નાશ થતો નથી; પરંતુ ધર્મશાસ્ત્રમાં એટલુંજ કહ્યું છે કે મૃત્યુ થવાથી જીવનું શરીર તથા સ્થાન પરિણામને પામે છે. મતલબ કે જીવ શરીર પણ બીજું ધારણ કરે છે, અને તે અન્યસ્થાન વિષે વાસો કરે છે. પરંતુ જે પુણ્યશાળી જીવ છે તે સ્વર્ગ વિષે સુખનો ભોક્તા બને છે; અને જે પાપી જીવ છે, તે નરકનાં દુઃખોના ભોક્તા બને છે. આ સઘળી વાતોથી સિધ્ધ થાય છે કે શરીરના નાશવડે કરીને મનુષ્યના સ્વરૂપ તથા સ્વભાવનો નાશ થતો નથી, અને ઇંદ્રિયો તથા શારીરિક વ્યવહાર સઘળો બંધ થઇ જાય છે. જેમ ઘોડાના મરી જવાથી કંઇ સવાર મરી જતો નથી, માત્ર પાળો થઇ જાય છે. તેનો જે સ્વભાવ તથા ક્રિયાઓ છે તે જેમની તેમ કાયમ રહે છે; તેવીજ રીતે શરીરરૂપી ઘોડાનો નાશ થવાથી જીવનો નાશ થતો નથી; કારણ કે જીવનું સ્વરૂપ સવાર પ્રમાણે શરીરરૂપી ઘોડાથી નિરાળું છે. એ કારણથી જે પુરૂષોએ શરીર તથા ઇંદ્રિયોનું વિસ્મરણ કર્યું છે, અને પોતાના ચૈતન્ય સ્વરૂપ વિષે સ્થિત થયા છે, તથા ભજનના એકાગ્રવડે ચિત્ત વિષે તલ્લીન થયા છે, તેને પરલોકની અવસ્થાનું પ્રત્યક્ષ ભાન થાય છે. એનું કારણ એવું છે કે, જો કે એનાથી પ્રાણોની સમાનવૃત્તિ વિપરીતતાને પામતી નથી, પરંતુ ચિત્તના સ્થિર થવાથી પ્રાણ ચેતના પણ સ્થિરતાને પામે છે, જેથી ભગવતના દર્શનને પણ તેઓ પ્રત્યક્ષ દેખે છે; તથા તેના ચિત્તની વૃત્તિ કોઇપણ પદાર્થ વિષે આસક્ત થતી નથી. એ કારણથી તેને જીવન મુક્ત કહેવામાં આવે છે. અર્થાત્ જે ભેદ લોકોને મૃત્યુ બાદ જાણવામાં આવે છે, તે તેને ચિત્તની એકત્ર અવસ્થાને લીધે જીવતાંજ સ્પષ્ટ રીતે જાણવામાં આવે છે, અને પ્રત્યક્ષ દેખાય છે. પછી એ અવસ્થાથી મુક્ત થઇ જ્યારે ઇંદ્રિયોના પ્રદેશમાં તે ભ્રમણ કરે છે, ત્યારે તેને જાગ્રત અવસ્થામાં પણ આગલી અવસ્થાનું સ્મરણ રહે છે; અને એકત્રતાને વિષે જ્યારે સૂક્ષ્મ સ્વરૂપવડે સ્વર્ગ નિહાળે છે, ત્યારે જાગ્રત અવસ્થામાં પ્રસન્નતા અને આનંદ તેના હૃદયમાં પ્રકટ થાય છે; અને જ્યારે અકસ્માત્ નર્કને દેખે છે, ત્યારે જાગ્રત અવસ્થામાં તેને ભય અને સંકોચ ઉત્પન્ન થાય છે. તેથી જાગ્રત અવસ્થામાં જે કંઇ પરલોકની વાત તેને યાદ રહી જાય છે, તે જગત વિષે વર્ણન કરી બતાવી શકે છે; અને તે એકત્રતાએ કરીને જે સંકલ્પનું સ્ફુરણ તેના ચિત્ત વિષે થાય છે, તે સત્ય સ્વરૂપ થાય છે. ઉદાહરણથી હવે ઉપ-

રના સિધ્ધાંતનું વર્ણન કરવામાં આવે છે.

એક સમય આચાર્ય મહારાજ સમાધિસ્થ અવસ્થામાં બેઠેલા હતા ત્યારે તેમણે પોતાના હાથને ઉંચો કરી પાછો ખેંચી લીધો. તેથી લોકો તરફથી પૂછવામાં આવ્યું કે "આપે હાથ શા કારણ સર લાંબો કીધો હતો?" ત્યારે જવાબ આપવામાં આવ્યો કે "સ્વર્ગના અમૃત ફળને મેં જોયું, અને તેને જગતમાં લાવવાની ઇચ્છા કરી પણ તરતજ તે ગુપ્ત થઇ ગયું." આ ઉપરથી આપણે એમ અનુમાનપર ન દોરાઇ જવું કે તે ફળ જગતમાં આવવા યોગ્ય હતું, પરંતુ આચાર્ય મહારાજ તેને જગતમાં લાવી ન શકયા; કારણ કે સૂક્ષ્મ દેશનું ફળ આ જગત્ વિષે કોઇપણ પ્રકારે આવી શકતું નથી. કેમકે આ આધિભૌતિક જગત્ સ્થૂલ અને જડરૂપ છે; અને એ વચનોનું સ્પષ્ટીકરણ પણ બહુ વિસ્તારે કરીને થાય છે. વળી એ બાબતનું માણસને કંઇ પ્રયોજન પણ નથી. પણ કેટલાક વિદ્વાન પુરૂષો એવા સંશયમાં નિમગ્ન થઇ ગયા છે, કે એ અમૃત ફળ તે કેવું હશે? અને આચાર્ય મહારાજના જોવામાં તે કેવી રીતે આવ્યું હશે? એવી ભ્રમણામાં પડયા પડયા વાદવિવાદ ચલાવે છે, અને નિજ કલ્યાણની વાતનો અંગિકાર કરતા નથી. બહુધા પોતાની વિદ્યાના અભિમાનમાં તણાયા જાય છે. તેમાં તેઓનાં મોટી મૂર્ખતા છે. અર્થાત્ એ વાતનું રહસ્ય એટલુંજ કે સંતજન પરલોકને પોતાના હૃદય ચક્ષુએ કરી નિહાળે છે, અને તેઓનું તે દેખવું કોઇનાં વચનો કે યુક્તિપર આધાર રાખવાથી થતું નથી. તેથી તેઓ આ જગતની વૃત્તિનો ત્યાગ કરી ચૈતન્ય દેશમાં જાય છે, અને પરલોકનું પ્રત્યક્ષ અવલોકન કરે છે. એ પરલોકનું દર્શન સંતજનોના ભજનનું એક અંગ છે. તેથી સિદ્ધ થાય છે કે પરલોકની અવસ્થા બે પ્રકારે કરી દેખી શકાય છે. તેમાંનો પહેલો એ છે કે પ્રાણ ચેતનાનો નાશ થયા બાદ શરીર મૃત્યુ વશ થાય છે, તોપણ આ જીવ પરલોકને પ્રત્યક્ષ નિહાળે છે; અને બીજો જ્યારે ભજનની એકત્રતાવડે પ્રાણીઓની વૃત્તિ સ્થિર થાય છે, ત્યારે સમજના બળે કરીને મનુષ્ય પરલોકનું પ્રત્યક્ષ અવલોકન કરે છે. તે પરલોકનું દર્શન ઇંદ્રિયાદિક દેશ વિષે અસંભવિત છે. જેમ ચૌદલોક બ્રહ્માંડ એક રાઇ વિષે સમાઇ શકતાં નથી તેમ આત્મસ્વર્ગની એક રાઇ જેટલો ભાગ પણ સર્વ બ્રહ્માંડ વિષે સમાઇ શકતો નથી; અને જેમ કાન કોઇ પદાર્થના રૂપને દેખી શકતા નથી, તેવી રીતે સઘળી ઇંદ્રિયો ચૈતન્ય દેશની વાતો દેખી શકતી નથી. તેથી સૂક્ષ્મ દેશને જોઇ

શકનારી ઇંદ્રિયો ચૈતન્યદેશની વસ્તુઓને દેખી શકતી નથી. આ પ્રમાણે હોવાથી સુક્ષ્મ દેશને જોનાર ઇંદ્રિયો પણ સૂક્ષ્મ હોય છે.

સર્ગ ૬ ઠો.

યમ માર્ગના કષ્ટનું વર્ણન.

યમ માર્ગનું કષ્ટ પણ જાણવા જોગ છે. તે કષ્ટ બે પ્રકારનું હોય છે; તેમાંનું એક દુઃખ તો શરીરનાં સાથે જીવને થાય છે, અને બીજું શારીરિક કષ્ટ છે. તે શારીરિક કષ્ટને તો સૌ કોઇ જાણે છે, પણ જીવના કષ્ટને કોઇ જાણી શકતું નથી. પરંતુ જેણે પોતે પોતાને ઓળખ્યો છે, અને હૃદયનું રૂપ પણ જને પ્રત્યક્ષ થયું છે, તે જીવના દુઃખને જાણી શકે છે. કારણ કે તે પોતાની હયાતી શરીરને આશ્રયે છે, એમ જાણતો નથી. વળી તે એમ પણ જાણે છે કે શરીરનો નાશ થવાથી કાંઇ મારો નાશ થતો નથી; પરંતુ મૃત્યુ સમયે શરીર અને ઇંદ્રિયેનો વિયોગ થઇ જશે, અને એવીજ રીતે દ્રવ્ય, પુત્ર સગાં વગેરે, નોકરો, પશુ, ઇષ્ટ મિત્રો તથા ધરતી, આકાશ વગેરે જે પદાર્થ ઇંદ્રિયો-વડે કરીને જાણવામાં આવે છે, તે સઘળા દૂર થઇ જશે. તથાપિ જે મનુષ્યની નિષ્ઠા એ પદાર્થો વિષે સ્થિર થઇ છે, અને જેણે પોતે પોતાને સ્થૂળતા વિષે અહંમાન કીધો છે, તે તેના વિજોગે કરીને નિઃસંદેહ દુઃખી થાય છે. વળી જે પુરૂષનું હૃદય સઘળા પદાર્થોથી વિરક્ત થયું છે, અને ભગવદ સિવાય અન્ય પદાર્થ સાથે જેનો સ્નેહ સંબંધ નથી, તેને મૃત્યુ સમયે કાંઇપણ દુઃખ થતું નથી; પણ અધિક આનંદ પ્રાપ્ત થાય છે. કારણ કે જેના ચિત્તને વિષે ભગવદની પ્રીત દૃઢ થઇ છે, અને ભજનનું રહસ્ય પ્રગટ થયું છે, તથા જેણે પોતે પોતાના મનને હમેશાં ભગવદ ભક્તિમાં લગાડયું છે, અને માયાના સઘળા પદાર્થોને નિરસ જાણી તેમાં મોહિત થયો નથી, તે પુરૂષ મૃત્યુને વખતે નિસ્સન્દેહ પોતાની સર્વથી વહાલી ચીજને મેળવે છે. અને જે પદાર્થોવડે કરી ચિત્તને વિક્ષેપ થતો હતો, તે બધા દૂર થઇ જાય છે, તેથી પરમશાન્ત પામે છે. પરંતુ જે પુરૂષ શરીરનો નાશ થયા છતાં પોતાને શરીર સાથે આવનાશી

માને છે, અને એમ પણ જાણે છે કે સઘળા માયિક પદાર્થો સંસારને વિષેજ રહી જશે, તથાપિ તેમના વિષે અધિક પ્રીતિ કરે છે, તો નિશ્ચય જ્યારે અંત સમયે પ્રિયતમ પદાર્થોથી તે વિખુટો પડે છે, ત્યારે બેશક તેને તેમના વિયોગે કરી દુઃખની પ્રાપ્તિ થાય છે. એ સંબંધમાં આચાર્ય મહારાજનું કહેવું છે કે "જે કોઇ પદાર્થ સાથે કોઇની પ્રીતિ હોય છે, તે પદાર્થનો વિયોગ થવાથી નક્કી તેને દુઃખજ પ્રાપ્ત થાય છે; પરંતુ તે જો એમ જાણે કે મ્હારી પ્રીતિ કેવળ ભગવત્ સાથેજ છે, અને માયિક પદાર્થોમાંથી પ્રાણની રક્ષા માત્રનો વ્યવહાર મનને વશ રાખી ગ્રહણ કરવા યોગ્ય છે, અને અન્ય સર્વ પદાર્થો પોતાના શત્રુ છે, એમ માને છે, તો તેપણ નિસ્સન્દેહ સમજશે કે જ્યારે તેનું શરીર નાશ પામશે, અને માયાના સઘળા પદાર્થો દૂર થઇ જશે, ત્યારે તે તેના સૌથી પ્રિય ભગવતને પામી સુખી થશે. મતલબ કે જે પુરૂષે એ વચનોના ભેદને જાણ્યો છે, તે યમ માર્ગના કષ્ટોને નિસ્સંશય જાણે છે. વૈરાગી પુરૂષો માયાના વિયોગવડે સુખ પ્રાપ્ત કરે છે; અને વિષયી જીવ વિષયના વિયોગવડે અધિક દુઃખી થાય છે. આ પ્રમાણે એ વચનનો અર્થ હવે સિદ્ધ થાય છે કે એ માયા મનસ્વી મનુષ્યોને સ્વર્ગના જેવી છે, વા સ્વર્ગરૂપે છે. પરંતુ જીજ્ઞાસુઓ માયાને પણ નરક માને છે. તેથી માયાનો વિયોગ મનસ્વીઓને નરકરૂપ હોય છે, અને વૈરાગી પુરૂષો તેના વિયોગથી સુખને મેળવે છે.

સર્ગ ૭ મો.

માયાના વિયોગથી થતાં દુઃખોના ભેદનું વર્ણન.

જ્યારે માણસ યમ માર્ગનાં કષ્ટોને જાણે છે, અને સમજે છે કે એ સઘળાં દુઃખનું કારણ માયાપરની આસક્તિ છે, ત્યારે તેણે એ પણ સમજવું જોઇએ કે એ દુઃખ સર્વ જીવોને એક સરખું જણાતું નથી, પરંતુ કોઇને થોડું અને કોઇને વધારે જણાય છે. અર્થાત્ માણસની જેટલી પ્રીતિ માયાના પદાર્થો તથા ભોગ ઉપર હોય છે, તેટલુંજ દુઃખ પ્રાપ્ત થાય છે; તાત્પર્ય કે જે પુરૂષની પાસે એક પદાર્થ હોય છે, તેને થોડું દુઃખ પડે છે, અને જેની પાસે પુષ્કળ સામગ્રી, જેમકે ચાકર નફર, પશુ, વગેરે સર્વ જાતના પદાર્થો

હોય છે, તેને વધારે દુઃખ પ્રાપ્ત થાય છે. થોડા વૈભવવાળા પુરૂષને નિસ્સન્દેહ દુઃખ પણ થાડુંજ હોય છે. દાખલા તરીકે કોઇ પુરૂષનો એક ઘોડો હોય અને તે કોઇ ચોરી જાય અને બીજાના કોઇ દસ ઘોડા ચોરી જાય, તો એક ઘોડાવાળા કરતા દસ ઘોડાના માલીકને વધારે દુઃખ પ્રાપ્ત થાય છે; તેવીજ રીતે કોઇ પુરૂષનું અરધું ધન રાજા દંડ તરીકે લેઇ લે તેના કરતાં જેનું સર્વ ધન લેવામાં આવે છે તે વધારે દુઃખ પામે છે. તેનાથી પણ જેનું સઘળું ધન લેઇ લેવામાં આવે છે, અને વળી સ્ત્રી પુત્રાદિક મરી જાય છે, તથા પોતાના દેશમાંથી દેશ નીકાલ કરવામાં આવે છે, તેને વધારે દુઃખ પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે મૃત્યુનો અર્થ પણ છે. જ્યારે આ જીવ શરીરથી છુટી જાય છે, ત્યારે સ્ત્રી પુત્રાદિક સર્વે સંબંધી, વગેરે માયાના સઘળા પદાર્થો દૂર થઇ જાય છે, અને તે એકલો રહી જાય છે. માટે જે પુરૂષ માયાની સામગ્રી વિષે અધિક આસક્ત બને છે, તે દુઃખી પણ અધિક થાય છે; અને જે પુરૂષની પ્રીતિ માયિક પદાર્થોમાં થોડી હોય છે, તે પદાર્થોના વિયોગથી દુઃખી પણ થોડોજ થાય છે. એપર ભગવાને પણ કહ્યું છે કે "જે પુરૂષને બધાં સુખ તથા સંપત્તિ પ્રાપ્ત થઇ છે, તથા તે માયાના સર્વ પદાર્થો વિષે અધિક આસક્ત થયો છે તે દુઃખી પણ અધિક થાય છે. પરંતુ એ પદાર્થો વિષે જેની પ્રીતિ થોડી છે તે તેઓના વિયોગથી થોડો દુઃખી થાય છે. એ સંબંધમાં આચાર્ય મહારાજે કહેલું છે કે "મનમોજી પુરૂષને યમમાર્ગ વિષે એવું તો દુઃખ પ્રાપ્ત થાય છે કે જાણે તેમને સો સો મુખવાળા મોટા અજગર કરડતા હોય એવા ભયંકર અજગરો વિષય લુબ્ધ પુરૂષોને હમેશાં ડશ્યા કરે છે. . . . . . .

જેનાં બુદ્ધિરૂપી નેત્ર ખુલ્લી ગયાં છે, તે એ અજગરોને પ્રત્યક્ષ દેખે છે. પરંતુ બુદ્ધિહીન પુરૂષો એમ કહે છે કે અમે તો ઘણાં મરી ગએલાં માણસ જેયાં છે, અને અમારાં નેત્રાની દૃષ્ટી પણ તીક્ષ્ણ છે, તથાપિ કોઇ એવો સર્પ અમારા જેવામાં તો આવ્યો નથી, કે જે પ્રાણીયોને ડસતો હોય. આવું કહેનાર માણસોએ એમ જાણવું જોઇએ કે આવા અજગર જીવતા હૃદય વિષે રહે છે, અને તેઓ જીવને ડસે છે. જે શરીરને તેઓ ડસવા હોત સો બીજો કોઇપણ જીવ તેમને દેખી શકત, પરંતુ તેઓ તો મનમોજી પુરૂષોના હૃદયમાં આ સંસારમાંજ ડસે છે. પણ આવા મૂર્ખો બેશુદ્ધિને લીધે તે જાણી શકતા નથી. અર્થાત એ બાબતનું તાત્પર્ય એ છે કે એ અજગરરૂપી મનના મલીન

સ્વભાવ સમજવા અને જુદા જુદા સ્વભાવ થકી જે દુર્ગુણોની ડાંખળીયો ફુટે છે, તે ડાંખળીયોને સર્પનાં માથાંને ઠેકાણે સમજવી. એની ઉત્પત્તિનું કારણ માયાની પ્રીતિ સિવાય બીજું કાંઇપણ નથી. જેમ ઇર્ષા, કઠોરતા, કુટિલતા, કપટ, માન, ચપળતા, વૈરભાવ, માનપરની પ્રીતિ વગેરે જે ખરાબ સ્વભાવો છે, તેઓ એવા અજગરરૂપી છે. એ અજગરોનું યથાર્થ સ્વરૂપ, સંખ્યા, તથા મસ્તકોનો જે વિસ્તાર છે, તે કેવળ ભગવત્‌ની કૃપાવડે તથા અનુભવદ્વારાએ મનુષ્ય દેખી શકે છે. કારણ કે જેટલી નઠારી પ્રકૃતિની શાખાઓ છે, તેને ભગવાનની દયા અને અનુભવવડે કરી ઓળખી શકાય છે. બીજાને સર્વ મલીન સ્વભાવોની માહિતી પણ હોતી નથી. એ મલીન સ્વભાવો મનમેળીયા માયાની જાળમાં ફસાએલાના અંતઃકરણને વિષે આગળ પણ હતા એથી જે મનોવિકારી પુરૂષ ભગવાન અથવા સંતજનની પ્રિતિથી વિમુખ રહે છે, અને હમેશાં માયાના પદાર્થ વિષે આસક્ત રહે છે, તેને મલિન સ્વભાવરૂપી સર્પો જે તેના હૃદય વિષે રહે છે. તે યમ માર્ગને વિષે ડસે છે. એ સર્પોનું ડસવું મહાદુઃખરૂપ છે; કારણ કે જો કોઇ સમયે તેને સ્થુલ સર્પ ડસે છે, તો તેને ક્ષણભર વિશ્રામ પણ મળી શકે છે. પરંતુ મનના સ્વભાવરૂપી સર્પ જે તેના હૃદય વિષે ડસે છે, તે એનાથી કયારે પણ છુટા થતા નથી. દાખલા તરીકે કોઇ પુરૂષની પ્રીતિ પોતાની દાસીપર હોય, અને તે એ પ્રીતિને આગળ જાણતો ન હોય, પછી કોઇ કારણથી જ્યારે એ દાસીનો વિયોગ થઇ જાય છે, ત્યારે તે પુરૂષને પ્રીતિરૂપી સર્પ ડસે છે. જો કે ડસતાં પહેલાં તે કદાચ અચેત થઇ જાય [illegible] વિયોગ સમયે તેને એ પ્રીતિની લાગણી વિશેષ દુઃખકારી થાય [illegible] હવે એ જે પ્રીતિરૂપી સર્પ છે, તે આગળથીજ એના હૃદય વિષે [illegible] અને ફરડયા કરતો હતો; પરંતુ મૂર્ખતાને લીધે તેને એ ઓળખી શકતો નહિ. આગળથી વિયોગસમે એ તેનું ડસવું તેને પ્રત્યક્ષ [illegible] થયું. અને તે જેટલા પ્રમાણમાં તે તેની પ્રીતિ કરીને પ્રીતિમાં [illegible] હતો, તેટલાજ પ્રમાણમાં વિયોગ થતાં એજ પ્રીતિ તેને દુઃખદાયક [illegible] પડે છે. કારણ કે જો એ દાસી સાથે એની પ્રીતિ નહોત તો એના વિયોગ [illegible] દુઃખ થવાનું કશું કારણ નહોતું. એવી રીતે માયાવી જનની પ્રીતિ [illegible] સાથે થાય છે, તેણે કરીને માયાના ભોગ વિષે તે આનંદિત થાય છે [illegible] તેજ પ્રીતિ વિયોગ સમયે દુઃખનું કારણ થઇ પડે છે. આ પ્રમાણે માન, [illegible] અને માનપરની જે પ્રીતિ છે, તેનું ડસવું ઉપર કહેલા સર્પને [illegible] છે; અને [illegible] પદાર્થોની

પ્રીતિ વિંછી સમાન છે. એવી રીતે જેટલી જેનો પ્રીત મનુષ્યના અંતઃકરણને વિષે દૃઢ થાય છે, તેના વડે નિઃસન્દેહ તે દુઃખનો ભોકતા બને છે. જેમકે દાસીના વિયોગવડે એ પુરૂષ એવો ખિન્ન થાય છે કે પોતે અગ્નિમાં બળી મરવાને અથવા જળમાં ડુબી મરવાને તૈયાર થાય છે. એમ કરવાની તેની ધારણા એટલીજ હોય છે કે પ્રીતિરૂપી સર્પ ડસે છે તેમાંથી કોઇ રીતે પણ પોતાને છુટકારો મળે. તેવી રીતે જે જીવને યમ માર્ગને વિષે ભોગ વિલાસના વિયોગવડે દુઃખ ઉત્પન્ન થાય છે તે પણ ઇચ્છે છે કે મારા હૃદયને વિષે આ વિયોગ રૂપી વિંછો તથા સર્પ ડસે છે, તે કરતાં સ્થૂળ સર્પ વા વીંછી કરડતા હોત તો વધારે સારૂં; કારણ કે તેઓનું કરડવું પ્રત્યક્ષ હોવાથી કોઇ તેમને દેખી મારા ઉપર ઉપકાર કરી શકત. પરંતુ પ્રીતિરૂપી સર્પનું કરડવું પરોક્ષ હોવાથી કોઇ ઉપકાર કરે તેમ નથી. આ પરથી સિદ્ધ થાય છે કે આ જીવ પોતાનાં દુઃખનાં બીજ પોતાની સાથેજ આ સંસારમાંથી લેતો જાય છે. આ સંબંધમાં પરમાત્માએ પણ કહ્યું છે કે તમારાં અશુભ કર્મજ તમને દુઃખ દે છે, બીજું કોઇ દુઃખ દેનાર નથી.”

વળી આ બાબતમાં ભગવાનનું વચન છે કે “જ્યારે તમારી પ્રીતિ તથા નિશ્ચય માયામાં દૃઢ થાય છે, ત્યારે આ સંસારમાંજ તમે દુઃખને જોઇ શકો છો; કારણ કે મનોવૃત્તિના દાસનું અંતઃકરણ અહીં પણ દુઃખોવડે સંપૂર્ણ છે. ભગવાને એમ કંઇ નથી કહ્યું કે દુષ્ટ માણસ પરલોકમાંજ દુઃખનો ભોકતા થશે; પરંતુ એમ કહ્યું છે કે “અહિંજ અપાર દુઃખ તેઓની સાથે છે, અને તેમાંજ તેઓ નિમગ્ન છે. અર્થાત્ એ ઠેકાણામાં એટલે આ લોકમાંજ તેનું દુઃખ વ્યાપરૂપ છે.

સર્ગ આઠમો

પ્રશ્નોત્તરનું વર્ણન.

હવે જો તમે પ્રશ્ન કરો કે સ્થૂળ નેત્રોવડે કરી એ સર્વે દેખી શકાય

છે, એમ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે; અને જેવા સર્પ તમે હૃદય વિષે કહો છો, તેવા સ્થૂળ દૃષ્ટીએ તો કાંઇ દેખી શકાતા નથી, તો તેનો જવાબ એટલોજ કે—એ સર્પ પણ જોવામાં આવે છે, પરંતુ જે મૃતક પ્રાણીને તે ડસે છે તેજ તેને જોઇ શકે છે; બીજા લોકો તેને દેખી શકતા નથી. સૂક્ષ્મ દેશના પદાર્થ સ્થુળ દૃષ્ટીથી દેખી શકાતા નથી. એ સર્પ પ્રાણીને સ્થુળ સર્પોની માફક ડસતો નથી, કે જેથી બધાં તેને જોઇ શકે. પરંતુ મૃતક પ્રાણીને તે જ્યારે ડસે છે, ત્યારે તેને તે પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેમ કોઇ મનુષ્યને સ્વપ્ન આવે કે મને સર્પ કરડે છે, તો તેને એ સર્પ કરડે છે, એવું પ્રત્યક્ષ ભાસે છે, અને તે કરડવાનું દુઃખ પણ પ્રત્યક્ષ ભોગવે છે, પરંતુ તેની પાસે બેઠેલા જાગૃત અવસ્થાવાળા પુરૂષને તે સર્પ દેખાતો નથી. તેથી સ્વપ્ન જોનાર પુરૂષને સર્પના ડસવાથી જે યાતના થાય છે તેનું કોઇ રીતે ખંડન થતું નથી; કારણ કે સ્વપ્નાવસ્થાવાળા પુરૂષને સર્પના કરડવાનું દુઃખ કેઇ જાગૃત અવસ્થાવાળો પુરૂષ ભોગવતો હોય એવું પ્રત્યક્ષ થાય છે. વળી એમ પણ છે કે જ્યારે કોઇ સ્વપ્નમાં એમ જુએ કે મને સર્પ ડસ્યો, ત્યારે તેનું ફળ એ થાય છે કે જાગૃત અવસ્થામાં તેને શત્રુ જીતી લે છે. એ દુઃખને માનસિક દુઃખ કહે છે, અને તે વિશેષ કષ્ટ આપનાર છે; કારણ કે આ પુરૂષ એમ ચાહના રાખે છે કે જો મને જાગૃત અવસ્થામાં સર્પ કરડે તો છો કરડે, પરંતુ કોઇ રીતે મારી શત્રુથી રક્ષા થાય. સ્થૂળ સર્પના ડસવા કરતાં શત્રુ તરફનું દુઃખ અધિક થાય છે; કારણ કે શત્રુ તરફનું દુઃખ હૃદયને પહોંચે છે, અને સર્પ તો શરીરનેજ માત્ર કરડે છે. વળી જો એમ કહેવામાં આવે કે પ્રાણીને કરડવાવાળો સર્પ પણ સ્વપ્ન તુલ્ય છે, અને તેથી સિદ્ધ થાય છે કે તે સર્પ પણ સંકલ્પ માત્ર છે. અર્થાત્ એ પુરૂષને વાસ્તવિક રીતે કોઇ સર્પ ડસતો નથી; પરંતુ તે પુરૂષ પોતાના સંકલ્પ માત્રે કરી દુઃખ માને છે. તેનો ઉત્તર એટલોજ કે એમ સમજવું એ મોટી મૂર્ખતા છે, કારણ કે જો વિચારની દૃષ્ટીથી અવલોકન કરીએ તો એ સર્પ નિઃસંદેહ પ્રત્યક્ષ છે. એમ માનવાની મતલબ એટલીજ કે જે પદાર્થનું સુખ અથવા દુઃખ પ્રકટ પ્રાપ્ત થાય, તેને પ્રત્યક્ષ કહે છે, અને જે પદાર્થનું સુખ કે દુઃખ સંકલ્પ માત્રમાંજ થાય છે તેને પરોક્ષ કહે છે. તેથી જ્યારે માણસને કોઇ પદાર્થ સ્વપ્નામાં દૃષ્ટિગોચર થાય છે અને તેનું સુખ વ દુઃખ તે ભોગવે છે, ત્યારે તે પદાર્થ તેને તો પ્રત્યક્ષ થયો એમ કહેવાય છે.

જો કે બીજું કોઇ તેને દેખતું નથી, તોપણ તેને તો તે સ્વપ્નામાં પ્રત્યક્ષજ ભાસે છે.

વળી જે પદાર્થ સઘળા લોકો ન દેખે પરંતુ કોઇકના જોવામાં તે આવે, તો તે પદાર્થ તેમને મિથ્યા ભાસે છે. એ પ્રમાણે સ્વપ્ન દેખનારાં તથા મરી ગએલાં મનુષ્યને જે જે દુઃખ પ્રાપ્ત થાય છે, તેને બીજું કોઇ જોઇ શકતું નથી; પરંતુ જેને તે દુઃખ પ્રાપ્ત થાય છે, તેને તે દુઃખ નિઃસંદેહ પ્રત્યક્ષ ભાસે છે, અને બીજાના જોવામાં તે ન આવ્યાથી તે તેનું ભાસવું તેઓ મિથ્યા ગણે છે, તથા તે મનુષ્યનું દુઃખ દુર કરી શકતા નથી. જાગૃત અને સ્વપ્ન અવસ્થામાં ભેદ એટલોજ કે સ્વપ્ન જોનાર પુરૂષ જલદી જાગી ઉઠે છે, અને જાગૃત થતાં એ દુઃખનું ભાન તેને થતું નથી. તેટલા માટે તેને સંકલ્પ કહે છે. મૃતક જીવને જે દુઃખ પરલોક વિષે પ્રાપ્ત થાય છે, તે દુઃખની મર્યાદા કંઇ વર્ણનમાં આવી શકતી નથી, અને કોઇ પ્રકારે તે જીવ એ દુઃખથી છુટી શકતો નથી. પરંતુ જ્યારે ભગવાનની કૃપા થાય છે, ત્યારે તે જીવને એ દુઃખથી મુક્ત કરે છે. વળી ધર્મશાસ્ત્ર વિષે પણ કંઇ એવું નથી કહ્યું કે "પ્રાણીને સ્થુળ સર્પ કરડે છે." કારણ કે જો એ સર્પ સ્થુલ નેત્રોથી જોવામાં આવે તો પરલોક પણ આ લોકની માફક આધિ ભૌતિક સિદ્ધ થાય. પરંતુ તે તેમ નથી, તેથી જ્યારે કોઇ પુરૂષ આ સ્થુળ જગતને વિસારી દે છે ત્યારે તેને પરલોક પણ પ્રત્યક્ષ દેખાઇ આવે છે. અને ત્યાં તામસી જીવોને જે સર્પ, વિંછી વગેરે કરડે છે, તેને તે પ્રત્યક્ષ જુએ છે. એ કારણથી કહ્યું છે કે "બીજા લોકોને જે કાંઇ આશ્ચર્ય સ્વપ્ન વિષે જોવામાં આવે છે, તે સંત પુરૂષોને જાગૃત વિષેજ દેખાય છે. કારણ સંત પુરૂષોને ઇંદ્રિયાદિ વિષય, પરલોક સંબંધી કાર્યોમાં અડચણ કરતા નથી. મતલબ એ છે કે જે પુરૂષ સ્થૂલ દૃષ્ટીથી અવલોકન કરે છે, અને તે આધારથી કહે છે કે આ જીવને મરણ પછી કંઇ દુઃખ થતું નથી. તે પુરૂષ એવું કહે છે તેનું કારણ એ છે કે તેને માનસિક દુઃખનું જ્ઞાન કંઇ-પણ હોતું નથી; અને તે આ સ્થૂળ શરીરના દુઃખનેજ માત્ર દુઃખ જાણે છે. વળી કોઇના તરફથી એવો સવાલ થાય કે, યમ મારગના દુઃખનું કારણ મા-યાના ભોગવવા લાયક વિવિધ પદાર્થો કહ્યા છે; તેથી સિદ્ધ થાય છે કે યમ માર્ગનાં કષ્ટોથી કોઇ પુરૂષ મુક્ત નહિ થાય; કારણ કે સૌ કોઇ સ્ત્રી પુત્રાદિ-

કનો સંબંધ તથા ધનની મોટાઇ વગેરે રાખે છે, અને માયાની સાથે પ્રીતિ પણ સૌ કોઇ થોડી ઘણી રાખે છે. તેથી ખાતરી થાય છે કે યમ માર્ગનાં દુઃખથી કોઇ જીવ છુટતો નથી. આ સવાલ તેનો ઉત્તર એ છે કે જેવી રીતે સવાલ કરનાર સમજે છે, તે તેવું નથી. કારણ કેટલા એક પુરૂષ આ જગત્ વિષે એવા હોય છે કે તેમનું ચિત્ત માયાના ભોગથી વિરક્ત હોય છે, અને કોઇ પદાર્થ સાથે તેમની પ્રીતિ હોતી નથી. વળી એવા જીજ્ઞાસુ વૈરાગ્ય સંપન્ન પણ ઘણા હોય છે. જે ધનવાન હોય છે તે બહુધા ત્રણ પ્રકારના હોય છે; તેમાં એકનો એવા છે કે તેમની પ્રીતિ માયાના પદાર્થો વિષે હોય છે, તથા ભગવાનને વિષે પણ સૌથી વધારે પ્રીતિ રાખે છે. તેમાં જેની પ્રીતી ભગવાન ઉપર વિશેષ હોય છે, તેને યમ માર્ગ વિષે કષ્ટ પ્રાપ્ત થતું નથી. તેનું ઉદાહરણ એકે જેવી રીતે કોઇ પુરૂષ પોતાના ઘરની સર્વ સામગ્રીને સર્વથા પ્રિય સમજતો હોય તેને કોઇ મહારાજા જો કોઇ દેશનું રાજ્ય આપી દે, તો તેને પોતાના ઘરની સામગ્રીનો ત્યાગ કરવો સુગમ થાય છે. કારણ કે તે દેશનું રાજ્ય અને તેની અધિક પ્રાપ્તિની પ્રીતિ આગળ તેના પોતાના ઘરની સામગ્રી તથા નગરની પ્રીતિ તુચ્છ માત્ર થઇ જાય છે; તેવી રીતે પ્રીતિવાન્ મનુષ્યોની પ્રીતિ જો કે માયાના ભોગો તથા સંબંધીયો તરફ અધિક વળેલી હોય છે, તો પણ ભગવત્‌ની પ્રીતિ તથા તેના મિલાપનો જે રસ છે, તેના પ્રાપ્તિના આનંદમાં સર્વ પદાર્થોપરની પ્રીતિ તેને વિસ્મરણ થઇ જાય છે. પાછળથી જ્યારે મૃત્યુ પછી માયાના પદાર્થોનો વિયોગ થાય છે, ત્યારે તે આનંદ સ્વરૂપની પ્રીતિમાં લીન થઇ જાય છે. પરંતુ જેઓ માયાની સાથે અધિક અને ભગવત્ સાથે થોડી પ્રીતિ રાખે છે, તેઓ યમ માર્ગના કષ્ટથી છુટી શકતા નથી, અને દીર્ઘકાળ સુધી દુઃખના ભોક્તા બને છે, વળી જ્યારે અધિક સમય વ્યતિત થાય છે, ત્યારે તેને પણ માયાના પદાર્થોનું વિસ્મર્ણ થઇ જાય છે, અને ભગવત્‌ની પ્રીતિનું બીજ જે તેના હૃદય વિષે હતું, તે ધીમે ધીમે ઉત્પન્ન થવા માંડે છે; એટલે લાંબા વખત પછી તે પણ સુખના ભોક્તા બને છે. જેમ કોઇ માણસનાં બે ઘર હોય પણ તેમાંના એક ઉપર તેની અધિક, અને બીજા ઉપર અલ્પ પ્રીતિ હોય, તે જ્યારે અધિક પ્રીતિવાળા ઘરમાં વાસ કરી પછી અલ્પ પ્રીતિવાળા ઘરમાં જઇ રહે છે, ત્યારે કેટલોક વખત તો તેને બહુ પ્રીતિવાળા ઘરના વિયોગે કરી અણગમો થાય છે

ખરો, પણ ઘણો સમય વિતવાથી તે ઘરને તે સહજમાં ભૂલી જાય છે; અને જે ઘર સાથે થોડી પ્રીતી રાખતો હતો તે ઘરની સાથે તેનો સ્વભાવ મળી જાય ૭. ત્રીજા પ્રકારના ધનવાન એવા છે કે તેમની પ્રીતિ ભગવાનની સાથે જરા પણ હોતી નથી, અને સર્વદા માયાના પદાર્થોમાં આસક્ત રહે છે. તે સદૈવકાલ પરલોક વિષે અધિક દુઃખના ભોક્તા બને છે, અને કદાચિત્ પણ છુટતા નથી. તેનું કારણ કે માયાના જ પદાર્થોપર તેમની અત્યંત પ્રીતિ હતી, તેનો તેમને વિયોગ થવાથી દુઃખ થવુંજ જોઇએ. અર્થાત્ દુઃખ સાથે તેમનું જોડાણ થયું અને તેથી તેમની મુક્તિ શી રીતે થાય ? આ પ્રમાણે પરલોકથી વિમુખ લોકો જે હમેશાં દુઃખી રહે છે, તેનું કારણ તેમની માયાપરની આસક્તિ છે. બહુધા સા કોઇ એમ કહે છે કે અમે ભગવત્નેજ અમારો પ્રીતમ (સૌથી વહાલો) સમજીએ છીએ, અને માયાના પદાર્થો કરતાં ભગવત ઉપર અમારી પ્રીતિ અધિક છે. મોઢેથી સૌકો એમજ કહે છે. પરંતુ એ વાતની પરીક્ષાને નિમિત્તે કસોટી જોઇએ; અને તે કસોટી એજ છે કે જે ભોગને તે મનુષ્ય ઇચ્છે છે તે ભોગ જો સંતોના માનવા પ્રમાણે તજવા યોગ્ય હોય તો એ વખતે તે મનુષ્ય માયાના પદાર્થો અથવા તે ભોગો ઉપરની પોતાની મનની વાસનાનો ત્યાગ કરે છે કે કેમ, તથા સંતજનોનાં વચનો વિષે અધિક પ્રીતિ રાખે છે કે નહિ તેનો નિર્ણય કરવો. જ્યારે એ મનુષ્ય તેમ કરે ત્યારે જાણવું કે એ પ્રાણીની (મનુષ્યની) પ્રીતી શ્રી ભગવાન્ તરફ અધિક છે. દાખલા તરીકે જો કોઇ માણસની બે જુદા જુદા મિત્રો સાથે દોસ્તી હોય અને અકસ્માત તેઓ એક બીજાથી વિરૂદ્ધ થઇ જાય તો તે સમયે જોવું જોઇએ કે એ મનુષ્ય કોનો પક્ષ વધારે ખેંચે છે. જેનો પક્ષ તે વધારે ખેંચે તેની સાથે તેની પ્રીતિ છે એમ સમજવું. તેવી રીતે જ્યાંસુધી એ જીવની અવસ્થા સંત પુરૂષોની આજ્ઞા પ્રમાણે ન હોય ત્યાંસુધી તેના ફક્ત મોઢેથી કહેવાથી કંઇ લાભ થતો નથી. ઉલટું એવું કહેવુંજ વ્યર્થ છે. આ સંબંધમાં આચાર્ય મહારાજનું કહેવું છે કે "જે પુરૂષ એમ કહે છે કે એક ભગવાનજ સાચા છે, અને તે સિવાય બધું નાશવંત છે, તથા એમ કહેવા છતાં માયાના પદાર્થો વિષે પોતાની પ્રીત અધિક રાખે છે, અને એવી રીતે માત્ર વચન વ્યવહારથીજ પોતાને મુક્ત થયેલો જોવાની ઇચ્છા રાખે છે, તેને ભગવાન તરફનો સવાલ પુછાય કે–' તમારો તો માયા

સાથે ઘણી પ્રીતિ છે, અને મોઢેથી ભગવત્‌ને સત્ય સ્વરૂપ કહો છો તો તમને શા સારૂ જુઠા ન કહેવા જોઇએ ? કારણ કે આમ જોતાં તો તમે તમારાં વચન વિષેજ જુઠા ઠરો છો. આ પ્રમાણે સિદ્ધ થાય છે કે જેનાં બુદ્ધિરૂપી નેત્રો પ્રકાશિત થયાં છે, તે સૂક્ષ્મ દ્દષ્ટીએ કરી પ્રત્યક્ષ નિહાળે છે કે યમ માર્ગનાં કષ્ટથી વિરલાજ મુક્ત થાય છે, અને ઘણાએ દુખમાં સપડાય છે, પરંતુ ન્યુનાધિકપણું રહે છે ખરૂં. જેમ માયાના પદાર્થોપરની પ્રીતિને લીધે જીવોની અવસ્થાનો ભેદ છે તેમ યમ માર્ગ વિષે પણ દુઃખની ન્યુનાધિકતાનો ભેદ રહે છે. અર્થાત્ કોઇ પુરૂષ લાંબો વખત દુઃખનો ભોક્તા રહે છે, અને કોઇ થોડો વખત દુઃખ ભોગવી મુક્તિ મેળવે છે.

સર્ગ નવમો.

અહંકારી મનુષ્યોની નીચતાનું વર્ણન.

કદાચિત્ કોઇ માણસ કહેશે કે, કેટલાક પુરૂષો એમ કહે છે કે યમ માર્ગનાં દુઃખનું કારણ માયાપરની પ્રીતિ છે. પણ અમને તો એ દુઃખનો કાંઇ ભય નથી, કારણ કે અમારૂં ચિત્ત માયાના પદાર્થોમાં આસક્ત નથી; અને તેથી પદાર્થનું હોવું અથવા ન હોવું અમારે મન સરખુંજ છે. આનો ઉત્તર એટલોજ કે એવું અભિમાન કરવું કઠિન છે, અને એવું અભિમાન જે રાખે છે તેને મૂર્ખનો સરદાર સમજવો; કારણ કે જ્યાંસુધી પોતાના મનની પરીક્ષા ન કરી હોય, ત્યાંસુધી એવી અવસ્થા પ્રાપ્ત થયાનું અભિમાન રાખવું ફોકટ છે, એ પરીક્ષા ત્યારે થાય છે કે જ્યારે એમ કહેનાર પુરૂષનું ધન ચોરો લેઇ જાય છે, અથવા તેનો અધિકાર નાશ પામે છે કે તેની મોટાઇને ધોકો લાગે છે, અથવા તેના મિત્રો વિમુખ થઇ જાય છે તથા તેની નિંદા કરવા લાગે છે, છતાં પણ તે પુરૂષની અવસ્થા બદલતી નથી અને ચિત્તની વૃત્તિમાં ખેદ પણ થતો નથી. પરંતુ તે એમ માને છે કે કોઇ બીજાનુંજ ધન તથા માન હરાઇ ગયાં છે, અને એમાં મારે શું લેવા દેવા છે ? મારૂં તો કાંઇ ગયું નથી. આવું જ્યારે તે

માને ત્યારે જાણવું કે એનું કહેવું સત્ય છે, અને તેને ઉત્તમ અવસ્થા પ્રાપ્ત થઇ છે. પણ જ્યાંસુધી તેનું ધન, તથા માન છીન્ન ભિન્ન નથી થતાં, ત્યાંસુધી તેને યોગ્ય એ છે કે પોતાની પરીક્ષાને નિમિત્તે પોતેજ ધનનો ત્યાગ કરે, અને જે શહેરમાં પોતાનું માન હોય તે શહેરનો પણ ત્યાગ કરે, અને તે પછી પોતાની બરોબર કસોટી કરે, અને એ પરીક્ષા પોતાને જ્યારે નિર્મળ તથા નિર્લેપ દેખે, ત્યારે એમ જાણે કે મને પરમપદની પ્રાપ્તિ થઇ છે. જ્યાંસુધી મનુષ્ય પોતાને એ પરીક્ષામાં પરિપકવ ન દેખે ત્યાંસુધી ઉત્તમ અવસ્થાનું તેણે અભિમાન કરવું એ વ્યર્થ છે. દાખલા તરીકે કે કેટલાક પુરૂષો સંબંધીયોના સહવાસમાં એમ જાણે છે કે સ્ત્રી, પુત્રાદિ સાથે મારે કાંઇપણ પ્રીતિ નથી. પણ જ્યારે તેમનાથી તેઓ જુદા પડે છે, ત્યારે તેમના અંતઃકરણ વિષે જે પ્રીતિ રૂપી અગ્ની છુપાએલો હોય છે, તે પ્રકટ થઇ આવે છે, અને તેના તાપે કરી તેઓ બાવરા બાવરા થઇ જાય છે. માટે જો કોઇ પુરૂષ પોતાને યમ માર્ગનાં કષ્ટથી મુક્ત કરવા માગતો હોય તો તેણે કોઇપણ સ્થૂળ પદાર્થ વિષે આસક્તિ ન રાખવી અને માયાનો સઘળો વ્યવહાર માત્ર જરૂરના કારણસરજ કરવો.–જેમ મલ ત્યાગ કરવાની અપેક્ષા અવસ્યમેવ થાય છે, અને અવસ્યમેવ મળમૂત્રના સ્થાન વિષે જઇને બેસે છે; તેમજ મનુષ્યને યોગ્ય છે કે આહારની અભિલાષા પણ એ પ્રકારે કાર્ય માત્ર રાખે. તેણે એમ સમજવું કે જેમ મળનો ત્યાગ કર્યા વિના શરીરને દુઃખ થાય છે, તેમજ આહાર વગર પણ શરીરની ક્રિયા સિદ્ધ થતી નથી. એવી રીતે સઘળાં કાર્યોમાં ભય અને સંયમ સંયુક્ત જ્યારે મનુષ્ય વરતે છે અર્થાત્ માયાના ભોગોથી તે નિજ ચિત્તને વિરક્ત કરી શકે છે ત્યારે તે પુરૂષાર્થ તથા પ્રેમે કરીને ભજન વિષે પ્રીતિ રાખવામાં સાવધાન થાય છે, ભજનનાં રહસ્યને માયાના રહસ્યથી પ્રબળ કરે છે, તથા સર્વદા પોતાના ચિત્તની પરીક્ષા કરતો રહે છે કે મારૂં ચિત્ પોતાની વાસના તરફ વધારે ખેંચાય છે, કે ભગવાન અને સંત પુરૂષોની આજ્ઞા વિષે અધિક પ્રીતિ રાખે છે, તે કસોટીમાં જ્યારે તેને એમ ભાસ થાય કે મારૂં ચિત્ત પોતાની વાસનાનો ત્યાગ કરી સહજ સંત પુરૂષોની આજ્ઞાનુસાર વર્ત્તન કરે છે, ત્યારે તેણે ખાતરીથી સમજી લેવું કે તે ચોકસ રીતે યમ માર્ગના કષ્ટથી મોકળો થશે. પરંતુ જો તેને પોતાને એમ ભાસે કે તેનું મન એવી રીતનું નથી ત્યારે તેણે જાણવું

કે એ મહાન દુ:ખથી તેને મુક્તિ મેળવવી ઘણી કઠણ છે. પરંતુ પરમેશ્વરના દયાવડે કદાચ તે મુક્ત થઇ શકે છે, ઇશ્વરની કૃપા એ સઘળાં કર્ત્તવ્યોથી ન્યારી ચીજ છે; અને જ્યારે પરમાત્મા કૃપા કરે છે ત્યારે મનુષ્ય દુ:ખથી મુક્તિ મેળવી શકે છે, એમાં કંઇ આશ્ચર્ય નથી.

સર્ગ દશમો.

માનસિક નર્કનું વર્ણન.

માનસિક નર્કનો અર્થ એવો થાય છે કે એ દુ:ખ કેવળ જીવનેજ થાય છે. એ દુ:ખ સાથે શરીરનો કાંઇપણ સંબંધ નથી. જે અગ્નિવડે શરીરની બળત્રા ઉત્પન્ન થાય છે, તેને સ્થૂળ નર્ક કહે છે, અને જે (ચિંતારૂપી) અગ્નિ કેવળ મનને દગ્ધ કરે છે, તેને માનસિક નર્ક કહે છે માનસિક નર્કમાં મનને બાળનારો અગ્નિ ત્રણ પ્રકારનો હોય છે; પ્રથમ તો સ્થૂલ ભોગના વિષયોનો અગ્નિ જીવને દગ્ધ કરે છે. બીજો અગ્નિ અપમાન અથવા નિરાદર અથવા લાજનો નાશ થયો તે છે, તથા ત્રીજો ભગવતના દર્શનથી વિમુખ રહ્યાનો પશ્ચાતાપરૂપી અગ્નિ જીવને દગ્ધ કરે છે. એ ત્રણ પ્રકારના અગ્નિની આગ કેવળ હૃદયનેજ તપ્ત કરે છે, અને એ દુ:ખના પ્રવેશ સાથે શરીરનો કાંઇપણ સંબંધ નથી. એટલે એનું વર્ણન કરવું એ જરૂરનું છે. એ ત્રણ પ્રકારના અગ્નિનાં બીજ આ જીવ આ સંસારમાંથી પોતાની સાથે લઇ જાય છે. તેનું સ્થૂળ દૃષ્ટાંતોવડે અત્રે વર્ણન કરવામાં આવે છે. પ્રથમ અગ્નિ જે ભોગના પદાર્થોનો વિયોગ કહ્યો તેનું થોડું ઘણું વર્ણન આગળ કરવામાં પણ આવ્યું છે, અને એ દુ:ખનું કારણ માયાપરની પ્રીતિ છે. અર્થાત્ જીવ માયાના પદાર્થોની પ્રીતિવડે સુખી થાય છે, અને તે પદાર્થોના વિયોગવડે દુ:ખ ભાગી થાય છે. તેથી એ જીવની પ્રીતિ જે માયા સાથે છે, તે ભોગ વિલાસને આ સંસાર વિષે સ્વર્ગની માફક તે ભોગવે છે, અને પછી નર્કનો ભોક્તા બને છે. કારણ કે માયા જેના વહાલીમાં વહાલી ચીજ હતી તેનો જ્યારે વિયોગ થાય છે, ત્યારે તે

મહા દુ:ખો થાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે જે પદાર્થ સુખનું કારણ છે તેજ દુ:ખનું કારણ બને છે; અને પદાર્થના સંયોગથી સુખ અને વિયોગથી દુ:ખ પ્રાપ્ત થાય છે. એ આગેનનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ મોટો રાજા હોય તેની આણ ભૂમંડળપર વરતાતી હોય, હમેશાં સુંદર વૈભવો તેના ભોગવવામાં આવતા હોય, વિવિધ પ્રકારનાં દાસ, દાસીઓ તથા સ્ત્રીઓ અને સુંદર સરોવરો બગીચા વગેરે રમણીય સ્થાનોનો તે ભોગવટો કરતો હોય, તથા તે સિવાય બીજાં પણ તેને અનેક સુખો હોય, અને પછી એકાએક તેનાપર તેનો વિરોધી કોઇ રાજા ચડી આવે, અને તેને જીતી પોતાને આધીન રાખે, તથા તેના પ્રધાનના દેખતાં તેની પાસે કુતરાની સંભાળ લેવાનું હલકું કામ કરાવે, તેના દેખતાં તેની રાણીઓને પોતાની દાસી બનાવે, અને એની દાસ દાસીઓ પાસે પોતાની ચાકરી કરાવે, તથા એના ભંડારમાં જે રત્ન તથા માણેક હોય તે સર્વે તેના શત્રુઓને આપી દે. આ દાખલામાં જો આપણે વિચાર કરીએ તો આપણને સ્પષ્ટ માલુમ પડે છે કે એ રાજાના શરીરને કોઇપણ રીતની હાનિ થઇ નથી. પરન્તુ રાજ્ય, સ્ત્રી, પુત્ર, દાસી, દાસ, ભંડાર વગેરે જે સર્વ સુખોના વિયોગનો જે અગ્નિ છે, તે તેના હૃદયને બાળે છે, અને તેથી તે મહારાજા પોતાના હૃદયને વિષે પોતાને એવો દુ:ખી જાણે છે કે એ દુ:ખથી છુટવા માટે પોતે કોઇ પ્રકારે મરી જાય તો સારૂ એવું તે માને છે. આ પ્રમાણે ઉપલો દાખલો સ્થૂળ ભોગના અગ્નિના સમ્બંધનો સમજવાનો છે. આથી સિદ્ધ થાય છે કે–જેટલે દરજ્જે માયાનાં સુખ અધિક હોય છે, અને જે પુરૂષ નિષ્કંટક તેને ભોગવતો હોય તેને એજ પ્રમાણમાં તેના વિયોગનો અગ્નિ હૃદયને વિષે બાળે છે, તથા જેની પાસે માયાની સામગ્રી વિશેષ હોય અને ઇંદ્રિયોના ભોગ પણ વિના પ્રયાસે મળતા હોય, તો તેમનો વિયોગ તેના હૃદયને અતિશય પરિતપ્ત કરે છે. વળી એમ પણ છે કે જેમ વિયોગના અગ્નિવડે કરીને આ જીવનું હૃદય બળે છે, તે પ્રમાણે સ્થૂળ અગ્નિનું દૃષ્ટાંત સંભવિત નથી. કારણ કે જ્યારે આ મનુષ્યના શરીરને જગતમાં કાંઇપણ દુ:ખ થાય છે, ત્યારે હૃદયને તે હમેશાં સંપૂર્ણ રીતે પહોંચતું નથી; તે એટલા માટે કે, આંખ કાનાદિક ઇંદ્રિયોની ક્રિયામાં ચિત્તની વૃત્તિ ફેલી જાય છે, તેથી દુ:ખનો ભાસ નિર્બળ થઇ જાય છે. ઇંદ્રિયોનો વ્યવહાર પણ અન્ત:કરણને એવો આવરણરૂપ

થઇ જાય છે કે દુ:ખનો પ્રવેશ ચિત્તમાં સંપૂર્ણ પહોંચતો નથી. જેમ કોઇ દુ:ખી માણસ અચાનક ઉંઘમાંથી જાગી ઉઠે છે ત્યારે તેને દુ:ખની અસર વિશેષ લાગે છે, કારણ કે તે સમયમાં તે પુરૂષનું ચિત્ત વ્યગ્ર હોતું નથી. વળી જો કોઇ પુરૂષ નિદ્રામાંથી અચાનક જાગે અને તેની ઇંદ્રિયોમાં ચિત્તની વૃત્તિ ફેલાયા પહેલાંજ મધુર શબ્દ તેના કાનમાં પડે તોપણ તે શબ્દમાં તેના ચિત્તની વૃત્તિ એકત્ર થઇ જાય છે. પરન્તુ જ્યાંસુધી મનુષ્ય આ સંસાર વિષે જીવે છે, ત્યાંસૂધી તે ઇંદ્રિયોના વ્યવહારના બળથી કયારે પણ નિર્મળ રહેતો નથી; અને જ્યારે તે શરીરથી વિખુટો પડે છે, ત્યારે પરલોકમાં એકલોજ રહી જાય છે, અને ઇંદ્રિયોની બધી વિક્ષેપતા દૂર થઇ જાય છે. આ કારણથી પરલોકમાં જીવને સુખ દુ:ખનો પ્રવેશ વિશેષ થાય છે. એટલા માટે આપણે ચિત્તમાં એવું અનુમાન ન કરવું કે જીવને બાળવાવાળો સૂક્ષ્મ અગ્નિ પણ સ્થૂળ અગ્નિના જેવો હશે. કારણ કે આ સ્થુળ અગ્નિ સૂક્ષ્મ અગ્નિથી સત્તર ગણો ઠંડો છે. વળી બીજો જે અપમાનનો અગ્નિ કહ્યો છે, તેનું દૃષ્ટાંત એમ છે કે જેમ કોઇ મહા રાજા દયા કરીને કોઇ નીચ મનુષ્યને પોતાનો હુઝુરી બનાવે, ઘરનાં સર્વ કામ તેને સોંપી દે, અને તેને અંત:પુરમાં જવાને પણ અટકાવ ન કરે, તથા દ્રવ્યના ખજાના પણ સર્વ તેને આધીન સોંપે. જ્યારે એવા પુરૂષને આટલાં બધાં સુખની પ્રાપ્તિ થઇ જાય છે, ત્યારે વિમુખતાએ કરીને તેનું હૃદય મલાન થઇ જાય છે, અને તેણે કરીને તે ખજાનામાંથી ચોરી કરવા લાગે છે, અથવા રાજ્ય મહેલોની અન્દર વ્યભિચારાદિ અપકૃત્ય કરવા લાગે છે. છતાં ઉપરથી પોતાની મિત્રતા અને ભલાઇ બતાવે છે. પછી અચાનક કોઇ વખત મહેલોમાં અપકૃત્ય કરતો છતાં તે રાજાને જુએ અને એમ વ્હેમાય કે રાજાએ મને મહેલોમાં અપકૃત્ય કરતાં ઝરોખામાંથી જોયો છે, અને એવીજ રીતે હમેશાં આગળ પણ મને જોતો રહ્યો હશે, પણ તે માટે મને શિક્ષા કરી નથી. પછી તે એમ ધારે કે કદાચ તેણે એમ વિચાર્યું હશે કે જ્યારે મારૂં પાપ પૂર્ણ અને મોટું થઇ જાય ત્યારે મને એકદમ શિક્ષા કરવી અને દુ:ખ દેવું. હવે વિચાર કરી જુવો કે તે સમયમાં તે નીચ મનુષ્યને લજ્જાનો અગ્નિ કેવો બાળતો હશે ? જો કે તેનું શરીર બીજા દુ:ખથી રહિત છે, તોપણ શરમના સબબથી તે પોતે જમીનમાં ગરક થઇ જવા ઇચ્છા રાખે એટલું માનસિક દુ:ખ તેને થાય છે. તે

એટલા માટે કે કોઇ તરેહથી શરમના દુઃખથી છુટું તો સારૂં થાય એવું તેના મનમાં ઠસી જાય છે. હે ભાઇ ! તેમજ તું આ જગત્માં પોતાના સ્વભાવ અનુસાર જે કાર્યો કરે છે. તેનાં કામો બહારથી જો કે સારાં દેખવામાં આવે છે, પણ તેની ક્રિયાનું મૂળ મલીનતા ભરેલું હોય હોય છે, અને જ્યારે પરલોકમાં નીચ કર્મનું ફળ સાંપ્રાપ્ત થશે, ત્યારે તને અતિશય શરમાવું પડશે, અને તે શરમરૂપી અગ્નિ તને દાહ ઉત્પન્ન કરશે અર્થાત્ બાળશે. દાખલા તરીકે જો કોઇ મનુષ્ય આ લોકમાં બીજા કોઇ માણસની નિંદા કરે તો તેને પરલોકમાં એવી શરમ લાગે છે કે જેવી શરમ અજાણતાં અભક્ષા ભક્ષનું ભક્ષણ કરનારને તે વસ્તુ અભક્ષ છે એમ જાણ્યા પછી લાગે છે. ઉપરના દાખલામાં આપણે વિચારવું જોઇએ કે એ વખતે તે અભક્ષાભક્ષ કરનાર તે પુરૂષને કેટલી શરમ ઉત્પન્ન થાય છે, અને સંતાપથી કેટલો દુઃખી થાય છે? તેજ પ્રમાણે બીજાની નિન્દા કરનારાઓને પરલોક વિષે એવી લાજ ઉપજશે કે જેવી પેલા પુરૂષ કે જેણે પોતાને અભક્ષા ભક્ષ કરનાર તરીકે જાણ્યો ત્યારે ઉપજી હતી. નિંદા કરવાનું મૂળ કારણ જેવું મલીન છે, તેવું નિંદા કરનારને આ લોકમાં ભાસતું નથી, પરંતુ પરલોકમાં તે પ્રત્યક્ષ જોવામાં આવશે. એ કારણથી કહ્યું છે કે જ્યારે કોઇ માણસ સ્વપ્નમાં પોતાને કાંઇ અપકર્મ કરતો દેખે, ત્યારે તેનું કારણ એટલુંજ જાણવું કે તેણે કોઇની નિંદા કરેલી હોવી જોઇએ. એ બાબતનું એથી ચઢીઆતું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ મનુષ્ય કોઇ ભીંત પછવાડે ઉભો રહી પથરા ફેંકે અને તે પથ્થર તેનાજ ઘરમાં પડતા હોય, ત્યારે કોઇ અન્ય પુરૂષ તેને કહે કે એ સઘળા પથરા તારા ઘરમાંજ જઇ પડે છે, અને તેથી કદાચ તારા પુત્રની આંખમાં વાગી તેના અંધાપાનું કારણ થશે, તે છતાં એ વખતે તે વાત એ ન માને અને પત્થર ફેંક્યા કરે. પછી જ્યારે તેના ઘર વિષે તપાસ કરતાં તેને તેનો પુત્ર અંધત્વને પામેલો દૃષ્ટીગોચર થાય, ત્યારે એ પત્થર ફેંકવા સંબંધમાં તેના ચિત્તને વિષે કેવી બળત્રા ઉત્પન થશે ? અને તેને ફજેતીરૂપી દાહ કેવો દગ્ધ કરશે, તેનો વિચાર કરો. માટે જે પુરૂષ પારકી અદેખાઇ કરે છે, તેને પરલોકમાં એવીજ રીતે પોતાને ફજેત થયેલો જુવે છે. ઇર્ષાનું કારણ એવું છે, કે ઇર્ષા કરનાર પોતાના શત્રુનું બુરૂ ચહાય છે, પણ વાસ્તવિક રીતે તે પોતાનેજ નુકસાન કરે છે. પોતાનાજ પુણ્યને તે

નષ્ટ કરે છે, તથા પોતાનાં સારાં કામોનો નાશ કરે છે. સારાંશ એકે પરલોક વિષે સઘળાં દુષ્ટ કામોનું સ્વરૂપ જેવાં મતલબથી તે કરવામાં આવ્યાં હશે તદનુસાર ભાસમાન થશે, અને એ મનુષ્ય પદાર્થોની માફક પાપનાં બીજને પ્રત્યક્ષ નિહાળશે; અને એજ કારણથી તેને અપમાનની લજ્જાની પ્રાપ્તિ થશે આ સંબંધમાં સ્વપ્નની ને પરલોકની સ્થીતિ એક સરખી છે. જેવું એ પુરૂષનું અંતઃકરણ હોય છે, તેવુંજ તેને સ્વપ્નમાં ભાસ થાય છે. એ સંબંધમાં એક દૃષ્ટાંતરૂપે વાર્તા છે, કે કોઇ પંડિત એક સંતની પાસે ગયો હતો અને તેને કહેવા લાગ્યો કે મેં સ્વપ્નમાં પોતે પોતાને લોકોનાં મુખપર સાલ લગાવતો જોયો. તો આ સ્વપ્નનો અર્થ શું? સંતે ઉત્તર વાળ્યો કે જાગ્રત અવસ્થામાં લોકોનો દણ્ડ કરી વ્રત કરાવતો હોઇશ. ત્યારે તે પંડિતે પોતે પણ અનુમોદન આપ્યું કે બેશક મારો તમે કહો છો, તેવોજ સ્વભાવ છે. પછી તે સંતે તેને કહ્યું કે તમે વિચાર કરી જુઓ કે તમારાં એ દુષ્ટ કર્મોનો આકાર કેવો છે? અને માયનો શું છે? સ્થૂળ દૃષ્ટિએ જોતાં વ્રત રાખવાં એ સારૂં કામ દેખાય છે; પણ દણ્ડ કરવાથી તેનો અર્થ નઠારો પ્રગટ થાય છે. તે નઠારાપણું એવું છે કે જાણે લોકોના મોઢાપર તું સીલ કરતો હોય; મતલબ કે તેમને ખાતાં તું અટકાવતો હોય તે તેમના મોઢાપર સીલ કર્યા બરોબર છે. વળી વધારે મોટું આશ્ચર્ય તો એજ છે કે ભગવાને તમને એ સ્વપ્નું પરલોકની અવસ્થાનું ભાન કરાવવાને માટે દૃષ્ટિગોચર કર્યું છે, પરન્તુ તમે તો એ વાતથી અજ્ઞાન છો. એ કારણથી સન્તોનાં વચન વિષે કહેવામાં આવ્યું છે કે માયાનો આકાર વૃદ્ધા, કુરૂપા, સ્ત્રીની માફક જોવામાં આવશે, અને સઘળા જીવો તેને નીહાળીને ભયભીત થશે, તથા ઇશ્વરની પ્રાર્થના કરશે કે "હે પ્રભુ આ મહા રાક્ષસીથી અમારી રક્ષા કર; ત્યારે આજ્ઞા થશે કે જે માયાની પ્રાપ્તિના કારણે તું ધર્મથી ભ્રષ્ટ થતો હતો, તે એજ માયા છે. આ સાંભળી જીવને એટલું બધું અપમાન તથા શરમ લાગશે કે જાણે બળી મરૂં તો ઠીક; એમ તેને જણાશે. તેના એમ ઇચ્છવાની મતલબ એટલીજ કે કોઇપણ પ્રકારે આ શરમથી તે છુટે. અર્થાત્ પશ્ચાતાપથી મુક્તિ મેળવે. એવી રીતે વિષય ભોગનો વિલાસી જીવ પરલોકમાં માયાના સુખ ભોગ તથા ઇંદ્રિયોના રસોને એજ પ્રકારે મલીન જુવે છે. પણ એના અંતઃકરણમાં જે સ્થૂળ ભોગ વિલાસપરની રહી સહી પ્રીતિ બાકી રહે છે તે વડે તે

મહા દુર્ગંધનો ભોક્તા થાય છે. ખરે જો આપણે વિચાર કરી જોઇએ તો ભોગી મનુષ્ય આ સંસારને વિષે અતી લાજ તથા દુઃખનો ભોક્તા બને છે; તોપણ પરલોકમાં જીવને જે દુઃખ તથા લાજ પ્રાપ્ત થાય છે, તેના આગળ સંસારનાં દુઃખ તથા લાજ કાંઇ વિસાતમાં નથી. વળી મેં જે આ વર્ણન કરેલું છે, તે જીજ્ઞાસુઓનું ધ્યાન ખેંચવા માટે માત્ર ટુંકામાંજ પતાવ્યું છે. પરંતુ એમ કરવાની મતલબ એટલીજ છે કે એ લાજરૂપી અગ્નિની આગ માત્ર અંતઃકરણને તપ્ત કરવાને પૂરતી તિક્ષ્ણ છે; શરીર સાથે એનો કાંઇપણ સંબંધ નથી. ત્રીજા પ્રકારનો અગ્નિ તે એજ કે ભગવાનના દર્શનથી વિમુખ રહેવું; અને ઉત્તમ ભોગોની પ્રાપ્તિથી નિરાશ થવું એ મૂર્ખતા પણ આ સંસારમાં જીવની સંગાથે જાય છે; કારણ આ લોકમાં જે પુરૂષે સન્તોનો ઉપદેશ અને પુરૂષાર્થ કરી જ્ઞાન નથી મેળવ્યું અને પોતાના અંતઃકરણને શુદ્ધ કરી ભગવત્‌ના દર્શનને આદર્શરૂપ નથી બનાવ્યું, અને ભોગ વિલાસ તથા પાપરૂપી કાટને હૃદયરૂપી દર્પણ ઉપરથી સાફ કરી કાઢી નથી નાંખ્યો, તેની હૃદયરૂપી આરસી પરલોક વિષે પણ અપ્રતિબિંબિત રહે છે; અને હર હમેશ પસ્તાવાનો કીડો તેનું કલેજું કોતરતો રહે છે. અર્થાત્ એ પણ એક પ્રકારનો અગ્નિ છે. દાખલા તરીકે ધારો કે તમે અંધારી રાત્રે ઘણા લોકોની સાથે કોઇ વનમાં જાઓ, અને ત્યાં પત્થરના પુષ્કળ ટુકડા પડયા હોય પણ અંધારામાં તે બરાબર દેખાય નહિ. તમારા સોબતીઓ તમને કહે કે અમે એ પત્થર મૂલ્યવાન હોવાના સંબંધમાં વિશેષ સાંભળ્યું છે, માટે શક્તિ પ્રમાણે એ પત્થર ઉપાડી લેવા જોઇએ. એમ કરી તે સઘળા સોબતીઓ તો પત્થર ઉપાડે પણ તમે તો કાંઇ ન ઉપાડતાં એમ કહેવા માંડો કે પથરા ઉચકી નાહકનો બોજો શરીર ઉપર નાંખી દુઃખી થવું એ તો મોટી મૂર્ખાઇ છે. જો કે એ પત્થરની ઉપયોગીતાનું યથાર્થ જ્ઞાન તમારા કોઇ સોબતીને ન હોય, છતાં તેઓ પત્થરા યથાશક્તિ ઉપાડે, અને તમે તેઓની સાથે પત્થર ઉપાડયા વગર ખાલી હાથે ચાલ્યા જાઓ, અને તે લોકોની મૂર્ખમાં ગણત્રી કરો, અને મશકરી કરી કહો કે, જે માણસ બુદ્ધિમાન હોય છે, તે મારી માફક સુખે નિરર્થક ભાર ઉપાડયા વગર ચાલ્યો જાય છે, પણ જે મૂર્ખ હોય છે, તે ગધેડાંની પેઠે બોજો વહે છે, અને જે પદાર્થના લાભ હાનીનું જ્ઞાન નથી તેમાં માથું મારે છે. પછી રવિ ઉગતાં અજવાળામાં

તમારા સોબતીઓ પોતાના હાથમાંના પથ્થરને રત્ન અથવા લાલ તરીકે જુએ, તથા તે સઘળાં અમૂલ્ય હોય, તો તેઓ તે જોઇને પ્રસન્ન થાય, અને વળી પસ્તાવો પણ કરે કે ઉપાડયાં તે કરતાં ઝાઝાં ઉપાડયાં હોત તો સારૂં થાત. પરંતુ તેમના કરતાં તમને તો અપ્રાપ્ત રહેવાનો અધિકાધિક પસ્તાવો થશે, અને તેના અગ્નિમાં બળશો. તમારા સોબતિયો રત્નો મેળવી હાથી, ઘોડા, મોટાઇ વગેરે ઉત્તમ સુખોનો ભોગવટો કરશે, અને તમે નિર્ધન હોઇ ભૂખ્યા તથા વસ્ત્ર વિનાના રહેશો. વળી તમારા સોબતીઓ તમને હલકા ધંધામાં રોકશે, અને કંઇ માગવા જશો ત્યારે તમને કંઇપણ આપશે નહિ. તેઓ કહેશે કે “ તું કાલે અમારી મશ્કરી કરતો હતો, તે તારી મશ્કરીનું ફળ તને મળ્યું તેથી તું પસ્તાવા તથા દુઃખના અગ્નિથી તપ્ત થાય છે. અને અમે સુખ ભોગવીએ છીએ ” આ ઉપરથી સમજવું કે જે પુરૂષ ભગવત્‌ના દર્શનનો ભોક્તા થતો તે પરલોક વિષે ઉપર લખી અવસ્થાને પ્રાપ્ત થાય છે. આ સંસાર એક અંધારી રાત છે; જપ, તપ, ભજન વિગેરે રત્ન છે, એ રત્નોનું સ્વરૂપ તથા મૂલ્ય આ સંસારમાં માલૂમ ન પડવાથી સંસારી જીવ શુભ કર્મોને અંગીકાર કરી શકતા નથી; અને કહે છે કે અમે માયાના વર્ત્તમાન સુખોને છાડી પરલોકના ભાવિ સુખના ભોક્તા થવાની મૂર્ખતા શા માટે કરીએ? એવા મનુષ્યો બેશક પરલોકમાં બહુજ દુઃખી થશે, અને બૂમ મારશે કે સાધન કરવાવાળા પરમ સુખના ભોક્તા છે, અને તેમને દેખી અમારે બળ્યા કરવાનુંજ રહે છે. આ તેમનું કહેવું ખરૂં છે, કારણ કે જે મનુષ્યો સાધના કરી આ સંસારમાં ભગવતની પ્રીતિ તથા ઓળખાણ મેળવે છે, તેને પરમેશ્વર ઘણી લાંબી મુદત સુધી એવું સુખ આપે છે કે તેની આગળ માયાના સઘળા ભોગ, એક ક્ષણ માત્ર પણ ટકી શકતા નથી. કારણ આ આત્મ સુખ એવું તો અનુપમેય છે કે તેની સાથે કોઇ સુખની સરખામણી થઇ શકે તેમ નથી. જેમ કોઇ ઝવેરી કહે કે અમુક રત્નની કિંમત સો મોહોર છે. તો એ રત્નનું તોલ તથા આકાર કાંઇ સો મોહોરના જેટલાં થતાં નથી, પણ એ ના કહેવાની મતલબ એટલીજ સમજવાની છે કે એ રત્ન મોહોરના તથા સોના ચાંદીના સાર રૂપે છે. તેવી રીતે ઇંદ્રિયો વગેરેનાં સુખ કરતાં આત્મસુખની જે અધિકતા વર્ણવી છે, તે

મર્યાદા વા આકારને લઈને નથી; પણ સર્વ સુખોના સારરૂપ તે છે, એ વાત ધ્યાનમાં રાખીને તેનું અધિક વર્ણન કર્યું છે.

સર્ગ અગીઆરમો.

સ્થાનના દુઃખથી માનસિક દુઃખોની તિક્ષ્ણતાનું વર્ણન.

હવે જો સૂક્ષ્મ અગ્નિનું સ્વરૂપ સમજાયું હોય તો પછી સમજવું મુશ્કેલ નથી કે એ સૂક્ષ્મ અગ્નિનો તાપ સ્થૂળ અગ્નિ કરતાં ઘણો જલદ છે; કારણ કે શરીરને તો પોતાની મેળે પોતાના દુઃખનું જ્ઞાન થઈ શકતું નથી, પણ જ્યારે જીવની વૃત્તિનું શરીરને વિષે સ્ફુરણ થાય છે ત્યારેજ તેને તેનું ભાન થાય છે. જે દુઃખ નિષ્કેવળ જીવને વિષે હસ્તી ધરાવે છે, તે દુઃખ તો બેશક અધિકજ હોય છે. તેથી જે ત્રણ પ્રકારના અગ્નિ કહ્યા છે, તે અગ્નિ જીવની અંદરજ ઉત્પન્ન થાય છે, પરંતુ શરીરનાં દુઃખોનાં માફક બહારથી આવતા નથી. એ કારણથી સૂક્ષ્મ અગ્નિની બળત્રા બળવાન હોય છે. અને સર્વ દુઃખોનું કારણ એજ છે કે જે પદાર્થ શરીરના સ્વભાવને બંધ બેસતો હોય છે, તેના અભાવને લીધે શરીરને ઘણું દુઃખ પ્રાપ્ત થાય છે. શરીરને ઇચ્છવા લાયક પદાર્થ સઘળાં તત્ત્વોની વૃત્તિની સમાનરૂપતા છે, જેમાં બધાં અંગોનો સંબંધ પરસ્પર જળવાઈ રહે છે. અકસ્માત્ કોઈ વિઘ્ન અથવા હથીઆરવડે કરી અંગની હીનતા થાય છે ત્યારે અવશ્ય પ્રાણી દુઃખી થાય છે, અને શસ્ત્રાદિકવડે જો પ્રહાર થાય છે, તો તેના શરીરનો કોઈ ભાગ છુટો પડી જાય છે; પરંતુ અગ્નિવડે તો તેના બધા અવયવોમાં બળત્રા થવા માંડે છે, અર્થાત્ તે બળવા માંડે છે. એ કારણથી હથિયારાદિક કરતાં પણ અગ્નિનાં પીડા વધારે છે. તેવીજ રીતે જે પદાર્થ પ્રાણીને પ્રિય હોય છે, તેની વિરૂદ્ધતા કરનાર પદાર્થ તેના સંબંધમાં આવે છે, ત્યારે તે તરફનું દુઃખ જીવને અતિશય દુઃખી બનાવે છે. જીવનો મૂળ સ્વભાવ ભગવાન સાથે ઓળખાણ તથા તેનું દર્શન કરવું એ

છે. જ્યારે અજ્ઞાને કરી ભગવત્‌ના ઓળખાણ તથા દર્શનથી તે વિમુખ થાય છે, ત્યારે નિશ્ચય તેને એવું દુઃખ પ્રાપ્ત થાય છે, કે જેનો કદાચિત્‌ છેડો પણ આવતો નથી. જ્યારે આ સંસારમાં જીવને ચેતના થાય છે. ત્યારે આ દુઃખનો તેને ભાસ થાય છે. પણ એ જીવ માયાના ભોગ વિલાસમાં એવો તો મૂઢ બને છે કે તેને કાંઇ સૂઝતું નથી, અને જ્ઞાન પણ પ્રાપ્ત થતું નથી. જ્યારે પરલોકમાં ભોગોની નિકટતા દૂર થઇ જાય છે, ત્યારે એ દુઃખનો ભાસ તેને પ્રત્યક્ષ રીતે થાય છે. જેમ કોઇ મનુષ્યનું શરીર પક્ષાઘાતના રોગથી જડ થઇ જાય છે, ત્યારે અગ્નિની ગરમી ભાસતી નથી. પણ જ્યારે પક્ષાઘાત મટી જાય છે ત્યારે અગ્નિનો તાપ તેને તીક્ષ્ણ લાગે છે, અને તે બળવાથી વધારે દુઃખી થાય છે, તેમ જો કે પ્રાણીનું અંતઃકરણ માયાના સહવાસે શુન્યવત થઇ ગયું છે, તોપણ પરલોક વિષે જ્યારે એ શુન્યતા દૂર થઇ જાય છે, ત્યારે પોતાના અંતઃકરણની અગ્નિ વિષે તે તપ્ત બને છે, અને બળવા લાગે છે. એ અગ્નિ જીવને બહારથી આવીને બાળતો નથી, કારણ કે એ અગ્નિનું બીજ તો જીવને વિષે પ્રથમથીજ હતું; પરંતુ પ્રતિતીની હીનતાથી તેની ઓળખાણ તેને પડતી નહોતી. પછી જ્યારે એ બીજનો વિસ્તાર થઇ તે જ્યારે ઝાડ થયું, ત્યારે તે ખુલ્લી રીતે દેખાવા લાગ્યું, અને તેના ફળનો ભોગવટો પણ જીવને પ્રાપ્ત થયો. ધર્મશાસ્ત્ર વિષે સ્થૂળ નર્ક તથા સ્વર્ગનું જે ભારે વિસ્તાર પૂર્વક વર્ણન કીધું છે, તેનું કારણ એટલુંજ કે સંસારી જીવ તેને સારી રીતે સમજી શકે છે. કેટલાક જ્યારે માનસિક નર્કની વાત સાંભળે છે, ત્યારે મંદબુદ્ધિ હોવાને લીધે એ દુઃખને વિસાર વગરનું ગણે છે. જેમ કોઇ બાળકને કહીએ કે "તું વિદ્યા ભણ અને જો નહિ ભણીશ તો તને તારા બાપના જેવો દરજ્જો નહિ મળે, અને મહા મૂર્ખ રહીશ" ત્યારે બાળક તે વચનનો સાર સમજી શકતું નથી તેથી પિતાની મોટાઇથી વિમુખ રહ્યાનું દુઃખ તેનાથી સમજી શકાતું નથી. પછી એજ બાળકને જ્યારે કહીએ કે "જો તું ભણીશ નહિ, તો પંડ્યાજી તારો કાન ઉપાડશે." ત્યારે બાળકને બહુ બીક લાગે છે, અને કાન ઉપાડવાથી શું દુઃખ થાય છે, તે તે ઝટ સમજી લે છે. પરંતુ જેમ વિદ્યા ન ભણવાથી પંડ્યાજી મારે છે, તેમ પિતાજીએ ભોગવેલ દરજ્જાથી વિમુખ રહેવાય છે એ વાત પણ ખોટી નથી તેવી રીતે સ્થૂળ નર્ક પણ સાચું છે. વળી મૂર્ખતાવડે

ભગવતના દર્શનથી વંચિત રહેવું તેને અગ્નિરૂપે વર્ણવ્યું છે તેપણ યથાર્થ છે. પણ ઇશ્વરના દર્શનથી વિમુખ રહ્યાનું દુઃખ જયારે પંડયાજી બાળકનો કાન મરડતા હોય છે, ત્યારે તેને થાય છે, તેના જેવું છે.

સર્ગ બારમો.

પૂર્વ પક્ષના ઉત્તરનું વર્ણન.

જયારે કોઇ તરફથી સવાલ થાય કે તમારા તરફથી વર્ણન કરવામાં આવ્યું છે કે માનસિક નર્ક અનુભવની દ્દષ્ટીથી દ્દષ્ટીગોચર થાય છે, પરંતુ વિદ્વાનો કહે છે કે શાસ્ત્ર વિષે એવું લખ્યું છે કે પરલોકની વાતો માત્ર વિશ્વાસવડે સમજી શકાય છે, પણ સ્થુળ દ્દષ્ટીથી તેને જોવું અસંભવિત છે; તો આ બન્ને વાતો એક બીજાથી ઉલટી છે તેને શી રીતે સમજાવશો ? એનો જવાબ એટલોજ આપી શકાય કે એ સંબંધનું કાંઇક વર્ણન આગળ પણ કરી જવામાં આવ્યું છે; અને બરોબર અવલોકન કરીએ તો એ વર્ણનથી વિરૂદ્ધ વાત છેજ નહિ. વળી શાસ્ત્ર વિષે પરલોકનું જે પ્રમાણે વર્ણન કર્યું છે, તે બરાબર છે; પરંતુ એમાં ભેદ એટલોજ કે કેટલાક પંડિત એવા છે કે જેની બુદ્ધિ ઇંદ્રિયો વગેરેના વિષયથી અન્ય બાબતો સમજી શકતી નથી, અને ચૈતન્ય પ્રદેશનું તેઓને જ્ઞાનજ નથી; તથા કેટલાક એવા પણ બુદ્ધિશાળી થયા છે કે જેમણે પરલોકની અવસ્થા અને માનસિક નર્કને પ્રત્યક્ષ જોયું છે. તેમણે એ વાત જાહેરમાં એટલા માટે નથી મૂકી કે ઘણા લોક એ માનસિક દુઃખોને સમજી શકતા નથી; અને દરેકની બુદ્ધિ એવી સમર્થ હોતી પણ નથી કે, થોડી બુદ્ધિવાળા જીવોને ચૈતન્ય પ્રદેશનું પ્રત્યક્ષ વચને કરી દર્શન કરાવી શકે. પણ ભગવાનની જેનાપર કૃપા થાય છે, તે તો કોઇની મદદ વગર એ વાત જોઇ લે છે, અને અન્ય જીવોને યુક્તિવડે સમજાવી શકે છે. પરંતુ એવા મહાન પુરૂષો દુનિયામાં મળવા મુશ્કેલ છે. તેથી સ્થુળ નર્કોનો ભેદ શાસ્ત્ર સાંભળવાથીજ સમજી શકાય છે;

અને માનસિક નર્કનો અર્થ પોતાને પોતાની ઓળખાણ પડવાથીજ સમજી શકાય છે. પોતાને પોતે ઓળખવો, અને જ્ઞાનદૃષ્ટીએ કરી ચૈતન્યરૂપનું દર્શન કરવું, એ સ્થિતિ પણ પુરૂષાર્થ અને યત્ન કરવાથી પ્રાપ્ત થઇ શકે છે. મતલબ કે જે જીવ પોતાના દેશમાંથી કોઇ અન્ય દેશમાં જાય, અર્થાત્ જે સ્થાન વિષે જીવની ઉત્પત્તિ થઇ છે તેને છોડી આગળ ચાલવાનો પ્રયત્ન કરે, તેજ જીવ પરમપદનો અધિકારી બને છે. પોતાના દેશને તથા ઘરને છોડવાનું મેં જે કહ્યું તેનો અર્થ એવો ન કરવો કે સ્થુળ દેશ તથા મંદિરોને તજી દેવાં. કારણ કે સ્થૂળ મંદિર અને નગર તો શરીરનો દેશ છે, અને તેથી સ્થૂળ દેશનો ત્યાગ કરવામાં કાંઇ ફાયદો નથી. પરંતુ જીવના પ્રદેશના ત્યાગ સંબંધમાં મેં જે કહ્યું છે તે વિશેષ અર્થમાં આ પ્રમાણે સમજવાનું છે કે વાસ્તવિક રીતે જીવનો દેશ બીજોજ છે, અને જીવ આ શરીરમાં આવ્યો છે, તે કોઇક કારણસર આવ્યો છે. તે કારણ જ્ઞાન છે; તેની ગેરહાજરીમાં જીવ શરીરનેજ પોતાનો દેશ સમજી લે છે. તેનું સમજવું ગમે તેવું હોય, પરંતુ જીવને આ સ્થુળ દેશથી પ્રયાણ કરવાનું હોય છે, એ વાત તો નક્કીજ છે. તે પ્રયાણ સૂક્ષ્મ દેશમાં જવાની ખાતરજ કરવાનું છે. વચ્ચે રસ્તામાં કેટલાંક પગથીઆં છે, તે સઘળાં પગથીઆંનો વ્યવહાર અલગ અલગ છે. જીવની સ્થિતિનું જે પ્રથમ સ્થાન છે તે ઇંદ્રઆદિક દેશ છે, બીજું સ્થાન સંકલ્પ દેશ છે, ત્રીજું સ્થાન સંકલ્પનું કારણ જગત્ સંબંધનો વિશ્વાસ છે કે જેને સ્થુળ બુદ્ધિ પણ કહે છે, તથા ચોથું સૂક્ષ્મ બુદ્ધિનો પ્રદેશ છે. આ જીવ જ્યારે સૂક્ષ્મ દેશ વિષે પહોંચે છે, ત્યારે એને પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે; અને પ્રથમ કહેલા ત્રણ પ્રદેશોમાં ભ્રમણ કરતાં તેનાપર અજ્ઞાનનું ઢાંકણુ હોય છે. આ ચાર પગથીઆં કહેવામાં આવ્યાં, તે ઉદાહરણવડે યથાસ્થિત સમજી શકાય તેમ છે. પહેલું ઇંદ્રિયાદિક દેશનું ઉદાહરણ એ છે કે ઇંદ્રિયાદિક દેશમાં આ જીવની અવસ્થા પતંગની સમાન છે. જેમ પતંગિયું નેત્રેન્દ્રિયનું દાસ બની દીવાપર પડી બળી મરે છે; પણ તેમ કરવામાં તેનો સંકલ્પ કંઇ હોતો નથી, યા તેને કોઇ વાતનું ચિન્તવન હોતું નથી; પરંતુ અંધકારથી છુટવાને તે કોઇ દરવાજે વા બારીને માર્ગેથી નીકળવાનું કરે છે; અને આ દીવો તેને બારણા જેવો ભાસે છે, તેથી તે તેના ઉપર આવી પડે છે. અને જો કે ધુમાડાના જોરે

તે પાછું પડી જાય છે, તો પણ એને એટલી સમજણ પડતી નથી કે ધુમાડાથી હું પડી જાઉં છું, તેથી ધુમાડાથી થતું દુઃખ યાદ રાખું, તથા દીવાના તાપથી મને આગળ પણ દુઃખ પ્રાપ્ત થયું છે. આવી સમજના અભાવને લીધે તે દીવા આગળ જાય છે, અને મરણ શરણ થાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે જો એને સ્મર્ણ શક્તિ હોત અથવા કાંઇપણ ચિંતવન હોત, તો એકવાર દુઃખ પામી ફરી દીવા પાસે જાત નહિ.

બીજો સંકલ્પ પ્રદેશ પશુઓની મિશાલે છે; કારણ કે પશુને જ્યારે કોઇ લાકડી મારે છે, ત્યારે પશુ બીજીવાર તે લાકડીને જોતાં ભયભ્રાંત થાય છે, અને એકવાર લાકડીથી થયેલું દુઃખ તેને યાદ રહે છે. તેથી જ્યારે લાકડીને ફરી દેખે છે ત્યારે નાશી જાય છે. અર્થાત જીવને પ્રથમ મજલ ઇંદ્રિયાદિક દેશની છે. જ્યારે મનુષ્ય સંકલ્પના પ્રદેશમાં ભ્રમણ કરે છે, ત્યારે તેને પશુજ સમજવો. સબબ જ્યાં લગી કોઇપણ પદાર્થથી તેને દુઃખ નથી થતું, ત્યાંલગી તે પદાર્થનો ત્યાગ તે કરતો નથી; પરંતુ એકવાર કોઇ ચીજથી તેને દુઃખ પ્રાપ્ત થાય છે, તો બીજીવાર તે ચીજ જોઇ ભયભીત થઇ નાશી જાય છે.

ત્રીજી મજલ સંકલ્પ પ્રદેશની છે, તેનું કારણ સ્થુળ બુદ્ધિ છે. જ્યારે આ જીવ એ દેશ વિષે પહોંચે છે, ત્યારે ઘોડા તથા બકરીની અવસ્થાને પ્રાપ્ત થાય છે. મતલબ કે દુઃખનો અનુભવ કર્યા વગર દુઃખદાયક પદાર્થોથી ભયભીત થાય છે અને જાણે છે કે મને આ ચીજોથી દુઃખ પ્રાપ્ત થશે. જેમ બકરું વરૂને આગળ કદી ન જોયા છતાં તેને દેખતાં નાશી જાય છે; તેમ ઘોડો સિંહને નિહાળી તેજ પ્રમાણે કરે છે. સિંહ અથવા વરૂનું દર્શન ઓચિંતું થાય છે તો ઘોડો અથવા બકરી તુરત નાશી જાય છે, કારણ કે પોતાના શત્રુને તે ઓળખી લે છે. પરંતુ ઉંટ અથવા હાથીને જુએ છે, ત્યારે તે ડરતાં નથી, અને ભાગતાં પણ નથી, કારણ કે તેઓ તેને પોતાનાં દુશ્મન જાણતાં નથી. અર્થાત્ પોતાના દુશ્મનને ઓળખી લેવા એ સૂક્ષ્મ દૃષ્ટિનું કાર્ય છે, અને ભાગવાને એ દૃષ્ટિ તેમને બક્ષિ છે, તેથી તેઓ શત્રુ કે મિત્રને ઓળખી શકે છે. તથાપિ એ ઘોડા તથા બકરાંને એટલું જ્ઞાન નથી કે આવતી કાલે શું થશે ? ભવિષ્યના દુઃખનું જ્ઞાન મેળવવું અને તેથી બીહીવું એ અવસ્થા ચોથી મજલ વિષે પ્રાપ્ત

થાય છે. તે મજલનું નામજ સૂક્ષ્મ બુદ્ધિ પ્રદેશ છે. જ્યારે મનુષ્ય એ અવસ્થાનો અધિકારી બને છે ત્યારે પશુઓના પદનું ઉલ્લંઘન કરી તે તેથી ચડતી પાયરીએ પહોંચે છે. પણ પ્રાણની ત્રણ મજલમાં તે પશુના જેવોજ હોય છે. જ્યારે જીવ સૂક્ષ્મ બુદ્ધિના પ્રદેશમાં પહોંચે છે ત્યારે તે મનુષ્ય પદની પ્રથમાવસ્થાને સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે; અને એવા પદાર્થો જુએ છે કે જેના વિષે ઈંદ્રિયોના સંકલ્પ અથવા સ્થૂળ બુદ્ધિનો પ્રવેશ પણ થતો નથી. જે પદાર્થથી ભવિષ્યમાં દુઃખ થાય તેનાથી તે ત્રાસે છે, અને દુષ્ટ કર્મોના સઘળા ભેદોને સારી રીતે જાણે છે. મતલબ કે તે ભેદને સમજી, કૃતિના સ્વરૂપને ભિન્ન કરે છે અને તેના તાત્પર્યને અલગ કરે છે, અને સઘળા પદાર્થોની મર્યાદાને ઓળખી શકે છે તદુપરાંત જાણે છે કે આ સંસારના સઘળા પદાર્થો નાશવંત છે, તે એમ જાણીને કે જે કાંઇ ઇંદ્રિયોના ભોગ છે તે સ્થૂળ છે. ઈંદ્રિયાદિક વિષયની ક્રિયાને જમીનપર હરવા ફરવાની સુગમતા સાથે સરખાવી શકાય, તથા સંકલ્પ દેશની ક્રિયાને નદીમાંના વહાણપર મુસાફરી કરવાના કામ સાથે સરખાવી શકાય. નાનું બાળક વહાણપર ચઢતાં બીહે છે, પરંતુ મોટાઓ તેથી બીતા નથી.

સ્થુળ બુદ્ધિ કે જે સંકલ્પનું કારણ છે. તેની ક્રિયા તરવાની વિદ્યા જેવી ગણી શકાય અર્થાત્ જે માણસ તરવાની કળામાં કુશળ હોય છે, તેજ પાણીમાં તરી શકે છે. સૂક્ષ્મ બુદ્ધિ જે ચોથી મજલ છે, તે જાણે મેઘ મંડળમાં ઉડવા પ્રમાણે છે. જેમ ત્યાં કોઇ વિરલોજ ઉડી શકે છે, એજ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિની ચિદાકાશને વિષે ગતિ થાય છે. જો કે એ અવસ્થા પ્રાપ્ત થવી ઘણી કઠણ વાત છે, તોપણ જ્ઞાનવાન્ તથા સન્ત પુરૂષોનું પદ છે, તે એથી પણ ચડતી પાયરીનું છે, અને એ પરમપદની ગતિ એવી છે કે જેમ કોઇ મહદાકાશમાં ઉડયા કરે. એ કારણસર આચાર્ય મહારાજને કોઇએ કહ્યું કે "એક મહાત્મા પાણીમાં ચાલે છે"? ત્યારે મહાત્માએ કહ્યું "એ વાત ખરી છે." મનુષ્યનો આવો વિશ્વાસ જયારે અત્યંત દૃઢ થાય છે ત્યારેજ તે આકાશ વિષે ઉડી શકે છે, પણ તેને સર્વ મજલોને વિષે ગમન કરવું પડે છે, તેનું વલણ જ્ઞાન મેળવવા તરફ વિશેષ હોય છે. ક્રમે ક્રમે પશુઓના જેવી (નીચ) અવસ્થાઓમાંથી દેવતાઓના જેવી ઉચ સ્થિતિને તે પામે છે. એ કારણથી કહ્યું છે કે "નીચ

અવસ્થા તથા ઉંચ અવસ્થા પ્રાપ્ત કરવી એ મનુષ્યના અધીકારમાં છે, અને તે કારણુસર મનુષ્ય સદા એવા ભયમાં રહે છે કે " હું ઉંચ વા નીચ ગતીને પામું છું." ભાગનો અર્થ એ છે કે જેટલા જડ પદાર્થ છે, તેની અવસ્થા નથી પણ બદલાતી કારણ કે તેમાં ચૈતન્ય નથી તેથી તે નિર્ભય છે. વળી ઇશ્વર તથા કરોડો દેવતાઓ પોતાના ઉચ્ચપદથી કદી પણ પડતા નથી. તે કારણસર તેઓ નિર્ભય છે. સારાં કામો કરી ઉચ્ચપદને પમાય છે, અને નઠારાં કામો કરી નીચગતીને પમાય છે. તેથીજ મનુષ્યને ભયભ્રાંત રહેવું પડે છે.

ભગવત્ પ્રત્યેની પ્રીતી તથા પ્રેમ તરફ અનાદર માત્ર પાપી મનુષ્યના સ્વભાવમાં રહેલાં છે. જેમ પરદેશી તથા સ્થાયી નગરવાસીઓની અવસ્થા ભિન્ન ભિન્ન હોય છે, તેવી રીતે ઘણા જીવો તો નગરવાસીઓની માફક પોતાના શરીર વિષેજ પ્રમત રહે છે, પરંતુ પરદેશી કે જેને આપણે જીજ્ઞાસુ કહીશું એવા જીવો તો વિરલાજ હોય છે. જે પુરૂષની સ્થિતિ ઇંદ્રિયો વા સંકલ્પ પ્રદેશ વિષેજ ભ્રમણ કરે છે, તે ખરા ભેદથી અજ્ઞાન રહે છે. એટલુંજ નહિ પણ તે વિદેહપદને પામી શકતા નથી; તથા વિદેહ અવસ્થા કેવી થાય છે, તેથી પણ અજ્ઞાન રહે છે. એ કારણસર ચૈતન્ય સત્તાનાં વધારે વખાણ શાસ્ત્ર વિષે કરવામાં આવ્યાં નથી. હું પણ તેથીજ એ વચનોને અહિંજ પૂરૂં કરૂં છું. કારણ કે સ્થુળ બુદ્ધિ જીવ એટલાં વચન પણ સમજી શકતા નથી, તો પછી તેનાથી વધારે મોટા ભેદને જાણી શકવાને એમની બુદ્ધિ કેમ શક્તિમાન થાય !

તેરમો સર્ગ.

નાસ્તિકોના મતનું ખંડન.

કેટલાક પુરૂષો તો એવા મૂર્ખ હોય છે કે તેઓ પરલોકની ગતીને પોતાની બુદ્ધિવડે દેખી શકતા નથી અને સન્તોનાં વચનોપર પ્રતિતી પણ રાખતા નથી તેથી પરલોકના નિશ્ચય સંબંધમાં શંકાશીલ રહે છે; અને ભોગ વિલા-

સની પ્રબળતાના તાનમાં પરલોકના હોવાપણાનો પ્રસિદ્ધ રીતે નકાર કરે છે. તેનું કારણ કે તેમનું મનજ તેમને એવી ધીટતા તરફ દોરી જાય છે. તેઓ તેઓ માને છે કે સન્ત પુરૂષોએ જે નર્કોનું વર્ણન કર્યું છે, તે માત્ર જીવોને ભય પમાડવા ખાતરજ કર્યું છે; અને એવી રીતે સ્વર્ગનું વર્ણન પણ લાલચને ખાતરજ કર્યું છે, પણ વાસ્તવિક રીતે સ્વર્ગ વા નર્ક કંઇજ નથી. એમ જાણી ભોગ વિલાસમાં તલ્લીન રહી સન્તોની આજ્ઞાથી વિમુખ રહે છે; અને પોતાની એવી સમજને લીધે જે પુરૂષ શાસ્ત્ર પ્રમાણે વર્તે છે તેની મૂર્ખમાં ગણત્રી કરે છે. અથવા તો તેની મશ્કરી કરે છે, ને કહે છે કે એ મૂર્ખ મર્યાદાના દોરડાથી બંધાયલો છે. એવા બુદ્ધિહીન નાસ્તિકોને પરલોકની ગતિને કોઇ રીતે સમજાવી શકાતી નથી. પણ જ્યારે તેની આસ્થા કોઇ અન્ય પુરૂષને વિષે દેખાય, ત્યારે તેને કહેવું જોઇએ કે જો તમારા મત પ્રમાણે અસંખ્ય સંતજન અને ઘણાક આચાર્યો એવા થાય છે કે તેનાં વચનો સઘળાં જુઠાં હોય છે, અને ઠગાઇ ભરેલાં સિદ્ધ થાય છે, તો પછી તમે મૂર્ખતાવડે ગુહ્ય ભેદને કેમ કરી યથાર્થ સમજી શકયા કે જેથી તમારી આસ્થા તે અન્ય પુરૂષ ઉપર બેઠી! માટે મહા પુરૂષ ભૂલ્યા નથી, તેમ તેઓ જુઠા પણ નથી, પણ તમેજ મૂર્ખ છો કે તમે ખરા ભેદને જાણી શકતા નથી તેમજ નર્કનાં દુઃખો પણ જાણી શકતા નથી. વળી આત્મા અનાત્માની ભિન્નતાપણ તમે સમજી શકતા નથી. છતાં એ મૂર્ખ પોતાની ભૂલ કબૂલ ન કરે અને મમત કરી કહે કે હું તો એ વાતને પ્રત્યક્ષ યથાવત્ જાણું છું, અને માનુ છું કે આ શરીર વિષે ચૈતન્યનો નિશ્ચય કરવો વ્યર્થ છે, અને તેથી મૃત્યુ પછી જીવને અવિનાશી સમજવો એ નિરર્થક છે. કારણ કે શરીરનો વ્યવહાર પ્રાણ વાયુ વડે સિદ્ધ થયેલો છે, અને પરલોકનું જે સુખ દુઃખ કહેવામાં આવે છે તે માત્ર કલ્પનાજ છે. આ પ્રમાણે જ્યારે એનો નિશ્ચય આવો છે, ત્યારે એની બુદ્ધિ પણ મૂળથીજ નાશ પામેલી હોવી જોઇએ; અને સન્ત પુરૂષો તેને સમજાવવાના પ્રયત્નમાં નિરાશ થએલા હોવા જોઇએ, કારણ કે તે મહા મૂર્ખ છે. આ સંબંધમાં કોઇ સન્તને ઉદ્દેશી આકાશવાણી થઇ હતી કે “ તમે નાસ્તિકોને ઉપદેશ ના કરો, કારણ એ મૂર્ખો વચનવડે સમજણ પામવાના અધિકારી નથી.” કદાચ જો તેઓ એમ સવાલ કરે કે જો કે પરલોકની ગતિ બેશક સત્ય હશે તો પણ આપણાથી તે બહુ

દૂર છે, કારણ કે તે પ્રત્યક્ષ નથી ભાસતી, માટે એવી સંશયવાળી ગતિને દર્શાવનારાં વચનોપર વિશ્વાસ રાખી પ્રકટ ભોગ વિલાસનો ત્યાગ શા માટે કરવો જોઇએ. અને આપણું સઘળું આયુષ્ય વૈરાગ્યમાં શા માટે વ્યતીત કરવું જોઇએ? તેને એટલોજ જવાબ આપવો યોગ્ય છે કે "હે ભાઇ જ્યારે તેં પરલોકની અતિને કાંઇક માન્યતા આપી ત્યારે તને બુદ્ધિની આજ્ઞાથી યોગ્ય લાગ્યું કે મારે સન્ત પુરૂષોની મર્યાદામાં સ્થિર થવું જોઇએ; કારણ કે જે કામમાં અત્યંત ભય હોય છે, તે કામનું અવલંબન કરતાં ભયનો સંશય હોય તોપણ તેનો ત્યાગ કરવો એજ સારૂં છે. દાખલા તરીકે તું જમવાની ઇચ્છા કરે અને કોઇ માણસ તને ઓચિંતો એવા શકમાં નાંખી દે કે તારા ખાવાનામાં સર્પે મોઢું ઘાલ્યું છે, ત્યારે બેશક એ ભોજનનો તું ત્યાગજ કરીશ. જો કે તને નિશ્ચય હોય કે કહેનાર જુઠું બોલે છે, અથવા પોતાના લોભની ખાતરજ તને ડરાવે છે, છતાં પણ તું એ ભોજનને અંગીકાર કરતો નથી, તે એવી સમજણથી કે એ માણસ કદાચ સાચું પણ કહેતો હોય. મરણના દુઃખના પ્રમાણમાં તો ભૂખનું દુઃખ નજીવું છે. વળી જ્યારે તને કાંઇ દર્દ થાય છે, ત્યારે યંત્ર લખનાર જો તને કહે છે કે હું તને યંત્ર લખી આપીશ, ને તેથી તારૂં દુઃખ નષ્ટ થશે, તો જો કે તને ખાત્રી હોય છે કે યંત્ર તથા રોગનો કંઇપણ સંબંધ નથી, છતાં પણ તું અનુમાન કરે છે કે કદાચ યંત્રવાળાને થોડક પૈસા આપું તો તેમાં ખોટું શું છે? યા મને શું નુકસાન છે? અને એમ કરતાં કદાચ જો મારો રોગ દૂર થઇ જશે તો એ લાભ કેટલો મોટો છે! એવી રીતે જોશી લોકોનાં વચન ઉપર આસ્થા રાખી તું દેવપુજા કરવા લાગે છે, તે એમ જાણીને કે જો એનાં વચન સાચાં હોય તો મને ઘણું સુખ પ્રાપ્ત થશે વળી તું એમ વિચાર કરે છે કે કદાચ એ લોક જુઠુંજ કહેતા હશે, તો મને દેવપૂજા વિષે કયાં ઘણું કષ્ટ પડે છે? આવીજ રીતે અસંખ્ય સંતજન, અવતારી મહાન્ પુરૂષો, અને આચાર્ય અવધુત થઇ ગયા છે તેમનાં વચનો બુધ્ધિમાનોની નજરમાં જોશી તથા યંત્ર લખનારાઓનાં વચનો કરતાં પણ શ્રધ્ધા ઉત્પન્ન થાય એવાં લાગે છે અને તે તેમના વચનો કરતાં ઉતરતાં છે પણ નહિ; તેથી મુમુક્ષુ પુરૂષો સંતોનાં વચનો પ્રત્યે આસ્તિક રહી યત્ન કરવામાં પ્રવર્ત્તમાન બને છે, અને નિશ્ચય પૂર્વક પરલોકનાં દુઃખોથી મુક્તિ મેળવે છે. પરલોકનાં દુઃખ આગળ વૈરાગ્ય વગેરે

દુઃખો નજીવાં સરખાં જણાય છે. કારણ કે જો દીર્ઘ દ્રષ્ટિ કરીએ તો પ્રથમ આ જગત વિષે જીવવું એ પણ તુચ્છ માત્ર છે, અને પરલોકની ખબર તેનો છેડો કદી આવતો નથી. તેથી પરલોકનાં દુઃખથી મુક્ત થવા સારૂ આ જગતમાં જે યત્ન કરવામાં આવે છે, તે દુઃખની સીમા કિંચિત માત્ર છે માટે આ જીવને યોગ્ય છે કે સંતોનાં વચનોપર વિશ્વાસ રાખે અને એમ જાણે કે જો હું એ લોકનાં વચનથી વિરૂધ્ધ વર્તન કરીશ, તો હું યાવત્ કાલસૂધી દુઃખ ભોગવતો રહીશ, તથા મને મોક્ષ મળશે નહિ. વળી તેણે વિચારવું જોઇએ કે ઇંદ્રયાદિક ભોગનાં સુખ જે થોડો વખત સૂધી ટકે છે, અને ત્યારબાદ રસહીન બની જાય છે, તેના વડે મને શું લાભ થવાનો છે? કાંઇજ નહિ. કરણ કે પરલોકનું દુઃખ અનહદ છે. એ બાબતમાં શાસ્ત્ર વિષે એવું કહેલું છે કે "ધારો કે જો ઘણાં બ્રહ્માંડોને રાઇનાં કણથી ભરીએ, અને કોઇ એવું પક્ષી હોય કે ને એક એક દાણો ખાય તો તે અનાજ હજારો વર્ષે પણ પુરૂં થઇ જાય; પરંતુ પરલોકનાં દુઃખનો અન્ત તો કદીપણ આવતો નથી. ચિરકાળ સૂધી માનસિક વા સ્થુળ દુઃખ હોય તો તે સહન કરવું બહુ કઠણ છે; અને એ દુઃખ આગળ આ સંસારની આવરદાની અવધિ કંઇ વિસાતમાં નથી. તેથી જે બુધ્ધિમાન હોય છે, તે વિચાર કરતાં સમજી જાય છે કે વિચારની હદથી મર્યાદિત રહેવું. દુષ્ટ કર્મ તથા અપકર્મોમાં દોષ છે એમ સમજી તેનો ત્યાગ કરવો ઉચિત છે કારણ કે જે કાર્યથી અત્યંત દુઃખ થાય, તેનું અનુમાન કરી તેનાથી પોતાનું રક્ષણ કરવું એ વધારે સલામતી ભરેલું છે. કદાચ એ બાબતના પ્રયત્નમાં કાંઇક દુઃખ પણ પ્રાપ્ત થાય, તોપણ એ વધારે લાભદાયક છે. દાખલા તરીકે જે લોકો પોતાના વ્યવહાર સારૂ વહાણમાં બેશી દેશાવર જાય છે, તેમની સઘળી ક્રિયા અનુમાને કરીનેજ સિધ્ધ થાય છે. તેથી પરલોકની વાત ઉપર જે લોકોને વિશ્વાસ (શ્રદ્ધા) નથી, અને માત્ર અનુમાનથીજ પરલોકને માને છે, તથા જેઓ દુઃખથી પોતાનો બચાવ કરવા માગતા હોય, તેમણે ધીરજ ધારણ કરીને વૈરાગ્ય વગેરે દુઃખોને માન્ય કરવાં જોઇએ. એ પર એક વાત છે તેમાં કહ્યું છે કે કોઇ નાસ્તિક વાદી સાથે એક મહાત્માને ચર્ચા થઇ ત્યારે નાસ્તિકે કહ્યું કે પરલોકનું સુખ દુઃખ સૌ કોઇ અનુમાને કરી માને છે; પરંતુ પ્રત્યક્ષ કોઇએ દીઠું નથી. ત્યારે તે મહાત્માએ તેને જવાબ આપ્યો કે " જો તારૂં

કહેવું સાચું હોય તો પછી મને તથા તને એમ આપણે બન્નેને મુક્તિ મળવી જોઇએ; પણ જો મારૂં વચન જે એવું છે કે પરલોક સત્ય છે, તે સત્ય હોય તો પરલોક વિષે તું યાવત્ કાળસુધી દુ:ખ ભોગવતો રહીશ અને હું મુક્તિ મેળવીશ.' આવાં જે સંશય યુક્ત વચન તે મહાત્માએ કહ્યાં, તે એ નાસ્તિક વાદીની બુદ્ધિને અનુસરીને કહ્યાં હતાં; કારણ કે તે અનુમાન માત્રથી પરલોકને પ્રમાણ ગણતો હતો. પરંતુ પરલોકનાં સુખ દુઃખ સમ્બધમાં તે મહાત્માને કંઇ-પણ સંશય નહોતો, કારણ કે તે જાણતા હતા કે જે પ્રમાણે પરલોક સારી રીતે દેખી શકાય છે, તેવી રીતે આ મૂર્ખ સમજી શકવાનો નથી. હે ભાઇ! તમારે આ પ્રમાણે સમજવું જોઇએ કે જે પુરૂષ આ સંસારમાં પરલોકને વાસતે ભા-થાનો સંગ્રહ કરતો નથી અને બીજાં કામોમાં મંડયો રહે છે, તેને ખરા રીતે મોટો મૂર્ખ સમજવો. તેની એ મૂર્ખતાનું કારણ વિષય લાલસા છે. તાત્પર્ય કે ભોગ વિલાસના રસમાં તે એવો લીન રહે છે કે પરલોકનો કદીપણ વિચાર ક-રતો નથી. પરંતુ જેઓ પૂર્ણ ભરોસાથી પરલોકને માને છે, તે સર્વેને પરલોકના દુ:ખથી ભયભિત રહેવું યોગ્ય છે. મતલબ કે સંયમ તથા ભયના માર્ગ વિષે ગમન કરવું વિશેષ સારૂં છે. આ પ્રમાણે પોતાની તથા પરલોકની ઓળખાણના સંબંધ વિષેનું વર્ણન અત્રે સમાપ્ત થાય છે.

ચોથો અધ્યાય સંપૂર્ણ.

સુચના.

હે ભાઇ ? જો તમે પોતાનું સ્વરૂપ, ભગવત્ માયા તથા પરલોકને આ-ચાર અધ્યાયના મનનથી ઓળખ્યાં હોય તથા એ પણ જાણ્યું હોય કે આ જીવનું હિત શ્રી ભગવાનના સમ્પૂર્ણ રીતે ભજન તથા તેની પિછાણવડે છે, તો તે પછી હવે આગળ એથી વધીને તમારે ભગવતનું ભજન તથા જે પ્રકારે કરી ભગવતની આજ્ઞા માનવી યોગ્ય છે, તે પ્રકાર સમ્બધનું વ્યાખ્યાન પણ સાંભળવું યોગ્ય છે. એ વિષયનું વિવેચન આ નીચેનાં ચાર પ્રકરણવડે કરવામાં આવે છે. તેમાંનું પ્રથમ પ્રકરણ એ છે કે મનુષ્યે પોતાના મનને ભગવતનાં કીર્ત્તન તથા સત્કર્મોમાં પ્રવર્ત્ત કરવું, બીજું એ છે કે તેણે પોતાના શરીરની સઘળી ક્રિયા વિચારની મર્યાદા પ્રમાણે કરવી; ત્રીજામાં એમ વર્ણવ્યું છે કે તેણે પોતાના ચિત્તને મલીન સ્વભાવોથી વિશુદ્ધ કરવું; અને ચોથામાં પોતાના ચિત્તને ભલા સ્વભાવ સહિત સુંદર બનાવવા સંબંધીનું વર્ણન છે. એ ચારે પ્રકરણમાં તરેહ તરેહનું વર્ણન વિસ્તાર પૂર્વક કરવામાં આવશે. અને એ ચાર પ્રકરણના વર્ણનમાં આ પુસ્તક પુરૂં થશે; અર્થાત્ હવે આગળ બાકીના સઘળા ગ્રંથની પૂર્ણાહુતિ આ ચાર પ્રકરણમાં કરવામાં આવી છે.

જ્ઞાન પારસમણિ.

પ્રકરણ ૨ જું.

અધ્યાય ૧ લો.

સર્ગ પહેલો.

ભગવત્‌ની પ્રતીતિનું વર્ણન.

બધા જીવોને એટલોજ અધિકાર છે કે જેમ સર્વ કોઇ કહે છે કે “ પરમેશ્વર એકજ છે તો તેના અર્થને પણ ચિત્ત વિષે સમજે તથા તેપર એવી પ્રતીતિ થવી જોઇએ કે તે જે સંબંધમાં ભ્રમ વા સંશયનો કિંચિત્ પ્રવેશ થવા ન પામે. જ્યારે એ પ્રમાણે મનમાં નિશ્ચય કરી લીધો, તથા તેમાં તિલ માત્ર સંશય ન રહ્યો તો સદ્ધર્મના મૂળમાં એટલીજ પ્રતીતિ રાખવી વિશેષ છે. પરન્તુ વિદ્યા ભણવી અને સવાલ જવાબનો વ્યવહાર કરવો, એ બધા લોકથી બની શકે એવું નથી; એ કારણસર સન્તો તથા મહા પુરૂષોએ હૃદયની સત્યતા તથા દૃઢ પ્રતીતિ રાખવાનો ઉપદેશ કર્યો છે. અને કહ્યું છે કે “ સંસારિક જીવોનો એટલોજ અધિકાર છે. ” વળી એવા પણ ઘણા પંડિત હોય છે કે વચનોના ભેદને સમજી શકે છે. તથા યુક્તિથી અન્ય જીવોને સમજાવી શકે છે. અને પ્રશ્નોત્તરવડે અન્ય જીવોના સંશયને ટાળી શકે છે. તેઓને પંડિત કહેવાય છે. અને એવા જે વિદ્વાન્ પંડિતો છે તે સંસારી જીવોની પ્રતિતીનું રક્ષણ છે. પણ ઓળખવાનો જે મર્મ છે, અને ઓળખાણનું જે વાસ્તવિક સ્વરૂપ છે, તે કેવળ પંડિત વક્તા થવાથી અને સંસારિક જીવોના બળ તથા પ્રતીતિવાળાઓની અવસ્થાથી જુદુંજ છે. પણ તેનો રસ્તો પુરૂષાર્થવડે પ્રાપ્ત થાય છે.

જ્યાંસૂધી આ પુરુષ પરમાર્થના માર્ગ વિષે દૃઢ પુરૂષાર્થ અને યત્ન ન કરે ત્યાં સૂધી એ ઓળખાણની સમ્પૂર્ણ અવસ્થાને પામી શકતો નથી. વળી એ બળવંતનું અભિમાન રાખવું પણ તેને યોગ્ય નથી. એવા માણસને વિદ્યા અને શસ્ત્રોના વ્યવહારના અધ્યયનનું કાંઇ ફળ પ્રાપ્ત થયું નથી. પણ તેને તો વધારે અવગુણજ થાય છે. જેમ કોઇ રોગી પુરૂષ ઔષધ ખાઇ કુપથ્યનો ત્યાગ ન કરે, ત્યારે તે રોગી બહુધા મૃત્યુને આધિન થાય છે; અથવા તેનો રોગ ઘણો વધી જાય છે. કારણ કે પથ્ય વિના ઓસડ ઉલટું રોગને ઉત્તેજિત કરે છે. તેથી ઓળખાણના ચારે અધ્યાય પહેલા વહેલાજ વર્ણવવામાં આવ્યા છે. આ વચનના યથાર્થ સ્વરૂપને તેજ પુરૂષ ઓળખે છે કે જેનું મન માયાના કોઇપણ પદાર્થમાં આસક્ત થતું નથી, અને પોતાનું સઘળું આયુષ્ય ભગવત્‌ની પ્રાપ્તિમાંજ પૂરૂં કરે છે. પરંતુ એવા પરમપદને પામવું મહા દુર્લભ છે, અને તે કઠિન યત્ન વગર પ્રાપ્ત થતું નથી. તેથી સઘળા જીવોના અધિકારના ઉપદેશનું વર્ણન કરૂં છું. કે જેથી સઘળા જીવો એ પ્રતીતિને પોતાના અંતઃકરણ વિષે દૃઢ કરે ત્યારે એજ પ્રતિતી તેમના ઉત્તમ ભાગ્યનાં બીજ થાય.

ભગવત્‌ની પ્રતીતિનું વર્ણન.

હે ભાઇ! તમારે જાણવું જોઇએ કે તમે ઉત્પન્ન કરેલા છો ને તમારો ઉત્પન્ન કરનાર પરમેશ્વર છે. તેમ આ સઘળા જગત્‌નો પેદા કરનાર પણ તેજ પરમાત્મા છે. તથા તે એકજ છે. અને તેના જેવો સમર્થ બીજો કોઇપણ નથી. તથા તે કોઇના જેવો નથી. મતલબ કે તેની સાથે સરખવી શકાય એવું બીજું કાંઇ નથી. તે અનાદિ તથા અવિનાશી છે, તેનો કદી અંત આવતો નથી, અને સર્વકાળને વિષે તે સત્ય સ્વરૂપ છે, તથા કદીપણ તે અસત્ય ભાવને પ્રાપ્ત થતો નથી. તે પોતાના પોતાપણા વડે સ્થિત રહેલા છે, સઘળા પદાર્થોના આશ્રિત તે નથી, અર્થાત્ તે કોઇને આધીન નથી, પણ સઘળા પદાર્થો, તેને આધીન છે. તેનું સ્વરૂપ સૌથી નિર્લેપ છે. તેથી તેને કાર્ય વા કારણ પણ કહેવાઇ શકાતું નથી. તેને શરીર નથી, અને તેના સ્વરૂપ સમાન કોઇ આકાર

વા દૃષ્ટાન્ત સંભવતું નથી તે રંગે રૂપે વિલક્ષણ છે, તેથી જે કાંઇ આ મનુષ્યના સંકલ્પમાં આવે છે. તેનાથી ભગવાનનું સ્વરૂપ ભિન્ન છે, કારણ કે સંકલ્પ તથા બુદ્ધિવડે જે પદાર્થ જણાયલા છે, તે સઘળા તેના બનાવેલા છે; અને ઉત્પન્ન એલી વસ્તુઓ કરતાં તેનું સ્વરૂપ જુદુંજ છે, તેથી સંકલ્પ અથવા બુદ્ધિ વિષે જેનું સ્વરૂપ ના ચિન્હ દૃઢ થાય છે, તે સઘળા પદાર્થોનો ઉત્પન્ન કરનાર તે પરમેશ્વરજ છે. તેના સંબંધમાં મર્યાદા અથવા ન્યુનાધિકતાનો સંભવ નથી. કારણ કે એ મ બધો શરીર સ્વભાવને લગતી છે, અને શ્રી ભગવાન્ તો શરીરથી રહિત છે. એ કારણસર તે મહારાજને અમુક સ્થાનમાં છે, એમ કહી શકાતું નથી. તેમ કોઇ અમુક સ્થાન ઉપર છે, એમ પણ કહી શકાતું નથી. તેનું સ્વરૂપ સ્થાનની કંઇ અપેક્ષા રાખતું નથી. અને તે સ્વરૂપ સ્થાનન ગ્રહણ પણ કરતું નથી. કારણ કે દેહાદિક પદાર્થો સાથે તેનો કાંઇપણ સમ્બન્ધ નથી. આ સઘળી સૃષ્ટી દેવતાઓને આધારે છે, તે સઘળા દેવતાઓ પરમાત્માને આધીન છે. પરમાત્માને જે વૈકુંઠ ઉપર બિરાજમાન થયલા વર્ણવ્યા છે, તે એવી રીતે ન સમજવું કે જેમ કોઇ સ્થૂળ કોઇ બીજા સ્થૂળ ઉપર રહ્યું હોય. કારણ કે તે કંઇ સ્થૂળ નથી, તેથી વૈકુંઠવડે તેને ઉપાડવામાં આવ્યા નથી. પરંતુ વૈકુંઠ તથા વૈકુંઠવાસી સઘળા દેવતાઓ પાર્શદોની મંડળી તેની શક્તિને આશ્રયે છે. સારાંશ કે પરમાત્મા જેવી સ્થિતિમાં સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં હતા, તેવા હમણા પણ છે અને અંતે પણ એક સ્વરૂપે રહેશે. તેમના સ્વરૂપ વિષે પરિણામે ન્યુનાધિકતાનું આગમન કોઇ રીતે થઇ શકતું નથી. જો ઘટી જાય તો તેને ભગવન્ કહેવા યોગ્ય નથી. તેમ જો વધી જાય તો તેથી માની શકાય કે આગળ તે અલ્પ સ્વરૂપે હતા. અને હવે સંપૂર્ણ થયા છે. આ વાત પણ અયોગ્ય છે બહુધા પરમાત્માનું સ્વરૂપ બધી સૃષ્ટિથી નિર્લેપ છે, છતાં પણ આ લોકને વિષે બુદ્ધિવડે કરીને જાણવા યોગ્ય છે, તેમ પરલોકમાં દેહાદિક અભિમાન દૂર થતાં તેનું દર્શન પણ થાય છેજ. બુદ્ધિના સાધન વડે પરમાત્મા રંગ, રૂપ રહિત છે એમ સમજવામાં આવે છે, તેવી રીતે પરલોકને વિષે પરમાત્માનું દર્શન પણ રૂપરંગથી વિલક્ષણ છે, કારણ કે તેનું દર્શન સ્થુળ દર્શનના જેવું નથી.

ઇશ્વરની શક્તિ તથા સામર્થ્ય વિષે.

પરમાત્મા એવાતો સંપૂર્ણ સમર્થ છે કે, તેના વિષે દીનતા અથવા પરાધીનતા પ્રવેશ કરી શકતી નથી. જે કાંઇ તેણે ઇચ્છયું છે તે તેણે કર્યું છે, અને જે કાંઇ ઇચ્છશે તે તે કરશે. ચૌદલોક અને વૈકુંઠ વગેરે નગરીઓ, તેના સામર્થ્યને આધીન છે. સર્વ તેની આજ્ઞાને આધીન છે તેના સિવાય બીજા કોઇને આધીન એ બાજી નથી. આત્મબળે કરી કોઇ એવો શક્તિમાન બને, તોપણ ઉપરનાં કારણોને લીધે તે તેમના જેવો, તેમની રીતે વા તેનો પ્રતિસ્પર્ધિ થઇ શકતો નથી. જ્ઞાનના સંબંધમાં કહેતાં પરમાત્મા પોતાના જ્ઞાને કરી સર્વ પદાર્થોના જ્ઞાતા છે. અને જે કંઇ જાણવા યોગ્ય છે, તેને આગળથીજ તે જાણે છે; તેના જ્ઞાનનો અંશ સઘળા પદાર્થોમાં ભરપૂર છે. તેથી આકાશ પાતાળની અંદર કોઇપણ એવો પદાર્થ નથી કે જે તેના જ્ઞાનની બરાબર હોય. કારણ કે સઘળા પદાર્થો તેનાજ ઉત્પન્ન કરેલા છે, અને તેના વડેજ અસ્તિમાં છે. પૃથ્વીના અણું, ઝાડનાં પાતરાં, જીવોનો શ્વાસ તથા હૃદયના સંકલ્પ, ઇત્યાદિક સઘળા પદાર્થો ભગવતના જ્ઞાનને વિષે હસ્તામલકવત્ સહજ પ્રાપ્ત થાય છે. જેવી રીતે આપણી દૃષ્ટિએ આકાશ તથા ધરતી પ્રત્યક્ષ ભાસે છે, તેવી રીતે પરમાત્માને સર્વ પ્રત્યક્ષ ભાસે છે. ઇચ્છાના સંબંધમાં કહેતાં, જે કાંઇ છે તે તેની ઇચ્છા તથા આજ્ઞાને આધીન છે. જેવાં કે સ્થૂળ, સૂક્ષ્મ, લઘુ, દીર્ઘ, વિધિ, નિષેધ, પુણ્ય, પાપ, સન્મુખતા વિમુખતા, લાભ, હાની, સુખ, દુઃખ, રોગ, આરોગ્ય ધન વા, નિર્ધનતા, વગેરે સઘળા પદાર્થો પરમાત્માની ઇચ્છા તથા આજ્ઞા વિના કદીપણ સ્થિતિમાન થતા નથી. તેથી સર્વ સૃષ્ટિ અર્થાત ભૂત, પ્રેત, મનુષ્ય, દેવતા વગેરે સઘળા જીવો એકઠા મળી ભગવાનની રચનાને કંઇ વિપરીત કરવા ચહાય, ત્યારે તે પરમાત્માની ઇચ્છા વગર તેઓ કોઇ કંઇપણ કરવા શક્તિમાન નથી. પણ અસમર્થ છે. માટે જે કંઇ ભગવાન કરવા ઇચ્છે છે, તેજ થાય છે પણ જે કાંઇ તેની ઇચ્છા વિષે નથી આવતું, તે થતું નથી. તેની આજ્ઞા એવી છે કે તેને અન્ય વા કોઇ કરી શકતું નથી. તે કારણથી ભૂત, વર્તમાન તથા ભવિષ્યમાં જેટલા પદાર્થો સ્થિતિમાન છે, તે સઘળા સ્વાભાવિક રીતે ભગવાનની સત્તા તથા વિધાને આધારે રહેલા છે. અથ

શ્રવણ તથા દૃષ્ટી સંબંધમાં જોઇએ તો પરમાત્મા સઘળું સાંભળે છે, સઘળું દેખે છે, તથા સઘળું જાણે છે પણ તેના સાંભળવા વિષે, નિકટતા તથા દૂરતા નથી. તેમજ તેની દૃષ્ટીમાં અંધારૂં તથા પ્રકાશ સમાન છે. અર્થાત્ અંધકારે કરીને તેમની દૃષ્ટિ વિષે આવરણ થતું નથી. તેથી અંધારી રાત્રિ અથવા દિન વિષે પૃથ્વીમાં કીડી ચાલે ત્યારે તે મહારાજ તેના ચાલવાના આવજને પણ સાંભળે છે. તે તેમનું સાંભળવું તથા દેખવું વિચાર કે ચિન્તવને કરી થતું નથી, તે જે ઉત્પન્ન કરે છે, તે આરંભ વા સામગ્રીની સહાયતાથી ઉત્પન્ન થતું નથી.

અથ ભગવદ્ વચન.

પરમેશ્વરની આજ્ઞા માનવી, એ સર્વ જીવોને પ્રમાણરૂપ છે. કારણ કે તેમણે જે કાંઇ વચનો કહ્યાં છે તે સઘળાં વચનો નિઃસંદેહ નિર્વિવાદ અને સત્ય છે, પણ તેનાં વચનો મનુષ્યની માફક જીભ, હોઠ, દાંત અને કંઠના સંયોગથી બોલાતાં નથી. જેમ આપણા મનમાં કોઇ વચન કે વાર્ત્તાનો જે સંકલ્પ ઉત્પન્ન થાય છે, તે સ્ફુરણા વખતે શબ્દ વા અક્ષર હોતો નથી; અને તે શબ્દ અખંડ હોય છે; તેવી રીતે પરમાત્માનાં વચન એ કરતાં પણ સૂક્ષ્મત્તર છે તેથી સન્તોના અંતઃકરણમાં જે આકાશ વાણી કે વેદ વાણી થઇ છે, તે સઘળાં ભગવાનનાં વચન છે. તે પરા વાણીથી ઉત્પન્ન થયાં છે. એ વચન સન્તોના મુખદ્વારાએ જગત્ વિષે પ્રસિદ્ધિ પામ્યાં છે, અને તે પરમાત્માનો નિર્મળ સ્વભાવ પ્રદર્શિત કરે છે. તેના સ્વભાવ સઘળા અનાદિ તથા અવિનાશી છે. જેમ શ્રી ભગવતના સ્વરૂપનું જ્ઞાન પ્રતિબિંબ રૂપે પ્રાણીની બુદ્ધિ વિષે ભાસે છે, તેમ સઘળા જીવોની રસના દ્વારાએ ઇશ્વરની કીર્તિ ગવાય છે; પણ તે જાણવાવાળી જે બુદ્ધિ છે તે પેદા કરેલી છે, પણ ભગવતનું સ્વરૂપ ઉત્પન્ન કરેલું નથી. જીવ જે પોતાની જીભ વડે ભગવાનનું સ્મરણ કરે છે, તે સ્મરણ ઉત્પન્ન કરેલું છે, અને જેનું સ્મરણ કરે છે, તે મહારાજ શ્રી ભગવાન અનાદિ તથા અવિનાશી છે. તેવી રીતે તે પરમાત્માનાં વચન કે જે તેના સ્વભાવનો ખરો ચિતાર ખડો કરે છે, તે વેદ વચન પણ અનાદિ છે. તે જીવોના અંતઃકરણને વિષે ગુપ્તપણે રાખવામાં આવ્યાં છે; જીભ દ્વારાએ તે વચનોનું ઉચ્ચારણ થાય

છે, અને પછી તે કાગળનાં પુસ્તકોમાં લખાય છે. આ હૃદયની જે ગુપ્તતા છે, તે ઉત્પન્ન કરેલી છે, અને પુસ્તકમાં જે લખવામાં આવે છે. તથા જીભવડે જે ઉચ્ચારવામાં આવે છે, તે સઘળાં ઉત્પન્ન કરેલાં છે. પણ અંતઃકરણમાં જે ગુપ્ત વચનોનું સ્વરૂપ છે, તથા પુસ્તકમાં જે બાબત લખેલી છે, અને જીભ વડે જેનું ઉચ્ચારણ થાય છે, તે વચનોનો જે અર્થ છે તે ઉત્પત્તિથી રહિત છે. અર્થાત્ તે ઉત્પન્ન થએલો નથી. એવી રીતે વેદોના અક્ષર, કાગળ અને શબ્દો ઉત્પન્ન કરેલા છે. પણ તેના વિષે જે ભેદ છે, તે ઉત્પત્તિથી રહીત છે. અર્થાત્ તે ઉત્પન્ન થયેલો નથી. તે ભગવાનના સબંધમાં સ્વભાવ સિદ્ધ છે.

અથ કારીગરીનું વર્ણન.

સૃષ્ટિની જે રચના મન તથા ઇંદ્રિયોવડે દેખાય છે, તે સઘળી ભગવાનની કારીગરી છે, અને એ કારીગરીને સર્વ અંગોએ કરી એવી સમ્પૂર્ણ બનાવી છે. કે તેમાં લેશ માત્ર ઉણતા નથી. કદાચિત્ કોઇના મનમાં એવો સંકલ્પ થાય કે અમુક પદાર્થ અમુક રીતે બનાવવો એ યોગ્ય નહોતું, તો તેમાં તે સંકલ્પ કરનારની કેવળ મૂર્ખાઇ છે. કારણ કે જે ભેદને નિમિત્તે પરમાત્માએ તે પદાર્થ બનાવ્યો છે, તે નિમિત્તના ભેદ તથા ગુણને એ મૂર્ખ સમજી શકતો નથી. જેમ કોઇ ઘરમાં સઘળી સામગ્રી તૈયાર કરેલી યોગ્ય જગાએ ગોઠવવામાં આવી હોય અને તે ઘરમાં કોઇ આંધળો દાખલ થાય, તો સમજી શકે નહિ કે સઘળી સામગ્રી યોગ્ય જગ્યાએ મુકવામાં આવી છે, તેથી અજાણપણે કરીને તે સામગ્રી તથા પદાર્થ સાથે અથડાવાથી પડી જાય ત્યારે તે અંધ કહે કે "આ સઘળી ચીજો તમે માર્ગમાં શા માટે મુકી છે? આવો સવાલ કરતાં તેને એવો વિચાર નથી આવતો કે હું માર્ગ ભૂલી ગયો છું.

માટે પરમાત્માએ જે કંઇ બનાવ્યું છે, તે યથાર્થ વિધિપૂર્વક ઉત્પન્ન કર્યું છે અને તે જેમ જોઇએ તેમજ બનાવ્યું છે. શાથી કે એથી કંઇ વિશેષ થઇ શકત, અને ભગવન્તે ન કર્યું ત્યારે એવું જાણવામાં આવે કે ભગવતે એ વિશેષતાને પોતાની કૃપણતા અથવા અસમર્થતાએ કરીને ઉત્પન્ન કરી નહિ,

એ પ્રમાણે ભગવત્ વિષે એવું અનુમાન કરવું એ મહા અયોગ્ય છે.

આથી સિદ્ધ થાય છે કે દુઃખ, રોગ, નિર્ધનતા, મૂર્ખતા, પરાધીનતા, આદિક જે કંઇ પરમાત્માએ સર્જ્યું છે, તે યથાર્થ ભેદ સમજીનેજ બનાવ્યું છે. કારણ કે પરમાત્માથી કદી અન્યાય થતો નથી. એટલા માટે અધિકારી વિના દંડ દેવો તેનું નામ અન્યાય છે. તે ભગવાન્ અપરાધ વિના દંડ દેતા નથી. કારણ કે અન્યાય તો તેજ કરે છે કે જે બીજાની પ્રજા વા સજ્યને પ્રથમ પોતાના તાબામાં લે છે. આ વાત પરમેશ્વરના સંબંધમાં બંધ બેસતી નથી. શાથી કે ભગવદ્‌ની સાથે બીજો કોઇ ઇશ્વર થાય, એ અસંભવ છે. એટલા માટે જે સૃષ્ટિ આદિકાળમાં હતી, અને વર્ત્તમાન કાળમાં છે, અને ભવિષ્યમાં થનારી છે, તે સઘળાનો ઉત્પન્ન કર્ત્તા અને સઘળાનો પરમેશ્વર તે એકજ પરમાત્મા છે. તે કોઇને આધીન નથી, તેમ તેની સાથે સરખાવવા લાયક કોઇ પદાર્થ નથી. અર્થાત્ તેના સરખો કોઇજ નથી તે અપ્રતિમ પ્રભાવ છે.

અથ પરલોક નિરૂપણ.

પરલોક સંબંધમાં વિચારીયે તો પરમાત્માએ બે પ્રકારની સૃષ્ટિ રચી છે. તેમાં એક સ્થૂળ છે અને બીજી સૂક્ષ્મ છે. સ્થૂળ સૃષ્ટિ જે દેહાદિક છે, તે જીવના પ્રવાસના વિસામા જેવું છે. તે પ્રવાસને વિષે ચાલતો થકો જીવ કાર્ય સિદ્ધ કરે, વળી શરીરના આયુષ્યની મર્યાદા સખ્ત છે. તે ઉપરાંત શરીરનું મૃત્યુ સરજ્યું છે. તે આયુ મર્યાદાથી અધિક કે અલ્પ થતું નથી. તેથી કાળ આવતાં શરીર તથા જીવ જુદાં પડી જાય છે. અને પરલોકમાં જીવને શરીરવડે આચ્છાદિત કરવામાં આવે છે; અને જેવો જેની કરણી હોય છે તે પ્રમાણે તેને તેવું ફળ પ્રત્યક્ષ દેખાડે છે. ત્યારે આ મનુષ્ય પોતાની ભલાઇ વા બુંડાઇને જાણે છે. પરલોકના કઠિન માર્ગને વિષે જીવને ચલાવે છે, તેમાં જાણે એક પૂલ છે, તે વાળથી વધારે સૂક્ષ્મ અને તરવારની ધારથી વધારે તીક્ષ્ણ છે, પરંતુ જે મનુષ્ય આ સંસારમાં વિચારની હદમાં દૃઢ રહે છે, તેને તે માર્ગ પાર કરવો સુલભ છે. અને જેણે વિચારની મર્યાદાને તજી છે તેને નર્કની પ્રાપ્તિ થાય છે. એટલે પરલોકમાં એ પૂલ ઉપર ઉભા રાખી સાચાના સાચની સાક્ષી

લેવાશે, અને જુઠાઓને શરમાવું પડશે. પછી કેટલાક ઉત્તમ માણસો વગર દુઃખે પરમ સુખને પામશે, કેટલાકને થોડી શિક્ષા થશે, અને કેટલાકને અધિક દંડ તથા શિક્ષા થશે, પણ જે પુરૂષોને આચાર્યો તથા સન્તોની સહાયતા હશે, તે દુઃખથી મુક્ત થશે અને તામસી જીવ દીર્ઘકાળ પર્યંત નર્કના દુઃખના ભોક્તા થશે, તાત્પર્ય એજ કે પાપ અને પુણ્યની મર્યાદા પ્રમાણે સૌ કોઇને દંડ વા સુખની પ્રાપ્તિ થશે.

અથ આચાર્ય તથા સંતના સ્વરૂપનું વર્ણન.

આચાર્ય તથા સન્ત સ્વરૂપના વર્ણનમાં કહેવાનું એજ કે પરમાત્માએ એવો સંકેત રચેલો છે કે પોતાનાં કર્મ પ્રમાણે સર્વ જીવને ફલની પ્રાપ્તિ થશે. આ સંકેતના સંબંધમાં કેટલાકને ભાગ્યહીન અને કેટલાકને ભાગ્યવાન્ બનાવ્યા છે. પરંતુ મનુષ્ય પોતાના પ્રારબ્ધની હીનતા વા શ્રેષ્ઠતા સમજી શકતાં નથી. તે કારણથી સન્તો તથા આચાર્યોને પરમાત્માએ મોકલ્યા છે. અને પોતાની દયાએ કરીને આ પ્રમાણે તમને આજ્ઞા કરવામાં આવી છે કે જીવને શુભ તથા અશુભ માર્ગ ઓળખાવે અને ભાગ્યવાન માણસોને શુભ માર્ગ તરફ વાળે શુભ વા અશુભ માર્ગનું જ્ઞાન મનુષ્યોને કરાવવાનો હેતુ એટલોજ છે કે ભગવાન ઉપર કોઇ પ્રકારનો દોષ ન રહે. એટલે કોઇ એમ ન કહી શકે કે અમને શુભ માર્ગનું જ્ઞાન નહોતું. માટે સન્ત પુરૂષોએ દયા લાવી જે પ્રમાણે ભલાઇ વા બુરાઇનો માર્ગ પ્રસિદ્ધ કીધો છે, તેમાં કંઇ સંશય નથી. માટે એવો વિશ્વાસ સર્વ મનુષ્યોએ અવશ્ય રાખવો જોઇએ.

સર્ગ. બીજો.

પવિત્રતાનું વર્ણન.

ભગવાનનાં વચન છે કે જેમ વૈરાગી પુરૂષ મને પ્રિય છે, તેમ પવિત્ર

મનુષ્ય પશુ મને પ્રિય છે, પરંતુ પોતાના મનમાં એમ ન જાણવું કે આ વીશે મારા શરીર વા વસ્ત્રોની પવિત્રતાની કહી છે. કારણ કે શરીર અને કપડાંની પવિત્રતા તો પાણી વડે થાય છે, અને તે પાણી મહા સ્થૂળ પદાર્થ છે તેથી પવિત્રતાનો અર્થ એવો સમજવો જોઇએ " કે તે પવિત્રતા પણ ચાર પ્રકારની છે.

(૧) તેમાં પ્રથમ જીવાત્માની પવિત્રતા છે, અને તે પવિત્રતાનો અર્થ એ છે કે અનાત્માથી ભિન્ન અને જુદા થવુ અને સઘળા પદાર્થોને ભૂલી જવું. અને ભગવદ્‌ના સ્વરૂપ વિષે પોતાની ચિત્ત વૃત્તિને લીન કરવી, એ અવસ્થા મહા પુરૂષોની છે. પણ જ્યાંસુધી આ જીવ અનાત્માથી જુદા પડવાની શુદ્ધિ પ્રાપ્ત કરતો નથી ત્યાંસુધી ભગવાનના ભજન વિષે સ્થિતિમાન્ થતો નથી.

(૨) બીજી હૃદયની પવિત્રતા છે, તેનો અર્થ એવો છે કે મલીન સ્વભાવથી વિરક્ત થઇ શુદ્ધિ મેળવવી. તે ઇર્ષા, અભિમાન, પાખંડ, તૃષ્ણા, વૈરભાવ વગેરે સઘળા નઠારા સ્વભાવોનો ત્યાગ કરવો, અને ભલા સ્વભાવોના સૌંદર્યથી પોતાના અંતઃકરણને સુંદર બનાવવું, આ ભલા સ્વભાવ તે નમ્રતા, સંયમ, ત્યાગ, ધૈર્ય, ભગવત્‌નો ભય, ભગવાનની આશા, તથા ભગવાનની પ્રીતિ, ઇત્યાદિક જે શ્રેષ્ટ સ્વભાવ છે, તે જીજ્ઞાસુજનોની પવિત્રતા છે.

(૩) ત્રીજી પવિત્રતા એ છે કે સઘળી ઇંદ્રિયોને પાપોથી શુદ્ધ કરવી. શુદ્ધ બનાવવી એટલે નિંદા, જુઠું અશુદ્ધ આજીવિકા, ચોરી, પરનારીપર દ્રષ્ટી કરવી ઇત્યાદિ અપકર્મોનો ત્યાગ કરવો, અને સર્વ ઇંદ્રિયોને સંયમમાં અને સન્તોની આજ્ઞામાં રાખવી. એ સાત્વિકી મનુષ્યોની પવિત્રતા છે.

(૪) ચોથી પવિત્રતા એ છે કે પોતાનાં શરીરને તથા વસ્ત્રને મલીનતાથી શુદ્ધ કરવાં અને અપવિત્ર સ્થિતિમાં પોતાના ઇષ્ટ દેવની પૂજા તથા જપમાં પ્રવૃત્ત થવું નહિ.

આથી સિદ્ધ થાય છે કે પવિત્રતાના ચાર પ્રકાર છે. પણ ઘણાક પોતાનું ધ્યાન ફક્ત શરીર અને વસ્ત્રોની પવિત્રતા તરફ રાખે છે. અને સર્વદા એજ શુદ્ધ કરવાના યત્નમાં લાગે છે. તે પવિત્રતા તુચ્છ છે, કારણ કે તે રાખવી એ કઠણ નથી, અને તેમાં મનને આનંદ પ્રાપ્ત થાય છે, તેથી સઘળા લોકો તેનેજ પ-

વિત્ર જાણે છે. પરંતુ હૃદયની પવિત્રતા જે મલીન સ્વભાવનો તથા પાપ કર્મનો ત્યાગ, તેમાં ઇંદ્રિયોનાં જે પવિત્રતા છે, તે આ પવિત્રતા વિષે મનને કંઇ સ્થુળ સુખની પ્રાપ્તિ થતી નથી," અને આ સૂક્ષ્મ પવિત્રતાને અન્ય લોક દેખી પણ શકતા નથી. કારણ કે આ હૃદયની પવિત્રતાને પરમાત્માજ દેખી શકે છે; બીજા લોક જાણી શકતા નથી. તે કારણથી એ પવિત્રતાની તરફ બાજાું લોકની જરા પણ પ્રીતિ નથી. અને તેને મહા કઠણ સમજે છે, પણ આજે સ્થૂળ શરીરની પવિત્રતા છે તે જો કે મહા તુચ્છ છે; તોપણ તે પવિત્રતાને યુક્તિ પુરઃસર કરવામાં આવે તો તે પણ સારી છે. છતાં જ્યારે આ સંશયરૂપી સમુદ્ર વિષે તણાયો જાય તો તે મનુષ્ય ઉલટો પાપી તથા અભિમાની બની જાય છે જેવી રીતે એવા આચરવાળા કહેવાતા કેટલાક વૈષ્ણવોનો સ્વભાવ પડી જાય છે. કે સર્વદા વાસણ તથા વસ્ત્રોને ધોતા રહે છે અને પવિત્ર જળને ઢોળ્યા કરે છે. વળી વાસણને એવી રીતે અલગ રાખે છે કે તેને કોઇ હાથ ન લગાડે જો કે આ પવિત્રતામાં બીજો કોઇ દોષ હોતો નથી, તોપણ એ પણ ત્યારેજ ભલી ગણાય છે કે જ્યારે એ પવિત્રતા છ યુક્તિઓ સહિત હોય.

(૧) પહેલી યુક્તિ એ છે કે જેટલાં શુભ કર્તવ્ય કરવાનું આવશ્ય છે, તેનાથી તે દૂર ન જાય; જેમ વિદ્યાભ્યાસ કરવો, સંતજનોનાં વચનોનું મનન કરવું, અને પોતાના શરીર તથા કુટુંબના પોષણ નિમિત્ત શુદ્ધ આજિવિકાનો ઉદ્યમ કરવો, કે જેમાં કોઇની પાસે કંઇ યાચવાની ઇચ્છા કે કોઇની આશા ન હોય. તો એ બધાં કર્તવ્ય લાભદાયક છે, એટલા માટે ઘટે છે કે એ કર્તવ્યોનો ત્યાગ કરીને પવિત્રતાની અધિકતામાં પોતાનો કિમતી વખત વ્યર્થ ન ખોવો કારણ કે વિદ્યા, વિચાર અને શુભ આજિવિકાનો ઉદ્યમ કરવો એ પાવિત્રતાથી અધિક ઉત્તમ છે. તેટલાજ માટે આગળ જે પ્રીતિમાન અને જીજ્ઞાસુજનો થઇ ગયા છે, તેઓ ફક્ત શરીરની બાહ્ય પવિત્રતામાં આસક્ત અને લીન થયા નથી; પણ શુદ્ધ આજિવિકા, વિદ્યા, વિચાર અને ભજન આદિ શુભ કર્તવ્યોમાં સાવધાન રહેતા હતા. અને અંતઃકરણની પવિત્રતા માટે અધિક પુરૂષાર્થ કરતા હતા. જે પુરૂષની એવી અવસ્થા હોય તેના ઉપર કોઇ વૈષ્ણવોએ દોષ દૃષ્ટી રાખવા યોગ્ય નથી; પરંતુ જો કોઇ માણસ આળસ અને લોકો માટે

પવિત્રતાનો ત્યાગ કરે, તો તેણે વૈષ્ણવો ઉપર નિંદાનો દોષ મૂકવો અયોગ્ય છે.

(૨) બીજી યુક્તિ એ છે કે કપટ અને દંભમાંથી પોતાના ચિત્તને બચાવી રાખવું. કારણ કે જે માણસની વૃત્તિ સ્થૂળ (બાહ્ય) પવિત્રતામાં વિશેષ છે, તે સ્વાભાવિક રીતે પોતાનાં પવિત્રતા અને મોટાઇને દેખાડવાજ કરે છે, અને તે કારણથી તે અભિમાની થઇ જાય છે. વળી જ્યારે અચાનક તેનો પગ જમીનને અડી જાય છે, અથવા તેને કોઇ બીજાના પાત્રમાંથી પાણી લેવાની જરૂર પડે છે, ત્યારે તે લોકોની નિંદાથી ભયભીત થાય છે. એવા માણસને ઘટારત છે કે તેણે બીજા લોકના દેખતાં કયારેક ઉઘાડે પગે પણ ચાલવું અને ક્યારેક બીજાના વાસણનું પાણી પણ પી લેવું. પોતાની પરીક્ષા માટે એ રીતે વર્તે તો તે તેને માટે સારૂં છે; તાત્પર્ય એ છે કે પોતાની મોટાઇ કોઇને ન જણાવવી. જ્યારે તેનું મન એવું કામ કરવામાં પ્રચલિત ન થઇ શકે, ત્યારે તે એમ સમજે છે કે મને કપટે તથા દંભે ઘેરી લીધો છે. એવે વખતે તેને અવશ્ય યોગ્ય છે કે એવી બાહ્ય પવિત્રતાનો ત્યાગ કરીને સર્વ સાધારણ લોકોની પેઠે વર્તન કરવું. કારણ કે (સ્થૂળ) બાહ્ય પવિત્રતા પણ જગતની કીર્તિ છે, અને દંભવડે તે રાખનાર માણસની બુદ્ધિનો નાશ થઇ જાય છે. તેટલા માટે દંભ અને કપટને દૂર કરવા સારૂ (સ્થુળ) બાહ્ય પવિત્રતાનો ત્યાગ કરવો એ વધારે સારૂં છે.

(૩) ત્રીજી યુક્તિ એ છે કે હમેશાં ઘણા સંશયમાં આસક્તિ ન રાખવી. તેટલા માટે જેવી રીતના સંયોગને પ્રાપ્ત થવાય, તે પ્રમાણે વર્તન કરવું. કારણ કે પોતાની વૃત્તિને સંશયોમાં આરૂઢ કરવી એ અયોગ્ય છે, પૂર્વે જેટલા સંત પુરૂષો થયા છે તેમણે પણ સંશય તથા ગલતાનીમાં પોતાને બંધનમાં નાખ્યા નથી, પણ સર્વ સામાન્ય લોકોની પેઠ સામાન્ય આચાર વિચારમાં વિચર્યા છે. જ્યારે તે એવા પૂર્વે થઇ ગએલા મહા પુરૂષોના આચારનો ત્યાગ કરે અને તેમને ભ્રષ્ટ જાણે, ત્યારે સમજવું કે તે માણસ આ પવિત્રતા માત્ર પોતાના મનની પ્રસન્નતા (મગજના ફાંટા) ને લીધે રાખે છે. માટે સંદેહ રહિત થઇ એવી પવિત્રતાનો ત્યાગ કરવો ઉચિત છે.

(૪) ચોથી યુક્તિ એ છે કે જે પવિત્રતાએ કરીને કોઇપણ (બીજાના) મા

ણુસને દુઃખ થાય, તે પવિત્રતાનો અવશ્ય ત્યાગ કરવો. તે એટલા માટે કે ભૂત પ્રાણી માત્રના તન મનને દુખાવવાં એ મહા પાપ છે; પણ સ્થુળ (બાહ્ય) પવિત્રતાને ત્યાગવામાં કંઇ પાપ થતું નથી. જેમ એવી બાહ્ય પવિત્રતા રાખનાર પુરૂષને તેનો કોઇ મિત્ર મળવાને સારૂ આવે અને તે જ્યારે તેને ભેટવા લાગે, ત્યારે તે તેના પરસેવા વગેરેથી તેને ભેટવાને સંકોચ પામે, તો તે પણ કેટલું અયોગ્ય (ખોટું) જણાય ? કારણ કે એવા મિત્રને સદ્‌ભાવ સહિત મળવું અને તેનો સત્કાર કરવો એ હજાર પવિત્રતાથી પણ અધિક છે. એવીજ રીતે કોઇ માણુસ આપણા આસનપર અજાણે પગ રાખે અથવા આપણા પાત્રમાંથી પાણી પીએ, ત્યારે તેને ગભરાવવો નહિ, તેમજ ગ્લાનિ યુક્ત પણ ન થવું, એ યોગ્ય છે, પરંતુ શરીરની બાહ્ય પવિત્રતા રાખવાવાળા એવા ઘણા મૂર્ખ પુરૂષો તો એવા સૂક્ષ્મ ભેદને સમજતા પણ નથી. એટલે સમજવા જેટલી તેમનામાં બુદ્ધિ હોતી નથી; તેથી જ્યારે કોઇ માણસ અચાનક આવી ને તેમના આસનપર પગ મૂકે છે, અથવા તેમના પાત્ર આદિને અડી જાય છે, ત્યારે તેઓ તેનું અપમાન કરે છે, અને કઠોર વચન કહી, તેના મનને દુખાવે છે. એવા પ્રકારની સર્વ ક્રિયાઓ અને સઘળી પવિત્રતા કેવળ અનુચિત છે. કારણ કે એવી ક્રિયાથી અભિમાન ઉત્પન્ન થાય છે. અને અભિમાનથી તે માણુસ એવો ઉન્મત્ત (ગાંડો) થઇ જાય છે કે જાણે તેણે લોકોપર મોટો ઉપકાર કર્યો છે. જ્યારે તે કોઇનો અનાદર કરે છે અથવા કોઇથી સંકોચાઇ રહે છે, ત્યારે તેને સારૂં પુણ્યનું કામ જાણે છે. અને પોતાની પવિત્રતાને પ્રદર્શિત કરે છે તથા પોતાની મોટાઇ બતાવે છે, અને બીજાઓને ભ્રષ્ટ સમજી તેમનાથી ગ્લાની કરે છે, તેઓ મહા મૂર્ખ છે, અને તેમનું અંતઃકરણ ક્રોધ તથા અભિમાને કરીને અત્યંત અપવિત્ર છે, તેનાં એવાં વિરૂદ્ધ કર્મોથી તેની તે હૃદયની અપવિત્રતા પ્રગટ થાય છે (બહાર આવે છે) એ અપવિત્રતાથી આપણા અંતઃકરણને વિશુદ્ધ કરવું. (બાળવું) બચાવી રાખવું અવશ્યમેવ પ્રમાણરૂપ છે. કારણ એવી અપલક્ષણી અપવિત્રતાએ કરીને બુદ્ધિનો પણ નાશ થઇ જાય છે.

(૫) પાંચમી યુક્તિ એ છે કે—જેમ શરીરને શુદ્ધ રાખવું જોઇએ તેમજ આહાર અને વ્યવહારને પણ શુદ્ધ રાખવા જોઇએ. અને વાણી પણ શુદ્ધ બોલવી જોઇએ. વચન અને આહારની શુદ્ધતા, વસ્ત્રો અને વાસણોની શુદ્ધતાથી

અત્યંત અધિક છે, જ્યારે માણસ આહારાદિકની પવિત્રતાનો ત્યાગ કરે અને માત્ર શરીરનીજ પવિત્રતામાં ડુબી જાય ત્યારે એમ સમજવું કે તે માણસ શરીરનાં પવિત્રતા પણ દંભ અને કપટને માટે રાખે છે. જેમ કોઇ માણસ ભૂખ વિના અપવિત્ર આહાર કરે, પણ હાથ પગ ધોયા વગર જમવા બેસે નહિ. ત્યારે તે એટલું પણ સમજતો નથી કે જ્યારે તે આહાર અપવિત્ર છે, ત્યારે વગર ભૂખે કેમ ખાઉં છું? અને જો તે અહાર પવિત્ર સમજે છે તો ખાધા પછી હાથ મોં શા માટે શુધ્ધ કરે છે? તાત્પર્ય એ છે કે ભોજનની શુધ્ધતા અવશ્યે કરીને યોગ્ય છે, પરંતુ ભોજન અશુધ્ધ થયું તો હાથ પગ ધોવાની પવિત્રતા ભોજનના સંબંધમાં ગુણ કરતા થતી નથી. એજ રીતે જ્યારે લોકો વસ્ત્ર, બિછાનું, ખાનપાન, ઇત્યાદિમાં જેની સાથે અસમાનતા રાખે છે, ત્યારે તેવા માણસનું રાંધેલું ભોજન કેમ જમે છે? અને તેના ઘરનાં અન્નાદિક કેમ ગ્રહણ કરે છે? તેમાં ભેદ અને વિચાર કેમ રાખતા નથી? કેમકે આહારની શુધ્ધિ કરવી અધિક જરૂરની છે. તેટલા માટે આહારનો સંયમ ન કરવો અને માત્ર શરીરની બાહ્ય પવિત્રતામાં આસક્ત રહેવું, એ સત્પુરૂષોનું લક્ષણ નથી.

(૬) છઠ્ઠી યુક્તી એ છે કે, પવિત્રતાની ક્રિયામાં એવી આસક્તિ ન થવી જોઇએ કે જેથી બીજા કોઇ વિશેષ કાર્યોની હાની થઇ જાય. જેમ કોઇની સાથે કંઇ કરાર કર્યો હોય, પરંતુ શરીરની પવિત્રતામાં લાગી રહેવાથી તે વચન પુરૂં ન થાય, અને કાર્ય કરી આપવાને અવકાશ ન મળવાથી તે માણસને લાંબા વખત સૂધી આશા યુક્ત રાખવો પડે, તેથી તેને વિશેષ દુઃખ થાય. એ પ્રમાણે કરવું સર્વ રીતે નિંદ્ય છે. આજીવિકાની ઉત્પત્તિ માટે ઉદ્યોગ, અને વચન આપ્યા પ્રમાણે બીજાનું કામ કરી દેવું, ઇત્યાદિક કર્મ અવશ્ય કરવા જેવાં છે. વળી કોઇ ભજન મુહમાં પોતાનું આસન લાંબુ કરીને પાથરે અને તેને બીજા કોઇ ભજનિક માણસનું વસ્ત્ર અડી ન જાય, તેની બહુ કાળજી રાખે એ પણ અયોગ્ય છે. કેમકે પ્રથમ તો પોતાની મર્યાદાથી વધારે જગા રોકવી એજ સારૂં નથી. બીજું તેથી બીજા માણસોને સંકોચ થાય છે. વળી પ્રેમીજનોની સમિપતાથી ગ્લાનિ પામવી એ પણ નિંદ્ય છે. એ પ્રમાણે અધિક પવિત્રતાની આસક્તિમાં અનેક વિઘ્નો છે, જે માણસો મૂર્ખ હોય છે તે એવાં સૂક્ષ્મ પાપોને.

સમજતાં નથી. અને તે સંબંધાં અજાણપણાએ કરીને પ્રેમી મનુષ્યોનું અપમાન કરી પાપિષ્ટ થાય છે. આ તેમની બાહ્ય પવિત્રતા તેમનાં પાપો અને વિઘ્નોના પ્રાયશ્ચિતરૂપ થઇ શકતી નથી. એ પ્રમાણે હવે તમે સારી રીતે સમજ્યા કે સ્થૂળ (બાહ્ય) પવિત્રતા જુદી છે, અને સૂક્ષ્મ અંતર પવિત્રતા જે અમે ઉપર ત્રણ પ્રકારની વર્ણવી છે, તે જુદી છે.

અર્થાત (૧) ઇંદ્રિયોને અશુભ કર્મોથી પવિત્ર રાખવી.

(૨) મલીન સ્વભાવોથી અંતઃકરણને પવિત્ર રાખવું.

(૩) સર્વ અનાત્માનો ત્યાગ કરી પોતાના આત્માને શુદ્ધ કરવો.

એટલા માટે જીજ્ઞાસુજનોએ એવી રીતે આચરવું જોઇએ કે સૂક્ષ્મ પવિત્રતામાં અધિક પુરૂષાર્થ કરવો. અને સ્થૂળ (બાહ્ય) પવિત્રતામાં સંયોગો પ્રમાણે વર્તવું. અર્થાત્ લોક વ્યવહારને અનુસરવું.

સર્ગ. ત્રીજો.

દાન દેવાની યુક્તિ વિષે.

જેમ ભજનનો એક આકાર હોય છે અને એક તેનો જીવ હોય છે. તેમજ અંતઃકરણની એકાગ્રતા એ ભક્તિનો જીવ છે, અને સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ એ તેનો આકાર (લક્ષણ) છે. જેમ જીવ વિના શરીર સબ થઇ જાય છે. તેમ એકાગ્રતા વિના ભજન મિથ્યા છે. એજ રીતે દાન દેવાનો પણ એક આકાર અને જીવ છે. માટે જ્યાંસુધી તેના આકાર અને જીવના ભેદને ન સમજે, ત્યાં સુધી તે દાન દેવું પણ જીવ વિનાના મુડદાની પેઠે થાય છે. દાન દેવાના ત્રણ પ્રકાર છે.

પહેલો—સર્વ કોઇ એમ માને છે કે " હું પરમેશ્વરમાં પ્રીતિ રાખું છું " પણ ભગવદ્‌પરની પ્રીતિ હોવાની પરીક્ષા એજ છે કે તેના કરતાં બીજા કોઇપણ પદાર્થમાં અધિક પ્રીતિ ન હોવી જોઇએ. સૌ માણુસો એમ જાણે છે કે " આ-

મને બધા પદાર્થો કરતાં પરમેશ્વર વધારે પ્રિયતમ છે." ત્યારે તેની કસોટી કરવી સર્વને અગત્યની છે. કારણ કે કસોટીમાં પાર ઉતર્યા વિના એવું અભિમાન રાખવું વ્યર્થ છે; તે પરીક્ષા (કસોટી) એ છે કે પોતાના સર્વ અતિ પ્રિય પદાર્થો તે પરમ પિતાના નામપર વારી નાંખે (આપી દે.) ત્યારે આ જગતમાં "દ્રવ્ય" એ મનુષ્યને સર્વ કરતાં વધારે પ્રિય છે, તેથી પરમેશ્વરની પ્રીતની પરીક્ષામાં ધનનું દાન દેવું એ પણ પ્રમાણ કહ્યું છે. દાન દેવાથી પોતાના અંતઃકરણમાં જગદીશ્વરની પ્રીતિ વધે છે જેમણે દાન દેવાના ભેદને જાણ્યો હોય તેવા મનુષ્યો ત્રણ પ્રકારના થાય છે. તેમાં પહેલા પ્રકારના પુરૂષો તો એવા સાચા છે કે તેમણે પોતાનું સર્વસ્વ પ્રભુના નામ પર વારી નાંખ્યું છે. શાથી કે તેઓ કમાણીનો દશાંશ આપવામાં પણ કૃપણતા સમજે છે, તેથી તેમણે સર્વ ત્યાગ કરી દીધું છે. (દૃષ્ટાંત) એક સમયે એક સંત આચાર્ય મહારાજ પાસે પોતાનું સર્વ દ્રવ્ય લેઇને આવ્યા, ત્યારે તેમણે તેમને પૂછ્યું કે "તમે તમારા કુટુંબીજનોને માટે શું મેલી આવ્યા છો?" ત્યારે તેમણે જવાબ આપ્યો કે "જગદીશ્વર સર્વ જીવોનો પ્રતિપાલક છે, તે, મારા કરતાં વધારે ઉત્તમ રીતે તેમનું પ્રતિપાલન કરશે." તેમજ એક બીજા સંત આચાર્ય મહારાજ પાસે આવ્યા અને તેમણે કંઇ દ્રવ્ય તેમની પાસે મૂક્યું ત્યારે તેમણે પૂછ્યું કે "તમે તમારા કુટુંબીજનોને માટે શું રાખી આવ્યા છો?" ત્યારે તેણે જવાબ આપ્યો કે "જેટલું અહીં આપની પાસે લાવ્યો છું, તેટલુંજ મારા કુટુંબીજનોને નિર્વાહ માટે આપી આવ્યો છું" ત્યારે મહા પુરૂષે કહ્યું કે જેમ તમારા અને પહેલા આવેલા સંતમાં દ્રવ્ય લેઇ આવવામાં ભેદ છે, તેમ તમારી અવસ્થામાં પણ ભેદ છે.

બીજા પ્રકારના પુરૂષ એવા છે કે તેમનામાં એકી વખતે પોતાનું સર્વસ્વ આપી દેવાનું સામર્થ્ય હોતું નથી, તેથી દ્રવ્યનો સંગ્રહ રાખીને તેમાંથી થોડું થોડું ઉદારતા સહિત અર્થીજનોને આપે છે. તેઓ જેમ પોતાનાં કુટુંબીજનોનું પાલન કરે છે તેમ અતિથિયોને પણ પ્રીતિપૂર્વક આપે છે.

ત્રીજા પ્રકારના પુરૂષ એવા છે કે તેમનામાં એવી ઉદારતા કરવાનું સામર્થ્ય નથી તેથી પરમેશ્વર પ્રીતે પોતાની કમાણીનો દશાંશ આપે છે, તેમ કર-

વામાં પરમેશ્વરના આજ્ઞા સમજીને તે દશાંશ દેવામાં પ્રસન્ન થાય છે; જેમને તેઓ આપે છે તેમનાપર ઉપકાર કરીએ છીએ, એમ તે સમજતા નથી. કારણ કે દાન દેવામાં તેઓ પોતાનુંજ કલ્યાણ સમજે છે; તોપણ એ કનિષ્ટ અવસ્થા છે. પરંતુ જેને પરમેશ્વર પ્રીતે દશાંશ દેવો પણ મુશ્કેલ હોય ત્યારે સમજવું કે તે માણસોની પ્રીતિ જગદીશ્વરપર લેશ પણ નથી. એવાના કરતાં તો પ્રેમ પૂર્વક દશાંશ આપે તે સારો છે. તોપણ પ્રેમ માર્ગિઓના સમાજમાં તો તે કૃપણ કહેવાય છે.

દાન દેવાનું બીજું તાત્પર્ય એ છે કે તેથી કૃપણતારૂપી મલીનતા દૂર થાય છે, અને જીવનું અંતઃકરણ શુદ્ધ થાય છે. કારણ કે પ્રભુની સમિપ પહોંચવામાં કૃપણતાજ મોટો અંતરાય (પડદો) છે. બાહ્ય મલીનતા જેમ શરીરને અપવિત્ર કરે છે, તેમ કૃપણતારૂપી અપવિત્રતાએ કરીને અંતઃકરણ અપવિત્ર અને મલીન થઇ જાય છે; અને જેમ બાહ્ય મલીનતાથી પૂજા, ભક્તિ વગેરેની યોગ્યતા રહેતી નથી, તેમજ કૃપણતાથી અંતઃકરણમાં ભગવતની સમિપતાની યોગ્યતા રહેતી નથી. જેમ પાણીથી ધોયા વિના શરીરની મળશુદ્ધિ થતી નથી, તેમ દાન દીધા વિના અંતઃકરણની કૃપણતા રૂપ મલીનતા દૂર થતી નથી. સંત મહાત્માઓને દશાંશાદિ દાનનો અંગિકાર કરવો એ યોગ્ય નથી, કારણ કે દશાંશ આપવો એ બાકીના ધનની રક્ષાને નિમિત્તે છે, તેથી તે પણ મલીન છે.

ત્રીજું તાત્પર્ય એ છે કે:—

દાન દેવાથી પરમેશ્વરના આપણા પ્રત્યેના ઉપકારની કૃતજ્ઞતા થાય છે, માટે એ ધન પણ બંને લોકમાં સુખનું કારણ છે. તેથી જેમ વ્રત અને ભક્તિ કરવી એ શરીરના સુખની કૃતજ્ઞતા છે, તેમ દાન દેવું એ ધનના કૃતજ્ઞતા છે. એજ કારણથી પ્રેમી પુરૂષ જ્યારે પોતાને સુખી જુએ છે, અને બીજા કોઇને દરિદ્રતાએ કરીને દુઃખી જુએ છે, ત્યારે ચિત્તમાં એમ વિચાર કરે છે કે "આપણ જગદીશ્વરનો ઉત્પન્ન કરેલો જીવ છે, અને હું પણ પરમાત્માનો પેદા કરેલો જીવ છું. તેથી આ મારાપર સર્વ પ્રકારે તે પરમ પિતાનોજ આભાર છે. કે જેણે મને ધનાદિક આપીને સુખી કર્યો છે; તથા એને દારિદ્ર અને ભીખારી બનાવ્યો છે, માટે મારે એનાપર સર્વ પ્રકારની દયા કરવી એ વધારે સારૂં છે.

વળી વિચારે કે કદાચ એમ પણ હોય કે આ મારી પરિક્ષા થતી હોય, એ પરિક્ષામાં હું બેદરકાર થઇ જાઉં, તો પરમેશ્વર મારી પેઠે તેને સુખી કરે અને મને તેના જેવો કરી તેને આધીન કરી દે, તો તેમાં મારૂં શું બળ ચાલી શકે?" માટે સર્વેને યોગ્ય છે કે ઉપર વર્ણવેલા દાનના ભેદોને સમજવા, કે જેથી તેનું દીધેલું દાન વ્યર્થ ન જાય.

જ્યારે કોઇને દાન આપો ત્યારે તેમાં કેટલીક યુક્તિઓ જાણવાની છે.

(૧) પહેલી યુક્તિ એ છે કે દશાંશ દેવામાં વિલંબ કરવો નહિ. એથી ત્રણ લાભ થાય છે, પહેલો એકે ઉદારતાની રૂચી પ્રગટ થાય છે અને જ્યારે આખું વર્ષ પુરૂં થઇ જાય, ત્યારે તો તેણે દશાંશ આપવો એ જરૂરની વાત છે, છતાં જો તે ન આપે તો પાપિષ્ટ થાય છે. તે પાપના ભયથી દાન દેવામાં પ્રીતિનું લક્ષણ કાંઇ જણાતું નથી. જે સેવક પ્રેમ પૂર્વક સ્વામીની સેવા ન કરે, પણ માત્ર ભયથી કંઇક સેવા કરે, તે અધમ કહેવાય છે, બીજો લાભ એ છે કે તરત દશાંશ આપવામા અર્થીઓ (ભિક્ષુકો) ના ચિત્તમાં આનંદ થાય છે; તેથી તેઓ દાન આપનારને આશીષ આપે છે. તેને લીધે એકા એક તે દાન દેનારના ચિત્તમા પણ આનંદની લહેર પહોંચી જાય છે.

ત્રીજો લાભ એ છે કે-દાન દેનાર અનેક વિઘ્નોથી નિચિંત થઇ જાય છે. જ્યારે દશાંશ દેવામા ઢીલ થઇ જાય છે, ત્યારે આધિવ્યાધિ આદિક વિઘ્નો ઉપજી આવે છે, પણ જો તે તરત આપે તો સર્વ દુઃખોથી નિર્ભય થાય છે, કિંવા જ્યારે અચાનક સંકટ આવી પડે છે, ત્યારે તે પુરૂષ સંકટમાં દાન દેવાને સમર્થ ન થાય તો તે પુણ્ય કર્મોથી અપ્રાપ્ત રહી જાય છે માટે સર્વ પ્રકારનું દાન તરત આપી દેવું એ સારૂં છે; જ્યારે આ મનુષ્યના હૃદયમાં દાન દેવાની રૂચિ ઉપજે છે, ત્યારે તેને પરમેશ્વરની કૃપા સમજવી. અને પોતાના મનમાં એમ ભય પામવો કે રખેને આ ધર્મ કરવાની રૂચિને કોઇ બીજા ખરાબ સંકલ્પ નસાડી દેશે. માટે એ ધર્મની રૂચિને તરતજ પૂર્ણ કરવી જોઇએ.

(૨) બીજી યુકિત એ છે કે જ્યારે દાન પ્રસિદ્ધ ન કરતાં ગુપ્ત દે ત્યારે મનુષ્ય દંભ અને કપટથી દૂર થાય છે, તથા તે નિષ્કામ દાન કહેવાય છે. શાસ્ત્રોમાં પણ એમ કહ્યું છે કે "ગુપ્ત દાનથી પરમેશ્વરની પ્રીતિ થાય છે જ્યારે

પરલોકમાં અધિક દુ:ખ પડશે ત્યારે ગુપ્ત દાન કરનાર પુરૂષપર ભગવતની કૃપા થશે. "જ્યારે દાન દેવાવાળો પોતેજ પોતાના દાનનું વર્ણન કરવા લાગે છે, ત્યારે તે દાન વ્યર્થ જાય છે. તે કારણથી જિજ્ઞાસુજનોએ ગુપ્ત દાન દેવા નિમિતે બહુ યત્નો કર્યા છે. તેઓ જ્યારે કોઇ આંધળા માણસને દાન આપતા ત્યારે મોડેથી કશું બોલતાજ નહિ કે જેથી તે ઓળખી શકે. અથવા કોઈ નિર્ધન પુરૂષને નિદ્રાવશ જોતા ત્યારે તેને જે કાંઇ આપવું હોય તે તેના વસ્ત્રના છેડામાં બાંધી જતા. કિંવા કોઇ અર્થી જનને આવતો જોતા, ત્યારે આપવાની વસ્તુ માર્ગમાં ફેંકી દેતા, કે કોઇ બીજાને હાથે અપાવતા. તાત્પર્ય એ કે ગુપ્ત દાન એવી રીતે આપવું કે તે લેવાવાળો, આપવાવાળાને ઓળખે નહિ. ગુપ્ત દાન દેવાની મતલબ એ છે કે દાન પ્રકટ થવાથી દંભ ઉત્પન્ન થાય છે, માટે કૃપણતા અને દંભ બંનેનો એકોજ વખતે નાશ કરવો. કારણ કે એ બંને સ્વભાવ દુ:ખદાયી છે, તેમાં કૃપણતા વિંછી જેવી છે, અને દંભ એ મહા અજગર સમાનછે, માટે એ બંન્નેને વિશેષે કરીને દૂર કરવા ઘટે છે. કારણ કે એવા મલીન સ્વભાવોનું દુ:ખ, પરલોકને વિષે પ્રત્યક્ષ જણાશે.

(૩) ત્રીજી યુક્તિ એ છે કે–જ્યારે કોઇ માણસે દંભને પોતાના ચિત્તથી દૂર કર્યો છે, ત્યારે તેણે પ્રત્યક્ષ દાન દેવું એ પણ સારૂં છે. કારણ કે તેની ઉદારતાને જોઇને બીજા જીવોને પણ તેવું કાર્ય કરવાની રૂચી ઉત્પન્ન થાય છે. પરંતુ એવી અવસ્થા તે પુરૂષની થાય છે કે જેને સ્તુતિ તથા નિંદા સમાન છે, તથા જે સર્વ પ્રાણી માત્રમાં એક બ્રહ્મને અંતર્યામીરૂપે જાણે છે, તેથી લોકોની સ્તુતિ નિંદા તરફ દૃષ્ટી કરતો નથી. અર્થાત્ ભૂત પ્રાણી માત્રમાં પરમેશ્વરની સત્તાનું સ્વરૂપ જુએ.

(૪) ચોથી યુક્તિ એ છે કે––જ્યારે કોઇ પુરૂષ દાન આપવાના સમયે અર્થીયો પ્રત્યે કઠણ વચન બોલે છે, અથવા તેમના પ્રત્યે ક્રુર દૃષ્ટિથી જુએ છે, ત્યારે તેનું દાન દેવાનું કાર્ય નિષ્ફળ થાય છે, એવી મૂર્ખતા બે કારણોથી ઉત્પન્ન થાય છે. તેમાં પહેલું એ છે કે જેને દ્રવ્યનું દાન દેવું કઠિન છે, તેથી તે દાન આપવા સમયે ક્રોધવાન્ અને અપ્રસન્ન થાય છે. તેથી દુર્વચન બોલે છે. એ પણ મહા મૂર્ખતા છે. શાથી કે જેને એક દામ આપીને હજાર દામ

લે ાનો આશા હોય અને તે આપતી વખત સંકોચાય, તો તે પણ મૂર્ખતા કહેવાય છે; તેમ આ લોકમાં દાન દેવાથી પરલોકમાં જીવોનું ઘોર નર્કથી રક્ષણ થાય છે, તથા તે મોટાં સુખોને પ્રાપ્ત થાય છે, માટે જેમને ધર્મશાસ્ત્રનાં વચનોપર દ્દઢ પ્રતીતિ હોય, તેમને દાન દેવાનું કઠિન કેમ લાગે? નજ લાગે. વળી બીજું કરણ એ છે કે દાન આપનાર પોતાનો મૂર્ખતાવડે ભિક્ષુકો કરતાં પોતાને શ્રેષ્ટ માને છે. "કે આ નિર્ધન છે, અને હું ધનવાન છું." પરંતુ તે એમ નથી જાણતો કે નિર્ધન મનુષ્યો પરલોકમાં સુખ મેળવશે, અને ધાનકો કૃપણતાએ કરીને દંડને પામશે. નિર્ધનો આ લોકમાં દુ:ખ ભોગવે છે, ધનવાનો સુખ ભોગવે છે. ધનવાન અભિમાની હોય છે, નિર્ધનોનું અંત:કરણ દીન (ગરીબ) હોય છે, તેથી તે પરમ પિતાને દીન મનુષ્યજ અધિક પ્રીય લાગે છે. વળી વિચાર દ્દષ્ટિથી જોતાં આ લોકમાં પણ ધનવાન બહુજ દુ:ખી છે. તે નાના પ્રકારના વ્યવહારોના વિક્ષેપવડે ચિંતાતુર રહે છે. અને ખાનપાનાદિક માત્ર એટલુંજ લઇ શકે છે કે જેથી શરીરની સ્થીતિ માત્ર જળવાય. વળી અર્થી જીવોને યથાશક્તિ દાન દેવું, એવો ધનવાનોપર ઇશ્વરે દંડ પણ રાખ્યો છે, તે જો તેઓ ન આપે, તો તેઓ દોષિત થાય છે. એ પરથી સિદ્ધ થાય છે કે ધનવાનોને ઇશ્વરે આ લોકમાં નિર્ધનોના સેવક બનાવ્યા છે. અને પરલોકમાં તો નિર્ધનો ધનવાનો કરતાં સુકૃત કરશે તે અધિક સુખી થશે, એ નિ:સંદેહ છે, માટે ધનવાનોને યોગ્ય છે કે તેમણે દાન દેતી વખતે સંકોચ અને કઠોરતા ન કરવી. તથા પોતાને અર્થિયોથી શ્રેષ્ટ ન જાણવા.

(૫) પાંચમી યુક્તિ એ છે કે—જેને કાંઇ દાન આપે તેનાપર પોતાનો કશો ઉપકાર ન રાખે. જ્યારે માણસ કોઇનાપર ઉપકાર રાખે છે, ત્યારે એમ સમજે છે કે—મેં તેને કાંઇ મોટો પદાર્થ આપ્યો છે તેથી તે મારે આધિન છે; એવું સમજવું એ પણ મોટી મૂર્ખતા છે. જ્યારે મનુષ્યના મનમાં એવું અભિમાન દ્દઢ થાય છે, ત્યારે તે એમ ઇચ્છે છે કે—આ અર્થીજન મારી સેવામાં સાવધાન રહે, કિંવા મારૂં સન્માન કરીને મને પ્રથમથીજ પ્રણામ કરે. પરંતુ જ્યારે તે અર્થી મનુષ્ય તેમ કરતો નથી ત્યારે પેલા દાનીના મનમાં ક્રોધ ઉપજે છે, અને તે એમ કહે છે કે—મેં એના ઉપર આટલો બધો ઉપકાર કર્યો હતો, છતાં તેણે મારૂં સન્માન પણ ન કર્યું. એ સર્વ મૂર્ખતાનાં લક્ષણ છે.

કેમકે જ્યારે સારી રીતે વિચાર કરીને જોઇએ છીએ ત્યારે સમજાય છે કે અર્થી મનુષ્યે દાની ઉપર ઉપકાર તો કર્યોજ છે, કારણ કે તેણે દાનનો સ્વિકાર કરીને તેને નર્કની આગથી બચાવ્યો છે, તથા તેના હૃદયની કૃપણતાના મળને દૂર કર્યો છે. જેમ કોઇ સર્જન કોઇ માણસના બગડેલા લોહીને કાઢી લે અને તેની પાસેથી કંઇ લે નહિ, તો તે પુરૂષ નિઃસંદેહ તે વૈદ્યનો ઉપકાર માને છે કારણ કે તેના દુઃખદાયક રૂધીરને તેણે બહાર કાઢ્યું છે; તેમજ કૃપણતારૂપી મળ પણ મનુષ્યના અંતઃકરણને દુઃખ દેવાવાળો છે, તે જે (અર્થી) યાચકના સંબંધે કરીને દૂર થાય, તેનો તેણે ઉપકાર માનવો જોઇએ. વળી સંતજનોનાં વચનોમાં પણ એમ આવ્યું છે કે "જ્યારે કોઇ માણસ કોઇને દાન આપે છે, ત્યારે પ્રથમ તે દાન ઇશ્વરના હાથમાં જઇ પહોંચે છે, અને પછી તે (અર્થી) યાચકને પ્રાપ્ત થાય છે." એનો અર્થ એ છે કે દાનનું ફળ પરમેશ્વર પોતેજ આપે છે, તે માટે ઉચિત છે કે દાન લેનાવાળાપર પોતાનો કાંઇ ઉપકાર ન જાણે પણ પોતાના ઉપર તેનો અને સારી રીતે દાનના ભેદનો વિચાર કરે, ત્યારે સમજી શકાય કે અર્થીજનોપર ઉપકાર રાખવો એ મૂર્ખતા છે. આગળ જે જિજ્ઞાસુજનો થયા છે, તેમણે યાચકોનું અને અભ્યાગતોનું સન્માન કર્યું છે; તેઓ આધિનતાથી તેમની પાસે ઉભા રહીને કહેતા હતા કે "આપ આ દાનને અંગીકાર કરો.? અથવા કોઇએ તો એમ પણ કર્યું છે કે પોતાના બંને હાથમાં કંઇ સોનું કે રૂપું રાખીને તે અર્થી આગળ ધરે, કે જેથી તે પોતેજ ઉપાડી લે, અને "અમારા હાથથી તેમના હાથ ઉંચા રહે" એજ કારણસર તેઓ યાચકની પાસેથી આશિષની આશા પણ રાખતા નહોતા. કારણ કે તેથી પણ તેમનો ઉપકાર સિદ્ધ થાય છે, વાસ્તવિક રીતે જોતાં તો ઉપકાર કરવાવાળા અર્થી (યાચક છે) કે જેમણે તમારા દાનને અંગિકાર કર્યું છે.

(૬) છઠ્ઠી યુક્તિ એ છે કે દાન દેવાના પદાર્થ ઉત્તમ અને નિર્દોષ હોવા જોઇએ; કારણ કે પાપવૃત્તિથી ઉત્પન્ન કરેલાં દ્રવ્યોને ભગવાનને નિમિત્તે આપવાં યોગ્ય નથી. તે એટલા માટે કે ઇશ્વર પોતે શુદ્ધ સ્વરૂપ છે, તેને શુદ્ધ પદાર્થ અર્પણ કરવો એજ સારૂ છે. તે અશુદ્ધ પદાર્થોનો અંગિકાર કરતો નથી. માટે પરમેશ્વર પ્રીતે જે દાન આપવું તે શુદ્ધ પવિત્ર અને પાપ રહિત વૃત્તિથી ઉત્પન્ન કરેલું હોવું જોઇએ. આ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે

"જે પદાર્થોને તમે પ્રથમથીજ મલાન મનવડે ઉત્પન્ન કરો છો, તે મલીન વસ્તુઓ મારા નિમિત્તે કેમ અર્પણ કરો છો?" જેમ કોઈ પ્રિયતમ જ્યારે પોતાના પ્રેમ પાત્રને ઘેર આવે, ત્યારે તેને કોઈ નીચ (તુચ્છ) વસ્તુ આપવાથી તેની હાંસી થાય છે; તેમ તુચ્છ અને મલિન વસ્તુ પરમેશ્વર અર્થે આપવી અને ઉત્તમ વસ્તુ પોતાના કામમાં વાપરવી, એ કેવળ અયોગ્ય છે. કેમકે તેમાં શ્રદ્ધાની કશી નિશાની ન જણાતાં તે દાન ગ્લાનિથી અપાય છે. અને જે દાનમાં અધિક શ્રદ્ધા તથા પ્રીતિ હોતી નથી, ત્યારે તે દાન વ્યર્થ જાય છે. એ વિષે આચાર્ય મહારાજે કહ્યુ છે કે "પાપ રહિત અને શ્રદ્ધા સહિત એક દાન દેવું ઉત્તમ છે, અને તેનુ ફળ, પાપ અને અશ્રદ્ધાથી આપેલાં એવાં હજાર દાનથી પણ વિશેષ છે.

૭ દાનના અધિકારીઓ વિષે.

આપણે દાન દેવામાં એ સમજવું પણ જરૂરનું છે કે અધિકારીને દાન આપવું એજ ઉત્તમ છે.

(૧) તેમાં જેને માત્ર પરલોકના માર્ગનુંજ ચિંતવન છે, અને જેણે માયાના વ્યવહારોનો પરિત્યાગ કર્યો છે, તેજ ઉત્તમ અધિકારી છે, અને એવા પુરૂષોને આપવું એ અત્યંત ફળદાયક થાય છે. માટે વૈરાગ્યવાન પુરૂષોની આહાર વસ્ત્રાદિકોએ કરીને સેવા કરવી અત્યંત શ્રેષ્ઠ છે. કારણ કે એવા જનોના શરીરમાં જ્યારે કંઇ શક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે તેઓ ઇશ્વર ભજનમાં વિશેષ દૃઢ થાય છે, અને તેથી તે સેવા કરનારો મનુષ્ય પણ તેની ભક્તિનો સહભાગી થાય છે.

એ વિષે એક વાર્ત્તા છે કે—એક માણસ ધનવાન્ અને ઉદાર હતો તથા તે સર્વદા સાત્વિક વૃત્તિવાળાં મનુષ્યોની સેવા કરવામાં તત્પર રહેતો હતો. અને તે આ પ્રમાણે કહેતો કે—"જિજ્ઞાસુ સાધુજનો હમેશાં ભગવાનની ભક્તિમાં રહે છે. તેમને જ્યારે કોઈ વસ્તુની જરૂર પડે છે, ત્યારે તેમના ચિત્તમાં વિક્ષેપ થાય છે; અને હું વ્યવહારનો ત્યાગ કરી મારા ચિત્તને એકાગ્ર કરૂં છું, તેના કરતાં પણ મને તે સાધુઓની સેવા વધારે વ્હાલી લાગે છે. કારણ કે જ્યારે હું એકલોજ વ્યવહારના વિક્ષેપમાં રહીશ અને એમની સેવા કરીશ,

ત્યારે તે અનેક મહાત્મા પુરૂષો ભક્તિની એકાગ્રતામાં રહેશે. માટે હું ઘણાં હૃદયોની એકાગ્રતા એકલા મારા હૃદયની એકાગ્રતા કરતાં વધારે ઉત્તમ સમજું છું" તેનાં આ વચન એક સંત પુરૂષે સાંભળ્યાં, ત્યારે તેણે કહ્યું કે "આ વચન કોઇ ગંભિર ચિત્તવાળા મહા પુરૂષનાં છે. "પછી કાળે કરીને તે ઉદાર પુરૂષ નિર્ધન થઇ ગયો કારણ કે જે કોઇ અભ્યાગતો તેના પાસે કંઇ લેવા આવતા તે બધાને તે સંતુષ્ટ કરતો હતો, અને તેમની પાસેથી કોઇ વસ્તુની કિંમત લેતો નહોતો. તેની એ નિર્ધનતા એક મહાત્મા પુરૂષે સાંભળી ત્યારે તેમણે તેના તરફ કંઇ દ્રવ્ય મોકલી આપ્યું અને કહાવી મોકલ્યું કે "આ મોકલેલા ધનનો અંગીકાર કરીને ફરી પણ વ્યવહાર કરો. કારણ કે તમારા જેવા પુરૂષને વ્યવહાર કરવામાં પણ કશો અવગુણ નથી."

(૨) જા પ્રકારના અધિકારી વિદ્યાર્થીઓ છે, માટે વિદ્યાર્થીઓને દાન દેવું એ પણ ઉત્તમ છે, કેમકે તેથી દાન દેવાવાળો પણ તે વિદ્યાનો સહભાગી થાય છે.

(૩) જા પ્રકારના અધિકારી તે છે કે જેમણે પોતાની નિર્ધનતાને ગુપ્ત રાખી છે, તથા જે અયાચક છે. એવાં મનુષ્યોને દેવું એ ઘણું ઉત્તમ છે.

(૪) ચોથા પ્રકારના અધિકારી તે છે કે જે નિર્ધન છતાં મોટા કુટુંબવાળા છે અથવા રોગી છે. તેને દાન દેવું એ પણ યોગ્ય છે. કારણ કે જેટલી જેને જરૂરીઆત વધારે છે, તેટલુંજ તેને દાન દેવામાં પુણ્ય પણ વધારે થાય છે.

(૫) પાંચમા અધિકારી એ છે કે જે પોતાનાં સગાં સંબંધી માણસોમાં જે નિર્ધન હોય છે તેને આપે છે. તે પણ સારૂં છે; તેમને આપવાથી તે સંબંધીયો આપણા પ્રત્યે સદ્ભાવ રાખે છે, અને તેમાં પુણ્ય પણ થાય છે. અથવા જેને આપણે ધર્મનો બંધુ કે મિત્ર કર્યો હોય અને તે તંગીમાં હોય તો તેને દાન આપવાથી પણ અધિક ફળની પ્રાપ્તિ થાય છે.

એ પ્રમાણે અમે દાન લેવાના અધિકારીનાં પાંચ લક્ષણ કહ્યાં છે, જેનામાં એ પાંચ લક્ષણ સામટાં જોવામાં આવે, અથવા તેમાંનાં કોઇ એકાદ બે ઓછાં હોય, તો તેવા અધિકારીને દાન દેવું એ વિશેષ ઉત્તમ છે, અને તેમના આશિર્વાદથી દાન દેનાર મનુષ્યને પણ લાભ થાય છે. તેથી દાન દેવા માટે

મોટા મહંત ગાદીપતિ આચાર્યો અને કુળવાન ધર્મ ગુરૂઓને શોધવા ન જતાં ઉપર કહેલા પાંચ લક્ષણવાળા અધિકારીઓને આપવુંજ યોગ્ય છે.

દાન લેવાની યોગ્યતા.

વળી જગતમાં દાન લેનારા માણસોને નીચે લખેલી પાંચ પ્રકારની યોગ્યતાનો વિચાર કરવો જોઇએ.

૧ લી યુક્તિ—તે દાન લેનારો પુરૂષ પોતાના મનમાં એમ વિચાર કરે કે-" જેમ ઇશ્વરે મનુષ્યને ધનને આધિન બનાવ્યું છે, તેમ તેણે ઘણાં માણસોને ધન પણ આપ્યું છે, તથાપિ જેનાપર પરમેશ્વરની પ્રીતિ છે. તેને માયાના વ્યવહારની વિક્ષેપતાથી બચાવી લીધા છે, અને ધનના સંગ્રહનો ભાર તથા તેની રક્ષાનું દુઃખ ધનવાનોપર નાંખ્યું છે; અને તેમને આજ્ઞા કરી છે કે " ધનથી રહિત જે મારાં વહાલાં મનુષ્યો હોય તેમની તમે સેવા કરો ! કે જેથી તેઓ માયાના વ્યવહારથી મુક્ત થાય, તથા હમેશા મારીજ ભક્તિમાં લીન થાય. " માટે એવા પુરૂષોને યોગ્ય છે કે તેઓ જ્યારે કોઇની પાસે કાંઇ દાન લે, ત્યારે પોતાના અંતઃકરણમાં એજ વાંછના રાખે કે " હું શરીરના નિભાવ માત્ર જેટલું ગ્રહણ કરીને ભજનમાં સાવધાન થાઉં. " વળી તે એ ઉપકારને પણ જાણે કે મારી ભક્તિમાં વિક્ષેપ ન થાય, એટલા માટે ભગવાને ધનવાનોને મારા સેવક બનાવ્યા છે. એનું દૃષ્ટાંત એમ છે કે " જેના ઉપર કોઇ રાજાની જ્યારે દયા હોય છે, ત્યારે તેને સેવા માટે પોતાની પાસે રાખે છે; અને બાકીની બધી પ્રજા તેની સેવાની અધિકારી ન હોવાથી તેને પોતાના પેલા નિકટવર્ત્તી નોકરને સ્વાધીન કરી દે છે. તેથી તે પ્રજા પણ તે નોકરની પાસેજ પોતાના કર વગેરે ભરે છે. તેણે કરીને તે નિકટવર્તી નોકર આરામ સહિત સુખનો ભોક્તા થાય છે. અને તેથી રાજાની સેવામાં સાવધાન રહે છે. તેમજ ઇશ્વરે પણ સર્વ મનુષ્યોને પોતાની ભક્તિના નિમિત્તે બનાવ્યાં છે. માટે જ્યારે કોઇ દ્રવ્યનો સંગ્રહ ન રાખનાર સાધુજન કોઇ પાસેથી કંઇ દાન લે, ત્યારે એવીજ ભક્તિની ઇચ્છાથી લેતો તે ઉત્તમ છે. એ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે " દાન દેવાવાળા કરતાં લેવાવાળો સામાન્ય રીતે વિશેષતો થતો નથી પરંતુ જો તે સંયમ સહિત લઇને ભક્તિમાં લીન થાય તો તે સારૂં છે.

અને ધનવાનોને પણ તેની સેવા કરવી પ્રમાણ છે. " તેથી એમ સિદ્ધ થયું કે ધનવાન્ તેમજ નિર્ધન બધાં મનુષ્યો પરમેશ્વરની ભક્તિ કરવા તથા તેની આજ્ઞા ઉઠાવવાને નિમિ-તે ઇશ્વરે સર્જેલાં છે.

(૨) બીજી યુક્તિ એ છે કે–જ્યારે કોઇ કોઇની પાસેથી કંઇ ભિક્ષા લે, ત્યારે તેમાં પરમેશ્વરનોજ ઉપકાર સમજે, તથા તે દેવાવાળાને પરમેશ્વરની પ્રેરણાને આધીન માને. કેમકે જ્યારે પરમેશ્વરેજ પ્રથમ તેના અંતઃકરણમાં પ્રેરણા કરી, ત્યારે તેણે મને દાન આપ્યું, ને માત્ર ભગવત્‌ના પ્રેરણા તેજ શ્રદ્ધા છે; કારણ કે તેનામાં દ્દઢ નિશ્ચયવાળી શ્રદ્ધા ન હોત, તો તે એક પૈસો પણ આપત નહિ. તેથી સર્વ પ્રકારે તે પરમેશ્વરનોજ આભાર છે, કારણ કે અંતઃકરણનો પ્રેરક તેજ છે. વળી એમ પણ સમજે કે " દેવાવાળો જો કે પરમેશ્વર છે તથાપિ તેણે દાન દેવાવાળાનો સંબંધ વચ્ચે રાખ્યો છે, કે તે તેને હાથે અપાવે છે, માટે તે દેવાવાળાની ભલાઇ પણ સમજવી જોઇએ, કેમકે તેને પણ પ્રભુએ દયાનું સ્થાન બનાવ્યો છે, તેથી તે પણ પરમેશ્વરનો પ્રિયતમ છે; માટે તેનું પણ ભલું ઇચ્છવું પ્રમાણરૂપ છે. તેમ દાન દેવાવાળો થોડી વસ્તુ આપે, ત્યારે તેને થોડી ન સમજવી જોઇએ કેમકે તે પણ એક ઉપકાર છે. વળી દેનારાએ એમ વિચારવું જોઇએ કે–તે જે કાંઇ બીજાને આપે, તે થોડુંજ સમજે, તેમ લેવાવાળાને પણ ઘટે છે કે તે અતિ અલ્પને પણ અધિક કરીને જાણે ને જુએ.

(૩) જી યુકિત એ છે કે–અશુદ્ધ દ્રવ્યનો અંગિકાર કરવો નહિ; એટલે પાપનાં કામ કરનારાઓનું દાન લેવું નહિ.

(૪) થી યુકિત એ છે કે–પોતાના કાર્ય માત્રથી અધિક દ્રવ્ય ન લેવું. કારણ કે પોતાની જરૂરીઆતથી વધારે લેવું. અયોગ્ય છે, અને જ્યારે કોઇ, અસંગ્રહીત સંતપુરૂષ, કોઇ પદાર્થ પોતાના નિવાસમાં રાખતો હોય ત્યારે તેને દશાંશના દાનનો અંગિકાર કરવો પ્રમાણ નથી.

( ) પાંચમી યુકિત એ છે કે પ્રથમથી દાન દેવાવાળાને પૂછીને લેવું કે " તું આ દા રોગીયોને માટે આપે છે ? અથવા નિર્ધનોને માટે આપે છે અથ [illegible] ધ જાણીને કંઇ કામનાને માટે આપે છે ? " ત્યારે તે જે ઉત્તર

આપે, તે સ જીને દાન લેવું. જો તે દાન કામના નિમિત્તનું હોય તો તેનો અંગિકાર કરવો નહિ પરંતુ જો તે કહે કે "આ નિર્ધનોના નિમિત્તનું છે, ત્યારે પોતાને અત્યંત જરૂર હોય, તો તે દાન લેવું, તે સિવાય બીજી રીતે લેવું નહિ; તોજ તે યોગ્ય કહેવાય,

સર્ગ. ચોથો.

વ્રતનું વર્ણન.

એ પણ માણસને જાણવાને જરૂરનું છે કે–પરમેશ્વરે એવી આજ્ઞા કરી છે કે–"જે માણસ મારા નિમિત્તે વ્રત તથા તપ કરીને ભોગોનો ત્યાગ કરે છે, તેને ફળ આપવાવાળો હુંજ છું." વ્રત ત્રણ પ્રકારનાં થાય છે.

(૧) પહેલું વ્રત એ છે કે "પોતાના ચિત્તને સંકલ્પોથી રોકી રાખીને ચિત્તની વૃત્તિઓને ભગવતના સ્વરૂપમાં સ્થિર કરવી" એ વ્રત એવું તો કઠણ છે કે જ્યારે ભગવાન સિવાયનો કંઇપણ સંકલ્પ હૃદયમાં ઊઠે ત્યારે તે વ્રતનો ભંગ થાય છે, એ વ્રતમાં દિવસને વિષે રાત્રીના ખાણુનો સંકલ્પ કરવો, તે પણ યોગ્ય નથી. તે એટલા માટે કે સર્વ પ્રાણી માત્રની પ્રતિપાલના કરવાવાળા ઇશ્વર પોતે છે. તો ત્યાગીએ પોતાની આજીવીકાની ચિંતા ન કરવી. માત્ર પરમેશ્વરના ભરોસો રાખી નચિંત થઇ રહેવું. એ અવસ્થા સંતજનોનેજ માત્ર પ્રાપ્ત થાય છે, અને ઉત્તમ વ્રત પણ તેજ છે.

(૨) બીજું વ્રત એ છે કે "સર્વ ઈંદ્રયોને પાપ કર્મથી રોકી રાખવી" તેમાં પ્રથમ પોતાની દ્રષ્ટીને દેખવાની નઠારી ભાવનાથી બચાવી રાખવી; કેમકે તેણે કરીને કામ વાસના ઉત્પન્ન થાય છે; તેટલા માટેજ મહાત્મા પુરૂષોએ કહ્યું છે કે "આંખોની નજર શેતાનનાં વિષ પાયેલાં તીર છે." તીરને તો માત્ર ફળ ઉપરજ વિષ હોય છે, પણ આને તો બધા ભાગ ઉપર વિષ લપેટાએલું છે તે માટે જે પુરૂષ ભગવાનના ભયથી એ ખરાબ નજરનો ત્યાગ કરે છે. તેને

અવશ્ય ધર્મનો શિરપાવ (પોષાક) પ્રાપ્ત થાય છે. તથા તે પોતાના ચિત્તની પ્રસન્નતાને મેળવે છે. એ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે પાંચ વાતોવડે કરીને વ્રતનો ભંગ થાય છે.

(૧) નિંદા, (૨) જુઠ, (૩) ખોટા સોગાન, (૪) કડવું વચન, (૫) કામની દ્રષ્ટી (નઠારી નજર) એ પાંચે પાપ, વ્રતનો ભંગ કરનાર છે.

માટે (૧) કામ દ્રષ્ટિનો નિરોધ એ આંખોનું વ્રત છે.

(૨) વ્યર્થ વચનોથી જીભને રોકી રાખવી.

અર્થાત્ જે વચનથી કાંઇ પ્રયોજન સિદ્ધ થતું ન હોય, તેવાં વચન બોલવામાં મૌન રહેવું. અને ઇશ્વરના તથા સંતજનોનાં વચનમાં મનને લીન કરવું; તેમજ વાદ વિવાદમાં આસક્ત ન થવું. વળી પરનિંદા અને જુઠ તો એવાં મહા પાપ છે કે તેણે કરીને તો સામાન્ય સંસારી જીવોનાં સ્થૂળ વ્રત પણ ભંગ થાય છે. એ વિષયમાં એક વાર્ત્તા છે.

બે સ્ત્રીઓએ અપવાસ કર્યો હતો, તેઓને ઘણી ભૂખ લાગવાથી ઉંચે આકળાવા લાગી, અને વ્રતનું પારણું કરવાના સમય માટે તે બંને જણીઓ આચાર્ય મહારાજને પૂછવા ગઇ. ત્યારે તેમણે તેમને પાણીનાં પવાલાં ભરીને આપ્યાં, તે પાણી જ્યારે તેમણે પીધું, ત્યારે તેમને ઉલટી થઇ, અને તે ઉલટીમાં તમામ લોહીજ પડયું. તે જોઇને સર્વ લોકોને ઘણું આશ્ચર્ય લાગ્યું; ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે "આ સ્ત્રીઓનો સ્વભાવ અને અવસ્થા એવાં છે કે જે ખાનપાનને પરમેશ્વરે શરીરના આધાર બનાવ્યાં છે, તેનો એમણે અપવાસ કર્યો છે (વ્રત રાખ્યું છે) અને જેને પરમેશ્વરે મહા પાપ કહ્યું છે, તેનો તેઓ અંગિકાર કરે છે; અર્થાત્ આ બંને સ્ત્રીઓ નિંદામાં આસક્ત છે. અને તેમનાં મોઢાંમાંથી જે આ લોહી નીકળ્યું છે, તે જાણે નિંદા કરવારૂપ અભક્ષ તેમણે ખાધું છે."

(૩) કર્ણેંદ્રિય (કાન) ને પણ મર્યાદામાં રાખવી. કેમકે જે વચન બોલવામાં નિંદ્ય છે, તે સાંભળવાં પણ નિંદ્ય છે. જેમ નિંદા અને જુઠ એ બે બો-

ભાગમાં નિંદ્ય છે. તેમ તેનો સાંભળવાવાળો પણ બોલવાવાળાની પેઠે તેના પાપનો ભાગીયો થાય છે.

(૪) તેવીજ રીતે અશુભ કર્મોથી હાથ તથા પગને પણ રેકી રાખવા. કારણ કે વ્રત કરનાર માણસ રોગીના જેવો હોય છે, તે જેમ તે રોગી ફળ મૂળાદિકનો કુપથ્ય જાણીને ત્યાગ કરે, અને વિષનું પાન કરે તો તરતજ તેનું મરણ થાય છે. તેવીજ રીતે પાપકર્મ ઝેરની પેઠે છે. અને ખાનપાન ફળ મૂળ જેવાં છે. તેવીજ આહારની અધિકતામાં પાપ છે, પણ આહાર પોતે કંઇ પાપ રૂપ નથી. માટે ખાનપાનનો ત્યાગ કરનો અને ઇંદ્રિયોએ કરીને અશુભ કર્મોમાં આસક્ત રહેવું, એવા વ્રતથી કશો લાભ નથી. આ વિષયમાં સંતજનોએ પણ કહ્યું છે કે-"કેટલાંક માણસોને વ્રત કરવામાં માત્ર ભૂખ તરશનુંજ દુઃખ વેઠવું પડે છે."

(૫) વળી એમ પણ હોવું જોઇએ કે અશુદ્ધ આહારનો અંગિકાર ન કરતાં, શુદ્ધ આહારનો પણ માત્ર મર્યાદા પ્રમાણે થોડોજ અંગિકાર કરે, અર્થાત્ ઘણું ખાય નહિ. વળી (જેમ કેટલાક મૂર્ખ કરે છે તેમાં એવું પણ ન કરે કે "દિવસે વ્રત રાખીને રાત્રે બમણું ખાઇ લે!" કેમકે વ્રત રાખવાનું કારણ એ છે કે-સંસારી ભોગોને નિર્બળ કરવા. તેથી જો માણસ વ્રત રાખીને પારણા વખતે નાના પ્રકારનાં પકવાનોને ગ્રહણ કરે તો, તેથી તો ભોગોનો ઉલટી અધિકતા થાય છે, અને તેથી અંતઃકરણ પણ સ્વચ્છ નિર્મળ થતું નથી.

(૬) આ પ્રમાણે જે ઇંદ્રિયોનાં વ્રતોનું વર્ણન કર્યું, તે જીજ્ઞાસુજનોનાં વ્રત છે, એ વ્રતોને મધ્યમ (સાધારણ) વ્રત કહે છે.

(૭) હવે જે ત્રીજા પ્રકારનાં વ્રતોનું વર્ણન કરવામાં આવશે, તે સંસારી જનો [illegible] વ્રત છે; કેમકે તેવા માણસો માત્ર ખાવા પીવાનોજ ત્યાગ કરે છે. [illegible] દ્રિયાને પાપકર્મોથી રોકી શકતાં નથી; તેથી તે મહા કનિષ્ઠ (છેક હલ[illegible] વ્રત છે) એનાં માત્ર એટલોજ ગુણ છે કે ખાવા પીવા[illegible] અ-ભા[illegible] સમયે ઇંદ્રિયો [illegible] નિર્બળ થઇ જાય છે પરંતુ જિજ્ઞા[illegible]ઓ જે [illegible] ઇંદ્રિયોના વ્ર[illegible] અને અશુભ [illegible] વૃત્તિ-ઓ[illegible] છે, તમને પણ [illegible] જાણવું યોગ્ય છે કે [illegible]

ભયમાં સ્થિત રહેવું. શા માટે કે કોણ જાણે પરમેશ્વર આ ગ્રંથને માન્ય કરશે કે નહિ કરે? માટે તેનો ભય રાખવો એજ ઘટિત છે; પરંતુ નિરાશ થઈને શુભ કર્મોનો ત્યાગ કરવો, એ યોગ્ય નથી. કારણ કે પરમેશ્વર કોઇના કિંચિત માત્ર (શુભ વા અશુભ) કર્મને પણ વ્યર્થ કરતા નથી. અર્થાત્ સારાં નરસાં કર્મોનો બદલો નક્કી મળે છે.

સર્ગ. પાંચમો.

શાસ્ત્રાભ્યાસ.

સંતજનોએ આ પ્રમાણે કહ્યું છે કે "અજ્ઞાનની નિવૃત્તિ માટે શાસ્ત્રાભ્યાસ પણ ઉત્તમ ભક્તિ છે." અને આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે, "જેમ મેલથી દર્પણ મલીન થાય છે; તેમ માણસોનાં અંતઃકરણ પણ મલીન થઇ ગયાં છે." ત્યારે લોકોએ તેમને પૂછ્યું કે "એવાં અંતઃકરણો શી રીતે નિર્મળ થાય? તેનો તેમણે જવાબ આપ્યો કે "પરમેશ્વરનાં વચનોનો પાઠ અને મૃત્યુનું સ્મર્ણ એ બંનેથી અંતઃકરણ નિર્મળ થાય છે. " વળી આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે "મારા પાછળ તમને ઉપદેશ કરનારા બે માણસ છે. તેમાં એક મૌનધારી, અને બીજા બોલનારા છે; બોલનારા તે, ભગવત અને સંતજનોનાં વચન છે. અને મૌનધારી તે મૃત્યુ છે. એ બંનેના ઉપદેશે કરીને જીવોનું કલ્યાણ થશે."

અચેત મનુષ્યના પાઠના સ્વરૂપનું વર્ણન.

જે કોઇ શાસ્ત્રોનો પાઠ કરે છે, તેની નિઃસંદેહ ઉત્તમ અવસ્થા થાય છે, તથાપિ તે પાઠ કરવાવાળાને યોગ્ય છે કે, તે વચનોનો અર્થ સમજીને નીચ કર્મોથી પોતાનું રક્ષણ કરે, અને હમેશાં ભય સહિત રહે; જો એવી રીતે ન કરે તો તેમાં એ ભય છે કે તે વચનોજ તેને જુદો પાડે છે. એ વિષે આચાર્ય મહારાજે કહ્યું છે કે "બહુજ કપટી તો વિદ્યા ભણવાવાળાજ થશે."

એક કવિ કહે છે.

દોહરો.

વિદ્વાનો પણ વેર કીનો રાખીને કરે.
આતો કાળો કેર કો આગળ જઇ કીજીએ. ૧

વળી એ વિષે ભગવતનાં વચનોમાં કહ્યું છે કે "હે મનુષ્યો ! તમને લાજ નથી આવતી કે, જ્યારે કોઇ તમારા સંબંધીનો કાગળ તમારાપર આવે છે. ત્યારે તમે તેને એક ચિત્તથી વાંચો છો. અને વારંવાર તેનો વિચાર કરી તે પ્રમાણે કામ કરો છો; અને આ જે મારાં વચન છે, તે સમજો કે જાણે તમામ ઉપર મારો કાગળ આવેલો છે. તે પ્રમાણે તેનો વિચાર કરી કાર્ય કરવાં જોઇએ, પરંતુ તેથી તમે ઉલટા રીતે વર્તો છો; અને જ્યારે કાંઇ પાઠ કરો છો ત્યારે તેનો વિચાર કરતા નથી કે એ પત્રમાં શું લખ્યું છે ?"

એક મહાત્મા પુરૂષે કહ્યું છે કે, " પહેલાંના જીજ્ઞાસુજનો એવા થઇ ગયા છે કે તેઓ સંતોનાં વચનોને પત્ર જેવાં સમજતા હતા. તેથી રાત્રીને વિષે એકાંતમાં તેનો પાઠ અને વિચાર કરતા હતા, અને દિવસે તે પ્રમાણે કાર્યો કરતા હતા. પરંતુ આ સમયમાં તમે લોકો કેવળ પાઠ કરવો, તેનેજ કાર્ય સમજો છો, ! તેમાં લખેલા અક્ષર તથા કાના માત્ર ઇત્યાદિકને સુધારતા રહો છો, પણ તેની અંદર જે સારાંશ છે, તે તાત્પર્ય તરફ તમે ચિત્ત દેતા નથી." માટે એમ સમજવું જોઇએ કે ભણવાનું ફળ માત્ર ભણવું એટલુંજ નથી; પરંતુ તેનું ફળ એ છે કે, તે વચનોના ભેદને સમજીને તે પ્રમાણે કર્મ કરવાં. જે માણસ શાસ્ત્રો ભણીને તેની આજ્ઞા પ્રમાણે વર્તતો નથી; તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

જેમ કોઇ નોકર ઉપર તેનો શેઠ કંઇ કાગળ લખે, અને તે કાગળમાં કંઇ કામ કરવાનું સૂચવ્યું હોય કે આ કામ તમે સત્વર કરજો. તે નોકર કાગળને ઉત્તમસ્થાનમાં બેસીને વાંચે, તથા તેના અક્ષરોને સારી રીતે બેસાડે. પરંતુ તેમાં જે કાંઇ લખેલું હોય તે કામ તે કરે નહિ, તો નક્કી તે માણસ દુઃખનો અધિકારી થાય છે.

પાઠ કરવાની યુક્તિનું વર્ણન.

જ્યારે શાસ્ત્રનાં વચનોને છ યુક્તિઓ સહિત ભણે છે, ત્યારે ભણવું અધિક ફળદાયક થાય છે.

(૧) જેમ કોઈ નોકર પોતાના સ્વામીની પાસે ઉભો રહે છે, તેમ અંગ વસ્ત્રાદિકથી પવિત્ર થઈ નમ્રતા સહિત સ્વચ્છ જગ્યાએ બેશીને પવિત્ર વચનોનો પાઠ કરવો.

(૨) જે પાઠ કરવો, તેમાં ઉતાવળ નહિ કરતાં ધીરે ધીરે, તેના અર્થનો વિચાર કરીને પાઠ કરવો. પાઠ કરતી વખત એમ ન વિચારવું કે " કોઈપણ રીતે ઝટપટ તે પુરો કરી નાંખું."

(૩) પાઠ કરતી વખત પરમેશ્વરનો ભય અને તેના પ્રત્યે પ્રીતિ સંયુક્ત થઈ પ્રેમથી રૂદન કરવું પણ જો આંસુ ન આવે તો ચિત્તને કોમળ કરવું ; એ વિષે આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે-" આ ભગવત વચનના ગ્રંથો મનુષ્યોને ભય ઉપજાવવા માટે છે, તેથી ભય સહિત તેના પાઠ કરો." જે કોઈ પાઠમાંની વાતનો વિચાર કરે છે, તેને નક્કી ભય ઉત્પન્ન થાય છે. તથા તે પોતાને દીન તથા પરાધીન સમજે છે, ત્યારે તે શોક સંયુક્ત પણ થાય છે, આ ભય અને શોકની અવસ્થા ત્યારેજ થાય છે કે-જ્યારે અસાવધાનતા અને અચેતતાને દૂર કરીને પાઠ કરે.

(૪) તે વચનોના તાત્પર્યનો ભિન્ન ભિન્ન રીતે કરીને વિચાર કરે. એટલે જ્યારે શિક્ષાનો પ્રસંગ આવે, ત્યારે ભગવતથી પોતાની રક્ષા ચાહે; અને જ્યારે પરમેશ્વરની કૃપાનાં વચન આવે, ત્યારે હું આશાવંત થાય.

(૫) કપટ અને વિક્ષેપતાને દૂર કરવા, એટલે જ્યારે દંભનો આભાસ જણાય અથવા કોઈ બીજાના ભજનમાં વિક્ષેપ થતો જણાય, ત્યારે પોતે ઉંચા સ્વરથી પાઠ ન કરવો કારણ કે જેમ ગુપ્ત દાન દેવાનું વિશેષ ફળ છે, તેમ ગુપ્ત પાઠ કરવાનું [illegible] મહાત્મ્ય અધિક છે. તથા [illegible] જો દંભનું સ્ફુરણ ન થાય તથા બીજા [illegible] માં વિક્ષેપ [illegible] ઉંચા સ્વરથી પાઠ કરવો પણ યોગ્ય છે. કારણ કે ઉંચે સ્વરે પાઠ કરવાથી નિદ્રા અને

આળસ દૂર થાય છે; અને તેથી સાંભળવાવાળાઓને લાભ થાય છે. તથા સુતેલાઓ તેથી જાગૃત થાય છે. વળી પોથી વાંચીને પાઠ કરવો એ અતિ વિશેષ વાત છે; કેમકે તેમાં આંખોનો પણ ઉપયોગ થવાથી તેને પણ ભક્તિ થાય છે; તેમજ તેનું બીજી તરફ દૃષ્ટિ કરવાથી રક્ષણ થાય છે એ બાબતમાં એક વાર્તા છે કે એક રાત્રીને વિષે આચાર્ય મહારાજ ચાલ્યા જતા હતા, ત્યારે એક જિજ્ઞાસુજનને ગુપ્ત પાઠ કરતો જોઇને પૂછ્યું કે "તમે ગુપ્ત પાઠ શા માટે કરો છો ?" તેણે જવાબ આપ્યો કે "હું જેને સંભળાવું છું,—સંભળાવવા ચાહું છું, તે ગુપ્ત પાઠ પણ સાંભળે છે." પછી તેઓ આગળ ચાલ્યા, ત્યારે એક બીજા પ્રેમી સંતજનને ઉંચા સ્વરથી પાઠ કરતાં જોયો. તેને પૂછ્યું કે "તમે ઉંચે સ્વરે કેમ પાઠ કરો છો ?" તેણે જવાબ આપ્યો કે "હું નિદ્રા વશ થએલા પુરૂષોની નિદ્રા અને વિક્ષેપને મારા આ પાઠ વડે દૂર કરૂં છું." ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે "એ બંને જણની ભાવના નિર્મળ છે, કારણ કે કર્મોની ભલાઇ તથા ભૂંડાઇ મનની ભાવના વડે થાય છે. તેથી જેની મનસા શુદ્ધ હોય છે, તેનું કર્મ પણ શુદ્ધ હોય છે."

(૬) કોમળ-મધુર સ્વરથી પાઠ કરવો. કારણ કે જેટલા પ્રમાણમાં કોમળ સ્વરથી પાઠ થાય છે, તેટલાજ પ્રમાણમાં તે પાઠના શબ્દોવડે પાઠ કરનાર તથા સાંભળનાર માણસના ચિત્તમાં તે વચનો અધિક પ્રવેશ કરે છે. અર્થાત્ બીજાના કાનને અપ્રિય લાગે એવા કર્કશ (કઠોર) સ્વરથી પાઠ ન કરવો.

ઉપર વર્ણવેલી પાઠ કરવાની છ યુક્તિઓ સ્થૂલ છે. અને એજ વિષયમાં વળી બીજી છ સૂક્ષ્મ યુક્તિઓ જોવામાં આવે છે, તેનું નિચે પ્રમાણે વર્ણન કરવામાં આવે છે.

(૧) પાઠના વચનોની મહત્તાને સમજવી. અને એમ વિચારવું કે "આ વચનો સ્વયં પરમેશ્વરનાં કહેલાં છે, તથા ભગવાનનો સહજ સ્વભાવ અવિનાશીરૂપ છે. અને આ વચનોનું તાત્પર્ય તે ભગવતના જ્ઞાનમાં રહેલું છે, આ રસના (જીભ) વડે બોલાય છે તે તો માત્ર અક્ષર છે' જેમ મુખથી અગ્નિનું નામ લેવું એ સહેલું છે, પણ અગ્નિના તાપને સહન કરવો એ મુશ્કેલ છે; તેમજ જીભથી બોલાતા એ અક્ષરોનો અર્થ એવો [illegible] છે કે જ્યારે તે અર્થ

સાક્ષાત્કાર પ્રગટ થાય, ત્યારે તેના પ્રકાશમાં ચૌદે લોક લીન થઇ જાય અને તેના તેજને સહન કરી શકે નહિ. પરંતુ તે વચનોના અર્થના સુંદરતા અને મહત્તાને તે શબ્દો અને અક્ષરોના પડદામાં ગુપ્ત રાખેલાં છે, કે જેથી તે પડદાએ કરીને મન તથા જિહ્વાને પણ તે વચનોની પ્રાપ્તિ થાય વળી એ (શબ્દ અને અક્ષરરૂપ) પડદા વિના વચનોનું તાત્પર્ય મનુષ્યોને સમજાઇ શકતું નથી. માટે જિજ્ઞાસુજનો પોતાના મનમાં એમ વિચાર કરે કે 'વચનોનું તાત્પર્ય અક્ષરોથી પર છે.' જેમ બળદ વગેરે પ્રાણીઓને મનુષ્યના શબ્દોનો અર્થ સમજાતો નથી, અને મનુષ્ય પોતાની સ્વાભાવિક ભાષાવડે તેનાથી કામ લઇ શકતા નથી, તેથી તેને હળ, ગાડી, વગેરેમાં ચલાવવા માટે પશુઓના જેવા શબ્દ બોલવામાં આવે છે. તે સાંભળીને તે પશુઓ સચેત થાય છે, અને કાર્યને સિદ્ધ કરવા લાગે છે તથાપિ તે તાત્પર્યને સમજતા નથી કે આ હળને જમીનમાં શા માટે ચલાવવામાં આવે છે? અને શા માટે જમીનને ખોદે છે? જમીનને ખોદવાનું પ્રયોજન એ છે કે તે પોચી થાય અને તેમાં પવનનો પ્રવેશ થાય, ત્યારે તેમાં જળ સિંચને કરીને બીજની વૃદ્ધિ થાય છે. પરંતુ બળદોના હૃદયમાં કાંઇ એ જ્ઞાન હોતું નથી. તેવીજ રીતે પાઠ કરવાવાળાં ઘણાં માણસો પણ એવાંજ હોય છે, તે ભગવાન અને સંતોનાં વચનોને માત્ર શબ્દ અને અક્ષરરૂપજ જાણે છે, એ બુદ્ધિના અત્યંત હીનતા સમજવી. એનું દૃષ્ટાંત એ છે કે—જેમ કોઇ માણસ એમ જાણે કે અગ્નિનો અર્થ માત્ર અગ્નિ છે, પણ એમ સમજતા નથી કે અગ્નિ તો કાગળને બાળવાવાળો છે, પણ આ બે અક્ષરો તો હમેશાં કાગળ ઉપર લખેલાજ રહે છે, તેમ છતાં કાગળને કશી આંચ આવતી નથી. તેમજ જેમ આખા શરીરમાં માત્ર એક જીવ હોય છે, અને તે જીવવડે કરીને આખું શરીર ચેતનવાળું હોય છે, અને જીવનાજ પ્રભાવવડે શરીરની મોટાઇ છે; તેમજ અક્ષરો શરીરવત્ છે, અને અર્થજ તેનો જીવ છે, અને અર્થથીજ શબ્દો અને અક્ષરોની મોટાઇ છે, માટે એ રીતે પ્રથમ વચનોની મહતાને સમજવી જોઇએ.

(૨) જે પરમેશ્વર[illegible] વચન છે, તેને પાઠ કરતી વખત પોતાની સામા વિદ્યમાન સાક્ષા[illegible] સમજે કે "આ વચનો મને ભગવાન પો[illegible]જ ત્યારે [illegible] કરી સંયુક્ત રહે વળી જેમ વેદાદિક

શાસ્ત્રના પુસ્તકને પવિત્ર હાથવડે સ્પર્શ કરે છે, તેમ તેમાંનાં વચનોને અંતઃકરણની પવિત્રતા સહિત ગ્રહણ કરે. અંતઃકરણની પવિત્રતા એ છે કે નઠારા મલિન સ્વભાવોથી વિશુદ્ધ રહેવું, તથા ભગવત વચનનો આદર અને તેની મોટાઇના પ્રકાશે કરીને તે માણસ પણ સુંદરતા સહિત પ્રકાશિત થાય, દૃષ્ટાંત; એક સંત નામે મીરાંબાઇ હતી, તે જ્યારે ભગવત્ વચનોનો પાઠ કરવા માટે બેશીને શાસ્ત્ર પોથી ઉઘાડતી, ત્યારે કહેતી કે "આ સર્વેશ્વર મહારાજનાં વચન છે." એમ બોલી તે ભય તથા પ્રીતિના સંબંધે કરી મુર્છિત થઇ જતી. આપ્રમાણે જયાંસૂધી મનુષ્ય પરમેશ્વરની મહત્તાનેસમજતો નથી, ત્યાંસુધી તેનાં વચનોના મહિમાને પણ તે સમજી શકતો નથી. અને પરમેશ્વરની મોટાઇ પણ તેની કારીગરી તથા ગુણોને જાણ્યા સિવાય સમજી શકાતી નથી. તે કારીગરી આકાશ, પાતાળ (જમીન, દેવતા, મનુષ્ય, પશુ, પક્ષી, કીડા, વૃક્ષ, પર્વતાદિક, જે સર્વ સૃષ્ટિ છે, તે સર્વ તે સર્વેશ્વરનાં ઉત્પન્ન કરેલાં તથા તેને આધીન છે. તે સર્વનો તે નાશ કરી નાંખે તેમાં તેને કશો ભય નથી, તેમ તેની પૂર્ણતા કરવામાં તેની કશી ઉન્નતિ નથી. વળી સર્વ જીવોની ઉત્પત્તિ, પાલન અને રક્ષા કરવાવાળો પણ તેજ છે. એ રીતે વિચાર કરવાથી પરમેશ્વરની મોટાઇના કિંચિત ભાગનો હૃદયમાં ભાસ થાય છે. તેથી તે એમ વિચારે કે જે દેવાધિદેવ પરમેશ્વર છે, તેનાંજ વચનોનો હું પાઠ કરૂં છું, એમ વિચારવાથી તેને ઇશ્વરનો ભય ઉત્પન્ન થાય છે.

(૩) પાઠમાં ચિત્તને એકાગ્ર રાખીને વિક્ષેપને દૂર કરવો. જ્યારે કંઇ અચેતતાથી ભણી જવાય, ત્યારે તેનો ફરી બીજીવાર પાઠ કરવો. કેમકે અચેતતાથી પાઠ કરવો તે જેમ કોઇ માણસ ફુલોને જોવા માટે બગીચામાં જવાની ઇચ્છા કરે, અને ત્યાં જવા પછી તે એવો અચેત થઇ જાય કે વિવિધ પ્રકારનાં ફુલોની રચનાને કંઇ જોઇ શકે નહિ, અને એમજ ફરી બહાર ચાલ્યો આવે ત્યારે તેનું બગીચામાં જવું વ્યર્થ ગણાય છે. તેવીજ રીતે ભગવત્ વચન એ જિજ્ઞાસુ સંતજનોનો બગીચો છે. અને તેમાં નાના પ્રકારના જે ભેદ રહસ્ય છે તે જાણે પરમ વિચિત્ર સુખદાયક મનમોહન તેનો જ્યારે કોઇ વિચાર કરે અને એકાગ્ર ચિત્ત થાય ત્યારે નિસ્સન્દેહ એવા પરમાનન્દને પ્રાપ્ત

થાય છે કે ફરી કોઇ પદાર્થ તરફ ફરી થતી નથી. એટલા માટે કહ્યું છે કે જ્યારે પાઠ કરનારો પુરૂષ વચનોના અર્થને ન જાણે ત્યારે તેને પાઠનો ગુણ અલ્પજ થાય છે, જ્યારે મનુષ્ય કે વચનોની મોટાઇ અને સુંદરતાઇને પોતાના હૃદયમાં વિદ્યમાન રાખે, ત્યારે બીજા સંકલ્પોથી રહિત થાય.

(૪) વળી ચોથી યુક્તિ એ છે કે–તે સર્વ વચનોને વિચારે, અને જો તે બરાબર સમજી ન શકે તો વારંવાર તેનો અભ્યાસ કરે. અભ્યાસે કરીને હરેક વચનનું રહસ્ય (ગુઢાર્થ) સમજાય છે, અને અભ્યાસ કરનાર તેનાજ રસમાં મગ્ન થાય છે. હરેક પાઠ એમ રસ સહિત ભણવાથી મનુષ્ય અધિક લાભને પામે છે. એ વિષયમાં એક સંત પુરૂષે કહ્યું છે કે "જ્યારે કોઇ માણસ જીહ્વાએ કરીને કોઇ વચનનો ઉચ્ચાર કરે છે, અને ચિત્તને વિષે કોઇ બીજીજ વસ્તુનો વિચાર કરે છે, ત્યારે તે મૂળ વચનોના અર્થથી દૂર થઇ જાય છે. અર્થાત્ બોલેલાં વચનો નિરર્થક થાય છે."

વળી એક બીજા સંતે કહ્યું છે કે "જ્યારે મને ભજન અથવા પાઠમાં કોઇ વ્યવહારનો બીજો સંકલ્પ સ્ફુરે, ત્યારે તેવા સંકલ્પ કરતાં હું મારૂં મૃત્યુ અધિક શુભ જાણું છું." માટે મનુષ્યને યોગ્ય છે કે–તે જ્યારે કોઇ વચનોનો પાઠ કરતો હોય, ત્યારે ચિત્તમાં બીજા સંકલ્પને ઉદ્ભવવા દેવો નહિ. જો કે તે સંકલ્પ સાત્વિક શુભ હોય તોપણ તેનું વિસ્મરણ કરવું યોગ્ય છે; વળી જ્યારે માણસ પરમેશ્વરની સ્તુતિનો પાઠ કરે. ત્યારે એમ વિચારે કે–'તે પરમાત્મા સર્વથી નિર્લેપ છે, સંકલ્પથી પર છે, તે સર્વના ઉપર સર્વોપરી છે, અને તેજ પરમદેવ છે. વળી જ્યારે તે સર્વેશ્વરની કારીગરીનાં વચન હોય, ત્યારે એમ વિચાર કરે કે 'આ પૃથ્વી તથા આકાશને તેણેજ ઉત્પન્ન કર્યાં છે. એ પ્રમાણે તેની નાના પ્રકારની રચનાને જોઇને પરમાત્માની વિદ્યા, સામર્થ્ય અને મોટાઇને ઓળખે તેમજ જે પદાર્થની તરફ નજર કરે તેમાં માત્ર ભગવતની સત્તાનેજ જુએ. વળી જ્યારે એ વચનોનો પાઠ કરે કે "પરમેશ્વરે આ જીવને એક પાણીના બુંદમાંથી પેદા કર્યો છે. ત્યારે એમ જાણે કે તે વિર્યનું બુંદ તો એકજ રંગનું હતું, તેમાંથી ભગવાને નાના પ્રકારનાં ચિન્હ બનાવ્યાં. જેમ

ત્વચા, માંસ, નાડી, હાથ પગ, આંખ, જીભ કાન ઇત્યાદિ જે અનેક અંગ છે, તે સર્વ આશ્ચર્યરૂપ છે; વળી આ શરીર માંસના પૂતળાની પેઠે છે, તેમાં જોવું, સાંભળવું, બોલવું, ઇત્યાદિ ચૈતન્યતા શી રીતે પ્રગટ થાય છે? એ રીતે સર્વ વચનોનું વર્ણન કરવું મુશ્કેલ છે, પરંતુ તેનો સાર એ છે કે જે વચનોનો પાઠ કરે, તેનાજ અર્થમાં સાવધાનતાથી વિચાર અને અભ્યાસ કરે. જે પુરૂષની વૃત્તિ કોઇ મહા પાપમાં આસક્ત હોય છે, અથવા કોઇ પુરૂષ મત્ર કરીને કેઇ ક્રિયાનો અંગિકાર કરે છે, અથવા કોઇ મત કે પંથના નિશ્ચયમાં અંધશ્રદ્ધાથી એવો દઢ થઇ ગયો હોય છે કે તે પંથ કે માર્ગની પ્રતીતિ વિના યથાર્થ વચનને પણ શ્રવણ કરતો નથી, તેવા માણસને મહારાજનાં વચનોનો અર્થ ક્યારે પણ પ્રગટપણે સમજાતો નથી.

(૫) જેમ જેમ વચનોનો અર્થ જુદા જુદા ભાવને ધારણ કરતો જાય, તેમ તેમ ચિત્તની વૃત્તિને પણ તે પ્રમાણે ફેરવતો જાય. જેમ ભય તથા શિક્ષાનાં વચનનો જ્યારે પાઠ કરે ત્યારે ભયભીત અને આધીન થઇ જાય; તેમજ જ્યારે મહારાજાની કૃપાનાં વચનોનો પાઠ આવે ત્યારે આશાવત અને પ્રસન્ન ચિત્ત થાય, તથા જ્યારે ભગવાનની અપારતાનાં વચન આવે, ત્યારે અતિશય દીનભાવને ધારણ કરે; અને એમ સમજે કે તે પરમાત્માની સ્તુતિ તથા મોટાઇનું વર્ણન કરવાની મારામાં બુદ્ધિ નથી. તેથી લજ્જિત થઇને સ્તુતિ કરવા લાગે એવી રીતે પાઠનાં સર્વ વચનો પ્રમાણે પોતાના ચિત્તની સ્થિતિમાં ફેરફાર કરતો જાય.

(૬) પાઠમાંનાં વચનોમાં એમ શ્રદ્ધા રાખે કે-એ વચનો હું સાક્ષાત્ પરમેશ્વરના મુખથી સાંભળું છું. એ વિષે એક મહાત્મા પુરૂષે કહ્યું છે કે "પ્રથમ મારાથી ભજનનું કંઇ રહસ્ય સમજાતું નહિ, ત્યારે મેં એવી રીતની શ્રદ્ધા રાખી કે-હું આ વચન મહા પુરૂષના મુખથી સાંભળું છું ત્યારે મને કાંઇક રસ આવવા લાગ્યો; વળી મેં એમ અનુમાન કર્યું કે આ વચનો મને આકાશ વાણી મારફત સંભળાય છે. ત્યારે મને પ્રથમ કરતાં પણ વધારે સ્વાદ જણાયો. છેવટે મેં એમ માની લીધું કે આ વચનો મને પોતે ભગવાન વિ-

ધમાન શ્રવણ કરાવે છે. ત્યારે મને એવો રસ અને આનંદ પ્રાપ્ત થયો કે જેનું વર્ણન હું કરી શકતો નથી અર્થાત્ તે રસ અને આનંદ અવર્ણનીય છે.

સર્ગ. ૬ ઠો

સ્મરણનું વર્ણન.

હવે એ સમજવું યોગ્ય છે કે જેમ પવિત્ર વચનોના પાઠનું પરિણામ ઉત્તમ કહ્યું છે. તેમ સર્વ સાધનોનું ફળ ભગવત્‌નું સ્મરણ છે. તેનું તાત્પર્ય એ છે કે ભોગોથી વિરક્ત થઇને સ્મરણમાં નિશ્ચલ થવું. કારણ કે સંસારી ભોગોની પ્રબળતામાં ભક્તિનું કંઇ રહસ્ય ઉપજતું નથી; તેથી સિદ્ધ થાય છે કે "સર્વ કર્મોનો સાર ભગવાનની ભક્તિ છે. અને સર્વ સાધનો ભક્તિની દૃઢતાને માટે કહેલાં છે. એ વિષયમાં શ્રી ભગવાને પણ કહ્યું છે કે "જ્યારે તમે મારૂં સ્મરણ કરો, ત્યારે હું તમારૂં સ્મરણ કરૂં છું પરંતુ જ્યારે સ્મરણની એવી ઉત્તમ અવસ્થાને પ્રાપ્ત ન થાય, ત્યારે અધિક સમય સુધી તો ભજનનો અભ્યાસજ કરવો. જોઇએ; કારણ કે આ જીવની મુક્તિનું કારણ માત્ર ભક્તિજ છે, માટે જે પુરૂષો ઉઠતાં બેસતાં, સુતાં જાગતાં, હરતાં ફરતાં, દરેક અવસ્થામાં ભગવત્‌ના ભજનથી અચેત હોતા નથી, તેનો મહીમા ભગવાને પોતે પણ અધિક વર્ણવ્યો છે. અને વિશેષમાં એમ પણ કહ્યું છે કે–" ભય તથા દીનતા સહિત ગુપ્ત સ્મરણજ કરો. તથા સાંજથી સવાર સુધી કોઇપણ સમયમાં અચેત ન થાઓ." વળી કોઇએ આચાર્ય મહારાજને પૂછ્યું હતું કે "સર્વ કર્મો કરતાં કયું કર્મ અધિક ઉત્તમ છે?" ત્યારે તેમણે કહ્યું કે "મરણ સમયે જેના સુરતિ પ્રબળ અભ્યાસે કરીને પરમેશ્વર પ્રત્યેજ હોય, એવું સ્મરણ સર્વ ભજનથી ઉત્તમ છે." વળી તેમણે એમ પણ કહ્યું છે કે "અચેત મનુષ્યોમાં ભજન કરવાવાળા પુરૂષ શ્રેષ્ઠ છે. જેવા કે મુડદાંઓની અંદર સજીવન પુરૂષ હોય, અથવા જેમ સૂકાં વૃક્ષોમાં સફળ વૃક્ષ હોય છે; અથવા બધા કાયરોમાં એક શુરવીર પુરૂષ શત્રુઓની સન્મુખ રહીને યુદ્ધ કરતો હોય.

વળી એક બીજા સંતજને પણ કહ્યું છે કે-" પરલોકમાં સર્વ મનુષ્યોને પશ્ચાતપ થશે કે અમે સર્વ કાળ ભગવત્ ભજન શા માટે ન કર્યું ? તથા સંસારમાં અમારા વખતને વ્યર્થ શા માટે ગુમાવ્યો ?

અને જેમણે ભજન કર્યું હશે, તેઓ પણ કહેશે કે, અમે અધિક ભજન કેમ ન કર્યું ? અને એક ક્ષણ પણ ભજનથી અચેત શા માટે રહ્યા ?

ભજનની અવસ્થાનું વર્ણન.

ભજનની પણ ચાર અવસ્થા છે, તેમાં પહેલી એ છે કે-જીભવડે પરમેશ્વરના નામનું ઉચ્ચારણ કરવું અને હૃદયથી ચેતના રહિત રહેવું; આ સ્થિતિ ઉતરતા પ્રકારની છે, તેથી તેનો લાભ પણ થોડો છે, તોપણ તે ગુણથી રહિત નથી. કારણ કે જો એ જીભ મિથ્યા વિવાદમાં આસક્ત હોય, તો તેના કરતાં પરમેશ્વરનું નામ લેવું એ નિઃસંદેહ ઉત્તમ છેજ.

બીજી અવસ્થા એ છે કે-ચિત્તવડે ચિંતવન ભજન કરવું, તેમ છતાં જ્યારે ભજનમાં ચિત્તની એકાગ્રતા ન થાય, ત્યારે આગ્રહથી અન્ય સંકલ્પને દૂર કરવો અને મનને ભજનમાં સ્થિર કરવું. આ મધ્યમ સ્થિતિ છે.

ત્રીજી અવસ્થા એ છે કે તે પુરુષનું અંતઃકરણ કેવળ ભજનમાંજ સ્થિત થઇ જાય અને ભક્તિનો રસ ચિત્તમાં એવો અચળ થઇ જાય કે જ્યારે કોઇ અવશ્યનું કાર્ય કરવું હોય, ત્યારે યત્ને કરીને તે તરફ ચિત્તને વાળવું પડે. આ સ્થિતિ ઉત્તમ છે.

ચોથી અવસ્થા એ છે કે " જે વસ્તુનું સ્મરણ કરે, તેના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિ લીન થઇ જાય. તે સત્ય વસ્તુ પરમાત્માનું સ્વરૂપ છે. અને તેની અંદર લીનતા થવાનો અર્થ એ છે કે પરમાત્માના સ્વરૂપની મગ્નતામાં તેને ભજનની શુદ્ધિ ન રહે, માત્ર સત્તારૂપ ભજનજ બાકીમાં રહી જાય. કારણ કે ભજન જપ અને અક્ષરોવડે થાય છે. તે બંને નિઃસંદેહ સ્થૂળ છે, અને સંકલ્પ સ્વરૂપ છે. વળી પરમ અવસ્થા એ છે કે સંકલ્પ અને અક્ષરોનો અભાવ (નહોવાપણું) થઇ જાય, અને કેવળ બ્રહ્મ સત્તામાંજ અચળ થઇ જાય. આ સ્થિતિ પરિપૂર્ણ પ્રેમવડે કરીને પ્રાપ્ત થાય છે. જેમ કોઇ પુરૂષનો પ્રેમ બીજા

કોઇ પુરૂષની સાથે એવો પ્રબલ હોય કે પોતાના પ્રિયતમના સ્વરૂપની મગ્નતામાં અહંભાવ તેમજ સર્વ પદાર્થોનું વિસ્મરણ થઇ જાય, તથા તે પ્રિયતમ પુરૂષનું નામ પણ ભૂલી જાય. તેવીજ રીતે આ પુરૂષ-પરિબ્રહ્મના દર્શનમાં પોતે પોતાનું તેમજ બીજા સર્વ પદાર્થનું વિસ્મરણ કરે, ત્યારે સંતોની આદિ અવસ્થાને પ્રાપ્ત થાય છે. એ અવસ્થાનું નામ સંત લોકો " જીવન મૃતક " એવું કહે છે. તેનો અર્થ એમ છે કે અન્ય સર્વ પદાર્થોના જ્ઞાનથી (તે મૃતક) જ્ઞાન રહિત થઇ જાય છે. જેમ પરમેશ્વરે બીજાં અનંત બ્રહ્માંડો રચ્યાં છે, પણ તેનું આપણને કશું ભાન હોતું નથી, પરંતુ આપણને તો તેજ પદાર્થ માત્ર સત્ય સ્વરૂપ ભાસે છે કે જેને આપણે પ્રત્યક્ષ ઇંદ્રિયોએ કરીને જોઇ અનુભવો ક-રીએ છીએ; માટે જે પુરૂષને એ ઇંદ્રિયાદિક પદાર્થો સર્વ વિસ્મરણ થઇ જાય, ત્યારે તે તેની પાસેજ નથી, અર્થાત્ તે સર્વ એકજ સત્યસ્વરૂપમય થઇ જાય છે. વળી જ્યારે તે પોતાને પણ વિસ્મરણ કરે, ત્યારે એ ભાવે કરીને તે પોતે પણ પોતાને જાણવાથી નષ્ટ થઇ ગયો, એ સ્થિતિને " જીવન મૃતક " કહે છે. જ્યારે સર્વ પદાર્થોની સત્તા તેની પાસેથી દૂર થઇ ત્યારે કેવળ પરિબ્રહ્મજ તેની પાસે સત્ય સ્વરૂપ તથા વિદ્યમાન છે. જેમ તમે પૃથ્વી તથા આકાશને જોઇને કહો છો કે " સર્વ જગત્ આટલુંજ છે ? તથા તે સિવાય તમને બીજું કાંઇ જણાતું નથી, તેમજ તે જીવન મૃતક સ્વરૂપને બીજા કોઇ પદાર્થનું ભાન રહેતું નથી, તે કેવળ બ્રહ્મનેજ જુએ છે. અને કહે છે કે " સર્વત્ર બ્રહ્મજ બ્રહ્મ છે, " બ્રહ્મ વિના બીજું કાંઇજ નથી, ત્યારે એવી અવસ્થામાં તે પુરૂષ બ્રહ્મથી અભેદ થાય છે અર્થાત્ બ્રહ્મની ઐક્યતામાં લીન થઇ જાય છે, અને તેની ભેદ ભાવના નષ્ટ થઇ જાય છે. એ જ્ઞાનીયોની આદિ અવસ્થા છે.

પરંતુ જ્યારે ઉપર કહેલી અવસ્થા જીવને પ્રાપ્ત થાય છે, ત્યારે નિકટતા અને દૂરપણાની તથા દ્વૈતની કંઇ શુદ્ધ રહેતી નથી. કારણ કે નિકટતા તથા દૂરપણું અને ભેદ ભાવની શુદ્ધિ તેનેજ હોય છે, કે જેની દૃષ્ટિમાં " આ હું છું " અને " આ ઇશ્વર છે " એવો દ્વૈતભાવ છે. જે પુરૂષોનો સર્વ પ્રકારે ક-રીને અહંભાવ વિસ્મરણ થઇ ગયો હોય છે, તે નિકટતા અને દૂરપણું શી વાત જોઇ શકે ? અને દ્વૈતબુદ્ધિ પણ કેમ રાખે. નજ રાખે ? તેથી એ અવસ્થામાં

જીજ્ઞાસુજનોને ચૈતન્ય સ્વરૂપનું પ્રત્યક્ષપણું પ્રગટ થાય છે. અને તે ચિદાકાશનાં અંતમાં વિવિધ પ્રકારનાં આશ્ચર્યોને જુએ છે; તથા તેને આદિ, મધ્ય અને અંતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી તે સંતજનો અને અવતારોના દરજ્જાને પ્રત્યક્ષ જુએ છે, તથા તેને હસ્તામલક (હાથમાં રાખેલા આમળાના ફળવતની) પેઠે ઓળખી શકે છે. તે એવા આશ્ચર્યોને જોઇ શકે છે, કે તેનું વચનોએ કરીને વર્ણન થઇ શકતું નથી. વળી જો તે એવી સમાધીમાંથી જાગૃત થાય છે, તો પણ એકત્રતાનો રસ તેના હૃદયમાંથી દૂર થતો નથી, અને હમેશાં તેના ચિત્તની વૃત્તિ તે તરફજ આકર્ષયલી રહે છે. તે માયાના સર્વ પદાર્થોને રસ રહિત જાણે છે. જ્યારે તે સંસારી જીવોમાં સ્થિર દૃષ્ટિથી આવતો દેખાય છે, ત્યારે પણ તે અંતઃકરણે કરીને નિર્લેપ રહે છે. જે મનુષ્યો માયાના વ્યવહારમાં આસક્ત રહે છે, તેમની અવસ્થાને જોઇને તેને આશ્ચર્ય લાગે છે, તથા તેઓને દયા દૃષ્ટીથી જોઇને કહે છે કે "આ અલ્પમતિ જીવ સુખથી કેવા બેનસીબ છે." સંસારી જીવો તેની આ અવસ્થા જોઇને એમ કહે છે કે–"આ માણસ માયાના વ્યવહારોને સારી રીતે કેમ આચરતો નથી"? તેથી તેઓ તેને ગાંડો અને ઉન્મત્ત જાણે છે.

જો જીજ્ઞાસુજનો એવા પરમપદને પહોંચી ન શકે અને સૂક્ષ્મ ભેદ તેને પ્રકટ ન થાય તોપણ તેઓએ નિરાશ થવું નહિ. કારણ કે માત્ર ભજનની પ્રબળતા પણ જીવોને ઉત્તમ ભોગનાં બીજરૂપ છે. કારણ કે ભજનની દૃઢતામાં પ્રેમની અધિકતા થાય છે, અને પ્રેમવડે સર્વ પદાર્થોથી ચિત્ત વિરક્ત થાય છે, તેથી તે પરમેશ્વરને પોતાના અધિક પ્રિયતમ સમજે છે, અને ઉત્તમ ભોગોનું બીજ પણ એજ છે.

જીવને નિશ્ચય પરમાત્માની પાસે પહોંચવાનું છે, અને આ સર્વ સંસારને છોડીને જવાનું છે, માટે મનુષ્યની પ્રીતિ હમેશાં પરમાત્મા સાથેજ હોવી જોઇએ. તે એટલા માટે કે જે પ્રમાણમાં પ્રીતિ અધિક હોય છે, તેજ પ્રમાણમાં તેને પોતાના પ્રિયતમના દર્શનમાં આનંદ પણ અધિક થાય છે. તેમજ જેને પરમાત્માની સાથે સંપૂર્ણ પ્રેમ છે, તેને તેના સ્વરૂપમાં સંપૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે, અને જેના અંતઃકરણમાં માયાની પ્રીતિ દૃઢ હોય છે, તે માયાના પ-

ર્થોના વિયોગે કરીને હમેશાં દુઃખી રહે છે. તાત્પર્ય એ છે કે જો જીજ્ઞાસુ-જનો પરમાત્માના ભજનમાં દૃઢ થાય. સિદ્ધના આહ્નિકની મોટાઇ એના અંતઃકરણમાં જરા પ્રવેશ ન કરે; તથા ભજનનો ત્યાગ ન કરે, તો તે પરમપદનો અધિકારી થાય છે. કારણ કે પરમપદની પ્રાપ્તિ સિદ્ધઇ કિંવા મોટાઇને આશ્રયે રહેલી નથી; માટે જ્યારે એવા પુરૂષનું ચિત્ત શુભ ગુણોએ સંયુક્ત નિર્મળ થાય, ત્યારે તે સહજ પરમપદનો અધિકારી થાય છે. તેટલા માટે જીજ્ઞાસુને યોગ્ય છે કે હમેશાં તે પોતાના ચિત્તને વિષે અભ્યાસ કરતો રહે, અને એમ ઇચ્છે કે 'કોઇપણ રીતે મારૂં ચિત્ત ભગવત ભજનથી એક ક્ષણ પણ (અચેત) ન થાય.' કેમકે ભજનજ પરમાત્માનાં દર્શન અને તેના સૂક્ષ્મ ભેદોની કુંચી છે.

આ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે-"જ્યારે કોઇ માણસ વૈકુંઠાદિક સુખને ભોગવવા ઇચ્છે, ત્યારે તેણે ભગવત ભજનમાં લીન થવું; કારણ કે ભજન પોતેજ મોટું વૈકુંઠ છે." એમ સિદ્ધ થાય છે. સર્વ ગુણોનો સાર એ છે કે-નિંદ્ય કર્મોથી આ જીવની રક્ષા થાય, અને જે કંઇ ઇશ્વરે કર્ત્તવ્ય કર્મ કહ્યાં છે, તેનું શ્રદ્ધા સહિત આચરણ કરે પણ જ્યારે જીવ નિંદ્ય કર્મોમાં આસક્ત રહીને શુભ કર્મોમાં સાવધાન ન થાય, ત્યારે સમજવું કે તે માણસનું ભજન કરવાનું પણ માત્ર મનના સંકલ્પરૂપ છે, તેમાં યથાર્થપણું કંઇજ નથી. માટે યથાર્થ ભજન તેજ છે કે જે પાપકર્મને સમયે જીવની સહાયતા કરે છે; તથા ભગવતના સ્મરણે કરીને ભયભીત થાય છે.

ઇતિ નિયમ નામનું પ્રથમ પ્રકરણ સમાપ્ત.

સર્ગ પહેલો.

—o—

જગતના મેળાપની યુક્તિનું વર્ણન.

—o—

આ સંસાર પરલોકના માર્ગની મજલ છે અને મનુષ્ય માત્ર એ મજલમાં પરદેશી મુસાફરો છે; તે સર્વને એકજ દિશા તરફ જવાનું છે. જેમ સાથે મુસાફરી કરનારા મુસાફરો પરસ્પર સંબંધીઓની પેઠે વર્તે છે, તેમ આ જીવને સર્વ મનુષ્યોની સાથે પ્રીતિ તથા સારી ભાવના રાખવી જોઇએ. જે જે પ્રકારના ભાવ તથા સંગતી કરવાનો અધિકાર છે; તેનું વર્ણન હવે પછીનાં ત્રણ પ્રકરણોમાં કરવામાં આવશે. તેમાં પહેલા પ્રકરણમાં જે જીજ્ઞાસુજનો ભગવત્ માર્ગનાં સંગી છે. તેની સંગતીની વિશેષતા પ્રગટ કરીશું અને બીજા પ્રકરણમાં સર્વ સામાન્ય પુરૂષના મેળાપ, અધિકાર, અને યુક્તિનું વર્ણન થશે, તથા ત્રીજા પ્રકરણમાં સંબંધી, સેવક અને મિત્રોના ભાવની યુક્તિનું વર્ણન થશે.

એ સમજવું જરૂરનું છે કે, પરમેશ્વર નિમિત્તે જિજ્ઞાસુજનો સાથે મિત્રતા કરવી, એ ઉત્તમ ભક્તિ અને સર્વ કર્મોથી અધિક છે. એ વિષે આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે, " જે પુરૂષને ભગવત માર્ગને વિષે પ્રીતિ હોય, તેને મહા ભાગ્યથી ભગવાનના ભક્તોનો મેળાપ થાય છે. " કારણ કે કોઇ વખત તે પુરૂષ ભગવત્ ભજન ચુકી જાય છે, ત્યારે તેને બીજો ભક્તજન સચેત કરે છે; અને જ્યારે બંને જણ સચેત થાય છે, ત્યારે તે એક માર્ગના સોબતી થાય છે. વળી એમ પણ કહેલું છે કે ' જીજ્ઞાસુજનોની સોબતથી જેવું સુખ પ્રાપ્ત થાય છે, તેવું બાજા માણસના સંગતથી પ્રાપ્ત થતું નથી. " જ્યારે કોઇ માણસ ભક્તજનોથી પ્રીતિ કરે છે, ત્યારે તે પણ ભગવાનનો પ્રીતમ થાય છે. "

શ્રી કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે " મારી પ્રીતિ તે પુરૂષોને પ્રાપ્ત થાય છે કે જેઓ મારે માટે મારા પ્રીતમોની સાથે પ્રીતિ કરે છે, તથા પોતાના ધન, તનવડે તેમની સેવા કરે છે. અને તેમના સર્વ કાર્યોની સહાયતા કરવા

સાવધાન રહે છે આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે " પરલોકમાં ઈશ્વર એમ કહેશે કે-જેમણે કેવળ મારા નિમિત્તેજ પરસ્પર પ્રીતિ તથા મિત્રતા કરી છે તે પુરૂષો કયાં છે ? કે તેમને હવે અમે પોતાની છાયામાં રાખીએ." શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને કહ્યું છે કે સાત પ્રકારના પુરૂષોને પરલોકમાં પરમેશ્વરની છાયા તળે સ્થાન મળશે. તથા તેઓ પરમસુખને પામશે તે સાત પ્રકાર નિચે પ્રમાણે.

(૧) નીતિ તથા વિચારની મર્યાદામાં વર્ત્તવાવાળા રાજા,

(૨) બાલ્યાવસ્થાથી મરણ પર્યંત જેમણે પોતાનું આયુષ્ય ભગવાનની ભક્તિમાં ગાળ્યું છે તે.

(૩) શુભસ્થાનથી બહાર નીકળ્યા છતાં પણ વ્યવહારની વિક્ષેપતામાં આસક્ત ન થતાં જેની ચિત્તવૃત્તિ સર્વદા શાન્ત રહી હોય તે,

(૪) જેઓ એકાંતમાં બેસી ભગવાનના ભજનમાં સાવધાન રહે તથા પ્રીતિ સહિત રૂદન કરે તે.

(૫) જેને એકાંત સ્થાનમાં સ્વરૂપવાન્ સ્ત્રીનો મેળાપ થાય તોપણ તે ઇશ્વરના ડરથી તેનો ત્યાગ કરે તે.

(૬) નિષ્કામ બુદ્ધિથી ગુપ્તદાન કરે તે.

(૭) જે ભગવાનને નિમિત્તે ભક્તજનો સાથે પ્રીતિ કરે તથા જે માણસોની પ્રીતિથી ભક્તિમાં વિક્ષેપ થાય તેમનો ત્યાગ કરે તે.

અર્થાત્ જેને મનુષ્યોનો મેળાપ અને ત્યાગ એ બંન્ને માત્ર ભગવાન નિમિતે હોતાં તેમાં પોતાના સ્વાર્થનો કંઇપણ સંબંધ ન હોય.

આ વિષે એક વાર્ત્તા છે કે એક માણસ પોતાના કોઇ પ્રીતમના દર્શનને માટે જતો હતો, તેને રસ્તામાં એક દેવ મળ્યો, તેણે કહ્યું કે " તું કયાં જાય છે ? " તેણે ઉત્તર આપ્યો કે " હું મારા મિત્રના દર્શન માટે જાઉં છું. " ત્યારે વળી તે દેવે પૂછયું કે " તેની સાથે તારે કંઇ અર્થ છે ? અથવા તેણે તારા ઉપર કંઇ ઉપકાર કર્યો છે ? તે માણસે કહ્યું " હું કેવળ ઇશ્વર નિમિતે

તેના દર્શનની ઇચ્છા રાખું છું." ત્યારે તે દેવે કહ્યું કે "મને પરમેશ્વરે તારી પાસે મોકલ્યો છે, અને હું તને ખુશીનો સંદેસો આપુ છું કે "તારી આ શ્રદ્ધાએ કરીને પરમેશ્વરે તને પોતાનો પ્રિય કર્યો છે."

આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે-"ધર્મનું દૃઢ ચિન્હ એજ છે કે ધર્માત્મા પુરૂષોની સંગત કરવી, તથા ભગવાનથી વિમુખ હોય તેનો ત્યાગ કરવો."

એક સંતજનને આકાશ વાણી થઇ હતી કે "જો કે તું સર્વ મનુષ્યો અને સર્વ દેવતાઓની પેઠે એકાંતમાં ભક્તિ કરીશ, તથાપિ જ્યાંસુધી તું મારા નિમિતે મારા ભકતો સાથે મિત્રતા કરી પાપીયોનો ત્યાગ કરી મનની મલીનતાને તજીશ નહિ, ત્યાંસુધી તું પરમપદને પામીશ નહિ."

એક સંતને જીજ્ઞાસુએ પૂછયું હતું કે "સોબત કોની કરવી" ત્યારે તેમણે કહ્યું કે "જેના દર્શનથી તમને ભગવાનની ભક્તિ દૃઢ થાય, તથા જેનાં કર્મ જોઇને તમને શુભ કર્મો કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય, તેમની સોબત કરો."

બીજા એક સંતને આકાશવાણી થઇ હતી કે "તેં શા કારણથી એકાંત વાસ ગ્રહણ કર્યો છે?" "ત્યારે તેણે કહ્યુ "મહારાજ! જગતના મેળાપથી તમારી પ્રીતિમાં અંતરાય થાય છે, માટે એકાંતને વિશેષ પ્રિય માનું છું." ત્યારે તેને આજ્ઞા થઇ કે "આ એકાંત વાસથી તો તારા પોતાના સુખ અને સ્વાર્થ, અર્થાત વ્યવહારીક કલેશની નિવૃતિ અને ભજનની પ્રતિષ્ઠાની ચાહના સિદ્ધ થાય છે, માટે તું મારા ભકતોની સાથે પ્રીતિ કર, અને વિમુખજનના સંગનો ત્યાગ કર." વળી એક બીજા સંતે પણ કહ્યું છે કે "ભગવાનના ભક્તો જ્યારે પરસ્પરના મેળાપથી આનંદ પામે છે, ત્યારે જેમ પાનખર ઋતુમાં વૃક્ષોનાં પાંદડાં ખરી પડે છે, તેમ તેમનાં સર્વ પાપો નષ્ટ થાય છે.

ઇશ્વર નિમિતે થતી મિત્રતાનું વર્ણન.

જે મિત્રતા કોઇ સંબધે કરીને થાય છે. તે પ્રભુ નિમિતે કહેવાતી નથી. જેમ નિશાળ વિષે તથા પડોશના સહવાસે કરીને જે સ્વભાવિક મિત્રભાવ થઇ જાય છે, તે સર્વ સ્થળ પ્રીતિ છે તેમજ કાઇનું રૂપ સુંદર હોય, વાણી, ને

કંઠ મધુર હોય, દ્રવ્ય અધિક હોય, માન ઇત્યાદિકનો કઇ સ્વાર્થ હોય, એવા કારણથી પ્રીતિ થાય; તે પણ અન્ય પ્રકારની પ્રીત છે. પરંતુ જમા કોઇપણ પ્રકારનું પ્રયોજન તથા કિંચત સ્પૃહા નહોતાં, જે કેવળ ધર્મ નિમિતેજ ઉત્પન્ન થઇ હોય તે ઇશ્વર નિમિત્ત પ્રીત સમજવી.

એ પ્રીતિ પણ બે પ્રકારની છે તેમાં

(૧) પહેલી સાત્વિક પ્રયોજને કરીને ઉત્પન્ન થાય છે. જેમ વિદ્યાર્થીની પ્રીતિ ગુરૂ સાથે હોય છે, તેમાં તે અભ્યાસ પરમાર્થના માર્ગ નિમિતે હોય તો તે પ્રીતિ પણ ભગવત નિમિતે ગણાય છે; પણ તેમાં જો ધન અને માનનું પ્રયોજન હોય તો તે પ્રીતિ અન્ય પ્રકારની થઇ જાય છે. તેમજ ગુરૂની પ્રીત શિષ્ય પ્રત્યે પણ જે નિષ્કામ વૃત્તિથી હોય, અને તે પરમેશ્વરની પ્રસન્નતા માટે અધ્યયન કરાવતો હોય, તો તે પણ ઇશ્વર નિમિત્તની પ્રીતિ ગણાય છે. પણ જો ગુરૂને ધન માનનું પ્રયોજન રહેલું હોય, તો તે અશુભ કામના થઇ જાય છે. તેમજ જ્યારે કોઇ જ્ઞાનેશ્વરી પુરૂષ પોતાના નોકર ઉપર એટલા માટે પ્રીતિ રાખતો હોય કે તે અર્થી લોકોને યથાર્થ રીતે જ્ઞાન પહોંચાડે છે, અથવા ઉત્તમ ભોજન બનાવી અભ્યાગતોને જમાડે છે, ત્યારે તે પણ ધર્મ સંબંધની પ્રીતિ ગણાય છે.

(૨) બીજા પ્રકારની પ્રીતિ એ છે કે જેની સાથે તેનું કાંઇપણ પ્રયોજન ન હોય, પણ માત્ર ઇશ્વર સંબંધની પ્રીતિ હોય, તથા તેને ભગવાનનો પ્રિય જાણીને તેની સાથે મિત્રાઇ કરે, ત્યારે તે ઉત્તમ પ્રકારની પ્રીતિ છે. વળી આ પરમેશ્વરનો સરજેલો જીવ છે, એમ સમજી તેમાં કાંઇપણ ગુણની ભાવના ન હોય, તોપણ તેના પ્રત્યે પ્રેમ દ્રષ્ટિની જુએ, તો તે પૂર્ણ પ્રેમની અવસ્થા છે. જેમ કોઇ પુરૂષની સાથે કોઇની અધિક પ્રીતિ હોય, ત્યારે તે પોતાના પ્રીતમના ઘર અને મહેલ્લા પ્રત્યે પણ પ્રેમ ભાવથી જુએ છે? તથા તેમાના સંબંધીઓ અને નોકરોને જોઇને પણ ખુશી થાય છે, તેમ તેના કુતરાને પણ બીજા કુતરાઓ કરતાં વિશેષ જાણે છે. અને પોતાના પ્રીતમના મિત્રોની તો અધિક પ્રીતની આગતા સ્વાગતા કરે છે; તેમ પરમેશ્વરની સાથે જેમનો પૂર્ણ પ્રેમ હોય છે, તને પરમેશ્વરનાં સરજેલા સર્વ પ્રાણીઓ પ્રીતિ પાત્ર જણાય છે,

અને ભક્તો તથા જિજ્ઞાસુજનો સાથે તો નિસંદેહ તેની અધિક પ્રીતિ થાય છે, તેથીજ સર્વ પદાર્થોને પણ એટલા માટે પ્રીતિપાત્ર કરીને રાખે છે કે આ મારા પ્રિય પ્રભુના સરજેલા છે.

એ વિષે એક દૃષ્ટાંત છે કે વસંતઋતુમાં જ્યારે કોઇ માણસ આચાર્ય મહારાજની પાસે કોઇ નવીન પ્રકારનું પુલ લાવીને મૂકતું, ત્યારે તેઓ તે ફુલને પોતાની આંખો ઉપર લગાડતા, અને એમ બોલતા કે "આ અમારા પ્રિતમ પ્રભુનાં બનાવેલાં છે અને થોડોજ સમય થયો. તે પ્રિયતમથી છુટાં પડેલાં છે. અર્થાત્ તે નવીન રચના છે.

(૩) વળી પરમેશ્વર પ્રત્યેની પ્રીતિ પણ બે પ્રકારની છે. એક આ લોક અને પરલોકના સુખોના કામનાથી ઉત્પન્ન થાય છે. અને બીજી નિષ્કામ હોય છે; નિષ્કામ તે પ્રીતિનું નામ સંપૂર્ણ પ્રીતિ છે. જે પુરૂષોનો નિશ્ચય જે પ્રમાણમાં દૃઢ હોય છે, તે પ્રમાણમાં તેની પ્રભુ પ્રત્યેની પ્રીતિ અધિક હોય છે. તે પ્રીતિથી તે પ્રભુના પ્રિયતમોને પણ પોતાના પ્રિયતમ જેવા સમજે છે. પ્રીતિની મર્યાદા ધન અને માન આપવાથી પ્રગટ થાય છે. તાત્પર્ય કે જેટલું ધનમાન તેમના ઉપરથી ઓગળોળ કરે છે, તેટલીજ તેની પ્રીતિની નિશાની પ્રગટ જણાય છે. એ પ્રકારના પુરૂષો એવા થાય છે કે જેઓ પોતાનું સમગ્ર ધનમાન અર્પણ કરી દે છે, તેઓ પૂર્ણ પ્રેમી છે. બીજા પ્રકારના પુરૂષો પોતાના ધનનો કંઇક ભાગ અર્પણ કરે છે, તેઓ અલ્પ પ્રેમી છે.

પરમેશ્વરની પ્રીતિ નિમતે કોનો ત્યાગ કરવો જોઇએ તેનું વર્ણન.

જેમ ભગવતની પ્રીતિ નિમિતે સાત્વિક મનુષ્યોની સાથે પ્રેમી પુરૂષોની મિત્રતા થાય છે, તેમજ રાજસી અને તામસી મનુષ્યો સાથે સર્વ જિજ્ઞાસુજનોને સ્વભાવક રીતેજ વિરૂદ્ધતા થાય છે. કારણ કે જે લોકો પરમેશ્વરથી વિમુખ છે તેમની સોબતથી તેઓ પણ કદાચ પ્રીતિ હીન થઇ જાય છે તોપણ વિરૂદ્ધતાનો અર્થ એમ ન કરવો કે તે રાજસ તામસ જનોની ક્રિયાને જોઇને પોતાનું ચિત્ત પરિતપ્ત કરે; તોપણ પાપીઓની સંગતથી જિજ્ઞાસુજનો સંકુચિત રહે છે, તેનું નામજ માત્ર વિરૂદ્ધતા છે. એમ એક બીજો પણ ભેદ છે;

કે જ્યારે કોઇ પુરૂષો સાત્વક હોય છતાં તેમાં કાંઇક રાજસી ગુણોનો પ્રબળતા પણ હોય, તો તેને ઉચિત છે કે તે પુરૂષના સાત્વિક ગુણો સાથે મિત્રતા રાખવી, અને રાજસ તામસ ગુણોથી વિરૂદ્ધ રહેવું. એ રીતે એકજ મનુષ્ય સાથે મિત્રતા અને વિરૂદ્ધતા એકત્ર થાય છે. જેમ કોઇ પુરૂષને ત્રણ પુત્ર હોય, તેમાં એક આજ્ઞાકારી છતાં બુદ્ધિમાન પણ હોય, બીજો મૂર્ખ તથા આજ્ઞાથી વિમુખ હોય, અને ત્રીજો મૂર્ખ છતાં આજ્ઞાકારી હોય; તો આજ્ઞાકારી અને બુદ્ધિમાન પુત્ર પ્રત્યે પિતાની પ્રીતિ સ્વભાવિક રીતેજ વિશેષ હોય છે, બીજો જે મૂર્ખ અને આજ્ઞાથી વિમુખ હોય છે, તે સ્વભાવિક રીતેજ શિક્ષાનો અધિકારી થાય છે. અને ત્રીજો જે મૂર્ખ છતાં આજ્ઞાકારી હોય છે, તે પોતાના આજ્ઞાકારીપણાને લીધે પિતાની પ્રીતિને પાત્ર થાય છે. તેમ છતાં મૂર્ખતાના કારણથી તે તેને શિક્ષા કરે છે. તેવીજ રીતે જે પુરૂષ પરમેશ્વરની આજ્ઞાથી વિમુખ હોય તે વિમુખતા પ્રમાણે તેટલે દરજ્જે તેનો ત્યાગ કરવો યોગ્ય છે. અને જેટલે દરજ્જે તે પ્રભુની આજ્ઞામાં તત્પર હોય તેટલીજ પ્રીતિ તેની સાથે રાખવી જોઇએ. આ મિત્રતા અને વિરૂદ્ધતાનું ચિન્હ તેનાં કર્મોમાં પ્રગટ થાય છે. જ્યારે કોઇ માણસમાં આપણને કોઇ સહજ અવગુણ જણાય છે, ત્યારે આપણું ચિત્ત તેનાથી વિરૂદ્ધ થાય છે. પછી જ્યારે તેનામાં અધિક અવગુણ જણાય છે, ત્યારે આપણા ચિત્તની વૃત્ત તેના પ્રત્યે કેવળ બદલાઇ જાય છે. તેથી આપણે વાત ચિતનો પ્રસંગ પણ તેનાથી થોડો રાખીયે છીએ, પરંતુ જ્યારે તે પોતાની લંપટતાએ કરીને સંતજનોની મર્યાદાનો ત્યાગ કરે છે, અને નિર્લજ થઇને ચાલે છે ત્યારે આપણે તેની સાથે પ્રીતિ, વાતચિત કે કામ પ્રસંગ પણ કંઇ રાખતા નથી. વળી ભોગી મનુષ્યો કરતાં તામસી (ક્રોધી) મનુષ્યોની ગતિ મહા નીચ હોય છે. તેથી તામસી મનુષ્યો સાથે પ્રીતિ કરવી સર્વથા અયોગ્ય છે. કેમકે તે સર્વ જીવોનો ઘાતક હોય છે. પણ કોઇ તામસી મનુષ્ય એવો હોય કે જે માત્ર તમનેજ દુઃખ દેતો હોય તો તમારે તેના ઉપર દયા કરવી યોગ્ય છે. આ તામસી મનુષ્યોથી વિરૂદ્ધ રહેવું પ્રમાણરૂપ કહ્યું છે, તેમાં પણ જિજ્ઞાસુજનોની અવસ્થા બે પ્રકારની થએલી છે. એક એવા થાય છે કે તેમણે વિચાર તથા ધર્મની મર્યાદાને નિમિત્તે પાપી જીવોને શિક્ષા કરી છે, અને બીજા એવા થયા છે કે જેમણે સર્વ જીવો ઉપર દયા દૃષ્ટિ રાખી છે અને [illegible]

તોડી નાંખ્યો છે એનું તાત્પર્ય એ છે કે જે પુરૂષની વાંછના શુદ્ધ છે; અને જે પોતાની વાસનાથી રહિત છે, તેનાં સર્વ કર્મો શુભ અને શુદ્ધ હોય છે; જે પુરૂષોએ જ્યારે એમ જાણ્યું છે કે–સર્વ જીવોનો પ્રેરક ભગવાન્ છે, જીવો સર્વ પરાધીન છે ત્યારે તે પુરૂષો સર્વ પ્રત્યે દયા દૃષ્ટિથી જુએ છે. એ અવસ્થા ઉત્તમ છે; અને પાપી જીવોને પાપ કર્મથી અટકાવવા તે પણ સારૂં કામ છે. પણ કેટલાંએક મનુષ્ય એવાં મૂર્ખ હોય છે કે તેઓ પાપ કર્મોનો ત્યાગ કરી શકતાં નથી અને પાપી જીવોની સંગતના અવગુણ પણ ઓળખી શકતાં નથી; છતાં મુખથી એમ બોલે છે કે "અમે કોઇને ખરાબ જાણતા નથી. કેમકે સર્વ જીવોનો પ્રેરક ભગવાન છે" એમ બોલતાં છતાં તેમના હૃદયમાં રાગદ્વેષની આગ બળતી રહે છે. જ્યાંસૂધી પરમેશ્વરની ઐકયતા જાણવાનાં ચિન્હ પ્રગટ ન થાય, ત્યાંસુધી એવું અભિમાન કરવું વ્યર્થ છે. તે ઐક્યતાનું ચિન્હ એ છે કે જ્યારે કોઇ તેનું દ્રવ્ય હરિ લે, અથવા તેને ગાળો આપે કે કંઇ શિક્ષા કરે ત્યારે ક્રોધાતુર ન થાય અને તેના પ્રત્યે દયા દૃષ્ટીથી જુએ. એટલે સમજવું કે તેના હૃદયમાં ઐકયતા દૃઢીભૂત થઇ છે. જેમ એક વખત વિરોધિઓએ એક મહાત્માના દાંત પાડી નાંખ્યા તેથી લોહી વહેવા લાગ્યું; ત્યારે મહાત્માએ કહ્યું કે "હે મહારાજ આ લોકો મને ઓળખતા નથી, માટે તુંજ તેમનાપર દયા કર."

જે પુરૂષ પોતાના સ્વાર્થને લીધે રાગદ્વેષમાં દૃઢ હોય, અને ધર્મની મર્યાદાને માટે મૌન્ય ધારણ કરે. અર્થાત્ પાપીઓને પાપથી અટકાવે નહિ તથા તેમનાથી પોતાનો સંબંધ પણ તોડે નહિ, તો તે પણ મોટી મૂર્ખતા છે. માટે જ્યાંસુધી આ મનુષ્યના હૃદયમાં ઐકયતાની સ્થિતિ દૃઢ ન થાય, અને કુસંગી પુરૂષોને ખરાબ જાણી તેમની મિત્રતાનો ત્યાગ ન કરે, ત્યાંસૂધી તેનો ધર્મજ દૃઢ નથી એમ જાણવું. જેમ કોઇ પુરૂષનો કોઇ મિત્ર હોય તેને કોઇ ગાળો આપે અને તે તે સાંભળી રહે, ત્યારે સમજવું કે આની તેની સાથે મિત્રતાજ નથી. વળી પાપી મનુષ્યો કહ્યા છે, તેમાં પણ ભિન્ન ભિન્ન પ્રકાર હોય છે. અને તેના પ્રત્યે શિક્ષાપણ અધિકાર પ્રમાણે થવી જોઇએ. એક એવા મનુષ્ય હોય છે કે જે પરમેશ્વરને માનતા નથી, અને પરલોક વિષે તે શ્રદ્ધા રા-

અતા નથી. તથા હમેશાં તમોગુણમાં પડયા રહે છે એવા મનુષ્યોથી જિજ્ઞાસુ-જનોએ સમાગમ કરવો યોગ્ય નથી. કેમકે મોટા દેવો અને અવતારી પુરૂષોએ શાસ્ત્રોએ કરીને પણ તેમના પ્રત્યે પ્રહાર કર્યા છે. (છતાં તેઓ સન્માર્ગમાં આવ્યા નથી.) માટે તેમની સાથે કંઇપણ વ્યવહાર રાખવો અયોગ્ય છે. વળી જે લોકો અન્યજનોને સત્કર્મોથી ભ્રષ્ટ કરે અને સ્વકલ્પનાએ કરીને નાસ્તિકવાદીઓના મતને મજબૂત કરે, એવા મનુષ્યો સાથે સંબંધ રાખવો યોગ્ય નથી, એટલુજ નહિ પણ તેમનો અનાદર કરવો વધારે લાયક છે; કે જેથી તે જોઇને તેમનાપરથી લોકોની શ્રદ્ધા દૂર થાય વળી જે લોકો અન્યજનોને ભ્રષ્ટ કરતા નથી પણ માત્ર પોતેજ સત્કર્મોથી હીન રહે છે; તેમના પ્રત્યે પ્રકટ અનાદર દર્શાવવો યોગ્ય નથી, તેમ તેમની મિત્રતા કરવી પણ યોગ્ય નથી. જે પુરૂષો નિંદા, જુઠ, કપટ, દુર્વચન, અને અનીતિએ કરીને લોકોને દુઃખ દે છે, તેમની સાથે કઠોરતા તથા વિરક્તતા કરવીજ સારી છે. અને પ્રીતિ કરવી અયોગ્ય છે. વળી જે મનુષ્યો વિષયી હોય, અથવા દારૂડીઆ હોય, તેમ છતાં તેઓ કોઇને દુઃખ દેતા ન હોય અને જો કાંઇક શ્રદ્ધાળુ હોય, તો તેમને ઉપદેશ કરવો વધારે લાયક છે, પરંતુ જ્યારે તેઓ શ્રદ્ધાવાન ન હોય ત્યારે તો તેમનાં કર્મોથી લજ્જા પામીને તેમના પ્રત્યે આપણી આંખો મીંચવીજ સારી છે.

સર્ગ. ૨ જો

સંગતિ અને અધિકારનું વર્ણન.

બધાં મનુષ્યો મિત્રતા કરવાને યોગ્ય હોતાં નથી, માટે જિજ્ઞાસુજનોને યોગ્ય છે કે જેમાં નીચે લખ્યાં ત્રણ લક્ષણો જોવામાં આવે તેની સાથે મિત્રતા કરવી.

૧ તેમાં પહેલું લક્ષણ એ છે કે તે મનુષ્ય બુદ્ધિમાન હોવું જોઇએ, કારણ કે મૂર્ખની મિત્રતા નિષ્ફળ થાય છે, તથા તેની મિત્રાઇનો નિભાવ પણ થતો નથી. વળી મૂર્ખ મનુષ્ય જ્યારે ઉપકાર કરવા ઇચ્છે છે ત્યારે મૂર્ખતાએ

કરીને એવું કર્મ કરે છે કે જેથી આપણું કામ બગડી જાય છે; તેમ છતાં તે એમ નથી જાણતો કે મેં આ કામ બગાડયું છે. માટે મૂર્ખની સોબતથી દૂર રહેવું એજ ભગવાનની સમિપતા છે, અને મૂર્ખને જોવો એ પણ પાપનું કારણ છે; પરંતુ મૂર્ખ તેને કહેવો કે જે સમજાવ્યા છતાં પણ કાર્યના ભેદને ન જાણે.

(૨) બીજું લક્ષણ એ છે કે જેનો સ્વભાવ કોમળ હોય તેની સાથે મિત્રતા કરવી ઉચિત છે. કેમકે જેનો સ્વભાવ કઠોર હોય છે, તે પોતાની કઠોરતાએ કરીને મિત્રતાને તોડી નાંખે છે.

(૩) ત્રીજું લક્ષણ એ છે કે જેની વૃત્તિ સત્કર્મોમાં દૃઢ હોય, તેજ મનુષ્ય મિત્રતાનો ઉત્તમ અધિકારી છે, કારણ કે પાપકર્મી મનુષ્યના મનમાં પરમેશ્વરનો ભય કંઇ હોતો નથી, તેથી જે માણસ પ્રભુના ભયથી રહિત હોય તેની સાથે પ્રીતીતિ કરવી મહા અયોગ્ય છે. આ વિષયમાં શ્રી ભગવાને પણ કહ્યું છે કે "જે માણસો મારા ભજનથી રહિત હોય, અને પોતાની વાસનાને આધીન વર્ત્તતા હોય, તેમની સાથે પ્રીતિ અને પ્રતીતિ ન કરો."

(૪) ચોથું—જે નાસ્તિકવાદી હોય તેની સંગત પણ કરવી યોગ્ય નથી; કેમકે તેની રહેણી કરણીનો પ્રવેશ આપણા હૃદયમાં પણ કાળે કરીને દૃઢ થઇ જાય છે; તેથી આપણે પણ તેના જેવા અપકર્મી થઇ જઇએ છીએ. નાસ્તિકવાદિઓનું એ પણ એક લક્ષણ છે કે તેઓ એમ બોલે છે કે કોઇને ધર્મનો ઉપદેશ કરવો યોગ્ય નથી, અને કોઇને પાપ તથા વિષયોથી અટકાવવા યોગ્ય નથી. કારણ કે લોકોની સાથે અમારે શું પ્રયોજન છે? આ વચન પણ મંદભાગ્ય અને દુઃખનાં બીજ છે, તથા તે સ્વેચ્છાચારીઓનાં ચિન્હરૂપ છે. માટે તેમની સંગતીનો ત્યાગ કરવો યોગ્ય છે. તેમનાં એ વચન તેમની મનની વાસનાનાં સાધક છે, તે જ્યારે દૃઢ નિશ્ચયરૂપ થઇ જાય છે, ત્યારે તેઓ પ્રત્યક્ષ રીતે નિર્લજ થઇને અકૃત્યો કરવા મંડી જાય છે.

આ વિષયમાં એક સંત પુરૂષે કહ્યું છે કે "પાંચ પ્રકારનાં મનુષ્યોની સોબત કરવી નહિ.

(૧) જુઠા મનુષ્યની સોબત ન કરવી કેમકે જુઠું બોલું માણસ હમેશાં કપટ કરીને દગો કરે છે.

(૨) જે પુરૂષ મૂર્ખતાએ કરીને આપણો લાભ ખોઇ દે છે, તેની સોબત ન કરવી.

(૩) કૃપણ મનુષ્ય જે આપણી શુભ અવસ્થાને વ્યર્થ કરી નાંખે તેની સોબત ન કરવી.

(૪) પુરૂષાર્થથી હીન છે તે આપણું કોઇ કાર્યનો નિભાવ કરી શકતો નથી. તેની સોબત ન કરવી.

(૫) લંપટ વિષય ભોગી જે આપણી મિત્રતા એક કોળીય (અલ્પપુખ) ને બદલે વેચે છે તેની સોબત ન કરવી. લોકોએ પૂછ્યું કે "કોળીઆને બદલે અલ્પ વેચવું શું છે?" ત્યારે તે સંતે કહ્યું કે "લોભે કરીને કોળીઆનો અંગીકાર કરે છે, અને આપણી મિત્રતાનો ત્યાગ કરે છે. તેથી તે મિત્રતાને કોળીઆ સમાન પણ ગણતો નથી."

વળી એક બીજા સંતે કહ્યું છે કે "હું કઠોર ચિત્તના વિદ્વાન કરતાં કોમળ ચિત્તના ભોગી પુરૂષની સંગતિને ઉત્તમ માનું છું."

બધાં મનુષ્યોમાં શુભ ગુણ હોવા દુર્લભ છે, તેથી પ્રથમ સંગતિનું પ્રયોજન જાણવું જોઇએ. જેમ આપણને કેવળ શુભ ગુણોનુંજ પ્રયોજન હોય ત્યારે કોમળ અને ધીર મનુષ્યોની સોબત કરવી; તેમ જ્યારે કંઇ દ્રવ્યનું પ્રયોજન હોય ત્યારે ઉદાર પુરૂષોની સમીપે જવું એજ પ્રમાણે સર્વ મનુષ્યોના સ્વભાવ ભિન્ન ભિન્ન હોય છે. એક પ્રકારના પુરૂષોની સોબત આહારની રીતે હોય છે, અર્થાત્ તેમનો મેળાપ હમેશાં જોઇએ; તેમ એક પ્રકારના પુરૂષોનો સંગ ઔષધીની પેઠે જોઇએ અર્થાત્ તેમનો મેળાપ કોઇવાર થવે યોગ્ય છે; અને કેટલા એકની સોબત રોગની પેઠે છે. અર્થાત્ તેમનો મેળાપ ક્યારે પણ ન જોઇએ; દૈવયોગથી તેમનો સંયોગ પણ થઇ જાય તો ધૈર્ય તથા પુરૂષાર્થ કરી, તેમનાથી મુક્ત થવું જોઇએ; પરંતુ હમેશાં તો તેમનીજ સોબત કરવી. યોગ્ય છે, કે જેમના સંગથી પરસ્પર શુભગુણોનો લાભ

મિત્રતાના સંબંધ વિષે વર્ણન.

મિત્રતા અને પ્રીતિનો જે વ્યવહાર છે, તે સંબંધિયોના જેવો છે, એ-ટલા માટે મિત્રતાના સંબંધની યુક્તિઓ પણ જાણવી જરૂરની છે. એ વિષયમાં મહા પુરૂષ કહ્યું છે કે " પ્રીતિવંતજનોનો મેળાપ એવી રીતનો સુખદાયક હોય છે કે જેમ બંને હાથ એક બીજાની મલિનતા દૂર કરતા (ઉગારતા) રહે છે. માટે એવા મિત્રોની સોબત કરવી તે યુક્તીની સાથે હોય તો તે વધારે સારી છે. મિત્રના વિષયમાં.

(૧) પહેલી યુક્તિ એ છે કે " પોતાના મિત્રને ખાન, પાન, વસ્ત્ર ઇત્યા-દિક પોતા કરતાં અધિક શ્રેષ્ઠ આપવાં, વળી જો એકજ પોતાના ઉપયોગનો પ-દાર્થ હોય ને તે પોતાના મિત્રને જોઇતો હોય, તો પોતે પોતાની અભિલાષાનો ત્યાગ કરીને મિત્રને તે અવસર આપી તેની મ. કામનાને પૂર્ણ કરવી. તેમ પોતાનાં દ્રવ્ય અને સામગ્રીને પોતાથી મિત્રને ભિન્ન ન જાણે. તથા વગર કહે પણ તેના કાર્યમાં સાવધાન રહે. જ્યારે મિત્રને કંઇ વસ્તુ માગવાની જરૂર પડે. અને તે તેની માગણી ઉપર લક્ષ ન આપે, તો તેથી પ્રીતિમંદ પડી જાય છે, કારણ કે તેનું હૃદય તે મિત્રની જરૂરીઆત અને સહાયતાથી રહિત છે. અને એમ થવાથી તે પ્રીતિ દેખાદેખી માત્ર રહે છે. ખરી પ્રીતિ કહેવાતી નથી.

દૃષ્ટાંત. (૧) બે પ્રેમી પુરૂષો પરસ્પર મિત્રતા રાખતા હતા, તેમાંના એકે બીજાને કહ્યું કે " આજ મને ચાર હજાર રૂપિઆ જોઇએ છીએ." ત્યારે બીજાએ કહ્યું કે " બે હજાર લઇ જા " ત્યારે પહેલાએ કહ્યું કે " તને શરમ આવતી નથી ? કે તું મિત્રતાનો દાવો કરે છે, અને મારા કરતાં રૂપિયાને વધારે પ્રિય ગણે છે. ! !

(૨) કોઇ એક શહેરમાં કેટલાક પ્રેમી પુરૂષો રહેતા હતા. ત્યાં કોઈ ચા-ડીઆએ રાજાને જઇને કહ્યું કે " તે સર્વ લોકો શાસ્ત્ર મર્યાદાનું ઉલ્લંઘન કરી દુરાચાર કરે છે; અને લોકોને ભ્રષ્ટ કરે છે." તેથી રાજાએ તે સર્વને પકડાવી મંગાવીને મારી નાંખવાની આજ્ઞા કરી. પછી જ્યારે તેમને મારવા લાગ્યા, ત્યારે એક મિત્ર સૌથી આગળ જઇને કહેવા લાગ્યો કે " પ્રથમ મને મારો ' ત્યારે રાજાએ તેને પૂછ્યું કે " તું બીજા પા કરતાં વડેલો મરવાને આગળ શા માટે

પડે છે ?" ત્યારે તેણે કહ્યું કે "દેહાંતની સજાને પ્રાપ્ત થએલા બધા મારા પ્રીતમ છે, માટે હું એમ ચાહું છું કે-"મારા આયુષ્યની કંઇપણ પળો એમના આયુર્બલ ઉપર નિછાવર કરૂં ?" ત્યારે રાજાએ (સીહર્ષાશ્રુ) કહ્યું કે "જેમના હૃદયમાં આવી પ્રીતિ અને પ્રતીતિ છે તેમને મારવા એ યોગ્ય નથી." એમ કહી તે બધાને તરત છોડી મૂકયા.

(૩) એક મિત્ર પોતાના બીજા મિત્રને ઘેર ગયો, પણ તે વખતે તે ઘણી ઘરમાં હાજર નહોતો; ત્યારે તે (આવનાર) મિત્ર તેની દાસીને બોલાવીને પૈસા રાખવાની નાની પેટી મંગાવી, તે પોતાની મેળે ઉઘાડીને તેમાંથી જોઇતું ધન લઇ લીધું. પછી તે મિત્ર જ્યારે ઘેર આવ્યો, ત્યારે તે બાઇએ તે વાત પોતાના સેઠને કહી, તેથી તે ઘણોજ રાજી થયો. અને તે ખરીદેલી દાસીને દાસત્વથી મુક્ત (સ્વતંત્ર) કરી દીધી.

(૪) કોઇ એક સંતની પાસે એક પુરૂષ આવીને કહેવા લાગ્યો કે "હું આપની સાથે મિત્રતા કરવા ઇચ્છુ છું." ત્યારે તેમણે કહ્યું કે "તું મિત્રતાની રીતીને જાણે છે ?" ત્યારે તેણે કહ્યું કે "એવું તો હું કંઇ જાણતો નથી." ત્યારે તે સંતે કહ્યું કે "મિત્રતાની રીતી એ છે કે તારાં જે ધન અને બીજા સર્વ પદાર્થ હોય તેમાં મારા કરતાં વધારે પ્રીતિ ન રાખવી, એ મિત્રતની સંપૂર્ણ રીત છે." ત્યારે તેણે કહ્યું કે-"મને એવી સ્થિતિ પ્રાપ્ત થઇ નથી." સંતે કહ્યું "ત્યારે તું મિત્રતાનો અધિકારી પણ થયો નથી, માટે ઘેર જા."

(૫) એકવાર આચાર્ય મહારાજ વન વિષે ગયા હતા, ત્યાં એક બીજો સોબતી પણ તેમની સાથે હતો. તે સમયે મહા પુરૂષે એક વૃક્ષમાંથી બે દાતણ કાપ્યાં, તેમાંથી જે સીધું અને કોમળ દાતણ હતું તે પોતાના સોબતીને આપ્યું અને જે વાંકું અને કઠણ હતું તે પોતે રાખ્યું. ત્યારે પેલાએ પૂછ્યું કે "મહારાજ ! આપે આ સીધું ને કોમળ દાતણ કેમ ન લીધું ?" ત્યારે તેમણે કહ્યું કે "ભાઇ ! જો એક ક્ષણ પણ કોઇની સોબત કરીએ, તોપણ તેની મિત્રતાનો નિભાવ કરવો યોગ્ય છે. અને મિત્રતાના નિભાવની રીત એ છે કે-પોતાના કરતાં પોતાના મિત્રને અધિક સુખ આપવુ.")

(૨) બીજી યુક્તિ એ છે કે સર્વ કાર્યોમાં સહાયતા કરે અને મિત્રના કહ્યા વિના પણ તેના કાર્યમાં સાવધાન રહે, તેમ ચિત્તની પ્રસન્નતા સાથે વર્તન કરે. પહેલાં એવા પ્રેમી પુરૂષો થયા છે કે તેઓ પોતાના મિત્રના કાર્યને પોતાનાં સ્ત્રી પુત્રાદિક સંબંધીઓનાં કાર્યો કરતાં પણ અધિક જાગૃત હતા. એ ઉપર એક સંત પુરૂષે કહ્યું છે કે—ઇશ્વરની ભક્તિના માર્ગના મિત્રો મને મારાં સ્ત્રી પુત્રાદિકથી પણ અધિક પ્રીતમ છે, કારણ કે તેઓ ધર્મની દ્રઢતામાં સચેત કરવાવાળા છે. ”

એક બીજા સન્તે કહ્યું છે કે જ્યારે મારી સાથે મારા શત્રુને કંઇ પ્રયોજન હોય છે. ત્યારે હું તેમનું કામ પણ તરત કરવા ઇચ્છું છું, તો પછી હું મારા મિત્રોના કામમાં શી રીતે સાવધાન જાઉં ? “ થયા વિના રહું ? ”

(૩) ત્રીજી યુક્તિ એ છે કે જિન્હાએ કરીને મિત્રના ગુણોનુંજ વર્ણન કર્યા કરે, અને અવગુણને ગુપ્ત રાખે. જ્યારે કોઇ માણસ તેના મિત્રની નિંદા કરે, ત્યારે તેને પણ અટકાવે. અને એમ જાણે કે હમણાં પણ મારો મિત્ર મારી પાસે હાજર છે; તેથી જેમ મિત્રની સમીપમાં વાત કરે છે, તેમજ પાછળથી પણ મિત્રનું ભલું ઇચ્છે છે. વળી મિત્રની કાંઇ વાત કે વચન સાંભળી તેનું ખંડન ન કરે, તેમ તેની જે ગુપ્ત વાત હોય તેને પણ પ્રકટ ન કરે. તે મિત્ર જ્યારે તેના કોઇ કાર્યમાં અવજ્ઞા કરે, તોપણ તેને કંઇ કહે નહિ અને તેના ઉપર રોષ પણ ન કરે. પણ મનમાં એમ સમજે કે આ મનુષ્ય તો સદાય ભૂલોજ કરે છે, તેમ મારાથી પણ ભગવાનની ભક્તિમાં કેટલીએ ભૂલો થઇ જતી હશે, એમ સમજીને પોતાના ક્રોધનો ત્યાગ કરે. વળી જે માણસ હમેશાં એવાજ માણસને શોધે કે જેમાં કોઇપણ પ્રકારની અચેતતા કે અવગુણ કાંઇ ન હોય. તો તે વાત પણ મહા દુર્લભ છે. અને એથી કરીને માણસ કોઇની સાથે પ્રીતિજ નહિ. કરે, તેથી તે મિત્રાઇથી અભાસ રહેશે એ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે “ પ્રતિમાન મનુષ્યો ગુણની તરફજ નજર રાખે છે. ” અને જ્યારે કોઇ મિત્રજનોના કાંઇ અવગુણ દેખે છે, ત્યારે એમ સમજે છે. કે અકસ્માત કોઇ કારણે કરીને એનાથી એ અવજ્ઞા થઇ ગઇ હશે. અને જે કપટી મનુષ્યો છે તેઓ હમેશાં અવગુણની તરફજ જુએ છે;

માટે આપણને યોગ્ય છે કે જેનામાં એક પણ ગુણ જોઇએ તો તેના દશ અવગુણોનો પણ વિચાર ન કરવો. એ પર વળી આચાર્ય મહારાજે કહ્યુ છે કે– "કુસંગી પુરૂષોથી ભગવાનજ રક્ષણ કરે." કુસંગી મિત્ર તે છે કે જે મિત્રના અવગુણોને જોઇને પ્રસિદ્ધ કરે છે, અને શુભ ગુણોને ગુપ્ત રાખે છે એટલા માટે મિત્રના અવગુણોનો વિચાર ન કરવો અને તેને માટે સારાં અનુમાન કરવાં, એ યોગ્ય છે. કારણ કે મિત્રા માટે ખરાબ અનુમાન કરવાં એ મહા નિંદવા યોગ્ય છે. એ વિષે એક સંતે પણ કહ્યું છે કે "મિત્રના અવગુણોને પ્રસિદ્ધ કરવાનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ પોતાના મિત્રને સૂતેલો જાણીને તેનાં વસ્ત્ર ઉતારી લેઇ તેને નગ્ન કરે. એ કામ જેવુ નિંદ્ય છે, તેમજ મિત્રના અવગુણ પ્રસિદ્ધ કરવા, એ તેના કરતાં પણ વધારે નિંદવા યોગ્ય છે. તેટલા માટે બુદ્ધિમાનોએ કહ્યું છે કે જેમ ઇશ્વર તારા ગુણો તેમજ અવગુણોને પ્રગટ કરતા નથી, તેવીજ રીતે મિત્ર એ છે કે જે મિત્રના અવગુણો જાણતા છતાં પણ તેને પ્રગટ કરતો નથી, તેવાની સોબત કરવી કલ્યાણકારક છે. એ વિષે એક વાર્તા છે કે–કોઇ મિત્રે પોતાના મિત્ર પાસે પોતાનો ગુપ્ત ભેદ પ્રગટ કર્યો હતો, અને પછી તેને કહ્યું કે–"તમારે આ વાત મનમાંજ રાખવી" ત્યારે તે મિત્રે કહ્યું કે "મેં તો તે વાત વીસારીજ દીધી છે." એટલા માટે કે લોભ ક્રોધ અને પોતાની વાસનાએ કરીને અથવા બીજા કોઇ પ્રસંગ આવી પડવાથી જે મિત્રોનો અકસ્માત્ ત્યાગ કરે છે, તે મિત્રતાનો અધિકારી થતો નથી. માટે મિત્રતાની યુક્તિ એ છે કે "પોતાના મિત્રના ગુહ્ય ભેદને પ્રગટ ન કરવો? તેમ તે મિત્ર પાસે બીજા કોઇની પણ નિંદા ન કરવી, તેમ જુઠું પણ ન બોલવું, મિત્રના વચનનું ખંડન પણ ન કરવું, અને કોઇ કામ મિત્રથી ગુપ્ત ન રાખવું. મિત્રના વચનથી વિરૂદ્ધ બોલી તેનું ખંડન કરવાથી મિત્રતાનો તરત નાશ થાય છે, કારણ કે મિત્રના વચનથી ઉલટુ બોલવાનો અર્થ એ છે કે આપણે તેને મૂર્ખ અને પોતાને બુદ્ધિમાન્ બતાવીએ છીએ. માટે તે મિત્રતાનું ચિન્હ નથી. એ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "જ્યારે તારો મિત્ર તને કહે કે–'ઉઠી ઉભો થા' ત્યારે એમ પણ પૂછવું યોગ્ય નથી કે 'કયાં ચાલશુ?' કારણ કે પ્રીતની ઉત્તમ રીત એ છે કે આપણું સર્વ કર્ત્તવ્ય મિત્રની આજ્ઞા અને પ્રસન્નતા પ્રમાણે થવું જોઇએ.

(૪) ચોથી યુક્તી એ છે કે હમેશાં મિત્રની પ્રશંસા કરવી, અને મધુર વચને કરીને તેના શુભ ભેદને પૂછી લેવો. અને આનંદ તેમજ શોક બંનેમાં એક સરખી રીતે તેના ભાગીદાર થવું, એનો અર્થ એમ છે કે મિત્રના આનંદ અને શોકને પોતાથી જુદા ન જાણવા. મિત્રને સારી વાણીએ કરીને બોલાવવો. અને તેનાથી જ્યારે પોતા પ્રત્યે કંઈ ઉપકાર થએલો દેખાય ત્યારે પ્રસન્ન થવું. અને પરમેશ્વરનો ઉપકાર માનવો.

(૫) પાંચમી યુક્તિ એ છે કે-મિત્રોને પરસ્પર સ્વધર્મનું જ્ઞાન આપવું. કારણ કે સંસારનાં દુઃખો કરતાં પરલોકનાં દુઃખોથી મિત્રોની રક્ષા કરવી એ વધારે લાયક છે. તેટલા માટે શુભ કર્ત્તવ્યમાં જો કાંઈ અવજ્ઞા કરે, તો તેને સારો ઉપદેશ આપીને ધર્મ વિષયમાં દૃઢ કરવો, અને ઈશ્વરના ભયનો નિશ્ચય તેના મનમાં દૃઢાવવો. પરંતુ મિત્રને એકાંતમાં ઉપદેશ કરવો યોગ્ય છે, કારણ કે પ્રકટમાં શિક્ષા કહેવાથી તેનું અપમાન થાય છે, તેથી મિત્રને કોમળતા અને દયા સહિત ઉપદેશ આપવો. એ વિષયમાં આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "પ્રીતિમાન મનુષ્યોનું દર્પણ પ્રીતિમાનજ થાય છે." એનો અર્થ એમ છે કે તેઓ પરસ્પર પોતાના અવગુણોને જોઈ શકે છે, તેથી એકાંત સ્થળમાં મિત્રને દયાએ કરીને સમજાવવો. અને તે મિત્રે પણ તેનો ઉપકાર માનવો. પણ તેનાપર ક્રોધ ન કરવો, એ યોગ્ય છે. જેમ કોઈના વસ્ત્રમાં સર્પ હોય, અને તેને તે જોતો નહોય, ત્યારે કોઈ મિત્ર તેને જણાવે કે "તારા વસ્ત્રમાં સર્પ છે." તો તેથી તે મિત્રને ક્રોધાયમાન થવું યોગ્ય નથી, પણ તેનો ઉપકાર માનવો યોગ્ય છે. તેમજ સર્વ પ્રકારના મલિન સ્વભાવ એ સર્પ જેવા હોઈને જીવને ડંખ દેવાવાળા છે તેની પ્રતિતી પરલોકમાં પ્રત્યક્ષ થશે માટે જે પુરૂષ આપણા અવગુણ દેખાડે તે આપણો પરમ મિત્ર છે એમ સમજવું. એ વિષે એક વાત છે કે-એક પ્રીતિમાન સંતની પાસે બીજો એક સંત આવ્યો અને તેને પૂછવા લાગ્યો. કે "હે મિત્ર! તેં મારો કયો ખરાબ સ્વભાવ સાંભળ્યો છે.? ત્યારે તેણે કહ્યું કે "એ વાત તું મને પૂછ નહિ." ત્યારે વળી તેણે અતિ નમ્રતાથી કહ્યુ કે "તું સંકોચનો ત્યાગ કરી મને મારા અવગુણ બતાવ. ત્યારે તે સંતે કહ્યું કે "મેં તારામાં આહાર અને વસ્ત્રની અધિકતા સાંભળી છે. આ

સાંભળીને તેણે કહ્યું કે 'હવે હું તેમ નહિ કરૂં, પણ હજુ બીજું કંઇ સાંભળ્યું હોય તો તે પણ કહો. ત્યારે તેણે કહ્યું કે "મેં બીજો તો તમારો કોઇ અવગુણ સાંભળ્યો નથી." એ વિષે આચાર્ય મહારાજે કહ્યું છે કે "જે પુરૂષ ઉપદેશ કરવાવાળાને પોતાનો પ્રિયતમ તરીકે નથી રાખતો, તેની બુદ્ધિપર અભિમાનની પ્રબલતા છે, એમ સમજવું." એટલા માટે મિત્રને સપ્રેમ ધર્મ ઉપદેશ કરવો, અને પાપથી બચાવવો. યોગ્ય છે પરંતુ જ્યારે તે મિત્ર તમારાજ કોઇ કામમાં અવજ્ઞા કરે, ત્યારે તેને ક્ષમાજ કરવી યોગ્ય છે. વળી જ્યારે એ અવજ્ઞા થઈ જાય કે, તેનાથી મિત્રતાનો નાશ થવાનો સંભવ હોય ત્યારે એકાંતમાં સમજણ આપવી યોગ્ય છે, પણ મિત્રતાનો ત્યાગ કરવો યોગ્ય નથી. પરંતુ જ્યારે તે મિત્ર કોમળ વચનોથી ન સમજે અને હૃદયના ક્રોધે કરીને કઠોર વચન કહેવાની જરૂર પડે, ત્યારે તો તેની મિત્રતાનો ત્યાગ કરવો એજ વિશેષ છે; કારણ કે મિત્રતા અને સંગતિનું પ્રયોજન એજ છે કે પરસ્પર શુભ ગુણોની વૃદ્ધિ કરવી, અને સહનશીલતા પ્રાપ્ત થાય. માટે જ્યારે મિત્રતામાં સ્વભાવની કઠોરતા થવા લાગે, ત્યારે તેનો ત્યાગ કરવોજ ઉત્તમ છે.

(૬) છઠ્ઠી યુક્તિ એ છે કે પોતાના મિત્ર માટે પરમેશ્વર પાસે પ્રાર્થના કરવી, અને તેમનું કલ્યાણ ઇચ્છવું. એ વિષે આચાર્ય મહારાજે કહ્યું છે કે "જ્યારે કોઇ મનુષ્ય પોતાના મિત્રને માટે પ્રાર્થના કરે છે. ત્યારે તેનું પોતાનું પણ સારૂં થાય છે."

(૭) સાતમી યુક્તિ એ છે કે મિત્રોની મિત્રતાનો નિભાવ કરવો. નિભાવનો અર્થ એ છે કે "જ્યારે કોઇ માણસ તેના મિત્રની નિંદા કરે, ત્યારે તે નિંદકજનને પોતાનો શત્રુ સમજવો. અને તે નિંદા સાંભળી પોતાના મિત્રની મિત્રતાનો ત્યાગ ન કરવો.

(૮) આઠમી યુક્તિ એ છે કે મિત્રતામાં દંભ ન રાખવો. અર્થાત્ મિત્રનાં ઘણાં વખાણ કરવાં અને પોતાનો પ્રેમ પ્રત્યક્ષ બતાવવો, એ બધું નિંદ્ય છે, અને તેથી દંભ જણાય છે, માટે જેમ પોતે પોતાનાં વખાણ કરવા કોઇ ઇચ્છતો નથી. તેમજ મિત્રનાં પણ સમાનતા તથા કોમળ હૃદયનીજ પ્રીતિ હોવી જોઇએ.

એ વિષયમાં એક સંતે કહ્યું છે કે "જે મિત્રનું મન સાચવવાને માટે કંઈ ઉદ્યમ અને ક્લેશ કરવો પડે તે મિત્ર પણ સારો (યોગ્ય) સમજવો નહીં.

(૯) નવમી યુક્તિ એ છે કે પોતાને પોતાના મિત્રથી ઉતરતો સમજવો. અર્થાત્ મિત્ર તરફથી ઉપકાર અને સેવાની ઇચ્છા ન રાખવી. એ વિષે એક વાત છે કે કોઈ પુરૂષે એક સંતનાં પાસે ઘણીવાર કહ્યું કે 'આ સમયમાં ધર્મ માર્ગનો પ્રીતમ મળવો મહા દુર્લભ છે. ત્યારે તે સંતે કહ્યું કે "તું એવા મિત્રને ઇચ્છતો હોય કે જે સર્વ પ્રકારથી તારો સેવક થાય. પણ તું તેનો સેવક ન થાય તો એવો મિત્ર તો નિઃસંદેહ જગતમાં મળવો દુર્લભ છે; વળી જો તું સેવક થવા ચહાતો હો તો તારા સ્વામી થવાવાળા તો આ સમાજમાં ઘણા છે." એટલા માટે બુદ્ધિમાનોએ એમ કહ્યું છે કે જે પોતાને પોતાના મિત્રથી શ્રેષ્ઠ જાણે છે, તે પાપી થાય છે, અને જ્યારે મિત્રને પોતાના સરખો જુએ છે, ત્યારે પણ તે દુઃખી થાય છે, પરંતુ પોતાને જ્યારે સર્વથી ઉતરતો માને છે, ત્યારેજ તે ઉત્તમ લાભને પામે છે.

સર્ગ ત્રીજો.

સંસારી મિત્રો અને સમ્બન્ધિઓ અને પડોશિયો અને દાસોના મેળાપનું વર્ણન.

કોઈનો સંબંધ જેટલો વ્યવહારમાં અધિક હોય છે, તેટલોજ તેનો નિભાવ કરવો પ્રમાણ છે. પણ બધા સંબંધો કરતાં જે ઉત્તમ સંબંધ છે તે ભગવત્ માર્ગની મિત્રતા છે, અને તે મિત્રતાની યુક્તિ મેં પૂર્વે વર્ણન કરી છે, વળી જે માણસની સાથે અધિક પ્રીતિ ન હોય, અને કંઇ એક સાત્વિક ધર્મનો સંબંધ થાય તો તેના મેળાપ વિષે પણ કંઇક યુક્તિઓ જોઇએ.

(૧) લી યુક્તિ એ છે કે જે પદાર્થ પોતાને અનિષ્ટ હોય, તે પદાર્થની પ્રાપ્તિ બીજાને માટે પણ ન ઇચ્છે તેના ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે

કે "સર્વ જીવોનો સંબંધ એક શરીરનાં અંગોની પેઠે છે." તે જ્યારે એક અંગને કાંઇ દુઃખ થાય છે, ત્યારે સર્વ શરીરને તે દુઃખ થાય છે, માટે કોઇ પણ જીવને દુઃખ થાય એવી ઇચ્છા ન કરવી.

(૨) બીજી યુક્તિ એ છે કે મન, વાણી, અને કાયાવડે કોઇ પ્રાણીને દુઃખ દેવું નહિ. એપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "જે પુરૂષની વા-
૫ સનાથી કે હાથોથી કોઇ દુઃખ ન પામે, તે ધર્મવાન્ કહેવાય છે." માટે પોતાની જીભ અને કર્મને એવી મર્યાદામાં રાખવાં કે કોઇ પ્રકારે કોઇ મનુષ્યને દુઃખ ન થાય.

(૩) ત્રીજી યુક્તિ એ છે કે "અભિમાને કરીને પોતાને કોઇથી મોટો ન જાણે" કેમકે અભિમાની મનુષ્ય ભગવાન તરફથી વિમુખ હોય છે. એ ઉપર આચાર્ય મહારાજને આકાશ વાણી થઇ હતી કે "હીનતા અને નમ્રતા અંગીકાર કરો, અને અભિમાન છોડી દો. એટલે કોઇને નીચ ન જાણો શાથી કે જેને તે નીચ જુએ છે, તે કદાચ કોઇ સન્ત હોય, અને એને તે ઓળખી ન શકે એમાં શું આશ્ચર્ય છે? કેમકે ઘણા સન્તો એવા ગુપ્ત રહે છે કે તેને ભગવત વિના બીજું કોઇ જાણતું નથી.

(૪) ચોથી યુક્તિ એ છે કે જ્યારે કોઇ એને કોઇની નિંદા સંભળાવે, ત્યારે તે સાંભળે નહિ. શાથી કે યથાર્થ પુરૂષનાં વચન ઉપર પ્રતીતિ કરવી પ્રમાણ છે. પણ નિન્દક પુરૂષ યથાર્થી હોતો નથી. એ ઉપર એક સંતે કહ્યું છે કે "પિશુન અને નિન્દક અવશ્યજ નરકગામી થાય છે." અને એમ પણ જાણવું જોઇએ કે જે પુરૂષ પ્રયોજન વિના કોઇનું છિદ્ર તને સંભળાવે છે, તે તારૂં છિદ્ર પણ લોકોની પાસે અવશ્ય વર્ણન કરશે.

(૫) પાંચમી યુક્તિ એ છે કે બધાને પ્રથમજ પ્રણામ કરવા, અને કોઇની સાથે વિરોધ ન રાખવો, અને ક્રોધનો કીનો (વેરવૃત્તિ) રાખીને કોઇથી મૌન પણ ન રહેવું. એટલે જ્યારે કોઇથી કંઇ અવજ્ઞા થઇ જાય તોપણ ક્ષમાજ કરે.

(૬) છઠ્ઠી યુક્તિ એ છે કે "સૌ કોઇની સાથે યથાશક્તિ ભાવ અને ઉપકાર કરે, અને તેની ભલાઇ બુરાઇ તરફ ન જુએ. શાથી કે "જો તે ઉપ-

કારનો અધિકારી નથી, તોપણ તું તો ઉપકાર કરવાને અધિકારી છું. માટે તુંજ ઉપકારક છ. " અને ધર્મની દૃઢતા એજ છે કે બધા ઉપર દયા કરવી.

(૭) સાતમી યુક્તિ એ છે કે આપણાથી મોટા હોય તેમને જોઇને રાજી થવું તથા તેને મોટા માનવા, અને પોતાથી જે નાના અથવા ઉતરતા હોય તેના ઉપર દયા કરવી. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે "જ્યારે કોઇ પોતાથી મોટાની મોટાઇ રાખે છે, ત્યારે તેની વડાઇ પરમેશ્વર બીજાઓ પાસે રખાવે છે."

(૮) આઠમી યુક્તિ એ છે કે-સૌની સાથે પ્રસન્ન મુખથી મળવું, વચન પણ મીઠું બોલવું;

(૯) નવમી યુક્તિ એ છે કે કોઇને કંઇ વચન આપ્યું હોય તો તે પાળવું. એ ઉપર સંત પુરૂષે કહ્યું છે કે "જ્યારે કોઇ પુરૂષ વ્રત અને ભજનમાં સાવધાન હોય પણ આ ત્રણ અપલક્ષણ તેમાં જોવામાં આવે કે મોઢેથી જુઠું બોલે, આપેલું વચન પાળે નહિ, અને તે ચોર પણ હોય, ત્યારે તે પ્રીતિમાન્ નહિ કહેવાય. અને તેનું ભજન પણ પાખંડને વાસ્તે હોય છે."

(૧૦) મી યુક્તિ એ છે કે-કોઇના છિદ્રને પ્રગટ ન કરવું. શાથી કે બીજાનાં છિદ્રો ગુપ્ત રાખવાથી તેનાં પાપોને પણ પડદો થાય છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે "તમારો ધર્મ ત્યારેજ દૃઢ થશે કે જ્યારે તમે લોકોના અવગુણોને ઢાંકશો અને કોઇના છિદ્રની ખોળ નહિ કરો." શાથી કે જ્યારે કોઇ કોઇનું છિદ્ર ઉઘાડું કરે છે, ત્યારે ભગવાન્ તેનાં પણ છિદ્ર ઉઘાડે છે જ્યારે કોઇ બીજાના પાપનું વર્ણન કરતો હોય, ત્યારે પણ ધ્યાન આપી શ્રવણ ન કરવું.

(૧૧) અગીઆરમી યુક્તિ એ છે કે પોતે પણ ખરાબ કામ ન કરવું શાથી કે જ્યારે આપણું કુકર્મ પ્રકટ થાય છે, ત્યારે કેટલાક લોકો આપણી નિંદા કરે છે. અથવા આપણને જોઇને તેમનું મન ચંચળ થાય છે. ત્યારે તેણે કરીને તેપણ અધિક પાપી થાય છે.

(૧૨) બારમી યુક્તિ એ છે કે જ્યારે તારાં વચને કરીને કોઇને સુખ થાય ત્યારે આળસ ન કરવી.

(૧૩) તેરમી યુક્તિ એ છે કે જ્યારે કોઇ બીજાને દુઃખ દે અથવા કોઇ બીજાનું ધન ચોરી લે, અને ધનવાળો પાસે ન હોય તોપણ તેના ધનની રક્ષા કરવી. શાથી કે જ્યારે તું કોઇ ગરીબ પુરૂષની સહાયતા કરે છે, ત્યારે ભગવાન તારા ઉપર સહાયતા કરે છે.

(૧૪) ચોદમી યુક્તિ એ છે કે જ્યારે કોઇ માણસ કુસંગમાં અટકી જાય અને બીજો તેને કુસંગમાંથી મુક્ત કરવા ઇચ્છે, ત્યારે તેને કોમલ વચન કહીને સમજાવવું. અને તેને જોઇને કઠોર વચન ન કહેવું.

(૧૫) પંદરમી યુક્તિ એ છે કે નિર્ધનોની સાથે પ્રીતિ કરવી. શાથી કે ધનવાનોની સોબતથી આપણને પણ અચેતતા પ્રાપ્ત થાય છે. એ કારણથીજ એક સંતે ઇશ્વરની પ્રાર્થના કરી કે "હે મહારાજ તમને હું કયાં ખોળું ?" ત્યારે આકાશ વાણી થઇ કે "જેના હૃદયમાં આધીનતા હોય તેના હૃદયમાંજ મારો વાસ છે.

(૧૬) સોળમી યુક્તિ એ છે કે "સર્વ લોકોને સર્વ પ્રકારનું સુખ આપવું. અને ઉદ્યમ કરીને પણ અર્થીજનોનો અર્થ પૂરણ કરવો. શાથી કે અર્થીયોની સેવા પણ ભગવત્‌ની સેવા છે. અને એક ઘડી પણ કોઇ અર્થીના કામમાં સાવધાન થવું, તે વર્ષની સમાધીથી વિશેષ છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "સબલ અને નિર્બલની સહાયતા કરો." ત્યારે લોકોએ પૂછયું કે સબલની સહાયતા શી રીતે કરીએ ? ત્યારે આચાર્ય મહારાજ બોલ્યા કે "ગરીબોના નિશ્વાસથી એમનું રક્ષણ કરવું કારણ કે તેઓ ગરીબોનાં મન દુખાવે નહિ, એ સમજુત આપવી. એજ એમની સહાયતા છે. અને એમ પણ કહ્યું છે કે "કોઇના મનને પ્રસન્ન કરવા સમાન બીજું કોઇ ભજનજ નથી." અને એમ પણ કહેલું છે કે—"બે લક્ષણ સર્વ ગુણોનું મૂળ છે.

(૧) હૃદયની પ્રતીતી (૨) જીવોને સુખ દેવું અને બે પાપ સર્વ પાપોનું મૂળ છે.

(૧) પ્રતીતિની હીનતા (૨) જીવોને દુઃખ દેવું. એ ઉપર એક વાર્તા

છે કે એક પ્રાંતિમાન્ રૂદન કરતો હતો, ત્યારે લોકોએ પૂછયું કે તું કેમ રૂદન કરે છે, ત્યારે તેણે કહ્યું કે એક પુરૂષે મારૂં મન દુખાવ્યું છે. તેથી હું એટલા માટે રૂદન કરૂં છું કે " પરલોકમાં જ્યારે તેને પૂછશે ત્યારે એ બિચારો શો જવાબ દેશે ?

(૧૭) સતરમી યુક્તિ એ છે કે જ્યારે કોઇને કાંઇ રોગ થાય ત્યારે તેની શુદ્ધ લેવી. કે કદાપી તેની સાથે આપણી મિત્રતા ન હોય, તોપણ રોગીની ખબર લેવી. એ પ્રમાણ છે. સર્વ પ્રકારે રોગી મનુષ્યની સેવા અને સહાયતા કરવી. એજ કલ્યાણનો માર્ગ છે.

રોગીને ઘટે છે કે જ્યારે કોઇ આવીને તેની ખબર પૂછે, ત્યારે ભગવાનને ધન્યવાદ આપે. અને દુઃખનું ઘણું વર્ણન ન કરે. અને એમ જાણે કે આ દુઃખથી મારાં પાપ ખંડિત થઇને નાશ પામશે. અને રોગ મટવો એ ઓસડને આધારે નથી માટે સર્વ પ્રકારે ભગવત્‌નો ભરોસો રાખે.

(૧૮) અઢારમી યુક્તિ એ છે કે જે રીતે ઉપરની યુક્તિયોનું જે વર્ણન કર્યું છે તે વિષે સાવધાન રહેવું અને એવા પડોસિયોપર પણ દયા રાખવી શાથી કે જેની સાથે વ્યવહારમાં આપણો અધિક સંબંધ હોય ત્યારે તેના મેળાપમાં પણ ભાવ અને દયા રાખવી પ્રમાણ છે. આપણી પાસે રહેનારાઓને પણ કોઇ પ્રકારે દુઃખ દેવું નહિ; અને તેની સાથે ભલાઇ કરવી. અથવા જ્યારે તેને નિર્ધન જુઓ, ત્યારે તેની ખબર લ્યો તેમજ સંબંધીયો અને દાસ દાસીયો ઉપર પણ સદા દયા કરવી. તાત્પર્ય એ કે સર્વ મનુષ્યોનો અધિકાર જોઇ કરીને વર્ત્તવું. અને જેની સાથે વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કંઇ નિકટતા હોય, તેની સાથે વર્તવાની યુક્તિને જાણવી કે એ કેટલો ભાવ, સત્કાર તથા ઉપકારને માટે અધિકારી છે ? પછી તેની સાથે તે પ્રમાણે વર્ત્તવું. ઇર્ષા, અભિમાન અને કૃપણતા આદિક મલિન સ્વભાવોથી રહિત થવું. અને કોઇના કૃતઘ્ની ન થવું. ભાવ, દયા અને સહન શિલતા વિષે પોતાનો આયુષ્ય પુરો કરવો. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે " જ્યારે કોઇ તમારો

વિરોધી થાય, ત્યારે પણ તેની સાથે તમે ભલાઈ કરો અને જ્યારે તમને કોઈ કંઈ આપે નહિ, ત્યારે તમે તેને કંઈપણ આપો.

સર્ગ. ૪ થો.

એકાંતનું વર્ણન.

આ વાર્તા વિષે પણ બુદ્ધિમાનોએ પરસ્પર ચર્ચા કરી છે, તેમાંથી કેટલાકે તો આચાર્યોની સંગતિને વિશેષ કહી છે. અને કેટલાકે એકાન્ત રહેવાનું પ્રમાણ કહ્યું છે. પણ જે જિજ્ઞાસુ અન્તર મુખ થયા છે, તેમણે એકાંતને અંગિકાર કરી છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે "જેણે ભોગોથી સંયમ કર્યો છે, તેનેજ ગતની કામના કંઇ રહી નથી; અને જેણે ઇર્ષાનો ત્યાગ કર્યો છે તે દયાવાન્ હોય છે. જેણે કોઇ દિવસ પુરૂષાર્થ કર્યો છે તે અવિનાશી સુખને પામ્યા છે. અને જેણે એકાન્તને અંગિકાર કરી છે, તે જગતની જંજાળોથી છુટયા છે."

એક બીજા સંતે કહ્યું છે કે "ભજનના અભ્યાસનું મૂળ મૌન અને એકાંત છે."

એક બીજા સંતે કહ્યુ છે કે "જે પુરૂષ મને પ્રણામ ન કરે, અને જ્યારે હું રોગી હોઉં ત્યાં આવીને મારી ખબર ન પૂછે, ત્યારે હું તેનો ઉપકાર માનું છું.

કોઇ જિજ્ઞાસુએ એક સંતને કહ્યું હતું કે "હું તમારી સંગત કરવાને ઇચ્છું છું." ત્યારે તેણે કહ્યું કે "જ્યારે હું મરી જઇશ ત્યારે તું કોની સાથે રહીશ."

ત્યારે તેણે કહ્યું કે "તો હું ભગવતને આશરે રહીશ." ત્યારે સંતે કહ્યું કે તું હમણાંજ ભગવતનો સંગી થા."

એ પ્રમાણે એકાન્ત અને સંગતોના મહિમા વિષે, એવાંજ ઘણાં વચન આવેલાં છે; પણ જ્યાંસુધી તેના ગુણ અથવા અવગુણને પ્રગટ કરાય નહિ, ત્યાંસુધી આ ભેદનું સમજવું કઠણ છે. તેથી હું એકાંતના (૬) છ ગુણોનું વર્ણન કરૂં છું. પછી સંગતીના (૬) ગુણ વર્ણવીશ.

(૧) પ્રથમ ગુણ એકાંતનો એ છે કે "ભજન અને વિચારની સિદ્ધતા એકાન્ત વિષે થાય છે. અંતે સર્વ ભજનનું મૂળ આ છે કે ભગવાનની કારીગરીનો વિચાર કરવો અને એથી પણ ઉત્તમ અવસ્થા આ છે કે "પોતાના ચિત્તની વૃત્તિને ભગવત્‌ના સ્વરૂપ વિષે લીન કરવી. અને પોતે સર્વ પદાર્થોનું વિસ્મરણ કરવું." તે એવી એકાગ્રતા એકાંત વિના સિદ્ધ થતી નથી. શાથી કે માયાના સર્વ પદાર્થ આ જીવને બદ્ધમાન કરવાવાળા છે. અને જિજ્ઞાસુની બુદ્ધિમાં એવું બળ ભાગ્યે હોય છે કે તે સંસાર વિષે નિર્લેપ રહે. માટે અભ્યાસને વાસ્તે એકાંતમાં રહેવું એજ સારૂં છે, કેમકે આચાર્ય મહારાજ પણ આદિ અવસ્થામાં પહાડની કંદરામાં જઇને રહ્યા હતા, પછી જ્યારે અભ્યાસવડે પૂર્ણ અવસ્થાને પામ્યા, ત્યારે એવા નિર્લેપ થયા કે શરીરે કરીને લોકોમાં રહ્યા પણ તેમનું ચિત્ત ભગવાનનાં ચરણમાં રહ્યું. આચાર્ય મહારાજે એમ કહ્યું છે કે "મને ભગવાનની પ્રીતિ એ બીજા સૌની પ્રીતિથી વિરક્ત કર્યો છે." તો એવી અવસ્થાને પામવું એ આશ્ચર્ય નથી. એટલા માટે કે આ જીવ પરમપદનો અધિકારી છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે "હું ત્રીશ વર્ષથી ભગવત્‌નીજ સાથે વાત કરૂં છું." અને આ લોક એવું જાણે છે કે "અમારી સાથે બોલે છે." આથી પ્રસિદ્ધ થયું કે આ અવસ્થાની પ્રાપ્તિ અસંભવ નથી. શાથી કે જ્યારે કોઇ માણસને કોઇ સ્થુળ પદાર્થની ઘણી પ્રીતિ હોય છે, તોપણ એવો લીન થઇ જાય છે કે "લોકોમાં બેઠો છ તોપણ તેમનાં વચનોને સાંભળતો નથી, અને તેમને દેખતો પણ નથી પણ એવી અવસ્થાનું અભિમાન કરવું અયોગ્ય છે. કારણ કે ઘણા પુરૂષ તો એવા હોય છે કે "લોકોના મેળાપ વિષે તેમની બુદ્ધિ પસરી જાય છે." એ ઉપર એક વાર્તા છે કે "એક તપસ્વીને કોઇએ પૂછ્યું કે તું એકલોજ રહે છે?" ત્યારે તપસ્વીએ કહ્યું કે મારા સંગી ભગવાન્ છે તેથી હું એકલો નથી.

એક સંતે કોઇ એકાંતી સંતને પૂછયું કે "તું એકલો કેમ રહે છે? અને તેં સંગનો શા માટે ત્યાગ કર્યો છે?" ત્યારે તેણે કહ્યું કે "હું મારા કામમાં એવો મગ્ન છું કે કોઇના મેળાપની ઇચ્છા મને થતી નથી." ત્યારે તે સંતે પુછયુ કે તે કામ શું છે? ત્યારે તેણે કહ્યું કે "ક્ષણે ક્ષણે મારી ઉપર સર્વદા ભગવાનના ઉપકાર થતા જાય છે, અને મારાથી પાપ થતાં જાય છે, તેથી હું પોતાનાં પાપોની ક્ષમા કરાવું છું. અને મહારાજના ઉપકારોનો ધન્યવાદ કરૂં છું. એ કારણથી મને કોઇને મળવાનો વખત મળતો નથી. અને હું પણ તેવી ઇચ્છા કરતો નથી. ત્યારે તે સંતે કહ્યું કે તું ધન્ય છે.

એક જિજ્ઞાસુ કોઇ સંતની પાસે ગયો હતો ત્યારે તેણે પુછયું કે "તું શા માટે આવ્યો છું." ત્યારે તેણે કહ્યું કે "આપના સંગમાં વિશ્રામ લેવાને સારૂ આવ્યો છું." ત્યારે તેમણે કહ્યું કે "જેણે ભગવાનને ઓળખ્યા છે, તે બીજા કોઇના મેળાપમાં શી રીતે વિશ્રામ ઇચ્છે છે."

એક બીજા સંતે કહ્યું છે કે જ્યારે રાત્રી આવે છે, ત્યારે હું પ્રસન્ન થાઉં છું કે સવાર સુધી એકાંતે રહીને ભગવાનના ભજનમાં સ્થિર રહીશ. પણ જ્યારે સૂર્ય ઉદય થાય છે, ત્યારે મને શોક થાય છે, કે દિવસમાં નક્કી લોકોનો વિક્ષેપ થશે.

એક બીજા સંતે કહ્યું છે કે લોકોના વાદવિવાદ કરતાં જેની પ્રીતિ ભગવાનના ભજનમાં વધારે નથી હોતી તે પુરૂષ બુદ્ધિહીન છે, અને તેનું હૃદય પણ મલીન છે. તે પોતાની ઉંમર વ્યર્થ ગુમાવે છે.

વળી એક બીજા બુદ્ધિમાને કહ્યું છે કે જે માણસને કોઇ માણસને મળવાની કે જોવાની ઇચ્છા થાય છે, ત્યારે જાણવામાં આવે છે કે એના હૃદયમાં આત્મ સુખનો રસ કંઇ નથી. તેથી સ્થૂળ પદાર્થોની સહાયતા ઇચ્છે છે. અને એમ પણ કહ્યું છે કે લોકોના મેળાપમાં જે પુરૂષની પ્રીતિ છે, તે અત્યંત નિર્ધન છે, તેથી પ્રસિદ્ધ થયું કે ઉત્તમ ભજન હૃદયનો અભ્યાસ છે. અને અભ્યાસે કરીને ભજનનો રસ ઉપજે છે. તેટલા માટે વિચાર અને જ્ઞાનની પ્રાપ્તિ અભ્યાસે કરીનેજ થાય છે. તે સર્વ સાધનોનું ફળ છે, શાથી કે આ જીવને પરલોકમાં અવશ્ય જવાનું છે. તે જ્યારે આ પુરૂષ પરમેશ્વરના ભજનની એક-

આવા સાથે ત્યાં જાય છે, ત્યારે મોટા ભાગ્યશાળી કહેવાય છે. પણ ભજનનો રસ અને વિચારનો અભ્યાસ એકાંત વિના થઇ શકે નહિ.

(૨) બીજો ગુણ એ છે કે એકાંતે કરીને કેટલાંક પાપમાંથી છુટે છે. શાથી કે લોકોના મેળાપમાં ચાર પાપ તો નક્કી થાય છે. અને એ પાપોમાંથી કોઇ વિરલોજ બચે છે.

(૧) લું પાપ નિંદા છે. એ નિંદાએ કરીને ધર્મનો નાશ થાય છે.

(૨) જું પાપ એ છે કે જ્યારે કોઇ માણસનું અપકર્મ જોઇને તેને ઉપદેશ ન કરે ત્યારે શાસ્ત્રોની મર્યાદાથી વિમુખ થાય છે, અને જ્યારે ઉપદેશ કરીને તેને પાપથી મુક્ત કરવા ચાહે અને તેની ઇચ્છા ન હોય તો તે માણસ સાથે વિરોધ થાય છે.

(૩) જું પાપ દંભ અને કપટ છે, તે દંભથી છુટવું પણ મહા કઠણ છે. શાથી કે જ્યારે કોઇના મનને ખુશ કરવામાં તથા તેની પ્રીતિમાં દઢ થાય, ત્યારે વિક્ષેપતાને પામે છે, અને જો એમ ન કરે તો તેના વિરોધથી છુટી શકતો નથી. વળી થોડુંક પાપ તો એ છે કે જ્યારે અચાનકજ કોઇને મળે છે, ત્યારે એમ કહે છે કે "મને તમારા દર્શનની ઘણી અભિલાષા હતી," પણ જ્યારે તેના હૃદયમાં તેની પ્રીત કંઇપણ હોય નહિ, ત્યારે એવું કહેવું જુઠું પડે છે. અને જો એ પ્રમાણે કહે નહિ ત્યારે તેની આગતા સ્વાગતા થતી નથી. વળી તેને માન આપવાને સારૂ પૂછે છે કે તમારી શી ખબર છે ? અને તમારાં સંબંધી સૌ કેમ છે ? પણ હૃદયમાં તેની પ્રીતિ કાંઇપણ રાખતો નથી. ત્યારે આ કેવળ પાખંડ થાય છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે "જ્યારે કોઇની સાથે તેનો સ્વાર્થ હોય છે, ત્યારે પોતાના મનોરથને સારૂ એટલી સ્તુતિ કરે છે કે પોતાના ધર્મથી ભ્રષ્ટ થઇ જાય છે, અને તે કામ પણ સિદ્ધ થતું નથી. પણ કપટનો ધંધો કરવાથી તે ભગવતથી પણ વિમુખ રહે છે. એ ઉપર એક બીજી વાર્તા છે કે—

એક પુરૂષ કોઇ સન્તની પાસે આવ્યો હતો ત્યારે સંતે પૂછયું કે તું શા માટે આવ્યો છું ? ત્યારે તેણે કહ્યું કે "તમારાં દર્શન કરવાની પ્રીતિએ

કરીને આવ્યો છું." ત્યારે સંતે કહ્યું કે "તું તો પ્રીતિને દૂર કરવાને આવ્યો છું." શાથી કે તું મારી સાચી અને ખોટી સ્તુતિ કરીશ. અને હું તારી બડાઇને પ્રકટ કરૂં તે એ બધું જુઠું અને પાખંડ જેવું છે. માટે જે પુરૂષ પોતાને સંસારીયોના મેળાપમાં પણ બચાવી રાખે છે, તેને મેળાપે કરીને કંઇ વિઘ્ન થતું નથી, પણ આ અવસ્થા મહા દુર્લભ છે. તે કારણથી આગળ જે પ્રીતિમાન થયા છે, તેઓ પરસ્પર એક બીજાના વ્યવહારની વાર્ત્તા પૂછતા નહોતા. એ ઉપર એક વાર્ત્તા છે કે:—

એક પ્રીતિમાને બીજા પ્રીતિમાનને પૂછયું હતું કે તારી શી અવસ્થા છે? ત્યારે તેણે કહ્યું કે "સુખ અને આનંદ છે." ત્યારે બીજાએ કહ્યું કે "સુખને આનંદ તો ત્યારે થશે કે જ્યારે આત્મસુખને પામશો."

એક વૈષ્ણવને નારદજીએ પૂછયું હતું કે તમારી શી અવસ્થા છે? ત્યારે તેણે કહ્યું કે "જે પદે કરીને સુખ પ્રાપ્ત થાય છે, તે પામવાનું મારા હાથમાં નથી અને જે કર્મોએ કરીને દુઃખ થાય છે, તેને નિવૃત્ત કરવાનું પણ મારાથી બની શકતું નથી, તેથી હું હમેશાં પોતાની ચિંતામાં બદ્ધમાન રહું છું, અને મારૂં કાર્ય શ્રીકૃષ્ન મહારાજના હાથમાં છે, માટે મારા જેવો દુઃખી અને અનાથ કોઇ નથી.

વળી એક બીજા સંતને નારદજીએ પૂછયું હતું, ત્યારે તેણે પણ કહ્યું કે "હું મહા પાપી અને નિર્બળ છું, તેથી મારા પ્રારબ્ધને ભોગવતો પડયો છું, અને ઉભો ઉભો કાળની તરફ જોઉં છું.

નારદજીએ એક સંતને પૂછ્યું હતું કે તારી શી અવસ્થા છે, તેણે કહ્યું કે "સુખ છે" નારદજી કહે "સુખ તો ત્યારે થાય કે જ્યારે નર્કોનાં દુઃખથી નિર્ભય થઇએ."

એક હરિભક્તને કોઇ ત્યાગીએ પૂછયું કે તમારી શી અવસ્થા છે? ત્યારે તેણે કહ્યું કે "જે માણસ પ્રભાતના સમયમાં ઉઠે અને એટલું પણ જાણી ન શકે કે હું રાત્રી પર્યંત જીવીશ અથવા નહિ જીવું. તેની શી અવસ્થા વર્ણવીએ!!!

એક વૈષ્ણવને આચાર્ય મહારાજે પૂછયું કે "તારી શી અવસ્થા છે? "ત્યારે તેણે કહ્યું કે જે પુરૂષના આવરદાનું બળ તો ઘટતું જાય, અને પાપ વધતાં જાય તેની અવસ્થાનું શું વર્ણન કરીએ?"

વળી એક બુદ્ધિમાનને કોઇએ પૂછયું હતું કે "શી ખબર છે" ત્યારે તેણે કહ્યું કે "આપેલું તો મહારાજનું ખાઉં છું, અને આજ્ઞા મનની માનું છું.

વળી એક બીજા સંતને કોઇએ તેની સ્થીતિને માટે પુછયું ત્યારે તેણે કહ્યું કે જેનો આવરદા ક્ષણ ક્ષણમાં ઘટતો જાય, અને તે જાણે કે હું મોટો થતો જાઉં છું, ત્યારે તેની શી દશા વર્ણન કરીયે.

વળી એક બીજા સંતને કોઇએ પુછયું હતું કે તમારી શી દશા છે? ત્યારે તેણે કહ્યું કે "જે પુરૂષને મરવાનું નક્કી હોય, અને પરલોકમાં દંડને પાત્ર થવાનો હોય ત્યારે તેની શી દશા કહીએ." !!

વળી એક સંતને કોઇએ પુછયું કે તમારી શી અવસ્થા છે?" ત્યારે તેણે કહ્યું કે "જો મારો એક દિવસ પણ સુખમાં જાય તો સારૂં" ત્યારે ફરી પુછયું કે "શું તમને હમણાં સુખ નથી?" ત્યારે સંતે કહ્યું કે "જે દિવસે મારાથી કંઇ પાપ ન થાય, તે દિવસને હું સુખનો દિવસ જાણું છું."

વળી એક પ્રીતિમાનને મરતી વખતે કોઇએ પુછયું હતું કે "હમણાં તમારી શી અવસ્થા છે?" ત્યારે તેણે કહ્યું કે "જેને દૂર દેશ જવાનું હોય, અને તેની પાસે ભાથું પાણી કંઇ ન હોય, અને મહા ઘોર અંધારામાં જનો રસ્તો હોય, તે વખતે માર્ગમાં જને જવાનું થાય, અને સાથે પણ કોઇ ન હોય, વળી ન્યાય કરનારા મહારાજના સનમુખ પહોંચવાનું હોય, અને ત્યાં પોતાને બચવાનો આધાર પણ કંઇ ન હોય, ત્યારે તેની અવસ્થાનું શું વર્ણન કરીએ?"

વળી એક બીજા સંતને કોઇ પુરૂષે પુછયું હતું કે તારી શી ખબર છે? ત્યારે તેણે કહ્યું કે "મારે પાંચસો રૂપિયા કરજ છે, તે જેના તેને આપવા છે, તેની ફીકરમાં પડયો છું." ત્યારે તેણે હજાર રૂપયા તેને આપ્યા અને કહ્યું કે પાંચસો રૂપિયા તો કરજમાં આપો અને પાંચસો રૂપિઆમાં આપનું દિજ-

રાન કરો.” અને પછી આ પ્રકારે કહેવા લાગ્યા કે “જ્યારે પ્રેમે કરીને કોઇની અવસ્થા પુછીએ અને તેનું દુઃખ સાંભળીને સહાયતા ન કરીએ, ત્યારે તે પુછવુંજ કપટ કહેવાય છે. માટે આ પ્રમાણે જોઇએ કે “જ્યારે કોઇને કંઇ પુછીએ ત્યારે તેનું પ્રતિપાલન કરીએ અથવા પૂછીએજ નહિ એટલે આગળ જે જે પ્રતિમાન સંત થયા છે તેમની એવી અવસ્થા હતી કે જો કે વ્યવહારમાં પરસ્પર પોતાની પ્રીતિ પ્રગટ કરતા હતા, તોપણ મને કરીને, એક બીજાને એવા પ્રેમમાં રાખતા હતા કે જ્યારે કોઇને કંઇ (અર્થ) કામ પડતું ત્યારે પોતાની કંઇપણ સામગ્રી દૂર રાખતા નહોતા, અને આ વખતમાં હવે એવા લોકો પ્રકટ થયા છે કે “એક બીજાને રાજી કરવાને વાસ્તે તેમના સંબંધીયો અને પશુઓની વાત પણ પૂછે છે. અને જ્યારે તેમને એક પૈસાનું પણ કામ હોય છે, તો વિમુખ થઇ જાય છે. એ સાચી પ્રીતિ કહેવાય નહિ. એનું નામ કપટની પ્રીતિ છે.

માટે આ જગતના મેળાપનો એવોજ સ્વભાવ છે કે જ્યારે હૃદય પુર્વક એની સાથે મેળાપ કરીએ ત્યારે કપટ અને પાખંડના સમુદ્રમાં ડુબવાનું થાય છે. અને જ્યારે કોઇને મળીને માન ન આપીએ ત્યારે એ લોક વિરોધી થઇ જાય છે. અને આપણું છિદ્ર ખોળવા લાગે છે. અને તેણે કરીને પોતાનો ધર્મ પણ ખુવે છે, અને બીજાના ધર્મના પણ નાશ કરવાને ઇચ્છે છે.

વળી જગતના મેળાપમાં ચોથું પાપ એ છે કે માણસ જેની સંગત કરે છે, તેના જેવો તેનો સ્વભાવ એના હૃદયમાં દઢ થઇ જાય છે. જો કે તેને તે સ્વભાવનું જ્ઞાન કંઇપણ હોતું નથી, તોપણ નિઃસંદેહ તેના જેવો સ્વભાવ વધી જાય છે. અને તેણે કરીને કેટલાંએ પાપ ઉત્પન્ન થાય છે. અને મૂર્ખ પુરૂષોની સંગતીમાં તે પણ અજ્ઞાન થઇ જાય છે. વળી જ્યારે માયાધારીયોની સોબત કરે છે, ત્યારે તેને પણ માયાની તૃષ્ણા ઉત્પન્ન થઇ આવે છે. અને જો કે કોઇ ભોગને નિંદ્ય પણ જાણતો હોય, પણ મનુષ્યોની સંગતીએ કરીને તે કર્મ વિષેની દોષ દૃષ્ટી નષ્ટ થઇ જાય છે. વળી જ્યારે કોઇ અપકર્મની વાર્તા સાંભળે છે, ત્યારે તેના હૃદયમાં પણ તેની મલીનતા પ્રવેશ કરી દે છે. જેમ આચાર્ય મહારાજની વાર્તા સાંભળીને તેનું હૃદય કોમળ થઇ જાય છે, તેમજ

ભોગીયો અને પાપીયોની વાર્ત્તા સંભળીને તેને તેવી રૂચી ઉત્પન્ન થાય છે. એટલે પ્રસિદ્ધ થયું કે "જેની વાર્ત્તા સાંભળવાથી હૃદય મર્દન થાય છે તેની સંગતીમાં મલીનતા શા માટે ઉત્પન્ન નહિં થાય? એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "કુસંગી મનુષ્યોનો સંગત એવી છે. કે જેમ કોઇ લુહારની પાસે જઇને બેસે." મતલબ એ કે જો કે તે પોતાનાં વસ્રને બળવાથી બચાવી રાખે તોપણ ઉષ્ણતા અને ધુમાડો તો જરૂર લાગશે.

સાત્ત્વિક માણસોની સંગતી છે તે અત્તારીઆની દુકાન જેવી છે, જો કે એની સાથે કિંમત ઠરાવીને સુગંધ ન લે, તોપણ તેની સુગંધી તો નિસ્સન્દેહ નાકમાં પહોંચે છે; તાત્પર્ય એ કે નઠારા માણસોની સોબત કરવા કરતાં એકલા રહેવું સારૂં છે. અને એકલા રહેવા કરતાં સાત્ત્વિકી મનુષ્યની સંગતી વિશેષ છે. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે "જે પુરૂષની સંગતમાં માયાની પ્રીતિ દૂર થાય, અને ભગવાનની પ્રીતિ ઉત્પન્ન થાય, ત્યારે તેની સંગતીને ઉત્તમ જાણો. અને કદાચિત્ તેનો ત્યાગ ન કરો. વળી જેની સંગતથી તમને વિષયોમાં પ્રીતિ થાય, તેનો ત્યાગ કરવો એજ સારૂં છે. વળી જે વિદ્વાન માયાનો લોભી હોય, અને તેનાં કામ પોતાનાં વચન પ્રમાણે ન હોય તેનો સંગતનો ત્યાગ કરવો એ અવશ્ય પ્રમાણ છે. શાથી કે તેની સંગતે કરીને જિજ્ઞાસુની પ્રીતિ પણ ઘટી જાય છે. કેમકે જિજ્ઞાસુની બુદ્ધિ આદિ અવસ્થામાં પરિપકવ હોતી નથી, તેથી તેવા વિદ્વાનને જોઇને જિજ્ઞાસુપણ એવું અનુમાન કરે છે કે જો માયાનો ત્યાગ કરવો, એ ઉત્તમ વાર્તા હોત, તો આ વિદ્વાન શા માટે ત્યાગ કરતો નથી? એમ જિજ્ઞાસુને વિચાર થાય છે. એનું દૃષ્ટાંત એ છે કે 'જેમ કોઇ પુરૂષ પ્રીતિ સાથે મિઠાઇ ખાતો જાય, અને મોઢેથી આ પ્રમાણે કહે કે, આ મિઠાઇ હળાહળ (ઝેર) છે, માટે તેને ખાવાની ઇચ્છા ન કરો." ત્યારે તેનાં વચનોપર કોઇને વિશ્વાસ આવતો નથી. શાથી કે તેની પ્રીતિવડે કરીને ખાવાની તૃષ્ણા ઉત્પન્ન થાય છે. કેમકે એમાં સમજાય છે કે આ પુરૂષ પોતાના લોભને નિમિત્તે મિઠાઇને વિષ બતાવે છે. એવા મનુષ્ય ઘણાં છે, કે તેમને પ્રથમ તો અશુદ્ધ અહાર અને પાપો વિષે દોષ દૃષ્ટી થાય છે, પણ વિદ્વાનોને નિઃશંક જોઇને તેમની દોષ દૃષ્ટી પણ નાશ પામે છે. અને નિ-

ઠર થઇને વર્તવા માંડે છે. એ કારણથી વિદ્વાનોનાં છિદ્ર પ્રકટ કરવાં મહા અ-યોગ્ય છે. તે એટલા માટે કે પ્રથમ તો નિંદા થાય છે. બીજું એની વાતો સાંભળીને બીજા લોકો નિર્લજ થાય છે. માટે બાજા જીવોનો અધિકાર એ છે કે જ્યારે કોઇ વિદ્વાનનાં છિદ્ર જુએ ત્યારે બે પ્રકારે કરીને ગ્લાનિનું નિવારણ કરે.

(૧) પ્રથમ તો એમ જાણે કે જો કે આ વિદ્વાનથી આ ખોટું કામ થયું છે, તોપણ તેની વિદ્યાજ પાપોની ક્ષમા કરાવનારી છે. પણ જે માણસ વિદ્યાથી પણ હીન હોય તો તેનાં ખોટાં કામની ક્ષમા શી રીતે થશે ?

(૨) બીજું એમ જાણવું યોગ્ય છે કે "વિદ્યાએ કરીને જે પાપકર્મોને ખરાબ જાણે છે, અને તે પાપકર્મોમાંજ તે વિદ્વાન વર્તે છે, તો તેનું વર્ત્તવું સંસારી જીવોની પેઠે હોતું નથી. શાથી કે વિદ્વાનોની યુક્તિને સંસારી જીવના બુદ્ધિ પામી શકતી નથી. માટે બીજા જીવોને ઘટે છે કે "વિદ્વાનોના ઉપર દોષ દૃષ્ટી ન રાખે, ત્યારે તેનો ધર્મ નષ્ટ ન થાય.

તાત્પર્ય એકે ઘણાં માણસોની સંગતી પણ તેના ધર્મનો નાશ કરનારી છે. માટે જીજ્ઞાસુને ઘટે છે કે જગતના મેળાપથી એકાંતમાં રહેવાય તો વિશેષ છે.

(૩) વળી ત્રીજો ગુણ એ છે કે બધા સંસારમાં વૈરભાવ, ઇર્ષા અને પંથોના વિરોધ આદિક મોટાં વિઘ્નો ઉપજે છે, એટલે તે એકાંતમાં રહેનારો પુરૂષ એ બધાં વિઘ્નોથી મુક્ત રહે છે. અને જેણે જગતના મેલાપને અંગીકાર કર્યો છે, તેના ધર્મનો નાશ થવાનો ભય રહે છે.

એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "લોકોની સંગતીનો ત્યાગ કરો અને પોતાના ઘરમાં બેશી રહો." અને જીભને વધારે બોલતી અટકાવો "અને જેને તમે ભલાઇ સમજતા હો તેને અંગીકાર કરો. અને જે કાર્યના ભેદને તમે સમજી ન શકો, તે કર્મોનો ત્યાગ કરીને આત્મધર્મ વિષે સ્થિર થાઓ અને સંસારનાં કામોને ભૂલી જાઓ.

(૪) વળી ચોથો ગુણ એ છે કે એકાંતે કરીને આ પુરૂષ લોકોની ઉપા-

ષોથી મુક્ત રહે છે. શાથી કે જ્યારે લોકોની સાથે મેળાપ કરે છે, ત્યારે નિંદા, દોષ દૃષ્ટિ અને લોભથી રહિત થઇ શકતો નથી. અને જ્યારેં સંસારી જીવોનાં સુખ દુઃખનો સંગી થાય છે ત્યારે તેનાં સર્વ આયુષ્ય અને બળ વ્યર્થ થાય છે અને જ્યારે એમ ન કરે ત્યારે તે લોક તેને ખરાબ જાણીને દુર્વચન કહે છે. વળી જ્યારે કોઇની સાથે મેળાપ કરે અને કોઇથી એકાંતે રહે તોપણ વિષમતા થાય છે. અને તેઓ પણ એક બાજુને જોઇ કરીને વિરોધી થાય છે. માટે જ્યારે સર્વ ત્યાગ કરીને એકાંતમાં સ્થિત થાય છે, ત્યારે સર્વ વિઘ્નોથી મુક્ત રહે છે. અને કોઇ મનુષ્ય પણ અપપન્ન થતું નથી.

એ ઉપર એક વાર્તા છે કે "એક પ્રીતિમાન (ભક્ત) સર્વદા ભગવત્ વાકયની પોથીને લઇ કરીને શ્મશાનમાં રહેતો હતો, ત્યારે કોઇએ પૂછ્યું કે તમે એકલા કેમ રહો છો? ત્યારે તેણે કહ્યું કે એકાન્તના બરોબર બીજું સુખનું ઠેકાણું કોઇ મેં દીઠું નથી. અને શ્મશાન સમાન ઉપદેષ્ટા પણ બીજું કોઇ નથી. અને પુસ્તકના જેવું સુખદાયક મિત્ર પણ કોઇ બીજું મેં ન જોયું.

(૫) પાંચમો ગુણ એ છે કે એકાન્તી પુરૂષથી બધા લોકો પણ નિરાશ થઇ જાય છે, અને તે પણ બધાથી નિરાશ થઇ જાય છે. અને આ આશા છે તેજ સર્વ દુઃખોનું મૂળ છે. શાથી કે "જ્યારે ધનવાનોની સાથે મેળાપ કરે છે, ત્યારે અવશ્યજ તેને પણ તૃષ્ણા ઉપજે છે. વળી જ્યારે તૃષ્ણા ઉત્પન્ન થઇ ત્યારે નિરાદર અને અપમાનને પામે છે, એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "માયાધારી જીવોની સુન્દરતાઇને ન દેખો." એટલા માટે કે તે માયાજ તેને છળવાવાળી છે." વળી એમ પણ કહ્યું છે કે "જ્યારે તમે ધનવાનોનાં સુખોની તરફ જુઓ કે જોશો ત્યારે ભગવત્ના ઉપકારથી વિમુખ થશો. અને અધિક સુખોની અભિલાષા વિષે દુઃખ પામશો.

(૬) વળી છઠ્ઠો ગુણ એ છે કે એકાંતે કરીને મૂર્ખો તથા પાપીઓની સોબતથી છુટી જાય છે. તે મૂર્ખોની સંગતી કેવી છે? કે તે મને જોવાથીજ તે ચિત્તને મલીન કરે છે. એ ઉપર એક બુદ્ધિમાને કહ્યું છે કે "જેમ જ્વરે કરીને શરીર દુઃખી થાય છે, તેમજ મૂર્ખોની સંગતીએ કરીને હૃદય તપાય

માન થાય છે. માટે એકાંત વિષે એવા પરમ દુઃખથી મુક્ત રહે છે, અને સ્વભાવિકજ તેના ગુણ તથા અવગુણની તરફ દૃષ્ટી પડતી નથી.

સંગતિના ગુણનું વર્ણન.

જેટલા અર્થ અને પરમાર્થના લાભ છે, તે પરસ્પર મેળાપ કરવાથી પ્રાપ્ત થાય છે, પણ એકાંતે રહેવાથી તે લાભ મળી શકતો નથી.

(૧) લો લાભ એ છે કે વિદ્યા પણ સંગતીવડે કરીને પ્રાપ્ત થાય છે, અને જ્યાંસુધી યથાર્થ વિદ્યાનો વેત્તા ન થાય ત્યાંસુધી એકાન્તે રહેવાનું પણ ફલદાયક થતું નથી. શાથી કે જે પુરૂષ વિદ્યા ભણ્યા વિના એકાંતમાં સ્થિર રહે છે, ત્યારે નિદ્રા અને વ્યર્થ સંકલ્પોમા તેનો સમય વીતી જાય છે અને જો કે યત્ને કરીને ભજનમાં સર્વદા લાગ્યો રહે, તોપણ યથાર્થ વિદ્યાને સમજ્યા વિના અભ્યાસ થતો નથી. અને છળ કપટથી રહિત થઇ શકતો નથી.

વળી જ્યારે અભિમાનથી પણ રહિત થાય ત્યારે જે પ્રકારે ભગવાનને જાણવા જોઇએ, તે યથાર્થ વિદ્યા વિના કાઇ પ્રકારે જાણી શકતો નથી. અને કોઇ એવા વિપરીત નિશ્ચયનો અંગીકાર કરે છે કે તેણે કરીને ભગવતથી વિમુખ થઇ જાય છે. અથવા મન્મથે કરીને કોઇ કુમાર્ગને અંગીકાર કરી લે છે, અને તે કુમાર્ગના અવગુણને જાણી શકતો નથી. તાત્પર્ય એ કે એકાંતમાં રહેવાનું પણ કોઇક વિદ્વાનનેજ ફળદાયક થાય છે, એ કારણથી બાજા જીવોને એકાંત પ્રમાણ કહી નથી. શાથી કે ઇતર જીવોની બુદ્ધિ રોગીના જેવી છે, અર્થ એ કે રોગીને વૈદ્યના સંગતાનો ત્યાગ કરવો પ્રમાણ નથી. અને જ્યારે રોગી પોતે પોતાનો ઉપચાર કરવા માંડે ત્યારે શીઘ્રજ મૃત્યુને પામે છે એ કારણથી શુભ ઉપદેશ અને વિદ્યાનું ફલ પણ અધિક છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "જે પુરૂષ યથાર્થ વિદ્યાને સમજતો હોય અને તે પ્રમાણે તેની કૃતિ પણ હોય, વળી બીજા લોકોને પણ ઉપદેશ કરે ત્યારે તેની અવસ્થા મહા ઉત્તમ કહેવાય છે. તે કોઇને ઉપદેશ કરવો એ પણ એકાંતમાં થતો નથી તેથી પ્રસિદ્ધ થયું કે કોઇને ઉપદેશ કરવો, અથવા કોઇ પાસેથી ઉપદેશ લેવો, એ બેઉ એકાંતમાં બની શકે નહિ. પણ ઉપદેશ કરવાનો અધિકારી તે છે કે જેની મનસા નિષ્કામ હોય. અને ધનવાનના પ્રયોજનથી રહીત

હોય. વળી વિદ્યા પણ તેજ શીખવે કે જેણે કરીને ધર્મની પ્રાપ્તિ થાય. અને જીજ્ઞાસુનો અધિકાર હોય તે પ્રમાણે ઉપદેશ કરે પણ જ્યારે તે વિદ્યાર્થી યથાર્થની યુક્તિનો અંગીકાર ન કરે, ત્યારે જાણવું કે એ પણ માનને સારૂજ ભણે છે. માટે જિજ્ઞાસુને આ ઉપદેશ કરવો યોગ્ય છે કે ઉત્તમ પવિત્રતાઇ -હૃદયની શુદ્ધતા છે, તે -હૃદય ત્યારેજ શુદ્ધ થાય છે કે જ્યારે માયિક પદાર્થોથી વિરકત થાય છે માટે સર્વ મંત્રોનો બીજ મંત્ર એજ છે કે "સ્થૂલ પદાર્થ સર્વ નાશવંત છે, અને ભગવત્ સર્વદા સત્ય સ્વરૂપ છે." માટે સર્વ પ્રકારે પરમેશ્વરના દાસ થવું જોઇએ. અને બીજા કોઇ પદાર્થમાં આસક્ત થવું ન જોઈએ, શાથી કે જે પુરૂષ પોતાની વાસનામાં બંધાએલો છે, તે પોતાની વાસનાનોજ દાસ છે. અને તેણે યથાર્થ ભેદને જાણ્યો નથી. માટે યથાર્થ ભેદ આ છે કે "મલીન સ્વભાવોથી મુક્ત થવું અને ઉત્તમ સ્વભાવોને ગ્રહણ કરવા." અને ઉત્તમ વિદ્યા વિષે જેની પ્રીતિ ન હોય, અને નાના પ્રકારની પ્રવૃત્તિ માર્ગોની વિદ્યા ભણવાને ઇચ્છે, ત્યારે જાણવું કે આ વિદ્યાર્થી ધન અને માનને સારૂ વિદ્યા ભણે છે. માટે તેને ભણાવવું પ્રમાણ નથી, શાથી કે તેની વિદ્યા વિઘ્નોનું કારણ છે.

તાત્પર્ય એ છે કે "મનજ તે પુરૂષનું મિત્ર છે અને મનજ સર્વદા તેને દુઃખોમાં નાંખે છે. જે પુરૂષ મનને વિરૂદ્ધ અને વિપરીત કરીને જીતવાનો યત્ન કરતો નથી અને બીજા પંથોના વાદવિવાદ અને વિરૂદ્ધતા વિષે આસકત થાય છે, ત્યારે એમ જાણવું કે તેનું મનજ તેનેજ નચાવે છે. વળી તેના હૃદયમાં જે મલીન સ્વભાવ છે, જેવાં કે ઇર્ષા, અભિમાન, દમ્ભ, ધનની પ્રીતિ, આદિક જેટલા અવગુણ છે, તે એ જીવની બુદ્ધિનો નાશ કરનારા છે, અને હૃદયને ભ્રષ્ટ કરી દે છે. પણ જે પુરૂષ એવા સ્વભાવોને દૂર કરવાનો યત્ન ન કરે અને પ્રવૃત્તિ માર્ગની ક્રિયામાં સાવધાન થઇને વારંવાર વિચાર કરે, ત્યારે તે કોઇ પ્રકારે નિર્મળ થતો નથી જે પુરૂષની મનસા નિષ્કામ ન હોય તેને વિદ્યા ભણાવવી એવી છે કે, જેમ કોઈ પુરૂષ કોઈ ચોરને તલવાર આપે.

વળી જ્યારે કોઇ એમ પ્રશ્ન કરે કે તલવાર તો ચોરને સારે માર્ગે લેઇ જતી નથી. પણ વિદ્યાનું ભણવું એવું છે કે જો કે તેની મનસા સકામ હોય

તોપણ તે વિદ્યાના બલે કરીને અકસ્માત્ નિષ્કામ થઇ જાય છે, ત્યારે એનો ઉત્તર એ છે કે "નાના પ્રકારના મતો અને પંથોની જે વિદ્યા છે તે વિદ્યાવડે કરીને કદાચિત્ નિષ્કામતા ઉપજતી નથી." શાથી કે જે વિદ્યાએ કરીને નિષ્કામતા ઉત્પન્ન થાય છે, અને ભોગોથી મુક્ત થાય છે, તે વિદ્યા સંતજનોનાં વચન છે. અને એ વિદ્યા એવી છે કે સર્વ મનુષ્યોનો અધિકાર છે, અને સર્વ કોઇને લાભદાયક છે; પણ જ્યારે કોઇ પુરૂષ કઠોર ચિત્તવાળો હોય અને તેની મનસા મલીન હોય, ત્યારે તે પુરૂષ અકસ્માત્ લાભથી અપ્રાપ્ત રહે છે. પણ જે પુરૂષ એ વિદ્યાના જ્ઞાતા છે, અને તે પોતાના હૃદયમાં કાંઇ અભિમાનની અભિલાષા દેખે, ત્યારે તેને ઘટે છે કે કોઇને ઉપદેશ ન કરે શાથી કે કદાપી ઉપદેશે કરીને બીજાં મનુષ્યોને ગુણ થાય છે, પણ માનની આવકતાએ કરીને તેને ભગવત્‌ની તરફથી અવગુણ થઇ જાય છે. તેનું દૃષ્ટાંત એ છે કે "જેમ દીપકે કરીને મંદીરમાં તે પ્રકાશ થાય છે. પણ તો દીપક ક્ષણ ક્ષણ વિષે ઘટતો જાય છે. તેમજ માનીના ઉપદેશે કરીને બીજાઓને ગુણ થાય, પણ તેની પરમહાનીનો ઉપાય તેનાથી થતો નથી. અને હાનીનો વધારો થતો જાય છે, એ ઉપર એક સંતે કહ્યું છે કે "મેં સાત પટારા ભરેલા તેવી પોથીયોને પૃથ્વીમાં દટાવી દીધી "અને લોકોને ઉપદેશ ન કર્યો" જ્યારે કોઇએ પૂછયું કે "આપ ઉપદેશ કેમ નથી કરતા" ત્યારે તેણે કહ્યું કે" મારા મનમાં જ્યારે મૌનને રહેવાની અભિલાષા હોત ત્યારે મને ઉપદેશ કરવાનું કામ કરવાનું પ્રમાણ હતું, પણ હું મારા હૃદયમાં ઉપદેશ કરવાની અભિલાષા વધારે દેખું છું, તેથી ઉપદેશ કરવાનો ત્યાગ કરીને મે મૌનને અંગીકાર કર્યું છે. એ ઉપર એક સંતે એક જિજ્ઞાસુને કહ્યું હતું કે "તારી અવસ્થા તો ઉત્તમ છે, પણ જ્યારે તને માયાની પ્રીતિ ન હોત ત્યારે," ત્યારે જિજ્ઞાસુએ પૂછયું કે "માયાની સાથે મારી પ્રીતિ શી રીતે છે?" વળી તે સંતે કહ્યું કે "જગતના મેળાપની અને ઉપદેશ કરવાની તારામાં ઘણી રૂચી છે." ત્યારે જિજ્ઞાસુએ કહ્યું કે "મે હવે પછી ઉપદેશ કરવાનો ત્યાગ કર્યો." તાત્પર્ય એ કે "ઉપદેશ લેનારા અને ઉપદેશ કરનારા નિષ્કામી કોઇ વિરલાજ હોય છે." માટે અધિકારી વિના ઉપદેશ કરવો એ પણ પાપ છે, અને ઉપદેશ કરવો તેને પ્રમાણ છે, કે જેને પોતાનો કંઇ સ્વાર્થ ન હોય, ત્યારે એવા ઉપદેશ કરનારાને એકાંતમાં

રહેવા કરતાં ઉપદેશ કરવો એ વિશેષ છે. વળી ઉપદેશ સાંભળનારાને એમ કરવું જોઇએ કે "ઉપદેશ કરનારા ઉપર દોષ દૃષ્ટી ન લાવે. અને એવું જાણે કે આ મને મારા કલ્યાણને સારૂ ઉપદેશ કરે છે. પોતાના માનને સારૂ કરતો નથી. તે પોતાના કલ્યાણને સારૂ યથાર્થ ઉપદેશનો અંગીકાર કરે. અને તેના ઉપર ભાવના શુદ્ધ કરે. પણ જેનું હૃદય મલીન હોય તે બીજા ઉપર પણ મલીન ભાવના રાખે છે. અને તેને પણ પોતાના જેવા જાણે છે.

વળી બીજો લાભ આ છે કે–જીવોને પ્રસન્નતા પહોંચાડવી એ પણ સંગતીએ કરીને પ્રાપ્ત થાય છે. શાથી કે જે પુરૂષે એકાંત વાસ કર્યો છે, તે કોઇની સેવા કરી શકતો નથી. અને જે પુરૂષ કોઇને સેવાએ કરીને પ્રસન્ન કરે છે તેને પ્રસન્નતા પહોંચે છે.

વળી ત્રીજો લાભ એ છે કે સહનશીલતા આદિક જેટલા ગુણ છે, તે પણ સંગતિ વિષે પ્રાપ્ત થાય છે. શાથી કે જે પુરૂષનો મેળાપજ કોઈની સાથે ન થાય તે સહનશીલતા શી રીતે કરે? પણ જિજ્ઞાસુને સહનશીલતા, અને ધૈર્ય આદિક શુભ ગુણ અવશ્ય જોઇએ છીએ. અને તે અધિક લાભદાયક છે. એટલા માટે કે એ પુરૂષનો સ્વભાવ ત્યારેજ ભલો હોય છે, કે જ્યારે તે દુષ્ટોનાં વચનોને સહન કરે છે. એ કારણથી જિજ્ઞાસુજનોએ ભિક્ષા આદિક કર્મોને અંગિકાર કર્યાં છે. અને એવી ક્રિયાએ કરીને પ્રથમ તો અભિમાન રહીત થાય છે. બીજા લોકોનો માર અને દુર્વચન સાંભળીને ક્ષમા અને સહનશીલતાની વૃદ્ધિ થાય છે. તે જો કે આ વખતમાં લોકોની કામના ધન અને માનને વાસ્તે હોય છે, પણ પહેલાં જિજ્ઞાસુ પુરૂપ એવી કામનાનો સંગ કરતા હતા કે જેથી અભિમાન તુટે, અને સન્તોનાં સેવાએ કરીને કૃપણુતા પણ દૂર થાય. અને તેની આશિષને મેળવે. અને આવિ અવસ્થામાં આચાર્ય મહારાજે ભિક્ષા આદિક કર્મો એ કારણથીજ પ્રમાણ કર્યાં છે. શાથી કે જેનો સ્વભાવ સહનશીલ નથી હોતો, તે લોકોના વાદ વિવાદમાં આસકત થાય છે.

તાત્પર્ય એ કે ક્ષમા અને સહનશિલતા જે જિજ્ઞાસુના ધર્મને દૃઢ કરનારાં છે, તેને એકાંત વિષે પામી શકાતાં નથી. પણ જે પુરૂષ કોઇનું કઠોર વચન સહી સકે નહિ તેને એકાન્તમાં રહેવું પણ સારૂં છે. અને જે પુરૂષ

તિતિક્ષા (સહનશિલતા) ભિક્ષા આદિક સંત સેવા વગેરે ભલી પ્રકારે કરી ચુકયો છે, અને તેણે કરીને નિરાભિમાનતા અને સહનતાદિક ગુણો પામી ચુકયો છે, તેને પણ એકાંતે રહેવું યોગ્ય છે, શાથી કે તિતિક્ષા આદિક સાધનોનું તેને પછી પ્રયોજન નથી, કે સદા દુઃખ અને કષ્ટ વેઠે. જેમ ઔષધથી કેવળ કટુતાનુંજ પ્રયોજન નથી પણ રોગની નિવૃતિ એથી થવી એ પ્રયોજન છે. જ્યારે રોગ સર્વ પ્રકારે દૂર થયો ત્યારે ઔષધિયોની કટુતાનું કષ્ટ સહન કરવું વ્યર્થ છે. એ પ્રકારે બધા સાધનોવડે શ્રીકૃષ્ણ ભગવત્ પાદારવિન્દમાં પ્રેમ ભકિતની પ્રાપ્તિનું પ્રયોજન છે. અને જે પદાર્થ ભકિતના બાધક છે તેથી દૂર રહેવું જેથી કરીને નિર્વિઘ્ન અને નિશ્ચિંત થઇ શ્રીકૃષ્ણ મહારાજના સ્મરણમાં પરાયણ રહે વળી જે પુરૂષ ઉપદેશ કરનારો છે. તેને પણ એકાંતમાં રહેવું પ્રમાણ નથી. જેમ "શિષ્યને ગુરૂની સંગતિનો ત્યાગ કરવાનું આદિમાં અયોગ્ય છે." તેમજ ગુરૂને પણ જિજ્ઞાસુઓનો વિયોગ કરીને એકાંતમાં રહેવું પ્રમાણ નથી. પણ મેળાપમાં માનનું તથા દંભનું આવરણ ન થાય ત્યારેજ એવી સંગતિ એકાંતથી વિશેષ છે.

વળી ચોથો લાભ આ છે કે નાના પ્રકારના સંશય અને સંકલ્પ પણ સંગતીએ કરીને દૂર થાય છે. શાથી કે જ્યારે આ પુરૂષ એકાંતમાં સ્થિત થાય છે, ત્યારે અકસ્માત્ એવા સંકલ્પ ઉત્પન્ન થાય છે કે તેણે કરીને ભગવદ્ ભજનમાં પડદો પડે છે. અને સંશય પોતાથી દૂર થતા નથી, ત્યારે તેને દૂર કરવાનો ઉપાય સાત્ત્વિકી મનુષ્યોની સંગતિ છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે "ચિત્તનું ઉઘડવું સાત્વિકી સંગતિએ કરીને થાય છે. શાથી કે આ મનનો એવોજ સ્વભાવ છે, કે જ્યારે તેને એકજ ક્રિયામાં સ્થિત કરીએ ત્યારે શુન્યતાએ કરીને અંધ થઇ જાય છે. વળી તે મન સાત્વિકી સંગતિમાં જ્યારે જાય છે ત્યારે તે શુન્યતા દૂર થઇ જાય છે. એટલા માટે ઘટે છે કે નિત્ય પ્રતિ માણુસ કોઈ સાત્વિકી મનુષ્યની સંગતિ કરે, અને વળી તેને પોતાના અવગુણો પ્રકટ કરીને કહે, અને જીવિકા આદિક ક્રિયા પૂછી લે તો સારૂં છે. પણ મુરખ પુરૂષની સંગતી એક ઘડી પણ ખરાબ છે. શાથી કે આખા દિવસમાં અભ્યાસે કરીને મન જેટલું નિર્મળ થાય છે, તે નિર્મળતા મૂર્ખોની

સોબતથી દૂર થઇ જાય છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "જ્યારે આ પુરૂષ કોઇ માણુસની સાથે પ્રીતિ કરતો હોય ત્યારે ઘટે છે કે પ્રથમજ આ પ્રકારે વિચાર કરે કે હું એની સાથે કયા ગુણને સારૂ પ્રીતિ કરૂં છું."

વળી પાંચમો લાભ આ છે કે પરસ્પર ભાવ અને પ્રીતિની રીતી પણ સંગતીથી પ્રાપ્ત થાય છે, અને જે પુરૂપ એકાંતમાં સ્થિત રહે છે, તે સાત્વિકી મનુષ્યોની પ્રીતિ અને ભાવરૂપી લાભને પામતા નથી.

વળી છઠ્ઠો લાભ એ છે કે "લોકોનો મેળાપ અને તેમની પેઠે ચાલવાથી દીનતા અને નમ્રતા પ્રકટ થાય છે; અને એકાંતે કરીને ચિત્તમાં અભિમાનની વૃત્તિ ફુરે છે." અથવા એમ પણ થાય છે કે "કેટલાક પુરૂષ સ્વામી થવાને સારૂ એકાંતને અંગીકાર કરે છે. એટલે કોઇ મહા પુરૂષનાં દર્શનને માટે પણ જતા નથી અને એમ ઇચ્છે છે કે લોક અમારાં દર્શનને માટે આવે. તે એવો અભિમાન મહા અયોગ્ય છે. એ ઉપર એક વાર્તા છે કે—એક નગરમાં કોઇ એવો બુદ્ધિમાન થયો હતો કે તેણે ૩૬૦ ત્રણુસો સાઠ ગ્રંથ બનાવ્યા હતા, અને એમ જાણુવા લાગ્યો કે "હું ભગવત્‌ની પાસે પ્રાપ્ત થયો છું." ત્યારે તેને આકાશવાણી થઇ કે "તેં પોતાને જગતમાં પ્રકટ કર્યો છે, તે મોટાઇને હું પ્રમાણુ કરતો નથી." ત્યારે તે બુદ્ધિમાન આ વચનને સાંભળીને બધું ત્યાગ કરીને એકાંતમાં રહેવા લાગ્યો, અને એમ સમજ્યો કે હવે મારાપર ભગવત્ પ્રસન્ન થયા છે. વળી આકાશ વાણી થઇ કે "હું તારા ઉપર હમણાં પણુ પ્રસન્ન નથી થયો" શાથી કે હવે પણ તેં પોતાને સ્વામી બનાવ્યો છે." ત્યારે તે બુદ્ધિમાન એકાન્તને ત્યાગીને બહાર આવ્યો અને ખાન, પાન આદિક લોકોની પેઠે વર્તવા લાગ્યો, અને અભિમાનથી રહીત થઇને સમાન ભાવ વિષે સ્થિત થયો ત્યારે આકાશ વાણી થઇ કે "હવે તું મારી પ્રસન્નતાને પ્રાપ્ત થયો છે." તાત્પર્ય આ કે "જે પુરૂષની મનસા સકામ છે, અને એકાંતને એટલા માટે અંગીકાર કરી છે કે લોકોના મેળાપે કરીને મારૂં માન ઘટી જશે, અથવા મારી વિદ્યા અને કૃતિનાં છિદ્રોને કોઇ જોઇ લેશે. એવું જાણુવામાં આવે છે કે તેણે પોતાનાં છિદ્ર ઢાંકવાને સારૂ ઓતપ્રોતરૂપી પડદો નાંખ્યો છે.

શાથી કે તેને નિત્ય પ્રતિ આ અભિમાન દૃઢ થાય છે તે "લોકો આવીને મારૂં દર્શન કરે" અને મને દંડવત્ કરે." તેવી રીતે એકાંતમાં રહેવું એ કેવળ દંભ છે. માટે ઘટે છે કે જ્યારે આ પુરૂષ એકાન્ત વિષે રહે, ત્યારે ભજન અને વિચારથી કોઇ વખત અચેત ન થાય. અથવા વિદ્યા અને પાઠમાં ચિત્તને જોડે. વળી જે પુરૂષની સંગતિમાં કંઇ ધર્મનો લાભ થાય તેની સંગતિ કરે. અને પ્રીતિ રહિત મનુષ્ય જે મૃતક જેવાં છે, તેની સંગતિને ન ઇચ્છે એ ઉપર એક વાર્ત્તા છે કે-કોઇ પુરૂષ ઘણી બુદ્ધિવાળો એક સંતની પાસે આવીને કહેવા લાગ્યો કે "હું તમારાં દર્શનમાં શીઘ્ર પહોંચી શકતો નથી તેથી હું આપની અવજ્ઞા ક્ષમા કરાવું છું;" ત્યારે તે સંતે કહ્યું કે તું એ વાતને અવજ્ઞા ન સમજ શાથી કે "જેવો બીજા લોકોને મળવાનો ઉપકાર સમજે છે, તેમ હું મળનારાઓનો ઉપકાર માનતો નથી." શાથી કે મને સર્વદા કાળને આવવાની ચિંતા રહે છે માટે હું બીજા કોઇને આવવાની કે મળવાની ઇચ્છા કરતો નથી." આથી કરીને પ્રસિદ્ધ થયું છે કે "માન અને દંભને સારૂ એકાન્તમાં રહેવું એ મોટી મૂર્ખતા છે. શાથી કે જિજ્ઞાસુને એવું ઘટે છે કે "તે પોતાના મનમાં વિચારે કે મારૂં કાર્ય કોઈ માણસના હાથમાં નથી, અને બધા લોક પરાધીન છે." વળી એમ પણ છે કે જ્યારે આ પુરૂષ પહાડની ગુફામાં જઇને બેસે, તોપણ દુષ્ટ મનુષ્ય એમજ અનુમાન કરશે કે આ દંભને માટે (કારણે) ગુફામાં સ્થિત થયો છે. અને જો કોઇ પુરૂષ મહા અશુભસ્થાન વિષે જાય તોપણ સુહૃદ મનુષ્ય એમ જાણે છે કે "આ ધર્માત્મા પુરૂષ પોતાને લોકોથી બચાવવાને સારૂ આવે ઠેકાણે ગયો હશે. તાત્પર્ય એ કે બધા લોકો બે પ્રકારના થાય છે, એક મિત્ર બીજા શત્રુ તેમાં જે તેનો મિત્ર છે, તે સર્વ કાર્યોમાં તેના ઉપર સારૂં અનુમાન કરે છે, અને જે શત્રુ છે તે સર્વદા દોષ દૃષ્ટી રાખે છે. માટે જિજ્ઞાસુને ઘટે છે પોતાના ચિત્તની વૃત્તિને પરમધર્મની દૃઢતમાં સાવધાન કરે. અને લોકોનાં અશુભ વચનોના તરફ સુરતિ ન રાખે. એ ઉપર એક વાર્ત્તા છે કે "એક સંતે પોતાના જિજ્ઞાસુને કંઇ કામ કરવાને કહ્યું હતું." ત્યારે તેણે કહ્યું કે "લોકોના ભયે કરીને આ કામ હું કરી શકતો નથી." તે સંત કહેવા લાગ્યા કે "જ્યાંસુધી જિજ્ઞાસુને બે અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી યથાર્થ ભેદને પહોંચી શકતો નથી."

તે ૧ લી અવસ્થા આ છે કે આ પુરૂષની દૃષ્ટીવડે બધું જગત્ દેખાય નહિ (મિથ્યાભાસે) અને ભગવત્ વિના બીજું કશું ન દેખે.

૨ જી અવસ્થા આ છે કે "જ્યારે તેનું મન મરી જાય." માટે જે રીતે જગત્ તેને કંઇ કહે ત્યારે તેના ચિત્તમાં કંઇ ગ્લાનિ ન આવે. અને માન અપમાનનો કંઇ ભય રહે નહિ.

વળી બીજા એક સંતને કોઇએ કહ્યું હતું કે કેટલાંક માણસો જે તમારાં વચન સાંભળીને બહાર જાય છે. ત્યારે નિંદા કરવા માંડે છે. ત્યારે તે સંતે કહ્યું કે "મારા ચિત્તની વૃત્તિ તો પરમપદને પામવાની તરફ લાગેલી છે. માટે મને લોકોની નિન્દાનો ભય કંઇ નથી. અને જે પુરૂષે લોકોની નિંદા અને સ્તુતિની અભિલાષાનો ત્યાગ કર્યો છે તે મુક્ત પુરૂષ છે; માટે જિજ્ઞાસુને નિન્દા અને સ્તુતિની તરફ સુરતિ દેવીજ અયોગ્યજ છે. શાથી કે "જગત્ની નિન્દાથી કોઇ રહિત થઇ શકતો નથી.

હવે એ વચનના નિર્ણયમાં મેં એકાંત અને મેળાપના ગુણ અને દોષ વર્ણવ્યા છે, માટે જિજ્ઞાસુ આ વચનને સાંભળી કરીને પ્રથમ પોતાના અધિકારનો વિચાર કરે. વળી જેવો એનો અધિકાર હોય તેમજ વૃત્તિનો અંગીકાર કરે.

અથ એકાંતમાં રહેવાની યુક્તિનું વર્ણન.

ત્યારે તું જાણ કે જ્યારે આ પુરૂષ એકાંતમાં સ્થિત થવા ઇચ્છે ત્યારે પ્રથમ એવી મનસા કરે કે "હું એકાંતને આટલા કારણ સારૂ અંગીકાર કરૂ છું." કે મારાં વચન અને કર્મવડે કોઇને ખેદ ન થાય અને જગત્ની ઉપાધિથી હું દુઃખી ન થાઉં. "વળી સર્વ જંજાળોથી મુક્ત થઇ કરીને ભગવદ્ ભજનમાં સાવધાન થાઉં; તાત્પર્ય એ કે એકાંતી પુરૂષે ભજન અને વિચાર વિના રહેવું કોઇ વખત પ્રમાણ નથી. અથવા વિદ્યા અને શુભ કૃતિમાં દૃઢ થાય. વળી લોકોના મેળાપની અભિલાષા કરવી પણ તેને યોગ્ય નથી. અને પ્રયોજન વિના કોઇ સાથે નગરની વાર્તા પણ ન પૂછે. શાથી કે એ મનુષ્ય જેવી વાત સાંભળે છે. તેવોજ સંસ્કાર તેના હૃદયમાં દૃઢ થાય છે. પછી ભજનની એકત્રતામાં એજ સંકલ્પ સ્ફુરવા લાગે છે. અને એકાંતમાં રહેવાનું પ્ર-

યોજન છે કે "બધા સંકલ્પોનો નિરોધ થાય." માટે એકાંતીને ઘટે છે કે આહાર અને વસ્ત્રનો સંયમ રાખે. શા માટે કે જ્યાંસુધી એ પુરૂષ સંયમનો અંગીકાર કરતો નથી ત્યાંસુધી લોકોની પરાધીનતામાંથી છુટતો નથી. વળી જ્યારે કોઈ એને વચને કરીને અથવા કર્મે કરીને દુઃખ દે, તોપણ સહન શીલતા કરીને ક્ષમા કરે, અને પોતાની સ્તુતિ અને નિંદાને સાંભળે નહિ. અને ધર્મકાર્યમાં સાવધાન રહે. શાથી કે જ્યારે પોતાની સ્તુતિ અને નિન્દાની તરફ સુરતિ દે છે, ત્યારે તેનો સમય વ્યર્થ જાય છે. અને એકાંતમાં રહેવાનું પ્રયોજન એ છે કે એ વખતમાં આ પુરૂષ પોતાનાં ઉત્તમ કાર્યોને સિદ્ધ કરી લે.

ચોથો સર્ગ.

સમાપ્ત.

સર્ગ ૫ મો.

રાજનીતિનું વર્ણન.

તમે જાણો કે રાજનીતિ કરવી એ પણ મહા ઉત્તમ છે. અને જે પુરૂષ વિચાર સંયુક્ત રાજ્ય વિષે વર્તે છે, તે ભગવાનનો નિકટવર્તી થાય છે. પણ જે પુરૂષ રાજમાં ધર્મની મર્યાદાનો ત્યાગ કરે છે, તે પોતાના મનની વાસનાનો દાસ છે, તેને ભગવાન્‌ની તરફથી ધિક્કાર મળે છે. કેમકે સર્વ સાધનોનું મૂળ ધર્મજ્ઞ રાજા છે, અને ધર્માત્મા તેજ થાય છે કે જેની બુદ્ધિ વિચારવાળી હોય અને તેનો સ્વભાવ પણ સાત્વિકી હોય છે.

રાજનીતિની વિદ્યા પણ અપાર છે અને એ વિદ્યાનું તાત્પર્ય આ છે કે પ્રથમ રાજા આ ભેદને જાણે કે "આ હું જગત્‌માં શા નિમિત્તે (કામે) આવ્યો છું." "અને કેવી અવસ્થા વિષે જઇશ." અને એમ પણ જાણે કે "આ જગત્‌માં હું એક પરદેશી છું." અને આ સંસાર એક રસ્તામાં છે. મુકામ અને તે મુસાફરીની શરૂઆત તો પારણું (ઘોડીયું) અને અન્ત સ્મશાન

છે. વળી દિવસ, માસ, વર્ષ માર્ગના ગાઉ યોજન છે, તે એ પ્રકારે કાળ વીતવાવડે કરીને સર્વદા હું પરલોકની પાસે પહોંચતો જાઉં છું. વળી જે સ્થાનમાં મારે જવાનું છે તે સ્થાન આ સંસારના જગત્થી જુદું છે, ત્યારે જેમ કોઇ પુરૂષનો માર્ગ પુલોની (સડક) ઉપર હોય અને તે પુરૂષ આખો દિવસ પુલ બનાવવામાં વળગ્યો રહે અને પોતાના માર્ગની મુસાફરીની મજલને વિસારી દે, ત્યારે તે મહા મૂર્ખ કહેવાય છે તેમ આ સંસારરૂપી પુલ છે, તે જે મનુષ્ય મૂર્ખ હોય છે, તે આ સંસારનાં કાર્યોને સંપૂર્ણ કરવાને ઇચ્છે છે; અને જે પુરૂષ બુદ્ધિમાન છે, તે બીજા કોઇ કાર્યની તરફ સુરતિ જ દેતા નથી, અને સર્વદા પરલોકના માર્ગનું ભાતું બનાવવાને ઇચ્છે છે; અને માયાના પદાર્થોને કાર્ય માત્ર અંગીકાર કરે છે. અને કાર્ય માત્રથી અધિક જે ભોગ વિલાસ છે તેને વિષની પેઠે જાણે છે. અને એમ સમજે છે કે જેટલું સોનું ચાંદી કોઇ એકઠું કરે છે, તે સમયે સર્વ ખજાના ભસ્મ થઇ જશે. (એટલે કાંઇ કામમાં આવશે નહિ) અને અંતકાળમાં, મનને તે ધનના વિયોગનું દુ:ખ પ્રાપ્ત થશે.

એટલે માયાની સામગ્રીનો સાર એ છે કે જેણે કરીને શરીરનાં ખાનપાન આદિક કાર્ય સિદ્ધ થાય અને એથી અધિક બધી સામગ્રી પશ્ચાત્તાપ અને દુ:ખનાં બીજ છે. પણ શુદ્ધ અને પાપથી રહિત માયાનો સંચય કરનારને પદાર્થોના વિયોગનું તથા પશ્ચાત્તાપનું દુ:ખ થતું નથી. અને જે પુરૂષ પાપ સહિત માયાને એકઠી કરે છે, તેને પરલોકમાં પણ શિક્ષા થાય છે, અને તમોગુણે કરીને જેનું ધન હર્યું છે, તેનો રૂણી થાય છે અને આ વાત તો નિ:સંદેહ છે કે હઠ અને પુરૂષાર્થ વિના કોઇ પ્રકારે ભોગોથી રહિત થઇ શકતો નથી.

વળી જે પુરૂષની પ્રતિતિ અને બુદ્ધિ દૃઢ હોય છે, તે એવું સમજે છે કે આ ઇંદ્રિયાદિક ભોગ કેટલાક વખત પછી બધા વિરસ થઇ જશે અને હમણાં પણ દુ:ખરૂપ છે. વળી પરલોકનું સુખ જે આત્મ રહસ્ય છે તે સર્વદા પરમાનન્દ સ્વરૂપ છે, અને સર્વ વિઘ્નોથી રહિત છે, જે પુરૂષની પ્રતિતિ દૃઢ હોય છે, તેને ભોગોનું ત્યાગવું સુગમ થાય છે અને તેનું દૃષ્ટાંત આ છે કે–જેમ કોઇ પુરૂષનો કોઇ પ્રીતમ હોય અને તે પુરૂષને આ પ્રમાણે

કહીએ કે જો તું એક રાત્રી સુધી પોતાના પ્રીતમના મેળાપનો ત્યાગ કરે તો સર્વદા તે પ્રીતમ તારી પાસેજ રહેશે. અને તારો વિરોધી પણ કોઇ થશે નહિ. જો કે પ્રીતમની સાથે તે પુરૂષની પ્રીતિ અધિક હોય છે, તોપણ એક રાત્રીના મેળાપનો ત્યાગ કરવામાં કંઈ ખેદ માનતો નથી, અને નિત્યના મેળાપની આશાએ કરીને તેને સુખસહિત ભોગવે છે. તેમજ બુદ્ધિમાન્ પુરૂષે એમ સમજવું જોઇએ કે-પ્રથમ તો આ લોકમાં આયુષ્ય તુચ્છ માત્ર છે.

બીજું જેટલા ભોગ્ય પદાર્થ છે, તે ક્ષણ ક્ષણમાં પરિણામી થતા જાય છે. અને આત્માનો આનન્દ એવો છે કે તે સુખનો કદાચિત્ અંત આવતો નથી અને જે સુખનો અંતજ ન હોય તેનું પ્રમાણ શી રીતે વર્ણન કરીએ? અને આ માણસના આયુષ્યનું પ્રમાણ તો સો વર્ષનું છે, અને કદાપિ એથી અધિક હોય, અને ઉદય અસ્ત પર્યંત નિષ્કંટક રાજ્યને પણ પામે, તો પણ આત્મસુખ જે અનન્ત છે, તેની અપેક્ષાએ કરીને આ આયુષ્ય અને સુખ બધું તુચ્છ માત્ર છે.

વળી જ્યારે કોઇને આ સંસારનું સુખ અને ચક્રવર્ત્તી રાજ્ય સર્વદા પણ પ્રાપ્ત થાય તોપણ મહા મલીન અને વિરસ છે-શાથી કે આ સર્વ સુખ દુઃખોની સાથે મળેલાં છે. માટે એવા સુખ સ્વરૂપ દુઃખ રહિત આત્મ સુખનો ત્યાગ કરીને ઇંદ્રિયાદિક સુખ જે મહા મલીન છે, તેમાં આસકત થવું એ મોટી મૂર્ખાઇ છે-માટે ધર્માત્મા રાજા અને તેના મંત્રિયોએ સર્વદા સમજવું જોઇએ. જ્યારે એવી સમજે કરીને ભોગોથી રહિત થાય, ત્યારે તેમને રાજનીતિ, પ્રજાને સુખી રાખવી, જીવોપર દયા કરવી એ સુગમ થાય અને રાજ કરવું તેને ઘટે છે, કે જેમને સન્તોનાં વચનની સમજ હોય. અને માયાના પદાર્થોની તૃષ્ણા ન હોય, શાથીકે ધર્મ અને નીતિ સહિત રાજ્ય કરવાથી, બધા જપ અને તપ કરતાં પણ પરમેશ્વર વધારે પ્રીતિ રાખે છે એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે એક દિવસ વિચારની મર્યાદા સહિત ન્યાય કરવો. "એ સાઠ વર્ષના તપ કરતાં પણ વિશેષ છે. વળી એમ પણ કહ્યું છે કે ધર્માત્મા રાજા પરલોકના તાપ વિષે ભગવતની છાયા તળે શીતલ રહેશે. અને ધર્માત્મા રાજા ભગવાનને વહાલા છે. અને ધર્મહીન રાજા ભગવાનથી વિમુખ છે, વળી આચાર્ય મહારાજે ભગવતના સમ ખાઇને

કહ્યું છે કે ધર્માત્મા રાજાને બધી પ્રજાના ભજનનું ફળ મળે છે. "અને તે જો એકવાર ભગવતનું નામ લે છે, તો તેને સહસ્ત્ર નામનું ફલ થાય છે. તો જ્યારે રાજનીતિનો આવો લાભ ઠર્યો, ત્યારે ઘટે છે કે તે રાજા ભગવતના ઉપકારને જાણે, અને ધર્મથી વિમુખ ન થાય, અને જ્યારે આ ઉપકારના કૃતઘ્ની થઇને અનીતિ વિષે વર્તે અને પોતાના મનની વાસનાના દાસ હોય ત્યારે દુઃખોના અધિકારી થાય છે, માટે રાજનીતિના ધર્મની કંઇક યુક્તિ-ઓનું વર્ણન કરવામાં આવે છે.

(૧) તે પ્રથમ યુક્તિ એ છે કે જેમ અપમાન અને દુઃખ પોતાને સારાં લાગતાં નથી, તેમજ બધાં વિઘ્નોથી પ્રજાની રક્ષા કરવી. અને જ્યારે તેમ ન કરે ત્યારે રાજા ધર્મથી ભ્રષ્ટ થાય છે, એ ઉપર એક વાર્તા છે કે એકવાર આચાર્ય મહારાજ છાયા તળે બેઠા હતા, અને બીજા લોક તડકામાં બેઠા હતા, "ત્યારે મહા પુરૂષને આકાશ વાણી થઇ કે તમને આમ બેસવું ઘટારત નથી." તાત્પર્ય આ છે કે આ કિંચિત્માત્ર કર્મને માટે પણ શિક્ષા થઇ "માટે ઘટે છે કે રાજા પોતે જે વાતમાં પ્રસન્ન ન હોય તેને પ્રજા ઉપર પણ લાગુ ન કરે." અને જે રાજાની મનસા એવી નિષ્કામ ન હોય તે રાજા ધર્મહીન છે–

(૨) વળી બીજી યુક્તિ આ છે કે અર્થીને નીચ દૃષ્ટિથી ન જુએ. "અને તેને દુઃખી થતા જોઇને ભય પામે" અને તે વખતે જો કદાપિ કંઇ નિયમ અથવા જાપ કરતા હોય તોપણ તે નિયમને છોડી કરીને અર્થીના મનોરથને પૂર્ણ કરે. શાથી કે અર્થીના પ્રર્થને પૂર્ણ કરવો એ બધા નિય-મોથી વિશેષ છે એ ઉપર એક વાર્તા છે કે એક મહા ધર્માત્મા રાજા હતા તે એકવાર આખો દિવસ પ્રજાનાં કાર્યો કરીને વિશ્રામ કરવાને સારૂ જ્યારે ચાર ઘડી દિવસ રહ્યો ત્યારે ગૃહમાં (ઘરમાં) જઇ કરીને સુઇ રહ્યા, ત્યારે તે રાજાનો કુંવર આવીને કહેવા લાગ્યો કે તમે અચિન્ત થઇને કેમ સુઇ રહ્યાછો. હું તો એ વાર્તાથી અધિક ભય માનુંછું કે "હમણાંજ આવીને આપને કાળ મારી ન લે, અને કોઇ અર્થી તમારા દરબારપર અપ્રાપ્ત રહી જાય? અને તમે તેથી અજાણ્યા રહો." ત્યારે રાજાએ કહ્યું કે હે પુત્ર તું સાચું કહે છે, પછી તે રાજા તેજ વખતે ઉઠીને ઉભા થયા ને પ્રજાના કામોમાં સાવધાન થયા.

(૩) વળી ત્રીજી યુક્તિ એ છે કે "પોતાના ઉપર અધિક ભોગોનો સ્વભાવ પ્રબલ ન કરે, અને ખાન પાન આદિક વિષે સંયમ સહિત વર્તે, શાથી કે-જ્યારે રાજા સંયમ રહિત થઇને અધિક ભોગો વિષે વર્તે છે, ત્યારે તેનાથી ધર્મની મર્યાદા નાશ પામે છે." એ ઉપર એક ધર્માત્મા રાજાએ પોતાના કોઇ મંત્રીને પૂછયું હતું કે-તમે મારો કોઇ અવગુણ સાંભળ્યો હોય તો તે કહો, "ત્યારે તેણે કહ્યું કે તમે રાત્રી અને દિવસનો પોષાક જુદો જુદો રાખો છો, અને ખાવાનું બે શાકની સાથે ખાઓ છો." ત્યારે તેણે કહ્યું કે-હવે પછી એ પણ નહિ કરૂં.

(૪) વળી ચોથી યુક્તિ એ છે કે યથાશકિત બધાં કામોને દયાસંયુકત ચલાવી લે અને ક્રોધ ત્યારે કરે કે જ્યારે કાંઇ એવું જ કઠિણ (અઘરૂં) કામ હોય અને તે જો વિના ક્રોધે નિભાવ ન થાય તો ક્રોધ કરવો. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે-પ્રજાના ઉપર જે રાજાની સર્વદા દયા થાય છે, તેના ઉપર ભગવત્ પણ દયા કરે છે" અને એમ પણ કહ્યું છે કે-ત્યારે જ રાજ્ય કરવું એ સારૂં છે કે જ્યારે ધર્મની મર્યાદા પ્રમાણે હોય અને જ્યારે રાજા ધર્મની મર્યાદાથી ભ્રષ્ટ થાય છે, ત્યારે તે રાજ્યજ તેની અધોગતિ કરે છે. એ ઉપર એક વાર્તા છે કે એક રાજાએ કોઇ વિદ્વાનને પૂછયું હતું કે "રાજ્યનીતિમાં મુક્તિદાયક ધર્મ છે?" ત્યારે તેણે કહ્યું કે "પાપ રહિત ધન ઉત્પન્ન કરવું, અને સારા માર્ગમાં તેનું ખરચ કરવું;" ત્યારે તે રાજા પૂછવા લાગ્યો કે "એ વાત કોઇથી થઇ શકે છે?" ત્યારે તેણે કહ્યું કે "જેને નરકનાં દુઃખોનો ભય હશે, અને પરમ સુખને પામવાની ઇચ્છા હશે તેને આ કૃતિ કરવી સુગમ થશે.

(૫) પાંચમી યુક્તિ એ છે કે હૃદયથી સદા આ યત્ન કરે કે શાસ્ત્રની મર્યાદાને અનુસરીને બધી પ્રજા સુખી થાય. અને આ વાર્તા પ્રસિદ્ધ છે કે "રાજાની પાસે જે લોક સ્તુતિ કરે છે, તે બધા ભયે કરીને કરે છે, અને તે જાણે છે કે મારા ઉપર અતિશે પ્રસન્ન છે." માટે બુદ્ધિમાન રાજાને આ પ્રમાણે ઘટે છે કે "મંત્રી અને દૂતોદ્વારાએ પ્રજાની ખબર લે." અને પોતાની ભલાઇ ભુંડાઇને જાણે અને લોકોની સ્તુતિ સાંભળીને અભિમાન ન કરે.

(૬) વળી છઠ્ઠી યુક્તિ એ છે કે "જ્યારે કોઇ પુરૂષ દુષ્ટ અને ધર્મ હીન હોય ત્યારે તેના પર પ્રસન્નતા કરવાને ન ઇચ્છે (તેના પર પ્રીતિ ન કરે) શાથી કે એવા ઉપરની પ્રસન્નતાએ કરીને બીજા જીવોને દુઃખ થાય છે. અને યથાર્થ નીતિ અનુસાર કામ કરતાં જ્યારે તે દુષ્ટ અપ્રસન્ન થશે, ત્યારે તેની અપ્રસન્નતાનું પાપ રાજાને સ્પર્શ કરશે નહિ માટે દુષ્ટ મનુષ્યોની પ્રસન્નતા ઇચ્છવી અને ભગવન્તની પ્રસન્નતાથી વિમુખ રહેવું એ મોટી મૂર્ખતા છે. એ ઉપર એક સન્તે કહ્યું છે કે "જે પુરૂષ સર્વ પ્રકારે પરમેશ્વરનીજ પ્રસન્નતા ઇચ્છે છે ત્યારે ભગવન્ત તેના ઉપર લોકોને પણ પ્રસન્ન કરી દે છે. અને જે પુરૂષ લોકોની પ્રસન્નતાને સારૂ ભગવત્‌થી વિમુખ રહે છે, તો ભગવત્ પણ તેનાથી પ્રસન્ન થતા નથી, અને લોક પણ અપ્રસન્ન રહે છે.

(૭) વળી સાતમી–યુક્તિ એ છે કે રાજાને સર્વદા રાજનીતિનો ભય જોઇએ. શાથી કે રાજનીતિ વિષે બરાબર ચાલવું એ ઘણું કઠણ છે. માટે જે પુરૂષ સર્વ પ્રકારે પ્રજાને ધર્મ વિષે વર્તાવે અને સુખી રાખે અને પોતે પણ ધર્મમાં સાવધાન રહે, ત્યારે નિસ્સન્દેહ તે રાજા પરમ ભાગ્યવાન થાય છે. અને જ્યારે એથી વિપરીત વર્તે ત્યારે એવો અભાગી થાય છે કે એનાથી અધિક ભાગ્યહીન બીજો કોઇ ન હોય એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જ્યારે કોઈ ભગવત્‌ની દયા ઇચ્છે ત્યારે બધા જીવોપર પોતેજ દયા કરે, અને જે રાજા પોતાના તેજને ઇચ્છે, તે ધર્મ નીતિમાં દૃઢ થાય અને જેવું વચન પોતે કહે તેવીજ કૃતિ કરે. અને જ્યારે એમ ન કરે ત્યારે દેવતા પણ તેનો ધિક્કાર કરે છે અને મહારાજની તરફથી પણ વિમુખ થાય છે.

અને જે રાજાથી પ્રજાનું પાલન ન થાય અને તે કદાપિ પૂજા પાઠના નિયમમાં સાવધાન રહે, તોપણ તેને લાભકારક કંઇ પણ થતું નથી. માટે વિચાર કરીએ તો કોઇ રાજા ધર્મની મર્યાદાથી રહિત થઇને રાજનીતિ ચલાવે તો તેણે કરીને તેની કોઈ શુભ કૃતિ લાભદાયક થતી નથી. એ ઉપર વળી આચાર્ય મહારાજે કહ્યું છે કે જ્યારે કોઇ પુરૂષ બે પુરૂષો વિષે મુખ્ય (ઉપરી) હોય, અને વિચારની નીતિ સાથે ન વિચરે, તોપણ ધિક્કારનો અધિકારી થાય છે. "અને એમ પણ કહ્યું છે કે ઘણું કરીને તો એવા રાજાઓજ દુઃખમાં પડશે." અને રાજાઓમાંથી કોઇકજ મોક્ષને પામશે, કે જે સદા ભગવદ્‌ના

ભયે કરીને ડરતો રહેશે અને વિચારની યુક્તિને અંગીકાર કરશે. "અને એમ પણ કહ્યું છે કે જ્યારે કોઇ આ લોકમાં કોઈ ઉપર કોપ કરે છે, ત્યારે ભગવદ્ પણ તેના ઉપર ક્રોધ કરશે." વળી એમ પણ કહ્યું છે કે "જે આ લોકમાં કોઇને સુખ દેશે, તે પોતે પણ સુખને પામશે."

વળી કહ્યું છે કે જ્યારે આ લોકમાં રાજા પોતાની પ્રજા પાસેથી દંડ તથા કર લે, અને તેનું રક્ષણ કરે નહિ. ચોધરી (કોટવાળ) નગરમાં સમાન ભાવથી ન વર્તે એટલે કોઇનો પક્ષ કરે કોઇની ખબર ન લે, કોઇ પુરૂષ સમ્બન્ધિયોને ધર્મ માર્ગ ન શીખવે અને અશુદ્ધ જીવિકા વડે કરીને તેમની ઉદર પૂર્ણતા કરે. વળી કોઇ પુરૂષ કોઇ પાસે પોતાનું કામ કરાવીને તેની મજૂરી આપે નહિં; તે એવા બધા પુરૂષો નરક ગામી થાય છે. માટે રાજાને ઘટે છે કે સંતજનોનાં વચનોને પોતાનું દર્પણ બનાવે, અને જે વચનોમાં અનીતિની નિંદા વર્ણવી છે, તેને સમજીને સદા ભયમાં રહે.

(૮) વળી આઠમી યુક્તિ એ છે કે "રાજા સદા વિદ્વાન પુરૂષોની સંગતી કરે, અને તેમને ધર્મની મર્યાદા પૂછતા રહે" અને જે વિદ્વાન્ ધનના અર્થી હોય, તેની સંગતિ ન કરે શાથી કે સકામી પંડિત રાજાને પ્રસન્ન કરીને પોતાના પ્રયોજનને સિદ્ધ કરવાને ઇચ્છે છે યથાર્થ ઉપદેશને સંભળાવી શકતો નથી. માટે તેની સંગતીજ ખરાબ છે. અને રાજાએ એવા વિદ્વાનની સંગતિ કરવી પ્રમાણ છે કે જે પોતાના પ્રયોજનને અને રાજાના માનને નિમિતે યથાર્થ વાતને ઢાંકતા નથી.

એ ઉપર એક વાર્તા છે કે "કોઇ રાજાએ કોઇ સન્તને પૂછયું હતું કે અમુક તપસ્વી તમેજ છો?" ત્યારે તેણે કહ્યું કે "અમુક તો હું છું પણ તપસ્વી તુંજ છે." શાથી કે "જે અધિક વસ્તુનો ત્યાગ કરીને અલ્પ વસ્તુનો અંગીકાર કરે તેને તપસ્વી કહે છે" તો તેં આત્મ સુખનો ત્યાગ કરીને માયાના સુખનો અંગીકાર કર્યો છે માટે તપસ્વી પણ તુંજ છે." વળી રાજાએ કહ્યું કે "મને કંઇ ઉપદેશ કરો." ત્યારે સન્તે કહ્યું કે "તને ભગવાને ધર્મના સિંહાસને બેસાર્યો છે, માટે મહારાજ તને પરલોકમાં ધર્મની મર્યાદા પૂછશે. વળી ભગવાને તને શિક્ષાના દ્વારનો છડીદાર બનાવ્યો છે અર્થ એ કે "તું શિક્ષાથી પ્રજાની રક્ષા કરવાનો અધિકારી બનેલો છે." માટે જે

પુરૂષ જીવિકાને સારૂ પાપ કરતો હોય તો તેવાને તું જીવિકા માત્ર ધન દે અને જો કોઇ ધર્મ મર્યાદાથી સ્વમતે કરીને રહિત થાય ત્યારે તેને શિક્ષા કરીને પાપથી મુકત કર; અને કોઇ પોતાની સબળતાએ કરીને જીવોનો સં-હાર કરતો હોય ત્યારે તેને ખડગે કરીને દંડ દે, અને જ્યારે તું એમ કરીશ નહિ, ત્યારે પ્રથમ તુંજ પાપ ભાગી થઇશ.

વળી રાજાએ કહ્યું કંઇ બીજો ઉપદેશ કરો, ત્યારે સંત બોલ્યા કે "હે રાજન્ તું નદી જેવો છે અને પ્રધાન તારો પ્રવાહ છે." અર્થાત્ જો તું નિર્મળ હશે તો તે પણ નિર્મળ થશે અને જ્યારે તારૂંજ હૃદય મલીન હશે ત્યારે પ્રધાન પણ મલીન ક્રિયા વિષે વર્ત્તશે.

વળી એક બીજો રાજા કોઇ સંતનાં દર્શને ગયો હતો, તો તે સંત આ વચન બોલ્યા કરતો હતો કે-યથાશક્તિ શુભ કૃતિનોજ અંગીકાર કરો. શાથી કે "ઉત્તમ અને નીચની ગતિ સમાન હોતી નથી." તે વચન જ્યારે રાજાએ સાંભળ્યું, ત્યારે પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે "સંતોનું એક વચન પણ ઉપદેશનું મૂળ છે, પણ દર્શનની અભિલાષાને સારૂ તે રાજાના પ્રધાને કમાડને ખખડાવ્યું, અને કહેવા લાગ્યો કે "મહારાજ કમાડ ઉઘાડો" ત્યારે સંતે પૂછ્યું કે "તમે કોણ છો?" એટલે પ્રધાને કહ્યું કે "અમુક રાજા તમારાં દર્શન સારૂ આવ્યા છે," ત્યારે સંતે કહ્યું કે "અમારી સાથે રાજાને શું કામ છે?" એટલે રાજાના પ્રધાને કહ્યું કે "રાજાનો નિરાદર કરવો એ પ્રમાણ નથી." ત્યારે સંતે કમાડ ઉઘાડ્યાં, અને ઘરમાં જે દીવો બળતો હતો તે ઓલવી નાંખ્યો. ત્યારે તે રાજાએ અંદર જઇને સંતના ચરણમાં મસ્તક ધર્યું. અને બે હાથે ચરણ પકડ્યા. ત્યારે સંતે કહ્યું કે "આ તારા હાથ તો બહુ કોમળ છે, પણ જ્યારે પરલોકની અગ્નિથી તેનું રક્ષણ થાય ત્યારે." વળી રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યો કે હે રાજા તું હમણાં જો યથાર્થ વિષે વિચરે તો સારૂં છે, શાથી કે પરલોકમાં તને એક એકની વાત પૂછશે. ત્યારે આ વચન સાંભળીને રાજા રોવા લાગ્યો. અને મૂર્છિત થઇ ગયો, ત્યારે પ્રધાને કહ્યું કે મહારાજ હવે એ વચન વિષે મૌન કરો. "કેમકે રાજા તમારાં વચને કરીને મૃતક થવા લાગ્યા છે;" ત્યારે સંતે કહ્યું કે હે કુમન્ત્રી રાજા તો તમારા લોકોની સંગતિ કરવાથી મૃતક થયા છે,

અને તું અમને કહે છે કે રાજાને તમે માર્યો છે. વળી તે રાજા સચેત થઇને સંતની પાસે ત્રણ હજાર રૂપિયા મુકવા લાગ્યો; અને કહેવા લાગ્યો કે "હે મહારાજ આ ધન પાપ રહિત ઉત્પન્ન કરેલું છે," ત્યારે સંતે કહ્યું કે "હું તને માયાથી વિરક્ત કરવાને ઇચ્છું છું અને તું મનેજ માયા વિષે નાંખવાને ઇચ્છે છે ?" એવું કહીને તે સંત ઉઠીને ઉભા થયા, ને ગૃહમાંથી બહાર નીકળી આવ્યા, અને ધનને અંગીકાર કર્યું નહિ.

વળી બીજા એક રાજાએ કોઇ સંતને કહ્યું હતું કે "તમે મને ધર્મ નીતિનો ઉપદેશ સંભળાવો-" ત્યારે સંતે કહ્યું કે જે તારાથી નાની ઉમરનાં માણસો છે, તેને પુત્ર જેવાં જાણ, અને જે તારાથી મોટાં છે, તેને પિતાવત્ જાણ. અને જે સરખાં છે, તેની સાથે ભાઇયોની પેઠે વર્તન કર. અને જો કોઇને કંઇ દંડ દે, તો પણ જેટલો તેનો અપરાધ હોય, તેટલોજ તેનો દંડ અને શિક્ષા કર. અને ચિત્તમાં એજ ભાવના રાખ કે હું શિક્ષા પણ તેનું ભલું થવાને સારૂં કરૂં છું.

વળી કોઇને જ્યારે ક્રોધે કરીને એક સોટી પણ મારીશ ત્યારે પાપનો ભાગી થઇશ એ ઉપર એક બુદ્ધિમાન રાજાએ કહ્યું છે કે એકવાર મારા નોકરથી એક કામ બગડયું હતું, ત્યારે હું ક્રોધે કરીને તેને મારવા લાગ્યો. "ત્યારે નોકરે કહ્યું કે તમે પરલોકની શિક્ષાનું સ્મરણ કરો," અર્થ એકે ક્રોધથી રહિત થાઓ. એ પ્રકારે જ્યારે આ વચન મેં સાંભળ્યું ત્યારે મને ભગવત્નો ભય ઉત્પન્ન થયો, તાત્પર્ય એ જે રાજાને ઘટે છે કે સદા એવાંજ વચન સાભળતા રહેવું-

(૯) વળી નવમી યુક્તિ એ છે કે રાજાને એવો અભિમાન ન જોઇએ કે હું તો કોઇને દંડ કરતો નથી, શાથી કે મન્ત્રિઓ અને પ્રધાનો અને સેનાપતિયોનાં પાપ કર્મોએ કરીને પણ રાજાનેજ શિક્ષા થશે, માટે તેમને વરજીત કરે, એ ઉપર એક ધર્મજ્ઞ રાજાએ પોતાના પ્રધાન તરફ એક કાગળ લખ્યો હતો કે ભાગ્યવાન્ પ્રધાન તે થાય છે કે જેના રાજ્ય કરવાથી પ્રજા સુખી રહે છે, અને જે રાજાની પ્રજા ધર્મહીન થઇ જાય અને દુઃખને પામે તે રાજા પણ મન્દ ભાગી થાય છે, માટે તને સચેત થવું ઘટે છે જ્યારે તું અચેત થઇને ભોગોમાં લંપટ થઇશ ત્યારે તારી સેના પણ પ્રજાને દુઃખ

હેનારી અને લંપટ થઇ જશે, અને અધિક ભોગી પુરૂષ પશુના જેવો થઇ જાય છે કે જે પશુ લીલું ઘાસ ખાઇને જાડાં થાય છે. વળી તેના શરીરની સ્થુળતાજ તેનાં દુઃખો અને નાશનું કારણ થાય છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જે રાજાનો પ્રધાન પાપ કર્મી હોય અને રાજા તેને શિક્ષા ન કરે ત્યારે તે પાપનું ફલ રાજાને લાગે છે.'' માટે રાજાએ આ પ્રકારે જાણવું જોઇએ કે માયામાં આસકત થઇને પરમાર્થથી વિમુખ થવું એ મોટી મૂર્ખતા છે. અને આ જેટલા મારા મન્ત્રી અને પ્રધાન છે, તે સઘળા પોતાના પ્રયોજનના અર્થી છે, અને પોતાના મનોરથના નિમિત્તે મારો ધર્મ નાશ કરવાને ઇચ્છે છે છતાં જ્યારે હું એમના વશમાં પડીને ધર્મથી વિમુખ રહીશ ત્યારે હું નિસ્સન્દેહ નરક ગામી થઇશ તો જ્યારે આ પ્રકારે વિચારીને જોઇએ તો આ બધા મારા શત્રુ છે, માટે જે રાજા પોતાના મન્ત્રિયો અને સેનાપતિયોને પાપથી વર્જિત કરતો નથી તે જેમ કોઇને પોતાનાં સ્ત્રી પુત્રાદિકને પાપ કર્મમાં જોડે અને તેનાં પાપોનો ભાગીદાર થાય, તેના જેવું છે. માટે આ જે ધર્મની મર્યાદા સન્તોએ કહી છે, તેનું પાલન તો તેજ પુરૂષ કરે છે કે જેણે પોતાના શરીર તથા મનને વિચાર યુક્ત દ્રઢ કર્યું છે, અને શરીરને ધર્મ નીતિ વિષે રાખવું એ છે કે બુદ્ધિ ઉપર ક્રોધ અને લોભોને પ્રબલ થવા ન દે,'' પણ ઘણો લોકતો એવા થાય છે કે પોતાના મનોરથ પૂર્ણ કરવાને નિમિત્તે યત્ન કરે છે અને બુદ્ધિને પણ એજ કામોમાં લગાડતા રહે છે તો જેણે બુદ્ધિરૂપી દેવતાને ક્રોધરૂપી રાક્ષસના હાથમાં બાંધી દીધો છે, એવા પુરૂષથી કોઇ રીતે પ્રજાપર ધર્મની નીતિ થઇ શકતી નથી. તાત્પર્ય એ કે પ્રથમ વિચાર રૂપી સૂર્ય હૃદયમાં ઉત્પન્ન થાય છે, પછી તેનો પ્રકાશ ઇંદ્રિયાદિકોમાં વર્તમાન થાય છે, અને તે પછી તેજ પ્રકાશ બધી પ્રજા ઉપર અજવાળું કરે છે, માટે જે પુરૂષ એવા સૂર્ય વિના પ્રકાશવાની આશા રાખે છે તે અયોગ્ય છે તેનું કારણ કહ્યું છે કે ધર્મની બુદ્ધિથી વિચાર ઉપજે છે, અને પરમ બુદ્ધિ તેનું નામ છે જે બધી કૃતિના ભેદને સમજે, અને આ વાતને વિચારી જુએ, કે હું ધર્મ અને વિચારની મર્યાદાનો ત્યાગ શા નિમિત્તે કરૂંછું? તે જ્યારે નાના પ્રકારનાં ભોજનોને નિમિત્તે વિચારની મર્યાદાનો ત્યાગ કરે, ત્યારે એમ જાણે કે ખાન

પાનની અભિલાષા તો પશુઓનો સ્વભાવ છે, "શાથી કે જેને ખાનપાનની અધિક તૃષ્ણા છે, તે જો કે જોવા માત્રમાં તો મનુષ્ય દેખાય છે, તોપણ આહાર વિષે પશુઓના સરખો છે વળી જો સુંદર વસ્ત્રોના નિમિત્તે ધર્મ ત્યાગ કરે, તો શ્રૃંગાર બનાવવો એ સ્ત્રીઓનું કામ છે. અને જો પોતાના ક્રોધના નિમિતે ધર્મને તજ્યો છે તો સિંહો અને વરૂઓની પેઠે થાય છે. અને જો લોકોની માન્યતાને સારૂ વિચારની મર્યાદાને ત્યાગી દીધી; તો પણ મોટી મૂર્ખતા છે, શાથી કે જ્યારે વિચાર કરીને જોઇએ તો બધા લોક પોતાના પ્રયોજનના અર્થી છે, અને પોતાના ભોગોના નિમિતે એની સેવા કરે છે તે એની પરીક્ષા આ છે કે જ્યારે તેના સ્વાર્થનો ભંગ થાય છે, ત્યારે બધાં તેનાં શત્રુ થઇ જાય છે, અને તેના શત્રુઓની શેવામાં સાવધાન થાય છે. તેથી પ્રસિદ્ધ કે એના સંબંધી અને મિત્ર અને નોકર અને બધા લોક પોતાના સ્વાર્થના સગા છે, અને બુદ્ધિમાન્ પુરૂષ તેજ છે, જે એવાને ભલી પ્રકારે સમજે, અને પદાર્થોની સ્થૂલતાને જોઇને અભિમાની ન થાય પણ જે પુરૂષને એવી સમજ ઉત્પન્ન થઈ નથી તે બુદ્ધિ હીન કહેવાય છે. અને જે પુરૂષમાં બુદ્ધિજ નથી તે વિચારની મર્યાદામાં સાવધાન પણ થઈ શકતો નથી. અને જે વિચારથી રહિત છે તે નિઃસંદેહ પાપનો અધિકારી થાય છે, એ કારણથી સંત જનોએ કહ્યું છે કે "સર્વ શુભ ગુણોનું મૂળ બુદ્ધિ છે"

(૧૦) વળી દસમી યુક્તિ એ છે કે વધારે હોય છે, અને અભિમાને કરીને ક્રોધ ઉત્પન્ન થાય છે, તે ક્રોધ બુદ્ધિનો પરમ શત્રુ છે. માટે રાજાને એમ ઘટે છે કે "પ્રથમ ક્રેધનાં વિઘ્નોને ઓળખે," વળી જ્યારે અકસ્માત્ કોઈ સમયમાં ક્રોધ ઉપજવા લાગે ત્યારે યત્ને કરીને પોતાના સ્વભાવને દયા અને સહનશીલતા વિષે દૃઢ કરે. અને એમ પણ જાણે કે "સહનશીલતા સંતોનો ધર્મ છે, અને ક્રોધ કરવો અસુરોનો સ્વભાવ છે; તોપણ જ્યારે કોઇ પુરૂષ વચને કરીને રાજાની અવજ્ઞા કરે, ત્યારે તેના ઉપર અવશ્ય ક્રોધ જ કરવો જોઇએ તો પણ તે અવસરમાં રાજાએ આ પ્રકારે સમજવું જોઇએ કે જ્યારે દુર્વચન કહેનારો પુરૂષ સત્ય કહે છે ત્યારે તો તેનો ઉપકાર માનવો પ્રમાણ છે, અને જો જૂઠ કહે છે, તો વધારે ઉપકાર જાણવો પ્રમાણ છે, શાથી કે જ્યારે તેના વચનને સાંભળીને સહનશીલતા થશે, ત્યારે તેનાં શુભ કર્મોનું ફળ રાજાને પ્રાપ્ત થશે." એ ઉપર એક વાર્તા છે કે-કોઇએ કહ્યું કે

અમુક પુરૂષ એવો બલવાન્ છે કે જેની સાથે યુદ્ધ કરે છે તેને પાડી દેછે, ત્યારે તેને બીજાએ કહ્યું કે જેણે પોતાના ક્રોધને જીત્યો છે તેજ બળવાન્ છે. બીજાં માણસોને પકડનાર અને પાડી નાખનારને બલી કહેવો એ અયોગ્ય છે. ધર્મવાન્ પુરૂષનું લક્ષણ એ છે કે કદાપી ક્રોધ કરવા જેવું કોઇ માણસ હોય, તોપણ વિચારની મર્યાદાનો ત્યાગ ન કરે અને અનુચિત વચન કહે નહિ અને જ્યારે તે કોઇ ઉપર પ્રસન્ન થાય ત્યારે યથાર્થને ભૂલી ન જાય. કદાપિ સમર્થ હોય તો પણ પોતાની મર્યાદાથી ઉલ્લંઘિત ન થાય એ ઉપર એક સંતે કહ્યું છે કે જ્યાંસુધી કોઇ પુરૂષનું ધૈર્ય અને ક્રોધ એ બેની પરીક્ષા કરીને ભલી પ્રકારે ન જોઇએ ત્યાંસુધી તેના ઉપર પ્રતીતિ કરવી અયોગ્ય છે." એ ઉપર એક વાર્તા છે કે એક રાજ કુંવર ભણવાને સારૂ પાઠશાળામાં જતો હતો, એટલામાં એક દુષ્ટ આવીને તેને દુર્વચન કહેવા લાગ્યો ત્યારે રાજકુંવરનો નોકર ક્રોધે ભરાઇને તે દુષ્ટને મારવાની તજવીજ કરવા લાગ્યો, ત્યારે રાજકુમારે પોતાના હજુરીને દૂર કર્યો, અને તે દુષ્ટને કહેવા લાગ્યા કે "હે ભાઇ મારામાં તો એવા અવગુણ છે, કે તેને તું જાણતો જ નથી, પણ તને કંઈ કામ હોય તો પ્રસિદ્ધ કહે," આ વચન સાંભળીને તે દુષ્ટ લજ્જિત થયો, ત્યારે રાજકુમારે પોતાનો ઉપરણો તથા હજાર રૂપીઆ તેને આપ્યા, ત્યારે પુરૂષ લેઇ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે "નિઃસંદેહ તું મહા પુરૂષનું સંતાન છે" વળી તે રાજકુમારની એક બીજી વાર્તા છે કે એક વખત તેણે પોતાના નોકરને બે વખત હાક મારી, અને તે નોકરે કંઈ જવાબ દીધો નહિ, ત્યારે તેની પાસે જઈ કરીને કહેવા લાગ્યો કે મેં તને બે વાર બોલાવ્યો, અને તેં સાંભળ્યું પણ નહિ?" ત્યારે નોકરે કહ્યું કે "મેં સાંભળ્યું તો હતું પણ તમારી સહનશીલતા જાણીને નિર્ભય થઇ રહ્યો હતો, કે આ અપરાધે કરીને શિક્ષા નહિ કરે," ત્યારે તે રાજપુત્ર કહેવા લાગ્યો કે "અમારા ઉપર એ પણ મહારાજનો મોટો ઉપકાર છે કે મારા ચાકર સુદ્ધાં મારા ક્રોધથી નિર્ભય થયા છે." વળી બીજા કોઈ સંતના નોકરે ઘરના પશુનો પગ ભાગ્યો હતો, ત્યારે સંતે કહ્યું કે તેં આ બિચારાને શા માટે દુઃખ દીધું છે, ત્યારે નોકર કહેવા લાગ્યો કે "તમારા ધૈર્યની તથા

ક્રોધની પરીક્ષાને નિમિત્તે આ અપરાધ મેં કર્યો છે. ત્યારે સંતે કહ્યું કે "હું સહનશીલતાએ કરીને ક્રોધને પણ લજ્જાવાન્ કરીશ." એટલું કહી કરીને એ વેચાથી લીધેલા નોકરને મુકત કરી દીધો વળી એજ સંતને કોઇ દુષ્ટ દુર્વચન કહેવા લાગ્યો હતો ત્યારે સંતે કહ્યું કે મારા ભગવતના મધ્યમાં કેટલીએ કઠીણ (ઘાટી) વાટ છે, જ્યારે હું તેને ઓળંગી ગયો તો પછી તારાં દુર્વચનોનો ભય કાંઇ નથી." અને જ્યારે હું તે માર્ગને ઓળંગી શકયો નહિ, ત્યારે જેવો તું કહે છે તેથી પણ હું નીચ છું. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે ઘણા પુરૂષ ક્ષમા અને સહનશીલતાએ કરીને મહા ગંભીર પદને પામે છે. અને જોકે તેઓ ગૃહસ્થ ધર્મ વિષે વર્તે છે, તોપણ મહા શુરવીર વિરકત ચિત્તવાળા કહેવાય છે.

વળી એમ પણ કહ્યુ છે કે "જે વિચારની મર્યાદાથી રહિત થઇ કરીને ક્રોધને વશીભૂત થાય છે, તે નિસ્સંદેહ દુઃખી થાય છે." અને જે કોઇ સમર્થ થઇ કરીને પોતાના ક્રોધનું દમન કરી લે છે, તેના હૃદયને મહારાજ પરમાનન્દે કરીને પરીપૂર્ણ કરી દે છે. તાત્પર્ય એ કે "જે રાજાની બુદ્ધિ ધર્મ વિષે સ્થિત થાય છે, તેને જેટલાં મેં વચન અને યુકિતયોનું વર્ણન કર્યું છે એટલુંજ ઘણું છે. અને જેનું હૃદય આવા ઉપદેશે કરીને કોમલ ન થાય, ત્યારે જાણીએ કે ભગવત્ પર તેની પ્રતીતિજ કંઇ નથી." અર્થ એ કે વચને કરી ભગવત્‌ને સત્ય કહેવા એ જુદું છે, અને હૃદયમાં ભગવત્‌ને સત્ય જાણવા એ જુદું છે, શાથી કે "પુરૂષ છળ અને દંડવડે ધનને ઉત્પન્ન કરે અને પાપો વિષે નિશંક થઇ વર્તે ત્યારે શી રીતે જાણીયે કે તેણે ભગવત્‌ને પ્રકટ સત્ય જાણ્યા છે? માટે ધર્માત્મા પુરૂષ તેજ છે કે જે ધર્મની મર્યાદા વિષે સ્થત છે.

ઇતિ વ્યવહાર વર્ણન નામનું

બીજું પ્રકરણ સમાપ્ત.

ત્રીજું પ્રકરણ.

પ્રથમ સર્ગ.

મનનો યત્ન અને કઠોર સ્વભાવોના ઉપચારનું વર્ણન

(૧) પ્રથમ વિભાગ ભલા સ્વભાવની સ્તુતિમાં.

ભગવાને ભલા સ્વભાવોએ કરીનેજ આચાર્યોની પ્રશંસા કરી છે, અને આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે ભગવાને મને ભલા સ્વભાવોને પૂર્ણ કરવા સારૂ આ જગતમાં મોકલ્યો છે. વળી એમ પણ કહ્યું છે કે પરલોકમાં મહા ઉત્તમ પદાર્થ ભલો સ્વભાવજ થશે.

વળી એક પુરૂષે આચાર્ય મહારાજને પૂછયું કે ધર્મ શું છે? તેમણે કહ્યું કે ભલો સ્વભાવજ ધર્મ છે. એમજ વળી એક પુરૂષે બીજાને પૂછયું કે ઉત્તમ કરણી શી છે? ત્યારે તેણે કહ્યું કે ભલો સ્વભાવ બધાં કર્મમાં ઉત્તમ છે. વળી એક પુરૂષે આચાર્ય મહારાજને કહ્યું કે મને કંઇ ઉપદેશ કરો, ત્યારે તેમણે કહ્યું કે જે ઠેકાણે તું હોય તે ઠેકાણેજ ભગવાનના ભય સાથે રહે. વળી જ્યારે કોઈ તારી સાથે બુરાઈ કરે, ત્યારે તું તેની સાથે ભલાઇજ કર, અને બધા જીવોની સાથે ભલા સ્વભાવ સહિત મેળાપ કર. બીજું એ કહ્યું કે જેને ભગવાને ભલો સ્વભાવ આપ્યો છે, અને જેનું મસ્તક પ્રસન્નતા સાથે ખુલ્લું (આનંદમાં) રહે છે, તે નરકોની અગ્નિમાં બળતો નથી. આચાર્ય મહારાજને કોઇએ કહ્યું કે અમુક સ્ત્રી છે, તે દિવસે વ્રત રાખે છે, અને રાત્રે જાગરણ કરે છે, અને સર્વદા ભજનમાં સાવધાન છે, પણ તેનો સ્વભાવ એવો નઠારો છે કે પડોસિયોને ખરાબ વચનોવડે કરીને દુભાવે છે ત્યારે તેમણે કહ્યું કે "નિસ્સંદેહ તે સ્ત્રી નરકમાં પડશે" એમ પણ કહ્યું છે કે મધને જેમ ખટાઇ બગાડે છે તેમ ખરાબ સ્વભાવ ભજનનો નાશ કરે છે. આચાર્ય મહારાજે ભગવાનની પાસે પ્રાર્થના કરી હતી કે "તમે જેવું મારૂં શરીર સુંદર બનાવ્યું છે, તેવોજ મારો સ્વભાવ પણ સારો કરો." બીજું એ માગ્યું કે મને ભલો સ્વભાવ અને નીરોગતા આપો. કોઇએ આચાર્ય મહારાજને પૂછયું કે ભગવત્ જે કાંઈ આ જીવને આપે છે, તેમાં ભલો પદાર્થ કયો છે? ત્યારે તેમણે કહ્યું કે ભલો સ્વભાવ બધા પદાર્થો કરતાં વિશેષ છે. એક બીજા

સન્તે કહ્યું કે હું એકવાર આચાર્ય મહારાજની સાથે હતો ત્યારે તેમણે કહ્યું કે મેં એક મોટું આશ્ચર્ય જોયું છે, કે એક પુરૂષ મને પડેલો નજરે પડયો હતો, અને ભગવત્ અને તેના વચમાં મોટો પડદો હતો, પણ ભલો સ્વભાવ જે તેના હૃદયમાં આવ્યો, તેણે એ બધા પડદાને દૂર કરી દીધો, અને તે પુરૂષને ભગવત્‌ની સાથે મેળવી દીધો.

મોટું તપ અને જાગરણે કરીને કોઈ માણસઉત્તમ અવસ્થાને પામે છે, તે ભલા સ્વભાવે કરીને કષ્ટ અને યત્ન વિનાજ બીજું મનુષ્ય પામે છે. પણ એ ભલા સ્વભાવની પૂર્ણતા મહા પુરૂષોમાં જ જોવામાં આવે છે. એ ઉપર એક વાર્તા છે કે એક ઠેકાણે આચાર્ય મહારાજ બેઠા હતા ત્યારે ત્યાં સ્ત્રીઓ નિડર થઇને ઉંચા સ્વરે કરીને શબ્દો બોલવા લાગી એવામાં ત્યાં તેમના સોબતી એક સંત જ્યારે તેમને જોવા આવ્યા ત્યારે તે બધી સ્ત્રીઓ ચપળતા છોડી કરીને મૌન થઇને બેઠી. ત્યારે તે સંત કહેવા લાગ્યા કે હે સ્ત્રીઓ તમે આચાર્ય મહારાજનો ભય ન રાખ્યો અને મને જોઇને મૌન થઇ બેઠી? ત્યારે તેણીઓએ કહ્યું કે આચાર્ય મહારાજનો સ્વભાવ અત કોમળ છે, અને તમારો સ્વભાવ તેમનાથી કઠોર છે, તેથી અમે તમારાથી ભય પામીએ છીએ. પછી આચાર્ય મહારાજે તે સંતને કહ્યું કે હે મિત્ર તમને જોયા વિનાજ માયા તમારા તેજથી નાશી જાય છે પણ ટકી શકતી નથી તો પછી બીજાનું શું ચાલે, એ પ્રકારે કહી કરીને તેને રાજી કરવા લાગ્યા અને પ્રસન્ન કર્યા.

એક બીજા સન્ત હતા તે કોઇ પુરૂષની સાથે માર્ગમાં સંગાથી થયા; પછી જ્યારે તેનાથી છૂટા પડ્યા ત્યારે રૂદન કરવા લાગ્યા, ત્યારે લોકોએ પૂછયું કે તમે શા કારણથી રૂદન કરો છો? ત્યારે તેમણે કહ્યું કે આ પુરૂષ જે મારાથી છૂટો પડયો છે, તેનો નઠારો સ્વભાવ તેની સાથેજ રહ્યો પણ દૂર ન થયો તેથી હું રૂદન કરૂંછુ–

એક સંતે કહ્યું છે કે ત્યાગ ભલા સ્વભાવનું નામ છે, એટલે જેનો સ્વભાવ ભલો છે, તે ઉત્તમ ત્યાગી છે. એક બીજા સન્તે કહ્યું છે કે કઠોર સ્વભાવ એ એવું પાપ છે કે એના હોવાથી શુભ ગુણ બીજા હોય તે પણ લાભ દાયક થતા નથી, અને કોમળ સ્વભાવ એવું ભજન છે કે એણે કરીને સર્વ પાપોનો નાશ થઇ જાય છે, અને કોઇ અવગુણ વિઘ્ન કરી શકતો નથી.

(૨) બીજો વિભાગ ભલા સ્વભાવોના વર્ણનમાં.

સ્વભાવના નિર્ણયમાં ઘણા પ્રકારનાં વચન આવ્યાં છે, પણ ભલા સ્વભાવની પૂર્ણતા કોઇએ કહી નથી. જેમ કે કોઇએ કહ્યું કે મસ્તક પ્રસન્ન રાખવું, એજ ભલો સ્વભાવ છે, કોઇએ કહ્યું કે સહન શીલતાજ ભલો સ્વભાવ છે, એ રીતે બીજાં પણ ઘણાં વચન છે–પણ એ બધાં ભલા સ્વભાવનાં અંગ છે. એનું નામ પરીપૂર્ણ ભલો સ્વભાવ નથી. માટે ભલા સ્વભાવની પૂર્ણતાને પ્રકટ કરીએ છીએ. માણસને બે પદાર્થોના સંબંધથી ઉત્પન્ન કર્યું છે, તેમાં એક શરીર છે, જે સ્થૂળ નેત્રોવડે જોવામાં આવે છે, અને બીજો જીવ છે, તેને બુદ્ધિએ કરીને ઓળખી શકાય છે. તે શરીર અને જીવની સુંદરતાઈ પણ છે, અને કુરૂપતા પણ છે. પણ શરીરની સુંદરતાને સ્થૂળ રૂપ વડે કહે છે–અને જીવની સુંદરતાઈ ભલા સ્વભાવે કરીને થાય છે. સ્થૂળ રૂપવાન્ તેને કહે છે કે જેની આંખો, માથું, નાક, કાન, મુખ અને બીજાં બધાં અંગ તથા ઉદર સમાન હોય છે–તેમજ જીવની પૂર્ણ સુંદરતાઇ પણ ત્યારે કહેવાય છે કે જ્યારે એ પુરૂષમાં ચાર સરખા ગુણ જોવામાં આવે ૧ એક વિદ્યા છે, ૨ બીજું ભોગોને જીતવા, ૩ ત્રીજું ક્રોધને જીતવો ૪ ચોથું વિચાર. તે વિચાર એ ત્રણેમાં વર્તે છે, પણ પહેલી જે વિદ્યા કહી હતી તેનો અર્થ જ્ઞાન થાય છે અને તેની વિશેષતા એ છે કે જ્ઞાને કરીને સત્ય અને અસત્યને સહેલી રીતે જાણી લે. વળી વચન અને કૃતની ભલાઇ અને ભુંડાઇના ભેદને સમજે, અને એમ પણ જાણે કે આ પ્રતીતિ જુઠી છે, અને આ સત્ય છે. તે જ્યારે વચન, કૃતિ, અને નિશ્ચયને રૂડી રીતે જાણે છે ત્યારે તેને હૃદયમાં અનુભવ ઉત્પન્ન થાય છે. તે અનુભવ બધા ગુણોનું મૂળ છે, જે પુરૂષને અનુભવ પ્રાપ્ત થયો છે, તેને બધા ગુણ પ્રાપ્ત થયા છે. બીજું ભોગોનું જીતવું એ છે કે ભોગ આપણા ઉપર પ્રબલ થાય અને બુદ્ધિની આજ્ઞાનુસાર વરતે; જેથી વિચારની આજ્ઞા માનવી તેને સુગમ થાય. ત્રીજું ક્રોધને જીતવાનું એ છે કે ક્રોધ પણ વિચારની આજ્ઞામાં રહીને વર્તે અને વિચારની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરતાં, કોઇને દુઃખ આપે નહિ. ચોથો જે વિચાર છે તેનું બળ એ ત્રણમાં વર્તે છે. અર્થ એ છે કે ભોગ અને ક્રોધને વશ રાખે, વિદ્યાને સમાન રાખે, અને તેને ધર્મશાસ્ત્રની આજ્ઞામાં વર્તાવે. શાથી કે ક્રોધ શ્વાન જેવો છે, અને ભોગ અશ્વ જેવા છે, બુદ્ધિ રૂપી સવાર છે, તેથી કોઇવાર એવું બને છે કે ઘોડો સવારથી પ્રબલ થઇ

જાય છે, અને કોઈવાર સવારની આજ્ઞામાં ચાલે છે. તેમજ શ્વાન પણ કોઈ-વાર આજ્ઞા વિષે ચાલે છે, અને કોઈવાર આજ્ઞાથી વિપર્યે થાય છે. પણ જ્યાંસુધી અશ્વ અને શ્વાન સવારની આજ્ઞામાં ન હોય, ત્યાંસુધી સવારના હાથમાં શીકાર આવતો નથી અને સવારને એમ ભય રહે છે કે કદી ઘોડો પ્રબલ થઈને મને પાડી ન નાખે, અથવા શ્વાન ફાડી ખાશે. ત્યારે વિચારનું કામ એ છે કે એમને વશમાં રાખી બુદ્ધિ અને ધર્મની આજ્ઞામાં વર્તાવે ક્રોધના ઉપર કદી ભોગોને પ્રબલ કરીને ક્રોધના વેગને અપમાન ધારાએ હઠાવે અને કદી ક્રોધને ભોગો ઉપર પ્રબલ કરીને માનની લાલચ આપીને ભોગોની અભિલાષાઓના વેગને અટકાવે. એ પ્રકારે એ બેઉને પોતાના સ્વાધીનમાં રાખે. જે માણસમાં એ ચારે લક્ષણ સમાન હોય છે, તેને સંપૂર્ણ ભલા સ્વભાવવાળા કહે છે, અને જ્યારે કોઈ લક્ષણ હોય અને કોઇ ન હોય, ત્યારે તેનો સંપૂર્ણ ભલો સ્વભાવ કહેવાતો નથી જેમ કોઇ પુરૂષ સુન્દર હોય પણ તેનાં નેત્ર અથવા નાક અથવા બીજાં કોઇ અંગ કુરૂપ હોય, તો તેને પૂર્ણ રૂપવાન કહેતા નથી. ત્યારે તમે જાણો કે લક્ષણોની સુંદરતાઇ અને કુરૂપતા પણ છે, તે સુંદરતા સમાનતામાં હોય છે, અને કુરૂપતા બે પ્રકારે કરીને હોય છે, એક મર્યાદાથી અધિક હોવાથી અને બીજી મર્યાદાથી અલ્પ થવામાં કુરૂપતા છે. જ્યારે માણસોમાં એક સ્વભાવ ખરાબ હોય છે, ત્યારે તેઓમાં બીજા પણ અનેક ખરાબ સ્વભાવ ઉત્પન્ન થાય છે. આ લક્ષણોની મર્યાદા જે કહી હતી તે આ પ્રકારે છે કે-પ્રથમ જ્યારે વિદ્યાજ મર્યાદાથી અધિક હોય છે, ત્યારે નાના પ્રકારની મલીનતા વિષે પસરી જાય છે, તેથી ચપલતાઇ અને ચતુરાઇ ઉત્પન્ન થાય છે, પછી અભિમાની થઈ જાય છે, અને જ્યારે વિદ્યા મર્યાદાથી થોડી હોય છે, ત્યારે મૂર્ખતા અને જડતાને પ્રાપ્ત થાય થાય છે, પણ જ્યારે વિદ્યાજ મર્યાદા અનુસાર હોય છે ત્યારે તેનાથી વિચાર, અને સુમતિ અને શુદ્ધ સંકલ્પ અને ઉતમ જ્ઞાન ઉપજે છે, તેમજ જ્યારે ક્રોધનું બળ અધિક થાય છે, ત્યારે અભિમાન, અહંકાર, દુર્વ-ચન, વધારીને પોતાની સ્તુતિ કરવી, અને નિશ્શંક થઇ કરીને પોતાને ભયાનક સ્થાનમાં ફેંકવું ઇત્યાદિક અવગુણ ઉત્પન્ન થાય છે, અને જ્યારે એ ક્રોધજ મર્યાદાથી અલ્પ હોય છે, ત્યારે નિર્માનતા, અને પરાધીનતા, અને કપટ ઇત્યાદિક ખરાબ સ્વભાવ ઉત્પન્ન થાય છે, વળી જ્યારે ક્રોધનું બલ મર્યાદા પ્રમાણે હોય છે ત્યારે તેનું ચિત્ત દૃઢ થાય છે, અને પુરૂષાર્થ બળ સહન શીલતા, નમ્રતા, અને તેની પેઠે બીજા અનેક શુભ ગુણો પામે છે.

એ પ્રકારે જ્યારે ભોગોનું બળ અધિક થાય છે ત્યારે તૃષ્ણા, અશુદ્ધતા, કૃપણતા તથા ઇર્ષા ઉત્પન્ન થાય છે અને લોભે કરીને ધનવાનોના અપમાનને સહન કરે છે, અને નિર્ધનોનો નિરાદર કરે છે, ઈત્યાદિક અનેક અપલક્ષણ ઉત્પન્ન થાય છે. વળી જ્યારે સર્વથા ભોગોથી રહીત થાય છે, ત્યારે આલસ્ય

કૃપણતા, અને અસ્થિરતા ઉપજે છે, અને ભોગોનું બળ મર્યાદામાં હોય છે ત્યારે સંયમ, ધૈર્ય, સંતોષ, ભાવ એ બધા લક્ષણ ઉત્પન્ન થાય છે. એટલે વિદ્યા, ક્રોધ, અને કામ જે વર્ણન કર્યા છે, તેના બે બે કિનારા છે, એક અધિકતા અને બીજી અલ્પતા, એ બેઉ નિંદ્ય છે, તેથી તેની મર્યાદાજ વિ- શેષ કહી છે. જેમ પરલોકમાં વૈતરણીનું ઉતરવું કઠીણ કહ્યું છે, તેમજ એની મર્યાદામાં વર્તવું પણ કઠણ છે, માટે જે પુરૂષ આ લોકમાં એની મર્યાદા અર્થાત્ સમાનતા વિષે વર્તે છે તે વૈતરણીથી પરલોકમાં નિર્લેપ રહે છે. એ કારણથી શ્રીકૃષ્ણ ભગવાને પણ બધા સ્વભાવોમાં સમાનતાજ પ્રમાણ કહી છે, અને કૃપણતા તથા ઉડાઉપણાથી રહિત પુરૂષોની પ્રશંસા કરી છે આચાર્ય મહા- રાજે કહ્યું છે કે એવી કૃપણતા ન કરવી કે કોઇને કંઇ દેવુંજ નહિ, અને એવું ઉડાઉપણું પણ ન કરવું કે બધું એક વારમાંજ લુંટાવીને પોતે નિર્ધન થવું. જેમ હૃદયની સુંદરતાઇ ત્યારેજ સમ્પૂર્ણ થાય છે, કે જ્યારે આ બધા ગુણ મર્યાદાને અનુસરીને હોય છે તેમ શરીરે કરીને સુન્દર પણ ત્યારે હોય છે, કે જ્યારે બધું અંગ સમાન અને સુંદર હોય છે.હૃદયની સુંદરતા અને કુરૂપતા વિષે પણ મનુષ્ય ચાર પ્રકારનાં થાય છે.

(૧) તેમાં એક એવાં મનુષ્ય છે કે તેમનામાં સંપૂર્ણ શુભ ગુણ જોવામાં આવે છે. આવું હોય ત્યારે તેને સંપૂર્ણ સુંદર કહેવાય છે, અને બધા જીવોએ એવા આચાર્ય પુરૂષની આજ્ઞામાં વર્તવું ઉચિત છે. પણ એવા પૂર્ણ સુંદર કોઇકજ આચાર્ય અને સંતજ હોય છે. જેમ શરીરના પૂર્ણ સુંદરપણાવાળા એક કામદેવજ થયા છે, તેમજ હૃદયના પૂર્ણ સુંદર પણ કોઇ વિરલા જ થાય છે.

(૨) બીજા પુરૂષ એવા થાય છે કે તેમનામાં બધા ખરાબ સ્વભાવ જ જોવામાં આવે છે, અને તેમનું -હ્દય મહાકુરૂપ અને કઠોર થાય છે, એવા પુરૂષ જગત્માં ન હોય તો જ સારૂં છે. શાથી કે તે સ્વચ્છંદી અસુરો જેવા જ છે, અને અસુરોને જે કુરૂપ કહ્યા છે, તે શરીરે કરીને કુરૂપ કહ્યા નથી,

કેવળ તેમના સ્વભાવોની ભુંડાઇએ કરીનેં કુરૂપ કહ્યા છે.

(૩) ત્રીજા માણુસ એવાં છે કે તેમનું હૃદય ઉપરનાં બે પ્રકારનાં મનુષ્યોના મધ્યમાં છે પણ ઉત્તમ સુંદરતાઇ વિશેષ છે.

(૪) ચોથી જાતનાં મનુષ્ય પણ જો કે એ બેઉના મધ્યમાં છે, પણ તે કુરૂપતાને ઘણાં નજીક છે, એટલે જેમ શરીરે કરીને પણ સંપૂર્ણ સુંદર અથવા કુરૂપ કોઈ વિરલો જ હોય છે, પણ મધ્યમ ભાવ વિષે ઘણાં હોય છે.

-હૃદયની સુંદરતા અને કુરૂપતા પણ એ પ્રકારે છે.

માટે બધાએ એવો પુરૂષાર્થ કરવો જોઇએ કે જોકે તેઓથી હૃદયની પૂર્ણ સંપૂર્ણતાને પહોંચી ન શકાય, તોપણ સંપૂર્ણ સુંદરતાની પાસેમાં પાસે જે પદ છે, તેને તો પહોંચવું. અર્થાત્ બધા શુભ ગુણો પ્રાપ્ત થઇ શકે નહિ, તો પણ કંઇ શુભ ગુણો તો મેળવવા જોકે જેમ શરીરની સુંદરતા અને કુરૂપતા અપાર છે, તેમજ હૃદયની સુંદરતા અને કુરૂપતા પણ અપાર છે શાથી કે-શુભ ગુણોની સુંદરતા એક વસ્તુનું નામ નથી, તોપણ તેનું મૂળ વિદ્યા, અને ભોગોને જીતવા, તથા ક્રોધને જીતવો, એવા વિચાર ચાર છે અને બીજા શુભ ગુણો તેની શાખાઓ છે.

(૩) હવે ત્રીજા વિભાગમાં એ વર્ણન થશે કે પુરૂષાર્થે કરીને નિઃસંદેહ ભલા સ્વભાવોની પ્રાપ્તિ થઇ શકે છે.

જો કોઇ પુરૂષ આવું કહે કે જેમ શરીરનું સ્વરૂપ બદલી શકાતું નથી પણ જેવું આદિમાં ઉત્પન્ન થયું છે, તેવુંજ રહે છે, અર્થાત્ લાંબો પુરૂષ ટુંકો થઇ શકે નહિ અને ટુંકો યત્ને કરીને લાંબો થઇ શકતો નથી, તેમજ હૃદયનું સ્વરૂપ પણ બદલાતું નથી. માટે જેનો સ્વભાવ ખરાબ છે, તે યત્ને કરીને ભલો થતો નથી. તો આ કહેવું તેનું પ્રમાણ નથી. શાથી કે તે ભૂલ કરીને કહે છે, કેમકે તેમનું કહેવું જો પ્રમાણ હોત, તો ઉપદેશ, સમજાવવું, શીખવવું એ વગેરે સંતે પુરૂષોનું બધું કામ મિથ્યા થાય છે. જેમ-આચાર્યે મહારાજે પણ કહ્યું છે કે "પોતાના સ્વભાવને સારો કરો." માટે જાણવામાં આવે છે કે—સ્વભાવોને ઉલટાવવા એ સંભવ છે," આ કારણથી મહા કઠોર પશુ પણ યત્ને કોમળ થઇ જાય છે, અને મૃગ જે માણસોને જોઇ ભય પામીને નાશી જાય છે, તે પણ હેતે કરીને મનુષ્યોની સાથે છૂટાં ચાલ્યાં

જાય છે. માટે સ્વભાવને બદલવો એ શરીરને બદલાવવાના જેવું નથી. સર્વ કાર્ય બે પ્રકારનાં હોય છે, (૧) તેમાં એક કામ એવું છે કે માણસોથી યત્ન-વડે સિદ્ધ થતું નથી જેમ ખજૂરના બીજમાંથી ઘઉંનો છોડ માણસની મેહે-નતથી થતો નથી પણ એટલું કામ માણસના સ્વાધીનમાં છે કે "ખજૂરના બીજને યત્ને કરીને ખજૂરનું વૃક્ષ કરી શકાય છે તેમ આ પણ મનુષ્યને આધીન નથી કે ખાવું પીવું આદિક જે શરીરના ભોગ છે, તેમાંથી તે સર્વ પ્રકારે મુક્ત થઇ શકે, પણ એટલું કાર્ય માણસથી થઇ શકે ને યત્ને કરીને ક્રોધ અને મર્યાદા પ્રમાણે કરી લે. તે વાત નિઃસંદેહ છે પણ તેમાં એટલો ભેદ છે કે કોઈ પુરૂષ એવા હોય છે, કે જેમનો સ્વભાવ બદલવો કઠણ હોય છે, અને બીજા કોઇ એવા હોય છે કે તેમનો સ્વભાવ બદલવો સુગમ થાય છે. કઠિન-તા બે કારણથી થાય છે. ૧ એક એ છે કે—જે માણસનો સ્વભાવ આદિ ઉત્પન્ન વિષે પ્રબલ હોય છે, તે પણ કઠિનતાએ કરીને બદલાય છે. (૨) બીજો એ કે જે સ્વભાવમાં ચિરકાળ પર્યંત વર્તવાનું થાય છે, તે સહેલથી બદલાતો નથી પણ પ્રબલ થઇ જાય છે. વળી સર્વ મનુષ્ય સ્વભાવ બદલવામાં ચાર પ્રકારનાં થાય છે. (૧) એક એવાં છે કે પ્રથમ ઉત્પત્તિ વિષેજ કોરા કા-ગળના જેવાં છે; અને તેમણે સત્ય અને અસત્યને હજુ જાણ્યુંજ નથી. અને કોઇ ભલા કે ખરાબ સ્વભાવમાં વર્તમાન પણ થયાં નથી. તે એવાં મનુષ્ય ઉપદેશનાં ઉત્તમ અધિકારી છે. કે બહુ સુગમતાથીજ ભલા સ્વભાવને અંગી-કાર કરી લે છે. એવા કોઈ પુરૂષને કોઇ ઉપદેશ કરનારો સમજાવે, અને તેને ખરાબ સ્વભાવનાં વિઘ્નો ઓળખાવે, તો તે સદળ માર્ગમાં ચાલે છે. આદિ અવસ્થામાં બધાં બાલક એવાં હોય છે, પણ માતા પિતા તેમને ખરાબ માર્ગમા નાંખે છે અને માયાની તૃષ્ણામાં તેમને લગાડે છે અને કંઇ સારી બુદ્ધિ શીખવતાં નથી. માટે તેઓ ખેલવાની અને ખાવાની વાસનામાં નિઃશંક થઇને વર્તે છે, એમના ધર્મનો નાશ થવાનું પાપ માતા અને પિતાને લાગે છે. તે વિષે ભગવાને પણ કહ્યું છે કે "જે પુરૂષ પોતાના મનને અને સંબંધીયોને પાપ કર્મથી છોડાવે છે, અને નરકની અગ્નિથી બચાવે છે, તે પુરૂષને ધન્ય છે."

(૨) બીજાં મનુષ્ય એવાં છે કે તેમણે જો કે હમણાં સારા નરતાનો નિશ્ચય કંઇ કર્યો નથી, પણ ભોગ અને ક્રોધમાં કેટલોક વખત ચાલ્યા હોય

છે તો પણ એટલું જાણે છે કે સ્વભાવ સારા નથી. તે એવા પુરૂષોનું કાર્ય કઠિનતાથી થાય છે શાથી કે એમને બે યત્ન કરવા જોઇએ. (૧) બુરા સ્વભાવોને દૂર કરવા; (૨) ભલા સ્વભાવનાં બીજ તેમના હૃદયમાં વાવવાં પણ જ્યારે તે પુરૂષ શ્રદ્ધા અને પુરૂષાર્થે સંયુકત હોય ત્યારે તરતજ ભલાઇને પ્રાપ્ત થઇ શકે છે, અને તેનો ખરાબ સ્વભાવ નાશ થઇ જાય છે.

(૩) અને ત્રીજાં મનુષ્ય આ પ્રકારનાં છે, કે તેમનો સ્વભાવ પાપોમાં દૃઢ થયો છે અને એમ પણ નથી જાણતાં કે આ ખરાબ સ્વભાવ છે અને તેમની દૃષ્ટિમાં પાપ કર્મ સુન્દર થઇને દેખાય છે, તો એવા પુરૂષોનો સ્વભાવ ફેરવવો મહા કઠિન હોય છે એટલે એવો કોઇ વિરલો થાય છે કે જે પોતાના પાપી સ્વભાવનો ત્યાગ કરે. (૪) અને ચોથાં મનુષ્ય એવાં છે કે પાપ કર્મ કરીને બડાઇ કરે છે, અને સારૂં જાણે છે અને કહે છે કે અમે આટલો દારૂ પી જઇએ છીએ, અને કામાદિક ભોગોમાં અમારામાં આટલું બળ છે. તે એવા પુરૂષ ભલાઇના ઉપદેશનો અંગીકાર કરતા નથી—પણ જે કોઇના ઉપર અકસ્માત્ ભગવતનીજ દયા થઇ જાય તેની બીજી વાત છે, અને તેનો ખરાબ સ્વભાવ દૂર થઇ જાય છે, તે આ ભગવત્‌ની દયામાં માણસનું બળ અને યત્ન કંઇ ચાલી શકતાં નથી. (૪) ચોથા વિભાગમાં ભલા સ્વભાવને પ્રાપ્ત થવાના ઉપાયોનું વર્ણન છે. જો કોઇ પુરૂષ એમ ઇચ્છે કે મારો ખરાબ સ્વભાવ દૂર થાય, ત્યારે તેનો ઉપાય આ છે કે પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે નહિ. શાથી કે ભોગોનો નાશ કરવો તે તેની વિરૂદ્ધ થયા વિના બને નહિ. કેમકે વિરોધી પદાર્થ પોતાના વિરોધીથીજ દૂર થાય છે, જેમ ક્રોધ રૂપી રોગની ઔષધી સહનશીલતા છે, અભિમાન રૂપી રોગની ઔષધી નમ્રતા છે, કૃપણતાની ઔષધી ઉદારતા છે, માટે એ પ્રમાણે સર્વ રોગની ઔષધી તેની વિરોધી વસ્તુ છે, એટલે જે કોઇ પુરૂષ શુભ કૃતિની સાધનામાં પોતાને જોડે, ત્યારે તેનો સ્વભાવ સહજ ભલો થઇ જાય છે. અને ધર્મશાસ્ત્રમાં જે શુભ કર્મ કરવાની આજ્ઞા છે, તેનું કારણ એ છે કે શુભ કર્મો કરવાથી હૃદયનો સ્વભાવ શુભ થાય છે, એટલે જે કાંઇ આ પુરૂષ પ્રથમ યત્ને કરીને કરે છે, તેના હૃદયનો સ્વભાવ પણ એ પ્રમાણે દૃઢ થઇ જાય છે, જેમ શરૂઆતમાં બાળક, મેહેતાજીથી અને નિશાળથી ભય પામીને નાશી જાય છે;

પણ જ્યારે તેને શિક્ષા કરીને ભણવામાં જોડે છે, ત્યારે તેનો તેવો સ્વભાવ બની જાય છે, વળી જ્યારે મોટું થાય છે, ત્યારે સમ્પૂર્ણ વિદ્યાના રહસ્યને સમજે છે, અને વિદ્યાના રસને છોડી શકતો નથી એ પ્રકારે જ્યારે માણસ, શતરંજ જુગાર રમવાનો સ્વભાવ પકડે છે, ત્યારે એવો સ્વભાવ થઇ જાય છે કે માયાનાં બધાં સુખ અને બીજું જે કાંઇ સંગ્રહ રાખતો હોય તો એમાં ખરચ કરે છે, પણ તે સ્વભાવનો ત્યાગ કરી શકતો નથી, માટે તેના સ્વભાવથી ઉલટા પણ ઘણા સ્વભાવ છે, પણ જ્યારે તે સ્વભાવોમાં વર્ત્તમાન થાય છે, ત્યારે એવા દૃઢ થઇ જાય છે કે તેણે કરીને દુઃખ અને દંડ સહન કરવાં, એ સારૂં જાણે છે, જેમ ઘણાં મનુષ્ય એવાં છે કે જેમનો ચોરી કરવી એ દૃઢ સ્વભાવ થઇ ગયો છે, તેઓ નાના પ્રકારના દંડ અને હાથ કપાય તો પણ ધૈર્ય ધારણ કરે છે. પણ ચોરી છોડી શકતા નથી, અને તે દંડની શિક્ષાને સહન કરવામાં પોતાની વિશેષતા માને છે; એ માટે જો વિચાર કરીને જોઇએ તો વાઘરી અને ચાંડાળ પણ પોત પોતામાં એવી વડાઇ કરે છે કે જેવી વિદ્યાવાન્ અને જે ગુણી લોક કરે છે, એટલે આ બધા સ્વભાવ પ્રમાણે વર્ત્તવાનું ફલ છે, કે તે એવા દૃઢ થઇ જાય છે કે જેમ કોઇનો સ્વભાવ માટી ખાવાનો હોય છે અને તેમાં રોગ, અને મૃત્યુ થવાનો ભય પણ તેને હોય છે, તોપણ તેનો ત્યાગ કરી શકતાં નથી, તેથી આ પ્રસિદ્ધ છે કે જે કંઇ સ્વભાવથી છૂટું છે, તે પણ ઘણા કાળ સુધી વર્તમાન હોવાથી કરીને દૃઢ થઇ જાય છે, પછી જે કંઇ એ મનુષ્યના હૃદયના સ્વભાવ પ્રમાણે છે તે તો તેનું જીવન રૂપ છે, જેમ કે અહાર અને પાણી શરીરનું જીવન રૂપ છે, પણ જ્યારે આ પુરૂષ પોતાના શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરે, ત્યારે તે સ્વભાવતો સુગમતાથીજ દૃઢ થઇ જાય છે.

તેમજ ભગવત્નું ઓળખાણ કરવું, અને ભજન કરીને કામ ક્રોધને વશ કરવા, તે આ મનુષ્યના હૃદયનો સ્વતંત્ર સ્વભાવ છે, એટલા માટે કે આ માણસ પણ દેવતાઓની પેઠે ઉત્પન્ન થયું છે, જેમ દેવતાઓનો આહાર ભગવત્નું ઓળખવું અને ગુણ ગ્રાહક થવું એ છે, તેમ મનુષ્યોના હૃદયનો આહાર પણ બીજા જીવન રૂપ એજ છે. છતાં મનુષ્યનો સ્વભાવ ભોગોમાં અધિક દૃઢ થાય છે, એ કારણથી તેમાં રૂચી કરતા નથી. વળી એ ભોગોવડે

તેમનું હૃદય રોગી થઇ ગયું છે, જેમ રોગી પુરૂષ પોતાના દુખ દાયક અ-હારમાં પ્રીત કરે છે, અને સુખદાયક આહારને ખરાબ જાણીને ત્યાગ કરે છે. માટે પ્રસિદ્ધ થયું કે જે પુરૂષ ભગવત્‌ની ઓળખાણ અને ભજનવિના ફોકટ નાશવંત પદાર્થોને પ્રિય સમજે છે તે રોગી છે. ભગવાને પણ આ પ્રમાણે કહ્યું છે કે નાસ્તિકોનું હૃદય રોગી છે, અને જે પુરૂષ ભગવત્‌ને શરણે આવ્યા છે, તે અરોગી છે, અને જેમ શરીરના રોગે કરીને મૃત્યુનો ભય થાય છે, તેમ હૃદયના રોગી થવાથી કરીને પરલોકમાં બુદ્ધિનો નાશ થવાનો ભય થાય છે, શરીરના રોગથી પણ ત્યારે છૂટે છે કે જ્યારે પોતાના સ્વભાવથી ઉલટું કડવું ઓસડ ખાય છે, અને વૈદ્યની આજ્ઞામાં વર્તે છે, તેમ હૃદયના રોગનો ઉપાય પણ એ છે કે પોતાની વાસના અને મનના સ્વભા-વથી ઉલટા ચાલવું કે જે સંત જનો અને શાસ્ત્રોએ કહ્યું છે, શાથી કે, સન્ત જન હૃદયના વૈદ્ય છે, કારણ કે જેવું શરીરના રોગોનું વૈદક છે, તેવું હૃદયના રોગોનું પણ વૈદક છે, અને બેઉનો એકજ સ્વભાવ છે, જેમ શરીરના વૈદકમાં ગરમીની ઔષધી શરદી કહી છે, તેમ જે પુરૂષમાં અભિમાનનો રોગ પ્રબલ થાય તેને યત્ને કરીને દીન સ્વભાવ કરવો જોઇએ કે તેની આરોગ્યતા એજ છે, અને જે પુરૂષનો અત્યન્ત દીન સ્વભાવ હોય તેણે યત્ને કરીને ગમ્ભીર સ્વભાવ કરી લેવો ઉચીત છે, માટે તું સમજ કે બધા સારા ગુણ ત્રણ પ્રકારે કરીને પ્રાપ્ત થાય છે.

(૧) તેમાં એક એ છે કે તે પુરૂષ આદિ ઉત્પત્તિમાં જ ગુણવાન હોય છે, એવી વાત ભગવત્‌ કૃપાએ કરીને થાય છે. જેમ કોઇ પુરૂષને આદ ઉ-ત્પત્તિથીજ ઉદાર અથવા નમ્ર ભગવત્‌ ઉત્પન્ન કરે તે એવા પુરૂષ પણ ઘણા હોય છે.

(૨) અને બીજાં મનુશ્ય આ પ્રકારનાં છે કે તે શુભ કૃતિનાં સાધનમાં યત્નવડે દ્દઢ હેય છે, ત્યારે તેનો સ્વભાવ પણ સહજ સ્વાભાવિકજ શુભ હોય છે.''

(૩) ત્રીજાં માણુસો એવાં હોય છે કે " તેઓ જ્યારે ભલો સ્વભાવ અને શુભ કૃતિવાળાઓને જુએ છે, અને તેનો સંગ કરે છે ત્યારે તેમનો સ્વભાવ

સહાય જ શુભ થઇ જાય છે જોકે તેમને એવી સમજ પણ હોતી નથી તો પણ ભલાઇને પ્રાપ્ત થાય છે.”

વળી કોઇ પુરૂષને આ ત્રણે પદાર્થ એકઠા મળ્યા હોય છે કે તેઓ આદિ ઉત્પત્તિથી શુભ ગુણોવાળા હોય, અને તેમની કૃતિ પણ ભલી હોય, અને સંગતિ પણ તેને ભલી પ્રાપ્ત થાય; ત્યારે તે પુરૂષ પુરો ભાગ્યશાળી હોય છે અને જે મનુષ્યમાં આ ત્રણે પદાર્થ ન હોય એટલે આદિ ઉત્પત્તિમાં પણ તેનો સ્વભાવ નીચ હોય, કૃતિ પણ ખરાબ કરે, અને સંગતિ પણ કુસંગિયોની હોય તે પૂરો ભાગ્યહીન થાય છે તેમાં એ ભાગ્યવાન્ અને ભાગ્યહીન બેઉમાં મોટો ભેદ છે, કે કોઇને કોઇ પદાર્થ પ્રાપ્ત થાય છે. અને કોઇ નથી થતો તે જેટલા કોઇમાં શુભ ગુણ મળેલા હોય છે, તેટલાજ તે ભાગ્યવાન્ કહેવાય છે અને જેટલા અવગુણ હોય છે તેટલા તે મંદ ભાગી છે. માટે ભગવતે કહ્યું છે કે “જે પુરૂષ અલ્પ માત્ર પણ સુકૃત કરે છે, તેને અવશ્યજ તેનું ફળ પ્રાપ્ત થાય છે અને જે કિંચિત્ પણ ભુંડાઇ કરે છે, તે તેટલું જ દુઃખ ભોગવે છે.” બધી કૃતિ ઇંદ્રિયોદ્વારા થાય છે, અને તેમાં પ્રયોજન એ છે કે “હૃદયનો સ્વભાવ ભુંડાઇથી ઉલટીને સીધો થાય” શાથી કે “પરલોકમાં જીવજ જાય છે, અને શરીર અહીંજ રહી જાય છે;” માટે ઘટે છે કે “જ્યારે જીવ, પર લોકમાં જાય ત્યારે નિર્મળ અને સુંદર થઇને જાય.” નિર્મળ થવાથી તે ભગવત્નાં દર્શનનો અધિકારી થાય અને શુદ્ધ દર્પણની પેઠે નિરાવરણ થઇને પોતાના હૃદયમાં ભગવત્ની સુંદરતાને દેખે છે. એ સુંદરતાઇ એવી છે કે તેને જોઇને સ્વર્ગનાં સુખ પણ કુરૂપ અને તુચ્છ ભાસે છે. અને જોકે પરલોકમાં શરીરની સાથે સંબંધ થાય છે, તો પણ કર્ત્તા અને ભોક્તા આ જીવ જ છે. અને શરીર તેને આધીન છે. એટલે શરીર અને જીવ ભિન્ન ભિન્ન છે શાથી કે “જીવની ઉત્પત્તિ સૂક્ષ્મ અને અરૂપ છે અને શરીર અર્દ્ધ ભૌતિક છે.” જો કે શરીર અને જીવ ભિન્ન છે, તો પણ તેમનો પરસ્પર સંબંધ છે, એટલે જે ભલી કૃતિ શરીરથી થાય છે, તેનો પ્રકાશ જઇને હૃદયમાં પહોંચે છે, અને તે પ્રકાશ ઉત્તમ ભાગ્યોનું બીજ થાય છે અને જે ખરાબ કરણી શરીરવડે થાય છે, તેનો અંધકાર પણ હૃદયને પહોંચે છે, અને તે અંધકાર મંદ ભાગ્યનું બીજ થાય છે. એટલે

એ સંબંધને નિમિત્તે જીવને આધિભૌતિક લોકમાં ઉત્પન્ન કર્યો છે કે "આ જીવ શરીરને ફાસીની માફક બનાવે, અને તેનાવડે કરીને સંપૂર્ણ ભલા સ્વભાવોને સ્વિકાર કરે. "જેમ લખવાનુ તે કારીગરી બુદ્ધિની છે, તો પણ લખવાની કૃતિ હાથોએ કરીને સિદ્ધ થાય છે, માટે જ્યારે કોઇ ઇચ્છે છે કે મારા અક્ષર લખવામાં સુંદર થાય." ત્યારે તેનો ઉપાય એ છે કે "યત્ને કરીને અક્ષર સુંદર લખે." અને હાથોની હથેળીને બનાવે, ત્યારે તેના હ્રદયમાં ભલો સ્વભાવ દૃઢ થાય છે, પછી તે ભલા સ્વભાવ પ્રમાણે સહજ કરણી સારી થાય છે માટે નિઃસંદેહ આ પ્રસિદ્ધ થયું કે "ભલાઇનું બધું બીજ એ છે કે પ્રથમ યત્ને કરીને શુભ કર્મ કરે, અને શુભ કર્મનું ફળ એ છે કે -હ્રદયમાં ભલો સ્વભાવ દૃઢ થાય, ભલા હ્રદયના સ્વભાવનો પ્રકાશ શરીરમાં ફેલાય છે. તેથી કરીને સ્વાભાવિકજ પ્રીતિ સંયુક્ત ભલી કરણી થવા માંડે છે.

જીવ અને શરીરના સંબંધનો ભેદ એ છે કે "શરીરની કૃતિનો ગુણ હ્રદયમાં પ્રવેશ કરે છે, અને હ્રદયના સ્વભાવનો પ્રવેશ શરીરમાં પહોંચે છે, માટે એ કારણથી જે કૃતિ અચેતતા અને અજ્ઞાનતાની સાથે થાય છે તે નિષ્ફળ અને વ્યર્થ થાય છે, શાથી કે તેનો ગુણ અથવા અવગુણ હ્રદયમાં પ્રવેશ કરતો નથી. માટે તમે એમ જાણો કે "જે માણસને શરદીનો રોગ ગરમ ઐાષધ ખાવાથી જાય તેને એમ પણ ન ઘટે કે ગરમ ઐાષધી ખાધા જ કરે." જેથી ગરમીજ અધિક થઇ જાય રોગની ઐાષધીની જે મર્યાદા છે તેને અનુસાર રહેવુંજ ફળદાયક થાય છે. આ પ્રમાણે જાણવું જોઇએ કે ઐાષધી કરવાનું પ્રયોજન એ છે કે "શરીરનો સ્વભાવ સમાન થાય" અને ગરમી અથવા શરદી અધિક ન થાય. તે જ્યારે મનુષ્ય જાણે છે કે મારા શરીરનો સ્વભાવ સમાન થયો છે, ત્યારે તે ઐાષધીનો ત્યાગ કરે છે.

સ્વભાવને સારૂ આહાર પણ પથ્ય સાથે સમાનજ ખાય, અને સમાનતાનેજ અરોગતા જાણે, તેમજ હ્રદયના સ્વભાવના પણ બે કિનારા છે (૧) અધિક થવું (૨) ન્યુન થવું-તે બેઉ નિંદ્ય છે, માટે સમાનતા ઉત્તમ છે. જેમ કૃપણતામાં ઉચિત છે કે ધનને પરમાર્થમાં ખરચે અને જયાંસુધી તેના હ્રદયમાં તેની સુગમતા ન થાય ત્યાંસુધી યત્ને કરીને ખર્ચ કરે, અને જ્યારે

તેને અધિકારી પ્રતિ આપવાનું સુગમ થયું, તો એમ પણ ન જોઈએ કે "વ્યર્થજ ખર્ચતો રહે" માટે તે પણ નિંદ્ય છે, જેમ શરીરના સ્વભાવની મર્યાદા ઉલટાવવા વિષે પ્રસિદ્ધ છે, તેમ હૃદયના સ્વભાવોની મર્યાદા પણ સંત જનોનાં વચનોએ કરીને સમજાય છે, માટે માણસને ઘટે છે કે "સંતજનોની આજ્ઞાનુસાર વર્તે" અને જે પદાર્થનો સંગ્રહ કરવો કહ્યો છે, તેનો સંગ્રહ કરે, અને જેને આપવાનું કહ્યું છે તે આપે, ત્યારે જાણીએ કે આ પુરૂષ સમાનતાને પ્રાપ્ત થયો છે, જ્યાંસુધી મનુષ્યની રૂચી સ્વાભાવિક શુભ કર્મોમાં નથી, અને યત્ને કરીને કરે છે, ત્યાંસુધી જાણીએ કે હજુ રોગી છે. પણ એટલું સારૂં છે કે યત્ને કરીને ઔષધીનો અંગીકાર કરે છે માટે તેનો રોગ દૂર થઇ જશે. આચાર્ય મહારાજે કહ્યું છે કે ભગવતની આજ્ઞાને પ્રીતિ સંયુક્ત અંગીકાર કરો, અને મહારાજની આજ્ઞા પાલન કરવામાં હઠ અને ધૈર્ય રાખવાં, એ પણ સારૂં છે, જે પુરૂષ વિચારે કરીને ધનનો સંગ્રહ કરે છે, તે કૃપણ કહેવાતો નથી. શાથી કે કૃપણ તે થાય છે કે જેની પ્રીતિ ધનના સંગ્રહમાં સ્વાભાવિક અધિક હોય, તેમજ જે પુરૂષ યત્ને કરીને ધનને ખર્ચે છે, તે સંપૂર્ણ ઉદાર કહેવાતો નથી, માટે સંપૂર્ણ ઉદાર તેજ છે, કે જેને ધન ખર્ચવામાં સુગમતા હોય છે અને તેના બધા સ્વભાવ સ્વાભાવિકજ ભલા હોય છે તેથી યત્ન તથા હઠ દૂર થઇ જાય, માણસની સમ્પૂર્ણતા એ છે કે બધી કૃતિ અને પોતાનો સ્વભાવ સન્ત જનોનાં વચન પ્રમાણે થાય, પોતાની અભિલાષા કંઇ ન હોય, અને સન્ત જનોની આજ્ઞા માનવાનું સુગમ થાય, ત્યારે જાણીએ કે તેનો રોગ દૂર થયો છે. ભગવતે પણ આચાર્ય મહારાજને આ પ્રમાણે કહ્યું છે, કે આ પુરૂષોનો ધર્મ ત્યારેજ સમ્પૂર્ણ થશે, કે જ્યારે તેઓ તારી આજ્ઞામાં સ્વભાવિક પ્રસન્નતા સહિત ચાલશે, આ સારા સ્વભાવનાં વખાણ કર્યાં છે, તેમાં પણ એક ગુહ્ય ભેદ છે, તે ભેદ આ ગ્રંથમાં સમ્પૂર્ણ કહેવાતો નથી; તોપણ કંઇ સૂચના માત્ર કહીએ છીએ, કે માણસનો સ્વભાવ દેવતાઓની પેઠે નિર્મળ હોય છે ત્યારેજ તે ભાગ્યવાન થાય છે. શાથી કે માણસની ઉત્પત્તિ પણ દેવતાઓની પેઠે શુદ્ધ રૂપ છે, અને તે આ જગત્માં પરદેશી છે, તેની ખાણ દેવ લોક છે આ જગતનો જે સ્થૂળ સ્વભાવ પુરૂષ પોતાની સાથે પરલોકમાં લેઇ જાય છે, તેણે કરીને દેવતાઓના

સંબંધથી દૂર થાય છે. માટે ઘટે છે કે જ્યારે આ પુરૂષ દેવલોકમાં જાય ત્યારે દેવતાઓના સ્વભાવે સંયુક્ત થઇને જાય, અને એના વિષે આ જગતનો કોઈ સ્વભાવ ન હોય, જગતનો સ્વભાવ એ પ્રકારે હોય છે કે જે પુરૂષને ધન સંચય કરવાની તૃષ્ણા છે, તે પણ ધનની સાથે પચેલો છે, અને જેને ધન ખરચવામાં પ્રીતિ છે, તે પણ ધનની સાથે પચેલો છે, તેમજ જેને માનની ઇચ્છા છે, તે લોકોની સાથે રચ્યો છે, જેને દીનતા અને નમ્રતા વિષે અધિક અભિલાષા છે તે પણ લોકોની સાથે રચ્યો પચ્યો રહે છે, અને દેવતાઓ તો કોઇ પ્રકારે ધન અને લોકોની સાથે આસક્ત થતા નથી, કેવળ તેઓ ભગવત્‌ના પ્રેમમાં એવા મગ્ન છે કે અન્યથા કોઈ તરફ જોતા પણ નથી, માટે મનુષ્યે હૃદયનો સમ્બન્ધ ધન અને લોકોથી તૂટેલો રાખવો અને એ બધાથી શુદ્ધ અને નિર્લેપ થવું, જો કે માણસ શરીર ધારી છે, તે શરીરના બધા સ્વભાવોથી રહિત રહી શકતો નથી, તોપણ તેને ઘટે છે કે મર્યાદા અને સમાનતા વિષે સ્થિત થાય, જ્યારે પુરૂષ સમાનતા વિષે દૃઢ થયો ત્યારે એ પ્રકારે જાણવું કે હવે બધા સ્વભાવોથી મુક્ત થયો અર્થાત્ કોઇ સ્વભાવ પણ તેના ઉપર પ્રબલ નથી, જેમ પાણી શીતતા અને ઉષ્ણતાથી રહિત કદાચિત્ રહી સકતું નથી, પણ જ્યારે સમાન ભાવમાં રહે છે, અને શીત ઉષ્ણની અધીકતા થતી નથી ત્યારે માનો કે બેઉ સ્વભાવથી તે મુક્ત છે. જળ, ગરમી અને શરદી બેઉથી રહિત નથી, પણ તેને શીતલ અથવા ઉષ્ણ કંઇ કહેવાતું નથી, માટે સંત જનોએ જે સર્વ સ્વભાવોમાં મર્યાદા અને સમાનતા કહી છે, તે એ કારણથી કહી છે. માણસે સદૈવ પોતાની દૃષ્ટી સમાનતા વિષે રાખી બધા સ્વભાવોનાં બંધનોથી મુક્ત થવું કે જેથી તેનુ ચિત્ત સર્વ કાળ ભગવત્ વિષે લીન થાય.

શ્રીકૃષ્ણ ભગવાને પણ એમ કહ્યું છે કે "એક મારૂં સ્મરણ કરો અને બીજું બધું વિસારો." બધાનો ખરો બીજ મન્ત્ર એ છે, માણસને શુદ્ધ પરમ પદ વિષે સ્થિત થવું અઘરૂં છે, તથાપિ બધાં જપ, તપ અને ભજનના અભ્યાસનું પ્રયોજન એજ છે કે "શ્રી રાધા કૃષ્ણને ઓળખી" સર્વ વિષે તેને ઇચ્છી તેનો દાસ થઈ બીજી કોઇ ઇચ્છાને મનમાં સ્ફુરવા ન દે જ્યારે માણસની આવી અવસ્થા થાય છે ત્યારે જાણીએ કે તેને સંપૂર્ણ ભલો સ્વ-

ભાવ પ્રાપ્ત થયો તથા માનુષી સ્વભાવથી દૂર થઇ સ્વ સ્વરૂપને પ્રાપ્ત થઇ મહારાજને પહોંચ્યો.

યદ્યપી યત્ન અને પુરૂષાર્થ તેના સાધન માટે બહુ કઠણ છે, તો પણ જો સદ્ગુરૂ તેનો વૈદ્ય હોય અને ઔષધી ભલી પ્રકારે કરે ત્યારે યત્ન અને પુરૂષાર્થ કરવો એ ભજન માટે તેને સુગમ થઇ જાય છે તે ભલી પ્રકારે ઔષધી કરવાની રીતી એ છે કે "જિજ્ઞાસુને પ્રથમજ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ન કરે," શાથી કે જિજ્ઞાસુને આદિ અવસ્થામાં એવું બળ હોતું નથી. જેમ બાળકને પાઠશાળામાં મોકલીએ, અને તેને કહીએ કે "તને વિદ્યા ભણવાથી મોટાઇ અને માન મળશે." તો એ બાળક મોટાઇ અને માનના સુખને સમજતું જ નથી કે મોટાઇ અને માન કેવાં હોય? માટે ઘટે છે કે પ્રથમ બાળકને એમ કહે કે "હવે તું નિશાળે જા, જ્યારે ભણીને આવીશ ત્યારે તને ગીલી દંડો, બુલબુલ પક્ષી આપીશું, ત્યારે તું રાજી થઇને રમજે," ત્યારે તે બાળક આ લોભે કરીને નિશાળે જાય છે. વળી જ્યારે એથી કંઇ મોટો થાય ત્યારે કહીએ કે "જ્યારે રમવાનું છોડી દેઇને વિદ્યા ભણશે ત્યારે તને સુંદર વસ્ત્ર આપીશું." પછી એથી મોટો થાય ત્યારે કહીએ કે "વિદ્યા ભણવાથી મોટાઈ અને માન પ્રાપ્ત થશે." અને સુંદર રેશમી વસ્ત્રો અને ઘરેણાં પહેરવાં એતો સ્ત્રીઓનો સ્વભાવ છે; જ્યારે સંપૂર્ણ વિદ્યા ભણી રહે અને તેની બુદ્ધિ ઉજ્જવલ થાય, ત્યારે તેને કહીએ કે "આ જગત્‌ની મોટાઇ અને માન નિર્મૂળ છે, અર્થાત્ મૃત્યુના સમયમાં નાશ થઈ જાય છે." અવિનાશી પદ ખરી પાદશાહી અને અમર છે, તેનો બોધ કરવો. જિજ્ઞાસુને પ્રથમ શુદ્ધ નિષ્કામતાનું બળ હોતું નથી. માટે સદ્ગુરૂએ તેને પ્રથમ આ પ્રમાણે કહેવું કે "હવે તું શુદ્ધ કૃતિ વિષે પુરૂષાર્થ કર." શાથી કે શુદ્ધ કૃતિએ કરીને જગત્‌માં તારી મોટાઇ થશે. અને લોક તને ભજનવાન્ જાણશે. ત્યારે એ વડાઇની અભિલાષાએ કરીને ધન અને ભોગોથી નિવૃત્ત થશે.

જ્યારે જિજ્ઞાસુ ધન અને ભોગોની અભિલાષાથી રહિત થાય, અને એ વૈરાગ્યનો અભિમાન તેના હૃદયમાં સ્ફૂરે ત્યારે ઘટે છે કે સદ્ગુરૂ તેના અભિમાન્‌ને આ યુક્તિએ કરીને દૂર કરે, કે જિજ્ઞાસુને ભિક્ષા માગવાની આજ્ઞા કરે.

જ્યારે એમાં પણ જગત એને માન આપે, ત્યારે જિજ્ઞાસુને નીચ સેવામાં જોડવો. અર્થાત્ મળ મુત્રના સ્થાનને શુદ્ધ કરાવે, એ પ્રકારે જિજ્ઞાસુને જેવો રોગ હોય તેવોજ ઉપચાર કરે, અને વારે વારે એ રીતે કરીને બધા રોગોને દૂર કરે, શાથીકે જ્યાંસુધી જિજ્ઞાસુમાં સમ્પૂર્ણ બળ નથી હોતું, ત્યાં સુધી માન અને આદરનો આશ્રય કરીને તપ અને ભજનનો અંગિકાર કરે છે અને બીજા બધા ખરાબ સ્વભાવતો વિંછીના જેવા છે; અને માન રૂપી અજગર બીજા બધા સ્વભાવોનું ભક્ષણ કરી લે છે, એ માનનો સ્વભાવ બધા સ્વભાવોની પછી દૂર થાય છે, પાંચમા વિભાગમાં માનસી રોગ અને અવગુણોનું વર્ણન થશે, તમે જાણો કે તન અને ઇંદ્રિયોની આરોગ્યતા આ રીતે જાણવામાં આવે છે કે જે કાર્યને નિમિત્તે જે જે ઇંદ્રિયો ઉત્પન્ન થઇ છે, તે કાર્યને સાવધાન થઇને ગ્રહણ કરે, જેમ નેત્ર સારી રીતે જુએ, ચરણ સારી રીતે ચાલે, ત્યારે જાણીએ કે નેત્ર અને ચરણ આરોગ્ય છે, તેમ હૃદયની આરોગ્યતા ત્યારે ઓળખાય છે કે જ્યારે આ હૃદયનો જે સ્વતઃસ્વભાવ છે, અને જે નિમિત્તે જીવને ઉત્પન્ન કર્યો છે, તે કાર્યમાં નિરંતર સાવધાન થાય, અને પોતાના સ્વતઃસ્વભાવમાં દૃઢ થાય, તે એ સાવધાનતા બે કારણે કરીને પ્રકટ થાય છે.

(૧) શ્રદ્ધા (૨) બીજું બળ માટે શ્રદ્ધા એવી જોઇએ કે ભગવત્ વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય શાથી કે જેમ શરીરનો આહાર અનાજ છે, તેમ ભગવત્‌ની પ્રીતિ અને ઓળખાણ -હૃદય રોગી અને નિર્બળ હોય છે. માટે ભગવન્તે પણ આ પ્રમાણે કહ્યું છે કે જ્યાંસુધી પુત્ર, પિતા, ધન, વ્યવહાર, સંબંધીયો અને બીજા કોઈની સાથે તમારી પ્રિતિ છે, ત્યાંસુધી તમે એમ જાણજો કે, જ્યારે મારી આજ્ઞા આવી પહોંચશે, અને શરીર છુટવાનો વખત આવશે, ત્યારે તમે ઘણા દુઃખી થશો.

વળી બલની આરોગ્યતા એ છે કે જેટલી શુભ કૃતિ કરવાની આજ્ઞા આ માણસને શાસ્ત્ર ગુરૂ દ્વારાએ ભગવતે આપી છે, તેને સુગમજ કરે, અને તે કૃતિ કરવામાં તેને કંઇ યત્ન કરવો ન પડે. અને શુભ કૃતિમાંજ તેને વિશેષ સ્વાદ પડે, વળી એજ પ્રમાણે આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે ભગવત્‌નું ભજન મારાં નેત્રોની પુતળી છે. અર્થાત્ મહા પ્રિયતમ છે, માટે

જે પુરૂષ શ્રદ્ધા અને બલ પોતાનામાં ન દેખે, ત્યારે જાણે કે મારૂં -હૃદય રોગી છે, અને જેણે પોતાના રોગને ઓળખ્યો, તેને ઘટે છે કે તે રોગના ઉપચારોમાં સાવધાન રહે, અને એવા પણ ઘણા પુરૂષો હોય છે કે તેમનું હૃદય તો રોગી છે, અને તેઓ પોતાને આરોગ્ય જાણે છે, તેનું કારણ એ છે કે માણુસ પોતાના અવગુણો જોવામાં આંધળો છે. અર્થાત્ પોતાના અવગુણો ને પોતે દેખી શકતો નથી. પણ જો કોઇ પોતાના અવગુણોને જાણવા ઈચ્છે તો તેના ચાર ઉપાય છે.

(૧) તેમાં પહેલો એ કે જિજ્ઞાસુ એવા સદ્ગુરૂની પાસે રહે કે જે ગુરૂ સર્વે ધર્મોનો જ્ઞાતા હોય, અને તે પોતાની દયાએ કરીને જિજ્ઞાસુના અવગુ-ણોને જણાવે, પણ એવા સદ્ગુરૂ આ વખતમાં મળવા કઠણ પડે છે.

(૨) બીજો ઉપાય એ છે કે પોતાની રક્ષાને માટે કોઇ સારો મિત્ર કરવો, અને તે મિત્ર એવો હોય કે આપણા અવગુણને ઢાંકે નહિ, પણ આપણને વિવેકથી જણાવે અને ઈર્ષાએ કરીને વધારે પણ ન કહે તે એવા મિત્રો પણ કોઇકજ હોય છે, જેમ એક સંતને લોકોએ કહ્યું કે તમે અમારી પાસે શા માટે બેસતા નથી? ત્યારે તેમણે કહ્યું કે હું એવાં માણુસોની સંગતિ કેમ કરૂં? કે જે મારા અવગુણો મને પ્રકટ કરીને કહે નહિ, અને ઢાંકી રાખે.

(૩) ત્રીજો ઉપાય આ છે કે જે કોઇ પોતાનો વેરી હોય તેનાં વચન પોતે સાંભળે. શાથી કે વૈરીની નજર પણ સર્વદા તેના અવગુણોપરજ હોય છે, તે જો કે વેરભાવે કરીને વધારે પણ કહે છે, તોપણ તેનાં વચનમાં કંઈ સત્ય પણ હોય છે.

(૪) ચોથો ઉપાય આ છે કે જયારે કોઇ મનુષ્યમાં કોઈ અવગુણ જુએ, અને તે અવગુણ એને ખરાબ લાગે, ત્યારે પોતે પણ તે અવગુણનો ત્યાગ કરે, અને એમ સમજે કે જેમ આ અપલક્ષણે કરીને આ માણુસ ખરાબ જણાય છે, તો એ રીતે હું પણ એવા સ્વભાવે કરીને નઠારો થઈશ, માટે તેનો ત્યાગ કરે, જેમ એક મોટા સંતને લોકોએ પૂછ્યું કે આવો ભલો સ્વ-ભાવ તમે કોની પાસેથી શીખ્યા છો? ત્યારે તેમણે કહ્યું કે આ ભલો સ્વભાવ હું આ પ્રકારે શીખ્યોછું કે જ્યારે કોઈ માણુસમાં અવગુણ મેં જોયા, અને તે મને ખરાબ જણાયા ત્યારે મેં તે અવગુણોનો ત્યાગ કર્યો.

જે માણસ મહા મૂઢ હોય છે, તે પોતાને બીજાથી વિશેષ જાણે છે. અને જે પુરૂષ વિશેષ બુદ્ધિમાન હોય છે તે પોતાને નઠારો જાણે છે, એક સંતને કોઇએ પૂછ્યું હતું કે, આચાર્યે મહારાજે તમને કપટિયોનાં લક્ષણો કહ્યાં છે, તે તમે ભલી; પ્રકારે જાણોછો, માટે મને ખુલ્લાં કરીને કહો કે મારામાં કપટિયોનાં કયાં લક્ષણ છે ? તો હું મારા અવગુણને જાણું-તેને યોગ્ય ઉત્તર મળતાં તે લક્ષણોનો ત્યાગ કર્યો. સર્વ કોઇને ઘટે છે કે પોતાના અવગુણોને ઓળખવાનો ઉપાય કરવા. શાથી કે-ત્યાંસુધી તેનો ઉપચાર થઈ શકતો નથી. સર્વ ઔષધિયોનું મૂળ એ છે કે " પોતાની વાસનાથી ઉલટા થવું. " ભગવાને પણ એજ આજ્ઞા કરી છે કે " પોતાના મનને વાસનાથી ઉલટું કરો ત્યારે ઉત્તમ સુખ સ્થાનમાં તમારો નિવાસ થશે. " આચાર્ય મહારાજે પણ જે વખતે પામરોને વાદ કરીને જીત્યા, ત્યારે પોતાના સંગીઓને કહ્યું કે " હવે અમે નાની લઢાઇ જીતીને આવ્યા, અને મોટી લડાઇમાં આવી પહોંચ્યા છીએ. ત્યારે સંગિયોએ પૂછ્યું કે "મોટી લડાઇ શું છે." ત્યારે તેમણે કહ્યું કે " મનની સાથે યુદ્ધ કરવું એ મોટી લડાઇ છે. "

પોતાના મનને દુઃખથી મુક્ત કરવું અર્થાત્ મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મનને તેની વાસના અનુકૂળ અહાર વિહાર દેતા નહિ શાથી કે પરલોકમાં આ મનજ તમારૂં શત્રુ થશે. અને બધી ઇંદ્રિયો તમને ધિક્કારશે. એક સંતે કહ્યું છે કે " કોઇ પશુ પણ મનના જેવું કઠોર અને અજીત નથી. " બીજા સંતે પણ કહ્યું છે કે " ચાળીસ વરસ થયાં મારૂં મન મધની સાથે રોટલી ખાવાની ઇચ્છા કરે છે, પણ મેં હજુ સુધી તેનો અંગિકાર કર્યો નથી. "

બીજા એક સંતે કહ્યું છે કે " હું એક પહાડ ઉપર ચાલ્યો જતો હતો, ત્યાં મને જામફળ ખાવાની ઇચ્છા થઇ, ત્યારે હું એક ફળ તોડીને ખાવા લાગ્યો, પણ તે ખાટું નિકળ્યું. " ત્યારે હું તેને છોડીને આગળ ચાલ્યો, ત્યાં એક પુરૂષ પડેલો હતો, તેને મેં જોયો કે, તેને ઘણી માખી કરડી હતી, ત્યારે મેં તેને ઘણા નમસ્કાર કર્યા, ત્યારે તેણે મારૂં નામ લેઇને મને બોલાવ્યો, ત્યારે મેં કહ્યું કે તમે મને શી રીતે ઓળખ્યો ? તેણે કહ્યું કે " જેણે ભગવત્‌ને ઓળખ્યા છે તેનાથી કંઇ છાનું રહેતું નથી. " ત્યારે મેં

તેને કહ્યું કે "હું જોઉં છું કે મહારાજની સાથે તમારો મેળાપ છે, ત્યારે તમે મહારાજની પાસે પ્રાર્થના કેમ કરતા નથી? કે તે માખીયોને દૂર કરે, અને તમને આ માખીયો દુઃખ ન દે. "ત્યારે તેમણે કહ્યું કે "તારો પણ મહારાજની સાથે મેળાપ છે, ત્યારે તું પ્રાર્થના કેમ નથી કરતો કે તારી જામફળની અભિલાષા દૂર કરે. શાથી કે જામફળની વાસનાએ કરી હૃદયને દુઃખ પહોંચે છે, અને માખીયોના ડસવાનું દુઃખ શરીરને થાય છે."

આ ઉપરથી સમજાય છે કે કદાપી જામફળ ખાવામાં પાપ નથી, તો પણ બુદ્ધિમાન એમ જાણે છે કે "વાસનાના ભોગ પવિત્ર અથવા અપવિત્ર એ બેઉ સમાન છે, અને નિંદ્ય છે. શાથી કેજ્યારે પાપ રહિત ભોગોથી મનને ન છોડાવાય, અને કાર્ય નિર્વાહ માત્ર પર ન ટકાય, તો એ મન ભોગ વાસનાએ કરીને પાપો વિષે વર્ત્તવા માંડે છે, એ કારણથી બુદ્ધિમાનોએ પાપ રહિત ભોગોનો ત્યાગ કર્યો છે, ત્યારે એ યત્ને કરીને વાસનાથી મુકત થયા છે.

એજ પ્રમાણે એક સન્તે કહ્યું છે કે, સત્તરવાર મેં પાપ રહિત ભોગોનો ત્યાગ કર્યો છે, તે એ ભયથી કે રખેને મારૂં મન પાપ રૂપ ભોગોમાં પ્રવેશ કરે? અને એમ પણ છે કે જ્યારે મન રાજસી ભોગોમાં પ્રીતિ સંયુક્ત વર્તે છે, ત્યારે આ સંસારને સ્વર્ગ જાણે છે, અને મરવાને દુઃખ જાણે છે. અને એથી કરીને બુદ્ધિ અચેત થાય છે, અને જો કે કંઈ ભજન અને પ્રાર્થના કરે છે, તોપણુ તેના સુખનો સ્વાદ પામતો નથી, માટે આ મનને જ્યારે પાપ રહિત ભોગોથી પણ દૂર રાખીયે ત્યારે તે નિર્બળ અને વશ થાય છે, અને આ લોકોનાં સુખોમાંથી નાસવાને ઇચ્છે છે, અને પરલોકનાં સુખની શ્રદ્ધા કરવા લાગે છે, જ્યારે આ મન દુઃખી અને આધીનતા સંયુક્ત ભગવતનું નામ લે ત્યારે એટલો સ્વાદ એને વિશેષ ફલ દાયક થાય છે કે જો સુખમાં સોવાર નામ લે, તોપણુ તેના બરાબર થતું નથી, માટે મનનું દૃષ્ટાન્ત બાજની પેઠે છે, અર્થાત્ જ્યારે બાજ પક્ષીને પકડે છે, ત્યારે પ્રથમ તેની આંખો બંધ કરીને ઘરમાં રાખે છે, અને યત્ને કરીને તેને ઉડવાના સ્વભાવથી બંધ કરે છે, વળી તે પછી તેને થોડો થોડો આહાર આપે છે, ત્યારે તે બાજ તે પાળનારાથી મેળાપ અને હેત કરીને હળી જાય છે, અને આજ્ઞાકારી થાય છે, પછી જ્યારે એને ઉડાવે છે ત્યારે પ્રેમે કરીને ફરી પાછું આવે છે,

તેમજ જ્યાંસુધી આ મનને સર્વ વાસનાઓના સ્વભાવોથી ભિન્ન ન કરીએ, ત્યાંસુધી તેને ભગવતમાં પ્રતીતિ ઉપજતી નથી, અને જ્યાંસુધી નેત્ર, કાન, જીભ અને બધી ઈંદ્રિયોને રોકે નહિ, અને ભૂખ અને એકાંત તથા જાગૃત અને મૌને કરીને પોતાના મનને દન્ડ ન દે, ત્યાંસુધી મનનો પ્રેમ ભગવત્ વિષે થતો નથી, તે યત્ન કરવો મનને પ્રથમ કઠિન પડે છે. જેમ બાળકને માતાનું દૂધ મૂકવું કઠિન પડે છે, પણ જ્યારે માતા તેને યત્ને કરીને દૂધ પીવાથી છોડાવે છે, ત્યારે તે બાળક એવું થઇ જાય છે કે જો તેને યત્ને કરીને તે ધાવણ ધવડાવીએ તોપણ ધાવ તો નથી. તપ કરવું એજ છે કે, જે પદાર્થમાં પુરૂષને અધિક પ્રીતિ હોય, અને તેની પ્રાપ્તિમાં અધિક પ્રસન્ન થાય, ત્યારે તે પદાર્થનો ત્યાગ કરે. અને જે સ્વભાવ એ ઉપર પ્રબલ હોય તેને (ઉલટો કરે) એ ઉત્તમ તપ છે, માટે જે પુરૂષને માન અને મોટાઇમાં અધિક પ્રીતિ હોય, તે માનનો ત્યાગ કરે, અને જેની પ્રીતિ ધનનો સંગ્રહ કરવામાં અધિક હોય તે ધનનો ત્યાગ કરે, અને તેની પેઠે જે પદાર્થને પોતાના સુખનું સ્થાન ભગવત્ વિના જાણતો હોય, ત્યારે યત્ને કરીને તે પદાર્થનો ત્યાગ કરે. અને તે પદાર્થ સાથે સંબંધ કરે કે "જે કદાપિ એનાથી દૂર ન થાય" અને જે સામગ્રી મરતી વખતે એનાથી દૂર થવાની છે, તેને પુરૂષાર્થે કરીને પ્રથમથીજ ત્યાગ કરે. તેના સદૈવ સંગી તો એક મહારાજ પ્રભુજ છે, બીજું કોઇ નથી. જેમ એક મહાત્માને આકાશ વાણી થઈ હતી કે, હે સંત તારો સંગી હું એકજછું. માટે તું મારી સાથેજ મેળાપ કર. અને આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે મને ભગવત્‌ના મુખ્ય પારશદે આ પ્રકારે કહ્યું છે કે માયાના જે જે પદાર્થ સાથે તું પ્રીતિ કરે છે તે નિસ્સન્દેહ દૂર થશે.

(૬) છઠ્ઠા વિભાગમાં ભલા સ્વભાવોનાં લક્ષણોનું વર્ણન થશે–

તમે જાણો કે ભગવતે ભલા સ્વભાવોનાં લક્ષણ ગીતામાં કહ્યાં છે તેવાં લક્ષણ નિઃસંદેહ જિજ્ઞાસુ સંસારમાંથી મુક્ત થાય છે. વળી તેમણે ત્યાગ, ભજન અને ઉપકાર અંગીકાર કર્યાં છે. ખરાબ સ્વભાવ કપટિયોનાં લક્ષણ છે. આચાર્ય મહારાજે કહ્યું છે કે પ્રીતિવાનોની શ્રદ્ધા ભજન અને તપમાં હોય છે. અને પામરની શ્રદ્ધા આહાર અને ભોગોમાં દૃઢ હોય છે.

એક સંતે કહ્યું છે કે ગુરૂ મુખનું હૃદય વિચાર અને આશ્ચર્યમાં રહે છે અને પામર વિમુખ આશા અને તૃષ્ણા વિષે આસકત રહે છે. ગુરૂ મુખ બધા સંસારથી નિરાશ રહે છે, અને એક ભગવાનનીજ આશા રાખે છે. અને પામર બધા લોકોની આશા રાખે છે, એક ભગવાનથી નિરાશ રહે છે. ગુરૂ મુખ ધનને ધર્મમાં ઓળગોળ કરે છે. અને પામર પોતાનો ધર્મજ ધન પર ઓળગોળ કરે છે. વળી ગુરૂ મુખ ભજન કરે છે, અને ભય સંયુકત રહે છે. અને પામર જીવ પાપ કરે છે, તથા નિડર થઇને હસે છે. ગુરૂ મુખની પ્રીતિ એકાંત વિષે હોય છે, અને પામરની પ્રીતિ જગત્ના મેળાપમાં હોય છે. ગુરૂ મુખ જોકે સુકૃત બીજ વાવે છે, તો પણ ડરતો રહે છે, કે મારી ખેતી વિઘ્ને કરીને નષ્ટ થઈ ન જાય. પણ પામર શુભ બીજ વાવતો નથી અને ફલની આશા છે.

સંત જનોએ ભલા સ્વભાવનાં લક્ષણ નિચે પ્રમાણે કહ્યાં છે.

ભલા સ્વભાવનું મનુષ્ય લજ્જાવંત, નિર્દોષ, શુભ ચિત્તવાળું, સત્ય બોલનાર, થોડું બોલનાર, ભજન ઘણું કરનાર, નિષ્પાપ, સંયમી, સર્વ કોઇનું ભલું ઇચ્છનાર, સૌને સુખ દેનાર, દયાવાન, ગંભીર, ધીર, સંતોષી, ધન્યવાદ કરનાર, સહનશીલ, નિર્લોભી, દુર્વચન અને ધિક્કાર કોઇને ન દેનાર, નિંદા રહિત, કોઇના વચનનું છિદ્ર ન શોધનાર, શુભ વચન બોલનાર કોઇ કામમાં ઉતાવળ ન કરનાર, હૃદયમાં ક્રોધનો અગ્નિ ન રાખનાર, ઇર્ષા ન કરનાર, મુખ પ્રસન્ન રાખનાર, મિત્રના અને વૈર, તથા પ્રસન્નતા અને ક્રોધ એ બધાં જે ધર્મને વાસ્તે રાખનાર છે તે અધિકારી કહેવાય છે. તમે એમ જાણો કે સ્વભાવની ભલાઈ સહનશીલતામાંજ વિશેષ રહે છે. આચાર્ય મહારાજને પામરોએ જ્યારે દુઃખ દીધું ત્યારે તેમણે મહારાજ પાસે પ્રાર્થના કરી કે "હે મહારાજ તું એમના ઉપર દયા કર." શાથી એ મને જાણતાજ નથી. શ્રી કૃષ્ણ ભગવાને ભૃગુ રૂષીની પાટુ સહન કરી ત્યારે તે ત્રિપુટીમાં (ત્રણ દેવમાં) મુખ્ય પુજાયા.

એક સંત એક વનમાં ચાલ્યા જતા હતા, ત્યારે એક સિપાઇ તેમને મળ્યો, અને તેણે પૂછ્યું કે તું કોણ છે?" ત્યારે તેમણે કહ્યું કે "હું ગુલામ છું," વળી સિપાઇએ પૂછ્યું કે "વસ્તી કયાં છે?" ત્યારે તેમણે

મશાણ તરફ આંગળી બતાવી ત્યારે સિપાઇએ કહ્યું કે "હું વસ્તીનું પુછું છું." ત્યારે ફરી કહ્યું કે "વસ્તી તો એજ છે." ત્યારે સિપાઇએ તેમના માથામાં લાકડી મારી. અને રૂધિર વહેવા લાગ્યું, અને તેને પકડીને નગરમાં લાવ્યો. ત્યારે લોકોએ જોઇને સિપાઇને કહ્યું કે "હે મૂર્ખ તું જાણતો નથી કે આ મોટા સંત છે, ત્યારે તે સિપાઇ ઘોડાપરથી ઉતરીને તેમના ચરણોમાં નમી પડયો, અને કહેવા લાગ્યો કે "મેં ભૂલે કરીને અપરાધ કર્યો તમે ક્ષમા કરો. ત્યારે લોકોએ સિપાઇને પૂછયું કે "તેં શા માટે એમને માર્યો." ત્યારે તેણે કહ્યું કે "મેં એમને પૂછયું હતું કે તું કોણ છું? ત્યારે તેણે કહ્યું કે "હું ગુલામ છું." ત્યારે પેલા સત બોલ્યા કે મેં તો સાચું કહ્યું છે કેમ કે "હું ભગવતનો ગુલામ છું." એ વાત નિઃસંદેહ છે વળી સિપાઇએ તેમને કહ્યું કે "ભલા જયારે મેં તમને પૂછયું હતું કે વસ્તી ક્યાં છે? ત્યારે તમે સ્મશાનને કેમ દેખાડયું?" ત્યારે સંત બોલ્યા કે એ પણ અમે સત્ય કહ્યું." શાથી કે લોકો નિત્ય પ્રતિ સ્મશાન વિષેજ આવે છે, અને નગર ઉજડ થતું જાય છે ને સ્મશાન વસતું જાય છે. માટે વસ્તી એજ છે. ફરીને સિપાઇએ કહ્યું કે "જયારે મેં તમને માર્યા હતા ત્યારે તમારા મનમાં મારા ઉપર ક્રોધ થયો હશે." ત્યારે સંતે કહ્યું કે "મેં મહારાજની આગળ પ્રાર્થના કરીને તારૂં ભલું અને કલ્યાણ ઇછયું છે, ક્રોધ કર્યો નથી." વળી સિપાઇએ પૂછયું કે "તમે મારૂં ભલું શા નિમિત્તે ઇચ્છયું?" ત્યારે તેમણે કહ્યું કે મને આ નિશ્ચય છે કે સહન કરવામાં ઘણું ફળ થાય છે, તે જયારે મેં જાણ્યું કે તારો દંડ સહન કરવાથી મને તો ફળ થશે, પરંતુ તને મારે લીધે તેનું પાપ લાગશે, તેથી મેં તારૂં પણ શુભ ઇચ્છયું.

બીજા એક સંત હતા, તે પોતે કોઇક સમયમાં એક શેરીમાંથી ચાલ્યા જતા હતા, ત્યારે કોઇએ અચાનક મેડી ઉપરથી તેમના ઉપર થાળ ભરી રાખ નાખી દીધી; ત્યારે તે સન્તે પોતાનાં કપડાં ખંખેરીને ભગવાનનાં વખાણ કરવા લાગ્યા કે ધન્ય પરમેશ્વર ત્યારે લોકોએ કહ્યું કે "આ વખાણનું કયું ઠેકાણું છે?" ત્યારે તેમણે કહ્યું કે હું અગ્નિમાં બાળવા જેવો હતો, પણ ભગવાને દયા કરીને રાખથીજ નીકાલ કરી દીધો તેથી હું પ્રભુનો ધન્યાવાદ

માનુંછુ. એક સંતને કોઇ પુરૂષે પ્રસાદ જમાડવાને નિમિત્તે ભીક્ષાનું આમંત્રણ આપ્યું. તે જ્યારે તેમને પોતાને ઘેર તેડી લાવ્યો, ત્યારે તેમની પરીક્ષા જોવાને ઘરની અંદર પેસવા દીધા નહિ, ત્યારે તે પાછા વળ્યા, વળી તે માણસે તેમને હાંક મારી, ત્યારે ફરી આવ્યા. વળી તેણે ઘરમાં પેસતાં કાઢયા, ત્યારે ફરી ચાલી નીકળ્યા. એ પ્રકારે તે પુરૂષે ઘણી વખત તેમનો નિરાદર કર્યો, અને ફરી ફરીને બોલાવ્યા, તે જ્યારે તે પુરૂષ બોલાવે ત્યારે ચાલ્યા આવે, અને જ્યારે કાઢે ત્યારે ચાલી નીકળે, ત્યારે તે પુરૂષે કહ્યું કે હે મહાત્માજી હું આપની પરીક્ષા લેતો હતો, તે નિસ્સન્દેહ આપ ઉત્તમ જન છો ત્યારે તેમણે કહ્યું કે આ જે સ્વભાવ તેં મારામાં જોયો છે એ તો કૂતરાંનો પણ સ્વભાવ છે, કેમ કે જ્યારે કૂતરાંને બોલાવીએ ત્યારે આવે છે, અને જ્યારે કાઢી મૂકીએ ત્યારે પાછાં જાય છે માટે એ સ્વભાવની શી વિશેષતા છે?

એક બીજા સન્ત હતા તેમનો શ્યામ રંગ હતો, અને બધા લોકોમાં તેમની મોટાઇ પ્રસિદ્ધ હતી. તે જ્યારે નહાવાની જગ્યામાં સ્નાન કરવાને જતા હતા ત્યારે તે જગાનો નોકર બધા લોકોને ખસેડી તેમને સ્નાન કરાવતો હતો, પછી એક દિવસ તેઓ ત્યાં સ્નાન કરવાને ગયા હતા, અને નોકર બધાને દૂર કરીને કાંઇ કામ સારૂ ગયો હતો, અને તેઓ એકલાજ રહ્યા હતા, ત્યારે એક જંગલી પુરૂષ ત્યાં આવ્યો અને તેણે એમને જોઇને જાણ્યું કે આ નોકર છે, એમ સમજી તે જંગલી માણસે તેમને પોતાની નોકરીમાં જોડી દીધા, અને પોતે સ્નાન કરવા લાગ્યો, અને જેવી નોકરી તેમની પાસે તે કરાવવા લાગ્યો તેવી તે પણ કરતા રહ્યા. પછી જ્યારે પેલો નોકર આવ્યો, અને જંગલી પુરૂષને તેણે બોલતો સાંભળ્યો, ત્યારે નોકર ભય પામીને નીકળી ગયો, પછી જ્યારે જંગલી પુરૂષ ગયો અને તે સન્ત પણ સ્નાન કરીને બહાર આવ્યા, ત્યારે લોકોએ કહ્યું કે નોકર ભય પામીને નાશી ગયો છે, ત્યારે તે સન્તે કહ્યું કે નોકર શા માટે ભય પામે છે, એ અપરાધ નોકરનો નહોતો તોપણ મારા શરીરનો હતો, શાથી કે મારા શરીરનો રંગ શ્યામ તે, ચાકરોના જેવો છે.

એક બીજા સન્ત હતા તે સીવવાની ક્રિયા કરીને પોતાનો નિર્વાહ કરતા હતા, ત્યાં એક પામર મનુષ્ય તેમની પાસે પોતાનાં લુગડાં શિવડાવવા આવ

તો તે શિવડાવીને જ્યારે મજૂરી આપી દેતો ત્યારે ખોટાજ રૂપીઓ આપતો હતો, તે લેઇને તે રાખતા હતા. પછી એક દિવસ તે સંત કાંઇ કામ સારૂ ગયા હતા, અને નોકર ત્યાં બેઠો હતો, ત્યારે તે પામર માણસ તે નોકરને ખોટો રૂપિયો આપવા લાગ્યો, તે નોકરે લીધો નહિ, પછી જ્યારે તે સંત પોતાને ઘેર આવ્યા, ત્યારે નોકરે તે વાત કહી, ત્યારે તેમણે નોકરને કહ્યું કે તેં રૂપિયો શા માટે ન લેઈ લીધો ? આગળથીજ કેટલાં એ વર્ષ થયાં એ પુરૂષ મને ખોટા રૂપિયાજ આપતો આવ્યો છે, પણ મેં તેને પ્રસિદ્ધ કરીને કહ્યું નથી કે તું ખોટા રૂપિયા શા માટે આપે છે ? પણ હું તેની પાસેથી લેઇને જમીનમાં દાટું છું; એવા વિચારથી કે કોઇ બીજો પુરૂષ ઠગાઇ જાય નહિ.

બીજા એક સંત હતા તે પોતે જ્યારે નગરમાં જતા ત્યારે બાળકો તેમને પથ્થર મારતાં હતાં, ત્યારે તેઓ બાળકોને કહેતા હતા કે, "મને નાના નાનાં પથ્થર મારો," શાથી કે "જો મારા પગોમાંથી રૂધિર નિકળશે તો હું ભજનમાં ઉભો રહી શકીશ નહિ."

કોઇ એક મૂર્ખ કોઇ સન્તને રસ્તે ચાલતાં દુર્વચન કહેવા લાગ્યો, તે રસ્તે જતા હતા ત્યારે તે મૂર્ખ પણ તેમની સાથે દુર્વચન બોલતો જતો હતો, અને સંત મૌન થઇને સાંભળતા ચાલ્યા જતા હતા. તે જ્યારે સમ્બન્ધિયોના સ્થાનની પાસે પહોંચ્યા, ત્યારે સંત ઉભા રહ્યા અને એને કહેવા લાગ્યા કે, તારે જે કાંઇ બીજું પણ કહેવું હોય તે બધું મને અહીંજ કહીલે શાથી કે તારાં દુર્વચન જ્યારે મારા સમ્બન્ધિ સાંભળશે ત્યારે તને દુઃખ દેશે. બીજા સંતને કોઇ સ્ત્રીએ કહ્યું હતું કે "તું કપટી છે," ત્યારે તેમણે કહ્યું કે "મારૂં નામ એજ હતું" પણ આ નગરના લોક જાણતા નહોતા, તે તેં હવે પ્રસિદ્ધ કર્યું છે.

માટે સમ્પૂર્ણ ભલ સ્વભાવનાં લક્ષણ આવાં હોય છે, એ સંતજનોનાં જે લક્ષણોનું વર્ણન કરેલું છે, તે ઉપરથી એમ જણાય છે કે એવો સ્વભાવ તેમને પ્રાપ્ત થયો છે. જેમણે પુરૂષાર્થે કરીને મનના સ્વભાવોને દૂર કર્યા છે, અને હૃદયને શુદ્ધ કર્યું છે, તે ભગવત્ વિના બીજું કશું દેખતા નથી અને જો કાંઇ જુવે છે, તો તેના પ્રેરક ભગવત્‌નેજ જાણે છે, માટે ઘટે છે કે જે પુરૂષ

પોતાનામાં એ લક્ષણુ ન જુએ, તે અભિમાની થઇને એમ મ જાણે કે મને ભલો સ્વભાવ પ્રાપ્ત થયો છે.

(૭) સાતમા વિભાગમાં આ વર્ણન થશે કે માતા પિતા બાળકોને આ પ્રમાણે શીખવે. બાળક પણુ માતા પિતાની પાસે ભગવન્તની થાપણુ છે. બાળકનું હૃદય પ્રથમ મણિની પેઠે શુદ્ધ હોય છે, અને કોમલ હોય છે અને જે કાંઇ તેને શિખવે તેનું અધિકારી છે, અને તેનું હૃદય શુદ્ધ ભૂમિના જેવું છે. જે કાંઇ બીજ તેમાં વાવીએ તે ઉગી આવે છે, તે જ્યારે શુભ બીજ વાવીએ ત્યારે આ લોક અને પરલોકની ભલાઇને પ્રાપ્ત થાય છે અને ત્યારે માતા પિતા અને ગુરૂ પણુ તેના પુણ્યમાં ભાગદાર થાય છે; અને જ્યારે બાળકના હૃદયમાં અશુભ બીજ વાવે ત્યારે તે ભાગ્યહીન થાય છે; અને પછી જે કાંઇ પાપ કર્મ તે કરે છે તે વિષે પણુ માતા પિતા અને ભણુાવનાર (શિક્ષક) પરલોકમાં જવાબદાર થશે.

ભગવાને પણુ કહ્યું છે કે પોતાના મનને અને સમ્બન્ધિયોને નરકની અગ્નિમાંથી ઉગારો. માટે બાળકને આ નરકની અગ્નિથી બચાવવું એ સ્થૂળ અગ્નિથી રક્ષા કરવા કરતાં અધિક પ્રમાણુ છે. તે નરકની અગ્નિથી બચાવ-વાનું એ પ્રકારે છે કે, બાળકને ભય સંયુકત રાખે, અને તેને સારા ગુણુ શીખવે, અને કુસંગથી રક્ષણુ કરે, કેમકે કુસંગે કરીને સર્વ વિઘ્ન ઉત્પન્ન થાય છે, માટે પ્રથમજ બાળકને રાજસી ભોજન અને વસ્ત્રનો સ્વભાવ ન પાડે, શાથી કે એ રાજસી સ્વભાવ છે, તે જ્યારે એનો અભ્યાસ પડી જશે ત્યારે પછી ભોગોવિના રહી શકશે નહિ. બાળકનું પ્રતિપાલન કરનારી દાયી કે મા સારાં જોઇએ અને તેમણે ખોરાક પણુ સારો ખાવો જોઇએ, શાથી કે બાળક જેવું દૂધ પાએ છે, તેવોજ ગુણુ અથવા અવગુણુ તેમાં પ્રવેશ કરે છે. અને જ્યારે બાળકની જીભ ઉઘડે (બોલતાં શીખે) ત્યારે પ્રથમ ભગવત્‌નું નામજ શીખવે, વળી જ્યારે બાળક એવું હોય કે ખરાબ કામથી શરમાય ત્યારે જાણવું કે ભલું થશે, અને એના ઉપર બુદ્ધિનો પ્રકાશ ચમકયો જાણવો એમ થાય ત્યારે લજ્જા તેનાપર વધારવી અને જ્યારે કાંઇ ખરાબ કામ કરે ત્યારે તેને શિક્ષા કરી કુકર્મથી દૂર રાખવાં. બાળકને પ્રથમ ખાવાની તૃષ્ણા ઉત્પન્ન થાય છે, માટે ઘટે છે કે તેને ખાવાની યુકિત શીખવે. તે યુકિત

આ છે કે જ્યારે ભોજન ખાવા માંડે ત્યારે પ્રથમ ભગવાનનું નામ લે, અને ધૈર્ય રાખીને ખાય, અને પોતાની દૃષ્ટી બીજા કોઇના ભોજન તરફ ન કરે; "કયારે કયારે બાળકને લુખી રોટલી પણ ખવરાવવી, જેથી બાળકનો સ્વભાવ રસોમાં વધારે ન થાય, અને બહુ ખાવાની નિષેધતા તેને સંભળાવે, કે આહાર ઘણો ખાવો એ કામ પશુઓ અને મૂર્ખોનું છે. અને જે બાળક ભય સંયુકત હોય, તેની પ્રશંસા કરે, ત્યારે તેનાં વખાણ સાંભળીને તે બાળક પણ એ સ્વભાવને ગ્રહણ કરશે. વસ્ત્ર શ્વેત પહેરવાની સ્તુતિ કરીને સમજાવવાં અને રંગીન તથા રેશમી વસ્ત્રની નિંદા કરવી અને કહેવું કે આવાં સુંદર વસ્ત્ર પહેરવાં એ કામ સ્ત્રીઓનું છે અથવા અભિમાનિયોનો પહેરવેશ છે. વળી શરીરનો શ્રૃંગાર બતાવવો અને સમજાવવું કે એ કામ નાચનારીયો અને હીજડાઓનું છે, ભલા પુરૂષનો સ્વભાવ એવો નથી હોતો. અને જે બાળક રેશમી વસ્ત્ર અને રાજસી સ્વભાવવાળું હોય, તેની સોબતમાંથી પોતાનાં બાળકોની રક્ષા કરવી, શાથી કે એવી સંગતિએ કરીને બાળકની બુદ્ધિનો નાશ થાય છે, અને ભોગોની વાસના ઉત્પન્ન થાય છે. માટે જે માબાપો બાળકોની રક્ષા ખરાબ સંગતિમાંથી નથી કરતા તેમનાં બાળકો ખરાબ સોબતમાં પડી ક્રોધી, નિર્લજ્જ, ચોર, જૂઠાં અને નિડર થઇ જાય છે, પછી તેમનો તે સ્વભાવ ચિરકાલ પર્યન્ત પણ દૂર થતો નથી. વળી જ્યારે બાળક નિશાળમાં જાય ત્યારે ભગવત્નાં વચન તેને ભણાવરાવે અને સંતોની રહેણી અને કામોનો ઇતિહાસ શીખવે અને જે વિદ્યામાં સ્ત્રિઓનો શ્રૃંગાર અને તેમની પ્રીતિનું વર્ણન હોય તેથી દૂર રાખે. ભણાવનાર એવાં ખરાબ બાળકોની સંગતિ કરવા ન દે, કે જેઓ આ પ્રમાણે કહે કે "એવી શ્રૃંગાર અને સ્ત્રીઓની પ્રીતિની વિદ્યા ભણવાથી બુદ્ધિ ચતુર થાય છે." તે એવું શીખવનારા અસુર જેવા છે; કે બાળકોનાં હૃદયમાં પાપોનાં બીજ વાવવા ઇચ્છે છે; વળી તે બાળક જયારે કાંઇ સુકૃત કરે અથવા કોઇ ભલો સ્વભાવ તેમાં પ્રકટ થાય, ત્યારે તેની પ્રશંસા કરે, અને કંઇક બાળકને આપે કે તેથી કરીને બાળક પ્રસન્ન થાય.

બાળક જ્યારે ભુંડાઇ કરે, ત્યારે તો પ્રથમ એક બેવાર જોઇ કરીને ચુપ રહે, શાથી કે બાળક ઢીઠ ન થઇ જાય; કારણ કે જ્યારે ઢીઠ (નિર્લજ) થાય છે, ત્યારે પ્રકટજ ભુંડાઇ કરવા માડે છે. વળી જ્યારે બાળકનો સ્વભાવ ભુંડાઇ વિષે અધિક હોય, ત્યારે એકાંતમાં તેને શિક્ષા કરે; અને

કહે કે આવી ભુંડાઇ ફરીથી કરવી નહિ. શાથી કે જો તું ફરીને કરીશ, તો લોક જોશે અને તારૂં અપમન થશે.

પિતાને ઘટે છે કે "પોતાનો ભય બાળકથી દૂર ન કરે" મતલબ કે પિતા હોય ત્યારે બાળક નિર્લજ્જ થઇને ન વર્તે. બાળકોને દિવસે વધારે સુવા ન દેવાં કેમકે તેથી તેઓ આળસુ થઇ જાય અને રાત્રિમાં પણ કોમલ શય્યામાં સુવા ન દેવાં, કે જેથી બાળકનું શરીર દૃઢ થાય અને દિવસમાં બે ઘડી પર્યંત ખેલવાની છૂટી આપવી કે જેથી બાળકનું ચિત્ત અત્યંત સંકોચાએલું ન રહે; શાથી કે આખા દિવસના પરિશ્રમથી ચિત્તને મૂર્છા પ્રાપ્ત થાય છે. બાળકને એવો સ્વભાવ શીખવવો કે સૌ કોઇને નમ્રતા સહિત અને દીનતા સહિત પ્રણામ કરે, કોઈ બાળક પર મોટાઇ કરીને અભિમાન ન કરે, કોઈ બાળક પાસેથી કઇ લે નહિ. અને એમ પણ શિખવવું કે નાક અને મોઢાનો મેલ કોઇના સામા નાંખે નહિ, અને કોઇ પુરૂષની તરફ પીઠ ન કરે, ભય સંયુકત બેસે, અને ડાઢી તળે હાથ ધરીને ન બેસે, કેમકે એ લક્ષણ આળસુઓનું છે; બહુ બોલે પણ નહિ, કોઈ કામમાં ભગવત્‌ના સેગન ન ખાય. બોલાવ્યા વિના બોલે નહિ, અને જે કોઇ એનાથી મોટું હોય તેનો અનાદર ન કરે, તથા તેનાથી આગળ ન ચાલે, પોતાની જીભને દુર્વચન અને ધિક્કારથી રોકે, મતલબ કે કોઇને દુર્વચન અને ધિક્કાર આપે નહિ. અને બાળકને ભણાવનાર ઠપકો દે અથવા શિક્ષા કરે ત્યારે સહન કરે, પણ પોકાર ન કરે. શાથી કે સહન કરવું એ પુરૂષનું કામ છે, અને પોકાર કરવો એ સ્ત્રીઓનું કામ છે.

જયારે બાળક ૭ સાત વર્ષનું થાય ત્યારે તેને સ્નાન અને ભજન પ્રીતિવડે શિખવે; અને જયારે દશ વર્ષનું થાય અને નિયમમાં કંઇ અવજ્ઞા (વાંક) કરે ત્યારે તેને શિક્ષા કરવી, ચોરી, જૂઠ, અશુદ્ધ આહાર વગેરે દુર્ગુણોની ખરાબી તેને સમજાવવી. જયારે બાળકને એ પ્રમાણે શીખવીએ ત્યારે તે કિશોર અવસ્થામાં બધી કૃતિના ભેદને પોતાની બુદ્ધિએ કરીને સુગમ સમજે છે. ત્યારે એને કહેવું જોઇએ કે ભોજન કરવાનું પ્રયોજન એ છે કે એ પુરૂષને ભજન કરવાનું બલ આવે, અને આ જગત્‌માં જીવવાનું પ્રયોજન એ છે કે "પરલોકના માર્ગનું ભાથું બનાવે." શાથી કે આવરદા થોડો છે,

અને મૃત્યુ તેને અચાનક પકડી લે છે. માટે બુદ્ધિમાન પુરૂષ તેજ છે કે જે આ લોકમાં પરલોકનું ભાથું બનાવી લે. કે તેણે કરીને ઉત્તમ સુખ અને ભગવત્‌ની પ્રસન્નતાને પામે.

પુણ્ય અને પાપે કરીને જે નરક અને સ્વર્ગ અને દુઃખ તથા સુખની પ્રાપ્તિ થાય છે, તે ભલી રીતે બાળકને સમજાવે. અને જ્યારે એ સારી રીતે બાળકને પ્રથમ શીખવવામાં આવે છે ત્યારે તે વચન તેના હૃદયમાં મૂર્તિની પેઠે દૃઢ થઇ જાય છે. અને જો પ્રથમથી શીખવીએ નહિ તો પછી તેને તે ઉપદેશ દૃઢ થતો નથી. જેમ ભીઠાની અર્થાત્‌ ઉસની માટીની ભીંત ઉપર લેપ ઠરતો નથી તેમ થાય છે. એ ઉપર એક સંતની કથા છે, કે તેમણે એમ કહ્યું છે કે "જ્યારે હું ત્રણ વરસનો હતો ત્યારે રાત્રીમાં પિતાને ભજન કરતાં જોતો હતો," તે એકવાર તેમણે મને કહ્યું કે "હે પુત્ર જે ભગવતે તને ઉત્પન્ન કર્યો છે, તેનું તું ભજન કેમ નથી કરતો?" ત્યારે મેં કહ્યું કે "રાત્રિમાં સુતી વખતે ત્રણ વાર બોલજે" કે "ભગવાન્‌ મારી સાથે છે, અને ભગવાન મને જુએ છે, તથા ભગવાન મારા અંતરયામી છે. "પછી કેટલીક રાત્રી સુધી હું નિત્ય પ્રતિ એ પ્રમાણે કહેતો રહ્યો;" પછી પિતાએ કહ્યું કે "હવે એ વચન રાત્રે સાત વાર બોલ્યા કર." ત્યારે હું સાત વાર બોલવા લાગ્યો. પછી અગીઆરવાર બોલવાને કહ્યું, કેટલાક દિવસ હું અગીઆરવાર બોલવા લાગ્યો. ત્યારે એ રીતે કરવાથી મારા હૃદયમાં કંઇ સ્વાદ અને સુખ આવવા લાગ્યું. પછી જ્યારે એક વર્ષ વિત્યું ત્યારે પિતાએ કહ્યું કે જે તને મેં શીખવ્યું છે, તેને દૃઢ કરી લે અને મરતાં સુધી ભૂલીશ નહિ, એટલે તે ભજન આ લોક અને પરલોકમાં તારૂં સાહ્ય કરનારૂં થશે. પછી કેટલાંએ વર્ષ પર્યંત હું એ પ્રકારે બોલતો રહ્યો, ત્યારે મારા હૃદયમાં બીજું અધિક રહસ્ય પ્રકટ થયું. પછી પિતાએ કહ્યું કે હે પુત્ર ભગવાન જેની સાથે હોય, અને સદૈવ જેની સાથે રહી કરીને તેને જોતા રહે, અને જેના હૃદયના અંતર્યામી હોય તેવો પુરૂષ પાપ શી રીતે કરે? માટે તને ઘટે છે કે તું પાપ કર્મ કદાચિત્‌ ન કરીશ. વળી તે પછી મને નિશાળમાં મોકલ્યો, ત્યારે મેં પોતાના મનમાં વિચાર કર્યો કે "ભણવામાં લાગવાથી કયાંક મારૂં મન (પસર) ફેલાઇ ન જાય?" માટે મેં ભણાવનાર સાથે વચન લેઇ લીધું

કે હું ત્રણ ઘડી સુધી ભણીશ, અને પછી મારા ભજનમાં સ્થિત થઇશ." એ પ્રકારે હું તે મેહેતાજી પાસે ભણવા લાગ્યો, અને ભગવત્ વાકય સમ્પૂર્ણ હું ભણ્યો; વળી જ્યારે સાત વર્ષનો થયો, ત્યારે સદૈવ દિવસે વ્રત કરવા લાગ્યો, અને રાત્રિમાં આહાર કરવા લાગ્યો. પછી જ્યારે ૧૨ વર્ષનો થયો, ત્યારે મારા હૃદયમાં એક પ્રશ્ન ઉત્પન્ન થયો, અને તે પ્રશ્નનો ઉત્તર નગરમાં કોઇએ ન આપ્યો. પછી પિતાની આજ્ઞા લેઇને એક પવિત્ર નગરમાં આવ્યો, ત્યાં પણ તે પ્રશ્નનો ઉત્તર કોઇએ ન આપ્યો. પછી હું એક બીજા નગરમાં મોટા ભજનીક સંતની પાસે ગયો ત્યારે તેમણે ઉત્તર આપીને મારા સંશયને નિવૃત્ત કર્યો. ત્યારે કેટલાંક વર્ષ હું તેમની પાસે રહયો, અને મને તેમની સંગતિમાં ઘણો લાભ પ્રાપ્ત થયો. પછી હું મારા પોતાના નગરમાં આવ્યો અને એકાંતમાં રહીને ખાવાનું એ પ્રમાણે ખાતો કે એક રૂપીઆનો ખોરાક વેચાતો લેતો અને તેટલામાં એક વર્ષ પર્યંત ભોજન કરતો હતો, અને રાત્રિને વખને એક વાર કિંચિત્ ભોજન કરી લેતો હતો, વળી ત્રીજે દિવસે ખાવા લાગ્યો, તે પછી ૭ સાતમે દિવસે, પછી પચ્ચીસમે દિવસે ખાવા લાગ્યો. એવી અવસ્થામાં મેં ૨૦ વીસ વર્ષ ગુજાર્યાં, અને સંપૂર્ણ રાત્રિ વિષે જાગરણ કરવા લાગ્યો. આ વાર્તાનું પ્રયોજન એ છે કે જેવો અભ્યાસ બાળક અવસ્થામાં થાય છે, તે નિઃસદેહ દૃઢ થઇ જાય છે.

(૮) હવે આઠમા વિષે જિજ્ઞાસુના અભ્યાસ અને યત્ન વિષે યુક્તિયોનું વર્ણન કરવામાં આવશે કે જે પ્રકારે જિજ્ઞાસુ આદિ ધર્મના માર્ગમાં ચાલે છે–

પુરૂષ ભગવત્નાં દર્શનને પ્રાપ્ત થયો નથી, તેનું કારણ એ છે કે તે પ્રથમજ એ માર્ગ વિષે ચાલ્યો નથી. ન ચાલવાનું કારણ એ છે કે તેણે માર્ગને ખોળ્યોજ નથી ન શોધવાનું કારણ એ છે કે તેને તેનું જ્ઞાન નહોતું તથા પ્રતીતિ પણ દૃઢ નહોતી. શાથી કે જે પુરૂષે એમ જાણ્યું છે કે આ લોકનાં સુખ દુઃખદાયક અને નાશવંત છે, અને પર લોકનાં સુખ નિર્મળ અને નિત્ય છે, એ પુરૂષની પર લોક માર્ગની શ્રદ્ધા પ્રકટ હોય છે; કેમકે નીચ પદાર્થનો ત્યાગ કરીને ઉત્તમ પદાર્થનું ગ્રહણ કરવાનું કામ કઠણ નહોતું

નથી. જેમ કોઇ પુરૂષ માટીનું વાસણ આપે અને તેના બદલામાં તેને સોનાનું વાસણ મળે, ત્યારે તે પુરૂષને માટીનું વાસણ આપવું એ કઠણ થતું નથી. તેથી પ્રસિદ્ધ થયું કે પરલોક માર્ગ વિષે વિમુખ થવું એ પ્રતિતીની હીન્તાએ કરીને થાય છે અને પ્રતીતિની હીનતાનું કારણ એ છે કે વિચારવાન્ અને વૈરાગ્યવાન્ પુરૂષ આ વખતમાં દુર્લભ છે, કે જેમની સંગતિ અને ઉપદેશવડે બીજા જીવો ધર્મ માર્ગમાં જાય. એ કારણથી બીજા સંસારી જીવ પોતાની ભલાઇથી વિમુખ રહે છે અને જો કોઇ વિદ્યાવાન્ પુરૂષ મળી પણ આવે છે, તો તેના ઉપર માયાની પ્રીતિ પ્રબલ હોય છે, અને તે વૈરાગ્યથી હીન હોય છે. જે પુરૂષની પ્રીતિ માયાની તૃષ્ણામાં હોય તે બીજા જીવોને માયાનો ત્યાગ શી રીતે કરાવી શકે ? અને તેનો ઉપદેશ લોકોના હૃદયમાં શી રીતે દૃઢ થાય ? કે જેને સાભળીને પરલોકના માર્ગમાં ચાલે. પરલોકના માર્ગમાં અને આ લોકના માર્ગમાં પરસ્પર મોટો વિરોધ છે. જેમ પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં અંતરાય છે, કે જેટલો સૂર્ય પૂર્વ દિશામાં જાય, તેટલોજ તે પશ્ચિમ દિશાથી દૂર રહે છે. જે પુરૂષમાં ભગવત્ની શ્રદ્ધા પ્રકટ થાય, તેની અવસ્થા ઉપર વર્ણન કરવામાં આવી છે, તેવી ઉત્તમ થાય છે.

ભગવાને એમ કહ્યું છે કે જે પુરૂષમાં પરલોકની શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે, અને તે માર્ગ વિષે યત્ન અને કૃતિ કરે છે, તેજ ધર્માત્મા પુરૂષ છે, હવે યત્ન કરવાનું જો ભગવાને કહ્યુ છે, તો તે પણ જાણવું જોઇએ કે તે યત્ન શો છે ? માટે તેને આગળ નવમા વિભાગમાં કહે છે.

(૯) (નવમો વિભાગ) ધર્મ માર્ગની યુક્તિનું વર્ણન.

યત્ન કરવો એ છે કે ધર્મના માર્ગ વિષે ચાલવાનો ઉદ્યમ કરવો, અને કેટલીક યુક્તિયો એવી છે કે જ્યારે જિજ્ઞાસુ તેને પ્રથમ જાણી લે, અને તે પ્રમાણે વર્તે, ત્યારે પછી ધર્મ માર્ગમાં ચાલવાને અધિકારી થાય છે. વળી તે પછી પોતાની રક્ષા કરનારા ગુરૂદેવનો ભરૂસો કરે અને દૃઢ થઇને તેમનો છેડો પકડે.

પ્રથમ જે કહ્યું છે કે કઇ યુક્તિનો નિર્વાહ કરે, ત્યારે જિજ્ઞાસુ ધર્મ માર્ગનો અધિકારી થાય છે ? તો (૧) પ્રથમ યુક્તિ એ છે કે ભગવત્ અને જીવના વચ્ચે પડદા અથવા આડ પડી છે તેને દૂર કરે, જેથી પામરોની સંગતિમાં તેની ગણત્રી ન થાય. જેમ ભગવાને કહ્યુ છે કે મેં પામરોની આગળ પાછળ પરદા નાંખી દીધા છે. અર્થ એ કે પોતાથી તેને દૂર કરી દીધા છે. તે ચાર પરદા છે, જેણે કરીને જીવને પરદો આવ્યો છે.

(૧) ધન, (૨) માન, (૩) વેષ, (૪) પાપ. ધનને એ રીતે પડદો કહ્યો છે કે ધન વિષે ચિત્ત લંપટ રહે છે, અને જ્યાં સુધી ચિત્ત નિઃસંકલ્પ ન થાય, ત્યાંસુધી ધર્મ માર્ગ વિષે ચાલી શકતો નથી. માટે ઘટે છે કે ધનના સંગ્રહનો ત્યાગ કરે અને કિંચિત્ નિર્વાહ માત્ર રાખે, પણ તેમાં ચિત્તને આસક્ત ન કરે; અને જ્યારે એ પુરૂષ અસંગ્રહી થાય, અને આકાશી વૃત્તિએ કરીને તેનો આહાર હોય, ત્યારે તો તે સુખેથીજ ધર્મ માર્ગમાં ચાલે છે.

માનના પરદાને આ પ્રમાણે દૂર કરે કે જે ઠેકાણે તેને આદરમાન મળે તે ઠેકાણાનો ત્યાગ કરે અને એવે ઠેકાણે જઇને રહે કે તેને કોઇ ઓળખે નહિ. શાથી કે જ્યારે તે પુરૂષને જગત્ વિષે માન પ્રાપ્ત થાય છે, ત્યારે તે આ જગત્‌ના મેળાપ વિષે સુખ જાણીને આસક્ત થાય છે અને જે કોઈ જગત્‌ના મેળાપમાં સુખ જાણે છે, તે ભગવાનને પામી શકતો નથી.

વેષને જે પડદો કહયો છે, તે એ કારણથી કે પુરૂષો જ્યારે દેખાદેખી કરીને કોઇ મત અથવા પંથનું ગ્રહણ કરે છે, ત્યારે બીજાઓના મતનું ખંડન કરે છે, અને પોતાના મતની સ્તુતિ કરે છે, એથી તેવા પુરૂષના હૃદયમાં સાચું વચન પ્રવેશ કરતું નથી. માટે ઘટે છે કે જેટલા મત અને પંથ છે, તે બધાને વિસારે અને ભગવત્‌ની એકતા પર પ્રતિતિ કરે, અને ચિત્તને એકતા વિષેજ દૃઢ કરે અને તે એકતાની દૃઢતાનું લક્ષણ એ છે ભગવત્ વિના બીજા કોઇનો ભરૂસો ન કરે, અને કોઇને આધિન ન થાય.

જે પુરૂષ પોતાના મનની વાસનાને અનુકૂળ ચાલે છે, તે વાસનાનોજ દાસ છે; અને વાસનાજ તેનઃ ભગવત્ છે. જે પુરૂષે એમ જાણ્યું છે કે ભ-

ગવત્ એક છે, અને ભગવત્‌ની આજ્ઞા પ્રમાણે ચાલવું એજ વિશેષ છે; ત્યારે તે પુરૂષ પોતાની મુક્તિ માટે યત્ન કરે છે, અને જગતના વાદવિવાદ વિષે પડતો નથી.

ચોથો પડદો જે પાપ કહ્યું છે, તે જીવને મહા કઠણ પડદો થાય છે, શાથી કે જે પુરૂષનો સ્વભાવ પાપ કર્મો વિષે દૃઢ થાય છે, તેનું હૃદય અંધકારે કરીને મલીન થઇ જાય છે, અને જેનું હૃદય મલીન થયું તેને ભગવત્ પ્રત્યક્ષ ભાસતા નથી એટલે અશુદ્ધ જીવિકા પણ મહા પાપ છે. પરંતુ શુદ્ધ જીવિકાએ કરીને હૃદય એવું ઉજળું થાય છે કે જેવું કોઇ કર્મ કરવાથી થતું નથી. એ કારણે કરીને તપનું મૂલ આ છે કે અશુદ્ધ અહાર-ત્યાગ કરે, અને પોતાની આ જીવિકા શુદ્ધ કરે–

જે પુરૂષ એવું ઇચ્છે છે કે "સંત જનોનાં શુભ કર્મો જેવાં વર્ણવેલાં છે, તેવાં કર્મ કર્યા વિનાજ મારા ગુહ્ય ભેદ ખુલે". તેવી ઇચ્છા મિથ્યા છે. એનું દૃષ્ટાંત આ છે કે જેમ કોઇ પુરૂષ એમ ઇચ્છે કે "હું વિદ્યા ભણ્યા વિનાજ શાસ્ત્રના અર્થોનો જ્ઞાતા થઇ જાઉં." પણ તે વાત થઇ શકતી નથી. માટે જેણે એ ચાર પરદા દૂર કર્યા છે, તે ભજનનો અધિકારી થાય છે.

વળી તે જિજ્ઞાસુને ગુરૂની અપેક્ષા હોય છે, શાથી કે ગુરૂ વિના આ જીવને ધર્મનો રસ્તો દેખાતો નથી. કારણ કે ભગવત્‌નો માર્ગ અતી ગુહ્ય છે અને સંસારી વાસનાનો માર્ગ પ્રકટ છે. વળી સાચો માર્ગ એક છે, અને જૂઠા માર્ગ અનેક છે. માટે નિઃસંદેહ પ્રસિદ્ધ છે કે એવો માર્ગ સદ્‌ગુરૂ વિના પ્રાપ્ત થતો નથી. માટે જિજ્ઞાસુને એવું ઘટે છે કે જ્યારે સદ્‌ગુરૂ સાથે મળે, ત્યારે પોતાનાં કર્મ સદ્‌ગુરૂને અર્પે, અને પોતાની બુદ્ધિનો ને બલનો ત્યાગ કરે, અને જ્યારે સદ્‌ગુરૂ કંઇ આજ્ઞા કરે, અને એને કંઇ સંશય આવે, તોપણ એમ જાણે કે મારી બુદ્ધિજ મેલી છે અને મારૂં કલ્યાણ સદ્‌ગુરૂની આજ્ઞા વિષે છે જ્યારે એને ફરીને સંશય આવે ત્યારે જેવી જિજ્ઞાસુઓએ આગળ સદ્‌ગુરૂઓની આજ્ઞા માની છે, અને પોતાની બુદ્ધિના સંશય દૂર કર્યા છે તેનાં ચરિત્રોનું સ્મરણ કરે. શાથી કે સંત જનોએ એવા

ભેદોને જાણ્યા છે કે જે જિજ્ઞાસુ પોતાની બુદ્ધિએ કરીને એ ભેદને પામી શકતો નથી. જેમ કે–એક મોટો હકીમ થયો હતો તેના વખતમાં કોઇ પુરૂષની ડાબા હાથની આંગળીમાં પીડા થઇ અને બીજા જેટલા વૈદ્યા હતા, તેમણે તે આંગળી પર ઔષધ લગાડયું, પણ તે પીડા દૂર ન થઇ. પછી પેલા હકીમે હાથ અને ખભા ઉપર દવા ચોપડી, ત્યારે બીજા વૈદ્યોએ કહ્યું કે આંગળીઓમાં પીડા હોય અને ખભા ઉપર ઓસડ લગાડવામાં આવે એ તે કેવું ડહાપણ છે? પરંતુ એ હકીમની દવા ચોપડવાથી આંગળીઓની પીડા દૂર થઈ ગઈ કારણકે તે હકીમે એમ જાણ્યું હતું કે આ આંગળીઓમાં નાડીના મૂળમાંથી રોગ ઉઠયો છે, અને બધી નાડીયો પીઠ અને માથામાંથી નીકળીને શરીરમાં પસરે છે અને તે ડાબા હાથની નાડિયો જમણી તરફ જાય છે અને જમણા હાથની નાડી ડાબા હાથમાં જાય છે. પણ એ ભેદને બીજા વૈદ્ય સમજતા નહોતા, માત્ર પેલા હકીમજ જાણતા હતા.

એ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે કોઇ પ્રકારે જિજ્ઞાસુ સદ્‌ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલે અને વાદ અને સંશય ન કરે.

એક બીજા સંતે કહ્યું છે કે "હું પોતાના સદ્‌ગુરૂની પાસે હતો ત્યારે મેં એક સ્વપ્ન જોયું, અને તે સદ્‌ગુરૂની પાસે કહ્યું ત્યારે તેમણે સ્વપ્નને સાંભળી કરીને હૃદયમા મારી સાથે રોષ કર્યો, અને એક માસ પર્યંત મારાથી બોલ્યા નહિ. પણ હું તેનું કારણ સમજતો નહોતો. પછી તેમણે કહ્યું કે એ સ્વપ્ન જે તેં કહ્યું હતું, તે એ હતું કે, મેં તને કાંઇ કામ કરવાનું કહ્યું હતું અને તેં કહ્યું કે આ કામ શા માટે કરાવો છો? ત્યારે મેં જાણ્યું કે "જાગ્રતમાં જ્યારે મારી આજ્ઞામાં સંશય ન હોત, તો સ્વપ્ન વિષે પણ સંશય લાવત નહી," માટે મેં તને શિક્ષાને સારૂ, અને મારા વચનમાં સંશય ન આણવાને સારૂ રોષ કર્યો હતો.

જ્યારે એ પ્રમાણે જિજ્ઞાસુ સદ્‌ગુરૂની આજ્ઞા માનવામાં દૃઢ થાય છે ત્યારે પ્રથમજ સદ્‌ગુરૂ તેને કિલ્લામાં સ્થિત કરે છે. શાથી કે જિજ્ઞાસુને કોઇ

વિઘ્ન ન લાગે. તે કોટની ચાર ભીંતો છે, (૧) મૌન. (૨) ક્ષુધા. (૩) એકાંત. (૪) જાગ્રત.

ક્ષુધાએ કરીને ભોગોનું બલ ક્ષીણ થાય છે, અને જાગ્રતે કરીને હૃદય ઉજ્વલ થાય છે, અને મૌને કરીને વાદ વિવાદની વિક્ષેપતા દૂર થાય છે, અને એકાંતે કરીને જગત્‌ના મેળાપનો કુસંગ અને અંધારૂં દૂર થાય છે, અને નેત્ર તથા શ્રવણ પણ રોકવામાં આવે છે.

એ ઉપર એક સંતે પણ કહ્યું છે કે જે આગળ સંત થયા છે તે એ ચારે લક્ષણે કરીનેજ થયા છે.

જ્યારે જિજ્ઞાસુ સ્થૂળ પદાર્થ વિષે મચ્યા રહેવાથી સંકોચાય ત્યારે આગળ સૂક્ષ્મતાની આદિ એ છે કે તે માર્ગમાં કઠિન ઘાંટિયો છે તે પ્રથમ તેને કાપે છે. અને ચિત્તમાં જેટલા મલીન સ્વભાવ છે, તેજ કઠિન ઘાંટી છે. મનની તૃષ્ણા, ભોગોની વાસના, દંભ, અભિમાન, અને બીજાઓની પેઠે જે મલીન સ્વભાવ છે, તે સર્વ અશુભ કર્મ તેનાં બીજ છે, માટે તેને વેગળા કરવા જોઇએ. કેમકે સ્થૂળ પદાર્થોમાં એણે કરીને પસરવાનું (લીન થવાનું) થાય છે. તે પ્રથમ જ્યારે તેમને દૂર કર્યા, ત્યારે હૃદય શુદ્ધ થશે. માટે સંપૂર્ણ અશુભ વાસનાઓનો નાશ કરે અને જે પ્રમાણે સદ્‌ગુરૂની આજ્ઞા હોય, તે પ્રમાણે પુરૂષાર્થ કરે, શાથી કે બધા જીવોનો અધિકાર ભિન્ન ભિન્ન છે, અને પોતાના અધિકારને પુરૂષ પોતાની મેળે ઓળખી શકતો નથી. માટે સદ્‌ગુરૂની આજ્ઞાએ કરીને હૃદય શુદ્ધ થાય છે પછી જ્યારે હૃદય રૂપી ધરતી શુદ્ધ થઇ, ત્યારે તેમાં મહારાજના ભજનરૂપી બીજ વાવે.

(૧) પ્રથમ જ્યારે જિજ્ઞાસુ બીજા સંકલ્પોથી રહિત થયો ત્યારે એકાંત ઠેકાણે બેસે અને સદૈવ શ્રી રામ રામ રાધા કૃષ્ણનાં નામો મન તથા જિહ્વાથી રટે, વળી તે પછી જિહ્વાનું બોલવું બંધ પડી જાય છે, અને તે નામ મન વિષેજ સ્ફુરવા માંડે છે. પછી મન પણ બંધ પડી જાય છે, અને શ્રી રામ

કૃષ્ણ નામનો અર્થ હૃદયમાં પ્રગલ થાય છે. તે અર્થનું રૂપ આ છે કે તેના વિષે વચન અને વાણી પહોંચી શકતાં નથી. કારણ કે મન વિષે સ્મરણ પણ વાણી અને અક્ષરોએ કરીને થાય છે. તે વાણી અને અક્ષર પણ અર્થ રૂપી ફલની ત્વચા છે; માટે ઘટે છે કે નામનો અર્થજ હૃદયમાં સ્થિત થાય. તે એવો દૃઢ થાય કે તેમાં મનને યત્ન ન ભાસે અને અર્થ રૂપી કમલ પર મન રૂપી ભમર રહે અર્થાત્ યત્ને કરીને પણ તેથી દૂર ન થાય. જેમ એક સંતે પોતાના જિજ્ઞાસુને કહ્યું હતું કે જ્યારે તું મારી પાસે આવે અને તારા મનમાં ભગવત્ વિના બીજા સંકલ્પ સ્ફુરે ત્યારે તારૂં આવવું વ્યર્થ થશે.

જ્યારે જિજ્ઞાસુએ સંકલ્પ રૂપી કાંટાઓથી હૃદય રૂપી ધરતી શુદ્ધ કરી અને નામ રૂપી બીજને તેમાં વાવ્યું, ત્યારે તેની કૃતિનું બલ ચાલતું નથી. માટે ભગવત્‌ની દયાનો આશ્રય કરે, અને એમ જાણે કે જોઇએ આ બીજનું ફલ શું થાય છે; અને ઘણું કરીને તો એમ છે કે એ બીજ નિષ્ફલ થતું નથી.

એ ઉપર ભગવાને પણ કહ્યું છે કે "જે પુરૂષ પરલોક સંબંધી બીજ વાવે છે, તેને હું નિઃસંદેહ અધિક ફલ આપું છું" અને જ્યારે જિજ્ઞાસુ એ અવસ્થાને પહોંચે છે ત્યારે અકસ્માત્ કદી એમ પણ થાય છે કે ભગવત્‌ની માયાએ કરીને તેના મનમાં જૂઠા સંકલ્પો આવીને સ્ફુરે છે, અને કોઇને નથી પણ સ્ફુરતા. પણ જેનું હૃદય શુદ્ધ હોય છે, તે પુરૂષને દેવતાઓ અને ઇશ્વરોનું રૂપ પ્રત્યક્ષ ભાસવામાં આવે છે. એ પણ છે કે, તેનું સુંદર સ્વરૂપ સ્વપ્ન વિષે અથવા પ્રકટ પ્રત્યક્ષ દેખે. વળી એવી એવી અવસ્થા પ્રકટ થાય છે કે તેનું વર્ણન થઇ શકતું નથી; તેમ તેનું વર્ણન કરવામાં કાંઇ લાભ પણ સિદ્ધ થતો નથી. શાથી કે ધર્મના માર્ગ વિષે ચાલવાથી કરીને કલ્યાણ થાય છે. અને બીજા માર્ગની વાર્ત્તાએ કરીને એ સ્થાનને પહોંચી શકતો નથી.

માટે જિજ્ઞાસુની ભલાઇ એમાં થાય છે કે એ અવસ્થાના ઐશ્વર્યોનું પ્રથમથીજ શ્રવણ ન કરે, શાથી કે ઐશ્વર્યોની આશાએ કરીનેપણ વિક્ષેપતાને પામે છે માટે કહેવાનું પ્રયોજન એ કે જિજ્ઞાસુ એવી અવસ્થા વિષે સંશય-

ભાન ન થાય, શાથી કે ઘણા પંડિત પણ એવા હોય છે કે તેમને અવસ્થા પ્રાપ્ત થવામાં પ્રતિતિ થતી નથી. માટે જે અવસ્થાનાં વખાણ કર્યા છે, તે વિષે જિજ્ઞાસુ એ સંશય ન કરતાં દૃઢ પ્રતીતિ કરે.



બીજો સર્ગ.

અતિ આહાર અને કામની નિષેધતાનું વર્ણન.

આ ઉદર પણ સરોવર જેવું છે. અર્થ એ છે કે જેમ સરોવરમાંથી પ્રવાહ નીકળે છે, તેમજ ઉદરની પુષ્ટતાએ કરીને બધી ઇંદ્રિયોને બળ પહોંચે છે, તેથી તે પોતપોતાનો વિષય ગ્રહણ કરે છે. એટલા માટે પ્રસિદ્ધ થયું કે "બધા જીવો પર આહારનો વિષય અતિપ્રબળ છે," અને તેની પ્રબલત. એ કે જ્યારે ઉદર પુષ્ટ થાય છે ત્યારે કામની અભિલાષા ઉત્પન્ન થાય છે, અને કામની અભિલાષા જ્યારે ધનનો સંગ્રહ હોય ત્યારે પૂર્ણ થાય છે. વળી ધનની ઉત્પત્તિને નિમિત્તે ઇર્ષા, વૈરભાવ, ક્રોધ, કપટ, અને અભિમાન આદિક અવગુણ ઉપજે છે. માટે આહારની અધિકતા વિષે આસક્ત થવું એ બધા પાપોનું મૂળ છે અને આહારનો સંયમ કરવો એ બધા શુભ ગુણોનું બીજ છે. તેનું ભિન્ન ભિન્ન કરીને વર્ણન કરીશું.

અથ આહારના સંયમની સ્તુતિ.

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે "ભૂખ અને તૃષાનો અંગીકાર કરીને પોતાના મનની સાથે યુદ્ધ કરો. ત્યારે ઉત્તમ ફલને પામશો" અને ભગવત્‌ની પાસે સંયમના જેવું બીજું કાર્ય કોઇ નથી. માટે જે પુરૂષ પોતાના ઉદરને અતિ પુષ્ટ કરે છે, તેને સૂક્ષ્મ દેશની તરફનો માર્ગ જડતો નથી.

કોઇએ આચાર્યમ હારાજને પૂછ્યું હતું કે ઉત્તમ પુરૂષ કોણ છે ? ત્યારે તેમણે કહ્યું કે જે પુરૂષનો આહાર સંયમ સહિત હોય, અને નગ્નતાને ઢાંકવા માત્ર વસ્ત્ર પહેરે, અને એ ઉપર સંતોષ માને, તે માણસ ઘણો ઉત્તમ કહેવાય છે. વળી એમ પણ કહ્યું છે કે "આહાર અને વસ્ત્રોને સંયમ સહિત અંગીકાર કરવાં, એ પણ મહા પુરૂષોનું લક્ષણ છે. વળી એમ પણ કહ્યું છે કે જે પુરૂષનો આહાર સંયમ સહિત છે અને હૃદય પણ વિચારના અભ્યાસ-

માં દઢ છે, તે ભગવત્‌ને વહાલા છે અને જે પુરૂષનો આહાર અને નિંદ્રા મર્યાદાથી અધિક છે, તે ભગવત્‌થી વિમુખ રહે છે. પોતાના હૃદયને મૃતક ન કરો," કેમ કે હૃદય આહારની અધિકતાએ કરીને મૃતક થઇ જાય છે. ખેતી ઘણા વરસાદે કરીને મૃતક થાય છે, માટે શરીરના નિર્વાહ નિમત્તે અલ્પ માત્રજ આહાર સુખદાયક છે અને અધિક આહારની તૃષ્ણાએ કરીને નાના પ્રકારની મલીનતા ઉપજે છે. માટે ઘટે છે કે " જેથી પાણી, પવન ને માટે જગ્યા રહે, તથા ભજન થઈ શકે એટલુંજ ભોજન કરે."

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે "જ્યારે તમે પોતાના શરીરને ભૂખ્યું અને નગ્ન રાખશો, ત્યારે નિ:સંદેહ તમે ભગવત્‌નાં દર્શનને પામશો."

આચાર્ય મહારાજે બીજું પણ કહ્યું છે કે "જેમ શરીરનાં સર્વ અંગો-માં રૂધિર ભરપૂર છે, તેમજ બધા શરીરમાં મનની ચપલતા પણ વ્યાપી રહી છે, માટે ભૂખવડે ચપલતાના માર્ગને રોકો, ત્યારે સ્વાભાવિકજ જ્ઞાનનો નિગ્રહ થશે."

એક સંતે કહ્યું છે કે "તમે કદાચિત્ એવો ભય ન રાખો કે હમે ભૂખ્યા રહીશું." અને એવો ભય કરવો એ પણ અયોગ્ય છે, શાથી કે મ-હારાજ ભૂખ અને અપમાન તો પોતાના વહાલાને (પ્રીતમને)જ આપે છે. અથવા એવાં દુ:ખ જિજ્ઞાસુ જન ઉપર મોકલે છે માટે તમારા જેવા અભા-ગી જીવોને એ પદવીની પ્રાપ્તિ ક્યારે થાય છે? તાત્પર્ય એ કે બધા સંતોએ વિચાર કરીને જોયું છે, અને આજ નિશ્ચય કર્યો છે કે કે આ લોક અને પર લોક વિષે સુખદાયક કોઇ પણ પદાર્થ સંયમ સમાન નથી. અને આહારની અધિકતા સમાન દુ:ખદાયક પણ કોઈ નથી.

અથ સંયમના લાભનું વર્ણન.

જેમ ઔષધની કડવાશ એ ઔષધનો લાભ નથી. તેમજ સંયમ વિષે જે શરીરને કષ્ટ થાય છે તે એ કેવળ કષ્ટજ લાભ નથી.

આહારના સંયમમાં ૧૦ દસ લાભ પ્રસિદ્ધ છે. (૧) પ્રથમ લાભ એ

છે કે સંયમે કરીને હૃદય શુદ્ધ અને ઉજ્વળ થાય છે. અને આહારની પુષ્ટતાએ કરીને હૃદય અંધ થાય છે અને જ્યારે કંઇ વિચાર કરવા માંડે છે, ત્યારે એવી વિક્ષેપતાને પામે છે કે તેની બુદ્ધિ ફેલાઇ જાય છે અને બીજા વિચારમાં લાગે છે. એ ઉપર આચાર્યે મહારાજે કહ્યું છે કે "પોતાના હૃદયને પ્રીતિ અને મૌનથી સજીવ કરો, અર્થાત્ ચૈતન્યવાળું કરો અને સંયમે કરીને શુદ્ધ કરો." અને એમ પણ કહ્યું છે કે "સંયમી પુરૂષનું હૃદય ઉજ્વળ થાય છે; અને વિચારની વૃદ્ધતા થાય છે."

એ ઉપર એક સંતે કહ્યું છે કે "જે દિવસે આહારનો સંયમ હું કરૂં છું, તે દિવસે મારા હૃદયમાં નવીન વિચાર અને અનુભવની યુકિત અવશ્યજ ઉઘડે છે."

(૨) વળી બીજો લાભ એ છે કે સંયમે કરીને ભજન અને પ્રાર્થનાના રહસ્યને પામે છે. પરંતુ આહારની પુષ્ટતાએ કરીને હૃદય કઠોર થઈ જાય છે, અને એવામાં કાંઈ ભજન કરે છે, તો પણ હૃદયમાં તેનો કંઇ સુખ સ્વાદ પ્રકટ થતો નથી. એ ઉપર બીજા એક સંતે કહ્યું છે કે "જેનું ઉદર આહારથી ભરપૂર છે તેને ભજન અને પ્રાર્થનાનો આનન્દ પ્રાપ્ત થતો નથી.

(૩) ત્રીજો લાભ એ છે કે સંયમે કરીને દીનતા અને નમ્રતા ઉપજે છે; અને આહારની પુષ્ટતાએ કરીને અચેતતા અને પ્રમાદ વધે છે. તે પ્રમાદ નરકનું દ્વાર છે, શાથી કે જ્યાં સુધી પોતાને આ પુરૂષ આધીન અને દીન ન દેખે ત્યાંસુધી ભગવત્‌ની સામર્થ્યતા અને પૂર્ણતાને ઓળખતો નથી.

એ ઉપર એક વાર્તા છે કે "જ્યારે આચાર્ય મહારાજને ભગવત્‌ની તરફથી બધી પૃથ્વીના ભંડારો સમર્પણ થયા, અને આ પ્રમાણે આજ્ઞા થઈ કે તમે એને અંગીકાર કરો." ત્યારે તેમણે વિનંતિ કરી કે મને એ પદાર્થોની અભિલાષા કંઇ નથી, અને હું એ ઇચ્છું છું કે "કદી આહારની પ્રાપ્તિ થાય અને કદી ભૂખ્યો રહું તો સારૂં છે." શાથી કે ભૂખ વિષે ધૈર્ય અને સહનશીલતા કરીશ અને આહારે કરીને તારા ઉપકારોને ઓળખીશ.

(૪) ચોથો લાભ એ છે કે જેમને ક્ષુધા રહે છે તેમને ક્ષુધિત પુરૂષો પર દયા ઉપજે છે અને તેઓ જ્યારે અતિ પુષ્ટ થાય છે ત્યારે અર્થી જનોને વિસારી દે છે અને તેમને પરલોકનું દુઃખ પણ વિસ્મરણ થઇ જાય છે. પરંતુ જ્યારે ભૂખ્યા રહે છે ત્યારે પરલોકનાં દુઃખોનું પણ સ્મરણ કરે છે. એ પરલોકનાં દુઃખોનું સ્મરણ કરવું, અને અર્થી જનોપર એ પરમ દયાળુ થવું, પરમ સુખોનું દ્વાર છે.

એક સંતે આચાર્ય મહારાજને પૂછયું હતું કે "બધી પૃથ્વીના ભંડારો તો તમને મહારાજ પાસેથી પ્રાપ્ત થયા છે, પછી તમે શા માટે ભૂખ્યા રહો છો ?" ત્યારે તેમણે કહ્યું કે "જો અતિ ઉદર પૂર્ણ થવાથી મને ભૂખ્યા યાચકોનું વિસ્મરણ થઇ જાય તો તેમાં મારૂ અતિ અકાજ થાય" માટે સંયમ અને ભૂખને મેં અંગીકાર કર્યો છે.

(૫) પાંચમો લાભ એ છે કે "મનનો નિગ્રહ કરવો." એ બધા સારા ગુણોનું મૂળ છે, અને મનને વશ વર્ત્તી થવું એ મંદ ભાગ્યનું બીજ છે. જેમ કઠોર પશુ ભૂખ વિના કોમળ થતું નથી, તેમજ મન પણ સંયમ વિના વશ થતું નથી. તે મનને ભોગોથી વર્જિત કરવું એ પરમ લાભ છે, શાથી કે પાપોનું મૂળ ભોગ છે ભોગોનું મૂળ આહારની પુષ્ટતા છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે મેં જે દિવસે પરાણે ઘણું ભોજન કરેલું, તે દિવસે નિઃસંદેહ મારાથી કંઇ પાપ થયું છે, અથવા પાપની મનસા થઇ છે. માટે આ વાત પ્રસિદ્ધ છે કે આહારના સંયમે કરીને વ્યર્થ વચન અને કામની પ્રબલતા દૂર થઇ જાય છે. અને જે પુરૂષ આહારનો સંયમ નથી કરતો તેના ઉપર વાદ વિવાદ, નિંદા, સ્તુતિ અને કામની પ્રબલતા થાય છે. વળી જ્યારે યત્ને કરીને ઇંદ્રિયોને વિકારોથી રોકી રાખે ત્યારે આંખોને રોકી શકતો નથી, અને જ્યારે નેત્રોને પણ રોકી રાખે, ત્યારે ચિત્તના સંકલ્પોનો નિગ્રહ કરી શકતો નથી. પરંતુ સંયમે કરીને સ્વાભાવિકજ મન અને બધી ઇંદ્રિયો નિર્બળ થઇ જાય છે."

(૬) છઠ્ઠો લાભ એ છે કે આહારના સંયમે કરીને નિંદ્રા પણ ક્ષીણ

થઇ જાય છે. અને ભજન, પ્રાર્થના, અને વિચારનું બીજ રાત્રિનું જાગરણ છે. અને જે પુરૂષ પોતાના ઉદરને પુષ્ટ કરે છે, ત્યારે નિંદ્રાની મૂર્છાએ કરીને મૃતક જેવો થઇ જાય છે; અને સ્વપ્ન પણ મલીન જુએ છે. માટે સંત જનોએ એમ કહ્યું છે કે "મનુષ્યની ઉત્તમ પુંજી આયુર્બલ છે, અને શ્વાસ રૂપી રત્ન છે." શાથી કે આયુર્બલે કરીને જ પરલોકના લાભને પામી શકે છે. તે આયુર્બલ અધિક નિંદ્રાએ કરીને ક્ષીણ થઇ જાય છે. અને સંયમે કરીને નિંદ્રાનું બલ દૂર થઇ જાય છે, માટે સંયમજ ઉત્તમ પદાર્થ છે તે એથી કરીને કે આહારની પુષ્ટતાએ કરીને કામાદિક સ્વપ્ન પણ છળી જાય છે, તેથી ભજન વિષે સાવધાન થઇ શકતો નથી.

(૭) સાતમો લાભ એ છે કે સંયમી પુરૂષનો સમય પણ વ્યર્થ જતો નથી. અને તેને વ્યવહારની (વિક્ષેપતા) ચિંતા પણ અલ્પ હોય છે. વળી જે પુરૂષને આહારની અધિક અભિલાષા છે, તેનું આયુર્બલ ભોજનની સામગ્રી વિષેજ વીતી જાય છે; અને સર્વદા શરીરના પ્રતિપાલન વિષે તે રહે છે. આયુર્બલ સમાન પદારથને વ્યર્થ ખોવો એ મોટી મૂર્ખાઇ છે. એટલા માટે જિજ્ઞાસુ જનોએ જવનો સાથુવો ખાઇને સંતોષ કર્યો છે, અને સર્વ જંજાળો થી મુક્ત થયા છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે અધિક આહારે કરીને ષષ્ટ ગુણોનો નાશ થાય છે (૧) પ્રથમ તો ભજનનું રહસ્ય આવતું નથી (૨) વચનોનું સ્મરણ રહેતું નથી. (૩) દયા ક્ષીણ થઇ જાય છે. (૪) આળસ ઉઘડે છે (૫) ભોગોની પ્રબલતા થાય છે. (૬) સર્વદા ખાવાની અને મલ ત્યાગવાની ઇચ્છા રહે છે—

(૮) આઠમો લાભ એ છે કે સંયમે કરીને શરીર આરોગ્ય રહે છે તેથી વૈદ્યોની આધીનતા અને ઔષધિયોની કટુતાથી છુટી જાય છે—

એ ઉપર મોટા આચાર્યો અને વૈદ્યોએ એજ સિદ્ધાંત દૃઢ કર્યો છે કે "સર્વ રોગોનું બીજ આહારની અધિકતા છે" અને જે કૃતિ વિષે બહુ લાભ હોય અને કિંચિત્ માત્ર દોષ ન હોય તે આહારનો સંયમ છે.

એક બુદ્ધિમાને કહ્યું છે કે સર્વ આહારો વિષે (અનાર) દાડમનું ભોજન

મહા પથ્ય છે, અને કઠોર અન્ન અત્યંત કુપથ્ય છે, પણ જ્યારે દાડમનુંજ અધિક ભોજન કરે તોપણ ખેદને પામે છે, અને જ્યારે કઠોર અન્નનો અ-લ્પ અંગીકાર કરે ત્યારે નિર્ખેદ રહે છે.

(૯) નવમો લાભ આ છે કે સંયમી પુરૂષને જીવિકા પણ અલ્પ જોઇએ છીએ, અને ધનની અધિક તૃષ્ણાથી મુકત રહે છે, અને બધાં વિઘ્નો, પાપો અને વિક્ષેપ તૃષ્ણાથીજ ઉત્પન્ન થાય છે, શાથી કે જેને નાના પ્રકારના રસો અને અધિક ભોજનોની અભિલાષા થાય, તેનું સર્વ આયુર્બલ ધનની ઉત્પત્તિ વિષેજ ચાલ્યું જાય છે, અને ધન મેળવવું પાપ વિના કઠણ છે, એ ઉપર એક બુદ્ધિમાને કહ્યું છે કે હું તો પોતાના મનોરથને આ પ્રકારે પૂર્ણ કરૂંછું કે પ્રથમજ મનોરથની વાસનાને ત્યાગુંછું, તેથી નિશ્ચિંત અને સુખેથી રહુંછું.

(૧૦) દસમો લાભ એ છે કે સંયમી પુરૂષનું હૃદય ઉદાર હોય છે, એટલા માટે કે સંયમી પુરૂષને એવીજ સમજ રહે છે કે જે પદાર્થે કરીને ઉદર પુષ્ટ કરે છે, તે પદાર્થ મલીનતાને પ્રાપ્ત થઇ જાય છે; અને જે પદાર્થ ભગવત્‌ને નિમિત્તે દાન કરે છે, તે નિસ્સન્દેહ ભગવતના હાથોમાં પહોંચે છે, એ ઉપર એક વાર્તા છે કે એકવાર આચાર્ય મહારાજે કોઇ ધનવાન્‌ને જોયો હતો, તો તેનું શરીર ઘણું સ્થુળ હતું, ત્યારે તેને જોઇને કહેવા લાગ્યા કે જેટલું કાંઇ તે ઉદરમાં નાંખ્યું છે, તેટલું તું જો ભગવત્ અર્થે આપ તો સારૂં હતું.

અથ આહારના સંયમની યુકિતનું વર્ણન.

જિજ્ઞાસુએ પ્રથમ પાપથી રહિત આહાર કરવો જોઇએ, વળી જેવી આહારની અધિકતા નિન્દ્ય છે, તેમજ એક વખતમાંજ અલ્પ કરી નાંખવો એ પણ નિન્દ્ય છે, માટે ઘટે છે કે શનૈ શનૈ કરીને આ-હારને ઘટાડે, જ્યારે એ પ્રકારે કરીને ક્રમથી આહારને ઘટાડે તો શરીર પણ સુખી રહે છે, પણ ઉત્તમ પુરૂષોની અવસ્થા તો આ છે, કે પ્રાણોના નિર્વાહ માત્ર ભોજન કરે છે, પણ આહારની અધિકતા અને અલ્પ

તાનો પણ શરીરોમાં સંયમ અને ક્રિયા પ્રમાણે ભિન્ન ભિન્ન અધિકાર હોય છે, માટે બધી વાતનું તાત્પર્ય એ છે કે અત્યંત (પેટ ભરીને) ભોજન ન કરે, શેષમાં ક્ષુધા બાકી રાખે, અને ક્ષુધાનું લક્ષણ એ છે કે, ભોજન કરવા પછી પણ એટલી રહી જાય. ક્ષુધાની રૂચી પ્રમાણે ભોજન પણ અંગીકાર કરવું જોઇએ, એ ઉપર એક સંતે કહ્યું છે કે જો કદાપી સર્વ સંસાર પાપ રૂપ થઇ જાય તોપણ પ્રીતિવાનને શુદ્ધ જીવિકાજ પ્રાપ્ત થાય છે અર્થ એ કે પ્રિતિવાન શરીરના નિર્વાહથી અધિક અંગીકાર કરતા નથી. માટે જે પુરૂષોને પરમપદની પ્રાપ્તિ ઉત્પન્ન થઇ છે, તેમણે સર્વ રસોનો ત્યાગ કર્યો છે, અને જે જે મનની વાસના છે, તેમાં (ઉલટા) થઇને વર્ત્યા છે, શાથી કે જ્યારે આ મન પોતાની વાસના અનુકુલ ભોગોને પામે છે, ત્યારે પ્રમાદે કરીને અંધ જાય છે, વળી આ સંસારમાં જીવવાને પ્રીતમ જાણે છે, માટે ઘટે છે કે આ મનને સંસારના ભોગોથી વિરકત કરીને નિગ્રહ કરીએ, અને વૈરાગ્યે કરીને એવું દુ:ખિત કરીએ કે આ સંસારને બંદીખાનું જાણે અને શરીરના મૃતક થવાને પોતાની મુકત જાણે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "બધામાં ખરાબ મનુષ્ય તેજ છે કે જેનું ચિત્ત ભોગો વિષે આસક્ત થયું છે, અને નાના પ્રકારના રસો અને વસ્ત્રોની અભિલાષા કરે છે"

એ ઉપર એક મહાત્માને આકાશ વાણી થઇ હતી કે હે સંત અંતમાં તારી સ્થિતિનું સ્થાન શ્મશાન થશે, માટે ઘટે છે કે તું પોતાના શરીરને ભોગોથી વિરકત કરજે. જે પુરૂષોને પોતાની વાસના પ્રમાણે ભોગ પ્રાપ્ત થયા છે, તેમને મહા પુરૂષોએ મન્દ ભાગી જાણ્યા છે.

એક સન્તને કોઇએ શાકર અને ઠંડા પાણીનું શરબત લાવી આપ્યું હતું, ત્યારે તેણે અંગીકાર ન કર્યું, અને કહેવા લાગ્યા કે "એને મારાથી દૂર કરો" શાથી કે પરલોકમાં એનો પણ દન્ડ થશે, એ ઉપર એક સન્તની વાર્તા છે કે તે આટો પલાળીને ભોજન કરતા હતા, અને પાણીના ઘડાને તડકેથી ઉપાડીને છાયામાં રાખતા નહોતા.

વળી એક બીજા પ્રિતિવાનને કોઇ વસ્તુની ઇચ્છા થઇ હતી, તે જ્યારે

અધિક યત્ને કરીને તે વસ્તુ પ્રાપ્ત થઇ, ત્યારે કહેવા લાગ્યા કે એને ભગવત્ અર્થે આપીદ્યો. ત્યારે કોઈ મિત્રે કહ્યું કે આ વસ્તુને તો તમે ઇચ્છતા હતા તે જ્યારે પ્રાપ્ત થઇ, ત્યારે શામાટે અંગીકાર ન કરી, ત્યારે તેમણે કહ્યું કે મેં આચાર્ય મહારાજના મુખથી સાંભળ્યું છે, કે જ્યારે આ માણુસને કોઇ ભોગની વાસના ઉઠે, અને પછી તે વસ્તુને પામી કરીને ભગવત્ અર્થે આપીદે, ત્યારે તેના ઉપર ભગવત્ દયા કરે છે."

એવાજ એક જિજ્ઞાસુને દૂધ પાન કરવાની ઇચ્છા થઇ હતી, ત્યારે તેમણે ૪૦ ચાલીસ વર્ષ પર્યંત દૂધ અંગીકાર ન કર્યું તાત્પર્ય્ય એ કે પરમાર્થના માર્ગવિષે ચાલનારા જિજ્ઞાસુઓનાં એવાં લક્ષણ થયાં છે, અને જે એવા પદને પ્રાપ્ત ન થઇ શકે તેમને પણ ઘટે છે કે કંઇક ભોગોથી તો રહિત થાય. અને અધિક ચિકણા, મીઠા અને માંસાદિક આહાર તો અંગીકાર ન કરે. અને એમ પણ કહ્યું છે કે માંસાદિક આહારોએ કરીને હૃદય કઠોર થઇ જાય છે.

અથ યત્ન અને ગુરૂ શિષ્યના અધિકારના ભેદનું વર્ણન.

સંયમ અને યત્નનું તાત્પર્ય્ય એ છે કે મન કોમલ અને વશ થાય. વળી જ્યારે મન વિચારની મર્ય્યાદા વિષે સ્થિત થયું, ત્યારે હઠ અને યત્નની અપેક્ષા રહેતી નથી. એ કારણથી સદ્ગુરૂ જિજ્ઞાસુને યત્ન અને હઠનો ઉપદેશ કરે છે, અને પોતે સહજ વૃત્તિ વિષે વર્તે છે. શાથી કે તેનું મન ભોગોથી મુક્ત થયું છે-વળી યત્નનું પ્રયોજન એ છે કે સંયમે કરીને સુખી રહે. અર્થાત્ એવી ક્ષુધા પણ ન રાખે કે જેણે કરીને અન્નની તરફ નજર ખેંચાઇ રહે, અને ભજનમાં વિક્ષેપતા આવે, અને એવું ઉદર પૂર્ણ પણ ન કરવું કે જેણે કરીને આળસ અને અચેતતા વધી જાય. તાત્પર્ય્ય એ કે આ માણુસની પૂર્ણતાઇ એ છે કે એનો સ્વભાવ દેવતાઓના જેવો થાય, તે દેવતાઓનો સ્વભાવ એ છે કે તેમને ભૂખનો ખેદ પણ થતો નથી, અને અધિક આહારનો ભાર પણ થતો નથી. પણ આ મન એવી સમાનતા વિષે પ્રથમ સ્થિત થઇ

શકતું નથી, માટે પ્રથમ તેને હઠ અને યત્ને કરીને દંડ કરવો પ્રમાણ છે શાથી કે યત્ને કરીને જ્યારે એનો મલીન સ્વભાવ દૂર થાય, ત્યારે પછી સમાનતાને પ્રાપ્ત થાય છે એ કારણથી જિજ્ઞાસુજનોએ સર્વદા પોતાના મનપર દોષ દૃષ્ટિ રાખી છે. અને વૈરાગ્ય રૂપી ફાંસી વિષે એને ફસાવ્યું છે, અને સદૈવ કાલ મનના સ્વભાવને વિચાર સહિત જોતા રહે છે, વળી જ્યારે પૂર્ણ પદને પ્રાપ્ત થયા ત્યારે સમભાવ વિષે સ્થિત થયા છે, એ ઉપર દૃષ્ટાંત પ્રમાણ એ છે કે જ્યારે એક સંતની પાસે લોકો ઉત્તમ ભોજન લેઇ જતા હતા, ત્યારે તેઓ તે ગ્રહણ કરતા હતા, અને જ્યારે એક બીજા સન્તની પાસે લેઇ જતા ત્યારે તે કદાચિત્ અંગીકાર કરતા નહોતા. ત્યારે પહેલાને લોકોએ પૂછયું કે તમારો સ્વભાવ શાથી ખુલ્લો છે? અને બીજા સંતનો સ્વભાવ શાથી સંકોચાયલો છે? ત્યારે તેમણે કહ્યું કે તેઓ વૈરાગ્યે કરીને વિધિ નિષેધનો વિચાર કરે છે, માટે વિધિને અંગીકાર કરે છે, અને નિષેધનો ત્યાગ કરે છે, અને હું જ્ઞાને કરીને ગ્રહણ ત્યાગના બંધનથી મુકત થયોછું, માટે મારી સમજ એ છે કે હું મહારાજના ગૃહ વિષે અભ્યાગતછુ, અને બધું વિશ્વ મહારાજનું ગૃહ છે. અને જે કંઈ વસ્તુ જે કોઇ દે છે, તે મહા-રાજની તરફથી અને મહારાજનીજ પ્રેરણાથી દે છે, તેથી જે કાંઇ મહારાજ મને દે છે તેજ અંગીકાર કરી લેઉછું, અને જ્યારે કંઇ નથી આપતા ત્યારે પણ પ્રસન્ન રહુંછું, એ કારણથી હું કોઈ પદાર્થને ચાહતો પણ નથી, અને કોઇનો નિષેધ પણ કરતો નથી, પણ આ અવસ્થા મહા ઉત્તમ અને દુર્લભ છે, અને મૂર્ખાઓને પડવાનું સ્થાન પણ એજ છે, અર્થ એ કે મૂર્ખ લોક આ વચનને સાંભળી કરીને પોતાને જ્ઞાની માની લે છે, અને કહે છે કે અમને ગ્રહણ ત્યાગનું કંઇ બંધન નથી રહ્યું, પણ તેની અવસ્થા એવી નીચ હોય છે કે તેમાં રંચક (જરાક) માત્ર પણ વૈરાગ્યનું બલ હોતું નથી. અને સદા વિષયો વિષે આસકત રહે છે. માટે પ્રસિદ્ધ થયું કે જેમનું મન સર્વ બંધનોથી મુકત થયું છે, એવા જ્ઞાનવાનોથી પણ સહજ સાધના રહી જાય છે, અને જે મહા અજ્ઞાની છે, તે પણ પોતાને જ્ઞાનવાન્ જાણી કરીને સાધન

અને યત્નનો ત્યાગ કરી દે છે, પણ એમાં પહેલા સન્તની જે વાર્ત્તા કહી છે, તેમની એવી ઉત્તમ અવસ્થા હતી કે જ્યારે કોઇ તેમને હાથે કરીને દુઃખ દેતા હતા, ત્યારે પણ તે તેને મહારાજની તરફથી સમજીને શીતળ ચિત્ત અને નિર્ખેદ રહેતા હતા. તાત્પર્ય એ કે જેનું ચિત્ત એવું ગંભીર છે તેમને જ એવાં વચન શોભે છે. અને બીજા સંત જેવા જે સંત થયા છે, તેમણે પોતાના મનને યત્નથી દૂર કર્યું નથી શાથી મનના સ્વભાવોથી કદાચિત્ નિર્ભય રહેતા નહોતા. પણ એ વાર્તા મહા કઠિન છે, કે મનને વશીકાર થઇ પોતાને જ્ઞાનવાન જાણવો, અને વૈરાગ્ય તથા અભ્યાસનો ત્યાગ કરવો એ મોટી મૂર્ખતા છે.

અથ સ્થૂળ ભોગોના ત્યાગ વિષે વિઘ્નોનું અને વિઘ્નોને નિવૃત્ત કરવાના ઉપાયનું વર્ણન.

ત્યારે તું જાણ કે અલ્પ બુદ્ધિ જીવોને ભોગોના ત્યાગ વિષે બે વિઘ્ન આવી પડે છે.

૧ તેમાં પ્રથમ એ છે કે જ્યારે તે મનુષ્ય ભોગોનો કંઇ ત્યાગ કરે છે, અને તેના ત્યાગમાં સમર્થ થઇ શકતો નથી ત્યારે એકાંત વિષે તેને ભોગવી લે છે. અને એ પ્રમાણે ઇચ્છે છે કે લોક મને ભોગવતાં ન દેખે તો સારૂં, તે એકાંત વિષે લંપટ થાય છે.

૨ બીજું એ કે તે મનુષ્ય પોતાને વૈરાગી બતાવે છે, એ પણ કેવળ લંપટતા છે; અને એ બેઉ પ્રકારના પુરૂષ પોતાના મનમાં એવું અનુમાન કરે છે કે જ્યારે અમે લોકોથી છાનામાના ભોગોને અંગીકાર કરીશું ત્યારે આ લોક વિષે લોકોની ભલાઇ થશે, એટલા માટે કે પ્રથમ તો નિન્દાથી બચીશું, અને બીજું ભોગો વિષે ઢીઠ થઇને નહિ વર્તીએ જો કે તેમને મન એવું શીખવે છે, તો પણ વિચાર કરીને જોઇએ તો કેવળ દંભ છે. શાથી કે જે પુરૂષોનું હૃદય વૈરાગ્ય અને સંતોષે કરીને શુદ્ધ થયું છે, તેમનાં એવાં

લક્ષણો વર્ણન કરવામાં આવ્યાં છે, કે તેઓ લોકોના દેખતાં ખાનપાન આદિક પદાર્થોને પોતાના ગૃહ વિષે લઇ આવતા હતા. અને પછી તે પદાર્થોને ગુપ્ત ભગવત્ અર્થે આપી દેતા હતા. તે એવી પરમ સાચાં હૃદયવાળાઓની અવસ્થા છે. જોકે એવી કૃતિ કરવી એ મનને મહા કઠિન થાય છે, પણ નિષ્કામતાની પરીક્ષા પણ એ છે કે એવી કૃતિ વિષે સંકોચ ન આવે અને જ્યાં સુધી એવી અવસ્થા પ્રાપ્ત ન થાય, અર્થાત્ મનને એ પ્રમાણે વર્ત્તવાનું સુગમ અને નિર્યત્ન સહજ સ્વભાવ ન થઇ જાય. ત્યાંસુધી જાણીએ કે માન અને કપટથી મુક્ત નથી થયો.

વળી જે પુરૂષના હૃદયમાં માનની કામના છે, તેની બધી કૃતિ અને ભજન માનને નિમિત્તે થાય છે અને તે માનનોજ દાસ છે. પણ જે પુરૂષ આહારાદિક ભોગોનો સંયમ કરીને માનની અભિલાષા વિષે આસક્ત થઈ જાય, ત્યારે તેનું દૃષ્ટાંત એ છે કે “ જેમ કોઈ પુરૂષ મેઘનાં બિંદુથી નાશીને પરનાળની નીચે જઇને બેસે.” તે એવો પુરૂષ મૂર્ખજ કહેવાય છે માટે જ્યારે જિજ્ઞાસુ પોતાના વિષે માનનો અભિલાષા જુએ, ત્યારે ઘટે છે કે- “ લોકોના દેખતાં અલ્પ માત્ર રસાદિકના ભોજનને અંગીકાર કરી લે પણ તૃષ્ણાએ કરીને અધિક ન ખાય. ત્યારે તેના વિષે માનની ક્ષીણતા થાય છે; અને ભોગોથી પણ મુક્ત થશે.

અથ કામાદિક વિઘ્નોનું વર્ણન.

તું સમજ કે કામાદિક અભિલાષાને જગતની ઉત્પત્તિને નિમિતે મનુષ્ય પર પ્રબલ કરી છે. પણ જેટલી એની અભિલાષા અતિ પ્રબલ થાય, તેટલાંજ તેમાં વિઘ્ન ઉપજે છે; અને ચિત્તને અત્યંત આવરણ કરે છે.

એ ઉપર એક વાર્ત્તા છે કે એક મહાત્મા પુરૂષે કલિયુગને પૂછયું કે તારો અધિક નિવાસ કઇ જગ્યાએ હોય છે. ત્યારે તેણે કહ્યું કે “ જ્યાં પર

સ્ત્રી અને પુરૂષ એકાંત વિષે મળીને બેસે છે, ત્યાંજ મારો અધિક નિવાસ છે; માટે માણસને ઘટે છે કે એકાંત વિષે સ્ત્રિયોથી મેળાપ ન કરે." શાથી કે એવાં સ્થાનોમાં હું નિઃશંક થઇ કરીને ઉત્પાત અને વિઘ્ન નાંખું છું. પણ કેટલાંક મનુષ્ય એવાં મૂર્ખ થાય છે કે કામાદિક ભોગોને નિમિત્તે બળદાયક ઔષધોનું સેવન કરે છે. તેનું દૃષ્ટાંત એ છે કે "જેમ કોઇ વિંછીના ડંખને હલાવે કે હું એના ડસવાનો તમાસો જોઉં." તો એવો મનુષ્ય મહા બુદ્ધિહીન કહેવાય છે. તેવોજ જે પુરૂષ એવા વિકારોને ઉત્પન કરીને પોતાને પિડિત કરે છે તે પણ મહા મૂઢ છે, શાથી કે જ્યારે તે વિકારની વૃદ્ધિતા થાય છે, ત્યારે દુરાચારાદિક અપ કર્મો વિષે વર્તે છે, અને એથી કરીને બીજાં પણ અનેક પાપ ઉપજે છે. માટે જિજ્ઞાસુને ઘટે છે કે પ્રથમ જ કામના મારગને રોકે. અને જ્યારે એમ કરે નહિ ત્યારે નિઃસંદેહ વિકારોની પ્રબલતા થાય છે. તે કામની ઉત્પત્તિનો માર્ગ નેત્રોની દૃષ્ટી છે. પણ જ્યારે અચાનકજ એક વાર નેત્રોની દૃષ્ટિ કોઇ રૂપવાન ઉપર પડે, ત્યારે બીજીવાર નેત્રોને જોવાથી દૂર કરે, એટલે ફરીને તેના સામું ન જુએ; ત્યારે એ રીતે કામને રોકવાનું સુગમ થાય છે. અને જ્યારે નેત્રોને એ પ્રમાણે ન રોકે ત્યારે પછી મનને રોકવાનું કઠણ પડે છે. શાથી કે આ મન કઠોર ઘોડાના જેવું છે. અર્થાત્ જેમ ઘોડો કોઈ બીજી તરફ જવાને ઇચ્છે છે, ત્યારે પ્રથમજ સચેત થઇને તેને નિગ્રહ કરવાનું સુગમ થાય છે અને જ્યારે બળે કરીને છૂટી જાય છે; ત્યારે કોઈ રીતે પકડી શકાતો નથી. તેમજ મનને નિગ્રહ કરવાનો માર્ગ નેત્રજ છે; એ ઉપર એક સંતે કહ્યું છે કે ઘણા સંતો નેત્રોના માર્ગે કરીને છેતરાયા હતા. તેથી એક સંતે પોતાના પુત્રને ઉપદેશ કર્યો હતો કે મોટા અજગર અને સિંહોની સન્મુખ જવું પ્રમાણ છે, પણ સ્ત્રીની સન્મુખ જવું અયોગ્ય છે. એ ઉપર આચાર્યે મહારાજે પણ કહ્યું છે કે–સ્ત્રીઓનાં રૂપને જોવાનું એવું છે કે "જેમ કોઇના શરીરમાં ઝેર મેળવેલું બાણ લાગે. માટે જે પુરૂષ પોતાનાં નેત્રોને રોકી રાખે છે તેના મનમાં ભજનનું રહસ્ય ઉતરેછે.

વળી એમ પણ કહ્યું છે કે જેમ કામ ઇંદ્રિએ કરીને કામનો ભોગ થાય છે, તેમજ નેત્રોની દૃષ્ટી પણ કામનો ભોગ છે પણ કોઇ પુરૂષ જ્યારે

પોતાનાં નેત્રોને રોકી ન શકે ત્યારે તેને ઘટે છે કે, તપ અને વ્રતોએ કરીને શરીરના બળને ઘટાડે. વળી જ્યારે એ વિષે પણ સમર્થ ન હોય તો વિવાહ કરીને ગૃહસ્થ માર્ગ વિષે વિચરે તોપણ સારૂં છે. પણ આતો મે સ્ત્રીઓના સંગની નિંદા કહી છે. વળી રૂપવાન છોકરાઓ તરફ જોવું એ પણ મોટું વિઘ્ન છે, શાથી કે જેને એ જોવાની અભિલાષા વધે છે, ત્યારે તે પાપોના સમુદ્રમાં વહી જાય છે, અને કોઇ પ્રકારે નિર્દોષ રહી શકતો નથી. શાથી કે જેમ પુષ્પાદિક તથા ચિત્રામણની સુંદરતા જોઈ કરીને ચિત્ત પ્રસન્ન થાય છે, અને તેમાં કામ ચેષ્ટા કંઇ ફુરતી નથી, તેમજ જે પુરૂષ રૂપને જોઇ કરીને સ્પર્શના વિકારથી વિરક્ત રહે, તેને પણ કોઇ દોષ લાગતો નથી, પણ તે કોઈ વિરલા પુરૂષથીજ બની શકે છે, એ ઉપર એક સન્તે કહ્યું છે કે જિજ્ઞાસુજન જે પ્રકારે રૂપવાન્ સ્ત્રી ભય પામે છે, તેવા ગરજતા સિંહથી પણ ભય પામતા નથી.

અથ કામના બલને તોડવાના મહીમાનું વર્ણન.

ત્યારે તું જાણ કે જેટલી જે ભોગની પ્રબલતા અધિક થાય છે, તેટલીજ તેના બળને તોડવાની વિશેષતા પણ અધિક હોય છે, તે વાત પ્રસિદ્ધ છે કે કામની અભિલાષા મહા પ્રબલ છે, અને તેમાં વિચરવું એ મલીન છે, અને કેટલાક પુરૂષ એ ભોગોથી રહિત હોય છે, તેમાં ઘણાક તો એવા હોય છે કે તે કામના વેગને લજ્જામાની, દંડ થવાનો જાણી કે અસમર્થતાએ કરીને રોકી રાખે છે, માટે તેને કંઇ અધિક ફળ થતું નથી શાથી કે લોકોના ભયે કરીને સંકોચાઇ રહે છે, પણ ભગવત્‌ના ભયે કરીને તેથી રહિત થયા નથી. જ્યારે લજ્જા કે અસમર્થતાએ કરીને પાપોથી રહિત થાય તોપણ સારૂં છે, શાથી કે પરલોકમાં દુઃખ ભોગવવાનો અધિકારી તો એથી થતો નથી. પણ જેને પાપમાંથી રક્ષા કરનાર બીજું કંઇ કારણ ન હોય, અને કેવળ ભગવત્‌ના ભયે કરીને પાપ કર્મોનો ત્યાગ કરે, ત્યારે તેને અધિક ફલજ પ્રાપ્ત થાય છે, એ ઉપર એક વાર્તા છે કે એક સન્ત અતિ સુન્દર થયા છે, તેમને

એક સ્ત્રીએ મેળાપ કરીને મોહિત કરવાનું ધાર્યું, પણ તેઓ એ કામના બલને સારી રીતે તોડીને તેની સાથે મેળાપ કર્યો નહિ. ત્યારે ઉત્તમ પદવીને પામ્યા. એક બીજી વાર્તા છે કે બે ભક્ત ભાઇબંધો કોઇ દેશ તરફ ચાલ્યા જતા હતા. ત્યારે માર્ગ વિષે એક ભાઇ કાંઇ કામને નિમિત્તે નગરમાં ગયો, અને બીજો આસનપર બેશી રહ્યો. વળી દૈવ સંયોગે કરીને એક સુંદર સ્ત્રી આવીને તેને ચપળતા દેખાડવા લાગી, ત્યારે તે પ્રીતિમાન્ નીચે માથું નમાવીને રોવા લાગ્યો, તેથી તે સ્ત્રી લજ્જાવાન્ થઇને ચાલી ગઇ, પછી પેલો બીજો પ્રીતિમાન શહેરમાંથી આવ્યો ત્યારે પૂછવા લાગ્યો કે હે ભાઇ કેમ રૂવે છે? ત્યારે પ્રથમ તો તેણે પોતાના વૃત્તાન્તને પ્રકટ કર્યું નહિ, પણ જ્યારે અતિ દીન થઇ કરીને તેણે પૂછ્યું, ત્યારે તેણે તે વાત ખુલ્લી કરીને કહી, વળી તે વાર્તા સાંભળી કરીને બીજો પ્રીતિમાન પણ રોવા લાગ્યો, ત્યારે પહેલા ભાઇએ પૂછ્યું કે તું શા માટે રોવા લાગ્યો? ત્યારે તેણે કહ્યું કે મારા રોવાનું પ્રયોજન એ છે કે જેમ તમે પોતાને સ્ત્રીના છળમાંથી બચાવ્યા તેમ હું પોતાને બચાવી શકત નહિ. પછી રાત્રી વિષે જ્યારે બેઉ સુઇ રહ્યા ત્યારે સ્વપ્ન વિષે તેમને આકાશ વાણી થઇ કે તમે દેવોની પેઠે પોતાને બચાવ્યા છે, માટે તમે ધન્ય છો. વળી એક બીજી વાર્તા છે કે, ત્રણ માણસો એક માર્ગમાં ચાલ્યાં જતાં હતાં, તે જ્યારે રાત્રિ થઇ ત્યારે મેઘથી બચવાને સારૂ એક પહાડની ગુફામાં જઇને રહ્યા, દૈવયોગે પહાડના શૃંગથી એક મોટો પથ્થર આવીને પડયો, અને પહાડની ગુફાના બારણાને રોકી લીધું ત્યારે ત્રણ જણા વ્યાકુલ થયા, પછી એજ વિચાર કર્યો કે પોત પોતાના પુણ્યનું સ્મરણ કરીને ભગવાનની પ્રાર્થના કરીએ, ત્યારે એક પુરૂષે કહ્યું કે હે મહારાજ હું તારી આજ્ઞા જાણી કરીને માતા પિતાની અધિક સેવા કરતો હતો, તેવામાં એક દિવસે માતાને નિમિત્તે દૂધનો કટોરો ભરી લાવ્યો હતો, ત્યારે તે વખતે મારી માતાને ઉંઘ આવી ગઇ હતી ને તે સુતાં હતાં, ત્યારે હું હાથમાં કટોરો લેઇને ત્યાંજ ઉભો રહ્યો અને આહાર પણ ન કર્યો, હે અંતર્યામી તું તો એ વાર્તાને જાણે છે, માટે અમને નીકળવાનો માર્ગ કરીદે, ત્યારે ગુફાના બારણામાંથી કંઇક તે પથ્થર ખશ્યો, પણ બહાર નીકળવા

જેટલો માર્ગ ખુલ્લો થયો નહિ. પછી બીજાએ કહ્યું કે હે મહારાજ તું આ વાર્ત્તાને જાણે છે કે એક મજૂરની મજૂરી મારી પાસે રહી ગઇ હતી, ત્યારે તે રકમની એક બકરી વેચાથી લીધી, પછી તે બકરીનો એટલો પરિવાર વધ્યો કે, મેં તેના પૈસામાંથી ઘણાં પશુ લીધાં, પછી જ્યારે ઘણે વર્ષે તે મજૂર આવ્યો, ત્યારે મેં તેને તે બધું ધન આપી દીધું, જો એ વાર્ત્તા સત્ય છે, તો મને માર્ગ આપો, ત્યારે તે પથ્થર હાલીને બારણામાંથી કંઇક ખસ્યો. પછી ત્રીજા પુરૂષે કહ્યું કે હે મહારાજ અમુક સ્ત્રીની સાથે મારી ઘણી પ્રીતિ હતી પણ તે મને પ્રાપ્ત થતી નહોતી. તે જ્યારે દુકાળ પડવાથી તેનાં સમ્બન્ધી દીન થયાં ત્યારે મેં તેને ધનનો લોભ આપી કરીને પોતાને અનુકુળ કરી પછી જ્યારે હું તેની પાસે ગયો ત્યારે તેણે કહ્યું કે "તું ભગવત્થી ડરતો નથી?" ત્યારે હે મહારાજ મને તમારો ત્રાસ આવ્યો અને તને વ્યાપક અને સર્વ દર્શી જાણી કરીને તેનો મેં ત્યાગ કર્યો, જો એ વાર્તા સત્ય છે, તો અમને માર્ગ આપો, ત્યારે તે પથ્થર કન્દરા (ગુફા) ના બારણામાંથી દૂર થયો, અને પેલા ત્રણ જણા બહાર નીકળીને દુઃખથી મુકત થયા.


અથ સ્ત્રીઓને જોવાની કુદૃષ્ટીના નિષેધતાનું વર્ણન.

ત્યારે તું સમજ કે પ્રબલ થયેલો છતો એવો જે કામ તેને તોડવો મહા કઠિન છે એટલા માટે ઘટે છે કે પ્રથમ નેત્રોને પર દૃષ્ટીથી રોકે. એ ઉપર એક સંતે કહ્યું છે કે સ્ત્રીયોનાં વસ્ત્ર જોવાથી પણ કામ ઉપજે છે, માટે એનાં વસ્ત્રો જોવાં એ પણ જિજ્ઞાસુને પ્રમાણ નથી. વળી સ્ત્રીયોની સાથે બોલવું, અને તેનાં વચનોને સાંભળવાં, અને જ્યાં તેમનો નિવાસ હોય ત્યાં જવું, તેમનાથી હાસ્યાદિક કરવું, તે બધો વ્યવહાર નિંદ્ય છે. તાત્પર્ય એ કે કામનું કારણ રૂપ છે, માટે રૂપની અભિલાષાવડે દૃષ્ટી કરવી અયોગ્ય છે. અને જ્યારે અભિલાષા વિનાજ માર્ગ વિષે અથવા બીજે કોઈ ઠેકાણે અચાનક જ કોઇ ઉપર દૃષ્ટી જઇ પડે, ત્યારે તે જોવામાં પાપ નથી, પણ ફરીને બીજીવાર તેને પ્રીતિ કરીને જોવું નિઃસંદેહ પાપ છે. એ ઉપર એક આચાર્ય

મહારાજે પણ કહ્યું છે કે-પ્રથમ સ્વાભાવિક દૃષ્ટિ પડે છે, અને બીજીવાર જોવું એ દંડનું કારણ છે. પ્રયોજન એ કે સ્ત્રી પુરૂષનો મેળાપ સર્વથા વિઘ્નો-નું બીજ છે.

વળી કેટલાંક સ્થળ એવાં છે કે ત્યાં અવશ્યજ સ્રીયોનો મેળાપ થાય છે. તે સ્થાનજ નિંદ્ય છે, જેવાં કે, ગાયન નાચનાં ઠેકાણાં, વિવાહાદિક ઠેકાણાં, તમાશા અને મેળાનાં ઠેકાણાંમાં જિજ્ઞાસુએ જવું પ્રમાણ નથી.

વળી એમ પણ જોઇએ કે સ્ત્રીઓનાં વસ્ત્ર અથવા હાર માળાને ધારણ ન કરે, અને સુંઘે નહિ. અને તેની કોઇ વસ્તુનો અંગીકાર ન કરે. અને પ્રીતિ કરીને કંઇ આપે પણ નહિ. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે સ્ત્રીઓની સાથે મધુર વચન બોલો." શાથી કે જ્યારે માર્ગ વિષે પણ કોઇ સ્ત્રીનો મેળાપ થાય છે, ત્યારે મન વિષે એજ સંકલ્પ કરે છે એને અવશ્યજ જોવું જોઇએ પણ જિજ્ઞાસુઓને એજ પુરૂષાર્થ જોઇએ કે મનની સાથે યુદ્ધ કરે, અને એમ કહે કે આ જોવાથી કરીને મને પાપ લાગશે અને ભગવત્‌થી વિમુખ થઇશ. એવાજ વિચાર કરીને મનને દૂર રાખે તો સારૂં છે.



સર્ગ ૩ ત્રીજો.

અધિક બોલવાનાં વિઘ્નોનું વર્ણન.

તું જાણ કે આ રસના પણ ભગવતે મહા આશ્ચર્યરૂપ બનાવી છે, શાથી કે જોવામાં તો એક માંસનો ટુકડો છે, પણ જે કાંઇ ધરતી અને આકાશ વિષે સૃષ્ટિ છે તે બધાપર રસનાનો પ્રવેશ થાય છે. અને જેટલા પદાર્થ અરૂપ છે, તેનું પણ વર્ણન કરે છે, માટે તે રસનાનેજ બુદ્ધિની મન્ત્રી કહી છે. અર્થ એ કે જેમ કોઇ પદાર્થ બુદ્ધિની ઓળખાણથી બહાર નથી તેમજ રસના પણ સર્વ પદાર્થોનું વર્ણન કરે છે, અને બીજી ઇંદ્રિયોનો ધર્મ એવો નથી કે જે સર્વ કાર્ય વિષે વર્ત્તમાન હોય. જેમ નેત્ર કેવળ આહારનેજ જોઇ શકે છે અને શ્રવણનું બળ કેવળ શબ્દનેજ સાંભળવાને સમર્થ છે. એમજ બીજી ઇંદ્રિયો પણ એક એક કામને ગ્રહણ કરે છે. વળી એ રસના એવી છે કે નેત્રો, શ્રવણ અને બીજાં સર્વ અંગોના ભેદનું વર્ણન કરે છે. જેમ જીવની ચૈતન્યતા સર્વ અંગો વિષે રહી છે તેમજ રસના જીવોના સર્વ સંકલ્પોને પ્રકટ કરે છે. વળી જેવા વચનનું ઉચ્ચારણ રસના કરે છે, તેવોજ પ્રવેશ હૃદયમાં પણ પહોંચે છે. જ્યારે આધીનતા અને વિયોગનું વચન ઉચ્ચારે છે, ત્યારે હૃદય કોમળ થઇ જાય છે, અને આંખોને રસ્તે આંસુ વહેવા માંડે છે, અને જ્યારે પ્રસન્નતા અને કોઇની સ્તુતિનું વર્ણન કરે છે, ત્યારે સ્વાભાવિકજ તેની અભિલાષા ઉપજી આવે છે. તાત્પર્ય એ કે જ્યારે રસના વિષે જૂઠા અને મલીન અક્ષરોનો ઉચ્ચાર થાય છે, ત્યારે હૃદય પણ મલીન થઇ જાય છે, અને જ્યારે શુભ વચનનું ઉચ્ચારણ કરવા માંડે છે, ત્યારે હૃદય સાત્વિકી ભાવને પ્રાપ્ત થાય છે. એ ઉપર એક મહા પુરૂષે પણ કહ્યું છે કે જ્યાંસુધી હૃદય શુદ્ધ થતું નથી ત્યાંસુધી તેનો ધર્મ પણ દૃઢ હોતો નથી. અને જ્યારે રસના સીધી અને સાચી નથી હોતી ત્યાંસુધી હૃદય પણ શુદ્ધ

થતું નથી. માટે રસનાનાં પાપો અને વિઘ્નોથી ભય કરવો એ ધર્મની દૃઢતાનું કારણ છે. એટલા માટે અમે પ્રથમ તો માનની વિશેષતાનું વણુન કરીશું.

વળી રસનાનાં વિઘ્ન જે જૂઠ, નિંદા, અને દુર્વચન આદિક પાપ છે, તેનું વર્ણન કરીશું, અને તેના ઉપાય પણ ભિન્ન ભિન્ન રીતે કહીશું.

અથ મૌનનું વર્ણન.

ત્યારે તું જાણ કે બોલવામાં એટલાં પાપ છે કે તેથી પોતાની રક્ષા કરવી મહા કઠિન છે, માટે સર્વ મૌનજ વિશેષ ઉપાય છે, માટે માણસને ઘટે છે કે કાર્ય વિના વચન વદે નહિ. એ ઉપર એક સન્તે કહ્યું છે "જેનો આહાર, નિદ્રા, અને વચન સંયમ સહિત હોય છે, તે નિસ્સન્દેહ સિદ્ધ પદવીને પામે છે, એ શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે" અધિક બોલવાથી કદાચિત્ ભલાઇ થતી નથી, માટે કેવળ કોઇનો ઉપકાર થતો હોય, દાન દેવાનું કાર્ય થતું હોય અથવા એક બીજામાં સંપ થતો હોય તેવા કામને નિમિત્તેજ વચન કહેવું તે સારૂં છે, એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જેને રસના, ઉદર, અને કામ ઇન્દ્રિયની ઉપાધિથી ભગવતે બચાવ્યો છે તે મુકત રૂપ છે, વળી એક પ્રિતિમાને આચાર્ય મહારાજ પૂછ્યું કે વિશેષ કરવાનું શું છે? ત્યારે તેમણે સાનમાં સમજાવ્યું કે મૌનજ વિશેષ કૃતિ છે અને મૌન તથા કોમળ સ્વભાવમાંજ ભજનનું સુખ છે. જ્યારે કોઇ ઘણું બોલે છે, ત્યારે તેનું હૃદય કઠોર થાય છે, તે પાપોનું રૂપ છે, અને જે પાપ રૂપ થયું તે અગ્નિમાં બળવાનો અધિકારી છે, એ ઉપર એક વાર્તા છે કે એક સભા વિષે કંઇ વચન વિલાસ થતો હતો, અને એક પ્રીતિમાન મૌન કરીને બેશી રહ્યા હતા, ત્યારે બધાએ તેમને પૂછ્યું કે, તમે કેમ બોલતા નથી, ત્યારે તેમણે કહ્યું કે

"જ્યારે જુઠું બોલું ત્યારે ભગવત્‌થી ડરૂં છું, અને જો સત્ય કહું ત્યારે તમારાથી ભય પામું છું" માટે મૌનની વિશેષતા કહી છે, કે બોલવાથી કરીને અનેક પાપ ઉપજે છે, અને જીભ સર્વદા વ્યર્થ વચનો વિષે આસકત રહે છે, વળી નહિ બોલવામાં કંઇ યત્ન પડતો નથી, અને મન પણ પ્રસન્નતાને

પામે છે, વચનના ગુણુ દોષ વિચારવાનું પણ મહા કઠિન છે, એટલા માટે કહ્યું છે કે "મૌને કરીને માણુસ સર્વે કલેશોથી મુક્ત રહે છે, અને પુરૂષાર્થ અને એકાગ્રતા પણ વધે છે, તથા ભજન વિષે સુગમ સ્થિત થાય છે. વચન ચાર પ્રકારનાં છે, તેમાં (૧) નિંદા અને જુઠ છે તે તો વિઘ્ન રૂપ છે, (૨) જાં એવાં છે કે તેમાં ગુણુ અને દોષ મળેલા છે, જેમ પ્રયોજન વિના કોઇની વ્યથા (વ્યથા) પૂછવી. (૩) ત્રીજાં વચન ગુણુ અને દોષ રહીત છે, તે વ્યર્થવાદ છે, પણુ તેમાં આ મોટી હાનિ છે કે સમય વ્યર્થ વહી જાય છે, (૪) ચોથાં વચન આ છે કે જે સર્વથા ગુણુ રૂપ છે, જેમ કોઇના સુખને નિમિતે વચન કહેવું, એ ચાર પ્રકારનાં વચનોમાં ત્રણુ નિંદ્ય છે, અને જિજ્ઞાસુએ ચોથું અંગીકાર કરવું યોગ્ય છે, પણુ જે પુરૂષ મૌન વિષે સ્થિત છે, તે સ્વાભાવિકજ સર્વે બિઘ્નોથી મુક્ત થાય છે, જેટલાં રસનાનાં વિઘ્નો છે, તે બધા કોઇ ઓળખી શકતું નથી. એ કારણુથી હું સર્વે બિઘ્નોને જુદાં જુદાં પાડીને કહુંછું, તેમાં પંદર વિઘ્ન પ્રસિદ્ધ છે.

(૧) પ્રથમ વિઘ્ન એ છે કે જે વચન વિષે તારૂં કંઇ કાર્ય ન હોય, છતાં બોલવું તે મહા નિંદ્ય છે, અર્થ એ કે જેમાં વ્યવહારની કે પરમાર્થની સિદ્ધતા કાંઇ ન હોય, તેવું બોલવાથી કરીને સત્વ ગુણીની શોભાનો નાશ થાય છે, જેમ કોઈ સભા વિષે જઇને કોઇ એવું વર્ણુન કરે કે, હું ફલાણા દેશમાં આ પ્રકારે ગયો હતો, વળી તે નગરો, પહાડો, ખાનપાન અને બાગોની વાર્તા કરવા માંડે, અને તે જો કે કદાપિ સાચું હોય તોપણુ તેને વ્યર્થ વચન કહે છે, માટે તેનો પણુ ત્યાગ કરવો જોઇએ, શાથી કે એવાં વચનો વિષે તારૂં કંઇ કામ સિદ્ધ થતું નથી, જ્યારે કોઇને પ્રયોજન વિના પૂછે, તોપણુ વ્યર્થ છે, પણુ જેમાં કાંઇ અવગુણુ ન હોય અને કંઇ કાર્ય ન હોય, તેને વ્યર્થ વચન કહે છે પણુ જ્યારે કોઇને એમ પૂછે કે તેં વ્રત રાખ્યું છે ? કે નહિ. ત્યારે તે કહે કે હું વ્રતવાળો છું તો તે અભિમાની થાય છે અને જો કહે કે વ્રતવાળો નથી તો જૂઠો ઠરે છે, અથવા શરમાઇને વ્રત કર્યા વિનાજ પોતાને વ્રતવાળો કહે, તોપણુ પાપી થાય છે. તે અભિમાન અને

પાપ તેને બીજાના પૂછવાથીજ લાગે છે. માટે એવું અયોગ્ય છે; જ્યારે કોઇને એમ પૂછે કે તું ક્યાંથી આવે છે? અને ક્યાં જાય છે? અને શું કરે છે? હવે એ વાત જ્યારે તેને પ્રસિદ્ધ કહેવાની નહોય અને જૂઠું કહી દે, તો પણ તારા સંબંધે કરીને પાપી થાય છે. એ ઉપર એક વાર્તા છે. કે એક વાર એક હકીમ મહાત્મા એક મહાપુરૂષ પાસે ગયા હતા. ત્યારે તેઓ ત્યાં લોઢાનું કવચ બનાવતા હતા. પછી મહાત્માના મનમાં પૂછવાની મનસા થઇ કે તમે આ શું બનાવો છો? પણ ભય અને ધૈર્ય કરીને પૂછ્યું નહિ. પછી જ્યારે તેઓ કવચ બનાવી રહ્યા ત્યારે ગળામાં નાંખીને કહેવા લાગ્યા કે આ યુદ્ધના વખતમાં સારો પહેરવેષ છે. ત્યારે મહાત્માએ એવું જાણ્યું કે "આ મૌન પદાર્થ ઉત્તમ છે," પણ એનામાં કોઈ પ્રીતિ કરતું નથી.

વળી જ્યારે માણુસ કોઈને કાર્ય વિના કંઇ પૂછેછે કે, હું લોકોના ભેદને પ્રકટ જાણું અને તેનાથી વચને કરીને મિત્રતાઇનો સંબંધ કરૂં, તે બધી બુદ્ધિની હિનતા છે. માટે તેનો ઉપાય એ છે કે કાળને નિકટ દેખે, અને એવું જાણે કે એક વાર શ્રી રામ કૃષ્ણનું નામ લેવું એ મોટું ધન છે છતાં જ્યારે એના ખજાનાને વાદ વિવાદમાં વ્યર્થ ખોઇશ, ત્યારે મારી મોટી હાની થશે. પણ એ ઉપાય વિચારે કરીને થાય છે. અને કૃતિએ કરીને એ રીતે ઉપાય થાય છે, કે એકાંત વિષે જઇ રહે, તો એથી કરીને પણ વાદવિવાદથી મુક્ત થાય છે. તાત્પર્ય એ કે જ્યારે એક વચને કરીને નિર્વાહ થઈ શકે તો બે વચન બોલે—

એ ઉપર એક પ્રીતિમાને કહ્યું છે કે "જો કે મારા હૃદયમાં મહા મધુર વચન પણ સ્ફુરે છે, તો પણ હું ઉચ્ચારણ કરતો નથી" શાથી કે કદી હું બહુ બોલો ન થાઉં આચાર્ય મહારજે પણ કહ્યું કે "ભલા પુરૂષ તો તેને કહેવાય છે કે જેઓ ધનની થેલીની ગાંઠ તો ખોલે પણ રસનાને બંધનમાં રાખે."

(૨) બીજું વિઘ્ન મિથ્યા અને પાપ સંયુક્ત વચન બોલવામાં છે.

જેવી કે યુદ્ધની વાતો અને દુરાચારી મનુષ્યોના વ્યવહારને પ્રકટ કરવો તે એવાં બધાં વચન પાપરૂપ છે. એટલા માટે કે પ્રથમ વ્યર્થ વિવાદનો જે નિર્ણય કર્યો હતો તેના જેવું આ બોલવાનું નથી પણ તેથી અધિક નીચ છે. આચાર્યે મહારાજે પણ કહ્યું કે "જ્યારે પુરૂષ નિ:શંક થઇને બોલે છે, અને તે વચનની બુરાઇને નથી જાણતો, ત્યારે બોલવાવડે કરીને નરકગામી થાય છે. અને જ્યારે ભય સંયુક્ત બોલે છે, અને વિચારે કરીને આ ભેદને સમજે છે, ત્યારે નિ:સંદેહ પરમાનંદને પામે છે.

(૩) વળી ત્રીજું વિઘ્ન એ છે કે જ્યારે કોઇ પુરૂષ વચન કહે, ત્યારે તેના વચનને વિપર્યય (ઉલટું) કરી દેવું, એ પણ મહા નિંદ્ય છે. અને ઘણાક પુરૂષોનો એવો સ્વભાવ થાય છે કે, જ્યારે કોઇ કંઇ બોલે છે ત્યારે "આ વાર્તા એવી નથી" એમ શીઘ્રજ કહેવા માંડે છે. તેનો વિચાર કરીને જોઇએ તો એવો અર્થ થાય છે કે તે બીજાને મૂર્ખ અને જુઠો ઠરાવે છે. અને પોતાને બુદ્ધિમાન અને સાચો જણાવે છે. તેથી પ્રસિદ્ધ થયું કે એવા વચનવડે ક્રોધ અને અહંકાર જે મહા મલીન સ્વભાવ છે, તેનો વધારો થાય છે.

એ ઉપર આચાર્યે મહારાજે પણ કહ્યું છે કે જે કોઇનાં વચનોને વિ-પર્યય ન કરે અને વ્યર્થ વાદથી પણ રહિત હોય ત્યારે તે પરમ સુખને પામે છે." એની વિશેષતા એટલા નિમિત્તે કહી છે કે ભલા બુરા વચનને ધૈર્યવડે સહન કરવું એ મહા કઠિન છે. વળી એમ પણ કહ્યું છે કે "પુરૂષનો ધર્મ ત્યારેજ દૃઢ થાય છે કે જ્યારે પોતે સાચો હોય, તો પણ કોઇના વચનને ઉલટાવે નહિ." જ્યારે કોઇ કહે કે આ અનાર (દાડમ) ખાટું છે, ત્યારે બીજો કહે કે ના મીઠું છે. અથવા કોઇ કહે કે અમુક નગર અતરેથી પાંચ ગાઉ છે, ત્યારે બીજો કહે કે ના તેતો છ ગાઉ થાય છે. એ પ્રમાણે વચન બોલવું તેને વચન ઉલટાવવું કહે છે. તે પણ મહા પાપ છે. શાથી કે બીજા-ના વચનને ખંડન કરવાનું થાય છે, તથા તેના દોષો ઉઘાડા પાડવાનું થાય અને વચને કરીને દુ:ખાવવું એ એનુ નામ છે. માટે સર્વે પ્રકારે જિજ્ઞાસુએ

મૌન રહેવું જોઇએ. જ્યારે પરસ્પર એક બીજાના મતનો નિષેધ કરે છે, ત્યારે તેનો ઝગડો થાય છે પણ જ્યારે કોઇ પુરૂષ વિષે શ્રદ્ધા દેખીયે ત્યારે એકાંત વિષે તેને ઉપદેશ કરવો સારો છે અને જ્યારે શ્રદ્ધાહિન હોય ત્યારે મૌનજ વિશેષ છે. એ ઉપર મહા પુરૂષે પણ કહ્યું છે કે જયારે મતો અને પંથોના ઝગડાઓ વિષે આરૂઢ થાય છે, ત્યારે શીઘ્રજ ભ્રષ્ટ થઇ જાય છે તાત્પર્ય એ કે, યોગ્ય અયોગ્ય વચનને સાંભળીને મૌન પકડી રહેવું એ ભારી પુરૂષાર્થ છે. એ ઉપર એક વાર્તા છે કે, એક જિજ્ઞાસુ જગતને ત્યાગીને એકાંત વિષે સ્થિત થયા હતા ત્યારે કોઇ બુદ્ધિમાને તેને પૂછ્યું કે તું લોકમાં કેમ આવતો નથી? ત્યારે તેણે કહ્યું કે "હું જગત્‌ના ઝગડાથી પોતાને બચાવવા ઇચ્છું છું." વળી તે બુદ્ધિમાને કહ્યું કે "જ્યારે તું લોકો વિષે આવે અને તેમનાં સારાં નરતાં વચનો સાંભળીને ધૈર્ય ધરે અને બોલે નહિ, ત્યારે એ પુરૂષાર્થ મોટો છે." વળી કેટલાક પુરૂષ એવા થાય છે કે તે પોતાના માનને નિમિત્તે બીજાના પંથનો નિષેધ કરે છે, અને કહે છે કે આપણુ ધર્મની દ્રઢતા છે, એતો ઘણી મૂર્ખતા છે.

(૪) ચોથું વિઘ્ન આ છે કે "ધનને નિમિત્તે કોઇની સાથે ઝગડો કરવો, અને રાજાના દરબારમાં જઇને પોકાર કરવો." એ ઉપર સંત જનોએ કહ્યું છે કે જ્યારે માણુસ ધનનો લોભ કરીને કોઇની સાથે ઝગડો કરે છે, ત્યારે એવી વિક્ષેપતાને પામે છે કે જેવી વિક્ષેપતા કોઇ બીજા અવગુણે કરીને થતી નથી. શાથી કે એવા ઝગડાનો નિર્વાહ કઠોર વચન અને વૈરભાવ વિના થતો નથી. તેથી જિજ્ઞાસુ જન પુરૂષાર્થ કરીને પ્રથમથીજ એવા વ્યવહારનો ત્યાગ કરે છે.

(૫) મોઢેથી દુર્વચન બોલવું એ પાંચમું વિઘ્ન છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે કેટલાક લોકો નરક વિષે મહા દુઃખી થશે અને પોકાર કરશે, ત્યારે બીજા નરકી પૂછશે કે એ મહા પાપી કોણુ છે, ત્યારે દેવતાઓ કહેશે કે "એ મનુષ્યો સર્વદા દુર્વચનજ બોલતાં હતાં, અને દુરાચારનાં વચનો વિષેજ એમની પ્રીતિ હતી."

આચાર્યે મહારાજે એવી રીતે કહ્યું કે "પોતાનાં માતા પિતાને ગાળ દેશો નહિ." ત્યારે કોઈએ પૂછ્યું કે પોતાનાં માતા પિતાને ગાળ કોણ દે છે? ત્યારે મહા પુરૂષે કહ્યું કે "જ્યારે કોઇ પુરૂષ કોઇ બીજાનાં માતા પિતાને દુર્વચન કહે છે, ત્યારે તે પણ તેનાં માતા પિતાને દુર્વચન કહેવા માંડે છે.

એ વિષે જ્યારે વિચાર કરીએ ત્યારે એણે પોતાનાં માતા પિતાને પોતેજ દુર્વચન કહ્યાં છે માટે ઘટે છે કે જ્યારે કોઇ મલીન ક્રિયાનું નામ અવશ્યજ લેવાનું હોય ત્યારે સાનવડેજ સમજાવવું પણ પ્રસિદ્ધ વર્ણન ન કરવું.

૬ ઠ્ઠું વિઘ્ન એ છે કે કોઇનો ધિક્કાર કરવો એ પણ મહા નિંદ્ય છે. જો કોઇ જડ વસ્તુ કે કોઇ પશુનો ધિક્કાર કરીએ તો પણ ખરાબ છે. એ ઉપર આચાર્યે મહારાજે કહ્યું છે કે "પ્રીતિમાન કોઇનો ધિક્કાર કરતા નથી. વળી એક બીજા પ્રીતિમાને કહ્યું છે કે જ્યારે માણસ પૃથ્વી અથવા બીજા કોઇ પદાર્થનો ધિક્કાર કરે છે, ત્યારે તે પદાર્થ એવું કહે છે કે અમારા બેઉમાં જે ભગવત્‌થી વધારે વિમુખ અને પાપી છે, તેને ધિક્કાર છે." અથવા સમસ્ત અપ કર્મિયો અને જીવોને દુઃખ દેનારાઓને ધિક્કાર છે. જો કે કોઇ જાતી ધર્મનું નામ ન લેતાં એવું કહેવું એ પ્રમાણ છે, તોપણ જો વિચાર કરીને જોઇએ તો અપ કર્મિઓને ધિક્કારવા કરતાં ભગવત્‌નું નામ લેવું એજ વિશેષ છે.

(૭) સાતમું વિઘ્ન એ છે કે રૂપ અને શ્રૃંગારના વ્યવહારની કવિતા કરવી, અને રૂપવાનોની સ્તુતિ કરવી, એ પણ અયોગ્ય છે. શાથી કે એવી કવિતા વિષે અધિક તો જુઠું હોય છે. વળી કહેનાર અને સાંભળનારનું હૃદય ચપળ થાય છે. પણ જો માનથી રહિત થઇને ભગવત્ અને સંત જનોની સ્તુતિનું વર્ણન કરે તો તે પ્રમાણ છે.

(૮) આઠમું વિઘ્ન હાંસી છે. તે હાંસીથી જિજ્ઞાસુ જનોને દૂર રહેવાનું આચાર્યે મહારાજે કહ્યું છે. પરંતુ કેવળ અકસ્માત્ કોઇને પ્રસન્ન કરવાને નિમિત્તે

હાંસીનું વચન કહેવાને નિન્ધ નથી. તે પણ ત્યારે પ્રમાણ છે કે જ્યારે હાંસીનો સ્વભાવ અધિક ન થઇ જાય અને જુઠું પણ કહે નહિ, અને કોઇના હૃદયને ખેદ પણ ન થાય. શાથી કે જ્યારે હાંસીનો સ્વભાવ અધિક થાય છે, ત્યારે માણસનું આયુષ્ય બળ વ્યર્થજ વીતી જાય છે અને હૃદય અંધ થઇ જાય છે. વળી ગંભીરતાનો પણ નાશ થાય છે અને હાંસીમાં અકસ્માત્ તમોગુણ પણ ઉપજી આવે છે. એ કારણથી સંત જનોએ અધિક હાંસીનો ત્યાગ કર્યો છે. તેમજ આચાર્યે મહારાજે પણ કહ્યું છે કે જેમ હું ભગવત્‌ની મોટાઇ, અને સ્વતંત્રતાને જાણું છું, તેમ તમે પણ જાણો ત્યારે હાંસીથી રહિત થઇ કરીને રૂદનજ કરતા રહો. વળી કોઇ પ્રીતિમાને બીજા પ્રીતિમાનને કહ્યું હતું કે "નરકોનાં દુખને નિઃસંદેહ તું જાણે છે?" ત્યારે તેણે કહ્યું કે "જાણું છું." પછી તેણે પૂછ્યું કે "તું એમ પણ જાણે છે કે નરકોથી છૂટીશ?" ત્યારે તેણે કહ્યું કે એતો હું જાણતો નથી. પછી એમણે કહ્યું કે "જ્યારે એમ છે ત્યારે પ્રસન્નતા અને હાંસી તને ક્યાંથી આવે છે?"

એ કારણથી એક જિજ્ઞાસુ જને ૪૦ ચાળીસ વર્ષ સુધી હસવાનું તજ્યું હતું, અને પરલોકના ભયનું સ્મર્ણ કરતા રહ્યા હતા. એ ઉપર એક સંતે કહ્યું છે કે જે પુરૂષ પાપ કરીને આ લોકમાં હસે છે, તે નિઃસંદેહ નરકો વિષે અધિક રોતો રહેશે. બીજા એક સંતે કહ્યું છે કે "જેમ સ્વર્ગ વિષે રોવું એ આશ્ચર્ય જેવું છે, તેમ સંસારમાં હસવું એ આશ્ચર્ય છે. શાથી કે આ માણસ તો એટલું પણ નથી જાણતું કે "હું પરલોક વિષે નરકને પ્રાપ્ત થઇશ, અથવા સ્વર્ગ પામીશ." એક સંતે કહ્યું છે કે "ભગવત્‌નો ભય માનીને હાંસીથી રહિત રહો" શાથી કે હાંસીએ કરીને ક્રોધ ઉપજે છે, અને ક્રોધે કરીને બીજા અનેક અવગુણો ઉપજે છે. એ કારણથી આચાર્યે મહારાજના બધા આયુષ્યમાં જીવોની પ્રસન્નતાને નિમિત્તે માત્ર કંઇ અલ્પજ હાંસીની વાર્તાનું વર્ણન થયું છે. જેમ એકવાર એક ઘરડી સ્ત્રીને તેઓ કહેવા લાગ્યા કે કોઇ બુઢું માણસ સ્વર્ગ પામશે નહિ." ત્યારે તે સ્ત્રી રોવા લાગી. પછી તેને તેમણે કહ્યું કે તું શોક કરીશ નહિ, શાથી કે જ્યારે કોઇ મનુષ્ય સ્વર્ગમાં જાય છે, ત્યારે પ્રથમ

તેને જુવાન કરી લે છે. તેમજ બીજી એક સ્ત્રી આચાર્ય મહારાજને કહેવા લાગી કે "તમને પ્રસાદ લેવાને સારૂ મારા પતિએ બોલાવ્યા છે." ત્યારે તેને કહ્યું કે "તારો ભર્તાર એજ છે કે જેનાં નેત્રો વિષે સફેદી છે?" ત્યારે તે સ્ત્રી કહેવા લાગી કે "તેનાં નેત્રોમાં તો સફેદી નથી," ત્યારે તેનાથી હસીને કહેવા લાગ્યા કે સફેદીથી રહિત તો કોઇનાં પણ નેત્ર હોતાં નથી.

વળી એક વાર એક સંત માર્ગમાં ચાલ્યા જતા હતા ત્યારે એક વૃદ્ધ સ્ત્રી કહેવા લાગી કે "મને ઉંટ ઉપર ચઢાવો." ત્યારે તેમણે કહ્યું કે "તને ઉંટના પુત્ર પર ચઢાવી દેઉં? ત્યારે તેણે કહ્યું કે ઉંટના પુત્ર ઉપર તો હું ચઢીશ નહિ કારણ કે તે મને પાડી નાંખે. ત્યારે હસીને કહેવા લાગ્યા કે એવું ઉંટ તો કોઇ નથી થતું? કે જે ઉંટનો પુત્ર ન હોય? તાત્પર્ય એ કે મહા પુરૂષોનું હસવું અને બોલવું સર્વ વિચારને અનુસરીને થાય છે. અને ગુણથી રહિત થતું નથી પણ જ્યારે કોઇ તેને જોઇને એવોજ સ્વભાવ કરીલે અને તેના ભેદને સમજી ન શકે ત્યારે નિસ્સન્દેહ પાપી થાય છે, (૯) વળી નવમું વિઘ્ન એ છે કે મશ્કરી કરીને કોઇનું દીલ દુઃખવવું, અને તેનાં કામોના છિદ્રોને પ્રકટ કરીને લોકોને હસાવવા, એ પણ મહા નિંદ્ય છે, એ ઉપર ભગવાને પણ કહ્યું છે કે કોઇનાં છિદ્રોને જોઇને હસતા નહિ. શાથી કે કદાચિત્ એ તમારાથી સારો થઇ જાય, અને તમે તેનાથી પણ નીચ ગતિને પામો.

આચાર્ય મહારાજે કહ્યું છે કે જ્યારે કોઈ અભિમાન સહિત કોઇનો અવગુણ જોઇને હસે છે, ત્યારે મરવા પહેલાંજ અવશ્ય એજ અવગુણને પ્રાપ્ત થાય છે. (૧૦) દશમું વિઘ્ન એ છે કે પોતાનું વચન પાળવું નહિ, એ પણ મહા પાપ છે, એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષ જુઠું બોલે અને વચન પાળે નહિ, અથવા કોઇની વસ્તુ ચોરી લે, ત્યારે તે કપટી કહેવાય છે, "અને તે કદાપી જપ, તપ, અને વ્રત પણ કરતો હોય તોપણ ભગવત્થી વિમુખ થાય છે." એ ઉપર સન્ત જનોએ કહ્યું છે

કે કોઇની સાથે વચને બંધાવું એ પણ ઋણના જેવું છે, માટે એથી વિપર્યય (ઉલટા) ન ચાલવું એ સારૂં છે, વળી ધર્મશાસ્ત્ર વિષે પણ એમ કહ્યું છે કે જેમ કોઇને કંઇ આપીને પછી પાછું લેઈ લેવું એ અયોગ્ય છે, તેમજ વચન આપીને પાળવું નહિ, એ પણ અયોગ્ય છે–

(૧૧) અગીયારમું વિઘ્ન જૂઠું બોલવું જૂઠા સમ ખાવા એ પણ મહા પાપ છે એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જૂઠું બોલવાથી માણસનું પ્રારબ્ધ ઘટી જાય છે, વળી એમ પણ કહ્યું છે કે વ્યાપારમાં જૂઠું બોલવું અથવા જૂઠા સમ ખાવા એ મહા નીચતા છે, અને એથી કરીને વ્યાપારી કે વ્યવહારી પણ નરક ગામી થશે." એમ પણ કહ્યું છે કે જુઠું મનુષ્ય વ્યભિચારીથી પણ ખરાબ છે, શાથી કે વ્યભિચારી તો અકસ્માત છળે કરીને એવો થઇ જાય છે, અને જુઠું બોલવાનું તો મનની મલીનતાથી થાય છે, જુઠું બોલવાની મના એટલા માટે કરી છે કે જુઠું બોલવાથી હૃદય અન્ધ થઇ જાય છે, અને જ્યારે જુઠું બોલવાની મનસા ન હોય, અને અકસ્માત્ કોઈ કાર્યે નિમિત્તે બોલવું પડે તો જુઠું બોલવું પણ પ્રમાણ છે તાત્પર્ય એ કે જ્યારે જુઠની મનસા ન હોય અને કોઇની ભલાઇ અથવા રક્ષાને નિમિત્તે બોલવું પડે તો હૃદય આંધળું થતું નથી. જેમ કોઈ અનાથ કોઈ તામસી મનુષ્યના ભયે કરીને સંતાયો હોય, અને એણે જોયો હોય, પછી જ્યારે તે તામસી મનુષ્ય એને પૂછે, કે અમુક કયાં છે? ત્યારે સત્ય બોલવાથી જુઠું બોલવું વિશેષ છે, અથવા જ્યારે બે મનુષ્યો વિષે પરસ્પર વિરોધ હોય, અને એના જુઠું બોલવા વડે તેમનો વિરોધ નિવૃત્ત થાય તોપણ જુઠું બોલવું નિષેધ નથી, અથવા જ્યારે કોઇનો અવગુણ જોઇએ, અને બીજું કોઇ તે અવગુણને પૂછે, તોપણ તેને ગુહ્ય રાખવું એ સારૂં છે. વળી જ્યારે કોઇ તામસી મનુષ્ય કોઈનું ધન પૂછે, તોપણ પ્રસિદ્ધ કહેવું યોગ્ય નથી, તાત્પર્ય એ કે જો કે જુઠું કહેવું અયોગ્ય છે, તોપણ વિચારની મર્યાદા વિષે જુએ કે જુઠું બોલવાથી કરીને કોઇની રક્ષા થાય છે, અથવા કોઇ મોટું વિઘ્ન

દૂર થાય છે, ત્યારે તો જુઠું બોલવાથી કંઇ દોષ નથી લાગતો, પણ જ્યારે પોતાના માન અને ધનને નિમિત્તે જુઠું બોલે તો તે નિન્દ્ય છે–

જિજ્ઞાસુ જનોએ આ પ્રકારે જોયું છે કે " અમુક કાર્ય જૂઠ વિના સિદ્ધ થતું નથી, " ત્યારે તેમણે એવો યત્ન કર્યો છે કે " જે વચનમાં જૂઠનો અક્ષર ન આવે, અને તે પુરૂષ કંઇ એકનું બીજુંજ સમજી લે, એવું વચન તેઓ બોલ્યા છે. જેમ એક પ્રીતિમાન ઘણા વખત પછી રાજાની પાસે ગયો હતો, ત્યારે રાજાએ પૂછયું કે, તમે ઘણે વર્ષે કેમ આવ્યા છો ? ત્યારે તે પ્રીતિમાને કહ્યું કે " જે દિવસથી હું તમારી પાસેથી ગયો છું તે દિવસથી પોતાનું અંગ મેં ધરતીથી ત્યારેજ ઉઠાવ્યું કે જ્યારે ભગવતે મને નીરોગીતા આપી છે. " ત્યારે રાજાએ જાણ્યું કે, એને કંઇ રોગ થયો હશે; અને એમણે એમ કહ્યું હતું કે જ્યારે ભગવતે મને નીરોગતાનું બલ આપ્યું ત્યારેજ મારૂં શરીર ચાલવા ફરવાને સમર્થ થયું છે. તો એ વાતમાં કંઇ સંદેહ નથી.

વળી એક શ્રીરામાનુરાગી હતા, તેમણે પોતાના શિષ્યને સમજાવી દીધું હતું કે જ્યારે હું એકાંત વિષે ભગવદ્ ભજન કરવા માંડું, ત્યારે કોઇ પુરૂષ આવીને મારે માટે પૂછે, ત્યારે તારે ધરતી પર લકીર ખેંચીને તેને કહી દેવું કે અહીં નથી. વળી એમ પૂછે કે કયાં ગયા છે ? ત્યારે એવું કહેવું કે કોઈ ઠાકોર મંદીરમાં હશે. મતલબ કે તેમણે ઘરમાંજ ઠાકોરનું મંદીર રાખ્યું હતું.

એક બીજા પ્રીતિમાન્ હતા તે કોઇ ધર્મજ્ઞ રાજાના પ્રધાન થઇને કોઈ દેશના બંદોબસ્તને માટે ગયા હતા, તે જ્યારે પોતાના ઘરમાં આવ્યા, ત્યારે તેમને સ્ત્રી કહેવા લાગી કે તમે અમારે સારૂં શું લાવ્યા છો ? ત્યારે તેમણે કહ્યું કે " મારી સાથે એક બીજો રક્ષક પણ હતો, તેથી હું કંઈ લાવ્યો નથી. " આ કહેવાનું તાત્પર્ય એ હતું કે અંતર્યામી ભગવત્ મારી સાથે હતા. પણ સ્ત્રી સમજી કે રાજાએ કોઇ રક્ષક મોકલ્યો હશે. પરંતુ જ્યારે કોઈ કાર્યનો નિર્વાહ એવા વચન વિના થઈ શકે નહિ ત્યારેજ એવું વચન

બોલવું એ પ્રમાણ છે. પણ જો સર્વથા એવોજ સ્વભાવ રાખે તો અયોગ્ય છે. શાથી કે જોકે તેવચન સત્યછે, તોપણ બીજાઓને (ધોખો દેવો) ઠગવાં એ પ્રમાણ નથી.

એક મહા પુરૂષે એવું કહ્યું છે કે ભગવત્‌ના સમ ખાવા એ મહા પાપ છે, અથવા જ્યારે એમ કહે કે ભગવાન્ જાણે છે, કે આ વાર્તા તેવી ન હોય, ત્યારે એ પ્રમાણે બોલવું એ પણ મોટું પાપ છે.

(૧૨) બારમું વિઘ્ન નિંદા છે. એ નિંદા એવી પ્રબલ છે કે બધાઓથી જરૂર થઇ જાય છે, પણ જેની ભગવત્ રક્ષા કરે છે તે વિરલો પુરૂષજ એથી મુક્ત થાય છે.

એ ઉપર ભગવંતે કહ્યું છે કે નિંદા વ્યભિચારથી પણ ખરબ છે શાથી જ્યારે વ્યભિચારનો ત્યાગ કરે ત્યારે શિઘ્ર ભગવત્ તેને મુક્ત કરે છે, અને નિન્દાના પાપમાંથી તો જે પુરૂષની નિન્દા કરી હોય, તેની પાસે જ્યારે ક્ષમા કરાવે ત્યારે છુટે છે.

એક પ્રીતિમાને કહ્યું છે કે મેં આચાર્ય મહારાજને ઉત્તમ ઉપદેશ કર્યો હતો, ત્યારે તેમણે કહ્યું કે, કિંચિન્માત્ર સુકૃતને પણ અલ્પ જાણવું નહિ, કોઇ તરસ્યાને એક પવાલું પાણી દેવાય તો તે પણ પરમેશ્વરનો ઉપકાર જાણવો, સર્વ મનુષ્યોની સાથે પ્રસન્ન મુખ રાખજે, કોઇની નિન્દા પણ કરીશ નહિ.

નિન્દાનો અર્થ એ છે કે માણસ સાચુંજ કહે, પણ જે વચનને સાંભળ કરીને કોઇનું હૃદય ખેદિત થાય ત્યારે તેને નિન્દા કહે છે જેમ કોઇ કહેશે કે અમુક પુરૂષ લાંબો છે, ઘણો કાળો છે, ટુંકી નજર વાળો છે, તો તે બધી નિન્દા છે, અથવા જ્યારે આવું કહે કે આ નીચ જાતી અથવા દાસી પુત્ર છે, કઠોર છે, ઘણું બોલનારો છે, ચોર છે, ભજનથી હીન છે, અશુદ્ધ બોલે છે, પવિત્ર રહેતો નથી, કૃપણ છે, વ્યવહાર અશુદ્ધ કરે છે અસંયમી

છે, બહુ ઉંઘે છે, વસ્ત્ર સુંદર પહેરે છે, બહુ ચપળ છે, એ સર્વ નિન્દા છે, તાત્પર્ય એ કે જો કે સત્ય વચન હોય, પણ જે વચનને સાંભળીને તેનું મન તપાયમાન થાય, ત્યારે તેનું નામ નિન્દા છે, એક મહા પુરૂષને એક સ્ત્રીએ કહ્યું હતું કે, અમુક સ્ત્રી ઠીંગણી છે, ત્યારે મહા પુરૂષ તેને કહેવા લાગ્યા કે તમે તેની નિન્દા કરી છે, માટે મોઢામાંથી થુંકી નાંખો પછી જ્યારે તે થુંકી ત્યારે તેના મોઢામાંથી રૂધિર નીકળ્યું–

કેટલાક સ્થુળ બુદ્ધિવાળા એમ કહે છે કે અપકર્મિયોની ભુંડાઇ કહેવી એમાં નિન્દા નથી. શાથી કે તેમની નિષેધના કરવાથી ધર્મની વૃદ્ધિ થાય છે, પણ તે વાર્તા અયોગ્ય છે, એટલા માટે કે જિજ્ઞાસુએ સર્વથા પોતાના માર્ગ તરફ દૃષ્ટી રાખવી પ્રમાણ છે, માટે કોઇને મદ્યપાની, દુરાચારી વગેરે કહેવું યોગ્ય નથી, પણ જ્યારે કોઇ એવોજ પ્રસંગ જરૂરનો આવી પડે ત્યારે તો ખરી વાત કહીએ, પણ કાર્ય વિના કહેવું અયોગ્ય છે, અને એમ પણ જાણવું જોઇએ કે નિંદા કેવળ રસના વડેજ નથી થતી, હાથ અને નેત્રોએ કરીને પણ નિન્દા થાય છે, જેમ નેત્ર, હાથ વગેરે કોઇ અંગની સાન કરીને જણાવે કે અમુક મનુષ્ય આવું છે. ત્યારે એ પણ પાપ છે, અને જ્યારે કોઇનું નામ ન લે અને એમજ કહી દે કે કોઇ પુરૂષે આવું કર્મ કર્યું છે, ત્યારે એ નિન્દા કહેવાતી નથી, પણ કેટલાક વિદ્વાન અને તપસ્વી તો મહા પુરૂષોની નિન્દા કરે છે, અને કહે છે કે અમે નિન્દા નથી કરી. જેમ પોતાની સભા વિષે બેશીને વાર્તા કરે છે કે આ માયા મહા છળ રૂપ છે, અને તેના છળમાંથી મુકત થવું મહા કઠણ છે, એ કારણથી અમુક પુરૂષ જો કે ઉત્તમ હતા તો પણ અમુક છળે કરીને છેતરાયા અને તેમાં આસકત થઇ ગયા. વળી તેને શું કહીએ અમે પણ છળાએલા છીએ, અને આ માયા એવીજ વિઘ્ન રૂપ છે, ત્યારે એનો અભિપ્રાય એવો જણાય છે કે પોતાની નિન્દા કરીને બીજાઓની નિન્દા કરે છે, એ પણ મોટી મૂર્ખતા છે, વળી જ્યારે કોઈ તેની પાસે આવી કરીને કહે કે અમુક પુરૂષ આવાં અપકર્મ વિષે સ્થિત થયો છે. ત્યારે આશ્ચર્યવાન થઇને કહે છે કે ભગવત્ રક્ષા કરે, અને એતો મોટી

અસંભવા વાર્તા થઇ કે અમુક પુરૂષ ગુણવાન છતાં પણ ઠગાઇ ગયો છે. એ વચનનું કારણ એ થયું કે નિન્દા કરનારો પુરૂષ પ્રસન્ન થઇને તેનાં કર્મનું વર્ણન કરે અને બધા લોક સારી રીતે શ્રવણ કરે–

અથવા આ પ્રકારે કહે કે હે ભાઇ સર્વ પ્રકારે ભગવતનો ભય કરવો જોઇએ અને અભિમાન કરવો અયોગ્ય છે, શાથી કે ફૂલાણા શ્રેષ્ટ પુરૂષને કેવો છલ પ્રાપ્ત થયો છે? કે ભગવત્ તેની રક્ષા કરે, તે મોઢેથી એ પ્રમાણે કહે છે, તોપણ તેનું પ્રયોજન એ છે કે, તેના છલને લોક પણ જાણે, એ બધી નિન્દા છે.

વળી એ પણ એવું મહા કપટ છે કે પાખંડે કરીને પોતાને અનિંદ્ય દેખાડે છે, તેથી તેને બે પાપ લાગે છે, એક તો નિન્દા થાય છે, બીજું તે કપટમાં બંધાય છે તે મૂર્ખ એમ જાણે છે કે મેં નિન્દા નથી કરી. પણ એ વાર્તા પ્રસિદ્ધ છે કે નિન્દાનો કરનારો અને સાંભળનારો બેઉ સમાન પાપી થાય છે, પણ જ્યારે નિન્દા સાંભળનારાના ચિત્તમાં ગ્લાની દૃઢ રહે, અને નિન્દકનો ત્યાગ કરવાને પોતાનામાં શકિત ન હોય તોપણ નિન્દા સાંભળવાના દોષથી તે મુકત થાય છે, માટે જિજ્ઞાસુને એ પ્રકારે ઉચિત છે કે નિન્દકને પ્રસિદ્ધ વર્જે. વળી મોઢેથી નિન્દા કરવી એ પરમ પાપ છે, તેમજ હૃદયે (મને) કરીને નિન્દા કરવી પાપ રૂપ છે, કોઇના દોષોનું ચિત્તમાં સ્મર્ણ કરવું, એ હૃદયવડે નિન્દા થાય છે, એ પણ મોટું પાપ છે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે પારકું દ્રવ્ય ચોરવું, કોઇનો ઘાત કરવો અને કોઇના ઉપર ખોટું અનુમાન કરવું એ ત્રણ મહા પાપ છે, પણ જ્યારે અકસ્માત્ કોઇના મનમાં એવો સંકલ્પ સ્ફુરી આવે, અને તે તેને મલીન જાણીને નિવૃત્ત કરે, ત્યારે તેને પાપ લાગશે નહિ. પણ તેની પરીક્ષા એ છે કે જ્યારે કોઇના દોષનો સંકલ્પ ચિત્ત વિષે સ્ફુરે અથવા કોઇથી શ્રવણ કરે, તો તે વાર્તાને ખોળે નહિ અને તે સ્ફુરણને હૃદય વિશેજ લીન કરીદે, વળી એવું જાણે કે જેમ મારા મનમાં અનેક પાપ ઉપજ્યા કરે છે, તેમજ બીજાં

મનુષ્ય પણ પાપથી રહિત રહી શકતાં નથી, અને જે રીતે હું પોતાના અવગુણોને ઢાંકવાને ઈચ્છુંછું તેમજ બીજાના અવગુણ પણ પ્રસિદ્ધ કરવા પ્રમાણ નથી, અને જ્યારે હું બીજાનાં છિદ્રોને જાણીશ ત્યારે મને શો લાભ છે? વળી જ્યારે કોઇના અવગુણને નિસ્સન્દેહ જાણે, ત્યારે એકાંતમાં તેને નમ્રતા સહિત ઉપદેશ કરે, અને કોઇની પાસે તેના છિદ્રનું વર્ણન ન કરે, વળી તું એમ સમજ કે નિન્દાની અભિલાષા પણ આ માણુસના હૃદયમાં મોટો રોગ છે, માટે તેનો ઉપાય કરવો એ અવશ્ય પ્રમાણ છે, તે ઉપાય બે પ્રકારના છે.

(૧) એક ઉપાય સ્પષ્ટ છે, અર્થાત્ એકદમ નિન્દાનો નાશ કરવો, તે ઉપાય પણ બે પ્રકારનો છે. પ્રથમ તો જે વચનો નિન્દાની નિષેધતાનાં મહા પુરૂષોએ કહ્યાં છે તેનો વારંવાર વિચાર કરે, અને એવું જાણે કે નિન્દા કરનારાનાં બધાં સત્કર્મોનાં ફળ જેની નિન્દા કરે છે, તેને મળે છે, અને નિન્દક માણુસ સુકૃત હીન રહી જાય છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જેમ સુકાં ત્રણોને અગ્નિ ભસ્મ કરી દે છે, તેમજ નિન્દાએ કરીને બધાં સુકૃત શીઘ્રજ નાશ પામે છે, અને બીજો પ્રકાર એ છે કે પોતાના અવગુણોને વિચાર કરવો અને એમ જાણવું કે જે પ્રમાણે હું અવગુણોને વશી ભૂતછું, તેમજ બીજાં મનુષ્ય પણ અવગુણોથી રહિત થઇ શકતાં નથી, શાથી કે માહારાજની માયા અતિ પ્રબલ છે, વળી પોતાનામાં કોઇ અવગુણ ન દેખે ત્યારે એમ જાણે કે પોતાના અવગુણો ન જાણવા એજ મોટો અવગુણ છે, અને જો તે પુરૂષ અવગુણથી રહિત અને ગુણવન્તજ હોય તો ભગવત્નો ઉપકાર જાણીને ધન્યવાદ કરે, (ઉપકાર માને) અને નિંદાથી રહિત થાય, વળી એમ સમજે કે જ્યારે હું કોઇની નિન્દા કરીશ ત્યારે એ પણ ભગવત્ની નિન્દા થાય છે, શાથી કે સૌ કોઇના ઉત્પન્ન કરનારા ભગવત્ છે.

જેમ કારીગરીની નિંન્દા કરવાથી કારીગરની નિંદા થાય છે, તેમજ મનુષ્યોની નિંદા કરવાથી ભગવત્નીજ નિંદા થાય છે. આ બેઉ પ્રકાર નિંદાને દૂર કરવાના સમસ્ત ઉપાય છે.

વળી નિંદાને દૂર કરવાના બીજા જુદા જુદા ઉપાય એ છે કે, પ્રથમ જિજ્ઞાસુ પોતાના હૃદય વિષે વિચાર કરે કે હું નિંદા શા માટે કરૂં છું ? તે નિંદાનાં ૮ આઠ કારણ છે, અને બધાંના જુદા જુદા ઉપાય છે.

(૧) પ્રથમ કારણ એ છે કે જ્યારે આ પુરૂષ કોઇ ઉપર કોપ કરે છે ત્યારે તેની નિંદા કરવાને ઇચ્છે છે, જ્યારે એવું હોય ત્યારે જિજ્ઞાસુએ વિચાર કરવો. માત્ર ક્રોધને નિમિત્તે હું પોતાને નરક ગામી કરૂં છું એ મોટી મૂર્ખતા છે. અને જ્યારે સારી રીતે જોઇએ ત્યારે બીજાને નિમિત્તે પોતાના ઉપર ક્રોધ થાય છે.

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જ્યારે કોઇ પુરૂષ ભગવત્‌ને નિમિત્તે પોતાના ક્રોધને ક્ષમા કરી લે છે, ત્યારે તેના ઉપર મહારાજ દયાળુ થાય છે.

(૨) વળી બીજું કારણ એ છે કે જ્યારે કોઇને નિંદા કરતાં જુએ છે, ત્યારે તેની પ્રસન્નતાને નિમિત્તે એ પણ નિંદા કરવા લાગે છે. ત્યારે તેનો ઉપાય એ છે કે એવું જાણે કે હું લોકોની પ્રસન્નતાને નિમિતે ભગવત્‌ને અપ્રસન્ન કરૂં છું. એ પણ મુઢતા છે.

માટે જિજ્ઞાસુને ઘટે છે કે નિંદક પુરૂષોને જોઇને ક્રોધવાન થાય. અને તેની સંગતીનો ત્યાગ કરે.

(૩) ત્રીજું કારણ એ છે કે જ્યારે એ પુરૂષનું કોઇ છિદ્ર પ્રકટ થાય છે, ત્યારે પોતાના છિદ્રનો દોષ બીજા ઉપર નાંખે છે. અને પોતાને બચાવવાને ઇચ્છે છે, તે અયોગ્ય છે. માટે એવું જાણવું પ્રમાણ છે. કે–ભગવાનનો ક્રોધ મારી એ ચતુરાઇથી નાશ નહિ થાય, અને જે અપમાનથી હું ડરૂં છુ તે અપમાનથી ભગવત્‌નો ક્રોધ મહા તીક્ષ્ણ છે. અને પોતાનાં પાપનો દોષ બીજા પર દેવોજ ભગવત્‌ના ક્રોધનું બીજ છે. તેમજ જ્યારે પોતાના અવગુણ ઢાંકવાને નિમિત્તે બીજાઓના અવગુણનું વર્ણન કરે એ પણ મૂર્ખતા છે. જે કોઇ કહે કે અમુક પુરૂષ પણ અશુદ્ધ જીવિકા કરે છે; અને અમુક

રાજ ધાન્ય લે છે, ત્યારે હું પણ તેને અંગીકાર કરૂં છું. એવું સમજનાર પુરૂષ પણ મુર્ખ છે. કારણ કે જે મનુષ્યનું કર્મ મલીન હોય છે, તેને જોઇને પોતે પણ મલીનતામાં વિચરવું એ અયોગ્ય છે. જેમ કોઇ જઇને અગ્નિ વિષે બળે ત્યારે તેની પાછળ બળવું એ પ્રમાણ નથી. તેમજ પાપીને જોઇને પાપ કરવું અયોગ્ય છે.

(૪) ચોથું કારણ એ છે કે પોતાની સ્તુતિને નિમિત્તે બીજાની નિંદા કરે છે. જેમ કોઇ કહે કે અમુક પુરૂષ વચન સમજતો નથી, અમુક પુરૂષ પાખંડનો ત્યાગ કરતો નથી; એનો અર્થ એ થયો કે હું બુદ્ધિમાન છું. અને પાખંડથી રહિત છું. એ પણ અયોગ્ય છે. માટે એમ સમજવું જોઇએ કે બુદ્ધિમાન પુરૂષ તો આ મારા કપટને શીઘ્રજ જાણી લેશે, અને મારી નિષ્કામતા પર પ્રતીતિ કરશે નહિ, અને જે પોતેજ મૂર્ખ છે, તેની પ્રીતિ પ્રતીતિ કરવામાં મને શો લાભ થશે? માટે એ પણ બુદ્ધિની હિનતા છે કે ભગવંતની પાસે પોતાને લજ્જામાન કરવો, અને પરાધીન જીવોની પાસે પોતાનું માન વધારવું.

(૫) પાંચમું કારણ એ છે કે ઇર્ષાએ કરીને પણ નિંદા થાય છે, અર્થાત જ્યારે કોઇ પુરૂષનું ધન અથવા માન વધારે હોય છે, ત્યારે ઇર્ષા કરનારો પુરૂષ તેની મોટાઇને જોઇ શકતો નથી. તેથી તેના અવગુણને શોધવા માંડે છે અને વૈરભાવ વિષે દૃઢ થાય છે, પણ એવું નથી જાણતો કે હું પોતાની સાથે જ વૈરભાવ કરૂં છું. શાથી કે તે આ લોકમાં તો ઇર્ષાની અગ્નિમાં બળ્યા કરે છે, અને પરલોક વિષે પણ નિંદા આદિક પાપોએ કરીને દુઃખી થશે માટે એવો પુરૂષ બેઉ લોકોના સુખોથી અપ્રાપ્ત રહે છે; પણ એટલું પણ સમજતો નથી કે ભગવંતની આજ્ઞાવડે જેને ધન અને માન પ્રાપ્ત થયું છે, તે મારી ઇર્ષાએ કરીને તેની હાની શી રીતે થશે?

(૬) છઠ્ઠું કારણ એ છે કે હાંસીના સ્વભાવે કરીને પણ નિંદા થઇ જાય છે. અને હાંસી કરવાવાળો પુરૂષ એટલું નથી જાણતો કે હું કોઇની હાંસી

કરીને જેટલો લજ્જાવાન્ કરૂં છું, તેટલો હું પણ ભગવત્‌ની પાસે લજ્જિત થઇશ. અને જ્યારે એમ જાણે કે નિંદા અને હાસ્યે કરીને પરલોકમાં મારી એવી ગતિ થશે તો કયારે એવાં કર્મોનો અંગીકાર ન કરે.

(૭) વળી સાતમું કારણ એ છે કે જ્યારે કોઇથી કાંઇ અવગુણ થાય છે, ત્યારે તેનું હૃદય સાત્ત્વિક સ્વભાવે કરીને સહજ શોકવાન્ થાય છે. અને તેની વાર્તા કરતાં તેનું નામ કોઇની પાસે મુખથી નીકળી જાય તે પણ નિંદક થાય છે. માટે એવું સમજવું પ્રમાણ છે કે જોકે દયાએ કરીને હૃદય કોમળ થયું હોય તેવા એને વિષે અવગુણ ઇચ્છતા નથી, તોપણ પ્રસિદ્ધ નામ લેવાથી એ દયા સંબંધી કૃતિનાં ફળથી અપ્રાપ્ત રહે છે.

(૮) આઠમું કારણ એ છે કે કદાપિ ધર્મને નિમિત્તે કોઇના અવગુણ ન જોઇ શકે, પણ જ્યારે પોતાને શુદ્ધ જાણીને તેનાં છીદ્રો દેખીને આશ્ચર્યવાન થાય અને એમ જાણે કે અમુક પુરૂષે આ અવજ્ઞા શી રીતે કરી ? એટલે વિસ્મય પામીને તેની આશ્ચર્યતા વિષે તેનું નામ લોકોની સામું કહે ત્યારે એ પણ અયોગ્ય છે અને નિંદાની નિકટ જઇ પહોંચે છે માટે ઘટે છે કે કોઇનો અવગુણ જોઇને આશ્ચર્યવાન્ ન થવું અને નમ્રતા વિષે સ્થિત થવું.

કેટલાં કારણોથી નિંદા કરવી પ્રમાણ છે તેનું વર્ણન.

નિંદા પણ જુઠની પેઠે મહા પાપ છે, એ કારણથી આવશ્યક કાર્ય વિના નિંદા કરવી પ્રમાણ થતી નથી માટે તેવાં કાર્યોનું કંઇક વર્ણન કરૂંછું, જેથી કરીને નિંદા પણ પ્રમાણ થાય છે.

(૧) લું કારણ એ છે કે જ્યારે કોઇએ કોઇને દુઃખ દીધું હોય, કે કાંઇ ધન હરી લીધું હોય, તે બાબત તેને કોઇની પાસે વિનતિ કરવી હોય તો તે પણ નિંદા કર્યા વિના સિદ્ધ થતું નથી. તો પણ જે પુરૂષથી કંઈ સાહ્યતા થઇ શકે તેવું ન હોય, તો દુઃખ દેનારાની વાર્તા તેને કહેવી અયોગ્ય છે.

(૨) બીજું કારણ એ છે કે જ્યારે કોઇ સ્થાન વિષે કંઇ પાપ થતું દેખે અને એમ જાણે કે જો આ પાપને પ્રસિદ્ધ નહિ કરૂં, તો તે વધારે વધતું

જશે. ત્યારે કોઇ એવા ઐશ્વર્યવાનને કહેવું પ્રમાણ છે, કે જેના ભયે કરીને તે પાપ નાશ થઇ જાય.

(૩) ત્રીજું કારણ એ છે કે જ્યારે કોઇ ધર્મજ્ઞ કોઇ નાસ્તિક, અથવા કોઇ અપકર્મોની સંગત કરતો હોય, તેના અવગુણ પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. શાથી એની સંગતિએ કરીને ધર્મજ્ઞનું અકાર્ય થાય છે. એ ઉપરથી આચાર્ય મહારાજે કહ્યું છે કે ત્રણ પ્રકારનાં માણસોની નિંદા કરવામાં પાપ નથી. (૧) અન્યાયી રાજાની. (૨) સંત જનોની મર્યાદાથી વિપરીત નાસ્તિકવાદીની, (૩) પ્રસિદ્ધ દુરાચારીની. કેમ કે એમની ક્રિયા કાંઇ છાની હોતી નથી, માટે તેમની વાર્તા પ્રસિદ્ધ કરવી એમાં કાંઇ નિંદા નથી.

(૪) ચોથું કારણ એ છે કે જ્યારે કોઇનું નામ પ્રસિદ્ધ રીતે લોકો લેતા હોય કે સૂરદાસ, મંદ દૃષ્ટી, બધિર, અંથવા કુષ્ટી છે. તો એવા પુરૂષનું એ પ્રકારે નામ લેવું તેમાં નિંદકને પાપ નથી. અને તે પણ પોતાનું નામ સાંભળીને અપ્રસન્ન થતો નથી. પણ જ્યારે તેને પણ કોઇ બીજા નામવડે બોલાવીએ તો તે એથી પણ સારૂં છે.

(૫) પાંચમું કારણ એ છે કે કેટલાક લોક પ્રસિદ્ધજ નિર્લજ છે, જેમ હીજડા, નૃતક, ભવાયા, મદ્યપાની, એવા જે લાજ રહિત છે તેઓ પણ પોતાની કરણીની વાર્તા સાંભળીને ખોટું લગાડતા નથી. માટે જ્યારે કોઇ સંયોગે કરીને એમની વાર્તા ચાલે ત્યારે તેનું નામ પણ નિંદા નથી. જે વચન સાંભળીને કોઇનું હૃદય તપાયમાન થાય તેનું નામ નિંદા છે, માટે પ્રીતિમાનને ઘટે છે કે જ્યારે એનાથી કાંઇ એવી અવજ્ઞા થાય ત્યારે શીઘ્રજ તેની પાસે ક્ષમા કરાવે. અને પોતાનાં પાપોનું પુરૂશ્ચરણ (પસ્તાવો) કરી લે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે આ લોકમાં પોતાનાં પાપો ક્ષમા કરાવો. શાથી કે પરલોક વિષે જયારે આ જીવને વધારે દંડ થશે ત્યારે તેની પાસે પુરૂશ્ચરણની કંઇ સામગ્રી રહેશે નહિ, બીજા એક વચનમાં એમ આવ્યું છે કે જે પુરૂષની જેણે નિંદા કરી હોય, ત્યારે તેને નિમિત્તે તેણે ભગવાનની પાસે

પ્રાર્થના કરીને તેને ક્ષમા કરાવે. પણ કેટલાક પુરૂષોએ એજ દૃઢ કર્યું છે કે જેની નિંદા કરી હોય તેની ક્ષમા કરાવવાની કંઇ અપેક્ષા નથી ભગવત્‌ની પાસે પ્રાર્થના કરવી વિશેષ છે, આ વાર્તા અયોગ્ય છે. શાથી કે ભગવંતની પાસે પ્રાર્થના કરવી ત્યારે કહી છે કે જયારે તે મનુષ્ય જીવતો ન હોય, અથવા દૂર હોય. પણ જયારે તેનો મેળાપ થઇ શકે ત્યારે નમ્રતા અને દીનતા સહિત તેના તરફથી ક્ષમા કરાવે, તો સારૂં છે. અને જયારે તે ક્ષમા ન કરે ત્યારે તેને પાપ થાય છે.

(૧૩) તેરમું વિઘ્ન એ છે કે કોઇના વચનનું છિદ્ર ખોલવું, અને ચુગલી કરવી એ પણ મોટું પાપ છે. એ ઉપર આચાર્યે મહારાજે કહ્યું છે કે ચાડી કરનારા પુરૂષ કદાપી સુખી થતા નથી, વળી એમ પણ કહ્યું છે કે ચુગલી કરનારા પુરૂષ સર્વ મનુષ્યોથી નીચ છે. એ ઉપર એક વાર્તા છે કે એક સમયે એક દેશમાં દુકાળ પડયો હતો, ત્યારે એક મહાત્માને એ દેશના લોકો મળીને ભગવત્‌ની પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે મહાત્માને આકાશવાણી થઇ, કે તમારા દેશમાં એક ચાડીઓ છે, તેના પાપે કરીને મેઘ વર્ષતો નથી, ત્યારે મહાત્માએ પૂછયું કે તે ચાડીઓ કોણ છે? ત્યારે આકાશવાણી થઇ કે હે મહાત્મા હું તો ચાડીઆને પોતાનો શત્રુ જાણું છું તો પછી હુંજ તેની ચાડી શી રીતે કરૂં? કે અમુક ચાડીયો છે. માટે તેનો ઉપાય એ છે કે બધા લોકોને તમે ચાડીઆપણાથી દૂર કરો; એટલે શીઘ્ર વર્ષાદ થશે. પછી તેમણે તે પ્રમાણે કર્યું ત્યારે ભારે વરસાદ વરસ્યો, અને દુષ્કાળ દુર થયો. એ ઉપર એક બીજી વાર્તા છે કે-એક પ્રીતિમાન બે હજાર ગાઉ ચાલીને એક બુદ્ધિમાનની પાસે ગયો, અને ત્યાં જઇને નિચે પ્રમાણે પ્રશ્નો પૂછયા.

(૧) આકાશથી મોટું શું છે? (૨) ધરતીથી ભારી શું છે? (૩) પથ્થરથી કઠોર શું છે? (૪) અગ્નિથી અધિક તિક્ષ્ણ શું છે? (૫) બર્ફથી શિતલ શું છે? (૬) સમુદ્રથી ઉદાર શું છે? (૭) જે બાળકનાં માતા પિતા મરી ગયાં હોય તેનાથી વધારે નિર્માન અને દુઃખી કોણ છે? ત્યારે તે બુદ્ધિમાને ઉત્તર આપ્યા કે, (૧) સત્ય વચન આકાશથી પણ વિશાળ છે, (૨) નિર્દોષ

મનુષ્યને દોષ લગાડવો એ પાપ ધરતીથી પણ ભારી છે. (૩) નાસ્તિક એવા વિમુખોનાં હૃદય પથ્થરથી પણ કઠોર છે, (૪) ઇર્ષા અગ્નિથી પણ તીક્ષ્ણ છે, (૫) ભાવ (શ્રદ્ધા) અને સહનશીલતા બર્ફથી પણ શીતલ છે, (૬) સંતોષવાન્ સમુદ્રથી પણ અતી ઉદાર છે, (૭) ચુગલી (ચાડી) કરનારો મનુષ્ય માતા પિતા હિન બાળકથી પણ અધિક નિર્માન થશે. વચન, અથવા કર્મ કે સાને કરીને કોઇનાં છિદ્રોને કોઇ બીજાની પાસે પ્રકટ કરવાં, અને તેનું હૃદય દુઃખાવવું તેનું નામ નિંદા છે. અને મહા પાપ છે, માટે જિજ્ઞાસુને ઘટે છે કે કોઇનું છિદ્ર ઉઘાડે નહિ. અથવા જ્યારે કોઇ અવશ્ય એવું કામ હોય ત્યારે પ્રકટ કરવું એ પણ પ્રમાણ છે. માટે જ્યારે કોઇ આવી કરીને તને એવું કહે કે અમુક પુરૂષ તારૂં માઠું ઈચ્છે છે, અથવા દુર્વચન કહે છે. ત્યારે તારે એમ સમજવું જોઇએ કે (૧) પ્રથમ તો ચાડીઆ અને દુરાચારી જુઠા હોય છે. માટે તેના પર પ્રતીતિ કરવી અયોગ્ય છે. (૨) બીજો પ્રકાર એ છે કે જ્યારે અધિકાર જોઇએ ત્યારે તેને ચાડીયાપણામાંથી બોધવડે મુક્ત કરીએ. (૩) ત્રીજો પ્રકાર એ છે કે ચુગલી કરનારા પુરૂષની સાથે મિત્રતા ન કરવી. (૪) ચોથો પ્રકાર એ છે કે જ્યારે કોઇના અવગુણની વાર્તા સાંભળીએ ત્યારે જોયા વિના અથવા તપાસ કર્યા વિના મલિન અનુમાન કરવું એ અતિ નિંદ્ય છે. (૫) પાંચમો પ્રકાર એ છે કે કોઇનું છિદ્ર સાંભળીને તેની ખોળ કરવી કે આ વાર્તા સાચી છે કે જુઠી છે, (૬) છઠ્ઠો પ્રકાર એ છે કે ચુગલી કરનારા પુરૂષની વાર્તા પણ કોઇને કહે નહિ કે "આ ચુગલી ખાનારો છે." માટે તેના છિદ્રને પણ ગંભિરતાએ કરીને છુપાવી લેવું. તાત્પર્ય એ છે કે આ છ યુક્તિયો બધાને જરૂરની છે. એ ઉપર એક વાર્તા છે કે એક બુદ્ધિમાનને કોઇએ આવીને કહ્યું કે અમુક પુરૂષ તમારી નિંદા કરે છે ત્યારે તે બુદ્ધિમાને કહ્યું કે જોકે તું અમારાં દર્શન કરવાને આવ્યો છું તોપણ તેં ત્રણ અવગુણ હમણાંજ કર્યા છે તેમાં એક તો મને તેના ઉપર ક્રોધવાન્ કર્યો, બીજું મારા ચિત્તને વિક્ષેપતા (અશાંતિ) આપી ત્રીજું તું પોતે પણ ચુગલી કરનારો થયો. એ ઉપર એક સંતે પણ કહ્યું છે કે જ્યારે કોઇ મનુષ્ય આવીને તમને કોઇની ચાડી સંભળાવે ત્યારે નિઃસંદેહ એવું જાણો

કે તમારી વાર્તા પણ બીજાઓને જઇને સંભળાવશે. માટે તેને પોતાનો શત્રુ અને નિંદક જાણીને તેની સંગતિનો ત્યાગ કરો. કારણ કે ચાડી ખાનારાઓથી કેટલાક જીવોનો ઘાત થાય છે. એ ઉપર એક વાર્તા છે કે, એક પુરૂષે એક ચાકર વેચાથી લીધો હતો, ત્યારે ચાકરને વેચનારાએ કહી દીધું કે એનામાં બીજો અવગુણ કાંઇ નથી પણ કંઇક ચાડી અને વાક્ય છળ કરે છે. ત્યારે ચાકર રાખનારે કહ્યું કે એટલા અવગુણમાં શો સંદેહ (સંશય) છે. પછી જ્યારે દાસ તેના ઘરમાં રહેવા લાગ્યો ત્યારે તેની સ્રીને કહ્યું કે તમારો વર ફરી પરણવાને ઇચ્છે છે, અને તમારી સાથે વિપરીત ચિત્તવાળો થયો છે. માટે તેનો ઉપાય એ છે કે જ્યારે તમારો વર શયન કરે ત્યારે તેના ગળાનો એક વાળ કાપીને મને આપજો એટલે હું મંત્ર ભણી આપીશ તેણે કરીને સર્વથા તારીજ સાથે તેની પ્રીતિ અધિક થશે પછી તે ચાકરે પોતાના શેઠને કહ્યું કે તમારી સ્રીની પ્રીતિ કોઇ બીજા પુરૂષની સાથે દૃઢ થઇ છે, માટે તમને મારવાને ઇચ્છે છે. પણ જ્યારે તમે રાત્રીને વખતે શયન કરો ત્યારે સચેત રહેજો પછી જ્યારે રાત્રી થઇ ત્યારે તે ઘરમાં આવીને સુઇ રહ્યો અને મનમાં જાગતો રહ્યો, ત્યારે તે સ્રી અસ્તરો લઇને પોતાના પતિના કંઠના વાળ કાપવા લાગી, અને તેના પતિએ એમ જાણ્યું કે એ મને મારે છે, તેથી ક્રોધવાન થઇને સ્રીને મારવા લાગ્યો, પછી જ્યારે સ્રીના સંબંધીઓએ સાંભળ્યું ત્યારે તેઓ આવીને તે પુરૂષને મારવા લાગ્યા, પછી તે સ્રી પુરૂષનાં સંબંધીયોમાં મોટું યુદ્ધ થયું અને બીજા પણ કેટલાંક મનુષ્યોનો ઘાત થયો.

(૧૪) ચૌદમું વિઘ્ન એ છે કે, " બે શત્રુઓ વિષે વાકય છળ કરવો " અને પોતે પોતાને બે ઠેકાણે બેઉને મિત્ર જણાવવો, " એ ચુગલીથી પણ મોટું પાપ છે, એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે આ લોક વિષે જેનો સ્વભાવ વાકય છલનો હોય છે, તેની પરલોકમાં બે જીભો થશે, તેથી મહા દુઃખ ભોગવશે. એ કારણથી બુદ્ધિમાનને ઘટે છે કે જ્યારે બે શત્રુઓનો મેળાપ કરે, ત્યારે બેઉની વાર્તા સાંભળીને મૌન રહે, અથવા યથાર્થ વચન કહી દે તો સારૂં પણ એકની વાર્તા બીજાને કહેવી અયોગ્ય છે. અને કપટ

કરીને એક બીજાને મિત્ર થઇ બતાવવું (મિત્ર ભાવ બતાવવો) એ ખરાબ છે.

(૧૫) પંદરમું વિઘ્ન સ્તુતિ છે શાથી કે એક સ્તુતિના કહેવાથી ષટ્ પાપ બીજાં ઉપજે છે તેમાં બે પાપ શ્રોતાને લાગે છે, અને ચાર પાપ વકતાને લાગે છે. તેમાં વકતાને (૧) પ્રથમ પાપ એ છે કે જયારે અધિકારથી અધિક કોઇની સ્તુતિ કરે છે ત્યારે નિઃસંદેહ જુઠો થાય છે. (૨) બીજું પાપ એ છે કે જયારે પ્રીતિ વિના કોઇની સ્તુતિ કરે છે ત્યારે કપટી થાય છે. (૩) ત્રીજું પાપ એ કે જેના ગુણોને જાણતો ન હોય તેની સ્તુતિ કરવી પણ અયોગ્ય છે, જેમ કોઇ કહે કે અમુક પુરૂષ વૈરાગી છે, અથવા શુભ કર્મો છે, પણ જયારે તેના ગુણોને ઓળખતોજ ન હોય ત્યારે એવું કહેવું એ મિથ્યાવાદ થાય છે. (૪) ચોથું પાપ એ છે કે જયારે કોઇ તામસી પુરૂષની સ્તુતિ કરે છે ત્યારે તેના ઉપર ભગવત્ કોપાયમાન થાય છે. વળી પોતાની સ્તુતિ સાંભળનારને બે પાપ પ્રસિદ્ધ થાય છે- તેમાં પહેલું એ છે કે જયારે એ પુરૂષ પોતાની સ્તુતિ સાંભળે છે, ત્યારે સ્વાભાવિકજ અભિમાની થઇ જાય છે, અને બીજું પાપ એ છે કે જયારે પોતાના ગુણો અને વિદ્યાની મોટાઇ સાંભળે છે, ત્યારે આગળ શુભ કૃતિ થાકી જાય છે, અને એમ જાણે છે કે હું પરમ પદને પ્રાપ્ત થયોછું, એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે તીક્ષ્ણ શસ્ત્રે કરીને પ્રહાર કરવો એ સારૂ છે, પણ સન્મુખ રહીને કોઇની સ્તુતિ કરવી સારી નહિ. શાથી કે જયારે એ પુરૂષ પોતાનાં વખાણ સાંભળે છે, ત્યારે તેનું મન તેને પોતાના સ્થાનથી પાડી નાંખે છે, પણ જે બુદ્ધિમાન છે, તે પોતે પોતાને ઓળખી શકે છે, તેથી તે જયારે પોતાની સ્તુતિ સાંભળે છે ત્યારે અધિક આધીન ચિત્ત થાય છે (વધારે સંકોચાય છે) તાત્પર્ય એ કે જયારે કહેનારો અને સાંભળનારો આ છ પાપોથી રહિત હોય ત્યારે સ્તુતિ કરવી એ પણ પ્રમાણ છે-અને પોતાના મુખથી પોતાની સ્તુતિ કરવી એ તો મહા નીચ છે. અને ધર્મશાસ્રમાં નિંદ્ય કહી છે, માટે જિજ્ઞાસુને ઘટે છે કે જયારે કોઇ એની સ્તુતિ કરે ત્યારે પોતાનો મહીમા સાંભળીને અભિમાની ન થાય, અને એમ જાણે કે જયાંસુધી હું પરલોકનાં દુઃખથી મુક્ત ન થાઉં ત્યાં

સુધી ભૂંડ અને કૂતરાં પણ મારાથી ભલાં છે, માટે ઘટે છે કે પોતાની સ્તુતિ સાંભળીને લજ્જાવાન્ થાય, અને પોતાની નીચતાનું વર્ણન કરે, એ ઉપર એક વાર્ત્તા છે કે કોઇ પુરૂષ એક સન્તની સ્તુતિ કરવા લાગ્યો, ત્યારે તે સન્ત આધીન ચિત્ત થઇને ભગવત્‌ની પાસે પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે, હે મહારાજ આ પુરૂષ તો મને જાણતો નથી, અને તું સારી રીતે બધું જાણે છે, માટે તુંજ મને ક્ષમા કર, એક બીજા સંતની કોઇએ સ્તુતિ કરી હતી ત્યારે તે સન્ત કહેવા લાગ્યા કે હે મહારાજ આજે મારી બડાઈ કરે છે, તેનો દંડ મને દેશો નહિ અને એ મારા જે જે અવગુણોને જાણતો નથી તે અવગુણ પણ તું દૂર કર અને જેવો એ મને જાણે છે, તેથી વિશેષ તારી દયાથી તું મને કર.

એક પુરૂષ એવો હતો કે તેના હૃદય વિષે પ્રતીતિ કંઇ નહોતી, પણ સન્મુખ આવીને એક સંત જનની કપટ સહિત સ્તુતિ કરવા લાગ્યો, ત્યારે તે સંતે કહ્યું કે જેવું તું મુખથી કહે છે, તેથી હું અતિ નીચ છું, અને જેવો તું હૃદય વિષે જાણે છે તેથી હું નિસ્સન્દેહ અધિક છું.



સર્ગ ૪ ચોથો.

ક્રોધ, ઈર્ષા, અને (ગાંઠિ) નું વર્ણન.

ક્રોધ પણ મહા મલીન સ્વભાવ છે, અને ક્રોધનું બીજ અગ્નિ છે, એ ક્રોધ રૂપ અગ્નિ એવો છે કે તે કેવળ હૃદયને બાળનારો છે. અને ક્રોધે કરીને એવી વિક્ષેપતા ઉપજે છે કે ચિત્ત કદી શાંતિને પામતું નથી, અને સર્વ કૃતિઓનું ફળ શાંતિ છે, એ ઉપર એક પ્રીતિમાને આચાર્ય મહારાજને પૂછ્યું હતું કે હું ભગવાનના ક્રોધથી શી રીતે મુક્ત થાઉં? ત્યારે તેમણે કહ્યું કે જ્યારે તું કોઇ ઉપર ક્રોધવાન્ ન થાય ત્યારે તું મહારાજના ક્રોધમાંથી મુક્ત થઇશ. વળી તે પ્રીતિમાને પૂછ્યું કે મને કોઇ એવી રીતી બતાવો કે જેમાં ક્રિયા તો થોડી હોય અને તેનું ફળ ઘણું હોય, ત્યારે તેમણે કહ્યું કે ક્રોધથી રહિત રહેવું એ અધિક ફળ દાયક છે, અને તેની ક્રિયા થોડી છે, વળી આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે જેમ શહદ (મધ) ને ખટાઇ બગાડી દે છે, તેમજ ક્રોધે કરીને ધર્મ નષ્ટ થઇ જાય છે, તાત્પર્ય એ કે જો કે અત્યન્ત નિઃક્રોધ થવું કઠિણ છે, તોપણ જિજ્ઞાસુને એતો અવશ્ય ઘટે છે, છે યત્ને કરીને ક્રોધને શમાવે (સહન કરે) અને જે પુરૂષોએ

ક્રોધને ધૈર્ય કરીને જીત્યો છે, તેની ભગવાને પણ પ્રશંસા કરી છે, અને એમ પણ કહ્યું છે કે વિચારની મર્યાદાથી રહિત થઈને ક્રોધ કરવો એ પણ નરકનું દ્વાર છે, માટે પોતાના ક્રોધને ભક્ષણ કરવો એજ સર્વ આહારોથી વિશેષ છે. કેટલા એક સન્ત જનોએ મળી કરીને આ સિદ્ધાન્ત દૃઢ કર્યો છે કે ક્રોધની વખતે ધૈર્ય રાખવું અને લોભને સમયે સન્તોષ કરવો, એ સર્વ કૃતિઓથી વિશેષ છે, એ ઉપર એક વાર્તા છે કે એક મોટા ઐશ્વર્યવાન સંત હતા તેમને કોઇ દુષ્ટ આવીને દુર્વચન કહેવા લાગ્યો પણ તેઓ પોતાનું માથું નીચું નમાવીને મૌન કરી રહ્યા, પછી તે દુષ્ટને કહેવા લાગ્યા કે, તું મને ક્રોધવાન કરવાને ઇચ્છે છે અને મનના છળ વિષે નાંખવાને ઇચ્છે છે, પણ હું તો એવું કરવાનો નથી, ભગવાને આ ક્રોધ પણ એટલા માટે રચ્યો છે કે મનુષ્યનું શસ્ત્ર થશે, અને તે એ શસ્ત્રે કરીને શત્રુઓનો નાશ કરશે, અને શરીરની રક્ષામાં સાવધાન થશે, જેમ ભૂખ અને તરશ એટલા માટે રચી છે કે જળ અને આહારને ખેંચી કરીને શરીરની પુષ્ટતા થાય, તેથી પ્રસિદ્ધ થયું કે, ઇચ્છા અને ક્રોધ બેઉ આ મનુષ્યોનાં શસ્ત્ર છે, પણ જ્યારે મર્યાદાથી અધિક વધે છે, ત્યારે એ બેઉજ દુઃખ દાયક થાય છે, માટે જ્યારે ક્રોધ રૂપ અગ્નિ હૃદય વિષે પ્રબલ થાય છે ત્યારે તેનો ધુમાડો સર્વે શરીર વિષે ફેલાઇ જાય છે, પછી બુદ્ધિ અને વિચારને અન્ધકાર કરી લે છે, તેથી ભલાઇ અને ભુંડાઇને ઓળખાતી નથી, તે કારણથી કહ્યું છે કે ક્રોધ બુદ્ધિનો શત્રુ છે, અને મહા મલીન સ્વભાવ એજ છે, પણ જ્યારે એ ક્રોધ મૂળમાંથી નાશ થાય ત્યારે કુસંગ અને અપકર્મોની ગ્લાની દૂર થઇ જાય છે, માટે ઘટે છે કે એ ક્રોધ મર્યાદામાં રાખવો વધવા ન દેવો, તેમ અત્યંત શૂન્ય પણ ન થઇ જાય, અને સર્વદા ધર્મની મર્યાદા વિષે વર્તવું તો સારૂં છે, તાત્પર્ય એ કે જેમ મેં પાછળ વર્ણન કર્યું છે, કે અત્યન્ત નિક્રોધ થવું પણ કઠણ છે. તો પણ કેટલાક અવસરો વિષે એવો લીન થઇ જાય છે કે જાણવામાં પણ આવતો નથી તેનું કારણ એ છે કે ક્રોધનું કારણ મનોરથ છે, તે જ્યારે એની પ્રિયતમ વસ્તુને કોઇ લેવાને ઇચ્છે છે, ત્યારે શીઘ્રજ ક્રોધ ઉપજી આવે છે,

અને જે પદાર્થ વિષે એનો મનોરથ કંઇ હોતો નથી તેને દૂર કરવા વિષે ક્રોધ પણ ઉપજ તો નથી, વળી જ્યાંસુધી આ જીવ દેહાભિમાની છે, ત્યાંસુધી આહાર અને વસ્ત્ર તથા સ્થાનના પ્રયોજનથી મુક્ત થઇ શકતો નથી, એ કારણથી જ્યારે કોઇએ પદાર્થોને લેઇ લેવાને ઇચ્છે છે, ત્યારે નિસ્સન્દેહ તેને ક્રોધ ઉત્પન્ન થાય છે, માટે પ્રસિદ્ધ થયું કે પ્રયોજનજ બન્ધન રૂપ છે, અને પ્રયોજનથી રહિત થવું એજ મુક્ત સ્વરૂપ છે, એ કારણથી જ્યારે જિજ્ઞાસુ પુરૂષાર્થ કરીને પદાર્થોની તૃષ્ણાને ઘટાડે અને પુનઃ માનાદિકની અભિલાષાથી રહિત થાય, ત્યારે ક્રોધ પણ સ્વાભાવિકજ ઘટી જાય છે.

જેમ કોઇ માની પુરૂષનું સન્માન નથી કરતું ત્યારે તેને નક્કી ક્રોધ ઉપજે છે, અને જ્યારે કોઇ નિર્માન પુરૂષની આગળ થઇને ચાલે અથવા અધિક આદર ન કરે તોપણ તે નિષ્ક્રોધજ રહે છે. જો કે લોકોની અવસ્થા વિષે ઘણો ભેદ હોય છે, તોપણ ધન અને માનની અધિકતા વિષે ક્રોધ પણ અધિક થાય છે, તાત્પર્ય એ કે પદાર્થો વિષે વૈરાગ્ય, યત્ન, અને અભ્યાસે કરીને ક્રોધની ક્ષીણતા થઇ જાય છે, પણ મૂળમાંથી નાશ પામતો નથી. અને જ્યારે ક્રોધ વિચારની મર્યાદાથી અધિક ન હોય, ત્યારે તેનો કંઇ દોષ પણ નથી, એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે હું પણ બીજાં માણસોની પેઠે ક્રોધ કરૂંછું, અથવા કંઇ શિક્ષા કરૂંછું, તોપણ મારા હૃદયમાંથી દયા દૂર થતી નથી, અને તે ક્રોધ પણ તેની ભલાઇને નિમિત્તે કરૂંછું, "એક બીજા સન્તે કહ્યું છે કે જ્યારે હું ક્રોધવાન થઉંછું, ત્યારે પણ મારી જીભમાંથી યથાર્થ વચન નીકળે છે." કેટલાક પુરૂષોની એવી અવસ્થા પણ હોય છે કે સર્વ કૃતિના કર્તા ભગવત્‌ને જુએ છે, ત્યારે તેણે કરીને પણ ક્રોધ ક્ષીણ થઇ જાય છે, જેમ કોઇ આ પુરૂષને પથ્થર મારે ત્યારે તે પથ્થરપર રંચક માત્ર પણ ક્રોધવાન થતો નથી, અને તે દુઃખનું કારણ પથ્થરને જાણતો નથી, તેમજ

જ્યારે રાજા કોઇ પુરૂષને મારવાને નિમિત્તે ચિઠ્ઠી લખી આપે ત્યારે તે પુરૂષને કલમ ઉપર કંઇ ક્રોધ ઉપજતો નથી, શાથી કે નલમને રાજાના હાથમાં પરાધીન જુવે છે, તેમજ જે પુરૂષોએ ભગવત્‌ના સામર્થ્યને નિશ્ચય જાણ્યું છે તેઓ સર્વ જીવોને પરાધીન દેખે છે, અને બધાના પ્રેરક ભગવન્‌ને જાણે છે તેથી કોઇ ઉપર ક્રોધ કરતા નથી. તે એટલા માટે કે કર્મનું કારણ બલ છે, અને બલનું કારણ શ્રદ્ધા છે, પણ આ માણસની શ્રદ્ધા પોતાના વશમાં નથી, તે શ્રદ્ધા ભગવત્‌ની પ્રેરણાથી ઉપજે છે. એ કારણથી સંત જનોએ કહ્યું છે કે આ માણુસ પણ પથ્થર અને કલમની પેઠે પરાધીન છે; જોકે મર્મ કરતો તો આ માણુસજ દૃષ્ટીમાં આવે છે, તો પણ પોતાની મેળે તે કંઇ કરવાને સમર્થ નથી. એવી સમજ જે પુરૂષોમાં દૃઢ થઇ છે, તેઓ કોઇ ઉપર ક્રોધ કરતા નથી. અને ક્રોધધાન્ પણ થતો નથી. કદાપી દુઃખે કરીને દુઃખી પણ થાય છે, તો પણ તેને ક્રોધ ઉપજતો નથી. શાથી કે દુઃખ જુદું છે અને ોધ જુદો છે. જેમ અચાનકજ કોઇનું પશુ મરી જાય ત્યારે શોકે કરીને તે દુઃખી થાય છે, પર કોઇ ઉપર ક્રોધ કરતો નથી.

એ પ્રમાણ સર્વ જીવોને પરાધીન જોવા અને સર્વદા એવી સમજ વિષે સ્થિત રહેવું મહા દુર્લભ છે. શાથી કે જો કદી વિજળીની પેઠે, આ અવસ્થાને પણ ચમત્કાર થાય છે, તોપણ સ્થૂલતાની પ્રબલતાએ કરીને વળી વિક્ષેપ થઇ જાય છે, પણ જ્યારે એવી અવસ્થાને પ્રાપ્ત ન થાય તો પણ કેટલાક જિજ્ઞાસુઓનો અભ્યાસ પરમાર્થ વિષે એવો દૃઢ થાય છે કે તેમને કદાચિત્ ક્રોધ ઉપજતો નથી, જેમ સંતને કોઇએ દુર્વચન કહ્યાં હતાં ત્યારે તેમણે તેને આ પ્રમાણે કહ્યું કે જો હું પરલોકનાં દુઃખથી નિવૃત્ત થયો તો તો તારા કહેવાનો ભય કાંઇ નથી. પણ જયારે હું પરલોકમાં દુઃખ પામીશ ત્યારે તારા કહેવા કરતાં પણ અધિક નીચ છું. તો તને કહેવામાં શો સંશય છે.

વળી બીજા એક સંતને કોઇએ દુર્વચન કહ્યું હતું, ત્યારે તેણે કહ્યું કે મારા પરમ સુખમાં કેટલીએ કઠણ ઘાંટીઓ છે, અને હું તેને ઓળંગવાને ઇચ્છું છું. ને જ્યારે હું તે ઘાંટિયોને ઓળંગી ગયો તો તારા કહેવાનો મને કંઇ ભય નથી. અને જ્યારે હું તેને ઓળંગી ન ગયો ત્યારે તું મને જેવો કહે છે, તેથી પણ હું અધિક નિચ છું, વળી એક બીજા સંતને કોઇ દુ-ર્વચન કહેવા લાગ્યો, ત્યારે તેમણે કહ્યું કે હે ભાઇ જેટલા મારામાં અવગુણ છે તે તારા જાણવાથી અતિ ગુહ્ય છે, અને અસંખ્ય છે. તાત્પર્ય એકે જિ-જ્ઞાસુ વૈરાગ્ય અને અભ્યાસ વિષે એવા લીન થયા છે કે તેમને ક્રોધની ચિંતવનીજ કંઇ રહી નથી. જેમ એક પ્રીતિમાનને કોઇ સ્ત્રીએ કહ્યું હતું કે તું ઘણો કપટી છે, ત્યારે તે કહેવા લાગ્યો કે તેં મને સારી રીતે ઓળખ્યો છે. વળી એક બીજા પ્રીતિમાનને કોઇએ દુર્વચન કહ્યું હતું ત્યારે તે કહેવા લાગ્યા કે જો તું સત્ય કહેતો હોય તો એ અવજ્ઞા ભગવત્ મને ક્ષમા કરે. અને જો તું જૂઠું કહેતો હોઇશ તો મને ભગવત ક્ષમા કરશે (બક્ષી લેશે) એ ઉપરથી જણાય છે કે એટલા ઉપાયે કરીને ક્રોધ જીતાય છે. અને જ્યારે કોઇ પુરૂષને એવી દઢતા થાય કે ક્રોધથી રહિત થનારને ભગવત્ પ્રિયતમ રાખે છે, ત્યારે તે પણ ભગવત્‌ની પ્રસન્નતાને નિમિત્તે ક્રોધથી રહિત થાય છે. જેમ કોઇ મનુષ્યનો પ્રિયતમ હોય અને તે પ્રિયતમનો પિતા અથવા પુત્ર તેનો દંડ કરે, અને તે પ્રેમી માણસએમ જાણે કે મારો પ્રિયતમજ મને દંડ દે છે; ત્યારે તેને પ્રીતિની અધિકતાએ કરીને, તાડનાનું દુઃખજ કંઇ ભાસતું નથી. અને રંચક માત્ર પણ ક્રોધવાન્ થતો નથી. માટે જિજ્ઞાસુને ઘટે છે કે કોઇ એવા કાર્ય વિષેજ લીન થઇને પોતે ક્રોધથી રહિત થાય. અને જ્યારે એવો પુરૂષાર્થ ન બને ત્યારે પણ ઘટે છે કે ક્રોધની પ્રબલતાને ક્ષીણ કરે. અર્થ એ કે કદાપિ ક્રોધને મૂળમાંથી નાશ કરી શકે નહિ તો પણ યત્ને કરીને બુદ્ધિ અને સંત જનોની મર્યાદાથી ઉલ્લંઘિત ન થવા દે શાથી કે ક્રોધજ નિઃસંદેહ ઘણા જીવોને નરગામી કરે છે, અને અનેક વિઘ્નોનું

કારણ છે, માટે તેને જીતવાનો ઉપાય કરવો અવશ્ય પ્રમાણ છે. તેનો ઉપાય બે પ્રકારનો કહ્યો છે, તેમાં એક તો એવો ઉત્તમ છે કે ક્રોધને નખ શિખા પર્યંત દૂર કરીને હૃદયને શુદ્ધ કરી દે છે, અને બીજો ઉપાય મધ્યમ છે તે યત્ને કરીને ક્રોધને નિર્બલ કરે છે. તેમાં ઉત્તમ ઉપાય એ છે કે પ્રથમ ક્રોધના કારણને વિચારે અને મૂળમાંથી ઉખાડી નાંખે. તે ક્રોધનાં કારણ (૫) પાંચ છે. ૧ લું કારણ અભિમાન છે, કારણકે અભિમાની માણસ જરા વચન અને નિરાદરે કરીને ક્રોધવાન્ થઇ જાય છે, માટે તેનો ઉપાય દીનતા છે, શાથી કે બધા જીવ ભગવતના ઉત્પન્ન કરેલા છે, અને એક સમાન છે, અને જો કોઇને વિશેષ કહેવામાં આવે છે, તો શુભ ગુણોએ કરીને વિશેષતા થાય છે, માટે અભિમાન કરવો એ મહા મલીન સ્વભાવ છે, અને નીચતાનું કારણ છે. (૨) બીજું કારણ એ છે કે હાસ્ય રસમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, તો તેનો ઉપાય એ છે કે જિજ્ઞાસુ સર્વદા પરલોકનાં કાર્ય વિષે સ્થિત રહે, અને શુભ ગુણો પામવાનો વિચાર રાખે, અને વાદ વિવાદ તથા હાસ્યથી અલગ રહે, અને પોતાને એમ સમજાવે કે જ્યારે કોઇ કોઇને આ લોકમાં હસે છે (મશ્કરી

૨૯૪ ક્રોધ ઇર્ષા અને ગાંઠિનું વર્ણન. પ્ર. ૩ જું. અધ્યાય ૧ લો. સર્ગ ૪ થો.

કરે છે) ત્યારે પરલોકમાં તેને પણ લજ્જિત કરે છે. (૩) ત્રીજું કારણ એ છે કે જ્યારે કોઇ તેની નિન્દા કરે છે, અથવા એના ઉપર કાંઇ દોષ રાખે છે, તોપણ બેઉ તરફથી ક્રોધ ઉપજે છે, તેનો ઉપાય એ છે કે પોતાને નિર્દોષ ન જાણે. અને એમ સમજે કે હું તો અવગુણોએ કરીને ભરપૂર છું, તો પછી કોઇ ઉપર ક્રોધવાન શા માટે થાઉછું? અને જો કે મારામાં કોઇ પણ અવ-ગુણ નથી તો કોઇની તરફથી મારી નિન્દા થાય તેમાં મારે શું કરવા સંશય કરવો ?

(૪) ચોથું ક્રોધનું કારણ તૃષ્ણા અને ઇર્ષા છે, શાથી કે ક્રોધી મનુષ્ય પાસેથી જ્યારે કોઈ એક પૈસો પણ લેઇ લે છે, અથવા માગે છે, તોપણ ક્રોધવાનૂ થઇ જાય છે, અને જ્યારે કોઇ લોભી પુરૂષને એક કોડી ન આપે તોપણ દુઃખને પામે છે, તે બધા મલીન સ્વભાવ છે, અને તેનો ઉપાય એ છે કે તૃષ્ણાનાં વિઘ્નોને ઓળખે કે તૃષ્ણાવાન પુરૂષ આ લોક વિષે પણ દુઃખી રહે છે, અને પરલોક વિષે પણ મોટા દુઃખને ભોગવે છે, માટે ઘટે છે કે તૃષ્ણાને હૃદયથી દૂર કરે, અને એવા મલીન સ્વભાવોની સાથે વિરૂદ્ધતાવડે કરીને આત્મ ધર્મ વિષે સાવધાન થાય. (૫) પાંચમું કારણ એ છે કે ક્રોધ-વાનોની સંગતીથી પણ ક્રોધ ઉપજે છે, અને તે મનુષ્ય એવાં મૂર્ખ થાય છે કે ક્રોધની અધીકતાને પોતાનો પુરૂષાર્થ સમજે છે, અને એ પ્રમાણે કહે છે કે અમે અમુક પુરૂષને ધમકાવી મારીને જીતી લીધો, અને અમુક સન્તે એકજ શાપે કરીને અમુક મનુષ્યને ભસ્મ કરી નાંખ્યો, તેનું ઘર અને ધન બધું નાશ કરી કીધું, વળી એમ કહે છે કે બળવાન પુરૂષોનું લક્ષણ એ છે કે જે તેના સામુ બોલે છે, તેનો નાશ થાય છે, પણ એવું કહેનારાં મનુષ્ય એવાં મૂર્ખ છે કે જે ક્રોધને સંત જનોએ કૂતરાઓનો સ્વભાવ કહ્યો છે, તેને પુરૂષાર્થ અને બડાઈ જાણે છે, અને સહન શીલતા જે મહા પુરૂષોનું લક્ષણ છે, તેને બળ હીનતા કહે છે, તે મલીન મનની પ્રકૃતિ છે, કારણ કે ખરાબીને છલ કરીને સુંદર કરીને દેખાડે છે, અને શુભ ગુણોને કુરૂપ કરીને દેખાડે છે, પણ જે બુદ્ધિમાન પુરૂષ છે, તે નિસ્સન્દેહ આ પ્રમાણે સમજે કે જ્યારે ક્રોધનું નામ પુરૂષાથ હોત તો સ્ત્રીઓ, રોગી અને વૃદ્ધ પુરૂષોને તો અધિક ક્રોધ હોય છે, માટે જગત્ વિષે તેમનીજ વિશેષતા થાત, તાત્પર્ય એ કે પો-તાના ક્રોધને જીતવો એજ પુરૂષાર્થ છે, અને મહા પુરૂષોનું લક્ષણ પણ એજ

છે, વળી કરોધવાન પુરૂષ જંગલી મનુષ્યોની પેઠે છે, અર્થાત્ જો કે જોવામાં તો મનુષ્ય દેખાય છે, તોપણ સિંહ અને વ્યાઘ્રોનું સ્વરૂપ છે, માટે તું વિચાર કરીને જો કે મહા પુરૂષોના લક્ષણનું નામ પુરૂષાર્થ છે કે પશુઓ અને મૂર્ખાના સ્વભાવનું નામ પુરૂષાર્થ છે?

ઉપર પ્રમાણે મેં પાંચ કારણના નિવારણ વાળા ઉપાયનું વર્ણન કર્યું છે, તે ઉત્તમ ઉપાય છે, શાથી કે તેણે કરીને મૂળમાંથી નાશ થઈ જાય છે, અને અધમ ઉપાય એ છે કે એણે કરીને કરોધ રૂપી કુરોગ કંઇક બળહીન થઇ જાય છે, પણ મૂળમાંથી દૂર થતો નથી. તે ઉપાય જ્ઞાનરૂપી મીઠાઇ અને હઠ રૂપી કટુના મેળાપે કરીને જે ઔષધી બનાવાય તેણે કરીને થાય છે, શાથી કે બધા ભલા સ્વભાવ જ્ઞાન અને કૃતિની એકાગ્રતાએ કરીને થાય છે, પણ જ્ઞાન એ છે કે જેટલાં વચન કરોધની નીન્દા અને સહન શીલતાની વિશેષતા વિષે આવ્યાં છે તેનો વારંવાર કરે, અને પોતાને પોતે સમજાવે કે જેમ તું પ્રબલ થઇને અનાથપર કરોધ કરે છે, તેથી અધિક ભગવત્ તારા ઉપર પ્રબલ છે? માટે જ્યારે તું કોઇ ઉપર કરોધ કરીશ ત્યારે તારા ઉપર ભગવત્ પણ કરોધવાન્ થશે. એ ઉપર એક વાર્તા છે કે આચાર્ય મહારાજના નોકરે કંઇ અવજ્ઞા કરી હતી, ત્યારે આચાર્ય મહારાજે તેને કહ્યું કે જો પરલોકનો ભય ન હોત તો તને હું શિક્ષા કરત, વળી આ પ્રકારે સમજે કે હું એટલા માટે કરોધવાન થાઉં છું કે જે ભગવત્‌ની ઇચ્છાનુસાર કામ થયું છે, અને તે મારી ઈચ્છા પ્રમાણે થયું નથી, માટે એ તો ભગવન્તની સાથે વિરોધ થાય છે; પણ જ્યારે એવા વિચારે કરીને પણ કરોધનું બલ ક્ષીણ ન થાય, ત્યારે આ સંસારના પ્રયોજનનો વિચાર કરે અને આ પ્રમાણે કરોધનું

ખન્ડન કરે કે જ્યારે હું કોઈ ઉપર ક્રોધ કરીશ ત્યારે તે પણ મારી સાથે વિરૂદ્ધ વર્તવાને ઈચ્છશે. પોતાના શત્રુને અલ્પ જાણવો ન જોઇએ. ક્રોધની વખતે માણસનું સ્વરૂપ કૂતરાના જેવું થઈ જાય છે તેવા ભયંકર સ્વરૂપને યાદ કરે. માટે એવા ખરાબ સ્વભાવનો ત્યાગ કરી ક્ષમા અને ધૈર્ય જે સન્તજનોનાં લક્ષણ છે તેને ગ્રહણ કરવાં જોઇએ, અને જગતના માનને છોડી દઈ ઈશ્વિરની કૃપા મેળવવી જોઇએ. એ પ્રકારે પોતાના મનને સમજાવવું યોગ્ય છે, અને પ્રયત્ને કરીને ક્રોધને જીતવાનો આજ ઉપાય છે. વળી જ્યારે વધારે ક્રોધ થયો એમ જાણે ત્યારે ઈશ્વિરની એવી પ્રાર્થના કરે કે હે ઈશ્વર આ ક્રોધથી મને બચાવ અને ક્રોધમાં ઉભો હોય તો બેસી જાય, અને બેઠેલો હોય તો સુઇજાય અથવા થંડાપાણીથી સ્નાન કરીલે જેથી સ્વભાવિક રીતેજ ક્રોધ શાંત પડી જાય છે. એ ઉપર સન્તજનોએ પણ કહ્યું છે કે જ્યારે માણસમાં ક્રોધ બળવાન થાય ત્યારે તેણે ઈશ્વિરને પ્રણામ કરવા જોઇએ. અને પોતાનું માથું જમીન ઉપર મુકી મનમાં એમ વિચાર કરવો જોઇએ કે હું પૃથ્વીથી ઉત્પન્ન થયોછું માટે મારે ક્રોધ કરવો તે યોગ્ય નથી. મતલબ કે કોઇ માણસ તેને દુઃખદે અથવા દુર્વચન કહે ત્યારે પ્રથમ તો ક્ષમા કરવી, પણ પછી જ્યારે જુએ કે આને કંઇક કહેવું યોગ્ય છે ત્યારે તેને થોડો જવાબદે, અને કદાચ કઠોર વચન કહે તોપણ જુઠું બોલે નહીં. પરંતુ જીજ્ઞાસુને માટે યોગ્ય નથી કે તે પોતે દુર્વચન કહેનારને દુર્વચનથી ઉત્તર આપે અને નિન્દા કરનારની પોતે પણ નિંદા કરે. કારણ કે તે સહનશીલતાના લક્ષણ નથી. એ ઉપર એક વાત છે. એક ભક્તને કોઇક દુર્વચન કહેતો હતો અને આચાર્ય મહારાજ પણ પાસે બેઠા હતા. પછી જ્યારે તે ભક્તે તે માણસને જવાબ આપવા માંડયો ત્યારે આચાર્ય મહારાજ પણ ઉઠીને ઉભા થયા. તે ભક્તે પૂછયું કે હે ગુરૂજી જ્યારે તે પુરૂષ મને દુર્વચન કહેતો હતો ત્યારે તો આપ બેઠા હતા અને જ્યારે મેં તેને ઉત્તર આપવા માંડયા ત્યારે આપ ઉભા થયા તેનું કારણ શું? તેના ઉત્તરમાં મહા પુરૂષે કહ્યું કે જ્યાં સુધી તું મૌન હતો ત્યાં સુધી દેવતા લોકો તારે માટે તેને ઉત્તર આપી રહ્યા હતા, અને જ્યારે તું

બોલવા લાગ્યો ત્યારે ક્રોધ રૂપી રાક્ષસ આવી પહોંચ્યો અને રાક્ષસોની સોબત ત્યજવી પ્રમાણ છે વળી આચાર્ય મહારાજે કહ્યું છે કે ઇશ્વરે મનુષ્યોની અવસ્થા જુદી જુદી બનાવી છે એટલા માટે કે કેટલાક તે સમયે ક્રોધવાન મનુષ્યો થાય છે અને પ્રસન્ન પણ ઘણે વિલંબે થાય છે અને કેટલાક તરતજ ક્રોધવાન અને તરતજ પ્રસન્ન થાય છે. આ બીજા પ્રકારના પુરૂષ ઉત્તમ ગણાય છે. પણ તું એમ જાણે કે જ્યારે ધૈર્ય અને વિચારે કરીને મનુષ્ય ક્રોધને જીતે છે ત્યારે તે શ્રેષ્ઠ ગણાય છે. જ્યારે મનુષ્યે કોઇ પ્રસંગથી અથવા નિર્બળતાથી ક્રોધ કરવો નહીં કારણ કે મનમાં ક્ષોભ થાય તો તેથી હ્રદય વિષે ક્રોધની ગાંઠ પડી જાય છે અને તે બહુ નિંદવા યોગ્ય છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જીજ્ઞાસુ પુરૂષે મનમાં ક્રોધની ગાંઠ રાખવી નહીં. આથી સિદ્ધ થયું કે આ ગાંઠ પણ ક્રોધનુંજ સંતાન છે અને એ ક્ષોભના આઠ પુત્ર છે જે ધર્મના નાશક છે. તેમાં ઈર્ષા છે જેથી શત્રુનું મુખ જોઇનેજ મન ઉશ્કેરાઇ જાય છે. ૨ વૈરભાવ જેથી જ્યારે કોઈ આપણા શત્રુને દુઃખ દેછે ત્યારે રાજી થઈ તે દુઃખનું વર્ણન કરવામાં આવે છે. ૩ ક્રોધથી તેની સાથે રામ રામ કરવાનું પણ બંધ થાય છે. ૪ પોતાના શત્રુને ગ્લાનીથી જુએ છે. ૫ તેને દુર્વચન કહે છે. ૬ તેના છિદ્રને લોકોમાં પ્રકટ કરે છે. ૭ તેનો ઘાત ઇચ્છે છે. ૮ તેને કોઈ પણ કાર્યમાં સહાય કરતો નથી અને તેનો રૂણી હોય તો પણ નીષ્ઠુર થઇને તેનાથી દૂર રહે છે. કદાચ કોઈ બુદ્ધિમાન પોતાને સ્થૂલ વિકારોથી બચાવે, તોપણ શત્રુ ઉપર ઉપકાર કરવો એ ઘણુંજ કઠણ છે અને તેના ઉપર ભાવ રાખવો, તેને મળવું, તેને સહાય કરવી અને તેના ગુણનું વર્ણન કરવું તે બની શકતું નથી. આ બધો સ્વભાવ ચિત્તને મલીન કરનારો છે. એ ઉપર એક વાત છે કે એક માણસ આચાર્ય મહારાજની રસોઈ કરનાર હતો તેણે આચાર્ય મહારાજની પત્નિને દુર્વચન કહ્યાં. તે રસોઇઆને ખાવાપીવા તથા વસ્ત્ર વગેરેની સંભાળ આચાર્ય મહારાજના સસરા લેતા હતા. તેમને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે ક્રોધથી મહારાજની દુઆ દઇને તેને કહ્યું કે હું હવે તારી ખાવાપીવાની તથા વસ્ત્રની સંભાળ લઇશ નહીં.

જ્યારે આચાર્ય મહારાજને આ વાતની ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે મને ભગવતની આજ્ઞા થઈ છે કે જ્યારે કોઈ માણસ તમારી આજ્ઞા માથે ન ચડાવે ત્યારે તમે તેને ક્ષમા કરજો અને એમ ન કહેતા કે હું તેની સાથે ભલાઇ નહીં કરૂં. મતલબ કે કોઇ પુરૂષ ઉપર ક્રોધ ઉપજે ત્યારે ધીરજથી કરીને શાંત થાય અને તેના ઉપરનો ભાવ ભલાઇથી વધારે. આ અવસ્થા ઉત્તમ પુરૂષોની છે. જ્યારે શત્રુની સાથે ભલાઇથી વર્ત્તી ન શકે તોપણ આટલું તો અવશ્ય કરવું જોઇએ કે પોતાના શત્રુને કોઇ પણ પ્રકારે દુઃખ દે નહીં. આવું વર્તન મધ્યમ પ્રકારના પુરૂષોનું છે. શત્રુની સાથે શત્રુતાઇ કરવી એતો સંસારી જીવોનું કામ છે. અને એ અવસ્થા અધમ છે. આથી સિદ્ધ થયું કે નઠારાની સાથે પણ ભલાઈ કરવી જોઇએ અને એ ઉત્તમ કર્મ છે અને જો તેમ બની ન શકે તો યોગ્ય છે કે ક્ષમા કરવી. આ ઉપર આચાર્ય મહારાજે ભગતની આજ્ઞાથી કહ્યું છે કે દાન આપવાથી ધન કદી પણ ખુટી જતું નથી અને પારકી ઇચ્છા રાખનાર નિશ્ચે નિર્ધનતાને પ્રાપ્ત થાય છે. અને ક્ષમા કરનારને ઇશ્વર પણ જરૂર ક્ષમા કરે છે. અને મહા પુરૂષનાં ધર્મપત્નીએ પણ કહ્યું છે કે મેં કદી પણ મહાપુરૂષને પોતાને માટે કોઇને દંડ દેતા જોયા નથી અને જ્યારે સજા કરતા ત્યારે તે ફક્ત ધર્મને નિમિત્તેજ. વળી કહ્યું છે કે લોક અને પરલોકમાં વૈરી ઉપર પ્રેમભાવ કરવો એના જેવું ઉત્તમ કર્તવ્ય બીજું નથી અને દુઃખ દેનારને સુખ દેવું એજ યોગ્ય છે. આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જેઓ મારા ભયે કરીને પોતે બળવાન હોવા છતાં પણ કોઇની ભૂલ ક્ષમા કરે છે તેજ હમેશાં મારી સમીપ વાસ કરનાર છે અને તેજ મને અધિક પ્રિય છે. એ ઉપર એક વાર્તા છે કે એક સંતની સામગ્રી કોઇએ ચોરી લીધી ત્યારે તે સંત રૂદન કરવા લાગ્યા. લોકોએ તેમને પૂછયું કે તમે ધનને માટે રૂવો છો? ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે ધનનો શોકતો કંઇ નથી પણ હું એટલા માટે રડુંછું કે જ્યારે પરલોકમાં એ અનાથ ચોરને પકડી કરીને દંડ કરશે ત્યારે તે બિચારો શો ઉત્તર દેશે? તેથી હું દયા કરીને રડુંછું. વળી એક મહાત્માને આકાશવાણી થઇ હતી

જ્યારે મનુષ્ય પોતાના શત્રુની અવજ્ઞાની ક્ષમા કરે છે અને વેરભાવથી દૂર થાય છે, ત્યારે તેનાં સર્વ વિઘ્નો નાશ થઈ જાય છે. માટે તેને ઘટે છે કે જ્યારે ક્રોધ ઉપજવા લાગે ત્યારે શિતલ ચિત્ત થઇ રહે. અને દુઃખ દેનારા પુરૂષપર પણ ઉપકાર કરે. આમ કરે ત્યારે ક્રોધ પણ નિર્બળ થઇ જાય છે. એ ઉપર એક મહાત્માએ પોતાની સ્રીને કહ્યું હતું કે જેને ભગવાને ભાવ અને દયાનું લક્ષણ આપ્યું છે, તે લોક અને પરલોકનું સુખ ભોગવે છે અને જે પુરૂષ ભાગ્યહીન છે, તે લોક અને પરલોકનાં સુખથી અપ્રાપ્ત રહે છે.

અથ ઈર્ષાના વિઘ્નોનું વર્ણન.

માટે તું સમજ કે ક્રોધથી ગાંઠ ઉત્પન્ન થાય છે અને ક્રોધની ગાંઠથી ઈર્ષા ઉપજે છે. તે ઈર્ષા પણ જીવના ધર્મનો નાશ કરનારી છે. એ ઉંપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જેમ લાંકડાંને અગ્નિ ભસ્મ કરી દેછે તેમ ઈર્ષા શુભ કૃતિને બાળી દેછે. વળી એમ પણ કહ્યું છે કે દોષ દ્રષ્ટી અને ઈર્ષાથી મુક્ત થવું મનુષ્યને માટે કઠણ છે. પણ એનો ઉપાય એ છે કે જ્યારે કોઈ ઊંપર દોષ દ્રષ્ટી ઉપજે ત્યારે તેનાં છિદ્રોની ખોળ ન કરવી અને જેની સાથે જ્યારે કંઈ ઈર્ષા ઉપજવા લાગે ત્યારે રસના અને હાથોને અપકર્મોથી બચાવી રાખીયે. વળી મહારાજે પોતાના પ્રિયતમોને આ પ્રકારે કહ્યું છે કે હવે હું તમારામાં ઈર્ષાની અધિકતા દેખુંછું. તે ઇર્ષાએ કરીને આગળ પણ ઘણાં મનુષ્યોનો નાશ થયો છે, માટે હું ભગવતના સમખાઈને કહું છું કે જ્યાં સુધી આ મનુષ્યોનો ધર્મ દ્રઢ થતો નથી ત્યાં સુધી આત્મ સુખને પામતો નથી, અને જ્યાં સુધી સર્વ મનુષ્યોની સાથે ભાવ અને પ્રીતિ રાખતો નથી. એ ઉપર ભગવન્તે કહ્યું છે કે ઈર્ષા કરનારો પુરૂષ એવો વિમુખ છે કે જેને હું કંઈ આપુંછું, તેનો તે શત્રુ થાય છે અને જે રીતે જીવોનું પ્રારબ્ધ મેં રચ્યું છે તેને તે સારૂં જાણતો નથી. આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે છ પ્રકારના પુરૂષ સૃષ્ટિ સ્વભાવે કરીને સ્વાભાવીકજ નરક વિષે ચાલ્યા જશે. (૧) રાજા અધર્મે કરીને (૨) સીપાઈ લોક કઠોરતાએ કરીને (૩) ધનવાન અભિ-

માને કરીને (૪) વ્યવહારીક લોક છલે કરીને, (૫) જંગલી લોક મૂર્ખતાએ કરીને (૬) વિદ્યાવાન્ ઈર્ષા કરીને નરક ગામી થશે. એક સંતે કહ્યું છે કે હું કોઈની ઈર્ષા કરતો નથી. શાથી કે જ્યારે હું પરલોક વિષે સુખને પામ્યો ત્યારે આ સ્થૂળ સુખ કિંચિન્માત્ર છે. જો એની હું ઈર્ષા કરીશ અને જ્યારે નરકગામી થઈશ ત્યારે સંસારનાં સુખોને ભોગવી કરીને ક્યાં સુધી સુખી થઈશ.

અથ ઈર્ષાના રૂપનું વર્ણન.

તું એમ સમજ કે જ્યારે કોઈ માણસને સુખ પ્રાપ્તી થાય, અને તેના સુખને જોઈ કરીને કોઈ કોપાયમાન થાય, અને તેના સુખનો નાશ થવાને ઇચ્છે ત્યારે તેનું નામ ઈર્ષા છે. તે મહા મલીન સ્વભાવ છે. શાથી કે ભગવત્ની સાથે તેથી વિરોધ થાય છે. પોતાને કંઈ લાભ ન થાય, અને બીજાની હાનિ ઇચ્છે એ હૃદયની મલીનતાનું લક્ષણ છે. પરંતુ જ્યારે મનુષ્ય કોઈનું સુખ જોઈને અપ્રસન્ન થાય અને તેના સરખો થવાને ઇચ્છે, ત્યારે તેનું નામ અભિલાષા કહે છે. જો એ અભિલાષા ધર્મ કાર્યમાં થાય તો નિસ્સન્દેહ સુખનું કારણ થાય છે. અને ભોગોને નિમિત્તે થાય તો એ પણ અપવિત્ર છે. એ ઉપર મહા પુરૂષે કહ્યું છે કે જિજ્ઞાસુએ ઈર્ષા કરવી અયોગ્ય છે. પણ આ પ્રમાણે પ્રમાણ છે કે જ્યારે તે કોઈ સાત્વિકી મનુષ્યને શુભ કૃતિ વિષે વર્ત્તતાં જુએ, અથવા કોઇને ઉદારતા સહિત દેખે ત્યારે તેને એમ ઘટે છે કે તે પણ કોઈ પ્રકારે એના જેવો થાય જો એ પુરૂષ નિર્ધન હોય તોપણ સાત્વિકી શ્રદ્ધાએ કરીને ધનવાનની ઉદારતાના ફલને પામે છે. તેમજ જ્યારે કોઈ ધનવાન્ પોતાના ધનને પાપમાં ખરચતો હોય, અને કોઈ નિર્ધન તેને જોઇને આ પ્રમાણે ઇચ્છે કે જો મારી પાસે ધન હોત તો હું પણ એ પ્રમાણે ભોગ ભોગવતો આવી મનસા કરવાથી એ બેઉ સમાન પાપી થાય છે. તાત્પર્ય એકે કોઈની સમ્પદા અને સુખને જોઇને ગ્લાનિ કરવી પ્રમાણ નથી. પણ જયારે કોઈ અધર્મી રાજા હોય, અથવા કોઈ દુરાચારી હોય અને તેના

સુખને જોઇને દોષ દૃષ્ટિ આવે તો પ્રમાણ છે. શાથી કે તેના સામર્થ્યનો નાશ થવાથી પાપોનો નાશ થાય છે. તેનું લક્ષણ એ છે કે જ્યારે તે અધર્મી રાજા અથવા તે દુરાચારી એ પાપનો ત્યાગ કરે ત્યારે તેની સમ્પદાને જોઇને પ્રસન્ન થાય અને દોષ દૃષ્ટિ ન રાખે, ત્યારે જાણીએ કે આ ઈર્ષા નથી. અને જોકે તે ઈર્ષા એવી છે કે સ્વભાવિકજ આ માણસના હૃદય વિષે આવીને સ્ફુરે છે. અને પોતાના બળવડે કરીને એનાથી દૂર થઈ શકતી નથી. પણ જ્યારે આ પુરૂષ તે ઈર્ષાના સંકલ્પને મહા મલીન જાણે અને ભયવાન્ રહે ત્યારે તે સૂક્ષ્મ સંકલ્પે કરીને એવું પાપ લાગતું નથી. પણ જ્યારે એવો સાક્ષી રૂપ થાય કે જો એના શત્રુનું સુખ દુઃખ એનાજ હાથમાં હોય તોપણ તેને સુખથી અપ્રાપ્ત ન રાખે.

અથ ઈર્ષાના ઉપાયનું વર્ણન.

ઈર્ષા એ પણ એક દીર્ઘ રોગ છે અને એ રોગે કરીને કેવળ હૃદયનેજ દુઃખ થાય છે. માટે તેનો ઉપાય પણ જ્ઞાન અને કૃતિના સમ્બધે કરીને થઇ શકે છે જ્ઞાન એ છે કે ઈર્ષાએ કરીને લોક અને પરલોક વિષે પોતાની હાનીને જાણે—વળી આ લોકમાં આવી રીતે હાની થાય છે કે ઈર્ષા કરનારો પુરૂષ સર્વદા ચિન્તાવાન્ રહે છે, અને દુઃખી રહે છે. અને જો કે પોતાના મનમાં શત્રુને દુઃખ થવાનું ચિંત્વન કરે છે, તોપણ પ્રથમ તો પોતેજ ચિંતા એ કરીને બળવા માંડે છે. તેથી પ્રસિદ્ધ થયું કે આ ઈર્ષા મહા દુઃખરૂપ છે અને મહા મૂર્ખતા છે, શાથી કે પોતાના ક્રોધે કરીને પોતાને બાળે છે; અને શત્રુની કંઇ હાની કરી શકતો નથી. કેમકે બધા માણસોનું સુખ દુઃખ મહારાજની આજ્ઞાને આધીન છે. અને જે રીતે ભગવાને તે સુખનું પ્રારબ્ધ રચ્યું છે, તે એના સંકલ્પે કરીને નથી વધતું કે નથી ઘટતું માટે પ્રસિદ્ધ થયું કે ઈર્ષા કરનારા મનુષ્યને આ લોકમાં ઈર્ષા દુઃખ દેછે. વળી પરલોક વિષે આ પ્રકારે દુઃખ દાયક છે કે ઈર્ષા કરનારો પુરૂષ ભગવતની આજ્ઞાથી વિરોધ કરે છે. અને ભગવાને જે પૂર્ણ જ્ઞાનની સાથે જીવોનું પ્રારબ્ધ રચ્યું છે, તેથી

વિમુખ થાય છે. માટે ઈર્ષા વડે મહારાજની પ્રતીતિથી હીન થાય છે. વળી સર્વ જીવોનું પણ ભૂંડું ઇચ્છે છે. એ કારણથી સંત જનોએ કહ્યું છે કે, ઈર્ષા કરવી એ પામરતા છે. અને જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે જેની ઈર્ષા કરે છે, તેને તો આ લાભ થાય છે કે તેની ઈર્ષા કરનારો શત્રુ આ લોકમાં બળતો રહે છે, અને તેની હાની કંઇ થતી નથી. વળી જેની તું ઈર્ષા કરે છે, તેને ધર્મનો લાભ આ પ્રકારે થાય છે કે તેણે તો તને દુઃખ દીધું નથી, અને તું તેને દુઃખ થાય એવો વિચાર કરે છે, માટે તારાં શુભ કર્મોનું ફલ તેને થશે અને તેનાં પાપોનું ફળ તને ભોગવવું પડશે. માટે જ્યારે માણસ વિચાર કરીને જુએ ત્યારે આ પ્રકારે વિચારે કે જે તેના લૌકિક સુખનો નાશ ઇચ્છે છે તે ચિંત્વન કરવાથી તેનું લૌકિક સુખ પણ દૂર થતું નથી અને તારી ઈર્ષાના સમ્બધે કરીને તેને પરલોક વિષે પણ અધિક સુખ થાય છે અને તું આ લોકમાં પણ દુઃખી રહે છે અને પરલોકોનાં દુઃખોનાં બીજ વાવે છે. તું પોતાના મનમાં જાણે છે કે હું પોતાનો મિત્ર છું, અને તેનો શત્રુ છું પણ જ્યારે ભલી પ્રકારે દેખે ત્યારે તેનો મિત્ર છે અને પોતાનો છે. માટે તું પોતાને પોતેજ દુઃખી કરે છે અને પરલોકનાં સુખથી પણ અપ્રાપ્ત રહે છે, અને જે પુરૂષ કોઇની સમ્પદા અને સુખને જોઇને ઈર્ષા કરતો નથી અને પ્રસન્ન થાય છે, તે આ લોકમાં સુખી છે અને પરલોકમાં પણ સુખી થશે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે=ઉત્તમ પુરૂષ તે છે કે જે કોઇને શુભ ઉપદેશ દૃઢ કરાવે અથવા વિદ્વાનોથી ઉપદેશ સાંભળીને અંગીકાર કરે અથવા તેને પ્રીતમ રાખે પણ ઈર્ષા કરનારો એ ત્રણે ગુણોથી અપ્રાપ્ત રહે છે. માટે ઈર્ષા કરનારાનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પોતાના શત્રુને પથ્થર મારે, પણ તેનો શત્રુ તો પથ્થરની ચોટથી બચી જાય, અને તે પથ્થર ઉછળીને તેનીજ આંખમાં વાગે તેથી તેની આંખ ફૂટી જાય, વળી વધારે ક્રોધ કરીને તેને બીજો પત્થર મારે ત્યારે તેને ઉછળીને વાગે અને તેથી તેની બીજી આંખ પણ ફૂટી જાય, વળી બીજો પત્થર મારે ત્યારે તેણે કરીને પણ તેનું માથું ફુટે. એમજ તે વારંવાર પોતાને ઘાયલ કરે છે, અને તે

શત્રુ તેને જોઇને હસે છે તેમજ ઇર્ષા કરનારો પુરૂષ પોતે પોતાને દુઃખી કરે છે, અને શત્રુની કંઇ હાની કરી શકતો નથી. વળી હાથો વડે તથા વચનો વડે શત્રુને દુઃખ દે, અને તેની નિન્દા કરે ત્યારે તેતો અધિક દુઃખી થાય છે. પણ જ્ઞાનનો ઉપાય જે મેં કહ્યો હતો તે એ છે કે જેમણે ઇર્ષાને હલાહલ વિષે સમાન જાણી છે, તે અવશ્યજ તેનો ત્યાગ કરે છે. વળી કૃતિએ કરીને આ ઉપાય થાય છે કે જે સમ્બન્ધે કરીને ઇર્ષા ઉત્પન્ન થાય છે, તેને યત્ને કરીને પોતાના હૃદયથી દૂર કરે. તે ઇર્ષાનાં બીજ અભિમાન, વૈરભાવ, અને માનની પ્રીતિ છે, માટે ઘટે છે કે જિજ્ઞાસુ એવા મલીન સ્વભાવોને મૂળમાંથી દૂર કરે, ત્યારે ઇર્ષાનું બીજ નાશ થાય. વળી એક એ પણ ઉપાય છે કે જ્યારે ઇર્ષાએ કરીને મનુષ્ય કોઇની નિન્દા કરવા ઇચ્છે, ત્યારે તેની સ્તુતિ કરે અને જ્યારે તેની હાની કરવા ઇચ્છે, ત્યારે સહાયતા કરે. જ્યારે અભિમાનનો અંકુર ઉપજવા લાગે ત્યારે દીનતાનો અંગીકાર કરે. તે પણ ઉત્તમ ઉપાય છે કે જેની સાથે કંઇ વૈર ભાવ હોય ત્યારે બધી રીતે તેની ભલાઇનું વર્ણન કરે તો સ્વાભાવીકજ ઇર્ષા દૂર થઇ જાય છે. પણ એ મન એવું શત્રુ છે કે જ્યારે આ પુરૂષ સહન શીલતા કરે છે, ત્યારે મન આ પ્રમાણે કહે છે કે જ્યારે તું સહનશીલ થઇશ ત્યારે તારો શત્રુ તને નિર્બળ જાણશે. એ કારણથી કહ્યું છે કે જોકે મનના સ્વભાવને વિષમયમ કરવો એ ઉત્તમ ઉપાય છે, તોપણ તે બહુ કઠણ છે. અર્થાત એ વિષે ધૈર્ય કરવું અતિ કઠણ છે. પણ જ્યારે જિજ્ઞાસુની બુદ્ધિમાં એવું બળ દૃઢ હોય કે ઇર્ષા અને ક્રોધને લોક અને પર લોકનું દુઃખ જાણે અને તેનો ત્યાગ કરીને પરમ સુખની પ્રાપ્તિ જુએ ત્યારે એ યત્ન વિનાજ આ ઔષધીનો અંગીકાર કરે છે. શાથી કે જો કે બધી ઔષધી કડવી અને તુરી હોય છે તોપણ બુદ્ધિમાન પુરૂષ કટુતાને નિમિત્તે ઔષધીનો ત્યાગ કરતા નથી અને જે રોગી મૂર્ખતાએ કરીને કટુતાના નિમિત્તે ઔષધીનો ત્યાગ કરે ત્યારે તે શીઘ્રજ મૃત્યુને પ્રાપ્ત થાય છે. વળી તમે એમ જાણો કે આ માણસ યત્ને કરીને શત્રુ અને મિત્રને સમાન કરી શકતો નથી શાથી કે એ જીવ છે, અને પરાધીન છે. તોપણ તેને અવશ્ય એટલું ઘટે છે

કે જો મનથી ઇર્ષા અને ક્રોધ દૂર થઇ શકે નહિ તો વચન અને કર્મે કરીને તો વૈરભાવ ન કરે–અને બુદ્ધિ વિષે પણ એ સ્વભાવને મલીન જાણે. વળી એ પ્રમાણે ઇચ્છે કે જો આ મલીન સ્વભાવ મારા હૃદયમાંથી દૂર થાય તો સારૂં છે. જ્યારે જિજ્ઞાસુ જન એવા પુરૂષાર્થને પ્રાપ્ત થાય ત્યારે જાણીએ કે મનના સંકલ્પે કરીને એને કંઇ બંધન નહિ હોય, શાથી કે એની શ્રદ્ધા વિષે કશી મલીનતા નથી, અને જીવત્વે કરીને અકસ્માત્ કોઇક સંકલ્પ પુરી આવે છે તે પણ વિચારના બળથી દૂર થઇ જશે. પણ કેટલાક પુરૂષ આ પ્રમાણે કહે છે કે જો કે હૃદય વિષે ઇર્ષાની બુરાઇ ન જાણે પણ જ્યારે વચન અને કર્મે કરીને વૈરભાવ ન કરે ત્યારે મનના સંકલ્પે કરીને એને પરલોકમાં શિક્ષા થતી નથી. એ વાત અયોગ્ય છે. શાથી કે એ ઈર્ષા તો મનનુંજ કર્મ છે, તે જ્યારે એ કોઈનું સુખ જોઇને તપાયમાન થાય અને દુ:ખ જોઇને પ્રસન્ન થાય, ત્યારે એથી અધિક પાપશું છે? માટે એ પાપથી ત્યારે છૂટે કે જ્યારે આ સ્વભાવને મલીન જાણે અને સર્વ પ્રકારે એથી મુક્ત થવા ઇચ્છે, ત્યારે મનસાએ કરીને તે મલીન સંકલ્પ દૂર થઈ જાય છે; પણ શત્રુ અને મિત્રની સંપૂર્ણ સમાનતા ત્યારે થાય છે કે જ્યારે એ પુરૂષને એકતાની અવસ્થા પ્રાપ્ત થઇ જાય. અર્થ એકે સર્વ જીવોને પરાધીન દેખે અને સર્વ કર્મોના કર્તા ભગવત્નેજ જાણે એ અવસ્થા મહા દુર્લભ છે, જો કે કોઈ વખતમાં વિજળીની પેઠે ચમકારો દેખાડે છે તોપણ સર્વદા સ્થિર રહેતી નથી. અને જેમણે એવા પરમ પદ વિષે સ્થિતિ મેળવી છે, તે પણ વિરલાજ સન્તજન છે.

સર્ગ પાંચમો.

માયાની પ્રીતિ અને તૃષ્ણાની નિષેધતાનું વર્ણન.

આ માયા સર્વ વિઘ્નોનું મૂળ છે, અને એની પ્રીતિ સર્વ પાપોનું બીજ છે. વળી આ માયા કેવી છે, કે તે ભગવત્‌ના પ્રીતમોની વૈરીણી છે. અને જે મહારાજથી વિમુખ છે, તેની પણ શત્રુ છે. પણ ભગવત્‌ના પ્રીતમોની આ રીતે વૈરી છે કે તેમના પ્રતિ પોતાને સુંદર કરીને દેખાડે છે, અને નાના પ્રકારના છલોને પ્રસારે છે. એ કારણથી તે જિજ્ઞાસુ વૈરાગ્ય મેળવવામાં ને એને ત્યાગવામાં યત્ન કરતો રહે છે, અને પોતાને બચાવવાને ઇચ્છે છે. વળી ભગવત્‌ વિમુખોની શત્રુ એ રીતે છે કે પ્રથમ તો તેને પોતાના ઉપર રાજી કરે છે, અને જ્યારે અધિક પ્રમાદે કરીને મોહિત થાય છે, ત્યારે તેને પણ ત્યાગી દેછે. અને દુરાચારીણી સ્ત્રીની પેઠે ઘર ઘર ભટકતી ફરે છે અને પોતાના પ્રીતમોને સદા દુઃખ દેછે. વળી જ્યારે એની સાથે પ્રીતિ કરનારાં મનુષ્ય પરલોકમાં જાય છે ત્યારે મહારાજના કોપને દેખે છે. માટે જે બુદ્ધિમાને એના છલોને ભલી પ્રકારે સમજી કરીને એનો ત્યાગ કર્યો છે તે એના વિઘ્નોથી છૂટે છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે આ માયા મહાછલ રૂપ છે, અને ભગવન્તે જે સંત જનોને સંસારમાં મોકલ્યા છે અને નાના પ્રકારનાં શાસ્ત્ર અને વચન ઉત્પન્ન કર્યાં છે તેનું પ્રયોજન એ છે કે જીવોને માયાની પ્રીતિથી વિવર્જિત કરે, અને તેના છળો અને વિઘ્નોને પ્રસિદ્ધ કરીને દેખાડે, ત્યારે આ જીવ માયાથી વિરક્ત ચિત્ત થઇને પરલોકના માર્ગ વિષે યત્ન કરવાને સાવધાન થાય.

એ ઉપર એક વાર્તા છે કે એક સમયે આચાર્ય મહારાજ પોતાના પ્રીતમો સહિત ચાલ્યા જતા હતા, ત્યારે એક મૃતક પશુને તેમણે જોયું અને કહેવા લાગ્યા

કે હું ભગવત્‌ની આજ્ઞાએ કરીને કહું છું કે આ મૃતક પશુ એવું ખરાબ છે કે તેના તરફ કોઈ જોતું નથી. તેમજ આ માયા સન્તજનોની પાસે એથી પણ વધારે ખરાબ છે. શાથી કે જો ભગવત્‌ના દરબાર વિષે એ માયાને કંઈ પણ વિશેષતા હોત તો મનુષ્યોને રંચમાત્ર પણ મળત નહિ.

વળી આચાર્ય મહારાજે કહ્યું છે કે માયાને ધિક્કાર છે, અને તેની જે સામગ્રી છે તેને પણ ધિક્કાર છે, પણ એક એજ પદાર્થ ધિક્કારથી રહિત છે કે જે કેવળ ભજનને નિમિત્તે અંગિકાર કરીયે. વળી એમ પણ કહ્યું છે કે જેણે માયાને પોતાની પ્રિતમ કરી છે, તે પરલોકથી વિમુખ થયા છે અને જેમણે પરલોકનાં સુખોને પ્રિતમ કર્યા છે, તે માયાના ભોગોથી વિરસ થાય છે. માટે ઘટે છે કે નાશવન્ત પદાર્થોનો ત્યાગ કરો, અને સત્ય સ્વરૂપની પ્રીતિમાં સાવધાન થાઓ.

એક પ્રીતિમાને કહ્યું છે કે એકવાર એક સન્તે પાણી માગ્યું હતું ત્યારે લોકોએ તેને કટોરો આણી આપ્યો, તે જ્યારે પીવા લાગ્યા ત્યારે એવું રૂદન કર્યું કે તેને જોઇને બધા લોકો રોવા લાગ્યા. અને કોઈ પૂછી શકતા નહોતા કે તમે શા માટે રૂદન કરો છો? પછી જ્યારે મૌન કર્યું ત્યારે પ્રીતિમાનોએ પૂછ્યું કે તમારે રૂદન કરવાનું શું કારણ હતું? ત્યારે તેમણે કહ્યું કે એકવાર આચાર્ય મહારાજ ધ્યાનમાં બેઠા હતા અને હાથોવડે કોઇને ખસેડતા હતા પણ મને કંઈ જોવામાં ન આવ્યું ત્યારે મે પૂછ્યું કે તમે કોને હડાવતા હતા? ત્યારે તેમણે કહ્યું કે આ માયા વારંવાર મારી પાસે આવે છે અને હું તેને દૂર કરૂં છું પણ આ માયા આ પ્રકારે કહે છે કે તમે તો મારા છલોમાંથી ઉગર્યા છો, પણ જે તમારા પછી થશે તે પોતાને બચાવી શકશે નહિ. માટે આ શરબતને જોઇને ડરૂં છું એટલા માટે કે મને છેતરવાને માટે આ માયા રખેને આ રૂપ ધારણ કરીને આવી હશે તો હું શું કરીશ?

"આચાર્ય મહારાજે કહ્યું છે કે આ માયા નિધરા ઘર છે અને નિર્ધનાધન છે" માટે પ્રીતીએ કરીને મૂર્ખજ એનો હર્ષથી સંચય કરે છે. એને પ્રાપ્ત તેજ કરે છે. કે

જે વિદ્યાહિન છે અને એને નિમિત્તે યત્ન તેજ કરે છે જે ધર્મથી રહિત છે—માટે જે પુરૂષ પ્રભાતને વખતે ઉઠી કરીને માયાનાં કાર્યો વિષે દૃઢ થાય છે, તે ભગવત્‌થી વિમુખ છે. માયાધારી જીવો વિષે ૪ ચાર લક્ષણ અવશ્યજ હોય છે. (૧) પ્રથમ તો તેમની ચિંતા કદાચિત્ દૂર થતી નથી. (૨) બીજું જંજાળો વિષે તે એવો આસક્ત રહે છે કે કદાચિત્ મુક્ત થતો નથી. (૩) ત્રીજું તે સર્વદા અતૃપ્ત રહે છે. (૪) થું તેની આશા કદાચિત્ પૂર્ણ થતી નથી. એ ઉપર એક સન્તે કહ્યું છે કે એકવાર આચાર્ય મહારાજે કહ્યું કે તું માયાની સમ્પૂર્ણતાને જોવાને ઇચ્છે છે? એટલું કહીને મને ગંદે ઠેકાણે લેઇ ગયા તો ત્યાં માણસો અને પશુઓનાં અસ્થિ પડયાં હતાં. અને વિષ્ઠા તથા પુરાતન વસ્રોના ટુકડા પણ પડયા હતા, ત્યારે તેને જોઇને કહેવા લાગ્યો કે હે ભાઇ આ જે મનુષ્યોનાં શીશ જુઓ છે તે પણ તમારી પેઠે તૃષ્ણા અને ઇર્ષાએ કરીને પૂર્ણ હતાં. તે હવે તેમનાં હાડકાં ઉપર ચામડી પણ રહી નથી અને શીઘ્રજ ભસ્મ થઇ જશે અને આ નાના પ્રકારનાં વ્યંજન શાક પાક જે મીઠાં લાગતાં હતાં અને યત્ને કરીને મળતાં હતાં તે બધાં હવે વિષનુંરૂપ પામ્યાં છે. વળી અનેક ભાતનાં વસ્રો બધાં પુરાતન થઇને ભસ્મ થવા લાગ્યાં છે. વળી જે ઘોડા અને હાથીયો ઉપર સવાર થઇને ફરતા હતા તેમનાં પણ હાડકાં શેષ રહી ગયાં છે. એ માયાનો આદિ અંત એજ છે. વળી એમ પણ કહ્યું છે કે કેટલાક પુરૂષ જપ તપ કરનારા પણ પરલોકમાં નરકગામી થશે. શાથી કે જ્યારે માયાના પદાર્થોને જોતા હતા ત્યારે અધિક તૃષ્ણાએ કરીને અંગીકાર કરતા હતા. એકવાર આચાર્ય મહારાજ પોતાના પ્રીતમોને કહેવા લાગ્યા કે પોતાને અન્ધ કરનાર પુરૂષ કોણ છે? કે જે પુરૂષ માયાની તૃષ્ણા કરે છે તે પોતાને અન્ધ કરવાને ઇચ્છે છે. અને જે પુરૂષ માયાથી વિરક્ત થાય છે, અને આશા તૃષ્ણાને ઘટાડે છે, તેના હૃદય વિષે ભગવત્ અનુભવની વિદ્યા પ્રગટાવે છે અને ભણ્યા વગરજ તેની બુદ્ધિ ઉજ્વળ થાય છે, અને યથાર્થના માર્ગને તે પ્રકટ જુએ છે. આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે "માયાના પદાર્થોનું સ્મરણ પણ ન કરો"—ત્યારે તો માયાની વાર્તા કર-

વીજ અયોગ્ય ઠરી તો એની સાથે પ્રીતિ કરવી, અને તેની ઉત્પત્તિને નિમિત્તે યત્ન કરવો શી રીતે પ્રમાણ છે ? એ ઉપર એક મહાત્મા મહા પુરૂષે કહ્યું છે કે માયાને પોતાનો સ્વામી ન બનાવો, ત્યારેજ માયા તમને પોતાનો દાસ ન કરે. અર્થ એકે માયાની સાથે અધિક પ્રીતિ કરશો નહિ ત્યારેજ તેની જાળ વિષે બંધાશો નહિ. વળી તે પદાર્થનો સંચય કરો કે જેનો સંચય કરવાથી તમને કદાચિત્ ભય ન થાય. વળી એમ પણ કહ્યું છે કે, આ માયા અને પરલોક એવાં છે કે "જેમ એક પુરૂષની બે સ્ત્રી હોય" અર્થ એકે જ્યારે એક પ્રસન્ન થાય છે ત્યારે બીજી દુઃખી થાય છે. તેમજ જ્યારે આ પુરૂષ માયા વિષે સાવધાન થાય છે ત્યારે પરલોકથી વિમુખ થાય છે, અને જ્યારે પરલોકના માર્ગ વિષે સાવધાન થવાને ઇચ્છે છે, ત્યારે માયાની સાથે વિરોધ કરે છે. વળી પોતાના પ્રીતમોને એમ પણ કહ્યું છે કે હું તમારા દેખતાંજ આ માયાને પૃથ્વીપર નાંખુંછું. માટે તમે પણ તેનો અંગીકાર ન કરો. શાથી કે પ્રથમ તો એ માયા એવી છે કે બધાં પાપ એની પ્રીતિએ કરીને થાય છે, જ્યાં સુધી એનો ત્યાગ ન કરીએ ત્યાં સુધી પરલોકનાં સુખ પામી શકાતું નથી. માટે આ માયાની પ્રીતિથી બહાર નીકળો, અને એનાં કાર્યોની સમ્પૂર્ણતા વિષે દૃઢ ન થાઓ. વળી એમ જાણો કે સર્વ પાપોનું મૂળ માયાની પ્રીતિ છે, અને સર્વ ભોગોનું ફળ શોક અને દુઃખ છે. વળી જેમ જળ અને અગ્નિનો મેળાપ થતો નથી તેમજ ભગવત્ ભક્તિ અને માયાની પ્રીતિ કોઈ પ્રકારે એકઠી રહેતી નથી. એ કારણથી સન્તજનો માયાથી વિરક્ત થયા છે.

એક વાર્તા છે કે એક દિવસે ઘણો વરસાદ અને વિજળીનો ચમત્કાર થવા લાગ્યો ત્યારે એક સંત મેઘની રક્ષાને નિમિત્તે સ્થાનને ખોળવા લાગ્યા તો, ત્યાં એક તમ્બૂને જોયો, પણ જ્યારે તમ્બૂ વિષે જઇને ઉભા, ત્યારે ત્યાં એક સુંદર સ્ત્રી જોઇ, પછી ત્યાંથી જલદી નીકળીને પહાડની કંદરા વિષે ગયા ત્યારે આગળ એક સિંહ બેઠેલો જોયો, ત્યારે ભગવત્‌ની આગળ પ્રાર્થના કરવા લાગ્યા કે હે મહારાજ તેં સૌ કોઇને વિશ્રામનું સ્થાન આપ્યું છે, એક

કેવળ મારૂંજ સ્થાન કોઈ નથી. ત્યારે આકાશવાણી થઇ કે હે સંત મેં તને કુસંગથી બચાવ્યો છે, માટે તારૂં વિશ્રામ સ્થળ મારી દયા છે એ ઉપર એક બીજી વાર્તા છે કે જ્યારે એક મહા પુરૂષનું ઐશ્વર્ય અધિક થયું, અને બધાં પશુ, મનુષ્ય, દેવતા અપસરાઓ તેની આજ્ઞા માગવા લાગ્યાં ત્યારે કોઇ તપસ્વીએ તેમને કહ્યું કે "તમને ભગવતે મોટું ઐશ્વર્ય આપ્યું છે." ત્યારે તેમણે કહ્યું કે મારા ઐશ્વર્યથી એકવાર શ્રી રામ નામ લેવું એ વિશેષ છે. શાથી કે મહારાજના નામનો ઉચ્ચાર સ્થિર રહેશે અને મારૂં બધું ઐશ્વર્ય નાશ થશે.

એક બીજી વાર્તા છે કે એક મહાત્માનો આવરદા હજાર વર્ષનો થએલો છે તે જ્યારે પરલોકમાં ગયા, ત્યારે દેવતાઓએ પૂછયું કે તમે આટલા આયુષ્યના બળમાં સંસારને કેવી રીતે જોયો છે? ત્યારે તેમણે કહ્યું કે "જેમ કોટના એક દરવાજામાંથી પેશીને અંદર ચાલ્યા જાય, અને બીજા દરવાજામાંથી નીકળી જાય, તેમ મેં એટલા આયુષ્યના બળથી જગતનું જીવવું જોયું છે એક પુરૂષને લોકોએ પૂછયું કે જેણે કરીને અમે ભગવન્તના પ્રિતમ થઇએ તે એવાં લક્ષણ કયાં છે? ત્યારે તેમણે કહ્યું કે જ્યારે તમે માયાના પ્રિતમ નહિ થાઓ ત્યારે સ્વાભાવિકજ ભગવન્તના પ્રિતમ થશો. એ માયાના નિષેધ વિષે સન્ત જનોનાં એવાંજ વચન ઘણાં છે. જેમ એક નામી સન્તે કહ્યું છે કે જે પુરૂષે આ છ ભેદોને જાણ્યા છે તે સ્વાભાવિકજ નરકોથી મુક્ત થશે, અને પરમ સુખને પામશે. (૧) પ્રથમ તો જેમણે ભગવન્તને ઓળખ્યા છે, અને ભલી પ્રકારે તેઓ નિસ્સંદેહ તેના ભજનમાં જે સાવધાન રહેશે તે (૨) જેમણે મનને છળરૂપ જાણ્યું છે તે નિસ્સંદેહ મનની સાથે વિરૂદ્ધતાજ કરે છે, અને તેની આજ્ઞા માનતા નથી તે (૩) જેઓએ સત્યને આ પ્રકારે જાણ્યું છે કે "યથાર્થ વસ્તુ આ છે" તે સાચા પદાર્થનેજ અંગીકાર કરે છે. (૪) જેમણે જૂઠને જૂઠજ જાણી છે અને તે સહજમાં તેનો ત્યાગ કરે છે. (૫) જેણે માયાના આદિ અંતને ભલી રીતે જોયો છે, તે સ્વાભાવિકજ તેનાં સુખોને વિરસ જાણે છે, અને વિરક્ત રહે છે. (૬) જેણે પરલોકની અધિકતા વિચારી જોઈ છે તે સર્વદા પરલોકના માર્ગના યત્ન વિષેજ સ્થિત થાય છે.

એ ઉપર એક બુદ્ધિમાને કહ્યું છે કે જે માયાના પદાર્થ તમને પ્રાપ્ત થાય છે, તે તમારાથી પહેલાં પણ કોઇને પ્રાપ્ત થએલા છે, અને તમારી પછી પણ કોઇ બીજાની પાસે જશે. માટે એવા પદાર્થને પામીને પ્રસન્ન કેમ થાઓછો? શાથી કે આ સંસાર વિષે ખાનપાનાદિકથી વિશેષ મારૂં કાર્ય કંઈ પણ નથી તો એ ખાનપાનને નિમિત્તે પોતાનો નાશ શા માટે કરો છો? વ્હાલાઓ તમને આ પ્રમાણે ઘટે છે કે માયાના સર્વ ભોગો વિષે વ્રત રાખતા રહો તો પરલોકમાં જઇને અનંત સુખોની પ્રાપ્તિએ કરીને તે વ્રતનું પારણું થશે. શાથી કે આ સંસારનાં સુખોની પુંજી વાસના અને તૃષ્ણા છે. અને તેનો લાભ કુંભીપાકનાં દુઃખ છે.

કોઈ જિજ્ઞાસુએ એક સન્તને કહ્યું કે મારા હૃદયથી માયાની અભિલાષા દૂર થતી નથી, માટે હું શો ઉપાય કરૂં? ત્યારે તે સન્તે કહ્યું કે પ્રથમ તો માયાની ઉત્પત્તિ ધર્મ સહિત કર, પછી સારાં કામમાં તેનો ખરચ કર, ત્યારે એ રીતે સ્વાભાવિકજ માયાની પ્રીતિ નષ્ટ થઇ જશે. એ ઉપાય તેમણે એટલા માટે કહ્યો હતો કે ધર્મ સહિત ધનની ઉત્પત્તિ અને સારાં કામમાં તેનો ખર્ચ કરવાથી સહજમાં ચિત્ત વિરક્ત થઇ જાય છે. એ ઉપર એક સન્તે કહ્યું છે કે જ્યારે માટીનું વાસણ સ્થિર રહેવાનું હોય, અને સુવર્ણનું વાસણ શીઘ્ર નાશ થવાનું હોય ત્યારે બુદ્ધિમાનને ઘટે છે કે સ્થિરતાના વિચારથી માટીના વાસણનોજ અંગીકાર કરે, અને નશ્વર સુવર્ણનો ત્યાગ કરે. પણ આ માયા તો માટીના જેવી છે, અને ક્ષણ ક્ષણ વિષે પરિણામ પામે છે, અને પરલોકનું સુખ તો સુવર્ણની પેઠે નિર્મળ અને અવિનાશી છે. માટે જ્યારે પરલોકના અવિનાશી સુખનો ત્યાગ કરીને માયાના ક્ષણભંગુર ભોગોનો અંગીકાર કરીએ તો મોટી મૂર્ખતા છે, એ ઉપર એક બીજા સન્તે કહ્યું છે કે આ માયાના છળનો ભય રાખો. શાથી કે પરલોકમાં માયાની પ્રીતિ કરનારાઓને આ પ્રમાણે કહેશે કે જે માયાના ભોગોને નિન્દ્ય કહ્યા છે તેનો પ્રિતમ આ માણસ છે. એક સન્તે કહ્યું છે કે આ સંસાર વિષે બધાં મનુષ્ય પરદેશી છે.

અને જેટલી માયાની સામગ્રી છે, તે બધી પરાઇ છે, માટે પરદેશીને અવશ્ય જ ચાલવાનું થશે. અને બધી સામગ્રી અહિંજ રહિ જશે.

એક સન્તે પોતાના પુત્રને કહ્યું છે કે જ્યારે તું માયાનાં સુખોનો ત્યાગ કરીને પરલોકનાં સુખોનો અંગીકાર કરીશ, ત્યારે લોક અને પરલોકનું સુખ તને પ્રાપ્ત થશે. અને જ્યારે માયાના નિમિત્તે પરલોકનો ત્યાગ કરીશ ત્યારે બેઉ લોકો વિષે તારી હાની થશે. એક બીજા સન્તે કહ્યું છે કે જ્યારે માયાના બધાં સુખ પાપથી રહિત મને પ્રાપ્ત થાય, અને પરલોક વિષે કાંઇ તેનો દંડ પણ દેવો ન પડે તોપણ મને સ્થૂળ ભોગથી લજ્જા આવે છે. જેમ તમે મૃતક પશુથી અરૂચી રાખોછો, તેમ સ્થૂળ ભોગોથી મને અરૂચી થાય છે.

એક સન્તે બીજા સન્તને કાગળ લખ્યો હતો, કે કાળને આવ્યો જાણો શાથી કે જેના મસ્તક પર મરણ લખ્યું છે, તે અવશ્યજ આવશે. ત્યારે તેમણે ઉત્તરમાં લખ્યું કે અમને તો અન્તકાળનો દિવસજ સર્વદા દૃષ્ટિએ આવે છે. અને આ સંસાર થયા વિનાજ દેખાય છે, વળી સન્તજનોએ આ પ્રમાણે પણ કહ્યું છે કે આ માણુસો મરવાને પણ સત્ય જાણે છે અને પાછા પ્રસન્ન થાય છે, એ મોટું આશ્ચર્ય છે. વળી જે પુરૂષ નરકને સત્ય જાણે છે, અને સંસારમાં હસે પણ છે એ પણ મોટું આશ્ચર્ય છે કે આ માણુસ માયાની સામગ્રીના પરિણામને સદા દેખે છે, અને તેનેજ વિશેષ જાણીને બધ્યમાન પણ થાય છે.

વળી જે પુરૂષ ભગવાનને બધાંના પ્રતિપાલક જાણે છે, અને ફરી જીવિકાની ચિન્તા વિષે ચિન્તિત રહે છે, એ પણ મોટું આશ્ચર્ગ છે.

એક બીજા સન્તે કહ્યું છે કે આ સંસારમાં એવો નિર્વિઘ્ન પદાર્થ કાંઇ નથી કે જેણે કરીને પ્રથમ પ્રસન્ન થઇએ અને પછી શોક ન આવે તાત્પર્ય એકે દુ:ખથી રહિત નિર્મળ સુખ આ સંસારમાં ઉત્પન્ન થયું નથી. એક સન્તે કહ્યું છે કે આ માણુસને અન્તકાળ વિષે ત્રણ પશ્ચાતાપ અવશ્યજ થાય છે (૧) પ્રથમ એકે જે માયાને યત્ને કરીને ભેગી કરી હતી, તેનો

ભલી પ્રકારે ભોગ ન લીધો. (૨) બીજું મનના મનોરથ બધા પૂર્ણ ન થયા, (૩) ત્રીજું પરલોકના માર્ગનું ભાથું કરી લીધું નહિ. એક સન્તે કોઇને પૂછયું હતું કે તું સ્વપ્નના પૈસાને વિશેષ જાણે છે કે જાગૃતની મહોરને વિશેષ જાણે છે ત્યારે તેણે કહ્યું કે હું જાગૃતની મોહરને અધિક પ્રિયતમ રાખું છું! પછી તે કહેવા લાગ્યા કે તું જૂઠું બોલે છે શાથી કે આ માયા સ્વપ્નનો પૈસો છે અને પરલોકનું સુખ જાગૃતની મહોર છે. તેમાં માયાની સાથે તારી અધિક પ્રીતિ છે, માટે તું જૂઠું બોલે છે.

એક બીજા સન્તે કહ્યું છે કે બુદ્ધિમાન પુરૂષ તેજ છે કે જે માયાના ત્યાગવા પહેલાંજ પોતે માયાનો ત્યાગ કરે અને મૃત્યુની પહેલાંજ મરેલો થઇ રહે. વળી પરલોકમાં જવા પહેલાંજ પરલોકનું ભાથું બનાવે. વળી એમ પણ કહ્યું છે કે આ માયાની અભિલાષાજ ભગવતથી અચેત કરી દેછે તો એને પ્રાપ્ત થવાની મલીનતાનું શું વર્ણન કરીએ?

એક બીજા સન્તે કહ્યું છે કે જ્યારે કોઇ પુરૂષ માયાના ભોગોએ કરીને તૃપ્ત થવા ઇચ્છે ત્યારે તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ અગ્નિમાં લાકડાં નાંખતો જાય અને અગ્નિને ઠંડો પાડવાને ઇચ્છે ત્યારે તે નિસ્સન્દેહ મૂર્ખ કહેવાય છે. તેમજ માયાની સાથે સન્તુષ્ટ થવું અસંભવ છે.

એક સન્તે કહ્યું છે કે સર્વ સ્થૂળ ભોગોના સાર આ છ ભોગ છે. (૧) ખાવું (૨) પીવું (૩) પહેરવું (૪) ઊંઘવું (૫) સવારી (૬) સ્ત્રીઓનો સંગ. એ છ છે, એ આ રીતે મલીન છે કે–પ્રથમ સર્વ રસોમાં મધ શ્રેષ્ટ છે, તે માખીનું થુંક છે અને સર્વ પીવાના પદાર્થોમાં પાણી વિશેષ શ્રેષ્ટ છે, તે સૌ કોઇને સરખું મળે છે. પેહેરવાને રેશમ અતિ કોમળ છે તે પણ કીડાની લાળથી ઉપજે છે. અને સર્વ સુગંધીયોમાં કસ્તૂરી ઉત્તમ છે તે મૃગોનું રૂધિર છે, અને સ્ત્રી આદિક ભોગતો પ્રસિદ્ધજ મલીન છે. ઘોડા ઉપર ચઢવાનું એવું છે કે જેવું અંગોને સંકોચીને સ્થિત કરીયે.

એક બીજા સન્તે કહ્યું છે કે મનુષ્યોને ભગવતે પરમ પદની પ્રા-

મિને નિમિત્તે ઉત્પન્ન કર્યા છે, તે જ્યારે એ પ્રતિતિજ તમને દૃઢ ન હોય તો નિસ્સન્દેહ વિમુખ છો, અને જ્યારે પ્રતીતિ રાખતા હો અને અચેતનાએ કરીને નિડર થઈ રહ્યા છો, ત્યારે નિસ્સન્દેહ મૂર્ખ થાઓ છો.

અથ માયાની મલીનતાનું વર્ણન.

આચાર્ય મહારાજે કહ્યું છે કે આ માયા મહા નિન્દ્ય છે, અને તેની સર્વ સામગ્રી પણ નિન્દ્ય છે. પણ તે પદાર્થ નિન્દ્ય નથી કે જે કેવળ ભગવત્‌ના નિમિત્તે અંગીકાર કરીએ, માટે એ ભેદને અવશ્યજ ઓળખવો જોઇએ કે આ માયા વિષે નિન્દ્ય શું છે? અને ગ્રાહ્ય શું છે? તાત્પર્ય એકે બધા પદાર્થ ત્રણ પ્રકારના છે, તેમાં એક તો કેવળ માયારૂપ છે જેમ કે પાપ અને ભોગ; અર્થ એકે જ્યાં સુધી આ પુરૂષ એમનો ત્યાગ ન કરે ત્યાં સુધી કદાચિત્ નિર્મલ થતો નથી. શાથી કે અચેતતા અને પ્રમાદતાનું કારણ ઇન્દ્રિયાદિક ભોગ અને તમો ગુણી કર્મ છે. વળી બીજા એવા પદાર્થ છે જે જોવા માત્ર ભગવત્‌ના નિમિત્ત ભાસે છે, પણ સકામતાએ કરીને તે પણ માયા રૂપ કહેવાય છે, જેમ કે જપ અને તપ અને ભોગોનો ત્યાગ એ ત્રણ પરલોક વિષે પણ સુખ દેનારાં છે પણ જ્યારે આ પુરૂષની મનસા નિષ્કામ હોય, અને જ્યારે હૃદય વિષે માન આદિકોનું પ્રયોજન હોય ત્યારે આ ક્રિયા સ્થૂળ ભોગોથી પણ નિન્દ્ય છે. શાથી કે કપટ અને પાખંડ એનું નામ છે. (૩) ત્રીજો પ્રકાર એ છે કે જોવામાં મનનો ભોગ ભાસે છે, અને અન્તરથી પરમાર્થનું પ્રયોજન હોય છે, તો એવા પદાર્થને નિન્દ્ય કહેવાતો નથી જેમ શરીરના નિર્વાહ માત્ર આહાર કરવો શુદ્ધ જીવિકા ઉત્પન્ન કરવી તે મનસાની નિષ્કામતાએ કરીને આ બધું કર્મ નિર્મળ થઇ જાય છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જે માણસ પોતાના ભોગોને નિમિત્ત ધનનો સંચય કરે છે, તે પરલોક વિષે પોતાના ઉપર ભગવત્‌ને ક્રોધવાન્ દેખશે. પણ જ્યારે આ નિમિત્ત વ્યવહાર કરે કે આટલો ઉદ્યમ કરવાથી લોકોની ગરજ નહિ

પડે (ઓશીયાળ નહિ વેઠવી પડે) અને અચિંત્ય થઇને ભજન વિષે સાવધાન થઇશ ત્યારે પરલોક વિષે તેનું મસ્તક પૂનમના ચંદ્રમાની પેઠે ઉજ્વળ થશે.

તાત્પર્ય એકે વાસનાના ભોગોનું નામ માયા છે. જેનામાં પરલોક માર્ગનો સંબંધ કંઇ ન હોય, પણ જે ક્રિયા વિષે પરમાર્થની મનસા માત્ર હોય ત્યારે તેને માયા કહેતા નથી. જેમ તીર્થ યાત્રી તીર્થોના માર્ગ વિષે ઘાસ અને પાણીએ કરીને પોતાની સવારીના ઘોડા અને ઉંટની ખબર લેછે, તોપણ તેની એ ક્રિયા તીર્થ યાત્રાને નિમિત્ત થાય છે. એ ઉપર ભગવન્તે પણ કહ્યું છે કે મનની વાસનાનું નામ માયા છે. માટે જે પુરૂષ પોતાની વાસનાથી વિરક્ત થયો છે, તે માયાથી વિરક્ત કહેવાય છે, એથી કરીને આ પ્રસિદ્ધ થયું કે સર્વ સામગ્રી ત્રણ પ્રકારની થાય છે. (૧) આહાર, વસ્ત્ર, સ્થાન એ શરીરના કાર્યને નિર્વાહ કરવા યોગ્ય છે, અને જ્યારે મનુષ્યની મનસા નિષ્કામ હોય–ત્યારે એટલી સામગ્રીએ કરીને બંધાતો નથી. (૨) બીજા નાના પ્રકારના ઇન્દ્રિયાદિક ભોગ છે, તેણે કરીને કદાચિત્ તૃપ્તિ થતી નથી અને પરલોકના માર્ગ વિષે પણ એનો કંઈ સંબંધ નથી. માટે જે પુરૂષે પ્રાણોની રક્ષાને નિમિત્તે સામગ્રીનો અંગીકાર કર્યો છે, તે નિસ્સન્દેહ મુક્તરૂપ છે અને જે મનુષ્ય ઇન્દ્રિયાદિક ભોગો વિષે ફેલાયો છે (વધ્યો છે) તે પરમ નરકોને પ્રાપ્ત થશે. (૩) ત્રીજો પ્રકાર એ છે કે શરીરના નિર્વાહ માત્રને સારૂ ઇંદ્રિયાદિક ભોગોના મધ્ય ભાવ વિષે સ્થિત થવું તે વિચારની સૂક્ષ્મ દૃષ્ટીએ કરીને મનુષ્ય જોઈ શકે છે અન્યથા જાણતો નથી પણ તેનું જોવું એવું હોય કે પદાર્થની તેને અત્યન્ત અપેક્ષા ન હોય, અને પોતાના મન વિષે એમ જાણે કે આ પદાર્થ મને અવશ્યજ જોઇએ છીએ માટે અંગીકાર કરીલે ત્યારે નિસ્સન્દેહ પરલોકનાં દંડનો અધિકારી થાય છે. એ કારણથી જિજ્ઞાસુ જનોએ પોતાના શરીરને યત્ન વિષે રાખ્યું છે અને સ્થૂળ સામગ્રીને અલ્પજ અંગીકાર કરી છે અને તેથી તેઓ મનની વાસનાથી મુક્ત થયા છે.

સર્વ વૈરાગિયોમાં મુખ્ય એક સંત થયા છે, તેમણે પોતે પોતાને આ રીતે સંસારથી વિરક્ત કર્યા છે કે બધા લોક તેમને ગાંડા જાણતા હતા, અને તે પ્રભાત સમયમાં નગરથી બહાર નીકળી જતા હતા, અને પહોર રાત્રી વ્યતિત થયે વળી આવતા હતા અને બોર અને ખજૂરનાં ફળ જે સ્વભાવિકજ ગરી પડતાં હતાં તેને વીણીને આહાર કરતા હતા અને કંઈ ભગવત્ અર્થે દેતા હતા. વળી ગલીયોનાં ચીથરાં વીણી કરીને ધોતા હતા અને તેની ગોદડી બનાવીને ઉપર ઓઢતા હતા. તેમની આવી અવસ્થા જોઇ કરીને લોકોને તે ગાંડા ભાસતા હતા અને જ્યારે બાળકો તેમને પથરા મારતાં હતાં ત્યારે તે કહેતા હતા કે મને નાના પથરા મારો, શાથી કે ઘાયલ થઇને ભજનથી રહિત થઇ જઇશ. એ કારણથી આચાર્ય મહારાજે તેમને સ્થૂળ નેત્રોથી જોયા નહોતા તોપણ સર્વદા તેમની પ્રશંસા કરતા હતા. વળી એક બે પોતાના પ્રિયતમોને આચાર્ય મહારાજે આજ્ઞા આપી કે તમારે એ મહાત્માનાં દર્શને જવું અને મારો સંદેશો તેમને પહોંચાડવો, કે તેમની આશીષ અને પ્રાર્થનાએ કરીને મારી સંપ્રદાયનાં અનંત મનુષ્યોને ભગવત્ મુક્ત કરશે. પછી તે સંતની અવસ્થાનાં ચિન્હ પણ તેમણે તેમને બતાવી દીધાં. જ્યારે આચાર્ય મહારાજનું શરીર છુટ્યું ત્યારે પેલા બે સંતો તેમનાં દર્શન સારૂ ગયા, અને જે દેશમાં તેઓ રહેતા હતા તે દેશની પાસે જઇને પૂછવા લાગ્યા કે ફલાણા સંતના નામનો પુરૂષ અહીંયાં છે? ત્યારે એક પુરૂષે કહ્યું કે હું તેમના નગરનો વાશીછું; પછી તેને પૂછ્યું કે તું અમુક સંતને જાણે છે? ત્યારે તેણે કહ્યું કે હા હું જાણુંછું. પણ તે તમારા પૂછવાના અધિકારી તો નથી. શાથી કે તેતો મહા ગાંડા જેવા છે અને કોઇની સાથે મેળાપ પણ રાખતા નથી. જ્યારે પેલા સંતોએ એ વાત સાંભળી ત્યારે રોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અમે એને ખોળીએ છીએ. એટલા માટે કે અમે આચાર્ય મહારાજના મુખથી સાંભળ્યું છે કે એમની દયાએ કરીને હજારો જીવોનો ઉદ્ધાર થઈ જશે. તે સાંભળી કોઈ સન્તે કહ્યું કે હું પણ એમનો મહીમા સાંભળીને એકવાર તેમનાં દર્શન સારૂં ગયો હતો, ત્યારે તેઓ નગર પાસે નદીપર સ્નાન કરતા હતા

ત્યારે મેં તેમને અચાનકજ ઓળખીને દંડવત્ કર્યા, અને તેમની અવસ્થા જોઇને મારૂં મન ઘણું કોમળ થયું ત્યારે તેઓ મને આ પ્રકારે પૂછવા લાગ્યા કે હે અમુકના પુત્ર અમુક તમે કુશળ તો છો? અને અહીં શી રીતે આવ્યા છો? ત્યારે મેં કહ્યું કે તમે મને મળ્યા વિનાજ મને અને મારા પિતાને શી રીતે ઓળખ્યા? ત્યારે તેમણે કહ્યું કે તમને ભગવતે ઓળખ્યા છે અને પ્રીતિમાનોનાં હૃદય શરીરના મેળાપ વિનાજ એક બીજાને ઓળખી લેછે. પછી મેં આધીન થઇને કહ્યું કે મને આચાર્ય મહારાજની કંઈ વાત સંભળાવો, ત્યારે આ પ્રમાણે કહેવા લાગ્યા કે હું તો તેમનો દાસછું અને આ શરીરે કરીને મેં તેમને જોયા પણ નથી. વળી હું મારા ચિત્તના અભ્યાસમાં પડયો છું તેથી મને પંડિતોની પેઠે કહેવા સાંભળવાની ઇચ્છા પણ નથી. વળી મેં કહ્યું કે તમે મને કંઈ ઉપદેશ કરો, ત્યારે મારો હાથ પકડીને કહેવા લાગ્યા કે આ મન રૂપી અસુરથી ભગવતજ રક્ષા કરે, એટલું કહિને રોવા લાગ્યા. વળી તેમણે એમ પણ કહ્યું કે મોટા મોટા આશ્ચર્યરૂપ સંતો અને બધા મહા પુરૂષો મૃત્યુને પ્રાપ્ત થયા છે માટે હું અને તમે પણ મૃતકરૂપજ છીએ પણ ઉત્તમ એજ છે કે સન્તજનોના માર્ગનો અંગીકાર કરો, અને એક ક્ષણ પણ મરવાના ભયથી અચેત ન થશો, અને બીજા લોકોને પણ યથાર્થ વચન કહો; વળી કદાચિત્ પણ સાધુ સંગતીનો ત્યાગ ન કરો. શાથી કે સન્તોના સંગ વિના પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈ જશો અને જાણી પણ નહિ શકો. એ પ્રમાણે કહીને ચાલી ગયા અને મને પોતાની સાથે ચાલવા ન દીધો. તાત્પર્ય એકે જેમણે માયા છળોને ઓળખ્યાં છે, તેમનાં એવાં લક્ષણ થયાં છે અને જિજ્ઞાસુ જનોનો માર્ગ એજ છે. પણ તમારાથી એવા પદને પ્રાપ્ત થઈ શકાય નહિ તો એટલું તો અવશ્ય કરવું કે શરીરના નિર્વાહ માત્રથી અધિક ભોગોમાં લમ્પટ ન થશો એટલે દુઃખોથી મુક્ત થવાશે.

પાંચમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૬ ઠ્ઠો.

ધનની તૃષ્ણા અને કૃપણતાના નિષેધનું તથા કૃપણતાનું વર્ણન.

આ માયારૂપી વૃક્ષની શાખાઓ પણ ઘણી છે, તેમાં એની એક શાખા ધન અથવા સમ્પદા છે. બીજી માન અને મોટાઈ એ પણ માયાની સાખા છે એવી બીજી પણ અનેક શાખાઓ છે, પણ આ ધન બહુ વિઘ્નોનું કારણ છે, એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે આ ધનરૂપી ઘાંટીમાંથી ઉતરવું અતી કઠણ છે, શાથી કે શરીરના વ્યવહારની સાથે પણ એનો સમ્બન્ધ છે, અને પરલોકનું ભાથું પણ ધનજ થાય છે, અર્થ એકે આહાર, વસ્ત્ર અને સ્થાનની પ્રાપ્તિ પણ એનાથીજ થાય છે. માટે શરીરના નિર્વાહ માત્રને સારૂ એને ઉત્પન્ન કરવાનું અવશ્ય ઘટે છે. જ્યારે ધનની ઉત્પત્તિ ન કરીએ ત્યારે કેવળ નિર્ધનતાઈ વિષે ધીરજ રહી શકતી નથી-વળી જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે, ત્યારે નાના પ્રકારના ભોગો વિષે આસક્ત થઈ જાય છે, એ પણ અનેક પાપોનાં બીજ છે. પણ નિર્ધન પુરૂષોની પણ બે અવસ્થા થાય છે, એક તૃષ્ણાવાન છે, અને એક સંતોષી હોય છે. વળી તૃષ્ણાવાન પુરૂષોની પણ બે અવસ્થા થાય છે, તેમાં એક મનુષ્ય ધનની ઉત્પત્તિને નિમિત્તે વ્યવહાર કરી લે છે, અને એક બીજા પુરૂષોની આશા રાખે છે પણ બીજા પુરૂષની આશા કરવા કરતાં વ્યવહાર કરવો વિશેષ છે. તેમજ ધનવાનોની પણ બે અવસ્થા છે, તેમાં એક કૃપણતા છે, અને બીજી ઉદારતા છે. તેમાં ઉદારતા બે પ્રકારની થાય છે, એક વિચાર પૂર્વક છે, અને બીજી મર્યાદાથી રહિત છે-માટે વિચાર પૂર્વક ઉદારતા છે તે વિશેષ છે. અને બીજી નિન્દ્ય છે પણ એ પરસ્પર મળેલી હોય છે, અને તેને ઓળખવાનું મહા કઠણ છે. તાત્પર્ય એકે ધને કરીને અનેક વિઘ્ન પણ થાય છે. અને પુણ્ય કર્મોનું બીજ પણ ધન

છે. માટે અવશ્યજ ઘટે છે કે દરેક પુરૂષે ધનના લાભોને તથા વિઘ્નોને ઓળખવાં જોઇએ-અને ઓળખીને રૂડી રીતે વિઘ્નોનો ત્યાગ કરે અને લાભનો અંગીકાર કરે.

ધનની પ્રીતિની નિષેધતાનું વર્ણન.

એ ઉપર ભગવન્તે કહ્યું છે કે "જેમને ધન અને સંતાનો આદિકની પ્રાપ્તિ થાય છે, તે નિસ્સન્દેહ ભજનથી વિમુખ થાય છે." વળી આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "જેમ જળે કરીને વનસ્પતિ અને તૃણાદિક શીઘ્રજ ઉત્પન્ન થાય છે તેમજ ધને કરીને પણ શીઘ્રજ હૃદય વિષે કપટ ઉત્પન્ન થાય છે."

કોઇએ આચાર્ય મહારાજને પૂછ્યું હતું કે સર્વ સૃષ્ટિ વિષે નીચ મનુષ્ય કોણ છે? ત્યારે તેમણે કહ્યું કે ધનની સાથે પ્રીતિ કરનારા અતિ નીચ છે. શાથી કે નાના પ્રકારના રસોને ભોગવે છે, અને અનેક પ્રકારનાં સુન્દર વસ્ત્ર પહેરે છે. અને સ્ત્રિયાદિકોના રૂપની સાથે બંધાએલા હોય છે, અને સારા સારા ઘોડા અને હાથિયોપર આરૂઢ થવાને ઇચ્છે છે, તોપણ તેમની તૃષ્ણા કદાપિ પણ પુરી થતી નથી, અને સર્વથા માયાની સામગ્રી વિષે આસક્ત રહે છે, માટે માયાનેજ ભગવતની પેઠે પૂજે છે. અને જે કાંઈ ક્રિયા કરે છે તે માયાનેજ નિમિત્ત કરે છે, એ કારણથી હું ઉપદેશ કરૂં છું કે એવાં મનુષ્યોની સાથે કદાચિત્ મેળાપ ન કરો.

વળી આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે આ માયા-બધા માયા ધારીયોને આપીદો શાથી કે જે પુરૂષ માયાનાં સુખ શરીરના નિર્વાહથી અધિક અંગીકાર કરે છે તે તેના નાશનો હેતુ છે. અને તે જાણતો પણ નથી વળી એમ પણ કહ્યું છે કે આ અજ્ઞાની મનુષ્ય સર્વદા એમજ કહે છે કે આ ધન મારૂં છે, અને સમ્પદા મારી છે, પણ એટલું નથી જાણતો કે શરીરનો આહાર, અને નગ્નતાને ઢાંકવાથી વધારે મારૂં શું છે? માટે તેનું પો-

તાનું ધન તો એજ છે કે જે કોઇને ભગવત્ અર્થે આપે ત્યારે તે ધન પણ લોક વિષે તેનું સર્વદા સંગી થાય છે.

એ ઉપર કોઇએ આચાર્ય મહારાજને પૂછ્યું હતું કે મારી પાસે પરલોકનું ભાથું કંઈ નથી ત્યારે હું શું યત્ન કરૂં? ત્યારે તેમણે કહ્યું કે તારે કાંઇ ધનનો સંગ્રહ રાખવો હોય તો ભગવત્ અર્થે દે. શાથી કે ભગવત્ અર્થે દેવું એજ ધન જીવનું સદા સંગી થાય છે. વળી એમ પણ કહ્યું છે કે આ માણસનાં ૩ ત્રણ મિત્ર છે તેમાં (૧) એક જીવતાં સુધી રહે છે, બીજો શ્મશાન સુધી રહે છે (૩) ત્રીજો પરલોક સુધી નિર્વાહ કરે છે. અર્થ એકે જેટલી ધનની સામગ્રી છે, તેની મિત્રતા જીવતાં સુધી છે. અને જેટલા સમ્બધી લોક છે તેઓ શરીરને શ્મશાન સુધી પહોચાડે છે વળી આ માણસનાં જે કર્મ છે તે પરલોક સુધી સંગી થાય છે. અને જ્યારે આ માણસ મરી જાય છે, ત્યારે બીજા લોકો કહેવા લાગે છે કે એની પાછળ એની શી સામગ્રી રહી છે? અને દેવતાઓ આ પ્રમાણે કહે છે કે એણે આગળ કંઇ ભાથું મોકલ્યું છે?

એ ઉપર એક મહાત્માને તેના સંગિયોએ પૂછ્યું હતું કે તમે જળ ઉપર શી રીતે સુખેથી ચાલ્યા જાઓ છો? અને અમારામાં એવું સામર્થ્ય શા માટે નથી? ત્યારે તેમણે કહ્યું કે હું રૂપીઆ અને સુવર્ણને માટી જેવું જાણુંછું, અને તમે તેને ઉત્તમ પદાર્થ સમજો છો. તેથી મારી અને તમારી અવસ્થા વિષે એટલોજ ભેદ છે.

એ ઉપર એક વાર્તા છે કે એક સન્તને કોઇ ભગવત્ વિમુખે દુઃખ દીધું હતું ત્યારે તે કહેવા લાગ્યા કે હે મહારાજ તું એને આરોગ્યતા અને ઘણું ધન આપ. તાત્પર્ય એ કે તેમણે એ બહુંજ દુઃખનું કારણ જાણી લીધું હતું. શાથી કે જેને એવી સમ્પદા પ્રાપ્ત થાય છે, ત્યારે તે પ્રમાદે કરીને પરલોકનાં સુખથી અચેત રહે છે, અને તેની બુદ્ધિ નષ્ટતાને પામે છે.

એ ઉપર એક સન્તે કહ્યું છે કે જે માણસે સોના રૂપાને અધિક પ્રિતમ કર્યું છે, તેને પરલોક વિષે ભગવત્ લજ્યાવાન્ કરે છે.

એક સન્તે કહ્યું છે કે આ સોનું અને ચાંદી વિંછી અને સર્પોના જેવાં છે. માટે જ્યાં સુધી એનો મંત્ર જાણો નહિ ત્યાં સુધી તેનો સ્પર્શ ન કરો અને જ્યારે મંત્ર શીખ્યા વિના એના ઉપર હાથ નાંખશો ત્યારે નિઃસન્દેહ તેના વિષે કરીને મરી જશો.

તેનો મંત્ર આ છે કે પ્રથમ ધનની ઉત્પત્તિ પાપથી રહિત હોય, અને ધર્મના માર્ગમાં દેવામાં આવે.

એક સન્તનું શરીર છૂટવા લાગ્યું ત્યારે તેને એક પ્રીતિમાને કહ્યું કે તમે પોતાનાં છોકરાંને સારૂં કંઇ ધન રાખ્યું નથી તેનું કારણ શું છે? ત્યારે તેમણે કહ્યું કે મારા પુત્રોનું જે પ્રારબ્ધ છે, તે મેં બીજા કોઇને આપ્યું નથી. અને જે બીજાનું પ્રારબ્ધ છે, તે એમને કોઈ રીતે પ્રાપ્ત થતું નથી. અને આ વાર્તા પણ પ્રકટ છે કે જો મારા પુત્રો ધર્મના અધિકારી થશે તો ભગવતજ તેમનું પ્રતિપાલન ભલી પ્રકારે કરશે. અને જો ધર્મથી હીન થયા તો મને તેમની ચિન્તાજ કંઈ નથી.

એક સન્ત મોટા ધનવાન થઇ ગયા છે તે સર્વદા પોતાની સમ્પદા ભગવત્ અર્થે આપતા હતા, ત્યારે કોઇએ તેમને કહ્યું કે કંઇક ધન પોતાના છોકરાંને સારૂં પણ રાખો, ત્યારે તેમણે કહ્યું કે હું ધનને ભગવત્ પાસે પોતાને માટે રાખુંછું. અને પુત્રોનું પ્રારબ્ધ કરનાર ભગવત્ છે.

એક સન્તે કહ્યું છે કે મૃત્યુ વખતે ધનવાન્ પુરૂષને બે દુઃખ અવશ્યજ થાય છે. તેમાં એક તો તેની સર્વ સમ્પદા દૂર થાય છે, અને બીજું ધર્મ રાયના દંડનો અધિકારી થાય છે.

પણ તું એમ જાણ કે આ ધન મહા નિંદ્ય છે, તોપણ એના વિષે કંઇ વિશેષતા કહી છે, શાથી કે આ ધનરૂપી પદાર્થ ઉપાધિ અને ભલાઇ

એઉનું બીજ છે, આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે ધન પણ ઉત્તમ પદાર્થ છે, પણ બુદ્ધિમાન અને ધર્માત્મા પુરૂષોને બીજું એમ પણ કહ્યું છે કે જ્યારે આ મનુષ્ય અત્યન્ત નિર્ધન થાય છે, ત્યારે નિસ્સન્દેહ મહારાજથી વિમુખ થઈ જાય છે, શાથી કે જ્યારે પોતાના સમ્બન્ધિયો અને પોતાને ભૂખ-સંયુક્ત આધીન દેખે છે, ત્યારે એવું જાણે છે કે ભગવતે આ કેવી અનીતિ રચી છે ? કે પાપી મનુષ્યોને ધન આપ્યું છે, અને સાત્ત્વિકી મનુષ્ય આવાં દુઃખી કર્યા છે, કે તેમને એક દમડી પણ હાથ આવતી નથી, કે જેણે કરીને ભૂખનું નિવારણ કરે. વળી એવું અનુમાન કરે છે કે જ્યારે ભગવત્ મારૂં દુઃખ નથી જાણતા, ત્યારે અન્તર્યામી શી રીતે થયાં ? અને જ્યારે દુઃખી જાણે છે, અને આપી શકતા નથી ત્યારે પૂર્ણ સમર્થ શી રીતે થયાં ? જ્યારે સમર્થ થઇને આપતા નથી ત્યારે દયા તથા ઉદારતાથી હીન જાણવામાં આવે છે, અને જ્યારે આ નિમિત્તે ન દેતા હોય કે પરલોકમાં સુખી કરીશ, ત્યારે એવું જાણવામાં આવે છે કે દુઃખ દીધા વિના સુખ દેવાને સમર્થ થઈ શકતા નથી. એ ઉપરથી પ્રસિદ્ધ છે કે નિર્ધન પુરૂષ ક્રોધવાન થઇને એવું પણ કહેવા લાગે છે કે " સમય વિપરીત થયો છે. " લોક અન્ધા થયા છે કે જેઓ અનધિકારીઓને પદાર્થ અને ધન આપે છે. તાત્પર્ય એકે સન્તોષ વિના આ મનુષ્ય એ પ્રકારે ભગવત્થી વિમુખ થાય છે. અને પોતાના ભલા બુરાને ઓળખી શકતો નથી. માટે એવો પુરૂષ કોઈ દુર્લભ થાય છે જે નિર્ધન થઇને પણ પ્રતીતિ કરીને એમાંજ પોતાની ભલાઈ જાણે. પણ એવાં માણસ ઘણાં હોય છે કે જેઓ નિર્ધનતાઈ વિષે વ્યાકુળ થઈ જાય છે, એ કારણથી ભગવન્તે આ ધન પણ જીવનાં છિદ્રોને ઢાંકનારૂં બનાવ્યું છે. અને શરીરના નિર્વાહ માત્ર સંગ્રહ કરવું, સન્તજનોએ પણ પ્રમાણ કહ્યું છે-તેથી પ્રસિદ્ધ થયું કે એ પ્રકારે કરીને આ ધન પણ કેવળ નિંદ્ય નથી. વળી એજ ધન વિષે આ પણ લાભ છે કે બધા જિજ્ઞાસુઓની અભિલાષા પરલોકનાં સુખ પામવાની હોય છે. અને પરલોકનું સુખ ત્યારેજ પ્રાપ્ત થાય છે જ્યારે પ્રથમ ત્રણ પદાર્થ પ્રાપ્ત થાય તેમાં એક તો વિદ્યા અને કોમલ સ્વભાવ, જેની સ્થિતિ

મન વિષે થાય છે. (૨) અને બીજો પદાર્થ શરીરને વિષે પ્રાપ્ત થાય છે, તે આરોગ્યતા અને આવરદા છે. (૩) ત્રીજો પદાર્થ શરીરથી બહાર પ્રાપ્ત થાય છે, તે પ્રાણોની રક્ષાને નિમિત્તે શુદ્ધ જીવિકા છે.

જ્યારે પુરૂષની શ્રદ્ધા નિષ્કામ હોય, ત્યારે એ પદાર્થોએ કરીને પરલોકનાં સુખને પ્રાપ્ત કરી શકે છે. જે પુરૂષે આ પ્રકારે નિશ્ચય જાણ્યું છે, તે ધનને કાર્ય માત્ર અંગીકાર કરે છે અને અધિક ધનની સામગ્રીને હળાહળ વિષની પેઠે જાણે છે. એટલે એ વચનનો અર્થ એ છે કે ઉત્તમ પુરૂષોને ધન પણ લાભદાયક થાય છે. આચાર્ય મહારાજે કહ્યું છે કે "જે પુરૂષ ધનને ધર્મને નિમિત્તે પ્રીતમ રાખે છે, તે ધર્મનેજ પ્રિતમ રાખે છે. " અને જે પુરૂષ પોતાની વાસનાને અનુસાર ધનને પ્રિતમ જાણે છે, તે પોતાની વાસનાનોજ દાસ છે. અને તેણે આ જન્મના તાત્પર્યને જાણ્યું નહિ, માટે તે મહા મૂર્ખ છે.

એક સન્તે કહ્યું છે કે "હે મહારાજ પ્રેત પૂજાથી મારી અને મારા પ્રિતમોની રક્ષા કરે." અર્થ એકે સોનું અને ચાંદી પ્રેતરૂપ છે. અને બધા લોભ સંયુક્ત એને પૂજે છે. માટે તું મારા હૃદયથી એની પ્રીતિને દૂર કર

ધનના લાભ અને વિઘ્નોનું વર્ણન.

આ ધન સર્પ જેવું છે, અર્થ એકે જેમ વિષ અને મણિ બેઉ સર્પથીજ ઉપજે છે તેમજ ધન વિષે પણ ગુણ દોષ જોવામાં આવે છે. તે જ્યાં સુધી સર્પ અને મણિના સ્વરૂપને ભિન્ન ભિન્ન કરીને ન કહીએ ત્યાં સુધી વચનનું તાત્પર્ય પરમ સિદ્ધ થતું નથી. તેથી હું ધનના ગુણ અને દોષ ભિન્ન ભિન્ન કરીને કહું છું.

ધનના લાભ બે રીતે પ્રસિદ્ધ છે (૧) એક તો સંસારી લાભ છે કે ધનવાન્ પુરૂષને જગત્ વિષે મોટાઈને પામે છે. અને ઈત્યાદિક અવર જે સ્થૂલ

લાભ છે, તે પોતેજ પ્રસિદ્ધ છે. (૨) બીજો ધર્મના માર્ગ વિષે ધનનો લાભ છે, તે પણ ત્રણ છે (૧) એક તો પોતાના શરીરની જીવિકા થાય છે. અને જેટલાં શુભ કર્મ છે, તે એ શરીરના સમ્બન્ધે કરીને સિદ્ધ થાય છે. માટે સર્વ શુભ કર્મોનું બીજ શુદ્ધ જીવિકા છે, પણ જ્યારે જીવિકાની ચિન્તા રહે છે ત્યારે તેનાથી ભજન અને અભ્યાસ કંઈ થઈ શકતું નથી. માટે જ્યારે આ પુરૂષની મનસા ધર્મના માર્ગની હોય ત્યારે જીવિકાનો સંગ્રહ રાખવો એ પણ એ માર્ગનું ભાથું થાય છે.

એ ઉપર એક વાર્ત્તા છે કે એક સન્તની પાસે કંઈ અનાજ નિષ્પાપ વ્યવહારનું આવ્યું હતું, ત્યારે તે સંત અનાજની મુઠી ભરી કરીને કહેવા લાગ્યા કે આ શુદ્ધ જીવિકાને હું નિરૂદ્યમિયોના ભરોંસાથી વિશેષ જાણું છું. પણ આ ભેદને તેજ પુરૂષ સમજે છે કે જેને પોતાના હૃદયની શુદ્ધતા અને અશુદ્ધતાનું જ્ઞાન હોય છે, અને ત્યારેજ તે જાણે છે કે શુદ્ધ જીવિકાએ કરીને એ રીતે હૃદય નિઃખેદ રહે છે, બીજા લોકોની આશા દૂર થઈ જાય છે, અને ભજન વિષે એકાગ્રતા દૃઢ થાય છે.

(૨) જો લાભ ધર્મ માર્ગ સંબંધી ધનનો એ છે કે બીજા જીવોને દાન દે છે. તોપણ આ પુરૂષને ભલાઇ પ્રાપ્ત થાય છે.

ધનનું દેવાનું પણ ચાર પ્રકારનું છે. (૧) પ્રથમ એ છે કે અર્થી અને સાત્ત્વિકી મનુષ્યોની પૂજા કરવી, ત્યારે તેની પ્રસન્નતાએ કરીને વ્યવહાર અને પરમાર્થ સુખને પામે છે.

(૨) દેવાનો (દાનનો) બીજો પ્રકાર એ છે કે મિત્રો અને સમ્બન્ધિયોની સાથે ભાવ કરવો અને સર્વ કાર્યો વિષે ઉદારચિત્ત થવું, તે પણ ધનવડે કરીને થાય છે.

(૩) ત્રીજું એકે કેટલાએક પુરૂષ એની આશા રાખે છે; અને જ્યારે તેમને કંઇ ન આપે, ત્યારે નિન્દા કરવા માંડે છે જેવાકે બ્રાહ્મણ, ભાટ કવિ-

શ્વર વગેરે એમને આપવું એ પણ મોટો ઉપકાર છે શાથી કે એ બધા નિન્દા કરવામાંથી છૂટે છે.

(૪) દાનનો ચોથો પ્રકાર એ છે કે આ માણુસ પોતાની બધી ક્રિયા પોતે કરી શકતો નથી, માટે કેટલાક પુરૂષોની સાથે વ્યવહારનો સમ્બન્ધ થાય છે, ત્યારે પોતાની સેવા કરનારાઓને દેવું એ પણ વિશેષ છે, શાથી કે જ્યારે આ પુરૂષ પોતાની ક્રિયાથી નિશ્ચિન્ત થાય છે, ત્યારે ભજન વિષે સાવધાન રહે છે, અને જો કે પોતાના શરીરની ક્રિયા પોતેજ કરવી એ વિશેષ છે. તોપણુ જે જિજ્ઞાસુનું ચિત્ત અંતર અભ્યાસ વિષે દૃઢ હોય છે, ત્યારે તેને સ્થૂળ ક્રિયાનો અત્યંત અધિકાર રહેતો નથી.

(૩) ધનનો ત્રીજો લાભ ધર્મ સમ્બન્ધી એ છે કે ધને કરીને બીજાં પણ મોટાં મોટાં પુણ્યનાં કામ થાય છે. જેવાં કે કૂવા, તળાવ અને પૂલો બનાવવા અથવા અભ્યાગતોને સારૂ ધર્મશાળા, દેવમંદીર વગેરે બનાવવાં. ઇત્યાદિક પુણ્યસ્થાન એવાં ઉત્તમ છે કે એણે કરીને ચિરકાળ પર્યન્ત અસંખ્ય જીવોને સુખ થાય છે. પણ એની સિદ્ધતા ધનવડેજ થાય છે.

ધનના વિઘ્નોનું વર્ણુન.

ધન વિષે કેટલાંક સ્થૂળ વિઘ્ન છે, અને કેટલાંક એવાં છે કે ધર્મ માર્ગથી વિમુખ કરે છે, તે વિઘ્ન પણ ત્રણ પ્રકારનાં છે, (૧) પ્રથમ એકે ધને કરીને ભોગોની પ્રાપ્તિ અને પાપક્રિયા સુખેથી થાય છે, વળી આ જીવનું મન તો પ્રથમથીજ એવું ચપળ છે કે જેથી તે સદા વિષયો અને પાપો તરફ દોડતું રહે છે, અને જ્યારે સન્માનાદિક મોટાઇને પામે છે, ત્યારે શીઘ્રજ પાપો વિષે જઇને પડે છે. અને બુદ્ધિની શુદ્ધતા નષ્ટ થઈ જાય છે, વળી જ્યારે ભોગો અને પાપોથી ખશીને પોતાને બચાવવા ઇચ્છે તોપણુ મોટો પુરૂષાર્થ જોઇએ. શાથી કે સંપદા વિષે વિરક્ત રહેવું મહા કઠણુ છે. (૨) બીજું વિઘ્ન એ છે કે જો કે ધનવાન્ પુરૂષ એવો વિચારવાન્ હોય કે પાપ-

કર્મોથી પોતાને બચાવી રાખે તોપણ ખાનપાન અને વસ્ત્રાદિ ભોગોથી મુક્ત થઇ શકતો નથી. શાથી કે એવો વૈરાગ્ય મહા દુર્લભ છે કે જેને લીધે સમ્પદા વિષેજ પોતાને સંયમ સાથે રાખે.

જેમ શાક છતાં પણ લુખું અનાજ ખાય, અથવા સુંદર વસ્ત્રો છતાં પણ કામળી આદિક પહેરે માટે જ્યારે એવા વૈરાગ્યને પ્રાપ્ત થતો નથી, ત્યારે શરીરનો સ્વભાવ અધિક ભોગોની સાથે મળી જાય છે, અને રાજસી વ્યવહારનો ત્યાગ કરી શકતો નથી. વળી અધિક ભોગોની ઉત્પત્તિ પાપથી રહિત થવી કઠણ છે. એ કારણથી ભોગી પુરૂષ અચાનકજ પાપોના સમુદ્રમાં વહી જાય છે, અને આ સંસારમાં જીવવાને (જીવતરને) સ્વર્ગવત્ જાણે છે. માટે પરલોકના માર્ગથી વિમુખ રહે છે અને જેને ભોગોની તૃષ્ણા હોય છે, તે ધનને નિમિત્તે નાના પ્રકારનાં પાખંડ કરે છે, અને રાજાઓના નિકટ વર્તી થવાને ઇચ્છે છે, ત્યારે અનેક શત્રુ અને ઇર્ષા કરનારા ઉપજી આવે છે. અને પરસ્પર વૈરભાવ વિષે દૃઢ થઇ જાય છે. તે એવાં બધાં કર્મ પાપરૂપ છે. તાત્પર્ય એકે રજોગુણી બીજથી અવશ્યજ તામસી વૃક્ષ ઉપજે છે એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે માયાની પ્રીતિ સર્વ પાપોનું કારણ છે, અને એવું મહા નરક છે કે તેનો અંત કદાચિત્ આવતો નથી. (૩) ત્રીજું વિઘ્ન ધનનું એ છે કે જો કે ધનવાન્ પુરૂષ ભોગો અને પાપોથી રહિત પણ હોય, અને સર્વથા વૈરાગ્ય સંયુક્ત રહે, અને વિચારની મર્યાદાની સાથે ખરચ કરે, તોપણ ધનની રક્ષાના સંકલ્પ વિષે એવો લીન થઇ જાય છે કે ભજન અને અભ્યાસ કરી શકતો નથી. અને બધાં શુભ કર્મોનું ફલ ભગવત્ ભજન અને પ્રીતિ છે. અને પ્રીતિનું રૂપ એ છે કે ભગવત્ સિવાય ઇતર સર્વ પદાર્થોથી વિરક્ત રહે. પણ એવી અવસ્થા ત્યારે પ્રાપ્ત થાય છે, કે બીજા સર્વ સંકલ્પોથી મુક્ત થાય છે. અને ધનવાન્‌ની વિક્ષેપતા આ રીતે છે કે જ્યારે અધિક સામગ્રી રાખે છે, ત્યારે તો સહજજ વ્યવહાર પસરે છે. પણ જ્યારે બીજી કંઈ સામગ્રી ન રાખે, અને કેવળ સોનું અને ચાંદી જમીનમાં દાટી રાખે તોપણ તેને સર્વદા એજ સંકલ્પ રહે છે કે એવું તો નહિ થાય કે કોઈ પુરૂષ મારૂ ધન જોઇ લેશે ને અચાનકજ ચોરીને લઈ જશે તો હું શું કરીશ.

તાત્પર્ય એકે ધનવાનનું હૃદય કોઈ પ્રકારે નિસ્સંકલ્પ થતું નથી, અને ચિંતાનો સમુદ્ર થઈ જાય છે.

એ ઉપર સન્ત જનોએ કહ્યું છે કે જેમ પાણીમાં કોરા રહેવાનું અસમ્ભવ છે, તેમજ માયા વિષે નિર્લેપ રહેવું કઠણ છે. તેથી મેં ધનના લાભ અને વિઘ્ન બધું પ્રકટ કર્યું છે.

બુદ્ધિમાનોએ જ્યારે સારી રીતે વિચાર કરીને જોયું છે, ત્યારે એજ નિશ્ચય કર્યો છે કે શરીરના નિર્વાહ માત્રને સારૂ શુદ્ધ જીવિકાનો સંગ્રહ કરવો એ અમૃત રૂપ છે, અને તેથી અધિક સમ્પદા નિસ્સન્દેહ વિષ રૂપ છે.

તૃષ્ણાના વિઘ્નોનું વર્ણન.

તૃષ્ણાવાળો સ્વભાવ મહા નિન્દ્ય છે, શાથી કે લોભી મનુષ્ય વ્યવહાર વિષે પણ અનાદરને પામે છે, અને સદૈવ લજ્જામાન રહે છે–વળી એ લોભથી બીજા પણ અનેક અવગુણ ઉપજે છે. જેવા કે કપટ અને પાખંડ–અને ધનવાનોની આધીનતા વિષે આસક્ત રહે છે, અને તેના અપમાનનું સહન કરે છે, અને તેનાં જૂઠાં વચનને સાચાં કહે છે.

આ માણસને ભગવન્તે પ્રથમજ તૃષ્ણા સહિત ઉત્પન્ન કર્યું છે, પણ આ તૃષ્ણા સન્તોષ વિના કદાચિત્ દૂર થતી નથી. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે, જો કદાપી માણસને બે બંગલા સુવર્ણથી પૂર્ણ કરી દે, ત્યારે તે ત્રીજાને ઇચ્છે છે. માટે મૃત્યુજ તેને તૃપ્ત કરે છે. અને તે બીજા કોઈ પદાર્થથી તૃપ્ત થતું નથી.

એમ પણ કહ્યું છે કે ધનની તૃષ્ણા અને જીવવાની આશા કદાચિત્ પૂર્ણ થતી નથી. માટે ઉત્તમ પુરૂષ તેજ છે કે જેને ધર્મ માર્ગનું જ્ઞાન પ્રાપ્ત થયું છે, અને શરીરના નિર્વાહ માત્ર શુદ્ધ જીવીકાપર સંતોષ કરે છે.

વળી એમ પણ કહ્યું છે કે જ્યાં સુધી આ મનુષ્ય પોતાનું સર્વ આ-

રબ્ધ ભોગવતું નથી ત્યાં સુધી નિસ્સન્દેહ મૃત્યુ થતું નથી. માટે તૃષ્ણાનો ત્યાગ કરો. અને સન્તોષ સહિત જીવિકાને ઉત્પન્ન કરો, અને અધિક ભોગોથી વિરક્ત થાઓ જે વાત પોતાને માટે હિત કરનારી હોય તે બીજાને માટે પણ ઇચ્છો–ત્યારે પ્રીતિમાન થશો.

એકવાર આચાર્ય મહારાજે કેટલાક જિજ્ઞાસુ જનોને આ ઉપદેશ કર્યો હતો કે ભગવત્ સિવાય કોઈ બીજાને ન પૂજો, અને ભગવત્‌ની આજ્ઞામાં સાવધાન રહો, ભગવત્ સિવાય કોઇ પાસે યાચના પણ ન કરો. આ પ્રમાણે જેમને આચાર્ય મહારાજે ઉપદેશ કર્યો હતો તેમની એવી અવસ્થા થઇ છે કે જ્યારે ઘોડાપર સવાર થતા, અને હાથમાંથી ચાબુક પડી જતી ત્યારે કોઇને એ પ્રમાણે કહેતા નહોતા કે કે મને ચાબુક ઉપાડી આપો માટે પોતેજ ઘોડાપરથી ઉતરીને ઉપાડી લેતા હતા.

એક મહાપુરૂષે કહ્યુ છે અને ભગવત્‌ની પાસે આ પ્રમાણે પ્રાર્થના કરી હતી કે હે મહારાજ તારી સર્વ સૃષ્ટિ વિષે અતિ ધનવાન્ કોણ છે? ત્યારે આકાશવાણી થઈ કે જો પુરૂષને યથા પ્રાપ્તિ વિષે સન્તોષ છે, તેજ અતિ ધનવાન છે, વળી વિનતિ કરી કે હે મહારાજ ન્યાય કરનારો ઉત્તમ કોણ છે? ત્યારે આકાશવાણી થઈ કે "જેણે પોતાના ઉપર ન્યાય કર્યો છે તેજ ઉત્તમ ન્યાય કરનારો છે.

એક જિજ્ઞાસુજન લુખી રોટલી પાણીમાં પલાળીને ખાઇ લેતા હતા, અને આ પ્રમાણે કહેતા હતા કે જેણે આવી જીવિકા ઉપર સંતોષ કર્યો છે. તે સર્વ સંસારમાં તૃષ્ણા વિનાનો રહે છે.

એક સન્તે પણ કહ્યું છે કે એક દેવતા સદૈવ જગત્ વિષે પોકારીને કહે છે કે હે મનુષ્યો જે કંઇ જીવિકા તમારા શરીરના નિર્વાહ માત્રને સારૂ છે તે તમને વિશેષ છે. શાથી કે એથી જેટલી વધારે સામગ્રી હોય છે, તેથી પ્રમાદ અને અચેતનતા ઉપજે છે.

એક બીજા સન્તે કહ્યું છે કે આ તારૂં ઉદર સર્વ મલીનતાનું ઘર છે, ત્યારે તું એ ઉદરની તૃષ્ણાને નિમિત્તે નરકગામી કેમ થાય છે?

ભગવન્તે પણ કહ્યું છે કે હે માણસ જ્યારે હું તને અધિક ધન આપીશ ત્યારે આહારે કરીનેજ તારી તૃપ્તી થશે. પણ જ્યારે હું તને આહાર માત્રજ આપતો રહું અને વ્યવહારની વિક્ષેપતા અને પરલોકનો દંડ ધનવાનોને માથે નાંખું, ત્યારે તારાપર એથી મોટો ઉપકાર શો છે?

એક બુદ્ધિમાને કહ્યું છે કે તૃષ્ણાવાનના સમાન દુઃખ સહન કરનાર કોઈ નથી. અને સન્તોષી સમાન સુખી કોઇ નથી અને ઈર્ષા કરનારા સમાન ચિન્તાવાન્ કોઈ નથી, વૈરાગ્યના સમાન સુખી ચિત્તવાળો કોઈ નથી.

જે વિદ્યાવાન્ કૃતિથી રહિત થાય તેના જેવો પશ્ચાતાપ કરવા યોગ્ય બીજો કોઈ નથી.

એ ઉપર એક વાર્તા છે કે એક શિકારીએ એક પક્ષીને ફસાવ્યું હતું ત્યારે તે પક્ષીએ કહ્યું કે જો તું મને મારીને ભક્ષણ કરીશ તોપણ તારી તૃપ્તિ થશે નહિ માટે હું તને ત્રણ ઉપદેશ કરૂં છું, તે ત્રણે કરીને તને અધિક લાભ થશે. પણ એક વચન તારા હાથપર કહીશ, પછી તું જ્યારે મને છોડશે, અને હું વૃક્ષ ઉપર જઇને બેશીશ ત્યારે બીજું વચન કહીશ. અને ત્રીજું વચન પહાડપર બેશીને કહીશ. ત્યારે તે પારધીએ કહ્યું કે બહુ સારૂં પણ પ્રથમ વચન તો કહે, ત્યારે પક્ષી બોલ્યું કે "જે કાર્યનો સમય વીતી જાય, તે કાર્યને માટે પછીથી પશ્ચાતાપ ન કરવો." ત્યારે પારધીએ તે પક્ષીને છોડી દીધું, એટલે તે વૃક્ષ ઉપર જઇને બેઠું, એટલે પારધીએ બીજું વચન પૂછયું ત્યારે પક્ષીએ કહ્યું કે "અસંભવ વાર્તાપર પ્રતીતિ ન કરવી." એટલું કહીને તે પક્ષી જઇને પહાડપર બેઠું અને કહેવા લાગ્યું કે "હે અભાગીયા જો તું મને મારત તો મારા પેટમાંથી બે લાલ (રત્ન) નીકળત, અને તે એક એક લાલ બે બે પૈસા પ્રમાણે ભારી હતાં. તે જ્યારે તને મળત ત્યારે એવો ધની થાત કે કદાચિત્ નિર્ધનતાને દેખત નહિ." પાર-

ધીએ જ્યારે આ વાર્તા સાંભળી ત્યારે હાહાકાર કરીને બે હાથ ઘસવા લાગ્યો, અને આ પ્રમાણે કહેવા લાગ્યો કે " હવે ત્રીજું વચન બોલ " ત્યારે પક્ષીએ કહ્યું કે તેં તો તે બેઉ ઉપદેશ વિસારી દીધા. હવે ત્રીજો સાંભળીને શું કરીશ ? શાથી કે મેં તને કહ્યું હતું કે વીતિ ગયેલા કામનો પશ્ચાતાપ ન કરવો. અને અસમ્ભવ વાર્તાપર પ્રતીતિ ન કરવી. વળી મોટું આશ્ચર્ય છે કે મારૂં શરીરજ બે પૈસાભાર નહિ હોય, ત્યારે ચાર પૈસાભાર લાલ મારા પેટમાં શી રીતે સમાય ? એટલું બોલીને પક્ષી ઉડી ગયું.

ઉપરની વાર્ત્તાનું તાત્પર્ય એ છે કે લોભી માણસ થવાની અને નહિ થવાની વાર્ત્તાનો વિચાર કરતો નથી, અને લોભે કરીને અંધ થઈ જાય છે.

એક સન્તે કહ્યું છે કે આ મનુષ્યના ગળામાં આ લોભ ફાંસા જેવો છે અને લોભજ પગની બેડી છે, પણ જ્યારે માણસ લોભને દૂર કરે ત્યારે તેના ગળામાંથી ફાંસી અને પગમાંથી બેડી તૂટી જાય અને તે મુક્તરૂપ થાય.

તૃષ્ણાને નિવૃત્ત કરવાનો ઉપાય.

તૃષ્ણાનું ઓસડ હઠરૂપી કડવાશ, જ્ઞાનરૂપી મિઠાઈ, કૃતિરૂપી તીક્ષ્ણતાની સાથે મળેલું રહે છે. તે જ્યારે માનસીક રોગોના સર્વ ઉપાયો વિષે એવીજ ઔષધી મળે છે, ત્યારે તે રોગ દૂર થઇ જાય છે માટે તૃષ્ણાની ઔષધી પાંચ પ્રકારે કરીને થાય છે.

(૧) પ્રથમ એકે પોતાના કાર્યને ટુંકાં કરે જેમકે લુખું અન્ન અને જાડાં વસ્ત્ર વડે જીવિકા કાઢે તો એ જીવિકા તૃષ્ણાથી રહિત ઉત્પન્ન થાય છે. પણ જ્યારે નાના પ્રકારના રસો અને સુંદર વસ્ત્રોને ઈચ્છે ત્યારે કદાચિત્ તૃપ્ત થઇ શકતો નથી.

એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષનો વ્યવહાર સંયમની સાથે છે, તે કદાચિત્ નિર્ધન થતો નથી. અને એમ પણ કહ્યું છે કે

આ ત્રણ લક્ષણ સર્વ જીવોને મુક્ત કરનારા છે.

(૧) પ્રથમ એકે ગુપ્ત અને પ્રકટ વિષે ભગવત્નો ભય કરવો.

(૨) બીજું એકે વિચારની મર્યાદાને અનુસાર ક્રોધ અને પ્રસન્નતા વિષે વિચરવું. (૩) ત્રીજું એકે સંપદ અને આપદા વિષે સંયમ સહિત જીવિકા કરવી.

એ ઉપર એક વાર્તા છે કે એક સન્તે એકવાર ખજૂરનાં ફળ વીણતા હતા, અને આ પ્રમાણે કહેતા હતા કે યથા પ્રાપ્તિ વિષે પ્રસન્ન રહેવું એ પણ મોટો પુરૂષાર્થ છે.

(૨) તૃષ્ણાને ઘટાવવાનો બીજો ઉપાય એ છે કે "જ્યારે આ પુરૂષને એક દિવસની જિવીકા પ્રાપ્ત થાય, ત્યારે બીજા દિવસની ચિન્તા ન કરે." પણ આ માણસ આ પ્રમાણે સંશય કરે છે કે હમણાં તો તને ઘણું જીવવાનું છે, અને કદાચિત્ કાલને દિવસે કંઇ પ્રાપ્ત નહિ થાય, માટે હમણાંજ ઉદ્યમ કરીને સંચય કરી રાખીયે. આ પ્રમાણે મન માણસનું એવું શત્રુ છે કે આગળની ચિંતાએ કરીને આજજ દુ:ખી કરવાને ઇચ્છે છે. અને નિર્ધનતાઇના ભયથી હમણાંજ તને નિર્ધન કરે છે, પણ જ્યારે એવો સંકલ્પ સ્પુરે ત્યારે જિજ્ઞાસુએ એવો વિચાર કરવો જોઇએ કે, આ જીવિકા તૃષ્ણાવડે કરીને ઉત્પન્ન થતી નથી શાથી કે પ્રારબ્ધતો પરમેશ્વરે રચેલું છે, તે આ જીવને અવશ્ય આવી મળે છે. અને એમ પણ છે કે જ્યારે આગલે દિવસે જીવિકા પ્રાપ્ત થઇ નહિ તોપણ તેની ઉત્પત્તિ વિષે જેટલો યત્ન આજ થાય છે એટલોજ કાલે થશે. ત્યારે હમણાંજ શા માટે ચિંતાવાન્ થઇએ?

એકવાર આચાર્ય મહારાજ એક સંતને ઘેર ગયા હતા ત્યારે તેને ચિન્તાવાન્ જોઇને કહેવા લાગ્યો કે તમે શોક અને ચિન્તા નકરો, સાથી કે તમારૂં પ્રારબ્ધ તમને અવશ્યજ પ્રાપ્ત થશે. એ ઉપર ભગવન્તે પણ કહ્યું છે કે વૈરાગ્યવાન્ને યત્ન વિનાજ જીવિકા પ્રાપ્ત થાય છે.

એક સન્તે કહ્યું છે કે :માણસે તૃષ્ણાથી રહિત થવું એજ વિશેષ છે, શાથી કે કોઇ સન્તોષવાન્ ભૂખે કરીને દુ:ખી નથી થયા. એટલા માટે કે ભગવત્ સર્વજીવોને સન્તોષી ઉપર દયા કરી દે છે. માટે યાચના વિનાજ તેની પ્રતિપાલના થાય છે. એક સન્તે કહ્યું છે કે મારૂં જે પ્રારબ્ધ છે તે મને યત્ન વિનાજ મળશે. અને જે મારા પ્રારબ્ધમાં નથી તે સર્વ મનુષ્યો અને દેવતાઓના યત્ને કરીને પણ પ્રાપ્ત નહિ થાય. માટે જીવિકાને નિમિત્તે મારો યત્ન અને અધૈર્યતા શા કામમાં આવશે? (૩) ત્રીજો ઉપાય એ છે કે જ્યારે આ માણસને નિરાશ થવા વિષે યત્ન ભાસે છે. ત્યારે એવું જાણવું પ્રમાણ છે કે જ્યારે કોઇની આશા કરીશ ત્યારે યત્ન અને ખેદ પણ થશે. અને હું નિર્લજતાને પ્રાપ્ત થઇશ અને ભગવત્‌થી પણ વિમુખ રહીશ. પણ જ્યારે હું નિરાશતા વિષેજધીરજ રાખીશ ત્યારે નિસ્સન્દેહ લાભ પામીશ. તાત્પર્ય એકે નિરાશતા વિષે ધૈર્ય કરવું એ લોભનાં અપ્રમાણ દુ:ખથી સર્વ પ્રકારે વિશેષ છે એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે પ્રીતિમાનની મોટાઈ એજ છે કે જે સન્તોષે કરીને સર્વ સંસારથી અચાહ રહે.

એક સન્તે કહ્યું છે કે જેની સાથે તારૂં કંઈ પ્રયોજન છે, તેનો તું દાસ છે. અને જેને તારૂં પ્રયોજન છે, તે નિ:સન્દેહ તારો દાસ છે. અને જે જે પદાર્થથી તું અચાહ છે, તે તે પદાર્થની આધીનતા તને રહેતી નથી.

(૪) ચોથો ઉપાય એ છે કે જિજ્ઞાસુ પ્રથમ પોતાના હૃદય વિષે એવો વિચાર કરી જુએ કે હું તૃષ્ણા અને લોભ શા માટે કરૂંછું. જો હું અહંકારને નિમિત્તે કરૂં તો એ કામ તો વૃષભો અને ગર્દભોનું છે. અને જો કામાદિકોને નિમિત્તે તૃષ્ણા કરૂંછું તો ભૂંડ, પક્ષી, ચકલાં મારાથી અધિક ભોગી છે. અથવા જ્યારે નાના પ્રકારનાં વસ્ત્રાદિકને નિમિત્તે યત્ન કરતો હોઊં તો કેટલાંક તામસી મનુષ્ય પણ મારાથી અધિક ધનવાન્ છે. તાત્પર્ય એકે જ્યારે એ પ્રકારે વિચાર કરીને તૃષ્ણાને દૂર કરે ત્યારે સર્વ સંસારથી ઉત્તમ અવસ્થાને પામે અને સન્તજનોના પદને જઇ પહોંચે.

(૫) પાંચમો ઉપાય તૃષ્ણાને ઘટાડવાનો એ છે કે વ.રંવાર ધનના વિઘ્નો

નો વિચાર કરે, અને આ પ્રમાણે જાણે કે ધનવાન પુરૂષ આ લોક વિષે પણ દંડનો અધીકારી થાય છે. માટે જિજ્ઞાસુને ઘટે છે કે સદૈવ પોતાથી અધિક નિર્દ્ધનોને જોતો રહે. અને ધનવાનોની તરફ નજુએ, ત્યારે ભગવત્‌ના ઉપકારને પ્રકટ જાણે. પણ આ મન એવું શત્રુ છે કે સર્વદા માણસને ભટકાવતું રહે છે, અને એવું કહે છે કે અમુક તો આવો ધનવાન છે, અને અમુક વિદ્યાવાન્ તો કંઈ ધનથી ભય માનતા નથી ત્મારે તું શા માટે ત્યાગ કરે છે? એ સંકલ્પનો ઉપાય એ છે કે પોતાનાથી વિશેષ અવસ્થા વાળાને પરમાર્થ સંબંધમાં દેખે ત્યારે પોતાની નીચતાને પ્રકટ જાણે. અને અભિમાનથી રહિત થાય અને વ્યવહાર વિષે પોતાનાથી અધિક નિર્ધનોની તરફ જુએ ત્યારે ભગવત્‌ના ઉપકારનો જ્ઞાતા થાય.

ઉદારતાની મહિમાનું વર્ણન.

જેમ નિર્ધનતાઇમાં જિજ્ઞાસુને સન્તોષ જોઇએ, તેમજ ધન અને સમ્પદા વિષે પ્રીતિમાનને ઉદારતા વિશેષ છે. અને કૃપણુતાને દૂર કરવી એજ ભલાઈનું કારણુ છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે ઉદારતા રૂપી વૃક્ષનાં મૂળ સ્વર્ગ વિષે છે, અને શાખા આ લોકમાં છે. માટે ઉદાર પુરૂષ તેજ શાખાને પકડીને અવશ્યજ સ્વર્ગને પ્રાપ્ત થાય છે. એજ રીતે નર્કમાં કૃપણુતા રૂપી વૃક્ષનું મૂળ છે, અને શાખા આ લોકમાં છે, કૃપણુ માણુસ તે શાખાને પકડીને અવશ્યજ નરકને પ્રાપ્ત થાય છે. અને એમ પણુ કહ્યું છે કે બે લક્ષણુ ભગવત્‌ને અધિક પ્રિયતમ છે, (૧) કોમળ સ્વભાવ, (૨) ઉદારતા અને એ રીતેજ બે લક્ષણુ ભગવત્‌થી વિમુખ કરે છે. (૧) કઠોર સ્વભાવ, (૨) કૃપણુતાા એમ પણુ કહ્યું છે કે ઉદાર પુરૂષના અવગુણુને જોશો નહિ. શાથી કે ઉદાર પુરૂષને જ્યારે કંઇ અવસર આવી પડે છે ત્યારે ભગવત્‌જ તેની સહાયતા કરે છે. એમ પણુ કહ્યું છે કે ઉદાર પુરૂષ ભગવત્‌નો નિકટવર્તી છે, પરમ સુખ પણુ તેને નિકટ છે. તે લોકોના ચિત્ત વિષે પણુ પ્રિય-

તમ લાગે છે, અને નરકોથી દૂર છે. એ પ્રમાણે કૃપણ મનુષ્ય ભગવતના સુખથી દૂર છે, અને લોકોના ચિત્તમાં પણ દૂર છે. અને ગરજોથી નિકટ છે. એ કારણથી કૃપણ મનુષ્ય જો કે ભજનવાન હોય તોપણ તેનાથી વિદ્યાહીન ઉદાર પુરૂષને ભગવત્ અધિક પ્રિયતમ રાખે છે, શાથી કે કૃપણતા મહામલીન સ્વભાવ છે; જે પુરૂષોને પરમ પદની પ્રાપ્તિ થઇ છે, તે જપ, તપ અને વ્રતે કરીને નથી થઇ, પણ હૃદયની શુદ્ધતા દયા અને ઉદારતાએ કરીને ઉત્તમ પદ વિષે સ્થિત થયા છે, એ ઉપર એક સન્તે કહ્યું છે કે જ્યારે તને સમ્પદા પ્રાપ્ત થવા લાગે ત્યારે ઉદારતા સહિત ખર્ચ કર. શાથી કે દાને કરીને સમ્પદા દૂર રહેશે નહિ. અને જ્યારે ધનની સામગ્રી તારાથી દૂર થવા માંડે ત્યારે નિશ્શંક દાન દે. શાથી કે લક્ષ્મીએ તો પોતેજ ચાલી જાય છે, અને જ્યારે તું સંચવાની મનસા કરીશ ત્યારે દંડનો અધિકારી થઇશ. એ ઉપર એક વાત, છે કે કોઇ પુરૂષ પોતાના મનોરથનું પત્ર લખીને એક સંતની પાસે આવ્યો, ત્યારે સંતે તે પત્ર વાંચ્યા વિનાજ તેને કહ્યું કે જેટલું તને જોઇએ તેટલું માગી લે. પછી કોઇએ પૂછયું કે તમે પત્ર કેમ વાંચ્યું નહિ, ત્યારે તે કહેવા લાગ્યા કે જ્યારે મને પત્ર વાંચતાં કંઈ વાર થાત, અને ભગવત્ મને પૂછત કે તે અર્થીનો અર્થ પૂર્ણ કરવા વિષે આટલી વાર કેમ લગાડી? ત્યારે શો જવાબ દેત!! એ ભયવડે કરીને મેં પત્ર વાંચ્યું નહિ. એ ઉપર એક બીજી વાર્તા છે કે કોઈ ધનવાને પચાસ હજાર રૂપીયા એક મહાપુરૂષની સ્ત્રીને ભેટ આપ્યા હતા ત્યારે તેણે બધું ધન વેહેંચી દીધું. પછી જ્યારે વ્રત છોડવાનો (પારણાનો) સમય થયો ત્યારે લુખુંજ ભોજન ખાવા લાગી. ત્યારે દાસીએ કહ્યું કે જો તું પોતાને માટે પણ એક બે પૈસા રાખી લેત તો શું થાત? ત્યારે તેણે કહ્યું કે જ્યારે તું પ્રથમજ મને સ્મરણ કરાવત તો તને પણ તેમાંથી આપી દેત.

એ ઉપર એક બીજી વાર્તા છે કે એક દિવસ એક સન્ત રૂદન કરવા લાગ્યા ત્યારે કોઇએ પૂછયું કે તમે કેમ રૂઓછો? ત્યારે તેમણે કહ્યું કે સાત

દિવસ વ્યતીત થયા છે, પણ મારે ત્યાં કોઇ અભ્યાગત આવ્યો નથી માટે એ નિમિત્તે રૂદન કરૂં છું.

એક બીજી વાર્તા છે કે એક પ્રીતિમાને પોતાના મિત્રને કહ્યું હતું કે મારે બસો રૂપીઆ કરજમાં દેવા છે, ત્યારે તે મિત્રે બસો રૂપિયા તેને આણી આપ્યા અને પછી રૂદન કરવા લાગ્યો. ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે જ્યારે તમને આપવાની શ્રદ્ધા નહોતી ત્યારે પ્રથમથીજ તમારે આપવું નહોતું કે હવે રૂદન કરોછો ત્યારે તેણે કહ્યું કે હું ધનને માટે રોતો નથી પણ એટલા માટે રૂદન કરૂંછું કે હું મિત્રની વ્યથાથી આટલો અચેત કેમ રહ્યો? કે એને માગવું પડયું, મેં એ મિત્રની મોટી અવજ્ઞા કરી છે.

કૃપણુતાની નિષેધતાનું વર્ણન ભગવન્તે પણ આ પ્રમાણે કહ્યું છે કે જેને ધનરૂપી પદાર્થ પ્રાપ્ત થયો છે અને તે કૃપણુતા કરે છે, ત્યારે તે ધનજ તેને વિઘ્ન કરતા થાય છે, અને અન્ત સમયે તેજ સમ્પદા તેના ગળાની જંજીર થાય છે. આચાર્ય મહારાજે કહ્યું છે કે કૃપણુતાથી સદૈવ દૂર રહો શાથી કે આ કૃપણુતાએ આગળ પણ ઘણા લોકોનો નાશ કર્યો છે, અને જેના ઉપર કૃપણુતા પ્રબલ થઇ છે, તેમણે નિશ્શંક થઇને જીવોનો ઘાત કર્યો છે અને અશુદ્ધ જીવિકાને શુદ્ધ સમજ્યા છે. કહ્યું છે કે ત્રણ સ્વભાવ જીવની બુદ્ધિનો નાશ કરનારા છે, તેમાં (૧) પ્રથમ તો કૃપણુતા છે, (૨) બીજું અશુદ્ધ વાસનાને અનુસાર કૃતિ કરવી (૩) પોતાને વિશેષ જાણી કરીને અભિમાન કરવો. એ ઉપર એક વાર્ત્તા છે કે બે પુરૂષોએ કંઇ ધન એક મહા પુરૂષ પાસે માગ્યું હતું, તે જ્યારે મહા પુરૂષે તેમને આપ્યું ત્યારે તે વધારે પ્રસન્ન થયા. પછી તે મહા પુરૂષે એક સન્ત તરફ દ્દષ્ટી કરીને કહ્યું કે એ લોક મારી પાસે વિનતિ કરીને અધિક માગે છે, ત્યારે હું તેમને કંઇક આપું છું. પણ જ્યારે ભલી રીતે જોઇએ ત્યારે આ સકામતાનું દ્રવ્ય તેમને અગ્નિની પેઠે બાળનારૂં છે. ત્યારે પેલા સન્તે પૂછયું કે જ્યારે તમે આ દ્રવ્યને અગ્નિરૂપ જાણો છો ત્યારે એને શા માટે આપો છો? ત્યારે મહા પુરૂષે કહ્યું કે તેમની અધિક દીનતા જોઇ કરીને ભયવાન્ થાઉં છું. અને એથી પણ ભય માનું છું કે

કદાપી હું પણ કૃપણ ન થઇ જાઉં, અને મારી કૃપણતાએ કરીને ભગવન્ત અપ્રસન્ન થઇ જશે.

વળી બીજી એક વાર્તા છે કે કોઇ પુરૂષ ભગવત્‌ની પાસે આ પ્રમાણે પ્રાર્થના કરતો હતો કે હે મહારાજ મારાં પાપ તું ક્ષમા કર, ત્યારે આચાર્ય મહારાજે તેને જોઇને કહ્યું કે તારૂં પાપ શું છે? ત્યારે તેણે કહ્યું કે મારૂં પાપ અધિક છે; વળી તેમણે કહ્યું કે તારૂં પાપ મોટું છે કે મહારાજની દયા મોટી છે? ત્યારે તેણે કહ્યું કે નિઃસન્દેહ મહારાજની દયા તો અમિત છે (અપાર છે) ત્યારે તેમણે કહ્યું કે તું તારા પાપને પ્રસિદ્ધ કરીને કહે, ત્યારે તે પુરૂષે કહ્યું કે હું અધિક ધનવાન્ છું, પણ જ્યારે કોઇ યાચકને આવેલો જોઉં છુ ત્યારે કૃપણતાની અગ્નિએ કરીને બળતો રહું છું આ વાર્ત્તા સાંભળીને આચાર્ય મહારાજે કહ્યું કે મારાથી દૂર થા. શાથી કે જો કદાપિ તું સર્વ આયુષ્યભર તીર્થો પર સ્થિત થાય, અને રાત્રિ દિન ભજન કરતો રહે, વળી એટલું રૂદન કરે કે તારી આંખોનાં આંસુએ કરીને મોટા પ્રવાહ ચાલે. પણ જ્યાં સુધી કૃપણતાનો ત્યાગ નહિ કરે ત્યાં સુધી નરકોનાં દુઃખમાંથી છૂટીશ નહિ. શાથી કે આ કૃપણતાજ વિમુખતા છે, અને અગ્નિરૂપ છે. અને એમ પણ કહ્યું છે કે સદૈવ બે દેવતા ભગવત્‌ની આગળ પોકાર કરીને કહે છે કે હે મહારાજ ધન ભેગું કરનારાની સમ્પદા નષ્ટ કર અને ઉદાર પુરૂષોને અધિક સમ્પદા દે.

એક વખતે એક સન્તે કોઇને પૂછયું હતું કે તું કોને પ્રિયતમ રાખે છે? અને શત્રુ કોને જાણે છે? ત્યારે તેણે કહ્યું કે હું કૃપણ તપસ્વીને પ્રિયતમ રાખુંછું. શાથી કે તે તપ અને કષ્ટ કરીને દુઃખ ખેંચે છે, અને કૃપણતાએ કરીને તેનું ફળ નાશ થઈ જાય છે, તેમજ રાજસી પુરૂષ ઉદાર હોય તો તેને હું મારો શત્રુ જાણુંછું. શાથી કે તે શરીરે કરીને પણ સુખ ભોગવે છે, અને હું ડરૂં છું કે ઉદારતાએ કરીને તેના ઉપર ભગવત્ ક્ષમા કરે. અને પોતાની દયાએ કરીને તેને વૈરાગ્ય પ્રાપ્ત કરી દે.

પરમ ઉદારતાનું નિરૂપણ.

એક ઉદારતા છે અને બીજી પરમ ઉદારતા છે. તેમાં ઉદારતાનો અર્થ એ છે કે જે પદાર્થની એને અપેક્ષા ન હોય તેને ભગવત્ અર્થે ઉપાડીને આપી દે, અને પરમ ઉદારતા એ છે કે જે પદાર્થની એને અતિ અપેક્ષા હોય તે પદાર્થ કોઇ બીજા અર્થીને ઉઠાવીને આપી દે.

પરમ કૃપણુતા એ છે કે જો કે તેને કંઈ પોતાના શરીરને માટે પ્રયોજન હોય તોપણ ખર્ચ કરતો નથી. અને પોતાના મનોરથને પણ બીજા મનુષ્યોની આશા કરીને પૂર્ણ કરવાને ઇચ્છે છે અને પોતાના ધનની ગાંઠને છોડી શકતો નથી.

આચાર્ય મહારાજે આ પ્રમાણે કહ્યું છે કે જે પુરૂષ પોતાના અર્થની તરફ દૃષ્ટી ન કરે અને બીજાના અર્થને પૂર્ણ કરે ત્યારે તેના ઉપર ભગવત્ અતિ પ્રસન્ન થાય છે.

એ ઉપર એક વાર્તા છે કે કોઈ પ્રીતિમાનને ત્યાં કોઇ અભ્યાગત આવ્યો હતો, અને તેના ઘરમાં ભોજન અલ્પ હતું ત્યારે તેણે દીપકને બુઝવી નાંખ્યો અને ભેગા ભોજન કરવા બેઠા. પણ પોતે કંઇ ખાતા નહોતા, અને અમથોજ હાથ ભોજનપર મૂકતા હતા, એટલા માટે કે આ અભ્યાગત તૃપ્ત થઇને ખાય. એની એ વાર્તા સાંભળીને આચાર્ય મહારાજે કહ્યું કે તમારી પરમ ઉદારતા પર ભગત્ અતિ પ્રસન્ન થશે.

એક સન્તને આકાશવાણી થઈ હતી કે જે પુરૂષ સર્વ આયુષ્ય વિષે એકવાર પણ પોતાના અર્થનો ત્યાગ કરીને બીજાનો અર્થ પૂર્ણ કરે છે ત્યારે હું તેની સાથે લેખું કરતો નથી. એ ઉપર એક વાર્તા છે કે એક મોટો ધનવાન્ અને પ્રીતિમાન દેશાટણ કરતો કરતો કોઇ ખજૂરના બાગમાં જઈ પહોંચ્યો, ત્યારે તેના દેખતાં બાગના રખવાળને બે રોટલી આવી, પછી એ સમય વિષે એક કૂતરૂં તે બાગમાં આવી પહોંચ્યું ત્યારે તેને તે રખવાળે

એક રોટલી ખાવા નાંખી. તે કૂતરે સત્વર ખાઈ લીધી, ત્યારે તે રખવાળે બીજી પણ નાંખી દીધી, ત્યારે આવું આશ્ચર્ય જોઇને તે રખવાળને પ્રીતિમાને પૂછયું કે તને ઘેરથી કેટલું ખાવાનું આવે છે? ત્યારે તેણે કહ્યું કે જેટલું તમે જોયું છે તેટલુંજ આવે છે. વળી પ્રીતિમાને કહ્યું કે તે બધું શા માટે નાંખી દીધું? ત્યારે તેણે કહ્યું કે અહીં પહેલાંથી કોઇ કુતરૂં નહોતું અને આ દૂરથી આવ્યું છે માટે મેં એ મનસા કરીકે આ કુતરૂં ભુખ્યું ન રહે. ત્યારે તેથી પ્રીતિમાને કહ્યું કે "લોકો મને વ્યર્થજ ઉદાર કહે છે" આ રખવાળ તો મારા કરતાં પણ પરમ ઉદાર છે, એટલું કહીને તે પ્રીતિમાને તે બાગ વેચાથી લેઇને રખવાળને મુક્ત કરી દીધો. અને તે બાગ પણ તે રખવાળને આપી દીધો.

એક પ્રખ્યાત સંતને ઘેર કેટલાક અભ્યાગત આવ્યા હતા, અને તેના ઘરમાં ભોજન થોડું હતું માટે તેણે રોટલીયોના ટુકડા કરી નાંખ્યા. અને દીપક બુઝાવીને ભોજન કરવાને નિમિત્તે એકત્ર થઇને બેઠા, અને એક ઘડી પછી તેણે દીપક પ્રકટ કર્યો ત્યારે બધું ભોજન જ્યાંનું ત્યાં પડેલું જોયું, અને કોઇએ અંગીકાર ન કર્યું તાત્પર્ય. એક બધાએ પરમ ઉદારતા કરી. અને બધા એવીજ મનસા કરવા લાગ્યા કે અમારા મિત્રો તૃપ્ત થઇને ખાય. અને મારે ભૂખ્યા રહેવું સારૂં.

એક પ્રીતિમાને કહ્યું છે કે એકવાર મોટું યુદ્ધ થયું હતું અને તેમાં ઘણા લોક ઘાયલ થયા હતા અને મારો ભાઇ પણ તેમાં ઘાયલ પડયો હતો ત્યારે હું તેને સારૂં પાણીનું પાત્ર ભરીને લઈ ગયો. પછી જ્યારે હું તેને પાણી આપવા લાગ્યો; ત્યારે એક બીજા ઘાયલે કહ્યું કે મને પાણી પાઓ, ત્યારે મારા ભાઇએ કહ્યું કે પ્રથમ એને પાઇલ્યો, પછી જ્યારે હું તેની પાસે ગયો ત્યારે એક બીજાએ પાણી માગ્યું, ત્યારે પેલા ઘાલયે કહ્યું કે પ્રથમ એને જળ આપી દો, તે પ્રમાણે જ્યારે હું તેની પાસે ગયો તેટલામાં તેનું શરીર છુટી ગયું. વળી જ્યારે હું બીજા પાસે ગયો ત્યારે તેનં અને મારા ભાઈનું સરીર પણ

છૂટી ગયાં. મતલબ એકે બધાએ પોતાના જીવવા કરતાં પોતાના મિત્રોનું જીવવું વિશેષ જાણ્યું.

એક સન્ત એવા પરમ ઉદાર થઈ ગયા છે કે જ્યારે તેમનું શરીર છૂટવા લાગ્યું, ત્યારે એક અર્થીએ આવીને યાચના કરી, અને તેમની પાસે કાંઈ હતું નહિ, ત્યારે તેમણે પોતાના ગળાનું વસ્ત્ર ઉતારી દીધું. અને પછી કોઈ બીજાનું વસ્ત્ર મંગાવીને ગળામાં પહેર્યું પછી એક પહોર પછી શરીરનો ત્યાગ કર્યો. ત્યારે બુદ્ધિમાનોએ કહ્યું કે આ સન્ત જે રીતે આ લોકમાં આવ્યા હતા તેવાજ પરલોકમાં ગયા. અર્થ એકે જેવા નગ્ન જનમ્યા હતા, તેવાજ અસંગ્રહી થઈને ગયા,

ઉદારતા અને કૃપણતાની મર્યાદાનું નિરૂપણ.

ઘણા પુરૂષો પોતાને ઉદાર જાણે છે અને તે બીજા લોકોના મતમાં કૃપણ હોય છે. માટે તેના ભેદને અવશ્ય જાણવો જોઇએ. શાથી કે આ કૃપણતા રૂપી દીર્ઘ રોગ છે, અને જ્યાં સુધી એવા રોગને ઓળખીયે નહિ ત્યાં સુધી તેનો ઉપાય શી રીતે કરીયે? અને આ વાર્તા પણ પ્રસિદ્ધ છે કે અર્થીયોના અર્થને બધાં માણસો પૂર્ણ કરી શકતાં નથી. તે જ્યારે એનું નામ કૃપણતા હોય ત્યારે તો બધા કૃપણ ગણાય છે, પણ એવું નથી. શાથી કે વિચારની દ્રષ્ટી વિષે જે વસ્તુને દેવી પ્રમાણ હોય તેને જે પુરૂષ ન આપે ત્યારે તે કૃપણ કહેવાય છે. અને જે પુરૂષ વીચારની સાથે સુગમજ ન આપે તે પણ કૃપણજ કહેવાય છે.

જે પુરૂષ ભોજનને સારૂ વસ્તુ દેતાં લેતાં અધિક વિવાદ કરે અથવા સંબંધિયોને આહાર અને વસ્ત્ર દેતાં સંકોચ કરે, યાચકોને જોઇને પોતાનો આહાર છુપાવે, એ પ્રસિદ્ધ કૃપણતાનો અર્થ આ છે કે જે પદાર્થ આપવો જોઇએ અને તે આપી ન શકે ત્યારે જણીએ કે આ કૃપણ છે. એટલા માટે

કે ભગવન્તે આ ધન વ્યવહારને નિમિત્તે ઉત્પન્ન કર્યું છે; એ ભેદ જ્યાં સુધી જાણે નહિ અને ધનને એકઠું કરતો જાય, ત્યારે એ કૃપણતાનું લક્ષણ છે. વળી ધન આપવાનું પ્રમાણ છે કે જે પ્રમાણે ધર્મ શાસ્ત્ર વિષે કહ્યું છે, અથવા જેણે કરીને ભાવ અને દયા પ્રકટ થાય, અને ધર્મશાસ્ત્ર વિષે દશાંશ આપવાનું અવશ્યજ કહ્યું છે, તે આ સંસારી જીવોનો અધિકાર છે. શાથી કે તે અલ્પ બુદ્ધિ મનુષ્યો એથી વધારે કંઈ આપી શકતાં નવી. તેથી વિચારવાનોના મતમાં એ પણ કૃપણતા છે.

ભાવને નિમિત્તે જે ધન દેવું કહ્યું છે તેનો અધિકાર પણ ભિન્ન ભિન્ન છે. જેમ એક વસ્તુ નિર્ધનોને આપવી યોગ્ય છે. એને તે વસ્તુ ધનવાનોને દેવી યોગ્ય લાગતી નથી. અથવા અર્થીયોને દેવી પ્રમાણ છે. અને મિત્રને આપવી નિન્દ્ય છે, અથવા સંબંધિયોને દેવી અયોગ્ય છે. અને બીજા લોકોને દેવી અયોગ્ય નહિ, કોઈ પદાર્થ સ્ત્રીયોને આપવો એ વિશેષ છે, પણ પુરૂષોને દેવો એ નિન્દ્ય છે. તાત્પર્ય એકે જોકે ધનનો સંચય પણ વ્યવહારને વિષે વિશેષ છે, પણ જ્યારે સંચય રાખવા કરતાં કંઈ અધિક પ્રયોજન આવી પડે ત્યારે તે સંચય કરવા કરતાં દેવું એ વિશેષ છે. અને જ્યાં સુધી દેવાનું અધિક પ્રયોજન નહોય ત્યાં સુધી ધનને રાખવું પ્રમાણ છે. અને જે કૃપણ મનુષ્ય છે, તે આ મર્યાદા વિષે સ્થિત થઈ શકતા નથી. જેમ કોઇને ત્યાં કોઈ અભ્યાગત આવે ત્યારે ભાવ અને પ્રીતિએ કરીને તેનું પ્રતિપાલન કરવું એ ધનના સંચયથી વિશેષ છે. પણ જ્યારે પોતાના ચિત્તમાં આ અનુમાન કરીલે કે મેં તો પ્રથમથીજ દશાંશ આપ્યું છે, એમ સમજી અભ્યાગત પર ભાવ રાખવામાં વિમુખ રહે તો એ પ્રસિદ્ધ કૃપણતાને અને નીચતા છે. અથવા જ્યારે એનો પડોશી નિર્ધન હોય અને એની પાસે અન્ન ઘણું હોય, છતાં જ્યારે તેને ભૂખ્યો જોઇને કંઈ ન આપે ત્યારે એ પણ કૃપણતા છે.

જ્યારે યથાશક્તિ અને દયા સંયુક્ત દે, અને તે પુરૂષ પાસે ધન-અધિક હોય તો પરલોકની ભલાઇને નિમિત્તે આવા કાર્ય કરવાને યોગ્ય છે. કે કૂવા, તળાવ, પૂલ, ઠાકોર મંદીર આદિક જે ધર્મનાં સ્થાન છે, અને જેણે

કરીને ચિરકાળ પર્યંત અર્થી જીવોને સુખ પ્રાપ્ત થાય છે, તે બનાવવામાં ધન ખરચે પણ જો એવાં કાર્યમાં ધન ન ખરચે તો સંસારી જીવોના મત વિષે તે કૃપણ કહેવાતો નથી, પણ વિચારવાનોના મત વિષે એ પણ કૃપણતા છે. તાત્પર્ય એ કે જ્યારે શાસ્ત્ર પ્રમાણે અને ભાવ પ્રમાણે દેતો રહે ત્યારે કૃપણતાથી મુક્ત થાય છે.

જ્યારે દાતાપણું વધી જાય ત્યારેજ ઉદાર કહેવાય છે, તે પણ ધનની મર્યાદાની પ્રીતિ વિષે એવો મગ્ન થાય છે કે પોતાનું શરીર અને જીવવે આપવામાં કંઈ વસ્તુ ન જાણે, અને પોતે પોતાને દેવાથી કરીને આનન્દવાન્ થાય.

કૃપણતા નિવારણનું વર્ણન.

કૃપણતાનો ઉપાય જ્ઞાન અને કૃતિના સમ્બન્ધે કરીને થાય છે જ્ઞાન એ છે કે પ્રથમજ કૃપણતાનાં કારણોને ઓળખે, શાથી કે જો રોગનું કારણ જાણ્યું ન જાય ત્યારે તેનો ઉપાય પણ થઈ શકે નહિ. તે કૃપણતાનું કારણ (૧) ભોગોની પ્રીતિ છે અને ધન વિના ઇંદ્રિયોના ભોગ સિદ્ધ થતા નથી.

(૨) બીજું કારણ જીવવાની અધિક આશા છે. જ્યારે આ માણસ એવું સમજે કે મારે કેટલાક દિવસમાં અથવા શ્વાસ પછી મરવાનું છે, ત્યારે સ્વાભાવિકજ ધનની પ્રીતિ ક્ષીણ થઈ જાય પણ જેને કંઈ સન્તાન હોય છે, તેનું હૃદય મરતી વખતે પણ ઉઘડતું (ઉદાર થતું) નથી. શાથી કે મોહે કરીને પુત્રોનું જીવવું પણ પોતાના જીવવાના જેવું જાણે છે તેથી કૃપણતાની ગાંઠ દૃઢ થઈ જાય છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે આ સંતાન પણ કૃપણતા અને મોહનું કારણ છે પણ જે પુરૂષ ભોગોને નિમિત્તે ધનને પ્રિયતમ રાખે અથવા ધનની પ્રીતિએ કરીને જેને અધિક ભોગોની અભિલાષા ઉપજી આવે, ત્યારે તેને તો અધિક જીવવાની આશાએ કરીને ધન અને સ-

મ્પદાનો સંચય કરવાની વાસના દૃઢ થઈ જાય છે. પણ તે એક એવા કૃપણ પુરૂષ થાય છે કે તે કેવળ ચાંદી સોનાનેજ પ્રિયતમ રાખે છે. અને જ્યારે રોગી થાય છે ત્યારે પોતાના શરીરનો ઉપચાર (ઓસડ વેસડ) પણ કરતા નથી. અને દશાંશ પણ આપી શકતા નથી. અને તેના મનમાં એજ પ્રિય લાગે છે કે ચાંદી સોનુંજ અમારી પાસે દાટયું રહે, વળી એમ પણ જાણે છે કે જ્યારે અમે મરીશું ત્યારે અમારી પાછળ આ ધન અમારા શત્રુજ લઈ જશે તોપણ કૃપણુતાએ કરીને ખરચ કરી શકતા નથી, એ એવો દીર્ઘ રોગ છે કે એનો ઉપાય કરવો પણ કઠણ છે. પણ જ્યારે કૃપણુતાનાં કારણો જાણ્યાં ત્યારે આ પ્રમાણે સમજવું જોઈએ કે ભોગોની પ્રીતિનો ઉપાય સંયમ છે. માટે જ્યારે આ પુરૂષ સંતોષ કરીને ભોગોનો ત્યાગ કરે છે, ત્યારે સ્વાભાવિકજ ધનની પ્રતિક્ષીણ થઈ જાય છે.

અધિક જીવવાની આશાનો ઉપાય એ છે કે સદૈવ મૃત્યુથી ચેત તો રહે. અને પોતાના સમ્બન્ધીયોની તરફ વિચાર કરીને જુએ કે મારી પેઠે તેઓ પણ ધનનો સંચય કરતા હતા. અને મરવાથી અચેત હતા, પછી અચાનકજ પશ્ચાતાપ સંયુક્ત મૃત્યુને પ્રાપ્ત થયાં અને તે બધું ધન તેના શત્રુ ભાગ પાડીને લેઈ ગયા ?

પુત્રોની નિર્ધનતાઈના ભયે કરીને જે કૃપણુતા થાય છે, તેનો ઉપાય એ છે કે સર્વ જીવોના ઉત્પન્ન કર્ત્તા અને પાલન કરતા ભગવાનનેજ જાણે. અને એમ સમજે કે જેના ભાગ્યમાં ભગવતે નિર્ધનતાઈ લખી છે, તે મારી કૃપણુતાએ કરીને કોઈ પ્રકારે ધનવાન્ થશે નહિ. અને જ્યારે મારી સમ્પદા વધારે શેષ રહેશે તોપણ વ્યર્થજ જશે. અને જ્યારે એના પ્રારબ્ધને વિષે ભગવતે ધન સંપદા રચી હશે, ત્યારે તો મારી સમ્પદા વિનાજ તેને ધન પ્રાપ્ત થશે. અને આ વાર્ત્તા પણ પ્રસિદ્ધ છે કે. કેટલાક પુરૂષ પિતાની સંપદા વિનાજ ધનવાન્ દૃષ્ટીમાં આવે છે. અને કેટલાક પુરૂષોને પિતાનું ધન પણ અધિક પ્રાપ્ત થયું તોપણ નિર્ધન થઈ ગયા છે. માટે આ પ્રમાણે વિચાર કરે કે જો મારા પુત્રો ભગવનૂના આજ્ઞાકારી થયા, તો તેમને ભગવતની પ્રસન્ન-

તાજ ઘણીજ છે. અને જ્યારે ભગવત્‌ની આજ્ઞાથી વિમુખ થયા ત્યારે તેમને નિર્ધનતાઇજ વિશેષ છે. શાથી કે નિર્ધનતાઇએ કરીને અનેક પાપોથી બચશે (૩) જેટલાં વચન કૃપણુતાની નિષેધતા અને ઉદારતાની વિશેષતા વિષે સંત જનોનાં આવ્યાં છે, તે વચનોનો વારંવાર વિચાર કરે-અને એમ જાણે કે કૃપણ મનુષ્ય જો કે ભજનવાન્ હોય તોપણ નિસ્સન્દેહ નરકગામી થશે. માટે જે ધન અને સમ્પદા મહારાજની અપ્રસન્નતા અને નરકોનું કારણ છે તે ધનવડે કરીને મને શો લાભ થશે? વળી કૃપણ મનુષ્યો તરફ જુએ કે કૃપણ મનુષ્ય આ સંસાર વિષે કેવા અપમાનને પ્રાપ્ત થાય છે? અને સૌ કોઇ તેનો નિરાદર કરે છે. માટે જ્યારે હું પણ કૃપણુતા કરીશ ત્યારે અવશ્યજ બધા લોકોના અભાવને પ્રાપ્ત થઇશિ. વિચારે કરીને કૃપણુતાનો જે ઉપાય કહ્યો હતો તે એજ છે પણ જ્યારે એવા વિચારે કરીને કૃપણુતા દૂર ન થાય ત્યારે કૃતિએ કરીને આ પ્રકારે ઉપાય થાય છે. કે જે વખતે આ મનુષ્યના હૃદય વિષે કંઇ દયા દાનની શ્રદ્ધા સ્ફુરે, ત્યારે તે વખતે શ્રદ્ધાને પૂર્ણ કરે અને તે સાત્વિકી સંકલ્પને વ્યર્થ ન જવા દે, એ ઉપર એક વાર્તા છે કે એક સન્ત મલ ત્યાગવાના સ્થાનમાં ગયા હતા તે વખતે એક યાચકે આવીને કહ્યું કે મને કંઇ આપો, ત્યારે તેમણ તે ઠેકાણેથી પોતાના અંગનું વસ્ત્ર ઉતારીને પોતાના સેવકને ફેંકી દીધું, અને એમ કહ્યું કે આ વસ્ત્ર તે યાચકને આપી દ્યો પછી જ્યારે જાજરૂમાંથી બહાર નીકળ્યા ત્યારે નોકરે કહ્યું જે તમે એટલું ધૈર્ય કેમ ન કર્યું? કે જ્યારે બહાર નીકળત ત્યારે કાઢી આપત. ત્યારે તેમણે કહ્યું કે હું એ વાતથી ભય પામ્યો કે હમણાં તો મારા મનમાં આપવાનો સંકલ્પ પુર્યો છે, પણ જ્યારે બીજો સંકલ્પ ઉપજી કરીને એ શ્રદ્ધાને ખશેડી નાંખે તો મારૂં અકાજ થાય એ વાર્તા પણ નિસ્સન્દેહ છે કે ધનનું દાન કર્યા વિના કોઇ પ્રકારે કૃપણુતા દૂર થતી નથી. જેમ વહાલાંને દૂર કર્યા વિના પ્રેમીનો મોહ દૂર થતો નથી તેમજ ધનની પ્રીતિને દૂર કરવાનો ઉપાય એજ છે કે ધનનો ત્યાગ કરે.

જ્યારે વિચાર કરી જોઇએ ત્યારે એ ધનને સમુદ્રમાં નાંખી દેવું એ પણ કૃપણતાથી વિશેષ છે, અને ધનનો સંગ્રહ મહા નિન્દ્ય છે.

કૃપણતાને દૂર કરવાનો ઉત્તમ ઉપાય એક આ પણ છે, કે પોતાના મનને યશ અને માનની લાલચ દે, અને ઉદારતા વિષે સાવધાન થાય. અર્થ એકે મનની અભિલાષાએ કરીને ધનની તૃષ્ણાને ઘરાવે, પછી જ્યારે ધનની તૃષ્ણાથી મુક્ત થાય, ત્યારે યત્ને કરીને માનની અભિલાષાને પણ દૂર કરે- તેનું દૃષ્ટાંત એ છે કે જેમ પ્રથમ બાળકને માતાનું ધાવણ છોડાવે છે, ત્યારે તેને બીજા કાંઇ ખાન પાનની લાલચ આપીને શીશીમાં રાખે છે, પછી તે દૂધનું જ્યારે તેને વિસ્મરણ થાય છે, ત્યારે તેને તે ખાન પાનની પણ વિશેષ લાલચ રહેતી નથી. તેમજ એક આ પણ ભલો ઉપાય છે કે એક સ્વભાવની અધિકતાએ કરીને બીજા સ્વભાવને ઘટાડે, અને પછી તે સ્વભાવની અધિકતાને પણ દૂર કરી દે, જેમ કોઇના વસ્ત્રમાં તેલ લાગ્યું હોય ત્યારે ઘટે છે કે પ્રથમ તેને માટીથી ધોઈ લે. પછી જ્યારે ડાઘ દૂર થઈ જાય, ત્યારે શુદ્ધ જલે કરીને માટીની અપવિત્રતાને પણ દૂર કરી દે, તેમજ જ્યારે માનની અભિલાષા વિષે બન્ધમાન ન થાય ત્યારે માને કરીને કૃપણતાને દૂર કરવી વિશેષ છે, પણ જ્યારે બીજી રીતે જોઇએ ત્યારે આ વાર્ત્તા પણ પ્રસિદ્ધ છે કે જોકે માન વિશેજ આસક્ત થઇને કૃપણતાને દૂર કરે છે તોપણ કૃપણતાના બંધનથી માનનું બંધન કોમળ છે. શાથી કૃપણતા અને માન બેઉં જોકે મનના સ્વભાવ છે, તોપણ એમાં એટલા ભદ છ ક, એક સ્વપ્નનો બાગ હોય અને એક સ્વપ્ન વિષે મળનું સ્થાન ભાસે, તે જોકે જાગૃતની અપેક્ષાએ કરીને એ બેઉ ઠેકાણાં મિથ્યા છે, પણ સ્વપ્ન વિષે તે મલીન સ્થાનથી બાગ વિશેષ છે, તેથી પ્રસિદ્ધ થયું કે માનની લાલચે કરીને ઉદારતા નિન્દ્ય નહિ એટલા માટે કરીને કે માન અને તેનો (દેખાવ) ભજન વિષે નિસ્સન્દેહ નિષિદ્ધ ઢોંગ કહેલા છે, વ્યવહાર વિષે નતિ તાત્પર્ય એકે કૃપણ માણસે માનધારી ઉદાર પરદોષ રાખવો, પ્રમાણ નથી. શાથી કે કૃપણતાની મલીનતાથી માન સહીત ઉદારતા કરવી એજ ઉત્તમ છે. માટે જે પુરૂષને કૃપણતાને દૂર કરવાની ઇચ્છા હોય ત્યારે ઘટે છે કે જ્યાં સુધી ઉદા-

રતાનો સ્વભાવ દૃઢ ન થઇ જાય ત્યાં સુધી યત્ને કરીને પણ ધનને દે.

કેટલાક સન્ત જનોએ આ પ્રમાણે કહ્યું છે કે, તેઓ જિજ્ઞાસુને જ્યારે એક સ્થાન વિષે આસક્ત થઈ ગએલા જોતા હતા ત્યારે તે સ્થાનથી બીજા સ્થાન વિષે સ્થિત કરતા હતા, અને પછી તે સ્થાનની સામગ્રી પણ અર્થિયોને આપી દેતા હતા અને જ્યારે જોતા હતા કે આ પ્રીતિમાનની સુરતિ કોઇ નવા વસ્ત્ર વિષે આસક્ત થઈ છે, ત્યારે તે વસ્ત્ર પણ કોઇ યાચકને અપાવી દેતા હતા. એ ઉપર એક વાર્તા છે કે એક પ્રીતિવાન્ એક મહા પુરૂષની પાસે પગના જોડા લઇ આવ્યો હતો. તે તેમણે પહેરી લીધા, પણ જ્યારે ભજન કરવા લાગ્યા ત્યારે તે જોડાની તરફ દૃષ્ટિ ગઇ ત્યારે એમ કહેવ લાગ્યા કે મારો જુનો જોડો લઈ આવો. એથી પ્રસિદ્ધ થયું કે ધનના ત્યાગ વિના ધનનો મોહ છૂટતો નથી.

જ્યાં સુધી પુરૂષનો હાથ ખુલ્લો થયો નથી હોતો ત્યાં સુધી હૃદય પણ ખુલતું નથી. એટલા માટે કે જ્યારે આ માણસ નિર્ધન થાય છે, ત્યારે ઉદાર અને ખુલ્લું હૃદય રહે છે, અને જ્યારે તેની પાસે કંઇ ધન એકઠું થઈ જાય છે, ત્યારે સંચવાના રસ વિષે બધ્યમાન થઇ જાય છે અને એવો કૃપણ થાય છે કે ખરચ કરી શકતો નથી. અને જે પદાર્થ તેની પાસે હોતો નથી ત્યારે સ્વાભાવિકજ તેથી નિર્મોહ રહે છે. એ ઉપર એક વાર્તા છે કે એક રાજાની પાસે કોઇ પુરૂષે રત્નોનો જડેલો કટોરો ભેટ રાખ્યો હતો, ત્યારે રાજાએ તે કટોરાને જોઇને એક બુદ્ધિમાનને પૂછયું કે આ કટોરો કેવો આશ્ચર્યરૂપ છે? ત્યારે તે બુદ્ધિમાને કહ્યું કે આ કટોરો શોક અને નિર્ધનતાઈનું બીજ છે, શાથી કે જ્યારે ટૂટી જશે ત્યારે એના જેવો બીજો કટોરો મળશે નહિ, એજ નિર્ધનતાઇએ કરીને તને શોક થશે. અને જ્યારે આ કટોરો તારી પાસે નહોતો ત્યારે તું નિર્ધનતાઇ અને શોકથી મુક્ત હતો; પછી દૈવ સંયોગે કરીને તે કટોરો ટૂટી ગયો, અને રાજાને અધિક શોક પ્રાપ્ત થયો. ત્યારે કહેવા લાગ્યો કે તે બુદ્ધિમાને સત્ય કહ્યું હતું.

ધનના વિચારનું વર્ણન.

ધન સર્પના જેવું છે,કારણ કે એમાં વિષ અને અમૃત બેઉ જોવામાં આવે છે. માટે મેં આગળ પણ વર્ણન કર્યું છે કે મન્ત્રના શીખ્યા વિના ધનરૂપી સર્પને હાથનો સ્પર્શ કરવો પ્રમાણ નથી. પણ જ્યારે કોઇ એવું કહે કે કેટલાક સન્ત જન આગળ પણ થયા છે, તેમને જ્યારે ધનનો સંગ્રહ કરવો અયોગ્ય હતો ત્યારે તેઓ શા માટે રાખતા હતા, તો તેનું દૃષ્ટાંત આ છે કે જેમ કોઇ બાલક કોઈ ગારૂડીના હાથમાં સર્પ દેખે અને એમ કહે કે આ પુરૂષ સર્પને કોમલ જાણીને પકડે છે. પછી તે બાળક પણ તે સર્પપર હાથ નાંખે ત્યારે શીઘ્રજ નષ્ટ થાય, ધનરૂપી સર્પના મન્ત્ર પાંચ છે. (૧) પ્રથમ ધનના કાર્યને ઓળખે. તે ધનની ઉત્પત્તિનું કારણ એ છે કે એથી કરીને શરીરનું ખાન પાન અને વસ્ત્રનું કાર્ય સિદ્ધ થાય છે, શરીર ઇંદ્રિયોનું સ્થાન છે, ઇંદ્રિયો બુદ્ધિની ટેલ કરનારીઓ છે, (ચાકર છે) અને બુદ્ધિનું કામ એ છે કે ઇંદ્રિયોએ કરીને ભગવત્‌ની કારીગરીને જોઇને મહારાજની સામર્થ્યતાને ઓળખે, તે ભગવત્‌ની ઓળખાણે કરીને જીવાત્મા શુદ્ધ થાય છે; માટે જે પુરૂષો એ ભેદને સમજ્યા છે, તે કાર્ય માત્રજ ધનને રાખે છે, પણ અધિક આસક્ત થતા નથી.

(૨) બીજો મન્ત્ર એ છે કે પ્રથમ ધનની ઉત્પત્તિ છળ અને પાપથી રહિત કરે અને વિચારની મર્યાદા પ્રમાણે ખરચે.

(૩) ત્રીજો મન્ત્ર એ છે કે શરીરના કાર્યથી અધિક સંગ્રહ ન કરે, અને જ્યારે કોઇ અર્થીને દેખે ત્યારે કૃપણતાએ કરીને તેને દૂર ન રાખે. અથવા જ્યારે અધિક ઉદારતા કરી ન શકે તોપણ મર્યાદા (શક્તિ) અનુસાર દાન આપે.

(૪) ચોથો મન્ત્ર એ છે કે પોતાની જીવિકા સંયમ સાથે કરે, અને અધિક ભોગોને વિષે ધનને ખર્ચે નહિ, શાથી કે સંયમ સહિત જીવિકા કર-

વી નિર્દોષ વ્યવહારથી પણ વિશેષ છે.

(૫) પાંચમો મન્ત્ર એ છે કે ધનનો સંચય કરવામાં અને ખર્ચ કરવામાં મનસા શુદ્ધ રાખે, શુદ્ધ મનસા એ છે કે જ્યારે કોઈ પદાર્થનો અંગીકાર કરે ત્યારે તેણે કરીને અચિન્ત્ય ભજન વિષે દૃઢ થવાની મનસા રાખે. અને જ્યારે કોઇ પદાર્થનો ત્યાગ કરે ત્યારે પણ માયાની સામગ્રીથી નિર્બંધ થવાને નિમિત્તે ત્યાગે. તાત્પર્ય એકે સર્વથા પોતાના ચિત્તની ચિતવનિ ધર્મના માર્ગ વિષે સાવધાન કરે.

જે પુરૂષ આ ભેદને સમજી કરીને ધનને રાખે છે, ત્યારે તેને ધનના સંગ્રહે કરીને દોષ થતો નથી. અને ધનનો વિષય તેને સ્પર્શ કરતો નથી. એક સન્તે કહ્યું છે કે જ્યારે કોઇ પુરૂષ બધી પૃથ્વીના ધનનો સંગ્રહ કરે, અને તેની સર્વ મનસા શુદ્ધ હોય, ત્યારે નિશ્ચે નિર્દોષજ રહે છે, અને તે વૈરાગી છે. અને જ્યારે કોઇ પુરૂષ કેવળ અસંગ્રહી હોય, પણ તેની મનસા નિષ્કામ ન હોય, ત્યારે તે વૈરાગ્યવાન્ કહેવાતો નથીં. માટે ઘટે છે કે જિજ્ઞાસુનું હૃદય સર્વથા ભગવત્‌ના ભજનની તરફ સનમુખ રહે ત્યારે તેની ક્રિયા સફળ થાય છે અને તેનું જમવું, મળ ત્યાગ કરવો, વીગેરે પણ પુણ્યરૂપ થાય છે. શાથી કે આ બધી ક્રિયા શરીરને જોઇએ છીએ, અને ધર્મના માર્ગ વિષે શરીરનો સંબંદ્ધ માટે શુદ્ધ મનસાએ કરીને સર્વ કર્મ ફળદાયક થાય છે, પણ ઘણાં મનુષ્ય અચેતતાએ કરીને ધન રૂપી સર્પના મત્રોને જાણી શકતાં નથી. અને મનની શુદ્ધતાને પણ ઓળખતા નથી. અથવા જ્યારે જાણે છે, ત્યારે કૃતિ વિષે દૃઢ થતાં નથી, ત્યારે તેમને એ વિશેષ છે કે ધનની અધિકતાનો ત્યાગ કરે શાથી કે જો: કે આ પુરૂષ ધનની અધિકતાએ કરીને ભોગોની અધિકતા વિષે આસક્ત ન થાય, તોપણ સંચય અને એકઠું કરવાની ને રાખવાની વિક્ષેપતાને પામે છે. એ ઉપર એક વાર્તા છે કે એક પ્રીતિમાન આચાર્ય મહારાજના પ્રિતમ હતા. અને તેમની પાસે ધન પણ ઘણું હતું. એકવાર તેમના વ્યાપારની દોલત બીજે દેશથી લેઇને લોકો આવ્યા, અને ઉંટોના શબ્દોનો નગરમાં મોટો શોર બકોર થઇ રહ્યો ત્યારે તે શોર સાંભળીને એક મહાપુરૂષની

સ્ત્રીએ કહ્યું કે "મહાપુરૂષે સત્ય કહ્યું હતું." એ વાર્તા કોઇએ તે પ્રીતિમાનને સંભળાવી, ત્યારે તે આધીન થઇને તે બાઇની પાસે આવ્યા, અને પૂછવા લાગ્યા કે મહાપુરૂષે શું કહ્યું હતું? ત્યારે બાઇએ કહ્યું કે એકવાર મહાપુરૂષે આ પ્રમાણે કહ્યું હતું કે જ્યારે અમે સૂક્ષ્મ દૃષ્ટી કરીને ધ્યાન વિષે સ્વર્ગને જોયું ત્યારે કેટલાક વૈરાગ્યવાન ત્યાં જોવામાં આવ્યા. પણ સ્વર્ગ વિષે કોઇ ધનવાનને જતો મેં જોયો નહિ. પણ બધા વૈરાગ્યવાનોની પાછળ એક અમુક પ્રીતિમાન્ ચાલ્યો જતો હતો, તે ચાલવાને અશક્ત હતો, છતાં યત્ને કરીને પડતો પડતો સ્વર્ગ વિષે ગયો. જ્યારે આ વાર્તા તે પ્રીતિમાને સાંભળી ત્યારે પ્રસન્ન થઇને બધા ઉંટ અને તેના ઉપર જે કંઇ વસ્તુ હતી તે અર્થીયોને ઉઠાવી દીધી. અને જેટલા ચાકર સાથે હતા તે બધાને મુક્ત કરી દીધા અને એમ કહેવા લાગ્યા કે હું પણ કોઇ રીતે વૈરાગ્યવાનોની સાથે જઇ પહોંચું તો સારૂં થાય.

એક બીજા પ્રીતિમાને કહ્યું છે કે જ્યારે હું ત્રણ હજાર રૂપીઆ પાપથી રહિત નિત્ય પ્રતિ ઉત્પન્ન કરૂં, અને ભજન સ્મર્ણ વિષે પણ સાવધાન રહું, તોપણ ધનની વિક્ષેપતાને ઇચ્છતો નથી. ત્યારે કોઇએ પૂછ્યું કે તમે એવા નિર્દોષ ધનને શા માટે ઇચ્છતા નથી? ત્યારે તેમણે કહ્યું કે જો કે હું પોતાની બુદ્ધિ પ્રમાણે એવી શુદ્ધતા કરૂં તોપણ મને પરલોક વિષે પૂછશે કે તેં આ ધન શી રીતે ઉત્પન્ન કર્યું હતું? અને શા કામમાં વાપર્યું? તો હું મારામાં એટલા પ્રશ્નના ઉત્તરનું સામર્થ્ય જોતો નથી. એ ઉપર એક મહાપુરૂષે કહ્યું છે કે જે પુરૂષોએ પાપ સહિત ધન પેદા કરીને પાપમાં ખર્ચ્યું છે, તે પણ નરકગામી થશે. અને જેમણે પાપ રહિત ધન ઉત્પન્ન કરીને ભોગો વિષે વાપર્યું છે, તે પણ નરકને પ્રાપ્ત થશે, અને જેમણે પાપકૃત ધન દાન કરેલું હશે તે પણ નરકથી છુટશે નહિ. વળી જેમણે પાપથી રહિત ધન પેદા કર્યું હશે અને ધર્મના કામમાં વાપર્યું હશે, ત્યારે તને પરલોક વિષે ઉભો રાખીને પૂછશે કે તું ભજનથી વિમુખ તો રહ્યો નથી, તેં અધિક ભોગોમાં તો રાગ કર્યો નથી? કોઇ સંબન્ધી કે નિર્ધન પડોશીની સુરતિ લેવી ભૂલી તો ગયો

નથી ? વિધિ યુક્ત મહારાજના ઉપકારનો ધન્યવાદ કરવાનું તો તું ભુલી ગયો નથી ?" એ પ્રકારે ધનવાન્‌ને એકે એકે વાર્તા પુછશે તેમાં જ્યારે કંઈ પણ અવજ્ઞા થઇ હશે, તો નિસ્સન્દેહ શિક્ષા થશે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે મેં એટલા માટે નિર્ધનતાઇને અંગીકાર કરી છે, કે બીજા લોકો પણ નિર્ધનતાઇને સારી જાણે એકવાર એક મહાપુરૂષ પોતાની પુત્રીના ઘર આગળ એક પ્રીતિમાનની સાથે જઇને ઉભા રહ્યા, અને પૂછવા લાગ્યા કે અમે અંદર આવીએ ? ત્યારે પુત્રીએ કહ્યું બહુ સારૂં. પણ મારા શરીર પર વસ્ત્ર થોડુંજ છે, ત્યારે તે મહાપુરૂષે પોતાનું વસ્ત્ર ઉતારીને અંદર ફેંક્યું. પછી જ્યારે અંદર ગયા ત્યારે કહેવા લાગ્યા કે હે પુત્રી તારી શી અવસ્થા છે ? ત્યારે પુત્રીએ કહ્યું કે હું રોગ અને ભૂખે કરીને અતિ આતુર છું, અને આહાર માત્ર પણ કંઇ હાથમાં આવતો નથી, તેથી હવે મારામાં ભૂખ સહન કરવાનું સામર્થ્ય નથી. ત્યારે મહાપુરૂષે કહ્યું કે હે પુત્રી તું અધૈર્ય ન કર. મને પણ ત્રણ દિવસ ભૂખ્યા રહેવામાંજ વહી ગયા છે. જો કે હું મહારાજ પાસે માગું તો નિસ્સન્દેહ મને પ્રાપ્ત થાય, પણ મેં માયાનાં સુખોથી વિરક્ત થઇને પરલોકનાં સુખોને અંગીકાર કર્યા છે. તેથી હું કોઇ પદાર્થની યાચના કરતો નથી. પછી પુત્રીના માથા પર હાથ રાખી કરીને કહેવા લાગ્યા કે તું આજ વૈરાગ્ય કરીને સર્વ સ્ત્રીઓથી ઉત્તમ થઈશ. અને પરમ સુખને પામીશ માટે ધીરજ રાખીને ભગવતનો ધન્યવાદ કર.

એ ઉપર બીજી વાર્તા છે કે એક મહાત્માની સાથે એક માણસ સંગી થયો હતો, અને મહાત્મા પાસે ત્રણ રોટલી હતી તે જ્યારે જતાં જતાં નદીને કાંઠે આવ્યા ત્યારે બેઉ પુરૂષોએ બે રોટલી ખાધી. પછી જ્યારે મહાત્મા નદીની તરફ ગયા, ત્યારે બીજા પુરૂષે ત્રીજી રોટલી ખાઈ લીધી. પછી મહાત્માએ આવીને પૂછયું કે ત્રીજી રોટલી કોણે લીધી ! ત્યારે તેણે કહ્યું કે હું તો જાણતો નથી. પછી જ્યારે આગળ ચાલ્યા ત્યારે એક હરણ મળ્યું, તેને મારી નાંખ્યું. પછી ભગવતનું નામ લેઈ કરીને મહાત્માએ તેને સજીવન કરી દીધું, અને સંગીને કહેવા લાગ્યા કે જે મહારાજનું તેં આટલું સામર્થ્ય જોયું છે,

તેના સોગન આપીને કહું છું કે મને કંઇ ખબર નથી. પછી ત્યાંથી આગળ ચાલ્યાં ત્યારે આગળ નદી આવી ત્યારે તે પુરૂષનો હાથ પકડીને સુખેથી પાર ઉતરી ગયા. પછી મહાત્માએ કહ્યું કે જે મહારાજના સામર્થ્યે કરીને તું સુખેથી ઉતરી આવ્યો તેને અન્તર્યામી જાણીને કહે કે ત્રીજી રોટલી ક્યાં છે? ત્યારે તે પુરૂષે કહ્યું કે હું તો જાણતો નથી. પછી જ્યારે આગળ ગયા ત્યાં તેમણે ઘણી રેતી ભેગી કરી, અને ભગવતનું નામ લેઇને તેનું સોનું કરી દીધું. પછી તે સુવર્ણના ત્રણ ભાગ કરીને મહાત્માએ આ પ્રમાણે કહ્યું કે એક ભાગ મારો અને એક ભાગ તારો અને એક ભાગ જેણે ત્રીજી રોટલી ખાધી છે તેનો ત્યારે તે પુરૂષ લોભે કરીને કહેવા લાગ્યો કે તે રોટલી તો મેંજ ખાધી હતી. ત્યારે મહાત્માએ કહ્યું કે સોનાની ત્રણે ઢગલીયો તું લે, એટલું કહી કરીને ચાલ્યા ગયા. અને તે પુરૂષ ત્યાંજ બેશી રહ્યો, પછી બીજા બે પુરૂ ત્યાં આવી પહોંચ્યા, અને એમ વિચાર કરવા લાગ્યા કે આ પુરૂષને મારં કરીને બધું સોનું અમેજ લઇ જઇએ અને અરધું અરધું વહેંચી લઇશું. એમ નિશ્ચય કરીને એક પુરૂષ બોલ્યો કે હું નગરમાં જઈ તમારે સારૂં ભોજન લઇ આવું એમ કહી નગરમાં ગયો, પછી તેના મનમાં આવ્યું કે હું એમને સોનાની ઢગલીયો શા માટે આપું છું? એમ વિચારી તેણે રોટલીયોમાં ઝેર મેળવ્યું. અને પેલા બે પુરૂષ જે સોનાની ઢગલીયો પર બેઠા હતા તેમણે એમ વિચાર કર્યો કે જ્યારે એ પુરૂષ ભોજન લેઇને આવે ત્યારે તેને મારી નાખવો અને બધું ધન આપણે વહેંચી લેવું. પછી તે પુરૂષ આવ્યો ત્યારે તેમણે તરતજ મારી નાંખ્યો પછી બેજણ ભેગા થઇને ખાવા લાગ્યા ત્યારે ઝેરનો પ્રવેશ થવાથી તે પણ મરી ગયા. અને સોનાની ત્રણ ઢગલીયો ત્યાંજ રહી પછી એજ માર્ગે જ્યારે પેલા મહાત્મા આવ્યા તો જોયું કે સોનાની ઢગલીયો એમજ પડેલી છે, અને ત્રણ પુરૂષો મૃત્યુ પામેલા છે. ત્યારે તેમણે પોતાના બીજા પ્રીતમોને કહ્યું કે આ માયા આવીજ છલરૂપ છે. માટે ભય સંયુક્ત તેનો ત્યાગ કરો. તાત્પર્ય એકે જો કે પુરૂષ બુદ્ધિ અને બળ સંયુક્ત હોય તોપણ અધિક ધનનો અંગિકાર ન કરવો. શાથી કે ઘણા સર્પ પકડનારા

પુરૂષજ સર્પ ડસવાથી કરીનેજ મરી જાય છે. પણ જેન **ઉપર ભગવત** પોતાની સહાયતા કરે અને તેને બધાં વિઘ્નોથી બચાવી લે ત્યારે તેની વાર્તા વચનથી અગોચર છે.

સર્ગ ૭ મો.

માન મોટાઇની પ્રીતિના ઉપાયનું વર્ણન.

માન અને મોટાઇ અને પોતાની સ્તુતિની પ્રીતિએ કરીને ઘણા લોકોની બુદ્ધિનો નાશ થયો છે, અને માનની પ્રીતિએ કરીને વૈરભાવ અને બીજાં અનેક પાપો વિષે આસક્ત થાય છે. શાથી કે જ્યારે માનની અધિક પ્રીતિ વધે છે, ત્યારે ધર્મના માર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે. અને તે પુરૂષનું હૃદય જૂઠ અને કપટ વિષેજ બંધાઇ જાય છે એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે "ધન અને માનની પ્રીતિ કપટને એ પ્રમાણે વધારે છે કે જેમ ખેતીને પાણી શીઘ્રજ વધારી દે છે. એ ઉપર એક સન્તે કહ્યુ છે કે સર્વ સંસારનો બે અવગુણોએ નાશ કર્યો છે, (૧) વાસના પ્રમાણે ભોગોમાં વિચરવું. (૨) માનની પ્રીતિ વિષે આસક્ત થવું. એ બે વિઘ્નોથી કોઇ વિરલોજ છુટે છે કે જે માન અને સ્તુતિની ઇચ્છા ન કરે, અને માયાના ભોગોથી વિરક્ત રહે.

ભગવન્તે કહ્યુ છે કે પરલોકની ભલાઇ તેનેજ પ્રાપ્ત થાય છે કે જેને માન અને મોટાઇની અભિલાષા કંઇ ન હોય, અને આચાર્ય મહારાજે કહ્યુ છે કે જે પુરૂષોની અવસ્થા બહારથી કંટાળો આવે એવી ભાસે છે, અને લોક તેને ગાંડો જાણીને તેનું વચન સાંભળતા નથી. અને ધનવાન્ પણ તેને માન આપતા નથી પણ તેનું હૃદય ભગવત્‌ના પ્રેમે કરીને એવું ઉજવાળ છે કે તેની

દયા વડે બધા લોકોને શુદ્ધતા પ્રાપ્ત થાય છે. તે પરમ સુખના અધિકારી છે.

આ સંસારમાં એક એવા પુરૂષ થાય છે કે જ્યારે તે કોઈની પાસે કંઇ માગે ત્યારે તેને કોઇ પુરૂષ એક પૈસો પણ આપતો નથી, પણ જ્યારે મહારાજ પાસે વૈકુંઠની ઇચ્છા કરે તોપણ તે તેને સુલભ પ્રાપ્ત થાય છે.

એક સન્તે કહ્યું છે કે મેં એક પ્રીતિમાનને એકાંત ઠેકાણે રોતો જોયો ત્યારે મેં તેને પૂછ્યું કે તું કેમ રૂદન કરે છે? ત્યારે તેણે કહ્યું કે મેં આચાર્ય મહારાજને મુખેથી એવું સાંભળ્યું હતું કે થોડું કપટ પણ વિમુખતા છે, અને ભગવત્ એવા વૈરાગીઓને પ્રીતમ રાખે છે કે જે પોતાને ઓળખાવતાજ નથી, અને કોઇ તેને ઓળખી પણ શકતું નથી, પણ તેનું હૃદય મહા ઉજ્વળ હોય છે. અને સંશયરૂપી અંધારાથી મુકત થયા છે. એ ઉપર એક સન્તે કહ્યું છે કે જેને ઇંદ્રિયાદિક ભોગ અને પોતાની સ્તુતિ પ્રિય લાગે છે એવો મનુષ્ય ધર્મના માર્ગ વિષે સાચો કહેવાતો નથી.

એક સન્તે કહ્યું છે કે સાચા પુરૂષનું ચિન્હ એ છે કે કોઇને પોતાને ઓળખાવે નહિ.

એક સન્તે કહ્યું છે કે જે પુરૂષની બુદ્ધિ દૃઢ હોતી નથી, અને લોક તેનું સન્માન કરે છે, ત્યારે તેનું હૃદય સ્થિર રહેતું નથી. એકવાર એક સન્ત માર્ગમાં ચાલ્યા જતા હતા, ત્યારે ઘણા માણસો તેની પાછળ ચાલ્યા, ત્યારે કહેવા લાગ્યા કે ભગવત્ આ વાર્ત્તાને સારી રીતે જાણે છે કે હું પોતાના હૃદય વિષે જગત્‌ના આદરને સારો જાણતો નથી, અને આ આદરને જોઇને ભગવત્‌ના ભયવડે હું સંકોચાઉંછું.

એક બીજા સન્તે કહ્યું છે કે, સંતોએ પોતાને ઓળખાવે એવાં વસ્ત્રોને પણ નિંદ્ય સમજવાં. અર્થ એકે જે વસ્ત્ર નવીન અથવા જુનું હોય કે જેણે કરીને આ મનુષ્ય કંઇ વિશેષ ભાસે, એવું વસ્ત્ર રાખવું અયોગ્ય છે.

જિજ્ઞાસુએ એવી રીતે વર્તવું જોઇએ કે કોઇ તેની ચર્ચા (વાત) ન કરે.

એક સન્તે કહ્યું છે કે માનધારી પુરૂષ આ લોક અને પરલોક વિષે ભ્રષ્ટ થઇ જાય છે.

માનના રૂપનું વર્ણન.

જેમ ધનવાનનો અર્થ એ છે કે સમ્પદા અને ધનની સામગ્રી તેની પાસે હોય છે. તેમજ ઐશ્વર્યવાનનો અર્થ એ છે કે લોકોનાં ચિત તેના વશમાં હોય છે, અને તેની શક્તિ સર્વના હૃદયમાં પ્રવેશ કરે છે. પછી જેનું હૃદય તેને આધીન થયું, તેનું શરીર અને ધન પણ તેનાજ વશમાં થાય છે. વળી આ હૃદય તેનાજ વશમાં થાય છે કે જેની ભલાઈ અને પૂર્ણતાપર એની પ્રતીતિ હોય છે, તે ભલાઈ અને પૂર્ણતા વિદ્યા અને ભલા સ્વભાવે કરીને થાય છે. અથવા સ્થૂળ ઐશ્વર્ય વડે કરીને પણ એટલા માટે મોટાઈ થાય છે કે બધા લોક માન અને ઐશ્વર્યને વિશેષ જાણે છે. તાત્પર્ય એ કે જ્યારે આ માણસ કોઈ પણ સ્થૂળ કે સૂક્ષ્મ ગુણોનો નિશ્ચય કરે છે, ત્યારે સ્વાભાવિકજ તેનું હૃદય તેને આધિન થઇ જાય છે. તેથી ચિત્તની પ્રસન્નતા સહિત તેની આજ્ઞાને માને છે, અને રસનાએ કરીને તેનો મહીમા ગાય છે, અને શરીરે કરીને તેની સેવા વિષે સાવધાન થાય છે, જેમ નોકર સર્વ પ્રકારે પોતાના સ્વામિને આધીન થાય છે તેમ એ પણ તેને આધીન થઇ જાય છે. પણ જયારે વિચાર કરીને જોઇએ ત્યારે બીજા નોકરો તો ભયવડે સ્વામિની નોકરી કરે છે અને ગુણની પ્રતીતિવાળા પ્રીતિ સંયુક્ત તેને આધીન થાય છે. માટે માનનો અર્થ એ છે કે લોકોનાં ચિત્ત તેના વશમાં થાય.

આ માણસને ત્રણ કારણોએ કરીને ધનની અભિલાષાથી માનની પ્રીતિ વધારે થાય છે.

(૧) પ્રથમ કારણ એ છે કે ધન પણ મનોરથોની પૂર્ણતાના નિમિત્તે પ્રિય લાગે છે. અને માનરૂપી પદાર્થ એવો છે કે માનધારી મનુષ્યોને સ્વાભાવિકજ ધન પ્રાપ્ત થાય છે, અને જ્યારે કોઇ નીચા પુરૂષ ધન વડે માનને પ્રાપ્ત કરવા ઇચ્છે, ત્યારે તે પ્રાપ્ત થતું નથી.

(૨) બીજું કારણ એ છે કે ધનને ચોર અને રાજદંડ આદિ અનેક ભય હોય છે, અને માનીને એવાં વિઘ્ન નષ્ટ કરતાં નથી.

(૩) ત્રીજું કારણ એ છે કે ધનની ઉત્પત્તિ મહા યત્ને કરીને થાય છે. અને માન યત્ન વિનાજ વધતું જાય છે. શાથી કે જ્યારે એક પુરૂષની પ્રતિતી દ્દઢ થઈ ત્યારે તેના મુખથી મહીમા સાંભળીને દેશ દેશાંતરો વિષે યશ અને માન ફેલાઈ જાય છે, અને બીજા ઘણા લોકોનાં મન વશ થઇ જાય છે માટે ધન એ માન એકતો એટલા માટે .જીવને પ્રિય લાગે છે કે એણે કરીને સર્વ મનોરથોની પૂર્ણતા થાય છે અને બીજાં મનુષ્યોનો એવો સ્વભાવ છે કે જો કે એવું જાણે કે હું અમુક દેશમાં પહોંચીશજ નહિ તોપણ દેશાંતર પર્યંત પોતાનું માન ઇચ્છે છે, તેનો ભેદ એ છે કે આ માણસોનું હૃદય દેવતાઓની પેઠે ઉત્તમ જાતનું છે. અને ઈશ્વરનું પ્રતિબિંબ છે, આચાર્ય મહારાજે કહ્યું છે કે આ સર્વ જીવ મહારાજની સત્તારૂપ છે, તેથી પ્રસિદ્ધ થયું કે બધી રીતે આ જીવનો સંબંધ ભગવત્‌નીજ સાથે છે એ કારણથી એ પણ પોતાની મોટાઇને ઇચ્છે છે, જે માણસ વિષે કંઇ સામર્થ્યતા હોય છે ત્યારે સ્વાભાવિકજ તેના હૃદય વિષે પોતાના ઐશ્વર્યની અભિલાષા આવીને સ્ફુરે છે જેમ હીરણ્યકશીપુ નામે એક ભગવત્ વિમુખ રાજાએ કહ્યું હતું કે હું સર્વ જગત્‌નો ઇશ્વર છું આવો સ્વભાવ સર્વ મનુષ્યોપર પ્રબળ છે. અને ઈશ્વરનો અર્થ એ છે કે મારા સમાન બીજું કોઇ નહિ–શાથી કે જેનો કોઈ વિરોધી અથવા સમાન હોય છે, ત્યારે તેનું ઐશ્વર્ય ખંડિત થઇ જાય છે. જેમ સૂર્યની પૂર્ણતાઇ એટલા માટે પ્રસિદ્ધ છે કે એની બરોબર બીજું કોઇ નથી. અને બધો પ્રકાશ એનો આશ્રિત છે, તેમ સર્વ અંગોએ કરીને પૂર્ણ એક ભગવત્‌જ છે, અને સર્વ વિષે તેમની સત્તાજ ભરપૂર છે અને તે સર્વદા સત્ય સ્વરૂપ છે, માટે તેની સત્તા વિના કોઈ પદાર્થ સત્ય ભાસતો નથી. એ કારણથી કહ્યું છે કે સર્વ પદાર્થ તેનુંજ પ્રતિબિંબ છે અને તેના આશ્રિત છે, જેમ તડકો સૂર્યનો આશ્રિત છે તેથી કરીને પ્રસિદ્ધ થયું કે બધાના ઇશ્વર એક મહારાજ છે.

આ માણસનો પણ એજ સ્વભાજ છે કે સર્વથા પોતાના ઐશ્વર્ય અને પૂર્ણતાઇને ઇચ્છે છે. અને એ ઇચ્છા કરે છે, કે સો કોઈ મારે આધીન થાય

પણ અવિદ્યા અને શરીરના સંબંધે કરીને એવા સામર્થ્યને પ્રાપ્ત થઇ શકતો નથી. ચૈતન્યતાના અંશના સંયોગે કરીને એના વિષે પણ ઇશ્વરનો સ્વભાવ સ્ફુરે છે તોપણ મલીન અહંકારો અને વિકારોએ કરીને અત્યની પરાધીન થઈ રહ્યો છે; તેથી સર્વ પદાર્થોને પોતાને આધીન કરી શકતો નથી, અને જીવની પરાધીનતા આ રીતે છે કે એક સૃષ્ટિતો તેની બુદ્ધિ અને બલથી અગોચર છે જેમ આકાશનાં નગરો, દેવતાઓ, તારામંડળો અને ભૂત પ્રેત આદિક જીવ અને પાતાળ વિષે જે સૃષ્ટિ છે, તથા પર્વતો અને સમુદ્રો વિષે જે નાના પ્રકારની રચના છે, તે મહારાજેજ રચી છે. માટે એનાપર મનુષ્યની સત્તા કોઇ પ્રકારે પહોંચતી નથી. તોપણ આ માણસ જો એ શામર્થ્યતાથી હીન છે, તોપણ પોતાના સ્વભાવે કરીને આ યત્ન કરે છે કે હું આ સૃષ્ટિચોના ભેદને ઓળખું. જેમ કોઇ શતરંજનો ખેલ ન જાણે તોપણ આ પ્રમાણે ઇચ્છે છે કે હું શતરંજની રમતને તો ઓળખું ? અને જીત હારનો જ્ઞાતા થઇ જાઉં. તે જાણવાની અભિલાષા પણ પ્રબળતા અને ઐશ્વર્યનું અંગ છે. વળી બીજી સૃષ્ટિ એવી છે કે તે ઉપર આ મનુષ્યનું બળ વર્ત્તમાન થાય છે જેમ વનસ્પતિ અને પશુ આદિક જે જે ધરતીપર રચના છે, તેને પોતાને વશ કરી લે છે. અને સર્વ પદાર્થોથી ઉત્તમ જે મનુષ્યોનું હૃદય છે, તેને પણ પોતાને આધીન કરવા ઇચ્છે છે, અને પોતાની સામર્થ્યતાને વધવાને પ્રીતી રાખે છે.

માનનો અર્થ એ છે કે આ મનુષ્ય પરમેશ્વરનો અંશ છે, તેથી તે પણ પોતાનું ઐશ્વર્ય ઇચ્છે છે. પણ એનામાં અવિદ્યા એ છે કે ધને કરીને પોતાની અસમર્થતા જાણે છે તેથી ધન અને માનને પ્રીતમ રાખે છે પણ જ્યારે કોઇ આ પ્રમાણે કહે કે જ્યારે માન અને ઐશ્વર્યની અભિલાષાનો સ્વભાવ એથી કરીને સ્ફુરે છે, કે આ જીવ મહારાજનો અંશ છે. અને પરમેશ્વરની સાથે એનો સમ્બન્ધ છે. ત્યારે એથી કરીને પ્રસિદ્ધ થયું કે માન અને મોટાઈની ઇચ્છા કરવી એ પણ અયોગ્ય નથી. શાથી કે ઇશ્વરની પૂર્ણતાઈ, વિદ્યા, અને સમર્થતાઇએ કરીને હોય છે. તે

જેમ વિદ્યાના જ્ઞાતા થવું એ વિશેષ છે, તેમજ ધન અને માન જે સમર્થતાઈનું કારણ છે, તેની અભિલાષ કરવી પણ વિશેષ થઈ; ત્યારે તેનો ઉત્તર એ છે કે જો કે જ્ઞાન અને સમર્થતા આ માણસની પૂર્ણતાઈ છે. અને એજ ગુણ મહારાજના પણ છે. તોપણ આ મનુષ્યને ભગવતે ઉત્તમ જ્ઞાનની તરફ ચાલવાનો માર્ગ આપ્યો છે. અને ઐશ્વર્યની તરફ માર્ગ નથી આપ્યો. શાથી કે જે સમર્થતાએ કરીને ભગવત્ સર્વ બ્રહ્માંડોને ઉત્પન્ન અને સ્થિર કરે છે. તે સમર્થતાને આજીવ પોતાના યત્ને કરીને પામી શકતો નથી અને (જ્ઞાન) રૂપી પદાર્થ એવો છે કે તેની વૃદ્ધિએ કરીને યથાર્થ જ્ઞાનને પહોંચે છે. પણ ધન અને માનનું જે જૂઠું બળ છે, તે તેની વૃદ્ધિની સાથે સમર્થતાઈની પૂર્ણતાને પામતો નથી. અને જો કે ધન અને માનની શક્તિએ કરીને પોતાને આ પુરૂષ બલવાન્ જાણે છે, તોપણ આ સ્થૂળ બળ સ્થિર રહેતું નથી. શાથી કે ધન અને માનનો સંબંધ ઇંદ્રિયાદિક પદાર્થોની સાથે હોય છે. તેથી મૃત્યુને વખતે એથી દૂર થઈ જાય છે. અને જે પદાર્થ મૃત્યુને સમયે દૂર થાય, તેને સત્તા સ્વરૂપ કહેતા નથી, માટે તેની પ્રાપ્તિ વિષે પોતાનો વખત વ્યતીત કરવો એ મૂર્ખતા છે. પણ એ બલ જે એનું સર્વદા સંગી રહે છે, તે એ છે કે જે પદાર્થે કરીને જ્ઞાન પ્રાપ્તિ થાય શાથી કે જ્ઞાનનો સંબંધ કેવળ હૃદયની સાથે છે, અને હૃદય સત્ય સ્વરૂપ છે, માટે જ્ઞાનવાન પુરૂષ ઇન્દ્રિયાદિક દેહને ત્યાગી જાય છે, ત્યારે જ્ઞાનનો પ્રકાશ સદૈવ તેની સાથે રહે છે. અને તેજ પ્રકાશે કરીને મહારાજનાં દર્શનને દેખે છે, અને આનંદને પામે છે. તે આનંદ કેવો છે કે તેની પાસે સ્વર્ગાદિક સુખ પણ તુચ્છ ભાસે છે, એ કારણથી કહ્યું છે કે જ્ઞાનનો સમ્બન્ધ, મહારાજનું સ્વરૂપ અને તેમના ગુણની સાથે થાય છે. માટે પૂર્ણ જ્ઞાનનું પરીણામ કદાપી થતું નથી. તાત્પર્ય એકે નાશવંત પદાર્થના ભાવ કદાચિત્ થતો નથી. અને જે સત્ય સ્વરૂપ છે, તેનો અભાવ થતો નથી.

પણ આ વિદ્યા કે જેનો સમ્બન્ધ સ્થૂળ પદાર્થોની સાથે છે, તેનું મૂલ કંઇ નહિ જેમ વ્યાકરણ અને જ્યોતિષાદિ વિદ્યા છે. તે બધી સ્થૂળ છે, અને

વ્યાકરણ આદિની વિશેષતા પણ એણે કરીને થાય છે કે તેને ભણી કરીને સન્તજનોનાં વચનોનો વેત્તા થાય. અને વચનોના વેત્તા થઈને ભગવત્ સ્વરૂપને ઓળખે. અને ભગવત્ માર્ગમાં જે કઠણ ઘાંટીયો છ, તેને ઉલ્લંઘન કરવાના યત્નને સમજે. તાત્પર્ય એકે જે પદાર્થનું પરીણામ અને નાશ થાય, તેનું જ્ઞાન પણ નાશવંત હોય છે. અને અવિનાશી જ્ઞાન ભગવતનું ઓળખાણ છે; તે પરિણામ અને નાશથી રહિત છે. પણ જે પુરૂષને જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે પ્રમાણેજ તે ભગવતની સમિપમાં પહોંચી શકે છે. તે જ્ઞાન પણ યથાર્થ રૂપ છે; અને યથાર્થ સામર્થ્ય એ છે કે જેના બળે કરીને ભોગોનાં બંધનથી મુક્ત થાય, શાથી કે જે પુરૂષનું હૃદય ભાગવાસના વિષે બંધાએલું છે, તે વાસનાઓનોજ દાસ છે " અને વાસનાની પ્રબળતા એની હીનતા છે. અને વાસનાથી મુક્ત થવું એ આ જીવની પૂર્ણતાઈ છે, અને સંપૂર્ણતાઈએ કરીને આ જીવ દેવતાઓના નિર્મળ સ્વભાવને પહોંચે છે, અને પરિણામથી રહિત થાય છે. માટે આ જીવની પૂર્ણતાઇ યથાર્થ જ્ઞાન અને ભોગોથી વિરક્ત હોય છે. તે અવિનાશી રૂપ છે, અને ધનવન્તની પૂર્ણતાઈ નાશવંન્ત છે. તેથી જણાય છે કે બધાં મનુષ્ય પોતાની હીનતાને પૂર્ણતા જાણી કરીને રચ્યાં પચ્યાં રહે છે, અને સર્વદા દુઃખી રહે છે. અને મૂર્ખતાએ કરીને સ્થૂળ પદાર્થોની તરફ સન્મુખ થયાં છે અને વાસ્તવિક રીતે તેમની જે પૂર્ણતાઇ છે, તેથી પોતે સર્વદા વિમુખ છે. એ કારણથી પોતાની હાનિ તરફ સર્વદા ચાલ્યાં જાય છે. માન પણ ધનની પેઠે સર્વદા નિંદ્ય નથી. અર્થ એકે જેમ જીવિકા માત્ર ધન [illegible] પણ પ્રમાણ છે, તેમજ કાર્ય માત્ર માન પણ લાભદાયક થાય છે. અને જ્યારે ધન અને માનની અધિકતા વિષે આ માણસનું હૃદય આસક્ત થાય ત્યારે નિસ્સન્દેહ પરલોકના માર્ગથી દૂર રહી જાય છે. તે માનનું કાર્ય આ છે કે મનુષ્યને સેવક અને મિત્ર સહાયક અને રાજા રક્ષણ કરવાવાળા અવશ્યજ જોઈએ. તે બધું ત્યારેજ સિદ્ધ થાય છે કે જ્યારે તેના હૃદય વિષે તેમની કંઈ માનતા હોય અને તેને ભલો જાણે. તેમજ જેમ ભણાવનારના હૃદયમાં વિદ્યાર્થીનું માન કંઈ ન હોય ત્યારે તે ભ-

ણુવેજ નહિ. અને જ્યારે વિદ્યાર્થીના હૃદયમાં ભણાવનારાનું માન કંઈ ન હોય તો તેનાથી વિદ્યા ભણી શકે નહિ. તેથી પ્રસિદ્ધ થયું છે કે તે કાર્ય માત્ર માનનો સંગ્રહ પણ અયોગ્ય નથી.

માનની પ્રાપ્તિ પણ ચાર પ્રકારે કરીને થાય છે. તેમાં બે પ્રકાર નિંદ્ય છે, અને બે પ્રકાર પ્રમાણ છે.

બે પ્રકાર નિંદ્ય એ છે કે એક તો પોતાના હૃદયમાં જે ભજન કરતો હોય તેના દેખાવ કરીને માનને ખોળવું, આ કેવળ દમ્ભ છે. કારણકે ભગવન્તનું ભજન નિષ્કામ જોઇએ, તે જ્યારે ભજનના સમ્બન્ધે કરીને માનની પ્રાપ્તિ ઇચ્છે, ત્યારે તે અયોગ્ય છે.

(૨) બીજા પ્રકાર એ છે કે આ વિદ્યાને પુરૂષ જાણતો ન હોય, અને માનને નિમિત્તે પોતાને તેનો વેત્તા થઇને જણાવે છે, ત્યારે તે પણ અયોગ્ય છે. જેમ વિદેશ વિષે જઇને કહે કે હું બ્રાહ્મણ છું, અથવા ઉત્તમ જાતી છું પણ જ્યારે વાસ્તવિક રીતે એવું ન હોય અને માનને નિમિત્તે જૂઠું કહી દે ત્યારે તે એવું થાય છે કે કોઇ પાપ અને છળની સાથે ધનની ઉત્પત્તિ કરે.

બે પ્રકાર જે માનને નિમિત્તે પ્રમાણ કહ્યા હતા તે એ છે કે જે ક્રિયામાં છળ પણ ન હોય, અને ભજનનું ડોળ પણ ન હોય ત્યારે તે ક્રિયાને પ્રકટ જણાવે. અને વ્યવહારના કાર્ય વિષે પોતાના માનને વધારી લે. ત્યારે તે વાર્ત્તા અયોગ્ય નહિ.

(૨) બે પ્રકાર એ છે કે પોતાના પાપને છુપાવી પોતાનું માન રાખે. અને એવી મનસા હોય કે જ્યારે મારો અવગુણ પ્રસિદ્ધ થશે, ત્યારે લોકો મારી નિન્દા કરશે ત્યારે હું નિર્લજ થઇ જઇશ. એ પ્રમાણે પોતાનું માન રાખવું પ્રમાણ છે, પણ એ નિમિત્તે પાપને ન ઢાંકે કે મને લોક સાધુ સન્ત જાણે.

માનની પ્રીતિનો ઉપાય.

જ્યારે માનની પ્રીતિ ઘણી વધે છે, ત્યારે હૃદય વિશે એ પણ દીર્ઘ રોગ ઉત્પન્ન થાય છે. માટે તે રોગની નિવૃત્તિનો ઉપાય કરવો જોઇએ. શાથી કે જ્યારે પ્રથમજ એનો ઉપાય ન કરીએ ત્યારે કપટ, જૂઠ, દમ્ભ, પાખંડ, વૈરભાવ, ઈર્ષા ઇત્યાદિક બીજાં પણ અનેક પાપ ઉપજે છે. માટે ઘટે છે કે ધન અને માનનો સંગ્રહ એટલોજ કરે કે જેણે કરીને ધર્મના માર્ગનો નિર્વાહ થાય અને અધિક આસકત ન થાય. ત્યારે એવો બુદ્ધિમાન પુરૂષ રોગી થતો નથી શાથી કે તે ધન અને માનને પ્રીતમ રાખતો નથી. અને તેની મનસાએ થાય છે કે એનાથી નિશ્ચિંત થઇને ભજન વિષે સાવધાન થાઊં. જે પુરૂષને માનની અભિલાષ વધે છે, તેના ચિત્તની ચિતવનિ સર્વદા લોકોની તરફ રહે છે. કે આ લોકો મને શી રીતે જાણે છે. અને મારે માટે શું બોલે છે ? અને મારા પર કેવી પ્રતિતિ રાખે છે માટે એવા રોગનો ઉપાય કરવો અવશ્યજ પ્રમાણ છે. એનો ઉપાય પણ જ્ઞાન અને કૃતિએ કરીને થાય છે. તે જ્ઞાન એ છે કે માનનાં વિઘ્નોનો વિચાર કરે કે આ લોક અને પરલોક વિષે માની પુરૂષ દુઃખી રહે છે. આ લોકનું દુઃખ એ છે કે માનની અભિલાષા કરનારો પુરૂષ સર્વદા જગતનું માન અને મનોહાર વિષે ખેદવાન્ રહે છે અને જ્યારે માન પ્રાપ્ત થતું નથી, ત્યારે નિર્લજતાને પામે છે, અને જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે કેટલાક ઈર્ષા કરનારા શત્રુ ઉત્પન્ન થઈ આવે છે. અને પોતે પણ તેમને મારવાને નિમિત્તે વેરભાવ વિષે દૃઢ થાય છે, તથા શત્રુઓના છળથીડરતા રહે છે. તેથી તેની મનસા કદાચિત્ શુદ્ધ થતી નથી વળી જ્યારે શત્રુઓ ઉપર પ્રબલ થાય છે, તોપણ તે મોટાઈ સ્થિર રહેતી નથી, પણ ક્ષણવારમાં દૂર થઈ જાય છે. શાથી કે માન અને મોટાઇનો સમ્બન્ધ લોકોનાંમનની સાથે હોય છે, અને લોકોનાં મન સમુદ્રની લહેરવત્ પલ પલ વિષે પરિણામને પામે છે, તાત્પર્ય એ કે, જે મોટાઇનું મૂળ સં-

સારી જીવોનું મન હોય, તે મોટાઇની કંઇ વસ્તુ નથી હોતી–શાથી કે જ્યારે કિંચિત્ પણ સંકલ્પ તેના ચિત્તમાં સ્ફુરે છે, ત્યારે તે મોટાઇ નાશ થઈ જાય છે; વળી આ માન જે કોઇ દેશના રાજ્ય સંબંધે કરીને થાય છે, તેતો મહા તુચ્છરૂપ છે, શાથી કે જ્યારે રાજાના હૃદય વિષે કિંચિત્ પણ ચિતવનિ (વિચાર) વિપરીત સ્ફુરે છે ત્યારે તે પોતાના પ્રધાનને દૂર કરી દે છે. એટલે તેનું માન નષ્ટ થઇ જાય છે, માટે પ્રસિદ્ધ થયું કે માની મનુષ્ય આ લોકમાં સદૈવ એ પ્રકારે દુઃખી રહે છે. પણ અલ્પબુદ્ધિ જીવ આ વાર્તાને જાણતાં નથી. અને જેને બુદ્ધિરૂપી નેત્ર ઉઘડ્યાં છે તે પોતેજ એ પ્રકારે જોઇ લે છે કે આ માણસને ઉદય અસ્ત પર્યંત નિષ્કંટક રાજ્ય હોય, અને બધા લોકો તેને પ્રણામ કરે, તોપણ એ પ્રસન્નતા કંઇ વસ્તુ નથી. શાથી કે જ્યારે એ મૃત્યુ પામે છે, ત્યારે બધી સામગ્રી દૂર થઇ જાય છે. અને અલ્પ કાળમાંજ તે પોતે પણ રહેતો નથી તેમજ તેની પ્રજા પણ રહેતી નથી. જેવી રીતે આગળ મોટા મોટા ચક્રવર્તી રાજા સ્વપ્ન પ્રમાણે થઇ ગયા છે, તેમનું સ્મરણ પણ કોઇ કરતું નથી. તેવી રીતે એ માની માણસ પણ સ્વપ્નવત્ થઇ જશે. માટે કંઇક દિવસની પ્રસન્નતાને નિમિત્તે અમર રાજ્યને વ્યર્થ કરવું એ મોટી મૂર્ખતા છે. એટલે જે પુરૂષનું હૃદય સ્થૂળ મોટાઇ વિષે બદ્ધમાન થાય છે, તેના હૃદયથી ભગવત્‌ની પ્રીતિ દૂર થઈ જાય છે. જે માણસ ભગવત્‌ની પ્રીતિ વિના બીજાની પ્રીતિમાં બંધાઇ પરલોક વિષે જાય છે તે અવશ્યજ દીર્ઘ દુઃખનો અધિકારી થાય છે. તે માનને દૂર કરવાનો ઉપાય વિચાર એજ અને કૃતિની સાથે બે પ્રકારે કરીને ઉપાય થાય છે તેમાં પ્રથમ એ છે કે જે દેશ વિષે એની માન પ્રતિષ્ઠા હોય, તે દેશનો ત્યાગ કરે અને એને જ્યાં કોઇ ઓળખે નહિ ત્યાં જઇને રહે, એ પણ ઉત્તમ ઉપાય છે શાથી કે જ્યારે પોતાના નગર વિષે એકાંત ઠેકાણે બેસે છે, ત્યારે લોકો તેને ત્યાગી જાણીને અધિક માન આપે છે, તેથી માનનારસ વિષે આસક્ત થઇ જાય છે અને જ્યારે કોઇ એની નિન્દા કરે છે ત્યારે દુઃખી થાય છે પછી પોતાના દૂષણને

ઉતારવાને નિમિત્તે જૂઠથી પણ ડરતો નથી. (૨) બીજો ઉપાય એ છે કે એવા આચાર વિષે વર્ત્તે કે જેથી લોકોની પ્રતીતિ દૂર થઇ જાય. પણ પાપકર્મોનો અંગીકાર ન કરે; શાથી કે કેટલાક મૂર્ખ પાપો વિષે વર્તે છે અને આ પ્રકારે કહે છે કે, અમે તો માનને દૂર કરવાને નિમિત્તે આ કર્મનો અંગીકાર કર્યો છે. એ વાર્ત્તા પણ અયોગ્ય છે, માટે જિજ્ઞાસુએ આ પ્રમાણે વર્તવું જોઇએ કે જેથી કરીને પાપ કર્મથી પણ દૂર રહે, અને લોકોની પ્રતીતિ પણ નષ્ટ થઈ જાય જેમ એક સન્તનાં દર્શન માટે એક રાજા આવ્યો તે સમયે તે સન્ત રાજાને આવતા જોઈ રોટલો અને મૂળો હાથમાં લેઇ મોટા મોટા કોળીયા કરી ખાવા લાગ્યો. પછી જ્યારે રાજાએ આ પ્રમાણે જોયું, ત્યારે કહેવા લાગ્યો કે આતો તૃષ્ણાવાન્ છે, પછી તે રાજા પોતાને ઘેર પાછો ગયો. એક સન્તની અધિક માનતા થઈ હતી તે જ્યારે તે સન્ત સ્નાન કરવાના ઠેકાણાથી સ્નાન કરીને નીકળ્યા, ત્યારે કોઇ બીજાનું વસ્ત્ર પહેરી બારણામાં ઉભા રહ્યા તે જોઈ લોકોએ ચોર ઠરાવ્યા અને વધારે માર માર્યો. એક બીજા સન્તની વધારે માનતા થઇ હતી ત્યારે તેમણે એક શીશામાં શરબત નાંખીને પોતાની પાસે રાખી મૂકયો અને થોડું થોડું પીવા લાગ્યા, એટલે લોકોએ જાણ્યું કે આ તો મદિરાપાન કરે છે. એ પ્રમાણે જિજ્ઞાસુ જનોએ માનને દૂર કરવાને નિમિત્તે એવાજ ઉપાય કર્યા છે.

પોતાની સ્તુતિની પ્રીતિનો ઉપાય.

ઘણા પુરૂષોને જગત્‌ની સ્તુતિ વિષે અધિક પ્રીતિ હોય છે, અને સર્વદા પોતાના મહિમાને ઇચ્છે છે તેઓ જો કે શાસ્ત્રની મર્યાદાથી વિપરીત કર્મ હોય, તોપણ પોતાની સ્તુતિને નિમિત્તે તે કરે છે અને શુભ કર્મ હોય છતાં તેમાં જો લોકો નિન્દા કરે એવું હોય, તો તે શુભ કર્મ કરી શકતા નથી; એ પણ દીર્ઘ રોગ છે. રોગનાં કારણોને ન ઓળખીયે ત્યાં સુધી તેનો ઉપચાર કરવો કઠણ થાય છે. માટે સ્તુતિની અભિલાષાનાં ચાર કારણ છે.

૧ પ્રથમ એ છે કે મનુષ્ય પોતાની મોટાઇને ઇચ્છે છે, અને પોતાની હીનતાપર ગ્લાનિ રાખે છે, માટે જ્યારે કોઇ પોતાની સ્તુતિ કરે છે, ત્યારે નિસ્સન્દેહ પોતાની મોટાઇને સમજે છે, અને આનન્દિત થાય છે, કેમકે તે પોતાનો મહીમા સાંભળીને પોતાનું ઐશ્વર્ય નિશ્ચય જાણે છે. અને ઐશ્વર્ય એને અધિક પ્રિય લાગે છે. જ્યારે નિંદા સાંભળે છે, ત્યારે પોતાની હીનતાને પ્રત્યક્ષ દેખે છે, માટે દુઃખી થાય છે જ્યારે સ્તુતિ અથવા નિન્દા કોઇ બુદ્ધિમાન પુરૂષના મુખથી શ્રવણ કરે છે, ત્યારે તો અધિક શોકવાન્ અને અપ્રસન્ન થાય છે, શાથી કે તેના યથાર્થ વચનપર તેને અધિક પ્રતીતિ થાય છે. અને જ્યારે મૂર્ખના મુખથી પોતાની સ્તુતિ નિંદા સાંભળે છે ત્યારે તેનાં વચનોપર પ્રતિતી રાખતો નથી. માટે શોક અને પ્રસન્નતા પણ અલ્પ હોય છે.

(૨) બીજું કારણ એ છે કે સ્તુતિ કરનારાને પોતાનો સેવક જાણે છે, અને એવું જાણે છે કે એના હૃદય વિષે મારા ગુણની પ્રતીતિ છે, એટલે પોતાને સ્વામી જાણે છે, એ કારણથી જ્યારે પોતાનો મહિમા શ્રેષ્ટના મુખથી સાંભળે છે, ત્યારે વધારે પ્રસન્ન થાય છે અને જ્યારે નીચ પુરૂષના મુખથી સાંભળે છે ત્યારે એવો આન્દનવાન થતો નથી.

(૩) ત્રીજું કારણ એ છે કે જ્યારે કોઇને પોતાની સ્તુતિ કરતાં જુએ છે ત્યારે એમ પણ જાણે છે કે આ મારો મહિમા સાંભળીને બીજા લોક પણ મારાપર પ્રતીતિ કરશે. અને મને વશ થશે. એ કારણથી જ્યારે સભા વિષે પોતાનો મહિમા શ્રવણ કરે, ત્યારે વધારે પ્રસન્ન થાય છે. અને જ્યારે એકાંત ઠેકાણા વિષે સાંભળે છે ત્યારે, એવો હર્ષવાન થતો નથી.

(૪) ચોથું કારણ એ છે કે સ્તુતિ કરનારાને પોતાના બળને આધીન જાણે છે, અને જો કે તેને પોતાનો સેવક ન જાણે તોપણ આ પ્રમાણે સમજે છે કે આ પુરૂષ ભય અથવા પ્રયાજને કરીને મારી સ્તુતિ કરે છે. તે વાર્તા પણ તેને અધિક પ્રીતમ છે, માટે પોતાને મોટો જાણીને પ્રસન્ન થાય છે. એ કારણથી જ્યારે તેનું વચન સાચું પણ ન જાણે અને તેના વચનને કોઇ પ્રમાણ પણ ન કરે, વળી તે પ્રતીતિની અથવા ભયે કરીને પણ કહેતો ન હોય

કેવળ ઉપહાસે કરીને તેની સ્તુતિ કરે, પ્રીતિનું કારણ કોઈ ન દેખે ત્યારે પ્રસન્ન થતો નથી.

જ્યારે આપણે આ રોગનાં કારણોને જાણ્યાં ત્યારે તેનો ઉપાય પણ સુગમજ સમજીશ. પછી જ્યારે પુરૂષાર્થ થશે ત્યારે આ રોગને દૂર કરી શકાસે. સ્તુતિ કરનારાનાં વચને કરીને પોતાની બડાઇનો નિશ્ચય કરીને કેટલાંક પ્રસન્ન થાય છે. તેનો ઉપાય એ છે કે તેઓ આ પ્રમાણે વિચાર કરેકે આ પુરૂષ જ્ઞાન, વૈરાગ્ય અથવા બીજા કોઇ શુભ ગુણે કરીને મારી સ્તુતિ કરે છે કે શી રીતે ? અને તેનું વચન પણ યથાર્થ છે ? કે કેમ ? માણસે ભગવત્‌ના ઉપકાર પર પ્રસન્ન થવું પ્રમાણ છે, શાથી કે આ શુભ ગુણ તેને મહારાજેજ આપ્યા છે. તે કોઇની સ્તુતિ નિંદાએ કરીને વધના ઘટતા નથી.

જ્યારે કોઇ મનુષ્ય આ પ્રકારે બીજાની સ્તુતિ કરે કે તું ધનવાન્ છે, મહારાજા છે, અથવા કોઇ બીજા સ્થૂળ પદાર્થનું વર્ણન કરે ત્યારે આ વાર્તા પર પ્રસન્ન થવું એજ અયોગ્ય છે. શાથી કે આ બધી સામગ્રી નાશવાન્ છે, અને જો પ્રસન્ન થાય તો જે મહારાજની થાપણ છે, તેના ઉપકારને જાણીને હર્ષિત થાય પણ જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે પોતાના ગુણો ઉપર પ્રસન્ન થવું એ પણ પ્રમાણ નથી. શાથી કે એ વાર્તાને કોઇ પુરૂષ નથી જાણતો કે, અન્તકાળ વિષે મારો નિર્વાહ શી રીતે થશે ? જ્યાં સુધી એ વાર્ત્તાને ન જાણે કે પરલોક વિષે મારી શી ગતી થશે ? ત્યાં સુધી જિજ્ઞાસુને પ્રસન્ન થવું કદાચિત્ પ્રમાણ નથી. જ્યારે કોઈ મનુષ્ય બીજાને ગુણવાન્ કહે અને તે આ પુરૂષ એવું જાણે કે આ ગુણ મારે વિષે લેશ પણ નથી, ત્યાર એવી સ્તુતિ પર પ્રસન્ન થવું એ પણ મહા મૂર્ખતા છે. તેનું દૃષ્ટાંત આ છે કે જેમ કોઇ કહે કે અમુક પુરૂષનું શરીર અને સર્વ અંગ, સુગંધીએ કરીને ભરપુર છે, અને મળમુત્રની દુર્ગંધી કંઇ નથી. પણ તે પુરૂષ જ્યારે એવું જાણતો હોય કે મારે સર્વાંગ વિષે તો વિષ્ટા, મૂત્ર થુંક આદિક ગંદકી છે, છતાં તેની સ્તુતિ સાંભળીને જે પ્રસન્ન થાય. તે મહા મૂર્ખ કહેવાય છે, જ્યારે કોઇ આપણી નિન્દા કરે. ત્યારે તેના ઉપર ક્રોધ કરવો. અને

અપ્રસન્ન થવું એ પણ મહા મૂર્ખતા છે. શાથી કે જ્યારે તે સત્ય કહે છે ત્યારે તે દેવતા છે અને જ્યારે જૂઠું કહે છે, ત્યારે અસુર છે અને જ્યારે તે નિંદક પોતાની જૂઠને પણ ન જાણે ત્યારે સમજવું કે તે પશુ અથવા ગર્દભ છે, તાત્પર્ય એકે સત્ય કહેનારાને પોતાના ગુરૂદેવ જાણી તેનાં વચન સાંભળીને ગ્લાનિ કરવી અને પોતાના અવગુણ પર શોકવંત થવું. જે માણસ અસુર ગર્દભ હોય જેવાં તેમનાં વચન સાંભળીને તેના પર પ્રતીતિ કરવી એજ અયોગ્ય છે. પણ જ્યારે કોઇ આપણા સ્થૂળ પદાર્થની નિંદા કરે કે "અંગહીન છે, અથવા નિર્ધન છે" તોપણ અપ્રસન્ન થવું પ્રમાણ નથી. શાથી કે એ તો સંતજનોની પાસે મોટાઇ છે આપણે આ પ્રમાણે વિચાર કરવો જોઇએ કે જે પુરૂષે આપણા અવગુણ ઉઘાડા કરીને કહ્યા છે, તે કહેવું ત્રણ પ્રકારથી બહાર નથી. માટે જ્યારે તેણે યથાર્થ અને દયા સંયુક્ત કહ્યું છે, ત્યારે તેનો ઉપકાર જાણીએ. શાથી કે જ્યારે કોઈ કહે કે તારાં લૂગડાંમાં સર્પ છે ત્યારે તે સર્પ દેખાડનારાનો નિઃસંદેહ ઉપકાર થાય છે. અવગુણોનું દુઃખ સર્પના ડસવાથી પણ તીક્ષણ એટલા માટે કે અવગુણોએ કરીને બુદ્ધિનો નાશ થાય છે, તેથી દોષને ઓળખાવનારાને મિત્ર જાણીએ જેમ તમે કોઇ રાજાની પાસે જવાની મનસા કરો અને કોઇ પુરૂષ તમને દેખાડી આપે કે તમારૂં વસ્ત્ર મલિનતાથી ભરેલું છે, પ્રથમ તેને ધોઇ લ્યો. એ પ્રમાણે જ્યારે તેમ તેનું વચન માનીને પોતાનું વસ્ત્ર ધોઈ લે, ત્યારે તેમને તેનો ઉપકાર જાણવો પ્રમાણ છે, શાથી કે જ્યારે તમે દુર્ગંધ ભરેલાં વસ્ત્રો સહિત રાજાની પાસે જાત, ત્યારે તેની સભા વિષે નિસ્સન્દેહ લાજી મરત.

(૨) બીજો પ્રકાર આ છે કે નિંદા કરનારા પુરૂષે ઇર્ષાએ કરીને તમારો અવગુણ પ્રસિદ્ધ કર્યો છે, તો તેણે પોતાના ધર્મની હાનિ કરી છે. પણ તેથી તમારી હાની થતી નથી સાથી કે જ્યારે તમે તેનું વચન સાંભળીને સહનશીલ થશો, ત્યારે તમને ધૈર્યની મોટાઈ પ્રાપ્ત થસે. અથવા જો તેણે જૂઠું કહ્યું છે, અને તમારામાં એ અવગુણ નથી તોપણ બીજા અવગુણ તો તમારામાં અધિક છે. માટે ભગવત્‌નો ઉપકાર જાણવો જોઇએ કે જે મહારાજે તમારા

એવા અવગુણ પ્રકટ કર્યા નથી અને નિન્દકના શુભ ગુણોનું પુણ્ય પણ તમને પ્રાપ્ત થશે. જે પુરૂષ તમારી સ્તુતિ કરે છે, તે વિચાર કરીને જોઇએ તો તમારો દુઃખદાયક થાય છે. શાથી કે તે સ્તુતિ સાંભળીને તમે અભિમાની થશો. માટે તમે મૂર્ખતાએ કરીને પોતાના દુઃખની વાર્તા પર પ્રસન્ન થાઓ છો. અને પોતાની ભલાઈ વિષે શોકવાન્ થાઓ છો જેમની એવી અવસ્થા થાય, ત્યારે જાણીએ કે તે પુરૂષ સ્થૂળતાનેજ જુએ અને ગુહ્ય ભેદને ઓળખતો નથી. જે પુરૂષ બુદ્ધિમાન હોય છે, તે સ્થૂળતાની તરફ જોતો નથી. અને તેના અન્તરના ભેદને સમજે છે તાત્પર્ય એકે જ્યાં સુધી આ પુરૂષની આશા સર્વ જગતથી દૂર થતી નથી ત્યાં સુધી સ્તુતિ અને માનનો રોગ નષ્ઠ થતો નથી.

સ્તુતિ અને નિન્દામાં બધાં માણસો સરખાં નથી હોતાં તેનું વર્ણન.

સ્તુતિ અને નિન્દા વિષે પણ બધા પુરૂષો એક સરખા હોતા નથી. માટે જાણો કે સ્તુતિ અને નિન્દા વિષે પણ જીવોની ચાર પ્રકારની અવસ્થા છે.

૧ કેટલાક પોતાની સ્તુતિ સાંભળીને પ્રસન્ન થાય છે. અને સ્તુતિ કરનારાઓનો ઉપકાર જાણે છે. તેમજ નિન્દા સાંભળીને ક્રોધવાન્ થાય છે, અને નિન્દકને દુઃખ દેવાને ઇચ્છે છે, આ અવસ્થા મહા નીચ છે.

(૨) બીજી અવસ્થા સાત્વીકી મનુષ્યોની છે, તે એકે હૃદય વિષે સ્તુતિ નિન્દાને સમાન જાણતા નથી, તોપણ બહાર વ્યવહાર વિષે નિન્દક અને વખાણ કરનારાની સાથે સમવર્તે છે.

(૩) વિચારવાનોની ત્રીજી અવસ્થા એ છે કે સ્તુતિ અને નિન્દાને મન, વચન અને કર્મે કરીને સમાન રાખે છે, માટે નિન્દા સાંભળીને અપ્રસન્ન થતા નથી, અને ઈર્ષા ક્રોધ પણ કરતા નથી. તેઓ સ્તુતિને પણ વિશેષ જાણતા નથી. સાથી કે તેમનું હૃદય સ્તુતિ અને નિન્દાથી વિરક્તજ રહે છે. આ

અવસ્થા ઉત્તમ છે. પણ કેટલાક અલ્પ બુદ્ધિજીવ આ પ્રમાણે જાણે છે કે અમે એ પદનેજ પ્રાપ્ત થયાં છીએ. જ્યાં સુધી પોતાના હૃદયની પરીક્ષા કરી ન જાણીએ ત્યાં સુધી કેવળ વચન તો જુઠુંજ થાય છે. તે પરીક્ષા એ છે કે "જ્યારે નિંદક તેની પાસે બેશી રહે ત્યારે ગ્લાની ન કરે અથવા જ્યારે તે કોઈ પણ કામની સહાયતા ઇચ્છે ત્યારે સ્તુતિ કરનારાની પેઠે તેની સહાયતા કરે. અને પ્રિતમ રાખે. વળી જેમ સ્તુતિ કરનારાનું ચિત્ત વિષે સ્મર્ણ કરે છે, તેમજ જ્યારે નિંદકના યળાપ વિષે ચિરકાળ થઈ જાય ત્યારે પ્રિતી સહિત તેને પણ યાદ કરે અથવા જ્યારે કોઇ નિંદકને દુઃખ દે, ત્યારે જે રીતે સ્તુતિ કરનારાના દુઃખે કરીને દુઃખી થાય છે, તેમજ નિન્દકના દુઃખે કરીને શોકવાન્ થાય એ પ્રમાણે થવું એ અવસ્થા મહા કઠિન છે, કે જે રીતે સ્તુતિ કરનારાના અવગુણોને, વિચારતો નથી તેમજ નિન્દકના અવગુણ જોઈ કરીને પણ ક્રોધવાન્ થતો નથી. અભિમાની મનુષ્ય એમજ કહે છે કે અમે ધર્મને માટેજ ક્રોધ કરીએ છીએ. અને તે નિન્દકના દોષને દૂર કરવાને ઇચ્છીએ છીએ એ પ્રમાણે એ પણ તેમનો છળ છે. શાથી કે બીજા પણ કેટલાક પુરૂષ અપકર્મ કરે છે. અને બીજાની નિંન્દા કરવા માંડે છે. તે જ્યાં સુધી એમને જોઇ કરીને એવી ગ્લાની ન કરે ત્યાં સુધી જાણીએ કે તેનો ક્રોધ કરવો પણ પોતાની વાસના પ્રમાણે છે. પણ એ તપસ્વી લોક એવા સૂક્ષ્મ છળોને કયારે ઓળખી શકે છે ? માટે વિચાર વિના તેના બધા યત્ન વ્યર્થ થાય છે.

(૪) વળી ચોથી અવસ્થા ઉત્તમ પુરૂષોની છે, એ છે કે સ્તુતિ કરનારાને પોતાનો શત્રુ માને છે, અને નિન્દકને પ્રીતમ રાખે છે. શાથી કે નિન્દકના વચનથી પોતાના દોષને ઓળખે છે, વળી તે દોષને નિવૃત્તિ કરવાની શ્રદ્ધા વિષે સાવધાન રહે છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જે પુરૂષ દિવસે વ્રત રાખે અને રાત્રિ વિષે જાગતો રહે અને નાના પ્રકારના વેષ કરે પણ જ્યાં સુધી માયાથી વિરક્ત ન થાય અને પોતાના મહિમાને બુરો ન જાણે અને નિન્દકને પ્રિતમ ન રાખે ત્યાં સુધી તેની સર્વ ક્રિયા વ્યર્થ થાય છે. આ વચનના અર્થનો વિચાર કરીને જોઇએ ત્યારે એવા પદને પ્રાપ્ત થવું મહા

કઠિન છે શાથી કે જીવોને બીજી અવસ્થા પણ કઠિન થાય છે-કે જે સ્તુતિ કરનારા અને નિન્દકને હૃદય વિષે સમાન ન જાણે તોપણ એઉની સાથે બાહ્યાકૃતિ વિષે ભેદ ન રાખે ઘણા મનુષ્ય તો સર્વદા પોતાની સ્તુતિ કરનારાને પ્રિતમ રાખે છે. અને તેનાં કાર્યોની સહાયતા કરે છે, અને નિન્દકને દુઃખ દેવાને ઇચ્છે છે. તેથી બાહ્ય ક્રિયા વિષે પણ પાપી થાય છે અને હૃદયની સમતા તો દુર્લભ છે. એ ચોથી અવસ્થા જે નિન્દકને મિત્ર અને પ્રશંસક ને શત્રુ જાણવાની કહી છે, એવી અવસ્થાને પહોંચવાનું અતિજ કઠણ છે. પણ તેને તેજ પામે છે, જે પોતાના મનનો વિરોધી હોય અને સર્વદા પોતાની વાસનાની સાથે યુદ્ધ કરે જ્યારે કોઈના મુખથી પોતાના અવગુણ સાંભળે ત્યારે પ્રસન્ન થાય અને નિન્દકની બુદ્ધિને એવી ઉજ્વળ દેખે કે એણે મારા દોષને શી રીતે શોધી કાઢયા !! પછી એવો પ્રસન્ન થાય કે જેમ પોતાના શત્રુના અવગુણ સાંભળીને કોઇ પ્રસન્ન થાય, એવો જિજ્ઞાસુ જન પણ કોઇ વિરલોજ થાય છે એ કારણથી કહ્યું છે કે જે કોઇ સર્વ આયુષ્ય પર્યંત યત્ન અને પુરૂષાર્થ કરે છે, તોપણ સ્તુતિ નિન્દાને સમાન કરવી કઠણ છે.

જ્યારે આ પુરૂષ પોતાના મહિમાને પ્રીતમ રાખે છે, અને નિન્દાપર ગ્લાનિ રાખે છે, ત્યારે આ અભિલાષા એવી પ્રબલ થાય છે કે પોતાની સ્તુતિને નિમિત્તે ભજન વિષે પણ દંભ કરવાને ઇચ્છે છે, અને જ્યારે જુએ છે કે અમુક પાપે કરીને મારી સ્તુતિ થશે ત્યારે પાપની શંકા પણ કરતો નથી તાત્પર્ય એ કે જ્યાં સુધી માન અને સ્તુતિની વાસનાનું બીજ મૂળમાંથી નષ્ટ ન થાય, ત્યાં સુધી શીઘ્રજ પાપ કર્મો વિષે આસક્ત થઇ જાય છે. પણ જ્યારે બાહ્ય ક્રિયા વિષે મિત્ર અને શત્રુની સાથે સમાન વર્તે, અને મન વચન કર્મે કરીને નિંદકને દુઃખાવે નહિ, અને તેનું ભલુંજ ચિંતવન કરતો રહે. અને હૃદય વિષે શત્રુ મિત્રની સમતા ન કરી શકે તો પણ પાપી થતો નથી શાથી કે આ જીવનો એવોજ સ્વભાજ છે, અને પોતાના સ્વભાવથી દૂર થવું મહા કઠિન છે. માટે સન્ત જનોએ આ પ્રમાણે કહ્યું છે કે જ્યારે સ્થૂળ પાપોથી રહિત થાય ત્યારે પણ વિશેષ છે એટલા માટે કે બધા લોક ઘણાં અપકર્મ

સ્તુતિની પ્રીતિ અને નિન્દાની ગ્લાનિને નિમિત્તે કરે છે. અને સર્વદા તેમના ચિત્તની ચિંતવની એજ અભિલાષ વિષે બંધમાન રહે છે કે કોઇ રીતે અમારી સ્તુતિ લોક કરે. તેથી મનની વાસનાએ કરીને અપકર્મો વિષે વિચરવા લાગે છે. એથી કરીને પ્રસિદ્ધ થયું કે સર્વ મનુષ્યોને લોકોનું સન્માન અને મનોહર સેવા કરવી નિન્દ્ય નથી. પણ માનના નિમિત્તે કપટ અને દંભ કરવો એ નિન્દ્ય છે અને દુઃખોનું બીજ છે.

સાતમો સર્ગ સંપૂર્ણ.



સર્ગ ૮ મો.

દંભના નિષેધનું ને ઉપાયોનું વર્ણન.

ભગવતના ભજન વિષે દંભ કરવો એ મહા પાપ છે. અને મહારાજની તરફથી વિમુખતા છે, માટે એના જેવો બીજો કોઇ રોગ નથી. શાથી કે વેષધારીયોની મનસા સર્વદા એજ રહે છે કે કોઇ રીતે લોક અમારૂં ભજન દેખે અને અમને ભજનવાન જાણે. એ પ્રમાણે જે ભજન વિષે એવી કામના હોય છે, તેને ભગવત્ ભજન કહેતા નથી. અને એતો કેવળ જગતનીજ પૂજા થાય છે. અથવા જ્યારે કંઇ ભજનની કામના પણ હોય તોપણ દંભની સાથે મિશ્રિત થઈ જાય છે. એ ભગવત્ ભજન વિષે દંભનું મિશ્રિત થવું તે મનની મુર્ખતા છે.

એ ઉપર મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષને મારાં દર્શનમાં પ્રીતિ છે, તેને ઘટે છે કે મારા ભજનમાં બીજા લોકોની પૂજાને મિશ્રિત ન કરે. અર્થ એ કે દંભથી રહિત થાય અને એમ પણ કહ્યું છે કે જે લોક અચેતતા અને દમ્ભ સહિત મારૂં ભજન કરે છે, તે પરલોક વિષે પશ્ચાતાપ કરશે એ ઉપર આચાર્ય મહારાજને કોઇએ પૂછ્યું હતું કે આ જીવની મુક્તિ શી રીતે થાય? ત્યારે તેમણે કહ્યું કે જ્યારે આ પુરૂષ દમ્ભથી રહિત થઈને ભગવતની આજ્ઞા વિષે સાવધાન થાય ત્યારે શીઘ્રજ મુક્તિને પામે છે. અને એમ પણ કહ્યું છે કે પરલોક વિષે કોઈ માણસને પૂછશે કે તેં ભગવત્ ભજન શી રીતે કર્યુ છે? ત્યારે તે કહેશે કે મેં ધર્મને નિમિત્તે શિશ આપ્યું હતું, પછી આકાશવાણી થશે કે આ પુરૂષ જૂઠું બોલે છે શાથી કે એણે પોતાને શૂરવીર જણાવવાને નિમિત્તે શિશ આપ્યું હતું. તેથી એ નરકગામી થશે.

વળી એક બીજા પુરૂષને પૂછશે કે તેં મહારાજની આજ્ઞા શી રીતે માની છે? ત્યારે તે કહેશે કે મેં ભગવત્ અર્થે પોતાના ધનનું દાન કર્યું છે, પછી આકાશવાણી થશે કે આ પણ જૂઠું બોલે છે, શાથી કે એણે પોતાની ઉદારતાને પ્રસિદ્ધ કરવાને દાન આપ્યું હતું. માટે તે પણ નરકગામી થશે.

વળી એક બીજા પુરૂષને પૂછશે કે તેં શી રીતે ભજન કર્યું હતું ત્યારે તે કહેશે કે હું ઘણી મેહેનત કરીને મહારાજનાં વચનોને ભણ્યો છું, ત્યારે આકાશવાણી થશે કે એ પણ જૂઠું કહે છે, શાથી કે એણે પોતાને વિદ્યાવાન્ જણાવવાને નિમિત્ત પાઠ કર્યો હતો માટે એને પણ નરક વિષે નાંખશે.

એક પુરૂષને પૂછશે કે મેં તને પૃથ્વીનું રાજ્ય આપ્યું હતું તો તેં પ્રજાનું પાલન શી રીતે કર્યું? ત્યારે તે કહેશે કે મેં શાસ્ત્રોની મર્યાદ સહિત ન્યાય કર્યો હતો ત્યારે આકાશવાણી થશે કે એ પણ જૂઠું કહે છે શાથી કે એણે ધર્માત્મા જણાવવાને નિમિત્તે ન્યાય કર્યો છે માટે તે પણ નરક વિષે પડશે.

આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે પ્રીતિમાનને બીજું કોઈ વિઘ્ન એવો મલીન નથી કરતું કે જેવો દમ્ભે કરીને શિઘ્રજ મલીન થઇ જાય છે.

વળી પરલોક વિષે મનુષ્યોને આ પ્રકારે આકાશવાણી થશે કે હે પાખણ્ડયો તમે જેને દેખાડવાને નિમિત્ત મારૂં ભજન કર્યું છે, તે હવે ભજનનું ફળ પણ એ બધાની પાસે માગો. વળી એક મહા પુરૂષે એમ પણ કહ્યું છે કે હે સંતો દમ્ભરૂપી નરકથી તમે પોતાને બચાવો અને મહારાજની પાસે વિનતિ કરો કે હે ભગવન્ આદભરૂપી કલેશથી તું અમારી રક્ષા કર.

એ ઉપર મહારાજે કહ્યું છે કે જે પુરૂષોએ મારા ભજન વિષે લોકોની પૂજાને મેળવી છે અર્થાત્ દંભ કર્યો છે તે મારાથી અતિ દૂર છે. અને હું તેમનું ભજન લોકોને સમર્પણ કરીદઉં છું. શાથી કે મને કોઈની સાથે આશ્રિત થવાની અપેક્ષા નથી. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે તે કૃતિતને ભગવત્ પ્રમાણ કરતા નથી કે જેના વિષે રંચક માત્ર પણ દમ્ભ હોય

છે. એ ઉપર એક સન્તે એક પુરૂષને જોયો હતો કે શીશ નીચું કરીને બેઠો હતો ત્યારે કહેવા લાગ્યા કે ભગવન્ તું એની ટેઢી (વાંકી) ગ્રીવાને સીધી કર શાથી કે એકાગ્રતા હૃદય વિષે થાય છે. શી શન્ત કુટિલતા કરવાથી તો એકાગ્રતા પ્રાપ્ત થતી નથી.

એક સન્તે કોઈ પુરૂષને સભામાં રોતો જોયો ત્યારે તેને કહ્યું કે જ્યારે તું પોતાના ગૃહ વિષે એવુંજ રૂદન કરત ત્યારે અધિક વિશેષતાને પામત એ ઉપર એક સન્તે કહ્યું છે કે દંભી માણસનાં બે લક્ષણ પ્રસિદ્ધ છે. પ્રથમ એકે જ્યારે એકલો હોય છે, ત્યારે આળશી જાય છે. અને જ્યારે લોકોને દેખે છે ત્યારે પ્રસન્નતા સહિત ભજન કરે છે. વળી જ્યારે પોતાનો મહિમા સાંભળે છે ત્યારે બધી ક્રિયા વિષે અધિક સાવધાન થાય છે. અને જ્યારે નિન્દા સાં-ભળે છે ત્યારે થાકી જાય છે વળી એક જિજ્ઞાસુએ કોઈ સન્તને પૂછ્યું હતું કે જે પુરૂષ દાન દેવા વિષે કંઇ નિષ્કામી મનસા રાખે અને કંઇ જગત્‌ની સ્તુતિને લીધે દાન દે ત્યારે તેની શી અવસ્થા થાય છે ? ત્યારે તેમણે કહ્યું કે તે મનુષ્ય ભગવત્‌થી વિમુખ થાય છે. શાથી કે બધાં કેવળ નિષ્કામજ જોઈએ વળી એક સંતે એક પુરૂષની કંઇક અવજ્ઞા કરી હતી ત્યારે તેને ક-હેવા લાગ્યો કે તું પણ મને આ અવજ્ઞાનો દંડદે. ત્યારે તેણે કહ્યું કે મેં ભગવાન પાસે તમારે નિમિત્તે તમને ક્ષમા કરી સંતે કહ્યું કે તું ભગવત્‌ને નિમિત્તે ક્ષમા કર અથવા મારે નિમિત્તે ક્ષમા કર પણ બેઉના સંબંધે કરીને ક્ષમા કરવાનું કામમાં આવતું નથી ત્યારે તેણે કહ્યું કે મેં ભગવતનેજ નિમિત્તે તમને ક્ષમા કરી. એક સંતે કહ્યું છે કે આગળ જિજ્ઞાસુજન દંભ વિના શું કરતા હતા, અને આ સમય વિષે લોકો શુભ કર્મ કર્યા વિનાજ દંભ કરે છે, એક બીજા સંતે કહ્યું છે કે જ્યારે આ પુરૂષ દંભ કરે છે ત્યારે ભગવત્ આ પ્રમાણે કહે છે કે જુઓ આ મારો જીવ મારીજ સાથે કેવી રીતે હાસ્ય કરે છે ? એ ઉપર એક મહા પુરૂષે કહ્યું છે કે સાત પુરીઓના સાત દેવતા રક્ષણ કરનારા પણ ભગવતે બનાવ્યા છે, તે જ્યારે આ માણસનાં શુભ કર્મોની પત્રી પ્રથમ પુરી પર પહોંચે છે ત્યારે તે પુરીના દેવતા કહે છે કે એની બધી

ક્રિયા નિષ્ફળ છે. શાથી કે આ પુરૂષ લોકોની નિંદા કરતો હતો માટે હું નિંદકનાં શુભ કર્મોને પ્રમાણ કરતો નથી વળી બીજો પુરૂષ જે નિન્દાથી પણ રહિત હતો તેનાં કર્મો ની પત્રી બીજી પુરી સુધી પહોચે છે. ત્યારે ત્યાંના દેવતા કહે છે કે એનાં કૃતિ એના મુખ ઉપર નાંખી દો, શાથી કે એણે સત્ય કર્મ કરીને પોતાની પ્રસંશા કરી .છે, માટે હું એનાં કર્મોને પ્રમાણ કરતો નથી. વળી બીજા કોઇ પુરૂષની પત્રી ત્રીજી પુરી પર પહોંચે છે, કે તેનામાં દાન, જપ, તપ, વ્રત આદિક શુભ કર્મ હોય છે, ત્યારે તેના દેવતા કહે છે કે એનાં બધાં કર્મ અભિમાને કરીને નિષ્ફળ થયાં છે; વળી એક બીજાની પત્રી ચોથી પુરી પર્યંત પહોંચે છે, ત્યારે તે દેવતા કહે છે, કે એણે વિદ્યા અને શુભ કર્મો વિષે લોકોની ઇર્ષા કરી છે; માટે હું એ ક્રિયાને માનતો નથી. વળી એક બીજાની પત્રી પાંચમી પુરી પર પહોંચે છે, ત્યારે તે દેવતા કહે છે કે એણે દુઃખીયાં અને અનાથો પર દયા કરી નથી અને મને ભગવત્‌ની આજ્ઞા આ પ્રકારે છે કે યદ્યાપિ સુકર્મી મનુષ્ય હોય તોપણ તું દયાહીન પુરૂષની કૃતિ પ્રમાણ કરીશ નહિ. વળી એક બીજાની પત્રી છઠ્ઠી પુરી પર પહોંચે છે, ત્યારે તે દેવતા કહે છે કે એણે સ્મર્ણ ભજન લોકોની સ્તુતિને નિમિત્તે કર્યું છે, અથવા પરલોકની કામના રાખે છે, માટે હું એનાં કર્મોને પણ માનતો નથી. વળી એક બીજાની પત્રી સાતમી પુરી પર પહોંચે છે, તે એના કર્મોનું તેજ સૂર્યની પેઠે પ્રકાશિત હોય છે, ત્યારે તેને જોઇ કરીને તે દેવતા કહે છે કે એના હૃદયમાં સૂક્ષ્મ અહંકાર છે, અને કર્મોનો કર્તા પોતાને જાણે છે, માટે હું એની ક્રિયાને પ્રમાણ કરતો નથી. તાત્પર્ય એકે જેનું કર્મ કેવળ નિષ્કામ તથા સર્વ મલીનતાથી રહિત હોય છે, ત્યારે તેનું કર્મ સાતે પુરીઓને ઉલ્લંઘી કરીને ભગવત્‌ની પાસે પહોંચે છે. અને મહારાજ પણ તેને પ્રમાણ કરે છે, અન્યથા સર્વે કર્મ નિષ્ફળ થાય છે.

અથ દંભના રૂપનું વર્ણન.

દંભનો અર્થ એ છે કે પોતાને વેરાગી અને ભજનવાન દેખાડવું, અને વેષ કરીને જગતના મેળાપને વધારવો, અને પોતાની વિશેષતા પ્રકટ કરવી, અને પોતાના ઉપર લોકોની પ્રતીતિ વધારવી, એવો દંભ પાંચ પ્રકારનો થાય છે.

૧ પ્રથમ તો સરીરનો દંભ કરે છે, જેમ મોનો રંગ પીળો કરીને પોતાની જાગ્રતા દેખાડવી, દેહને દુર્બળ કરવો, ભૃકુટી ચઢાવીને પોતાને ભયવાન દેખાડવો, ઉંચો શબ્દ બોલવો નહિ કે હું આવો ગંભીર છું, અધર સુકા રાખવા કે હું વ્રતી છું. એ પ્રમાણે જ્યારે લોકોને છળવાને નિમિત્તે ક્રિયા કરે ત્યારે જાણીએ કે કેવળ દંભી છે.

(૨) બીજો પ્રકાર આ છે કે વસ્ત્ર રંગીન અથવા મલીન, અથવા અલ્પ, અથવા પુરાતન પહેરવાં અને પોતાને તપસ્વી દેખાડવો, મૃગછાલા આદિક અંબર ઓઢવાં. આવા પુરૂષોની વૃત્તિ એવી હોય છે કે જ્યારે એને કોઇ કોઈ સંયોગની સાથે યત્ને કરીને કહેકે અમુક વસ્ત્ર પહેરો, ત્યારે લજ્જાને નિમિત્તે પહેરતાંજ નથી. અને એક એવા કપટી થાય છે કે મૂલ્યવાન વસ્ત્રોને ફાડી કરીને ઘાણું કરીને શીવડાવી લે છે, એટલા માટે કે ધનવાન અને રાજાલોક પણ અમારૂં સન્માન કરે—અને નિરાદર ન કરે. અને જો કે તેનાં વસ્ત્રોથી મોટું વસ્ત્ર ફાડેલું હોય તોપણ પહેરી શકતા નથી એટલા માટે કે અમારી કોઇ નિંદા ન કરે. તેઓ એટલું નથી જાણતા કે એવી ક્રિયાએ કરીને અમે લોકોની પૂજા કરીએ છીએ.

(૩) દંભનો ત્રીજો પ્રકાર વાણી છે. તે એવી રીતે કે હમેશાં હોઠ હલાવીને પોતાને ભજનવાન દેખાડવો, મૌન કરીને એકાગ્રહી દેખાડવો, નાના પ્રકારે શાસ્ત્રોનાં વખાણ કરવાં, પોતાને બુદ્ધિમાન જણવવો, અથવા શીતળ શ્વાસ કાઢીને પોતાને પ્રેમી દેખાડવો, પાછળના સંતોની વાર્ત્તા પ્રકટ કરવી તે એટલા માટે કે મેં ઘણા જણોનો સત્સંગ કર્યો છે, આ પ્રમાણે કરે તે કેવળ પાખંડ થાય છે.

(૪) ચોથા પ્રકારનો દંભ ભજન વિષે થાય છે. જેમકે લોકોના દેખતાં માથું સ્થિર રાખવું, અથવા માથું નીચે નમાવીને બેસવું, કોઈની તરફ જોવું નહિ, લોકોને દેખાડીને દાન દેવું, માર્ગમાં ધૈર્ય સહિત ચાલવું.

(૫) પાંચમો પ્રકાર દંભનો એ છે કે પોતાના શિષ્ય સખા અધિક દેખાડવા અને પોતાના ઐશ્વર્યને પોતેજ સભાને વિષે પ્રકટ કરવું કે અમુક રાજા અમારો સેવક છે. અમુક ધનવાન્ અમારો પુજારી છે. વળી જ્યારે કોઈની સાથે વિરૂદ્ધ વાત કરે છે ત્યારે આ પ્રમાણે કહેવા લાગે છે કે "તારો ગુરૂદેવ કોણ છે? તારો મિલાપી કોણ છે! મેં તો અટલાં વર્ષ પર્યંત મોટા મોટા મહાપુરૂષોની સેવા કરી છે. તાત્પર્ય એકે દંભી મનુષ્ય પોતાના માનને નિમિત્તે મોટું દુઃખ વેઠે છે, અને એકજ વસ્તુનો અલ્પ અહાર કરે છે, અથવા નિરાહાર વ્રતી રહે છે. આ બધી કૃતિ મહા પાપોનું રૂપ છે, શાથી કે જપ, તપ, વ્રત, ભજન ભગવાનને નિમિત્તેજ કરવું જોઈએ પણ જ્યારે એવાં કર્મો વિષે માન અને મોટાઈની કામના હોય ત્યારે જાણીએ કે કેવળ પાખંડ છે. માટે ઘટે છે કે જ્યારે પોતાનું માન વધારવાની કોઇ ઇચ્છા કરે ત્યારે વ્યવહારનાં કાર્યો કરીને પોતાની મોટાઈ દેખાડે તો તેને પાખંડ કહેવાતું નથી. જેમ જ્યોતિષ, વૈદ્યક, વ્યાકરણ ઇત્યાદિક બીજી વિદ્યાઓને પ્રકટ કરવી એ પાખંડ કહેવાતું નથી. પણ માનને નિમિત્તે પોતાને વૈરાગી અને ભજનવાન્ જણાવવું અયોગ્ય છે. અથવા જ્યારે સ્નાન અને ઉજળાં વસ્ત્રોએ કરીને શરીરને કરીલે તોપણ દંભ કહેવાતો નથી શાથી કે પ્રીતિમાનોની સભાને વિષે કોઇને ગ્લાની ન આવે ત્યારે એ પણ શુદ્ધ મનસા થાય છે. અને આચાર્ય મહારાજ પણ એવા આચારો વિષે વિચર્યા છે. અને ભજન વિષે જે દેખાડવાનું નિંદ્ય કહ્યું છે, તે એ પણ બે કારણોથી અયોગ્ય છે.

(૧) પ્રથમ એકે જ્યારે આ પુરૂષની મનસા સકામ હોય અને પોતાને નિષ્કામી કરીને દેખાડે ત્યારે એ પણ કપટ થાય છે, શાથી કે જ્યારે લોક એની સકામતાને પ્રકટ જાણે ત્યારે તે પણ પ્રમાણ નથી કરતા.

(૨) બીજું કારણ એ છે કે ભજન, સ્મરણ અને શુભ કૃતિ કેવળ ભગવાનને નિમિત્તેજ કરવાં જોઇએ. પણ એવી ક્રિયા જ્યારે જગતને દેખાડવાને નિમિત્તે કરે ત્યારે એ પણ ભગવાનની સાથે ઉપહાસ કરવાનું થાય છે. તેનું દૃષ્ટાંત આ છે કે જેમ કોઇ પુરૂષ કોઈ મંડળીના રાજાની પાસે રહ્યો હોય, અને પોતાને કેવળ તેનો નોકર થઇ રહેલો દેખાડે પણ મનસા તેની એવી હોય કે હું રાજાના સુંદર દાસને જોતો રહું ત્યારે તેનાં નેત્ર અને સુરતિ તે રૂપવાન્ દાસની તરફ અટકી રહે છે. ત્યારે નિસ્સન્દેહ રાજાની સાથે હાસ્ય કરવાનું થાય છે, તેમજ જે ભજન સ્મરણ પરમેશ્વરને નિમિત્તે કરવું જોઇએ છતાં તે ભજન પરાધીન જીવોને દેખાડવા લાગે ત્યારે તેનું નામ કેવળ કપટ છે. અને એવો પુરૂષ ભગવન્તને દંડવત્ પ્રણામ પણ કરતો નથી માત્ર જગતની વંદનાજ કરે છે. તેની મનસા જગતને દેખાડો કરવામાંજ દઢ હોય છે. જે મનુષ્ય શરીરે કરીને ભગવત્‌ની વન્દના કરે તેનું પણ મન જગતની વંદના વિષે સ્થિત હોય ત્યારે નિસ્સન્દેહ તે વિમુખ થાય છે.

અથ દંભની અવસ્થાના ભેદનું વર્ણન.

દંભ વિષે આ રીતે ભેદ થાય છે.

(૧) એક દંભ અતિ દીર્ઘ છે, અને અલ્પ છે.

દીર્ઘ દંભ એ છે કે જેની મનસા કેવળ દંભનીજ હોય અર્થાત્ જ્યારે એકલો હોય ત્યારે ભજન સ્મરણ કાંઇ કરે નહિ અને લોકોમાં સાવધાન થઇને ભજન વિષે સ્થિત રહે ત્યારે એવો પુરૂષ ભગવત્‌ના કોપનો ભાગી થાય છે. જો કે તેની મનસા કાંઇ અલ્પ માત્ર પુણ્યની પણ હોય છતાં જ્યારે એકાન્ત વિષે કાંઇ પણ ભજન ન કરે, તે પણ પ્રથમ જણાવેલા દંભીના જેવોજ હોય છે. વળી જે પુરૂષના હૃદય વિષે પુણ્યની મનસા એવી પ્રબળ હોય કે એકાન્ત વિષે પ્રથમથી આળસ ન કરે, જ્યારે લોકોને દેખે ત્યારે પ્રસન્નતા સહિત ભજન કરે, ભજન કરવાનું તેને સુગમ થઇ જાય ત્યારે એટલા

દંભે કરીને તેનું બધું ફળ વ્યર્થ થતું નથી. દંભની મનસા ભજન વિષે જેટલી મલીન છે, તેટલોજ દંડનો તે અધિકારી થાય છે અથવા તેનું પુણ્ય ક્ષીણ થઇ જાય છે.

જ્યારે દંભ અને પુણ્યની મનસા સમ થાય ત્યારે ભજનનું ફળ કંઇ થતું નથી શાથી કે પુણ્યની શ્રદ્ધાને દંભની મનસા વ્યર્થ કરી નાંખે છે.

(૨) બીજો ભેદ એ છે કે ભગવત્પર જે પુરૂષની પ્રતીતિ કંઈ ન હોય અને શરીરે કરીને ભજન સ્મરણ કરતો રહે, તો તે પણ મહા કપટી કહેવાય છે. અને તે સત્યની વિમુખ થાય છે. શાથી કે હૃદય વિષે પ્રતીતિથી રહિત છે. અને બાહ્ય વિષે પ્રીતિ પ્રતીતિ સંયુક્ત જણાવે છે તો એવો પુરૂષ સર્વદા નરકોનો વાસી થશે. જે પુરૂષની પ્રતીતિપર લોક અને સન્ત જનોની મર્યાદપર કંઈ ન હોય અને જો કે શરીરે કરીને દંભને નિમિત્ત શાસ્ત્રોની મર્યાદ વિષે પણ વિચરે તોપણ તે નરકોનો અધિકારી થાય છે.

(૩) ત્રીજો ભેદ દંભી મનુષ્યનાં કામોમાં થાય છે. જેમ કોઈ પુરૂષ ભજન વિષે માનનું પ્રયોજન રાખે, અને માને કરીને ભોગો અને પાપો વિષે આસક્ત થઈ જાય તો એ પણ મહા નિંદ્ય છે. જ્યારે કોઇ પોતાને વૈરાગી અને ઉદાર, એટલા માટે જણાવે કે લોક મને ત્યાગી જાણીને અર્થિયો તથા સાત્વિકી મનુષ્યોની સેવાને નિમિત્તે લોકો ધન આપે પછી જ્યારે તે તે ધનને પ્રાપ્ત થાય છે ત્યારે પોતાના દેહને અર્થે તે ધન વાપરી દે છે, ત્યારે એ પણ મહા પાપી ગણાય છે. કેટલાક તો જ્યારે કથા કીર્ત્તનની સભા વિષે જઇને બેસે છે ત્યારે એવી ઇચ્છા કરે છે કે ત્યાં જઇને કોઈ રૂપવાન્ મનુષ્યને જોઉં અથવા તેની સાથે પ્રીતિ વધારૂં એ અને એવાં બીજાં અપકર્મો પણ પરમ દુઃખોનાં બીજ છે. અને અપરાધ રૂપ છે શાથી કે એણે ભગવત્ ભજનને પાપોનો રસ્તો બનાવ્યો છે.

જ્યારે કોઇનું કંઇ દૂષણ જગત્માં પ્રસિદ્ધ થઇ જાય ત્યારે તે દૂષણને દૂર કરવાને નિમિત્તે વૈરાગી અને ઉદાર થઇને દેખાવું એ પણ મહા નિન્દ્ય

છે એવાં બધાં કામ મહા તામસી છે; જેને રાજસી પ્રયોજન હોય એટલે જેમ દભે કરીને કોઈ પોતાના શરીરનું અને કુટુંબનું પ્રતિપાલન કરવા ઇચ્છે તો તે પણ ભગવત્‌ના કોપનો અધિકારી થાય છે.

જ્યારે કોઈ માનને નિમિત્તે માર્ગ વિષે ધૈર્ય અને સંકોચ સહિત ચલે, અને શીતળ શ્વાસ કાઢે, હાસ્યથી રહિત થાય, વળી કહે કે આ જીવને અચેત થવાનું ઠેકાણું આ સંસાર વિષે ક્યાં છે? શાથી કે બધાં મનુષ્ય કાળનાં મોઢામાં ચાલ્યાં જાય છે, અથવા જ્યારે કોઇ પુરૂષ કોઇની નિન્દા કરવા લાગે ત્યારે પોતાને નિન્દાથી રહિત દેખાડવાને નિમિત્તે આ પ્રમાણે કહે કે "બીજાઓના અવગુણ જોવાથી પોતાના અવગુણ જોવા એ અધિક વિશેષ છે. જો કે એ બધી કૃતિ સાત્વિકી છે, પણ જેની મનસા સાત્વિકી ન હોય અને રાજસી અને માનને નિમિત્તે એવાં કર્મ કરે, ત્યારે નિસ્સન્દેહ અંતર્યામી મહારાજની તરફથી વિમુખ થાય છે. શાથી કે ભગવત્ એના હૃદયને જાણનારા છે, તેની સાથે છળ કરવો એ મોટી વિમુખતા છે. અલ્પ બુદ્ધિજીવ એવા ભેદોને જાણી શકતા નથી કે દંભ તો એવો સૂક્ષ્મ છે કે કેટલાક બુદ્ધિમાન અને પંડિત પણ જાણી શકતા નથી, તો મૂર્ખ તપસ્વિઓની શી વાર્તા છે?

લોકોના દેખતાં ભજન કરે અને એકલો હોય ત્યારે આળસ કરે, એતો પ્રકટ દંભ છે. એથી સૂક્ષ્મ દંભ એ છે કે એકાંત વિષે પણ ભજનના નેમને સંપૂર્ણ કરે, પણ જ્યારે લોકોને દેખે ત્યારે પ્રસન્નતાવડે કરીને એ નિયમ તેને સુગમ થઇ જાય. એ દંભ પણ સ્થૂળ છે. એથી સૂક્ષ્મ દંભ એ છે કે લોકોને જોઇને યદ્યાપિ પ્રસન્ન ન થાય, પણ તેના મનમાં એવો ગુહ્ય દંભ હોય છે કે જેમ ચકમક પથ્થર વિષે અગ્નિ ગુપ્ત હોય છે. અને તે દંભ ત્યારે પ્રકટ થાય છે, કે જ્યારે જગતમાં તેની માનતા વધી જાય છે, અને પોતાને ઐશ્વર્યવાન જુએ છે એથી કરીને પ્રસિદ્ધ થયું કે યદ્યપિ એવા પુરૂષની ક્રિયામાં આગળ દંભ દેખાતો નહોતો તોપણ તેના મનમા ગુહ્ય રૂપ દંભ હતો તેથી જ્યારે તે માનના રસને દોષ દષ્ટીએ કરીને ખરાબ ન જાણે ત્યારે અવ-

શ્યજ દંભ પ્રકટ ઉપજી આવે છે. યદ્યપિ તે મુખથી પોતાની સ્તુતિ નથી કરતો તોપણ લક્ષણો વિષે પોતાને ભજનવાન્ દેખે છે. વળી હૃદયની સ્થિરતા ગમ્ભીરતા અને જાગૃતને દેખાડવા ઇચ્છે છે. એક દમ્ભ એથી પણ મહા સૂક્ષ્મ છે કે યદ્યપિ લોકોની માનતાએ કરીને હર્ષવાન્ પણ ન થાય, તોપણ દંભથી રહિત થઇ શકતો નથી શાથી કે જ્યારે કોઇ પ્રથમજ તેને પ્રણામ ન કરે અધિક આદર ન કરે, પ્રસન્નતા સહિત એવું કાર્ય ન કરે, અથવા વ્યવહાર વિષે બીજા લોકોથી એને અધિક ન આપે ત્યારે તે પુરૂષ આશ્ચર્ય-વાન્ થાય છે. કે આ લોક મને જાણતા નથી. પણ જો એણે ભગવત્ ભજન દંભથી રહિત કર્યું હોત તો તે એ પ્રકારે આશ્ચર્યવાન્ થાત નહિ. તાત્પર્ય્ય એકે જ્યાં સુધી કૃતિનું હોવું ન હોવું એને સમાન ન થઈ જાય, ત્યાં સુધી દમ્ભ દૂર થતો નથી. હૃદયમાંથી દમ્ભ ત્યારેજ નાશ થઈ જાય છે કે જ્યારે માણસ પોતાની કૃતિની વિશેષતાને જાણે છે તે નથી. જેમ કોઇ પુરૂષ કોઇને એક રૂપીયો આપી કરીને સહસ્ર રૂપીઆની વસ્તુ લે, ત્યારે તે એક રૂપીઓ આપ્યો તેને કંઇ વિશેષ જાણતો નથી, અને કોઇ ઉપર ઉપકાર પણ રાખતો નથી, તેમજ જે પુરૂષ કેટલાક દિવસ ભગવત્ ભજન કરીને અવિનાશી રા-જ્યને પામે, ત્યારે તે ભજનનો ઉપકાર કોઈ મનુષ્ય પર રાખતો નથી. અને પોતાના હૃદય વિષે પણ અભિમાની થતો નથી. પણ જ્યારે શુભ કર્મ કરીને લોકો તરફનું સન્માન ઇચ્છે અને નિરાદર વિષે આશ્ચર્યવાન થાય છે ત્યારે એ દંભ કીડીના ચાલવા કરતાં પણ અધિક સૂક્ષ્મ છે. અર્થાત્ સંપૂર્ણ વિચાર વિના દંભ જોવામાં આવતો નથી.

એક સન્તે કહ્યું છે કે વૈરાગી લોકોને પણ પરલોક વિષે આ પ્રમાણે કહેશે કે તમને લોકોએ વ્યવહાર વિષે મૂલ કરતાં અધિક વસ્તુ આપી છે, હાથ જોડી કરીને તમો કાર્યો વિષે સાવધાન રહ્યા છે અને સો કોઇએ તમને પ્રથમજ દંડવત્ કર્યા છે છતાં તમારી કૃતિ કેવળ નિષ્કામ ન થઈ અને તમે શુભ કર્મોનાં ફળોને સંસાર વિષેજ ભોગવી લીધાં માટે શિક્ષાને પાત્ર છે કોઇ વિરલો પુરૂષજ સર્વ જગતને ત્યાગીને મન વિષે સ્થિર થાય સંસારના

મેળાપ રૂપી વિઘ્નથી ડરતો રહે છે અને કોઈ તેને આદર દે અને દંડવત્ કરે, ત્યારે સંકોચ પામે છે એવાજ પુરૂષ દંભથી છૂટે છે.

જિજ્ઞાસુ જનોએ એ કારણથીજ પોતાનાં શુભ કર્મોને બીજા જીવો ચોરીને વ્યભિચારને ગુપ્ત રાખે છે તેમ ગુપ્ત રાખ્યાં છે, તેમણે આ વાર્તાને નિસ્સન્દેહ જાણી છે કે પરલોક વિષે નિસ્કામની વિના કોઈ કૃતિ પ્રમાણ કરશે નહિ કોઈએ સાંભળ્યું હોય કે અમુક દેશ વિષે ખોટું સોનું રૂપું ચાલતું નથી, અને ત્યાંના લોક ખરાનેજ અંગીકાર કરે છે, પછી તે પુરૂષ જ્યારે તે નગર વિષે જવાની ઈચ્છા રાખે છે, ત્યારે ખરા સોના રૂપાનેજ પોતાની સાથે લે છે, અને ખોટાનેજ ત્યાં નાંખી દે છે, તેમજ જે પુરૂષ પોતાનાં કર્મોને આ લોક વિષે નિષ્કામતા સહિત શુદ્ધ કરી લે છે તે પરલોક વિષે અધિક સુખી થાય છે. અને તેની બધી કૃતિ સફળ થાય છે. પોતાનાં નિષ્કામ કર્મ વિના બીજા કોઈની સહાયતા પરલોકમાં પહોંચશે નહિ. નિષ્કામતાનો અર્થ એ છે કે જેમ આ પુરૂષ પશુઓની પાસે નિઃકપટ કર્મ ભજન આદિક કરે છે, અને તેની તરફ તેનું ધ્યાન કંઈ હોતું નથી તેમજ મનુષ્યો વિષે પણ દમ્ભથી રહિત થાય પણ જ્યાં સુધી પશુ અને મનુષ્યનું જોવું તેને સમાન ન થાય ત્યાં સુધી તે કેવળ નિષ્કામ કહેવાતું નથી વળી જ્યારે કોઈ તેને ભજન કરતો દેખે, અથવા સુતો દેખે, આહાર કરતો દેખે, તોપણ તે કર્મો વિષે જગતનું જોવું સમ જાણે. અર્થ એ કે જેમ આહાર, નિદ્રા કોઈને દેખાડવાની ઇચ્છા કોઈ પુરૂષ કરતો નથી વળી જ્યારે કોઈ જોઈ પણ લે ત્યારે તે પ્રસન્ન પણ થતો નથી. તેમજ ભજન વિષે પણ સમાન સ્થિત રહે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે રંચ માત્ર પણ દેખાવ કરવો (ડોળ કરવું) એ વિમુખતા છે. દમ્ભી મનુષ્ય ભગવત્ ભજન વિષે લોકોને ભેગા કરવાને ઇચ્છે છે; અને અન્તર્યામીના જાણવા પર સંતુષ્ટ થતો નથી. એટલે પરાધીન જીવોને દેખાડવાને ઇચ્છે છે. એ કારણથી આચાર્ય મહારાજે દમ્ભી મનુષ્યોને વિમુખ કહ્યા છે તાત્પર્ય એ કે લોકો જુવે તેમાં જેને પ્રસન્નતા થાય છે તે દંભથી કદાચિત્ મુક્ત થતો નથી. પણ કોઈ દરેક કામમાં ભગવતનો ઉપકાર જાણી પ્રસન્ન થાય ત્યારે તેને દંભ કહેવા નથી.

મનસા ત્રણ પ્રકારની થાય છે,

(૧) પ્રથમ એ કે જેણે પોતાના ભજનને ગુપ્ત કર્યું હતું, અને તેની મનસા વિના ભગવતે પ્રકટ કરી દીધું. વળી તેના અનેક જે અવગુણ હતા તે મહારાજે પ્રકટ કર્યા નહિ. ત્યારે જિજ્ઞાસુ જાણે છે કે મારા ઉપર ભગવત્ એવા દયાળુ છે કે મારાં છિદ્રોને તો છુપાવી રાખે છે, અને ભલાઇને પ્રકટ કરે છે, તેથી મહારાજની દયા અને ઉપકારને જાણીને પ્રીતિમાન્ પ્રસન્ન થાય છે.

(૨) બીજો પ્રકાર પ્રસન્નતાનો એ છે કે જિજ્ઞાસુ એમ વિચારે છે કે જે ભગવતે આ સંસાર વિષે મારા અવગુણોને છુપાવ્યા છે, તે પોતાની દયાએ કરીને પરલોક વિષે પણ પ્રસિદ્ધ નહિ કરે અને ક્ષમા કરી લેશે.

(૩) ત્રીજો પ્રકાર એ છે કે જ્યારે કોઈનાં શુભ કર્મો જોઇને બીજા લોક પણ શુભ ક્રિયા વિષે દ્રઢ થાય, ત્યારે તે પણ મોટા ભાગ્યવાન્ થશે. એમ સમજી પ્રસન્ન થવું પ્રમાણ છે. પણ પોતાના માનને નિમિત્તે હર્ષવાન થવું પ્રમાણ નથી જે પુરૂષ બીજા સુકર્મને જોઇને સાત્વિકી આચારમાં વિશેષ દ્રઢ થયો છે. તેની જિજ્ઞાસા અને પ્રતીતિને ઓળખીને પ્રસન્ન થાય જિજ્ઞાસુ જન બીજા કોઈ ઉત્તમ પુરૂષની અવસ્થાને જોઇને તેની સંગતી કરે, અને મહારાજની આજ્ઞામાં સાવધાન થાય, તોપણ પ્રસન્નતા થાય છે.

દંભે કરીને શી રીતે શુભ કર્મોનાં ફળ વ્યર્થ થઇ જાય છે તેનું વર્ણન.

દંભ, ભજનના આદિ વિષે, મધ્ય વિષે તેમજ અંતે પણ થાય છે.

જ્યારે ભજનના આદિમાં દમ્ભની મનસા થાય ત્યારે તે દમ્ભે કરીને શીઘ્રજ ભજન વ્યર્થ થઈ જાય છે, શાથી કે નિઃકામતાનું સ્થાન આ જીવની મનસા છે તે જ્યારે પ્રથમથી દમ્ભે કરીને મનસા અશુદ્ધ થઈ ત્યારે સ્વાભાવિકજ નિઃકામતાજ નષ્ટ થઇ જાય છે. પણ ભજનના આદિમાં જેની મનસા શુદ્ધ હોય અને ભજન કરતાં છતાં લોકોને જોઇને ભજન અધિક કરે ત્યારે

અધિક ભજન કરવાનું ફળ નષ્ટ થઈ જાય છે. તોપણ મૂળમાંથી બધું ફળ નષ્ટ થઈ જતું નથી. એટલા માટે કે પ્રથમ તેની મનસા શુદ્ધ હતી; નિષ્કામતા સહિત ભજનના નિયમને પૂરો કરતો હતો અને પછીથી કંઇ દમ્ભની મનસા સ્ફુરી આવે એટલે તે ભજનને પ્રસિદ્ધ કરીને બેઠો તેથી તેના ભજનનું ફળ નષ્ટ થતું નથી. પણ દમ્ભના સમ્બધે કરીને કંઇક દંડનો અધિકારી થાય છે. એ વચનનાં નિર્ણય વિષે કેટલાક બુદ્ધિમાનોએ એમ પણ કહ્યું છે કે જ્યારે પુરૂષ પોતાનાં શુભ કર્મોને સંપૂર્ણ કરીને પછી પ્રકટ કરે, ત્યારે તેને કંઇ ફળ થતું નથી.

એક સન્તની પાસે કોઇએ કહ્યું હતું કે હું નિત્ય પ્રતિ આટલા પાઠ કરૂં છું. ત્યારે તેમણે કહ્યું કે તને એ ભણવાનું ફળ એટલું નહિ થાય.

એક મહા પુરૂષની પાસે કોઇએ એવું કહ્યું હતું કે "હું વ્રતી છું" ત્યારે તેમણે કહ્યું કે તું વ્રતી પણ નહિ ને અવ્રતિ પણ નહિ અર્થ એ કે વ્રત કરીને ભૂખ્યો રહે છે અને પોતાના મુખથી પ્રસિદ્ધ કરીને વ્રતનું ફળ નષ્ટ કરી નાંખે છે. માટે એ સંત અને મહા પુરૂષનું વચન પણ યથાર્થ છે કેમ કે તેમણે જાણ્યું હતું કે પાઠક અને વ્રતી બેઉ પ્રથમજ દમ્ભથી રહિત નહોતા માટે તેમના ફળને વ્યર્થ કહ્યું. જ્યારે પ્રથમ માણસનું ભજન દમ્ભની મનસાથી રહિત હોય, અને પછી અકસ્માત્ કંઈ દમ્ભ થઇ જાય, ત્યારે એણે કરીને ભજનનું બધું ફળ વ્યર્થ થવું કઠિન છે. પણ જ્યારે ભજનના મધ્ય વિષે દમ્ભની મનસા દૃઢ થઈ જાય, કે ભજનની મનસાને જીતીલે. ત્યારે ભજનનું બધું ફળ નષ્ટ થઈ જાય છે. જેની મનસા નિષ્કામ હોય, અને લોકોને જોઇને કંઈ પ્રસન્નતા સ્ફુરી આવે, ત્યારે તે ભજન નિષ્ફળ નથી થતું પણ દમ્ભને નિમિત્તે કંઇક પાપી થાય છે.

દમ્ભને દૂર કરવાના ઉપાયનું વર્ણન.

આ દમ્ભ રૂપી રોગ મહા પ્રબળ છે, એને નિવૃત્ત કરવાનો ઉપાય પણ અવશ્ય કરવો જોઇએ પણ મોટું ધૈર્ય તથા પુરૂષાર્થ વિના તેનો ઉપાય થઈ શકતો નથી. શાથી કે આ દમ્ભનો સ્વભાવ મનની વૃત્તિની સાથે મિશ્રિત છે, આ મનુષ્ય બાળ અવસ્થાથી સૌ કોઇને એવા જુએ છે કે સર્વ સંસાર પોતાને ભલાજ દેખાડવાને ઇચ્છે છે. અને જીવોની બધી કૃતિ એજ નિમિત્તે થાય છે, બાળ અવસ્થામાં આ મનુષ્યનો આ સ્વભાવ દૃઢ થઇ જાય છે પછી શનૈ શનૈ એવો વધી જાય છે કે એ રોગની ભુંડાઇને પણ જાણી શકતો નથી અને એ સ્વભાવની અધિકતા વિષે અચેત થઈ જાય છે. જે કારણથી આ દમ્ભ રૂપી રોગને દૂર કરવાનું મહા કઠિન કહેલું છે. અને એ રોગથી રહિત પણ વિરલોજ હોય છે. માટે સૌ કોઇને એનો ઉપાય કરવો યોગ્ય છે એનો ઉપાય પણ બે પ્રકારે થાય છે.

(૧) એક એવો છે કે દભને મૂળમાંથી નષ્ટ કરી નાંખે છે. તે પણ જ્ઞાન અને કૃતિના સંબંધે કરીને થાય છે, પણ જ્ઞાન એછે કે દમ્ભનાં વિઘ્નોને ઓળખે. વળી એમ પણ જાણે કે યદ્યપિ દમ્ભને વખતે પ્રસન્નતા થાય છે, તોપણ પરલોક વિષે એ દમ્ભને નિમિત્તે એવી તાડના થશે કે હું તેને સહી શકીશ નહિ. જેણે આ વાર્ત્તા નિશ્ચય જાણી છે તેને દમ્ભનો ત્યાગ કરવો સુગમ થઇ જાય છે જેમ કોઇ પુરૂષે એવું જાણ્યું હોય કે આ મધ વિષે હલાહલ વિષ મળેલું છે, જો યદ્યપિ તેને મધનું ભોજન કરવાની અધિક તૃષ્ણા હોય તો પણ સુગમજ ત્યાગી દે છે. તેમજ જેને પરલોકનો ભય પ્રબલ હશે તે પણ દમ્ભને અઙ્ગીકાર નહિ કરશે. અને યદ્યપિ સૌ કોઇને દમ્ભ વિષે ધન અને માનનું પ્રયોજન હોય છે. તોપણ તેની વાસનાનાં ત્રણ મૂળ છે.

(૧) પ્રથમ એકે દંભે કરીને જગતની સ્તુતિને ચહાય છે, (૩) બીજા નિંદાના ભયે કરીને દમ્ભ કરે છે. (૩) ત્રીજા લોકોની પૂજા વિષે આશા રાખે

છો માટે જિજ્ઞાસુને ઘટે છે કે પ્રથમ સ્તુતિની અભિલાષાને હૃદયથી દૂર કરે અને એવું જાણે કે જ્યારે હું ભજન વિષે દમ્ભ કરીશ ત્યારે પરલોક વિષે પ્રસિદ્ધજ મારૂં અપમાન થશે અને આ પ્રમાણે કહેશે કે હે દમ્ભી હે કપટી હે મહાપાપી, તેં ભગવત્ ભજનને જગતની સ્તુતિને નિમિત્તે વેચ્યું છે અને તું એવો નિર્લજ છું કે તને એ વાર્તાથી લજ્જા પણ આવી નહિ, કે તેં જગત્‌ને પ્રસન્ન કર્યું અને ભગવત્‌ની અપ્રસન્નતાનો ભય ન કર્યો, વળી જગતની નિકટતાનો અંગીકાર કર્યો અને મહારાજથી દૂર થવાનો ભય ન કર્યો. માટે પ્રસિદ્ધ થયું કે તેં જગતના માનને ભગવત્‌ના માનથી વિશેષ જાણ્યું છે અને મહારાજના કોપને અલ્પ જાણીને જગતની સ્તુતિને અંગીકાર કરી છે માટે તારા સમાન નિર્લજ બીજો કોઇ નથી. જ્યારે બુદ્ધિમાન આ અપમાનનો વિચાર કરે છે ત્યારે ભલી પ્રકારે જાણે છે કે પરલોક વિષે સંસારની સ્તુતિ મારે કંઇ કામમાં આવશે નહિ. શાથી કે યદ્યપિ ભગવત્ ભજન સર્વ ભલાઇનું બીજ છે, તોપણ દંભ કરીને પાપોનું બીજ થઇ જાય છે વળી જ્યારે હું દમ્ભથી રહિત થઇશ ત્યારે સન્તજનોનો સંગી થઇશ. અને દંભે કરીને અવશ્યજ મનસ્વીનો સંગી થઇશ. અને જે જગતની પ્રસન્નતાને નિમિત્તે દંભ કરૂં છું તે જગત્‌ની પ્રસન્નતા પણ મને કદાચિત પ્રાપ્ત થતી નથી શાથી કે જ્યારે એક પુરૂષથી પ્રસન્નતા થાય છે, ત્યારે બીજા અપ્રસન્નજ રહે છે. અને જ્યારે એક મનુષ્ય સ્તુતિ કરે છે, ત્યારે બીજો નિંદા કરવા લાગે છે. વળી જ્યારે સૌ કોઇ એની સ્તુતિ કરે તોપણ તેનું પ્રારબ્ધ, આયુષ્ય, અને લોક અથવા પરલોકની ભલાઇ કોઇના હાથમાં નથી. ત્યારે એવા પરાધીન જીવોની સ્તુતિને નિમિત્તે પોતાના ચિત્તને વિક્ષેપતા આપવી એ મોટી મૂર્ખતા છે. અને દુઃખોનું કારણ છે, માટે ઘટે છે કે એ પુરૂષ વારંવાર એ પ્રકારે વિચાર કરે ત્યારે સ્તુતિની અભિલાષાનું મૂળ હૃદયમાંથી નષ્ટ થઇ જાય. વળી જગત્‌ની આશાને દૂર કરવાને નિમિત્તે એવું જાણે કે પ્રથમ તો જગતની આશા ફલહીન થાય છે. અથવા જ્યારે કંઇ પ્રાપ્ત પણ થાય છે, તો તેના ઉપર મોટો ઉપકાર રાખે છે અને મહારાજની પ્રસન્નતા પણ દૂર થઈ જાય છે. મનુષ્યો-

હૃદય પણ ભગવત્‌ની આજ્ઞા વિના કોમળ અને વશીકાર થતાં નથી. માટે જેણે ભગવત્‌ને પ્રસન્ન કર્યા છે ત્યારે તો સ્વાભાવિકજ સર્પ જીવોનાં ચિત્તને વશ થઇ જાય છે. અને જેણે ભગવત્‌ને પ્રસન્ન નથી કર્યા ત્યારે જગત વિષે તેના અવગુણજ પ્રસિદ્ધ થાય છે. તેથી સૌ કોઇ તેનો ત્યાગ કરી દે છે.

જગત્‌ની નિંદાના ભયને દૂર કરવાનો ઉપાય એ છે કે પોતાને સર્વદા આ પ્રમાણે સમજાવેકે જ્યારે મને ભગવતે પ્રમાણ કર્યો ત્યારે લોકોની નિન્દા એ કરીને મારી કંઇ હાની થતી નથી. પણ જ્યારે મહારાજની પાસે મારો નિરાદર થયો ત્યારે એમની સ્તુતિ પણ લાભદાયક થશે નહિ. અને જે પુરૂષ નિષ્કામ થઇને જગત્‌ની તરફ હૃદય ન આપે ત્યારે સર્વ મનુષ્યોના હૃદયમાં મહારાજજ તેની પ્રીતિ અને પ્રતીતિને દૃઢ કરે છે. અને જ્યારે એવું ન કરે ત્યારે શીઘ્રલોક એના છળને જાણી લે છે અને જે નિન્દાથી ભયવાન્ થાય છે તે અવશ્યજ નિંદાને પ્રાપ્ત થાય છે. અને ભગવત્‌ની પ્રસન્નતાથી પણ વિમુખ રહે છે.

જ્યારે ભલી પ્રકારે વિચાર કરે અને પુરૂપાર્થ કરીને નિષ્કામતા વિષે દૃઢ થાય ત્યારે જગતના માનથી મુક્ત રહે છે અને તેનું ચિત્ત પ્રકાશમાન થાય અને ભગવત્‌ની સહાયતા પામી કરીને નિષ્કામતાના આનંદને પામે. પણ કૃતિવડે કરીને આ પ્રમાણે છે કેભજન અને દાન આદિક શુભ કર્મોને એવાં ગુપ્ત રાખે કે જેમ પોતાનાં કુકર્મોને ગુપ્ત રાખે છે તેમ રાખે. અને અન્તર્યામીનાજ જાણવા પર સન્તુષ્ટ રહેજો કે આ કામ પ્રથમ તો કઠણ લાગે છે પણ યત્ન અને પુરૂષાર્થે કરીને શીઘ્રજ સુગમ થઇ જાય છે. અને તેથી નિષ્કામતા અને ભજનના રહસ્યને પામીને પરમાનંદને પામે છે. વળી તેને એવી અવસ્થા પ્રાપ્ત થાય છે કે કદાપિ લોકોના સમૂહ તેને જોતા રહે તોપણ તેનું ધ્યાન લોકો તરફ જતું નથી. આ એવો ઉપાય છે કે એણે કરીને દંભનું બીજજ નાશ થાય છે. (૨) બીજો ઉપાય એ છે કે તેણે કરીને દમ્ભનું બળ ક્ષીણ થઇ જાય છે પણ મૂળમાંથી દંભ જતો નથી જ્યારે પુરૂપ ભજન વિષે સ્થિત

થાય છે, ત્યારે એના ચિત્તમાં આ સંકલ્પ આવીને ઉત્પન્ન થાય છે કે મારા ભજનને લોકોએ જાણ્યું છે, અથવા હમણાં જાણશે. વળી એજ સંકલ્પની અધિકતાએ કરીને આ અભિલાષા દઢ થઇ જાય છે કે જ્યારે લોકો મને ભજનવાન્ જાણશે ત્યારે મારા ઉપર વિશેષ પ્રીતિ કરશે. માટે આ દમ્ભના સંકલ્પ અને અભિલાષા વિષે મનસા કરીને એમ ઇચ્છે કે લોક મારા ભજનને જાણે તો સારૂં પણ જિજ્ઞાસુએ એવે વખતે પ્રથમજ એ સંકલ્પ યત્ને કરીને દૂર કરવો જોઇએ. તે પોતાને એ પ્રમાણે સમજાવે અને વારંવાર આ વિચાર કરે કે જગતનું જાણવું મારે શા કામનું છે, અને લોકોના જાણવાથી કરીને મારૂં શું કામ સિદ્ધ થશે? શાથી કે જગતને ઉત્પન્ન કરનારા ભગવત્ સર્વ જીવોના અંતર્યામી છે, માટે તેમનું જાણવુંજ મને વિશેષ અને લાભદાયક છે. એટલા માટે મારૂં કોઇ કાર્ય લોકોના હાથમાં નથી. પણ જ્યારે લોકોએ વિશેષજ જાણ્યો અને મહારાજની પાસે મને શિક્ષા થઇ ત્યારે એમની માનતા મારૂં રક્ષણ શી રીતે કરશે? જ્યારે આ વિચાર જિજ્ઞાસુના હૃદય વિષે દઢ થાય છે ત્યારે દંભ ઉપર શીઘ્રજ એની દોષ દષ્ટી ઉપજી આવે છે. અર્થાત્ દંભને નિશ્ચય કરીને ખરાબ જાણે છે અને એ દોષ દષ્ટીજ દંભની પ્રીતિની પાસે આવીને ઉભી રહે છે. વળી જેમ દંભની પ્રીતિ આ જીવને લોકની તરફ ખેંચે છે તેવીજ દોષ દષ્ટી તેને વિવર્જિત કરવાને ઈચ્છે છે, તો જે સંકલ્પનું બળ અધિક હોય છે, તેજ સંકલ્પ એના મનને આધીન કરી લે છે. પણ દંભના સંકલ્પ, દંભની અભિલાષ અને લોકોની માનતાની મનસા જે ઉપર વર્ણન કરી તે એ ત્રણેના સામે ત્રણ શુભ ગુણ આવે છે.

(૧) તેમાં પ્રથમ બૂઝે (જ્ઞાન) છે, કે જેણે કરીને દંભની બુરાઇને જાણે છે.

(૨) બીજો ગુણ દોષ દ્રષ્ટી છે, તે પણ જ્ઞાનથી ઉપજે છે. જેણે કરીને તે દંભ વિષે આ જીવને ગ્લાનિ દ્રઢ થાય છે,

(૩) ત્રીજો ગુણ એ છે કે પોતાને દંભની મનસાથી અને સંકલ્પોથી વર્જિત રાખે પણ જ્યારે દંભ રૂપી રોગ એવો પ્રબલ થયો હોય કે એ સ-

મય વિષે, જ્ઞાન પણુ દેખા દે નહિ અને ગ્લાનિ પણુ પ્રકટ થઇ શકે નહિ- અર્થ એ કે જો કે આગળ પોતાને તેણે સમજાવીને દંભને ઘણો તજ્યો હોય તોપણુ આ સમય વિષે જ્ઞાન સ્થિત રહે નહિ. ત્યારે સ્વાભાવિકજ મનની વાસનાને આધીન થઇ જાય છે. જેમ કોઇ પોતાને ક્રોધ પાસે સહન શીળતાને સ્થિત કરતો રહે, અને ક્રોધનાં વિઘ્નોને વિચારતો રહે પણુ જ્યારે ક્રોધનો અવસર આવે ત્યારે તમો ગુણુની પ્રબળતા વિષે બધા વિચાર ભૂલી જાય તેમજ આ દંભની બુરાઈને જ્યારે વિચારે કરીને સમજે છે, તોપણુ વાસનાના બળે કરીને દોષ દ્રષ્ટી ઉપજતી નથી. અને જો દોષ દ્રષ્ટી પણુ સ્થિત થાય તો પુરૂષાર્થની હીનતાએ કરીને પોતાના સ્વભાવને દૂર કરી શકતો નથી. અને દંભની પ્રીતિ વિષે આસક્ત થઈ જાય છે. તેથી જગત્‌ની સ્તુતિને પ્રીતિ સંયુક્ત સાંભળવા ઇચ્છે છે. એ કારણથી કેટલાક પંડિત એમ પણુ જાણે છે કે અમે અવચન દંભને નિમિત્તે કહીએ છીએ તો પણુ તે વચનનો ત્યાગ કરી શકતા નથી. અને દંભ વિષેજ બંધાય છે.

તાત્પર્ય એ કે જેટલી આ પુરૂષને દોષ દ્રષ્ટી ઉપજે છે, તેટલોજ તે દંભના ત્યાગ વિષે સમર્થ થાય છે. અને આ મનુષ્ય વિષે દોષ દ્રષ્ટિ વિચારની મર્યાદા પ્રમાણે ઉપજે છે.

વળી વિચારનું બળ આ મનુષ્યમાં એટલું દ્રઢ થાય છે કે જેટલી પ્રતીતિ તે ભગવત્‌ના ઉપર રાખતો હોય છે. તેમ એ શુભ ગુણુ પરમેશ્વરની સહાય મળવાથી પ્રાપ્ત થાય છે. દંભની અધિકતા માયાના ભોગોની પ્રીતિએ કરીને થાય છે અને ભોગોની પ્રીતિનું પ્રેરક મન અને વાસના છે, વળી આ મનુષ્યનું ચિત્ત આ બેઉ વિરોધી સેનાની ખેંચ વિષે સર્વદા સ્થિત છે. પણુ જેવી આ જીવની વૃત્તિ અને સ્વભાવ અધિક હોય છે, અને જે પદાર્થની તરફ એની પ્રીતિ છે, ત્યારે એજ સ્વભાવ અને વૃત્તિને અંગીકાર કરે છે. અર્થ એ કે જે મનુષ્યની વૃત્તિ ભજનના સમયથી પહેલાંજ નિર્મળ હોય છે ત્યારે તે પુરૂષ ભજન વિષે પણુ નિર્દંભ રહે છે. અને જેના ઉપર પ્રથમથીજ

રજ તમનો સ્વભાવ પ્રબળ હોય છે તે ભજનના સમય વિષે પણ દંભ અને માનની તરફ વહી જાય છે. ભગવત્‌નો નિયમ અને આજ્ઞા આ સર્વ કાર્યોથી પર છે. અર્થ એ કે મહારાજની આજ્ઞાના ભેદને પોતાની બુદ્ધિએ કરીને કોઈ જાણી શકતું નથી. માટે જેવી ભગવત્‌ની આજ્ઞા થાય છે, તેણી તરફ તેને ખેંચીને લેઈ જાય છે. કોઇને દિવ્ય સ્વભાવો વિષે સ્થિત કરે છે, અને કોઇને મલીન સ્વભાવો વિષે નાંખી દે છે.

હે માણસ તું એમ જાણ કે જ્યારે તેં દંભની ખેંચને વિપર્યય કરી ત્યારે હૃદય વિષે દોષ દ્રષ્ટીએ કરીને તેને ખરાબ જાણી પણ જ્યારે એથી ઉપરાંત દંભનો સકલ્પ ચિત્તમાં શેષ રહી જાય, ત્યારે તેણે કરીને તને પાપ થતું નથી. શાથી કે અકસ્માત્ સંકલ્પ આ જીવનો સ્વતઃ સ્વભાવ છે અને આ મનુષ્ય સ્વતઃ સ્વભાવને દૂર કરી શકતું નથી. માટે સન્ત જનોએ પણ આ પ્રમાણે કહ્યું છે કે પોતાના મલીન સ્વભાવોને પ્રથમ મલીન જાણવા. વળી પુરૂષાર્થને અનુસાર વિપર્ર્યય કરવા જોઇએ, ત્યારે નરકોનાં દુઃખથી આ જીવની રક્ષા થાય પણ સંતોએ એવું નથી કહ્યું કે સર્વદા પોતાના સ્વભાવોથી પોતાની સમર્થતાએ કરીને મુક્ત થઇએ શાથી કે એ વાર્ત્તા થવીજ કઠિન છે. માટે જ્યારે તમે સંત જનોની આજ્ઞા માનીને યથા શક્તિ પોતાનો પુરૂષાર્થ કર્યો, ત્યારે નિઃસંદેહ શનૈઃ શનૈઃ કરીને તમારો સ્વભાવ તમારા વશમાં થઈ જશે. માટે તમારે એટલીજ કૃતિ કરવાની છે કે જેવી દંભાદિક અવગુણોની પ્રીતિ છે અને તેને નિમિત્તે ઉદ્યમ કરે છે, તેમજ તેને મલીન જાણીને યથા શક્તિ ત્યાગવાનો ઉપાય કરે ત્યારે એજ કૃતિ વિષે તારી ભલાઈ છે.

એ ઉપર એક મહાપુરૂષના પ્રીતમોએ આ પ્રમાણે વિનતિ કરી હતી કે અમારા મનમાં કાંઇ મલીન સંકલ્પ સ્ફૂરે છે ત્યારે અમે એવા દુઃખી થઇએ છીએ કે જો અમને કોઇ પાડી નાંખીને પાતાલમાં નાંખી દે તોપણ અમે એ સંકલ્પના દુઃખથી સુગમ જાણીએ છીએ. ત્યારે મહા પુરૂષે કહ્યું કે જ્યારે તમને એવી દોષ દ્રષ્ટી પ્રાપ્ત થઈ છે, ત્યારે તમે નિશ્ચય જાણો કે ધર્મ અને પ્રતીતિનું એ ઉત્તમ લક્ષણ છે સંકલ્પોને દૂર કરનારા ભગવત્‌જ છે. માટે તેનું

શરણુજ લ્યો. એથી કરીને પ્રસિદ્ધ થયું કે ધર્મનું ચિન્હ દોષ દૃષ્ટી છે, અને જેને દોષ દૃષ્ટી પ્રાપ્ત થઇ છે તેના મલીન સંકલ્પ સ્વાભાવિકજ નષ્ટ થઇ જાય છે. શાથી કે રૂચી અને પ્રીતિએ કરીને સંકલ્પની અધિકતા થાય છે. અને દોષ દૃષ્ટીએ કરીને સંકલ્પ ક્ષીણુ થઈ જાય છે. પણ એ વિષે એક બીજો પણ ભેદ છે કે જેમને મનના સ્વભાવોથી વિપર્યય થવાનું બલ પ્રાપ્ત થયું છે, ત્યારે એવી અવસ્થાએ કરીને પણ માયા એને છલીને સ્વાભાવમાં લાવી દે છે. તે છલનું રૂપ એ છે કે એ પુરૂષને મલીન સંકલ્પોને વિપર્ય્ય કરવામાં રચ્યો પચ્યો રાખે છે અને ભજનની એકત્રતાને પ્રાપ્ત થવા દેતી નથી. અને સંકલ્લોના વિરૂદ્ધ વિષેજ બાંધછોડ કરે છે, એ પણ અયોગ્ય છે. એ અવસ્થા પણ ચાર પ્રકારની થાય છે.

(૧) પ્રથમ એકે પોતાનો બધો વખત સંકલ્પોના વિરૂદ્ધ વિષેજ ખોવો અને ભજનથી વિમુખ રહેવું.

(૨) બીજી અવસ્થા એ છે કે મલીન સંકલ્પોના નિષેધ વિષે કંઇ કાલ વિતાવી દેવો. વળી તેને જૂઠા કરીને ભજનમાં સ્થિત થવું.

(૩) ત્રીજી અવસ્થા એ છે કે જૂઠા સંકલ્પની તરફ ચિત્તજ ન આપવું અને તેના નિષેધ વિષે પણ પોતાનું આયુર્બલ વ્યર્થ ન કરવું, અને ભજનના રહસ્ય વિષેજ સ્થિત રહેવું.

(૪) ચોથી અવસ્થા એ છે કે જૂઠા સંકલ્પને જોતાંજ તીક્ષ્ણ વૈરાગ્ય સહિત એથી દૂર થવું; અને ભજનની એકાગ્રતા વિષે ચિત્તની વૃત્તિને લીન કરી લેવી. આ એવી ઉત્તમ અવસ્થા છે, શાથી કે એ અવસ્થા છલને પણ છલ દેનારી છે. એટલા માટે કરીને કે એવો પુરૂષ પોતે તો છળથી મુક્ત રહે છે, અને છળને જોઇને એ પ્રમાણે તીક્ષ્ણ દોડે છે કે છળને લજ્જાવાન્ કરીને શીઘ્રજ પોતાના કાર્ય વિષે જઇને સાવધાન થાય છે. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ ચાર પુરૂષ વિદ્યા ભણવાને જાય અને કોઇ બીજો પુરૂષ ઈર્ષા કરીને તેને વિવર્જિત કરવાને ઇચ્છે તે જ્યારે ઈર્ષા કરનારો પુરૂષ પ્રથમ વિદ્યા-

થીને મળે અને તેને ભણવાને નિમિત્તે જવાનાં માર્ગમાં રોકે અને તે વિદ્યા-
ર્થી એવો હોય કે તે શત્રુનાં વચનને ન માને પણ ભણવાનો વખત વૈરીથી
વિરૂદ્ધ કરવામાંજ વિતાવે ત્યારે તેતો ભણવાથી દૂરજ રહી જાય છે. વળી
જ્યારે બીજા પુરૂષને તે બાધક શત્રુ રોકે ત્યારે તે તેને જૂઠા કરવાને નિમિત્તે
કંઈ ઢીલ કરે પણ ત્યાંજ અટકી રહે નહિ પણ શત્રુનો નિષેધ કરીને જઇને
વિદ્યા ભણે વળી જ્યારે તે શત્રુ ત્રીજા પુરૂષને અટકાવવાને ઇચ્છે ત્યારે તે
શત્રુની તરફ હૃદય પણ ન આપે અને તેને દુઃખદાયક જાણીને પોતાના માર્ગ
વિષે ચાલ્યો જાય. વળી ચોથો પુરૂષ એવો હોય કે શત્રુને માર્ગમાં જોઇ
કરીને ઉતાવળો નાશી જાય. અને વિદ્યા ભણવાના કામમાં જઇને સ્થિત થાય.
એ પ્રમાણે વિચાર કરીને જોઇએ ત્યારે બે પુરૂષોથી તો શત્રુએ પોતાનો મનો-
રથ પૂર્ણ કર્યો અને ત્રીજો પુરુષથી તેને કંઇ પ્રાપ્ત થયું નહિ, વળી ચોથા
પુરૂષથી શત્રુને પ્રાપ્ત પણ કંઈ ન થયું અને લજ્જાવાન્ થઈને ઉલટો પશ્ચા-
તાપ કરવા લાગ્યો કે જ્યારે હું એને વિદ્યાભ્યાસ કરવાથી વિવર્જિત ન કરત
ત્યારે એ શીઘ્રજ દોડીને વિદ્યા ભણવા તરફ ન જાત. માટે બલી પુરૂષ એજ
છે તેમજ દૃઢ પુરૂષાર્થ એજ જિજ્ઞાસુનો કહેવાય છે જે સંકલ્પોના વિરૂદ્ધ
વિષે પણ આસક્ત ન રહે અને શીઘ્રજ ભજનના રહસ્યમાં લીન થઇ જાય.

જે કાર્યોમાં ભજન ખુલ્લું કરવાનું પ્રમાણ છે તે કાર્યોનું વર્ણન.

જેમ ભજનની ગુહ્યતા વિષે એ લાભો પ્રસિદ્ધ છે, કે દંભથી મુક્ત રહે
છે, તેમજ ભજનની પ્રકટતા વિષે પણ મોટો લાભ છે કે ભજનવાનને જોઇ
કરીને બીજા લોક પણ ભજન વિષે સ્થિત થાય છે. અને તેમની શ્રદ્ધા સા-
ત્વિકી ક્રિયામાં વૃદ્ધ ઘણી થાય છે. એ ઉપર મહારાજે કહ્યું છે કે જ્યારે
શુદ્ધ મનસા સહિત પ્રકટ દાન આપે તોપણ વિશેષ છે, અને જે પુરૂષ ગુહ્ય
દાન દે તે પણ ઉત્તમ છે. એ ઉપર મહાપુરૂષે પણ કહ્યું છે કે જ્યારે આ
પુરૂષ સાત્વિકી કર્મની ટેવ દૃઢ રાખે છે અને તે કર્મને જોઇને બીજાં મનુષ્ય

પણ શુભ ક્રિયા વિષે લાગે છે, ત્યારે પ્રથમ પુરૂષને પોતાની કૃતિનું ફળ પ્રાપ્ત થાય છે.

(૨) મનુષ્યોના ફળનો ભાગ પણ પામે છે. જેમ તીર્થયાત્રાળુને જોઇ કરીને બીજા લોકો પણ તીર્થની મનસા કરે છે. અને જ્યારે કોઈ પુરૂષ રાત્રીને વિષે ઉંચા સ્વરવડે ભજન કરે છે ત્યારે તેની ધુનિ સાંભળીને ઘણાં મનુષ્યોની નિદ્રા દૂર થઇ જાય છે તો એ પ્રકારનાં કર્મોએ કરીને બીજાઓને પણ સુકૃતિનો લાભ થાય છે, અને એને પોતાની સુકૃતિનું ફળ અને બીજાઓની કૃતિનો ભાગ પ્રાપ્ત થાય છે, અને એ કર્મોને માટે વિશેષ આજ્ઞા છે.

તાત્પર્ય એ કે જેની મનસા દંભથી રહિત હોય અથવા બીજે જીવોને નિમિત્તે ભજન અને શુભ કર્મોને પ્રકટ કને ત્યારે એ પણ ઉત્તમ અવસ્થા છે. પણ જેના હૃદય વિષે દંભની વાસના ઉપજી આવે તો તેનું ભજન વ્યર્થ થાય છે અને શુદ્ધ વાસનાએ કરીને જે ભજન કરે છે તેનું ભજન અને કૃતિ સફળ થાય છે. આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે ભજન કરો પણ હૃદય વિષે દંભની વાસના ન કરો. શુદ્ધ મનસા કરીને ભજન કરો અને એમ પણ કહ્યું છે કે દંભની મનસા કરવી એ મૂર્ખોનું કામ છે. અને ગુપ્ત ભજન જે પરદા સાથે કરે છે, તે સૌ ફળદાયક થાય છે. જેમ ધરતીમાં બીજ વાવે છે તેમાં જે ધરતીમાં દબાએલું હોય છે તે ઉગે છે, અને જે દાણા બહાર હોય છે, તે ઉગતા નથી પણ જેના મનમાં ધન આદિકની ખોટી વાસના હોય છે તેમને બીજા જીવોના કલ્યાણના નિમિત્તે ભજનને પ્રકટ કરવું લાભ દાયક થતું નથી. શાથી કે પ્રથમતો દંભે કરીને એની મનસા મલીન થાય છે. અને એ કારણથી બીજા જીવોને પણ એના ભજન અને ઉપદેશનો પ્રવેશ થતો નથી માટે એવા પુરૂષોએ ગુહ્ય ભજન કરવું વિશેષ છે; પણ પ્રકટ ભજન કરનારાઓને ઘટે છે કે પોતાના હૃદયને રૂડી રીતે જોતો રહે. અને દંભની વાસના હૃદયમાં દંભની પ્રીતિ ગુહ્ય હોય છે. અને પોતાના મનમાં આ પ્રમાણે અનુમાન કરી લે છે કે અમે જગતના કલ્યાણ નિમિત્તે ભજનને પ્રકટ કરીએ છીએ.

દંભની પ્રીતિ કરીને જે પોતાના ધર્મને નષ્ટ કરે છે, એવા પુરૂષાર્થહીન પુરૂષોનું દ્રષ્ટાંત આ છે કે, જેમ કોઈ મનુષ્ય નદી વિષે તરવા લાગે અને તરવાની વિદ્યાને જાણતો ન હોય ત્યારે અવશ્યજ જળના પ્રવાહ વિષે ડૂબી જાય છે અથવા બીજાં કોઇને એ પ્રબલ પ્રવાહથી કાઢવા ઇચ્છે ત્યારે તેને પણ પોતાની સાથેજ ડૂબાવે છે. અને બલવાન્ પુરૂષોનું દ્રષ્ટાંત એવું છે કે જેમ કોઇ તરવારની વિદ્યા વિષે ચતુર હોય, ત્યારે તે પોતે પણ તરી જાય છે, અને બીજાં મનુષ્યોને પણ તારે છે એ અવસ્થા સંતજનોની છે, પણ સૌ કોઇનેએવું ગટતું નથી કે મહા પુરૂષોની અવસ્થાને જોઇને એ પણ અભિમાની થાય અને દંભથી રહિત થઇને પોતાના ભજનને ગુહ્ય ન રાખે. જો એમ કરે તો નિસ્સન્દેહ તેનું અકાજ થાય છે.

જે પુરૂષ જગતના કલ્યાણને નિમિત્ત પ્રકટ ભજન કરે છે, તેની પરીક્ષા એ છે કે જ્યારે કોઈ તેને એમ કહે કે તું પોતાના ભજનને પ્રસિદ્ધ ન કર. એટલા માટે કે લોકોને કલ્યાણનો ઉપદેશ કરનારા અમુક વૈરાગ્યવાન પ્રકટ છે માટે તેમની સંગતિએ કરીને તેમને અધિક લાભ થશે. અને તને પણ ગુહ્ય ભજન કરવા વિષે અધિક લાભ છે. જ્યારે એ પુરૂષ આ વાર્તા સાંભળીને પણ ભજનને પ્રકટજ કરવા ઇચ્છે, ત્યારે એમ જાણીએ કે પોતાના માનને તે ઐશ્વર્યને ઇચ્છે છે અને અર્થના ફળની મનસાથી હીન છે.

એક એવા પુરૂષ થાય છે કે ભજનના નિયમને પૂર્ણ કરીને લોકોમાં આ પ્રમાણે કહેવા લાગે છે કે " અમે શી કૃતિ કરી છે " આ વચને કરીને પણ મનને પ્રસન્નતા થાય છે, માટે ઘટે છે કે પોતાની સ્તુતિ કરનારી રસનાને સંકોચી રાખે (બંધ રાખે) અર્થ એ કે જ્યાં સુધી માન અપમાન અને નિંદા સ્તુતિ એને સમાન ન હોય ત્યાં સુધી કોઇ પ્રકારે પોતાની વડાઇને પ્રકટ ન કરે, જ્યારે માનની અભિલાષા મૂળથીજ એના હૃદયથી દૂર થઈ જાય, ત્યારે તેને પોતાની સ્તુતિએ કરીને પણ દોષ લાગતો નથી. અને એનાં વચન સાંભળીને કેટલાક જીવોની મનસા શુભ કર્મો વિષે દ્રઢ થાય છે. તેવા કેટલાક બળવાન્ પુરૂષોએ એ પ્રકારે પોતાની વિશેષતાનું વર્ણન કર્યું છે.

એક સંતે કહ્યું છે કે મેં ભગવતનું ભજન કદાચિત્ સંકલ્પ સહિત કર્યું નથી અને જે વચન મેં કોઇ મહા પુરૂષોના મુખથી સાંભળ્યાં છે, તેને યથાર્થ જાણી કરીને નિશ્ચય કર્યો છે; એ ઉપર એક સંતે પણ કહ્યું છે કે જ્યારે હું પ્રભાતના સમયમાં ઉઠું છું ત્યારે મને કોઇ સુગમ અથવા અગમ કાર્ય વિષે ભય થતો નથી. એટલા માટે કે જોઇએ મારી ભલાઇ શા કામમાં થશે ?

એક બીજા સન્તે કહ્યું છે કે જ્યારે જેવો અવસર મારાપર આવે છે, ત્યારે તેને હું પોતાની વાસના પ્રમાણે કદાચિત્ વિપર્યય કરવા ઈચ્છતો નથી.

એક સંત જ્યારે મરવા પડયા હતા, ત્યારે તેનાં સંબંધી રૂદન કરવા લાગ્યાં ત્યારે તેમણે એવું કહ્યું કે મારૂં મૃત્યુ થાય તેમાં તમે રૂદન ન કરો શાથી કે જે દિવસથી મેં ભગવત્ માર્ગમાં ચરણ રાખ્યા છે ત્યારથી મેં પાપકર્મ કર્યાં નથી.

એક બીજા સંતે કહ્યું છે કે જે પ્રમાણે ભગવતની આજ્ઞા થઈ છે તેથી મેં વિપર્યય વાસના કરી નથી.

નિર્બળ માણસે ઉપર પ્રમાણે સંતોનું જોઇને એ પ્રકારે કરવું ન જોઇએ કે એ મને જોઇને એ પણ અભીમાની થઇ જાય.

ભગવન્તની કૃતિ વિષે એવા પણ ગુહ્ય ભેદ છે કે તે ભેદોને આપણે આપણી બુદ્ધિએ કરીને ઓળખી શકતા નથી. અને કેટલાંક વિઘ્નો વિષે એવી ગુહ્ય ભલાઇ થાય છે કે આપણે તેને જાણુતા પણ નથી જેમ દંભે કરીને દંભી માણસનું અકાજ થાય છે, તોપણ તેને જોઇને કેટલાક જીવોની વૃત્તિ સાત્વિકી આચરણ વિષે દ્રઢ થઇ જાય છે અને પોતાની શુદ્ધ મનસાએ કરીને દંભી પુરૂષને પણ નિષ્કામ જાણે છે તેથી તે પણ નિષ્કામતા વિષે દ્રઢ થાય છે.

પોતાનાં પાપોને છુપાવવાની આજ્ઞાનું વર્ણન.

ભજનને પ્રકટ કરવામાં તો નિઃસંદેહ દંભ થાય છે, પણ પોતાના અવગુણોને છુપાવવા એ પણ સંત જનોએ પ્રમાણ કહ્યું છે. અને એને દંભ કહેતા નથી. શાથી કે પોતાનાં પાપોને છુપાવા વિષે પાંચ પ્રકારની વિશેષતા પ્રસિદ્ધતા છે.

(૧) પ્રથમ એ કે પાપ કર્મોને જોઇને લોક નિંદા કરે છે અને જ્યારે આ પુરૂષની વૃત્તિ નિન્દા સ્તુતિ વિષે આસક્ત થાય છે ત્યારે ભજનથી વિમુખ રહે છે.

(૨) બીજી વિશેષતા આ કે નિંદા સાભળીને આ માણસનું હૃદય અપ્રસન્ન રહે છે. અને નિંદા સ્તુતિને સમ જાણવાં મહા દુર્લભ છે માટે એવી અવસ્થાને પ્રાપ્ત થવું એ પણ મહા કાઠન છે. વળી નિંદાના ભયે કરીને નિષ્કામ ભજન કરવું એજ વિશેષ થાય છે, અને નિંદાના ભયે કરીને નિંદ્યકર્મોને છુપાવવાં અયોગ્ય નથી. એટલા માટે કે જો કે કોઇ પુરૂષ લોકોની સ્તુતિથી વિરક્ત થઇ શકે છે, તોપણ નિંદા વિષે ધૈર્ય કરવું મહા કઠિન છે.

(૩) ત્રીજી વિશેષતા એ છે કે જ્યારે કોઈનું મલીન કર્મ પ્રસિદ્ધ થાય છે, ત્યારે તેને જોઇને બીજાં લંપટ મનુષ્ય પણ ઢીઠ થઇ જાય છે. અને શંકાથી રહિત થઇ કરીને નિંદ્ય આચાર વિષે વિચરવા માંડે છે. માટે એ કરીને પોતાનાં પાપોને છૂપાવવાં પણ વિશેષ છે. પણ જ્યારે પોતાનાં પાપોને એવી મનસાએ કરીને છુપાવે કે એ લોક મને વૈરાગી અને ભજનવાન જાણે ત્યારે એ વાંર્ત્તા અયોગ્ય છે.

(૪) ચોથી વિશેષતા એ છે કે જ્યારે લજ્જાએ કરીને પોતાના અવગુણોને છુપાવે તોપણ ભલું છે, શાથી કે બધાં મનુષ્યોથી લજ્જા કરવી (શરમ રાખવી) આ જીવને પ્રમાણ કરી છે, પણ જ્યારે કોઇ આ પ્રમાણે કહે કે લજ્જા અને દંભ એક છે પણ એવું નથી શાથી કે લજ્જા જુદી છે અને

દંભ જુદો છે, પણ જ્યારે કોઈ પુરૂષ એવો હોય કે તેનું અંતર બાહ્ય એક સમાન થાય, ત્યારે એ અવસ્થા મહા ઉત્તમ છે અને એ અવસ્થા તેને પ્રાપ્ત થાય છે કે જેના હૃદય વિષે પાપની મનસા સ્ફુરે નહિ અને જ્યારે કોઇ પુરૂષ પાપ કર્મ કરીને આ પ્રમાણે કહે કે જ્યારે ભગવત્ મારાં પાપોને જાણે છે ત્યારે હું બીજા જીવોથી શા માટે છુપાવું? તો એ મોટી મૂર્ખતા છે, શાથી કે મહારાજે પણ ગુહ્ય વાર્તાને છુપાવવીજ વિશેષ કહી છે.

(૫) પાંચમી વિશેષતા એ છે કે જ્યારે એનો અવગુણ આ લોકમાં પ્રસિદ્ધ ન થયો, ત્યારે મહારાજને દયાળુ જાણીને આ પ્રમાણે સમજે કે એની દયાએ કરીને પરલોક વિષે પણ મારા અવગુણ પ્રસિદ્ધ થશે નહિ. તેથી પોતાનાં પાપોને છુપાવીને મહારાજની દયા ઉપર શુદ્ધ આશા રાખે. ત્યારે એ મોટી વિશેષતા છે.

દંભના ભયે કરીને શુભ કર્મોનો ત્યાગ કરવો પ્રમાણ છે કે નહિ તેનું વર્ણન.

બધાં શુભ કર્મો ત્રણ પ્રકારનાં કહ્યાં છે.

(૧) પ્રથમ એ કે એક કર્મનો સંબંધ કેવળ ભગવત્‌ની સાથે થાય છે જેમ કે ભજન અને વ્રત તથા સાધના જે જિજ્ઞાસુ જન કરે છે.

(૨) બીજું એ કે તે કર્મોનો સંબંધ લોકોની સાથે અવશ્ય થાય છે. જેમ રાજ નીતિની મર્યાદ વિધિ વિચરવું, અને દેશોની પાલના અને રક્ષા કરવી.

(૩) ત્રીજુ કર્મ આ પ્રકારે છે કે તેનો સંબંધ લોકોની સાથે પણ હોય છે, અને લોકોમાં તેનો પ્રવેશ પણ પહોંચે છે. અને કર્મ કરનારાઓને પણ તેનો ગુણ પ્રાપ્ત થાય છે જેમ કથા કીર્ત્તન અને શુભ કર્મ, જે વ્રત ભજન આદિક છે.

ત્યારે દંભના ભયે કરીને એમનો ત્યાગ કરવો પ્રમાણ નથી પણ જ્યારે એવાં કર્મો વિષે કોઇ પુરૂષને અચાનકજ દંભનો સંકલ્પ સ્ફુરી આવે ત્યારે ઘટે છે કે તે મલીન સ્ફુરણાને વિચારે કરીને નિવૃત કરે. અને ભજનની શુદ્ધ મનસાને હૃદય વિષે દ્રઢ કરે વળી લોકોને દેખવાને નિમિત્તે ભજનને વધારે કે ઓછું કરે નહિ, અને જે પ્રમાણે આગળ ભજન કરતો હોય તેમજ કરતો રહે તો સારૂં છે અથવા જ્યારે ભજનની મનસા કંઇ રહે નહિ અને દંભનો સંકલ્પ અત્યંત દ્રઢ થઇ જાય ત્યારે એતો ભજનજ કહેવાય નહિ પણ જ્યાં સુધી આ પુરૂષની શુભ મનસાનું બીજ સ્થિત થાય ત્યાં સુધી એવાં કર્મો નો ત્યાગ ન કરે એ ઉપર એક સન્તે કહ્યું છે કે લોકોની દ્રષ્ટીના ભયે કરીને શુભ કર્મોનો ત્યાગ કરવો એજ દંભ છે. અને જે પુરૂષ જગતને દેખાડવાને નિમિત્તેજ ભજન કરે ત્યારે તે તો નિઃસંદેહ સ્વછંદી છે પણ આ મન રૂપી શત્રુ એવો દુષ્ટ છે કે જ્યારે બીજા છલોએ કરીને ભજનનો ત્યાગ કરાવી શકતું નથી ત્યારે એવો સંકલ્પ આવીને ઉપજાવે છે કે "જ્યારે તું ભજન કરે છે, ત્યારે બીજા લોકો તને દેખે છે, માટે એ કેવળ દંભ થાય છે માટે તું ભજનનોજ ત્યાગ કર" પણ જ્યારે તું મનની આજ્ઞા માનીને ધરતીને ખોદે અને તેના વિષે બેશીને ભજન કરીશ તોપણ મન આ પ્રમાણે કહેશે કે "લોક તને ભજનવાન્ જાણે છે." માટે તારે ભજન કરવું પ્રમાણ નથી હવે તેનો ઉપાય એ છે કે મનને આ પ્રમાણે વિચારીને કહીએ કે "લોકોની તરફ ચિત્તની વૃત્તિને ફેલાવવી અને એજ ભયે કરીને ભજનનો ત્યાગ કરવો તે પણ કેવળ દંભજ છે." માટે લોકોનું દેખવું અને ન દેખવું મને એક સમાન છે શાથી કે મને ભજનના સ્વભાવ વિષેજ સ્થિત થવું વિશેષ છે. અને હું આ પ્રમાણે જાણું છું કે મને કોઈ દેખતું નથી તેથી દંભના ભયે કરીને ભજનને ત્યાગ કરવાનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઈ પોતાના નોકરને કહે કે અમુક અનાજને વીણી લે (ચોખ્ખું કરી લે) અને તે ચાકર એવું સમજીને અનાજને શુદ્ધ ન કરે કે જો આ અનાજ વિષે ચોખ્ખુ કર્યા પછી પણ અકસ્માત્ કોઈ રોડી કે કાંકરો રહી જાય ત્યારે તે ભલી પ્રકારે શુદ્ધ થશે નહિ માટે હું

પ્રથમથીજ અનાજ શુદ્ધ કરવાનો ઉદ્યમ કરીશ નહિ. ત્યારે તેને તેનો સ્વામી એવું કહે છે કે હે મૂર્ખ જ્યારે તે પ્રથમથીજ અનાજ શુદ્ધ કરવાનો ઉદ્યમ કર્યો નહિ ત્યારે શું તે અનાજ શુદ્ધ થઇ જશે ? અર્થાત્ અત્યંત અશુદ્ધ રહેશે તેમજ આ જીવને ભગવતે નિષ્કામ કર્મની આજ્ઞા કરી છે, પણ જ્યારે દંભના ભયે કરીને શુભ કર્મજ ન કરે ત્યારે નિષ્કામ શી રીતે થશે શાથી કે નિષ્કામતા શુભ કર્મો વિષેજ સ્થિત થાય છે.

એક સંતની વાર્તા આ પ્રમાણે સાંભળી છે કે સર્વદા પોતાની કુટી વિષે પોથીનો પાઠ કર્યા કરતા હતા, પછી જ્યારે કોઇ બીજાને બારણામાં આવતાં જોતા હતા ત્યારે પોથીને બંધ કરી બાજુપર રાખતા હતા. તેનું કારણ એ હતું કે તેઓ એ વાર્તાને નિશ્ચય જાણતા હતા કે જ્યારે કોઈ પુરૂષ અમને મળવાને આવ્યો છે ત્યારે તેની સાથે અવશ્યજ કંઈ વચન વાર્ત્તા કરવી પડશે તેથી પોથીને ઉંચી મુકવી એજ વિશેષ છે.

એક સન્તે આ પ્રમાણે કહ્યું છે કે જ્યારે જિજ્ઞાસુ જનોને મહારાજના પ્રેમે કરીને રૂદન આવતું હતું ત્યારે નિષ્કામ પુરૂષ પોતાના મુખને છુપાવી લેતા હતા. એટલા માટે કે અમારાં આંસુ ચાલે તેને બીજા લોકો ન દેખે એ વાર્તા પણ પ્રમાણ છે, શાથી કે ગુહ્ય રૂદન કરવાથી પ્રકટ રૂદન કરવું કંઇ વિશેષ નથી હોતું અને તેમણે પણ લોકોને નિમિત્તે રૂદનનો ત્યાગ ન કર્યો. પણ પોતાની પ્રીતિના પ્રવાહને ગુહ્ય કરી લીધો છે.

જ્યારે કોઇ પુરૂષ એવો હોય કે માર્ગ વિષે કાંટા અને પથ્થરને જોઇને ઉઠાવે નહિ, એટલા માટે કે લોક મને દયાવાન્ જાણશે. તો એ પણ પુરૂષાર્થની અત્યંત હીનતા છે. શાથી કે એવા પુરૂષ લોકોના દેખવાથી પોતાના ચિત્ત વિષેજ ભયવાન્ રહે છે અને એવીજ સંકલ્પની અધિકતાએ કરીને ભજન કરી શકતો નથી. એટલે એ અવસ્થા કંઇ વિશેષ થતી નથી માટે ઘટે છે કે પ્રીતિમાન પોતાના મનમાંથી દંભનું નિવારણ કરે અને ભજને ત્યાગી ન દેતો સારૂં છે.

વળી બીજું કર્મ જે આ પ્રમાણે વર્ણન કર્યું કે એનો સંબંધ અવશ્યજ લોકોની સાથે થાય છે, જેમ કે રાજનીતિ, અને દેશોની પાલના કરવી તે જ્યારે એ પુરૂષ રાજનીતિ વિષે ધર્મ અને વિચારની મર્યાદ સંયુક્ત વિચરે ત્યારે એ પણ ઉત્તમ ભજન થાય છે. અને જ્યારે ધર્મથી હીન થઇ જાય ત્યારે એને મહા પાપ કહ્યું છે માટે જે પુરૂષને એવી પ્રતીતિ દ્રઢ ન હોય કે મારૂં મન રાજનીતિ વિષે વિચારની મર્યાદા સહિત વિચરશે નહિ ત્યારે તેને રાજ્યાદિક વ્યવહારને અંગીકાર કરવો પ્રમાણ નથી શાથી કે જ્યારે રાજધર્મ વિષે અનીતિ સહિત વિચરે ત્યારે મહા અપરાધને પ્રાપ્ત થાય છે. અને એ રાજ્ય વ્યવહાર નિયમ અને વ્રતોના જેવો નથી. શાથી કે ભજનના નિયમ અને વ્રતો વિષે આ મનને મૂળમાંથીજ કંઈ પ્રસન્નતા જણાતી નથી. પણ લોકોના જોવાથી કરીને પ્રસન્નતાને પામે છે. અને રાજ્ય વ્યવહાર વિષે સર્વ ભોગ અને માનાદિકોની અધિકતા હોય છે. તેથી આ જીવનું મન શીઘ્રજ એ તરફ વધતું થઇ જાય છે એ કારણથી કહ્યું છે કે રાજનીતિ વિષે કોઈ વિરલો પુરૂષજ વિચારની મર્યાદામાં સ્થિર રહે છે અને એ અવસ્થા તેનેજ પ્રાપ્ત થાય છે કે જેમણે અંગળથીજ પોતાના મનની પરીક્ષા કરી લીધી હોય છે.

પણ યદ્યપિ આ મન રાજ ધર્મથી આગળજ જણાવે કે હું જગતની પાલના વિષે ભલી રીતે વિચારીશ. અને ભોગો વિષે આસક્ત થઇશ નહિ. તોપણ જિજ્ઞાસુ જનને ભય અને દોષ દ્રષ્ટી કરવી વિશેષ છે. શાથી કે રખેને એ પણ મનનો છલ ન હોય. અને જ્યારે સિંહાસન પર જઇને બેસે ત્યારે સ્થિત ન રહે, એટલે સ્થિર બુદ્ધિ વિના એવા વ્યવહારને અંગિકાર કરવો પ્રમાણ નથી. એ ઉપર એક સંતે એક પોતાના મિલાપિને કહ્યું હતું કે જ્યારે તને બે પુરૂષો વિષે મુખ્ય કરે તોપણ અંગીકાર ન કરવું પછી જ્યારે આચાર્ય મહારાજની પછી તેને સર્વ દેશોનું રાજ્ય પ્રાપ્ત થયું, ત્યારે તે પ્રીતિમાને કહ્યું કે તમે મને તો વર્જિત કરતા હતા, પછી તમે રાજ્યનો શા માટે અંગીકાર કર્યો. ત્યારે તેમણે કહ્યુ કે હું તને તો હમણાં પણ રાજકાજથી

વર્જિત કરૂંછું. શાથી કે જે પુરૂષ સિંહાસન પર બેશીને ન્યાય ન કરે ત્યારે તે મહારાજના દરબારથી વિમુખ થાય છે. એને રાજ્યથી વર્જિત કર્યો હતો અને પોતે રાજ્યનો અંગીકાર કર્યો તેનું કારણ એ છે કે જેમ કોઇ પુરૂષ પોતાના પુત્રને આ પ્રમાણે કહે કે તું પાણીના પ્રવાહ વિષે પ્રવેશ ન કર શાથી કે જ્યારે તું તરવાની વિદ્યા વિના નદી વિષે પ્રવેશ કરીશ ત્યારે શીઘ્રજ ડુબી જઇશ. પણ જ્યારે તે પુરૂષ પોતે તરવાની વિદ્યા જાણતો હોય ત્યારે તેને તો નદીનો કંઈ ભય લાગતો નથી, અને સુગમજ તરી જાય છે પછી જ્યારે તે બાળક તેને જોઇને નદીના પ્રવાહ વિષે પ્રવેશ કરે ત્યારે તેતો નિઃસંદેહ ડુબી જાય છે. તેમજ જે પુરૂષ રાજ્ય વ્યહાર વિષે વિચારની મર્યાદા સહિત ન વિચરે ત્યારે તે દંડનો અધિકારી થાય છે. માટે એવા પુરૂષને રાજધર્મનો અંગીકાર કરવો અયોગ્ય છે; પણ જો કોઈ એવો વિચારવાન હોય કે જ્યારે કોઇ બીજા પુરૂષ ભલી પ્રકારે ન્યાય કરનારો આવે, ત્યારે તેની સાથે ઈર્ષા અને વૈરભાવ ન કરે અને તેને જોઇને અધીક પ્રસન્ન થાય અને એ ભયથી રહિત થાય કે એના રાજ્યે કરીને મારૂં રાજ્ય નષ્ટ થશે ત્યારે જાણીએ કે એણે ધર્મનેજ નિમિત્તે રાજ્યને અંગીકાર કર્યું છે.

(૩) ત્રીજું કર્મ આ પ્રકારનું કહ્યું છે કે લોકોને શુભ માર્ગનો ઉપદેશ કરવો, અને વચન વાર્તા કરીને જીવોનો સંશય નિવારણ કરવો જો કે તે કર્મ પણ અધિક વિશેષ છે, તોપણ એ વિષયમાં મનને દીર્ઘ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. અને દંભનો પ્રવેશ અધિક થઇ જાય છે. અને જો કે માનના સંબંધે કરીને એ કર્મ પણ રાજ ધર્મની નિકટ થાય છે. તોપણ એ વિષે એટલો ભેદ પ્રકટ છે કે શુભ માર્ગ વિષે ઉપદેશ સાંભળનારાઓને પણ લાભદાયક છે. અને કહેનારાઓને પણ ગુણદાયક થાય છે, તે રાજનો વ્યવહાર એવો નથી હોતો. પણ જ્યારે કોઇને આ કર્મ વિષે દંભની મનસા ઉપજી આવે તોપણ વિચારે કરીને તેનો ત્યાગ કરવો પ્રમાણ છે. પણ કેટલાક જિજ્ઞાસુ જનોની એવી અવસ્થા થઇ છે કે જ્યારે તેને કોઈ પુરૂષ પ્રશ્નોત્તર પૂછતો હતો ત્યારે આ પ્રમાણે કહેતા હતા કે અમુક બુદ્ધિમાનને પૂછી લ્યો.

શાથી કે અમે એ વાર્તાને ભલી પ્રકારે જાણતા નથી. એ ઉપર એક સંન્તે પોથીયોની પેટી ધરતી વિષે દાટી દીધી હતી અને કહેવા લાગ્યા કે હું પોતાના હૃદય વિષે ઉપદેશ રૂપી ભોગની અભિલાષા દેખુંછું. તેથી મેં વચન વાર્તાને ત્યાગી દીધી છે. અને જ્યારે હું પોતાના હૃદયને એ અભિલાષથી રહિત દેખત ત્યારે મને ઉપદેશ કરવો પ્રમાણ હતો. એમજ બીજા સન્તોએ પણ કહ્યું છે કે ઉપદેશ કરવો એ પણ મનનો ભોગ છે. શાથી કે જે પુરૂષના હૃદય વિષે માન અને બડાઈની પ્રીતિ હોય ત્યારે તેણે જગતના મુખીયા (મુખ્ય) થવું એ પણ અયોગ્ય છે.

એક સંતને કોઇ પ્રીતમે પૂછયું હતું કે જો તમે આજ્ઞા આપો તો હું લોકોને શુભ માર્ગનો ઉપદેશ કરૂં, ત્યારે તેમણે કહ્યું કે જો એ ઉપદેશ કરવાથી કરીને તારા હૃદય વિષે માનની અધિકતા થઇ જશે. વડાઇનો પવન તને ઉડાડીને લેઈ જશે તો તારૂં અકાજ થશે. તેથી મારા ચિત્ત વિષે એ ભય આવે છે.

બીજા એક સંતે પણ કહ્યું છે કે જ્યારે તું પોતાના હૃદય વિષે બોલવાની અભિલાષા દેખે ત્યારે તને મૌન કરવું વિશેષ છે. અને જ્યારે મૌનને અધિક દેખે ત્યારે વચન વાર્તા કરવી વિશેષ છે. પણ મારા ચિત્ત વિષે આ પ્રમાણે ભાસે છે કે ઉપદેશ કરનારો પુરૂષ પોતાના હૃદય વિષે વિચાર કરી જુએ અને આ વાર્તાને ભલી પ્રકારે કરે કે જ્યારે સાત્વિકી મનસા અને દંભનો સંકલ્પ બેઉ મળેલાં હોય ત્યારે ઉપદેશનો ત્યાગ ન કરે. અને યત્ને કરીને સાત્વિકી મનસાને દૃઢ કરે. અને દંભનો સંકલ્પને નિવારણ કરે સાથી. કે ઉપદેશ કરવાનું પણ વ્રત અને ભજનના નિયમની પેઠે કંઇ દંભના સંકલ્પે કરીને ત્યાગવું પ્રમાણ નથી પણ શુદ્ધ મનસાના બીજને પુષ્ટ કરે દંભ પણ નિવૃત્ત કરવો. જોઇએ.

જ્યારે રાજ્ય ધર્મ વિષે કાંઈ પણ મનસાની મલીનતા થાય ત્યારે રાજ્ય વ્યવહારનો ત્યાગ કરવો પ્રમાણ છે. શાથી કે રાજનીતિ વિષે માન અને ભો-

ગોની અધિકતાએ કરીને શીઘ્રજ મલીનતા વધી જાય છે. અને શુદ્ધ મનસાનું બીજ તત્કાલજ નષ્ટ થઇ જાય છે. એ કારણથી જ્યારે એક સંતને રાજાના પ્રધાન બનાવવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું કે હું પ્રધાનતાનો અધિકારી નથી. વળી રાજાએ કહ્યું કે તમે તો સંપૂર્ણ વિદ્યાવાન્ છો. અને નીતિ અનીતિને વિચારવાને લાયક છો માટે તમેજ ઉત્તમ અધિકારી છો ત્યારે તેમણે કહ્યું કે જ્યારે હું સત્ય કહું છું ત્યારે નિઃસંદેહ અધિકારી ન ઠર્યો અને જ્યારે જૂઠું કહું છું ત્યારે જૂઠો મનુષ્ય રાજનીતિનો અધિકારી થતો નથી. તાત્પર્ય એકે જોકે એ પ્રમાણે કહીને તેમણે રાજધર્મનો અંગીકાર ન કર્યો પણ સર્વ આયુષ્ય પર્યંત લોકોને ધર્મનો ઉપદેશ કરતા રહ્યા અને વચન વાર્તાનો ત્યાગ ન કર્યો. વળી જ્યારે ઉપદેશ કરનારાના હૃદય વિષે કાંઇ પણ ધર્મની મનસા ન રહે અને સર્વથા દંભની અધિકતા વિષે આસક્ત થઇ જાય ત્યારે તેણે ઉપદેશનો ત્યાગ કરવો એજ વિશેષ કહ્યું છે. પણ જ્યારે તે પુરૂષ મને પૂછે કે હું ઉપદેશ કરતો રહું અથવા ત્યાગ કરૂં. ત્યારે હું આ પ્રમાણે વિચારની દૃષ્ટીએ કરીને જોઉં કે વચન વિષે લોકોને ધર્મનો લાભ કંઇ ન હોય, જેમ કવીશ્વરોની ચતુરાઇ અથવા મત અને પંથોનો વિવાદ, એનું વર્ણન હોય. અથવા સંસારી જીવોને ભગવત્‌ની દયાનાં વખાણ કરીને સંભળાવે અને પાપો વિષે તેમને નિશ્શંક કરે ત્યારે તેને તો વચન વાર્તાનો ત્યાગ કરવો એજ પ્રમાણ કહ્યું છે. સાથી કે એના મૌન રહેવા વિષે લોકોને ગુણ થશે. અને તે પણ દંભ અને માનથી મુક્ત થશે.

વળી જેનું વચન ધર્મની મર્યાદા પ્રમાણે હોય અને લોક તેને નિષ્કામ જાણીને ધર્મનો અંગીકાર કરે ત્યારે હું એવા પુરૂષને ઉપદેશ કરવાના ત્યાગની આજ્ઞા આપીશ નહિ. શાથી કે યદ્યપિ ઉપદેશ કરવામાં દંભની મનસાએ કરીને એને અવગુજ થાય છે, પણ ઘણા પુરૂષોને તેનાં વચન સાંભળીને ધર્મની પ્રાપ્તી થાય છે, અને તે જ્યારે પુરૂષ ઉપદેશનો ત્યાગ કરે ત્યારે તેને તો પ્રસિદ્ધજ ગુણ અથવા લાભ છે પણ બીજાં ઘણાં મનુષ્યોને હાની થાય છે. માટે તું એમ જાણ કે સહસ્ર પુરૂષોનો લાભ એક પુરૂષની હાનીથી વિશેષ છે. એ

કારણથી હું એક ઉપદેશ કરનારા દંભીને સકલ જિજ્ઞાસુઓ ઉપર નિછાવર (ઓળગોળ) કરવાને ઇચ્છું છું.

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જિજ્ઞાસુજનોને સકામી પંડીતોથી પણ ધર્મની પ્રાપ્તી થાય છે. અને તે પંડીત પોતામા ધન અને માનાદિક પ્રયોજનને પામે છે. માટે એવા પુરૂષોને એટલીજ આજ્ઞા કરૂં છું કે તમે શુભ ઉપદેશનો ત્યાગ ન કરો પણ યથાશક્તિ દંભનેજ નિવૃત કરવામાં તમારી ભલાઇ છે. અને પુરૂષાર્થે કરીને નિષ્કામ શ્રદ્ધા વિષે દ્રઢ થાઓ પ્રથમ આપજ ઉત્તમ ઉપદેશનો અંગીકાર કરો અને ભગવતના ભય વિષે સ્થિત થાઓ. વળી બીજા લોકોને ઉપદેશ કરીને ભગવતનો ભય દેખાડો પણ જ્યારે કોઈ આ પ્રમાણે પ્રશ્ન કરે કે ઉપદેશ કરનારાની મનસા શુદ્ધ અને નિષ્કામ શી રીતે જાણીએ ત્યારે એનો ઉત્તર એ છે કે શુદ્ધ મનસા ત્યારેજ જાણવામાં આવે છે, કે જ્યારે એ પુરૂષની શ્રદ્ધા એજ હેય કે કોઇ પ્રકારે એ મનુષ્ય ભગવતના માર્ગનો અંગીકાર કરે અને માયાથી નિવૃત્ત થાય. તે આ કેવળ દયા થાય છે. પણ જ્યારે કોઇ એવો બીજો પુરૂષ પણ આવીને પ્રકટે કે તેના ઉપદેશે કરીને જીવોને ધર્મનો અધિક લાભ થાય અને લોક તેના ઉપર વિશેષ પ્રતીતિ રાખે ત્યારે ઘટે છે કે એણે કરીને આ પુરૂષ અધિક પ્રસન્ન થાય. તેનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઇ મનુષ્ય અન્ધ કૂપ વિષે પડી જાય અને કોઇ પુરૂષ દયા કરીને તેને બહાર કાઢવાને ઇચ્છે, પણ જ્યારે બીજો પુરૂષ પણ તેને કાઢવામાં આવીને સહાયતા કરે ત્યારે પ્રથમ પુરૂષને નિઃસન્દેહ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. તેમજ જ્યારે ઉપદેશ કરનાર મનુષ્ય બીજા કોઇ વિવેકી જનને જોઇને પ્રસન્ન ન થાય ત્યારે જાણીએ કે આ પુરૂષ ઉપદેશે કરીને પોતાને પુજાવાને ઇચ્છે છે, પણ ભગવતના માર્ગ વિષે જોડવાને ઇચ્છતો નથી. વળી શુદ્ધ મનસાનું બીજું લક્ષણ એ છે કે જ્યારે સભા વિષે વચન વાર્તા કરતાં છતાં ધનવાન અથવા રાજા લોક આવીને પ્રાપ્ત થાય તોપણ યથાર્થ વચનનો ત્યાગ ન કરે અને તે ઐશ્વર્ય જોઇને સંકોચાઈ જાય નહિ. અને પોતાના સ્વભાવ પ્રમાણે યથાર્થ વચન પરજ દ્રષ્ટી

રાખે ત્યારે જાણીએ કે આ પુરૂષની મનસા નિષ્કામ છે. તાત્પર્ય એકે ઉપદેશ કરનારો પુરૂષ પ્રથમજ એવાં લક્ષણોને પોતાના ચિત્ત વિષે વિચારીને જુએ તે જ્યારે એવું ચિન્હ પોતઃ વિષે કોઇ ન જાણે ત્યારે આવો નિશ્ચય કરે કે હું શુદ્ધ મનસાથી હીન છું. અને મારા ચિત્તમાં પ્રકટજ દંભ છે. અને જ્યારે આ પ્રમાણે દેખે કે મને આ દંભ વિષે દોષ દ્દષ્ટી આવે છે, ત્યારે જાણીયે કે એના હૃદયમાં શુદ્ધ મનસાનું બીજ પણ પ્રકટ છે. તેથી પુરૂષાર્થે કરીને નિષ્કામ શ્રદ્ધાને વધારે અને દંભથી રહિત થાય. આ જીવને કેટલાક અવસરો વિષે ભજન કરતાં છતાં બીજા પુરૂષોના મેળાપે કરીને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. તેને દંભ કહેતા નથી. જિજ્ઞાસુ જનના હૃદય વિષે અકસ્માત્ કંઇ સંશય ઉપજી આવે અને તે સંશયે કરીને ભજન વિષે વિક્ષેપતા આવી પડે, પછી જ્યારે બીજા કોઇ સાત્વિકી મનુષ્યને જુએ, ત્યારે તે સંશય નિવૃત્ત થઇ જાય. અને ચિત્તની વૃત્તિ પ્રસન્નતા સહિત ભજન વિષે દ્દઢ થાય. ત્યારે તે દંભ કહેવાતો નથી. કોઇ પુરૂષ પોતાના ઘર વિષે આલસ્ય અને નિદ્રાને ત્યાગી ન શકે અથવા સમ્બધિયોનાં વચનો સાંભળતાં વિક્ષેપને પામે, પછી જ્યારે પોતાના ઘરમાંથી નીકળીને કથા કીર્તનનાં ઠેકાણાં વિષે જઇને બેસે ત્યારે શીઘ્રજ ભજનની રૂચી અને પ્રસન્નતા ઉપજી આવે છે અને બધી વિક્ષેપતા દૂર થઇ જાય છે. શાથી કે પરાયે ઠેકાણે નિદ્રાની અધિકતા પણ રહેતી નથી. અને ભજનવાનોને જોઇને એ પણ જાગ્રત અને ભજન વિષે દ્દઢ થઇ જાય છે. જેમ વ્રતી અને સંયમી પુરૂષને જોઇને બીજાને પણ સંયમની રૂચી ઉપજી આવે છે. તાત્પર્ય એકે એવી પ્રસન્નતા અને ભજનની અધિકતા સાત્વિકી સંગતિના પ્રવેશે કરીને વધી જાય છે. અને આ ક્રિયાને દંભનું કર્મ કહેતા નથી પણ આ મન એવા અવસર વિષે પણ આ પ્રમાણે સંશય લાવી મૂકે છે કે આ કૃતિ દંભના સંબંધે કરીને કરે છે, માટે આ તારૂં કર્મફળ દાયક થશે નહિ. એનું નામ મનનો છળ કહે છે. શાથી કે મનુષ્યના હૃદય વિષે સંશય નાંખીને શુભ કર્મોથી વર્જિત કરવાને ઇચ્છે છે. માટે જિજ્ઞાસુને ઘટે છે કે વિચારે કરીને આ પ્રમાણે જાણે કે એક કર્મ નિઃસંદેહ દંભના

આશાયે કરીને થાય છે, અને એક કર્મ સાત્વિકી સંગતિના પ્રવેશે કરીને થાય છે એ બેઉને અવશ્યજ ભિન્ન કરવાં જોઇએ. જ્યારે લોકને ન દેખે અને પોતે તેમને દેખતો હોય ત્યારે એવા સ્થાન વિષે પ્રસન્નતા સહિત ભજન કરવું. અને જ્યારે પરસ્પર એકબીજાને જોતા હોય તો પણ વિચારે કરીને દંભ અને સાત્વિકી સંગતિના પ્રવેશને ભિન્ન કરે. શુદ્ધ મનસાએ કરીને દંભનિ અભિલાષાને દૂર કરે અને સંશયથી રહિત થઇને ભજન વિષે સ્થિત થાય. શાથી કે જ્યારે કોઇ પુરૂષને ભય કે પ્રીતિ સંયુક્ત રૂદન કરતો દેખે છે. ત્યારે એનું ચિત્ત પણ કોમળ થઈ જાય છે. અને તે વચન સાંભળીને રૂદન કરવા લાગે છે. યદ્યપિ એકાંત ઠેકાણા વિષે એવું ન થાય, તોપણ શા કર્મને દંભ કહેતા નથી. શાથી કે રૂદન કરનારાને જોઇને અવશ્યજ એનું ચિત્ત દ્રવીભૂત થઈજ જાય છે. એ વિશે પણ એટલો ભેદ છે કે આંસુનું ચાલવું હૃદયની કોમળતા એ કરીને થાય છે. અને મોટી બુમો પાડવી અથવા જમીનપર પડી જવું એ દંભનું કારણ છે, માટે ઘટે છે કે જ્યારે અકસ્માત્ મોટો પોકાર મુખથી નીકળી જાય અથવા ધરતી પર પડી ગયો હોય ત્યારે શીઘ્રજ સચેત થઇને પ્રીતિના પ્રવાહને સંકોચી લે. અને જેના ચિત્ત વિષે આ સંશય આવી ઉપજે કે છો એ લોક મને એ પ્રમાણે કહે કે "એના ચિત્ત વિષે વાસ્તવિક પ્રીતિ કંઈ નથી તેથી તરતજ સચેતતાને પ્રાપ્ત થયો છે." જ્યારે એવું સમજીને ઉંચા સ્વરથી પોકાર કર્યા કરે અથવા ધરતી પર પડયો રહે ત્યારે નિઃસન્દેહ દંભી થાય છે. તાત્પર્ય એકે બધાં શુચી (પવિત્ર) કર્મ દંભે કરીને પણ થાય છે. અને સાત્વિકી સંગતિએ કરીને પણ તેની રૂચી ઉપજી આવે છે. તેથી જિજ્ઞાસુજન સદૈવકાળ પોતાના મનની તરફ જોતો રહે. અને દંભના ભયથી રહિત ન થાય. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે શુભ કર્મો વિષે નાના પ્રકારે કરીને દંભની મનસા ઉપજી આવે છે. માટે જ્યારે પોતાના મન વિષે દંભની અભિલાષાને જુએ ત્યારે આ પ્રમાણે વિચાર કરીને જાણે કે ભગવત્ મારા અંતરની મલીનતાને પ્રકટજ જાણે છે. માટે જ્યારે હું અશુદ્ધ મનસા કરીશ ત્યારે નિઃસંદેહ મહારાજના દંડનો અધિકારી થઈશ એવુંજ જાણીને

દંભને નિવૃત્ત કરે. અને આ વચનને ચિત્ત વિષે સ્મરણ કરે. જેમ આચાર્ય મહારાજે કહ્યું છે કે જે એકાગ્રતા વિષે દંભની અભિલાષા મળેલી હોય તે એકાગ્રતાથી ભગવત્‌જ રક્ષા કરે. એનો અર્થ એ છે કે મન તો ચપલ હોય અને બહારનાં અંગોએ કરીને પોતાને ભજનવાન દેખાડે ત્યારે તે કેવળ દંભી કહેવાય છે.

ભજન અને હૃદયની એકાગ્રતા વિષે તો અવશ્યજ નિષ્કામ થવું જોઇએ, અને દંભને દૂર કરવા પ્રમાણ છે. એવાંજ બીજાં પણ કેટલાંક સાત્ત્વિકી કર્મ છે, કે જ્યારે તેનાં ઉત્તમ ફળોને પ્રાપ્ત થવાને ઇચ્છે છે, તોપણ નિષ્કામ થવું વિશેષ છે. જેમ કોઈ મિત્ર અથવા કોઇ અર્થીના મનોરથને પૂર્ણ કરે ત્યારે આ પ્રમાણે નિષ્કામ થાય કે ઘણું કરી તેનાથી ઉપકાર અને પોતાની સ્તુતિની ઇચ્છા ન કરે અથવા જ્યારે કોઇને વિદ્યા ભણાવે, ત્યારે એવી અભિલાષા ન કરે કે આ વિદ્યાર્થી મારા કામમાં આવશે ટેલ કરશે અથવા મારી પાછળ ચાલશે. એવી મનસા પણ સકામ થાય છે, અને ધર્મના લાભને નિષ્ફળ કરી નાંખે છે પણ જ્યારે આપણી મનસા સેવા કરાવવાની ન હોય અને તે પોતેજ આટો ફેરો તથા સેવા કરતો રહે, તોપણ ઉત્તમ વાર્ત્તા આ છે કે તેની સેવાપૂજાને અંગીકાર ન કરવી અને જયારે આપણી મનસા વિનાજ તે પુરૂષ પ્રીતિ સંયુક્ત પોતેજ સેવા કરે ! એટલે તેને વર્જિત કરીએ તો પણ ત્યાગી ન દે, ત્યારે વીદ્યા ભણાવવા વાળાનો લાભ નિષ્ફળ થતો નથી. પણ ભણવાના અભિમાનથી રહિત થાય, અને પોતાને સ્વામી ન જાણે ત્યારે બેઉ પુરૂષોને પોતાની ભાવનાનું ફળ પ્રાપ્ત થાય છે. એ વાર્તા નિઃસંદેહ છે. પણ કેટલાક વિદ્યાવાનોએ પોતાના વિદ્યાર્થીની સેવા પૂજાથી અધિક ભય માન્યો છે. જેમકે એક વિદ્યાવાન્ દૈવ સંયોગ પામીને કૂવામાં પડી ગયા ત્યારે કેટલાક પુરૂષો મળીને દોરડાં નાંખીને તેને બહાર કાઢવા લાગ્યા. ત્યારે તેણે કુવામાંથીજ ભગવત્‌ની દુહાઇ દેઇને કહ્યું કે હે ભાઇ જેણે મારી પાસે કંઇ વિદ્યાભ્યાસ કર્યો હોય, તે માણસ આ દોરડાને હાથ લગાડે નહિ. એ-

મ કરવાને તેને એ પ્રયોજન હતું કે કોઈ રીતે મારી નિષ્કામતાના ફલનો નાશ ન થાય.

એક બીજો પુરૂષ એક સન્ત પાસે કંઈ ભેટ લઈ આવ્યો હતો, જ્યારે તેમણે અંગીકાર તે ભેટ કરી નહિ. ત્યારે તે પુરૂષે કહ્યું કે મેં તો તમારા મુખથી વચન વાર્ત્તા કંઇ સાંભળ્યું નથી? ત્યારે તેમણે કહ્યું કે તારો ભાઇ સર્વદા અહીં આવીને વચન વાર્તા સાંભળે છે. અને હું એટલા માટે ડરૂંછું કે રખેને તારી પૂજા જોઇને મારૂં ચિત્ત તેની સાથે અધિક પ્રીતિ કરે, તો એ વાર્ત્તા અયોગ્ય છે. વળી એક બીજો પુરૂષ પણ તે સંતની પાસે બે થાળ મોહરોના ભરેલા લાવ્યો હતો, અને આ પ્રમાણે કહેવા લાગ્યો કે મારા પિતા તમારા પ્રીતમ હતા અને તે શુદ્ધ વ્યવહારજ કરતા હતા. અને આ ધન પણ વૃત્તિએ કરીને ઉપજાવેલું છે. માટે તમે તેનો અંગીકાર કરો. ત્યારે તે સંતે તે ધનને લેઇને રાખ્યું. પછી જ્યારે તે પુરૂષ પોતાને ઘેર ગયો ત્યારે તેમણે પોતાના પુત્રના હાથથી બધું ધન તેની તરફ મોકલી, આ પ્રમાણે કહાવી મોકલ્યું કે મારા તરફ તારા પિતાની પ્રીતિ ભગવત્‌ને નિમિત્તે હતી. ત્યારે હવે તું ધન રૂપી પડદો શા માટે નાખે છે." પછી જ્યારે તેમનો પુત્ર ઘરમાં આવ્યો ત્યારે અ ધૈર્ય થઇને પિતાને કહેવા લાગ્યો કે, તમારૂં હૃદય પથ્થરથી પણ અધિક કઠોર છે. શાથી કે અમારૂં કુટુંબ ઘણું છે, અત્યન્ત નિર્ધનતાઇ પણ સદા તમે જુઓછો પણ અમારા ઉપર તમને દયા આવતી નથી ત્યારે તેમણે કહ્યું કે તને ખાનપાનાદિક સુખ જોઇએ અને હું પરલોકની શિક્ષાથી ડરૂંછું. તેથી મારા હૃદય વિષે સામર્થ્યતા નથી કે તને સુખેથી રાખું અને તે શિક્ષાને હું મારે માથે લઉં.

એ પ્રમાણે વિવેકી જનોને ઘટે છે કે પોતાના સેવકથી અધિક સેવા પૂજાની આશ ન રાખવી. અને ભગવતનીજ પ્રસન્નતાને ઇચ્છવી. વળી પોતાનું ભજન સ્મરણ સેવકની પાસે પ્રકટ ન કરવું. શાથી કે જીજ્ઞાસુને ભગવત્‌ની પાસે સન્માન અને આદર જોઇએ છીએ. બીજા લોકોનું સન્માન કંઇ કામમાં

આવશે નહિ. વળી જ્યારે માતા પિતાની સેવા કરે ત્યારે પણ ભગવત્‌નીજ પ્રસન્નતા ઇચ્છે. અને તેની પાસે પોતાની વિશેષતાને દેખાડે નહિ. તાત્પર્ય એ કે સર્વ શુભ કર્મો વિષે આ જીવને એવી નિષ્કામતા પ્રમાણે છે કે ભગવત્‌ની પ્રસન્નતા વિના બીજું કંઇ પ્રયોજન ન રાખે

સર્ગ ૯ મો.

અભિમાન અહંકારનું વર્ણન.

અભિમાન અથવા પોતાને વિશેષ જાણવાનો સ્વભાવ મહા નિંદ્ય છે. શાથી કે જ્યારે વિચારી જોઇએ ત્યારે અભિમાની મનુષ્ય ભગવતના બરોબરીયાને ઇચ્છે છે. પણ ઐશ્વર્ય અને વડાઇ તો ભગવત્‌નેજ શોભે છે. છતાં અભિમાની પોતાનું ઐશ્વર્ય વધારે છે. એ કારણથી મહારાજનાં વચનો વિષે અભિમાનની નિષેધતાનું અધિક વર્ણન છે. આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જેનાહૃદય વિષે રંચક માત્ર પણ અભિમાન હોય છે, તે આત્મ સુખને પામતો નથી. અને એમ પણ કહ્યું છે કે પોતાની વડાઇ જણાવનારા મનુષ્યને પાપીઓની પેઠે શિક્ષા થશે.

એ ઉપર એક વાર્તા છે કે એકવાર એક મહાપુરૂષે પોતાની સેનાને એકઠી કરી. ત્યારે કંઇ લાખો મનુષ્ય અને દેવની પરીઓ, પક્ષી, ભૂત આદિક જીવો આવીને પ્રાપ્ત થયાં, પછી બધાંને પવનના વેગ સાથે ઉડાવીને આકાશમાં લઇ ગયા. અને દેવતાઓની પુરીયોની ઉપર જઇને સ્થિત થયા પછી પોતાનાજ બળે કરીને તેમને ધરતી પર લેઈ આવ્યા. અને સમુદ્રોના તલીયા સુધી પ્રવેશ કરી ગયા ત્યારે તેમને આકાશવાણી થઇ કે જ્યારે તમને રંચક માત્ર પોતાના બલનું અભિમાન હોત, તો હું તમારી સર્વ સેનાને તમારી સાથેજ રસાતાળ વિષે લીન કરી નાંખત.

આચાર્ય મહારાજે કહ્યું છે કે પરલોક વિષે અભિમાની મનુષ્યોનો આકાર કીડીના જેવો થશે. અર્થ એ કે નિર્માણ કરેલા લોકોના ચરણો તળે મર્દન થઇ જશે. અને નરકો વિષે એક મહા કુંભી નરક છે, તે અતિ ભયાનક રૂપ છે, તે એવું છે કે મહા પાપી અને અભિમાની મનુષ્ય તેમાં પડીને બળ્યા કરશે. એક સંતે કહ્યું છે કે જે પાપને કોઇ શુભ કૃતિ નષ્ટ નથી કરી શકતી તે અભિમાન છે.

આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જે મનુષ્ય મોટાઇ જણાવીને પોતાના વસ્ત્રને ધરતી પર ઘસીટે છે, અને લટક લટક ચાલે છે, ત્યારે તેની તરફ ભગવત્ કદાચિત્ દયા દ્દષ્ટી કરીને જોતા નથી.

એ ઉપર એક વાર્તા છે કે કોઇ પુરૂષ મહા સુંદર વસ્ત્ર પહેરીને પોતાની તરફ જોતો હતો અને વડાઈ કરીને લટક લટક ચાલતો હતો, ત્યારે એ પાપે કરીને ભગવત્‌ના ક્રોધથી ધરતી વિષે લીન થઇ ગયો તે પ્રલય કાળ પર્યંત એમજ રસાતાલોને નીચે ચાલ્યો જશે. એક સન્તે પોતાના પુત્રને લટક લટક ચાલતાં જોયો, ત્યારે તેને પોકારીને કહેવા લાગ્યો કે હે પુત્ર તું પોતાને જાણે છે? કે હું કોનું સંતાનછું? તારી માને તો મેં કંઇક રૂપિયા આપીને વેચાથી લીધી હતી. અને હું જે તારો બાપ છું તે મહા અધમ અને નીચ છું.

એક બીજા સન્તે કોઇ અભિમાની પુરૂષને લટક લટક ચાલતાં જોયો; ત્યારે તેમણે તેને તેમ ચાલવાની ના કરી ત્યારે તે કહેવા લાગ્યો કે તમે મને ઓળખતા નથી. ત્યારે તેમણે કહ્યું કે હું તો તને જાણું છું કે તારી આદિ અવસ્થા મલીન જળનું બિંદુ છે, અને અન્તે મહા મલીન મૃતક થઇશ. તેમજ મધ્યકાળ વિષે પણ તું મળ પુત્રની પોઠ ઉપાડનારો છું.

નમ્રતાની સ્તુતિનું વર્ણન.

આચાર્ય મહારાજે આ પ્રમાણે કહ્યું છે કે જે મનુષ્યે નમ્રતાનો અંગીકાર કર્યો છે, તેને અવશ્યજ ભગવતે મોટાઇ આપી છે. અને એમ પણ કહ્યું છે કે સર્વ મનુષ્યોના ગળામાં ઇશ્વરે રસી (દોરી) નાંખી છે, પણ જે પુરૂષ દીન (નમ્ર) થાય છે, તેને દેવતા તેની દોરી સાથે આકાશ તરફ ખેંચે છે. અને કહે છે કે હે મહારાજ તમે એને ઉત્તમ ગતિ આપો. અને જે પુરૂષ અભિમાન કરે છે. ત્યારે દેવતા તેની રસીથી અધોગતિની તરફ ખેંચે છે. અને આ પ્રમાણે વિનતિ કરે છે કે હે ભગવન્ત તું આ મનુષ્યને મહા નીચ ગતિને પ્રાપ્ત કર તેથી ઉત્તમ પુરૂષ તેજ છે કે સામર્થ્યતા સહિત દીનતા અને ગરીબીનો અંગીકાર કરે, પોતાના ધનને સાત્વિકી યુક્તિએ કરીને ઉત્પન્ન કરે ને શુભ અર્થમાંજ વાપરે. અનાથો ઉપર સદા દયા રાખે. અને વિવેકી જનો સાથે સર્વદા પ્રીતિ અને મેળાપ રાખે.

એકવાર એક સન્તે કહ્યું કે આચાર્ય મહારાજ મારા ઘરમાં આવ્યા હતા. ત્યારે મેં તેમને વ્રત ખોલવાને નિમિત્તે દૂધ અને મધનું શર્બત કરી આપ્યું પછી તેમણે જ્યારે શર્બતનો રસ ચાખ્યો, ત્યારે વાડકો ધરતી પર મુકી દીધો, અને શર્બત પીધું નહિ. અને આ પ્રમાણે કહેવા લાગ્યા કે યદ્યપિ હું આ શર્બતનું પાન કરવામાં પાપ છે એમ કહેતો નથી તોપણ આ વાર્ત્તા નિઃસંદેહ છે કે જ્યારે પુરૂષ ભગવતના ભયે કરીને ગરીબીનો અંગીકાર કરે છે ત્યારે ભગવત્ તેને મોટાઇ આપે છે અને રાજી રાખે છે. અને જે પુરૂષ અભિમાને કરીને વર્ત્તે છે ત્યારે મહારાજ તેને લજ્જાવાન્ અને નીચ કરે છે. તેમજ જે પુરૂષ ખાનપાનનો વ્યવહાર સંયમ સાથે કરે છે, તે સંસારી જીવોના વશમાં કદાચિત્ થતો નથી. અને જે પુરૂષ મર્યાદાથી રહિત વર્તે છે તે સર્વદા નિર્ધનતાઈ અને અપમાનને પ્રાપ્ત થાય છે. જે પુરૂષ ભગવતનું સ્મર્ણ અધિક કરે છે, ત્યારે તેની સાથે ભગવત્ પણ અધિક પ્રીતિ કરે છે.

એકવાર કોઇ કુષ્ટી પુરૂષે એક મહાપુરૂષના બારણામાં આવીને યાચના કરી તે વખતે તેઓ જમતા હતા તેથી તે યાચકને તેમણે ઘરમાં બોલાવી

લીધો. પછી જ્યારે તે કુષ્ટી અંદર આવ્યો ત્યારે બધા લોક તેની ગંદાઈથી ડરીને પોતાનાં વસ્ત્રોને સંકોરવા લાગ્યા, અને તે મહા પુરૂષ તેને પોતાના આસન પર બેસારીને ભોજન કરાવવા લાગ્યા. ત્યારે તેમના એક સંબંધીએ તેના ઉપર ગ્લાનીની દ્રષ્ટીથી જોયું તેથી તે કેટલાક વખત પછી એજ કુષ્ટના રોગે કરીને મૃત્યુને પામ્યો.

આચાર્ય મહારાજે એમ પણ કહ્યું છે કે એકવાર મને ભગવન્તે આ પ્રમાણે આજ્ઞા કરીકે "તું દાસ થવાને ઇચ્છે છે? અથવા આચાર્ય કે રાજા થવાને ઇચ્છે છે? ત્યારે મેં આધીન થઇને કહ્યું કે મને આપનો દાસ કરો. એક મહા પુરૂષને આકાશવાણી થઈ હતી કે હું તેજ પુરૂષના ભજનને પ્રમાણ કરૂંછું જે કદાપિ મોટાઇ વાળો હોય તોપણ સર્વદા મારા આધીનમાં રહે, મારા જીવોની સાથે અભિમાન ન કરે, પોતાના ચિત્તને સદૈવ મારા ભય વિષે રાખે. એક ક્ષણપણ મારા ભજનથી અચેત ન થાય અને મારી પ્રીતિ કરીને ભોગોથી પોતાને બચાવી રાખે.

એક મહા પુરૂષે કહ્યું છે કે, ઉદારતાનું કારણ વૈરાગ્ય છે. અને આ મનુષ્યના હૃદયનો નિશ્ચયજ સર્વ સમ્પદાનું કારણ છે.

આચાર્ય મહારાજે કહ્યું છે કે દીનતા અને નમ્રતાવાન્ પુરૂષ આ લોકમાં સુખી રહે છે અને પરલોક વિષે પણ ઉંચી પદવીને પ્રાપ્ત થાય છે. અને જેનું મન માયાથી વિરક્ત છે, તે મહા ઉત્તમ પુરૂષ છે. અને ભગવત્‌નું દર્શન પણ તેનેજ પ્રાપ્ત થાય છે. અને જે પુરૂષ આ લોકમાં જીવોની બિરૂદ્ધતાને દૂર કરે છે, તેને પરમ સુખની પ્રાપ્તી થાય છે.

એક મહાપુરૂષે કહ્યું છે કે જેને ભગવાને સાત્વિકી ધર્મ તરફ માર્ગ દેખાડયો છે, અને જેનો સ્વભાવ મહા કોમળ છે. અને તેની સાથે જેનું હૃદય નિરઅહંકાર છે. તે નિસ્સન્દેહ ભગવત્‌નો પ્રિતમ છે.

આચાર્ય મહારાજે એકવાર પોતાના પ્રિતમોને આ પ્રમાણે કહ્યું હતું કે મને તમારા હૃદય વિષે ભજનનું રહસ્ય જોવામાં આવતું નથી, તો એનું કા-

રણ શું છે? ત્યારે પ્રીતમોએ પૂછ્યું કે ભજનનું રહસ્ય શું છે? ત્યારે તેમણે કહ્યું કે ભજનનું રહસ્ય દીનતા અને ગરીબી છે. અને એમ પણ કહ્યું છે કે જ્યારે દીન પુરૂષને દેખો ત્યારે દીનતા કરો, અને જ્યારે અભિમાની પુરૂષોને દેખો ત્યારે તમે પણ વડાઇ કરો. અર્થ એકે તેમની પાસે આધીન ન થશો. ત્યારે તે પણ પોતાની નીચતાને પ્રસિદ્ધ જાણશે.

એક મહા પુરૂષની સ્રીએ કહ્યું છે કે સર્વ શુભ કર્મોથી વિશેષ ગરીબી અને નમ્રતા છે અને તમે એવાં વિશેષ કર્મોથી અચેત થયા છો.

એક સન્તે કહ્યું છે કે યદ્યપિ કોઇ બાળક યથાર્થ વચન કહે ત્યારે તેને અંગીકાર કરી લેવું, એજ ગરીબીનું ચિન્હ છે. એક સન્તે એવું કહ્યું છે કે જ્યારે તું નિર્દ્ધનોને જોઇને પોતાને તેનાથી પણ નીચ થઇ દેખાડે ત્યારે જાણીએ કે તું ધનાદિક પદાર્થોના અભિમાનથી રહિત છે. અને જ્યારે ધનવાનને જોઇને તેની પાસે આધીન થઉં, ત્યારે પ્રસિદ્ધ થાય કે તારી પાસે ધન અને માયાની નિષેધતા કંઇ નથી.

કોઈ મહા પુરૂષને આકાશવાણી થઇ હતી કે હે સંત મેં તને અનેક પ્રકારનાં સુખ આપ્યાં છે, અને જ્યારે તું મારાં આપેલાં સુખોને દીનતા સહિત અંગીકાર કરીશ ત્યારે હું તેને સર્વદા વધારતોજ રહીશ. અને તું સદૈવ સુખી થઈશ.

એક બીજા સન્તે એક રાજાને આ પ્રમાણે ઉપદેશ કર્યો હતો કે હે રાજા તું દીનતા અને ગરીબી વિષે સ્થિત થા. ત્યારે તે ગરીબી તને રાજની મોટાઈથી પણ વિશેષ છે ત્યારે રાજાએ કહ્યું જે આ વચન તમે ઘણું ઉત્તમ વર્ણવ્યું છે. પણ કંઇ બીજો પણ ઉપદેશ મને સંભળાવો ત્યારે તે સંત કહેવા લાગ્યો કે જે પુરૂષનું ચિત્ત ધન વિષે વિરક્ત રહે. વડાઈ વિષે નમ્રતા સહિત રહે, અને સુંદરતાઈ વિષે કામાદિક વિકારથી નિષ્પાપ રહે, ત્યારે તેને મહારાજની સભા વિષે વિશુદ્ધ આચરણવાળો માને છે. જ્યારે એ પ્રમાણે રાજાએ વચન સાંભળ્યાં ત્યારે એ ઉપદેશને કાગળ પર લખી લીધો.

એક સન્ત રાજા પોતાના રાજ્યના સમયમાં આ પ્રમાણે વિચરતા હતા કે પ્રથમ ધનવાનોની સાથે કંઇ વચન વાર્તા અલ્પજ કરતા હતા. અને ગરીબોની સભા વિષે જાઇને બેસતા હતા. અને મોઢેથી આ વચનનું વર્ણન કરતા હતા કે હું પણ અનાથ અને ગરીબ છું. અને આ લોક પણ ગરીબ છે.

એક સન્તે કહ્યું છે કે જ્યારે પોતાથી સર્વ મનુષ્યોને વિશેષ દેખે, ત્યારે જાણીએ કે એનામાં નમ્રતાનું ચિન્હ પ્રકટ છે.

એક બીજા સન્તે એવું કહ્યું છે કે જ્યારે કોઇ સભા વિષે આવીને આ પ્રમાણે કહે કે જે સૌથી નીચ મનુષ્ય હોય તે બહાર આવે ત્યારે હુંજ સૌથી પહેલો ઉઠીને ઉભો થઉં, શાથી કે હું પોતાને મહા અધમ અને નીચ જાણું છું. પછી જ્યારે એ વાર્તા એક સન્તે સાંભળી. ત્યારે કહેવા લાગ્યા કે એજ ગરીબીએ કરીને એમની વિશેષતા પ્રસિદ્ધ છે.

એ ઉપર એક વાર્તા છે કે કોઇ પુરૂષે એક સંતની પાસે આવી આ પ્રમાણે કહ્યું કે તમે પોતાને શું જાણો છો? ત્યારે તેમણે કહ્યું કે જેમ અક્ષરો ઉપર અનુસ્વાર હોય છે, તેમાંથી પણ એટલે તે બિંદુથી પણ હું પોતાને લઘુ જાણું છું. પછી જ્યારે બીજા સન્તે એ વચન સાંભળ્યું ત્યારે કહેવા લાગ્યા કે મહારાજ એના અહંકારને દૂર કરે તો સારૂં છે, શાથી કે હજુ પણ તે પોતાને કંઇક જાણે છે; અને કેવળ અહંકારથી રહિત થયા નથી.

એક પ્રીતિમાન પુરૂષે એક સન્તને પૂછ્યું કે મને કંઇ ઉપદેશ કરો. ત્યારે તેમણે કહ્યું કે જ્યારે કોઇ પુરૂષ ધનવાન થઇને આધીન ચિત્ત થાય ત્યારે એ મોટી સુંદરતા છે. પણ જે નિર્ધન પુરૂષ હોય અને ભગવત્‌નો આશ્રય કરીને ધનવાનોને આધીન ન થાય, ત્યારે તે એથી પણ અધિક સુંદરતાઇ છે.

એક બીજા સન્તે કહ્યું છે કે જ્યારે કોઇ ઉત્તમ પુરૂષ વૈરાગ્યવાન્ હોય છે ત્યારે દીનતા અને ગરીબીને અંગીકાર કરે છે. અને જો નીચા પુરૂષ કંઇ વૈરાગ્યવાન્ થાય છે ત્યારે અભિમાની થઇ જાય છે.

એ ઉપર એક સન્તે કહ્યું છે કે જ્યાં સુધી આ મનુષ્ય કોઇને પોતાથી નીચ જાણે છે. ત્યારે નિસ્સન્દેહ અહંકારી જાણવામાં આવે છે.

એક સન્તે એકવાર પોતાની સભા વિષે આ પ્રમાણે કહ્યું હતું કે જ્યારે મેં આ વચન સાંભળ્યું નહોતું કે કલિયુગ વિષે નીચ મનુષ્યજ ઉપદેશ કરનારા અને મુખ્ય થશે? ત્યારે હું સભા વિષે ઉપદેશ કદાચિત્ ન કરત.

એક સન્તે એમ પણ કહ્યું છે કે જ્ઞાનવાન્ પુરૂષોની પાસે પોતાને દીન જાણવો એ પણ અહંકાર થાય છે. અર્થ એકે દીન જાણવાનું પણ પોતાને કંઈ પ્રસિદ્ધ કરવાનું થાય છે, પણ અહંકારરહિતથી પુરૂષ પોતાને કંઇ પણ જાણતા નથી.

એક જિજ્ઞાસુ જનની એવી અવસ્થા થઈ છે કે જ્યારે અંધેરી (અંધારૂં) અથવા વિજળીનો ચમત્કાર કે કોઇ વિઘ્ન થવા માંડતું હતું, ત્યારે તે પુકાર કરીને માથા ઉપર હાથ મારતા હતા, અને આ પ્રમાણે કહેતા હતા કે મારાજ પાપે કરીને જીવોને દુઃખ થાય છે.

એક સન્તની પાસે આવીને કેટલાક પુરૂષ તેમની સ્તુતિ કરવા લાગ્યા હતા ત્યારે તેમણે કહ્યું કે આદિ અમારી વિર્ય છે અને અંન્તે મૃતક થઇશું અને તે પછી પરલોકમાં શિક્ષા અને દંડ પ્રાપ્ત થશે. તે જ્યારે એ દુઃખથી અમારી મુક્તિ થઇ ત્યારે કંઇક વિશેષતા પ્રાપ્ત થશે. અને જ્યારે એજ દુઃખ વિષે લીન રહ્યા ત્યારે અમે પરમ નીચથી પણ નીચ છીએ.

અભિમાનના રૂપનું તથા તેનાં વિઘ્નોનું વર્ણન.

અભિમાનનો સ્વભાવ પ્રથમ હૃદય વિષે ઉપજે છે. પણ તેનો પ્રવેશ સર્વ અંગોપર પ્રકટ પણ દષ્ટીમાં આવે છે. તે અભિમાનનો અર્થ એ છે કે બીજાં મનુષ્યોથી પોતાને વિશેષ જાણવું, અને પોતાની મોટાઇ પ્રકટ કરીને દેખાડવી. વળી એ મોટાઇનો વા જ્યારે કોઈના હૃદય વિષે ચાલવા માંડે છે ત્યારે તેણે કરીને અધિક પ્રસન્ન થાય છે. અને અભિમાન પણ એનુંજ નામ છે.

એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે અભિમાન રૂપી વાયુના વેગથી ભગવતજ રક્ષા કરે શાથી કે જે પુરૂષના મન વિષે અભિમાનનો પ્ર-

વેશ થાય છે ત્યારે બીજા લોકોને પોતાથી નીચ જાણે છે. અને આ પ્રમાણે સમજે છે કે આ બધાં મનુષ્ય મારા દાસના જેવા છે અને હું બધાનો સ્વામી છું. અથવા જ્યારે અભિમાનની પ્રબળતા થાય છે, ત્યારે એમ પણ જાણે છે કે આ લોક મારી સેવાના અધિકારી નથી અને લોકોને કહે છે કે ભલા તું મારી સેવા અને ટહેલનો અધિકારી કયારે થઇ શકે છે? જેમ આ રાજા લોક પણ પોતાના સિંહાસનની પાસે કોઇને દંડવત્ કરવા દેતા નથી. અને પત્ર વિષે કોઇને પોતાના ગુલામ પણ લખી શકતા નથી. એટલા માટે કે અમુક પુરૂષ અમારી સેવાનો અધિકારી કયારે થઇ શકે છે. અથવા જ્યારે કોઇ અધિકારી ઐશ્વર્યવાન્ હોય ત્યારે તેને પોતાની પાસે આવવા દેછે. અને કંઈ વચન વાર્ત્તા કરે છે નહિ તો બીજા તમામ મનુષ્યો પર મસ્તક સંકુચિત રાખે છે. એ તેમનો અભિમાન એટલો વધી ગયો છે કે મહારાજાથી પણ પોતાનું ઐશ્વર્ય અધિક કરવાને ઇચ્છે છે શાથી કે સર્વ ઇશ્વરોના ઇશ્વર જે ભગવન્ત છે, તે સર્વ જીવોપર સર્વદા દયાની દ્રષ્ટીથી જુએ છે. અને સૌ કોઇની દીનતાને સાંભળે છે અને પ્રમાણ કરે છે, અભિમાની મનુષ્ય એવું કરતા નથી, પણ પોતાનું ઐશ્વર્ય એવું પ્રબળ નથી હોતું, તોપણ અભિમાની મનુષ્ય બધાની આગળ ચાલવાને ઇચ્છે છે, અથવા ઉંચે ઠેકાણે સ્થિત થવાને ઇચ્છે છે. અને સર્વ મનુષ્યોથી સન્માન અને આદરની અભિલાષા રાખે છે. વળી જ્યારે કોઈ તેને યથાર્થ ઉપદેશ સંભળાવે છે, તોપણ અંગીકાર કરી શકતો નથી અને ઉલટો ક્રોધવાન્ થાય છે. વળી જ્યારે પોતે કોઇને ઉપદેશ કરવા લાગે છે, ત્યારે ક્રોધ અને તાડના સહિત વચન કહે છે, અને સર્વ મનુષ્યોને પશુવત્ દેખે છે.

એ ઉપર મહા પુરૂષને કોઇએ આ પ્રમાણે પૂછયું હતું કે અભિમાની પુરૂષનું લક્ષણ શું છે (ત્યારે તેમણે કહ્યું કે જે પુરૂષ યથાર્થ વચનની પાસે પોતાના શીશને નમ્ર ન કરે અને સર્વ જીવોપર ગ્લાનિની દ્રષ્ટીથી દેખે, ત્યારે તેને અભિમાની કહે છે, તે બેઉ સ્વભાવ જીવ અને ભગવત્ વિષે મોટો પડદો છે, શાથી કે એથી કરીને બધાં અપલક્ષણ ઉપજે છે, અને સર્વ ગુણોથી અ

પ્રાપ્ત રહે છે. તેથી જે પુરૂષ પર વડાઈ અને અભિમાનની પ્રબળતા થાય છે ત્યારે તે કોઇને પોતાના સરખો થવા ઇચ્છતો નથી. અને કોઈની પાસે મસ્તક નમાવતો નથી. આ ચિન્હ પ્રીતિમાનોનું નથી હોતું અભિમાની પુરૂષ ઇર્ષાએ કરીને પોતાના ક્રોધને શાંત કરી શકતો નથી. તેમજ નિંદા અને કપટ આદિક સ્વભાવોથી પણ રહિત થઈ શકતો નથી. જ્યારે કોઈ તેનો આદર કરતો નથી ત્યારે હૃદય વિષે ક્રોધની ગાંઠ દ્રઢ કરી લે છે અને સદૈવ કામ પોતાની વડાઇ અને ઉચ્ચતાને દેખાડતો રહે છે. તેથી જૂઠ, કપટ અને દંભ વિષે આસક્ત થઈ જાય છે અને સર્વ પ્રકારે પોતાને વિશેષ કરવાને ઈચ્છે છે અને જ્યારે કોઈ એના દર્શનને સારૂ આવતું નથી ત્યારે પ્રસન્ન રહેતો નથી. એ કારણથી આ લોક વિષે પણ દુઃખી રહે છે. અને પરલોકનાં સુખને પણ પામતો નથી કે જ્યાં સુધી પુરૂષ પોતાના પોતાપણુને (હું ને મારૂં) વિસ્મરણ કરતો નથી ત્યાં સુધી તેને ધર્મની ગંધ પણ પ્રાપ્ત થતી નથી.

એક સન્તે કહ્યું છે કે જ્યારે તું આત્મ સુખની સુગંધીને સુંઘવા ઇચ્છતો હોઊં ત્યારે સર્વ મનુષ્યોની (સાથે) દીનતા રાખ અને દાસ ભાવને અંગીકાર કર જ્યારે કોઈ વિચારની દ્રષ્ટીએ કરીને દેખે ત્યારે આ વાર્તાને પ્રસિદ્ધ જાણે કે જ્યારે બે અભિમાની પુરૂષોનો મેળાપ પોત પોતાનામાં થાય છે ત્યારે દુર્ગંધી આવીને પસરે છે. અને તેમનું હૃદય કૂતરાંની પેઠે દુઃખદાયક થાય છે. વળી સ્ત્રીઓની પેઠે પોતાનો શ્રૃંગાર બનાવવા વિષે કેટલાક મગ્ન થાય છે અને પ્રીતિમાનોના મિલાપ વિષે જે રહસ્ય અને પ્રસન્નતા પરસ્પર ઉપજે છે તે અભિમાની માંણસોને કદાચિત્ પ્રાપ્ત થતી નથી. એટલા માટે જ્યારે તમે કોઇ પ્રીતિમાનને દેખો ત્યારે ઉત્તમ વાર્તા એ છે કે પોતાના પોતાપણાનો ત્યાગ કરીને તેનામાં લીન થઈ જજો અને સર્વદા દાસ ભાવને પ્રાપ્ત થજો તાત્પર્ય એ કે તમો તેની વડાઇ વિષે સમાઈ જજો અથવા તે તમારા વિષે સમાઈ જાય, ત્યારે બીજો ભાવ કંઈ રહે નહિ અને એકમેક થઇને બેઉ ભગવન્ત વિષે લીન થજો જે પોતે પોતાની ચિતવની મટાડે છે તે પરમ સુખને પ્રાપ્ત થાય છે, પૂર્ણ એકતા એનું નામ છે, અને પરમ સુખ

પણ એજ છે. જ્યાં સુધી અભિમાનના સંયોગે કરીને દ્વૈત દૂર થતું નથી ત્યાં સુધી પુરૂષ એકતાના સુખના રહસ્યને કદાચિત્ જાણતા નથી.

અભિમાનનું રૂપ અને તેનું વિઘ્ન એમજ પ્રકટ વર્ણન કર્યું છે.

અભિમાનની અવસ્થાના ભેદનું વર્ણન.

એક અભિમાન અતિ પ્રકટ અને દીર્ઘ છે, અને એક અવસ્થા અભિમાનની એથી કંઇ ક્ષીણ થાય છે. તેનો ભેદ એવી રીતે પ્રસિદ્ધ જાણવામાં આવે છે કે એક પુરૂષ એવા અભિમાની થાય છે કે પોતાથી ભિન્ન બીજા ઈશ્વર માનતા નથી જેવા કે હિરણ્યાક્ષ અને રાવણ એવા વિમુખ થયા છે, કે તેમણે પોતાનેજ ભગવંત કહેવડાવ્યા છે. અને તેનો નિશ્ચય આ પ્રમાણે થયો છે કે જ્યારે કોઈ બીજા ભગવત્ હોત તો પ્રત્યક્ષજ દ્રષ્ટે આવત માટે અમેજ જગતના ઈશ્વર છીએ. અને એ કારણથી તેમણે આ પ્રમાણે જાણ્યું છે કે જ્યારે અમે ભગવત્ થયા ત્યારે અમે ભજન કોનું કરીએ ? આ અભિમાન મહા દીર્ઘ છે શાથી કે બધા દેવતા અને આચાર્ય અને સંત જન તો પોતાને ભગવન્ત માનતા નથી. અને પોતાને દાસ જાણી કરીને મહારાજની સેવા વિષે લીન થયા છે. માટે એવો અભિમાન મહા નિંદ્ય છે.

(૨) વળી બીજી અભિમાનની અવસ્થા એ છે કે એક પુરૂષ યદ્યપિ એવું જાણે છે કે અમે ભગવત્‌ના ઉત્પન્ન કરેલા છીએ, વળી તોપણ સંત જનોપર ગ્લાનીની દ્રષ્ટી રાખે છે અને આ પ્રમાણે કહે છે કે અમુક સંતની જાતી નીચ છે, અથવા તેનું કૂળ નીચ, માટે અમે તેની આગળ મસ્તક શી રીતે નમાવીએ ? અથવા એમ પણ જાણે છે કે સંત જન પણ અમારી પેઠે શરીર ધારી છે, અને ખાન પાન આદિક વ્યવહારો વિષે બન્ધમાન છે, તેથી અમને તેના દાસ થવું અયોગ્ય છે. પણ એવાં માણસ પણ બે પ્રકારનાં થાય છે.

(૧) એક તો અભિમાનના પડદા વડે કરીને સંત જનોની વિશેષતાને જાણતાંજ નથી. અને વિચારથી રહિત હોય છે જેમ મહારાજે પણ કહ્યું છે

કે અભિમાની મનુષ્યોને યથાર્થના જ્ઞાનનો માર્ગ કદાપિ ઉઘડતો નથી (દેખાતો નથી) તેથી સંત જનોનાં લક્ષણોને દેખી શકતા નથી. વળી કેટલાંક માણુસ જુદી તરેહના એવાં હોય છે કે યદ્યપિ પોતાના ચિત્ત વિષે સંત જનોની વડાઇને સમજે છે, તોપણુ દાસ ભાવને ગ્રહણુ કરતાં નથી એ પણુ તેમની બુદ્ધિની હીનતા છે.

(૩) અભિમાનની ત્રીજી અવસ્થા એ છે કે સન્ત જનોને તો પોતાથી વિશેષ જાણે છે પણુ બીજા જીવોપર પોતાની વડાઈ ખુલ્લી જણાવે છે, અને બધા લોકોની તરફ ગ્લાનિ દ્રષ્ટી કરીને દેખે છે. તેથી કોઈનાં યથાર્થ વચનને અંગીકાર કરી શકતાં નથી. અને પોતાનેજ સ્વામી જાણે છે, આ અભિમાન પ્રથમની બેઉ અવસ્થાથી કંઇક ક્ષીણુ છે તોપણુ બે કારણોએ કરીને મોટો પડદો પડે છે અને પરમ દુઃખોની ખાણુ છે. તેમાં પ્રથમ કારણુ એ છે કે ઐશ્વર્ય અને મોટાઇના અધિકારી એકજ મહારાજ છે. અને આ મનુષ્ય જે મહા દીન અને પરાધીન છે, તો એને મોટાઇનો અધિકાર શી રીતે પ્રાપ્ત થઇ શકે છે? વળી જ્યારે અભિમાને કરીને પોતાને કંઇ સમર્થ જાણે ત્યારે એજ પ્રસિદ્ધ થાય છે કે ભગવત્‌ના શરીક (બરાબરીયો) થવાને ઇચ્છે છે, તો તેનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઇ ચક્રવર્તી રાજાનો નોકર થઇને રાજાના સિંહાનપર જઇને બેસે અને પોતાના માથાપર છત્ર ચંમર ધરવાને ઈચ્છે, ત્યારે તું વિચારીને જો કે તે ૦હલુવા (નોકર) કેવા દંડનો અધિકારી થાય છે; એ ઉપર મહારાજે પણુ કહ્યું છે કે "સમર્થતા અને મોટાઇ મનેજ શોભે છે, શાથી કે હું કોઇના પરાધીનપણામાં નથી. પણુ જે પુરૂષ પરાધીન થઇને મારા બરોબરીયો થવા ઇચ્છે, ત્યારે હું શીઘ્રજ તેનો નાશ કરૂં છું." તેથી પ્રસિદ્ધ થયું કે ઉત્પન્ન કરનારા મહારાજના વિના કોઇ માણુસને કોઇ જીવપર અભિમાન કરવું પ્રમાણુ નથી. વળી બીજું કારણુ આ છે કે અભિમાને કરીને યથાર્થ વચનનો અંગીકાર કરવાનું કઠણુ થઇ જાય છે. એ કારણુથી જ્યારે બે પુરૂષ પોત પોતાનામાં ધર્મ માર્ગનાં પ્રશ્નોત્તર કરવા લાગે છે, અને એક પુરૂષ સત્ય વચનજ કહે છે તોપણુ અભિમાની મનુષ્ય તેને પ્રણામ કરી શકતો

નથી. એટલા માટે કે મારૂં માન ઘટી જશે. તો આ ચિન્હ મનમુખો (મનસ્વી) અને કપટીયોનું છે. શાથી કે જ્યારે કોઇ એને આ પ્રમાણે કહે કે તું ભગવતથી ડરતો નથી ! અને યથાર્થ વચનનો નકાર કરે છે? તોપણ અભિમાને કરીને પોતાનાં જૂઠાં વચનનોને તોડી પાડી શકતો નથી. અને પ્રમાણજ માને છે તેથી મહા પાપી થાય છે,

એક સન્તે કહ્યું છે કે જ્યારે કોઇ બીજા માણસને એવું કહેકે "તું મહારાજનો ત્રાસ કર" ત્યારે તે પુરૂષ આ પ્રમાણે કહેકે "તું મને શા માટે ડરાવે છે?" શાથી કે તારે તો પોતાનુંજ ત્રાસ કરવું જોઇએ. તો આ વચન પણ મહા પાપ છે. ત્યારે તમે જાણો કે જે પ્રમાણે કવીને ધિક્કાર થયો છે, અને તેનું વૃત્તાંત ભગવાને પોતાનાં વચનો વિષે કહ્યું છે તેનું તાત્પર્ય એ છે કે તમને અભિમાનનું વિઘ્ન પ્રગટ જાણવામાં આવે. અર્થાત્ કવીને જ્યારે આજ્ઞા થઇ કે "મનુને માથું નમાવો" ત્યારે તેણે કહ્યું કે હું તેજ તત્ત્વથી ઉત્પન્ન થયો છું અને મનુ પૃથ્વી તત્ત્વથી ઉત્પન્ન થયા છે, તેથી હું તેની પાસે શી રીતે માથું નમાવું ! એમ કહેવાનું કારણ એકે તેને અભિમાને એવો વિમુખ કર્યો કે ભગવત્‌ની આજ્ઞા માની નહિ. અને મસ્તક નીચું કર્યું નહિ તેથી મહારાજે તેનો ધિક્કાર કર્યો, અને તે સદૈવકાળના વિયોગને પ્રાપ્ત થયો.

અભિમાનના કારણોનું અને તે કારણોને તથા અભિમાનને નિવૃત્ત કરવાના ઉપાયનું વર્ણન.

જ્યારે માણસ પોતાનામાં કોઇ ગુણ દેખે છે, અને તે ગુણ તેને બીજા મનુષ્યોમાં નથી દેખાતો ત્યારે તે ગુણનાં સંબધે કરીને અભિમાન કરવા માંડે છે. તે અભિમાનને ઉત્પન્ન થવાનાં સાત કારણો પ્રસિદ્ધ છે.

(૧) પ્રથમ અભિમાનનું કારણ વિદ્યા છે. શાથી કે વિદ્યાવાન્ મનુષ્ય પોતાને વિદ્યા સંયુક્ત દેખે છે. ત્યારે વિદ્યા હીન પુરૂષોને પશુવત્ જાણે છે;

તેથી તેના ઉપર અભિમાન પ્રબલ થઈ જાય છે. અને અભિમાનની પ્રબલતાનું લક્ષણ એ છે કે લોકોની સેવા, પૂજા અને માન મોટાઈની આશા રાખે છે. વળી જ્યારે તે લોક પ્રમાણે કરતા નથી ત્યારે પોતાના ચિત્ત વિષે આશ્ચર્યવાન થાય છે. અથવા જ્યારે કોઈના ઘર વિષે પૂજા પ્રસાદને માટે જાય છે, ત્યારે તેના ઉપર ઉપકાર રાખે છે. અને એવું જાણે છે કે હું ભગવત્નો નિકટ વર્ત્તી છું. અને વિદ્યાએ કરીને પોતાની મુક્તી થશે એમ સમજે છે. અને બીજા લોકોને એવા જાણતો નથી. અથવા આ પ્રમાણે દેખે છે કે આ લોક મારી સેવા અને પ્રસન્નતાએ કરીને નરકોથી બચશે. એ ઉપર એક મહાપુરૂષે કહ્યું છે કે આ વિદ્યા પણ નિઃસંદેહ અભિમાનનું કારણ છે, અને વિચારની દૃષ્ટી વિષે એવા વિદ્યાવાન્‌ને મૂર્ખ કહેવો વિશેષ છે. શાથી કે યથાર્થ બુદ્ધિમાનોના માત વિષે વિદ્યાવાન તેને કહે છે કે જે પરલોકના માર્ગની કઠણાઈને જાણે. અને તેના ભય વિષે સ્થિત રહે. શાથી કે જેણે આ ભેદને સારી રીતે જાણ્યો છે, તે સર્વદા વિકારોથી દૂર રહે છે. અને પોતાના બલની હીનતા દેખીને ભયમાન થાય છે અને એમ પણ જાણે છે કે આ વિદ્યાજ મને પર લોક વિષે અધિક શિક્ષાનું કારણ થશે. એટલા માટે કે જ્યારે જાણનારા મનુષ્યથી કોઈ કાર્ય બગડે છે, ત્યારે તેને અજાણ્યા પુરૂષથી પણ અધિક દંડ થાય છે. તેથી એ પ્રમાણે સમજનારો માણસ કદાચિત્ અભિમાન વિષે આસક્ત થતો નથી. પણ જે વિદ્યાવાન્‌ને અભિમાનની અધિકતા થઈ જાય છે, તેનાં પણ બે કારણ પ્રકટ છે.

(૧) પ્રથમ એક તે પુરૂષ નિવૃત્તી માર્ગની વિદ્યાને ભણતાજ નથી. તે નિવૃત્તિ વિદ્યા એ છે કે જેણે કરીને ભગવત્‌ને અને પોતાને ઓળખે. વળી જીવ અને ભગવત્ વિષે જે પડદો છે તેને ભલી પ્રકારે સમજે તેથી એ વિદ્યા એવી છે કે પ્રીતિ અને દીનતાને વધારનારી છે. અને અભિમાનનો નાશ કરી નાખે છે. પણ વૈદક, જ્યોતિષ વ્યાકરણ અને કોષ આદિક વિદ્યાને ભણે અથવા એક બીજાના મતોના વિવાદ વિષે સ્થિત થાય ત્યારે એવી એવી વિદ્યાએ કરીને અવશ્ય મેલ અભિમાન ઉપજી આવે છે. વળી આ વિદ્યા અલ્પકાલ વિ-

પેજ નષ્ટ થઇ જાય છે. શાથી કે આ વિદ્યા સ્થૂળ છે, અને સ્થૂલતાનેજ દૃઢ કરનારી છે. તેથી એણે કરીને જીવને ભય ઉપજતો નથી. અને ભય વિના માણસનું હૃદય અન્ધ થઇ જાય છે. તેમજ પુરાતન કથા અને કવિતા આદિક જેટલી વિદ્યા છે, તે નીચનાને આ લોક જાણતા નથી. પણ જ્યારે તમે વિચાર કરીને દેખસો ત્યારે આ વાર્તાને પ્રસિદ્ધ રીતે જાણસો કે એ બધી વિદ્યા અભિમાનનું બીજ છે. અને ઇર્ષા તથા વૈરભાવને વધારનારી છે. તેથી એણે કરીને પ્રેમના અંકુર ઉપજતા નથી, અને માન મોટાઇના પવન મનમાં દૃઢ થઈ જાય છે.

(૨) **વિદ્યાના અભિમાનનું** બીજું કારણ એ છે કે યદ્યપિ નિવૃત્તિ વિદ્યા પણ ભણે અને ધર્મ માર્ગની સૂક્ષ્મતાઇને પણ સમજે, તોપણ જે પુરૂષની મનસા મલીન હોય છે, તે એવી વિદ્યાને ભણીને પણ અભિમાની થાય છે. શાથી કે એવા પુરૂષની કામના વિદ્યા ભણીને કૃતિ કરવાની નથી હોતી, પણ પોતાની મોટાઇને નિમિત્તેજ વિદ્યાને જાણે છે. તેથી વચન વાર્તાનેજ પોતાનો પુરૂષાર્થ જાણે છે. જો કદાપિ એ વીદ્યા જાતે તો નિર્મળ છે, પણ તે મનુષ્યની મલીન મનસા વિષે પ્રવેશ કરીને તે વિદ્યા પણ મલીન થઇ જાય છે. જેમ કોઇ પુરૂષ મહા રોગી હોય પણ જ્યાં સુધી પ્રથમ યત્ન કરીને તેના મેલને દૂર ન કરીએ, અને આગળથીજ રોગને નિવૃત્ત કરવાની ઔષધી તેને આપીએ ત્યારે તેના શરીર વિષે તે ઔષધી પણ રોગનોજ સ્વભાવ ગ્રહણ કરે છે.

આકાશમાંથી મેઘનું નિર્મળ જળ વરસે છે પણ જ્યારે તે પાણી કડવી ઔષધીઓને પહોંચે છે, ત્યારે કડવાશજ વધારે છે અને જ્યારે શેરડી આદિક મિષ્ટ ખેતી વિષે પ્રવેશ કરે છે ત્યારે મિષ્ટતાની વૃદ્ધિ કરે છે. તેમજ જ્યારે કંટકોના વૃક્ષને પહોંચે છે, ત્યારે કાંટાજ વધતા જાય છે. અને કમલાદિક ફુલો વિષે જઇને સુગંધી વધારે છે.

મહા પુરૂષે કહ્યું છે કે કલિયુગ વિષે એક એવાં મનુષ્ય થશે કે જેઓ રાત્રિ દિવસ નિવૃત્ત શાસ્ત્રોનો પાઠ કરશે. અને કોઈ તેની પાસે જઈ શાસ્ત્રો

નહિ. એટલા માટે કે તે સર્વદા આ વચન કહેતા રહેશે કે અમારી પેઠે પાઠ કોણ કરે છે. અને જેમ અમે સર્વ વચનોનો અર્થ સમજીએ છીએ એ પ્રકારે કોણ સમજે છે? પણ એવા પુરૂષ નિઃસંદેહ નરકોના બંધન (કાષ્ટ) થશે.

એક સન્તે કહ્યું છે કે "ધર્મથી રહિત વિદ્યાવાન ન થાઓ" શાથી કે કૃતિ વિના વિદ્યાનો ગુણ કંઈ થતો નથી અને અભિમાનજ વધી જાય છે. એ કારણથી આગળ જે મહાપુરૂષના પ્રિતમ થયા છે. તેમણે દીનતાનેજ અંગીકાર કરી છે. અને સદૈવકાળ અભિમાનથી ડરતા રહ્યા છે. જેમ એક સંતને બધા લોક મળીને વિશેષ સ્થાન વિષે બેસારવા લાગ્યા. ત્યારે તેમણે કહ્યું કે મને આ ઠેકાણે બેસવું પ્રમાણ નથી શાથી કે એટલાજ આદરે કરીને મારા ચિત્ત વિષે આ સંકલ્પ સ્ફુરી આવ્યો છે. કે હું બીજાં મનુષ્યોથી વિશેષ છું. તાત્પર્ય એકે જ્યારે એવા ઉત્તમ પુરૂષ પણ અભિમાનના સંકલ્પથી રહિત નથી થયા, ત્યારે અલ્પબુદ્ધિ જીવ અભિમાનથી શી રીતે મુક્ત થઇ શકે છે. અને એવા સમય વિષે નિરભિમાન પંડિતો ક્યાં મળી શકે છે? શાથી કે એવા વિદ્યાવાન્ પણ કોઇ વિરલાજ થાય છે કે જે અભિમાનની મલીનતાને ઓળખીને તેનો ત્યાગ કરે પણ ઘણા પંડિતતો એવા મળે છે કે તેઓ અભિમાનનેજ પોતાની વિશેષતા જાણે છે. અને આ પ્રમાણે કહેવા માંડે છે કે "હું અમુક પુરૂષને ક્યારે જાણું છું? અને તેના સામું ક્યારે જોઉં છું!" એટલે સર્વદા એજ અભિમાન વિષે બદ્ધમાન રહે છે.

જે વિદ્યાવાનોએ એવા મલીન સ્વભાવોની નીચતાને ભલી પ્રકારે ઓળખી છે તેવાઓનું દર્શનજ ઉત્તમ ભજન છે. અને તેમની પ્રસન્નતાએ કરીને જીવોને ભલાઈ પ્રાપ્ત થાય છે.

(૨) અભિમાનનું બીજું કારણ તપ અને વૈરાગ્ય છે, શાથી કે વૈરાગી તપસ્વી, અને અતીતજન પણ અભિમાનથી રહિત થઇ શકતા નથી. અને એવું જાણે છે કે સર્વ જીવોને અમારી સેવા અને દર્શન વિષે ભલાઇ પ્રાપ્ત થશે. તેથી પોતાના તપનો ઉપકાર બીજા જીવો પર રાખે છે અથવા આ પ્રમાણે જાણે છે કે ગૃહસ્થ લોક અને માયાધારી જીવ બધા દૂષિત છે. અને

તેમાંથી અમેજ મુક્ત થઇશું. વળી જ્યારે એવા તપસ્વી જનને કોઈ દુઃખ દે અને દૈવ સંયોગે કરીને દુઃખ દેનારને પણ અંધ દુઃખ પ્રાપ્ત થાય, ત્યારે એવું જાણે છે. કે મારીજ શક્તિએ કરીને અને સિદ્ધતાએ કરીને એને દુઃખ પ્રાપ્ત થયું છે.

મહા પુરૂષે કહ્યું છે કે જે પુરૂષના અભિમાને કરીને બીજા જીવોનો નાશ થયો જાણે છે તે નિસ્સન્દેહ, પોતેજ નાશ થાય છે. શાથી કે કોઈ પર દોષ દૃષ્ટીથી જોવું એજ મહા પાપ છે, વળી જ્યારે કોઇ એની સેવા પૂજા ભગવત્ અર્થે કરે અને તેને પ્રસન્ન કરવા ઇચ્છે અને એ પુરૂષ અભિમાને કરીને તેનો નિરાદર કરે ત્યારે આ ભય થાય છે કે રખેને મહારાજ એની વિશેષતા તે પુરૂષને દે. અભિમાની પુરૂષ શુભ ગુણોના ફ્લોથી અપ્રાપ્ત રહિ જાય છે એ ઉપર એક વાર્તા છે કે એક નગરની પાસે એક મોટા તપસ્વી રહેતા હતા. અને એ નગરમાં એક મોટો અપકર્મી રહેતો હતો પણ તે તપસ્વી એવો હતો કે તેના માથાપર સર્વદા વાદળોની છાયા રહેતી, એવી શક્તિવાળો હતો પછી પેલો અપકર્મી મનુષ્ય આધીન થઇને તેની પાસે આવ્યો. અને તેને વિશેષ જાણીને આ મનસા કરવા લાગ્યો કે એની સંગતીએ કરીને હું પણ પાપોથી મુક્ત થઇશ અને પેલા તપસ્વી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા કે મારા જેવો તો કોઇ તપસ્વી નથી અને એના સરખો અપકર્મી પણ કોઇ નથી. તેથી આ પુરૂષ મારી સંગતીનો અધિકારી શી રીતે થઇ શકે? એવું સમજીને તપસ્વીએ તેને બેસવા ન દીધો અને કઠોર વચન કહીને તેનો નિરાદર કરવા લાગ્યો. પછી જ્યારે તે પુરૂષ દીન અને લજ્જામાન થઇને ઉઠીને ચાલ્યો ત્યારે મેઘની છાંયા પણ તપસ્વીના માથાપરથી ચાલી ગઇ એક મહા પુરૂષને આકાશવાણી થઈ કે "તપસ્વી મનુષ્યનાં જપ, તપ અને અભિમાને કરીને તમામ વ્યર્થ થયું છે. અને શુદ્ધ ભાવનાએ કરીને અપકર્મીનાં બધાં પાપ નાશ થયાં છે," તેથી તમે મારો આ સંદેસો બેઉ પુરૂષોને પહોંચાડો જેથી કરીને તપસ્વીનું અભિમાન અને અપકર્મીની નિરાશેતા દૂર થઇ જાય.

એક બીજી વાર્તા છે કે દૈવયોગે કરીને એક તપસ્વીના માથામાં કોઇ

પુરૂષનો પગ લાગી ગયો હતો, ત્યારે તે તપસ્વી ક્રોધવાન્ થઇને કહેવા લાગ્યો ભગવતની દુહાઇ છે કે આ અવજ્ઞા મહારાજ તને ક્ષમા કરશે નહિ. ત્યારે આકાશવાણી થઈ કે “ હે તપસ્વી તું જે મારી પાસે ક્ષમા કરાવવામાં કે ન કરાવવામાં નિશ્શંક થઇને દુહાઇ (આણ) કરે છે, તેથી હું પણ પોતાની આણ દેઈ કહું છું કે હું તારા ઉપર કદાચિત્ ક્ષમા કરીશ નહિ. અને દયા વડે કરીને અવજ્ઞા કરનારનાં બધાં પાપ ક્ષમા કરીશ. તાત્પર્ય એ કે જ્યારે કોઇ મનુષ્ય તપસ્વી જનને દુખાવે છે, ત્યારે તે તપસ્વી એવુંજ અનુમાન કરી લે કે મહારાજ આ અવજ્ઞાને ક્ષમા કરશે નહિ. એ કારણથી જ્યારે ક્રોધવાન્ થાય છે, ત્યારે શીઘ્રજ શાપ દેવા માંડે છે, તે મોટી મૂર્ખતા છે. આગળ કેટલાએ વિમુખોએ સન્ત જનોને પ્રકટજ દુઃખ દીધું છે, છતાં તેમની કૃપાથી તેઓને કંઇ દુઃખ પ્રાપ્ત થયું નથી, પણ ઉલટું તેનું હૃદય શુભ માર્ગની તરફ આવ્યું છે પણ કેટલાક મૂર્ખ અભિમાને કરીને પોતાને વિશેષ જાણી પોતાના શત્રુપર ક્રોધવાન્ થાય છે, ત્યારે પ્રકટજ કહેવા લાગે છે કે મારી અવજ્ઞાએ કરીને તારો ધર્મ, ધન અને કુળ બધુંજ નષ્ટ થઈ જશે. અથવા જ્યારે અકસ્માત્ તેને દુઃખી દેખે છે, ત્યારે એવું જાણે છે કે મારાજ કોપે કરીને એને કષ્ટ પ્રાપ્ત થયું છે. મૂર્ખ તપસ્વીઓની એવી અવસ્થા થાય છે. બુદ્ધિમાન્ વૈરાગી જનોનું લક્ષણ એવું છે કે જ્યારે કોઇ પ્રજાને ખેદવાન્ દેખે છે, ત્યારે તે આ પ્રમાણે સમજે છે કે અમારાજ પાપે કરીને એને ખેદ પ્રાપ્ત થયો છે. તાત્પર્ય એ કે જિજ્ઞાસુ જન વૈરાગ્ય વિષે પણ ભયમાન રહે છે અને જે બુદ્ધિહીન તપસ્વી હોય છે, તે જો કે શરીરે કરીને કૃતિ શુભ કરે છે તોપણ તેનું હૃદય અભિમાને કરીને અંતરથી મલીન રહે છે. અને તે મલીનતાથી ડરતાજ નથી. પણ જ્યારે યથાર્થ દૃષ્ટીએ કરીને જોઇએ ત્યારે જે પુરૂષ કોઇ પ્રકારે પોતાને વિશેષ જાણે છે, તે નિઃસંદેહ પોતાના તપ અને ભજનના ફળને વ્યર્થ કરે છે. શાથી કે અભિમાનના સમાન કોઇ બીજું મોટું પાપજ નથી એ ઉપર એક વાર્તા છે કે એકવાર આચાર્ય મહારાજના પ્રીતમ કોઇ પુરૂષની પ્રશંસા કરતા હતા, તે તેમણે જ્યારે તેને જોયો, ત્યારે કહેવા

લાગ્યો કે એ વિષે તો મને દંભનું ચિન્હ નજરમાં આવે છે તે સાંભળીને સ્તુતિ કરનારો પ્રીતિમાન વિસ્મિત થઈ ગયો. ત્યારે આચાર્ય મહારાજે તે પુરૂષને પોતાની પાસે બોલાવીને આ પ્રમાણે પૂછયું કે તું આ લોકોથી પોતાને વિશેષ જાણે છે કે નહિ, ત્યારે તેણે કહ્યું કે "હું પોતાને વિશેષ તો જાણું છું." આ અભિમાનનું ચિન્હ આચાર્ય મહારાજ જે પોતાના હૃદયના પ્રકાશે કરીને પ્રકટજ જોઇ લીધું. અને લોકોએ તેને ભલી પ્રકારે જાણ્યું નહોતું. આ અભિમાન રૂપી વિઘ્ન વિદ્યાવાનો અને તપસ્વિયો વિષે નિઃસંદેહ અધિક હોય છે. અને એ વિષે પણ મનુષ્યની અવસ્થા ત્રણ પ્રકારની હોય છે.

(૧) એક પુરૂષ એવા છે કે જો કે હૃદયે કરીને અભિમાનથી રહિત થઇ શકતા નથી તોપણ યત્ન સહિત દીનતા અને ગરીબાઇને અંગીકાર કરે છે. અને કર્મો વિષે પણ દાસ ભાવને લેતા રહે છે. તેથી વ્યવહાર અને વચને કરીને તેમનામાં કોઇ પ્રકારે અભિમાન જોવામાં આવતો નથી. તેનું દૃષ્ટાંત આ છે કે જેમ કોઇ પુરૂષ મૂળમાંથી વૃક્ષને કાપી ન શકે પણ તેની બધી શાખાઓ કાપી નાંખે, તોપણ તેને બળવાન કહે છે.

(૨) બીજા પુરૂષ એવા હોય છે કે વચને કરીને પોતાની મોટાઇનું વર્ણન કરતા નથી, અને સર્વ પ્રકારે પોતાને નીચ કહે છે, પણ તેના હૃદયનું અભિમાન કર્મો વિષે પ્રકટ ભાસે છે. જેમ વિશેષ સ્થાનપર બેસવું, અને બધાથી આગળજ ચાલવું, કોઇની તરફ જોવું નહિ, ભૃકુટી ચઢાવી રાખવી એ બધાં અભિમાનનાં લક્ષણ છે. પણ એ પુરૂષ એવું નથી જાણતો કે વિદ્યા અને કૃતિ ભૃકુટી ચઢાવવામાં તો નથી હોતી, શાથી કે એતો હૃદયનાં અંગ છે. અને તેનો પ્રકાશ જે સર્વ ઇંદ્રિયો પર વર્ત્તમાન થાય છે. તે દાસભાવ અને દીનતા તથા સર્વ જીવોપર દયા છે. એ કારણથી યદ્યપિ આચાર્ય મહારાજ વિદ્યા અને વૈરાગ્યે કરીને સર્વ મનુષ્યોથી વિશેષ હતા, પણ તેમના સમાન નમ્ર અને કોમલ સ્વભાવ કોઈ વિષે જોવામાં આવતો નથી. તેથી સર્વ જીવો તરફ પ્રસન્નતા અને દયાની દૃષ્ટીથી જોતા હતા અને સદૈવ કાલ પોતાનું મુખ આનંદમાં રાખતા હતા. એથી કરીને ભગવન્તે પણ તેમની સ્તુતિ કરી હતી.

કે તારો સ્વભાવ અતિ કોમલ અને પ્રસન્ન વદન છે. તેથી તારાથી કોઇ મનુષ્ય ભયવાન્ થઇને દૂર થવા ઇચ્છતું નથી.

(૩) ત્રીજા મનુષ્ય એવાં હોય છે કે પોતાના મુખથી પોતાનીજ સ્તુતિનું વર્ણન કરે છે. વળી પોતાની સિદ્ધતા અને અવસ્થાનું વર્ણન કરે છે. અને આ પ્રમાણે કહેવા માંડે છે કે અમુક તપસ્વીમાં શું છે? હું તો સર્વદા દીન વિષે વ્રત રાખું છું, અને આટલા પાઠ કરૂં છું. અને રાત્રી વિષે જાગરણ કરૂં છું. અથવા જ્યારે કોઇને ભજન કરતાં જુએ છે, ત્યારે તેનાથી વિશેષ નિયમ કરવાને ઇચ્છે છે.

એમજ વિદ્યાવાન્ કહે છે કે અમુક પુરૂષ શું વિદ્યા ભણ્યો હશે? અમે તો આટલી વિદ્યા જાણીએ છીએ, અને પ્રશ્નોત્તર વિષે બીજાને નિર્લજ કરવાને ઇચ્છીએ છીએ, અથવા પોતે જૂઠું બોલતો હોય તોપણ પોતાના વચનને ખોટું પાડી શકતો નથી. અને સભા વિષે નૂતન વચન ચતુરાઇ સંયુક્ત ઉચ્ચારણ કરે છે. અને પોતાની મોટાઇને પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે એ પ્રમાણે ઘણા તપસ્વી અને વિદ્યાવાન્ અભિમાનથી રહિત થઈ શકતા નથી.

જેમણે અભિમાનને ભલી પ્રકારે નિન્દ્ય જાણ્યું છે, તેઓ પ્રીતિ અને નમ્રતા વિષેજ સ્થિત થયા છે. જેમ મહારાજે પણ કહ્યું છે કે જ્યારે તમે પોતાને નીચ જાણશો ત્યારે મારી પાસે તમને વડાઇ મળશે અને જ્યાં સુધી તમે પોતાને વિશેષ જાણો છો, ત્યાં સુધી તમે મારી પાસે અતિ નીચ છો જે આ ભેદને સમજ્યા નથી તે વિદ્યાવાન્ પણ મહા મૂર્ખ છે.

(૩) ત્રીજું કારણ ઉત્તમ કુલનું અભિમાન છે. જેમ બ્રાહ્મણ અને બીજા ઉત્તમ જનોનાં જે સન્તાન હોય છે, તેઓ વિદ્યાવાનો અને વૈરાગીને જુએ તોપણ અભિમાને કરીને તેને પોતાનો ચાકર જાણે છે. તેઓ પોતાના અભિમાનને પ્રગટ કરતા નથી, પણ ક્રોધના વખતમાં અભિમાન આપેજ પ્રસિદ્ધ થૈ આવે છે.

એક સન્તે કોઇને ક્રોધવાન્ થઇને દાસી સુત કહ્યો હતો. જ્યારે તે વાર્તા આચાર્ય મહારાજે સાંભળી, ત્યારે તેને કહેવા લાગ્યા કે ભગવત્‌ની પાસે દાસી સુત અને રાણી સુતની વિશેષતા કે ન્યુનતા કંઇ નથી તેથી તમે અભિમાની થશો નહિ. આ વચન સાંભળીને તે સંત તેને ઘેર ગયા અને તેના ચરણ પોતાના મસ્તકપર રાખીને પોતાની અવજ્ઞા (અપરાધ) ને ક્ષમા કરાવી તાત્પર્ય એકે જ્યારે તેણે અભિમાનનાં વર્તનને નિંદ્ય જાણ્યાં, ત્યારે એવી નમ્રતાને અંગીકાર કરવા લાગ્યા.

એવાજ બે મનુષ્ય આચાર્ય મહારાજની પાસે વિવાદ કરવા લાગ્યા હતા કે હું તો અમુકનો પુત્ર અને અમુકનો પૌત્ર છું, અને તું કોણ નીચ છે. જે મારા સામે વચન બોલે છે. એમજ નવ પેઢી પિતા પિતામહ પર્યંત વર્ણન કરી ગયો ત્યારે આચાર્ય મહારાજને આકાશવાણી થઈ કે એના નવે પિતામહ આગળથીજ નરક વિષે બળે છે. અને આ પણ જઇને તેમની સાથે બળશે. માટે એને કહો કે તું આટલું માન શી રીતે કરે છે? શાથી કે જો તું કુળનું અભિમાન કરીશ તો વિષ્ટાના કીડાની પેઠે મહા નીચ ગતીને પામીશ.

(૪) ચોથું કારણ માનનું રૂપ છે. પણ એ રૂપ અને શ્રૃંગાર બનાવવાનું કામ સ્ત્રીયો વિષે અધિક હોય છે. જેમ એક મહા પુરૂષની સ્ત્રીએ કહ્યું હતું કે આ સ્ત્રી ઠીંગણી છે, આથી એ વચન વિષે એ અભિમાન સિદ્ધ થાય છે કે મારૂં શરીર એથી ઊંચું છે.

(૫) અભિમાનનું પાંચમું કારણ ધન છે એટલા માટે કે જ્યારે ધનવાન્ પુરૂષ કોઇ નિર્ધનપર ક્રોધવાન થાય છે. ત્યારે આ પ્રમાણે કહેવા લાગે છે કે હું આટલું ધન અને સામગ્રી રાખું છું ત્યારે તું કોણ નીચ છે જે મારા સામો બોલે છે? જ્યારે હું ઇચ્છું ત્યારે તારા સરખા કેટલાએ નોકર વેચાથી લાવું.

(૬) અભિમાનનું છઠું કારણ બલ છે, તેથી બળવાન્ પુરૂષ પણ નિબળ મનુષ્યને જોઇને અવશ્યજ અભિમાની થાય છે.

(૭) અભિમાનનું સાતમું કારણ માન છે તે એ છે કે સંબંધિયો, વિદ્યાર્થીયો, ચાકર અને પોતાના સેવકો પર અભિમાન કરે છે. તાત્પર્ય એકે જે પદાર્થને આ મનુષ્ય વિશેષ જાણે છે, તે પદાર્થને પામીને અવશ્યજ અભીમાની થાય છે, અર્થાત્ યદ્યપિ તે પદાર્થ નીચ પણ હોય તોપણ પોતાની સમજ વિષે તેને ઉત્તમ જાણી મોટાઇ કરવા ઇચ્છે છે, જેમ હીજડા પણ પોતાની નિર્લજતા પર અભિમાન કરે છે અભિમાનનાં મોટાં કારણ એજ સાત છે, વળી અભિમાનનું પ્રકટ થવું પણ ઇર્ષા અને વૈરભાવે કરીને થાય છે. અથવા દંભને નિમિત્તે પણ માણસ પોતાને વિશેષ કરીને દેખાડે છે. અથવા પ્રશ્નોત્તરના વિવાદ વિષે પણ અભિમાનનું ચિન્હ પ્રકટ ભાસી આવે છે. આપણે જ્યારે અભિમાનનાં કારણોને ભલિ પ્રકારે ઓળખ્યાં ત્યારે તેને નિવૃત્ત કરવાનો ઉપાય પણ અવશ્યજ સમજવો જોઇએ. જેમ રોગનાં કારણોને ઓળખીને તે દૂર કરીએ એજ રોગના નાશનો ઉપાય છે.

અભિમાનને નિવૃત્ત કરવાના ઉપાયોનું વર્ણન.

અભિમાનનો અંશ પણ આત્મસુખથી અપ્રાપ્ત કરનારો છે. માટે અભિમાન રૂપી રોગનો ઉપાય કરવો અવશ્યજ પ્રમાણ છે. અને એ રોગ એવો પ્રબળ છે કે એની વ્યથાથી રહિત કોઇ વિરલો પુરૂષજ હોય છે. અને દૂર કરવાના ઉપાય પણ બે પ્રકારના છે.

એક ઉપાય એવો છે કે તે મૂળમાંથી સર્વ પ્રકારના અભિમાનને દૂર કરી નાંખે છે. અને (૨) બીજો ઉપાય એ છે કે તેમાં અભિમાનનાં કારણોને ઓળખીને ભિન્ન ભિન્ન રીતે તેને નિવૃત્ત કરવાનું થાય છે. આ બેઉ ઉપાય સમજકૃતીની સાથે મળીને સિદ્ધ થાય છે.

(૧) પ્રથમ ઉપાય એ છે કે ભગવત્‌ના ઐશ્વર્યને ઓળખવું અને એવું જાણવું કે મોટાઇના અધિકારી એક મહારાજજ છે. પોતાને આ પ્રમાણે સ-

મજો કે મારા સમાન નીચ, મલીન, પરાધીન અને મૂર્ખ કોઈ નથી. આ ઉપાય એવો ઉત્તમ છે કે અભિમાનના રોગને મૂળમાંથીજ કાપી નાંખે છે. તેથી આ જીવની નીચતાને ઓળખવાને એકજ વચન વિશેષ છે જેમ શ્રીભગવન્તે કહ્યું છે કે "આ મનુષ્યની આદિ ઉત્પત્તિ વીર્ય્ય છે" એ વચનનો અર્થ એ છે કે ખરૂં જોતાં મનુષ્યના સમાન બીજી નીચ વસ્તુ કોઇ નથી. શાથી કે પ્રથમતો એનું નામ રૂપજ કાંઇ પ્રકટ નહોતું, પછી રાજ અને વીર્ય જે પૃથ્વી અને જળનો વિકાર છે, તેના સંબંધથી શરીરની ઉત્પત્તિ ઇશ્વરે રચી જ્યારે ભલી પ્રકારે દેખીયે ત્યારે તે રજ્જ અને વિર્યના સમાન બીજી મલીનતા શી છે? તે પછી માંસનો આકાર પ્રકટ થાય છે તેમાં નેત્ર શ્રવણ અને બુદ્ધિ આદિક ચૈતન્યતાજ કંઇ નહોતી, તેથી તે પથ્થરની પેઠે જડરૂપ દેખાય છે.

અર્થ એકે જે પોતે પોતાથીજ અચેત હોય, ત્યારે બીજા કોઈ પદાર્થને શી રીતે ઓળખે? પછી ભગવતે પોતાની સમર્થતાએ કરીને એજ માંસને સર્વ ઇંદ્રિયો અને બુદ્ધિ આપી છે. એ વાર્તા તો પ્રસિદ્ધ છે કે ઇંદ્રિયો અને બુદ્ધિની ચૈતન્યતા જળ અને પૃથ્વીનો ધર્મ નથી. પણ આ બધું આશ્ચર્ય મહારાજે ઉત્પન્ન કર્યું છે એટલા માટે કે આ મનુષ્ય ભગવત્‌ના જ્ઞાનને અને બળને ઓળખે. અભિમાન કહવાને નિમિત્તે તો એવું અંગ અને એવું બળ ભગવતે માણસને આપ્યાં નથી. આ મનુષ્યની આદિ તો એજ છે તેથી જ્યારે વિચાર કરીને દેખીયે, ત્યારે અવસ્થા જીવને લજ્જામાન કરનારી છે. ત્યારે એ અવસ્થામાં અભિમાનનું ઠેકાણુંજ ક્યાં છે?

મનુષ્યની મધ્યમાવસ્થા એ છે કે જ્યારે સર્વ ગુણો અને સર્વ ઇંદ્રિયો સંયુક્ત થઇને આ સંસાર વિષે આવ્યો, તોપણ મહાદીન અને પરાધીન છે; જ્યારે આ જગત્ વિષે આવીને આ જીવ સ્વેચ્છિત હોત તોપણ તેને અભિમાનનો અધિકાર થાત. તે ભ્રમે કરીને એવું જાણે છે કે હું પોતાની મેળેજ ઉત્પન્ન થયો છું. પણ આ સંસારમાં ભૂખ, તરશ શીત, ઉષ્ણ, દુઃખ, ચિંતા આદિક જે અનેક વિઘ્ન છે, તે બધાં આ જીવ ઉપર પ્રબલ કરેલાં છે, તેથી

એક ક્ષણ પણ એ દુઃખોથી રહિત થઈ શકતો નથી. એ બધાં કષ્ટ એવાં છે. કે વર્ણન વિષે આવતા નથી. વળી આ જીવના રોગોનો ઉપચાર કડવી ઔષધિયો વિષે રાખ્યો છે. અને શરીરના ભોગો વિષે રોગોની ઉત્પત્તિ રાખી છે. તે જ્યારે વાસના પ્રમાણે સુખોને ભોગવે છે, ત્યારે અવશ્યજ દુઃખી થાય છે. તાત્પર્ય એકે આ જીવનું કોઈ કાર્ય તેની મરજી પ્રમાણે રચેલું નથી. તેથી જ્યારે કોઇ પદાર્થને જાણવાને ઇચ્છે છે, ત્યારે જાણી શકતો નથી તેમ જ જ્યારે પોતાના સંકલ્પોને વિસ્મરણ કરવાને ઇચ્છે છે ત્યારે વિસારવાને સમર્થ થતો નથી. એથી પ્રસીદ્ધ થયું કે મનુષ્યને સર્વ અંગો અને બલ સંયુક્ત રચેલું છે, તો પણ મહા દીન, પરાધીન અને અત્યન્ત નીચ છે. માણસની અંત્ય અવસ્થા એ છે કે જ્યારે મૃતક થાય છે, ત્યારે નેત્ર, શ્રવણ, બળ, રૂપ આદિક કોઇ ગુણ રહેતો નથી. અને મલીન મૃતક શરીર રહી જાય છે. તેથી સૌ કોઇ તેને જોઇને ગ્લાનિ કરે છે. વળી એજ દુઃખથી છૂટી શકતો નથી. શાથી કે જ્યારે પરલોક વિષે પહોંચે છે, ત્યારે અનેક પ્રકારનાં ભયાનક રૂપ દેખે છે, ત્યાં દંડનો અધિકારી થાય છે, અને પોતાના બધા આયુષ્ય બળમાં કરેલાં અપકર્મ જોઇને લજ્જામાન થાય છે, અને દેવતાઓ આ પ્રમાણે પૂછે છે કે અમુક અહાર અને જુદી કૃતિ અને સંકલ્પ તેં શા માટે કર્યા હતા ? એનો ઉત્તર ન આપે ત્યારે જૂઠો થાય છે. તેથી મહા નરકો વિષે પ્રાપ્ત થાય છે. પછી તે સમય વિષે આ પ્રમાણે કહેવા લાગે છે કે "જો હું કૂતરો, ભુંડ કે માટી થયો હોત તો સારૂં હતું" શાથી કે પશુઓને પરલોકનો દંડ થતો નથી. જે પુરૂષે એ પ્રમાણે જડ પદાર્થ અને પશુઓથી પણ પોતાને નીચ જાણ્યો છે, તે મોટાઇ અને અભિમાન વિષે શી રીતે આસક્ત થશે ? કેમ કે જ્યારે ધરતી અને આકાશનાં રજકણ માણસની નીચતા અને પાપોને ઓળખીને રૂદન કરે, તોપણ આ જીવનાં દુઃખોનો અંત કદાચિત્ આવતો નથી. તેનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઇ ચોરને કોઇ કોટવાલ પકડીને બંદીખાના વિષે નાંખે, અને તે ચોરને શૂળીએ ચઢવાનો ભય હોય ત્યારે તે શી રીતે અભિમાન કરશે ? તેમજ આ બધાં મનુષ્ય પાપરૂપી ચોરી

કર્યાં કરે છે અને સંસાર રૂપી બંદીખાનામાં બાંધેલાં છે. વળી નરકોનો ભય શૂળી ચઢવા જેવો છે. તો જે પુરૂષ આ ભેદને ભલી પ્રકારે સમજ્યો છે, એ જાણવાનું જ અભિમાન રૂપી રોગને મૂળમાંથીજ નાશ કરી નાંખે છે. શાથી કે એવો મનુષ્ય પોતાને બધાર્થી નીચ જાણે છે.

કૃતિએ કરીને અભિમાનનો ઉપાય આ પ્રમાણે થાય છે કે મન, વચને કરીને દાસ ભાવનો અંગીકાર કરે એટલા માટે કે ભગવત્ ભજનનું તાત્પર્ય નમ્રતા અને દીનતા છે. માટે જિજ્ઞાસુને પણ એવુંજ ઘટે છે કે જો કોઈ અભિમાનના સ્વભાવને અનુસાર કર્મ કરે, તો તેનાથી (ઉલટા) થઇને વિચરે.

અભિમાન રૂપી રોગ એવો પ્રબલ છે કે નેત્ર, રસના, વસ્ત્ર અને શરીરનાં સર્વ અંગો વિષે પ્રકટ હોય છે. તેથી જિજ્ઞાસુ જનને ઘટે છે કે પુરૂષાર્થે કરીને સર્વ અંગો વિષે દાસ ભાવને અંગીકાર કરે અભિમાનનું ચિન્હ બીજું પણ છે કે માની પુરૂષ એકલો ચાલી શકતો નથી. તેથી નમ્રતાવાન્ પુરૂષોને ઘટે છે કે–એમ વર્તે નહિ.

એક સંત કોઇને પોતાની પાછળ ચાલવા દેતા નહોતા અને આ પ્રમાણે કહેતા હતા કે લોકોની આગળ ચાલવા વિષે આ જીવનું મન સ્થિર રહેતું નથી. તેમજ બીજા એક સન્તે કહ્યું છે કે જેટલો આ માણસને લોકોની સાથે અધિક મેળાપ થાય છે, તેટલોજ ભગવત્‌ના મેળાપથી દૂર રહે છે. એ કારણથી જ્યારે આચાર્ય મહારાજ માર્ગ વિષે ચાલતા ત્યારે ક્યારેક પ્રીતીમાનો મધ્ય વિષે ચાલ્યા જતા હતા, અને કદી પોતે પાછળ રહીને પ્રીતમોને આગળ કરી લેતા હતા. જ્યારે તેમની આગળ લોકો ઉઠી ઉભા થતા ત્યારે તે વિષે તેમને ગ્લાનિ ઉપજી આવતી હતી. અને તેમને તેમ કરવાથી વર્જિત કરતા હતા.

એક સન્તે કહ્યું છે કે "તમે કોઈ નરકગામી મનુષ્યને જોવા ઇચ્છો, ત્યારે જે પોતે તો બેઠો હોય અને લોકો તેની આગળ ઉભા હોય તેને દેખજો બીજું આ પણ અભિમાનનું લક્ષણ છે કે પોતાનાથી વિશેષ પુરૂષનાં દ-

શન માટે જઇ શકે નહિ, અને દીન પુરૂષોને નિકટ બેસવા દે નહિ એ કારણથી મહા પુરૂષ સૌ કોઇને ભાવ સંયુક્ત મળતા હતા. અથવા જ્યારે કોઇ રોગી મનુષ્ય અપવિત્ર થતો હતો ત્યારે તેને પાસે બેસારીને ભોજન કરાવતા હતા.

જે અભિમાની માણસ હોય છે, તે પોતાની ક્રિયા પણ પોતે કરી શકતો નથી અને એક મહા પુરૂષ પોતેજ પોતાના ઘરની બધી ક્રિયા કરી લેતા હતા.

એ ઉપર એ વાર્તા છે કે–એક ભગવત્ ભક્ત રાજાને ઘેર તેનો કોઇ મિત્ર આવ્યો હતો પછી રાત્રીને વખતે જ્યારે દીવો રાણો કરવા માંડયો, ત્યારે તે મિત્રે દીવામાં તેલ પુરવાનો વિચાર કર્યો, એટલે રાજાએ કહ્યું કે મહેમાન પાસે કામ કરાવવું ઠીક નહિ, માટે તમે બેશી રહો, પછી તે મિત્રે કહ્યું કે ચાકરને જગાડું ? ત્યારે રાજાએ કહ્યું કે ચાકર પણ હમણાંજ સુતો છે. એટલું કહીને પોતેજ ઉઠીને દીવામાં તેલ પુર્યું, ત્યારે તે મિત્ર કહેવા લાગ્યો કે તમે પોતેજ ઉઠયા ? ત્યારે રાજાએ કહ્યું કે જ્યારે હું બેઠો હતો ત્યારે પણ તેજ હતો અને હમણાં પણ તેજ છું, તેથી મારૂં તો કંઈ ગયું નથી.

એક ભક્ત રાજા રાજ્ય કરતા હતા તોપણ તે જીવિકાને નિમિત્તે લાકડાંનો ભારો બજાર વિષે વેચી લેતા હતા.

અભિમાની મનુષ્યોનો આવો પણ સ્વભાવ છે કે સુંદર વસ્ત્ર પહેર્યાં વિના ઘરમાંથી બહાર નીકળતા નથી, પણ એક હરિભક્ત રાજા રાજ ધર્મ વિષે પણ નાનો જામો પહેરતો હતો, ત્યારે કોઇએ કહ્યું કે તમે આટલી કૃપણતા કેમ કરો છો ? ત્યારે રાજાએ કહ્યું કે એણે કરીને પોતાનું ચિત્ત પણ પ્રસન્ન રહે છે અને આ ક્રિયાને જોઇને બીજા જિજ્ઞાસુ જન પણ સંયમ વિષે રહેશે અને નિર્ધન પુરૂષોનો સંકોચ પણ દૂર થશે.

એક બીજો હરિભક્ત રાજા, જ્યારે રાજ પુત્ર હતા ત્યારે હજાર રૂપીયાનો પોષાક પહેરતા હતા, અને તેને પણ ઉત્તમ કહેતા હતા. પછી જ્યારે પોતે રાજ્ય કરવા લાગ્યા ત્યારે બે રૂપીયાનો પોષાક પહેરીને આ પ્રમાણે કહેતા કે જો એથી પણ અધિક જાડો પહેરીયે તો સારૂં છે. ત્યારે કોઇએ કહ્યું કે આગળ તો તમે સુંદર વસ્ત્રોની ઘણી અભિલાષા કરતા હતા અને હવે શા માટે જાડો પહેરો છો? ત્યારે તેમણે કહ્યું કે ભગવાને મારૂં મન રસગ્રાહી બનાવ્યું છે. માટે જે વસ્તુ વિષે કંઇ સુખ જુએ છે, તેની તરફ દોડે છે અર્થ એ કે આગળ સ્થૂળ ભોગોને જોઇ, તેને વિશેષ જાણીને પ્રીતિ કરતું હતું, અને હવે સાચા સુખની અભિલાષા કરે છે. સર્વથા એવું કહેવાતું નથી કે સુંદર વસ્ત્રોએ કરીનેજ અભિમાન થાય છે. શાથી કે કેટલાક પુરૂષ પુરાતન વસ્ત્ર પહેરીને પણ અભિમાન કરે છે. અને પોતાને વૈરાગી જાણે છે. એ ઉપર એક મહા પુરૂષે કહ્યુ છે કે પુરાતન વસ્ત્ર પહેરવાથી વૈરાગ્ય પ્રાપ્ત થતો નથી. જ્યારે તમારૂં અંતઃકરણ ભગવત્‌ના ભયે કરીને કોમળ થાય, ત્યારે ઉજ્વળ વસ્ત્રો પહેરવાથી પણ કંઇ દોષ થતો નથી. તાત્પર્ય એ કે જે પુરૂષને નમ્રતા અને દીનતાની ઇચ્છા હોય ત્યારે મહા પુરૂષોનાં આચરણોને ભલિ પ્રકારે જાણે અને તેની નમ્રતા ઓળખીને એ પણ નમ્રતાનેજ અંગીકાર કરે.

એક આચાર્ય મહારાજનો એવોજ સ્વભાવ હતો કે પોતાનાં વસ્ત્રોને પોતેજ શીવતા હતા. અને ગૃહ વિષે ઝાડુ આદિક ક્રિયા કરતા હતા, અને જ્યારે એમનો નોકર થાકી જતો હતો ત્યારે તેનું શરીર ચાંપતા હતા. વળી ધનવાન્ નીર્દ્ધન, બાલક અને વૃદ્ધને જોઇને પ્રથમજ પ્રણામ કરતા હતા, અને ઉંચ નીચ, સુંદર અને કદરૂપ વીષે ભેદ રાખતા નહોતા અને જ્યારે કોઇ એમના પર ભાવે કરીને પ્રસાદ જમવાનું નોતરૂં દેતા ત્યારે તેની થોડી ઘણી વસ્તુને ગ્લાની વીના ગ્રહણ કરતા હતા. તેમજ અતી કોમળ, ઉદાર પ્રસન્ન વદન, ચપળતાથી રહિત ભગવત્‌ના ભયે કરીને સંકોચાએલા કઠોર મસ્તક નહિં રાખનાર પ્રયોજન વીના આધીન ચીત્તવાળા સંયમ સહીત ઉદાર સૌ કોઇ પર દયા રાખનાર અને સર્વદા પોતાના શીશને નમાવી રાખતા એવા હતા. જે

પુરૂષ પોતાની ભલાઈને પ્રાપ્ત કરવા ઇચ્છે તેણે એવા મહ. પુરૂષના આચાર અનુસાર વીચરવું.

(૨) અભીમાનનો બીજો ઉપાય જે ભીન્ન ભીન્ન વીચારે કરીને કહ્યો હતો તે એ છે કે પ્રથમ પોતાના અભીમાનના કારણને ઓળખે તે જ્યારે ઉત્તમ કૂળનું અભીમાન સ્ફુરે ત્યારે એવું જાણે કે મારૂં કુળતો રજ અને વીર્ય છે. શાથી કે આ શરીર એથીજ ઉત્પન્ન થયું છે તેથી એની માતા રક્ત છે, અને પીતા વીર્ય છે, અને માટી એની પીતામહ છે. એ સઘળો પદાર્થ મહા અપવીત્ર અને તુચ્છ છે, તેથી વીચારવાને એમજ જાણીને અભીમાનને નીવૃત કરવું યોગ્ય છે શાથી કે જ્યારે કોઈ કુંભારનો પુત્ર હોય ત્યારે તે તેની નીચ ક્રીયાથી કદાચીત અભીમાની થતો નથી પણ જ્યારે વીચારીને જોઇએ કે આ મનુષ્ય રજ અને વીર્યનું સંતાન થઇને શાથી અભીમાન કરે છે? ત્યારે તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઈ પુરૂષ પોતાને બ્રાહ્મણ જણાવે અને કોઇ બીજો બે સાક્ષી લાવીને કહે કે આતો હજામનો પુત્ર છે ત્યારે એ વચન સાંભળીને તે કેવો લજ્જામાન થાય છે. તેમજ જેમણે પોતાના શરીરની ઉત્પત્તીને ભલી પ્રકારે જાણી છે, તે કદાચીત્ માની થતો નથી.

રૂપના અભિમાનનો ઉપાય.

અભિમાનનું બીજું કારણરૂપ છે, કોઇ મનુષ્ય પોતાના રૂપનું અભિમાન કરે ત્યારે તેને ઘટે છે કે પોતાના શરીરની મલીનતાને ઓળખે અને શરીરનાં સર્વ અંગો વિષે જે દુર્ગંધ ભરપુર છે, તેનો વિચાર કરે કે આ શરીર આવું મલીન છે માણસ નિત્ય પ્રતિ પોતાની મલીનતાને બે ત્રણ વાર ધુએ છે, પણ તે મલીનતાને જોવાને કે વાસ લેવાને ઇચ્છા કે બળ રાખતો નથી એના શરીરનું રૂપ મલીનતાનુંજ આશ્રિત છે. અને માણસની ઉત્પત્તિ પણ રજ અને વિર્ય કરીને થઈ છે.

એક સંતે કોઇ પુરૂષને વરણાગીમાં ચાલતો જોયો ત્યારે તેને કહેવા લાગ્યા કે જે પુરૂષે પોતાના ઉદરની મલીનતાને ઓળખી છે, તે આ પ્રમાણે કદી લટક મટક કરીને ચાલતા નથી શાથી કે આ શરીર મળ મુત્રના સ્થાનથી પણ મલીન છે. અને મળ મુત્રનાં સ્થાનોમાં પણ એનીજ મલીનતાએ કરીને મલીનતા થાય છે.

આ મનુષ્ય રૂપનું જે અભિમાન કરે છે, પણ એણે તો પોતાનું રૂપ પોતે બતાવ્યું નથી અને કોઇ પુરૂષ પોતાની મેળે કુરૂપ પણ થઇ શકતા નથી. તેથી ગ્લાનિ અને અભિમાન કરવો વ્યર્થ છે, વળી આ રૂપ એવું ક્ષણ ભંગુર છે કે એકજ રોગ અથવા ફોડલાએ કરીને કુરૂપ થઈ જાય છે. તેથી અભિમાન કરવો એ મૂર્ખતા છે.

બળના અભિમાનનું વર્ણન.

જ્યારે બળનું અભિમાન સ્પુરે ત્યારે આ પ્રમાણે વિચારે કે જ્યારે એક નાડી વિષે પીડા ઉપજે છે, ત્યારે મહા નિર્બળ અને દીન થઇ જાય છે. વળી માખી અને મચ્છર કે કીડીના કરડવાથી પણ પોતાને બચાવી શકતો નથી. અથવા જ્યારે આ મનુષ્ય અધિક બલી હોય તોપણ વૃષભ, ગર્દભ, હસ્તી અને ઉંટ એથી અધિક બળવાન્ થાય છે, ત્યારે એવા નીચ પદાર્થનો અભિમાન શો કરવો ?

ઐશ્વર્યના અભિમાન વિષે.

જ્યારે ધન, દાસ, દાસી અથવા રાજ્યનું અભિમાન કરે ત્યારે એ સર્વ પદાર્થ તો શરીરથી બહાર છે. ધનને ચોર આદિક વિઘ્નો દૂર કરી નાંખે છે, તેમજ રાજ્ય પણ એક ક્ષણમાં નાશ થઇ જાય છે, ત્યારે તે વખતે કેવી આધીનતાને પ્રાપ્ત થાય છે ? કેટલાક વિમુખ લોક પણ એથી અધિક ધની અને રાજા હોય છે. તેથી એવા રાજ્ય અને ધનનું અભિમાન શું કરવો ? જેટલા

પદાર્થ માણસથી ભિન્ન છે, તે કદાચિત્ તેના થતા નથી. તેથી માણસ જેટલા પદાર્થનો અભિમાન કરે છે, તે બધા મિથ્યા છે.

વિદ્યાના અભિમાન વિષે.

જ્યારે આપણે એક ભાવે કરીને જોઇએ ત્યારે આ મનુષ્યને વિદ્યા અને તપના અભિમાનનો અધિકાર થાય છે. શાથી કે સ્થૂળ દૃષ્ટિ વિષે ભલા પ્રકારે કરીને આ બેઉ કર્મ એના પુરૂષાર્થથી એવા ઉત્તમ છે કે જે ભગવત્‌ની પાસે પ્રાપ્ત કરનારા છે, અને ભગવત્‌તનાંજ લક્ષણ છે, તેથી આ વાર્તા મહા કઠીન છે કે વિદ્યાવાન્ થઇને અભિમાનથી રહિત રહે. પણ એ અભિમાનને દૂર કરવાનો ઉપાય પણ બે પ્રકારનો થાય છે.

(૧) પ્રથમ તો આ પ્રમાણે જાણે કે પરલોક વિષે વિદ્યાવાનને પકડ અને ભય અધિક થાય છે. શાથી કે જ્યારે અજાણ્યા પુરૂષથી કોઈ કામ બગડી જાય છે ત્યારે તેને એટલી શિક્ષા કરતા નથી અને સુજાણને અધિક થાય છે. તેથી કૃતિ હીન વિદ્યાવાનોના નિષેધ વિષે જે વચન આપ્યાં છે, તેનો વિચાર કરે. જે મહારાજે કહ્યું છે કે કૃતિથી હીન વિદ્યાવાન્ ગર્દભના જેવા છે. જે ગર્દભની પેઠે પુસ્તકોનો ભાર ઉપાડે છે અને તેની વિશેષતાને જાણતા નથી. અથવા કુકુર (કૂતરાં) જેવા છે, શાથી કે પોતાના મલીન સ્વભાવનો ત્યાગ કરી શકતા નથી. તેથી ગર્દભ અને કુકુર (કૂતરાં) થી અધિક નીચ કોણ છે કે તેની ઉપમા આપીએ જ્યારે આ પુરૂષ પરલોકનાં દુઃખથી મુક્ત ન થાય ત્યારે જડ પદાર્થ પણ એથી વિશેષ છે કેટલાક પ્રીતિમાનોએ કહ્યું છે કે જો અમે પક્ષી, મૃગ અને ઘાસ હોત અને પરલોકનાં દુઃખથી છૂટત તોપણ સારૂં થાત.

તાત્પર્ય એ કે પરલોકનો ભય જેના હૃદય વિષે સ્થિત હોય છે. ત્યારે સ્વાભાવિકજ તેને અભિમાન ઉપજતું નથી. તેથી જ્યારે કોઇ અજાણ્યાને દેખે

છે, ત્યારે એવું સમજે છે કે આ પણ મારાથી વિશેષ છે. શાથી કે એણે તો પાપોની બુરાઇને ભલી પ્રકારે ઓળખી નથી, તેથી તેને અધિક શિક્ષા થશે નહી. વળી જ્યારે કોઇ અધિક વિદ્યાવાન્‌ને જુએ છે ત્યારે એવું જાણે છે કે આ પણ મારાથી વિશેષ છે. એટલા માટે કે જે ભેદને એ સમજે છે તે ભેદને હું જાણતો નથી. એમજ જ્યારે વૃદ્ધ પુરૂષને દેખે છે, ત્યારે એવું જાણે છે કે એણે ભગવત્ ભજન મારાથી વધારે કર્યું હશે. અને બાળકને જોઇને કહે છે કે એણે મારાથી ઓછાં પાપ કર્યાં હશે. તેમજ એવો પુરૂષ અપકર્મીને જોઇને પણ અભિમાની થતો નથી. શાથી કે જો એ અંતકાલ વિષે શુભ કર્મી થઇ જાય અને હું તે સમય વિષે અપકર્મી થઇ જાઉં તો શું આશ્ચર્ય છે?

(૨) બીજો ઉપાય એ છે કે આ પ્રમાણે વિચાર કરે કે આ વડાઇ શ્રી કૃષ્ણ મહારાજનેજ શોભે છે, અને એવા સમર્થ મહારાજના બરોબરીયા થવું એ મોટી મૂર્ખતા છે. એ કારણથી ભગવતે સર્વ જીવોને એજ આજ્ઞા કરી છે કે જ્યારે તમે પોતાને નીચ જાણશો ત્યારે મારી પાસે ઉત્તમ થશો, તેથી સર્વ સન્ત જે નમ્રતાવાન્ અને દીન ચિત્ત થયા છે તે એવુંજ સમજીને તેમનું અભિમાન દૂર થઇ ગયું છે.

તપ વિષે.

તપસ્વીઓને પણ આ પ્રમાણે ઘટે છે કે યદ્યપિ વિદ્યાવાન્‌ને વૈરાગ્યથી રહિત દેખે તોપણ તેના ઉપર ગ્લાની ન કરે, અને એવું જાણે કે જો આ ઉત્તમ વિદ્યાજ એને ક્ષમા કરાવે તો એમાં શું આશ્ચર્ય છે? તેમજ જ્યારે વિદ્યા હીનને દેખે ત્યારે આ પ્રમાણે સમજે કે હું તો એની અવસ્થાને જાણતો નથી, તેથી જ્યારે એ મારાથી પણ અધિક ભજનવાન્ હોય ત્યારે મારે એના પર અભિમાન કરવું શું પ્રમાણ છે? તેમજ જ્યારે કોઇ અપકર્મીને દેખે ત્યારે આ પ્રમાણે સમજે કે આ તો પ્રકટજ પાપ કરે છે, અને મારા

ચિત વિષે પણ પાપોના અનેક સંકલ્પ ઉપજે છે, તેથી આ વાર્તા નિઃસંદેહ છે કે જેના મનમાં પાપોની ચિંતવણી હોય અને નિષ્પાપ થઇ દેખાડે. ત્યારે તે પ્રકટ પાપ કરનારાઓથી અધિક નીચ થાય છે.

વળી એક પાપ એવું બળવાન્ થાય છે કે તે અનેક જપ તપનો નાશ કરી નાંખે છે. તાત્પર્ય એ કે યથાર્થના વિચારથી જોઇએ તો અભિમાન કરવો એ મોટી મૂર્ખતા છે, એ કારણથી મહા પુરૂષો અને સન્ત જનો અને બુદ્ધિમાન પુરૂષ અભિમાનથી રહિત થયા છે.

અહંકારની નિષેધતા તથા તેનાં વિઘ્નોનું વર્ણન.

સર્વ વિઘ્નો અને અશુભ કર્મોનું બીજ અહંકાર છે, એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે ત્રણ સ્વભાવ આ જીવને મહા દુઃખદાય છે.

(૧) એક કૃપણતા (૨) બીજી વાસનાની પ્રબળતા અને (૩) ત્રીજો અહંકાર છે.

આચાર્ય મહારાજે પોતાના પ્રીતમોને આ પ્રમાણે કહ્યું હતું કે જો કે તમે પાપ કરતા નથી તોપણ હું એટલા માટે ડરૂં છું કે તમે અહંકારી ન થઇ જાઓ. કેમ કે જો અહંકારી થશો તો મહા નીચતાને પામશો. શાથી કે અહંકાર બધાં પાપોથી ખરાબ છે.

એક સંતે કહ્યું છે કે ભગવન્‌ની દયાથી નિરાશતા, અને પોતાને જોઇને અહંકારી થવાથી આ મનુષ્ય વિમુખ થઇ જાય છે. શાથી કે અહંકારી અને નિરાશી પુરૂષના હૃદયમાંથી પ્રીતિ અને પુરૂષાર્થ દૂર થઇ જાય છે.

એક બીજા સંતે કહ્યું છે કે જ્યારે હું બધી રાત્રીભર જાગરણ કરીને ભજન કરૂં અને પ્રભાતમાં ઉઠીને અહંકારી થાઉં ત્યારે એથી હું આ વાર્તા વિશેષ જાણું છું કે જો કદાપિ હું બધી રાત્રીમાં સુઈ રહું પણ પ્રભાતમાં આધીન ચિત્ત અને લજ્જાવાન્ થઇને ઉઠું તો એથી સારૂં છે. માટે જાણો કે

એ અહંકારથી કેટલાં બધાં વિઘ્નો ઉત્પન્ન થાય છે. તેમાં એક તો એ અભિમાન છે કે પોતાને બધાથી વિશેષ જાણે છે, પોતાના અવગુણોને જાણતો નથી અથવા એમ જાણે છે કે હું મુક્ત રૂપ છું ભગવત્ ભજનથી આળસી જાય છે, જો કે કંઇ જપ તપ પણ કરે છે, તોપણ તેનાં વિઘ્નોને વિચાર તો નથી, તેથી ભગવત્ના ભયથી રહિત રહે છે, વળી એમ જાણે છે કે હું ભગવત્‌ની પાસે કંઇક વિશેષ છું અને ભજન સ્મરણ જે ભગવત્‌નું છે તેને પોતાનો પુરૂષાર્થ સમજે છે અને અહંકારે કરીને કોઇને પ્રશ્નોત્તર પૂછી શકતો નથી. વળી જ્યારે તેને કોઇ યથાર્થ વચન કહે છે, તોપણ અંગીકાર કરતો નથી. તેથી મૂર્ખ અને નીચ રહે છે.

અહંકારના રૂપનું વર્ણન.

વિદ્યા અને શુભકર્મોના પદાર્થાદિક જેટલા ગુણ છે, તે સર્વ મહારાજનું દીધેલું છે. પણ જે પુરૂષ એવા ગુણોને પામીને દાતાની તરફ દ્રષ્ટી રાખે છે, પોતે પોતાને કંઈ નથી જાણતો ત્યારે પુરૂષ અહંકારથી રહિત કહેવાય છે. અને જે મનુષ્ય કોઇ ગુણને પામીને પોતાનો પુરૂષાર્થ જાણે છે, અને તેણે કરીને પ્રસન્ન થાય છે, તેનું નામ અહંકાર છે, અને જ્યારે પોતાની કૃતીને વિશેષ જાણી કરીને કોઇ પદને પામવાને ઇચ્છે, અને પોતાને ઉત્તમ અધિકારી જાણું ત્યારે તેનું નામ ભ્રમ છે. અર્થ એકે ભ્રમે કરીને એકનું બીજું જાણે છે અને યથાર્થ જાણતો નથી.

આચાર્ય મહારાજે કહ્યું છે કે જ્યારે તમે પ્રીતિ સંયુક્ત રૂદન કરીને અહંકારી થાઓ ત્યારે એથી આ વાર્તા વિશેષ છે કે હાસ્ય કરીને પોતાની અવજ્ઞા જોતા રહો શાથી જે વિદ્યાનું મૂળ અહંકાર છે જેથી કરીને પોતાને શરીર વર્ણાશ્રમ અને કર્મોના કર્ત્તા જાણે છે એજ ભગવત્ અને આ જીવ વિષે એ અહંકારજ પડદો છે.

અહંકારના ઉપાયનું વર્ણન.

અહંકાર રૂપી રોગનું કારણ કેવળ અજ્ઞાન છે, તેથી તેનો ઉપાય પણ કેવળ જ્ઞાન છે. અને વિચાર છે. તે વિચાર એ છે કે જ્યારે કોઇ પુરૂષ રાત્રી દિવસ વિદ્યા અને વૈરાગ્ય વિષે સ્થિત થાય, અને એ કૃતિએ કરીને કંઇ અહંકાર કરે, ત્યારે હું તેને આ પ્રમાણે કહું કે "યદ્યપિ તું પોતાને કર્ત્તા જાણીને અહંકારી થાય છે તોપણ તારૂં કર્મ તારા પુરૂષાર્થના આશ્રમમાં નથી શાથી કે તને મહારાજે કૃતિ કરવાનું શસ્ત્ર બનાવ્યું છે. જેમ લખનારાના હાથમાં કલમ હોય છે, અથવા જેમ દરજીના હાથમાં સોય હોય છે. તે લખાવું અને શીવવું કલમ અને સોયની કૃતિ નથી શાથી કે બેઉ પરાધીન છે, વળી જ્યારે તું એમ કહે કે કર્મોનો કર્ત્તા હું છું શાથી કે મારીજ શ્રદ્ધા અને બળે કરીને કર્મ સિદ્ધ થાય છે. ત્યારે તેનો ઉત્તર એ છે કે જે શ્રદ્ધા અને બળે કરીને કર્મ સિદ્ધ થાય છે, તે તું ક્યાંથી લાવ્યો છું, અને કંઇ એ વાર્તાને પણ જાણે છે કે જે ઇચ્છા અને ઉદ્યમને આધીન થઇને તું કર્મો વિષે લાગે છે, તો તે ઇચ્છાને તારામાં કોણે પ્રેરી છે? અને શ્રદ્ધા રૂપી દોરી તારા ગળામાં નાંખીને તને કૃતિની તરફ કોણે ચલાવ્યો છે? ત્યારે તું સમજ કે એ ઇચ્છા અને શ્રદ્ધાજ મહારાજના દૂત છે. તેથી જે પુરૂષને જેવી આજ્ઞા થાય છે, ત્યારે તે કોઈ રીતે ઉલટાવી શકતો નથી. તેથી પ્રસિદ્ધ થયું કે શ્રદ્ધા અને પુરૂપાર્થ અને બીજા જેટલા ગુણ છે તે બધાજ મહારાજે આપેલા છે. પણ તું કોઇ ગુણનો અહંકારી થાય છે તે તારી મોટી મૂર્ખતા છે. સાથી કે તારે બળે કરીને કોઈ કાર્ય સિદ્ધ થતું નથી તેથી તને કોઈ ગુણનો અહંકારી થવું પ્રમાણ નથી. વળી જ્યારે તું પ્રસન્ન થાય ત્યારે પણ ભગવત્‌ના ઉપકારને જાણીને પ્રસન્ન અને આશ્ચર્યવાન થવું પ્રમાણ છે. એથી કરીને તેં ઘણા માણસોને ધર્મના માર્ગથી અચેત કર્યા છે. અને તેમનો પુરૂષાર્થ અપકર્મો વિષે લાગ્યો છે. અને તારાપર મહારાજે પોતાની દયાએ કરીને સાત્વિકી શ્રદ્ધારૂપી દૂતને પ્રેર્યો છે તેથી દંડે કરીને પોતાની તરફ ખેંચે છે, એપણ

ભગવતનો ઉપકાર છે. જેમ કોઇ રાજા કોઇ પોતાના એક નોકરને હેતુ રહિત પોતાની કૃપાએ કરીને શિરપાવ અને નાના પ્રકારના પદાર્થ આપે ત્યારે તેણે પોતાના સ્વામીનો ઉપકાર માનવોજ પ્રમાણ છે. અને પોતાની જાતપર અહંકારી થવું એ અયોગ્ય છે શાથી કે એને અધિકાર વિનાજ બક્ષિશ પ્રાપ્ત થઇ છે, પણ તે ચાકર કહે કે રાજાએ મને અધિકારી જાણીને બક્ષિશ કરી છે, ત્યારે તેને પૂછીએ કે તને અધિકાર કોણે આપ્યો છે? તેથી અધિકાર અને બક્ષિસ બેઉ રાજાનાંજ આપેલાં છે. જેમ પ્રથમતો તને રાજા ઘોડો આપે પછી તે ઘોડાનો સાણી આપે, પછી તેથી કરીને તું અહંકારી થાય કે મને સાણી એટલા માટે પ્રાપ્ત થયો છે કે હું ઘોડો રાખતો હતો, તો એ અહંકાર કરવો મૂર્ખતા છે. શાથી કે તે ઘોડો પણ તેણેજ આપ્યો છે અને સાણી પણ તેનીજ આપેલી બક્ષિસ છે. તેથી તું વ્યર્થ અહંકારી થાય છે. તેમજ જ્યારે આ મનુષ્ય એટલા માટે અહંકારી થાય છે, કે મને ભગવને ભજનનું બળ એટલા માટે આપ્યું છે કે હું તેને પ્રિતમ રાખતો હતો" ત્યારે તેને કહીએ કે તારા હૃદયમાં પ્રીતિ કોણે ઉપજાવી છે, પછી તે જ્યારે એમ કહે કે મારા હૃદયમાં પ્રીતિ એટલા માટે દૃઢ થઇ કે મેં તેના સ્વરૂપને ભલી પ્રકારે ઓળખ્યું હતું. ત્યારે તેને કહીયે કે "એ ઓળખાણ અને વિચાર કોણે આપ્યા હતાં" તાત્પર્ય એ છે કે જ્યારે સર્વ ગુણોના દાતા મહારાજજ થયા ત્યારે સર્વ પ્રકારે તેમનોજ ઉપકાર જાણવો વિશેષ છે, શાથી કે તને પણ તેમણેજ ઉત્પન્ન કર્યો છે. વળી શ્રદ્ધા અને પુરૂષાર્થ આદિક ગુણ પણ તારામાં તેમણે ઉપજાવ્યા છે તેથી તું પોતાવડે કરીને તો કંઈ નથી. અને તારે આશ્રયે પણ કોઈ કાર્ય નથી. મહારાજની સમર્થતાના હાથમાં તું પણ પરાધીન છે.

વળી જ્યારે કોઇ આ પ્રમાણે પ્રશ્ન કરેકે જ્યારે હું કોઇ કર્મનો કર્તા નથી ત્યારે મારાં કર્મોએ કરીને પુણ્ય કેમ ગણાય છે! તેથી પ્રસિદ્ધ જાણવામાં આવે છે કે કર્મ અમારા પુરૂષાર્થે કરીને ઉપજે છે, એ કારણથી પુણ્યનો અધિકારી પણ હુંજ થાઉં છું. ત્યારે તેનો ઉત્તર એ છે કે નિઃસંદેહ તુ પોતાવડે કરીને તો કંઇ નથી. અને મહારાજની સમર્થતા વિષે એવો પરાધીન

છે કે તારાથી કરીને કોઇ કાર્ય સિદ્ધ થતું નથી. પણ જ્યારે તારા હૃદયમાં વિચાર અને શ્રદ્ધા તથા બલ આવીને સ્ફૂરે છે, ત્યારે તું આ પ્રમાણે જાણે છે કે આ કર્મ મેં કર્યુ છે. પણ આ વચનનો ભેદ એવો ગુહ્ય છે કે તું આ બુદ્ધિએ કરીને સમજી શકીશ નહિ. પણ હું મારી અલ્પ બુદ્ધિ અનુસાર કંઇ ક વર્ણન કરૂં છું કે તારી બધી કૃતિની કુંચી જ્ઞાન, વિચાર, શ્રદ્ધા અને બળ છે, એટલા માટે કે એના વિના કૃતિ સિદ્ધ થતી નથી. તો એ ચારે ભગવત્નાં આપેલાં છે. પણ એનું દૃષ્ટાંત આ છે કે જેમ ખજાના વિષે અનેક પ્રકારની સંપદા હોય અને તેની કુંચી તારી પાસે ન હોય, વળી જ્યારે દયા કરીને ખજાનચી તને કુંચી આપે ત્યારે તું તેનાં તાળાંને ઉઘાડીને અધિક સમ્પદાને પ્રાપ્ત થાય. એ પ્રમાણે જો કે તે સમ્પદા તે પોતાના હાથોએ કરીને લીધી છે, તોપણ અધિક ઉપકાર કુંચી આપનારનો થાય છે. અને તારાં કર્મની મોટાઈ કંઈ પણ હોતી નથી. તેમજ તારા સર્વ કર્મોની કુંચી મહારાજની બક્ષિસ છે, તો ઘટે છે કે હે માણસ તું સર્વ પ્રકારે તેમનોજ ઉપકાર જાણીને પ્રસન્ન ચિત્તથી મહારાજે પોતાની દયાએ કરીને તારા અધિકાર વિના તારી પાસે શુભ કર્મ કરાવ્યાં છે. અને પાપી જીવોને ભલાઇ રૂપી ખજાનાથી અપ્રાપ્ત રાખ્યા છે કોઇને તો તેમની અવજ્ઞા વિનાજ પોતાની આજ્ઞાનુસાર અશુભ માર્ગમાં નાંખ્યાં છે. તાત્પર્ય એકે જેણે બધાના પ્રેરક મહારાજને જાણ્યા છે, તે કદાચિત્ અહંકારી થતો નથી પણ એ મોટું આશ્ચર્ય છે કે જ્યારે સુજાણ મનુષ્ય નિર્દ્ધન થાય છે, ત્યારે આ પ્રમાણે આશ્ચર્ય કરવા માંડે છે કે "અમુક મૂર્ખને આટલી સમ્પદા પ્રાપ્ત થઇ છે. અને મને આવા બુદ્ધિમાનને કંઇ પ્રાપ્ત થતું નથી" તો તે એવું જાણતો નથી કે આ વિદ્યારૂપી પદાર્થ જે મારી પાસે છે, તે તો ભગવત્ની મોટી બક્ષીસ છે, કારણકે જ્યારે મહારાજ આ વિદ્યા પણ મૂર્ખ ધનીને આપત તો ભગવત્નું ઐશ્વર્ય અને નીતિ કંઇ ખંડિત તો થાત નહિ.

તોપણ આ વિદ્યાવાન્ એવુંજ આશ્ચર્ય કરે છે કે જેમ "રૂપહીન સ્રીને જોઇને રૂપવતી સ્રી આશ્ચર્ય કરે" કે આ કદરૂપીને આટલાં બધાં આભુષણ

મળ્યાં છે? અને મને કૃપાળીને કાંઇ આભૂષણ પ્રાપ્ત થયું નથી. "પણ મૂર્ખતાએ કરીને એટલું પણ જાણતી નથી કે જ્યારે રૂપ અને આભૂષણ બેઉ એનેજ મળત ત્યારે ભગવતની સમર્થતા વિષે શી વિષમતા થાત?

વળી જેમ રાજા કોઇ ચાકરને ઘોડો આપે અને એકને એક ગુલામ આપે પણ જ્યારે ઘોડાવાળો ચાકર આશ્ચર્યવાન્ થાય કે ઘોડો તો હું લેઉં છું પણ રાજાએ બીજા ચાકરને ગુલામ શા માટે આપ્યો છે? તો એ મોટી મૂર્ખતા છે. એ ઉપર એક વાર્તા છે કે એક મહાત્માએ આ પ્રમાણે અહંકાર કર્યો હતો કે હે મહારાજ હું તારૂં ભજન સારી રાત્રી કરૂં છું, અને બધા દિવસોમાં વ્રતી રહું છું ત્યારે તેને આકાશવાણી થઇ કે "હે સન્ત તેં એવો પુરૂષાર્થ મારા વિના કયાંથી મેળવ્યો છે? માટે હવે હું એક ક્ષણ તને મારી સહાયતાથી દૂર રાખું છું" એટલે એક પલકમાં એનાથી એક એવું પાપ થયું કે એજ અવજ્ઞાએ કરીને અને તેની લજ્જાએ કરીને સર્વ આયુષ પર્યંત તેઓ રૂદન કરતા રહ્યા.

વળી એક મહાત્માએ પણ એવોજ અહંકાર કર્યો હતો કે "હે મહારાજ જેટલું કષ્ટ તેં મારા ઉપર મોકલ્યું છે ને હું કેટલાંએ વર્ષોથી તેના વિષે ધૈર્ય કરીને રહ્યો છું." ત્યારે તેને પણ મોટા ભયંકર અવાજની સાથે આકાશવાણી થઇ કે તું મારી દયા વિના એવું ધૈર્ય કયાંથી લાવ્યો? આ વચન સાંભળીને તે સંત ભયવાન્ થયા, અને પોતાના માથાપર ધૂળ ઘાલીને કહેવા લાગ્યા કે હે મહારાજ બધું તારીજ દયાએ કરીને પ્રાપ્ત થાય છે, તેથી મેં પોતાના અહંકારનો ત્યાગ કર્યો, એ ઉપર મહારાજે કહ્યું છે કે જો મારી દયા ન હોત તો કોઈ મનુષ્ય શુદ્ધ પદને પહોંચત નહિ.

આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે કોઇ પુરૂષ પોતાની કૃતિએ કરીને મુક્તિને પામતો નથી. ત્યારે કોઇએ પૂછ્યું કે શું તમે પણ પોતાના પુરૂષાર્થે કરીને મુક્ત નથી થયા? ત્યારે તેમણે કહ્યું કે હું પણ મહારાજની દયાનો ભરોસો રાખું છું. તેથી પ્રસિદ્ધ થયું કે જેઓ આ ભેદને ભલી પ્રકારે સમજ્યા છે, તેઓ કદાચિત્ અહંકારી થતા નથી.

કેટલાંક મનુષ્ય મૂર્ખતાએ કરીને એવા પદાર્થ પર અહંકારી થાય છે કે જે પદાર્થનો સંબંધ તેની સાથેજ કંઇ ન હોય જેમ કે બલ, રૂપ, ઉત્તમ કુળ એ ઉપર અહંકારી થવું મહા મૂર્ખતા છે. તેથી કેટલાંક મનુષ્ય જે ધનવાન અને રાજાઓના કુળનું અભિમાન કરે છે, તો તેના પિતા પિતા મહની પરલોક વિષે એવી નીચ ગતી થાય છે કે જ્યારે એ અહંકારી પ્રસિદ્ધ દેખે ત્યારે અધિક લજ્જાવાન્ થાય અને કેટલાક મૂર્ખ તો ઉત્તમ કુળના આશ્રયે એવું કહેવા લાગે છે કે અમને પાપજ સ્પર્શ કરતાં નથી. પણ તે બુદ્ધિ હીન એટલું પણ જાણતાં નથી કે કદાપિ અમારા પિતા પિતામહ નિષ્પાપ થયા છે, પણ જ્યારે અમે પાપ કરીશું ત્યારે અમારો અને તેનો શો સંબંધ રહ્યો? શાથી કે તે સન્ત જન તો વૈરાગ્ય અને નમ્રતાએ કરીને વિશેષ થયા છે. કંઈ કુળની બડાઈએ કરીને તો વિશેષ થયા નથી. માટે જેમણે નિંદ્ય કર્મોનો અંગીકાર કર્યો છે તે જો યદ્યપિ મહા પુરૂષોનાં સંતાન હોય તોપણ નરકોના કીડા થશે. એ કારણથી મહા પુરૂષે પણ કુળના અભિમાનનો ત્યાગ કર્યો છે અને એમ કહ્યું છે કે અમે બધાં મનુષ્ય જાતી છીએ. અને મનુષ્યનું મૂળ માટી છે.

એક મહા પુરૂષે પોતાની પુત્રીને કહ્યું હતું કે હે બેટી હવે તું શુભ માર્ગને વિષે સાવધાન થા, શાથી કે પરલોક વિષે મારા આશ્રય વડે કરીને કાંઈ તું મુક્ત થવાની નથી. તેથી જણાય છે કે પ્રીતિમાન્ અને મહા પુરૂષનાં સમ્બન્ધી પણ મહારાજની દયાનો આશ્રય રાખે છે. પણ જ્યારે પાપકર્મ અધિક થઈ જાય ત્યારે સ્થૂળ સંબંધનો આશરો શા કામમાં આવે છે?

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે મારા અને સન્ત જનોના આશ્રિત થઇને પાપો વિષે નિઃશંક વિચરવું, તે એવું છે કે કોઈ મોટા વૈદ્યનો પુત્ર રોગી હોય અને પિતાના વૈદ્યકની મોટાઇ જાણીને કુપથ્યનો ત્યાગ ન કરે એ મોટી મૂર્ખતા છે. શાથી કે જ્યારે કુપથ્યની અધિકતાએ કરીને અસાધ્ય રોગ થઈ જાય ત્યારે પિતાનું વૈદક તેને શા કામમાં આવશે? અથવા જે ધર્મજ્ઞ રાજા હોય તેની પાસે કોઇ મંત્રી અથવા પ્રધાન પણ અવજ્ઞા વાનના

દોષોને ક્ષમા કરાવી શકતો નથી શાથી કે તે તો પોતેજ યથા યોગ્ય ન્યાય કરે છે. તેવુંજ આ પાપ પણ ભગવત્‌ના કોપનું વચન છે, અને તે પાપને તું અલ્પ જાણે છે તેથી જે પુરૂષ નિઃશંક થઇને પાપો વિષે આસક્ત થાય છે, ત્યારે કોઇ સંબંધ અને કુળના આશ્રયે કરીને દુઃખથી છૂટતો નથી. તાત્પર્ય એ કે જો કે જિજ્ઞાસુ જનને સંત જનોનો ભરોસો હોય તોપણ ભગવત્‌ની બે પરવાહીથી ડરતા રહે છે. અને જે પુરૂષ ઉદાસ થયો ત્યારે તેના ચિત્તમાં અહંકાર કદાચિત્ સ્ફુરતો નથી.



સર્ગ ૧૦ મો.

અજાણ પણું, ભ્રમ અને છલના ઉપાયોનું વર્ણન.

જે પુરૂષ આત્મ સુખથી અપ્રાપ્ત રહે છે તો તેનું કારણ એ છે કે તે માર્ગ વિષેજ ચાલ્યો નથી. અને શુભ માર્ગમાં નહિ ચાલવાનું કારણ એ છે કે તેણે શુભ માર્ગને જાણ્યોજ નથી અથવા ચાલીજ શક્યો નથી. પણ શુભ માર્ગે ચાલવાની અસમર્થતા ભોગોના બંધનોથી થાય છે. શાથી કે ભોગો વિષે બંધાએલો પુરૂષ વિષય વાસનાને વિપર્યય કરી શકતો નથી. અને અજાણતાનું કારણ એ છે કે જે મનુષ્યને સંત જનોનાં વચનની ઓળખાણ અને શ્રવણ નથી હોતું ત્યારે તે સ્વાભાવિકજ અજાણ રહે છે અથવા ભ્રમે કરીને કુમાર્ગે વિષે ચાલવા માંડે છે. અથવા કોઇ એવો છળ પ્રાપ્ત થાય છે, જે તેને શુભ માર્ગમાંથી પાડી નાંખે છે.

ભોગોનું બંધન જે આ જીવને શુભ માર્ગ વિષે ચાલવા દેતું નથી, તો તેનો ઉપાય મેં પાછળ વર્ણન કર્યો છે. જેમ કે માન અને ધનની પ્રીતિ અને કામ ક્રોધ આદિક જેટલા મલીન સ્વભાવ છે તે બધા ધર્મ માર્ગ વિષે કઠિન ઘાંટીયો છે. તેથી આ માણસ તેને ઉલ્લંઘી શકતું નથી. અથવા જ્યારે એક ઘાંટીથી ઉતરે છે, ત્યારે બીજી અથવા ત્રીજી વિષે અટકી જાય છે. પણ એ પ્રમાણે જ્યાં સુધી બધી ઘાંટીયોને ઉલ્લંઘી ન જાય ત્યાં સુધી પરમ પદને પ્રાપ્ત થતું નથી.

અજાણતા જ આ જીવના મંદભાગ્યોનું કારણ છે, તે પણ ત્રણ પ્રકારની હોય છે.

(૧) પ્રથમ તો કેવળ અજાણતા અને અચેતતા છે, અને મૂર્ખતાઇ પણ એનુંજ નામ છે કે સંતજનોનાં વચનોના શ્રવણથી રહિત થઇને સારા

નરતાને ન જાણે. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ માર્ગ વિષે સુતોજ રહી જાય, ત્યારે એ વાર્તા પ્રસિદ્ધ છે કે જ્યાં સુધી તેને કોઈ આવીને જગાડે નહિ ત્યાં સુધી તે સંગિયોનો સાથી થતો નથી. અને એકલો મરી જાય છે.

(૨) અજાણતાનો બીજો પ્રકાર ભ્રમ છે અર્થ એકે જેમ કોઇ પુરૂષ પૂર્વ દિશામાં જવાને ઇચ્છે, અને ભૂલીને પશ્ચિમ દિશા તરફ ચાલ્યો જાય. ત્યારે એ વાર્તા નિઃસંદેહ છે કે જેટલો તે ઉતાવળો દોડે છે, તેટલોજ પોતાના માર્ગથી દૂર રહે છે. એને ઘેર ભ્રમ કહે છે પણ જ્યારે પોતાના માર્ગથી ડાબો જમણો થઇ જાય તેનું નામ ક્ષીણ ભ્રમ છે.

(૩) ત્રીજી અજાણતાનું નામ છલ છે તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ તીર્થયાત્રાયે જાય, અને માર્ગના ખર્ચને નિમિત્તે કંઇ સોનું રૂપું ઘેરથી ઉપાડી લે, પછી માર્ગ વિષે જ્યારે કોઇ નગરમાં તે ધનને દેખાડે, ત્યારે તે બધું ખોટુંજ નીકળે. પણ પહેલાં તે પુરૂષ બધું ખરૂં સમજીને પ્રસન્ન થતો હતો, અને જ્યારે તે ખોટાને પ્રસિદ્ધ જાણે છે, ત્યારે પશ્ચાતાપ કરવા માંડે છે. અને તીર્થયાત્રાથી અપ્રાપ્ત રહે છે.

એ ઉપર મહારાજે કહ્યું છે કે જે પુરૂષોએ આ લોકમાં જપ, તપ, આદિક સાધન ઘણાં કર્યા છે, પણ તેમનું હૃદય શુદ્ધ અને નિષ્કામ થયું નથી તે જ્યારે પરલોક વિષે જઇને પોતાની કૃતિના ફળને દેખે નહિ, ત્યારે અત્યંત પશ્ચાતાપ કરશે. અને પરમ હાનીને પામશે. એની હાનીનું કારણ એ છે કે જે પુરૂષે સરાફીની વિદ્યા પણ ન શીખી હોય અને કોઇ સરાફને દેખાડીને પણ સોનું રૂપું નલે, વળી જ્યારે તેને કસોટીપર પણ ઘસી ન જુવે ત્યારે એવો પુરૂષ ખોટાજ સોનાને પામે છે, અને ખરાથી અપ્રાપ્ત રહે છે, તેમજ સરાફીની વિદ્યાને શીખવાનું વિવેક અને વૈરાગ્ય છે, તે જ્યારે એવા વિવેકને પ્રાપ્ત થઇ શકે નહિ, ત્યારે વિવેકી જનોની સંગતી વિષે મળીને ભલાઈ બુરાઇના ભેદને ઓળખે વળી જ્યારે એવી સંગતીથી પણ દૂર થાય ત્યારે કસોટીની પેઠે આ વાર્તાને સમજે કે જે ભોગ વિષે એના મનની અભિ

લાષા ઉપજે ત્યારે તેને જુઠો અને ખોટો જાણે. જો કે તે પૂર્ણ વિવેક અને વિવેકીયોની સંગતી વિના વૈરાગ્યરૂપી કસોટી વિષે છળોનો લય હોય છે. પણ અધિક તો એ છે કે મનની વાસનાને વિપર્યય કરીને સુધાજ માર્ગને પામે છે, માટે એજે મેં ત્રણ પ્રકારની અજાણતાનું વર્ણન કર્યું છે, તો તેનો ઉપાય પણ જિજ્ઞાસુએ જાણવો જોઇએ. શાથી કે પ્રથમ સીધા માર્ગને જાણવો પ્રમાણ છે. પછી પુરૂષાર્થ વડે એ માર્ગમાં ચાલવું જોઇએ, તો જે પુરૂષને ઓળખાણ અને પુરૂષાર્થ પ્રાપ્ત થયાં છે, ત્યારે તેને પરમ પદે પહોંચવામાં કંઇ સંશય રહેતો નથી.

એક મહાત્મા મહારાજ પાસે પ્રાર્થના કરતા હતા કે હે મહારાજ પ્રથમ તો મને યથાર્થ માર્ગની ઓળખાણ દે, પછી દયા કરીને તે કર્મનો પુરૂષાર્થ દે.

અથ અજાણતા અને મૂર્ખતાના ઉપાયનું વર્ણન.

ઘણાં માણસો અજાણતાએ કરીનેજ ભગવત્‌થી દૂર રહ્યાં છે. પણ અજાણ એને કહે છે કે જેને પરલોકનાં સુખ દુઃખની સુધી કંઇ ન હોય શાથી કે જેને પરલોકનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે એવા માર્ગમાં આળસ કરતો નથી. એટલા માટે કે જ્યારે આ મનુષ્ય કોઇ વાર્તા વિષે હાનિ દેખે છે, ત્યારે દુઃખનો અંગીકાર કરીને પણ એથી દૂર રહે છે. પરલોકનાં સુખ દુઃખનું જે જ્ઞાન છે, તેને સંત જનની સમજના પ્રકાશે કરીને દેખે છે, અથવા તેનાં વચનોએ કરીને જાણે છે. અથવા વિદ્યાવાનોનાં વચન સાભળીને પણ આ જીવને સારા નરતાની ઓળખાણ થાય છે. જેમ કોઈ પુરૂપ માર્ગમાં સુતો હોય, ત્યારે તેનો ઉપાય એકે કોઇ જાગતો પુરૂષ તેને જગાડી દે ત્યારે તે પોતાના દેશમાં જઈ પહોંચે. તે જાગ્રત પુરૂષ સંત છે. અથવા એમનાં વચનોને જાણનારા વિદ્યાવાન્ છે. એ કારણથી મહારાજે સંતજનોને જગતમાં મોકલ્યા છે. કે જીવોને અજ્ઞાનતા રૂપી નિદ્રામાંથી સચેત કરાવે. અને આ પ્ર-

માણે જીવોને સંભળાવે કે મહારાજે સર્વ જીવોને નરકના કિનારા પર સ્થિત કર્યા છે. તેથી જે પુરૂષ મનની વાસના પ્રમાણે સ્થૂળ ભોગોની તરફ સમ્મુખ થશે ત્યારે તે નિઃસંદેહ નરકો વિષે પડી જશે. અને જે પુરૂષ મનની વાસનાથી વિપર્યય વિચારશે ત્યારે તે પરમ સુખને પ્રાપ્ત થશે તેથી પ્રસિદ્ધ થયું કે આ સ્થૂળ ભોગ નરકો વિષે નાંખનારી બેડી છે અને પરમ સુખના માર્ગ વિષે કઠિણ ઘાંટી છે.

એ ઉપર મહારાજે પણ કહ્યું છે કે મેં સ્વર્ગને દુઃખની સાથે લપેટી રાખ્યું છે. અને નરકોની અગ્નીને મેં ઇંદ્રિયાદિક ભોગોની સાથે લપેટી છે.' પણ જેટલાં મનુષ્ય વનો, જંગલો, પર્વતો, વિષે રહેનારા છે, તે બધા અચેતતાની નિદ્રા વિષે સુતેલા છે. શાથી કે એમનામાં એવો વિદ્વાન્ પણ કોઇ નથી હોતો કે જે તેમને યથાર્થ વચનોએ કરીને સચેત કરે એ કારણથી ધર્મના માર્ગ વિષે ચાલવાની શ્રદ્ધાજ રાખતા નથી. તેથી સંતજનોએ કહ્યું છે કે વિદ્યાવાનોની સંગતીથી દૂર રહેનારા પુરૂષ એવા છે કે જેવા શ્મશાનો વિષે ભૂત હોય.

નગરો વિષે જો કે વચન વાર્તા સંભળાવનારા પંડિત રહે છે, તોપણ તે પંડિત અકામી અને લોભી હોય છે. તો તેમનાં વચન સાંભળીને પણ અચેતતા દૂર થતી નથી. શાથી કે જે પુરૂષ પોતેજ ઘોર નિદ્રા વિષે સુતો હોય તે બીજા કોઇને શી રીતે જગાડી શકે વળી કેટલાક વિદ્યાવાન તો એવા થાય છે કે યદ્યપિ વચન વાર્તા પણ કહે છે, તોપણ જીવોના કલ્યાણનો ઉપદેશ કરતા નથી. તેઓ નાના પ્રકારની ચતુરાઈ અને અર્થ રહિત ઇતિહાસોનું ઉચ્ચારણ કરે છે. અથવા એવાં વચન કહે છે કે આ મનુષ્યને ગૃહસ્થ ધર્મજ વિશેષ છે. અથવા ભગવત્‌ની દયાનું વર્ણન કરીને જીવોનો ભય દૂર કરી દે છે તે એવાં વચન સાંભળનારા મનુષ્યોની અવસ્થા અજાણ પુરૂષોથી પણ નીચ થઈ જાય છે. એનું દૃષ્ટાંત આ છે કે જેમ કોઇ મનુષ્ય સુતેલા પુરૂષને જગાડીને એવું મદ્ય પાન કરાવે કે જે તેને મહા ઉન્મત્ત કરી નાખે. તેથી તેની નિદ્રા મહા ઘોર થઇ જાય છે, શાથી કે જ્યારે મદ્યપાન કર્યા વિના

સુતો હતો, ત્યારે થોડાજ વચને કરીને સચેત થાત અને મદ્યપાન કરીને એવો અચેત થાય છે કે પચાસ લાકડીયોએ કરીને પણ તેની નિદ્રા જતી નથી. તેમજ જ્યારે અજાણ્યો પુરૂષ એવી સંગતી વિષે બેસે છે, ત્યારે તેનો એજ નિશ્ચય દ્દઢ થઈ જાય છે કે અમારાં પાપોએ કરીને મહારાજને શો સ્પર્શ થશે ? અને તેમને સુખ દેવાની કૃપણુતા કયારે થાય છે ? શાથી કે તે તો પરમ દયાળુ છે, એવું જાણીને પરલોકના ભયથી નિડર થઇ જાય છે. માટે એ પ્રકારનો ઉપદેશ કરનારા પણ જીવોના ધર્મને ભ્રષ્ટ કરે છે. શાથી કે તે એવા મૂર્ખ છે કે જેમ કોઇ અજાણ્યો વૈદ્ય સન્નિપાતને શરદ્ ઔષધી આપે ત્યારે તે રોગી શીઘ્રજ મૃત્યુ પામે છે. તેમજ ભગવત્‌ની કૃપા અને દયાનો જે ઉપદેશ છે, તે પણ બે પ્રકારનાં મનુષ્યોનું કલ્યાણ કરે છે.

(૧) પ્રથમ તે જે અધિક પાપોએ કરીને નિરાશ થયો હોય અને નિરાશતાના ભયે કરીને પાપોનો ત્યાગ ન કરે ત્યારે તે પણ ભગવત્‌ની દયાનાં વચન સાંભળીને નિરાશતાથી રહિત થાય છે. અને પાપોને ત્યાગવાની શ્રદ્ધા રાખે છે.

(૨) અને બીજો માણસ એ વચનનો અધિકારી તેજ છે કે જેના ઉપર ભયની અધિક પ્રબળતા હોય અને એવી કઠણ તપશ્યાનો અંગીકાર કરે જે ભૂખ અને જાગરણે કરીને પોતાને નષ્ટ કરવા ઇચ્છે ત્યારે તેને પણ ભગવત્‌ની દયાનો ભરોસો કરવો વિશેષ છે, પણ ભોગી મનુષ્યોને એ પ્રકારનાં વચન સંભળાવવાં એવાં છે કે જેમ કોઇ પુરૂષના કાપેલા અંગ પર મીઠું ચોપડે ત્યારે અવશ્યથી અધિક પીડા થાય છે, એ કારણથી કહ્યું છે કે આત્મજ્ઞાનનો ઉપદેશ કરનારા પંડિત અને મહારાજની દયા સંભળાવનારા નિદ્યાવાન્ વિષયી જીવોને અધિક લમ્પટ કરી નાંખે છે. અને જીવોના ધર્મ નષ્ટ કરે છે. પણ જે ઉપદેશ કરનારાનું વચન ધર્મની મર્યાદાને અનુસાર હોય અને તેની કૃતિ વચનોથી વિપર્યય હોય તેના ઉપદેશે કરીને પણ જીવોની અચેતના દૂર થતી નથી. એનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઈ પુરૂષ મિઠાઇનો થાળ આગળ રાખીને ભોજન કરતો જાય અને મુખથી આ પ્રમાણે કહેકે આ મિઠાઈ વિષે

હળાહળ વિષ છે, તેથી આ ભોજનની અભિલાષા ન કરો. " ત્યારે એનું વચન સાંભળીને લોકોની તૃષ્ણા દૂર થતી નથી. શાથી કે પ્રથમ તો તેને રૂચી સહિત ભોજન કરતાં દેખે છે. વળી એમ જાણે છે કે આ પુરૂષ પોતાનેજ ખાવાને નિમિત્તે અમને વિષ કહીને સંભળાવે છે, તેમજ તૃષ્ણાવાન પંડિતનાં વચન સાંભળીને જીવોના હૃદયમાંથી માયાની પ્રીતિ દૂર થતી નથી. પણ જે વિદ્યાવાન્નું વચન અને કૃતિ એક સમાન હોય તેના ઉપદેશે કરીને નિઃસંદેહ અચેતતાની નદીથી જીવ સચેત થાય છે, તેથી જ્યારે એવા મનુષ્યનું ઐશ્વર્ય જગત્ વિષે પ્રસિદ્ધ થાય ત્યારે સો કોઈને લાભદાયક થાય છે. તાત્પર્ય એ કે આ બધાં મનુષ્ય મૂઢતાની નિદ્રા વિષે સુતેલાં છે, અને હજારો પુરૂષો વિષે કોઈ એકજ જાગે છે, કે જે પરલોકની ભલાઈ બુરાઈને ભલી પ્રકારે ઓળખે પણ આ અજાણતા રૂપી રોગ એવો કઠણ છે કે પોતાની મેળે તેનો ઉપાય થઈ શકતો નથી. શાથી કે અચેત પુરૂષ તો પોતાની અજાણતાનેજ જાણતો નથી તેથી તેનો ઉપાય શી રીતે કરી શકે એ કારણથી કહ્યું છે કે અજ્ઞાની જીવોને ઉપાય જ્ઞાની પુરૂષોની દયાએ કરીને થાય છે, જેમ બાળકને માતા પિતા અને મેહેતાજી પ્રથમ સચેત કરે છે. તેમજ અચેત મનુષ્ય વિદ્યાવાનોના ઉપદેશે કરીને સચેત થાય છે. પણ આ સમય વિષે જોતાં વૈરાગ્યવાન્ વિદ્યાવાન્ મળવા દુર્લભ છે. તેથી અજાણતારૂપી રોગે સર્વ જગતને ઘેરી લીધું છે. અને જો કે કોઈ મનુષ્ય પરલોકની વાર્તા મુખથી કહે છે, તોપણ તેના હૃદય વિષે ભય અને ત્રાસ કંઈ હોતા નથી. તે ભયથી રહિત કહેણીએ કરીને કંઈ વિશેષતા પ્રાપ્ત થતી નથી.

ભ્રમના રૂપનું તથા તેને દૂર કરવાના ઉપાયનું વર્ણન.

કેટલાંક મનુષ્યોએ ભ્રમે કરીને એકનો બીજો નિશ્ચય દૃઢ કર્યો છે, એ કારણથી યથાર્થના માર્ગથી દૂર રહ્યા છે. અને વિપરીત નિશ્ચયજ તેને પડદો

થયો છે જો કે એવા મત અને પંથ પણ અનેક છે. પણ હું પાંચ પ્રકારના ભ્રમનું વર્ણન કરૂં છું તે પ્રમાણે બીજા પણ સમજાશે.

(૧) પ્રથમ ભ્રમનો નિશ્ચય એ છે કે કેટલાક પુરૂષ પરલોકનેજ માનતા નથી, અને આ પ્રમાણે કહે છે, કે જ્યારે આ માણસ મરે છે ત્યારે મૂળમાંથીજ નષ્ટ થઇ જાય છે જેમ પૃથ્વીપર ઘાસ સુકાઈ જાય છે. અથવા જેમ દીપક ઓલાઈ જાય છે એવું સમજીને તેમણે ધર્મ અને વૈરાગ્યને ફેંકી દીધો છે. અને સુખથી જીવવામાંજ પ્રીતી રાખે છે. વળી તેઓ એવું જાણે છે કે આચાર્યોએ લોકોની મર્યાદા ઠરાવવાને નિમિત્તે પરલોકના ભયનું વર્ણન કર્યું છે અથવા તેમણે પોતાના માનને નિમિત્તે જીવોને ત્રાસ દીધો છે. તેથી આ પ્રમાણે પ્રસિદ્ધ કહે છે કે "નરકોનો ભય મનુષ્યોને એવો કહેલો છે કે જેમ માતા પિતા બાળકને ડર આપે કે જ્યારે તું વિદ્યા નહિ ભણે ત્યારે તને ઉંદરના દરમાં નાંખીશું. પણ જ્યારે ભાગ્યહીન એજ દૃષ્ટાંતને વિચારીને જુએ તોપણ વિશેષ છે કે જ્યારે તે બાળક વિદ્યાથી રહિત થઇને મૂર્ખ થશે ત્યારે તે મૂર્ખતા ઉંદરના દરથી પણ બુરી છે. તેમજ બુદ્ધિમાનો આ પ્રમાણે સમજ્યા છે કે ભગવત્‌ના વિયોગનું દુઃખ દુઃખી નરકોથી પણ અધિક દુઃખ રૂપ છે. તે ભગવત્‌નો વિયોગ વાસનાના સંબંધે કરીને થાય છે, માટે આ સ્થૂળ ભોગ જે ઘણું મનુષ્યોનાં ચિત્તમાં દૃઢ થઇ ગયા છે એ કારણે કરીને યદ્યપિ પ્રસિદ્ધમાં પરલોકનો નકાર કરતા નથી તોપણ તેમની કૃતી વિષે પર લોકને ન માનવા એવું પ્રકટ દૃષ્ટે આવે છે. શાથી કે વ્યવહારનાં કાર્યો વિષે પ્રથમજ ઉદ્યમ ઉઠાવે છે. અને મોટાં દુઃખોને ખેંચે છે. પણ જ્યારે તેમના હૃદય વિષે પરલોકની પ્રતીતિ દૃઢ હોત ત્યારે તો વાસનાને આધીન થઇને પાપોમાં વિચરત નહિ. તે પરલોકને ઓળખાવવાના માર્ગ પણ ત્રણ કહ્યા છે.

(૧) પ્રથમ તો ઉત્તમ માર્ગ એ છે કે જે મહા પુરૂષ પોતાના અનુભવની દૃષ્ટીએ કરીને નર્ક, સ્વર્ગ, ધર્મ, પાપ વગેરેની અવસ્થાને પ્રત્યક્ષ દેખે છે, અને જો કે તે સંત જન ઇંદ્રિયાદિક વ્યવહાર વિષે વિચરે છે, તોપણ તેમને હૃદયની એકતાએ કરીને ઇંદ્રિય અગોચર પદાર્થ પ્રત્યક્ષ દૃષ્ટે

આવે છે. શાથી કે તે સંત જન વિષયોની ખેંચથી સંપૂર્ણ મુક્ત થએલા છે અને બીજા જીવોને ઇંદ્રિયાદિક ભોગોએ પરલોકની અવસ્થા દેખવામાં પડદો નાંખ્યો છે. તે ઇંદ્રિયાદિક ભોગોથી સર્વથા મુક્ત રહેવું એ મહા કઠણ છે. પણ જેમને પરલોકનીજ વાર્ત્તા પર પ્રતીતિ નહિ તે એવી ઉત્તમ અવસ્થા પર પ્રતીતિ અને પ્રીતિ શી રીતે કરે.

(૨) બીજો માર્ગ પરલોકને જાણવાનો એ છે કે યુક્તિ સહિત મનુષ્યનું યથાર્થ સ્વરૂપ ઓળખે અને એવું જાણે કે આ જીવાત્મા શી વસ્તુ છે? ત્યારે આ પ્રમાણે સમજાવે કે આ ચૈતન્ય રૂપ અવિનાશી છે. અને શરીર તેનો ઘોડો છે , તેથી શરીરનો નાશ થવાથી જીવનો નાશ થતો નથી. આ માર્ગ પણ અતિ દુર્લ્લભ છે, અને કઠણ છે. પણ આ માર્ગ પણ યથાર્થ વિદ્યાની પ્રતીતિએ કરીને પ્રાપ્ત થાય છે.

(૩) ત્રીજો માર્ગ આ છે કે સંત જનો અને વિદ્યાવાનોની સંગતિએ કરીને પણ એ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. એ સર્વ જીવોનો અધિકાર છે. પણ જે પુરૂષ પૂર્ણ સદ્ગુરૂ અને વૈરાગ્ય સંયુક્ત વિદ્યાવાનોની સંગતિથી દૂર થયો છે ત્યારે તે પણ નિઃસંદેહ મંદભાગી રહે છે. અને સંત સંગતિએ કરીને જે પરલોકનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેનું દૃષ્ટાંત એ છે કે જેમ બાળક પોતાનાં માતા પિતાને પ્રકટ દેખે, છતાં જ્યારે અચાનકજ સર્પને તેઓ દેખે છે, ત્યારે ભયવાન્ થઇને નાશી જાય છે. એવું કેટલીકવાર એમને જોવામાં આવ્યાથી તે બાળક પણ સર્પથી ડરવા લાગે છે. પણ જ્ઞાને કરી સર્પના વિષને જાણતાં નથી. તોપણ સ્વાભાવિકજ સર્પને જોઇને નાશી જાય છે. તેથી સંત જનોનું જોવું પણ એવું છે. જેમ કોઈ પુરૂષ દેખે કે અમુક પુરૂષને સર્પે કરડયો હતો તેથી તે શીઘ્રજ મૃતક થઇ ગયો આ પરમ નિશ્ચય છે.

વળી વિદ્યાવાનોનું દેખવું એવું છે કે જેમ કોઇ પુરૂષ વૈદ્યકની યુક્તિએ કરીને સર્પના વિષનો સ્વભાવ ઓળખે અને મનુષ્યના શરીરની કોમળતાઇને પણ ભલી પ્રકારે સમજે કે એના શરીર વિષે આ પ્રમાણે સર્પનું વિષ

પ્રવેશ કરી જાય છે. ત્યારે તેણે કરીને પણ સર્પના ડસવાનું દુઃખ પ્રત્યક્ષ જાણવામાં આવે છે એ મધ્યમ નિશ્ચય કહેવાય છે. વળી સંત જનોની સંગતિ વિષે જે પરલોકનો ભય ઉત્પન્ન થાય છે, તે માતા પિતાની સંગતી સમાન છે, અને જે દેખાવથી બાળકને સર્પથી ડર ઉપજે છે, પણ એ બીજાનું જોઇને કરવું તે સર્વ જીવોનો ઉત્તમ અધિકાર છે, પણ એ કનિષ્ટ નિશ્ચય છે.

(૨) વળી બીજા ભ્રામિક બુદ્ધિ એવા હોય છે કે જો કે પરલોકની પ્રતીતિથી કેવળ રહિત નથી હોતા, અને પ્રસિદ્ધ નકાર પણ કરતા નથી. પણ આ પ્રમાણે કહે છે કે પરલોકની વાર્તા ભલી પ્રકાર સમજવામાં આવતી નથી તેથી આ સંસારનાં સુખ પ્રકટ છે. અને પરલોકનાં દુઃખ સુખ સંશય વિષે છે. તેથી પ્રકટ સુખને સંશયના દુઃખને નિમિત્તે ત્યાગી શકાતું નથી. પણ એ તેનું વચન કેવલ મનનોજ મત છે, અને છેવટે જૂઠું છે. શાથી કે પ્રીતિમાનોની દ્રષ્ટી વિષે પરલોક અતિ પ્રકટ છે. અને આ સંસારનાં સુખ કંઇ વસ્તુજ નથી. તેથી તેને આ પ્રમાણે સમજવું પ્રમાણ છે કે કેટલાંક કાર્યો વિષે સંશયે કરીને પણ સુખનું ત્યાગવું વિશેષ થાય છે. અને દુઃખનો અંગીકાર કરે છે જેમ આરોગ્યતાનું સુખ સંશય વિષે હોય છે પણ તે સુખની આશાએ કરીને પ્રકટજ કડવી ઓષધીયોને ખાય છે. અથવા જેમ ધનનો લાભ સંશય વિષે હોય છે, પણ કેટલાક પુરૂષ લાભની આશાને નિમિત્તે સમુદ્રા અને પરદેશો વિષે ફરે છે. અને ઘણા દુઃખોને સહન કરે છે અથવા જ્યારે તેને અધિક પ્યાસ લાગે અને કોઇ પુરૂષ એમ કહે કે આ પાણીમાં સર્પે મોઢું ઘાલ્યું છે. ત્યારે જળનો સ્વાદ તો પ્રત્યક્ષ છે, અને સર્પનું વિષ સંશય વિષે હોય છે. તેથી તું તે જળને શા માટે તજી દે છે. તો તેનું પ્રયોજન એ છે કે જો કે જળનો સ્વાદ પ્રકટ છે, પણ તેનો ત્યાગ તુચ્છ માત્ર છે, અને જો કે સર્પનું વિષ સંશય વિષે છે, તોપણ તેનું દુઃખ અતિ દીર્ઘ છે. એ કારણથી સંશયે કરીને પણ પ્રકટ પદાર્થનો ત્યાગ કરવાનું સુગમ થાય છે; તેમજ આ સંસારનાં સુખ કેટલાક દિવસનાં છે, અને જ્યારે વીતી જાય છે ત્યારે સ્વપ્નવત્ ભાસે છે. અને પરલોકનાં સુખ દુઃખ અવિનાશી છે. તેથી સંદેહનાં દુઃખોથી ડરીને સ્થુલ સુખોનો ત્યાગ કરવો વિશેષ છે.

વળી જો તારી બુદ્ધિ પ્રમાણે પરલોકનાં સુખ દુઃખ જૂઠાં ભાસે છે, તો પણ પોતાને આ પ્રમાણે સમજવું જોઇએ. જેમ તું આદિ અંત આ સંસારમાં નહોતો અને નહિ હોઉં તેમજ મધ્ય કાળ વિષે પણ પોતાને ન થયો જાણ. અને પરલોકનાં દુઃખ જ્યારે તું યથાર્થ જાણે છે ત્યારે તો વૈરાગ્યે કરીને એવાં પરમ દુઃખથી નિઃસંદેહ મુક્ત થઇશ.

(૩) ત્રીજી ભ્રામિકબુદ્ધિ એવી છે કે તે પરલોકને સત્ય જાણે છે તો પણ આ પ્રમાણે કહે છે કે " સંસારનું સુખ નગદ (રોકડું) છે. અને પરલોકનું સુખ દુઃખ ઉધારના જેવું છે. તેથી નગદ પદાર્થ ઉધારથી વિશેષ હોય છે, પણ એ મૂર્ખ એટલું જાણતો નથી કે ઉધારથી નગદની વિશેષતા ત્યારે થાય છે કે જ્યારે બેઉની મર્યાદા એક સમાન હોય ત્યારે તે ઉધાર પણ ભલું થાય છે. શાથી કે વ્યવહારનું આપવું લેવું એજ સમજે કરીને સિદ્ધ થાય છે. પણ જે પુરૂષ આ વાર્તાને પણ ન સમઝી શકે ત્યારે તે કેવળ ભ્રામિક બુદ્ધિ કહેવાય છે.

(૪) ચોથા ભ્રામિક બુદ્ધિ એવા થાય છે કે જે પરલોકનાં સુખ દુઃખને યથાર્થ માને છે, પણ સ્થૂળ સુખોની સંપદાને પામિને અધિક પ્રસન્ન થાય છે. માટે પોતાના ચિત્ત વિષે આ પ્રમાણે અનુમાન કરીલે છે કે જે ભગવતે પોતાની કૃપાએ કરીને ઉત્તમ સુખ દીધું છે. તો પરલોક વિષે પણ શિક્ષા નહિ કરે સાથી કે મહારાજ પરમદયાળુ છે. અને તેણે અમને અધિક પ્યારા જાણ્યા છે. એવું જાણીને ઢીઠ અને નિડર થઇ જાય છે, તેથી તેમને આ પ્રમાણે સમજાવવા જોઇએ કે જેમ કોઇ પુરૂષને પુત્ર અતિ પ્રિતમ હોય, અને એક તેનો દાસ હોય અને તે પુરૂષ પોતાના પુત્રને સર્વદા મેહેતાજીની શિક્ષા વિષે રાખે અને ચારકને કાંઈ કહેજ નહિ પછી તે ચાકર એવું અનુમાન કરેકે મને સ્વામી પુત્રથી પણ અધિક વહાલો જાણે છે. એટલા માટે કે મને કશું કહેતોજ નથી. અને પુત્રને સદૈવ શિક્ષામાં રાખે છે. તો તેનું આ જાણવું મૂર્ખાઇ ભરેલું છે. શાથી કે પુત્રને પ્રીતિ સંયુક્ત શુભ ગુણ શિખવવા ઇચ્છે છે. અને

ચાકરની તરફ ચિત્તજ હોતો નથી તેમજ ભગવત્ પણ પોતાના પ્રિતમોને માયાના ભોગોથી વિરક્ત રાખે છે. અને મનમુખો (વિમુખો) ને અધિક ભોગ ભોગવાવે છે. તેથી ભ્રામિક બુદ્ધિ જે વૈરાગ્યાદિક સાધનોથી આળસુ હોય છે, તે એવો છે. જેમ કોઇ પુરૂષ બીજજ ન વાવે, ત્યારે તેની ખેતી શી રીતે સફળ થશે ! તેમજ જે પુરૂષ ઇંદ્રિયાદિક ભોગોનો ત્યાગ ન કરે ત્યારે પરમાનન્દને શી રીતે પ્રાપ્ત થશે ?

(૫) પાંચમા ભ્રામિક બુદ્ધિ એવું કહે છે કે ભગવત્ સર્વ જીવોપર પરમ દયાળુ છે, અને એમનામાં કૃપણતાનો અંશ પણ જોવામાં આવતો નથી ત્યારે આ પણ સુખને કયારે દૂર રાખે છે ? અને અમારાં કર્મોની તરફ કયારે દેખે છે પણ એ મૂર્ખ એવું નથી જાણતા કે આ મનુષ્ય પૃથ્વીમાં એક દાણો વાવે છે અને તેથી હજાર દાણા ઉત્પન્ન થાય છે. તો જે મહારાજે એવાં સંયોગ તને બનાવી આપ્યા છે, તો એથી અધિક કૃપા શી છે ? તેમજ કંઇક દિવસ સાધન કરવાથી આ જીવને અવિનાશી પાકની પ્રાપ્તિ થાય છે, તો એ પણ ભગવતની પરમકૃપા છે અને જ્યારે કૃપાનો અર્થ એ છે કે વાવ્યા વિનાજ ખેતીની વૃદ્ધિ થઇ જાય ત્યારે નાના પ્રકારના ઉદ્યમ અને વ્યવહાર શા માટે કરે છે ? તેથી ઘટે છે કે તું કેવળ નિરૂ .મી થઇ બેશ, શાથી કે મહારાજ તો પરમકૃપાળુ છે, તારા ઉદ્યમ વિનાજ તને લાભ આપશે. અને મહારાજે તો એમ પણ કહ્યું છે કે સર્વ જીવોનો પ્રતિપાલક હુંજ છું. તો જ્યારે એ પ્રતિતી તારા હૃદયમાં દ્દઢ નથી. ત્યારે શુભ કર્મો વિષે આળસ શા માટે કરે છે ? શાથી કે સાધન વિના સિદ્ધિની ચાહના એવી છે કે જેમ કોઇ ગૃહસ્થાશ્રમ કર્યા વિના સંતાનની ઉત્પત્તી ઇચ્છે તો એ મોટી મૂર્ખતા છે. અને ભગવત્‌ને કૃપાળુ જાણવાનો અર્થ એ છે કે પ્રથમ વિધિ સંયુક્ત ઉદ્યમ કરે વળી વિઘ્નોની રક્ષાને નિમિત્તે ભગવત્‌નો ભરોસો રાખે, ત્યારે તેને બુદ્ધિમાન્ કહે છે અને જે પુરૂષ ભગવત્ પર પ્રતીતિજ ન કરે, અથવા શુભ કર્મો વિષે દ્દઢ ન થાય ત્યારે તે નિઃસંદેહ ભ્રામિક બુદ્ધિ છે. પણ કેટલાંક માણસો માયાંના પદાર્થને જોઇને ભ્રામિત ચિત્ત થયા છે, અને કેટલાક પુરૂષોએ ભગવ•

તની કૃપાના અર્થને ભ્રમે કરીને ઉલટો જાણ્યો છે. તેથી મહારાજે બેઉ પ્રકારના ભ્રમથી વર્જીત કર્યા છે. અને આ પ્રમાણે આજ્ઞા કરી છે કે "જ્યારે કોઇ શુભ કૃતિ કરશે ત્યારે ઉત્તમ ફળ પામશે." અને જે પુરૂષ અશુભ કર્મો કરશે તે બુરાંજ ફળને પામશે" તેથી સુચેત થઇને આ વાર્તાનું શ્રવણ કરો અને કોઇ પદાર્થને જોઇને ભ્રામિ બુદ્ધિ ન થાઓ અને મારી દયાના આશ્રયે અશુભ કર્મ ન કરો.

છળોના રૂપનું અને છળોથી રહિત થવું તેના ઉપાયનું વર્ણન.

ત્યારે તું જાણ કે ઘણા પુરૂષો કર્મોની શુદ્ધતા અને અશુદ્ધતાને ભલી પ્રકારે જાણતા નથી એ કારણથી પોતાનાં કર્મોને નિર્વિઘ્ન જાણીને હર્ષવાન્ થાય છે, અને વિઘ્નોથી નિર્ભય રહે છે તો તેમને છળેલા કહેવાય છે. શાથી કે તેમને વિવેક રૂપી સરાણી પ્રાપ્ત થઇ નથી. તેથી કર્મોની સ્થૂળતા પર છળાઈ ગયા છે. વળી એ છળ પણ એવો અમિત છે કે હજારોમાં કોઇ એક પુરૂષ નિર્વિઘ્ન રહે છે, એવા પંથો અને મતોની વાત પણ ગણત્રીમાં નથી આવતી. તોપણ બધા લોક ચાર પ્રકારના હોય છે. (૧) વિદ્યાવાન (૩) અતીતજન (૨) તપસ્વી (૪) ધનવાન્ (૧) વિદ્યાવાન્ તો આ પ્રમાણે છળાએલા છે કે તેઓ પોતાનું બધું આયુષ્ય વિદ્યાના ભણતરમાંજ વિતાવે છે. અને બધી ઇંદ્રિયોને પાપોથી રોકી શકતા નથી. અને પોતાના ચિત્ત વિષે એવું અનુમાન કરે છે કે અમે આ વિદ્યાએ કરીને પરલોકનાં દુ:ખોથી મુક્ત થઇશું. અને અમારી પ્રસન્નતા પામી કરીને બીજા લોક પણ દુ:ખથી છૂટશે તો તેનું દૃષ્ટાંત એ છે કે કોઇ રોગી પુરૂષ રાત્રી દિવસ વૈદકનો અભ્યાસ કરે, રોગો અને ઓષધિયોને ભલી પ્રકારે વિચારીને લખી લે, પણ ઓષધીયોને કડવી જાણીને અંગીકાર ન કરે, ત્યારે ઓષધીયોને લખવાથી અને વિચાર કરવાથી કરીને તેનો રોગ ક્યારે દૂર થાય છે? એ ઉપર મહારાજે કહ્યું છે કે પોતાના મનને વાસનાથી વર્જીત કરો. જે મન અને ઇંદ્રિયોને વિકારોથી

શુદ્ધ કરે તેજ પરમ સુખને પામે છે. પણ એમ તો નથી કહ્યું કે વિકારો અશુદ્ધ થવાની વિદ્યા ભણનારા સુખી થશે. જ્યારે તે પુરૂષ વિદ્યાવાનોની વિશેષતા સાંભળીને પ્રસન્ન થાય છે ત્યારે કૃતિહીન વિદ્યાવાનોની નીચતાને કેમ વિચારતા નથી? જેમ મહારાજે વૈરાગ્યહિન પંડિતોને ગર્દભ પ્રમાણે કહ્યા છે. એટલા માટે કરીને કે જોકે પુસ્તકોનો ભાર પોતાંની પિઠપર ઉપાડીને ફરે છે, પણ તેના તાત્પર્યથી અચેત છે. અને એમ પણ કહ્યું છે કે કૃતિહિન વિદ્યાવાન્ નિ:સંદેહ નરકની અગ્ની વિષે બળશે. વળી આ પ્રમાણે કહેશે કે અમે લોકોને ધર્મનો ઉપદેશ કર્યો છે, અને આપ તો કર્મોથી વિમુખ રહ્યા છીએ તેથી એવી નીચ ગતિને પ્રાપ્ત થયા છીએ એ ઉપર એક સન્તે કહ્યું છે કે અજાણ્યા પુરૂષને પરલોક વિષે એક ગણો પશ્ચાતાપ થશે અને કૃતિહિન વિદ્યાવાનોને તેનાથી દસગણો પશ્ચાતાપ થશે શાથી કે એતો જાણી બુઝીને વિમુખ થયા છે.

એક બીજા વિદ્યાવાન્ એવા થાય છે કે જો કે સ્થૂળ નિયમ ધર્મ વિધિ સંયુક્ત કરે છે, પણ પોતાના હ્રુદયથી મલીન સ્વભાવોને દૂર કરતા નથી. અને સર્વદા દંભ, ઈર્ષા, અને માનની અભિલાષા વિષે આસક્ત છે. તે એવાં વચનોને વિચારતા નથી કે જેમ કહ્યું છે કે અંતરમાં રંચકમાત્ર દંભ અને અભિમાન હોય છે, તે પરમ સુખને કદાચિત્ પ્રાપ્ત થતા નથી. અને ઈર્ષા રૂપી અગ્ની આ જીવના ધર્મને ઘાસની પેઠે બાળી નાંખે છે. અને મહારાજે આ પ્રમાણે પણ કહ્યું છે કે "હું સદૈવ તમારા હ્રુદયની તરફ જોઉં છું, અને સ્થૂળ કૃતિની તરફ દેખતો નથી." તેનો એવા વિદ્યાવાનોનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઈ પુરૂષ કાંટાના વૃક્ષને મૂળમાંથી નષ્ટ ન કરે અને તેનાં પત્રોને તોડતો રહે ત્યારે તે કાંટા કદી દૂર થતા નથી. તેમજ મલીન કર્મોનાં બીજ ખરાબ સ્વભાવ છે. માટે તેને હ્રુદયથી નિર્મૂળ કરવો જોઇએ. અને જેનું અંતર અશુદ્ધ હોય અને બહારતો પોતાને શુદ્ધ કરીને જણાવે ત્યારે તે એવું થાય છે કે જેમ કોઇ પુરૂષ મંદીરના ઉપર દીવો પ્રકટી રાખે અને તે ઘરની અંદર અંધારૂં રહે.

એક બીજા વિદ્યાવાન એવા થાય છે કે જો કે તેમણે હૃદયની શુદ્ધતાને ભલી પ્રકારે જાણી છે. પણ અભિમાનના છળે કરીને પોતાને પાપોથી રહિત જાણે છે અથવા આ પ્રકારે અનુમાન કરી લે છે કે અમારૂં માન મહત્ ધર્મની દઢતાનું કારણ છે, શાથી કે અમારી વડાઇ જોઇને ધર્મ હીન મનુષ્ય લજ્યાવાન્ થાય છે. અને પ્રીતિમાનોની રૂચી ધર્મ વિષે થાય છે. તેથી પોતાના રજોગુણી સ્વભાવને રાજસી જાણતા નથી. પણ એ મૂર્ખ એવા વિપરીત બુદ્ધિ છે કે એમણે સંતજનોનો વૈરાગ્ય અને સંયમ તેનું વિસ્મરણ કર્યું છે. અને એટલું સમજતા નથી કે તેમના વૈરાગ્યે કરીને ધર્મની વૃદ્ધિ થતી હતી. તેમજ ઇર્ષા અને દંભને પણ આ પ્રમાણે સમજે છે કે અમારા દંભે કરીને સાત્વિકી કર્મો વિષે જીવોની રૂચી અધિક થાય છે. વળી જ્યારે રાજ સભા વિષે જાય છે, ત્યારે એવું જાણે છે કે અમારી સંગતિએ કરીને એનું ભલું થાય છે. પણ જ્યારે યથાર્થ વિચારે કરીને દેખે ત્યારે એમ જાણે કે માયાથી વિરક્ત થવુંજ ધર્મની વૃદ્ધિતા છે, તે જેનો રાજસી સ્વભાવ જોઇને બીજા જીવોનું ચિત્ત ચપલ થાય ત્યારે જાણીયે કે એવા પુરૂષનું ન હોવુંજ ધર્મની વૃદ્ધિતા છે. અને તેમની સંગતિએ કરીને ઉલટી ધર્મની હાની થાય છે. એ કારણથી એવું જાણનારા વિદ્યાવાન્ બધા છળાએલા હોય છે.

વળી એક એવા વિદ્યાવાન્ છે જે નિવૃત્તિ વિદ્યાથી અપ્રાપ્ત રહ્યાં છે. જે વિદ્યા વિષે વૈરાગ્ય, નિષ્કામતાને તથા ભગવાનને ઓળખવા અને પોતાને ઓળખવું, તથા ધર્મ માર્ગનાં વિઘ્નોને ઓળખવાં એ બાબતોનું વર્ણન થાય છે, તેને તો તે જાણતાજ નથી. અને પોતાનો બધો આવરદા પક્ષેના વિવાદ અને ચતુરાઇની વિદ્યા વિષે વ્યર્થ ખુએ છે. અને એટલું જાણતા નથી કે વિદ્યાનું તાત્પર્ય એકે માયાથી વિરક્ત થવું અને તૃષ્ણાને ત્યાગી સંતોષ કરવો. અને દંભને છોડીને નિષ્કામ થવું, વળી અચેતતાને દૂર કરીને ભય અને વૈરાગ્ય વિષે સ્થિત થવું. પણ જે પુરૂષ એવાં વચનોને વિચારતા નથી અને ચતુરાઇ તરફ થયા છે તે બધા મહા મૂર્ખ છે.

કેટલાક વિદ્યાવાન્ ધર્મશાસ્ત્ર અને રાજ્ય નીતિના વ્યવહારને ભણ્યા કરે છે અને એટલું સમજતા નથી કે આ વિદ્યા તો જગતની મર્યાદા ઠરાવનારી છે. અને પરલોકના માર્ગની વિદ્યા જુદી છે. શાથી કે જેટલા કર્મશાસ્ત્રની મર્યાદા અનુસાર જગત્ વિષે નિર્દોષ છે તે સંતજનોના મત વિષે પાપ છે.

વળી એ પ્રવૃત્તી પંડિત જે પાપ પુણ્યનાં વખાણ કરનારા છે, તો તેઓ કર્મોની સ્થુળતાને દેખે છે. અને સંતજનો હૃદયની તરફ દેખે છે, જેમ કોઇ પુરૂષ કોઈ પાસેથી કંઇ માગી લે ત્યારે જગત વિષે તેને પાપ કહેતા નથી. પણ જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે એ માગી લેવું પણ એવું થાય છે કે જેમ કોઈ અનીતિ કરીને કોઇને લાકડી મારે અને ધન હરીલે તેમજ માગવું એ પણ લજ્જારૂપી લાકડીના મારવા જેવું છે. એ પ્રકારે સ્થુળ વિદ્યા ભણનારા પુરૂષ એવા સૂક્ષ્મ ભેદોને કયારે સમજી શકે છે તેથી એ વિષે સંપૂર્ણ કહેતાં અતી વિસ્તાર થઇ જાય છે.

તપસ્વી આ પ્રમાણે છળાએલા છે કે તે શરીરની શુદ્ધતાને નિમિત્તે ભજન વિમુખ રહે છે. અને જ્યારે કોઇને સ્થુળ શુદ્ધતાથી હીન દેખે છે, ત્યારે ગ્લાની કરીને કઠોર વચન કરે છે. અને અશુદ્ધ જીવિકાનો ત્યાગ કરી શકતા નથી એ પણ મહા મૂર્ખતા છે. અને જો કે પોતાને પવિત્ર કરી દેખાડે છે, તોપણ સંતજનોના મત વિષે મહા ભ્રષ્ટ છે.

એ ઉપર એક સંતે કહ્યું છે કે મેં કેટલીકવાર અશુદ્ધ આહારના ભયે કરીને શુદ્ધ જીવિકાનો પણ ત્યાગ કર્યો છે. તાત્પર્ય એકે સંત જનોએ જીવિકાની શુદ્ધતા વિષે અધિક યત્ન કર્યો છે. અને સ્નાનાદિક ક્રિયા વિષે આસક્ત થયા નથી. તાં એ મૂર્ખાએ તેમના આચારને વિસ્મરણ કર્યો છે અને શરીરનીજ શુચિતા વિષે સંધમાન થયા છે તેથી જે પુરૂષ પોતાની જીવિકા શુદ્ધ ન કરે અને સ્થૂળ પવિત્રતા વિષે ડુબ્યો હોય, ત્યારે નિઃસંદેહ તેને જૂઠો જાણવો.

એક બીજા તપસ્વી એવા પાઠ કરનારા હોય છે કે તેમની ચિત્તની વૃત્તિ સર્વદા અક્ષરોને વિષે આસક્ત રહે છે, અને મનમાં બીજા વિચાર કરે

છે ભૂલ ચૂકતે, કોઇ સુધારતા રહે છે. પણ આ વાર્તાને નથી જાણુતા કે વચનોના પાઠ વિષે અને તેમના અર્થોમાં ચિત્તને એકત્ર કરવું જોઇએ.

વળી એક એવા પાઠક હોય છે કે તેમની મનસા પાઠ કરવામાં ઘણી હોય છે પણ અર્થથી અચેત રહે છે. તેઓ એવું નથી સમજતા કે ભણવાનું તાત્પર્ય સારા નરતાની ઓળખાણ છે. તેથી ઘટે છે કે ભયના વચનો વિષે આશાવન્ત થાય. અને તેની મોટાઇનાં વખાણ વિષે આધીન ચિત્ત થઇ જાય ત્યારે એનો પાઠ કરવો સફળ થાય છે. પણ એ મૂર્ખ રસનાને હલાવવાનેજ પુરૂષાર્થ જાણે છે. તો અર્થની સમજ વિના એવા પાઠ વિષે કંઈ લાભ થતો નથી. જેમ કોઇ પુરૂષ પોતાના સ્વામીના કાગળને વારંવાર ભણ્યા કરે અને તેમાં જે કાર્ય લખ્યું હોય તે કંઇ કરે નહિ, ત્યારે નિઃસંદેહ દંડનો અધિકારી થાય છે.

કેટલાંક માણસ વ્રત અને તીર્થોનાં અટન વિષે અધિક પુરૂષાતન કરે છે. પણ ઇંદ્રીયોને પાપકર્મોથી વર્જિત કરતાં નથી. અને પોતે સર્વદા પોતાને પુજાવવાની મનસા રાખે છે.

એક એવા તપસ્વી હોય છે કે તેઓ ખાન પાન અને વસ્ત્રાદીકનો સંયમ કરે છે. પણ માનના રસનો ત્યાગ કરતા નથી. અને લોકોના મેળાપ વીષે પ્રસન્ન થાય છે. તેઓ આ ભેદને જાણુતા નથી કે મનનું વીશ સર્વ ભોગોથી અધીક દુઃખદાયક હોય છે. પણ માની મનુષ્ય તો પોતાંની મોટાઇના નીમીસત્ત વંદા અધીક યત્ન કરે છે. અને જોકે સ્થુળ નીયમ ધર્મ વીષે અધીક સાવધાન છે. પણ હ્રદયની શુદ્ધતાને જાણુતાજ નથી. તેથી અતિમાન, ઈર્ષા અને દંભ વીષે આસક્ત રહે છે, અને મહારાજના જીવોને કઠોર વચન કહે છે અને ક્રોધ યુક્ત ભ્રકુટી ચઢેલી રાખે છે. તેઓ એટલું સમજતા નથી કે કઠોર સ્વભાવે કરીને શીઘ્રજ શુભ કર્મોનો નાશ થઇ જાય છે અને સર્વ તપોનું ફળ કોમળતાઇ (નમ્રતા) છે, પણ આ ભાગ્ય હીનતો પોતાના જપ તપના ઉપકાર લોકો પર રાખે છે. અને ગ્લાની કરીને પોતાને લોકોથી સં-

કોચી રાખે છે. પણ જ્યારે આ પુરૂષ મહા પુરૂષોના વૈરાગ્ય અને કોમલતા- ઇને સારી રીતે ઓળખે ત્યારે તેનું અભીમાન નીવૃત્ત થઈ જાય કે તેઓ તો ગંદા પુરૂષથી પણ ગ્લાની કરતા નહોતા, અને સર્વ જીવો તરફ દયાની દ્રષ્ટી- થી દેખતા હતા. તો તેમના સ્વભાવથી વીપર્યય થવું એજ ભાગ્યની હીનતા છે. અને સર્વ છળોનું રૂપ છે.

અતીત જનોને આ પ્રમાણે છેતરાએલા કહ્યા છે કે બધા લોકો કરતાં એમનામાં અધીક અધિક અભીમાન હોય છે. શાથી કે જેટલીજ કોઈ પદા- ર્થની વિશેષતા થાય છે તેનું ઓળખવું પણ એટલુંજ કઠણ થાય છે. અને જે પુરૂષ તેની ઓળખાણથી અચેત છે, તે નિઃસંદેહ છેતરાય છે માટે યથાર્થ ના માર્ગ વિષે ઉત્તમ અતીત તેને કહે છે, જેમાં ત્રણ લક્ષણ મળી આવે.

(૧) પ્રથમ લક્ષણ એ છે કે જેણે પોતાના મનને જીત્યું છે વળી મન બીજા ભોગોના રસથી વિરસ થયું છે અને વિચારની મર્યાદા વિના કોઈ સ્વભા- વની પ્રબળતા સ્ફુરતી નથી.

જેમ કોઇ રાજા પોતાના શત્રુને જીતીને વશ કરી લે, ત્યારે તે ગઢની પ્રજા અને સેના પણ રાજાને આધીન થઈ જાય છે.

(૨) બીજું લક્ષણ એ છે કે જેના મનમાંથી લોક અને પરલોકનું ચિંતન દૂર થઇ જાય અર્થ એકે ઇન્દ્રિય અને સંકલ્પના માર્ગથી ઉલ્લંઘિત થઇને પરમ પદ વિષે સ્થિત થાય શાથી કે જેટલા પદાર્થ ઇન્દ્રિય અને સં- કલ્પે કરીને સિદ્ધ થાય છે, તેમાં પશુ પણ તેના સરખાં અને આ સ્થુળ પદાર્થ ઇન્દ્રિયોના ભોગોનું નામ છે, તેમ સ્વર્ગ વિષે પણ આ સ્થુળ ભોગ મળી આવે છે એટલા માટે કે સ્વર્ગ પણ ઇંદ્રિયો અને સંકલ્પનો દેશ છે તેથી ઉત્તમ અતીત તેજ છે કે જેની ચિત્ત વીષે ઇંદ્રીયો અને સંકલ્પો ના ગ્રાહ્ય પદાર્થની સતા ન રહે જેમ અમૃતનું પાન કરનારાને ઘાસનો સ્વાદ કંઇ જણાતો નથી પણ જેવાં ઘાસનાં અધીકારી પશુ છે, તેમજ સ્વર્ગનાં અધીકારી પણ મૂર્ખ છે,

(૩) ત્રીજું લક્ષણ એ છે કે જેનું ચિત્ત મહારાજના શુદ્ધ સ્વરૂપ વિષે લીન થાય અર્થ એ કે દિશા, સ્થાન અને અહંકારની સ્ફુરતી કંઈ ન રહે, જેમ નેત્ર રાગ અને શબ્દથી અચેત રહે છે, તેમજ તેને સર્વ પદાર્થ વિસ્મર્ણ થઈ જાય.

એમ જેનામાં આ ત્રણ લક્ષણ સંપૂર્ણ મળી આવે ત્યારે જાણીએ કે તેને અતીત જનોનું પદ પ્રાપ્ત થયું છે, અને તેની અવસ્થા વચનથી અગોચર થાય છે.

જિજ્ઞાસુને સમજાવવાને નિમિત્તે સંત જનોએ આ અવસ્થાને જીવ અને બ્રહ્મની એકતા કહી છે. વળી જે મનુષ્યની બુદ્ધિ દૃઢ હોતી નથી તે આ ભેદને સમજી શકતો નથી શાથી કે જ્યારે એવા પદને વચને કરીને સિદ્ધ કરવા ઇચ્છે ત્યારે શાસ્ત્રની અને લોકોની મર્યાદા રહેતી નથી. તેથી આ આનંદને અનુભવે કરીને પામી શકે છે. એમ ઉત્તમ અતીત જનોની અવસ્થા એજ છે. પણ હવે તમે વેષ ધારીયોના છળોને આળખો કે કેટલાક પુરૂષ ગોદડી અને આસનનો વેષ બનાવી લે છે. અને વચન પણ સન્ત જનોની પેઠે સૂક્ષ્મજ કહે છે. વળી પોતાને સ્થિર ચિત્ત વાળા દેખાડે છે. જેમ કે દૃઢ આસન કરીને માથાને નીચું રાખી બેસે છે. અને કોઈ સંકલ્પના વેગથી માથાને હલાવવા માંડે છે. અને પોતાના ચિત્તમાં એવું અનુમાન કરી લે છે કે અમે પામવા યોગ્ય પદાર્થને પામી લીધો છે, એટલે તેનું દૃષ્ટાંત એ છે કે જે વૃદ્ધ સ્ત્રી સિપાઇની પેઠે વસ્ત્ર પહેરી લે, અને વિર વિદ્યાને જાણતીજ ન હોય કે શૂરવીરો કઈ રીતે પરસ્પર પોકાર કરીને શસ્ત્ર પ્રહાર કરે છે. ત્યારે તે સ્ત્રી સંગ્રામને વખતે અવશ્યજ લજ્જાવાન્ થાય છે. અને રાજા તેના કપટને ઓળખીને અધિક શિક્ષા કરે છે શાથી કે એની પેઠે બીજું કોઈ કપટ ન કરે. તેમજ ભગવત્ પણ વેષ ધારીઓના કપટને ખુલ્લું કરી દે છે. અને વિશેષ શિક્ષા કરે છે.

વળી કેટલાંક મનુષ્ય એવાં નીચ થાય છે, જે સ્થૂલ વેષ અને સંયમ

પણ કરી શકતા નથી. તેથી કીમતી વસ્ત્ર ફાડીને ગોદડી બનાવે છે, અને એવું જાણે છે કે રંગીન વસ્ત્રોને પહેરવાં એજ વૈરાગ્ય છે પણ એટલો ભેદ સમજી શકતાં નથી કે પ્રથમ અતીત જનોએ રંગીન વસ્ત્રોની મર્યાદા એટલા માટે રાખી છે કે જેથી વારંવાર ધોવાનો ખેદ ન થાય. અથવા તેમણે ભગવત્‌ના વિરહે કરીને શ્યામ વસ્ત્ર પહેરી લીધાં છે. અને શોકવાનોના આચારને ગ્રહણ કર્યો છે, પણ આ મૂર્ખ તો મહારાજના વિરહ અને શોકથી અપ્રાપ્ત છે. તેથી તેને રંગીન વસ્ત્રોએ કરીને શો લાભ થશે ? કેમ કે તે એવા અસંગ્રહી તો નથી જે જુનાં લૂગડાંને શીવી શીવીને ગોદડી બનાવે ? એ કારણથી નવીન વસ્ત્ર ફાડે છે અને તેની ગોદડી બનાવીને પહેરે છે.

વળી એકબીજા પુરૂષ એવા મંદ બુદ્ધિ છે કે તેમનામાં પાપોનો ત્યાગ કરવાની સમર્થતા પણ નહિ અને ભજન સ્મરણ વિષે પણ આળસુ છે. વળી અભિમાને કરીને પોતાને દીન પણ માનતા નથી. તેથી ભોગોની વિશેષતાએ કરીને એ પ્રમાણે કહે છે કે ઉત્તમ કૃતિ હૃદયની એકાગ્રતા છે. અને સ્થૂળ કર્મોની વિશેષતા કંઈ નથી એમ અમારૂં ચિત્ત સર્વદા ભજન વિષે લીન રહે છે. એ કારણથી અમને સ્થૂળ કર્મોની કંઈ અપેક્ષા નથી. અને સંત જનોએ જે સ્થૂળ કર્મોની વિશેષતા કહી છે, તે વિષયી જીવોનો અધિકાર છે. અને અમારૂં મન તો વિષય વાસનાથી મૃતક થયું છે તેથી અમને પાપનો પ્રવેશ કંઈ નથી લાગતો. વળી જ્યારે તપસ્વી જનોને દેખે છે. ત્યારે આ પ્રમાણે કહે છે કે આતો વ્યર્થ કષ્ટ ખેંચનારા છે અને વિદ્યાવાનોને જોઈને કહે છે કે આ પણ પ્રશ્નોત્તર વિષે બંધાએલા છે. અને યથાર્થ જ્ઞાનથી અપ્રાપ્ત છે. એ પ્રમાણે કહેનારા પુરૂષ નિઃસંદેહ રાજ્ય દંડના અધિકારી છે. શાથી કે એવા મૂર્ખ ઉપદેશે કરીને સમજતા નથી. વળી એક બીજા પુરૂષ એવા થાય છે જે વિષયોથી વિરક્ત થઈને વિધિ સંયુકત સાધન કરે છે. અને ચિત્તની વૃત્તિને સંકોચી કરીને ભજન વિષે સ્થિત થાય છે ત્યારે અંતર્મના અભ્યાસથી તેની એવી અવસ્થા થાય છે કે ભવિષ્ય વાર્તાને પ્રત્યક્ષ દેખે છે. અને તેને દેવતા

અને ઇશ્વરોનો આકાર પ્રકટ ભાસે છે, જો કે એ અવસ્થા સાચી હોય છે, પણ સ્વપ્નની પેઠે અકસ્માત્ દૂર પણ થઇ જાય છે. અને તે પુરૂષ એટલી શક્તિ પામીને એવા અભિમાની થાય છે કે અમને ચૌદે લોકની ખબર પ્રાપ્ત થઇ છે અને આ પ્રમાણે જાણે છે કે સંત જનોની ઉત્તમ અવસ્થા એજ છે. પણ જ્યારે યથાર્થ દ્દષ્ટીએ કરીને દેખીયે ત્યારે તેમણે ભગવત્‌ના આશ્ચર્ય કારક ભેદોનો એક વાળ પણ જોયો નથી અને અભિમાન કરીને તુચ્છ ઐશ્વર્યને પામીને અધિક પ્રસન્ન થાય છે. અને પોતાની વડાઇને પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે. વળી માન અને મોટાઇના સંબંધે કરીને તેના મનની વૃત્તિ પસરવા લાગે છે અને તે જાણતાજ નથી કે આ છળ અતી દીર્ઘ છે. અને તેનું ઓળખવું પણ કઠણ છે. તેથી જિજ્ઞાસુને ઘટે છે કે કોઇ શકિત અને સિદ્ધતા પર પ્રતીતિ ન કરે અને પોતાના મનની વાસનાને વિપર્યય કરવામાં સાવધાન થાય. વળી જ્યારે મનનો સ્વભાવ ઉલટીને વિચારને વશ થાય, અને કોઇ સ્વભાવ વધી ન જાય, ત્યારે તેને ઉત્તમ અવસ્થા જાણે.

એ ઉપર એક સન્તે કહ્યું છે કે પાણીમાં ચાલવું અને આકાશમાં ઉડવું અને અગમની ખબર આપવી એ પણ કંઇ સિદ્ધતા નથી.

ઉત્તમ સિદ્ધતા આ છે કે આ જીવનું મન સંત જનોની આજ્ઞાનુસાર થઇ જાય અર્થ એ કે જ્યારે વિચારની મર્યાદા વિના કોઇ સ્વભાવ વિષે આસકત ન થાય ત્યારે તે અવસ્થા પર પ્રતીતિ કરવી યોગ્ય છે. અને બીજું ઐશ્વર્ય છળ રૂપ છે. શાથી કે કેટલાક અસુરોને પણ તપ કરીને અગમની ખબર થઈ છે અને તેમણે નાના પ્રકારની શકિત મેળવી છે. પણ તેના મનની મલીનતા દૂર થઈ નથી. તેથીં પ્રતીતિ યોગ્ય અવસ્થા આ છે કે આ જીવના મનની વાસના સર્વથા દૂર થઈ જાય અને વિચારની મર્યાદા આવીને સ્થિર થાય એ કારણથી કહ્યું છે કે જો તું સિંહોપર સવાર થઇ શકે નહિ તોપણ કંઇ સંશય નહિ. પણ ક્રોધ રૂપી કૂતરાને જો વશ ન કરે તો વિશેષ છે. અને જ્યારે તેં પોતાના અવગુણોને ઓળખ્યા ત્યારે તેને આ ગમની ખબરથી પણ

વિશેષ જાણ તેમજ જ્યારે તું ઇંદ્રિયો અને સંકલ્પના દેશથી ઉલ્લંઘિત થાય ત્યારે પાણી પર ચાલવા તથા આકાશ વિષે ઉડવા કરતાં એ અવસ્થાને વિશેષ જાણ. વળી જ્યારે તું સિદ્ધિએ કરીને એક રાત્રીમાં સહસ્ર યોજનનો પંથ કાપી ન શકે તોપણ સંશય ન કર. શાથી કે જ્યારે તુ સંસારના ભોગો અને જાંજાળોથી ઉલ્લંઘિત થયો ત્યારે તેં સહસ્ર યોજનોના પંથને પાછળ નાંખ્યો છે. અને જ્યારે તું એક પગ વડે પર્વત પર ચઢી ન શકે તો પણ શોકવાનૂ નથી. એટલા માટે કે જ્યારે તેં પાપમાંથી ઉત્પન્ન થએલા પૈસાનો ત્યાગ કર્યો ત્યારે પર્વતને ઓળંગવા કરતાં વિશેષ છે. પણ એ પ્રકારના છળોનું વર્ણન સંપૂર્ણ કરવું વધારે વિસ્તારે કરીને થાય છે તેથી ધનવાન્ પણ અનેક પ્રકારે છળેલા છે (ઠગાએલા છે) શાથી કે કેટલાક પુરૂષ ધનને પ્રથમ પાપ કરીને ઉત્પન્ન કરે છે. વળી તેજ ધને કરીને કૂપ, તળાવ અને પૂલ બનાવે છે અને એજ કર્મને પોતાનો પુરૂષાર્થ જાણે છે તો ઉત્તમ વાર્તા એ છે કે જે મનુષ્યનું ધન પાપ અથવા છળે કરીને લેઇએ ત્યારે તે ધન તેને પાછું આપવું વિશેષ છે પણ આ અભિમાની પુરૂષ પોતાના માનને નિમિત્તે એમ કરતા નથી તેથી છળેલા કહેવાય છે.

વળી એક બીજા ધનવાન્ એવા હોય છે કે જે શુદ્ધ વ્યવહારે કરીને ધનને ઉપજાવે છે અને તે ધને કરીને નાના પ્રકારનાં ધર્મસ્થાન બનાવે છે, પણ તેના ચિત્ત વિષે માન અને દંભનુંજ પ્રયોજન હોય છે. તેથી સ્થાનોના દ્વાર પર પોતાનું નામ લખે છે. અને જ્યારે કોઇ તેને કહે કે ભગવત્ અંતર્યામી છે તમે પોતાનું નામ શા માટે લખો છો ? તોપણ તેનો ત્યાગ કરતા નથી. તો આ પ્રસિદ્ધજ દંભનું લક્ષણ છે. કેમ કે અર્થીઓને એક પૈસો પણ આપી શકતા નથી. અને માનને નિમિત્તે હજારો રૂપીઆ ખર્ચે છે. કેમકે અર્થીનું માથું એવું નથી કે તેના પર પોતાનું નામ લખી રાખે.

વળી એક બીજા ધનવાન્ એવા થાય છે કે જે દંભ અને માનના પ્રયોજન વિનાજ ધર્મસ્થાન બનાવે છે. પણ તેમાં નાના પ્રકારના ચિત્રો રચાવે

તો એ પણ મૂર્ખતા છે. શાથી કે જ્યારે ભજનનાસ્થાન વિષે અધિક ચિત્રામણ હોય છે ત્યારે પ્રથમ તો તેને જોઇને લોકોનાં ચિત્ત વિક્ષેપતાને પ્રાપ્ત થાય છે. અને વળી બીજા લોક પણ જોઇને ઇચ્છે છે કે એવું ઘર અમે પણ બનાવીએ તે એથી કરીને એ બેઉ પાપ જગતમાં પ્રસિદ્ધ થાય છે. અને ચિત્રામણ કરાવનારો પુરૂષ આ ભેદને જાણતો નથી. એ ઉપર એક મહા પુરૂષે કહ્યું છે કે ભજનના સ્થાનો વિષે ચિત્રામણ કાઢવાં અને પોથીયો પર સુવર્ણ લગાડવું મોટી અવજ્ઞા છે. શાથી કે એથી કરીને ભજનની એકાગ્રતા અને વચનોના અર્થથી શૂન્ય રહી જાય છે.

ભજનનું મૂળ એ છે કે એનું મન માયાથી વિરક્ત થઇને સ્થિર થઇ જાય. પણ જે સ્થાનને જોઇને ચિત્તની ચપળતા અધિક થાય ત્યારે જાણીયે કે એણે ભજનના સ્થાનને બગાડી નાંખ્યું છે. અને મંદબુદ્ધિ જીવ એવા ભેદને ઓળખી શકતા નથી. વળી એક બીજા ધનવાન્ એવા થાય છે કે જે પોતાને ઉદાર જણાવવાને નિમિત્તે યજ્ઞ, ક્ષેત્ર કે સદાવ્રત કરીને અતીતોને પોતાના દ્વાર પર એકઠા કરે છે, એટલા માટે કે શહેરમાં અમારી ઉદારતાની વડાઇ થશે પણ એવા પુરૂષ સર્વથા માન અને દંભે કરીને છળાએલા હોય છે. શાથી કે ગુપ્ત તો ભૂખ્યાને એક રોટલી પણ આપી શકતા નથી, અને પ્રસિદ્ધ સ્થાનો વિષે નાના પ્રકારના યજ્ઞ અને દાન કરે છે.

એ ઉપર એક વાર્તા છે કે, કોઇએ એક સંતને કહ્યું કે સહસ્ર રૂપી આ મારી પાસે છે. પણ હું તેને તીર્થોના માર્ગમાં ખર્ચવાને ઇચ્છું છું ત્યારે તેમણે પૂછ્યું કે તું તીર્થો પર ભગવત્‌ની પ્રસન્નતાને નિમિત્તે જાય છે ? કે તમાસો જોવાને નિમિત્તે જાય છે, ત્યારે તે પુરૂષે કહ્યું કે " મને ભગવત્ પ્રસન્નતાનીજ પ્રીતિ છે, " એ સાંભળીને તેમણે કહ્યું કે " તું આ ધન કોઇ રૂણી અથવા ધન હીન કુટુંબીને આપી દે. " કે તેમના હૃદયની પ્રસન્નતા સહસ્ર તીર્થોનાં ફળથી વિશેષ છે. " પછી તે પુરૂષે કહ્યું કે " મને તીર્થયાત્રાની રૂચી અધિક છે, ત્યારે તેમણે કહ્યું કે " તારૂં ધન પાપ કર્મમાંથી

મેળવેલું જણાય છે, તેથી જ્યાં સુધી તું અશુભ માર્ગમાં નહિ ખરચે ત્યાં સુધી તારા મનને શાંતિ થશે નહિ.

કેટલાક ધનવાન્ એવા કૃપણ હોય છે કે યદ્યપિ દશાંશ આપીને પણ પોતાની સ્તુતિં અને નોકરી કરાવી લે છે. અને બીજા અર્થીયોને આપી શકતા નથી તો એવું દાન નિષ્ફળ જાય છે. શાથી કે તેના ફલને ચાકરી અને સ્તુતિની કામના નષ્ટ કરી નાંખે છે. અને દાન દેનારો પુરૂષ મૂર્ખતા કરીને એવું જાણે છે કે મેં શાસ્ત્રની મર્યાદા પ્રમાણે દશમો ભાગ આપ્યો છે પણ દાનની યુક્તિ સમજ્યા વિના ધનને વ્યર્થજ ખુએ છે, અને જૂઠુંજ અભિમાન કરે છે.

એક બીજા ધનવાન્ એવા કૃપણ હોય છે કે જેઓ દશાંશ પણ આપી શકતા નથી તેથી ધનને એકઠું કરીને પોતાની પાસે રાખે છે. અને ભજન સ્મર્ણ વિષે રાત્રી દિવસ સાવધાન રહે છે. પણ તેમને પૈસા ખરચવા કઠણ થાય છે, અને તે પોતાને ભજની જાણે છે, તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇના માથામાં પીડા હોય અને પગ ઉપર ઔષધીનો લેપ કરે, ત્યારે એવી ઔષધીએ કરીને તેની પીડા ક્યારે દૂર થાય છે? તેવાજ કૃપણ તપસ્વી જે વિપરીત બુદ્ધિવાળી છે, તે એટલો ભેદ સમજી શકતા નથી કે અમરા હૃદય વિષે કૃપણતાનો રોગ પ્રબળ છે? ત્યારે વ્રત અને સયમે કરીને આહારને ઘટાવતા જાય છે. અને દયાદીન રૂપી જે કૃપણતાની ઔષધી છે, તેને અંગીકાર કરતા નથી.

ઉપર પ્રમાણે જેટલા છળનું મેં વર્ણન કર્યું છે. અને બીજા પણ જે નાના પ્રકારના છળ છે એથી ધનવાન પુરૂષ રહી શકતા નથી. અથવા જેને કંઇ ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય ત્યારે તેવોજ પુરૂષ આ છલોથી મુક્ત થાય છે. અને મારા કહેવાનું તાત્પર્ય એ છે કે જિજ્ઞાસુજન મનના છળો અને ભજનનાં વિઘ્નોને ભલી પ્રકારે ઓળખે ત્યારે હૃદય વિષે તેને ભગવત્ પર નિષ્કામ પ્રીતિ પ્રબળ થાય. અને છળોથી પોતાને બચાવી રાખે. અને

શરીરના કાર્થ માત્રથી અધિક માયાની પ્રીતિથી વિરક્ત થાય, અને સર્વથા પોતાના મૃત્યુને નિકટ દેખે. અને પરલોકના માર્ગના ભાથા વિના કોઇ પદાર્થ વિષે આસક્ત ન થાય. અને જે પુરૂષ ઉપર ભગવતની સહાયતા થાય છે. ત્યારે તેને એ વાર્તા સુગમ જણાય છે, અન્યથા સુગમ થઇ શકતી નથી.

ઇતિ નિષેધ પ્રકરણ નામનું ત્રીજું પ્રકરણ સમાપ્ત.



જ્ઞાન પારસમણિ.

પ્રકરણ ૪ થું.

અધ્યાય ૧ લો.

સર્ગ પહેલો.

ત્યાગનું વર્ણન.

પાપનો ત્યાગ એ જિજ્ઞાસુની આદિ અવસ્થા છે અને ધર્મના માર્ગ વિષે સર્વ મનુષ્યોને અવશ્યજ એ ત્યાગની અપેક્ષા થાય છે. શાથી કે આ મનુષ્ય પ્રથમજ નિષ્પાપ થતો નથી. કેવળ નિષ્પાપ અને નિર્મળ તો દેવતાને કહ્યા છે અને સર્વથા પાપરૂપ અસુર છે. તેથી સિદ્ધ થયું કે ભગવતનો ભય માનીને પાપોનો ત્યાગ કરવો એ મનુષ્યોનોજ અધિકાર છે અને સર્વ આયુષ્ય પર્યંત પાપોમાં આસક્ત રહેવું એ અસુરોનું લક્ષણ છે.

જે પુરૂષોએ પાપોના લક્ષણોનો ત્યાગ કર્યો છે, અને વ્યતિત થએલાં પાપોની નિવૃત્તિ વિષે સાવધાન થયા છે, તેજ ઉત્તમ મનુષ્ય કહેવાય છે.

પ્રથમ આ જીવની ઉત્પત્તિ નીચ અને મલીન છે, કારણ કે આદિ ઉત્પત્તિ વિષે ભગવતે એના ઉપર ભોગોને પ્રેર્યા છે, અને ભોગોની શત્રુ જે બુદ્ધિ છે, તે તો પછી કીશોર અવસ્થામાં પ્રકટ થાય છે. તેથી ભોગોએ બાળક અવસ્થા વિષેજ હૃદય રૂપી ગઢને ઘેરી લીધો છે. અને મનનો સ્વભાવ તેની સાથે

મળેલો છે. પછી જ્યારે નિર્મળ બુદ્ધિ પ્રકટ થાય છે, ત્યારે આ જીવને અવશ્યજ ભોગોનો ત્યાગ અને પુરૂષાર્થની અપેક્ષા થાય છે. એ કારણથી કહ્યું છે કે પ્રથમ સર્વ મનુષ્યોનો અધિકાર પાપોનો ત્યાગ છે અને જિજ્ઞાસુની આદિ અવસ્થા એજ છે. ત્યાગનો અર્થ એ છે કે અશુભ માર્ગની તરફથી પોતાના મુખને ફેરવવું અને શુભ માર્ગ વિષે સન્મુખ રાખવું.

ત્યાગના મહીમાનું વર્ણન.

ભગવાને સર્વ મનુષ્યોને ત્યાગજ વિશેષ કહ્યો છે, અને આ પ્રમાણે આજ્ઞા કરી છે કે જે પુરૂષને મુક્ત થવાની ઇચ્છા હોય, તેને ઘટે છે કે તેણે પ્રથમ પાપોનો ત્યાગ કરવો. કહ્યું છે કે આ જીવના ત્યાગને અનંત કાલ પર્યંત ભગવત્ પ્રમાણ કરે છે અને જ્યારે માણસથી કંઇ પાપ થઇ જાય ત્યારે તેનો પશ્ચાતાપ કરવો, એ પણ ત્યાગ છે. વળી એમ પણ કહ્યું છે કે જે સ્થાન વિષે વિષયીજીવ ભેગા થાય, અને નાના પ્રકારનાં ચંચળ વચન કહે, તે સ્થાન વિષે જીજ્ઞાસુ કદાચિત્ સ્થિત થાય નહિ શાથી કે એવે ઠેકાણે અવશ્યજ આ જીવનો ધર્મ નષ્ટ થઇ જાય છે. અને તે નરકોનો અધિકારી થાય છે. જે પુરૂષ એવા સ્થાનનો ત્યાગ કરે છે તેનો ધર્મ દૃઢ રહે છે જે પુરૂષ પાપ કર્મ કરીને પોતાની ભૂલ્યો એમ માને છે, તેનું પાપ ચિત્રગુપ્તથી પણ ભૂલાઇ જાય છે. જેનાથી આ લોકમાં દિવસે જ્યારે કંઇ પાપ થઇ જાય અને રાત્રી વિષે તે પોતાને ભૂલ્યો જાણીને પાપને ત્યાગે ત્યારે ભગવત્ તે ત્યાગને પણ પ્રમાણ કરી લે અને દયાનાં બારણાં એવાને માટે બંધ કરતા નથી. તે એટલે સુધી કે જ્યાં સુધી આ જીવના પ્રાણ જતા નથી ત્યાં સુધી તે દ્વાર ખુલ્લાંજ રહે છે. જે પુરૂષ પાપ કરીને પોતાને ભૂલ્યો જાણે અને તેનો ત્યાગ કરે, તો નિઃસંદેહ તેની ઉત્તમ ગતી થાય છે. કારણ કે પાપ કર્મ કરી તેનો ત્યાગ કરવો એ જાણે પાપ કર્યુંજ ન હોય તેની બરોબર છે; પણ પાપોનો ત્યાગ કરવો એજ છે, કે ફરીને એ પાપની મનસાજ ન

કરે એવા ત્યાગી પુરૂષ ભગવત્‌ને અતિ પ્રીતમ છે, અને તેવા જનને જોઈને ભગવત્ અધિક પ્રસન્ન થાય છે અને જે પુરૂષ પાપ કર્મ કરીને પોતાને ક્ષમા કરાવવા ઇચ્છે છે, તેના ઉપર ભગવત્ નિઃસંદેહ ક્ષમા કરે છે; પણ જે પુરૂષ સદા કામ વિષે દૃઢ થાય છે, અને કામને ત્યાગવાની શ્રદ્ધાજ રાખતો નથી તો એવો પુરૂષ સર્વદા સંત જનોની સહાયતાથી વિમુખ રહે છે એ ઉપર એક વાર્તા છે કે એક સંતે કોઇ પાપીને જોઇને ગ્લાની કરી, ત્યારે તેને આકાશવાણી થઈ કે "તું એના ઉપર ગ્લાની ન કર" શાથી કે જ્યારે એ મારો ભય માની ને પાપ કર્મોનો ત્યાગ કરશે ત્યારેજ હું તેના ત્યાગને પ્રમાણ કરીશ; અને જ્યારે પોતાને ભુલ્યો જાણીને મારી પાસે દીન ચિત્ત થશે, તોપણ હું તેને ક્ષમા કરીશ. એટલા માટેજ મારૂં નામ દીન દયાળુ છે.

ત્યાગના અર્થનું વર્ણન.

ત્યાગથી પ્રથમજ જિજ્ઞાસુના ચિત્તમાં ધર્મનો પ્રકાશ પ્રગટ થાય છે; તે પ્રકાશે કરીને તે પાપને હલાહલ વિષવત્ જાણે છે. વળી તે જીજ્ઞાસુ જનો એમ જાણે છે કે અમે આ વિષનો ઘણો અંગીકાર કર્યો છે, અને મરવાના નિકટને પ્રાપ્ત થયા છીએ; એવું જાણીને પોતાના મનમાં અધિક ભયમાન થાય છે અને પશ્ચાતાપ કરવા માંડ છે. જેમ કોઇ મનુષ્યે મૂર્ખતા કરીને મદ્યની સાથે વિષ ખાઇ લીધું હોય અને પછી જ્યારે વિષનો નિશ્ચય થાય ત્યારે અધિક ત્રાસને પામે છે અને યત્ને કરીને વમન કરવા ઇચ્છે છે, અને તેના ઉપચાર વિષે સાવધાન થાય છે; તેમજ જિજ્ઞાસુ જનોને આ જ્ઞાન પ્રાપ્ત થાય છે કે અમે જેટલા ભોગોને મીઠા જાણીને પ્રીતિ સંયુક્ત ભોગવ્યા છે, તે બધા વિષે પાપ રૂપી વિષ મળેલું હતું, તેથી ભય અને પશ્ચાતાપની અગ્નિ વિષે બળવા માંડે છે, અને તે અગ્નિએ કરીને ભોગવાસના બળી જાય છે, વળી જેટલાં પાપ આગળ કર્યાં હતાં તેની નિવૃતિની તે મનસા કહે છે તેથી રજો ગુણી તથા તમો ગુણી પહેરવેશને દૂર કરે છે, અને સાત્વિકી ધર્મના

પહેરવેશને પહેરે છે, તે પછી પહેલાં જે વિષયી જીવોની સંગત કરતો હતો, તે હવે જ્ઞાનવાનોની સંગતિનું ગ્રહણ કરે છે. તાત્પર્ય એ કે ત્યાગનું રૂપ ભય અને ત્રાસ છે, અને તેનું મૂળ ધર્મનો પ્રકાશ છે. અને પાપોની નિવૃતિ કરવી એ એની શાખા છે.

વળી સર્વ ઇંદ્રિયોને પાપોથી રોકી રાખવી અને ભગવત્ ભજન વિષે સાવધાન થવું એ તેનું ફળ છે.

ત્યાગ કરવામાં સર્વ મનુષ્યોનો અધિકાર પ્રમાણ છે, તેનું વર્ણન.

૧ પ્રથમ તો આ માણસને પ્રતીતિ (શ્રદ્ધા) ની હીનતાનો ત્યાગ કરવો કહ્યો છે; અને યદ્યપિ લોકોના મુખથી સાંભળીને કેટલાક ભગવતના ઉપર પ્રતીતિ કરે છે, પણ હૃદયે કરીને તેઓ અચેત છે. તેથી ઘટે છે કે એ અચેતતાનો ત્યાગ કરવો; અને ધર્મના અર્થને ભલિ પ્રકારે ઓળખવો. ધર્મનું ઓળખાણ કંઈ વિદ્યાની અધિકતાએ કરીને થતું નથી; ધર્મની દૃઢતાનું લક્ષણ એ છે કે સર્વ કર્મો વિષે ધર્મ અને વિચારની મર્યાદા પ્રમાણે વિચરે, સંત જનોની આજ્ઞાને પ્રીતિ સંયુક્ત પ્રમાણે કરે; અને પોતાના મનની વાસનાનો આજ્ઞાકારી ન થાય. આ પ્રમાણે કરે તો જાણવું કે ધર્મમાં તેની દૃઢતા છે. જે પુરૂષની કૃતિ મલીન હોય તેની પ્રતીતિજ દૃઢ હોતી નથી.

જે પુરૂષે પાપોને વિષ રૂપ જાણ્યા છે, તે એવી દુઃખ દાયક વસ્તુને શી રીતે અંગીકાર કરે ?

જ્યારે ભોગોની પ્રીતિ વિષે પ્રથમજ એની પ્રતીતિ સ્પષ્ટ થઇ જાય છે અથવા શુદ્ધ બુદ્ધિનો પ્રકાશ વાસનાના અંધકાર વિષે છિપિ જાય છે ત્યારેજ માણસથી પાપ કર્મ થાય છે. તાત્પર્ય એ કે પ્રથમ મનુષ્યે પ્રતીતિની હીનતાનો ત્યાગ કરવો પ્રમાણ કહ્યો છે પછી ઇંદ્રિયોનાં પાપ કર્મોનો ત્યાગ કરવો કે જેથી કરીને ઇંદ્રિયો વડે થતાં પાપોથી રહિત થતાં માન, દંભ, ઇર્ષા અને

અભિમાન આદિક જે હૃદયના મલીન સ્વભાવ છે તેનો ત્યાગ કરવો એ પણ અવશ્ય પ્રમાણુ છે. કારણુ કે એ ખરાબ સ્વભાવો બુદ્ધિનું આવરણુ કરનારા છે; અને સર્વ પાપ કર્મોનું બીજ છે. તેથી માણુસને ઘટે છે કે સંપૂર્ણ સ્વભાવોને પોતાને વશ કરે પણુ એ સાધના મોટા પુરૂષાર્થે કરીને સિદ્ધ થાય છે.

એ પછી જિજ્ઞાસુએ વ્યર્થ ચિંતવન, અને મનના સંકલ્પોનો ત્યાગ કરવો પ્રમાણુ કહ્યો છે. મહારાજના ભજનથી જો કોઇ સમય વિષે જીસાસુ અચેત થાય તો તે અચેતતાને દૂર કરવી જોઇએ એટલા માટે કે એક ક્ષણુ પણુ ભગવત્‌ને વિસારવા એ સર્વ વિઘ્નોનું બીજ છે. આ મનુષ્યે સર્વદા ભગવત્ ભજન કરવું ભગવત્ ભજનની અવસ્થા વિષે મોટા ભેદ છે; અર્થ એ કે એ એક ભજન સ્થૂળ છે, અને એક સૂક્ષ્મ છે, અને એક એથી પણુ અતિ સૂક્ષ્મ થાય છે; એ પ્રમાણે સૂક્ષ્મતાથી અધિક સૂક્ષ્મતા ચાલી જાય છે. તેથી ઘટે છે કે સ્થૂળતાનો ત્યાગ કરીને સૂક્ષ્મની તરફ થાવું પણુ કોઈ સ્થાનકે અવસ્થાપર અટકી ન રહેવું શાથી કે ઉત્તમ પદને ત્યાગીને નીચ પદ વિષે અટકી રહેવું એ પણુ હાનિનું કારણુ છે માટે પૂર્ણ પદના માર્ગ વિષે જેટલાં બીજાં સ્થાન છે, તે બધાંનો ત્યાગ કરવો એજ પ્રેમની દઢતા છે. એ ઉપર મહા પુરૂષે કહ્યું છે કે હું એક દિવસમાં સત્તરવાર પોતાને ભૂલ્યો જાણું છું અને તે અવસ્થાનો ત્યાગ કરીને મહારાજની પાસે દીન થાઉં છું. એનો અર્થ એ છે કે તેમની અવસ્થા ક્ષણુ ક્ષણુ વિષે વધતી જતી હતી, અને બીજા પદ વિષે સ્થિત થતા હતા. તે જ્યારે એક પદને ત્યાગીને બીજા પદ વિષે પહોંચતા હતા, ત્યારે પ્રથમ પદને પોતાને અપમાન ભરેલું જાણુતા હતા અને પોતાને ભૂલ્યા જાણીને ક્ષમા કરાવવા પ્રભુને વિનવતા હતા. એ અવસ્થાનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ પ્રથમ પાંચ પૈસાની મજૂરી કરતો હોય, ત્યારે તેટલામાં તે પ્રસન્ન થાય છે, પછી જ્યારે એવું જાણે છે કે અમુક વ્યવહારે કરીને એટલાજ વખતમાં પાંચ રૂપીઆ પેદા થાય છે, ત્યારે શોકવાન્ થઇને પ્રથમની મજૂરીનો ત્યાગ કરે છે, અને બીજા વ્યવહારનું ગ્રહણુ કરે છે પછી પાંચ રૂપીઆ પામીને પ્રસન્ન છે, વળી જ્યારે આ પ્રમાણે જાણે છે કે રત્નોનો વ્યાપાર કરતાં એક દિન વિષેજ સહસ્ત્ર રૂપિયાનો લાભ થાય છે,

ત્યારે બીજા વ્યાપારનો પણ ત્યાગ કરે છે, અને રત્નોના વ્યાપારનેજ અંગીકાર કરે છે, એ ઉપર સન્ત જનોએ કહ્યું છે કે જિજ્ઞાસુની આદિ અવસ્થાનાં જેટલાં શુભ કર્મ છે, તે જ્ઞાનવાનોની પાસે પાપરૂપ છે. પણ જ્યારે કોઇ આ પ્રણાણે પ્રશ્ન કરે કે યદ્યપિ પ્રતીતિની હીનતા, પાપ અને અચેતતા તો અવશ્ય ત્યાગ કરવા લાયક છે. કારણકે જ્યાં સુધી એનો ત્યાગ ન કરે ત્યાં સુધી નિઃસંદેહ પાપી થાય છે અને તે પદને ત્યાગીને ઉંચ પદ વિષે સ્થિત થવાને વિશેષ કહેવું પણ પ્રમાણ છે તથા ઉત્તમ પુરૂષોએ જે ઉંચ પદ વિષે ઠરવાને આજ્ઞા કહી છે, તેનું કારણ શું છે? એનો ઉત્તર એ છે કે યોગ્ય અને અયોગ્ય કર્મ પણ બે પ્રકારનાં કહ્યાં છે, તેમાં પ્રથમ તો સંસારી જીવોને સ્થુળ પાપોનો ત્યાગ કરવો પ્રમાણ કહ્યો છે તે એટલા માટે અલ્પબુદ્ધિ મનુષ્યો પણ નરકોથી મુક્ત થાય.

બીજું ભલાઈ અને ભુંડાઈ એ પણ જિજ્ઞાસુઓનો આધાર છે: અને સંસારી જીવ એ અવસ્થા વિષે સ્થિત થઇ શકતા નથી યદ્યપિ જ્ઞાનિજનોને નરકોનું દુઃખ તો કદાચિત થતું નથી; પણ જ્યારે પોતાનાથી ઉત્તમ અવસ્થાવાળાઓને દેખે છે, ત્યારે પોતાની ન્યુન અવસ્થા પર શોકવાન્ થાય છે. અને આ પ્રમાણે કહે છે કે "અમે એવો પુરૂષાર્થ કેમ ન કર્યો?" એ કારણથી કહ્યું છે કે ઉત્તમ અવસ્થાથી અપ્રાપ્ત રહેવું, અને ન્યુન પદ વિષે સ્થિર રહેવું એ પણ અયોગ્ય છે. તેથી ઘટે છે કે જિજ્ઞાસુજન પુરૂષાર્થ કરીને કોઇ પદ વિષે આધીન રહે, અને તે જ્યારે ઉત્તમથી ઉત્તમ પદવીની તરફ ચાલ્યો જાય ત્યારે એવા દુઃખથી મુક્ત થાય.

એ ઉપર સંતજનોએ કહ્યું છે કે પરલોક વિષે સૌ કોઇને પશ્ચાતાપ થશે પાપી મનુષ્યો તો પોતાનાં પાપોને જોઇને પશ્ચાતાપ કરશે અને ભજનવાન્ આ પ્રમાણે કહેશે કે અમે અધિક ભજન કેમ ન કર્યું? એવું સમજીને બુદ્ધિમાન પુરૂષ પરમારથના માર્ગ વિષે આળસ કરતા નથી; પણ યથાશક્તિ આગળજ ચાલ્યા જાય છે અને પાપ રહિત ભોગોને પણ અંગીકાર કરતા નથી.

આ ઉપર એક દૃષ્ટાંત કે એક મહાપુરૂષને તેમની પત્નીએ પૂછયું હતું કે તમે તો નિષ્પાપ છો, ત્યારે તમે નિદ્રા અને અહારનો આટલો સંયમ કેમ કરો છો ? ત્યારે તેમણે કહ્યું કે " મારા ભાઈ મહા પુરૂષો મારાથી આગળ ગયા છે, અને તેમણે પુરૂષાર્થે કરીને ઉત્તમ પદ મેળવ્યું છે. તેથી હું પણ એ પ્રકારે ઇચ્છું છું કે સંસારનાં સુખોમાં આસક્ત રહીને તેમની પાછળ ન રહી જાઉં. તો સારૂં છે, અને કંઇક દિવસ જે જગતમાં જીવવાનું છે, તે વૈરાગ્ય અને ત્યાગ વિષેજ વ્યતિત કરૂં "

વળી એક વાર્તા છે કે એકવાર એક મહા પુરૂષ પથ્થરને માથા તળે રાખીને સુઈ રહ્યા હતા; ત્યારે માયા મનુષ્ય રૂપ લેઇને તેને કહેવા લાગી કે હે સન્તજી તમે માયાનો ત્યાગ કરીને પછી પશ્ચાતાપને પ્રાપ્ત થયા છો તેથી પથ્થરને માથા તળે રાખીને સુખથી ઉંઘ લેવા ઇચ્છો છો ? તે સાંભળીને તેમણે પથ્થરને ઉપાડી નાંખ્યો. અને કહેવા લાગ્યા કે માયાનાં સુખોની સાથે પથ્થર પણ તુંજ લે. તાત્પર્ય એકે જે પ્રમાણે જિજ્ઞાસુજન પરલોકના ભયે કરીને પરમ વૈરાગ્યને વિષે સ્થિત થયા છે, તે પ્રમાણે સંસારી જીવ એ અવસ્થાને ક્યારે પામી શકે છે? માટે હે જીજ્ઞાસુ તું પોતાના ચિત્ત વિષે એવું અનુમાન ન કર કે તેમણે એ યત્ન વ્યર્થજ કર્યો છે; પરંતુ દૃઢ પ્રતીતિ કરીને એ માર્ગનો અંગીકાર કર. અને સંસારી જીવોના પુણ્યને ઓળખી લે. કારણકે એનો માર્ગજ ભિન્ન છે. આ પ્રમાણે સિદ્ધ થયું કે જીજ્ઞાસુ મનુષ્ય બધા વખતમાં અને સર્વ અવસ્થા વિષે ત્યાગની અપેક્ષાથી રહિત રહી શકતું નથી.

એક સંતે કહ્યુ છે કે જ્યારે કોઇ પણ મનુષ્ય કોઇ પદાર્થની તરફ પ્રીતિ સહિત દેખે છે, ત્યારે નિઃસંદેહ પોતાનો વખત વ્યર્થ ખુવે છે. અને એ પ્રીતિ અંતકાળ વિષે એને અવશ્ય પશ્ચાતાપ આપે છે; પણ આ મોટું આશ્ચર્ય છે કે માણસ વ્યતિત થયેલા વખતની પેઠે આગળ પણ પોતાના આયુષ્યને ખુવે છે, અને મુર્ખતાએ કરીને સત્ય જાણતો નથી. જ્યારે વિચાર

કરીને શ્વાસરૂપી રત્ન વ્યર્થજ ચાલ્યું જાય છે, તેથી સર્વકાલ તેને રૂદન કરવુંજ પ્રમાણ છે. અને કદાપિ આ સમય વિષે અચેતતાએ કરીને તે રૂદન કરતો નથી તોપણ પરલોક વિષે દુઃખી થઇને તે અધિકજ રોતો રહેશે. આ આયુ-ષ્ય રૂપી પદાર્થ અમૂલ્ય છે. અને એણે કરીને પરમ પદને પહોંચી શકાય છે. તે આયુષ્ય ભોગોની પ્રીતિ વિષે વ્યર્થજ ચાલ્યું જાય છે. અને મૂર્ખ મનુષ્ય સર્વદા એથી અચેત રહે છે.

કેટલાંક માણસ જ્યારે સુચેતતાનો લાભ કંઈ ન મળે, ત્યારેજ સુચેત થાય છે, તે ફોકટ છે કૃષ્ણ મહારાજે કહ્યું છે કે જ્યારે આ મનુષ્ય અંતકાળ વિષે યમદૂતોને દેખે છે, ત્યારે એવું જાણે છે કે મારે જવાનો વખત થયો છે; પછી અધિક પશ્ચાતાપ કરીને રૂદન કરવા માંડે છે. પણ એ પશ્ચાતાપે કરીને કંઈ ફળ થતું નથી. પછી યમદૂતોને જ્યારે આ પ્રમાણે કહે છે કે "એક દિવસ અથવા એક ઘડી મને અવકાશ આપો તો હું કંઇ ભજન કરી લેઉં" ત્યારે યમદૂતો કહે છે કે "આગળ મહારાજે તને દિવસ અને પહોર ઘણા આપ્યા હતા, પણ હવે તો તારૂં આયુષ્ય પૂર્ણ થઇ ચુક્યું અને એક પલકે ઘડી પણ શેષ રહિ નથી. તે શ્રવણ કરી જ્યારે નિરાશ થાય છે, ત્યારે નિરાશતાએ કરીને ધર્મહીન થઈ જાય છે. અને દુઃખોનો અધિકારી થાય છે. પરંતુ જેના ઉપર શ્રી રાધા કૃષ્ણજી સહાયતા કરે છે, તેનો ધર્મ નષ્ટ થતો નથી અને તેથી તે પરમ સુખને પામે છે.

એ ઉપર સંતજનોએ કહ્યું છે કે ભગવત્ બે વખત આ મનુષ્યની સાથે વચન કરે છે તેમાં પ્રથમ તો ગર્ભ વિષે આ પ્રમાણે આજ્ઞા કરે છે કે "હે માણસ મેં તને ભજન સ્મર્ણનો અધિકારી બનાવ્યો છે. અને આયુષ્ય રૂપી પદાર્થ તને આપ્યો છે, તેથી તને ઘટે છે કે ભલિ પ્રકારે મારા ભજન વિષે સાવધાન થવું, અને મારી બખશીશને પાપોમાં ન લગાવવી" પછી બીજીવાર મૃત્યુ થયા પછી આ પ્રમાણે પૂછે છે કે હે મનુષ્ય જ્યારે તે મારા આપેલા પદાર્થોને શુભ કર્મો વિષે લગાવ્યા છે, ત્યારે તેના ફળને પામશે અને જ્યારે તે તે પદાર્થ પાપોમાં લગાવ્યા છે ત્યારે નરકોનાં દુઃખોને ભોગવશે."

માણસ જ્યારે યુક્તિ પુર્વક ત્યાગ કરે છે ત્યારે તેને ભગવત અવશ્ય પ્રમાણ કરે છે તેનું વર્ણન.

ત્યારે યુક્તિ અનુસાર માણસે પાપોનો ત્યાગ કર્યો હોય ત્યારે તેના પ્રમાણ વિષે સંશય ન કરવો પરંતુ આ વાર્તાને ભલી પ્રકારે વિચારી જોવી કે મારો ત્યાગ યુક્તિ અનુસાર છે? અથવા યુક્તિથી રહિત છે?

જે પુરૂષે આ જીવના ભેદને ભલી પ્રકારે જાણ્યો છે તથા જીવ અને દેહના સંબંધને પણ જે સમજ્યો છે, અને ભગવત્‌ની સાથે આ જીવનો જે સંબંધ છે, એ પણ ભલિ પ્રકારે જેણે જાણ્યો છે, તેને આ વાર્તા વિષે કંઇ સંશય થતો નથી કે ભોગ અને પાપ આવરણ કરનારાં છે, તેથી ઉભયનો ત્યાગ કરવો એ મહારાજની નિકટતાનું કારણ છે તે એટલા માટે કે આ જીવની ઉત્પતિનું કારણ નિર્મળ સ્વરૂપ છે; તેથી જ્યારે તેનું હૃદય દર્પણની પેઠે જંગાલથી રહિત થાય, ત્યારે તેમાં શ્રીકૃષ્ણ મહારાજના શુદ્ધ સ્વરૂપનું પ્રતિબિંબ ભાસે છે.

જ્યારે માણસ પાપ કરે છે, ત્યારે હૃદય રૂપી દર્પણ મેલું થઇ જાય છે, અને જ્યારે શુભ કર્મ વિષે સ્થિત થાય છે, ત્યારે તેનો પ્રકાશ પાપોના અંધકારને દૂર કરી નાંખે છે.

આ જીવના હૃદય પર રજ, તમ, રૂપી અંધકાર અને સાત્વિકી પ્રકાશ સર્વદાજ વર્તમાન રહે છે; પણ જ્યારે પાપોનો અંધકાર અધિક થઈ જાય છે અને આ પુરૂષ ભગવત્‌નો ભય પામીને પાપોનો ત્યાગ કરી દે છે. ત્યારે નિઃસંદેહ તે અંધકારને તેના પ્રકાશે નષ્ટ કરી નાંખે છે અને હૃદય રૂપી દર્પણ નિર્મળ થાય છે. પણ જેનું ચિત્ત પાપોના અંધકારે કરીને એવું મલીન થઇ જાય છે કે તેની ભુંડાઇને સમજી શકતો નથી. ત્યારે એવા પુરૂષથી ત્યાગ રૂપી ઉપાય કદાચિત્ થતો નથી. અને યદ્યપિ મુખથી કહે છે કે મેં ભોગોનો ત્યાગ કર્યો છે તોપણ તેનું કહેવું વ્યર્થ થાય છે. કે દાખલા તરીખે જો વ-

સને જલ અને સાબુ સાથે ધોઇ લે, તો તે શીઘ્રજ ઉજ્જવલ થઇ જાય છે. પણ જો વસ્ત્રને ધોવાનો વિચારજ કરતો નથી તો કદાચિત્ નિર્મળ થતું નથી. એ ઉપર મહા પુરૂષે કહ્યું છે કે "જ્યારે તારાથી કંઇ પાપ થઇ જાય ત્યારે તેની પછી શીઘ્રજ ભલું કર્મ કર કે જેથી તે પાપનો નાશ થઇ જાય પણ જ્યારે તારાં પાપ એટલાં બધાં હોય કે અધિકતાએ કરીને આકાશને ઢાંકીલે ત્યારે તો તું રાધા કૃષ્ણનો ભય માનીને તેનો ત્યાગ કરે તો તે ત્યાગને શ્રી ગોપીનાથ પોતાની દયાએ કરીને પ્રમાણ કરી લે છે. એમ પણ કહ્યું છે કે કેટલાંક મનુષ્ય પાપનાજ સંબંધે કરીને સ્વર્ગને પામે છે તે ઉપર શંકાથી કોઇએ પૂછ્યું કે હે મહા પુરૂષ કોઇ પુરૂષ પાપ કરીને પરમ સુખના અધિકારી શી રીતે થઇ શકે છે! ત્યારે તેમણે કહ્યું કે "પ્રથમ જેનાથી કંઇ અવજ્ઞા થઇ જાય અને પછી તે ત્રાસ પામીને તેનો ત્યાગ કરે અને ભયે કરીને પોતાની અવજ્ઞાને વિસ્મરણ કરે અને સર્વદા આધીન ચિત્ત રહે ત્યારે તે નિઃસંદેહ પરમ સુખનો અધિકારી થાય છે. વળી એમ પણ કહ્યું છે કે જેમ જલે કરીને મેલ ઉતરી જાય છે, તેમ શુભ કર્મે કરીને અશુભ કર્મનો નાશ થઇ જાય છે; એ ઉપર એક વાર્તા છે કે જે વખતે કળીને મહારાજ તરફથી ધિક્કાર થયો ત્યારે ક્રોધે કરીને, તે કહેવા લાગ્યો કે હે મહારાજ તારી દુહાઈ કરીને કહું છું કે જ્યાં સુધી આ મનુષ્ય મૃત્યુ નહિ પામશે ત્યાં સુધી એના હૃદયમાંથી હું બહાર નીકળીશ નહિ. પછી મહારાજે કહ્યું કે હું પણ મારી મોટાઇની દુહાઇ કરીને કહું છું કે જ્યાં સુધી આ મનુષ્યનું શરીર છુટશે નહિ, ત્યાં સુધી હું પણ ત્યાગના દરવાજાને બંધ નહિ કરૂં. એ ઉપર એક સંતે પણ કહ્યું છે કે સર્વ મહા પુરૂષોને શ્રીકૃષ્ણ પરમાત્માએ આ પ્રમાણે આજ્ઞા કરી છે કે તમે પાપી મનુષ્યોને અમારા તરફથી કહો કે જ્યારે તમે ગ્લાનિ અને ભય માનીને પાપોનો ત્યાગ કરશો ત્યારે હું તમારાં બધાં પાપ ક્ષમા કરીને તમને ઉદ્ધારી લેઇશ. અને ધર્માત્મા પુરૂષોને આ પ્રમાણે ભયદો કે જ્યારે હું યથાર્થ ન્યાય કરૂં ત્યારે તે પણ દંડના અધિકારી થશે.

એક બીજા સંતે કહ્યું છે કે "રસનાએ કરીને ભગવત્‌ના ઉપકારને કોઈ ગણી શકતું નથી માટે ઘટે છે કે જિજ્ઞાસુજન રાત્રી દિવસ પોતાના અવગુણોને ક્ષમા કરાવતો રહે, તો મહારાજ પોતાની દયા વડે કરીને આ જીવોનાં પાપોની ક્ષમા કરે છે.

એ ઉપર એક વાર્તા છે કે એક તામસી મનુષ્યે એક તપસ્વીને પૂછ્યું હતું કે મેં પાપ ઘણાં કર્યાં છે અને ૯૯ મનુષ્યોનો ઘાત કર્યો છે તો પણ જો હવે પછી પાપોનો ત્યાગ કરૂં તો ભગવત્ ક્ષમા કરશે નહિ? ત્યારે તે તપસ્વીએ કહ્યું કે તું ક્ષમાનો અધિકારી નથી શાથી કે તું મહા પાપી છે. આ વચન સાંભળીને તે નિરાસ થયો, અને તે તપસ્વીને મારી નાંખ્યો, પછી એક વિદ્યાવાન્‌ને પૂછવા લાગ્યો કે મેં સો મનુષ્યોનો ઘાત કર્યો છે, પણ જ્યારે હું હવે પછી પાપોથી રહિત થાઉં ત્યારે મહારાજ મારી અવજ્ઞાને ક્ષમા કરશે કે નહિ કરે? ત્યારે તે બુદ્ધિમાને કહ્યું કે જે નગર વિષે તું રહે છે, ત્યાં બધાં તામસી મનુષ્ય રહે છે, માટે જ્યારે તું એમની સંગતિનો ત્યાગ કરીને અમુક નગરમાં સાત્વિકી સંગતિ વિષે જઇને રહે ત્યારે તારો ત્યાગ પ્રમાણ થશે. પછી તે પુરૂષ પાપ કર્મોનો ત્યાગ કરીને પોતાના નગરને છોડીને આગળ ચાલ્યો, અને મહારાજની ઇચ્છાએ કરીને માર્ગમાંજ તેનું શરીર છુટી ગયું. જ્યારે યમગણ અને શ્રીકૃષ્ણના પાર્ષદ તેનો જીવ લેવાને આવ્યા, અને પોતપોતાની તરફ ખેંચવા લાગ્યા, ત્યારે તેમને આકાશ વાણી થઇ કે આ પુરૂષ એક હાથ પ્રમાણે પોતાના નગરની ભૂમિથી શ્રીકૃષ્ણ ભક્તોના નગરની પૃથ્વી પર અધિક આવ્યો છે, તેથી તે મુક્તિનો અધિકારી છે. તાત્પર્ય એકે યદ્યપિ શરીર ધારી મનુષ્ય સર્વદા પાપોથી રહિત રહી શકતા નથી. છતાં પણ જ્યારે અલ્પ માત્ર પણ શુભ કર્મો વિષે એની રૂચી અધિક થાય અને પાપોની અભિલાષા હિન થાય ત્યારે તે ભક્તિનો અધિકારી થાય છે.

લઘુ દીર્ઘ પાપોના ભેદનું વર્ણન.

એક લઘુ પાપ છે અને એક દીર્ઘ પાપ છે જ્યારે આ માણસથી અકસ્માત લઘુ પાપ થઈ જાય, અને તે પાપ વિષે અધિક ન વિચરે ત્યારે ત્યાગે કરીને તે પાપ સુગમજ ક્ષમા થઈ જાય છે એ ઉપર એક મહાપુરૂષે કહ્યું છે કે જ્યારે તમે દીર્ઘ પાપોથી રહિત થાઓ ત્યારે તમારાં લઘુ પાપ હું ક્ષમા કરી લઇશ. તેથી દીર્ઘ પાપોને ઓળખવા એ અવશ્ય પ્રમાણ થયું. એ નિર્ણય વિષે પણ વિદ્યાવાનોએ ઘણાં વચન કહ્યાં છે. પણ મારા મનમાં આ પ્રમાણે ભાસે છે કે દીર્ઘ પાપ તો **મન વિષે** થાય છે (૧) તે મનનાં પાપ પ્રથમ એકે ભગવત્ અને પરલોક પર પ્રતીતિની હીનતા કરવી. (૨) બીજું એકે પાપો વિષે દોષ દૃષ્ટી ન કરવી. (૩) ત્રીજું એકે ભગવત્‌ની દયાથી નિરાશ થવું. (૪) ચોથું એકે શ્રીકૃષ્ણ મહારાજની બેપરવાહીનો ભય ન કરવો અને પોતાને નિષ્પાપ જાણીને નિડર થવું.

વળી ચાર દીર્ઘ પાપ **રસના** વિષે કહ્યાં છે.

(૧) એક જુઠી સીખામણ દેવી.

(૨) લોભને નિમિત્તે જુઠા સોગન લેવા. અથવા કેવળ જુઠું બોલવું.

(૩) ત્રીજું એકે મંત્ર યંત્ર ભણીને કોઈ માણસને દુઃખ દેવું.

(૪) ચોથું પાપ નિન્દા છે.

બે દીર્ઘ પાપ **ઉદર** વિષે છે.

(૧) નિષિદ્ધ અથવા કઠોર અહાર કરવો.

(૨) અનાથોને દુઃખ દેઇને અથવા છળ કપટ વડે પોતાનું ગુજરાન ચલાવવું.

કામ ઇંદ્રિય વિષે વ્યભિચાર મહા પાપ છે.

હાથો વડે એ દીર્ઘ પાપ થાય છે.

(૧) માણસનો ઘાત કરવો.

(૨) કોઇની વસ્તુ ચોરી લેવી.

રસના, ઉદર, કામેંદ્રિય અને હાથ એ ચારેમાં દીર્ઘ પાપ એ છે કે અશુભ કર્મોની તરફ ગમન કરવું અને **સર્વ શરીર વિષે** મહા પાપ એ છે કે માતા પિતાની સેવાથી રહિત થવું. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે ઇત્યાદિક દીર્ઘ પાપો વિષે જિજ્ઞાસુજને અધિક ભય ધરવો જોઇએ. અને એમ જાણવું પ્રમાણ છે કે યદ્યપિ ભજનના નિયમ વિષે આ માણસથી કંઇ અવજ્ઞા થઇ જાય, ત્યારે મહારાજ તેને ક્ષમા કરી લે છે. પણ જ્યારે એને કોઇ પુરૂષનો એક પૈસો દેવાનો (કરજનો) હોય ત્યારે તે પૈસો આપ્યા વિના કદાચિત્ છુટસે નહિ. એ ઉપર સંત જનોએ કહ્યું છે કે બધાં પાપ કર્મ ત્રણ પ્રકારનાં છે, તેમાં (૧) મસમુખતા (વિમુખતા) અને પ્રીતિની હીનતા છે. તેથી જ્યાં સુધી મનુષ્ય આ પાપનો ત્યાગ ન કરે ત્યાં સુધી ક્ષમાનો અધિકારી કદાચિત થતો નથી. (૨) બીજું પાપ એવું છે કે જેથી ભગવત્‌ના ભજન કે પાઠના નિયમ વિષે કંઇ અવજ્ઞા થાય તો એ અવસ્થાને દીનતાએ કરીને ભગવત્ ક્ષમા કરી લે છે.

(૩) પાપ એ છે કે લોકોને કોઈ પ્રકારે દુઃખ દેવું એ પાપને કદી ભગવત્ ક્ષમા કરતા નથી. તેથી તેનો પશ્ચાતાપ એ છે કે તે દુઃખી પુરૂષ પાસે ક્ષમા કરાવે, વા જેનું ધન હરિલીધુ હોય, તેને ફરી પાછું આપે અને કોઇ પુરૂષને ધર્મથી વિમુખ ન કરે. શાથી કે અભયતાનાં વચન સંભળાવી લોકોને નિશ્શંક કરવાં એ મહા પાપ છે.

કેટલાંક કારણથી લઘુ પાપ પણ મોટાં થઇ જાય છે તેનું વર્ણન.

જો કે લઘુ પાપોની ક્ષમા મળવાની જીજ્ઞાસુને આશા રહે છે. પણ કેટલાંક કારણોએ કરીને લઘુ પાપ પણ દીર્ઘ થઇ જાય છે, પછી ક્ષમા કરાવવાનું કામ કઠણ થઈ પડે છે.

(૧) પ્રથમ એ કે જે પાપ કર્મનો સ્વભાવ ચિરકાલ પર્યંત દૃઢ થઇ જાય છે ત્યારે તે પણ વૃદ્ધતાને પામે છે. જેમ સુંદર વસ્ત્ર પહેરવાં, તથા રૂપવાનોના મોઢાથી રાગ સાંભળવો એવો સ્વભાવ દૃઢ થઇ જાય છે, તો રજોગુણની પ્રબલતાએ કરીને જીજ્ઞાસુનું મન મલીન થઇ જાય છે. અને શીઘ્રજ તમોગુણ ઉપજી આવે છે, જેમ સદૈવકાળના ભજન કરવા વિષે નિઃસન્દેહ હૃદય ઉજ્વળ થઇ જાય છે. તેમજ નિત્ય પ્રતિનાં પાપોએ કરી અવશ્યજ હૃદય અંધ થઇ જાય છે. એ ઉપર મહા પુરૂષે કહ્યું છે કે યદ્યપિ કિંચિત્ માત્ર પણ શુભ કર્મ હોય પણ જ્યારે તેને સદૈવ કરતો રહે ત્યારે તે પણ અધિક થઈ જાય છે, જેમ પથ્થર ઉપર શનૈઃ શનૈઃ પાણીનાં બૂંદ પડે છે, ત્યારે પથ્થર વિષે પણ છિદ્ર થઇ જાય છે. પણ જ્યારે તેના ઉપર પુષ્કળ જળ એકવાર વહી જાય, ત્યારે પથ્થરમાં રંચમાત્ર પણ છિદ્ર થતું નથી. તેથી ઘટે છે કે જ્યારે જિજ્ઞાસુ જનથી કોઇ લઘુ પાપ થઇ જાય ત્યારે પોતાને ભૂલ્યો જાણીને પશ્ચાતાપ કરે. અને આગળ ઉપર તેની મનસાથી રહિત થાય ત્યારે નિઃસંદેહ તે પાપ ક્ષમા થઇ જાય છે. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે ભય અને પશ્ચાતાપે કરીને દીર્ઘ પાપ પણ લઘુ થઇ જાય છે. અને સ્વભાવની દૃઢતાએ કરીને લઘુ પાપ પણ દીર્ઘતાને પામે છે.

(૨) બીજું કારણ એ છે કે જ્યારે આ પુરૂષ પોતાના પાપને થોડું જાણે છે, ત્યારે તે પાપ પણ વધી જાય છે. અને પોતાનાં પાપોને દીર્ઘ જાણે છે, ત્યારે તે પાપ ઘટી જાય છે. શાથી કે અલ્પ પાપને દીર્ઘ જાણવું એ ભય અને પ્રતીતિએ કરીને થાય છે. અને પુરૂષનું હૃદય પ્રકાશને પામે છે. તેથી પાપના પ્રવેશનો અંધકાર રહેતો નથી પોતાનાં પાપોને અલ્પ જાણવાં

એવી બુદ્ધિ અચેતતા અને ભોગોની પ્રીતિવડે થાય છે. તાત્પર્ય એ કે સર્વ કર્મોનું પ્રેરક આપણું મન છે. તેમાં જે કર્મ વિષે મનની વૃત્તિ બંધમાન થાય છે. તેનાપર અધિક આવેશ થઇ જાય છે. એ ઉપર સંજનોએ કહ્યું છે કે પ્રીતિમાન પુરૂષ કિંચિત્ પાપને પણ પર્વતની પેઠે જાણે છે, અને એવું જાણે છે કે જ્યારે આ પાપ મારાથી થયું, ત્યારે હું તેની નીચે દબાઇ જઇશ. અને **મનમુખ** (મનસ્વી) પોતાનાં પાપોને માખીના સરખાં તુચ્છ જાણે છે. તેથી તે પાપ એનાથી કદાચિત્ છૂટતાં નથી. એ ઉપર એક મહાપુરૂષને આકાશવાણી થઇ હતી કે "તમે પોતાનાં પાપોને થોડાં ન દેખો. અને એવું જાણો કે અમે આ પાપોથી મહારાજથી કેવા વિમુખ થયા છીએ ! ! જે પુરૂષ મહારાજની સમર્થતા અને બેપરવાઇને અધિક સમજે છે, તે થોડા પાપને પણ અધિક જાણે છે. શાથી કે સર્વ પાપો વિષે મહારાજનો ક્રોધ છુપાએલો છે.

(૩) ત્રીજું કારણ એ છે કે જે પુરૂષ પાપકર્મ કરીને પ્રસન્ન થાય, અને તેને મોટો પદાર્થ જાણીને મોટાઇ કરે, ત્યારે તે પાપ પણ વધી જાય છે. જેમ કોઇ મૂર્ખ મનુષ્ય આ પ્રમાણે કહે છે કે "અમે કેવો છળ કરીને એનું ધન હરિ લીધું. ?" "વળી સભા વિષે દુર્વચન અને હાસ્ય કરીને એને કેવો લજ્જામાન કર્યો ? માટે જ્યારે મનુષ્ય પોતાની વડાઇ એવાં પાપ કરીને કરે છે, ત્યારે જાણવામાં આવે છે કે તેનું હૃદય મલીન થઇ ગયું છે. અને એજ પાપ કરીને મૃત્યુને પામશે.

(૪) ચોથું કારણ એ છે કે જે પુરૂષનું પાપ જગત્ વિષે પ્રસિદ્ધ થાય, અને તે એમ જાણે કે મારા ઉપર ભગવત્ દયાળુ છે. તેથી તે કર્મનો ત્યાગ ન કરે, તોપણ તે પાપથી તે કદાચિત્ છૂટતો નથી.

(૫) પાંચમું કારણ એ છે કે જ્યારે એ પુરૂષ કોઇ વિદ્યાવાન્ અથવા શ્રેષ્ઠ પુરૂષને પાપકર્મ કરતાં દેખે છે, તોપણ ઢીઠ અને નિશ્શંક થઇ જાય છે અને આ પ્રમાણે કહે છે કે "અમુક વિદ્યાવાન્ સુંદર વસ્ત્ર પહેરે છે અને રાજ સભામાં જાય છે; અને તેનું ધન અંગીકાર કરે છે, તે જ્યારે કુકર્મ

હોત ત્યારે તે શા માટે કરત. એવું જાણીને એ પણ પાપો વિષે નિશ્શંક વર્તે છે. અને એવા બીજા કેટલાક લોક પણ પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. તેથી બધાનું પાપ એ વિદ્યાવાનને લાગે છે. શાથી કે પ્રથમ પાપની (ટેવ) એણે રાખી છે.

એ ઉપર એક વાર્તા છે કે—એક વિદ્યાવાન્ પ્રથમ પાપકર્મ વિષે આસક્ત હતો. પછી તેણે પાપોનો ત્યાગ કર્યો. ત્યારે તેને આકાશવાણી થઇ કે મેં તારાં પાપ તને ક્ષમા કર્યા પણ તારી કૃતિ અને વચનોએ કરીને બીજાં કેટલાંક મનુષ્ય જે પાપ વિષે આસક્ત થયાં છે, તો તેમને શી રીતે ક્ષમા કરાવીશ? એ કારણથી સંતજનોએ કહ્યું છે કે વિદ્યાવાનોને બીજા લોકો કરતાં ભય વિશેષ છે. શાથી કે તેનું પાપ હજાર ઘણું વધી જાય છે. અને ભલું કર્મ પણ સહસ્ર ઘણું વધી જાય છે, ત્યારે વિદ્યાવાનોને ઘટે છે કે પ્રથમ તો પાપ કર્મજ ન કરે. અને જ્યારે અકસ્માત્ થઈ જાય, ત્યારે તેને પ્રકટ ન કરે, અને શરીરના વ્યવહાર વિષે પણ સંયમ સહિત વિચરે તે સારૂં છે. શાથી કે તેને જોઇને બીજા લોક પણ અચેત ન થાય.

એ ઉપર એક સંતે કહ્યું છે કે આગળ હું હસવા ખેલવાની શંકા કરતો નહોતો પણ જ્યારે મારૂં ઐશ્વર્ય જગત વિષે પ્રકટ થયું છે, ત્યારે હું જોઉં છું કે મને કાર્ય વિના મશ્કરીમાં હસવું એ પણ પ્રમાણ નથી. તાત્પર્ય એ કે બીજાં મનુષ્યોનું છિદ્ર પ્રકટ કરવું તે ભલું નહિ, પણ વિદ્યાવાનના છિદ્રને છુપાવવું અધિક વિશેષ છે.

અને સંતજનોએ એમ પણ કહ્યું છે કે જ્યારે માણસનું પાપ મૃત્યુ થયા પછી શેષ ન રહે ત્યારે તે મનુષ્ય પણ ઉત્તમ કહેવાય છે. અને જેનું પાપ સહસ્રો વર્ષ પર્યંત પાછું ચાલ્યું જાય તો તેની ગતિ મહા નીચ થાય છે; અર્થ એ કે જેનું પાપ જોઇને બીજા લોક પણ પાપ વિષે નિશ્શંક થાય તો તેનું પાપ દીર્ઘકાળ પર્યંત ચાલ્યું જાય છે.

ત્યાગની યુક્તિનું વર્ણન.

ત્યાગનું મૂળ એ છે કે "પાપોથી ત્રાસમાન થવું." અને તેનું ફળ સાત્ત્વિકી શ્રદ્ધા છે.

ત્રાસનું લક્ષણ એ છે કે "પોતાનાં પાપોને જોઇને સર્વદા દીનચિત્ત અને શોકવાન્ થઇ ભજન કરતા રહેવું. શાથી કે જે પુરૂષને પોતાનું મોત નિકટ દેખાય છે, તે પશ્ચાતાપ અને રૂદનથી રહિત ક્યારે થઈ શકે છે? અથવા જેને કોઇ લોભી વૈદ્ય આ પ્રમાણે કહે કે આ રોગે કરીને તારો પુત્ર હમણાં મરી જશે, ત્યારે તેને કેવી ચિંતાની અગ્ની બાળવા માંડે છે? તેમજ આ વાર્તા પ્રસિદ્ધ છે કે બુદ્ધિનો નાશ થવો પુત્રના મરવાથી અધિક દુઃખદાયક છે. અને સંતજનોનાં વચન લોભી વૈદ્યનાં વચનોથી અધિક સંશય રહિત છે. અને શરીરના નાશનું કારણ રોગ છે. તેમાં પાપરૂપી રોગ માણસની બુદ્ધિને સ્થૂળ રોગથી પણ શીઘ્રજ નાશ કરે છે. તેથી જે પુરૂષ એવાં વચનોને સાંભળીને ત્રાસમાન ન થાય ત્યારે જાણીએ કે એની પ્રતીતિજ દૃઢ નહિ. અથવા એ પાપોનાં વિઘ્નોને ભલી પ્રકારે સમજ્યોજ નથી. અને જે પુરૂષની બુદ્ધિ તીક્ષ્ણ હોય છે તેના હૃદય વિષે શીઘ્રજ વિચાર ઉપજી આવે છે, અને ભયરૂપી અગ્નિ અધિક થઇ જાય છે. વળી એ અગ્નિએ કરીને પાપોનો અંધકાર રહેતો નથી. અને તેનું હૃદય ઉજ્વળ થઇ આવે છે. એ ઉપર સંત જનોંએ કહ્યું છે કે ત્યાગી પુરૂષોની સંગતિ કરવી વિશેષ છે. શાથી કે તેનું હૃદય નિર્મળ અને સ્થિર હોય છે. અને માણસનું હૃદય જેટલું ઉજ્વળ હોય છે, તેટલુંજ પાપોથી ગ્લાની કરવા લાગે છે, અને ભોગોની પ્રસન્નતાને ભય અને પશ્ચાતાપ નષ્ટ કરી નાંખે છે, ત્યારે તેનો ત્યાગ પ્રમાણ થાય છે. એ ઉપર એક પુરૂષે કૃષ્ણ મહારાજની આગળ પ્રાર્થના કરી હતી કે હે અન્તર્યામી મારા ત્યાગને અંગીકાર કર. ત્યારે તેને આકાશવાણી થઇ કે યદ્યપિ તારે નિમિત્તે સર્વ સૃષ્ટિ પ્રાર્થના કરે પણ જ્યાં સુધી તારા ચિત્તમાંથી ભોગોની અભિલાષા દૂર ન થાય, ત્યાં સુધી તારા ત્યાગ કદાચિત્ પ્રમાણ કરીશ નહિ. ભોગ અને પાપ માખીની પેઠે લાગે છે, પણ

ત્યાગી પુરૂષ તેને એવું જાણે છે કે મધુ વિષે હલાહલ વિષ રહેલું છે અર્થ એકે જ્યારે કોઇ એને અકસ્માત્ ખાઇને દુઃખી થાય છે, ત્યારે સ્વાંભાવિકજ તેને જોઇને ગ્લાનિ થાય છે. અને તેનાં રોમ ત્રાસે કરીને ઉભાં થઇ જાય છે. તેથી તેવી મીઠાઈની અભિલાષા નષ્ટ થઈ જાય છે, એમજ જિજ્ઞાસુજનને ઘટે છે કે બધાં પાપોમાં ભગવત્‌ના કોપ રૂપી વિષને પ્રસિદ્ધ દેખે. વળી સાત્વિકી શ્રદ્ધા જે ફળ ત્યાગની કહિ હતી. તેમાં એનો સંબંધ પણ ત્રણ લક્ષણોની સાથે થાય છે.

(૧) પ્રથમ તો જે સમયમાં સર્વ પાપોથી વિરક્ત થાય છે, અને કરવાનાં કર્મો વિષે સાવધાન રહે છે.

(૨) બીજું લક્ષણ એ છે કે આગળ પણ એજ શ્રદ્ધા કરે છે કે હું આ પાપ કર્મ કદાચિત્ નહિ કરૂં, અને પછી ભગવત્‌ને અંતર્યામી જાણીને ત્યાગના નિર્વાહની મનસા રાખે છે, વળી એકાંત અને શુદ્ધ જીવિકાને અંગીકાર કરે છે, તાત્પર્ય એકે જ્યાં સુધી સર્વ પાપો અને ભોગોની અભિલાષાથી વિરક્ત ન થાય. ત્યાં સુધી સંપૂર્ણ ત્યાગી કહેવાય નહી. એ ઉપર સંતજનોએ કહ્યુ છે કે "જેના ઉપર કોઇ ભોગની પ્રબળતા થાય ત્યારે ઘટે છે કે સાતવાર યત્ન અને હઠ કરીને તેનો ત્યાગ કરે. ત્યારે તે ભોગની પ્રબળતા દૂર થઇ જાય છે. વળી સાત્વિકી શ્રદ્ધાનું લક્ષણ એ છે કે વ્યતિત થયેલાં પાપોનું નિવારણ કરવા વિષે સાવધાન થાય છે. અને આ વાર્તાને ભલી પ્રકારે ઓળખે કે મારાથી ભગવત્‌ની અવજ્ઞા બે પ્રકારની થાય છે.

(૧) પ્રથમ તો કરવાનાં કર્મોથી વિમુખ થવું.

(૨) બીજું પાપ કર્મો વિષે આસક્ત રહેવું. તેથી ઘટે છે કે બાળક અવસ્થાથી લેઇને જે જે નિયમથી અચેત થયો હોય કે બીજા પાપોના બંધન થયાં હોય, અથવા અધિકારી વિના કર્મ કર્યા. હોય તે બધાંનું નિવારણ એવી રીતે કરે કે ભજન અને દાનની અધિકતા વધારે. વળી પાપોનું નીવારણ આ પ્રમાણે કરે કે બાળક અવસ્થા પર્યંત જે જે દીર્ઘ પાપ કર્યું હોય,

તેને યાદ કરીને ભય સંયુક્ત ભગવાન પાસે ક્ષમા કરાવે. તેમજ પોતાના શરીર પર તપ અને યત્ન અધિક રાખે. એમજ લઘુ પાપોનું પુનશ્ચરણ આ પ્રમાણે કરે કે જ્યારે અધિક બોલ્યો હોય ત્યારે મૌન વિષે સ્થિત રહે. અને જ્યારે શુભ તરફ દૃષ્ટિ કરી હોય ત્યારે લજ્જાએ કરીને નેત્ર બંધ કરે એમજ બધા વિષે ઉલટા ભાવને અંગિકાર કરે ત્યારે વિકારોની અશુદ્ધતા દૂર થઇ જાય. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે દુષ્કૃતની પછી સુકૃત કરો ત્યારે તે સુકૃતજ વધી જશે. વળી વિષયી રાગ સાંભળવાના પ્રાયશ્ચિતનું નિવારણ એ છે કે સંત જનોનાં વચન સાંભળતો રહે. અને જ્યારે કોઇની સન્મુખ નિશ્શંક બોલ્યો હોય ત્યારે સૌનો ભય અને સન્માન કરે. તાત્પર્ય એકે પાપ કર્મ કરીને એનું હૃદય જેટલું મલીન થઇ જાય છે, એટલુંજ પ્રાયશ્ચિતનું નિવારણ કરવાથી શુદ્ધ થતાં મલીનતા દૂર થઇ જાય છે. તેથી ઘટે છે કે જ્યારે માણસે માયાના પદાર્થો તરફ પ્રસન્નતાની દૃષ્ટી કરી હોય ત્યારે યત્ન અને કષ્ટોનો અંગીકાર કરે. શાથી કે ભોગોની અભિલાષે કરીને તેનું હૃદય બંધમાન થઈ જાય છે, વળી ગ્લાની અને યત્નનો અંગીકાર કરવાથી તે બંધન દૂર થઇ જાય છે, એ ઉપર સંતજનોએ કહ્યું છે કે જ્યારે સાત્વિકી મનુષ્યોના ચરણ વિષે કાંટો પેશી જાય છે, ત્યારે તે પણ તેનાં પાપોને ક્ષીણ કરે છે, આચાર્ય મહારાજે કહ્યું છે કે શોક અને ચિંતાએ કરીને પણ કેટલાંક પાપોનું નિવારણ થાય છે. જ્યારે કોઇ માણસ આ પ્રમાણે કહે કે શોક અને ચિન્તાતો એના પુરૂષાર્થે કરીને થતી નથી; ત્યારે તેનાં પાપોનું નિવારણ શી રીતે કરીએ ? તેનો ઉત્તર એ છે કે જે સંયોગે કરીને આ પુરૂષનું હૃદય માયાના પદાર્થોથીં વિરક્ત થાય તે સંયોગ કરે ત્યારે તેને નિઃસંદેહ ભલો જાણીએ. તે યદ્યપિ સંયોગ પુરૂષાર્થે કરીને પ્રાપ્ત થાય. અથવા શ્રી કૃષ્ણ મહારાજની કૃપાથી અકસ્માત્ થઈ જાય પણ તે સંયોગ અવશ્ય મેવ આ જીવના કલ્યાણ માટે છે.

વળી જ્યારે એણે કાઇને દુઃખ દીધું હોય અથવા કોઇનું ધન હરિલીધું

હોય. અથવા કોઇની નિંદા કરી હોય, ત્યારે ઘટે છે કે સ્મરણ કરીને સૌની પાસેથી ક્ષમા કરાવે. અને જેનું ધન આપવાનું હોય તેને ધનજ આપે, અને જેનો ઘાત કર્યો હોય તેનાં સંબંધીયોને પોતાનું શરીર અર્પણ કરે. પણ આ વાર્તા રાજાઓ અને વ્યાપારીઓને કઠણ પડે છે. શાથી કે એમના વ્યવહારનો સંબંધ ઘણા પુરૂષોની સાથે થાય છે. તેથી જ્યારે તેનું નિવારણ ન થઇ શકે ત્યારે વૈરાગ્ય અને ભગવત્ ભજન વિષે તે માણસ અધિક દૃઢ થાય છે.

જે પુરૂષથી કોઇ પાપ નિત્ય પ્રતિ થતું હોય ત્યારે શિઘ્રજ તેનું નિવારણ કરતો રહે તો સારૂં છે એ ઉપર સન્ત જનોએ કહ્યું છે કે જ્યારે આ મનુષ્ય પાપ કર્મ કરીને તેને ત્યાગી દે. અથવા ત્યાગવાની મનસા કરે અને તેના દુઃખથી ભયમાન થાય, અને ભગવન્તની દયાનો આશાવંત થાય. વળી યથા શક્તિ દાન દે, અને સાધુ સંગતિ વિષે પોતાને સ્થિત કરે, ત્યારે એટલાં કર્મો કરવાથી પાપોની ક્ષીણતા થઇ જાય છે. પણ જ્યારે ભય અને પ્રીતિ વિના મુખથી ત્રાહિ ત્રાહિ કરે છે, ત્યારે એમ કહેવાનો લાભ કંઈ થતો નથી. શાથી કે લાભનું કારણ ભય, પશ્ચાતાપ અને હૃદયની કોમળતા છે. જ્યારે કંઈ ભય સંયુક્ત પણ શ્રી રાધાકૃષ્ણનું નામ લે, અને પ્રાર્થના કરીને ક્ષમા કરાવતો રહે, તોપણ નિન્દા અને વાદવિવાદથી મુક્ત રહે છે, તેથી એ ભલું કર્મ છે. એ ઉપર એક જિજ્ઞાસુજને પોતાના સદ્‌ગુરૂને પૂછ્યું હતું કે જ્યારે હું મોઢેથી શ્રીકૃષ્ણ કૃષ્ણ કહું છું. ત્યારે મારૂં મન એકત્ર થતું નથી. ત્યારે તેણે કહ્યું કે તુંએ પણ શ્રી મહાપ્રભુનો ઉપકાર જાણ. શાથી કે એક ઇંદ્રિય તો તારી શુભ માર્ગ વિષે સ્થિત થઇ, માટે શ્રીકૃષ્ણ મહારાજની સાક્ષાતા કરીને શનૈઃ શનૈઃ મન પણ એકત્ર થઇ જશે. પણ આ મન એવું કપટી છે કે જ્યારે જિજ્ઞાસુજનને ભજન વિષે સ્થિત થએલો દેખે છે; ત્યારે આ પ્રમાણે ઉત્તર આપે છે, કે હે ભાઇ તે યથાર્થ કહ્યું તેથી હું હવે હૃદયને પણ એકત્ર કરી લેઉ છું. જેથી મારૂં ભજન સફળ થશે. એ ઉત્તર એવો છે કે છળનો નાશ કરી નાંખે છે. વળી એક મધ્યમ પુરૂષ આ પ્રમાણે મનને કહે છે, કે યદ્યપિ હું હૃદયને એકત્ર કરી શકતો નથી, તોપણ

વાદ વિવાદ, આળસ અને નિદ્રાથી શ્રીકૃષ્ણ નામ લેવું એ વિશેષ છે તેથી હું તેનો ત્યાગ શી રીતે કરૂં? જેમ શરાફીન. ધંધા કરતાં રાજ્ય કરવું વિશેષ છે. પણ જ્યાં સુધી રાજ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સરાફીને ત્યાગીને ચાંડાળોનો વ્યવહાર કરવો, સારો નહિ. વળી એક એવાં નીચ માણસ થાય છે કે તે મનનું કહ્યું માનીને ભજનને છોડી દે છે. અને એમ જાણે છે કે ચિત્તની એકાગ્રતા વિના ભજન વિષે શો લાભ થાય છે. તેથી અમે જે ભજનનો ત્યાગ કર્યો છે. એ પણ અમારૂં બુધ્ધિમાનોનું કર્મ છે. પણ જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે તે મનને આધીન થઇને ભજનથી વિમુખ થયા છે તેથી પરમ ભાગ્યહીન છે.

ત્યાગને પ્રાપ્ત કરવાના ઉપાયનું વર્ણન.

હે જીજ્ઞાસુ તું જાણ કે જે પુરૂષ પાપોનો ત્યાગ કરતો નથી અને સર્વદા ભોગો વિષે આસક્ત રહે છે, તેનાં કારણોને પ્રથમ ઓળખવાં જોઇએ કે તેના હૃદય વિષે ત્યાગની શ્રદ્ધા કેમ નથી ઉપજતી? તો ત્યાગથી ફર્જિત કરનારાં પાંચ કારણ છે, અને બધાંના ભિન્ન ભિન્ન ઉપાય છે.

(૧) તેમાં પ્રથમ કારણ એ છે કે જેના હૃદય વિષે પરલોકની પ્રતીતિ થતી નથી અથવા સંશયવાન્ હોય છે, ત્યારે તે પણ પાપોનો ત્યાગ કરતા નથી. તેનો ઉપાય મેં ત્રીજા પ્રકરણના અંતમાં ભ્રામિક બુદ્ધિયોના સર્ગ વિષે પ્રસિદ્ધ કરીને કહ્યો છે.

(૨) બીજું કારણ એ છે કે જેના હૃદયે કરીને ભોગોની અધિક પ્રબળતા થાય છે, ત્યારે તે પણ ત્યાગ કરી શકતા નથી. એ કારણથી પરલોકોનાં દુઃખોનું સ્મર્ણ કરતા નથી. તેમ ઘણાં મનુષ્યોને તો ભોગોની પ્રીતિએ ઘેરી લીધાં છે. એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે જ્યારે ભગવતે નરકોને ઉત્પન્ન કર્યા હતાં, ત્યારે દેવતાઓને પૂછ્યું કે "આ કેવું દુઃખરૂપ છે." ત્યારે દેવતાઓએ કહ્યું કે "હે મહારાજ જે પુરૂષ એનાં દુઃખોને શ્રવણ કરશે,

તે ભયે કરીને સર્વ પ્રકારે એથી પોતાને બચાવવાને ઇચ્છશે. વળી મહારાજે નરકોની ચારે તરફ ભોગ ઉત્પન્ન કર્યા, ત્યારે દેવતાઓએ કહ્યું કે "હે મહારાજ કોઇ પુરૂષ એની અભિલાષાથી છૂટી શકશે નહિ. તેથી અમે ડરીએ છીએ કે ભોગોની પ્રીતિએ કરીને ઘણાં મનુષ્ય નરકગામી થશે. પછી .ભગવતે સ્વર્ગને ઉત્પન્ન કર્યું, ત્યારે તેને જોઇને દેવતા કહેવા લાગ્યા કે "હે મહારાજ જે એનો મહીમા સાંભળશે, તે અવશ્યજ એમેજ પ્રાપ્ત થવાને ઇચ્છશે વળી મહારાજે સ્વર્ગના માર્ગ વિષે ઘણી મેહેનત અને દુઃખ ઉત્પન્ન કર્યાં, ત્યારે દેવતાઓએ કહ્યું કે "હે મહારાજ કોઇ વિરલો પુરૂષજ એવાં દુઃખોને ખેંચીને સ્વર્ગની તરફ આવશે. અને અધિક મનુષ્ય તો ભયે કરીને વિમુખ થઇ જશે તેથી પ્રસિદ્ધ થયું કે ભોગોની પ્રીતિ નર્કનો માર્ગ છે. અને સ્વર્ગનો માર્ગ દુઃખોને ખેંચવાનો છે.

(૩) ત્રીજું કારણ એ છે કે આ મનુષ્ય જગતમાં આવીને ભોગોને પ્રસિદ્ધ દેખે છે. અને પરલોકને ઉધાર જાણે છે, તેથી ભોગોની સાથે અધિક પ્રીતિ કરે છે. અને પરલોકનાં દુઃખ સ્મરણમાં લાવતોજ નથી. એ પણ બુદ્ધિની હિનતા છે.

(૪) વળી ચોથું કારણ એ છે કે જો મનુષ્ય કંઇક ત્યાગની મનસા રાખે છે, તોપણ અચેતતાએ કરીને ઢીલોજ રહે છે. અને જ્યારે કોઈ ભોગ એને પ્રાપ્ત થાય છે, ત્યારે આ પ્રમાણે કહે છે કે હમણાં તો આ ભોગને ભોગવી લ્યો પછી એનો ત્યાગ કરી લેઇશું.

(૫) પાંચમું કારણ એ છે કે જે માણસે ભગવતની દયા વિષે શ્રવણ કર્યું છે તે પોતાના ચિત્ત વિષે એવું અનુમાન કરી લે છે, કે મને ભગવત્ ક્ષમા કરી લેશે. જે મનુષ્ય ભોગોને નગદ જાણે છે, અને પરલોકને ઉધાર દેખે છે, તેનો ઉપાય .એ છે કે જે સમયમાં મૃત્યુ અવશ્ય આવવાનું છે, તેને નિઃસંદેહ આવ્યું જાણે. શાથી કે જો હમણાંજ એને મૃત્યુ આવીને ઘેરે, તો પરલોક પ્રત્યક્ષ થઈ જાય, અને સ્થૂળ ભોગ સ્વપ્ન થઇ જાય. વળી ભોગોની

પ્રીતિનો ઉપાય આ પ્રમાણે જાણવો પ્રમાણ છે કે જ્યારે મારા ચિત વિષે ભોગોને ત્યાગવાનું સામર્થ્ય નથી, ત્યારે હું નરકોનાં દુઃખ સહન કરવાને શી રીતે સમર્થ થઇશ? તેથી જે પ્રકારે રોગી મનુષ્યની રૂચી યદ્યપિ કોઇ ભોગ વિષે અધિક થાય છે, તો પણ વૈદ્યની આજ્ઞાનુસાર તેને ત્યાગી દે છે. તેમજ જિજ્ઞાસુજનને ઘટે છે કે ભગવન્ત અને સંતજનોની આજ્ઞાનુસાર યત્ન સહિત ભોગોને ત્યાગીદે તો સારૂં છે.

વળી જે પુરૂષ પાપોના ત્યાગ વિષે ઢીલ કરે છે. તેને એવું સમજવું યોગ્ય છે કે જ્યારે કાલેજ મારૂં મૃત્યુ થાય, ત્યારે હું શું કરીશ? શાથી કે જીવવું તો મારા હાથમાં નથી.

એ ઉપર સંતજનોએ કહ્યું છે કે જે પુરૂષોએ ત્યાગ વિષે ઢીલ કરી છે, તે પરલોક વિષે અધિક દુઃખી થઇને પોકાર કરશે. તેથી ઘટે છે કે મનુષ્ય પુરૂષાર્થ કરીને શીઘ્રજ ભોગોનો ત્યાગ કરે. અને જ્યારે એ નિમિત્તે ઢીલ થાય કે હવે ભોગોનો ત્યાગ કરવો કઠણ છે, ત્યારે તે જાણે કે કાલ પણ આજની પેઠે કઠિન થશે.

ઢીલ કરનારા પુરૂષનું દૃષ્ટાંત આ છે. જેમ કોઇ બુદ્ધિમાન કોઇને પુરૂષ કહે કે તું જ્યારે આ બાવળના વૃક્ષને હમણાંજ ઉખાડી નાંખે તો સારૂં છે, પછી એ પુરૂષ એવું કહે કે હમણાં તો હું નિર્બલ છું અને આ વૃક્ષનું મૂળ દૃઢ છે. તેથી હું તેને એક વર્ષ પછી ઉખાડીશ. ત્યારે તેને સમજાવવો જોઇએ કે હે મૂર્ખ વર્ષ પછી તું તો અધિક નિર્બળ થઇશ અને આ વૃક્ષ અધિક દૃઢ થતું જશે. તેમજ સર્વકાળ ભોગોનો સ્વભાવ પ્રબળ થતો જાય છે, અને તારી બુદ્ધિનું બળ ક્ષીણ થઇ જાય છે. એ કારણથી જો તું શીઘ્રજ ત્યાગનો ઉદ્યમ કરીશ તો સારૂં છે;

વળી જે પુરૂષ ભગવતને દયાળુ જાણીને પાપોનો ત્યાગ ન કરે, તો તેને એવું સમજાવવું વિશેષ છે કે ભગવતની દયા તો તારે અધીન નથી અને જ્યારે તારો ધર્મજ પાપોની પ્રબલતાએ કરીને નાશ થઇ જાય, ત્યારે નિઃસં-

દેહ અંતકાલે પશ્ચાતાપને પ્રાપ્ત થઈશ. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે ધર્મ-રૂપી વૃક્ષ ત્યારેજ મોટું થાય છે કે જ્યારે તેને ભજનરૂપી જળથી સીંચીએ. અને જ્યારે ભજનરૂપી જળ તેને પહોંચે નહિ ત્યારે નિ:સંદેહ ધર્મરૂપી વૃક્ષજ નષ્ટ થઇ જાય છે. તેથી સંતજનોને આવવાનું પ્રયોજન પણ જગતમાં એ છે કે જીવોનાં પાપોનું ફળ જે દુ:ખ છે, તે પ્રસિદ્ધ કરીને દેખાડે. તાત્પર્ય એ કે ભગવત્‌ની દયાના આશ્રિત થઇને પાપો વિષે વિચરવું એ મોટી મૂર્ખતા છે.

તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ પોતાનું સર્વસ્વ લુટાવી દે અને ચિત્ત વિષે એ આશા રાખે કે મને સ્વાભાવિકજ વા વિષે ધનનો ખજાનો મળી જશે અથવા કોઈ ધનવાન્ મારા ઘરમાં આવીને મૂકી જશે. ત્યારે તેનું ધન મારી પાસેજ રહેશે. તે કદાપિ અકસ્માત્ એવો સંયોગ પણ થઈ જાય છે. પણ પોતાનું ધન લૂટાવીને એવી આશા કરીને નિશ્ચિન્ત થવું. એ મોટી મૂર્ખતા છે.

વળી તું એમ જાણે કે કેટલાક મનુષ્નો આ પ્રમાણે કહે છે કે જ્યાં સુધી સંપૂર્ણ પાપોનો ત્યાગ ન કરે, અને કિંચિત્ પણ પાપોનો ત્યાગ કરે, ત્યાં સુધી તેને ત્યાગી કહેતા નથી. જેમ કોઇ દુરાચારનો ત્યાગ કરે અને મદ્યપાનને. ત્યાગ ન કરી શકે ત્યારે તેને ત્યાગી શી રીતે કહીએ? સાથી કે પાપ કર્મ તો બધાંજ નિંદ્ય છે. અને ત્યાગવા યોગ્ય છે. પણ મારા ચિત્ત વિષે એનો ઉત્તર ભાસે છે. કે જેણે દુરાચારને મદ્યના પીવાથી અધિક બુરો જાણ્યો છે, અથવા એમ સમજ્યો છે કે મદ્યપાન કરવા જતાં દુરાચાર થાય છે. તેથી મદ્યનું પીવુંજ અધિક નિંદ્ય છે માટે જેણે અધિક બુરાઈનો ત્યાગ કર્યો ત્યારે તેનો ત્યાગ પ્રમાણ થાય છે. જેમ કોઇ પુરૂષ આ પ્રમાણે જાણ કે નિંદાએ કરીને જીવોનું હૃદય દુખાય છે, અને મદ્યે કરીને પોતાના ચિત્તની ચપળતા થાય છે તેથી નિન્દાનો ત્યાગ કરે. અને મદ્યથી રહિત ન થઇ શકે તોપણ એનો ત્યાગ પ્રમાણ છે, શાથી કે જેટલાં અધિક પાપ

કર્મ કરે છે એટલોજ તેને દંડ પણ અધિક થાય છે, અને એ પણ પ્રમાણ નથી કે જ્યારે એક પાપ કર્મનો ત્યાગ ન કરી શકે, ત્યારે જે પાપનો ત્યાગ કરી શકતો હોય તેનો પણ ન કરે. તાત્પર્ય એ કે જેટલો પાપ કર્મથી રહિત થઇ શકે તેટલીજ ભલાઇને પામી શકે છે.

પણ સંપૂર્ણ પાપ ત્યાગી એને કહે છે કે જે સર્વ પાપોથી રહિત થાય. અને સંપૂર્ણ ત્યાગી થવાનો અર્થ એ છે કે શનૈઃ શનૈઃ કરીને પ્રથમ દીર્ઘ પાપોનો ત્યાગ કરતો જાય. પછી સર્વથા નિષ્પાપ રહે. એટલા માટે કે આ મનુષ્યથી સર્વ પાપોનો ત્યાગ એકજવાર થઇ શકતો નથી, તેથી ઘટે છે કે ક્રમે કરીને જ્યારે ત્યાગનાજ માર્ગ વિષે ચાલ્યો જાય ત્યારે શીઘ્રજ સંપૂર્ણ ત્યાગને પામે.



સર્ગ બીજો.

સંતોષ અને ધન્યવાદનું વર્ણન.

હે જીજ્ઞાસુ તું એમ જાણ કે ધર્મનું મૂળ ત્યાગ છે, તે ત્યાગ પણ સંતોષ વિના સિદ્ધ થતો નથી.

કોઇ શુભ કૃતિ કરવી અને કોઇ પાપમો ત્યાગ કરવો એ પણ ત્યાગ વિના સિદ્ધ થતું નથી. એ ઉપર એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે સંતોષ અરધો ધર્મ છે. અને કોઇ પુરૂષે એક મહા પુરૂષને પૂછ્યું હતું કે ધર્મનું રૂપ શું છે? ત્યારે તેમણ કહ્યું કે સંતોષજ ધર્મ છે. તે સંતોષની વિશેષતા એટલા માટે છે કે મહારાજે પોતાનાં વચનો વિષે સંતોષની ઘણી પ્રસંશા કરી છે અને જે ઉત્તમ પદ છે તે બધાં સંતોષે કરીને સિદ્ધ થસે એમ કહ્યું છે અને ધર્મના માર્ગ વિષે પણ સંતોષનેજ કહ્યો છે, અને એમ પણ કહ્યું છે કે હું સંતોષવાળાઓની છેક પાસે છું. અને મારી સહાયતા, દયા અને ઉત્તમ જ્ઞાન પણ સંતોષવાળાઓને પ્રાપ્ત થાય છે. તે શિવાય એ ત્રણે પદાર્થ એકઠા કોઇને પ્રાપ્ત થતા નથી.

એમ પણ કહ્યું છે કે જેના હૃદયમાં સંતોષ છે તેનાં પાપ ક્ષમા થાય છે; અને પરલોક વિષે પાપીયોનાં પાપ પણ તે ક્ષમા કરાવે છે; અને ભગવતનો માર્ગ પણ તેનેજ પ્રાપ્ત થયો છે. વળી આ કારણથી પણ સંતોષની વિશેષતા છે કે ભગવાને સંતોષને પોતે વહાલો કર્યો છે અર્થ એકે કોઈ વિરલા ભક્તનેજ આપ્યો છે, બીજા જીવોને આપ્યો નથી,

વળી એજ પ્રમાણે આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષનાં શુભ અંગો વિષે વિશ્વાસ અને સંતોષ પ્રાપ્ત થયા છે, તેમને કુહિયો કે નિર્ભય

થાય યદ્યપિ વ્રત અને તપ વધારે કરતો નથી તો પણ સંતોષવાળો પુરૂષ નિર્ભય છે.

આચાર્ય મહારાજે પોતાના પ્રિતમોને આ પ્રમાણે કહ્યું છે કે જેવો તમારો નિશ્ચય છે, તે જ્યારે તેના વિષે સંતોષ કરો અને દૃઢ થાઓ ત્યારે તે વાતને હું બહુ પ્રીતમ રાખું, તે યદ્યપિ જેટલું ભજન તમે બધા કરો છો તેટલું ભજન અને જપ અને તપ અકેક કરો તોપણ જ્યારે તમારામાં સંતોષની દૃઢતા દેખું ત્યારે અધિકજ પ્રિતમ રાખું પણ હું ડરૂં છું કે મારા પછી તમારા ઉપર માયા બલ પામશે. ત્યારે તમે પરસ્પર યુદ્ધ કરસો. અને જે દેવતા તમારી સહાયતા કરે છે. તે પણ વિરૂદ્ધ થશે શાથી કે તમારે વિષે સંતોષની દૃઢતા દેખાતી નથી.

વળી એમ પણ કહ્યું છે કે જે કોઈ સંતોષ કરે છે. અને પુણ્યની આશા રાખે છે, તે નિઃસંદેહ પૂર્ણ પુણ્યને પ્રાપ્ત થાય છે. તેથી તને સંતોષ કરો. શાથી કે જે પદાર્થ તમારી પાસે છે, તે નાશને પામશે અર્થ એકે માયાની સામગ્રી નાશ થશે અને જે કંઇ મહારાજની પાસે છે તે સ્થિર છે અને સત્ય પદાર્થ છે. અને એમ પણ કહ્યું છે સંતોષ પરલોકનો ખજાનો છે. અને એમ પણ કહેતા હતા કે જે પુરૂષનું સ્વરૂપ સંતોષ છે તે ઉદાર હોય છે અને એમ પણ કહ્યું છે કે સંતોષવાળા પુરૂષ મહારાજના પ્રીતમ છે.

એક મહાત્માને આકાશવાણી થઈ હતી કે મારા સ્વભાવ પ્રમાણે તું પણ પોતાનો સ્વભાવ એક એ છે કે હું સંતોષ કરનારો છું.

એક મહાત્મા પુરૂષે કહ્યું છે કે જ્યાં સુધી તું પોતાની વાસનાથી સંતોષ નહી કરે ત્યાં સુધી જે પદને તું ઇચ્છે છે, તે પદને પામીશ નહી.

એક જમાતને જોઇને આચાર્ય મહારાજે પૂછયું કે તમે વૈષ્ણવ છો? ત્યારે તેમણે કહ્યું કે “અમે વૈષ્ણવ છીએ.” વળી આચાર્ય મહારાજે કહ્યું કે તમારી વૈષ્ણવતાનું ચિન્હ શું છે? ત્યારે તેમણે કહ્યું કે “અમે સુખ વિષે ધન્યવાદ કરીએ છીએ, અને ઇશ્વર ઇચ્છા વિષે પ્રસન્ન રહીએ છીએ. ત્યારે

આચાર્ય મહારાજે તેમને કહ્યું કે તમે નિઃસંદેહ વૈષ્ણવ છો. અને એમ પણ કહ્યું કે જેમ શરીરનાં અંગો વિષે શિર ઉત્તમ છે, તેમજ સર્વ શુભ ગુણો વિષે સંતોષ ઉત્તમ છે. તેથી જે પુરૂષ વિષે સંતોષ નથી તેનો ધર્મજ દૃઢ નથી.

સંતોષના રૂપનું વર્ણન.

સંતોષ કરવો એ મનુષ્યનો સ્વભાવ છે, શાથી કે પશુઓ વિષે સંતોષનું સામર્થ્ય નથી. તે પશુ અતિ નીચ છે. અને દેવતાઓને સંતોષની અપેક્ષાજ નથી કેમકે તેઓ આગળથીજ શુદ્ધ છે. અને ભોગોથી મુક્ત છે. અને પશુ ભોગોના બંધન વિષે પરાધીન છે. કે તેમના હૃદયમાં બીજું ભાસતું નથી તેથી પશુ ભોગરૂપ છે, અને દેવતા ભગવત્‌ના પ્રેમ વિષે લીન છે, અને કોઈ પદાર્થ તેને વિક્ષેપ દેનારો નથી કે જેને દૂર કરવા વિષે સંતોષ કરે. તેથી સંતોષ કરવો એ મનુષ્યનોજ અધિકાર છે. શાથી કે આદિ ઉત્પત્તિ વિષે મનુષ્ય પણ પશુના જેવાં હોય છે તે એ કારણથી થાય છે કે પ્રથમ ખાન, પાન, અને ખેલવું અને સુંદરતાઇને બનાવવી એ કાર્ય મનુષ્ય પર પ્રબળ થાય છે. વળી કીશોર અવસ્થા વિષે દેવતાઓનો પ્રકાશ આવીને પ્રકટ થાય છે. તે એણે કરીને ભલાઈ ભુંડાઇનાં ફળને ઓળખે છે. તેમાં પ્રયોજન એ છે કે મહારાજ બે દેવતા મનુષ્યની રક્ષાને નિમિત્તે મોકલે છે. તેમાં એક દેવતા માણસને માર્ગ દેખાડે છે અર્થ એ કે તે દેવતાનો પ્રકાશ જ્યારે મનુષ્ય વિષે પ્રકટ થાય છે, ત્યારે તે પ્રકાશે કરીને કર્મનાં ફળોને ઓળખે છે. અને કૃતિ વિશેષતા વિધિ સંયુક્ત દેખે છે વળી એ પ્રકાશે કરીને પોતાને અને મહારાજને ઓળખે છે, અને એમ પણ જાણે છે કે આ બધા ભોગ અંતમાં નાશ પામશે. જો કે આ કાળમાં તે ભોગ રમણિક ભાસે છે તોપણ વિનાશ રૂપ છે. અને એનું સુખ વેગવડે વિરસ થઈ જાય છે. અને એનું પરિણામ પરમ દુઃખ છે. તે ચિરકાલ પર્યંત રહે છે. પણ એ જ્ઞાન પશુઓને

પ્રાપ્ત થતું નથી, એ જ્ઞાનનનું અધિકારી કેવળ મનુષ્યજ છે. તે કેવળ એ જ્ઞાને કરીને પણકાર્ય સિધી થતી નથી. શાથી કે જો કે એવું પણ જાણે કે આ પદાર્થ મારી હાની કરનારા છે, પણ જ્યાં સુધી એનો ત્યાગ કરવાને બળ ન હોય ત્યાં સુધી એ જાણવાથી કરીને કંઈ લાભ થતો નથી. જેમ રોગી જાણ છે કે આ રોગ મને દુઃખ દે છે, પણ જ્યાં સુધી તે રોગને દૂર કરવાની સમર્થતા ન હોય ત્યાં સુધી રોગીને સુખ પ્રાપ્ત થતું નથી. તેથી શ્રીરાધા કૃષ્ણની દયાએ કરીને બીજા દેવતા મનુષ્યને બળ આપે છે. અને સહાયતા કરે છે, જેમ પહેલાદેવતાના પ્રકાશે કરીને આ પુરૂષે જાણ્યું હતું કે આ પદાર્થ મને દુઃખદાયક છે, તેમજ બીજા દેવતાના બળે કરીને તે પદાર્થનો ત્યાગ કરે છે.

અને જેમ મનુષ્યને પ્રથમ ભોગ ભોગવવાની ઇચ્છા હતી તેમજ તે ભોગોને ત્યાગવાની ઇચ્છા આવીને સ્ફુરે છે. અને એમ ઇચ્છે છે કે ભોગોનાં દુઃખોથી મુક્ત થઇને સુખી થઉં. ત્યારે ભોગ ભોગવવાની જે ઇચ્છા હતી તે આસુરી સેના હતી. અને ભોગોની નિવૃત્તિ કરનારી જે ઇચ્છા છે તે દેવતાની સેના છે. તે ભોગોને ભોગવવાની ઇચ્છાનું નામ વાસના સ્તંભ છે. અને ભોગોને દૂર કરવાની ઇચ્છાનું નામ ધર્મ સ્તંભ છે. તેમાં આ બેઉ સેના વિષે સદા વિરોધ અને લડાઇ રહે છે. શાથી કે અસુરોની સેના કહે છે કે આ ભોગોને ભોગવો, અને દેવતાની સેના કહે છે કે એ ભોગોને ત્યાગ કરો. તેમાં આ મનુષ્ય આ બેઉ સેનાની ખેંચ વિષે રહે છે પણ જ્યારે આ પુરૂષ ધર્મની દ્રઢતા વિષે પોતાના ચરણ ઠરાવે. અને ભોગ વાસનાની લડાઇ વિષે સાવધાન રહે એ સાવધાનતાનું નામ સંતોષ છે અને જ્યારે ભોગોને વશ કરે, અને તેના ઉપર સમર્થતા પામે, ત્યારે તેનું નામ પરમજીત છે. અને જ્યાંસુધી એમની લડાઇ વિષે રહે છે, તેનું નામ મનનું યુદ્ધ કહે છે. તેથી સંતોષ તેનું નામ છે કે ધર્મની દ્રઢતા વિષે પોતાના ચરણ ઠરાવે અને ભોગોની વાસનાના સન્મુખ થઇને સ્થિત થાય. તેમાં જ્યાં એ બે સેના નથી હોતી ત્યાં સંતોષ પણ નથી હોતો એ કારણથી કહ્યું છે કે દેવતાઓને પણ સંતોષનો અધિકાર

નથી. અને પશુઓ અને બાળકો વિષે સંતોષની સમર્થતા નથી. તેથી જાણો કે એ બેઉ દેવતા મનુષ્યની રક્ષાને નિમિત્તે મહારાજે કર્યા છે. તેનું નામ ચિત્રગુપ્ત છે. તેથી જેને શ્રીકૃષ્ણચંદ્રજીની દયાએ કરીને જ્ઞાનનો અર્થ ખુલે છે, અને યુક્તિએ કરીને તાત્પર્યને સમજે છે, તે એમ જાણે છે કે કારણ વિના કોઇ પદાર્થ ઉત્પન્ન થતો નથી. તેથી જ્ઞાનવાન્ દેખે છે કે પ્રથમ બાળકને જ્ઞાન અને ઓળખાણ કંઇ નહોતું જે કર્મનાં ફળોને વિચારે, અને સંતોષની શ્રદ્ધા અને બળપણ નહોતું. પછી કિશોર અવસ્થા વિષે વિચાર અને બળને વાસ્તે આ બેઉ દેવતા છે તે વિચાર અને બળ ઉત્પન્ન કરે છે. પણ વિચાર બધાંનું મૂળ છે શાથી કે પ્રથમ એ હોય છે. પછી શ્રદ્ધા, બળ, કૃતિ તેનાં ફળ ફૂલ છે, તેથી તે દેવતા જે આ મનુષ્યને માર્ગ દેખાડે છે, તે વિશેષ અને ઉત્તમ છે, એ કારણે કરીને તેનું સ્થાન જમણી તરફ કર્યું છે કે માણુસની રક્ષા કરે છે. તે એ પ્રકારે રક્ષા કરે છે કે માણુસને શુભ માર્ગ દેખાડે છે. તે જ્યારે માણુસ તેનાં વચનની તરફ શ્રવણ રાખે, ત્યારે તેથી વિચાર અને ઓળખાણ તેને પ્રાપ્ત થાય છે, અને જ્યારે માણુસ તેની તરફ સાવધાન થાય, ત્યારે એજ સાવધાનતાથી તારો ઉપકાર થાય છે. શાથી કે તેનાં વચનોને તેં વ્યર્થ જ કર્યાં અને એ સાવધાનતાને તે દેવતા માણુસની ભલાઇ લેખે છે. અને જ્યારે માણુસ તે દેવતાનાં વચનથી વિમુખ થાય, એટલો જો તેની તરફ સાવધાન ન થાય તો તે માણુસ પણ પશુઓની સમાન થશે. કેમકે વિચાર અને કૃતિના ફળની ઓળખાણથી નિષ્ફળ રહેશે. તેમા માણુસની વિમુખતાને તે દેવતા ભુંડાઇ લખે છે, તેમજ તે બીજો દેવ જે માણુસને ભોગોને દૂર કરવાનું બળ આપે છે, તે જ્યારે તે તેના પ્રમાણે પુરૂષાર્થ કરે ત્યારે એ માણુસના પુરૂષાર્થને તે દેવતા ભલાઇ લખે છે અને જ્યારે તેથી વિપર્યય કૃતિ કરે ત્યારે એજ ભુંડાઇ થાય છે. એ બેઉ અવસ્થા તે દેવતા લખે છે. તેમાં એ લખવું માણુસના હૃદય વિષેજ છે. પણ આપણા જાણવાથી ગુપ્ત છે, શાથી કે તે દેવતા અને તેનું લખવું આ જગત્‌ની પેઠે આધિભૌતિક નથી. તેમાં તેને નેત્રોએ કરીને માણુસ દેખી શકતો નથી, પણ જ્યારે મૃત્યુનો સમય

આવે છે, ત્યારે આ સ્થૂળ નેત્ર (મીચાઇ) જાય છે. અને પરલોકને જોનારાં નેત્ર ઉઘડી જાય છે. ત્યારે તેનું લખેલું પ્રકટજ દેખવામાં આવે છે. અને પરલોક વિષે પોતાનાં કર્મોને વિસ્તાર સંયુક્ત દેખે છે. અર્થ એકે ચિરકાલ પર્યંત નરક સ્વર્ગ વિષે દુઃખ સુખ ભોગવે છે. પ્રયોજન એ છે કે સંતોષ ત્યાં થાય છે કે જ્યાં બેઉ સેનાઓનો પરસ્પર વિરોધ થાય છે. તેમાં એક દેવતાની સેના છે, અને એક અસુરોની સેના છે. એ બેઉ વિરોધી સેના આ મનુષ્યના હૃદય વિષે એકઠી રહે છે. તેથી પ્રથમ ધર્મ વિષે ચરણ રાખવો એ છે કે એની લડાઇ વિષે સાવધાન થવું. શાથી કે આદિજ બાલક અવસ્થા વિષે આસુરી સેનાએ હૃદયરૂપી ગઢને જીતી લીધો છે. અને દેવતાઓની સેના પછી કિશોર અવસ્થા વિષે પ્રકટ થાય છે તેમાં જ્યાંસુધી આ પુરૂષ દૈત્યોની સેનાને વશ ન કરે ત્યાંસુધી ઉત્તમ ભોગોને પ્રાપ્ત થતો નથી. અને જ્યાંસુધી પુરૂષાર્થ કરીને યુદ્ધ ન કરે અને આ યુદ્ધ વિષે સંતોષ ન કરે ત્યાંસુધી ભોગોની સેના વશ થતી નથી. અને હૃદય રૂપી ગઢ દુષ્ટોથી છૂટો થતો નથી. તેથી જે પુરૂષ એ લડાઇ વિષે સાવધાન ન થયો, તે પુરૂષ એવો છે કે જેવો અચેત રાજા હોય જે પોતાનો દેશ શત્રુઓને અર્પણ કરી દે. અને લુટાવે. પણ જ્યારે એ ભોગ એ પુરૂષના વશમાં થાય અને વિચારની આજ્ઞા વિષે વર્તે, ત્યારે જાણીએ કે એની સંપૂર્ણ જીત થઇ છે. તેમાં એવો કોઇ વીરલોજ થાય છે. અને ઘણા પુરૂષોની અવસ્થા એવી હોય છે કે કયારે તેમની જીત થાય છે, અને ક્યારે હાર થાય છે, અર્થ એ કે કોઇવાર ભોગ પ્રબલ થાય છે, અને કોઇવાર ધર્મની પ્રબલતા થાય છે. પણ સંતોષની દૃઢતા વિના એ ગઢની જીત કદાચિત્ થતી નથી.

સંતોષને જે અપાર ધર્મ કહ્યો છે, તે શી રીતે છે, અને વ્રત કરવું એ અરધો ધર્મ શી રીતે છે તેનું વર્ણન.

તમે જાણો કે ધર્મ એક પદાર્થનું નામ નથી, ધર્મનાં લક્ષણ તથા શાખા ઘણી છે, જેમ આચાર્ય મહારાજે પણ કહ્યું છે કેઃ—ધર્મનાં અનેક

દ્વાર છે, પણ બધામાં વિશેષ એ છે કે શ્રીરામ કૃષ્ણજીને એકનેજ ઓળખવા. અને એકતા વિષે ચિત્તને સ્થિર કરવું. ધર્મનું બીજું દ્વાર એ છે કે–પાપોનો ત્યાગ કરવો. તેમાં ધર્મનાં લક્ષણ ઘણાં છે, પણ તે બધાંનુ મૂળ આ ત્રણ પદાર્થ છે.

(૧) વિચાર (૨) મનની આસ્થા (૩) કૃતિ. એ ત્રણ વિના ધર્મનું કોઇ લક્ષણ સિદ્ધ થતું નથી. જેમ ત્યાગનું મૂળ એ છે કે પાપોને વિષવત્ જાણવાં એ વિચારબીજ જાણવામાં આવે છે અને અવસ્થા એ છે કે આગળ જે પાપ કર્યું હોય તેનો પશ્ચાતાપ કરવો તે શાખા છે. અને ફળ એ છે કે પાપોનો ત્યાગ કરવો અને ભજન વિષે સાવધાન થવું. એજ ત્યાગની કૃતિ છે. તેથી જ્ઞાન, અવસ્થા અને કૃતિ એ ત્રણ ધર્મનાં રૂપ છે. પણ એ ત્રણ વિષે જ્ઞાન વિશેષ છે શાથી કે જ્ઞાન સર્વ બધાંનું મૂળ છે. ચિત્તની અવસ્થા પણ જ્ઞાને કરીને રહે છે અને અવસ્થાને અનુસાર કૃતિ પ્રકટ થાય છે. તેથી જ્ઞાન વૃક્ષના જેવું છે. ચિત્તની અવસ્થા તેની શાખા છે તે અવસ્થા પ્રમાણે જે કૃતિ થાય છે, તેમાં બધું ફળ છે. તેથી નિઃસંદેહ ધર્મ બે પદાર્થનું નામ થયું. તેમાં એક જ્ઞાન બીજી કૃતિ, તે સંતોષ વિના સિદ્ધ થતાં નથી. એ પ્રકારે સંતોષને અરધો ધર્મ કહ્યો છે. અને સંતોષના પણ બે ભેદ છે, તેમાં વિષયના ત્યાગ વિષે સંતોષ કરીએ, ત્યારે તેનું નામ સંતોષ છે, અને જ્યારે ક્રોધને સંતોષે કરીને સહન કરીએ ત્યારે તેનું નામ ધૈર્ય છે. અને વ્રત કરવા વિષે ભોગોનો સંયમ થાય છે, તેથી વ્રત કરવું એ અરધો સંતોષ કહ્યો. અને જ્યારે સંપૂર્ણ દષ્ટી કૃતિ તરફ કરીએ કે કૃતિ કરવા વિષે કઠણાઇ વધારે છે, અને સંતોષ વિના કૃતિ સિદ્ધ થતી નથી, તેથી સંપૂર્ણ ધર્મ સંતોષવડેજ સિદ્ધ થાય છે, પણ જ્યાં સુધી આ પુરૂષ વાસનાના વિરૂદ્ધમાં છે. ત્યાંસુધી ભોગોનો ત્યાગ અને દુઃખ સહન કરવામાં સંતોષજ જોઇએ એમ પણ કહ્યું છે કે “ધર્મવાન્ પુરૂષની કૃતિ આ પ્રમાણે હોય છે કે દુઃખ વિષે સંતોષ કરવો. અને સુખ વિષે ધન્યવાદ કરવો. એ પ્રકારે કરીને દેખીએ તો અરધો ધર્મ ધન્યવાદ થયો, અને અરધો ધર્મ સંતોષ થયો.

એમજ એક મહાપુરૂષે પણ કહ્યુ છે કે ધર્મના બે ભાગ છે, તેમાં એક ભાગ સંતોષ છે અને બીજો ધન્યવાદ છે. અને જો કઠિણાઈની તરફ જોઈએ કે સંતોષ કરવો એ બહુ કઠિન છે. ત્યારે સંપૂર્ણ ધર્મ સંતોષથીજ સિદ્ધ થાય છે.

સર્વ અવસ્થા અને સર્વ કાળમાં સંતોષજ જોઇએ તેનું વર્ણન.

માણસ બે અવસ્થાથી રહિત કદાચિત હોતું નથી. તેમાં એક ઇષ્ટ છે, અને બીજી અનિષ્ટ છે. એ બેઉ વિષે સન્તોષ જોઈએ.

ઇષ્ટ વિષે સંતોષ કરવો એ છે કે સંપદા, ભોગ, માન, આરોગ્યતા, સ્ત્રી, પુત્ર અને બીજા એના જેવા જે જે પદાર્થ છે, તેમાં સંતોષ કરવો એ બહુ કઠિન છે. શાથી કે જ્યારે પુરૂષ ભોગોમાં અંતર મુખ થાય, ભોગોને સત્ય જાણે, અને એને વિષે પ્રસન્ન થઇને વર્તે ત્યારે આ જીવને અચેવતા અને વિમુખતા પ્રાપ્ત થાય છે. એ કારણથી સંતજનોએ કહ્યું છે કે નિર્ધનતા વિશેષ છે, શાથી કે નિર્ધનતા વિષે સંતોષ કરી શકીએ છીએ. અને ધન અને સંપદા વિષે સંતોષ કરવો કઠણ છે. તેથી એવા પુરૂષ દુર્લભ છે, કે જે સર્વ વિષે સંતોષ કરે. જેમ એક મહા પુરૂષને તેમના પ્રીતમોએ કહ્યું હતું કેઃ—જ્યારે અમારી પાસે કંઇ સંપદા નહોતી, ત્યારે ભોગોથી સંતોષ કરતો હતો, અને હવે ઘણી માયાએ કરીને સંતોષ કરાતો નથી.

એજ પ્રમાણે શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે ધન, માન, સન્તાન, તમામ ધર્મમાં વિઘ્ન કરનારાં છે. અને એમણેજ તમને પડદો નાંખ્યો છે. તાત્પર્ય એ છે જો સર્વ ભોગ હોય તો તેમાં સંતોષ કરવો કઠિન છે. શાથી કે ભોગોની પ્રાપ્તિ વિષે સંતોષ ત્યારે થાય છે, કે જ્યારે હૃદયની નિર્લેપતાનું બલ અધિક હોય. અને સુખો વિષે સંતોષ કરવો એ છે કે માયાના પદાર્થો વિષે હૃદય બંધાઈ ન જાય. અને તેને જોઇને પ્રસન્ન થાય. જેમ કૃષ્ણ પરમા

ત્માએ અર્જુનને કહ્યું કેઃ—

"સંસારમાં સરસો રહે પણ મન મારી પાસ,
સંસારમાં લેપાય નહિ તે જાણુ મારો દાસ."

વળી એમ જાણો કે એ પદાર્થ કેટલાક દિવસ મારી પાસે છે, પછી દૂર થઇ જશે. તેથી સુખોને સુખ ન જાણે, શાથી કે એ ભોગ શ્રીરામ કૃષ્ણજીથી વિમુખ કરનારા છે. તેથી માણસ જ્યારે એ પ્રમાણે જાણે ત્યારે, જે જે સુખ એને કૃષ્ણ મહારાજે આપેલાં છે, તેમાં તેના ધન્યવાદ વિષે દૃઢ થાય, ત્યારે શ્રીકૃષ્ણ મહારાજની તરફ સનમુખ થાય છે. ધન્યવાદ કરવાનો એ છે કે ધન, અને તન તથા બધું સુખ શ્રીકૃષ્ણાર્પણ કરી પરમાર્થમાં લગાવે, એ ધન્યવાદ પણ સંતોષની સાથે સિદ્ધ થાય છે. એ ઇષ્ટ અવસ્થા છે.

બીજી અવસ્થા જે અનિષ્ટ કહી હતી તે ત્રણ પ્રકારની થાય છે. ૧ એક એકે પુરૂષ પોતાનો તે પુરૂષાર્થ કહી શકે છે અને તે જાત પોતાના આધિનમાં છે. જેમ ભજન કરવું અને પાપોનો ત્યાગ કરવો. (૨) બીજી અવસ્થા એના પુરૂષાર્થ કરવાથી થતી નથી. પણ ભગવત્‌ની આજ્ઞાએ કરીને થાય છે. જેમ રોગ અને વિપત્તિએ માણસના બળે કરીને થતી કે જતી નથી. (૩) ત્રીજી અવસ્થા એ છે કે પ્રથમ તો તેના વિષે એનું બળ ચાલતું નથી. પણ પછી તેને આધીન થાય છે. જેમ કોઇ પુરૂષ એને દુઃખ દે; એ દુઃખ દેવાનું પોતાના આધીનમાં નથી. પણ તેની સાથે બદલો ન લેવો એ પોતાના આધીનમાં હોય છે.

તેમા પ્રથમ અવસ્થા જે એના આધીનમાં કહી હતી કે ભજન કરવું અને પાપોનો ત્યાગ કરવો તેમાં નિઃસંદેહ સંતોષ જોઇએ. શાથી કે ભજન તપ, વ્રત, દાન એ બધા સંતોષ વિના સિદ્ધ થતાં નથી. અને એમના આદિ મધ્ય અને અંત વિષે સંતોષજ જોઇએ. તેમાં ભજનના આદિમાં એમ જોઇએ કે ભજન વિધિ સંયુક્ત અને મલિનતાથી રહિત કરે. અને દૃષ્ટીને સમેટી

રાખે, અને મનને સંકલ્પોથી શુદ્ધ કરે વળી ભજનને અંતે સંતોષ આ પ્રમાણે કરવો જોઇએ કે કોઈની પાસે પોતાનું ભજન પ્રકટ ન કરે. અને અભિમાનથી રહિત થાય. એતો નિઃસંદેહ પ્રસિદ્ધ છે કે સતોષ વિના પાપોનો ત્યાગ થતો નથી. શાથી કે જે ભોગની જેટલી તૃષ્ણા વધે છે તેટલી પાપ વિષે સુગમતાથી વર્તે છે. અને તે વિષે સંતોષ કરવો કઠિન થાય છે. જેમ જિહ્વાએ કરીને જેટલાં પપ થાય છે, તેના વિષે સંતોષ કરી શકતો નથી. શાથી કે જિહ્વાનું બોલવું બહુ સુગમ છે, અને યત્નથી રહિત છે. તેમાં જ્યારે અધિક બોલવાનો સ્વભાવ દૃઢ થઇ જાય, ત્યારે એવું કઠિન થાય છે કે તે યત્ને કરીને પણ છૂટતો નથી. અને બહુ બોલવું એ અવિદ્યાની સેનાનો સુભટ છે (યોદ્ધો) બહુ બોલનારો પુરૂષ જાણે છે કે મારાં વચન સાંભળીને લોક પ્રસન્ન થાય છે. તેથી બહુ બોલવાનો ત્યાગ કરી શકતો નથી. અને મૌન કરવું એને કઠિન થાય છે. એટલા માટે કરીને બહુ બોલનારા પુરૂષોને માટે એ ઉપાય છે કે પ્રથમ જગતના મેળાપનો ત્યાગ કરે, અને એકાંત વિષે રહે ત્યારે અધિક બોલનારા પાપમાંથી મુક્ત થાય છે, અન્યથા નહિ.

(૨) બીજી અવસ્થા એ છે કે તે પ્રથમ મહારાજની આજ્ઞાએ કરીને થાય છે. અને પછી તે વિષે પુરૂષનું બળ પણ થાય છે. જેમ કોઇ પુરૂષ બીજાને શરીર અથવા વચન સાથે દંડ દે ત્યારે તેનો બદલો વાળવો એના બળે કરીને થશે. તેથી એ વિષે પણ સંતોષ જોઇએ કે જેથી કરીને તેની પાસે બદલો ન લે. અને જો બદલો લેતો મર્યાદાથી અધિક નલે. એમાં આ વાર્તા એને આધીન છે.

એ ઉપર એક સંતે કહ્યું છે કે જ્યાં સુધી અમે લોકોને દુઃખાવવા વિષે સંતોષ કર્યો નથી. ત્યાં સુધી અમને સંપૂર્ણ ધર્મ પ્રાપ્ત થયો નથી.

શ્રીકૃષ્ણ મહારાજે પણ એક સંતને કહ્યું હતું કે જો કોઈ તમને દુઃખ દે તો તમે તેનો બદલો લેશો નહીં અને મારો ભરોસો કરજો. વળી એમ પણ કહ્યું છે કે જો કોઇ પુરૂષ તમને દુર્વચન કહે તેમાં શાંન્તિ રાખજો

અને તેની સંગતિનો ત્યાગ કરજો. અને એમ પણ કહ્યું છે કે હું જાણું છું કે દુર્જનોનાં વચનોએ કરીને તમારૂં હૃદય અપ્રસન્ન થશે. પણ તમે મારા ભજન વિષે પ્રસન્ન થજો અને તેની તરફ ચિત્તજ ન દેશો. એક મહા પુરૂષની વાર્તા છે કે તેઓ એક વખત કંઇ ધન લોકોને વેંચી આપતા હતા, ત્યારે કોઇ દુષ્ટે કહ્યું કે આ ધનને ભગવત્ અર્થે અને વિચાર સાથે વેંચતા નથી. જ્યારે એ વચન મહા પુરૂષે સાંભળ્યું, ત્યારે તેમનું માથું કંઇક લાલ થવા લાગ્યું પણ પછી કહેવા લાગ્યા કે, આગલા મહા પુરૂષ મોટા ભાગ્યશાળી હતા, શાથી કે તેમને તો લોકો એથી પણ વધારે દુઃખ દેતા હતા, અને તે બધા સહન કરી લેતા હતા, શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું છે કે જ્યારે કોઈ પુરૂષ તમને દુઃખ દે ત્યારે તમે સહનશીલ થાઓ તો સારૂં છે, અને જો બદલો લ્યો તો મર્યાદ અનુસાર લેજો. અધિક બદલો ન લેશો.

એક મહા પુરૂષે પોતાના પ્રીતમોને કહ્યું હતું કે યદ્યપિ આગળ કોઈ નીતિ શાસ્ત્રમાં એમ પણ કહ્યું છે કે જો કોઇ કોઇનો હાથ કાપે ત્યારે તેનો હાથ પણ કાપીએ. જો કોઇનાં નેત્રોને કે કાંનને દુઃખ દે ત્યારે તે નેત્રોને કે કાનોને દુઃખ દેઇએ. તેમાં એ વચનને પણ હું જુઠાં કહેતો નથી. પણ હું તમને આ પ્રમાણે ઉપદેશ કરૂં છું કે ભુંડાઇને બદલે ભુંડાઈ ન કરો. અને જો તમને કોઇ જમણી તરફ મારે તો ડાબું અંગ પણ તેના તરફ રાખો; જો કોઇ તમારી પાઘડી ઉતારી લેતા તમે તેને જામો પણ આપીદ્યો અને જો કોઇ તમને બેગાર (વેઠે) પકડીને એક કોશ લેઇ જાય ત્યારે તમે પોતેજ બે કોશ ચાલ્યા જાઓ.

આચાર્ય મહારાજે કહ્યું છે કે જો કોઇ તમને કંઈ ભાવે કરીને ન આપે તો તમે તેને ભાવ સંયુક્ત આપો જો કોઇ તમારી સાથે ભુંડાઇ કરે તો તમે તેની સાથે ભલાઈજ કરો સાચા પુરૂષોનો સંતોષ એજ છે.

(૩) ત્રીજી અવસ્થા એ છે કે તેને વિષે મનુષ્યનું બળ કંઇ ચાલતું નથી. જેમ કોઇને. પુત્ર મરી જાય અથવા ધનનો નાશ થાય કે શરીરનું કોઈ

અંગ કપાઇ જાય તો એને આકરી દુઃખ કહે છે તેના વિષે સંતોષ કરવો બહુ કઠિન છે. અને જો એના વિષે સંતોષ કરે તો તેને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

એક સંતે કહ્યું છે કે "સંતોષ ત્રણ પ્રકારનો છે"

(૧) તેમાં પ્રથમ એ છે કે સંતજનોની આજ્ઞાનુસાર ભજન વિષે દૃઢ થાય ત્યારે તે પુરૂષને અધિક ફળ થાય છે.

(૨) બીજો સંતોષ એ છે કે જે પદાર્થ સંત જનોએ નિષેધ કહ્યા છે તેના વિષે નવર્તે અને સંતોષ કરીને તેનો ત્યાગ કરે, ત્યારે પુર્વ ફળથી પણ દ્વિગુણ ફળને પામે છે.

(૩) ત્રીજો સંતોષ એ છે કે જો મહારાજની ઇચ્છાએ કરીને કોઇ દુઃખ અથવા સંકટ પ્રાપ્ત થાય, ત્યારે તેને સંતોષે કરીને સહન કરે તો ત્રિગુણ ફળને પ્રાપ્ત થાય છે. શાથી કે દુઃખ વિષે સંતોષ કરવો એ સાચાજ પુરૂષોનું લક્ષણ છે.

એક મહા પુરૂષ શ્રીકૃષ્ણની પાસે પ્રાર્થના કરતા હતા કે હે મહારાજ મને એવો નિશ્ચય દ્યો કે જેથી કરીને જગતનાં દુઃખોને હું પ્રસન્ન થઇને સહન કરૂં. મહા પુરૂષે એમ પણ કહ્યું છે કે શ્રીકૃષ્ણ મહારાજનું વચન છે. કે જો પુરૂષને મારી આજ્ઞાએ કરીને કંઇ દુઃખ પડે. અને તે પુરૂષ ધૈર્ય રાખે, અને કોઇની પાસે તે દુઃખને પ્રસિદ્ધ કરી કહે નહિ, ત્યારે હું તેને સદૈવ કાળની આરોગ્યતા આપું છું. અને જો તેનું શરીર મૃત્યુ પામે તો પણ હું તેના ઉપર દયા કરૂં છું

એક સંતે પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી કે પ્રભુ જેના ઉપર તું કંઇ દુઃખ મોકલે છે, અને તે પુરૂષ પ્રસન્ન થઇને સહન કરે છે ત્યારે તું તેને કેવું ફળ આપે છે? ત્યારે મહારાજે કહ્યું કે જો કોઇ વિઘ્ને કરીને તેનો ધર્મ ખંડીત થતો નથી તો હું તેને ધનનો સીરપાવ આપું છું. શ્રીકૃષ્ણ મહારાજે

એમ કહ્યું છે કે " જે માણસ ઉપર હું દુઃખ મોકલું છું અને તે પુરૂષ તે વિષે પ્રસન્ન થઇને સંતોષ કરે છે ત્યારે હું તેના અપકર્મોનું લેખું કરતો નથી અને એમ પણ કહ્યું છે કે જેની આંખોનું તેજ હું હરી લેઉં છું, અને તે પુરૂષ પ્રસન્ન રહે ત્યારે હું તેને પોતાનું દર્શન દેઉં છું.

એક સંત પાસેથી કોઇ જિજ્ઞાસુએ આ વચન લખી લીધું હતું કે પોતાના સ્વામીની આજ્ઞા વિષે સંતોષ કરવો વિશેષ છે." તે જ્યારે તે જિજ્ઞાસુને કંઇ સંકટ પ્રાપ્ત થતું હતું ત્યારે કાગળને વાંચીને સંતોષ વિષે દૃઢ થયો હતો.

એ ઉપર એક બીજી પણ વાર્તા છે કે એક બાઇ માર્ગમાં પડી ગઈ હતી અને તેના પગના અંગુઠાનો નખ ઉતરી ગયો તેમાંથી રૂધિર ચાલવા માંડયું, તે વખતે તે બાઇ પ્રસન્ન થઇને હસવા લાગી. ત્યારે લોકોએ પૂછયું કે દુઃખના વખતમાં તું શી રીતે હશી ? ત્યારે તે બાઇએ કહ્યું કે સંતોષના ફળની પ્રસન્નતાએ મારૂં દુઃખ પણ ભૂલાવી દીધું, તેથી મને કંઈ ખેદ થયો નહિ. એમજ મહાપુરૂષે પણ કહ્યું છે કે શ્રીકૃષ્ણ મહારાજની વડાઇ જાણવી, એ છે કે જે કંઇ દુઃખ અને કષ્ટ જ્યારે આવી પડે ત્યારે તે પુરૂષને ઘટે છે કે લોકોની પાસે પ્રસિદ્ધ ન કરે અને પ્રસન્ન રહે.

એક સંતે એમ પણ કહ્યું છે કે દુઃખે કરીને રૂદન કરવું, અથવા મુખનો રંગ પીત થવો એમાં સંતોષ દૂર થતો નથી; શાથી કે દુઃખમાં રૂદન અને મુખનું બદલાવું અવશ્ય થાય છે, પણ સંતોષ તો ત્યારેજ દૂર થાય છે કે જ્યારે બૂમો પાડીને રૂષે, અથવા મુખથી ભગવત્‌ની નિંદા કરે કે મહારાજે મને કેવું દુઃખ કર્યું છે ?

એ ઉપર એક મહા પુરૂષની વાર્તા છે, કે જ્યારે તેમનો પુત્ર મરણ પામ્યો હતો, ત્યારે તેમની આંખ્યોમાં કંઇક પાણી ભરાઇ આવ્યાં. ત્યારે પ્રીતમોએ તેમને કહ્યું કે રૂદન કરવાનું સૌ કોઇએ વર્જિત કરેલું છે તો તમે શા માટે રૂદન કરો છો ? ત્યારે મહા પુરૂષે કહ્યું કે આ રોવું નથી, આ તો દયા

છે. તે દયાએ કરીને મારૂં હૃદય કોમળ થયું છે. અને દયા કરનારાપર શ્રી-કૃષ્ણ મહારાજ પણ દયા કરે છે.

એક સંતે એમ પણ કહ્યું છે કે જ્યારે કોઇનું કોઈ સંબંધી મરે ત્યારે, શોકનાં વસ્ત્ર ન પહેરે, અને કોઈ પ્રકારે પોતાના શોકને દેખાડે નહિ. ત્યારે સંપૂર્ણ સંતોષ થાય છે. અને જ્યારે પોતાનું માથું પીટે, અને શોકનો પહે-રવેશ પહેરે, અને ઉંચે પોકારીને રૂદન કરે, ત્યારે એણે કરીને સંતોષ દૂર થઇ જાય છે. તેથી એમ સમજવું જોઇએ કે બધા જીવ શ્રીરામ કૃષ્ણના છે, અને તેમનાજ ઉત્પન્ન કરેલા છે. અને તેમની આજ્ઞાથી મૃત્યુ પામે છે. તેથી શોક કરવો વ્યર્થ છે. એ ઉપર એક બાઇનો વૃત્તાંત છે કે-તે બાઇનો એક પુત્ર હતો, તે મૃત્યુને પ્રાપ્ત થયો, અને તેનો પતિ કહીં ગયો હતો, પછી જ્યારે તે ઘેર આવ્યો ત્યારે પૂછવા લાગ્યો કે તારો પુત્ર જે રોગી હતો તેની શી ખબર છે? ત્યારે સ્ત્રીએ કહ્યું કે આજ ઘણો વિશ્રામમાં છે. એમ કહીને પતિને ભોજન કરાવ્યુ અને પોતે પણ ભોજન કર્યું. પછી પતિને કહેવા લાગી કે મારી અમુક વસ્તુ પડોશીએ માગી લીધી હતી પણ જ્યારે હું માગું છું, ત્યારે તે પ્રથમથીજ શોર કરે છે, અને આપતી નથી. ત્યારે પતિએ કહ્યું કે તે મહા મૂર્ખ છે, કે જે (વિરાની) પારકી વસ્તુ માગી લે અને આપવા વ-ખતે પોકાર કરે છે. પછી સ્ત્રીએ કહ્યું કે તમારો પુત્ર પણ મહારાજની થાપણ હતી, તે હવે પોતાની વસ્તુ મહારાજે સભાળી લીધી છે, તેથી શોક કરવો પ્રમાણ નથી. ત્યારે પતિએ કહ્યું કે એ પ્રમાણે નિઃસંદેહ છે, કે જ્યારે આપણી પાસે હતો ત્યારે પણ મહારાજની થાપણ હતી અને હવે પણ તેમણે સંભાળી લીધો છે; પછી એમના સંતોષની વાર્ત્તા જ્યારે આચાર્ય મહારાજે સાંભળી, ત્યારે તે બેઉને વધાઇ આપી, અને કહ્યું કે ભગવતની ઇચ્છા તમને મીઠી લાગી છે. અને તેથી કરીને મહારાજે તમને પ્રિતમ કર્યા છે. અને મેં ધ્યાન વિષે જોયું છે કે ઉત્તમ સુખ વિષે તમારો નિવાસ થયો છે. તેથી નિઃ-સંદેહ એજ પ્રસિદ્ધ થયું કે સર્વ અવસ્થા અને સર્વકાળ વિષે જિજ્ઞાસુને સં-

તોષજ જોઇએ. શાથી કે યદ્યપિ સર્વ ત્યાગ કરીને એકાન્ત વિષે જઇને રહે અને સર્વ ભોગોથી મુક્ત થાય ત્યાં પણ સંતોષ જોઇએ. એટલા માટે કે— જ્યારે એકાંત ઠેકાણા વિષે બેસે છે, ત્યારે પણ નાના પ્રકારના સંકલ્પ સ્ફુરવા માંડે છે ત્યારે તે સંકલ્પોએ કરીને ભજન વિષે વિક્ષેપતા થાય છે. અને વ્યર્થ સમય જાય છે. અને આયુષ્યરૂપી જે આ માણસની પુંજી છે, તે જ્યારે વ્યર્થ ગઇ ત્યારે મનુષ્યની પરમ, હાની થાય છે, તેથી તેનો ઉપાય એ છે કે પોતાને ભજન વિષે (સ્થિત) કરે અને સંતોષ વિષે દઢ થાય. ત્યારે સંકલ્પોથી મુક્ત થાય પણ જ્યાંસુધી આ પુરૂષનું હ્રદય ભજન વિષે એકત્ર ન થાય, ત્યાંસુધી બીજા સંકલ્પોથી છૂટતો નથી. એ કારણથી આચાર્ય મહારાજે કહ્યું છે કે જે પુરૂષ જુવાન અને આરોગ્ય હોય છતાં શુભાશુભ ક્રિયાથી રહિત થઇને બેશી રહે, ત્યારે તે ભગવત્‌ની તરફથી વિમુખ થાય છે. શાથી કે યદ્યપિ ઇંદ્રિયોએ કરીને નિષ્કર્મ થયો છે. પણ મને કરીને સંકલ્પોથી રહિત થઈ શકતો નથી. ત્યારે જાણીએ કે નિષ્કર્મ થયો નથી. કેમકે તેનું મન સંકલ્પ વિષે આસક્ત રહે છે. અને અવિદ્યા તેની નજીકમાંજ છે. અને તેની બુદ્ધિ સંકલ્પોનું ઘર થાય છે. તે જ્યારે ભજનની દઢતા કરીને સંકલ્પોને દૂર કરી ન શકે ત્યારે ઘટે છે કે સેવા અથવા કોઇ શુભ ક્રિયા વિષે ઇંદ્રિયોને જોડે—અને એવા પુરૂષે એકાંત વિષે બેસવું પ્રમાણ નથી.

જેના હ્રદય વિષે ભજનનું બળ ન હોય તેને ઘટે છે કે શરીરે કરીને શુભ ક્રિયા વિષે સ્થિત થાય તો સારૂં છે.

સંતોષ પ્રાપ્ત થવાના ઉપાયનું વર્ણન.

સંતોષનાં દ્વાર ઘણાં છે. અને બધાં દ્વારો વિષે કઠિનતાએ કરીનેજ સંતોષ થાય છે. તેથી સંતોષને પ્રાપ્ત કરવાના ઉપાય પણ અનેક છે પણ સર્વ ઉપાયોનું મૂળ આ બે છે. ૧ વિદ્યા, ૨ કૃતિ વળી ભુડા સ્વભાવોને દૂર કરે-

વાનું કહ્યું છે. તે બધું સંતોષે કરીને સિદ્ધ થાય છે સંતોષનો અર્થ આગળ એજ કહ્યો છે કે ભોગોની વાસનાથી વિરૂદ્ધ કરવું અને શુભ વાસના વિષે સાવધાન થવું. અને એ બેઉની લડાઇ વિષે સંતોષ કરવો એનું દૃષ્ટાંત એ છે કે કોઇ પુરૂષના બે પહેલવાન્ હોય અને તે પુરૂષ એમ ઇચ્છે કે એક પહેલવાન પ્રબલ થાય અને બીજાને નિર્બળ કરવા ઇચ્છે, ત્યારે તેનો ઉપાય એ છે કે જેને નિર્બળ કરવાને ઇચ્છે છે, તેની સહાયતા કરતો નથી, અને બલદાયક અહાર પણ તેને આપતો નથી. તેથી તે નિર્બળ થઇ જાય છે, તેમજ જે પુરૂષ કામના બળને તોડી ન શકે ત્યારે તેનો ઉપાય એ છે કે પ્રથમ કામ ઉપજાવનારા આહારોનો ત્યાગ કરે અને દિવસનું વ્રત રાખે અને જ્યારે રાત્રીનું ભોજન કરે ત્યારે અરધું ખાય અને અરધો ભૂખ્યો રહે. અને આહાર પણ લૂખો કરે.

(૨) બીજો ઉપાય એ છે કે સુંદર રૂપ દેખવાથી કરીને પણ કામ ઉત્પન્ન થાય છે. ત્યારે ઘટે છે કે એકાંત ઠેકાણે બેસે અને જ્યાં સુંદર સ્ત્રી અને છોકરાં હોય ત્યાં જાય નહિ. અને નેત્રોને સુંદર રૂપ જોવાથી રોકી રાખે.

(૩) ત્રીજો ઉપાય એ છે કે મનના સંકલ્પોને વિચારે કરીને રોકે અને એમ જાણે કે આ શરીર રૂધીર, માંસ, વિષ્ટા મુત્ર અને બીજી સર્વ દુર્ગંધોનું ઘર છે. તેથી કામનું સુખ મહા મલીન છે એવાં વચનોએ કરીને મનને સમજાવે. શાથી કે આ મન કઠોર પશુની પેઠે છે. તેથી એને કષ્ટ દેવું પ્રમાણ છે. જેમ કઠોર પશુને ઘાસ અને પાણી આ પ્રમાણે આપે છે કે તે પશુ મરી જાય નહિ અને અધિક (બળવાન) પણ ન થાય, ત્યારે તે પશુ દંડે કરીને કોમળ થઇ જાય છે. તેમજ આહાર અને નેત્ર અને સંકલ્પોને રોકવાથી કામનું બળ ક્ષીણ થઇ જાય છે.

પુરૂષને ઘટે છે કે ધર્મની વાસનાને બે પ્રકારનું બળ આપે તેમાં એક એ કે ત્યાગના ફળનો લાભ મનને સમજાવે, અને જે પુરૂષોએ ભોગોનો ત્યાગ કર્યો છે, તેમનાં વચનોને ભણે તે જ્યારે એ પ્રકારે કરીને પ્રતીતિ દૃઢ થાય

છે, ત્યારે આ પુરૂષ જાણે છે કે ભોગોનું સુખ ક્ષણ માત્ર છે, અને તેને ત્યાગવાનું સુખ અવિનાશી છે. માટે એવું જાણવાથી ધર્મની વાસના પ્રબળ થાય છે.

વળી બીજું એ છે કે શનૈઃ શનૈઃ કરીને ભોગોની વૃત્તિને ઉલટાવે તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પહેલવાન ઇચ્છે કે મારૂં બળ અધિક થાય ત્યારે પ્રથમ શરીરને આહારે કરીને પુષ્ટ કરે છે, પછી બળવાન કાર્ય કરે છે. ત્યારે ક્રમે કરીને તેનું બળ વધી જાય છે, અને જે પોતાથી નિર્બળ હોય તેની સાથે પ્રથમ વીર વિદ્યા પણ કરે છે. ત્યારે તેણે કરીને પણ અધિક બળ થાય છે. અને બળવાન કાર્ય કરવાથી પણ અધિક બળ થાય છે. તેમજ સંતોષને પ્રાપ્ત થવાના ઉપાય પણ આ પ્રમાણે છે. જ્યારે શનૈઃ શનૈઃ કરીને ભોગવાસનાને ઉલટાવે ત્યારે પછી બધી વાસનાઓને દૂર કરવાને સમર્થ થઇ જાય છે અને સંતોષની વિદ્યા જે કરી હતી. તે બળદાયક આહારની પેઠે છે. તો એણે કરીને પણ સંતોષ દૃઢ થાય છે.

ધન્યવાદના મહીમાનું વર્ણન.

ધન્યવાદ ઉત્તમ પદાર્થ છે અને અતી પ્રીતમ છે. તેથી ધન્યવાદના સંપૂર્ણ રૂપને પ્રાપ્ત થવું કઠિન છે. એ ઉપર કૃષ્ણ મહારાજે કહ્યું છે કે મારી સૃષ્ટિ વિષે ધન્યવાદ કરનારા દુર્લભ છે. મુક્તિદાયક લક્ષણ બે પ્રકારનાં હોય છે.

(૧) તેમાં એક લક્ષણ ભગવત્ માર્ગનું સાધન છે, જેમ ત્યાગ, સંતોષ વૈરાગ્ય, તથા પોતાના મનની સાથે વિરૂદ્ધ કરવું. એ પ્રમાણે બધાં પરમ પદનાં સાધન છે. અને પરમ પદ એથી પર છે. પણ એ લક્ષણોએ કરીને પ્રાપ્ત થાય છે; વળી બીજાં લક્ષણ એવાં છે કે તે લક્ષણ પોતેજ સુખ રૂપ છે અને એ પુરૂષનાં સદૈવકાળ સંગી છે. અને તે કોઇ પદનાં સાધન નથી. જેમ પ્રેમ અને એકતા, ભરોસો, ધન્યવાદ, એ પણ એમાંજ છે એ પદાર્થ પરમ પદ

રૂપ તેથી ધન્યવાદનાં વખાણ પ્રથમજ કહેવાં હતાં પણ અત્રે એટલા માટે કહ્યાં છે કે સંતોષ સાથે ધન્યવાદનો સંબંધ છે. અને ધન્યવાદની વડાઈ ઘણી વિશેષ છે. અને ધન્યવાદજ ભજન છે. એ ઉપર કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે "ધન્યવાદ કરવો એજ ભજન છે" વળી એમ પણ કહ્યું છે કે "તમે મારૂં ભજન કરો એટલે હું તમારૂં સ્મર્ણ કરૂં."

"તમે મારો ધન્યવાદ કરો નાસ્તિકતા ન કરો."

એ ઉપર એક મહા પુરૂષે પણ કહ્યું છે કે જે પુરૂષ ભોજન પામીને ધન્યવાદ કરે, ત્યારે તેને સંતોષનું વ્રત કરનારાને જેવું ફળ થાય છે, તેવા ફલને તે પ્રાપ્ત થાય છે.

પરલોક વિષે મહારાજ કહેશે કે "ધન્યવાદ કરનારા જીવ કયાં છે? અને જેણે ધન્યવાદ કર્યો હોય, તે ઉઠીને ઉભા થાઓ ત્યારે ધન્યવાદ કરનારા ઉઠશે અને તેના ઉપર મહારાજ અતિ પ્યાર અને દયા કરશે.

જ્યારે મહા પુરૂષને મહારાજની આજ્ઞા થઇ હતી કે આપણા પ્રીતમોને કહોકે "ઘણું ધન એકઠું ન કરો" ત્યારે એ વચન સાંભળીને એક પ્રીતમે મહા પુરૂષને પૂછયું કે "ત્યારે શું એકઠું કરે?" ત્યારે મહા પુરૂષે કહ્યું કે જિભ્હા શ્રી રાધા કૃષ્ણ સીતારામ જપનારી હૃદય ધન્યવાદ કરનારૂં મિત્ર સતસંગી જે ભજનની યુક્તિ શીખવે અને માયાની જંજાળમાંથી કાઢીને ભજન વિષે દૃઢ કરાવે અને ભગવત્ માર્ગ વિષે લગાવે. એ ત્રણ એકઠાં કરો.

વળી એક બીજા સંતે કહ્યું છે કે ધન્યવાદે કરીને ભરોસો પ્રાપ્ત થાય છે, અને એક સંતે કહ્યું છે કે મેં એક દિવસ એક મહા પુરૂષની ધર્મપત્નીને પૂછયું કે કોઇ આશ્ચર્ય જેવી વારતા મહા પુરૂષની મને સંભળાવો ત્યારે તેણે કહ્યું કે મહા પુરૂષની બધી વાર્તા આશ્ચર્ય રૂપ છે પણ એક દિવસે તેમણે સંધ્યાકાળનું ભજન કર્યું અને બધી રાત્રી ભર ઉભા ઉભા રોતાજ રહ્યા ત્યારે મેં કહ્યું કે તમારાં પાપ તો ભગવતે બધાં ક્ષમા કર્યાં છે હવે તમે શા માટે

રૂદન કરો છો? ત્યારે મહા પુરૂષે કહ્યું કે હું મહારાજનો ધન્યવાદ કરીને રોઉંછું અને મહારાજે મને આ પ્રમાણે આજ્ઞા કરી છે કે "સુતાં જાગતાં બેસતાં, ઉઠતાં ભજન વિષેજ દૃઢ રહો. અને જે કાંઇ મેં ધરતી અને આકાશ વિષે રચના રચી છે, તેને જોઇને આશ્ચર્યમાન ન થશો." વળી આજે અવસ્થા તમને આપી છે, તેનો ધન્યવાદનાજ પ્રેમે કરીને રૂદન કરે ભયે કરીને રોતા નહિ.

એ ઉપર એક વાર્તા છે કે એક સમયમાં કોઇ એક મહા પુરૂષ કોઇ પહાડમાં જઇ ચડયા ત્યારે તેમણે એક પથ્થરને રોતો જોયો ત્યારે તેપથ્થરને પૂછયું કે તું કેમ રૂદન કરે છે? ત્યારે તે પથ્થર મહારાજની આજ્ઞાએ કરીને બોલવા લાગ્યા કે જ્યારથી મેં સાંભળ્યું છે કે પથ્થર અને નાસ્તિકોને હું નરકમાં નાંખીને બાળીશ" ત્યારથી હું રૂદન કરૂં છું. પછી તે મહા પુરૂષે મહારાજની પ્રાર્થના કરી કે "હે મહારાજ આ પથ્થરને અભય કરો" ત્યારે તે પ્રાર્થના મહારાજે માનીને તેને અભય કર્યો, પછી બીજી વાર મહારાજ ત્યાં આવ્યા, ત્યારે ફરીને પણ તેને રૂદન કરતાં જોયો, ત્યારે પૂછયું કે "તું હવે કેમ રૂદન કરે છે? નરકથી તો અભય થઇ ચુકયો, ત્યારે તે પથ્થરે કહ્યું કે" આગળ તો હું ભયે કરીને રોતો હતો અને હવે ધન્યવાદ કરીને રૂદન કરૂંછું" તેથી જાણોકે મનુષ્યોનું હૃદય પથ્થરથી પણ કઠોર છે. પણ જ્યારે તે પથ્થરની પેઠે કદી ભયે કરીને રૂદન કરે, અને કદી પ્રેમે કરીને રૂદન કરે ત્યારે તેનું હૃદય કોમલ થાય છે અન્યથા થતું નથી.

ધન્યવાદના રૂપનું વર્ણન.

ધર્મનું મૂળ ત્રણ પદાર્થ આગળ કહ્યા હતા ૧ વિચાર (૨) અવસ્થા ૩ કૃત એ ત્રણ ધર્મનાં મૂળ છે. પણ પ્રથમ વિચાર છે અને વિચારથી અવસ્થા ઉત્પન્ન થાય છે.અને અવસ્થાથી કૃતિ પ્રકટ થાય છે. તેમાં ધન્યવાદનો વિચાર એ છે કે જેટલાં સુખ અને પદાર્થ શ્રીકૃષ્ણચંદ્રે આપણને આપ્યાં છે તે તેમની દયાએ કરીને આપ્યાં છે, એમ જાણે અને ધન્યવાદની અવસ્થા એ છે કે મહારાજના

ઉપકારની પ્રસન્નતા હૃદય વિષે હોય. અને કૃતિ એ છે કે તે પદાર્થ એવા કામમાં વાપરે કે જેમાંથી શ્રીકૃષ્ણ મહારાજ પ્રસન્ન થાય. ધન્યવાદ કર્તાનો સંબંધ બુદ્ધિ, જિંહ્વા, અને ઇંદ્રિયોની સાથે થાય છે. તે જ્યાંસુધી ભલી પ્રકારે એ સંબંધને ઓળખે નહિ ત્યાંસુધી સંપૂર્ણ ધન્યવાદ કહી શકતો નથી. અને જ્યાંસુધી સંપૂર્ણ સુખ મહારાજની તરફથી છે. એમજ જાણે ત્યાંસુધી સંપૂર્ણ વિચારવડે ધન્યવાદની પ્રાપ્તી થતી નથી. જેમ રાજા કોઇને શિરપાવ આપે અને તે પુરૂષ એમ જાણે કે પ્રધાનની પ્રસન્નતાથી મને શિરપાવ મલ્યો છે. ત્યારે એવું જાણવાથી રાજાનો ધન્યવાદ પૂર્ણ થયો નહિ. અર્થ એકે એની પ્રસન્નતા રાજાના શીરપાવ દેવાપર ન થઇ. પણ જ્યારે આ પ્રમાણે જાણે કે મને રાજાના આજ્ઞાપત્રે કરીને શિરપાવ મળ્યો છે, અને પત્ર સાહી અને કલમે કરીને લખેલુ હોય છે. તે પત્ર અને કલમ અને સ્યાહીને વશીલો જાણવાથી ધન્યવાદ ખંડિત થતો નથી. શાથી કે કાગજ, કલમ અને સ્યાહી પોતાની મેળે કામ કરી શકતાં નથી કેવળ પરાધીન હોય છે. જેમ ખજાનચી કોઇને રાજાની આજ્ઞાએ કરીને કંઇ આપે ત્યારે ખજાનચીનો ઉપકાર થતો નથી. કેમકે ખજાનચી રાજાની આજ્ઞાને વશીકાર હોય છે. પોતાની મેળે દેવાને સમર્થ થતો નથી. તેથી કલમ અને ખજાનચી પરાધીનતા વિષે સમાન છે. તેમજ સર્વ સુખ શ્રીરાધાકૃષ્ણ મહારાજે માણસને આપ્યાં છે, અને અન્ન આદિક જે અનન્ત પદાર્થ જીવોનાં સુખ અને જીવવાને માટે પૃથ્વીપર પ્રકટ કર્યાં છે, તે જ્યારે તેની ઉત્પત્તિ વર્ષાદે કરીને જાણે, અને વર્ષાદ મેઘોથી જાણે, અને જહાજોનું નિર્વિઘ્નપણે ચાલવું પવને કરીને જાણે, ત્યારે એણે કરીને કેવળ મહારાજનો ધન્યવાદ થતો નથી. પણ જ્યારે એમ જાણે કે ઇંદ્ર, મેઘ, પવન, સૂર્ય, ચંદ્રમા, નક્ષત્ર અને બીજા એની પેઠે જે સર્વ દેવતા છે, તે સર્વ શ્રીકૃષ્ણ મહારાજનીજ શક્તિએ કરીને ચાલે છે. અને આ બધી તેમના હાથની કલમ છે, પોતાની મેળે કંઇ સમર્થ નથી. ત્યારે એવું જાણવાથી પુરો ધન્યવાદ થાય છે. તેથી જ્યારે કોઈ મનુષ્ય બીજાને કંઇ આપે અને તે ઇશ્વરે નહિ પણ તે મનુષ્યે આપ્યું એમ જાણે,

ત્યારે એ મૂર્ખતા થાય છે. અને તેણે કરીને ધન્યવાદ ખંડીત થાય છે. પણ જ્યારે એમ જાણે કે આ માણસે આ પદાર્થ મને ત્યારે આપ્યો છે કે જ્યારે મહારાજે તેની તરફ પોતાનો પાળો (ચાકર) મોકલ્યો છે. અને તે પાળાએ બક્ષિસ અપાવી છે, તે પાળો શ્રદ્ધારૂપી છે અને તે મનુષ્યના અંતર વિષે પ્રેરી છે. અને એ પુરૂષે જેણે કરીને એમ જાણ્યું છે કે લોક પરલોક વિષે મારૂં ભલું તો ત્યારે થશે કે જ્યારે હું આ પુરૂષને પોતાનો પદાર્થ આપીશ. તેથી તેણે પોતાના પ્રયોજને કરીને આપ્યું છે. અને લોક અથવા પરલોક વિષે પોતાનું ભલું ઇચ્છ્યું છે. તેથી તેણે પોતાનેજ આપ્યું છે. બીજા કોઇને આપ્યું નથી.

જ્યારે એ પ્રકારે જોઇએ ત્યારે મહારાજેજ આપ્યું છે. અને મહારાજે કોઈ પ્રયોજને કરીને નથી આપ્યું, કેવળ પોતાની દયાએ કરીને આપ્યું છે.

તેમાં જ્યારે તમે એમ જાણ્યું કે બધાં મનુષ્ય મહારાજનાં ખજાનચી છે, અને મહારાજની આજ્ઞાવડે દે છે. એવું જાણવાથી ધન્યવાદ પૂર્ણ થાય છે. અને મહારાજની તરફ માણસ સન્મુખ થાય છે. એ ઉપર મહારાજને એક મહા પુરૂષે પૂછ્યું હતું કે હે મહારાજ તમે આદિમાં મનુ મહારાજને ઉત્પન્ન કર્યા હતા, અને તેમને નાના પ્રકારનાં સુખ આપ્યાં ત્યારે તેમણે આપનો ધન્યવાદ શી રીતે કર્યો? ત્યારે મહારાજે કહ્યું કે તેમણે સર્વ સુખોને મારા તરફથી જાણ્યાં, અને બીજા કોઇની તરફ પોતાનું હૃદય દીધુ નહિ. તેથી કરીને તેમનો ધન્યવાદ પૂર્ણ થયો.

ધર્મના માર્ગ એ પ્રકારે ઘણા કહેલા છે.

(૧) તેમાં પ્રથમ એ છે કે શ્રીરામ કૃષ્ણને નિર્લેપ અને અકર્તા જાણવા. તથા સર્વ જીવોના સ્વભાવોથી રહિત, અને સંકલ્પોથી પર જાણવા.

(૨) બીજું દ્વાર એ છે કે શ્રીરામ તથા શ્રીકૃષ્ણ મહારાજને એક જાણવા, અને એવું જાણવું કે શ્રીકૃષ્ણના જેવું બીજું કોઇ નથી.

(૩) ત્રીજું દ્વાર એ છે કે સર્વ પદાર્થોના ઉત્પન્ન કરનારા શ્રીકૃષ્ણ

રામ છે, અને પ્રતિપાલક પણ તેજ છે, તેથી સર્વ પ્રકારે તે મહારાજનો ધન્યવાદ છે. એ જાણવું એ વિશેષ છે. એ ઉપર એક મહા પુરૂષે પણ કહ્યું છે કે શ્રીકૃષ્ણ મહારાજને નિર્લેપ અને અકર્તા જાણવાથી દશ ભાગ ભલાઇ થાય છે. અને જ્યારે એમ જાણે કે મહારાજ એક છે, અને તેના જેવું બીજું કોઇ નથી ત્યારે વીસભાગ ભલાઈ થાય છે. અને શ્રીકૃષ્ણ મહારાજને સર્વ પદાર્થોના કર્તા જાણીને ધન્યવાદ કરવા વિષે તીસ ભાગ ભલાઈ થાય છે.

એ જે ત્રણ વચન છે એને કેવળ ભણવાથી કંઈ ફળ પ્રાપ્ત થતું નથી. પણ જ્યારે એનો અર્થ ચિત્ત વિષે દૃઢ કરે ત્યારે નિઃસંદેહ ફળ પ્રાપ્ત થાય છે. તે ધન્યવાદની વિદ્યા આ છે, અને એને જાણવાથી જે પ્રસન્નતા ઉત્પન્ન થાય છે, તે ધન્યવાદની અવસ્થા પણ એજ છે. જેમ કોઇ પુરૂષ કોઇ મનુષ્ય પાસે કાંઇ પદાર્થ અથવા સહાયતા પામે ત્યારે તેના ઉપર પ્રસન્ન થાય છે. તે પ્રસન્નતા ત્રણ પ્રકારની છે. જેમ કોઇ રાજા કોઇ દાસને ઘોડા આપે અને તે દાસ તેથી પ્રસન્ન થાય. કે મને ભલો પદાર્થ પ્રાપ્ત થયો છે. શાથી કે મને ઘોડા અવશ્યજ જોઇતો હતો અને ઘોડા વિના હું દુઃખી હતો. તેમાં હવે ઘોડા પામીને સુખી થઇશ. ત્યારે એ પ્રસન્નતા રાજાના ઉપકારની નથી હોતી શાથી કે જ્યારે એ દાસને વન વિષે દૈવયોગે કરીને પ્રાપ્ત થઇ જાત, ત્યારે પણ એવો પ્રસન્ન થાત.

(૨) બીજી પ્રસન્નતા એ કે રાજા જેને ઘોડા આપે તે પુરૂષ એવી કરીને પ્રસન્ન થાય કે મારા ઉપર રાજા દયાળુ થયા છે. તેથી મને પોતાની દયાએ કરીને બીજા પણ અનેક પદાર્થ આપશે. તેમાં એ પ્રસન્નતા પદાર્થ દેનારા ઉપર થાય છે. પણ તે પદાર્થના પ્રયોજનની પ્રસન્નતા નથી. તેથી જ્યારે તે પુરૂષને વન વિષે ઘોડા પ્રાપ્ત થાત ત્યારે એવો પ્રસન્ન ન થાત. શાથી કે રાજા પાસેથી એક ઘોડા પામીને નાના પ્રકારની આશાઓવાળો થાય છે. અને પ્રસન્ન થાય છે, તેમાં એ પણ ધન્યવાદ છે. પણ સકામી છે. તેથી સંપૂર્ણ ધન્યવાદ નહિ.

(૩) ત્રીજી પ્રસન્નતા એ છે કે જે દાસને રાજા ઘોડો આપે તે એ-ટલા માટે પ્રસન્ન થાય કે હું આ ઘોડાપર સવાર થઇને રાજાને મળીશ, અને તેની સાથે રહીશ. અને ચાકરી કરીશ. એ પ્રસન્નતા સંપૂર્ણ ધન્યવાદે કરીને થાય છે. તેમજ શ્રીકૃષ્ણચંદ્ર મહારાજે આ મનુષ્યને જે સુખ આપ્યાં છે, તે સુખોએ કરીને પોતાને સુખી માનીને પ્રસન્ન થાય. ત્યારે મહારાજનો ધન્ય-વાદ થતો નથી. અને જ્યારે એથી કરીને પ્રસન્ન થાય કે જે મહારાજે દયા કરીને આટલાં સુખ મને આપ્યાં છે તે બીજાં પણ સુખ આપશે. અને સુ-ખની પ્રાપ્તિને મહારાજની દયા જાણે અને બીજાં સુખોની આશા કરે ત્યારે એ પણ સકામી ધન્યવાદ થાય છે.

વળી જે પુરૂષ એથી કરીને પ્રસન્ન થાય કે આ સર્વ સુખ મહારાજનાં આપેલાં છે. અને મારા ધર્મનો વસીલો છે. શાથી કે સુખને પામીને હું વિદ્યા અને ભજન વિષે દૃઢ થઇશ. અને સર્વ પદાર્થોને મહારાજના અર્થમાં લગા-ડીશ. અને તેથી કરીને મહારાજનાં દર્શનને પ્રાપ્ત થઇશ.

એ પ્રમાણે કરીને પ્રસન્ન થવું એ સંપૂર્ણ ધન્યવાદ છે. અને સંપૂર્ણ ધન્યવાદનું લક્ષણ એ છે કે જે પદાર્થને જોઇને એને મોહ ઉત્પન્ન થાય, તે પદાર્થને વિપત્તિ જાણે અને જ્યારે તે પદાર્થ દૂર થાય ત્યારે સુખ અને ભ-લાઇ જાણે, અને તેના દૂર થવાથી કરીને ધન્યવાદ કરે. અને જે પદાર્થ ભ-ગવત્‌ના માર્ગ વિષે સહાયતા ન કરે તેને જોઇને શોકવાન્ થાય. પ્રસન્ન ન થાય. એ ઉપર એક સંતે કહ્યું છે કે મહારાજના ઉપકારનો ધન્યવાદ એ છે કે "સુખદાતા મહારાજને દેખે સુખની તરફ દૃષ્ટી ન રાખે," અને જેનાં નેત્ર સુંદરરૂપ દેખવા, જિવ્હા સ્વાદ ચાખવા, અને ઇંદ્રિયો પોત પોતાના ભોગોને ઇચ્છ-તી હોય એવા વિષયી પુરૂષને વિચાર હોતો નથી. અને વિચાર વિના સંતોષ સિદ્ધ થતો નથી અને સંતોષ વિના ધન્યવાદ થઇ શકતો નથી. વળી ધન્ય-વાદની કૃતિ આ પ્રમાણે છે કે તે મન જિવ્હા અને શરીરની સાથે સંબંધ રાખે છે. તેમાં મને કરીને ધન્યવાદની કૃતિ એ થાય છે કે સર્વ સૃષ્ટિનું ભલું

ઇચ્છે અને કોઇના ધન અને માનને જોઇને ઇર્ષા ન કરે અને જિહ્વાની કૃતિ એ છે કે સર્વ અવસ્થા અને સર્વ સમય વિષે ધન્યવાદનું ઉચ્ચારણ કરે અને સુખ દેનારા મહારાજ પર ચિત્તની પ્રસન્નત. પ્રકટ કરે. એ ઉપર એક વાર્તા છે કે કોઇ પુરૂષને એક મહા પુરૂષે પૂછયું કે તમારા શા હાલ છે? ત્યારે તેણે કહ્યું કે કુશલ છે. પછી મહા પુરૂષે કહ્યું કે તારા શા હાલ છે. ફરી પણ તેણે કહ્યું કે ઘણું સુખ છે. અને મહારાજનો ધન્યવાદ છે. ત્યારે મહા પુરૂષે કહ્યું કે ફરી ફરીને પૂછવાનું મારૂં પ્રયોજન એ છે કે મહારાજનો ધન્યવાદ પ્રકટ થાય. તેથી મનુષ્યોને એવું ઘટે છે કે જ્યારે કોઇ એને પૂછે કે તારા શા હાલ છે. ત્યારે ધન્યવાદનોજ ઉત્તર આપે તો બેઉ પુરૂષ ઉત્તમ ફળને પ્રાપ્ત થાય છે. અને જ્યારે કોઈ કોઇને પૂછે, અને કહેનારો પોતાનું દુઃખ અને ગ્લાનીનું વર્ણન કરે ત્યારે બેઉ પાપી થાય છે, વેમજ યદ્યપિ તે પુરૂષ દુઃખી પણ હોય તોપણ મહારાજનો ધન્યવાદજ વર્ણન કરે. શાથી કે આ બધા લોક પરાધીન છે અને તેમના હાથમાં કશું નથી તો તેમની પાસે મહારાજની નિંદા કરવી શી રીતે પ્રમાણ થાય? તેથી સર્વ પ્રકારે સંકટ અને દુઃખમાં પણ ધન્યવાદ કરવો. વિશેષ છે. શાથી કે યદ્યપિ આ જીવ જાણી શકતો નથી, પણ મહારાજની દૃષ્ટિ વિષે એજ દુઃખથી એની ભલાઇ હોય તો આશ્ચર્ય નહિ. તેથી ધન્યવાદ કરવો સારો છે. અને જો ધન્યવાદ ન કરી શકે તો સંતોષ કરે વળી ધન્યવાદની કૃતિ શરીરે કરીને આ પ્રમાણે થાય છે કે સર્વ ઇંદ્રિયો જે નિમિત્તે એને મહારાજે આપી છે, તેને એજ અર્થ વિષે જોડે, ત્યારે સ્વામીની પ્રસન્નતાને પ્રાપ્ત થાય છે. તેમાં એની ભલાઇ ભુંડાઇથી મહારાજ નિર્લેપ છે, પણ જીવની ભલાઇને જોઇને મહારાજ પણ પ્રસન્ન થાય છે. જેમ રાજા પોતાના દાસપર દયાળુ હોય અને તે દાસ રાજાથી દૂર દેશમાં રહેતો હોય તે રાજા તેની પાસે ઘોડા અને ખર્ચ મોકલે જેથી કરીને એ દાસ અમારી પાસે આવે ત્યારે હું તેની મોટી પદવી કરૂં તે રાજાને તે દાસ નિકટ હોય કે દૂર તે સમાન છે. પણ કેવળ તેનું સુખ ઇછે છે. અને રાજાને પોતાનું પ્રયોજન કંઇ નથી. પણ જ્યારે તે દાસ ઘોડા

પર સવારી કરીને રાજાની તરફ આવે ત્યારે જાણીએ કે તેણે રાજાનો સંપૂર્ણ ધન્યવાદ કર્યો છે. અને જ્યારે ઘોડા પર સવાર થઇને રાજાની તરફ પીઠ કરીને ચાલે ત્યારે નિઃસંદેહ રાજાથી દૂર થાય છે. અને એ ઘોડે કરીને બીજા દિશામાં જાય, ત્યારે રાજાથી વિમુખ થાય છે. વળી જ્યારે એમ કરે કે ઘોડા પર ચઢે નહિ પણ એમજ વ્યર્થ છોડી દે, તોપણ મન મુખ થાય છે. પણ યદ્યપિ એ દૂરજે દિશા જનારા જેવો નહિ, તોપણ રાજાને પ્રાપ્ત થતો નથી. તેમજ એ મનુષ્યને ઇંદ્રિય અને નાના પ્રકારનાં સુખ જે મહારાજે આપ્યાં છે તે જ્યારે આ પુરૂષ તેને ધર્મના માર્ગ વિષે જોડે ત્યારે તેણે કરીને ભગવત્‌ની પાસે પહોંચે છે, અને સંપૂર્ણ ધન્યવાદને પ્રાપ્ત થાય છે; પણ જ્યારે ઇંદ્રિયોને પાપ કર્મો વિષે જોડે ત્યારે મહારાજથી દૂર થાય છે. અને મનમુખતાને પ્રાપ્ત થાય છે. અને જ્યારે ઇંદ્રિયોને પાપ અને ધર્મ વિષે ન લગાવે અને શરીરનાં સુખો વિષે આસક્ત થાય તોપણ મનમુખ થાય છે. તેથી સંપૂર્ણ સુખોનો ધન્યવાદ ત્યારે થાય છે કે જ્યારે પ્રથમ મહારાજની આજ્ઞાને ઓળખે અને તે આજ્ઞા વિષે ઇંદ્રિયોને જોડે, એવી અવસ્થા મહા કઠિન અને સૂક્ષ્મ છે. શાથી કે સૌ કોઈ એને જાણી પણ શકતું નથી કે મહારાજની આથી કરીને પ્રસન્નતા થાય છે અને ઇંદ્રિયો તથા સર્વ પદાર્થ એને શાને માટે આપ્યાં છે, ૧ તેથી પ્રથમજ એમ જાણવું જોઇએ કે સર્વ સૃષ્ટિ અને સકળ પદાર્થ વગર કારણે મહારાજે ઉત્પન્ન કર્યા નથી, તે જયાને એ બધાંના પ્રયોજનને સમજે ત્યારે ધન્યવાદનો અધિકારી થાય છે.

મનમુખતાના રૂપનું વર્ણન.

મનમુખતા એ છે કે પદાર્થના પ્રયોજનને સમજવું, અને જે કાર્યને નિમિત્તે એ પદાર્થ ઉત્પન્ન થાય છે, તેથી વિપર્યયમાં જોડવા તેને મનમુખતા કહે છે જે પ્રકારે મહારાજની આજ્ઞા થઇ છે તે આજ્ઞા વિષે માણુસ જ્યારે દૃઢ થાય છે ત્યારે ધન્યવાદ થાય છે. અને અન્યથા કાર્ય વિષે રચ્યા પચ્યા

રહેવાથી મનમુખ વિમુખતા થાય છે. ભગવત્‌ની આજ્ઞાને સમજવાનું કામ સંપૂર્ણ વિદ્યા વિના થતું નથી. તે વિદ્યા એ છે કે ભગવતે જે જે પદાર્થ આપ્યા છે, તે ભગવત્‌ના ભજન વિષે લગાવવા. અને ભજન વિષે દૃઢ ત્યારે થાય છે કે જ્યારે બુદ્ધિનાં નેત્ર ઉઘડે છે, પછી યથાર્થના માર્ગ વિષે ચાલે છે. અને અનુભવે કરીને સર્વ પદાર્થના તાત્પર્યને સમજે છે ત્યારે ધન્યવાદનો અધિકારી થાય છે. અને જેજે કાર્યને નિમિત્તે ભગવાને પદાર્થ ઉત્પન્ન કર્યા છે. તેનું સમજવું પણ કઠિન છે યદ્યપિ પોતાની બુદ્ધિને અનુસાર સૌ કોઇ કંઇક સમજે છે, પણ બધા ભેદોને સમજવા કઠિન છે. જેમ સૌ કોઇ જાણે છે કે વર્ષાદ ખેતીને નિમિત્તે થાય છે, અને ખેતી આહારને નિમિત્તે થાય છે, અને સૂર્ય વડે રાત્રી અને દિવસ પ્રકટ થાય છે. તે રાત્રી વિશ્રામને નિમિત્તે બનાવ્યા છે તેમજ બીજા પણ ઘણા પદાર્થ પ્રકટ છે. તેનું જ્ઞાન મનુષ્યોને પ્રસિદ્ધ છે, પણ સૂર્ય વિષે રાત્રી દિવસ વિના બીજાં પણ કેટલાં કાર્ય છે, તેનું જ્ઞાન કોઇને નથી. વળી આકાશ વિષે જે તારા મંડળ છે, તેની વાત પણ કોઇથી અજાણી નથી. તો પણ એમ નથી જાણતા કે તેની ઉત્પત્તિનો ભેદ શો છે? જેમ સૌ કોઇ જાણે છે કે હાથ ગ્રહણ કરવાને ઉત્પન્ન કર્યા છે અને નેત્ર દેખવાને નિમિત્તે ઉત્પન્ન કર્યા છે પણ એમ જાણી શકતા નથી કે નેત્રોના સાત પરદા શા માટે બનાવ્યા છે? અને એમ પણ નથી જાણતા કે કલેજું (જિગર) અને બરોળ (તિલ્લીને) શા માટે ઉત્પન્ન કર્યા છે? તે જાણતા નથી કે એ ભેદ સૂક્ષ્મ છે. વળી એક એવો ભેદ છે કે તે સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છે, તેથી તેને કોઇ વિરલો બુદ્ધિમાનજ સમજે છે, અને તેનાં વખાણ કરતાં પણ પાર આવે તેમ નથી કેમકે તેનોવિસ્તાર ઘણો છે તેથી તાત્પર્યને પ્રકટ કરવામાં આવશે. કે મનુષ્યને ભગવતે પોતાના વિચાર અને ઓળખાણને નિમિત્તે ઉત્પન્ન કર્યું છે, તેથી ઘટે છે કે પરલોકને જાણે શરીર તથા ઇંદ્રિયોને ભગવત્ માર્ગ વિષે લગાવે, પરલોકનુંજ ચિંતવન ચિત્ત વિષે દૃઢ કરે, અને હૃદય વિષે એ મન જાણે કે ભગવતે બધા પદાર્થ મારેજ વાસ્તે ઉત્પન્ન કર્યા છે" અને તેને ઉત્પન્ન થવાનો ભેદ શો છો? અને કહે છે કે

માખી અને કીડીને ઉત્પન્ન થવાનું કારણ શું છે? આવી શંકા કરવી એતો મોટી મૂર્ખતા છે. શાથી કે એમજ માખી અને કીડી પણ કહે કે મનુષ્ય શા માટે ઉત્પન્ન થયું છે? અને એના ઉપજવામાં શો લાભ છે? જે અમને લાતો મારે છે અને વ્યર્થજ ભટકતો ફરે છે? તેથી થયેલું અનુમાન મકોડા કરે છે તેવુંજ મનુષ્ય પણ કરે છે. એ વિષે જ્યારે ભલિ પ્રકારે વિચાર કરીને જોઇએ તો શ્રીરામ કૃષ્ણની દયા સર્વ વિષે ભરપૂર છે અને સમાન છે. એટલે એ મહારાજની સમર્થતા એવી છે કે જે પદાર્થ જે પ્રકારે જોઇતો હતો તે પ્રકારે ઉત્પન્ન કર્યો છે જેમ પશુ, વૃક્ષ, ખાણો અને બીજા સ્થાવર જંગમ સર્વ સૃષ્ટિ છે, તે પોતાની દયાની સાથે ભલી પ્રકારે બનાવી છે. અને જે કંઇ જેને જોઈતું હોય તે બધું આપ્યું છે તેમ શિર, હાથ, પગ સુંદરતાઈએ સૌને આપ્યાં છે શાથી કે શ્રીકૃષ્ણ મહારાજની પાસે ન હોય એવો કોઇ પદાર્થ નથી અને એમને ત્યાં કૃપણતા પણ નથી, જે ન આપે તેથી સૌ કોઇને સુંદર અને સંપૂર્ણ કરીને બનાવ્યા છે. અને જે પદાર્થ ઉત્પન્ન ન કર્યા, તે ઉત્પત્તિના અધિકારી નહોતા જેમ અગ્નિ વિષે શીતળતા ઉત્પન્ન કરી નથી તે અગ્નિમાં ઉષ્ણતાજ જોઈતી હતી, અને જળ વિષે શીતળતાજ જોઇતી હતી, ત્યારે જળને અગ્નિ પર વિરોધી કરીને બનાવ્યું છે. તે એના વિરોધ વિષેજ પ્રયોજન છે. જેમ અગ્નિ વિષે ઉષ્ણતાનું પ્રયોજન છે, તેમ જળ વિષે શીતલતાનું પ્રયોજન છે. અને બેઉ જોઇએ છીએ, તે જ્યારે અગ્નિની ઉષ્ણતા દૂર થઇ જાય ત્યારે પોતાના કાર્યમાં સમર્થ થઈ શકતો નથી તેથી તમે જાણો કે જે પદાર્થ ઉત્પત્તિનો અધિકારી હતો તે ઉત્પન્ન કર્યો છે અને જે ઉત્પત્તિનો અધિકારી નહોતો તે ઉત્પન્ન નથી કર્યો. જેમ માખીને જળથી બનાવી છે, તે માખીને જળનોજ અધિકાર હતો, તેથી તેનો અધિકાર તેને પણ આપ્યો છે. શાથી કે શ્રીકૃષ્ણજીની દયા વિષે કૃપણતા નથી. તેથી તેમણે પોતાની પરમ ઉદારતાએ કરીને માખીને પણ જીવ અને બળ, ઇંદ્રિયો અને સર્વ અંગ સુંદર આપ્યું છે. વળી પાંખ, હાથ, પગ, નેત્ર, મુખ, નાક, શિર, અને આહારને પચવાનું સ્થાન અને મળ ત્યાગવાનું સ્થાન :અને

બીજું પણ જે કાંઇ તેને જોઇતું હતું, તે બધું આપ્યું છે. કંઇ છુપાવી રાખ્યું નથી. વળી તેને આંખો પણ જોઇતી હતી, કેમકે તેનું માથું નાનું હતું, તેથી પાપણોને ઉઠાવવાનું અધિકારી નહોતું એ કારણથી માખીની આંખો પાંપણો વિનાજ બનાવી છે. અને પાંપણોની ઉત્પત્તિનું પ્રયોજન એ છે કે તે ધૂળથી નેત્રોની રક્ષા કરતી રહે. જેમ દર્પણને ઢોળ દેનાર કલાઇ લગાડનાર શુદ્ધ કરે છે. તેમજ પાંપણ નેત્રોને શુદ્ધ કરે છે. તે માંખીનાં નેત્ર પાપણોથી રહિત હતાં તેથી તેને બે હાથ વધારે આપ્યા છે. જેથી તેણે કરીને નેત્રોને મર્દન કરીને શુદ્ધ કરે છે. વળી હાથોને પણ ખંખેરી લે છે.

કહેવાનું પ્રયોજન એ છે કે ભગવતની દયા કેવળ મનુષ્યપર નથી, પણ સર્વ વિષે ભરપૂર છે, તેથી કીટ, પતંગ અને બીજા જીવોને જે કાંઇ જોઇતું હતું તે બધાંને આપ્યું છે, અને જે કાંઈ હસ્તીને આપ્યું તે બીજાને પણ આપ્યું છે, અને એને મનુષ્યને વાસતે નથી કર્યાં. તેમ સૌ કોઇને પોતપોતાને નિમિત્તે કર્યાં છે, શાથી કે ઉત્પત્તિની આદિમાં મહારાજની સાથે મનુષ્યનો સંબંધ નહોતો. જો એથી કરીને મનુષ્યજ ઉત્પન્ન થવાને અધિકારી હોત અને બીજાં ન હોત તો એવું થાત શાથી કે શ્રીરામ કૃષ્ણજીની દયા સમુદ્રની પેઠે ભરપૂર છે, અને સર્વ પદાર્થ તેમાં છે. તેથી મનુષ્ય પણ તેમાં છે. અને બીજા પણ અનેક પદાર્થ તેના વિષેજ છે, પણ એમના વિષે એટલો ભેદ છે કે ઉત્તમ પદાર્થપર નીચ પદાર્થ નીછાવર કરવો જોઇએ અને જે કાંઈ ધરતીપર સૃષ્ટિ છે, તેમાં મનુષ્ય ઉત્તમ છે, એ કારણથી બીજા જીવ મનુષ્યના નોકર બનાવ્યા છે. જો કે એવું છે, તોપણ સમુદ્રો વિષે એવા જીવ ઉત્પન્ન કર્યા છે કે તેમને પરમ દયાયે કરીને સર્વ પ્રકારે સુંદર બનાવ્યા છે, અને તેનાથી મનુષ્યનું કંઇ પ્રયોજન સિદ્ધ થતું નથી. અને બધાં મનુષ્ય તેની સુંદરતાઇને ઓળખી પણ સકતાં નથી, જે સમુદ્રોની વિદ્યાના વેત્તા હોય તે કંઇક ઓળખી શકે છે. એટલે મારે કહેવાનું પ્રયોજન એ છે કે માણસ સર્વથા એમ ન જાણે કે ભગવતે બધું મારે નિમિત્તે બનાવ્યું છે અને જેના વિષે પોતાના કાર્યની સિદ્ધતા ન દેખે ત્યારે એમ ન કહે કે આ પદાર્થ શા માટે ઉત્પન્ન

કર્યો છે? તમે એમ જાણો કે મંકોડે માણસો વાસ્તે ઉત્પન્ન થયો નથી, તેમજ ચંદ્ર, સૂર્ય, તારા, દેવતા વગેરે પણ કેવળ માણસને સારૂ બનાવ્યાં નથી. જોકે એમનાથી માણસનો કાર્ય સિદ્ધ થાય છે તોપણ કેવળ માણસને નિમિત્તે ઉત્પન્ન કર્યાં નથી. જોકે માખી .યદ્યપિ માણસના શરીરની દુર્ગંધી ચુશી લે છે, અને દુર્ગંધતાને ઘટાડે છે, પણ માખીને કેવળ એ :કારણથી બનાવી નથી. અને જ્યારે માણસ એમ જાણે કે સર્વે કાંઇ મારેજ નિમિત્તે સરજ્યું છે, ત્યારે તેનું દૃષ્ટાંત એ છે કે જેમ માખી પોતાના ચિત્ત વિષે જાણે કે ગળી મિઠાઈ કંદોઇ લોક મારેજ વાસ્તે કરે છે. તેમાં જોકે તેની મિઠાઈએ કરીને માખીને પણ આહાર પ્રાપ્ત થાય છે; પણ તે કંદોઇ પોતાના વ્યવહાર વિષે એવો મગ્ન છે કે માખી તેના સ્મર્ણમાં પણ હોતી નથી. તેમજ તમે પણ જાણો કે સૂર્ય અમારેજ વાસ્તે નિત્ય પ્રતિ ઉદય થાય છે, અને સૂર્ય તો શ્રી ભગવત્‌ની આજ્ઞા વિષે એવા મગ્ન હોય છે કે તમને સ્મર્ણ વિષે પણ લાવતા નથી. તેથી તમે જાણો કે સૂર્યને તમારે નિમિત્તે બનાવ્યો નથી જોકે સૂર્યના પ્રકાશથી માણસની નેત્ર પણ પ્રકાશિત થાય છે, તોપણ તે નિમિત્તે બનાવ્યો નથી. વળી સૂર્યની ઉષ્ણતાએ કરીને ધરતીનો સ્વભાવ સમાન થાય છે. ત્યારે જળને ખેંચે છે, અને તેમાં નાના પ્રકારના આહાર ઉત્પન્ન થાય છે તેમાં પદાર્થોને ઉત્પન્ન થવાના ભેદનું વર્ણન સર્વદા કરી શકાતું નથી. પણ કંઇક દૃષ્ટાંત માત્ર પ્રકટ કરીને કહીશું જેમ માણસનાં નેત્ર છે, તે બે કાર્યોને માટે બનાવ્યાં છે, એક કાર્ય એ છે કે નેત્રોએ કરીને પોતાના શરીરનો વ્યવહાર સિદ્ધ કરે છે અને બીજું કાર્ય એ છે કે નાના પ્રકારની રચનાને જોઇને શ્રીકૃષ્ણ મહારાજની વડાઇ, સમર્થતા અને પૂર્ણતાને ઓળખે છે. પણ જ્યારે માણસ એ નેત્રોએ કરીને પરખીને દેખે ત્યારે એ એવું દેખવુંજ ભગવત્‌ના પદાર્થની મનમુખતા થાય છે. વળી નેત્રોએ જોવુ સૂર્યે કરીને સિદ્ધ થાય છે, અને સૂર્ય ધરતી અને આકાશ વિષે હોય છે, પણ જ્યારે માણસ નેત્રે કરીને કુદૃષ્ટીથી દેખે, ત્યારે ધરતી, આકાશ, સૂર્ય, નેત્ર એ સર્વ પદાર્થોની મનમુખતા થાય છે. એ ઉપર મહા પુરૂષે પણ કહ્યું છે

કે જ્યારે આ મનુષ્ય પાપ કરવા માંડે છે, ત્યારે તેને ધરતી અને આકાશ પણ ધિક્કાર કરે છે, વળી હાથ અને પગ મહારાજે એટલા માટે આપ્યા છે કે એના વડે ખાવું, પીવું અને સ્નાનાદિક ક્રિયા સિદ્ધ કરે પણ જ્યારે તું એનાવડે પાપ કર્મ કરે ત્યારે તે પણ **મનમુખતા** થાય છે. શાથી કે મહારાજની પ્રસન્નતા વિચારે કરીને થાય છે તે વિચાર એ છે કે ઉત્તમ પદાર્થને ઉત્તમ કાર્યમાં લગાવવો, અને નીચ પદાર્થને નીચ કાર્યમાં લગાવવો. જેમ આજે બે હાથ છે તેમાં એક સબળ અને ઉત્તમ છે તે જમણો હાથ છે, અને ડાબો હાથ નિર્બળ અને નીચ છે; તેથી ઘટે છે કે ઉત્તમ હાથથી ઉત્તમ કાર્ય કરીએ, અને નીચ હાથથી નીચ કાર્ય કરીએ ત્યારે વિચાર પૂર્ણ થાય છે. અને જ્યારે એવું ન કરે ત્યારે પશુની પેઠે મૂર્ખ થાય છે. જેમ મૂર્ખનું થુંક શુદ્ધ સ્થાનમાં નાંખે ત્યારે તે શુદ્ધ સ્થાનની **મનમુખતા** થાય છે અથવા કોઇ વૃક્ષની શાખા, અથવા ફલને પ્રયોજન વિના તોડે છો એ પણ **અવિવેકતા** થાય છે, શાથી કે મહારાજે શાખા વિષે નાડી બનાવી છે, તો તેણે કરીને રસને ખેંચીને પુષ્ટ થાય છે. તેથી ફળ ઉત્પન્ન થાય છે, પણ જ્યારે તેને પ્રયોજન વિના તોડયું ત્યારે એ પણ મનમુખતા થાય છે. અને જ્યારે તમને કોઈ કાર્યનું પ્રયોજન હોય, ત્યારે તેને કાપવું પણ પ્રમાણ છે. શાથી કે તમારી મોટાઇ પર તેની મોટાઇ ઓળગોળ કરવા જેવી છે. વળી એ વિષે એક બીજો પણ ભેદ છે, કે જ્યારે તે વૃક્ષ કોઇ બીજા પુરૂષનું હોય ત્યારે પણ તમારે કાપવું પ્રમાણ નથી. યદ્યપિ એના વિષે તારૂં પ્રયોજન પણ હોય શાથી કે જેનું તે વૃક્ષ છે, તેનું કાર્ય તારા પ્રયોજનથી વિશેષ છે જ્યારે ભલી પ્રકારે વિચાર કરીને જોઇએ ત્યારે કોઇ મનુષ્યની કંઇ મિલકત નથી. શાથી કે મહારાજે આ માયા થાળની પેઠે બનાવી છે, અને તેમાં સર્વ પદાર્થ ભોજનની પેઠે છે, અને સર્વ જીવ તેના ઉપર અભ્યાગત છે. પણ તે ભોજન કોઇ એકજ પુરૂષના દાવા વિષે નથી હોતું અને જોકે બધા ભિન્ન ભિન્ન ગ્રાસ લે છે, તોપણ તે ભોજન બધાનું સૈયારૂં છે, પણ જ્યારે કોઇ પુરૂષ ગ્રાસને પોતાના હાથમાં લે, ત્યારે બીજા પુરૂષને એમ નથી ઘટતું કે તેના હાથમાંથી

આસને ઝુંટી લે તેમ સર્વ જીવોની મીલકત આસની પેઠે છે. કંઈ વધારે નથી તેથી કોઇની વસ્તુને ચોરી અથવા લેઇ લેવી પણ પ્રમાણ નથી અને એમ પમ પ્રમાણ નથી કે એ થાળમાંથી ભોજન લેઈને ગુહ્યસ્થાન વિષે રાખતો જાય કે કોઇ રીતે કોઇના હાથમાં ન આવે. તેમજ આ મનુષ્યને પણ પ્રમાણ નથી કે પ્રયોજન કરતાં ધનનો સંચય અધિક કરે. અને ખજાનો એકઠો કરીને રાખી મુકે અને જેને જોઇતો હોય તેને ન આપે. તો એ પણ અયોગ્ય છે. પણ એ વચન પણ જગત વિષે પ્રસિદ્ધ કહેવાતું નથી શાથી કે સૌ કોઇનું પ્રયોજન પણ પ્રત્યક્ષ જાણવામાં આવતું નથી. પણ જ્યારે એમ કહીએ કે કાર્યથી અધિક સંચય કરવું અયોગ્ય છે. અને જેને એતું વિશેષ પ્રયોજન છે, તેનાથી બચાવીને રાખવું પ્રમાણ નથી ત્યારે સૌ કોઇ નિડર થઇને એક બીજાની વસ્તુ લેઈ લે, અને કહે કે તારી પાસે અધિક છે, અને મને જોઇએ છીએ તેથી એ વચનને ધર્તશાસ્ત્ર વિષે પણ પ્રસિદ્ધ કહ્યું નથી. કેમકે એની સમજણ પડવી એ કઠણ છે. પણ અધિક ધનનો સંચય કરવાને મહારાજે પણ વર્જિત કર્યું છે. અને વિચાર વિષે પણ અયોગ્ય છે. તેમજ અનાજનો સંચય પણ અયોગ્ય છે, શાથી કે અનાજ જીવોનું જીવન છે. અને જે પુરૂષ આવી મનસા કરીને અનાજને એકઠું કરે કે જ્યારે મોઘું થશે ત્યારે વેચીશું, ત્યારે તેનો મહારાજ પણ ધિક્કાર કરે છે શાથી કે જેને જોઇએ છીએ તેને ન આપવું અને પોતાના લોભને નિમિત્તે એકઠું કરી રાખવું તો તે પણ મહા નિંદ્ય છે. તેમજ સોના રૂપાને એકઠું કરવું એ પણ અયોગ્ય છે. શાથી કે એને મહારાજે બે કાર્યોને નિમિત્તે ઉત્પન્ન કર્યું છે તેમાં (૧) પ્રથમ એ છે કે સર્વ પદાર્થોનું મૂલ એણે કરીનેજ પ્રકટ થાય છે, અને એના વિના જાણવામાં આવતું નથી કે ઘોડાનું મૂલ શું છે? અને દાસનું મૂલ શું છે? તેમાં એ પદાર્થોને એક બીજાને હાથે વેચી શકાતા નથી; તે જ્યારે કોઇ પુરૂષને કોઇ વસ્તુનું પ્રયોજન હોય ત્યારે મૂલ કર્યા વિના લેવું દેવું સિદ્ધ થતું નથી. તેથી મહારાજે ચાંદી સોનું બનાવ્યું છે, તેને એકઠું કરીને દાટી રાખવું તે એવું છે કે જેમ કોઈ ધર્મવાન્ રાજાને કેદ કરી રાખે તેથી નિઃસંદેહ પાપી

થાય છે, અને જ્યારે કોઇ પુરૂષ સોનાને ચાંદીના વાસણ બનાવે ત્યારે એવું થાય છે કે જે કોઇ શ્રેષ્ઠ પુરૂષને નીચ ટેહેલ વિષે જોડે. અથવા રાજા પાસે મજુરી કરાવે. શાથી કે વાસણ માટી, કાષ્ટ કે બીજી ધાતુનાં પણ થાય છે. તેથી ચાંદી સોનું અયોગ્ય છે (૨) બીજું કાર્ય છે કે રૂપું સોનું એ દુર્લભ પદાર્થ બનાવેલાં છે. શાથી કે એણે કરીને સર્વ પદાર્થ પ્રાપ્ત થશે. એ કારણથી એને સૌ કોઇ પ્યારૂં રાખે છે. અને સોનો વ્યવહાર એણે કરીને સિદ્ધ થાય છે. અને જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે વસ્ત્ર અને અન્ન આદિ પદાર્થ ખાવા પીવા શીત ઉષ્ણનું કાર્ય કરે છે પણ એક બીજાનું કાર્ય કરી શકતાં નથી, જેમ વસ્ત્રથી ક્ષુધા, તરસ, અને અન્નથી શીત ઉષ્ણ દૂર થઈ શકતાં નથી અને સોનું અને ચાદીએ કરીને સર્વ કાંઇ પ્રાપ્ત થાય છે. તેથી જગત્ વિષે એની મોટાઇ અને દુર્લભતા છે. તેથી તમે જાણો કે જે કાંઇ પ્રભુએ બનાવ્યું છે, તે પ્રયોજન વિના બનાવ્યું નથી. એ વિષે એવા ગુહ્ય ભેદ છે કે તેને બુદ્ધિમાન પંડિતો સમજે છે. બીજા જીવ સમજતા નથી. પણ જ્યારે અજ્ઞાની પુરૂષ કોઈ વૃક્ષની શાખા કાર્ય વિના તોડે અથવા કોઇ બીજું કાર્ય વિચારથી વિપર્યય કરે ત્યારે તેને એવો દોષ લાગતો નથી. શાથી કે તે મૂર્ખ છે અને પશુની પેઠે નીચ છે. પણ બુદ્ધિમાન જિજ્ઞાસુને એવું જોઇએ કે અજ્ઞાનીયોની પેઠે ન વરતે અને સર્વ ક્રિયા વિચારની સાથે કરે અને પરલોકના માર્ગ વિષે સાવધાન થાય અને સર્વ કાર્યના ભેદને ઓળખે ત્યારેજ તે દેવતાઓના સ્વભાવને પામે છે અને જ્યારે એમ ન કરે ત્યારે પશુઓના સ્વભાવને પ્રાપ્ત થાય છે.

સુખના રૂપનું વર્ણન.

ભગવતે જે કાંઇ આ મનુષ્યને નિમિત્તે ઉત્પન્ન કર્યું છે, તે સર્વ પદાર્થના ચાર પ્રકાર છે.

(૧) એક પદાર્થ એવો છે કે તે આ લોક અને પરલોક વિષે સુખ દેનાર છે, તે વિચાર અને ભલો સ્વભાવ છે, સાચું સુખજ છે,

(૨) બીજો પદાર્થ એવો છે કે આ લોક અને પરલોક વિષે દુઃખદાયક છે તે મૂર્ખતા અને ખરાબ સ્વભાવ છે અને પરમ દુઃખ એજ છે.

(૩) ત્રીજો પદાર્થ એવો છે, કે આ લોક વિષે સુખરૂપ ભાસે છે, અને પરલોક વિષે દુઃખ દેનારો છે, તે આ માયાના ભોગ છે, કે મૂર્ખ તેને સુખ જાણે છે. અને બુદ્ધિમાન્ એને દુઃખ જાણીને ત્યાગી દે છે. જેમ કોઇ ક્ષુધાવંત પુરૂષ હોય, અને વિષ મળેલું (મધ) તેને પ્રાપ્ત થાય, તે છતાં જ્યારે તે મૂર્ખતાએ કરીને વિષને મધુ વિષે મળેલું જાણતો નથી ત્યારે તેને સુખ જાણીને ભોગવે છે, અને જ્યારે વિષને મધુ વિષે ઓળખે છે, ત્યારે દુઃખ જાણીને તેનો ત્યાગ કરે છે. તેમજ માયાનાં સુખોને મૂર્ખ સુખ જાણે છે. અને બુદ્ધિમાનોએ દુઃખરૂપ જાણીને ત્યાગી દીધાં છે.

(૪) ચોથા પ્રકારના પદાર્થ એવા છે કેઃ—આ લોક વિષે દુઃખરૂપ દેખાય છે, અને પરલોક વિષે સુખરૂપ છે. તેમાં તપ, વૈરાગ્ય, અને ભોગોથી વિપર્યય રહેવાનું છે. છતાં મૂર્ખ તેને દુઃખરૂપ જાણે છે. અને બુદ્ધિમાનોની નિકટ એજ પરમ સુખ છે. જેમ કડવા ઓષધને બુદ્ધિમાન રોગી પ્રસન્ન થઇને અંગીકાર કરે છે. અને મૂર્ખ કડવું જાણીને ત્યાગી દે છે. પણ આ જગત્ વિષે સર્વ પદાર્થ આપસ વિષે મળેલા છે, અર્થાત્ તેનામાં બુરાઇ ભલાઇ બેઉનો સંબંધ થાય છે. પણ જે પદાર્થ વિષે અધિક લાભ થાય અને હાની અલ્પ હોય તેને સારૂં જાણીયે. તેમાં પણ અધિકાર પ્રતિ થાય છે. પણ શરીરના કાર્ય માત્ર જે ધન છે, તેમાં ઘણો લાભ છે, અને હાની થોડી છે. અને પ્રયોજનથી અધિક જે ધન છે, તેમાં અલ્પ લાભ છે, અને હાની વિશેષ છે. તેમાં ઘણાં માણસોનો અધિકાર જુદોજ હોય છે.

પણ કેટલાંક માણસો એવાં પણ થાય છે-કે તેને થોડું ધન પણ દુઃખ દે છે. શાથી કે-જ્યારે તેને કંઇ ધન નથી હોતું ત્યારે તૃષ્ણાથી રહિત હોય છે. અને જ્યારે થોડું ધન પણ તેને પ્રાપ્ત થાય છે, ત્યારે ઘણા ધનની તૃષ્ણા કરવા માંડે છે.

એક એવા પણ જ્ઞાનવાન્ પુરૂષ થાય છે જેને ઘણું ધન પણ દુઃખ દેતું નથી શાથી કે તે ધનના પ્રયોજનવાળાને આપવામાં સમર્થ હોય છે. અને વિચાર વિના ધનને વાપરતા નથી. તેથી પ્રસિદ્ધ થયું કે એકજ પદાર્થ કોઇને સુખદાયક હોય છે. અને કોઇને દુઃખ દે છે તે પોત પોતાના અધિકાર પ્રતિ થાય છે. વળી જે પદાર્થને સુખદાયક જાણીએ તે પણ ત્રણ પ્રકારના થાય છે.

(૧) પ્રથમ એ જે આદિમાં સુખદાયક છે;

(૨) બીજાં અંતકાળ વિષે સુખ દેનારાં છે,

(૩) ત્રીજાં પોતેજ સુખરૂપ છે. અને સુંદર હોય છે.

જે પદાર્થને ખરાબ જાણીએ તે પણ ત્રણ પ્રકારના હોય છે.

(૧) આદિમાં દુઃખદાયક હોય છે.

(૨) બીજાં પછી દુઃખ દે છે.

(૩) પોતાની મેળે તે પદાર્થ મલીન અને નીચ હોય છે. પણ જે પદાર્થ હમણાં સુખ આપે અને પછી પણ સુખદાયક હોય, અને મધ્યકાળ વિષે પણ સુંદર અને વિશેષ હોય. તે બુદ્ધિ અને અનુભવ છે. અને પરમસુખરૂપ પણ એજ છે. એના જેવો બીજો કોઇ પદાર્થ નથી.

આદિ, અંત અને મધ્યમાં જે દુખરૂપ છે, તે મૂર્ખતા છે, શાથી કે મૂર્ખતાએ કરીને આદિમાં પણ દુઃખ થાય છે, અને અંતે પણ દુઃખ પામે છે. અને મૂર્ખતા પોતે પણ કુરૂપ છે, તે મૂર્ખતામાં આદિમાં આ દુઃખ પ્રસિદ્ધ છે કે જ્યારે મૂર્ખ મનુષ્ય ઇચ્છે છે, કે હું આ પદાર્થને જાણું, અને તે જાણવાને સમર્થ થઇ શકતો નથી. ત્યારે નિઃસંદેહ દુઃખને પ્રાપ્ત થાય છે. અને મૂર્ખતાને જે કુરૂપ કહી છે, તે કુરૂપતા પ્રકટ સ્થૂળ ભાસતી નથી. પણ મૂર્ખતાએ કરીને ચિત્ત વિષે અંધારૂં થઇ જાય છે. તેમાં અંતરની કુરૂપતા ભ-

હારની કુરૂપતાથી પણ અધિક ખરાબ છે. અને મૂર્ખતાની સાથે જે કાર્ય કરવામાં આવે છે, તેણે કરીને અંતે પણ પરમ દુઃખ પ્રાપ્ત થાય છે.

કોઇ પદાર્થ એવો પણ થાય છે કે પ્રથમ એનામાં દુઃખ પ્રાપ્ત થાય છે. અને પછી તેજ સુખદાયક થાય છે, જેમ કોઇ પુરૂષ આંગળીને એટલા માટે કાપે કે દુઃખે કરીને બધા હાથને કષ્ટ ન થાય. અને આંગળીને કાપવાથી કરીને સર્પના વિષથી હાથની રક્ષા થાય.

એક પદાર્થ એવો પણ થાય છે કે જ્યારે તેને એક ભાવે કરીને જોઇએ તો સુખ સ્વરૂપ છે, અને જો બીજી દષ્ટીએ કરીને જોઇએ તો તેજ દુઃખરૂપ છે. જેમ કોઇ પુરૂષનું જહાજ ડુબવા માંડે ત્યારે તે પુરૂષ નિઃશંક થઇને ધન અને સામગ્રીને પાણીમાં નાંખવા માંડે છે. અને એમ ઇચ્છે છે કે કોઇ પ્રકારે મારૂં રક્ષણ થાય તે જ્યારે ધન અને દોલતની તરફ દષ્ટી કરીએ તો જળ વિષે નાંખવાથી ધનનો નાશ થાય છે. અને જ્યારે શરીરની રક્ષાને માટે જોઇએ તો ધનનો ત્યાગજ સુખરૂપ છે. તેથી આ જગત વિષે જેટલાં સુખ છે, તે ત્રણ પ્રકારનાં છે. તેમાં

(૧) પ્રથમ એ છે કે જેમ ભોજન અને કામાદિક ભોગ છે, એ સુખ મહા નીચ છે અને ઘણાં મનુષ્ય એનેજ સુખ જાણે છે. અને જે કાંઈ ક્રિયા કરે છે, તે એજ સુખને નિમિત્તે કરે છે, અને અમે જે એ સુખને નીચ કહ્યું છે, તેમાં તેની યુક્તી એ છે કે કામાદિક ભોગ તો પશુઓને પણ પ્રાપ્ત થાય છે, અને એ ભોગ પશુઓ વિષે મનુષ્યોથી અધિક જોવામાં આવે છે. માખી, મકોડા અને બીજા કીડા પણ એ સુખ વિષે મનુષ્યના જેવાં છે. તેથી જે પુરૂષે પોતે પોતાને એ સુખ વિષે નાંખ્યો છે, તે મનુષ્ય પણ પૃથ્વી ઉપર કીડા છે અને તેનામાં કંઈ મનુષ્યતા નથી.

(૨) બીજું સુખ માન અને મોટાઈ છે. જે ક્રોધ અને અહંકારની પ્રબલતાએ કરીને થાય છે, અને યદ્યપિ કામાદિક ભોગથી આ સુખ વિશેષ છે;

તોપણ નીચ છે, શાથી કે એ વિષે પણ કેટલાંક પશુ સરખાં છે જેમ સિંહ અને ચિત્તા પણ મોટાઇની તૃષ્ણા રાખે છે, અને પોતાની પ્રબલાને ઇચ્છે છે.

(૩) ત્રીજું સુખ વિદ્યા, અનુભવ, અને ભગવતની કારીગરીનું ઓળખાણ છે. તેમાં પરમસુખ એજ છે, અને ઉપરનાં બેઉ સુખથી વિશેષ છે. તેથી તે સુખ કોઇ પશુમાં જોવામાં આવતું નથી શાથી કે વિદ્યા અને વિચાર દેવતાઓનું લક્ષણ છે, અથવા ભગવતનો ગુણ છે. તેથી જે મનુષ્ય વિષે વિચાર અને જ્ઞાનનું રહસ્ય એવું હોય કે કોઇ બીજા સુખને સુખ ન જાણે. ત્યારે સંપૂર્ણ મનુષ્ય તે કહેવાય છે. અને જે મનુષ્યને, વિદ્યા અને જ્ઞાનનું રહસ્ય કંઈ ન હોય તે મનુષ્ય પશુની પેઠે નીચ છે, અને રોગી છે. અર્થ એ કે જેમ રોગીને મરવાનું નિકટ હોય છે, તેમ એ પુરૂષની બુદ્ધિનો નાશ નિકટ છે.

ઘણા પુરૂષ એવા પણ હોય છે કે તેમનામાં વિદ્યા, અને અનુભવનો કંઇક સ્વાદ હોય છે, અને કંઇક સ્વાદ માન અને ભોગોનો પણ હોય છે. પણ જેને જ્ઞાન અને જ્ઞાનનું રહસ્ય પ્રબળ હોય છે, તેને સર્વ વિષે સ્વર્ગ પર્યંત મહા વિરસ થઇ જાય છે. અને જેને વિષયોનો રસ પ્રબલ હોય છે, તેને વિદ્યા અને વિચારનો રસ કંઇ આવતો નથી. અને મહા નીચ અવસ્થાને પ્રાપ્ત થાય છે. તેથી તે પુરૂષને એજ પુરૂષાર્થ કરવો પ્રમાણ છે કે ભોગોના રસથી વિદ્યાના રસને વધારે પ્રાપ્ત કરે સંતજનોએ પણ એમજ કહ્યું છે કે " જેની કૃતિ અધિક સારી હોય તે પુરૂષ પરમ ભાગ્યવાન્ હોય છે. " અને તેજ પરલોક વિષે સુખી હોય છે. એ વચનનો અર્થ એજ કે ભોગોના રસથી જ્ઞાનનો રસ અધિક થાય, ત્યારે સુખને પ્રાપ્ત થાય છે.

જેમને સુખ જોઇએ છીએ, તે સુખો વિષે પણ મોટો ભેદ છે, તેનું વર્ણન.

પૂર્ણ સુખ પરલોકની ભલાઇ છે, અને તે પરલોકની ભલાઇ આ જીવને પોતેજ સુખદાયક છે. અને કોઇ બીજા પદાર્થના આશ્રયને ઇચ્છતી નથી. શાથી કે એ પોતેજ પરમ સુખરૂપ છે. અને એ પરલોકની ભલાઇ ચાર લક્ષણોએ કરીને સિદ્ધ થાય છે.

(૧) પ્રથમ એ કે જ્યાં સત્તા એવી હોય કે કદાચીત તેનો નાશ થઇ શકે નહિ.

(૨) અને મહા આનંદ એવો હોય કે તેનામાં શોકનો પ્રવેશ કદાચિત્ ન થાય.

(૩) વળી ચૈતન્યતા એવી હોય કે મૂર્ખતારૂપી મેલથી રહિત હોય.

(૪) સામર્થ્ય એવું હોય કે જેનામાં દીનતા અને પરાધીનતા ન હોય.

તેમાં ઉપરનું સંપૂર્ણ સુખ શ્રીરાધાકૃષ્ણજીનાં દર્શને કરીને પ્રાપ્ત થાય છે. અને એ સુખનું પરિણામ કદાચિત હોતું નથી. તેથી સાચું સુખ એજ છે. અને સદા એક રસ છે, વળી બીજા જે પદાર્થ છે. તેને સુખ એટલા માટે કહ્યું છે કે તે આ પરમસુખનાં સાધન છે. પણ પરમસુખ એ છે કે પોતે પોતાવડેજ કરીને પ્રીતમ થાય. અને તેને કોઇ બીજા સુખને નિમિત્તે અપેક્ષા ન હોય. અને જે સુખને કોઇ બીજા પદાર્થને નિમિત્તે ઇચ્છવામાં આવે છે, તેને પૂર્ણ સુખ કહેવાતું નથી. એ ઉપર મહા પુરૂષે પણ કહ્યું છે કે "પૂર્ણ સુખ પરલોકની ભલાઇ છે. તેમાં આ વચન આચાર્ય મહારાજે ત્યારે કહ્યું હતું કે જ્યારે લડાઈ વિષે નાસ્તિકોથી સંકટને પામ્યા હતા, અને જ્યારે શત્રુઓને વાદમાં જીતી આવ્યા અને પ્રતાપ વધ્યો, અને ઘણા લોક ધર્મરીતીના જિજ્ઞાસુ થયા અને ધર્મ પૂછવા લાગ્યા, અને પોતે સવાર થઇને ચાલ્યા જતા

હતા, ત્યારે સૌ લોક કહેવા લાગ્યા કે " સાચું સુખ પરલોકનું છે. " એ પ્રમાણે તમના કહેવાનું પ્રયોજન એ હતું કેઃ—અમારૂં મન માયાના પદાર્થોને જોઇને પ્રસન્ન નથી. અને દુઃખને જોઇને દુઃખી નથી થતું.

વળી એ ઉપર એક બીજી પણ વાર્તા છે કે એક પુરૂષ મહારાજની પાસે પ્રાર્થના કરીને કહેતો હતો કે " હે મહારાજ મને સંપૂર્ણ સુખ આપો. " ત્યારે તે સાંભળીને આચાર્ય મહારાજે પૂછયું કે " તું સંપૂર્ણ સુખને જાણે છે ? ત્યારે તણે કહ્યું કે " હું તો સારી રીતે જાણતો નથી. " માટે તમેજ કહો. " ત્યારે મહા પુરૂષે કહ્યું કે " સંપૂર્ણ સુખ પરલોકની ભલાઇનુ નામ છે. "

તેથી તું જાણે કે જે પદાર્થ પરલોકની ભલાઇ દ્વારા ન હોય ત્યારે વિચાર વિષે તેને સુખ નથી કહેવાતું. અને એ સુખ પરમ દુઃખરૂપ હોય છે; અને જે પદાર્થ પરલોકની ભલાઇમાં સાહ્યક છે, અને આ લોક વિષે મળી આવે છે, તે સોળ પદાર્થ છે. ચાર મનની વચમાં છે, ચાર શરીરને વિષે છે, ચાર શરીરથી બહાર છે, અને ચાર એ બધામાં છે.

(૧) તેમાં પ્રથમ જે મનમાં છે, તેને સાંભળો.

(૧) ધર્મના નિશ્ચયની વિદ્યા છે.

(૨) વર્તવાની વિદ્યા છે.

(૩) સંયમ છે.

(૪) વિચાર છે.

તેમાં પ્રથમ નિશ્ચયની વિદ્યા એ છે કે શ્રીરાધાકૃષ્ણના સ્વરૂપને ઓળખવું, અને તેના ગુણોને સમજવા, સંતજનોનાં લક્ષણોને ઓળખવાં.

બીજી વર્તનની વિદ્યા એ છે કે ભક્તિ માર્ગ વિષે જેટલા પડદા છે તેને ઓળખે અને પરલોકના માર્ગનું ભાથું જે શ્રીરામ કૃષ્ણનું ભજન છે, તેને

અંગીકાર કરે. અને જેટલા શુભ ગુણ છે, તે તે માર્ગની મંજલો છે. તેને ઓળખે અને તે માર્ગ વિષે ચાલે.

ત્રીજો સંયમ છે. તે એ છે કે ભોગ અને ક્રોધની પ્રબલતાને દૂર કરે.

ચોથો વિચાર એ છે કે જ્યારે સર્વ ભોગોનો ત્યાગ કરે, ત્યારે શરીર નાશને પ્રાપ્ત થાય, અને જ્યારે ભોગવાસના અને ક્રોધની પ્રબલતા થાય ત્યારે **મનમુખતા** થાય છે. તેથી ઘટે છે કે ભોગોનો એનો નાશ પણ ન કરે અને અધિક પ્રબલ પણ થવા ન દે અને વિચારના ત્રાજુવામાં તોળી રાખે.

એ ચારે વિદ્યા ત્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે પ્રથમ શરીર વિષે જે ચાર સુખ છે, તેને પ્રાપ્ત થાય. તે શરીરનાં સુખ એ છે કેઃ—

(૧) પ્રથમ આરોગ્યતા. (૨) બીજું બળ, (૩) જું સુંદરતાઈ (૪) ચોથું આયુર્બળ. તેમાં પરલોકની ભલાઈનાં સહાયક આરોગ્યતા, બલ, આયુર્બલ તો નિઃસંદેહ છે. અને પ્રત્યક્ષ છે. શાથી કે વિદ્યા અને કૃતિ અને બીજા જે શુભ ગુણ છે, તે એના વિના પ્રાપ્ત થતા નથી. પણ સુંદરતાઈ વિષે પ્રયોજન કંઇક અલ્પ માત્રે છે. જેમ ધન અને માન પણ કાર્ય માત્ર પ્રમાણ કહ્યાં છે. તેમજ સુંદરતાઈ પણ છે. તેમાં ભગવત્ માર્ગ વિષે એની અધિકતા વિશેષ નથી. પણ કાર્ય માત્ર કંઇક સહાય છે. અને આ લોકનાં કાર્યોને સિદ્ધ કરનારાં છે. અને એમ પણ છે કે જે પદાર્થ આ લોક વિષે સુખદાયક હોય છે, તે જ્યારે આ પુરૂષની મનસા ભલી હોય છે, ત્યારે તેણે કરીને પરલોક વિષે પણ સુખ થાય છે. શાથી કે આ લોકની કૃતિ પરલોકની ખેતી છે.— અર્થ એ કે જે અહીં વાવે છે, તે પરલોક વિષે ભોગવે છે. અને આ સુંદરતાઇ એટલા માટે ભલી કહી છે કે એ પણ હૃદયની સુંદરતાઇને ઓળખાવનારી છે. તેથી માણસને ઘટે છે કે જે રીતે શરીરને સુંદર બનાવે છે તેમજ હૃદયને પણ શુભ ગુણે.એ કરીને સુંદર કરે. એ ઉપર મહા પુરૂષે પણ કહ્યું છે કે “ નોકર કુરૂપ ન રાખો. ” તેથી તમે જાણો કે મેં એવી સુંદરતાઇ પ્રમાણ નથી કહી કે જેને જોઇને કામ ઉત્પન્ન થાય, અને હૃદય મલીન થાય.

શાથી કે આ સુંદરતાઇ સ્રીયો વિષે અધિક હોય છે, તેથી એ વચનનું તાત્પર્ય એ છે કે સુંદર પુરૂષ તેજ છે, કે જેને જોઇને ગ્લાની ન આવે અને જેનું મસ્તક પ્રસન્નતા સહિત ખુલ્લું થયેલું હોય અને સમાન શરીર હોય, અને શરીરને દુર્ગંધ અને મલીનતાથી શુધ્ધ રાખે. તોએ પણ શરીરની ઉત્તમતાઇ છે. અને શરીરથી બહાર જે ચાર પદાર્થ વિશેષ કહ્યા છે, તે આ છે. (૧) ધન (૨) માન (૩) ચાકર (૪) ઉત્તમ કુલ.

તેમાં ધનનો સંગ્રહ તો એટલોજ પ્રમાણ છે, જેથી કરીને પરલોકના માર્ગની વૃધ્ધી થાય, શાથી કે જ્યારે એની પાસે ધન કંઇ ન હોય ત્યારે આખો દિવસ આહારની ઉત્પત્તિ વિષેજ વિતાવે છે, તેથી વિદ્યા અને કૃતિની સિધ્ધતાને પહોચી સકતો નથી. એ કારણથી ધનની વિશેષતા કહી છે, કે એથી કરીને શુભકાર્ય વિષે નિઃસંકલ્પ થઇને લાગે છે, ત્યારે તેનું મિત્ર ધન પણ થાય છે.

(૨) માન પણ એટલા માટે પ્રમાણ કહ્યું છે કે જે પુરૂષનું કંઇ માન નથી હોતું ત્યારે તે પણ નિરાદરે કરીને દુઃખી રહે છે.

અને પોતાના શત્રુઓથી નિર્ભય થઇ શકતો નથી. તેથી તેનું હૃદય વિક્ષેપતા વિષે રહે છે. અને એનાથી કોઇ શુભ કાર્ય થઈ શકતું નથી. તેથી ધન અને માનને જે નિન્દ્ય કહ્યાં છે, તેમાં તેની અધિકાઇજ નિન્દ્ય છે, અને વિઘ્ન રૂપ છે. અને કાર્ય માત્ર ધન નિર્વિઘ્ન અને સુખદાયક છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષ પ્રાંતઃકાળમાં ઉઠે અને તેને કોઇનો ભય ન હોય, વળી આહાર પણ એક દિવસનોજ તેની પાસે હોય, ત્યારે જાણીએ કે પૂર્ણ પદાર્થ એની પાસે છે. તમે જાણો કે નિર્ભય થવું, અને આહાર માત્ર સંગ્રહમાં રાખવો, ધન અને માન વિના સિદ્ધ નથી હોતું. એમજ આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે જે પુરૂષની મનસા શુદ્ધ હોય છે, તેનું તો ધન પણ મિત્ર થાય છે.

(૩) ત્રીજો જે નોકર કહ્યો છે, તે નોકર એટલા માટે જોઇએ કે ને-

કરે કરીને પણ શરીરની ઘણી જાતની ક્રિયાથી છુટે છે. અને ભજન વિષે સાવધાન થાય છે. અને જ્યારે બધી ક્રિયા પોતાની પોતેજ કરવા માંડે, ત્યારે એનો સમય એ ક્રિયા વિષેજ વિતાવે છે.

(૪) કુળને જે ભલું કહ્યું છે, તેનું પ્રયોજન એ છે કે કોઈ રાજા અથવા મહંતનું કુળ મેં કહ્યું નથી પણ જેનુ કુળ વિદ્યાવાન અને સાત્વિકી હોય છે, ત્યારે તે પુરૂષ વિષે પણ સાત્વિકી ગુણનો પ્રવેશ થાય છે. તેથી એ પ્રકારે ઉત્તમ કુળ પણ ભગવત્‌ના માર્ગની સહાયતા કરે છે.

પણ એ ચાર પદાર્થ જે આ બાર પદાર્થને સિદ્ધ કરે છે, તે એ છે કે (૧) પ્રથમ ભગવત્‌નો માર્ગ જાણવો. (૨) જું સર્ગ (૩) ત્રીજું બળ (૪) ખેંચ ભગવત્‌ની તેમાં જ્યારે એ ચારે એકઠા થાય છે, ત્યારે તેને સહાયતા કહે છે. શાથી કે સહાયતાનો અર્થ એજ છે, ભગવત્‌નો નિત્ય નિયમ અને જીવની શ્રદ્ધાનો સંબંધ અને મેળાપ થાય ત્યારે સહાયતા તેનું નામ છે.

પણ પ્રથમ જે ભગવત્‌ના માર્ગની ઓળખાણ કહી છે. તે ઓળખાણ સોને જરૂર જોઇએ શાથી કે જે પુરૂષ પરલોકની ભલાઇની શ્રદ્ધા પણ રાખે અને તેનો સુમાર્ગ અને અપૂમાર્ગને ઓળખી ન શકે ત્યારે તેને કંઇ લાભ થતો નથી. તેથી પ્રસિદ્ધ થયું કે આ જીવનાં સર્વ કાર્ય જ્ઞાન અને ઓળખાણે કરીને સિદ્ધ થાય છે. એ વિના સિદ્ધ થતાં નથી. એ ઉપર સંતજનો એ કહ્યું છે કે ભગવતે સર્વ જીવો પર બે ઉપકાર કર્યા છે, (૧) તેમાં પ્રથમ એ છે કે સર્વ જીવોને ઉત્પન્ન કર્યા છે, (૨) બીજું એ કે સોને પોત પોતાની ક્રિયાનો વિચાર આપ્યો છે. તે વિચાર પણ ત્રણ પ્રકારના છે.

(૧) પ્રથમ એ છે કે સારૂં અને નરતું ઓળખવું. તેમાં ભગવતે આ બુદ્ધિ સર્વ મનુષ્યોને આપી છે. પણ કોઇ તો સારા નરતાને પોતાની બુદ્ધિ પ્રમાણે સમજે છે, અને કોઈ સંતજનોનાં વચનોએ કરીને સમજે છે.

આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે સંપૂર્ણ મનુષ્યોને તેમના લોગોની

ભલાઇ અને ભુંડાઇની ઓળખાણ મેં આપી છે, પણ જે એથી વિમુખ છે, તે જાણી સમજીને આંધળા થયા છે.

જે માણસોને જ્ઞાન પ્રાપ્ત નથી થયું તેનું કારણ એ છે કે તે ઇર્ષા, અભિમાન, અને વ્યવહારોની જંજાળ વિષે બંધાએલા છે, અને એથી કરીને સંતજનોનાં વચનોને સાંભળતા પણ નથી. તેથી એ જ્ઞાનથી સુન્ય રહે છે, તોપણ સારા નરતાની ઓળખાણનું બીજ સર્વ મનુષ્યો વિષે જોવામાં આવે છે.

(૨) બીજું જ્ઞાન એ છે કે તે જ્ઞાન યત્ને કરીને શનૈઃ શનઃ ધર્મના માર્ગ વિષે પ્રાપ્ત થાય છે અને તેને અનુભવનો માર્ગ ઉઘડી જાય છે. એ ઉપર મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષ દૃઢ થઇને પુરૂષાર્થ કરે છે, તેને હું પોતાનો માર્ગ દેખાડું છું તો એ વચન વિષે એજ ભેદ છે કે મહારાજે પોતાનો માર્ગ દેખાડવાનું કહ્યું છે, પણ પોતે પોતાની મેળે પ્રયત્ન કર્યા વિના માર્ગ દેખાડવાનું કહ્યું નથી. તેથી ત્રીજું જ્ઞાન એથી પણ વિશેષ છે, તે જ્ઞાન તેનો પ્રકાશ સંતજનોનાં હ્રદય અને અવતારી પુરૂષો વિષે પ્રકટ થાય છે. અને એ જ્ઞાને કરીને શ્રીકૃષ્ણ મહારાજનુ દર્શન થાય છે. પણ એ જ્ઞાનને પોતાની બુદ્ધિ અને બળે કરીને પહોંચી શકતો નથી. અને એ જ્ઞાન પણ જીવન રૂપ છે. બીજી જે શ્રદ્ધા કહી છે તે એ છે કે જે કંઈ જ્ઞાને કરીને જાણ્યું હતું, તેમાં તેના માર્ગ વિષે ચાલવાની મનસા પ્રકટ થાય છે. જેમ બાળક જ્યારે કીશોર અવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે મનનો સંગ્રહ અને વ્યવહારને ભલે પ્રકારે સમજે છે, પણ જ્યારે બુદ્ધિને અનુસારે કરે ત્યારે તેને શ્રદ્ધાવાન કહે છે. અને વ્યવહારની વિદ્યા સમજીને સારી રીતે ન વરતે ત્યારે તેને શ્રદ્ધાહીન કહે છે.

બળ એ છે કે જે પદાર્થને જાણ્યો અને તેની શ્રદ્ધા ઉત્પન્ન થઇ ત્યારે તેને પ્રાપ્ત કરવાના યત્ન વિષે બળ કરીને સર્વ ઇંદ્રિયોને પ્રવેશ કરાવે, અને તત્કાળ પોતાના પ્રયોજનને પ્રાપ્ત થાય.

વળી ભગવતની ખેંચ જે કહી હતી તે એ છે કે એ મનુષ્યના હ્રદય

વિષે ખેંચે કરીને સહાયતા પહોંચે છે, અને બુદ્ધિ ઉજ્વળ થાય છે, અને સર્વ ઇંદ્રિયોને શુભ માર્ગ વિષે ચાલવાનું બળ પ્રકટ થાય છે. અને તે સહાયતા એવી છે કે જેમ કોઇ પુરૂષ કોઇને પ્રત્યક્ષ માર્ગ દેખાડે અને કુમાર્ગથી વરજે તેમજ ભગવતની સહાયતાએ કરીને મનુષ્યના હૃદય વિષે પાપ કર્મોનો ભય ઉપજે છે. અને શુભ માર્ગ પ્રસિદ્ધ થઇને ભાસે છે. તેથી તમે જાણો કે એજે સોળ પદાર્થ મેં કહ્યા છે, તે બધા આ લોક વિષે પ્રાપ્ત થાય છે. અને પરલોકના સહાયક છે, અને તેના પરસ્પર સંબંધ પણ છે, વળી એનામાં કેટલાક બીજા પદાર્થોનો સંબધ પણ મળે છે, ત્યારે પરલોકની ભલાઇને પહોંચે છે, અને આ પુરૂષ સાચા સુખને પહોંચે છે અને શ્રીગોપીનાથના દર્શનને દેખે છે. તે શ્રીકૃષ્ણ સ્વામી કેવા છે? કે જે સર્વ જીવોને માર્ગ દેખાડનારા છે, અને સર્વ પ્રકારે સહાયતા પણ તેજ કરે છે.

ભગવત્નો ધન્યવાદ શા કારણથી નથી કરાતો તેનું વર્ણન.

એ કારણે કરીને આ મનુષ્ય ભગવત્નો ધન્યવાદ કરી શકતો નથી.

(૧) તેમાં પ્રથમ એ છે કે મહારાજના ઉપકાર અગણિત છે, અને આ જીવને મહારાજે એટલાં સુખ આપ્યાં છે કે આ માણસને તેને ઓળખી પણ શકતો નથી એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે જેટલા ઉપકાર અને સુખ શ્રીકૃષ્ણ મહારાજે આપ્યાં છે, તે કોઈ પ્રકારે ગણ્યાં જતાં નથી. અને આ જીવ તેને જાણતા પણ નથી. તેથી એ વાર્તા પ્રસિદ્ધ છે કે જ્યારે કોઇ પુરૂષ કોઇના ઉપકારને ન જાણે ત્યારે તેનો ધન્યવાદ પણ કહી શકતો નથી. જેમ આ પ્રાણ પણ સુખ રૂપ છે, અને જે પવનને આ માણસ શ્વાસની સાથે ખેંચે છે, તેમાં એ પણ પરમ સુખ રૂપ છે, શાથી કે એ પવને કરીને હૃદય સ્થળને સુખ પ્રાપ્ત થાય છે. અને જઠરાગ્નિની ઉષ્ણતા મંદ થાય છે, અને એમ પણ છે કે જ્યારે આ પુરૂષનો એક શ્વાસ બંધ થઇ જાય

ત્યારે નિઃસંદેહ મરણની પેઠે દુઃખને પામે છે પણ આ મનુષ્ય એવા સુખને સુખજ જાણતો નથી. અને મહારાજના એવા ઉપકારો અનંત છે. પણ તેને જાણતો નથી. વળી એ શ્વાસના ઉપકારને પણ ત્યારે જાણે છે કે જ્યારે કોઇ મલીન સ્થાન દુર્ગંધ, ઉષ્ણસ્થાન વગેરે વિષે જઈ પહોંચે છે, અને ત્યાં એનો શ્વાસ બંધ થઈ જાય છે, ત્યારે પવનની શીતલતાઇ અને શ્વાસના સુખને ઓળખે છે, તેમજ જ્યારે નેત્રોની દ્રષ્ટી સંપૂર્ણ હોય છે, ત્યારે તેનો પણ કંઇ ઉપકાર અને સુખ જાણતો નથી. પણ જ્યારે નેત્રો વિષે કંઇ પીડા અથવા દ્રષ્ટી મંદ થાય છે, ત્યારે જાણે છે કે આ નેત્ર આવાં સુખરૂપ છે; અને જેની ઔષધીએ કરીને નેત્રોનું દુઃખ દૂર થાય છે ત્યારે તેનો મોટો ઉપકાર જાણે છે. તો એવાં મનુષ્યનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષનો નોકર ખરાબ હોય છે ત્યારે તે દંડે કરીને પોતાના સ્વામીની નોકરીમાં સાવધાન રહે છે અને જ્યારે તેને દંડ ન કરીએ ત્યારે મૂર્ખતાએ કરીને અચેત થઇ જાય છે અને કંઇ ચાકરી પણ કરતો નથી. તેમ આ મનુષ્ય પણ જ્યાં સુધી દુઃખને પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી મહારાજના ઉપકારને જાણતો નથી. તેથી તેનો ઉપાય એ છે કે પોતાના ચિત્ત વિષે શ્રી રાધા કૃષ્ણના ઉપકારોનું સ્મર્ણ કરતો રહે અને વિસારે નહિ. પણ એ ઉપાય કોઇ બુદ્ધિમાનથી થઇ શકે છે, અને બીજા જીવોને એમ ઘટે છે કે જ્યાં રોગી હોય અથવા બંદીખાના હોય કે મશાણ હોય, ત્યાં જાય, અને તેમનાં દુઃખને દેખે; અને મનમાં એમ જાણે કે આ બધાં મરેલાં એમ ઇચ્છે છે કે જો અમને એક દિવસ પણ મનુષ્ય શરીર ફરી મળી જાય તો અમે પોતાનાં પાપોનું પુરશ્ચરણ કરી લઇએ. પણ એને એક દિવસ જીવવાનું પણ પ્રાપ્ત થતું નથી. અને અમને કેટલા દિવસથી આયુર્બલ પ્રાપ્ત થયું છે. પણ અમે એ ઉપકારને જાણતાજ નથી, એ અમારી મોટી મૂર્ખતા છે.

(૨) મનસુખતાનું બીજું કારણ એ છે કે માણસ તે ઉપકારોને પણ જાણતો નથી કે જે પદાર્થ મહારાજે સર્વ જીવોને આપ્યા છે, અને સૌ કોઇને સુગમજ પ્રાપ્ત થાય છે. જેમ પ્રાણ, નેત્ર અને સૂર્ય વગેરે એવા બીજા પણ

૬૦

એના જેવા અનેક પદાર્થ છે. તો એના સુખને સુખ જાણતો નથી. અને કેવળ ધનનેજ સુખ રૂપ જાણે છે. અથવા તે પદાર્થને સુખ નથી જાણતો કે જે બીજા કોઇ પાસે ન હોય અને એને પ્રાપ્ત થાય. તોપણ મોટી મૂર્ખતા છે. શાથી કે જે પદાર્થ સુખ રૂપ હોય, અને ભગવતે પોતાની પરમ ઉદારતા કરીને સર્વ જીવોને પ્રાપ્ત કર્યો હોય; ત્યારે એણે કરીને એ પદાર્થનું સુખતો દૂર થતું નથી. પણ જ્યારે આ પુરૂષ વિચાર કરીને દેખે ત્યારે એને ભગવતે એવાં ઘણાં સુખ આપ્યાં છે. જે બીજા કોઇની પાસે નથી અને કેવળ એને આપ્યાં છે. જેમ સૌ કોઇ એમ જાણે છે કે મારા જેવી બીજા કોઇની બુદ્ધિ નથી, અને મારા સ્વભાવ જેવો બીજા કોઇનો સારો સ્વભાવ નથી. એથી કરીને બીજાં મનુષ્યોને મૂર્ખ અને અપલક્ષણાં કહે છે. તેથી પ્રસિદ્ધ થયું કે પોતાની બુદ્ધિ અને સ્વભાવને સૌ સારાં જાણે છે. જ્યારે એમ છે ત્યારે ઘટે છે કે પોતાના સ્વામીના ઉપકારનો ધન્યવાદ કરે. અને બીજા કોઇના અવગુણોને ન જુએ, શાથી કે જગત્ વિષે એવો મનુષ્ય કોઇ નથી કે જેનામાં અવગુણ ન હોય. વળી જેટલી મલીનતા અને અવગુણ આ જીવ વિષે જોવામાં આવે છે, તે તે પોતેજ જાણે છે, બીજું કોઇ જાણી શકતું નથી. તે ભગવતે પોતાની દયાયે કરીને ગુહ્ય કરી રાખ્યું છે, અને પ્રકટ કર્યું નથી. જેમ કોઇ ખરાબ સંકલ્પ માણસના હૃદય વિષે સ્ફુરે છે તે એવા મલીન હોય છે કે જ્યારે કોઇ બીજો પણ તે સંકલ્પોને જાણી જાય ત્યારે તે અધિક નિરાદર અને અપમાનને પ્રાપ્ત થાય. એ પણ શ્રી કૃષ્ણચંદ્રનો મોટો ઉપકાર છે, કે બીજું કોઇ જાણતું નથી. અને એ ઉપકાર મહારાજે સૌ કોઇ ઉપર કર્યો છે. તેથી તેનો પણ ધન્યવાદ કરવો પ્રમાણ છે, અને જે પદાર્થ આપણી પાસે ન હોય ત્યારે તેની અભિલાષા કરવી અયોગ્ય છે, શાથી કે એ મહારાજનો ધન્યવાદ થતો નથી. પણ નિઃસંદેહ સ્વેચ્છાચારી થાય છે. તેથી એવું જાણવું યોગ્ય છે કે મારા ઉપર મહારાજે એવા ઉપકાર કર્યા છે. કે જેનો હું અધિકારીજ નથી અને મહારાજે મારા ઉપર સર્વ પ્રકારે દયા કરી છે એ ઉપર એક વાર્તા છે કેઃ—

એક પુરૂષ કોઇ સંતજનની પાસે આવ્યો અને પોતાની નિર્ધનતાને પ્ર
કટ કરવા લાગ્યો, ત્યારે તે સંતે કહ્યું કે જ્યારે તું વિચારીને જુએ ત્યારે ?
નિર્ધનતો નથી. શાથી કે જ્યારે કોઇ પુરૂષ તને દશ સહસ્ર રૂપીયા આ
અને તારાં નેત્રોને લેવા ઇચ્છે ત્યારે તું આપીશ ? ત્યારે તે પુરૂષે કહ્યું
ઠીક જ્યારે તારી બુદ્ધિ, શ્રવણ, હાથ પગ દૂર કરીએ ત્યારે તું ચાળીસ હ
જાર રૂપીયા લેઇશ ? ત્યારે તેણે કહ્યું કે હું એમ પણ કરી શકતો નથી. ત્યાં
સંતે તેને કહ્યું કે પચાસ હજારની સામગ્રી તો તારી પાસે છે, તું પોતા
નિર્ધન કેમ માને છે ? અને ધનની ચિંતા કેમ કરે છે ? અને એમ પ
છે કે જ્યારે કોઇને કહીએ કે તું પોતાની અવસ્થાને અમુક પુરૂષની અવસ્થ
ની સાથે બદલી લે. ત્યારે કોઇ એમ કરતો નથી એથી કરીને પ્રસિદ્ધ થા
છે કે પોતાની અવસ્થાને વિશેષ જાણે છે, તે જ્યારે એની અવસ્થા વિશે
થઇ ત્યારે ઘટે છે કે એથી કરીને પણ ધન્યવાદ કરે અને પોતાના સ્વામી
સનમુખ રહે.

દુઃખ વિષે પણ ધન્યવાદ કરવો વિશેષ છે તેનું વર્ણન.

આ જીવે દુઃખમાં પણ ધન્યવાદ કરવો પ્રમાણ છે શાથી કે દુઃખે કરી
પણ એનાં પાપ ક્ષમા થાય છે. પણ સ્વેચ્છાચારીપણું અને પાપ એવા પર
દુઃખ રૂપ છે, કે ભગવતનો કોપ પણ એજ છે, અને એથી બીજાં જેટ
શરીરનાં દુઃખ છે, તે બધાં વિષે આ જીવની ભલાઇ છે, અને યદ્યપિ
ભલાઇને આ મનુષ્ય જાણી શકતો નથી પણ મહારાજ સારી રીતે જાણે
તેથી પાંચ પ્રકારે કરીને દુઃખ વિષે ધન્યવાદ કરવો પ્રમાણ છે.

(૧) તેમાં પ્રથમ એ છે કે દુઃખ અને શરીર વિષે થાય છે, અથ
ધન વિષે થાય છે, પણ જ્યાં સુધી એનો ધર્મ અરોગ છે, ત્યાંસુધી એ
ધન્યવાદ કરવોજ વિશેષ છે. જેમ એક પુરૂષ એક સંતની પાસે આવીને

હેવા લાગ્યો કે મારા ઘરમાં એક ચોર આવીને બધી લક્ષ્મી ચોરી ગયો. ત્યારે સંતે કહ્યું કે દુર્વાશના રૂપી ચોર જ્યારે તારા હૃદય વિષે આવી પડત અને તારા ધર્મને ચોરી લેત ત્યારે તું શું કરત? માટે તું ધન્યવાદ કર.

(૨) બીજું કારણ એ છે કે "જ્યારે કોઈ પુરૂષ હજાર લાકડીયો મારવા લાયક હોય અને તેને વીસ લાકડીયો મારીને છોડી દેઇએ ત્યારે તેમે પણ ધન્યવાદ કરવો પ્રમાણ છે, તેમજ એવું દુ:ખ કોઇ નથી કે જેથી અધિક દુ:ખ ન હોય. તેથી ઘટે છે કે જ્યારે કંઇ દુ:ખ પ્રાપ્ત થાય ત્યારે એમ જાણે કે જ્યારે મને એથી પણ અધિક દુ:ખ થાત ત્યારે હું શો ઉપાય કરત તેથી ધન્યવાદ કરવો એજ વિશેષ છે.

એક સંત ઘણા સત્સંગી પ્રેમીયોની સાથે નગરમાં ગલી વિષે ચાલ્યા જતા હતા ત્યારે કોઈએ તેના ઉપર કોઠાપરથી રાખનો થાળ નાંખી દીધો ત્યારે તે સંત પોતાનાં લુગડાં ખંખેરીને ધન્યવાદ કરવા લાગ્યા. પછી કોઇએ પૂછયું કે તમે ધન્યવાદ શા માટે કરો છો? ત્યારે તેમણે કહ્યું કે હું તે અગ્નિ વિષે બાળવાનો અધિકારી હતો, પણ શ્રી રાધા કૃષ્ણે પોતાની દયાયે કરીને રાખપરજ (પતાવી) દીધું છે. તેથી હું ધન્યવાદ કરૂં છું.

(૩) વળી ત્રીજું કારણ એ છે કે માણુસને જે દુ:ખ થાય છે, તે એના પાપે કરીને થાય છે. અને જ્યારે તે દુ:ખ આ લોકમાં ન ભોગવ્યું હોય ત્યારે પરલોક વિષે આ જીવને અધિક દુ:ખ પ્રાપ્ત થાય છે. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે આ લોકનાં દુ:ખથી પરલોકનું દુ:ખ અતિ કઠિન છે, તેથી એ પ્રકારે ત્રણ ધન્યવાદ કરવો પ્રમાણ છે, આ લોક વિષે અલ્પ દુ:ખ ભોગવવાથી પરલોકનાં મોટાં દુ:ખથી છુટે છે. એ ઉપર મહા પુરૂષે પણ કહ્યું છે કે જે પુરૂષને આ લોકમાં કંઈ દુ:ખ ભોગવાવે છે તે પરલોકનાં દુ:ખથી મુક્ત થાય છે, શાથી કે દુ:ખે કરીનેજ આ જીવનાં સંપૂર્ણ પાપોનું પુરશ્ચરણ થાય છે. અને જ્યારે પુરૂષ દુ:ખ ભોગવવાથી નિષ્પાપ થઇ જાય છે, ત્યારે પરલોક વિષે ફરીને દુ:ખને પ્રાપ્ત થતો નથી. જેમ કોઈ વૈદ્ય કોઇ રોગીને કડવું ઓસડ પાય અથવા તેનું રૂધિર કાઢે, તે યદ્યપિ પ્રથમ એથી

કરીને દુ:ખ થાય છે, તોપણ એ રોગીને ધન્યવાદ કરવો પ્રમાણ છે, શાથી કે અલ્પ માત્ર દુ:ખ ભોગવવાથી મોટા દુખથી મુક્ત થાય છે,

(૪.) ચોથું કારણ એ છે કે આ દુ:ખ જે માણસ ભોગવે છે, તે એના પ્રારબ્ધ વિષે લખેલું હતું અને એ દુ:ખ અવશ્યજ આવવાનું હતું જ્યારે તે દુ:ખનો અવસર માણસ ઉપર આવ્યો અને તે એ દુ:ખને ભોગવીને એથી ઉલ્લંઘિત થયો તોપણ નિ:સંદેહ ધન્યવાદ કરવો પ્રમાણ છે. જેમ એક સંત સવાર થઈને ચાલ્યા જતા હતા ત્યારે અકસ્માત સવારીમાંથી પડી ગયા, પછી ઉઠીને ધન્યવાદ કરવા લાગ્યા ત્યારે લોકોએ પૂછ્યું કે " અહીં ધન્યવાદ કરવાનો શો વખત હતો ? ત્યારે તેમણે કહ્યું કે " મહારાજની આજ્ઞા અવશ્યજ થાય છે, તો કોઈ પ્રકારે અન્યથા થતી નથી. તેથી આ સવારી પરથી પડી જવાનું મારા લેખ વિષે લખેલું હતું અને હવે હું તેને ભોગવીને ઉલ્લંઘિત થયો છું તેથી ધન્યવાદ કરૂંછું.

(૫) પાંચમું કારણ એ છે કે આ લોક વિષે દુ:ખ અને કષ્ટ ભોગવવાથી પરલોક વિષે પુણ્યને પ્રાપ્ત થાય છે. તેના પણ બે પ્રકાર છે (૧) પ્રથમ એ છે કે જેમ સંતજનોના વચનો વિષે આવ્યું છે કે દુ:ખ ભોગવવાથી આ જીવનાં પાપ ક્ષીણ થઈ જાય છે. અને પુણ્યને પ્રાપ્ત થાય છે. વળી (૨) બીજો પ્રકાર એ છે કે " સર્વ પાપોનું મૂળ માયાની પ્રીતિ છે શાથી કે માયાની પ્રાતિએ કરીને ભોગોને સુખ રૂપ જાણે છે, અને આ સંસારમાં જીવવાને સ્વર્ગ કરી માને છે. અને પરલોક વિષે જવાને બંદીખાનું સમજે છે. પણ જ્યારે આ પુરૂષને આ જગત્ વિષે દુ:ખ પ્રાપ્ત થાય છે, ત્યારે દુ:ખે કરીને સંસારની પ્રીતિ નાશ થઈ જાય છે, અને સંસારને બંદીખાનું જાણીને નીકળવા ઇચ્છે છે. અને તેને સંસારમાંથી મૃત્યુ થવાનું સુખ રૂપ ભાસે છે, તેથી તમે જાણો કે એ બધાં દુ:ખ એવાં છે કે જેમ માતા અને પિતા બાળકને દંડ દેઈને બુદ્ધિ શીખવે છે. પણ જ્યારે તે બાળક બુદ્ધિ મેળવે છે. ત્યારે તે શિક્ષણને સારૂં જાણે છે. અને ધન્યવાદ કરે છે. શાથી કે એ દંડે કરીને બાળકને અનેક ગુણ પ્રાપ્ત

થાય છે. તેમજ આ જીવને શીખવાને નિમેત્તે શ્રીકૃષ્ણ મહારાજ પણ દુઃખરૂપી દંડ મોકલે છે. અને આ જીવને બુદ્ધિ શીખવે છે. તેથી બુદ્ધિમાન્ પુરૂષ દુઃખ વિષે પણ ધન્યવાદ કરે છે. જેમ સંતજનોએ કહ્યું છે કે મહારાજ જ્યારે પોતાના પ્રીતમોને કંઇ દુઃખ મોકલે છે. ત્યારે માનો કે તેની સાથે વચન કરે છે. કે હું એના પછી તમને અધિક સુખ આપીશ. જેમ કોઇ ઉત્તમ વૈદ્ય રોગીની સાથે વચન આપે કે જ્યારે તું અમુક આહારનો ત્યાગ કરીશ અને જ્યારે તારો રોગ દૂર થશે ત્યારે તને હું ઘણું ભોજન ખવરાવીશ. તે ઉપર એક વાર્તા છે કેઃ—

કોઇ પુરૂષ આચાર્ય મહા પુરૂષની પાસે આવીને કહેવા લાગ્યો કે મારૂં ધન અને સામગ્રી ચોર લેઇ ગયા. ત્યારે તેમણે કહ્યું કે "જેનું ધન ચોર લેઈ જાય અથવા જેનું શરીર રોગી હોય, ત્યારે તેને અધિક ભલાઇ પ્રાપ્ત થાય છે, વળી ભગવત્ જેને પોતાનો પ્રિતમ કરવા ઇચ્છે છે, ત્યારે પ્રથમ તેના ઉપર દુઃખ મોકલે છે, સુખનાં સ્થાન ઘણાં એવાં પણ છે કે આ પુરૂષ પોતાના યત્ને કરીને તેને પહોંચી શકતો નથી અને શ્રીકૃષ્ણ મહારાજ દુઃખને ભોગવાવીને ત્યાં પહોંચાડે છે, વળી એકવાર આચાર્ય મહા પુરૂષ આકાશની તરફ જોઇને કહેવા લાગ્યા કે હું ભગવત્‌ની નેતને જોઇને આશ્ચર્યવાન્ થયો છું. કે જ્યારે મહારાજ આ જીવને સુખ દે છે, અને પુરૂષ તેથી પ્રસન્ન થાય છે, ત્યારે તેને ભલાઈ પ્રાપ્ત થાય છે. અને જ્યારે મહારાજની આજ્ઞાએ કરીને કંઇ દુઃખ થાય અને એ પુરૂષ તેમાં ધૈર્ય કરે તોપણ ભલાઇને પ્રાપ્ત થાય છે. અર્થાત્ સમ્પત્તિમાં ધન્યવાદ અને વિપત્તિમાં ધૈર્ય બેઉએ કરીને જીવની ભલાઇ છે. અને મહા પુરૂષે એમ પણ કહ્યું છે કે સુખ ભોગવનારા પુરૂષ પરલોક વિષે એમ કહેશે કે જો મૃત્યુલોક વિષે અમારૂં શરીર નખોએ કરીને કપાત તો સારૂં હતું. શાથી કે જેમણે મૃત્યુલોકમાં દુઃખ સહન કર્યું છે તેમને પરલોક વિષે ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. અને જ્યારે આ લોકનાં સુખ ભોગવનારા એ સ્થાનકો દેખશે ત્યારે કહેશે કે અમે પણ ત્યાં દુઃખજ ભોગવત તો અહીં સુખનાં સ્થાનકોને પ્રાપ્ત થાત. એ ઉપર એક વાર્તા શ્રીકૃષ્ણ

મહારાજને વિનતિ કરી કે "હે પ્રભુ તમે સ્વેચ્છાચારીયેને નાના પ્રકારનાં સુખ આપો છો, અને સાત્ત્વિકી મનુષ્યોને દુઃખ ભોગવાવો છો તેનું શું કારણ છે?" ત્યારે મહારાજે કહ્યું કે આ બધા જીવ મારા છે, અને દુઃખ સુખ પણ મારાં કરેલાં છે, પણ જ્યારે સાત્ત્વિકી મનુષ્યોં વિષે કંઇ પાપ જોઉં છું ત્યારે ઇચ્છું છું કે મૃત્યુને વખતે આ પુરૂષ વિશુદ્ધ નિર્લેપ થઇને મારી પાસે પ્રાપ્ત થાય, તેથી તેમને મૃત્યુલોકમાંજ દુઃખ ભોગવાવીને તેનાં પાપોનું પુરશ્ચરણ કરી લેઉં છું, અને જે તામસી મનુષ્ય છે, તેનામાં જ્યારે કોઈ ગુણ હોય છે. તોપણ તેમને શરીરનાં સુખોની કામના થાય છે, તેથી હું તેને શરીરનાં સુખ ભોગવાવું છું. અને તેની કામના પૂરણ કરૂં છું. વળી જ્યારે તે પુરૂષ પરલોકમાં જાય છે, ત્યારે મહા દુઃખનો ભાગી થાય છે. શાથી કે અલ્પ માત્ર જે તેનામાં ગુણ હતા તે પુણ્યનો બદલો તેણે મૃત્યુલોકમાંજ ભોગવી લીધો અને તેના અવગુણજ શેષ રહ્યા હતા તેથી મહા નરકને ભોગવે છે. અને જ્યારે શ્રીકૃષ્ણ મહારાજે આ વચન આચાર્ય મહા પુરૂષને કહ્યું હતું કે જે કોઇ પુરૂષ ભુંડાઇ કરે છે, તેનું ફળ ભુંડાઇ દેખે છે. ત્યારે એક મહા પુરૂષના પ્રીતમે ભયવાન્ થઇને પૂછયું" કે હે મહારાજના પ્યારા એવા દંડથી શી રીતે છૂટીશું"? ત્યારે મહા પુરૂષે કહ્યું કે સાત્ત્વિકી મનુષ્યોને જે રોગ થાય છે, તે એજ દંડવડે કરીને તેનાં પાપ ક્ષમા થાય છે. અને પરલોકનાં દુઃખોથી છૂટે છે. જેમ એક આચાર્ય મહા પુરૂષના પુત્રનું શરીર છૂટયું હતું, ત્યારે તેમના હૃદયમાં કંઇ શોક આવ્યો, ત્યારે શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞાએ કરીને બે દેવતા મનુષ્યનું રૂપ ધરી આવીને ઉભા રહ્યા, અને તેની સભામાં ઝગડો કરવા લાગ્યા, ત્યારે એકે કહ્યું કે મેં ધરતીમાં બીજ વાવ્યું હતું તે એણે મારી ખેતી ખુંદી નાંખી છે, પછી બીજા પુરૂષે કહ્યું કે એણે માર્ગમાં બીજ વાવ્યું હતું અને તેની જમણી કે ડાબી તરફ કહીં માર્ગ નહોતો તેથી તે ખેતી અવશ્ય બગડી ગઇ છે, ત્યારે તે મહા પુરૂષે પ્રથમ પુરૂષને કહ્યું કે તું જાણતો નહોતો કે માર્ગ વિષે ખેતી વાવવી ન જોઇએ શાથી કે પંથીજનોથી માર્ગ ખાલી રહેતો નથી. પછી તે પુરૂષે કહ્યું કે શું તું નથી

જાણતો કે સર્વ મનુષ્ય કાળના માર્ગમાં છે, અને મૃત્યુને પ્રાપ્ત થાય છે, તેથી પુત્રના મરવાથી કરીને શોકવાન્ કેમ થાય છે ? ત્યારે તે આચાર્ય મહા પુરૂષે જાણ્યું કે હું ભૂલ્યો છું અને શ્રી કૃષ્ણચંદ્ર સ્વામી તરફ પ્રાર્થના કરીને એ ભૂલની ક્ષમા કરાવવા લાગ્યા. વળી એવાજ એક બીજા સંત હતા તેમણે જ્યારે પોતાના પુત્રને મરતાં જોયો ત્યારે કહેવા લાગ્યા કે હે પુત્ર તું આગળ ચાલે છે, પણ હું એ વાતને પ્રિય રાખું છું, શાથી કે હું એથી કરીને તારા ત્રાજુઆમાં તોલાઇશ. અર્થાત્ મારા ધૈર્યની પરીક્ષા થશે. ત્યારે પુત્રે કહ્યું કે હે પિતાજી હું પણ એમજ ઇચ્છું છું જેમ તમે ઇચ્છો છો.

વળી એક બીજા સંતને કોઇએ કહ્યું કે તમારી પુત્રી મરી ગઇ છે, ત્યારે તેમણે કહ્યું કે જ્યારે અમારી પાસે હતી ત્યારે પણ શ્રીકૃષ્ણ મહારાજની હતી અને હવે પણ તેમની પાસે ગઈ છે. એમ કહીને પછી ભજન કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે સ્વામીની એજ આજ્ઞા છે કે તમે સર્વ અવસ્થા વિષે ભજન અને ધૈર્ય વિષે દૃઢ થાઓ. અને મારી સહાયતા ઇચ્છો.

વળી એક સંતે કહ્યું છે કે શ્રીકૃષ્ણ મહારાજ ચાર પ્રકારના પુરૂષોને ચાર મહાત્માઓનું દૃષ્ટાંત પરલોકમાં પૂછશે. (૧) પ્રથમ ધનવાનોને પૂછશે કે તમે જનકવિદેહીની પેઠે ધન અને રાજ વિષે કેમ નથી વર્ત્યા ? અને (૨) બીજા રામચંદ્રની સાખ આપીને રૂપવાનોની પરીક્ષા કરશે. (૩) ત્રીજા વૈરાગિયોને પૂછશે કે જડભરતની પેઠે તમે ત્યાગી અને નિઃસ્પૃહી કેમ ન થયા ? (૪) ચોથા રોગી અને દુઃખીઆઓને પૂછશે કે તમે શંકરાચાર્ય પેઠે ધૈર્ય રાખ્યું છે ? એમ કહી તેમનાથી ધૈર્યની પરીક્ષા માગશે. તેથી ધન્યવાદની વિદ્યાનો ખુલાસો એટલો ઘણો છે.

સર્ગ ત્રીજો.

ભય અને આશાનું વર્ણન.

ભય અને આશા બેઉ જીજ્ઞાસુની પાંખ છે, અર્થ એ કે સર્વ શુભ ગુણોને અને ઉત્તમ ગતિને એણે કરીને પહોંચે છે. શાથી કે ભક્તિ માર્ગ વિષે જેટલા ઉપાય અને સાધન છે, તે શુદ્ધ આશા વિના કદાચિત્ સિદ્ધ થતા નથી. અને જેટલા ઇંદ્રિયાદિક ભોગ છે, તે સર્વદા આ જીવને છળનારા છે, તેથી શ્રીરાધાકૃષ્ણના ભય વિના એનો ત્યાગ કરવો મહા કઠિન છે, એ કારણથી સર્વ સંતોએ ભય અને આશાની વિશેષતા કહી છે. તે આશારૂપી બાગ જિજ્ઞાસુને મહારાજની તરફ ખેંચે છે. અને ભયરૂપી કોરડો કોઇ સ્થાનક વિષે અટકવા દેતો નથી. તેથી હું શુદ્ધ આશાનાં વખાણ કહીશ. અને ભયના સ્વરૂપનું વર્ણન કરીશ. તેથી તમે જાણો કે આશા સહિત ભગવન્તનું ભજન કરવું, એ સૌથી શ્રેષ્ઠ છે. શાથી કે એથી કરીને ભગવત્‌ની પ્રીતિ ઉત્પન્ન થાય છે, અને મહારાજની પ્રીતિજ ઉત્તમ અવસ્થા છે, અને ભયવડે કરીને ભજન કરવું એ એનાથી ઉતરતું છે. શાથી કે ભયનું કારણ દુઃખ છે, તેથી ભયે કરીને પ્રીતિ ઉપજતી નથી. મહા પુરૂષે કહ્યું છે કે–મનુષ્યને મરણ સમયે ભગવત્‌ની આશાજ લાભદાયક છે, અને શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે મને કોઈ જેવો જાણે છે, હું પણ તેની સાથે તેવોજ વર્તું છું. અને આચાર્ય મહા પુરૂષે એક પ્રીતિમાનને મૃત્યુને વખતે કહ્યું હતું કે હવે તારા મન વિષે શી અવસ્થા છે, ત્યારે તે કહેવા લાગ્યો કે હું પોતાનાં પાપોને જોઇને ભયવાન્ થાઉં છું અને મહારાજની દયાનો આશરો રાખું છું એ વચન સાંભળીને મહાપુરૂષે કહ્યું કે "જેને શ્રીરામકૃષ્ણ અભય કરવાને ઇચ્છે છે. તેને એવા અવસર વિષે પોતાનો ભય અને આશા દે છે. એ ઉપર એક મહાત્માને આકાશવાણી થઇ હતી કે મેં તારી તરફ તારા પરમ પ્યારા પુત્રથી એટલા માટે વિયોગ

નાંખ્યો છે, જે તેં કહ્યું હતું કે એને કોઇ વાઘ મારી ન જાય. અને તેના ભાઈ અચેત થઇ જાય, તેથી તેં ચિત્ત વિષે એનો ભય કર્યો, અને મારી રક્ષાનો આશરો તેં ન જાણ્યો, એ કારણથી મેં તને સજા દીધી છે. એક મહાત્માએ એક પુરૂષને જોયો હતો કે પોતાનાં પાપોની અધિકતાએ કરીને શ્રીરામકૃષ્ણની દયાથી નિરાશ થયો હતો, ત્યારે તેને મહાત્માએ કહ્યું કે તું નિરાશ ન થઇંશ, શાથી કે તારાં પાપો કરતાં શ્રીકૃષ્ણ મહારાજની દયા મોટી છે. અને આચાર્ય મહા પુરૂષે પોતાના પ્રિતમોને એકવાર એમ કહ્યું હતું કે જેમ મેં મહારાજની બેપરવાઇને જાણી છે. તેમ જ્યારે તમે પણ જાણો ત્યારે સર્વદા રોતા રહો, અને અધિક ભયવાન્ થાઓ. એ વચન સાંભળીને બધા પ્રિતમ રૂદન કરવા લાગ્યા, ત્યારે મહા પુરૂષને આકાશવાણી થઇ કે તમે મારા જીવોને એટલા કેમ ડરાવો છો? એમને મારી દયાનાં વચન સંભળાવો.

એક મહાત્માને પણ આકાશવાણી થઇ હતી કે તું મારી સાથે પ્રીતિ કર; અને બીજાં મનુષ્યોના હૃદયમાં પણ મારી ભક્તિ દઢ કર. એવી રીતે કે જ્યારે તું એમને મારી દયાનાં વચન સંભળાવીશ. ત્યારે નિઃસંદેહ મારી સાથેજ તેઓ પ્રીતિ કરશે. એ ઉપર એક વાર્તા છે કે એક તપસ્વી પોતાની સભા વિષે લોકોને શિક્ષાનાં વચન સંભળાવતો હતો, અને ભયવાન્ કરતો હતો, ત્યારે તેને આકાશવાણી થઇ કે "જેમ તું મારા જીવોને મારી દયાથી નિરાશ કરે છે, તેમજ હું પણ તને પરલોક વિષે નિરાશ કરીશ.

આશાના રૂપનું વર્ણન.

આશાના બે પ્રકાર છે (૧) શુદ્ધ (૨) અશુદ્ધ અશુદ્ધ આશા છે તો કેવળ મૂર્ખતા અને છળ છે. પણ અલ્પ બુદ્ધિ જીવ એ ભેદને સમજી શક્તો નથી. જે પુરૂષ ધરતીને કોમળ કરીને શુદ્ધ બીજ વાવે અને સમય અનુસાર જળ સીંચતો રહે. વળી કાંટાઓને દૂર કરે, અને સર્વ વિઘ્નોની રક્ષાને નિ-

ચિત્તે ભગવતનો આશરો કરે ત્યારે તેનું નામ શુદ્ધ આશા છે. પણ જ્યારે ધરતી પોચી ન કરે, બીજજ સારૂં ન વાવે સમય અનુસાર પાણીજ ન આપે, અને ખેતીની વૃદ્ધિ થવાની આશા રાખે ત્યારે તેનું નામ મૂર્ખતા અને છળ છે. તેમજ જે પુરૂષ હૃદય વિષે દૃઢ પ્રતીતિ રાખે, મલીન સ્વભાવ ત્યજીને ચિત્તને શુદ્ધ કરે, ભજનરૂપી જળથી પ્રતીતિરૂપી ખેતીને સીંચતો રહે, અને નાના પ્રકારના માયાના છળોથી ભગવતની રક્ષા ઇચ્છે, ત્યારે તેને સંતજનોએ શુદ્ધ આશા કહી છે. તાત્પર્ય એકે મહારાજનો આશરો પણ કરે અને કરણીય કર્મોથી રહિત પણ ન થાય. શાથી કે કરણીય કર્મોથી રહિત થવું એજ નિરાશતાનું લક્ષણ છે, અને જે પુરૂષની પ્રતીતિજ દૃઢ ન હોય અથવા શ્રીરામ કૃષ્ણના ભજન વિષે સાવધાન ન થાય, અને ચિત્ત વિષે મુક્તિની આશા રાખે, ત્યારે તેનું નામ કેવળ મૂર્ખતા છે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "જે મૂર્ખ પોતાના મનની વાસના પ્રમાણે વર્તે છે, અને મહારાજની દયાની આશા રાખે છે, તે મહા મૂર્ખ છે. જે કર્મ માણસને કરવા યોગ્ય છે, તે જ્યારે તેણે કર્યું, ત્યારે ભગવતની દયાનો આશરો રાખવો પ્રમાણ છે. મનની ચિંતવનીની સાથે ધર્મની દૃઢતા પ્રાપ્ત થતી નથી. તેથી જે પુરૂષ પાપોનો ત્યાગ કરે, તે ત્યાગનું પ્રમાણ થવાને આશાવન્ત રહે. અથવા જે પુરૂષ પાપોનો ત્યાગ કરી ન શકે, પણ પોતાના અવગુણોને જોઇને શોકવાન્ થાય, અને ચિત્ત વિષે એ આશા રાખે કે, મારામાંથી ભગવત્ પાપોનો ત્યાગ કરાવે. ત્યારે એ શુભ આશા કહેવાય છે. પણ જ્યારે પાપોને જોઇને શોકવાનજ ન થાય અને ત્યાગ કર્યા વિના પોતાને બક્ષિશ મળવાને ઇચ્છે, ત્યારે તેનું નામ મનનોજ છળ છે. યદ્યપિ મૂર્ખ મનુષ્ય એને શુદ્ધ આશા કહે છે, પણ વિચારવાનોના મન વિષે એનું નામ વ્યર્થ ચિંતવન છે. એ ઉપર એક સંતે કહ્યું છે કે જે પુરૂષ નરકોનાં બીજ વાવે અને સ્વર્ગની આશા રાખે તે મહા મૂર્ખ છે એક પ્રીતિમાને આચાર્ય મહા પુરૂષને પૂછ્યું હતું કે મંદ ભાગિયોનું લક્ષણ શું છે? અને ભાગ્યશાળીઓનું લક્ષણ શું છે? ત્યારે તેમણે કહ્યું કે "જ્યારે તું પ્રભાત સમયે ઉઠે છે, ત્યારે તારા ચિત્તની અવસ્થા શી થાય

છે ? ” ત્યારે તે પુરૂષે કહ્યું કે હું ભલાં કર્મ કરૂં છું, અને ભલાં મનુષ્યોને પ્રીતમ રાખું છું. વળી શુદ્ધ કર્મને પ્રતીતિ સંયુક્ત ફળ સહિત દેખું છું. અને શીઘ્રજ અંગીકાર કરી લેઉં છું. અને જ્યારે મારાથી શુભ કર્મનો અવસર ચૂકી જવાય છે, ત્યારે શોકવાન્ થાઉં છું. ત્યારે મહા પુરૂષે કહ્યું કે ભાગ્યવાનોનાં લક્ષણ પણ એજ છે. અને જેની અવસ્થા એથી વિપરિત છે, તે મંદભાગી કહેવાય છે.

શુદ્ધ આશા પ્રાપ્ત થવાના ઉપાયનું વર્ણન.

આશારૂપી ઔષધનાં અધિકારી બે મનુષ્ય થાય છે. (૧) પ્રથમ તો જેમણે અધિક પાપ કર્યાં હોય અને નિરાશતાએ કરીને એવું જાણે કે મારો ત્યાગ પ્રમાણ થશે નહિ. ત્યારે તેને પણ ભગવત્‌ની દયાનો આશરો જોઇએ. (૨) બીજો અધિકારી તે છે કે જે કઠણ તપ વિષે પોતાનો નાશ કરતો હોય, ત્યારે તેને પણ ભગવત્‌ની આશા સુખદાયક થાય છે.

પણ આશારૂપી ઓષધનો અધિકાર લંપટ મનુષ્યોનો નથી. અને તેમને તો હળાહળ વિષના જેવું છે.

આશા પણ બે પ્રકારે કરીને પ્રાપ્ત થાય છે, તેમાં.

(૧) પ્રથમ તો હૃદયની પ્રતીતિ છે. તે વિચારે કરીને ભગવત્‌ની દયાને ઓળખે અને જે જે પ્રકારે મહારાજે સર્વ જીવોને આશ્ચર્યરૂપ બનાવ્યા છે; તેને પણ ભલા પ્રકારે સમજે અને એવું જાણે કે મહારાજના વિના કોઇ મનુષ્ય કાંઇ કરી શકતું નથી. તેથી ભગવત્‌ના ઉપકારોનો વેત્તા થાય. ત્યારે અવશ્યજ એને ભગવત્‌ની કૃપા ઉપર પ્રતીતિ ઉપજી આવે છે. શાથી કે ભગવતે એને જોઇતા પદાર્થ પણ આપ્યા છે. અને કેવળ દયા કરીને સુંદરતાઇને નિમિત્તે પણ કેટલાક પદાર્થ આપ્યા છે, તે એમજ તેની દયા સર્વ સૃષ્ટિ વિષે ભરપૂર છે. મચ્છર અને મકોડાને પણ તેણે આશ્ચર્યરૂપ બનાવ્યા છે અને સૌને

પોતપોતાના વ્યવહારની બુદ્ધિ આપી છે, તેથી જે પુરૂષ એવા મહારાજના ઉપકારોને ઓળખે છે, તે કદાચિત્ તેથી નિરાશ થતો નથી. અને એવું જાણે છે કે ભગવત્‌ની કૃપા અપાર છે.

(૨) વળી બીજો ઉપાય એ છે કે જ્યારે પોતાની બુદ્ધિએ કરીને મહારાજના ઉપકારોને જાણી ન શકે ત્યારે ભગવત્ અને સંતજનોનાં વચનોનો વિચાર કરે જેમ કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે હું અત્યંત દયાળુ કૃપાળુ છું. અને આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે જ્યારે આ લોક વિષે સાત્વિકી મનુષ્યોને કંઇ રોગ આવે છે, ત્યારે તેનાં પાપોનું પુરશ્ચરણ થાય છે. તેથી તે નરકોનાં દુઃખથી મુક્ત રહે છે. અને એમ પણ કહ્યું છે કે જ્યારે આ માણસથી કંઇ અવજ્ઞા થાય છે, અને પોતાને ભૂલ્યો જાણીને ક્ષમા કરાવવા, ઇચ્છે છે, ત્યારે મહારાજ પ્રસન્ન થઇને દેવતાઓને આ પ્રમાણે કહે છે કે " આ મનુષ્ય ધન્ય છે, એટલા માટે કે મને અંતર્યામી જાણીને ભયવાન્ થયો છે. તેથી એને ક્ષમા કરી લેઇશ. અને એમ પણ કહ્યું છે કે " જ્યારે મનુષ્યથી કંઇ પાપ કર્મ થાય છે, અને દીનચિત્ત થઇને તેને ક્ષમા કરાવવા ઇચ્છે છે, ત્યારે દેવતા તે પાપને લખતાજ નથી. અથવા તે દુષ્કૃતનું પુરશ્ચરણ થઇ જાય છે." અને એમ પણ કહ્યું છે કે જયાંસુધી આ પુરૂષ પોતાનાં પાપને ક્ષમા કરાવવાથી થાકી ન જાય ત્યાંસુધી મહારાજ પણ ક્ષમા કરતા રહે છે. અને કદાચિત્ થાકતા નથી.

એ ઉપર એક પ્રાતિમાને આચાર્ય મહા પુરૂષને પૂછયું હતું કે " હું યથા શક્તિ ભજન સ્મરણ તો કરૂં છું પણ મારી પાસે કશું ધન નથી તેથી દયા દાનના પુણ્યથી અપ્રાપ્ત રહું છું. તો હે સ્વામીજી પરલોક વિષે મારી ગતિ કેવી થશે ? ત્યારે આચાર્ય મહા પુરૂષ હશીને કહેવા લાગ્યા કે " તું સંત જનોની સભા વિષે પ્રાપ્ત થઇશ. પણ જ્યારે તું ચિત્તને ઇર્ષા અને અભિમાનથી શુદ્ધ રાખીશ રસનાને જૂઠ અને નિન્દાથી વિવર્જિત કરીશ, નેત્રોને કામાદિક દૃષ્ટિથી રોકીશ, અને કોઇની તરફ ગ્લાનિએ કરીને દેખીશ નહિ

ત્યારે તું નિઃસંદેહ પરમ સુખને પામીશ. પછી તે પ્રીતિમાને પૂછયું કે પર લોક વિષે જીવોનાં પાપ પુણ્યોનો ન્યાય કોણ કરશે ?" ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે સૌનો ન્યાય પોતે ભગવતજ કરશે. એ વચન સાંભળીને તે પુ-રૂષ અધિક પ્રસન્ન થયો, અને હશીને કહેવા લાગ્યો કે જ્યારે ન્યાય કરનારો પુરૂષ ઉદાર અને દયાવાન્ હોય છે, ત્યારે દયા અને ક્ષમા અધિક કરે છે. અને વધારે શિક્ષા નથી કરતો ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે એવુંજ યથાર્થ છે શાથી કે શ્રી રામ કૃષ્ણના સમાન ઉદાર અને દયાળુ બીજું કોઇ નથી. અને શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે મેં જીવોને સુખ અને લાભ દેવાને નિમિત્તે ઉત્પન્ન કર્યા છે. અને તેમને એટલા માટે તો નથી પેદા કર્યા કે હું એમના વડે કંઈ સુખ અને લાભને પ્રાપ્ત થાઉં. વળી મારા કોપથી મારી દયા મોટી છે. તેથી જે પુરૂષની પ્રતીતિ મારા વિના બીજા કોઇ પદાર્થ પર થતી નથી. તે નરકોનાં દુઃખને દેખતો નથી. એ ઉપર આચાર્ય મહા પુ-રૂષે કહ્યું છે કે ભગવત્ પોતાના જીવોપર પિતા અને માતાથી પણ અધિક દયાળુ છે શાથી કે સર્વ મનુષ્યો અને પશુઓ વિષે જેટલી દયા વર્ત્તમાન છે, તે મહારાજની દયા રૂપી સમુદ્રનું એક બુન્દ છે. "શ્રી રામ કૃષ્ણ પતિત પાવન છે અને પુણ્યવાન્ તો સ્વાભાવિકજ સુખના અધિકારી થાય છે." પર લોક વિષે બે પાપી મનુષ્ય મહારાજના સનમુખ આવશે, ત્યારે તેમને આજ્ઞા થશે કે હું કોઇ ઉપર અન્યાય કરતો નથી તેથી તમે પોતાનાં અશુભ કર્મો પ્રમાણે નરકો વિષે જાઓ ત્યારે તે બેઉ પાપી બાંધેલા નરકની તરફ ચાલશે. પણ એક દોડતો જશે અને એક ઢીલો થઇને ચાલશે, ત્યારે તેમને ફરીને આજ્ઞા થશે કે તું ઢીલો કેમ ચાલે છે? અને તું કેમ દોડે છે? ત્યારે એક પુરૂષ કહેશે કે હે મહારાજ તારી આજ્ઞાથી બિમુખ થવાથી હું નરકગામી થયો છું તેથી દોડું છું કે હવે તો આજ્ઞાથી વિમુખ ન થાઉં? અને બીજો પુરૂષ આ પ્રમાણે કહેશે કે હું તારી દયાનો આશરો રાખુ છું, એ કારણથી ઢીલો ચાલું છું. કે હમણાંજ મારા ઉપર ક્ષમા કરશે એમનાં એ વચન સાં-ભળીને મહારાજ પ્રસન્ન થશે અને આ પ્રમાણે કહેશે કે તમારી ભાવના નિ-ર્મળ છે, તેથી મેં તમને ઉભયને મુક્ત કર્યા.

વળી એક વાર એક સંતે મહારાજની પાસે વિનંતિ કરી હતી કે હે મહારાજ પાપોથી મારી રક્ષા કરો, ત્યારે આકાશવાણી થઇ કે તારી પેઠે બધા પુરૂષ નિષ્પાપ થવાને ઇચ્છે છે. પણ જ્યારે બધાજ નિષ્પાપ થાય, ત્યારે મારી દયા અને ક્ષમા શી રીતે પ્રકટ થાય? તાત્પર્ય એ કે ભગવતની દયા અને કૃપાનાં વચન બીજાં પણ અનેક છે, પણ જે પુરૂષના હૃદય વિષે ભયની પ્રબલતા હોય, તેન એ વચનોનો વિચાર લાભદાયક છે. અને જે પુરૂષ પ્રથમજ ભોગો વિષે આસક્ત અને અચેત હોય તેને ભગવત્નો ભય અને વૈરાગ્યનો માર્ગ અંગીકાર કરવો પ્રમાણ છે.

એક સંતે કહ્યું છે કે જ્યારે કોઇ એ પ્રમાણે કહે કે પરલોક વિષે એકજ પુરૂષ નરકગામી થશે ત્યારે મને ભય વડે એવું ભાસે છે કે "તે પુરૂષ હુંજ ન હોઉં અને જ્યારે કોઇ આ પ્રકારે કહે કે પરલોક વિષે એકજ મનુષ્ય ઉત્તમ પદનો અધિકારી થશે ત્યારે ભગવત્ની દયાનો આશરો કરીને એવું જાણું છું કે જો મહારાજ મનેજ પરમ પદનો અધિકારી કરે તો શું આશ્ચર્ય છે? તેથી બુદ્ધિમાનોનાં હૃદય વિષે આશા અને ભય સમાન હોય છે.

પરત્વ ભયનું વર્ણન.

શ્રી દેવકી નંદન સ્વામીનો ભય એ ઉત્તમ અવસ્થા છે, વળી એની વિશેષતા અને ફળ પણ અધિક છે, અને તેનું કારણ જ્ઞાન છે, એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે સર્વ શુભ ગુણોની કુંચી ભગવત્નો ભય છે. અને સંયમ તથા વૈરાગ્ય એ ભયનો લાભ છે. એટલા માટે કે ભય વિના ભોગોનો ત્યાગ થતો નથી. અને ભોગોના ત્યાગ વિના પરમાર્થના માર્ગ વિષે ચાલી શકાતું નથી. એમ પણ કહ્યું છે કે "પરલોક વિષે સર્વ જીવોને આ પ્રમાણે ભગવત્ની આજ્ઞા થશે કે મેં જ્યારથી તમને ઉત્પન્ન કર્યો છે. ત્યારથીજ હું તમારાં બધાં વચન સાંભળતો રહ્યો છું. પણ હવે એક વચન મારૂ

પણ સાંભળો કે, હું તમારી કૃતિ તમને પ્રસિદ્ધ કરીને દેખાડું છું કે તમે સંબંધિયોને વિશેષ કરીને પુજ્યા છે, અને મારા સંબંધથી વિમુખ થયા છો મારા સંબંધી તે વૈરાગી વૈષ્ણવ છે, તેથી હવે હું ભયવાનો અને વૈષ્ણવોની વિશેષતા પ્રકટ કરૂં છું. એટલું કહીને બધા વૈરાગી અને ભયવાન પુરૂષોને મુક્તિ પ્રાપ્ત કરીશું. શ્રી કૃષ્ણ મહારાજે એમ પણ કહ્યું છે કે બે નિર્ભયતા અને બે ભય કોઈ મનુષ્યના હૃદય વિષે હું એકઠાં કરતો નથી. અર્થ એ કે જે આ સંસાર વિષે મારાથી ડરે છે, ત્યારે હું તેને પરલોક વિષે અભય કરૂં છું. અને જે સંસાર વિષે અભય રહે છે, તે પરલોક વિષે દીર્ઘ ભયને પામે છે; આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે જે પુરૂષને ભગવત્‌નો ભય છે, તેનાથી સર્વ સૃષ્ટિ ડરે છે. અને જેને ભગવત્‌નો ભય કંઇ નથી, તે સર્વ પદાર્થોથી ડરતો રહે છે. તેથી જેને ભગવત્‌નો ભય અધિક છે તે ઉત્તમ બુદ્ધિમાન છે. અને જે પુરૂષ ભગવત્‌ના ભયે કરીને કંઇ રૂદન કરે છે તે નિઃસંદેહ નરકનાં દુઃખથી છૂટે છે. જેને પોતાનાં પાપોના સ્મર્ણથી અને ભગવત્‌ના ભયે કરીને રોમ ઉભા થઇ આવે છે તેનાં પાપ એવાં નાશ થાય છે કે જેવાં શરદ ૠતુ વિષે વૃક્ષોનાં પાંદડાં ખરી પડે છે ભગવત્‌ને પ્રીતિ અને ભય સંયુક્ત રૂદન સમાન બીજા કોઇ પદાર્થ પ્રીતમ નથી. જે પુરૂષ એકાંત વિષે ભગવત્‌નું ભજન કરીને ભય સંયુક્ત થાય છે તે પરલોકના તાપ વિષે ભગવત્‌ની છાયા તળે રહેશે.

એ ઉપર એક સંતે કહ્યું છે કે જે દિવસે મને ભગવત્‌નો અધિક ભય થયો છે, તે દિવસમાં અવશ્યજ હું ઉત્તમ જ્ઞાનને પામ્યો છું.

એક બીજા સંતે કહ્યું છે કે જેમ બે સિંહની ઝપટમાં આવેલો કોઇ પ્રકારે છૂટતો નથી; તેમજ ભગવત્‌ની આશા અને ભયે કરીને જિજ્ઞાસુનાં પાપ શીઘ્રજ નષ્ટ થઇ જાય છે.

એક બીજા સંતે પણ કહ્યું છે કે જેમ મનુષ્ય નિર્ધનતાથી ડરે છે, તેમજ જ્યારે તે નરકોનો ભય કરે ત્યારે નિસ્સંદેહ પરમ સુખને પ્રાપ્ત થાય.

શાથી કે જે પુરૂષ આ લોક વિષે મહારાજનો ભય કરે છે, તે પરલોક વિષે અભય થાય છે.

એક સન્તે કહ્યું છે કે "જે માણુસની સંગતિથી તમને ભગવત્ ભય ઉપજે તેજ સંગતિ કરો, ત્યારે પરલોક વિષે નિર્ભય થશો અને જેનાં વચન સાંભળવાથી તમારો ભય દૂર થઇ જાય તેની સંગતિને દુઃખદાયક જાણો. એ ઉપર એક સન્તે આચાર્ય મહા પુરૂષને પૂછયું હતું કે શ્રી કૃષ્ણ મહારાજે આ વચન કહ્યું છે કે "જે કરે છે અને ડરે છે" તેનો શો અર્થ છે? ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "જિજ્ઞાસુ જન ભજન અને દાનાદિક શુભ કર્મ કરે છે, અને ચિત્ત વિષે ભયવાન્ રહે છે કે રખેને અમારૂં આ કર્મ પ્રમાણ ન થાય. વળી એક સંતે કહ્યું છે કે ભગવત્‌ના ભય સંયુક્ત રૂદન કરો અને જો સ્વાભાવિકજ તમને રોવૂં ન આવે ત્યારે યત્ને કરીને પણ ચિત્તને કોમળ કરો.

ભયના રૂપનું વર્ણન,

ભય રૂપી અગ્નિ આ મનુષ્યના હૃદય વિષેજ પ્રકટ હોય છે. પણ તેનું કારણ વિદ્યા અને જ્ઞાન છે. જ્યારે માણુસને પરલોકનાં દુઃખનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને સ્થૂળ ભોગોને પોતાની હાનીનું કારણ જાણે છે, ત્યારે સ્વાભાવિકજ ભયરૂપી અગ્નિ ઉપજી આવે છે. પણ તે જ્ઞાન પણ બે પ્રકારનું થાય છે. પ્રથમ તો જેમે પોતાની પરાધીનતા અને અવગુણ પ્રત્યક્ષ ભાસે છે. અને ભગવત્‌ના ઉપકારોને જાણે છે, ત્યારે સ્વાભાવિકજ ભયવાન્ થાય છે, જેમ કોઇ પુરૂષે રાજાથી ઘણી બક્ષિસ મેળવી હોય, પછી જ્યારે તેનાથી ચોરી અને વ્યભિચારાદિક અવજ્ઞા થઇ જાય, અને એમ જાણે કે મેં આ ધન ચોર્યું તે રાજાએ જોયું છે. અને મારા અપરાધને ક્ષમા કરાવનાર પણ બીજું કોઇ નથી. અને રાજાનો સ્વભાવ મહા તેજસ્વી છે, એવું જાણીને તે વખતે અવશ્યજ તેને દીર્ઘ ભય ઉપજે છે.

(૨) વળી બીજું જ્ઞાન એ છે કે જેણે શ્રીકૃષ્ણ મહારાજનું ઐશ્વર્ય અને બે પરવાહીને ભલી પ્રકારે ઓળખ્યાં છે, તેને પણ અધિક ભય થાય છે. જેમ કોઈ પુરૂષ અચાનકજ સિંહની પાસે જઇ પહોંચે, ત્યારે સ્વાભાવિકજ ભય સંયુક્ત કાંપવા માંડે છે, તે યદ્યપિ તેનું ડરવું અવજ્ઞા નિમિત નથી હોતું. પણ સિંહની પ્રબળતા અને પોતાની નિર્બળતાને જોઇને કમ્પાયમાન થાય છે, તેમજ જે મહારાજના ઐશ્વર્યને એવું સમજ્યો છે કે જો બધાં બ્રહ્માંડોનો નાશ કરી નાંખે તોપણ તેનું કંઇ ઘટતું નથી. અને જ્યારે બધાને નરકો વિષે નાંખી દે તોપણ તેને કંઇ દોષ નથી લાગતો. અને યદ્યપિ તેને કૃપાળુ દયાળુ કહે છે. તોપણ તેનું શુદ્ધ સ્વરૂપ કૃપા અને કોપથી પર છે. અને સર્વ સ્વભાવોથી નિર્લેપ છે. તેથી એવું જાણવાથી તે પુરૂષ સર્વદા ભય વિષે સ્થિત થાય છે. અને યદ્યપિ સંતજન સર્વ પાપોથી નિર્દોષ છે પણ મહારાજના ઐશ્વર્યનો ભય તેને પણ થાય છે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે "જેને ભગવાનનું ઓળખાણ અધિક છે. તેને અધિકજ ભય થાય છે. અને શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે જેણે મને નથી જાણ્યો તે મારાથી નિડર થાય છે;

એક મહાત્માને આકાશ વાણી થઈ હતી કે હે સંત મારાથી એવો ભવાન્ થા કે જેમ બીજા મનુષ્ય મેઘની ઘોર ગરજના અને સિંહથી ભયવાન્ થાય છે, ભયનું કારણ જ્ઞાન છે. અને તેનું ફળ હૃદય વિષે ઉપજે છે, તથા સર્વ ઇંદ્રિયો વિષે પણ પ્રકટે છે, હૃદય વિષે ભયનું લક્ષણ એ છે કે તેને સર્વ ભોગ નિરસ થઇ જાય છે, જેમ સિંહની પાસે, રાજાના કઠિન બંધીખાના વિષે ભોગોની ચપળતા રહેતી નથી અને અત્યંત ભયવાન્ થઇને ચિત્ત દીન અને એકત્ર થઈ જાય છે. અથવા તેને એજ ભય થાય છે કે જુઓ મને કેવી શિક્ષા થશે ? એ ભગવદ્ના ભયના કારણથી અભિમાન, ઇર્ષા, તૃષ્ણા અચેતતા કંઇ રહેતું નથી. વળી ભયનું લક્ષણ શરીર અને ઇંદ્રિયો વિષે આ પ્રમાણે થાય છે કે પ્રથમ તો શરીર ક્ષીણ અને દુર્બળ થઇ જાય છે. અને ઇંદ્રિયો પણ પાપો વિષે પ્રવેશ કરતી નથી. અને શુભ કર્મો વિષે સાવધાન થાય છે, ભયની અવસ્થા વિષે પણ મોટો ભેદ છે. કે જ્યારે પાપકૃત ભોગોથી પોતાને

બચાવી રાખે ત્યારે તેને ત્યાગી કહે છે. અને જ્યારે રાજસી ભોગોથી રહિત થાય ત્યારે વૈરાગી કહેવાય છે, અને જ્યારે સાત્વિકી ભોગો વિષે આસક્ત ન થાય ત્યારે તેને સાચો પુરૂષ કહેવાય છે. પણ જે પુરૂષ કોઈ વખત તો રૂદન કરવા લાગે, અને મુખથી પણ ત્રાહિ ત્રાહિ કરતો રહે, પણ ભોગોની પ્રીતિ વિષે અચેત થઇ જાય, ત્યારે તેને સંશય બુદ્ધિ કહે છે. અને તેનું નામ ભય નથી કહેતા. શાથી કે જે પુરૂષ કોઇ પદાર્થથી ભયવાન્ થાય છે, ત્યારે પછી તેને અંગીકાર કરતો નથી. જેમ કોઇને પોતાનાં વસ્ત્ર વિષે સર્પ દૃષ્ટે પડે ત્યારે શીઘ્ર તેને ફેંકી દે છે. અને મુખથી ત્રાહિ ત્રાહિ કરતો નથી.

એ ઉપર એક સંતને કોઇએ પૂછ્યું કે "ભયવાન્નું લક્ષણ શું છે ? ત્યારે તેણે કહ્યું કે જેમ રોગી મરવાના ભયથી સર્વ ભોગોને તજી દેછે. તેમ-જ ભયવાન્ પુરૂષ તે છે કે જે પરલોકના ભયે કરીને સર્વ સુખોને વિરસ જાણે.

ભયની અવસ્થાના ભેદનું વર્ણન.

ભયની ત્રણ અવસ્થા છે, તેમાં (૧) અતિ તીક્ષ્ણ છે, (૨) બીજી સમાન છે, (૩) ત્રીજી અતિ નિર્બળ છે. પણ સર્વ વિષે સમાન અવસ્થા વિશેષ છે, શાથી કે નિર્બળે કરીને આ જીવનું કાંઇ કાર્ય થતું નથી. અને અદ્યપિ કોઇ પળ ઘડી તેણે કરીને સચેત થાય છે. તોપણ શીઘ્રજ અચેત થઇ જાય છે. અને તીક્ષ્ણ ભય તેનું નામ છે કે ભયની પ્રબળતાએ કરીને નિ-રાશ થઈ જાય. અને શરીરના મૃત્યુને જઇ પહોંચે. એ કારણથી એ બેઉ અ-વસ્થા નિંદ્ય છે, કે એનાથી પાપોનો ત્યાગ અને શુભ કર્મોની દ્રઢતા થતી નથી અને આ નિમિત્તે પણ ભયની અધિકતા ન જોઇએ કે ભયનું સુખ જ્ઞાન, વિશ્વાસ અને પ્રેમના જેવું નથી. શાથી કે ભરોસા આદિક લક્ષણ બધાં સુખ રૂપ છે, અને ભય એમની પ્રાપ્તિને નિમિત્તે જોઇએ છીએ. એ કારણથી કહ્યું છે કે ભયનું કારણ પરાધીનતા અને અજાણતા છે. અને એટલા માટે કે અ-

સમર્થતા અને અજાણતાના અંશ વિના ભય ઉપજતો નથી. તેથી મહારાજને નિર્ભય સ્વરૂપ કહ્યા છે કે તેમનામાં અજાણતા અને અસમર્થતાનો અંશજ નથી જોવામાં આવતો પણ ભગવત્ માર્ગની સાધનાને નિમિત્તે આ જીવને અવશ્યજ ભય જોઇએ, અને અચેત પુરૂષોને ભયજ સુચેત કરે છે. જેમ બાળક અને પશુ કોઇ રીતે ભય વિના સુચેત થતાં નથી તેથી નિર્બળ ભયનું દૃષ્ટાંત એ છે કે જેમ મેહેતાજી બાળકને વસ્ત્રે કરીને મારે અથવા પશુને આંગળીએ કરીને માર્ગ વિષે ચલાવા ઇચ્છે, ત્યારે બાળક અને પશુની અચેતતા રંચક પણ દૂર થતી નથી. અને તીક્ષ્ણ ભયનું દૃષ્ટાંત એ છે કે જેમ બાળક અને પશુને એવું શસ્ત્ર ચલાવે કે તેનું અંગજ કપાઇ જાય અથવા મૃત્યુને પ્રાપ્ત થઇ જાય તેમાં જેમ એ બેઉ પ્રકારની શિક્ષા નિષ્ફળ થાય છે તેમજ તીક્ષ્ણ અને નિર્બળ ભયે કરીને આ જીવનું કંઇ કાર્ય થતું નથી. અને જ્યારે આ પુરૂષ ભયની સમાન અવસ્થાને પામે છે ત્યારે પાપોથી ડરવા લાગે છે. અને શુભ કર્મોની શ્રદ્ધા ઉપજે છે, તેથી બુદ્ધિમાન્ પુરૂષ સમાન ભય વિષેજ સ્થિત થાય છે અને જ્યારે ભયની અધિકતા થવા માંડે છે, ત્યારે ભગવત્નો આશરો ચિંતવે છે, અને જ્યારે ભયની નિર્બળતા થાય છે, ત્યારે ભગવત્ની બેપરવાઇનું સ્મરણ કરે છે, પણ જે પુરૂષ ભયથી રહિત થાય અને પોતાને બુદ્ધિમાન્ કહેવડાવે, ત્યારે જાણીએ કે એ તેની બુદ્ધિજ મંદ છે. અને જૂઠોજ અભિમાન કરે છે. જેમ કોઈ મનુષ્ય વૈદ્યક ભણ્યા વિના પોતાને વૈદ્ય કહેવડાવે ત્યારે તે કેવળ જૂઠોજ કહેવાય છે, તેમજ ભય વિના બીજી સર્વ વિદ્યા જૂઠી છે. શાથી કે બધી વિદ્યાનું મૂળ પોતાનું અને ભગવત્નું ઓળખાણ છે. અર્થાત્ પોતાના અવગુણોને ભલી રીતે જોવા અને ભગવત્ને સર્વ ગુણ નિધાન, સમર્થ અને બેપરવાહિ (નિસ્પૃહ) જાણવા તેથી જે પુરૂષે પોતાની આધીનતા અને ભગવત્ની સમર્થતાને ભલી પ્રકારે સમજ્યો છે, તેમાં તેના હૃદય વિષે અવશ્ય ભયજ ઉપજે છે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે પ્રથમ આ જીવને ભગવત્ની મોટાઈ અને બેપરવાહીને ઓળખવું પ્રમાણ છે. વળી તે મહારાજના દાસ થવું જોઇએ કે સર્વદા પોતાને દીન પરા-

ધીન જોતો રહે જે પુરૂષે આ ભેદને ભલી પ્રકારે જાણ્યો છે, ત્યારે તે ભરોસા રહિત શી રીતે થશે.

ભયના ભેદનું વર્ણન.

યદ્યપિ ભયનું ઉપજવું કંઈ ત્રાસે કરીને થાય છે, પણ તે ત્રાસ પણ ભિન્ન ભિન્ન ભાવે કરીને ઉપજે છે. કેટલાક પુરૂષ નરકોના ત્રાસે કરીને ભયવાન્ થાય છે. અને કેટલાક પુરૂષોને પોતાના અવગુણોનો ભય હોય છે. અને એમ જાણે છે કે કદાપિ પાપોનો ત્યાગ કર્યા વિના શરીર છૂટી જાય તો અમારૂં અકાજ થશે. અને કોઇને એ ભય હોય છે કે ભગવત્ મારા સંકલ્પોના અંતર્યામી છે, તેથી જ્યારે મારાથી કંઇ અવજ્ઞા થઇ જાય અને તેની અપ્રસન્નતાને પ્રાપ્ત થાઉં, ત્યારે અવિનાશી દુઃખ વિષે દુઃખિત રહીશ. તાત્પર્ય એ કે આ મનુષ્યને જે જે પ્રકારે ભયની ઉત્પત્તિ થાય, ત્યારે ઘટે છે કે તેના ઉપાય વિષે સાવધાન થાય.

જેને પોતાના મલીન સ્વભાવનો ભય હોય કે રખેને હું પોતાના મનને આધીન થઇને પાપો વિષે આસક્ત થઇ જાઉં તો તેને ઘટે છે કે મલીન સ્વભાવથી વિપર્યય થઇને ભલા સ્વભાવ વિષે વિચરે.

જે પુરૂષ મહારાજને અંતર્યામી જાણીને ભયવાન્ થાય, ત્યારે ઘટે છે કે મલીન સંકલ્પોથી પોતાના હૃદયને શુદ્ધ રાખે,

જિજ્ઞાસુ જનોને અધિક ભય એ હોય છે કે અંતકાળ પર્યંત મારા ધર્મનો નિર્વાહ થશે અથવા નહિ થાય? અને એથી પણ વિશેષ ભય એ છે કે જોઇએ મહારાજે મારા ભાગ્ય વિષે શું લખ્યું છે? શાથી કે જેવું જેવું મહારાજે જે જેના ભાગ્ય વિષે લખ્યું છે, તે કદાચિત્ ઉલટું થતું નથી. એ કારણથી કેટલાક પુરૂષ પ્રથમ પાપ કર્મો વિષે આસક્ત હોય છે, અને ભગવત્‌ની આજ્ઞાએ કરીને પછી તેમની અવસ્થા નિર્મળ થઇ જાય છે, અને

કેટલાંક મનુષ્ય પ્રથમ ચિરકાળ પર્યંત સાત્વિકી કર્મ કરતાં રહે છે, અને પછી તેમની બુદ્ધિ વિપરીત થઇ જાય છે, અને કુમાર્ગનો અંગીકાર કરે છે. તેથી ભાગ્યવાન્ તેજ છે કે જેને શ્રી કૃષ્ણ મહારાજે આદિજ સંકેત વિષે ભાગ્યવાન કર્યા છે. અને અતિ મંદ ભાગી તેજ છે કે જેને આદિ વિષે ભાગ્યહીન રચ્યાં છે. એ કારણથી બુદ્ધિમાનોને આદિ ભય થાય છે. એ પણ મહા વિશેષ છે. શાથી કે જેમને પોતાનાં પાપોનો ભય થાય છે, તે તે પાપોનો ત્યાગ કરીને નિડર અને અભિમાની થઇ જાય છે. અને મહારાજની બેપરવાઇનો જે ભય છે, તે કદાચિત્ દૂર થતો નથી. એટલા માટે કે યદ્યપિ ભગવતે સંત જનોને ઉત્તમ અવસ્થા વિષે સ્થિત કર્યા છે, અને દુર્બુદ્ધિઓને અધો ગતિ વિષે નાંખ્યા છે. પણ જ્યારે વિચાર કરીને જોઇએ તો જગત્‌ની ઉત્પત્તિના આદિમાં કોઇએ ભગવત્‌ની અવજ્ઞા પણ કરી નહોતી, અને કોઇએ સેવા કરીને તેને રાજી પણ કર્યા નહોતા. તેથી કારણ વિના તે જેનાપર દયાળુ થયા છે તેને સારો માર્ગ દેખાડયો છે. અને કારણ વિનાજ કોઇને પાપોની અભિલાષા વિષે આસક્ત કર્યા છે. તેમાં જેવા જેવા કોઇને મહારાજે બનાવ્યા છે તેવાજ તેઓ બન્યા છે. જેને સ્થૂળ ભોગ સુખ રૂપ દેખાડયા છે. તેમાંથી તેઓ તેનો ત્યાગ કરી શકયા નથી. અને જેને સ્થૂળ ભોગ વિષરૂપ બતાવ્યા છે, તેને તેમણે અંગીકાર કર્યાં નથી જેનાં નેત્રનો તેણે બંધ કર્યો છે, તે તે દુઃખને પણ દુઃખ જાણી શકતો નથી. અને જેનાં નેત્રોને પ્રભુએ ખુલ્લાં રાખ્યાં છે, તે દુઃખના માર્ગ વિષે ચાલી શકતો નથી. તેથી ધર્મી અને પાપી બેઉ પરાધીન છે અને ભગવત્‌ની આજ્ઞાનુસાર પુણ્ય પાપને ગ્રહણ કરે છે કૃષ્ણ મહારાજે જેને મંદભાગી કર્યા છે, તે અધોગતિને પ્રાપ્ત થાય છે અને જેને ભાગ્યવાન્ કર્યા છે તે પરમ સુખને પામે છે. તાત્પર્ય એ કે જેમ મહારાજને કોઇનો ભય નથી, અને જે પ્રકારે ઇચ્છે છે, તેવુંજ કરી લે છે. અને જેના હુકમને કોઇ ફેરવી શકતું નથી એવા મહારાજથી સર્વદા ભયવાન્ રહેવું પ્રમાણ છે. એ ઉપર એક સંતજીને આકાશવાણી થઇ હતી કે જેમ ગરજતા સિંહને જોઇને ત્રાસ ઉપજે છે, તેમજ મારાથી ભયવાન્ થાઓ શાથી કે જ્યારે

કોઇને સિંહ મારે છે, ત્યારે સિંહને કંઈ ભય નથી આવતો અને કોઇ અવજ્ઞાના સંબંધે કરીને પણ તે મારતો નથી. અને જ્યારે છોડી દે છે ત્યારે પણ કોઇ ગુણ અવગુણે કરીને છોડતો નથી તેથી એનું મારવું અને છોડવું કારણ વિનાજ કહ્યું છે. તેમજ જેણે મહારાજની મોટાઇ અને તેજને એ પ્રકારે સમજ્યો છે, તે કદાચિત્ નિર્ભય થતો નથી.

અંતકાળના ભેદનું વર્ણન.

ઘણા ભયવાન્ પુરૂષ અંતકાળના ભયે કરીને ડરે છે. તેનું કારણ એ છે કે અંતકાળનો સમય મહા કઠિન હોય છે. અને મનુષ્યનું મન ક્ષણ ક્ષણ વિષે ચલાયમાન છે. તેથી જાણવામાં નથી આવતું કે તે સમય વિષે એનું ચિત્ત શાસ્વભાવ વિષે સ્થિત થશે ? એ ઉપર એક બુદ્ધિમાને કહ્યું છે કે જ્યારે હું પચાસ વર્ષ કોઇની સાથે હોઉં અને તેની અવસ્થાને જોતો રહું. પછી જ્યારે તે પુરૂષ એક ઘડી મારાથી દૂર થઇ જાય ત્યારે હું તેની અવસ્થાની સાક્ષી ન દેઉં. શાથી કે એ મનુષ્યના મનની વૃત્તિ મહા ચપળ છે. તેથી જાણવામાં નથી આવતું કે એક ઘડીના અંતકાળ વિષે કેવા સ્વભાવને પ્રાપ્ત થશે. એ ઉપર એક સંતે મહારાજની દુહાઇ કરીને કહ્યું છે કે કોઇ પુરૂષને અંતકાળના ભયથી નિડર થવું પ્રમાણ નથી. એટલા માટે કે તે વખતે ધર્મનો નિર્વાહ થશે કે નહિ થાય, તે જોવું. એક સંતે કહ્યું છે કે જિજ્ઞાસુજન અન્તકાળના ભયથી શ્વાસો શ્વાસ વિષે ડરતા રહે છે. એક સન્ત મૃત્યુને સમયે રૂદન કરવા લાગ્યા ત્યારે લોકોએ તેમને કહ્યું કે તમારાં પાપો કરતાં ભગવત્‌ની મોટાઇ અને દયાળુતા અતિ મોટી છે. તેથી તમે રૂદન ન કરો. ત્યારે તેમણે કહ્યું કે યદ્યપિ હું જાણું છું કે જે સમય વિષે મારી પ્રતીતિ ભલી પ્રકારે સ્થિત થશે ત્યારે હું પાપોને જોઇને ભયવાન્ નહિ થાઉં. પણ હું તો એટલું પણ નથી જાણતો કે અન્ત પર્યંત મારા ધર્મોનો નિર્વાહ શી રીતે થશે ?

એક સંતે કહ્યું છે કે પ્રીતિમાનને મનમુખતાનો ભય રહે છે. અર્થ એકે જ્ઞાનવાન્ અહંકારના સ્ફુરવાને પણ મનમુખના જાણે છે. અને એવી મનમુખીથી ડરતા રહે છે, શાથી કે અહંકાર અને કપટ અંતકાલ વિષે એની પ્રતીતિને નષ્ટ કરી નાંખે છે. એ ઉપર એક સન્તે કહ્યું છે કે મનના સંકલ્પો અને શરીરની ક્રિયાને ભિન્ન ભાવે કરીને દેખાડવું એજ કપટ છે, તેથી અંતકાળ વિષે એવા પુરૂષની અવસ્થા સ્થિર રહેતી નથી. પણ મૃત્યુના સમયમાં જે આ જીવનો સંબંધ ચાલ્યો જાય છે, તેમાં તેનાં પણ ઘણાં કારણ છે. અને તેનો વિસ્તાર પ્રકટ કરવો પ્રમાણ નથી. તેથી હું બે કારણોને પ્રસિદ્ધ કરીશ. (૧) પ્રથમ તો જેમણે સંતજનોની મર્યાદથી વિપર્યય ક્રિયા ગ્રહણ કરી છે, અને પોતાનું બધું આયુષ્ય **મનમત**ના માર્ગ વિષે વિતાવ્યું છે, અને તે માર્ગને જુઠો પણ જાણતો ન હોય. તે જ્યારે મૃત્યુનો સમય આવે છે, ત્યારે તેનાં કપાટ ઉઘડી જાય છે. અને પોતાની ક્રિયાને જુઠી જાણવા લાગે છે. તેથી તે અવસ્થાના વિપર્યય ભાવ વિષે યદ્યપિ કંઇ અલ્પ માત્ર આગળ ભગવત્‌ની પ્રતીતિ હોય છે, પણ તે સમય તે પણ નિઃસંદેહ ચાલી જાય છે. શાથી કે તે પ્રતીતિ આગળજ નિર્બળ હતી. અને પુરૂષ અનેક શાસ્ત્રોના મતને ભણે છે સાંભળે છે છતાં તેમાં તેનો નિશ્ચય અવશ્યજ સ્થિર રહેતો નથી. અને જે પુરૂષોની બુદ્ધિ યદ્યપિ થોડી છે, પણ સંતજનોનાં વચનોને યથાર્થ જાણીને દૃઢ પ્રતીતિ કરી લે છે ત્યારે તેનો નિશ્ચય અન્તકાળ વિષે ફરતો નથી. એ કારણથી આચાર્ય મહા પુરૂષે અધિક શાસ્ત્ર ભણવાથી વર્જિત કર્યા છે. અને ભોળા ભાવની પ્રતીતિને તેમણે વિશેષ કહી છે, વળી બીજું કારણ એ છે કે જે માણસની પ્રીતિ ભોગો વિષે અધિક થાય છે, તેના હૃદય વિષે પણ ભગવત્‌ની પ્રતીતિ દૃઢ હોતી નથી.

તેથી જ્યારે અંતકાળ વિષે સ્થૂળ પદાર્થોનો વિયોગ થતો જુએ છે, અને એની ઇચ્છા વિનાજ એને પરલોક તરફ લેઇ જાય છે, ત્યારે એવી ભારે શિક્ષા અને ભોગોના વિયોગે કરીને તે નિર્બળ પ્રતીતિ પણ દૂર થઇ જાય છે. જેમ કોઇ પુરૂષની પ્રીતિ પુત્રની સાથે અલ્પ હોય, અને તે પુત્ર પિતાની અધિક

પ્યારી વસ્તુને લેવા ઇચ્છે ત્યારે તે પુત્રની સાથે પિતાની અલ્પ પ્રીતિ પણ રહેતી નથી અને વિરૂદ્ધતા ઉપજી આવે છે. અને જે પુરૂષ ભગવત્‌ની અધિક પ્રીતિ કરીને આગળથીજ સર્વ પદાર્થોથી વિરક્ત થયો છે, તો તેને અન્તકાળનો ભય થતો નથી. શાથી કે તેને ભોગોનો વિયોગ સુખરૂપ ભાસે છે. અને તેની પ્રીતિ સૂક્ષ્મ પદ વિષે અધિક થાય છે. તેથી તેને શરીરનો નાશ થવા વિષે ગ્લાનિ થતી નથી. અને અન્તકાળની ભલાઇનું લક્ષણ એજ છે. પણ જે પુરૂષ એવું ઇચ્છે કે અંતના અવસર વિષે મારા ચિત્તની વૃત્તિ અડોલ રહે ત્યારે ઘટે છે કે પ્રથમ તો સંતજનોની મર્યાદથી વિપરીત નિશ્ચયને અંગીકાર ન કરે, તેનાં યથાર્થ વચનોપર દૃઢ પ્રતીતિ રાખે, તથા બીજા સર્વ પદાર્થોથી વિરક્ત થઇને ભગવતનીજ પ્રીતિ વિષે સ્થિત થાય. માયાના પદાર્થોથી વિરક્ત ત્યારેજ થવાય છે, કે જ્યારે પ્રથમ ધર્મની મર્યાદને ગ્રહણ કરી, પાપોથી રહિત થાય, જ્યારે સંતજનોની સંગતિ અને ભગવત્ ભજન વિષે સાવધાન થવાય અને કુસંગીયોનો ત્યાગ થાય ત્યારે ભગવત્‌ની પ્રીતિ અધિક થાય છે. જેના હૃદયમાંથી માયાની પ્રીતિ દુર નથી થઇ તે અંતકાળના ભયથી કોઈરીતે મુક્ત થતો નથી.

ભયની પ્રાપ્તિના ઉપાયનું વર્ણન.

ત્યારે તું જાણ કે જિજ્ઞાસુજનને પ્રથમ ધર્મના માર્ગ વિષે જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તેજ જ્ઞાને કરીને ભગવત્‌નો ભય પ્રાપ્ત થાય છે. અને ભયે કરીને ત્યાગ, વૈરાગ્ય, અને સંતોષ ઉત્પન્ન થાય છે. અને સંતોષે કરીને નિષ્કામતા અને ભગવત્‌ના ભજનનું રહસ્ય વધતું જાય છે, તેથી પ્રસિદ્ધ થયું કે સર્વ શુભ ગુણોનું કારણ ભગવત્‌નો ભય છે. અને ભયની પ્રાપ્તિના માર્ગ ત્રણ છે.

(૧) પ્રથમ તો ઉત્તમ માર્ગ વિદ્યા અને જ્ઞાન છે. એટલા માટે કે

જેઓ વિદ્યાવડે મહારાજના ઐશ્વર્યને, તેજને તથા બેપરવાહીને ભલી પ્રકારે સમજ્યા છે. જેમણે જીવોની પરાધીનતાને પણ જાણી છે. કે મન્દભાગી અને ભાગ્યવાન્ બધા કોઇ કારણ વિનાજ કેવળ શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞાએ કરીને થયા છે. તેઓને અવશ્યજ જેમ સિંહની પાસે મનુષ્યનું ચિત્ત ભયરૂપ થઇ જાય છે. તેમ ભય ઉપજી આવે છે. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે જે મનુષ્યમાં જેટલું અધિક જ્ઞાન હોય છે તેટલુંજ તેને અધિક ભય ઉપજે છે.

એકવાર આચાર્ય મહા પુરૂષ રૂદન કરતા હતા, ત્યારે તેમને આકાશવાણી થઇ કે " તમે શા માટે રૂદન કરો છો ? તમને તો મેં અભય કર્યા છે.? ત્યારે મહા પુરૂષે વિનતિ કરી કે હે મહારાજ હું તારા ભેદોને સમજી શક્તો નથી. તેથી એટલા માટે રૂદન કરૂં છું કે એ પણ પરીક્ષા તો નહિ હોય ? વળી આકાશવાણી થઇ કે એવુંજ યથાર્થ છે, તેથી મારા ભયે કરીને રોતા રહો. અને કદાચિત્ અચેત થશો નહિ.

એકવાર મનમુખોની લડાઇ વિષે એક મહા પુરૂષની સેનાનો ઘણો સંહાર થયો. ત્યારે તે મહા પુરૂષ ભય સંયુક્ત થઇને પ્રાર્થના કરવા લાગ્યા કે હે મહારાજ સાત્વિકી મનુષ્યોની સહાયતા કરનારા તમેજ છો. એ વખતે તેમના કોઇ પ્રીતમે કહ્યું કે તમે ધૈર્ય કરો, એટલા માટે કે મહારાજે તો તમારીજ જીત થશે એમ કહ્યું છે, તે ભગવત્ સર્વદા પોતાનાં વચનોનો નિર્વાહ કરનારા છે. પણ જ્યારે સૂક્ષ્મ દ્રષ્ટીએ કરીને જોઇએ તો તે સમય વિષે તે પ્રીતમની અવસ્થા મહારાજની દયા સહિત મહા પુરૂષપર દ્રઢ હતી. અને પેલા મહા પુરૂષે મહારાજની નિસ્પૃહતાને સમજ્યા હતા કે જ્યારે તે અમારી જીતન કરે, ત્યારે તેનું શું ઘટે છે, અમે યદ્યપિ તેમણે પોતેજ કહ્યું છે, પણ જ્યારે તે વચન પણ પરીક્ષાને નિમિત્તેજ હોય, ત્યારે શું આશ્ચર્ય છે ? શાથી કે તેનાં વચન અને કૃતિના ભેદને કોઇ પુરૂષ જાણી શકતો નથી.

(૨) ભયની પ્રાપ્તિનો બીજો માર્ગ એ છે કે ભયવાનોની સંગતિએ કરીને પણ અવશ્યજ ભય ઉપજે છે. જેમ માતા પિતાને સર્પથી ડરતાં જોઇને

બાળક પણ સર્પથી ડરવા માંડે છે. પણ આજે ભયવાનોની સંગતિ વિષે ભય ઉપજે છે, તે પ્રથમના જ્ઞાનના ભયથી ન્યૂન છે. શાથી કે જેમ બાળક દેખાદેખીએ કરીને સર્પથી ડરવા લાગે છે, તેમજ જ્યારે કોઇ મન્ત્રવાળા ગારૂડીના હાથમાં સર્પ જુએ છે, ત્યારે તે પણ સર્પને પકડવા જાય છે. તેથી ઘટે છે કે જ્યાંસુધી મનુષ્યનું જ્ઞાન દ્રઢ ન હોય ત્યાંસુધી અચેત પુરૂષોની સંગતિ ન કરે, અને નિડર વિદ્યાવાનોનો સંગતો કદાપિ પણ ન કરે.

(૩) ત્રીજો માર્ગ એ છે કે જ્યારે ભયવાન્ પુરૂષોની સંગતિને પામી ન શકે, ત્યારે ભયવાનોની અવસ્થા અને તેમનાં વચનોને શ્રવણ કરે, અને પોતાના ચિત્ત વિષે એવું જાણે કે જ્યારે એવા બુદ્ધિમાન અને વૈરાગ્યવાન્ પુરૂષ ડરતા રહે છે ત્યારે અમારે તો અવશ્યજ ભય જોઇએ. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "જયારે આકાશ વાણી થવા માંડે છે, ત્યારે ભયે કરીને મારૂં શરીર કંપે છે જોઇએ મહારાજની મને કેવી આજ્ઞા થશે ?

જ્યારે એક સંત રોવા લાગ્યા હતા ત્યારે તેનાં અશ્રુના પ્રવાહથી પૃથ્વીપર ઘાસ ઉપજી આવ્યું હતું, અને તેમણે કૃષ્ણ મહારાજની પાસે એવી પ્રાર્થના કરી કે હે મહારાજ મારાં પાપોને મારા હાથ ઉપર લખી દ્યો, ત્યારે હું આપની અવજ્ઞાને સર્વદા જોતો રહું પછી ભગવતે તેમજ કર્યું, ત્યારે તે પોતાના હાથોને જોઇને સર્વ ક્રિયા વિષે રોતા રહ્યા અને જ્યારે જળપાન કરવા માંડતા ત્યારે આંસુના જળથી કટોરો ભરાઇ જતો હતો.

એકવાર તેમણે એમ પણ કહ્યું હતું કે "હે પ્રભુ તમે મારા રોવા તરફ જોતા નથી." ત્યારે આકાશ વાણી થઇ કે તું પોતાના રોવાની વાર્તો કરે છે, અને પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છું. એથી કરીને કે હું તો એવો બેપરવા છું કે "જ્યારે મેં આદિ મનુને ઉત્પન્ન કર્યા હતા, ત્યારે બધા દેવતાને તેમના દાસ કરી દીધા હતા, અને બીજી પણ નાના પ્રકારની બક્ષિસો તેમને આપી હતી, અને તેને પોતાનો પ્રધાન બનાવ્યો હતો, પણ જ્યારે તેનાથી એકજ અવજ્ઞા થઇ ત્યારે તેને શીઘ્રજ પોતાના દ્વારમાંથી પાડી નાંખ્યો. તેથી જે

કોઈ મારી આજ્ઞા માને છે, ત્યારે હું તેનો અંગીકાર કરૂં છું. અને જે પુરૂષ મારાથી વિમુખ થાય છે, ત્યારે તે અવશ્યજ ક્રોધને દેખે છે. તેથી જ્યારે તું મારી સનમુખ થઇશ ત્યારે હું તને મુક્ત કરી દેઇશ. વળી બીજા એક સંતનું રૂદન સાંભળીને શહસ્ર મનુષ્યોનાં શરીર છૂટી જતાં હતાં, અને કેટલાંક મૂર્છાને પ્રાપ્ત થતાં હતાં.

એક સંતની એવી કથા છે કે જ્યારે તેમની બાળ અવસ્થા હતી, ત્યારે બાળકો તેમને રમવાને નિમિત્તે બોલાવતાં, અને તે બાલકોને આ પ્રમાણે કહેતા હતા કે મને ભગવતે રમવાને માટે તો પેદા કર્યો નથી. પછી મહારાજનો ભય માનીને એટલું રૂદન કરતા હતા કે તેમના કપાળનું માંસ આંસુયે કરીને ગળી ગયું હતું.

એક મહા પુરૂષના પ્રીતમ એવા હતા કે જ્યારે પક્ષીને જોતા ત્યારે ભયે કરીને કહેતા હતા કે જો હું પણ પક્ષી હોત તો સારૂં હતું.

એક બીજા સંત એવું કહેતા હતા કે જો હું વૃક્ષ હોત તો પણ કેટલાંક પાપોથી મુક્ત રહેત. અને એક સંત જ્યારે ભયનાં વચન સાંભળતા હતા ત્યારે અચાનકજ પડી જતા. હતા, અને મૂર્છિત થઇ જતા હતા.

એક સંત બાઇ આ પ્રમાણે કહેતી હતી કે હું મૂળથીજ ઉત્પન્ન થઇ ન હોત તોપણ આ અચેતતાના જીવવા કરતાં વિશેષ હતું.

એક બીજા સંત જ્યારે ભજન કરવાને બેસતા હતા, ત્યારે તેમના મુખનો રંગ પીળો થઈ જતો હતો. ત્યારે કોઇએ પૂછયું કે ભજનના વખતમાં તમારી આવી અવસ્થા શા માટે થઇ જાય છે ? ત્યારે તેમણે કહ્યું કે શ્રી કૃષ્ણચંદ્રના નામ સ્મરણના સમયમાં મહા તેજસ્વી અખિલ બ્રહ્માંડના નાયક શ્રી પ્રભુના સનમુખ થવું પડે છે તેથી મારૂં ચિત્ત ભયવાનૂ થઇ જાય છે.

એક સંતે કહ્યું છે કે શુભસ્થાન પામીને અભિમાની ન થશો. શાથી કે કિંચિત્ અવજ્ઞાએ કરીને મોટા મોટા મહાત્માઓને શ્રી કૃષ્ણ મહારાજે ઉત્તમ

પદથી પાડી નાંખ્યા છે. ભજનની અધિકતાનું પણ અભિમાન ન કરો શાથી કે કેટલાક પુરૂષોએ લાખો વર્ષ પર્યંત જપ તપ કર્યું પણ તેઓ અભિમાને કરીને ધિક્કારના અધિકારી થયા. વિદ્યાએ કરીને પણ અભિમાની થશો નહિ શાથી કે એક વિદ્યાવાન સર્વ વિદ્યા પૂર્ણ શીખ્યા હતા પણ એક વિમુખ રાજાના સંગમાં રહેવાથી શ્રી કૃષ્ણ મહારાજે તેમને શ્વાન જેવા કહ્યા છે, અને પોતાના દ્વારથી વિમુખ કર્યો.

સંતજનોનાં દરશન કરવાથી પણ અભિમાન ન કરો, એટલા માટે કે કેટલાક મનમુખ આચાર્ય મહા પુરૂષના સમ્બન્ધી આચાર્ય મહા પુરૂષને જોતા રહ્યા છે, પણ તેમને ભગવત્‌ની પ્રીતિ પ્રાપ્ત થઇ નથી.

એક સંતે કહ્યું છે કે હું સર્વદા સવારમાં ઉઠીને પોતાના મુખને જોઉં છું. તે એવા ભયથી કે પાપોએ કરીને મારૂં મુખ શ્યામ તો નહિ થયું હોય ?

એક સંત ચાળીસ વર્ષ પર્યંત હશ્યા નહોતા અને સંસારમાં જ્યારે દુર્ભિક્ષ કાળ અથવા કોઇ બીજું વિઘ્ન પ્રકટ થતું, ત્યારે તે એમ કહેતા હતા કે મારાંજ પાપોએ કરીને જીવોને દુઃખ થાય છે.

એક સંતને કોઇએ પૂછ્યું કે " તમારી શી અવસ્થા છે ? " ત્યારે તેમણે કહ્યું કે " મોટા સમુદ્રમાં જેનું વહાણુ ટૂટી જાય, ત્યારે તેની શી અવસ્થા કહીએ ? અર્થ એ કે મારી પણ એવીજ અવસ્થા છે.

એજ કારણુથી તેઓ સર્વદા એવા શોકવાન્ રહેતા હતા કે જેમ કોઇ રાજાના બંદીખાનામાં બંધાએલો પુરૂષ દુઃખિત થાય.

એ ઉપરથી વિચારવું જોઇએ કે એવા ઉત્તમ પુરૂષ તો એ પ્રમાણે ડરતા રહે છે. અને આપણે કિંચિત પણ ભય પામતા નથી તેનું કારણ એ નથી કે આપણે નિષ્પાપ છીએ અને તે પાપી હતા પણ એવું જાણુવામાં આવે છે કે આપણે અતિ મલીનતા, મૂર્ખતા અને પાપોની અધિકતાએ કરી થયા છીએ.

નિડર અને તેઓ બધા જ્ઞાનની અધિકતાએ કરીને સર્વ ગુણ સંપન્ન થઇને પણ ભયવાન્ રહ્યા છે.

જ્યારે કોઈ આ પ્રમાણે પ્રશ્ન કરે કે સંત જનોનાં વચનો વિષે ભય અને આશાની સ્તુતિ તો અધિક છે, પણ એ બેઉ વિષે વિશેષ શું છે? કે જેની પ્રબલતા રહેવી જોઇએ, ત્યારે તેનો ઉત્તર એ છે કે ભય અને આશા બેઉ ઔષધ છે. અને ઔષધને એક બીજાથી વિશેષ કહેવાતું નથી શાથી કે જેમ કોઇને રોગ થાય છે ત્યારે તે પ્રમાણે તેનો ઉપાય કરવામાં આવે છે. અને જે ઉપાયે કરીને રોગનો નાશ થાય ત્યારે તેને તે ઔષધ વિશેષ થાય છે. અને આગળ વર્ણન કર્યું છે કે ભય અને આશા જિજ્ઞાસુ જનના માર્ગનાં સાધન છે, અને એ બેઉથી ઉત્તમ અવસ્થા એ છે કે આ મનુષ્ય સર્વદા શ્રી રાધા કૃષ્ણજીના પ્રેમ વિષે લીન રહી ભૂત, ભવિષ્ય અને વર્તમાનના પ્રેરકની તરફ દૃષ્ટી રાખી, કાળની સ્મૃતિ પણ ન રાખે, એવી અવસ્થા જ્યારે પ્રાપ્ત થાય ત્યારે તેને ભય અને આશા પડદો થાય છે. પણ આ અવસ્થા મહા દુર્લભ છે. અને સૌ જીવોનો અધિકાર એ પ્રમાણે છે કે જેને મરવાનો સમય નિકટ હોય, ત્યારે ઘટે છે કે મહારાજની દયાની આશા અધિક રાખે, એટલા માટે કે શુદ્ધ આશાએ કરીને પ્રીતિ ઉપજે છે અને જે પુરૂષ ભોગો વિષે આસક્ત થાય તેને ભયની પ્રબલતા જોઇએ અને જે પુરૂષ શુદ્ધ બુદ્ધિ અને વૈરાગ્ય સંયુક્ત હોય ત્યારે તેને ભય અને આશા બેઉ સમાન જોઇએ.

ભજન અને શુભ કૃતિના સમય વિષે આશાની અધિકતા વિશેષ છે. શાથી કે શુદ્ધ આશા પ્રીતિનું કારણ છે અને પ્રીતિએ કરીને ભજનનું રહસ્ય અધિક હોય છે, અને પાપ કર્મના સમય વિષે ભયની અધિકતા સુખદાયક છે વળી ખાન પાન આદિક જેટલા શરીરના વ્યવહાર છે, તેના વિષે પણ ભય સંયુક્ત વિચરવું પ્રમાણ છે તાત્પર્ય એ કે ભય અને આશાનો ગુણ મનુષ્યોની વૃત્તિને અનુસાર પ્રકટ થાય છે. અને એવું નથી કહી શકતા કે સર્વથા ભયજ વિશેષ છે, અથવા આશા વિશેષ છે.

સર્ગ ૪ થો.

નિર્ધનતા અને વૈરાગ્યનું વર્ણન,

ધર્મના માર્ગનું મૂળ પોતાને અને પરમેશ્વરને ઓળખવાનું છે. વળી માયા, અને પરલોકને ઓળખવાનું છે. તેમાં પોતાને ઓળખીને પોતે પોતાનો ત્યાગ કરવાનો છે. અને શ્રી ગોપીનાથ તરફ સનમુખ થવું પ્રમાણ છે.

વળી એમજ માયાને છળ રૂપ જાણીને ત્યાગવી, અને પરલોકની તરફ સાવધાન થવું છે. તેથી સર્વ શુભ ગુણોનું ફળ એજ છે કે આપણો આત્મા શ્રી કૃષ્ણ વિષે લીન થઇ જાય. અને માયાના પદાર્થોથી વિરક્ત થઇને પરલોકના અવિનાશી સુખ વિષે સ્થિત થાય. શાથી કે માયાની પ્રીતિ આ જીવની બુદ્ધિનો નાશ કરે છે. અને જે પુરૂષ એથી વિરક્ત થયા છે, તે મુક્ત રૂપ છે. તેથી હું પ્રથમ તો નિર્ધનતાની વિશેષતા કહું છું.

ફકીરી અથવા નિર્દ્ધનતાનું વર્ણન.

જે પુરૂષને કોઇ પદાર્થની ઇચ્છા હોય, અને તે પદાર્થ તેની પાસે ન હોય તેને નિર્ધન પુરૂષ કહે છે, જ્યારે વિચાર કરી જોઇએ ત્યારે તો બધા મનુષ્ય સંગ્રહ રહિત છે, અને નિર્ધન છે. શાથી કે પ્રથમ તો જીવવાનું જોઇએ, અને જીવવાના સંબંધ વિષે ખાનપાન આદિક બીજા પણ અનેક પદાર્થ જોઇએ છીએ, તેટલા પદાર્થોમાં કોઇ વસ્તુ એના હાથમાં નથી પણ મનુષ્ય એ બધાંને આધીન છે. તેથી પ્રસિદ્ધ થયું કે આ બધા જીવ અતિ નિર્ધન અને હીન છે અને બધાના ધની એક શ્રી દ્વારકાંધીશ મહારાજ છે, શાથી કે ધની તેને કહે છે કે જે બીજા કોઇને આધીન ન હોય અને પોતે પોતા વ-

ડેજ સંતુષ્ટ હોય તેમાં એવા ધની શ્રી કૃષ્ણ એકજ છે, અને બીજા બધા નિર્ધન છે, એ ઉપર મહારાજે કહ્યું છે કે હું એકજ ધની છું. અને તમે નિર્ધન છે.

એક મહા પુરૂષે કહ્યું છે કે હું પોતા વડે કરીને તો અત્યંત પરાધીન છું. અને મારાં સર્વ કાર્યોની કુંચી મહારાજનાજ હાથમાં છે તેથી હું અતિ નિર્ધન છું.

જ્ઞાનવાનોના મત વિષે અસંગ્રહી પુરૂષ તેને કહે છે કે જે પોતાની મમતાથી રહિત થાય. અને સર્વ કાર્યો વિષે પોતાને પરાધીન જાણે.

કેટલાક પુરૂષો પોતાને બુદ્ધિમાન્ જાણે છે, તોપણ તેઓ મનને આધીન થઇને ધર્મ માર્ગથી બગડી જાય છે. અને અશુભ અર્થને શુભ અક્ષરો વિષે લપેટીને વર્ણન કરે છે. એટલા માટે કે અલ્પ બુદ્ધિ જીવ અમને બુદ્ધિમાન્ જાણે તે મૂર્ખ એટલું સમજતા નથી કે જ્યારે ભજન અથવા શુભ કર્મોએ કરીને માયાધારી થાય છે, ત્યારે તેને ઘટે છે કે ભગવત્થી પણ વિરક્ત થઇએ. શાથી જેને ભગવત્નો આશરો છે, તે સર્વ પદાર્થનો ધની થાય છે. તેથી સંગ્રહથી રહિત તો તે પુરૂષ કરીએ કે જે નિરાભિમાન થઇને ભજન વિષે સાવધાન થાય. એ ઉપર એક આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "ભગવતનું ભજન પણ મારા બળે કરીને થતું નથી. અને તે પોતેજ મારી પાસે ભજન કરાવે છે.

આ માર્ગ વિષે જે અસંગ્રહનું વર્ણન કર્યુ છે તે અત્રે નિર્ધનતાનો ભાવ રાખ્યો છે તેથી હું નિર્ધનતાનો નિર્ણય કહું છું.

નિર્ધનતા બે પ્રકારની થાય છે. (૧) જે માણસ પોતાના પુરૂષાર્થે કરીને ધનનો ત્યાગ કરે. તેનું નામ વૈરાગ્ય કહેવાય છે.

(૨) બીજું જેને ધન પ્રાપ્તજ ન હોય તેને નિર્ધન કહે છે;

નિર્ધન મનુષ્ય પણ ત્રણ પ્રકારનાં થાય છે,

(૧) જેને ધનનાં સંચય કરવાની અભિલાષા છે અને તેને ધન પ્રાપ્ત થતું નથી ત્યારે તે તૃષ્ણાવાન્ કહેવાય છે.

(૨) જે પુરૂષ ધનને નિમિત્તે યત્ન અને યાચના કરે અને જ્યારે તેને કોઇ કાંઇ આપે ત્યારે પ્રસન્ન થઇને અંગીકાર કરે, અને જો ન આપે તોપણ પ્રસન્ન રહે. ત્યારે તેને સન્તોષી કહે છે.

(૩) જે પુરૂષને ધનની અભિલાષા પણ ન હોય અને યદ્યપિ તેને ધનની પ્રાપ્તિ પણ થાય તોપણ અંગીકાર ન કરે તે વૈરાગ્યવાન્ કહેવાય છે.

(૪) જે પુરૂષને ધનની અભિલાષા છે, અને તેને કંઇ પ્રાપ્ત ન થાય તોપણ સંતોષ છે એમાં સંતોષી જનોની વિશેષતાતો નિઃસંદેહ છે.

પરત્વ સંતોષી નિર્ધનનું વર્ણન.

આચાર્ય મહા પુરૂષે એમ કહ્યું છે કે ભગવત્ સંતોષી નિર્ધનને અધિક પ્રિતમ રાખે છે. અને એમ પણ કહ્યું છે કે હે પ્રીતમો એવોજ પુરૂષાર્થ કરો કે જેથી કરીને નિર્ધનતાએ કરીને પરલોક વિષે જાઓ, અને ધનવાન્ થઇ મૃત ન થાઓ.

એકવાર આચાર્ય મહા પુરૂષને આકાશ વાણી થઇ હતી કે જ્યારે તું ઇચ્છે ત્યારે હું તારે માટે બધા પર્વત સોનાના કરી આપું. ત્યારે મહા પુ-રૂષે વિનતિ કરી કે "હું એ વાર્તાને નથી ઇચ્છતો શાથી કે માયા નિર્ધ-નનું ધન છે, અને ઘર વિનાનાનું ઘર છે. અને તેનો સંચય કરનારા મહા મૂર્ખ છે.

આચાર્ય મહા પુરૂષે માર્ગ વિષે કોઇને સુતેલો જોયો, ત્યારે તેને કહે-વા લાગ્યા કે "ઉઠીને ભગવતનું ભજન કર" ત્યારે તે પુરૂષે કહ્યું કે તું મને શું કહે છે. મેં માયા તો માયા ધારીયોને સોંપી દીધી છે." ત્યારે તેમણે કહ્યું કે "જ્યારે તેં એવું કર્યું છે ત્યારે અચિંત્ય થઇને સુઇ રહે."

આચાર્ય મહા પુરૂષને આકાશવાણી થઈ હતી કે "જ્યારે નિર્ધનતા તારી પાસે આવે ત્યારે તું તેને પ્રસન્ન થઇને અંગીકાર કરજે."

આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "જ્યારે મેં ધ્યાન વિષે સ્વર્ગને જોયું, ત્યારે ત્યાં ઘણા તો નિર્ધન નજરે પડયા, અને નરકો વિષે ઘણા ધનવાન જોયા.

એક સંત કહે છે કે અમુક સંત મારા બધા પ્રીતમોથી પાછળ ઉત્તમ પદને પ્રાપ્ત થશે. એટલા માટે કે તે અધિક ધન રાખે છે, એ વાર્તા સાંભળીને તે સંતે કેટલા હજાર ભાર સંયુક્ત ઉંટ અર્થિયોને આપી દીધાં. પછી તે વાત જ્યારે આચાર્ય મહા પુરૂષે સાંભળી, ત્યારે પોતે પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે તેણે પોતાનું ભલું કર્યું.

ભગવત્ જેને પોતાનો પ્રીતમ કરે છે, ત્યારે તેના સંબંધીયોને તથા ધનને દૂર કરી દે છે. અને તેના ઉપર નાના પ્રકારનાં દુઃખ મોકલે છે.

એક મહા પુરૂષે કહ્યું છે કે ધનવાન્ યત્ને કરીને સ્વર્ગને પામશે. અને નિર્ધન સુખથીજ સ્વર્ગને પામશે.

એક મહા પુરૂષે શ્રી કૃષ્ણ મહારાજની પાસે પ્રાર્થના કરી હતી કે "હે પ્રભો આ જગત્ વિષે તારા પ્રીતમ કોણ છે? કે હું પણ તેની સાથે પ્રીતિ કરૂં." ત્યારે તેને આકાશવાણી થઇ કે "જે નિર્ધનતા વિષે સંતોષ સંયુક્ત રહે છે, તેજ મારા પ્રીતમ છે."

આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે પરલોક વિષે નિર્ધનોને ભગવત આ પ્રમાણે કહેશે કે "હે મારા પ્રીતમો મેં તમને નીચ જાણીને નિર્ધન કર્યા નથી, પણ પોતાની બક્ષીસ દેવાને નિમિતે ધનથી બચાવી રાખ્યા છે. એટલા માટે કે ભોગો અને પાપોથી તમારી રક્ષા થાય. તેથી જેણે તમને કંઇ ખાન પાન આપ્યું છે, તેમને પોતાની સાથે લેઇને સુખનાં સ્થાનો વિષે જાઓ.

વળી એમ પણ કહ્યું છે કે નિર્ધનોની સાથે પ્રીતિ કરો અને યથા શક્તિ તેની સેવા કરો એટલા માટે કે એવા પુરૂષ ઉત્તમ ભાગ્યના થાય છે.

વળી એમ પણ કહ્યું છે કે જેમણે નિર્ધનોની સેવાનો ત્યાગ કર્યો છે, અને ધનનો સંચય કરવામાં આસક્ત થયા છે, તેમના ઉપર ચાર વિઘ્ન અવશ્યજ આવે છે. (૧) દુર્ભિક્ષ (૨) રાજ દંડ (૩) ભોગોની અધિકતા (૪) રોગ.

એક સંતે કહ્યું છે કે "જે પુરૂષ નિર્ધનોને નિર્ધનતાને નિમિત્તે નીચ જાણે અને ધનવાનોની સાથે પ્રીતિ કરે તેને સર્વદા ધિક્કાર છે.

એક સંતનો એ સ્વભાવ હતો કે નિર્ધનોને પોતાની પાસે બેસારતા હતા. અને ધનવાનોને બધાથી પાછળ બેસારતા હતા.

એક સંત જને પોતાના પુત્રને આ પ્રમાણે કહ્યું હતું કે "હે પુત્ર નિર્ધનોને ગ્લાનિની દૃષ્ટીથી ન જોવા. શાથી કે તારો અને એનો ભગવત્ એકજછે"

એક સંતે કહ્યું છે કે જેમ આ મનુષ્ય નિર્ધનતાથી ડરે છે, તે જ્યારે એમજ નરકોથી ભયવાન થાય, ત્યારે બેઉથી અભય થાય અને જેવો પુરૂષાર્થ માયાનાં કાર્યો વિષે કરે છે. તે જ્યારે એવો પુરૂષાર્થ આત્મ સુખને નિમિત્તે કરત ત્યારે પરલોક વિષે સુખી રહેત. અને જેમ લોકોથી સંકોચ કરે છે, તે જ્યારે એજ પ્રમાણે અંતર્યામી શ્રી કૃષ્ણ મહારાજથી સંકોચ કરત, ત્યારે બેઉ તરફ સન્મુખ થાત.

કોઈ પુરૂષે ચાર હજાર રૂપીયા એક સંતને લાવી આપ્યા, ત્યારે તેમણે અંગીકાર ન કર્યા. પછી જ્યારે તેણે અધિક વિનતિ કરી ત્યારે કહેવા લાગ્યા કે તું મને કંઇક ધને કરીને નિર્ધનોના સમાજથી દૂર કરવાને ઇચ્છે છે પણ હું એવું તો નહિ કરૂં.

આચાર્ય મહા પુરૂષે પોતાનાં પત્નીને કહ્યું હતું કે જ્યારે તમે પરલોક વિષે મારી સાથે ઉત્તમ પદને ઇચ્છો છો ત્યારે નિર્ધનોની પેઠે જીવન વ્યતીત કરો, જ્યાં સુધી મારૂં વસ્ત્ર અત્યન્ત જુનું થઇ જાય ત્યાં સુધી તેને કાઢી નાંખીને નવું ન પહેરો, અને ધનવાનોની સંગતીનો ત્યાગ કરો.

એમ પણ કહ્યું છે કે જે પુરૂષને ધર્મના માર્ગની પ્રીતિ છે, અને અલ્પ માત્ર જિવિકા વિષે સંતોષ સહિત પોતાનો સમય વિતાવે છે. તે પુરૂષ ધન્યછે.

એમ પણ કહ્યું છે કે હે નિર્ધનો નિર્ધનતાને વિશેષ પદાર્થ જાણીને પ્રસન્ન થાઓ ત્યારે તમારી નિર્ધનતા સફળ થાય.

તેમાં યદ્યપિ એ વચન વિષે આ પ્રમાણે ભાસે છે કે તૃષ્ણાવાન્ નિર્ધનને કંઇ ફળ પ્રાપ્ત થતું નથી. પણ બીજાં વચનો વિષે એવુંજ પ્રસિદ્ધ છે કે બીજા નિર્ધન પણ મૂળથીજ નિષ્ફળ નથી શાથી કે નિર્ધનતાએ કરીને કેટલાં પાપોથી તેમની રક્ષા થાય છે. વળી આ વાર્તા નિઃસંદેહ છે કે સંતોષી નિર્ધનને અધિક ફળ થાય છે.

આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે સંતોષી નિર્ધનોની સાથે પ્રીતિ કરવી એ ઉત્તમ સુખની કુંચી છે. એટલા માટે કે એવા પુરૂષ ભગવતના નિકટ વર્તી છે એમ પણ કહ્યું છે કે પરલોક વિષે બધા લોક એજ પશ્ચાતાપ કરશે કે "જો સંસાર વિષે અમને જીવિકા માત્ર ધન પ્રાપ્ત થાત તો સારૂં હતું.

આચાર્ય મહા પુરૂષને આકાશવાણી થઇ હતી કે આધીન હૃદયો વિષે જ મારો નિવાસ છે. તેથી તું મને ત્યાંજ પામીશ.

એક સન્તે કહ્યું છે કે જે પુરૂષ ધનની અધિકતાએ કરીને પ્રસન્ન થતો નથી અને આયુષના ઘટવાથી કરીને શોકવાન્ થતો નથી તે મહા પુરૂષ છે.

એક પ્રીતિમાનને કોઇએ લવણ સાથે રોટલી ખાતાં જોયો હતો. ત્યારે તેણે પૂછ્યું કે તમે એટલીજ જીવિકાના ઉપર સંતોષ કર્યો છે? ત્યારે તે પ્રીતિમાન્ કહેવા લાગ્યા કે જેમણે પરલોકનાં સુખનો ત્યાગ કરી માયાને અંગીકાર કરી છે. તેમણે એથી પણ અલ્પ વાતપર સંતોષ કર્યો છે.

એકવાર એક સન્તને તેની સ્ત્રીએ સભા વિષે આવી આ પ્રમાણે કહ્યું, હતું કે આજ તો તારા ગૃહ વિષે આહાર માત્ર પણ કંઇ નથી અને તું મહા અચિંત બેઠો છે? ત્યારે તેણે કહ્યું કે અમારા માર્ગ વિષે એક ઘાંટી મહા

કઠણ છે, તેથી હલકાજ તેથી ઉલંઘિત થાય છે, અને ભારે પડી જાય છે એટલું સાંભળીને તે સ્ત્રી પ્રસન્ન થઇને ઘેર ચાલી ગઇ.

પૂર્વ પક્ષના ઉત્તરનું વર્ણન.

કેટલાક બુદ્ધિમાનોએ આગળ પણ આ પ્રમાણે પ્રશ્નોત્તર કર્યા છે કે ધનવાન ઉદાર વિશેષ છે? અથવા નિર્ધન સંતોષી વિશેષ છે? પણ તે વિષે વિચાર કરતાં એમ ભાસે છે કે નિર્ધન સંતોષી વિશેષ છે. શાથી કે નિર્ધન સંતોષીનો સ્વભાવ સર્વદા ટૂટતો રહે છે. અને શરીરનાં દુઃખોને જોઇને સર્વદા વિરકત ચિત્ત થઇ જાય છે. અને ભગવત્નીજ પ્રીતિને વધારે છે. તેથી મૃત્યુને વખતે પણ બીજા કોઇ પદાર્થની સાથે તેનો મોહ રહેતો નથી. અને ધની પુરૂષ યદ્યપિ ઉદાર અને સાત્વિકી હોય તોપણ નાના પ્રકારનાં સુખોને ભોગવે છે, એ કારણથી વિરકત ચિત્ત થઇ શકતા નથી.

વળી ભજન સ્મરણના નિયમ વિષે પણ ધનવાન્ પુરૂષ વિક્ષેપ સહિત રહે છે. અને સંતોષી નિર્ધનનું ચિત્ત સ્વાભાવિકજ દીન અને એકત્ર રહે છે. પણ જ્યારે ધની અને નિર્ધની પુરૂષ બેઉ તૃષ્ણાવાન હોય ત્યારે બેઉ ધનના અર્થી કહેવાય છે, અને તેનામાંજ બંધમાન છે, અને જ્યારે સૂક્ષ્મ દૃષ્ટીએ કરીને જોઇએ ત્યારે ભગવત્થી અચેત્ થવુંજ નિંદ્ય છે. તેમાં કોઇને ધને કરીને અચેતતા થાય છે, અને કોઇને નિર્ધનતાજ પડદો નાંખે છે. તેથી સંતજનોએ જીવિકા માત્રને પણ નિન્દ્ય કહી નથી. એટલા માટે કે ભગવત્ના ભજનમાં માણસ એનું ચિત્ર સ્થિર રહે તેજ ઉત્તમ પદાર્થ છે.

ધનવાન્ પણ જ્યારે સાત્વિકી અને ઉદાર હોય, અને નિર્ધન પુરૂષને કંઇ ધનની અભિલાષા હોય, ત્યારે બેઉની અવસ્થા પરસ્પર નિકટ હોય છે. એટલા માટે કે યદ્યપિ સુખોને ભોગવવાથી કરીને ધનવાન્નું ચિત્ત મલીન થઇ

જાય છે. પણ ઉદારતાએ કરીને તેને નિર્મળતા પણ પ્રાપ્ત થાય છે. વળી જેવું નિર્ધન પુરૂષનું હૃદય તૃષ્ણાએ કરીને મલીન થાય છે. તેમજ દુઃખોને ખેંચવાથી તેને નિર્મળતા પણ પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એકે મલીનતા બંધમાનને કહે છે, અને નિર્બંધતાનું નામજ નિર્મળતા છે. એ કારણથી જે ધનવાનને ધન હોય કે ન હોય તે વાત સમાન હોય, અને અર્થીયોને નિમિત્તેજ ધનનો સંચય કરતો હોય, અને તેનું ચિત્ત સર્વ પદાર્થોથી વિરક્ત હોય તે નિસ્સન્દેહ સર્વથી ઉત્તમ છે.

એક સંત સ્રીને ત્રીસ હજાર રૂપીયા કોઇના તરફથી ભેટ આવ્યા હતા ત્યારે તેણે એકજ દિવસમાં અર્થિયોને વહેંચી આપ્યા. અને પોતાને નિમિત્તે એક પૈસો પણ ન રાખ્યો. એ અવસ્થા મહા ઉત્તમ છે. પણ જ્યારે ધનવાન અને નિર્ધન બેઉના ચિત્તની વૃત્તિ સમાન હોય ત્યારે નિર્ધનતાજ વિશેષ છે. શાથી કે જ્યારે નિર્ધન પુરૂષ એકવાર શ્રી રાધાકૃષ્ણ કહે છે, ત્યારે દીનતાએ કરીને એવો એકાગ્રચિત્ત થાય છે, કે ધનવાન્‌નું મન ઘણું ભજન અને ઘણું દાન કરવાથી પણ એવું આધીન થતું નથી. એટલા માટે કે ધનવાન્‌નું ચિત્ત પદાર્થોની પ્રસન્નતાએ કરીને કઠોર થઇ જાય છે. અને ભજનરૂપી બીજ કઠોર ચિત્ત વિષે ઉપજતુંજ નથી.

તેથી જે પુરૂષનું ચિત્ત કોઈ પદાર્થ વિષે આસક્ત ન થાય, અને પ્રીતિ સંયુક્ત ભજનમાં સ્થિત રહે તે નિસ્સન્દેહ શ્રી કૃષ્ણ મહારાજની નિકટતાને પામે છે. જ્યારે કોઇ એવું અનુમાન કરી લે કે ધન વિષે નિર્લેપ રહું છું. તો તે મોટી મૂર્ખતા છે. શાથી કે પરીક્ષા કર્યા વિના અભિમાન કરવો વ્યર્થ છે. તેની પરીક્ષા એ છે કે જેમ પેલી સંતબાઇએ એકવારમાંજ ધનને વેહેંચી દીધું. અને તેના ચિત્ત વિષે સંચય કરવાનો સંકલ્પજ ન સ્ફુર્યો. જ્યારે ધનવડે ઉત્તમ અવસ્થાને પ્રાપ્ત થવાનું સુગમ હોત, ત્યારે સંતજન અને પ્રીતિમાન્ રાજ અને ધનનો ત્યાગ શા માટે કરત? અને વૈરાગી વૃત્તિ વિષે શા માટે રહેત? એ ઉપર એક મહા પુરૂષે કહ્યું છે કે “ધનવાનોની તરફ દ્રષ્ટી

ન કરો," શાથી કે તેની પ્રસન્નતાની દૃષ્ટી તમારા ધર્મનો નાશ કરશે. અને ભજનની પ્રસન્નતા દૂર થઇ જશે. એથી કરીને કે બેઉ તરફની પ્રીતિ હૃદય વિષે સમાઇ શકતી નથી. તેથી એક વસ્તુ સત્ય છે. અને એક અસત્ય છે. તેમાં જેનું ચિત્ત અસત્ય વસ્તુ વિષે બન્ધમાન થયું. તે શુભ પદાર્થની તરફથી વિમુખ થાય છે. અને જેટલોજ અસત્ય વસ્તુથી નિર્મોહ રહે છે, તેટલોજ સત્ય સ્વરૂપની તરફ સન્મુખ થાય છે.

એ ઉપર એક સન્તને કોઇએ કહ્યું હતું કે "મારૂં કુટુંબ મોટું છે, અને હું અત્યંત નિર્ધન છું, તેથી તમે મારે નિમિત્તે ભગવત્ પાસે પ્રાર્થના કરો." ત્યારે તેમણે કહ્યું કે "જે વખતે તારાં છોકરાં આહારને નિમિત્તે રૂદન કરવા માંડે અને તારૂં ચિત્ત અત્યન્ત આધીન અને શોકવાન્ થાય ત્યારે તું મારે નિમિત્તે પ્રાર્થના કર્યા કર. શાથી કે એવા સમય વિષે તારી પ્રાર્થના મારી પ્રાર્થનાથી અધિક સફળ થશે.

નિર્ધનતાની યુક્તિનું વર્ણન.

નિર્ધનતા પણ આયુક્તિવડે સફળ થાય છે કે ચિત્ત જેનું પ્રસન્ન રહે અને કોઇની પાસે પોતાના દુઃખનું વર્ણન ન કરે પ્રથમ તો શ્રી કૃષ્ણ મહારાજનો ઉપકાર જાણીને પ્રસન્ન થાય. અને આ પ્રમાણે સમજે કે શ્રી કૃષ્ણ મહારાજ નિર્ધનતા પોતાના ભક્તોને આપે છે. અને જ્યારે એવી પ્રસન્નતાને પ્રાપ્ત થઇ શકે નહિ અને નિર્ધનતાએ કરીને દુઃખી થાય, તોપણ શ્રી કૃષ્ણ મહારાજની આજ્ઞા વિષે ગ્લાનિ ન કરે. તેમાં આ વાર્તા પ્રસિદ્ધ છે કે "દુઃખે કરીને દુઃખી થવું એ ભિન્ન વાત છે અને ગ્લાનિ કરવી એ ભિન્ન વાત છે જેમ રૂધિર કઢાવનારો પુરૂષ પીડાએ કરીને દુઃખી થાય છે. પણ રૂધિર કાઢનારા ઉપર ગ્લાનિ કરતો નથી. તેમજ જે પુરૂષ નિર્ધનતા વિષે દુઃખી હોય અને શ્રી કૃષ્ણ આજ્ઞા જાણીને તે દુઃખ વિષે પોતાનું કલ્યાણ સમજે તો એ

પણ વિશેષ અવસ્થા છે. વળી જે પુરૂષ શ્રી કૃષ્ણની આજ્ઞાને સમજે નહિ અને નિર્ધનતાના દુઃખ વિષે ગ્લાનિ કરે, અથવા પ્રભુની દયાપર પ્રતીતિજ ન કરે, ત્યારે તે વાર્તા અયોગ્ય છે. અને એથી કરીને નિર્ધનતા કદી ફળ દાયક થતી નથી. તેથી ઘટે છે કે સર્વ સમય અથવા સર્વ અવસ્થા વિષે ભગવત્‌નો ઉપકાર જાણે. અને આ પ્રમાણે સમજે કે " ભગવત્ કૃતિ કદી નિષ્ફળ થતી નથી પણ તે સર્વદા ફળ દાયક છે, તેથી તેની કૃતિ વિષે ગ્લાનિ કરવી પ્રમાણ નથી. અને ઘટે છે કે રસનાએ કરીને પણ પોતાની નિર્ધનતાનાં વખાણ ન કરે; અને ધૈર્યે કરીને ગુપ્ત રાખે.

એ ઉપર એક સન્તે કહ્યું છે કે " એક નિર્ધનતા પણ દુઃખનું કારણ થાય છે." તેનું લક્ષણ કઠોરતા અને ગ્લાનિ છે. વળી એક નિર્ધનતા સુખદાયક થાય છે. તેનું લક્ષણ કોમલતા અને ધન્યવાદ છે. અને સંતજનોએ એમ પણ કહ્યું છે કે પોતાની નિર્ધનતા વિષે બીજી યુક્તી એ છે કે " ધનવાનોની સંગતિ કદાચિત્ ન કરે. અને ધનને નિમિત્તે તેની પાસે દીન ન થાય. અને તેનો ઘણો આદર પણ ન કરે. એ ઉપર એક સંતે પણ કહ્યું છે કે જે પુરૂષ અતીત થઇને ધનવાનોની સંગતિ કરે છે ત્યારે જાણીયે કે કપટી છે, અને જ્યારે રાજાઓની નિકટતાને ઇચ્છે, ત્યારે તેને વાટપાડુ જાણવો.

વળી એક યુક્તિ એ છે કે યથાશક્તિ પોતાની અભિલાષાઓને સંકોચાવીને દાન પણ કરે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે જેની પાસે બે પૈસા હોય અને એક પૈસો કોઇ અર્થીને આપી દે ત્યારે ધનવાનૂના સહસ્ર રૂપીયા દેવા કરતાં પણ અધિક વિશેષ છે.

દાન લેવાની યુક્તિ એ છે કે સકામ અને અશુદ્ધ પુન્યનો અંગીકાર ન કરે અને શરીરના નિર્વાહથી અધિક પણ ન લે. પણ જ્યારે બીજા અર્થીયોને નિમિત્તે લે, ત્યારે તે પણ પ્રમાણ છે.

શાથી કે પ્રકટજ પુજાનો અંગીકાર કરવો અને ભગવત્ અર્થે અર્થીયોને પહોંચાડવું એ સાચા પુરૂષની અવસ્થા છે. અને જેનામાં એવી સમર્થતા ન

હોય ત્યારે તેને ઘટે છે કે દાન દેનારાને આ પ્રમાણે કહે કે તુંજ કોઇ અધિકારીને દેઇ દે. પણ દાન દેનારાની અવસ્થાને વિચારવી અધિક પ્રમાણ છે કે આ પુરૂષ મને ભાવે કરીને આપે છે? અથવા કોઇ કામના કે માનને નિમિત્તે દે છે? તે જ્યારે તે પુરૂષ ભાવે કરીને આપે અને લેનારાપર ઉપકાર પણ ન રાખે ત્યારે તેની પૂજા અંગીકાર કરવી વિશેષ છે. પણ તે છતાં જેટલી તેની શ્રદ્ધા હોય તેથી અધિક અંગીકાર ન કરે.

એ ઉપર એક વાર્તા છે કે એક પુરૂષે એક સંતની પાસે પચાસ રૂપીયા પુજાના રાખ્યા હતા, અને એમ કહેવા લાગ્યો કે જ્યારે કોઈ ભાવે કરીને યાચના વિનાજ કંઇ આપી જાય ત્યારે તેનો નિરાદર કરવો પ્રમાણ નથી આ વચન સાંભળીને સંતે એક રૂપીયો કાઢી લીધો અને ઓગણપચાસ રૂપીયા તેને પાછા આપ્યા. એ બીજો પુરૂષ બીજા સન્તની પાસે કંઇ ધન લેઇ આવ્યો ત્યારે તેમણે અંગીકાર ન કર્યું. અને કહેવા લાગ્યા કે જે પુરૂષ ધર્મનો ઉપદેશ કરનાર હોય અને કોઇની પૂજાનો અંગીકાર કરે, ત્યારે તેની નિષ્કામતા નાશ થઇ જાય છે અને ભગવત્નાં દર્શનને પામતો નથી. પણ એ વચન તેમણે એટલા માટે કહ્યું હતું કે તે પુરૂષ તેનું ઐશ્વર્ય જોઇને પૂજા આપતો હતો, અને તેના હૃદય: વિષે નિષ્કામ પ્રીતિ નહોતી.

એક બીજા સન્તજનને એક મિત્ર કંઇક ભેટ આપવા લાગ્યો ત્યારે તેમણે એવું કહ્યું કે જ્યારે આ વસ્તુ આપવાથી તારો ભાવ અધિક વધે ત્યારે હું તેનો અંગીકાર કરૂં છું પણ જ્યારે આ વસ્તુ આપવાથી તારો પ્રતીતિભાવ ઘટી જાય ત્યારે હું આ વસ્તુને અંગીકાર નહિ કરૂં. તુંજ કોઇ અધિકારીને દેઇ દે.:એ કારણથી એક સંત કોઇની પૂજા લેતા નહોતા અને આ પ્રમાણે:કહેતા હતા કે “જ્યારે હું એની પૂજા વિષે કેવળ નિષ્કામતા દેખું, ત્યારે તેની પૂજાનો નિરાદર ન કરૂં.” પણ જ્યારે લોક કોઇને કંઇ દેવા માંડે છે, ત્યારે પોતાની ઉદારતાનું વર્ણન કરે છે. અને તેના ઉપર પોતાનો ઉપકાર રાખે છે, તેથી સંતજનોએ નિષ્કામ મિત્રોની પુજાનોજ અંગીકાર કર્યો છે. અને ઉપકાર રાખનારા પુરૂષોની પૂજાથી વિરક્ત રહ્યા છે.

એ ઉપર એક સંતે કહ્યું છે કે હું બીજા કોઈ પાસે કંઇ માગતો નથી. પણ અમુક સંત પાસેથી માગી પણ લેઉં છું. એટલા માટે કે જ્યારે તે કોઇને કંઇ આપે છે ત્યારે પોતે અધિક પ્રસન્ન થાય છે.

તાત્પર્ય એ કે જ્યારે કોઇ એને માન અને લોકોને દેખાડવાને નિમિત્તે આપે ત્યારે તેનો અંગીકાર ન કરે. એ ઉપર એક વાર્તા છે કે એક સંતે કોઇની પૂજાનો નકાર કર્યો હતો ત્યારે લોક કહેવા લાગ્યા કે "તમે એનો નિરાદર કેમ કર્યો? ત્યારે તે કહેવા લાગ્યા કે "અમે તો એના ઉપર દયા કરી છે. શાથી કે આ સંસારી જીવ જ્યારે કોઇને કંઇ આપે છે, ત્યારે પછી પોતાની મોટાઇનું વર્ણન કરવા લાગે છે, એ કારણથી તેમનું ધન પણ વ્યર્થ થાય છે અને ફળ પણ નાશ થઇ જાય છે. પણ જ્યારે કોઇ પ્રસન્નતાને નિમિત્તે તેને કંઇ આપે ત્યારે હોવા છતાં તેનો અંગીકાર ન કરે. અને જ્યારે પોતે અત્યંત અર્થી હોય ત્યારે નકાર પણ ન કરે અને એમ પણ કહ્યું છે કે "જ્યારે કોઈ એને યાચના વિનાજ ભાવ પ્રીતિએ કરીને કંઇ આપે અને તે પુરૂષ અભિમાને કરીને તેનો નિરાદર કરે ત્યારે ભગવત તેના ઉપર એવી શિક્ષા કરે છે કે તેની પાસે લોકોની યાચના કરાવે છે. અને તે એને આપતાજ નથી. એ ઉપર એક વાર્તા છે કે એક સંતે કંઇ ધન બીજા સંતની પાસે મોકલ્યું હતું, ત્યારે તેમણે અંગીકાર ન કર્યું, પછી તેણે કહ્યું કે "તમે નકારના વિઘ્નનો ભય કેમ કરતા નથી? એ વચન સાંભળીને તે વિચાર કરવા લાગ્યા અને એવું કહેવા લાગ્યા કે એક રાત્રીની જીવિકા મારી પાસે છે. તેથી તમે આ ધનને તમારી પાસે રાખો. જ્યારે તે જીવિકા પૂર્ણ થઇ જશે ત્યારે હું તમારી પાસેથી માગી લેઇશ.

યાચનાની નિષેધતાનું વર્ણન.

મહા પુરૂષે કહ્યું છે કે યાચના કરવી એ મહા મલીન છે, તેથી પ્રયોજન

વિના એ વિષે વિચરવું અયોગ્ય છે. અને એની મલીનતા ત્રણ પ્રકારે જણાય છે.

(૧) પ્રથમ તો યાચના કરવાથી સ્વામીની નિન્દા પ્રકટ થાય છે. અને તેથી કરીને ભગવત્‌ના ઉપકારના કૃતઘ્ની થાય છે. જેમ કોઇ ચાકર પોતાના સ્વામી વિના બીજા કોઈ પાસે કંઇ માગે ત્યારે તે સ્વામી પણ નિંદાય છે. તેથી અત્યંત પ્રયોજન વિના યાચના ન કરે તો સારૂં છે.

(૨) બીજી મલીનતા એ છે કે યાચનાએ કરીને પોતાની નિર્માનતા થાય છે, અને જિજ્ઞાસુજનને એ વાર્તા પ્રમાણ નથી કે ભગવત્ વિના લોકોની પાસે લોભને નિમિત્તે પોતાને નિર્માન કરે. પણ જ્યારે અત્યંત પ્રયોજન હોય ત્યારે નિષ્કામ મિત્ર અથવા કોઇ પરમ ઉદાર પાસે માગી લે. તો પ્રમાણ થાય. એટલા માટે કે ઉદાર પુરૂષ અને નિષ્કામ મિત્ર દેવાથી ગ્લાનિ કરતા નથી, અને તેમા ઉપર ઉપકાર પણ રાખતો નથી. તોપણ હોવા છતાં યાચના કરવી એ મહા અયોગ્ય છે.

(૩) ત્રીજી મલીનતા એ છે કે જેની પાસે યાચના કરીએ, તેને દુઃખ દેવાનું થાય છે. શાથી કે જ્યારે એનું ચિત્ત દેવાથી પ્રસન્ન ન હોય, અને લજ્જા અથવા અપમાનના ડરે કરીને કંઈ આપે ત્યારે તેનું હૃદય દુઃખિત થાય છે માટે ઘટે છે કે યદ્યપિ અવશ્યજ માગવું પડે તો પણ પ્રસિદ્ધ યાચના ન કરે. અને સાન કરીને પોતાનું કાર્ય દેખાડી દે તો ભલું છે. એટલા માટે કે જ્યારે દેનારા પુરૂષની મનસા દેવાની ન હોય ત્યારે લજ્જા અને સંકોચ કરીને ન દે. અને જ્યારે પ્રસિદ્ધજ માગવાનું થાય. ત્યારે એક પુરૂષની તરફ દૃષ્ટી રાખીને ન કહેવું. અને સભા વિષે બધાને કહેવું તેથી જેની ઇચ્છા હશે તે દેશે. પણ જ્યારે કોઇ બીજા અર્થીને નિમિત્તે પ્રસિદ્ધ પણ માગી લે, ત્યારે તે પણ પ્રમાણ છે. તાત્પર્ય એ કે જ્યારે કોઇ પુરૂષ લજ્જા અને અપમાનના ભયે કરીને કંઇ આપે ત્યારે તેના દાનનો અંગીકાર કરવો અયોગ્ય છે, શાથી કે એ દંડે કરીને લેવાનું થાય છે. તેમાં યદ્યપિ સ્થૂળ બુદ્ધિ જીવ આ ભેદને

સમજતા નથી. પણ વિચારવાન્ બુદ્ધિએ કરીને હૃદયની તરફ જોઈ લે છે કે ગ્લાનિ સહિત દાન દેવું એ દંડની પેઠે થાય છે. એથી કરીને પ્રસિદ્ધ થયું કે અત્યન્ત પ્રયોજન વિના યાચના કરવી એ મહા નિંદ્ય છે. માગવાનો અધિકાર પણ તેનોજ છે કે જે કેવળ નિર્ધન અને દીન હોય અને કોઇ વ્યવહાર કરી શકતો ન હોય. પણ જિજ્ઞાસુજનને એ પણ ઘટે છે કે જીવિકાની અધિકજ અપેક્ષા હોય ત્યારે આસન, વાસણ કે વસ્ત્ર વેચી દે અને પોતાનું ચાલે ત્યાં- સુધી યાચના ન કરે.

એ ઉપર મહા પુરૂષે કહ્યું છે કે જે પુરૂષ કંઇ સંગ્રહ છતાં પણ કંઈ માગે છે, તે નિઃસંદેહ નરકોનો અધિકારી થાય છે. તેથી જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે શરીરના નિર્વાહ માત્રને સારૂ ત્રણજ પદાર્થ માણસને જોઇએ (૧) કંઇ આહાર જેણે કરીને પ્રાણ બન્યા રહે. (૨) વળી એટલુંજ વસ્ત્ર જેથી નગ્નતા દૂર થાય. (૩) અને શીતોષ્ણ અને વર્ષાની રક્ષાને માટે, માત્ર સ્થાન જેઓ આ ભેદને સમજ્યા છે, તે જે તે પ્રકારે પોતાના શરીરનો નિ- ર્વાહ સંયમ સહિત કરી લે છે. પણ જે પુરૂષ નાના પ્રકારનાં ભોજનો અને શૃંગારોને નિમિત્તે યાચના કરે તે તો નિઃસંદેહ પાપી થાય છે.

તપશ્વીઓની અતીત અવસ્થાના ભેદનું વર્ણન.

અતીતજનોની અવસ્થા ત્રણ પ્રકારની છે.

(૧) એક તો એવા ઉત્તમ છે કે જે કોઇ પાસે કંઇ માગતાજ નથી. અને જ્યારે કોઇ તેને કંઇ આપે તોપણ લેતા નથી. તેઓ કેવળ અગ્રાહ (નિસ્પૃહ) રૂપ છે.

(૨) બીજા પુરૂષ એવા છે કે જેઓ યાચના કરતા નથી પણ જ્યારે કોઇ શ્રદ્ધા સહિત આપે ત્યારે અંગીકાર કરી લે છે. તે પણ પરમસુખના અ- ધિકારી થાય છે.

(૩) ત્રીજા એવા પ્રીતિમાન્ પુરૂષ છે, કે જ્યારે અત્યન્ત પ્રયોજન હોય ત્યારે યાચના પણ કરી લે છે, પણ ભોગોને નિમિત્તે કદાચિત્ માગતા નથી. તે પણ સાત્ત્વિકી જનોની અવસ્થા છે. પણ પ્રથમની બે અવસ્થાંથી અલ્પ છે.

એક સંતે એક સિદ્ધને પૂછ્યું હતું કે તેં કાશીના અતીતોને શી રીતે જોયા છે. ત્યારે તેમણે કહ્યું કે તેમની અવસ્થા ઉત્તમ છે. શાથી કે જ્યારે કંઈ પામે છે, ત્યારે ભગવત્નો ધન્યવાદ કરે છે, અને જ્યારે કંઇ નથી. પામતા ત્યારે સંતોષ કરી રહે છે. એ વચન સાંભળીને સન્તે કહ્યું કે એ તો કૂતરાઓની અવસ્થા છે, પછી તે સિદ્ધે પૂછ્યું કે તમે અતીતોની અવસ્થા કેવી જોઈ છે? ત્યારે તે કહેવા લાગ્યા કે જ્યારે તેમને કંઇ પ્રાપ્ત થતું નથી ત્યારે ધન્યવાદ કરે છે, અને જ્યારે કંઇ પામે છે ત્યારે ઉદારતા કરે છે, એ વાર્તા સાંભળીને સિદ્ધે મસ્તક નમાવ્યું અને કહેવા લાગ્યા કે સાચા પુરૂષોની અવસ્થા એજ છે.

એક બીજી વાર્તા છે કે એક સંતને કોઇએ માગતો જોયો, ત્યારે તે સંશયવાન્ થઇને તે બીજાને પૂછવા લાગ્યા કે આ તો યાચના કરનારા નહિ, ત્યારે એમના માગવા વિષે શું. પ્રયોજન છે? ત્યારે તેમણે કહ્યું કે એમના માગવા તરફ જોઇને ગ્લાનિ ન કરો. શાથી કે એ માગવા વિષે પણ લોકોનું કલ્યાણ કરે છે. અને એમના હૃદયની દૃષ્ટી સર્વદા ભગવત્ની તરફ છે. તેથી એમનું માગવું પણ કલ્યાણદાયકજ છે. તાત્પર્ય એ કે સાચા પુરૂષોની એવી અવસ્થા થઇ છે. અને એમનું હૃદય એવું નિર્મળ થયું છે કે કહ્યા વિનાજ એક બીજાનો સંકલ્પને ઓળખી લે છે. અને જે પુરૂષને એવી અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યારે ઘટે છે કે એવા પદની અભિલાષાને હૃદય વિષે દૃઢ કરે.

વળી જ્યારે પ્રીતિ અને શ્રદ્ધાથી હીન હોય ત્યારે તેની અવસ્થાપર પ્રતીતિજ દૃઢ રાખે તો સારૂં છે.

પરત્વ અને વૈરાગ્યના અર્થનું વર્ણન.

જેમ ગ્રીષ્મ ઋતુ વિષે કોઇ પુરૂષની પાસે બર્ફ હોય ત્યારે તેને શીતળતાને નિમિત્તે તે બર્ફ પ્રીતમ થાય છે, પણ જ્યારે કોઇ તેને અધિક સોનું આપીને વેચાથી લેવાને ઇચ્છે, ત્યારે ધનવડે કરીને તેને વેચી દે છે. અને પોતાની શીતળ જળ પીવાની અભિલાશાને ત્યાગી દે છે. અને એમ જાણે છે કે આ બર્ફ ક્ષણ ક્ષણ વિષે ગળી જાય છે, અને સુવર્ણે કરીને મારાં કેટલાંએ કાર્ય પૂર્ણ થશે. તેમજ જે પુરૂષ એ પ્રમાણે સમજ્યો છે કે આ સંસારનાં સુખ ક્ષણ ક્ષણ વિષે પરિણામને પામતાં જાય છે, અને મૃત્યુને વખતે કાંઇ પણ રહેશે નહિ. તેથી આત્મ સુખની પ્રીતિએ કરીને સંસારનાં સુખને શીઘ્રજ ત્યાગી દેછે. અને તેની દૃષ્ટિ વિષે બધા ભોગ તુચ્છ ભાસે છે. એજ અવસ્થાને વૈરાગ્ય કહે છે. પણ વૈરાગીની પરીક્ષા બે પ્રકારથી થાય છે, પ્રથમ તો જેણે પુરૂષાર્થ અને નિષ્કામ પ્રીતિએ કરીને ધન અને માન આદિક પદાર્થોનો ત્યાગ કર્યો છે, અને બધા ભોગોથી વિરક્ત થઇને મહારાજની તરફ સાવધાન થાય છે. ત્યારે તે પણ ઉત્તમ વૈરાગી કહેવાય છે.

અને જે પુરૂષ આદિ વિષે કંઇ ધન રાખતો નથી, ત્યારે તેના વૈરાગ્યની પરીક્ષા એ છે કે જો એને ધન આદિક પદાર્થ પ્રાપ્ત થાય તો અંગીકાર ન કરે, ત્યારે તેના વૈરાગ્યનું ચિન્હ પ્રકટ થાય છે;

જે પુરૂષ એવી પરીક્ષા કર્યા વિના પોતાને વૈરાગી જાણે તેમ મહા મૂર્ખ છે, શાથી કે ભોગોની પ્રાપ્તિ વિના એનું મન સ્વાભાવિકજ સંકોચાએલું રહે છે. અને જ્યારે ભોગોની પ્રાપ્તિ થાય છે, તો મહા ચપળતાને પામે છે. વળી એક એ પણ વૈરાગ્યની પરીક્ષા છે કે જેમ ધન આદિક પદાર્થોનો ત્યાગ કરે છે, તેમ માનના રસથી પણ વિરક્ત થાય એટલા માટે કે વૈરાગી તેને કહે છે કે જેની પ્રીતિ ભગવત્ ભક્તિ વિના બીજા કોઇ પદાર્થ વિષે કંઇ પણ ન હોય. રામ ભક્તિને નિમિત્તે સ્થૂળ સુખોનો ત્યાગ કરવો બહુ લાભદાયક છે.

એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે કહ્યું છે કે જ્યારે તમે તન અને ધન મારે અર્થે વાપરશો ત્યારે હું પણ પરમ સુખ રૂપ મારી ભક્તિ તમને પ્રાપ્ત કરીશ. તેથી હે જિજ્ઞાસુ જનો એથી કરીને તમને અધિક પ્રસન્ન થવું પ્રમાણ છે કે આ વ્યવહાર બહુ લાભદાયક છે. અને જે પુરૂષ પોતાના માનને નિમિત્તે અથવા કોઇ બીજા અર્થે કરીને ધન આદિક પદાર્થોનો ત્યાગ કરે, ત્યારે તેને વૈરાગી કહેતા નથી. અને સ્વર્ગના સુખની ઇચ્છા કરીને જે પુરૂષ સંસારના સુખોનો ત્યાગ કરે છે તેનો પુરૂષાર્થ જ્ઞાનવાનોની પાસે કંઇ લેખામાં નથી. શાથી કે શ્રી રામ કૃષ્ણના ભકતો તો જેમ આ સંસારનાં સુખને તુચ્છ જાણે છે, તેમજ સ્વર્ગનાં સુખને પણ તુચ્છ રૂપ જાણે છે શાથી કે સ્વર્ગ વિષે પણ ઇંદ્રિયાદિકજ ભોગ છે, તેથી તેને પણ વિરસ સમજે છે. અને ઇંદ્રિયાદિક ભોગો વિષે આસક્ત થવું એ પશુઓનો ધર્મ છે એ કારણથી જ્ઞાનવાન્ શ્રી રાધા કૃષ્ણજીના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ વિના બીજા કોઇ પદાર્થે કરીને સંતુષ્ટ થતા નથી. અને બીજા સર્વ પદાર્થોને કંઇ વસ્તુજ જાણતા નથી તેથી જ્ઞાનવાન્ ધનનો ત્યાગ પણ કરતા નથી અને જે કંઇ સંગ્રહ રાખે છે, તોપણ અધિકાર અનુસાર ખર્ચ કરી દેછે. જેમ પાછળના કેટલાક સંતોની અવસ્થા થઇ છે કે તે કેટલીક પૃથ્વીનું રાજ પણ કરતા હતા અને ધન પણ અધિક રાખતા હતા પણ તેમનું ચિત્ત કોઇ પદાર્થ વિષે આસક્ત નહોતું. તાત્પર્ય એ કે જ્ઞાનવાન્‌ની પાસે લાખો રૂપીયા હોય તોપણ વૈરાગી છે. અને જ્ઞાનહીન પુરૂષ યદ્યપિ એક પૈસો પણ ન રાખતો હોય તોપણ વૈરાગી કહેવાતો નથી. તેથી ઉત્તમ અવસ્થા એ છે કે એ પોતાનું ચિત્ત સર્વ પદાર્થોથી નિર્મોહ કરવું. અને કોઇ પદાર્થના ગ્રહણ અથવા ત્યાગની ઇચ્છાજ ન કરવી તેમજ કોઇ પદાર્થ સાથે પ્રીતિ અને વિરોધ પણ ન કરવાં. શાથી કે જેવા પ્રીતમ પદાર્થ ચિત્તમાંથી કદાચિત્ વિસરતા નથી તેવાજ વિરોધી પદાર્થ પણ વિસ્મરણ થતા નથી. અને ઉત્તમ અવસ્થા એ છે કે પુરૂષના હૃદયમાંથી બધા પદાર્થ વિસ્મરણ થઇ જવા જોઇએ. અને જેમ સમુદ્રના જળ વિષે કોઇને કૃપણતા થતી નથી તેમજ ધન વિષે પણ ઉદાર ચિત્ત થવું અને ધનનું હોવું

ન હોવું જીજ્ઞાસુને સમાન થઇ જવું જોઇએ એ અવસ્થા યદ્યપિ ઉત્તમ છે, પણ મૂર્ખોને પડવાનો અધિકાર પણ એજ છે અર્થ એ કે જે પુરૂષથી ધનનો ત્યાગ થઈ શકતો નથી ત્યારે તે એવુંજ અભિમાન કરી લે છે કે હું ધનના હર્ષ શોકથી રહિત છું. પણ એની પરીક્ષા એ છે કે જ્યારે તેનું ધન કોઇ અધિકારી લઇ જાય, અથવા બીજો કોઇ વિઘ્ને કરીને નાશ થઈ જાય, અને તેનું ચિત્ત સમાનતા વિષે ન રહે, ત્યારે જાણીએ કે જૂઠોજ અભિમાન કરે છે. અને તેનું ચિત્ત ધનથી વિરક્ત થયું નથી. ત્યારે તેવાઓનો અધિકાર એ છે કે પુરૂષાર્થ સહિત ધનનો ત્યાગ કરે તો માયાનાં વિઘ્નોથી મુક્ત રહે, એ ઉપર એક વાર્તા છે કે એક ત્યાગી જનને કોઇએ કહ્યું હતું કે "તમે વૈરાગ્યવાન છો"? ત્યારે તેમણે કહ્યું કે "વૈરાગી તો અમુક સન્ત છે" શાથી કે તે સર્વ પદાર્થોનો સંગ્રહ રાખે છે અને તેમનું હૃદય નિર્લેપ છે. અને મારી પાસે તો ધન પણ કાંઇ નથી, તેથી મારો વૈરાગ્ય શી રીતે જાણવામાં આવે?"

વળી એક વિદ્યાવાને ઇર્ષાએ કરીને કહ્યું હતું કે અમુક સંત તો અમારાં વચનોને પ્રમાણ કરતા નથી. ત્યારે એક બીજા પ્રીતિમાને કહ્યું કે અમે તો એવું જાણતા નથી પણ એટલું જાણીએ છીએ કે માયા તેની પાસે આવે છે, અને તે માયાની તરફ પીઠ દેછે, અને અમે સદૈવકાળ માયાને ખોળીએ છીએ, તો તે અમને પ્રાપ્ત થતી નથી વળી માયાનું સુખ બર્ફના જેવું તુચ્છ છે. અને આત્મ સુખ સુવર્ણ સમાન છે. તેમાં બર્ફને સુવર્ણની સાથે વેચી નાંખવું કંઇ મોટી વાત નથી. અને બધા બુદ્ધિમાન્ એ કામ કરી શકે છે. તેમજ માયાનાં સુખોને આત્મ સુખપર નિછાવર કરવાં પ્રમાણ છે. પણ જ્યારે વિચારીને જોઇએ તો બર્ફ અને સુવર્ણ વિષે થોડોજ ભેદ છે. અને માયાનાં સુખ વિષે અને આત્મ સુખ વિષે અધિકકા અધિક ભેદ છે. એટલા માટે કે આત્મ સુખની પાસે માયાનાં સુખ કંઇ વસ્તુજ નથી. પણ અલ્પ બુદ્ધિ મનુષ્ય એ વાર્તાને સમજતાં નથી. શાથી કે પ્રથમ તો તેમની પ્રતીતિજ નિર્બળ છે. (૨) વળી બીજું કારણ એ છે કે માયાના ભોગ ઇંદ્રિયોને વિષે

પ્રકટજ રમણીક ભાસે છે. (૩) અને ત્રીજું કારણ એ છે કે યદ્યપિ સંત જનોનાં વચન સાંભળીને ભોગોના ત્યાગની કંઇક શ્રદ્ધા પણ ઉપજે છે. તો પણ અચેતતાએ કરીને ઢીલ કરી રહે છે. અને કહે છે કે હમણાં તો આ ભોગને ભોગવી લેઇએ, પછી તેને ત્યાગી દેઇશું. પણ ભોગોની પ્રતીતિની પ્રબળતા અધિક છે જેથી પ્રકટ સુખનો ત્યાગ કરવો કઠિન છે.

અથ વૈરાગ્યની સ્તુતિનું વર્ણન.

જેમ માયાની પ્રીતિએ કરીને આ જીવની બુદ્ધિનો નાશ થાય છે તેમજ માયાનો ત્યાગ કરવો મુક્તિનું કારણ છે. એ ઉપર સંત જનોએ કહ્યું છે કે જે પુરૂષ ચાળીસ દિવસ પર્યંત ભોગોથી વિરકત થાય છે; ત્યારે નિસંદેહ તેના હૃદયમાં અનુભવનો પ્રકાશ પ્રકટ થાય છે, અને આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે જ્યારે તું ભગવત્‌નો પ્રીતમ થવા ઇચ્છે છે તો માયાના પદાર્થોથી વિરકત થા.

કોઇએ આચાર્ય મહા પુરૂષને પૂછયું હતું કે પ્રીતિમાનોનાં લક્ષણ શાં છે? ત્યારે તેમણે કહ્યું કે જેનું ચિત્ત માયાથી વિરકત થાય અને સુવર્ણ માટી જેને સમાન થઇ જાય ત્યારે તેને પ્રીતિમાન કહે છે. અને એમ પણ કહ્યું છે કે ભગવત્‌ના પ્રકાશે કરીને જેનું હૃદય નિર્મળ છે, તેનું ચિત્ત છળ રૂપ સંસારથી વિરકત થઇ જાય છે. અને અવિનાશી સ્થાનની પ્રીતિ વિષે સાવધાન થાય છે. અને મરવાથી આગળજ પરલોકનું ભાથું ઉત્પન્ન કરે છે.

આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "હે પ્રીતિમાનો ભગવત્‌ની લજ્જા કરો." ત્યારે પ્રીતિમાનોએ પૂછયું કે શું આગળથી અમે લજ્જા નથી કરતા? પછી આચાર્ય મહા પુરૂષે કહ્યું કે જ્યારે તમારા હૃદય વિષે લજ્જા હોત ત્યારે જીવિકાથી અધિક ધન સંચય કેમ કરત?" અને જે મંદિરો વિષે તમારે નિત્ય રહેવાનુંજ નથી તો પ્રીતિ સંયુકત તેને કેમ બનાવો છો? વળી એમ

પણ કહ્યું છે કે "જેણે ભગવત્‌નેજ સત્ય સ્વરૂપ જાણ્યા છે, અને બીજા પદાર્થોને નાશવંત જાણ્યા છે, તે આત્મ સુખના અધિકારી થાય છે. ત્યારે એક પ્રીતિમાને પૂછ્યું કે "ભગવત્‌ને સત્ય સ્વરૂપ જાણવા વિષે પડદો છે; શાથી કે કેટલાક પુરૂષ સંત જનોની પેઠે નિવૃત વચન કહે છે, અને કૃતિ તેમની મહા મલીન છે. જેમનું ચિત્ત માયાથી વિરક્ત થયું છે, તેના હૃદય વિષે અનુભવનો પ્રકાશ ઉપજે છે. તેથી તે સુખેથીજ પરમ પદને પામે છે. એક મહાત્માને લોકોએ પૂછ્યું હતું કે "તમે જો આજ્ઞા કરો તો તમારે નિમિત્તે એક ઘર બનાવીએ" ત્યારે તેમણે કહ્યું કે "પાણીના પ્રવાહપર મારૂં ઘર બનાવો. પછી લોકોએ પૂછ્યું કે "જળના પ્રવાહપર મન્દિર શી રીતે બનાવીએ? ત્યારે તેમણે કહ્યું કે "સંસારનું જીવવું જળના પ્રવાહવત્ છે. તેથી એ વિષે ઘર બનાવવું એ મોટી મૂર્ખતા છે. એક સન્તે કહ્યું છે કે વૈરાગ્યવાનનું અલ્પ ભજન પણ બીજા લોકોના અધિક ભજનથી વિશેષ હોય છે.

બીજા સન્તે કહ્યું છે કે જ્યાં સુધી મનુષ્ય ભૂખ, નગ્નતા, નિર્ધનતા અપમાન વગેરેથી નિર્ભય નથી થતો ત્યાં સુધી તેની કૃતિ કદાચિત્ શુદ્ધ હોતી નથી.

વૈરાગ્યની મર્યાદાનું વર્ણન.

વૈરાગ્યની ત્રણ અવસ્થા છે.

(૧) પ્રથમ એ છે કે જેણે સ્થૂળ માયાનો ત્યાગ કર્યો છે, અને ચિત્ત વિષે માયાને રમણીક જાણી છે, અને યત્ન અને હઠે કરીને અંગીકાર કરતો નથી. તો તેને કનિષ્ઠ વૈરાગી કહે છે.

(૨) વળી બીજી અવસ્થા એ છે કે ચિત્ત વિષે પણ માયાને રમણિક જાણતો નથી પણ પોતાના વૈરાગ્યને વિશેષ સમજે છે કે મેં મોટો વૈરાગ્ય

કર્યો છે. એ મધ્યમ અવસ્થા કહેવાય છે.

(૩) વળી ત્રીજી અવસ્થા એ છે કે જે વૈરાગ્યથી પણ વૈરાગી થાય અર્થ એ કે પોતાના વૈરાગ્યનો પણ અભિમાન ન થાય.

કોઈ પુરૂષ રાજાની પાસે જવાની મનસા કરે અને તેને રાજા પાસેથી બક્ષીસની આશા હોય, અને રાજાના દ્વારપર કૂતરાં ભૂંકવા લાગે, ત્યારે રોટલીનો કકડો કૂતરાને નાખી પોતાને તેનાથી બચાવીને રાજાની પાસે જાય ત્યાં ઉત્તમ બક્ષીસ તેને પ્રાપ્ત થાય ત્યારે તે પુરૂષ પોતાના ચિત્ત વિષે રોટલી નાંખવાને કંઇ વસ્તુ જાણતો નથી તેમજ ભગવત્‌નાં દર્શનની પ્રીતિ વિષે માયાનો ત્યાગ કરવો મહા તુચ્છ વાર્તા છે, શાથી કે એ સુખની પાસે માયાનું સુખ રોટલીના ગ્રાસથી પણ તુચ્છ છે એટલા માટે કે માયાનાં બધાં સુખ પરિણામી છે. અને આત્મ સુખ પરિણામથી રહિત છે, તેથી નાશવાન્ અને અવિનાશી સુખનો સંબંધ કોઈ પ્રકારે મળતો નથી, એ ઉપર એક સંતને કોઇએ કહ્યું હતું કે "અમુક પુરૂષ પોતાના વૈરાગ્યની સ્તુતિ કરે છે. ત્યારે તેમણે કહ્યું કે "તેણે શાનો વૈરાગ્ય કર્યો છે, તો તે પુરૂષ કહેવા લાગ્યો કે "તેણે સર્વ માયાનો ત્યાગ કર્યો છે." ત્યારે સંતે કહ્યું કે "માયા તો કંઇ વસ્તુ નથી" તેથી એને ત્યાગવામાં શો પુરૂષાર્થ છે? શાથી કે ત્યાગ તો કોઈ વસ્તુનો થાય છે તેથી માયાના ત્યાગના અભિમાની થવું એ શું છે? પણ એ જે વૈરાગ્ય વર્ણન કર્યો છે, તે બધાથી ઉત્તમ અવસ્થા છે.

વૈરાગ્યની ઉત્પત્તિ પણ ત્રણ કારણથી થાય છે, (૧) તેમાં કેટલાક પુરૂષ તો નરકોના ભયે કરીને માયાના ભોગોનો ત્યાગ કરે છે. (૨) અને કેટલાક લોકપર લોકનાં સુખોને નિમિત્તે ભોગોને ત્યાગે છે. (૩) કોઇ પુરૂષ એવા નિષ્કામી થાય છે કે તેમને નરકોનો ભય પણ હોતો નથી અને કોઇ સુખની આશા પણ રાખતા નથી. પણ કેવળ ભગવત્‌ની પ્રીતિ વિષે એવા લીન થઈ જાય છે કે લોકપર લોકની સત્તા તેમના હૃદયમાંથી દૂર થઇ જાય છે, તેથી મહારાજનાં દર્શન વિના બીજા પદાર્થ તરફ જોવામાં તેમને લજ્જા આવે છે.

કોઇ પુરૂષે મીરાંબાઇની પાસે વૈકુંઠની સ્તુતિ કરી હતી, ત્યારે તેમણે કહ્યું કે "ઘરવાળો પુરૂષ ઘરથી વિસેષ હોય છે" અર્થ એ કે ભગવત્‌ના દર્શનની પાસે વૈકુંઠનું સુખ શું છે? તાત્પર્ય એ કે જેને આત્મ સુખનો સાક્ષાત્કાર થયો છે. તે સ્વર્ગાદિક સુખોને એવું જાણે છે, કે જેમ રાજ્ય સુખની પાસે બુલ બુલના ખેલનું સુખ તુચ્છ થાય છે. પણ એ વાર્તા પ્રસિદ્ધ છે કે "બાળકોને રાજ્ય સુખથી બુલબુલનો ખેલ અધિક પ્રીતમ લાગે છે. શાથી કે બાળકોની બુદ્ધિ અતિ સામાન્ય હોય છે તેથી રાજ્યના સુખને સમજી શકતાં નથી તેમજ જે પુરૂષને ભગવત્ વિના બીજા પદાર્થ પ્રીતમ લાગે છે, તેનું કારણ તેની બુદ્ધિ અતિ નીચ છે. અને જ્ઞાનવાનોની દ્રષ્ટી વિષે તે પણ બાળકજ છે, શાથી કે ઉત્તમ બુદ્ધિ અને પુરૂષાર્થ તેમને પ્રાપ્ત થયો નથી. તાત્પર્ય એ કે વૈરાગ્યવાનોની અવસ્થા ભિન્ન ભિન્ન હોય છે. પણ સંપૂર્ણ વૈરાગી તેનેજ કહે છે, કે જે શરીરના નિર્વાહથી જેટલા અધિક ભોગ છે, તે બધાથી વિરક્ત થાય. જેવાં કે ધન, માન, નિન્દા, આહાર, વસ્ત્ર, ઉપદેશ, લોકોનો મેળાપ આદિક જેટલા મનના ભોગ છે, તે બધા માયારૂપ છે અને ત્યાગવા યોગ્ય છે.

એ ઉપર એક સન્તે પણ કહ્યું છે કે બુદ્ધિમાનોએ વૈરાગ્યનાં વચન વધારે કહ્યાં છે. પણ હું તેને વૈરાગ્ય જાણું છું કે "જે પદાર્થથી ભગવત્‌થી વિક્ષેપ પ્રાપ્ત થતો હોય તેનો ત્યાગ કરવો એ ઉત્તમ વૈરાગ્ય છે. તેમજ પ્રીતિમાન તેજ છે, કે જેના ચિત્ત વિષે શ્રી રામ કૃષ્ણના રૂપ વિના બીજા કોઇ પદાર્થની પ્રીતિ ન હોય એ કારણથી એક સંત ટાટનો ચોળો પહેરતા હતા શાથી કે વસ્ત્રની કોમળતાએ કરીને સ્પર્શનો ભોગ થાય છે. તેથી તેની માતાએ યત્ને કરીને રૂનું વસ્ત્ર પહેરાવી દીધું. કેમ કે ટાટે કરીને તેનું શરીર છોલાઇ ગયું હતું. પછી આકાશવાણી થઇ કે "હે બાઇ તેં મને ત્યાગીને ભોગોને અંગીકાર કર્યા છે," એ વચન સાંભળીને તે બાઇ રૂદન કરવા લાગી પછી તેણે ટાટનેજ પહેરાવી દીધું. પણ એ એવો કઠણ વૈરાગ્ય છે કે સૌ કોઇ

એ અવસ્થા વિષે સ્થિત થઇ શકતા નથી. તેથી જેટલા જેટલા ભોગોને યથા શક્તિ કોઇએ ત્યાગ્યા છે, તે તેટલોજ લાભ પામેછે.

વૈરાગ્યની અવસ્થાના ભેદનું વર્ણન.

સંસાર એક મહા અગાધ કૂપ છે, અને બધા સંસારી જીવ એ કૂપ વિષે પડયા છે. પણ જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે એને શરીરના નિર્વાહ અર્થે માત્ર આટલા પદાર્થ અવશ્યજ જોઇએ છીએ. જેમ કે આહાર, વસ્ત્ર અને ઠેકાણું, ઘરની સામગ્રી, ધન, માન તેમાં સૌથી પ્રથમ આહારની અપેક્ષા શરીરને વધારે હોય છે. તેથી ઘટે છે કે પ્રથમ તો આહારની વસ્તુનો વિચાર કરે. તેમાં ઉત્તમ વૈરાગ્યવાનોનો આહાર કંદ, ફળ, મૂળ આદિ હોય છે શાથી કે એનાથી પણ ઉદર પૂર્ણ થાય છે વળી બીજા જેટલાં નીચ અન્ન છે, તેનો આહાર રાજસી છે. વળી ઘઉં અને ચોખા આદિક જેટલાં અનાજ છે તે પણ મહા રાજસી છે, અને જવ, મેંદો, ઘૃત, અને મિષ્ટાનાદિકોનો આહાર કરે ત્યારે વૈરાગ્યજ નાશ થઇ જાય છે. અને આહારનું પ્રમાણ જિજ્ઞાસુ જનને એટલું જોઇએ કે તે અધિક તૃપ્ત ન થાય, અને અધિક ભૂખ્યો પણ ન રહે, વળી અધિક સંચય કરવો એ પણ અયોગ્ય છે, શાથી કે વૈરાગ્યનું મૂળ નિરાશતા છે, અને તૃષ્ણાનું મૂળ આશાની વૃદ્ધિ છે. જે પુરૂષની આશા દીર્ઘ હોય છે, તેનાથી વૈરાગ્ય થઇ શકતો નથી. અને આચાર્ય મહા પુરૂષ પણ સંબંધીયોને નિમિત્તે એક વર્ષની જીવિકા રખાવતા હતા. અને પોતાને નિમિત્તે કંઇ સંચય કરતા નહોતા.

વળી વૈરાગ્યવાનને એમ પણ ઘટે છે કે ભોજનને નિમિત્તે તર્કારીને બહુ ન ખોળે, અને શાક અથવા ખટાઇની સાથે રોટલી ખાઇ લે. અને જ્યારે નાના પ્રકારનાં વ્યંજનો વિષે આસક્ત થાય છે ત્યારે પણ વૈરાગ્ય નષ્ટ થઇ જાય છે વળી વૈરાગીને રાત્રી દિન વિષે એકજ વાર આહાર કરવો પ્રમાણ

છે. અને જ્યારે બે દિવસમાં એકવાર ખાય તો અતિ ભલું છે. પણ જ્યારે એકજ દિવસમાં બેવાર ખાય ત્યારે એથી કરીને વૈરાગ્ય રહેતો નથી. તાત્પર્ય એ કે જ્યારે કોઈ પુરૂષ વૈરાગ્યની વાર્તા સાંભળવા ઇચ્છે ત્યારે મહા પુરૂષો અને તેમના પ્રીતમોની વાર્તાઓનું શ્રવણ કરે. કેટલાકના ઘર વિષે કેટલાક દિવસ સુધી દીપક પ્રકટ કરતા નહોતા, અને ખજૂરનાં ફળો વિના બીજો કોઇ આહાર કરતા નહિ.

કહ્યું છે, કે જે પુરૂષને ભગવત્ સુખની પ્રીતિ હોય તેને જવની રોટલી અને ધરતીપર સુવું વિશેષ છે. વળી વૈરાગીને પહેરવાનું પણ એકજ જોઇએ, એટલા માટે કે જે પુરૂષ પેહેરવાનાં બે રાખે છે, તે વૈરાગી નથી. અને પેહેરવાનો અર્થ એ છે કે એક કટી વસ્ત્ર એક ચોલો, એક ચાદર, એટલાં રાખે તો પણ પ્રમાણ છે. પરંતુ વિશેષ તો કમ્બલાદિક વસ્ત્ર પહેરવામાં છે. અથવા રૂનું વસ્ત્ર પહેરે તે ઘણું સારૂં છે. અને જ્યારે રંગીન અને કોમળ વસ્ત્ર પહેરવાને ઇચ્છે, ત્યારે વૈરાગી રહેતો નથી. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે જે પુરૂષ નાના પ્રકારનાં વસ્ત્રોને પહેરે છે, ત્યારે તે ભગવત્‌થી વિમુખ થાય છે, એ કારણથી એક મહા પુરૂષનાં વસ્ત્ર એવાં મેલાં થઇ જતાં હતાં કે જેવાં તેલીનાં વસ્ત્ર હોય છે.

એકવાર કોઇ પુરૂષ સુંદર વસ્ત્ર આચાર્ય મહા પુરૂષની પાસે લેઇ આવ્યો હતો ત્યારે તેમણે તેની પ્રસન્નતાને નિમિત્તે પ્રથમ તો પહેરી લીધાં પછી શીઘ્રજ ઉતારીને કહેવા લાગ્યા કે આ વસ્ત્ર અમુક પુરૂષને આપે., અને મને તો એજ પુરાતન ગોદડી ભલી છે. શાથી કે આ વસ્ત્ર મારા ચિત્તને વિક્ષેપતા આપે છે. એક વાર પગના જોડા કોઇએ અતિ સુંદર લાવીને રાખ્યા હતા, તેને પહેરીને કહેવા લાગ્યા કે "મને એજ પુરાનો જોડો લાવી આપો." એટલા માટે કે મારાં નેત્રો વિષે આ જોડા સુંદર ભાસે છે. અને ભજનની એકાગ્રતા વિષે (પડદો) નાંખે છે.

ગએક સન્તના ચોલા ઉપર ચૌદ થીડી લાગેલી હતી.

એક સંતે પોતાના ચોળાની બાંહ્ય જેટલી વધારે હતી તેમાંથી તેટલી હાથથી ફાડી નાંખી હતી. અને કહેવા લાગ્યા કે મહારાજનો ધન્યવાદ છે. અને એમ પણ કહેવા લાગ્યા કે હું નાનો ચોળો આ નિમિત્તે પહેરૂં છું. કે જેથી ધનવાન્ પણ મર્યાદ વિષે વિચરે. અને નિર્ધનોનાં ચિત્તનો સંકોચ દૂર થાય.

એક પ્રીતિમાન એક સંતની પાસે પુરાતન વસ્ત્ર પહેરીને ગયા હતા ત્યારે તેમણે પૂછયું કે તમે આવાં પુરાતન વસ્ત્ર કેમ પહેર્યા છે? ત્યારે તે પ્રીતિમાન્ મૌન કરી રહ્યા. ત્યારે તેમણે કહ્યું કે તમે આ વચનનો ઉત્તર કેમ ન દીધો? ત્યારે તે પ્રીતિમાન કહેવા લાગ્યા કે એ વચનના ઉત્તર વિષે પોતાનો વૈરાગ્ય જણાવવાનું થાય છે. અથવા નિર્ધનતા પ્રકટ કરવી પડે છે. તેમાં એ બેઉ વાર્તા અયોગ્ય છે. તેથી હું મૌન કરી રહ્યો છું.

વળી એક સંતને કોઇએ કહ્યું હતું કે તમે ઉજળાં વસ્ત્ર કેમ પેહેરતા નથી? ત્યારે તેમણે કહ્યું કે સેવકને ઉજ્વળ વસ્રો સાથે શું પ્રયોજન છે?

એક રાજાના ભક્ત રાત્રી વિષે ટાટ પહેરીને ભજન કરતા હતા. વળી દિવસે બીજાં વસ્ત્ર પહેરીને પોતાની રાજનીતિ વિષે સાવધાન થતા હતા.

વળી શરીર ધારી મનુષ્યને શિતોષ્ણની રક્ષાને નિમિત્તે સ્થાનની અપેક્ષા થાય છે, પણ ઉત્તમ વાર્તા તો એજ છે કે જિજ્ઞાસુજનો સ્થાન બાંધીને રહેતા નથી, અને કોઈ નિરદાવાવાળા સ્થાન વિષે કાળ વ્યતિત કરી લે છે. અથવા શરીરના નિર્વાહ માત્ર એક કુટી અથવા કોટડી કરી લે છે. પણ ચિત્રકારી કે ગચ્ચીચુનાવાળાં મંદિરો વિષે નિવાસ કરતા નથી. અને જે પુરૂષ પોતાનાં સ્થાનોને ચિત્રામણે કરીને સુંદર બનાવે છે, તે વૈરાગી કહેવાતો નથી. શાથી કે સ્થાનનું પ્રયોજન શીતોષ્ણની રક્ષા માટે છે. તેથી જીજ્ઞાસુને ઘટે છે કે પ્રયોજન વિના બીજાં કાર્યો વિષે આસક્ત ન થાય.

સંતજનોએ કહ્યું છે કે નાના પ્રકારનાં મંદિર બનાવવાં એ પણ જીવવાની આશાની દીર્ઘતાનું લક્ષણ છે.

એક વાર્તા છે કે એક પ્રીતિમાને પોતાના ઘર ઉપર ઉચો બંગલો બનાવ્યો હતો તે જ્યારે આચાર્ય મહા પુરૂષે તે બંગલો જોયો, ત્યારે તે પ્રીતિમાનથી બોલવાનું છોડી દીધું. પછી જ્યારે તે પ્રીતિમાને એ વાર્તાને જાણી કે બંગલાના નિમિત્તે મારી તરફ દૃષ્ટી કરતા નથી. ત્યારે તેણે તે બંગલો પાડી નાંખ્યો, ત્યારે તેને આચાર્ય મહા પુરૂષે પ્રસન્ન ચિત્ત થઈને બોલાવ્યો. અને તેને કહ્યું કે જેને ભગવત્ પોતાની તરફથી વિમુખ કરવા ઇચ્છે છે. તેનું ધન મંદિરો બનાવવામાં ખર્ચાવે છે. એ કારણથી આચર્ય મહા પુરૂષે પોતાના આયુષ્ય પર્યંત ઇચ્છાએ કરીને કોઇ મંદિર બનાવ્યું નહોતું.

એકવાર તેઓ પોતાના નગર વિષે ચાલ્યા જતા હતા ત્યાં એક પ્રીતિમાન્ ઘર બનાવતો હતો, ત્યારે તેને પૂછવા લાગ્યા કે તમે શું કરો છો ? પછી તેણે કહ્યું કે મારૂં ઘર પડી ગયું હતું તેથી તેને ભલી પ્રકારે બનાવવાની ઇચ્છા કરૂં છું. ત્યારે આચાર્ય મહા પુરૂષ કહેવા લાગ્યા કે " ઉત્તમ વાર્તા તો એ છે કે અવિનાશી ઘરની તરફ પ્રીતિ કરીયે.

જે મનુષ્ય જે કંઇ કાર્ય કરે છે. તેમાં ખર્ચ કરે છે, તેનું પરલોકમાં ફળ મળે છે. પણ અધિક મંદિરો બનાવવું અત્યંત નિષ્ફળ થાય છે, અને એવા પુરૂષને પરલોક વિષે પણ શિક્ષા થાય છે. એ કારણથી મહાત્મા રોમમસરૂષીએ તૃણની કુટી બનાવી લીધી હતી. જ્યારે કોઇએ કહ્યું કે " તમે પણ જો ઇંટ માટીનું ઘર બનાવી લ્યો તો તેમાં શો દોષ છે ? " પછી તેને કહેવા લાગ્યા કે જેને અન્તે મરવું છે. તેને એવા ઘરની સાથે શું પ્રયોજન છે.

એ રૂષિનું આયુષ્ય સેંકડો વર્ષનું હતું છતાં પર્ણકુટીમાંજ જીવન ગાળ્યું હતું.

એમ પણ કહ્યું છે કે જ્યારે માણસ ઉંચાં મંદિર બનાવે છે, ત્યારે દેવતા આ પ્રમાણે કહે છે કે " હે મૂર્ખ તને તો પૃથ્વીમાં સમાવવાનો છે, ત્યારે આકાશની તરફ શા માટે ચાલ્યો આવે છે-" એ ઉપર એક સંતે કહ્યું

છે કે " જે સુંદર મંદિર બનાવીને મરી જાય છે તેનું તો મને આશ્ચર્ય ઉત્પન્ન થતું નથી. પણ એ આશ્ચર્ય આવે છે કે, બીજાને મરતા દેખે છે, પણ ભય માનતા નથી કે સમજતા નથી અને ઘણાં મંદિરોને બનાવે છે.

માણસને ઘરની સામગ્રી પણ કંઇક અવશ્ય જોઇએ છીએ. પણ ઉત્તમ વૈરાગી તે છે કે જે કંઇપણ ન રાખે. જેમ એક આચાર્ય મહા પુરૂષ પ્રથમ એક ગોદડી અને તુમડુ રાખતા હતા, પછી જ્યારે તેમણે એક પુરૂષને એવો જોયો કે તે હાથોથી કેશ અને ડાઢીને બનાવતો હતો, અને હાથેજ જળ પીતો હતો ત્યારે તેમણે ગોદડી અને તુમડી પણ ફેંકી દીધાં. અને કહેવા લાગ્યા કે આ તો બેઉ પદાર્થ મારી સાથે હતા. તેથી જિજ્ઞાસુને જો કોઇ વાસણની અધિકજ અપેક્ષા હોય તો કાષ્ટ અથવા માટીનું પાત્ર રાખે. અને જે પુરૂષ ધાતુનું વાસણ રાખે છે, તેનો વૈરાગ્ય નષ્ટ થઇ જાય છે. એ કારણથી વિચારવાનો એ એવો યત્ન કર્યો છે કે તેમણે એકજ પાત્રથી કેટલાં બધાં કાર્ય કરી લીધાં છે. કોઇ પુરૂષ એક સંતના ઘરમાં આવ્યો હતો ત્યારે તેણે ઘરમાં કંઇ સામગ્રી જોઇ નહિ. ત્યારે પૂછવા લાગ્યો કે " તમે પોતાનું ઘર આવું શુન્ય શા માટે રાખ્યું છે? ત્યારે તેમણે કહ્યું કે અમારૂં એક બીજું ઘર છે. તેથી સર્વ સામગ્રી તે ઘર વિષે એકઠી કરતા જઇએ છીએ. તે એ કે સર્વ સામગ્રી ભેગી કરીને પરલોકનું ભાથું બનાવીએ છીએ. પછી તે પુરૂષે કહ્યું કે જ્યાંસુધી આ સંસારમાં જીવવાનું છે, ત્યાં સુધી કંઇ સામગ્રી તો અવશ્ય જોઇએ છીએ, ત્યારે તેમણે કહ્યું કે " અમને ભગવત્ દયા કરીને સંસાર વિષે નહિ રાખે.

એક દિવસ એક રૂષી મહાત્મા પોતાની પુત્રીને ઘેર ગયા હતા, તો દરવાજાના બારણા પાસે પડદામાં એક રૂપાની કુંડી જોવામાં આવી, તેથી ગ્લાનિ કરીને ત્યાંથી ચાલી નીકળ્યા અને અંદર ન ગયા. પછી જ્યારે તેમની પુત્રીએ એ વાત સાંભળી ત્યારે પેલો પરદો અને રૂપાની કુંડી કોઈ અર્થીને આપી દીધા તે વાત જ્યારે તેના પિતાએ સાંભળી ત્યારે પુત્રીપર પ્રસન્ન થયા.

એક સતીએ આ પ્રમાણે કહ્યું છે કે મારા સંતપતિ સર્વદા બેવડા વસ્ત્ર પર સુતા હતા, પછી મેં એક રાત્રે ચોવડું વસ્ત્ર કરીને પાથરી આપ્યું ત્યારે પ્રભાત સમયે ઉઠીને કહેવા લાગ્યા કે મને આખી રાત ઘોર નિદ્રા રહી છે. માટે ફરી કોઇ દિવસ વસ્ત્રને ચોવડું કરીને પાથરવું નહિ. વળી એકવાર કોઇના તરફથી ઘણું ધન આવ્યું હતું, તે પણ તેમણે એકજ દિવસમાં ગરીબોને વેહેંચી દીધું. પછી છ રૂપિયા શેષ રહી ગયા, તેથી વિશ્રામ ન કર્યો, અને રાત્રી ભર ચિત્તને ચેન ન પડયું પછી જ્યારે તે પણ કોઇ અર્થીને આપી દીધા ત્યારે નિચિંત થઇને સુતા.

એક સન્તે કહ્યું છે કે મેં સત્તર વૈરાગ્યવાનોને જોયા છે, પણ તે બધા એક એક વસ્ત્ર રાખતા હતા અને ધરતીપર સુઇ રહેતા હતા પછી ઠંડીને સમયે તે વસ્ત્રને ઓઢી લેતા હતા.

શરીર ધારી મનુષ્યોને ધન અને માનની અપેક્ષા પણ અવશ્યજ થાય છે તે બધાં વચન ત્રીજા પ્રકરણ વિષે ભલી પ્રકારે વિસ્તારે કરીને કહ્યાં છે કે ધન અને માનની અધિકતા તો હલાહલ વિષ છે. પણ જ્યારે કાર્યના નિર્વાહ માત્ર તેનો અંગિકાર કરીએ, ત્યારે તે પણ અમૃત સમાન થઇ જાય છે. શાથી કે જે પદાર્થે કરીને ધર્મના માર્ગની સહાયતા થાય, તેને પણ ધર્મ રૂપજ કહે છે. તેથી જે પુરૂષ સ્થૂળ પદાર્થોને કાર્ય માત્ર અંગીકાર કરે છે, અને ભોગોને નિમિત્તે અધિકતાને ઇચ્છતો નથી તે પુરૂષ મુક્ત સ્વરૂપ છે. શાથી કે તેનું હૃદય તો સર્વ પદાર્થોથી વિરક્ત રહે છે. અને જેની પ્રિતિ માયાની સાથે અધિક હોય છે, તે યદ્યપિ પરલોક વિષે જાય છે, તોપણ તેનું હૃદય ભોગો તરફ ખેંચાય છે. તેથી તેને અધોગતિ કહે છે અને જે પુરૂષ આ સંસારને મળ ત્યાગવાની પેઠે જાણે છે, તે જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એવું સમજે છે કે "સારૂં થયું જે મલીન સ્થાનથી મારી મુક્તિ થઇ." માયાના હેતુઓનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ પારકા ઘરની સાંકળ સાથે પોતાના વાળોને દૃઢ બાંધે, પછી ઘરવાળો પુરૂષ આવીને તેને બહાર કાઢવાને

ઇચ્છે, ત્યારે તેના વાળ ઉખડે છે, અને રૂધિર નીકળે છે, અને દુઃખી થાય છે, તેમજ ભોગી મનુષ્ય જ્યારે આ સંસારનો ત્યાગ કરી જાય છે, ત્યારે તેનું હૃદય વાસનાએ કરીને ઘાયલ રહે છે.

એક મહાત્માએ કહ્યું છે કે જેમ સંસારી જીવ સમ્પદા પામીને પ્રસન્ન થાય છે, તેમજ વિચારવાન્ પુરૂષ આપદા વિષે પ્રસન્ન થાય છે.

એ મોટું આશ્ચર્ય છે કે સંસારી જીવ એ વિચારવાન્ પુરૂષને ગાંડા જાણે છે. અને તે સંતજન પણ સંસારી જીવોને ભૂત પ્રેતના સમાન દેખે છે. તાત્પર્ય એ કે વિચારવાન્ આપદાને સુખરૂપ એટલા માટે જાણે છે કે દુઃખોએ કરીને આ મનુષ્યનું હૃદય સંસારથી વિરક્ત થાય છે, અને કોઇ સ્થૂળ પદાર્થ વિષે આસક્ત રહેતો નથી.



સર્ગ પાંચમો.

નિષ્કામતા અને સચ્ચાઇનું વર્ણન.

બુદ્ધિમાનોએ આ વાર્તાને પ્રત્યક્ષ જોઇ છે કે "જગત્ સર્વ નાશ પામ્યું છે, કોઇ વિરલો સુકર્મીજ બચે છે. શુભકર્મી પણ બધા નાશ પામ્યા છે, કોઇ વિરલો વિદ્યાવાન્જ બચ્યો છે. વિદ્યાવાન્ પણ બધા નાશ પામ્યા છે તેમાં કોઇ નિષ્કામ પુરૂષજ બચ્યો છે. તાત્પર્ય એ કે નિષ્કામતા વિના બધાં કર્મ દુઃખરૂપ છે, પણ નિષ્કામતા અને સચ્ચાઇ જે છે તે મનસાની શુદ્ધતા વિના કોઈ પામી શકતું નથી. અને જે પુરૂષ મનસાના ભેદને ન જાણે તેમાં તેને નિષ્કામતા શી રીતે પ્રાપ્ત થાય? એ કારણથી પ્રથમ વિભાગ વિષે મનસાના સ્વરૂપનું વર્ણન કરૂં છું. પછી બીજા વિભાગ વિષે નિષ્કામતાનું વર્ણન કરીશ. અને ત્રીજા વિભાગ વિષે સચ્ચાઇનું વર્ણન થશે.

પ્રથમ વિભાગ વિષે મનસાના નિર્ણયનું વર્ણન.

પ્રથમ તો મનસાની વિશેષતાને સમજવી જોઇએ. એટલા માટે કે સર્વ કૃતિનો જીવ મનસા છે. અને ભગવત્ પણ મનસાનીજ તરફ દેખે છે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "ભગવત્ તમારા ધન, શરીર, અને કર્મો તરફ દેખતા નથી. પણ કેવળ હૃદયની તરફજ દેખે છે. શાથી કે મનસાનું સ્થાન હૃદય છે, અને કૃતિની પ્રેરક મનસા છે. વળી એમ પણ કહ્યું છે કે જેવી જેની મનસા છે, તેવુંજ તેને ફળ પ્રાપ્ત થાય છે. એમ પણ કહ્યું છે કે મનુષ્ય કંઇ શુભકર્મ કરે છે ત્યારે દેવતા તેને લખે છે તેને આકાશવાણી થાય છે કે અમુક કર્મ એની ચીઠ્ઠીમાંથી દૂર કરી દો, શાથી કે એણે એ કર્મ મારે વાસતે નથી કર્યું. અને અમુક કર્મ કર્યા વિનાજ લખી દયો. શાથી કે તેણે તે કર્મની દૃઢ મનસા કરી હતી.

વળી એમ પણ કહ્યું છે કે એક ધનવાન્ પુરૂષ એવા હોય છે, જે વિચારની સાથે ખરચ કરે છે, અને એક પુરૂષ તેને જોઇને એવી મનસા કરે છે કે જ્યારે અમારી પાસે ધન હોય ત્યારે અમે પણ એવુંજ ખરચ કરીએ. તેથી મનસા કરનારાને પણ પ્રથમ પુરૂષની પેઠે ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે.

વળી એક એવાજ બુદ્ધિ હિન છે કે જેઓ પાપો વિષે ધનને લગાવે છે. અને એક બીજો પુરૂષ તેને જોઇને એવી મનસા રાખે છે કે જ્યારે હું પણ ધન પામત તો આ પ્રમાણે પાપમાં ખરચ કરત. તેથી આપણ બેઉ પુરૂષ પાપો વિષે સમાન છે. શાથી કે મનસા બેઉની સમાન છે.

એ ઉપર એક વાર્તા છે કે એક પ્રીતિમાન્ રેતીના ઢેફાપર જઇને બેઠો હતો, અને તે દેશ વિષે ઘણો દુકાળ પડયો હતો, ત્યારે તે પ્રીતિમાન્ દયા કરીને કહેવા લાગ્યા. કે " જ્યારે આવોજ ઢગલો અનાજનો હોત, ત્યારે હું તો બધો ક્ષુધાવાનોને આપી દેત." પછી તેમને આકાશવાણી થઈ કે " તારૂં પુણ્ય સફળ થયું." અને મેં તારી મનસાને પ્રમાણ કરી.

આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે " જેની મનસા અને પુરૂષાર્થ માયાનાં કાર્યો વિષે દૃઢ હોય છે, તેનું હૃદય સદા અતૃપ્ત રહે છે. અને અંતકાળ વિષે તેની પ્રીતિ પણ માયા તરફજ રહે છે. વળી જેની મનસા અને પુરૂષાર્થ ભગવત્‌ના માર્ગ વિષે દૃઢ હોય છે. તેનું હૃદય સર્વદા સંતુષ્ટ રહે છે. અને અન્તકાળ વિષે પણ વિરક્ત થઇને સંસારને ત્યાગે છે. એ ઉપર સન્તજનોએ કહ્યું છે કે " પ્રથમ મનસાની વિદ્યા શીખવી પ્રમાણ છે. શાથી કે જે પુરૂષ કોઇ પાસેથી કંઇ ઉધાર લેવા ઇચ્છે, અને ચિત્ત વિષે એ મનસા કરે કે હું ફરીને એને આપીશ નહિ. તે નિસ્સન્દેહ ચોર છે. એક જિજ્ઞાસુએ એવું કહ્યું હતું કે " મને એવી વિદ્યા ભણાવો કે જેથી કરીને હું કોઇ શુભ કૃતિથી રહિત ન થાઉં." ત્યારે તેમણે કહ્યું કે " જ્યારે શુભ કર્મોનો અવસર હોય, ત્યારે તે ક્રિયા વિષે દૃઢ થાઓ અને જ્યારે કૃતિનો સમય ન હોય ત્યારે ભલી મનસા વિષે સાવધાન ન રહો એ કરવાથી કોઇ સમય વિષે પુ-

ણ્યના ફળથી અપ્રાપ્ત રહેશો નહિ. એ ઉપર એક બીજા સન્તે પણ કહ્યું છે કે "પરલોક વિષે સૌને મનસાને અનુસાર સુખ દુઃખની પ્રાપ્તિ થશે." એક મહાત્માનું વચન છે કે "આત્મ સુખની પ્રાપ્તિ શરીરની કૃતિએ કરીને થઇ શકતી નથી પણ તેનું પામવું શુદ્ધ મનસાએ કરીને થાય છે. શાથી કે "જેમ આત્મસુખ સૂક્ષ્મ અને અનંત છે, તેમજ શુદ્ધ મનસા પણ સૂક્ષ્મ અને અંતથી રહિત છે.

મનસાના રૂપનું વર્ણન.

સર્વ કૃતિનું બીજ જ્ઞાન શ્રદ્ધા અને બળ છે, જેમ મનુષ્ય જ્યાંસુધી કોઈ આહારને નથી દેખતો, ત્યાંસુધી તેને પામતો પણ નથી. અને યદ્યપિ તેને દેખે છે, તો પણ શ્રદ્ધા વિના અંગીકાર કરતો નથી. અને યદ્યપિ શ્રદ્ધા પણ હોય તો પણ હાથ અને મુખને હલાવ્યા વિના ખાઇ શકતો નથી. તાત્પર્ય એ કે સર્વ કર્મોની સિદ્ધતા જ્ઞાન શ્રદ્ધા તથા બળે કરીને થાય છે. પણ બળ શ્રદ્ધાને આધીન છે. અને શ્રદ્ધાજ બળને કૃતિ વિષે સાવધાન કરે છે. વળી શ્રદ્ધા જ્ઞાન આધીન નથી, શાથી કે માણસ જેટલા પદાર્થોને જાણે છે, તે બધાની શ્રદ્ધા રાખતો નથી. એ વાર્તા પણ નિઃસંદેહ છે કે જ્ઞાન વિના શ્રદ્ધાનું કંઈ રૂપ પણ પ્રકટ થતું નથી. શાથી કે "પ્રથમ જે પદાર્થને જાણેજ નહિં, તે તેની શ્રદ્ધા શી રીતે કરે? તો એ ભાવે કરીને શ્રદ્ધાને જ્ઞાનને આધીન કરી શકીએ છીએ. પણ જ્યારે જ્ઞાન શ્રદ્ધા અને બળ એકત્ર થાય છે, ત્યારે એને દૃઢ મનસા કહે છે. તેમાં કૃતિ સિદ્ધતા તે મનસાએ કરીને થાય પણ મનસા જે કૃતિને પ્રેરે છે; તે ક્યારેક કેવળ થાય છે. અને ક્યારેક મિશ્રિત પણ થાય છે. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઈ પુરૂષ અચાનક સિંહને દેખે, ત્યારે તેની મનસા કેવળ ભાગવા વિષે થાય છે. અથવા જ્યારે કોઇ

ઐશ્વર્યવાન્ મનુષ્ય કોઇના ઘર વિષે આવે ત્યારે તેના સન્માનને નિમિત્તે શીઘ્રજ ઉઠીને ઉભો થાય છે. તે એ કેવળ મનસા કહેવાય છે.

મિશ્રિત મનસા ત્રણ પ્રકારની થાય છે.

(૧) પ્રથમ તો એ છે કે તે બેઉ મનસા કાર્યમાં સમર્થ હોય છે. જેમ નિર્ધન સંબંધી કોઇ પાસે કંઈ માગે ત્યારે તેને અવશ્યજ દે છે તે, અથવા સંબંધના નિમિત્તે દે છે અથવા નિર્ધન અને અર્થી જાણીને દે છે. ત્યારે તેનું નામ મિશ્રિત મનસા (ઇચ્છા) છે.

(૨) વળી બીજો પ્રકાર એ છે કે બેઉ મનસા નિર્બળ હોય છે, જેમ સંબંધી નિર્ધન હોય તોપણ તેને કંઇ નથી આપતો, અને તે જ્યારે કેવળ નિર્ધન નથી હોતો અને સંબંધી પણ નથી હોતો તો પણ તેને કંઇ દેતો નથી. પણ જ્યારે નિર્ધનતા અને સંબંધ બેઉ એકઠાં આવી મળ્યાં ત્યારે તેનું મન દેવામાં સમર્થ થયું.

પ્રથમ પ્રકારનું દૃષ્ટાંત એ છે કે જેમ બે બળવાન્ પુરૂષ કોઇ પથ્થરને ઉપાડવા માંડે, અને બેઉ પુરૂષ એવા બળવાન્ હોય કે જ્યારે પૃથક પૃથક એ પથ્થરને ઉઠાવે તોપણ ઉઠાવી શકે છે. પણ મળીને ઉપાડવાથી સુગમજ ઉપાડી શકે છે.

વળી બીજા પ્રકારનું દૃષ્ટાંત એ છે કે જેમ બે પુરૂષ એવા નિર્બળ હોય કે પૃથક પૃથક પથ્થરને ઉપાડી ન શકે. અને પરસ્પર મળીને ઉપાડી શકે.

(૩) ત્રીજો પ્રકાર એ છે કે મનસા વિષે એક મેળાપી (મનુષ્ય) સબળ હોય છે, અને એક નિર્બળ હોય છે. પણ બેઉના મેળાપે કરીને સુગમતા થઇ જાય છે. જેમ કોઇ પુરૂષ રાત્રી વિષે પ્રીતિ સંયુક્ત ભજન કરતો હોય, અને કોઇ બીજો પુરૂષ તેને દેખે ત્યારે તે ભજન તેને સુગમ થઇ જાય છે. તેથી તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઈ પુરૂષ પોતાના બળની સાથે પણ પથ્થરને ઉપાડી શકતો હોય, પણ જ્યારે નિર્બળ મનુષ્ય પણ તેને હાથ લ-

ગાવી હે, ત્યારે તેનું ઉપાડવાનું સુગમ થઇ જાય છે. એ સૌની ભિન્ન ભિન્ન અવસ્થા છે.

તાત્પર્ય એ કે મનસાની કેવળતા અને મિશ્રતાને જાણે અને કૃતિની પ્રેરક મનસાનેજ ઓળખે.

આચાર્ય મહા પુરૂષે આ પ્રમાણે કહ્યું છે કે "શુદ્ધ મનસા કૃતિના કરવાથી પણ વિશેષ છે," એ વચનનો અર્થ એ નથી કે શ્રદ્ધાહીન કૃતિથી ઇચ્છા વિશેષ છે. શાથી કે એ વાર્તા તો પ્રકટ છે કે શુદ્ધ શ્રદ્ધા વિના કૃતિ નિષ્ફળ થાય છે. અને શુદ્ધ ઇચ્છા કૃતિ વિના પણ ફળદાયક છે. તેથી આચાર્ય મહા પુરૂષના વચનનું પ્રયોજન એ છે કે કૃતિ શરીરે કરીને થાય છે, અને મનસાનો સંબંધ કેવળ હૃદયની સાથેજ હોય છે. એ કારણથી મનસાને કર્મથી વિશેષ કહી છે. જે શરીરની કૃતિ વિષે પણ હૃદયનાજ સ્વભાવને ઉલટાવવાની જરૂર પડે છે, અને હૃદયની મનસા વિષે જિજ્ઞાસુનું પ્રયોજન એવું હોતું નથી. કે શરીરના સ્વભાવને ઉલટાવીને સીધો કરીએ. પણ જયાંસુધી મનસા અનુસાર શરીરનો સંબંધ મળતો નથી, ત્યાંસુધી કૃતિ પ્રકટ પણ થતી નથી. એ કારણથી અલ્પ બુદ્ધિજીવ એવું જાણે છે કે મનસા કૃતિને નિમિત્તે જોઇએ છીએ. પણ જ્યારે ભલી પ્રકારે વિચાર કરીને જોઇએ ત્યારે કૃતિ વિષે પણ મનસાનેજ ઉલટાવવાનું પ્રયોજન છે. શાથી કે શુદ્ધ મનસાએ કરીને જીવનું હૃદય શુદ્ધ થાય છે. અને પરલોક વિષે પણ આ જીવને જવાનું છે, તેથી ઉત્તમ ભોગો અથવા મંદભાગ્યનો અધિકારી પણ જીવ છે, અને યદ્યપિ પરલોકનાં સુખ દુઃખ વિષે શરીરનો સંબંધ પણ થાય છે, તોપણ આ શરીર જીવને આધીન છે.

જેમ તીર્થ યાત્રાના માર્ગ વિષે ઘોડો પણ અવશ્ય જોઇએ, પણ ઘોડાને તીર્થ યાત્રાનું કંઇ ફળ નથી થતું. અને ફળનું અધિકારી મનુષ્ય છે. તેથી હૃદયના સ્વભાવને ઉલટાવવો, એ સર્વ ધર્મોનું ફળ છે, કે માયાના પદાર્થોની તરફથી હૃદયના મુખને ફેરવવું, અને ભગવત્‌ની તરફ સન્મુખ થવું તે હૃદયનું

મુખ શ્રદ્ધાનુજ નામ છે, તેથી જેની શ્રદ્ધા માયાના પદાર્થો વિષે બંધમાન છે, તેનું મુખ માયા તરફ છે. પણ આદિ ઉત્પત્તિ વિષે આ જીવને માયાનીજ અભિલાષા અધિક હોય છે, વળી જેના હૃદય વિષે ભગવત્‌ના દર્શનની શ્રદ્ધા ઉત્પન્ન થઇ ત્યારે જાણીયે કે તેનું મુખ ઉલટીને મહારાજની તરફ સીધું થયું છે. તેથી પ્રસિદ્ધ થયું કે સર્વ કર્મોનું પ્રયોજન હૃદયની મનસાનું ઉલટાવવું છે. જેમ મસ્તક નમાવવા વિષે એ પ્રયોજન હોતું નથી કે શીશને ધરતીપર રાખીયે, પણ એ વિષે એ પ્રયોજન હોય છે કે આ જીવનું હૃદય અભિમાનથી ઉલટીને દીનતાને ગ્રહણ કરે.

ભગવતને મોટા કહેવા વિષે પણ રસનાને હલાવવાનું પ્રયોજન નથી હોતું, પણ મોટા કહેવા વિષે એ પ્રયોજન છે કે " મનુષ્ય પોતાની મોટાઈનો ત્યાગ કરે." અને ભગવતની મોટાઈ જાણીને તેને આધીન થાય, એમજ સર્વ શુભ કર્મોનું ફળ એજ છે કે જિજ્ઞાસુ જન પોતાની વાસનાને ત્યાગીને સંતજનોના આજ્ઞાકારી થાય. એટલા માટે કે દાસને સર્વ પ્રકારે પોતાનું માન દૂર કરવું એજ પ્રમાણ છે. આ મનુષ્ય વિષે ભગવતે આ સ્વભાવ ઉત્પન્ન કર્યો છે કે જ્યારે એના ચિત્ત વિષે કોઈ કર્મની શ્રદ્ધા ઉપજે અને શરીરે કરીને તેજ કૃતિ કરી લે ત્યારે તે સ્વભાવ હૃદય વિષે દૃઢ થઇ જાય છે. જેમકે પુરૂષના મન વિષે કોઇ અનાથ બાળકપર દયા ઉત્પન થાય. પણ જ્યારે તેના ઉપર દ્રવીભૂત થઈને હાથ ફેરવે છે. ત્યારે તે દયા મન વિષે દૃઢ અને મૂર્તિમંત થઇ જાય છે. જ્યારે માણસનું ચિત્ત દીન હોય, અને ધરતીપર મસ્તક મૂકે, ત્યારે તે દીનતા પણ દૃઢતાને પામે છે, તેથી શુદ્ધ મનસા એ છે કે ભલાઇની ઇચ્છા કરવી.

શરીરની કૃતિએ કરીને તે મનસા દૃઢ અને પરિપક્વ થાય છે. એથી કરીને પ્રસિધ્ધ થયું કે સર્વ શુભ ગુણોનાં બીજ મનસા છે. અને કૃતિનું ફળ મનસાની દૃઢતા છે; એ કારણથી આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે શરીરની કૃતિથી મનસા વિશેષ છે. શાથી કે મનસાનું ચિન્હ હૃદય વિષે દૃઢ થાય છે.

અને શરીરની કૃતિ હૃદયથી ભિન્ન છે. તેથી જ્યારે મનસા સાથે મળીને કૃતિનો પ્રવેશ હૃદય વિષે પહોંચે ત્યારે કૃતિ પણ સફળ થાય છે. અને જે કર્મ અચેતતાએ કરીને થાય છે, તે નિઃસંદેહ ફળથી રહિત થાય છે. પણ કૃતિ વિના શુધ્ધ મનસા કદાચિત્ વ્યર્થ થતી નથી. એનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇના ઉદર વિષે શૂળની પીડા હોય ત્યારે તેને ઘટે છે કે ઔષધ ખાય. જે ઉદરમાં પહોંચીને પીડાને દૂર કરે પણ જ્યારે તે ઉપર બહાર ઔષધનો લેપ કરે કે એનો પ્રવેશ ભીતર ઉદરમાં થઇને ગુણ કરશે તે યદ્યપિ બહારના લેપથી ગુણ પણ થાય છે. પરન્તુ જે ઔષધ ખવાય છે, તેનો ગુણ અંદર પહોંચીને નિઃસંદેહ અધિકજ ગુણ થાય છે તેમજ શરીરની કૃતિ બાહ્ય લેપના જેવી છે, અને હૃદયની મનસા ઔષધ ખાવા જેવી છે.

ક્યા સંકલ્પો બંધન કરે છે અને કયા નથી કરતા તેનું વર્ણન.

સંત જનોનાં વચનોમાં આ પ્રમાણે પણ આવ્યું છે કે જ્યારે મનુષ્યના હૃદય વિષે મલીન સંકલ્પ સ્ફુરે છે, ત્યારે દેવતા તે સંકલ્પનાં પાપોને ગણતા નથી, અને જ્યારે શરીરે કરીને તે કર્મ કરે છે, ત્યારે એક પાપ લખે છે. અને જ્યારે સારા કામની મનસા કરે છે ત્યારે પણ એક ભલાઈ લખે છે, ગમે તો તે ભલાઇને ના પણ કરે અને જ્યારે મનસાને અનુસાર તે ભલાઇને કરે ત્યારે દસ ભલાઇ લખે છે. પણ આ વચન સાંભળીને કેટલાક પુરૂષો એવું સમજ્યા છે કે મનુષ્યના હૃદય વિષે જેટલા મલીન સંકલ્પ સ્ફુરે છે. તેથી કરીને તેને કંઇ દોષ લાગતો નથી, પણ એવું જાણનારા પુરૂષ ભૂલ્યા છે શાથી કે શરીરનો પ્રેરક જીવ છે. અને પુણ્ય પાપના અધિકારી પણ તેજ છે.

એ ઉપર આચાર્ય મહારાજે કહ્યું છે કે, તમે જેવી મનસા હૃદય વિષે રાખો તો તે ગુપ્ત રાખો, અથવા પ્રકટ કરો, પણ તેનું ફળ તમને અવશ્યજ

પ્રાપ્ત થશે. અને એમ પણ કહ્યું છે કે "ભગવત્ મુખના કહેવાને પ્રમાણ કરતા નથી પણ હૃદયની મનસાને માને છે, અને એ વાર્તા પણ પ્રસિધ્ધ છે કે અભિમાન, કપટ, અહંકાર, ઇર્ષા, દંભાદિક જેટલા મલીન સ્વભાવ છે તે બધા આ જીવને બંધન કરનારા છે, અને આ બધાં પાપ મનના સંકલ્પે કરીને થાય છે તેમાં એવાં પાપો થતાં છતાં મનુષ્યને નિર્બંધ શી રીતે કહીએ તેથી આ વચનનું તાત્પર્ય એ છે કે આ જીવના સંકલ્પોનું સ્ફુરવુ ચાર પ્રકારનું થાય છે, તેમાં બે પ્રકારનું સ્ફુરવું એના પુરૂષાર્થે કરીને થાય છે. અને બે પ્રકારનું સ્ફુરવું તેના સ્વાધીનમાં નથી. એ કારણથી પરાધીન સ્ફુરવાનું એને દોષ દેનારૂં થતું નથી. અને પુરૂષાર્થ સહિત સ્ફુરવું બંધરૂપ થાય છે. જેમ કોઇ પુરૂષ માર્ગ વિષે જાય છે, અને અચાનકજ પાછળથી કંઇ શબ્દ સાંભળી લે, પછી જ્યારે પાછળ આંખે કરીને જુએ ત્યારે તેની દ્રષ્ટીમાં સ્ત્રી આવે, તેમાં તેને તુચ્છ સ્ફુરના કહે છે, એ એ સ્ફુરવાથી કરીને માણસને કંઇ દોષ લાગતો નથી. શાથી કે એ સ્વાભાવિકજ દ્રષ્ટિ છે, વળી જ્યારે બીજીવાર કંઇ રૂચી કરીને જુએ તોપણ કંઇ પાપ કહેવાતું નથી. શાથી કે એ પણ મનનો સ્વભાવ છે. અને આ જીવના ઉપર પ્રબલ છે. તેથી ભગવત્ ક્ષમા કરી દે છે. પણ જ્યારે નિર્લજ થઇને ત્રીજી વાર તેનું રૂપ અને તેનાં અંગોને જોવા માંડે અને તે સંકલ્પ વિષે દ્રઢ થાય ત્યારે તે સંકલ્પ બંધનનું કારણ થાય છે. શાથી કે યદ્યપિ એ જોવામાં ખરાબી જાણે છે, તોપણ ત્યાગ કરી શકતો નથી. વળી ચોથો સંકલ્પ તેને કહે છે કે તે પાપકર્મની ખરાબી પણ ભૂલી જાય, અને કામની અભિલાષા વિષે મનસા દ્રઢ કરે ત્યારે તે સંકલ્પ સમ્યક બંધનરૂપ થાય છે. તાત્પર્ય એ કે પ્રથમ બે પ્રકારનું સ્ફુરવું પરાધીન અને અકસ્માત થાય છે, તેથી નિર્દોષ કહેવાય છે. એ કારણથી જિજ્ઞાસુ જનને ઘટે છે કે ભગવત્‌ના ભયે કરીને મનના સંકલ્પોને થવા ન દે, અને હઠે કરીને પોતાનો નાશ પણ ન કરે. શાથી કે વિચાર અને ભગવત્‌ની પ્રાર્થનાએ કરીને શનૈઃ શનૈઃ મનના સ્વભાવને દૂર કરવો વિશેષ છે, એ ઉપર એક પ્રીતિમાને આચાર્ય મહા પુરૂષને પૂછયું હતું કે " હું કામાદિક સંકલ્પની નિ-

ક્ષેપતાથી દુષિત થઇને પોતાને નપુંસક કરવાને ઇચ્છું છું" ત્યારે તેમણે કહ્યું કે "નપુસક થવાથી વ્રત અને તપે કરીને શરીરને નિર્બળ કરવું વિશેષ છે," પછી તે પ્રીતિમાન્ કહેવા લાગ્યો કે "મારૂં મન લોકોના મેળાપથી વિક્ષેપતાને પામે છે, તેથી કોઈ પહાડની કંદરા વિષે નિવાસ કરવા ઈચ્છું છું" ત્યારે તેમણે કહ્યું કે "મારા મત વિષે એકાંત રહેવા કરતાં સાધુ સંગતિ વિષે રહેવું વિશેષ છે, તેનું પ્રયોજન એ છે કે જ્યાં સુધી આ મનુષ્યના હૃદય વિષે પાપકર્મની મનસા દ્રઢ ન હોય ત્યાં સુધી મનના સ્વાભાવિક સ્ફુરવાથી કરીને પાપી થતો નથી. પણ જ્યારે તે સંકલ્પ દ્રઢ થઇ જાય, અથવા તે પાપની મનસા કરે ત્યારે નિઃસંદેહ પાપી થાય છે યદ્યપિ ભગવત્‌ના ભય વિના પોતાના માન અથવા લોકોના સંકોચે કરીને તે કર્મ ન કરે, તોપણ પાપથી રહિત થતો નથી અને શિક્ષાનો અધિકારી થાય છે. શાથી કે શિક્ષાનો અર્થ એ નથી કે તેનાં પાપે કરીને ભગવત્‌ને ક્રોધ ઉપજતો હોય, અને તેને દંડ દે એવું નથી, એટલા માટે કે મહારાજ ક્રોધ કરવામાં અને દંડ દેવામાં નિર્લેપ છે પણ જ્યારે આ માણસના હૃદય વિષે પાપની મનસા દ્રઢ થાય છે, ત્યારે પોતેજ ભગવત્‌ના તરફથી વિમુખ થાય છે, અને તે વિમુખતા આ જીવનાં મંદ ભાગ્યનાં બીજ છે. જેમ મેં પાછળ પણ વર્ણન કર્યું છે. કે જ્યારે આ જીવની શ્રધ્ધા સ્થુળ પદાર્થો વિષે બંધમાન થાય છે, ત્યારે હૃદયની નિર્મળતા અને ભગવતનાં દર્શનથી તેને પડદો પડે છે. તેમાં ધિક્કાર અને ભગવત્‌ના ક્ષોભનો અર્થ એ છે કે તેની પ્રીતિથી વિમુખ થવું. અને અન્ય પદાર્થોની પ્રીતિ વિષે આસક્ત રહેવું એ મલીન સ્વભાવ આ જીવના મનમાંથી ઉત્પન્ન થાય છે, અને સર્વદા તેના સંગમાં રહે છે. તેમજ ભલો સ્વભાવ પણ એના મનમાંથીજ ઉપજે છે. તેથી સંત જનોએ કહ્યું છે કે "મનુષ્યનાં ભલાં કર્મપર ઇશ્વરને કંઇ પ્રસન્નતા ઉપજતી નથી અને એનાં પાપોએ કરીને તેમને ક્રોધ પણ ઉપજતો નથી. પણ જિજ્ઞાસુને સમજાવવાને નિમિત્તે બુધ્ધિમાનોએ આ પ્રમાણે કહ્યું છે કે "ભલાં કર્મ વિષે ભગવત્ પ્રસન્ન થાય છે. અને પાપિયોના ઉપર કોપ કરે છે." તેમાં જેણે આ લોકને

ભલી પ્રકારે જાણ્યો છે, તેને આ વાર્તા પ્રત્યક્ષ દ્રષ્ટે પડે છે કે જ્યારે હૃદયની મનસા પાપ કર્મ વિષે દ્રઢ થઈ ત્યારે તેજ મનસા હૃદયને મલીન કરી દેછે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "જ્યારે બે મનુષ્ય ક્રોધ સંયુક્ત એક બીજાને મારવા ઇચ્છે, વળી એક પુરૂષ માર્યો જાય છે, અને બીજો જીવે છે, ત્યારે બેઉ નરકગામી થાય છે. શાથી કે જે પુરૂષ મરી ગયો છે, તેની મનસા પણ શત્રુને મારવા વિષે દ્રઢ હતી, તેથી જ્યારે એનું બળ અધિક હોત ત્યારે તે પણ બીજાને મારત તેમાં એ સર્વ વચનો અને યુક્તિયોએ કરીને પ્રત્યક્ષ મનસાનીજ પ્રબલતા છે. જ્યારે માણસના હૃદય વિષે પાપનો સંકલ્પ ઉપજે અને ભગવતના ભયે કરીને તે કર્મ ન કરે, ત્યારે દેવતા તેની ભલાઇ લખે છે. એટલા માટે તે સંકલ્પનું ઉઠવું મનનો સ્વતઃ સ્વભાવ છે. અને તેનો ત્યાગ કરવો એ યત્ન અને પુરૂષાર્થે કરીને થાય છે. તેથી તે પુરૂષાર્થેજ હૃદયને ઉજ્વળ કરે છે. અને ભલાઇ લખવાનો અર્થ એજ છે.

પણ જ્યારે આ માણસ ભગવતના ભય વિના માન અથવા અસમર્થતાએ કરીને પાપકર્મનો ત્યાગ કરે ત્યારે તેને કંઇ ગુણ થતો નથી. અને પાપનીજ મનસા વિષે બંધમાન રહે છે. એ કારણથી હૃદયનો અંધકાર પણ દૂર થતો નથી.

મનને ઉલટાવવાથી કૃતિ શી રીતે વિપર્યય થાય છે, તેનું વર્ણન.

સર્વ કર્મ ત્રણ પ્રકારનાં કહ્યાં છે (૧) સાત્વિકી (૨) રાજસી (૩) તામસી.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "માણસની મનસાને અનુસાર કૃતિ પણ ઉલટી જાય છે." પણ કેટલાક પુરૂષો આ વચનને, આ પ્રમાણે સમજ્યા છે કે જ્યારે ભલી મનસા ધારીને પાપકર્મ કરિયે ત્યારે તે

પાપજ પુણ્યરૂપ થઈ જાય છે, એવું જાણવું એ મૂર્ખતા છે. શાથી કે મનસાનું અનુમાન ધારવાથી કરીને તામસી ધર્મની બુરાઇ દૂર થઇ શક્તી નથી. અને ઉલટું તે કર્મ હૃદયને મલીન કરે છે. જેમ કોઇ કહે કે હું અમુક પુરૂષની પ્રસન્નતાને નિમિતે તેના શત્રુની નિંદા કરૂં છું, અથવા અશુદ્ધ ધન લેઇને ધર્મ-શાળાદિક બનાવવા ઇચ્છે, અને પોતાના ચિત્ત વિષે આ અનુમાન કરી લે કે મારી મનસા શુધ્ધ છે. વળી આ વાર્તાને ન જાણે કે ભલી મનસાનું અનુમાન કરીને અપકર્મ કરવું એ મોટું વિઘ્ન છે. અને એવા કર્મ વિષે અવશ્ય કેટલાંએ વિઘ્નો આવે છે. તેમાં એવું મનુષ્ય મહા મૂઢ કહેવાય છે. એ કારણથી સંતજનોએ કહ્યુ છે કે "પ્રથમ સર્વ કાર્યોની વિદ્યાનું ભણવું પ્રમાણ છે. શાથી કે ઘણા લોકોનો ધર્મ મૂર્ખતાએ કરીને નાશ થાય છે. એ ઉપર એક સંતે કહ્યુ છે કે મૂર્ખતા સમાન બીજું કોઇ પાપ નથી તેથી જે મનુષ્ય પોતેજ અભણ હોય, અને પોતાની મૂર્ખતાને બીજા કોઇ બુદ્ધિમાનને પૂછીને નિવૃત્ત ન કરે ત્યારે તે અજાણતા તેને પડદો થાય છે. અને તે ભલાઇ બુરાઇને ઓળખી શકતો નથી. એમજ જે પુરૂષ કેવળ ધન અને માનની કામનાએ કરીને વિદ્યા ભણવાને ઇચ્છે તેને ભણાવવું એ મહા પાપ છે. પણ જ્યારે ભણાવનારો પુરૂષ એમ કહે કે હું તો એને વિદ્યા ભણાવું છું, તેથી મારી મનસા શુધ્ધ છે. અને એની મલીન કામનાની સાથે મને કંઈ પ્રયોજન નથી તે. એ પણ મોટી મૂર્ખતા છે. શાથી કે જેમ કોઇ પુરૂષ ચોરના હાથમાં તરવાર આપે, અને એમ જાણે કે મેં તો ઉદારતા કરી છે, તેથી મને દાનનું ફળ થશે. તો એ પણ બુધ્ધિની હીનતા કહેવાય છે. તેમજ સંતજનોએ પણ જે વિદ્યાર્થીની મનસા મલીન જોઇ છે, તેને તેમણે ભણાવ્યાજ નહિ. તાત્પર્ય એ કે ભલી મનસાએ કરીને પાપકર્મ ભલુ થતું નથી એટલા માટે કે સંતજનોની આજ્ઞાનુંસાર કર્મ થાય તેનું નામ ભલાઇ છે.

(૧) વળી પહેલું કર્મ સાત્વિકી કહ્યું છે, તેમાં પણ બે ભેદ છે. (૧) પ્રથમ તો સાત્વિકી કર્મનું મૂળ મનસાની શુધ્ધતાથી દૃઢ થાય છે. અને (૨) બીજો ભેદ એ છે કે જેની શુધ્ધ મનસા અધિક વધતી જાય, તેનું એક કર્મ

પણ દશ ઘણી ભલાઇને પામે છે. જેમ કોઇ પુરૂષ ભલી મનસા ધારીને ધર્મ-શાળા આદિક સ્થાન વિષે જાય, ત્યારે એક તો તેનું ત્યાં જવુંજ ભલું હોય છે.

(૨) બીજી ભલાઇ એ છે કે જ્યારે ભજનનો એક નિયમ પૂર્ણ કરી લે છે, ત્યારે બીજા નિયમની ઇચ્છા કરે છે, તેમાં એ વાર્તા નિઃસંદેહ છે કે ભજનના નિયમની વાંછના કરવી એજ ભજન છે.

(૩) ત્રીજી ભલાઇ એ છે કે એવાં સ્થાનકોમાં જાય કે ત્યાં જઇને સર્વ ઇંદ્રિયોને રોકીને બેસે છે. એ પણ ઉત્તમ વ્રત છે.

(૪) ચોથી ભલાઇ એ છે કે સર્વ કર્મોના સંકલ્પોને સંકોચાવે છે. અને ચિત્તને એકત્ર કરીને ભગવત્ ભજન વિષે સાવધાન થાય છે.

(૫) પાંચમી ભલાઇ એ છે કે કુસંગી મનુષ્યોના મેળાપથી મુક્ત રહે છે.

(૬) છઠ્ઠી ભલાઇ એ છે કે કોઇ મનુષ્યને ઉપદેશ કરીને પાપકર્મથી વરજી રાખે છે, અને તેને ભલાઇનો માર્ગ દેખાડે છે.

(૭) સાતમી ભલાઇ એ છે કે જ્યારે કોઇ પ્રીતિમાનને દેખે છે, ત્યારે તેની સાથે મિત્રાઈ કરે છે.

(૮) આઠમી ભલાઇ એ છે કે શુભ સ્થાન વિષે બેસવાથી ભગવતનો ભય ઉપજે છે. તેથી કોઈ અપકર્મની ચિંતવણીજ કરતો નથી.

તાત્પર્ય એ કે જ્યારે જિજ્ઞાસુજનની મનસા કોઇ શુભ કૃતિ વિષે વિધિ સંયુક્ત દૃઢ થાય છે, ત્યારે બધી શુભ કૃતિ અધિકથી અધિક વધતી જાય છે.

(૩) ત્રીજું કર્મ રાજસી જે કહ્યું હતું તે શરીરનો વ્યવહાર છે, તેથી બુદ્ધિમાનને ઘટે છે કે શરીરના વ્યવહાર વિષે પશુઓની પેઠે અચેત થઇને ન વિચરે, અને કોઈ વખતે ભલાઇથી રહિત ન થાય એટલા માટે કે શરીરની ક્રિયા વિષે મગ્ન થઇને ભલી મનસાથી અચેત થવું એ પણ મોટી હાની છે. શાથી કે પરલોક વિષે સર્વ વ્યવહારોનો હિસાબ થશે, અને શિક્ષા થશે.

તેમાં જેની મનસા વ્યવહાર વિષે મલીન હશે તેને દંડ દેશે. અને જેની મનસા શુધ્ધ છે, તે મુક્તિનો અધિકારી થશે વળી જેની મનસા શુધ્ધ અને મલીન પણ નહિ હોય તેને એ મોટું વિઘ્ન છે કે તેનું આયુષ્ય વ્યર્થજ વ્યતિત થયું અને મનુષ્ય જન્મ વિષે તેણે પરમ પદને પ્રાપ્ત ન કર્યું અને ભગવત્‌ની આજ્ઞાથી વિમુખ થયો. એ ઉપર આચાર્ય મહારાજે પણ કહ્યું છે કે "આયુષ્યબળ રૂપી પ્રવાહ સર્વદા ચાલ્યો જાય છે. તેમાં આ સમય મેં તમને એટલા માટે આપ્યો છે કે તમે આ નાશવંત સમય વિષે શુધ્ધ મનસાએ કરીને અવિનાશી પદને પ્રાપ્ત થાઓ. એમજ એક મહા પુરૂષે પણ કહ્યું છે, કે જ્યારે મનુષ્ય નેત્રો વિષે અંજન નાંખે છે, અથવા મૃતિકાની સાથે હાથ ધુવે છે અથવા હાથ પ્રસારી ને કોઇનાં વસ્ત્રને જુએ છે તેમાં પરલોક વિષે એવાં કર્મોનો હિસાબ થશે. અને આ પ્રમાણે પૂછશે કે તેં અમુક કર્મ શી મનસાવડે કર્યું હતું. ?

એ કારણથી સંતજનોએ કહ્યું છે કે પ્રથમ સૌ કોઇને :મનસાની વિદ્યા શીખવી પ્રમાણ છે પણ વ્યવહારનાં કર્મો વિષે જે પ્રમાણે :મનસાની: શુદ્ધતા કહી છે. તેમાં તે વિદ્યા પણ અપાર છે. જેમ વસ્ત્રોને સુગંધ લગાવવી એ પણ કંઇ પાપ નથી પણ જ્યારે પોતાને મોટા જણાવવાની મનસા કે સ્ત્રી આદિકોનાં ચિત્તને ચપળ કરવાની મનસા ન હોય તો તે શુધ્ધ મનસા છે વળી પોતાના ચિત્ત વિષે એ મનસા રાખે કે જ્યારે કોઇને સુગંધ પહોંચશે ત્યારે તેનું ચિત્ત પ્રસન્ન થશે. તેમજ પોતાના શરીરના મેલને એ નિમિત્તે ધુવે કે મને જોઇને કોઇને ગ્લાનિ ન આવે. એ પ્રકારે જેનું ચિત્ત નિર્મળ હોય છે, તે સર્વ કર્મો વિષે નિર્મળ મનસાનેજ વધારે છે. તેથી તેમનો આહાર અને વ્યવહાર અને લોકોનો મેળાપ અને બીજાં બધાં કામ ભલાઇનાં કારણ થાય છે, શાથી કે જેની મનસા શુધ્ધ છે, તેની ક્રિયા કદાચિત્ પણ ભલાઇથી રહિત હોતી નથી. જેમ એક સંતે એકવાર ઉલટો ઝભો પહેર્યો હતો, પછી જ્યારે તેને સીધો કરવા લાગ્યા, ત્યારે ચિત્ત વિષે વિચારવા લાગ્યા કે "આ વસ્ત્ર તો મેં શીત નિવારણને નિમિત્તે પહેર્યું છે, સીધું કેમ કરૂં ?"

વળી એક સંત કોઇના ગૃહ વિષે મજુરી કરતા હતા, ત્યારે ભોજનને વખતે કેટલાક લોક તેમનાં દર્શનને સારૂ આવ્યા. પણ તેમને તે સંતે એમ ન કહ્યું કે તમે પણ પ્રસાદ જમો. જ્યારે સંપૂર્ણ પ્રસાદ પોતે જમી રહ્યા ત્યારે કહેવા લાગ્યા કે મેં એટલા માટે તમને ભોજનનો સત્કાર ન કર્યો કે જ્યારે હું તૃપ્ત થઇને ભોજન ન કરત તો મજુરી કરી શકત નહિ." અને માલિકનો ઋણી રહેત. તાત્પર્ય એ કે જિજ્ઞાસુજનોએ ખાનપાન આદિક વ્યવહારો વિષે પણ એવી શુધ્ધ મનસા કરી છે. કે તેમાં તેઓ ઉત્તમ ફળને પામ્યા છે. અને અચેતતા સહિત વિચર્યા નથી.

શુધ્ધ મનસા પોતાના પુરૂષાર્થ વડે ઉપજાવી શકાતી નથી તેનું વર્ણન.

જ્યારે મનુષ્ય મનસાની વિશેષતાને સાંભળે છે, ત્યારે ચિત્ત વિષે એવું અનુમાન કરી લે છે કે હું પણ ભગવદ્ ભજનને નિમિત્તે ભોજન કરૂં છું. અને જીવોના કલ્યાણને નિમિત્તે વચન વાર્તા કરૂં છું તેથી મારી મનસા શુધ્ધ છે, પણ જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે એની મનસાએ કરીને કેવળ મનોજ સંકલ્પ થાય છે, શાથી કે મનસા દ્દઢ અભિલાષા અને ભગવતની ખેંચને કહે છે, તે જ્યારે આ જીવના હૃદય વિષે ભલી પ્રકારે કરીને ઉત્પન્ન થાય છે. ત્યારે પ્રબળ થઇને મનુષ્યનાં કૃતિ વિષે પ્રેરે છે. જેમ કોઇ પુરૂષને રાજાનો પાળો ખેંચીને લેઇ જાય. તેમજ મનસા બળ કરીને શરીરને કૃતિ વિષે સાવધાન કરે છે, એવી દ્દઢતા ત્યારેજ ઉપજે છે, કે જ્યારે પ્રથમ કોઇ કાર્ય વિષે એની પ્રીતિ પ્રબળ હોય છે. અને જ્યાંસુધી એવી પ્રબળ પ્રીતિ અને ખેંચ ન હોય, ત્યાંસુધી મનુષ્યનું કહેવું વ્યર્થ થાય છે. જેમ કોઇ પુરૂષ તૃપ્ત થઇને ભોજન કરે અને કહે કે " મેં અલ્પ આહારની મનસા કરી છે. " ત્યારે તેનું કહેવું વ્યર્થ થાય છે, તેથી જે જે પુરૂષનો ધર્મ પ્રથમ નિર્બળ હોય તે સંતજનોના વચનોને વિચારીને શુભ કર્મોની વિશેષતાને સમજે. અને વળી

ભગવત્‌ની પ્રસન્નતાને નિમિત્તે સાત્વિકી કૃતિ વિષે દૃઢ થાય, તેનું નામ શુદ્ધ મનસા છે.

જેમનું ચિત્ત ભોગો વિષે બંધમાન્ હોય, ત્યારે એવા પુરૂષના મન વિષે પરલોક માર્ગની મનસાનું ઉપજવુંજ કઠણ છે. અને યદ્યપિ મુખથી પણ કહે કે હું શરીરનો વ્યવહાર શુદ્ધ મનસા સહિત કરૂં છું. તોપણ તેનું વચન કહેવા માત્ર થાય છે, જેમ કોઇ ક્ષુધિત પુરૂષ કહે કે હું ક્ષુધા નિવારણ કરવાની મનસાને નિમિત્તે ભોજન કરૂં છું. ત્યારે એવી મનસાજ નિષ્ફળ કહેવાય છે. શાથી કે આહાર તો સૌ કોઈ ક્ષુધા નિવારણને નિમિત્તેજ ખાય છે. તેથી એવું વચન કહેવા વિષે શો યત્ન થાય છે? તાત્પર્ય એ કે શુદ્ધ મનસા આ જીવના સંકેલ્પે કરીને ઉપજતી નથી પણ તે મનસા ભગવત્‌ની પ્રેરણા છે. તે કૃતિ વિષે સાવધાન કરે છે. પણ તે કૃતિનો સંબંધ આપણા પુરૂષાર્થ સાથે પણ નિસ્સન્દેહ છે. એટલા માટે કે પુરૂષાર્થ વિના કૃતિ સિદ્ધ થતી નથી. તેથી પ્રસિદ્ધ થયું કે શ્રદ્ધાનું ઉપજવું આપણે આધિન નથી. જે પ્રકારે ભગવત્ ઇચ્છે છે તેવીજ શ્રદ્ધા આ જીવના હૃદય વિષે ઉપજે છે. પણ શ્રદ્ધાની ઉત્પત્તિનો માર્ગ પ્રીતિ છે. એટલા માટે કે જ્યારે કોઇ કાર્ય વિષે આપણી પ્રતીતિ દૃઢ હોય છે ત્યારે નિઃસંદેહ તે પદાર્થની પ્રાપ્તિને નિમિત્તે શ્રદ્ધા ઉપજી આવે છે. અને સર્વથા તેજ પદાર્થ પ્રીતમ ભાસે છે જે પુરૂષો આ ભેદને ભલી પ્રકારે સમજ્યા છે, તેમણે જે સમય વિષે પોતાના ચિત્ત વિષે શુદ્ધ મનસા ન જોઇ ત્યારે તે કર્મ કર્યુંજ નહિ શાથી કે યદ્યપિ તે કૃતિ ભલી પણ હોય તોપણ શુદ્ધ મનસા વિના ફળદાયક થતું નથી. એ કારણથી કોઈ સમયે એક સંત વચન વાર્તા કરતા હતા, અને કોઇ વખતે મૌન કરી રહેતા હતા. પછી જ્યારે કોઇ તેમને પ્રશ્ન પૂછતું, ત્યારે કહેતા કે જ્યારે મારા મનમાં શુદ્ધ મનસા ઉપજશે ત્યારે હું તને ઉત્તર આપીશ.

વળી એક બીજા સંતે પણ કહ્યું છે કે હું અમુક રોગીને પૂછવાને નિમિત્તે જવાને ઇચ્છું છું. અને એક માસ વ્યતિત થઇ ગયો છે. પણ હજુ હું મારા ચિત્ત વિષે મનસાની શુદ્ધતા જોતો નથી તેથી ત્યાં જતો નથી.

તાત્પર્ય એ કે જ્યાં સુધી પોતાના ધર્મના માર્ગ વિષે એની પ્રીતિ અને પ્રતીતિ દૃઢ ન થાય ત્યાં સુધી શુદ્ધ મનસા ઉપજતી નથી યદ્યપિ કંઈ શુદ્ધ કર્મ કરે છે, તેથી બુદ્ધિમાન પુરૂષ પરલોકનાં દુઃખોનો વિચારે કરીને સ્મરણ કરે છે, અને ભગવત્‌ની પાસે પ્રાર્થના કરવા માંડે છે. ત્યારે મહારાજની દયાયે કરીને અચાનકજ શુદ્ધ મનસા ઉપજી આવે છે. વળી તે મનસા દૃઢ થઇ જાય છે ત્યારે તે કૃતિ પણ સુગમ થઇ જાય છે. જે પુરૂષ મનસાના ભેદને ભલી પ્રકારે સમજે છે, તેને આ વાર્ત્તા પ્રત્યક્ષ ભાસી આવે છે. જ્યારે શુદ્ધ મનસા વિના જાગ્રત, અને ભજન કરીયે તેથી સુઇ રહેવું વિશેષ છે પણ જ્યારે સુવા વિષે આ મનસા હોય કે પ્રાતઃ સમય નિદ્રા અને આળસથી રહિત થઇને ભજન કરીશ ત્યારે જાગ્રતથી વિશેષ થશે. એમજ જ્યારે ભજનની અધિકતા વિષે હૃદય ચકિત થઇ જાય ત્યારે ઘટે છે કે એક બે ઘડી પ્રમાણે ચિત્તને વચન વાર્તા વિષે પરચાવે પણ મનસા એ રાખે કે જ્યારે હૃદયનો શ્રમ દૂર થઇ જશે ત્યારે સ્વસ્થ ચિત્ત થઇને ભજન વિષે લીન રહીશ. એ ઉપર એક સન્તે કહ્યું છે કે “ જે ક્રિયા વિષે ચિત્તને યત્ને કરીને રોકી રાખે છે, ત્યારે અવશ્યજ હૃદય શ્રમિત થઇને મૂર્છિત થઈ જાય છે. તેથી તે ક્રિયાને ત્યાગીને ચિત્તનો શ્રમ દૂર કરવો અને પછી તેજ કૃતિ વિષે ચિત્તને સાવધાન કરવું એવું છે. જેમ કોઈ વૈદ્ય કોઈ રોગીને પ્રથમ બળવાન્ આહાર આપે કે જ્યારે એના શરીર વિષે બળ થશે ત્યારે ઔષધને ભલી પ્રકારે પચાવશે. અથવા જેમ યુદ્ધ વિષે કોઇ કાયર પુરૂષ પોતાના શત્રુની પાસેથી ભાગી જાય, પછી જ્યારે શત્રુ તેની પાછળ આવે, ત્યારે અચાનકજ તેને મારી લે તેમજ ધર્મના માર્ગ વિષે જિજ્ઞાસુ જન સદૈવ પોતાના મનની સાથે યુદ્ધ કરે છે અને એવાજ દાવ ખેલતા રહે છે, તેમાં યદ્યપિ સ્થૂળ વિદ્યા ભણનારા પંડિત એવા ભેદને સમજી શકતા નથી. પણ જ્ઞાનવાન્ સંત ભલી પ્રકારે જાણે છે.

વળી જ્યારે આપણે મનસાનેજ કૃતિનો પ્રેરક જાણી ત્યારે એવું પણ જાણો કે કોઈ પુરૂષની કૃતિ નરકોના ભયે કરીને થાય છે અને કોઇ સ્વર્ગોની.

આશાને નિમિત્તે શુભ કૃતિ કરે છે, તે પણ ઇંદ્રિયોનો ગુલામ છે. અર્થ એ કે ઇંદ્રિયાદિ ભોગોનેજ ઇચ્છે છે.

અને જે પુરૂષ નરકોના ભયે કરીને જપ તપ કરે છે, તે પણ નઠારા ગુલામો જેવા છે. અર્થ એ કે શિક્ષા કર્યા વિના પોતાના સ્વામીની સેવા કરતો નથી. આ બેઉ પુરૂષ ભગવત્‌થી વિમુખ છે. અને ભગવત્‌ને તેજ મનુષ્ય પ્રિતમ લાગે છે, કે જેની ક્રિયા કેવળ ભગવતનીજ પ્રસન્નતાને નિમિત્તે થાય અને નરક સ્વર્ગની આશા કંઈ ન રાખે તેને નિષ્કામ ભક્ત કહે છે જેમ કોઇ પ્રેમી પુરૂષ પોતાના પ્રીતમની સાથે પ્રીતિ કરે છે, ત્યારે તેને રૂપાની કે સોનાની કામના કંઇ હોતી નથી. અને જેને સોના રૂપાનો લોભ છે, તેને પ્રેમી કહિતા નથી. શાથી કે જ્યારે સારી રીતે જોઇએ ત્યારે સોનું રૂપુંજ તેનું પ્રીતમ છે. તેમજ ભગવત્‌નાં દર્શન અને સ્વરૂપની સાથે જેની અધિક પ્રીતિ નથી, તેના ચિત્તમાં એવી નિષ્કામતા મનસા કદી ઉપજતી નથી. અને જેની પ્રીતિ ભગવત્‌નાજ સ્વરૂપમાં છે, તેનું ચિત્ત સદા મહારાજના દર્શનમાં લીન રહે છે. અને વિચારનાં નેત્રોની સાથે સદૈવ મહારાજને દેખે છે. વળી શરીરે કરીને કૃતિ એટલા માટે કરે છે, કે મારા પ્રીતમે આ પ્રમાણે આજ્ઞા કરીછે, તેથી મને અવશ્ય એમજ કરવાનું છે એટલા માટે કે જેમ ચિતને બીજા પદાર્થોમાં જોડવું પ્રમાણ નથી તેમજ શરીર પણ પોતાના પ્રિતમની ટેલમાં જોડવું જોઇએ છીએ એવું જાણીને પ્રેમી પુરૂષ યથા શક્તિ મહારાજનાં દર્શન વિષે ચિત્તને ઠરાવે છે. અને એકત્ર થઇને તેનેજ દેખે છે. વળી પાપ કર્મોનો ત્યાગ પણ એ નિમિત્તે કરે છે કે પાપે કરીને મને પ્રીતમનાં દર્શનમાં પડદો અને વિક્ષેપતા થશે જેના ચિત્તમાં એવી સમજ દૃઢ થઇ છે, તેને જ્ઞાનવાન્ યથાર્થ બુદ્ધિવાન્ કહે છે.

એ ઉપર એક પ્રીતિમાનને આકાશવાણી થઈ હતી કે "બીજા બધાં મનુષ્ય મારી પાસે બીજા પદાર્થ માગે છે, અને એક સંત મારી પાસે મનેજ માગે છે.

બીજા એક સંતે પણ કહ્યું છે કે એકવાર મારા મોંઢામાંથી આવું વચન નીકળ્યું હતું કે સ્વર્ગના સુખથી અપ્રાપ્ત રહેવું એ મોટી હાની છે. ત્યારે ભગવતે મને શિક્ષા કરીને કહ્યું છે કે તેં મારા દર્શનથી અપ્રાપ્ત રહેવાને મોટી હાની કેમ કહી નથી? અને સ્વર્ગની તરફ હૃદય કેમ દીધું?

હવે બીજા વિભાગ વિષે નિષ્કામતાનું સ્વરૂપ અને સ્તુતિનું વર્ણન થશે.

નિષ્કામતાની સ્તુતિ.

શ્રી કૃષ્ણ મહારાજે આ પ્રમાણે કહ્યું છે કે તમને મેં નિષ્કામ ભજનને નિમિત્તેજ આજ્ઞા કરી છે અને એમ પણ કહ્યું છે કે જે પુરૂષને હું મારો પ્રીતમ કરવા ઇચ્છું છું તેને હૃદય વિષે નિષ્કામતા સ્થિત કરૂં છું. આચાર્ય મહા પુરૂષે પણ એક પ્રીતિમાનને એવું કહ્યું હતું કે જ્યારે તું નિષ્કામ કૃતિ કરે, ત્યારે તારૂં અલ્પ કર્મ પણ ઘણું અધિક થઇ જાય અને દંભને જે નિંદ્ય કહ્યો છે, તેનું કારણ એ છે કે દંભે કરીને નિષ્કામતા નષ્ટ થઇ જાય અને દંભની નિંદાજ નિષ્કામતાની સ્તુતિ છે, એ કારણથી એક સંત પોતાના શરીરમાં ચાબુક મારીને એવું કહેતા હતા કે હે મન તું નિષ્કામ થા, ત્યારે મુક્તિને પામીશ.

એક બીજા સંતે કહ્યું છે કે તે પુરૂષ ધન્ય છે કે જેમના બધા આયુષ્ય વિષે એક સંકલ્પ પણ નિષ્કામ સ્ફુર્યો છે. જેથી કરીને તેણે કંઇ ઇચ્છા નથી કરી.

એક સંતે કહ્યું છે કે મનસાના ઉપજવાથી પણ મનસાને નિષ્કામ રાખવી અતિ કઠિણ છે.

એ ઉપર એક વાર્તા છે કે એક પ્રીતિમાને તીર્થ યાત્રાના માર્ગ વિષે

એક ડાલ વેચાથી લીધી હતી, એટલા માટે કે હું મારી ક્રિયા માર્ગમાં કરીશ, પછી આગળ વેચી લેઇશ. ત્યારે અમુક નગર વિષે કંઇ લાભ પણ પ્રાપ્ત થશે. તેવામાં રાત્રિને વિષે સ્વપ્નમાં બે દેવતા તેની નજરે પડયા, અને આ પ્રમાણે યાત્રાળુનાં નામ લખવા લાગ્યા કે અમુક પુરૂષ તમાસો જોવાને આવ્યો છે, અને અમુક પુરૂષ દંભને નિમિત્તે આવ્યો છે. પછી તે પ્રીતિમાનની તરફ જોઇને કહેવા લાગ્યા કે આ સોદાગરી કરવાને આવ્યો છે. ત્યારે તે પ્રીતિમાને કહ્યું કે તમે ભલી પ્રકારે જુઓ મારી પાસે તો સોદાગરીની કંઇ વસ્તુ નથી. તેથી ભગવત્‌ની દુહાઈ કરીને કહુ છું કે મારી મનસા નિષ્કામ છે. ત્યારે દેવતાઓએ કહ્યું કે તેં ડાલ લાભને નિમિત્તે લીધી છે પછી તેણે કહ્યું કે મારી મનસા તો વ્યવહારની નહોતી. પણ અકસ્માત્ મેં લેઇ લીધી હતી. એ વાર્તા સાંભળીને એક દેવતા બીજાને કહેવા લાગ્યા કે એવું લખી લ્યો કે આ ઘેરથી તીર્થ યાત્રાની મનસા ધરીને ચાલ્યો, અને માર્ગ વિષે એણે ડાલ પણ લીધી છે; આગળ જે પ્રમાણે મહારાજની આજ્ઞા થશે તે કરીશું એ કારણથી સંતજનોએ કહ્યું છે કે “ એક નિષ્કામ સંકલ્પે કરીને પણ અવિનાશી સુખને પામી શકે છે. પણ એક ઘડી પર્યંત નિષ્કામ રહેવું અતિ દુર્લભ છે. વિદ્યારૂપી બીજ છે અને કૃતિ તેની ખેતી છે. અને નિષ્કામતારૂપી જળ છે, તેથી મુક્તિરૂપી ફળ ઉત્પન્ન થાય છે. એ ઉપર એક બીજી વાર્તા છે કે એક નગર વિષે કોઇ પ્રીતિમાને સાંભળ્યું હતું કે ત્યાં લોક અમુક વૃક્ષને પરમેશ્વર માનીને પૂજે છે. ત્યારે તેણે એ મનસા કરી કે હું તે વૃક્ષને કાપી નાંખું તો સારૂં છે. પછી જ્યારે શસ્ત્ર લેઇને ચાલ્યો ત્યારે માર્ગ વિષે તેને કળિયુગ આવી મળ્યો અને કહેવા લાગ્યો કે “ તમે મહારાજના ભજન વિષે સ્થિત થાઓ. વૃક્ષને કાપવાથી તમને શો લાભ થશે ? ત્યારે પ્રીતિમાને કહ્યું કે “ વૃક્ષને કાપવાનુંજ મારૂં ભજન છે. ” પછી કલિયુગ કહેવા લાગ્યો કે હું તો તમને જવા નહિ દેઉં, એવું કહીને એક બીજામાં લડવા લાગ્યા, ત્યારે કળીયુગને પ્રીતિમાને પાડી નાખ્યો, પછી કળીયુગે કહ્યું કે એક મારૂં બીજું વચન પણ સાંભળો કે તમને શ્રી કૃષ્ણ મહારાજે વૃક્ષ કાપવાની

આજ્ઞા કરી નથી, અને શ્રી કૃષ્ણ મહારાજ જ્યારે એ વૃક્ષને કાપવાની ઇચ્છા કરત ત્યારે કોઈ મહા પુરૂષને આજ્ઞા આપત ત્યારે તમે શા માટે આ સંકલ્પ વિષે આસક્ત થયા છો ? પછી પ્રીતિમાને કહ્યું કે હું તો નિઃસંદેહ એ વૃક્ષને કાપીશ. એવું કહીને ફરી લડવા લાગ્યા, અને ફરી પણ પ્રીતિમાને તેને પાડી નાંખ્યો, ત્યારે કલિયુગે કહ્યું કે એક બીજું મારૂં વચન સાંભળી લ્યો. પછી આગળ જે તમારી ઇચ્છા થાય તે કરજો. જો તમે વૃક્ષ કાપવાનો ત્યાગ કરો તો તમને પ્રભાત સમયે નિત્ય પ્રતિ પાંચ રૂપિયા પ્રાપ્ત થયા કરે. તેથી તમારી જીવિકા સુખથી ચાલશે. અને ભગવત્ અરથે પણ આપજો. એ વચન સાંભળીને પ્રીતિમાને વિચાર કર્યો કે આ વાત તો સારી છે. પછી જ્યારે ઘરમાં ગયા ત્યારે તેમને પાંચ રૂપિયા પ્રાપ્ત થયા, પણ બીજે દિવસે કંઈ ન મળ્યું, ત્યારે ક્રોધવાન્ થઈને વૃક્ષને કાપવા ચાલ્યા, પછી મારગ વિષે કળિયુગે તેમને કહ્યું કે હવે કયાં ચાલ્યા, હું તો તમને જવા નહિ દેઉં. એવું કહીને પરસ્પર લડાઇ કરવા લાગ્યા ત્યારે કળિયુગે પ્રીતિમાનને પાડી નાંખ્યો પછી પ્રીતિમાને આશ્ચર્ય પામીને પૂછયું કે આગળ તો હું તારા ઉપર પ્રબળ હતો છતાં હવે તેં મને શી રીતે પાડી નાંખ્યો ? ત્યારે તેણે કહ્યું કે પ્રથમ તમારી મનસા નિષ્કામ હતી તેથી તમે પ્રબળ હતા, અને હવે માયાને નિમિત્તે ક્રોધવાન્ થયા છો તેથી મેં તમને જીતી લીધા. અને તમારૂં બળ ક્ષીણ થઇ ગયું છે.

નિષ્કામતાના સ્વરૂપનું વર્ણન.

જ્યારે પુરૂષની મનસા કેવળ શુદ્ધ હોય છે, ત્યારે તેને નિષ્કામ કહે છે અને જેની મનસા મિશ્રિત હોય છે તેને સકામ કહે છે. મિશ્રિત મનસા આનું નામ છે. જેમ કોઈ પુરૂષ સંયમને નિમિત્તે વ્રત રાખે, પણ તેના ચિત્ત વિષે આ મનસા હોય કે અલ્પ અહારે કરીને મારૂં શરીર સુખથી રહેશે, અથવા રસોઇ કરવાનો ખેદ થશે નહિ અથવા જીવિકાજ અલ્પ જોઇશે.

વળી જેમ ગુલામને મુક્ત કરવાનું પણ પુણ્ય કર્મ છે, પણ જ્યારે આ મનસા કરીને ગુલામને છોડે કે હું એના ખરાબ સ્વભાવથી છૂટીશ ત્યારે એ પણ મિશ્રિત મનસા કહેવાય છે. વળી જેમ કોઈ પુરૂષ રાત્રિમાં જાગીને ભજન કરતો રહે પણ એ પણ મનસા રાખે કે જાગૃતે કરીને મારા ધનને ચોરનો ભય નહિ થાય.

કોઇ તીર્થમાં પુણ્યને નિમિત્તે જાય, અને તેની મનસા એવી હોય કે પરદેશના પ્રયાણે કરીને મારૂં શરીર આરોગ્ય થશે, નાના પ્રકારના નગરોને જોઇશ, કેટલાક દિવસ ગૃહસ્થીની જંજાળમાંથી છૂટીશ, એ નિમિત્તે કોઈ વિદ્યા ભણાશે, કે જેથી મારી જીવિકા સુખથી ચાલશે, વિદ્યાએ કરીને મારા ધનની રક્ષા થશે, જગત્ વિષે મારૂં માન થશે, લોકોની સાથે વચન વાર્તા વિષે પરચ્યો રહીશ એ નિમિત્તે લખનારો થઇશ કે મારા અક્ષર સારા થશે અથવા એ નિમિત્તે સ્નાનાદિક ક્રિયા થશે કે મારૂં શરીર શુદ્ધ રહેશે. એવી ક્રિયાએ કરીને દાન દે કે યાચકોની નિંદાથી છૂટીશ રોગીને પૂછવા જાય કે કદીએ પણ મને પૂછવા આવશે જગત્ વિષે મારી ભલાઇ પ્રસિદ્ધ થશે, આ બધાં કર્મ દંભની સાથે મળેલાં છે. અને દંભની સાથેની ક્રિયાને દંભના સર્ગ વિષે વિસ્તારે કરીને કહી છે. કે અલ્પ અથવા અધિક દંભ પણ નિષ્કામતાને ખંડિત કરી દે છે.

નિષ્કામતાનું રૂપ એ છે કે જેના વિષે મનની વાસના કંઇપણ મળે નહિ, અને કેવળ ભગવત્નાજ નિમિત્તે હોય.

એ ઉપર કોઇ હરિભક્તે આચાર્ય મહા પુરૂષને પૂછ્યું હતું કે “ નિષ્કામતા શું છે ? ત્યારે તેમણે કહ્યું કે એક ભગવત્નેજ પોતાના સ્વામી જાણીને તેની આજ્ઞા વિષે સ્થિત થવું એજ નિષ્કામતા છે. તાત્પર્ય એ કે જ્યાંસુધી આ મનુષ્ય મનના સ્વભાવોથી દૂર ન થાય ત્યાંસુધી નિષ્કામ થવું મહા કઠીન છે, એ પ્રકારે કેટલાક સંતજનોએ કહ્યું છે કે નિષ્કામતાના જેવું કોઇ કામ અતિ કઠિણ અને દુર્લભ નથી. એટલા માટે કે અવિદ્યા બંધ જીવના

હૃદય વિષે નિષ્કામતાનું ઉપજવું એવું છે કે જેમ મળમુત્ર અને રૂધિરના પુતળામાંથી દૂધ નીકળવું. અર્થ એ કે મળમુત્ર અને રૂધિરનું પુતળું જે શરીર છે, તેમાં દૂધ ઉત્પન્ન કરવું એ ભગવત્‌નુંજ કામ છે બીજા કોઈ મનુષ્યના બળે કરીને થઇ શકતું નથી. એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે-" મેં જીવોનું પ્રતિપાલન કરવાને મળમુત્ર અને રૂધિરમાંથી દૂધ ઉત્પન્ન કર્યું છે. તેથી જિજ્ઞાસુજનને ઘટે છે કે માયાના સર્વ પદાર્થોથી પોતાના ચિત્તને વિરક્ત કરે. અને સર્વ પ્રકારે ભગવત્‌નીજ પ્રીતિને વધારે ત્યારે સ્વાભાવિકજ એની સર્વ કૃતિ પોતાના પ્રિતમની પ્રસન્નતાને નિમિત્તે થાય. તેમાં જે પુરૂષની એવી અવસ્થા થઇ છે, તેનો આહાર અને વ્યવહાર અને મળ ત્યાગવાનું પણ ભગવત્‌નેજ નિમિત્તે થાય છે. અર્થ એકે મનની વાસનાનાને અનુસારે તેનું કોઇ કર્મ થતું નથી. અને જેના હૃદયમાં માયાની પ્રીતિ પ્રબળ છે, તે ભગવત્‌ના ભજનમાં નિષ્કામ થઈ શકતા નથી, એથી કરીને કે જે પદાર્થ વિષે આ જીવની પ્રીતિ થાય છે, અને જેવો જેવો જીવનો સ્વભાવ હોય છે, તે પ્રમાણે શરીરની કૃતિ પણ તેજ પ્રીતિ અને સ્વભાવને વધારે છે. જેમ કે જેને માન અને મોટાઇની પ્રીતિ છે, તેનાં બધાં કર્મ માનને નિમિત્તે થાય છે પણ ઉપદેશ અને વચન વાર્તાની ક્રિયા વિષે નિષ્કામ થવું અત્યંત કઠિણ છે. શાથી કે એવાં કર્મોનો સંબંધ લોકોની સાથે અધિક થાય છે, એ કારણથી માનની કામના મિશ્રિત થઇ જાય છે. પણ કયારેક તો માનની કામના અધિક થાય છે. અને કદી ધર્મની કામના પ્રબળ થઇ જાય છે. તેથી મન આદિના સંકલ્પોને દૂર કરવા વિષે ઘણું કરીને વિદ્યાવાન્ પણ સમર્થ થતા નથી. અને અલ્પ બુદ્ધિ જીવ મૂર્ખતાએ કરીને પોતાને નિષ્કામજ જાણે છે. એ કારણથી અભિમાની થઇને પોતાના અવગુણોને જોતાજ નથી. એ ઉપર એક સંતે કહ્યું છે કે મેં યથાર્થ દૃષ્ટિએ કરીને જોયું ત્યારે હું ત્રીશ વર્ષના ભજનને વ્યર્થજ જાણવા લાગ્યો એથી કરીને કે ત્રીશ વર્ષ પર્યંત મેં બધા લોકોની આગળ ઉભો થઇને ભજન કર્યું હતું, પછી એક દિવસ વિષે અકસ્માત્ મને કંઇવાર લાગી તેથી લોકોની

પાછળ સ્થિત થવાથી મારૂં મન લજ્જાયમાન થવા માંડયું ત્યારે નિઃસંદેહ મેં જાણ્યું કે એ પ્રસન્નતા અને રહસ્ય મને મુખ્ય હોવાથી ઉપજતાં હતાં તાત્પર્ય એ કે નિષ્કામતા રૂપી પદાર્થને સમજવો એ પણ મહા કઠિણ છે અને તેમાં સ્થિત થવું તો અતિજ દુર્લભ છે. અને નિષ્કામતા વિના જેટલાં સાત્વિક કર્મ આ મનુષ્ય કરે છે તેટલાં નિઃસંદેહ વ્યર્થ થાય છે. અને ભગવત્ તેને રંચમાત્ર પણ પ્રમાણ કરતા નથી. એ કારણથી સંત જનોએ કહ્યું છે કે યદ્યપિ બુદ્ધિમાન પુરૂષ અલ્પ માત્રજ ભજન સ્મરણ કરે તોપણ મૂર્ખ મનુષ્યોનાં કેટલાંએ વર્ષોના ભજનથી અધિક લાભદાયક થાય છે. એથી કરીને કે મૂર્ખ મનુષ્ય કૃતિનાં વિઘ્નોને જાણતો નથી. તેથી તેની મનસા માન અને દંભાદિક સ્વભાવો વિષે મળી જાય છે, અને તે એ કર્મને નિષ્કામજ જાણે છે. અને એવું સમજતો નથી કે ભજન વિષે બીજી કામના કરવી એવી છે કે જેમ સુવર્ણ વિષે બીજી ધાતુની મેળવણી થાય તેથી જે પુરૂષ શરાફી જાણતો નથી તે અવશ્યજ છેતરાય છે. અને કોઇ ઉત્તમ શરાફજ પોતાને ખોટામાંથી બચાવી રાખે છે શાથી કે મૂર્ખ તો સોનાને પીળા રંગથીજ ઓળખે છે. તેમજ ભજન વિષે જે સકામતા રૂપી ખોટ છે, તે પણ ચાર પ્રકારની થાય (૧) પ્રકટ છે (૨) અતિ પ્રકટ છે. (૩) સૂક્ષ્મ છે (૪) સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છે તેથી હું તેને યુક્તિ સાથે પ્રકટ કરૂં છું.

(૧) પ્રથમ તો જ્યારે પુરૂષ ભજન કરવા માંડે છે અને અધિક લોકોને પોતાની પાસે દેખે છે, ત્યારે એના મન વિષે આવો સંકલ્પ આવીને સ્ફુરે છે કે ભજનના નિયમને જ્યારે વિધિ સયુક્ત સમ્પૂર્ણ કરીએ તો સારૂં છે, ત્યારે લોક મારા ઉપર ગ્લાની ન રાખે, એ પ્રમાણે એ દંભ અતિ પ્રકટ છે.

(૨) બીજો પ્રકાર એ છે કે જ્યારે આ દંભને ઓળખીને ત્યાગ કરે છે, ત્યારે મન આ પ્રકારની રીતે કરીને સંકલ્પ ઉઠાવે છે કે જ્યારે આ લોક તને ભલી પ્રકારે ભજન કરતાં દેખશે ત્યારે એને પણ ભજનની પ્રીતિ અને દ્રઢતા ઉપજશે તેથી તે ભજનના પુણ્યનો લાભ તને પણ થશે. એ

પ્રમાણે એ સંકલ્પ એવો છળ રૂપ છે કે એમાં અવશ્યજ છવાઇ જાય છે. અને એવું જાણતો નથી કે બીજા લોકોના ભજનનું પુણ્ય મને ત્યારેજ થાય છે જ્યારે મારી એકાગ્રતા એના વિષે જઇ પ્રવેશ કરે અન્યથા નથી થતું. શાથી કે જ્યારે મનુષ્યનું ચિત્ત એકત્ર ન થાય, અને બીજા લોકો એને નિષ્કામ અને એકાગ્ર ચિત્ત જાણીને ભજન વિષે પ્રીતિ કરે અને દૃઢ થાય. ત્યારે તે મને તો નિઃસંદેહ ભલાઇ પ્રાપ્ત થાય છે, પણ સકામી પુરૂષ જે પોતાને નિષ્કામી દેખે છે. તે પોતાની વાસના અને દમ્ભરૂપી રસી સાથે બાંધ્યોજ રહે છે, તેથી એ પણ પ્રકટ દંભ કહેવાય છે.

(૩) વળી ત્રીજો સૂક્ષ્મ દંભ એ છે કે જેણે આ વાર્તાને જાણી હોય કે એકાન્ત અને લોકો વિષે એક સરખુંજ ભજન કરવું વિશેષ છે પણ જ્યારે એકાન્તમાં ભલી પ્રકારે ભજન કરી શકે નહિ, અને લોકો વિષે વિધિ સંયુક્ત કરે ત્યારે એ પણ કપટ કહેવાય છે. અથવા એવું જાણીને એકાંત વિષેજ ભજનના નિયમને ભલી પ્રકારે યત્ને કરીને પૂર્ણ કરે કે હું લોકો વિષે એવુંજ ભજન કરીશ. તેથી દંભી થઇશ નહિ તેમાં એક એ સૂક્ષ્મ દંભ છે શાથી કે તે તેને પોતાનો દંભજ એકાંત વિષે પણ લજ્જાયમાન કરે છે કે જ્યારે એકાંતે અને લોકો વિષે વિપરીત ભાવ કરીશ. ત્યારે નિઃસંદેહ પાખંડી થઈશ. પણ એ દંભનું ચિન્હ જાણવામાં આવતું નથી. અને પોતાને નિષ્કામી જાણીને તે પુરૂષ એકાંત વિષે પણ દંભજ કરે છે.

(૪) વળી ચોથો દંભ એથી પણ સૂક્ષ્મ છે કે જેણે એવું પણ જાણ્યું હોય કે અંતર બાહ્ય લોકોને નિમિત્તે એકાગ્ર ચિત્ત થવું લાભદાયક થતું નથી. તેથી મન તેને એ પ્રકારે છળ દેછે કે જે ભગવત્‌નું ભજન કરે છે, તે પરમ ઇશ્વરોના ઇશ્વર છે શ્રી કૃષ્ણ મહારાજની મોટાઇ અને તેજનું સ્મમરણ કરીને ભયવાન્ થાઓ, અને તેના સન્મુખ સંકોચાઇને સ્થિત થાઓ આ સંકલ્પ ધારીને જે પુરૂષ મનની વૃત્તિને રોકે છે, તેને એટલા માટે દંભી કહે છે કે જેના ચિત્તમાં એકાન્ત વિષે એવો સંકલ્પ ન ઉપજે અને લોકો વિષે એ સંકલ્પને વધારી કરીને એકત્ર થાય. કે લોક મને સ્થિર ચિત્ત

જાણે તેથી તે પણ દંભી કહેવાય છે, પણ એ દંભ અતિ સૂક્ષ્મ છે. વળી લોકોને જોઇને ભગવત્‌ની વડાઇનું સ્મરણ કરવું એ પણ વ્યર્થ થાય છે. એ ઉપર સંત જનોએ કહ્યું છે કે જ્યાં સુધી આ પુરૂષ ભજનને સમયે પશુઓ અને મનુષ્યોના દેખવા વિષે ભેદ જાણે છે, ત્યાં સુધી કેવળ નિષ્કામ થતો નથી. અને શુદ્ધ નિષ્કામ તેજ પુરૂષ છે, કે જેને પશુ અને મનુષ્યનું દેખવું સમાન ભાસે.

તાત્પર્ય એ કે જેને એવી સૂક્ષ્મ બાબતોની ઓળખાણ પ્રાપ્ત થઈ નથી તે જપ તપ વિષે પણ વ્યર્થજ કષ્ટને ખેંચે છે. તેથી તમે જાણો કે જ્યારે દંભ અને માનની મનસા ભજનની મનસાથી પ્રબલ થાય ત્યારે તે ભજન પણ ખેદદાયક થાય છે. અને જ્યારે બેઉ મનસા સમાન થાય ત્યારે લાભ હાની કંઇ થતું નથી. અર્થ એ કે હૃદયની અવસ્થા જેમની તેમ રહે છે. વળી જ્યારે ભજનની મનસા પ્રબળ થાય ત્યારે કંઇ લાભ પણ થાય છે. યદ્યપિ સંતજનોનાં વચનો વિષે આ પ્રમાણે આવ્યું છે કે સકામી પુરૂષોને ભગવત્ આ પ્રમાણે કહેશે કે "જેને નિમિત્તે તમે જપ તપ કર્યાં છે, તેની પાસેથી ફળ પણ માગો પણ મારા મનમાં એ વચન બેઉ મનસાની સમાનતાપર ભાસે છે. એથી કરીને કે જ્યારે શુભ અને અશુભ મનસા સમાન થાય છે, ત્યારે તેનું પુણ્ય પાપ કંઇ થતું નથી. અને જે વચનો વિષે કામનામય કૃતિતોને ખેદનુ કારણુ કહ્યું છે, તે કેવળ દંભનીજ મનસા પ્રતિ કહ્યું છે. પણ જેની મનસા પ્રથમજ ધર્મને નિમિત્તે હોય, અને પછી કંઇ દંભની મનસા મળી જાય ત્યારે તેની કૃતિ મૂળમાંથી વ્યર્થ થતી નથી. યદ્યપિ નિષ્કામ કર્મના સમાન ફળને પામતો નથી અને અત્યંત નિષ્ફળ પણ થતો નથી. તેમાં એ વચનને બે યુક્તિએ કરીને સમજી શકાય છે, પ્રથમ તો બુદ્ધિની યુક્તિ એ છે કે ભગવતના તરફથી વિમુખ થવું એ પણ પરમ દુઃખ છે. અને મોટી શિક્ષા પણ એજ છે. અને મનસાની નિષ્કામતાજ આ જીવનાં ઉત્તમ ભાગ્યોનાં બીજ છે. તેમજ માયાના પદાર્થોની પ્રીતિ મંદ ભાગ્યનાં બીજ છે તેથી બેઉ મનસાની સમાનતા એવી છે કે શુદ્ધ મનસા આ જીવને જેટલી ભગવત્‌ની પાસે ખેંચી

જાય છે, તેટલીજ સ્થૂળ કામના તેને એ પદથી દૂર ફેંકે છે. તેથી તેની અવસ્થા જયાંની ત્યાં રહી જાય છે. અને લાભ હાની કંઇ પામતો નથી. જેમ કોઈ રોગી પુરૂષ શીતળ અને ઉષ્ણુદાયક ઔષધ સમાનજ ખાય ત્યારે તેનો રોગ જેમનો તેમ રહે છે. પણ જ્યારે શીતળ ઔષધ અધિક ખાય ત્યારે તેની ગરમી ક્ષીણુ થઇ જાય છે અને જયારે ઉષ્ણુદાયક ઔષધને ખાય ત્યારે શરદી ક્ષીણુ થાય છે. તેમજ પાપની અધિક મનસા હ્રદયને મલીન કરી લે છે, અને શુદ્ધ મનસા હ્રદયને નિર્મળ કરે છે, બેઉ મનસા રંચમાત્ર પણુ વ્યર્થ થતી નથી. જેમ રંચમાત્ર પથ્ય અને રંચમાત્ર કુપથ્ય પણુ શરીર વિષે રોગ અને આરોગ્યતા ઉપજાવે છે. પણુ યથાર્થ નીતિના ત્રાજવા વિષે એનો ગુણુ અને અવગુણુ તોળી શકીએ છીએ. એ ઉપર મહારાજે પણુ કહ્યું છે કે " જે પુરૂષ રાઇ સમાન ભલાઇ કરે છે, તે પણુ નિ:સંદેહ તેના સુખને ભોગવે છે. અને જે પુરૂષ એક રાઇ સમ ભુંડાઇ કરે છે, તો તેનાં દુ:ખરૂપી ફળને પણુ અવશ્યજ પામે છે. એ કારણુથી જિજ્ઞાસુજનને ઘટે છે કે " યત્ને કરીને સાત્વીકીજ શ્રદ્ધાને વધારે. અને સ્થુળ કામનાને જે તે પ્રકારે ક્ષીણુ કરે.

વળી બીજી યુક્તિ એ છે કે જેમ તીર્થ યાત્રા વિષે યાત્રી પુરૂષ માર્ગ વિષે સોદાગરી પણુ કરી લે, તોપણુ તેની યાત્રા નિષ્ફળ થતી નથી.

યદ્યપિ નિષ્કામતાએ કરીને અધિક ફળને પામે છે, પણુ એ પણુ મૂળથીજ નિષ્ફળ થતી નથી. તેમજ કઇક સંકલ્પની મેળવણીએ કરીને ભજનનું સમૂળુ ફળ નષ્ટ થતુ નથી. તેમાં એ વાર્તાને પણુ સૌ કોઇ પ્રમાણુ કરે છે. શાથી કે મૂળથી તેની મનસા શુદ્ધ છે. અને જ્યારે એવું ન હોય ત્યારે કેવળ નિષ્કામ કૃતિ આ જીવથી થવીજ કઠિણુ છે. એટલા માટે કે જ્યાંસુધી સર્વથા દેહાભિમાનથી મુક્ત ન થાય ત્યાંસુધી સાત્વિકી કર્મો વિષે પણુ કેટલાક સંકલ્પ રાજસી સ્ફુરી આવે છે. તેથી તેનો ઉપાય એ છે કે સાત્વિકી શ્રદ્ધાનાં બીજને નષ્ટ થવા ન દે. અને શનૈઃ શનૈઃ બીજા સંકલ્પોને નિર્બળ કરે ત્યારે પુરૂષાર્થે કરીને નિષ્કામતાને પણુ પ્રાપ્ત થાય છે.

વિભાગ ત્રીજો.

સત્યનું વર્ણન.

સત્ય અને નિષ્કામતા એકજ રૂપ છે. પણ જે પુરૂષ નિષ્કામ અવસ્થાને પામે છે, તેને સાચો કહે છે. એ ઉપર મહારાજે પણ કહ્યું છે કે "પરલોકમાં સર્વ જીવોને સત્યની દ્રઢતા વિષે પૂછશે. કોઇએ આચાર્ય મહા પુરૂષને પૂછયું હતું કે મનુષ્યની ઉત્તમ અવસ્થા શી છે? ત્યારે તેમણે કહ્યું કે "વચન અને કૃતિની સત્યતાને ઉત્તમ અવસ્થા કહી છે. એ કારણથી જિજ્ઞાસુને સત્યનો અર્થ જાણવો અવશ્ય પ્રમાણ છે. તેથી સત્યરૂપી પદાર્થનાં પાંચ લક્ષણ પ્રસિદ્ધ છે. જેને એ પાંચ લક્ષણ પ્રાપ્ત થયાં છે, તે યથાર્થી પુરૂષ કહેવાય છે.

(૧) પ્રથમ તો જિંહાની સત્યતા છે કે કદી જુઠું બોલવું નહિ. અર્થાત વ્યતીત વાર્તા વિષે પણ જુઠું વર્ણન કદાપિ ન કરે અને આગળ પણ કોઇની સાથે જુઠું વચન ન બોલે. અને વર્તમાનકાળ વિષે પણ સાચુંજ બોલે એટલા માટે કે જેવું વચન જિંહાથી બોલીએ, તેવોજ સ્વભાવ હૃદય પણ પકડે છે. તેથી ઘટે છે કે અવશ્ય કાર્ય વિના કદાચિત્ જુઠું બોલે નહિ. જ્યારે કોઇ એક બીજામાં વિરૂદ્ધતા હોય તે દૂર કરવી હોય તોપણ યુક્તિ કરીને એવું વચન બોલે કે જેમાં એક પણ જુઠો અક્ષર ન આવે. અથવા જ્યારે સાચી મનસાએ કરીને એવા કાર્ય વિષે જુઠુંજ બોલે તોપણ પ્રમાણ છે. પછી જ્યારે ભગવત્‌ની પાસે વિનય કરે તોપણ સાચુંજ વચન ઉચ્ચારે. અર્થ એ કે જ્યારે મુખથી આ પ્રમાણે કહે કે હેં ભગવત્ મારૂં મુખ તારી દયાની તરફ છે. અથવા જ્યારે એમ કહે કે હું તારો દાસ છું અને તનેજ પૂજું છું; વળી જ્યારે હૃદયે કરીને ભોગોની તરફ મુખ રાખે, અને જ્યાંસુધી પોતાની વાસનાનો આજ્ઞાકારી અને ગુલામ છે, ત્યારે તેનો વિનય પણ જુઠો થાય છે. શાથી કે જ્યાંસુધી માયાનાં સર્વે બંધનોથી મુક્ત ન થાય, ત્યાંસુધી ભગવત્‌નો પુજારી અને દાસ થતો નથી. અને મુક્ત થવું એ છે કે પોતે પો-

તાથી પણ મુક્ત થાય, અર્થ એ કે ભગવત્ વિના બીજા કોઇ પદાર્થને ન ઇચ્છે વળી મહારાજનીજ આજ્ઞા વિષે સદૈવ પ્રસન્ન રહે, ત્યારે જાણીએ કે ભગવત્નો સાચો સેવક છે.

(૨) સત્યનું બીજું લક્ષણ મન વિષે હોય છે. કે જે પદાર્થને અંગીકાર કરે તેમાં સત્યનીજ મનસા રાખે. અને બીજી કોઇ કામનાની સાથે મિશ્રિત ન કરે. તેમાં નિષ્કામતાનો અર્થ પણ એજ છે. પણ નિષ્કામતા અને સત્યને એટલા માટે એક કહે છે કે જે પુરૂષની કૃતિ વિષે દંભની મનસા થાય છે, તે જુઠો છે. શાથી કે જેવો એ પુરૂષ પોતાને બહારથી દેખાડે છે તેવો હૃદય વિષે, હોતો નથી.

(૩) સત્યનું ત્રીજું લક્ષણ એ છે કે જ્યારે પ્રથમ સાત્ત્વિકી મનસા ધારીને કોઇ કર્મને અંગીકાર કરે. જેમ ધર્મને નિમિત્તે રાજા થાય અથવા ઉદારતાને નિમિત્તે ધન રાખે ત્યારે તે અવસ્થા વિષે પણ તેજ મનસા દૃઢ રહે. માન અને ભોગોની અધિકતાએ કરીને ચલાયમાન ન થાય તો એવો પુરૂષ નિઃસંદેહ સાચો કહેવાય છે. જેમ એક મહાત્માએ કહ્યું છે કે “ અમુક સંતના સન્મુખમાં ઉપદેશ કરવા કરતાં મને પોતાનું મરણ સુગમ ભાસે છે. ” અર્થ એ કે પોતાનાથી વિશેષ પુરૂષની પાસે પોતાની વિશેષતા પ્રમાણ નથી. તેથી આ વચન વિષે મહાત્માની સાચી મનસાની દૃઢતા પ્રકટ થાય છે. કે મન, વચન ને કર્મે કરીને તેને યથાર્થની મર્યાદા પ્રીતમ હતી. અને પોતાની વાસનાથી રહિત હતા. તેમાં વાસનાથી રહિત પુરૂષ, અને વાસનામાં બંધાએલા વિષે મોટો ભેદ હોય છે.

(૪) સત્યનું ચોથું લક્ષણ એ છે કે જે ગુણ પોતાના મનમાં ન હોય, તેને બહાર પણ દેખાડે નહિ. એટલા માટે કે જે પુરૂષની ક્રિયા બીજી હોય છે, અને હૃદયનો સ્વભાવ ક્રિયાથી વિપર્યય હોય છે. તે પણ નિઃસંદેહ જૂઠો છે તેથી અંતર બહાર એક થવુંજ પરમ સત્ય છે. અને સાચા પુરૂષોનું હૃદય બહારની ક્રિયામાં પણ અતિ નિર્મળ હોય છે. અને તેની ક્રિયા પણ

ભલીજ હોય છે.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ પ્રાર્થના કરી હતી કે હે શ્રી કૃષ્ણ મહારાજ મારા હૃદયને મારી ક્રિયાથી પણ વિશેષ કરો અને બહારની ક્રિયા પણ ભલી આપો.

(૫) સત્યનું પાંચમું લક્ષણ એ છે કે જેટલા ધર્મ માર્ગના ગુણ છે, જેમ વૈરાગ્ય, વિશ્વાસ,, ભય, પ્રેમ ઇત્યાદિક જે બધા ભલા સ્વભાવ છે, તેણે કરીને પૂર્ણ થાય. જો યદ્યપિ જિજ્ઞાસુ વિષે એ ગુણ અધિક અથવા અલ્પ નિઃસંદેહ હોય છે, પણ જ્યાં સુધી સંપૂર્ણ ન હોય ત્યાં સુધી પૂરો સાચો કહેવાતો નથી. જેમ અધિક ભયનું લક્ષણ એ છે કે ભયવાન્ પુરૂષનું મુખ પીળું થઇ જાય છે. અને થર થર કાંપે છે. વળી ભૂખ, તરશ અને ઉંઘ પણ તેનાં નાશ થઇ જાય છે તેમજ ભગવત્‌ના ભયે કરીને જે પુરૂષની એવી અ-વસ્થા થઇ છે, તેને સાચો ભયવાન્ કહ્યો છે. પણ જ્યારે કોઇ મનુષ્ય એવું કહે કે હું પાપથી ડરૂં છું, પણ પાપોનો ત્યાગ ન કરે ત્યારે તેનું ડરવું પણ જૂઠું થાય છે. એમજ સર્વ શુભ ગુણોની અધિકતા, અલ્પતા વિષે મોટો ભેદ છે. પણ જેનામાં આ પાંચ લક્ષણ પૂર્ણ થાય તેની અવસ્થા પોતાના અધિકાર પ્રતિ થાય છે.

સર્ગ ૭ ઠ્ઠો.

પોતાના મનના હિસાબનું ને ધ્યાનનું વર્ણન.

મહારાજે પણ એમ કહ્યું છે કે હું પરલોક વિષે યથાર્થ ત્રાજવું રાખીશ અને કોઇ ઉપર અન્યાય કરીશ નહિ. શ્રી કૃષ્ણ ભગવાને સર્વ જીવોના પ્રતિ એ કારણથી આ આજ્ઞા કરી છે કે તમે આ સંસાર વિષે પોતાના મનનો હિસાબ પોતેજ કરો. આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે "જેનો સમય આ પ્રમાણે વીતે તે બુદ્ધિમાન પુરૂષ છે. એક સમય વિષે પોતાની જીવીકા ઉત્પન્ન કરે અને એક સમયમાં પોતાના મનનો હિસાબ કરે" વળી એક સમય પોતાના શરીરની ક્રિયા વિષે વિતાવે, અને એક સમય ભગવત્‌ની પાસે આધીન ચિત્ત થઇને વિનતિ કરે. એવા ચાર ભાગ કરીને જેની ઉમર વ્યતીત થાય તેજ વિશેષ બુદ્ધિમાન્ છે.

એ ઉપર એક સંતે કહ્યું છે કે "પરલોક વિષે તમારાં કર્મોનો હિસાબ કરશે, તેથી તમે પ્રથમથીજ પોતાનો હિસાબ કરો." એ કારણથી વિચારવાન્ પુરૂષે આ પ્રમાણે નિશ્ચય કર્યો છે કે અમે આ સંસાર વિષે શુભ ગુણોની ખરીદી કરવાને નિમિત્તે આવ્યા છીએ અને અમારૂં મન ભાગીદાર છે. વળી જ્યારે સોદાગરી કરી લે ત્યારે લાભને પ્રાપ્ત થઇએ એવું સમજીને તેમણે મનને પોતાનું ભાગીદાર બનાવ્યું છે. તેમાં જેમ કોઇ પુરૂષ સોદાગરી કરવા માંડે છે, ત્યારે પ્રથમ તો ભાગીદારની સાથે યુક્તિયો ઠરાવે છે, વળી તેના તરફ ધ્યાન રાખે છે. તે પછી હિસાબ કરે છે. જ્યારે કંઇ ભાગીદારે ચોરાવ્યું હોય છે, ત્યારે તેને દંડ દે છે. વળી તેના ઉપર યત્ન રાખે છે. અને શિખવવાને નિમિતે ધમકી દેછે. તેમજ વિચારવાન્ પુરૂષ પણ પોતાના મનની સાથે એજ ૭ મર્યાદા રાખે છે. તેમાં આ પ્રમાણે યુક્તિ ઠરાવે છે કે જેમ

વ્યવહારના ભાગીદાર પણ સર્વ કાર્યોની સહાયતા કરનારો થાય છે. ત્યારે દુઃખદાયક પણ તેજ હોય છે. એ કારણથી એની સાથે યુક્તી કરવામાં આવે છે. કે તારે આ પ્રમાણે રહેવું, અને અમુક કાર્ય કરવું, ત્યારે તારો મારો નિર્વાહ થશે. તેમજ મનની સાથે પણ યુક્તી ઠરાવવી અવશ્યજ પ્રમાણ છે. આથી કે સ્થૂળ વ્યવહારનો લાભ નાશવાન્ છે. અને શુભગુણોના વ્યાપારનો લાભ સત્ય સ્વરૂપ છે. અને બુધ્ધિમાન્ પુરૂષોની પાસે નાશવંત પદાર્થ કંઇ વસ્તુજ નથી હોતી એ ઉપર વિચારવાનોએ કહ્યું છે કે "નાશવંત સુખથી અવિનાશી દુઃખ પણ સારૂં છે." એટલા માટે કે તેનો વિયોગ થતો નથી. વળી આ શ્વાસરૂપી રત્ન એવું અમૂલ્ય છે કે એથી કરીને અવિનાશી પદને પ્રાપ્ત થાય છે. તેથી એને વિચારીને વ્યતિત કરવું પ્રમાણ છે. અને બુદ્ધિમાન્ પુરૂષ તેજ છે. કે જે પ્રભાતના સમયમાં ઉઠીને કેટલોક વખત ચિત્તને નિઃસંકલ્પ કરે અને એ વિચારમાં સાવધાન થઇને મનને સમજાવે કે હે મન મારી પાસે આ આયુષ્યના કંઇક દિવસ ઉત્તમ ધન છે. અને જે શ્વાસ વીતી જાય છે. તે કોઇ પ્રકારે આવતો નથી. વળી એ શ્વાસોને ભગવતે માપમાં રાખ્યો છે, તેથી તે નથી ઘટતો કે નથી વધતો. અને જ્યારે આ આયુષ્ય અચેતતા વિષે વીતી ગયો તો ભજન સ્મરણ કંઇ થશે નહિ. એ કારણથી ચેતવાનો સમય અને ભજનનો અવસર એજ છે. આ જગત્ વિષે જીવવાનું થોડું છે, અને પરલોક વિષે કંઇ કૃતિ થઇ શકશે નહિ. માટે આજેજ તમારો પુરૂષાર્થનો દિવસ છે. તમને મહારાજે જે આયુષ્ય રૂપી પદાર્થ આપ્યો છે, જો હમણાંજ તમારો મૃત્યુનો સમય આવી જાય અને પછી તમે એક દિવસ માગો કે એક દિવસમાં કંઇ ભજન સ્મરણ કરી લેઇએ; તો એક પલ પણ તમારા હાથમાં આવશે નહિ. અને પશ્ચાતાપ વિષે બળ્યા કરશો. તેથી આ સમયમાં ઉત્તમ પૂંજી જાણીને વૃથા ખોશો નહિ. તો સારૂં છે. અને એવુંજ સમજી લો કે આજેજ અમારૂં મોત આવ્યું અને આ એક દિવસ અમને માગ્યો મળ્યો છે. એટલા માટે કે આયુષરૂપી પૂંજીને વૃથા ખોવી અને પરમ પદથી અપ્રાપ્ત રહેવા સમાન બીજી હાની શી છે? એ ઉપર સંતજનોએ કહ્યું છે કે જ્યારે

પરલોક વિષે આ મનુષ્યનાં કર્મોનો વિચાર કરશે, ત્યારે એક એક ઘડીની ક્રિયાને ભિન્ન ભિન્ન જોશે, તેમાં જે ઘડી વિષે માણસે ભલું કર્મ કર્યું હશે તે ઘડી મહા પ્રકાશમાન નીકળશે. તેથી પુરૂષને અધિક પ્રસન્નતા ઉપજશે. અને તે ઘડીની શીતલતા નરકોની અગ્નીને ઓલવવાને સમર્થ થશે. વળી જે ઘડી માણસે પાપ કર્યું હશે તે ઘડી મહા અંધેરી અને મલીન નીકળશે. અને મહા દુર્ગંધ પ્રકટ થશે, તે દુર્ગંધથી બધાં માણસો નાક બંધ કરશે. તેથી તે પુરૂરૂષને એવી લજ્જા અને ભય ઉત્પન્ન થશે. કે તેનું વર્ણન કરી શકાતું નથી. વળી જે ઘડી વિષે પાપ અને પુણ્ય કંઇ કરશે નહિ પણ આળસ, પ્રમાદ અથવા વ્યર્થ રમતમાં વ્યતીત થશે તે ઘડી ન અંધારી કે ન પ્રકાશીત એવી નિકળશે. પણ તેને જોઇને મનુષ્ય અધિક પશ્ચાતાપ કરશે. જેમ કોઇને મોટો ખજાનો પ્રાપ્ત કરવો હોય, અને તેથી તે અપ્રાપ્ત રહ્યો, ત્યારે મોટા પશ્ચાતાપ વિષે તે બળે છે. તેમજ આયુષ્યને નકામો ખોવાથી પ્રાણી મહા દુઃખી થશે. એ પ્રકારે સર્વ આયુર્બળની ઘડીને ભિન્ન ભિન્ન કરીને જોશે. માટે ઘટે છે કે જિજ્ઞાસુજન એમજ સદૈવકાળ પોતાના મનને સમજાવે કે આજજ એ લેખાનો દિવસ છે એ કારણથી એક ઘડી પણ અચેત થઇને વ્યર્થ ખોવી અયોગ્ય છે અને હે જીજ્ઞાસુ જ્યારે તું હમણાં પણ સચેત થઈશ નહિ તો પરલોક વિષે તું મોટો ખેદ અને પશ્ચાતાપને દેખીશ. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે હે જીજ્ઞાસુ યદ્યપિ ભગવતે પોતાની દયાએ કરીને તારાં પાપ ક્ષમા કર્યા તોપણ તું મહા પુરૂષોની અવસ્થાથી અપ્રાપ્ત રહીશ. તો એ પણ તને અધિક પશ્ચાતાપ થશે. તેથી ઘટે છે કે તું બધી ઇંદ્રિયોને ભગવતના ભજન વિષે લગાડે અને અપૂ કરમોથી રોકી રાખે તો તારી રક્ષા થાય. એ ઉપર સન્તજનોએ કહ્યું છે કે જ્યારે ઇંદ્રિયોની સાથે અપૂકર્મ કરે છે, ત્યારે એ દ્વારે આ મનુષ્ય નરકો વિષે જઇને પ્રવેશ કરે છે, એટલા માટે કે એક એક ઇંદ્રિય વિષે નરકનું દ્વાર છુપું રહેલું છે. તેથી એક એક ઇંદ્રિયોનાં પાપોનો વિચાર કરીને લજ્જાવાન્ થાય, અને પોતાના મનને પણ ત્રાસ આપે કે જ્યારે તે સંતજનોની આજ્ઞાથી વિપર્યય કર્મ કર્યું ત્યારે હું તને અધિક દંડ દેઈશ.

યદ્યપિ આ મન અત્યંત કઠોર છે તોપણ ઉપદેશનું અધિકારી પણ એજ છે. તેથી જ્યારે ભલી પ્રકારે એને સમજાવીએ ત્યારે પ્રયત્ને કરીને સીધા માર્ગ વિષે લાગે છે. નિત્ય પ્રતિ આ યુક્તિ જિજ્ઞાસુજનને કૃતિથી આગળજ દૃઢ કરવી પ્રમાણ છે. એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે "હું તમારા મનના સંકલ્પોનો અંતર્યામી છું." તેથી સર્વદા મારા ભય વિષે સ્થિત થાઓ. આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "જે સદૈવ પોતાની કૃતિનો વિચાર કરે છે તે ઉત્તમ પુરૂષ છે. અને એ ક્રિયાનો અંગીકાર કરે કે જે પરલોક વિષે પોતાને દુઃખદાયક ન થાય. અને એમ પણ કહ્યું છે કે "જે કર્મનું ફળ અવશ્ય આપણી પાસે આવવાનું છે, તેને પ્રથમજ વિચારી જોઇએ. અને ભલા કર્મનો અંગીકાર કરી, ભુંડાઇને ત્યાગીએ. એ પ્રકારે નિત્ય પ્રતિ પોતાના મનની સાથે પ્રભાત સમયે એવી યુક્તિયો અવશ્યજ ઠરાવવી યોગ્ય છે. પણ જેનું મન પ્રથમજ શુદ્ધ થયું છે, તેને કોઇ યુક્તિની અપેક્ષા હોતી નથી. હવે એ પછી મન તરફ દૃઢ થઇને ધ્યાન રાખવું જોઇએ. તે ધ્યાનનો અર્થ એ છે કે જેમ ભાગીદારને પૂંજી આપીને યુક્તિ સ્થાપન કરે છે, ત્યારે પછી તેની તરફથી અચેત થવું પ્રમાણ નથી હોતું. તેમજ મનની તરફ પણ પલ પલ વિષે ધ્યાન રાખવું વિશેષ છે. એટલા માટે કે જ્યારે જિજ્ઞાસુજન મનની તરફથી એક ક્ષણ પણ અચેત થાય છે. ત્યારે મન મર્યાદાનો ત્યાગ કરીને પોતાનાજ સ્વભાવ વિષે વહી જાય છે. આળસ અને ભોગોના પ્રમાદે કરીને ઉન્મત્ત થઇ રહે છે. તેથી મનની તરફ ધ્યાન રાખવું એ છે કે ભગવત્‌ને પોતાની કૃતિના જ્ઞાતા જાણે તે એમ કે લોક મારી બહારની ક્રિયાને દેખે છે, અને શ્રીકૃષ્ણ મહારાજ મારા હૃદયના અંતર્યામી છે. આ ભેદને ભલી પ્રકારે જે સમજ્યા છે. અને પોતાના ચિત્ત વિષે એ જ્ઞાન પ્રબળ થયું છે, તેમની અંદરની અને બહારની ક્રિયા બેઉ નિર્મળ થાય છે. એટલા માટે કે જે પુરૂષે શ્રીકૃષ્ણ મહારાજને અંતર્યામી જાણ્યા છે, તે એવા મહારાજના સન્મુખ પાપ કર્મ કરે ત્યારે એ પણ મોટી ઢીઢતા અને હૃદયની કઠોરતા છે. એ ઉપર શ્રી કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે "તમે મને અંતર્યામી નથી જાણતા તેથી

મહા ઢીઠ છો. એક પ્રીતિમાને આચાર્ય મહા પુરૂષને પૂછ્યું કે "મેં ઘણાં પાપ કર્યાં છે, પણ જો હવે હું પાપોનો ત્યાગ કરૂં ત્યારે મારો ત્યાગ પ્રમાણ થશે ? કે નહિ થાય ?" ત્યારે મહા પુરૂષે કહ્યું કે "હમણાં પણ તારો ત્યાગ પ્રમાણ થાય છે." પછી તે પ્રીતિમાને કહ્યું કે "જ્યારે હું પાપકર્મ કરતો હતો ત્યારે શ્રી કૃષ્ણ મહારાજ મને જોતા હતા ? "આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "દેખતા હતા," એ વચનને સાંભળીને તે પ્રીતિમાને ઉંચા સ્વરવડે હાય પોકારી, પછી શરીરને છોડી દીધું.

આચાર્ય મહા પુરૂષે એમ પણ કહ્યું છે કે "શ્રી કૃષ્ણ ભગવાનને સાક્ષાત્ સન્મુખ જાણીને પૂજજો. અને જ્યારે એવું ન જાણી શકો ત્યારે આ પ્રમાણે સમજો કે "ભગવત્ અમને દેખે છે." હે જીજ્ઞાસુ જ્યારે તેં ભગવત્‌ને સર્વ અવસ્થા અને સર્વ સમય વિષે અંતર્યામી જાણ્યા ત્યારે તારૂં કાર્ય સફળ થયું. પણ એથી ઉત્તમ અવસ્થા તો એ છે કે તુંજ સદૈવ ભગવત્‌નું દર્શન પ્રકટ દેખે, અને તે સ્વરૂપના આનંદ વિષે લીન થાય.

એ ઉપર એક વાર્તા છે કે એક સંત પોતાના સર્વ મેળાપીયો વિષે એક પ્રીતિમાનને અધિક પ્રીતમ રાખતા હતા. એ કારણથી બીજા મેળાપીયોને ઇર્ષા ઉત્પન્ન થઇ કે અમારામાં શો અવગુણ છે ? અને એનામાં શો અધિક ગુણ છે ? પછી જ્યારે તે સંતે તે વાત જાણી ત્યારે તેની પરીક્ષાને નિમિત્તે બધાના હાથમાં એક એક ફળ આપી દીધું, અને આ પ્રમાણે આજ્ઞા કરી કે જ્યાં તમને કોઇ ન દેખે ત્યાં એને છોલીને લાવો. ત્યારે બધા મિલાપી એકાંત વનમાં જઇને ફળને છોલી લાવ્યા, અને જે જિજ્ઞાસુની સાથે સંતની અધિક પ્રીતિ હતી તે વગર છોલ્યું લઇ આવ્યા, ત્યારે તેને સંત જને કહ્યું કે "તેં ફળને કેમ છોલ્યું નહિ ? પછી તે જિજ્ઞાસુ કહેવા લાગ્યા કે "જે સ્થાન વિષે કોઇ જોનાર ન હોય, એવું સ્થાન તો મેં કોઇ દીઠું નહિ" અર્થ એ કે ભગવત્ સર્વ સ્થાનો વિષે દેખે છે. તેથી એ પરીક્ષાએ કરીને તે સંતે તે જિજ્ઞાસુની વિશેષતાને દેખાડી કે આ સર્વદા શ્રી કૃષ્ણ મહારાજને પો-

તેની પાસે જાણે છે એ કારણથી એની અવસ્થા ઉત્તમ છે. અને મને પણ અધિક પ્રીતમ લાગે છે.

વળી એક બીજા પ્રીતિમાને એક સંતને પૂછ્યું હતું કે "હું પોતાનાં નેત્રોને રૂપની દૃષ્ટીથી રોકી શકતો નથી. માટે તેનો શો ઉપાય છે?" ત્યારે તેમણે કહ્યું કે "જ્યારે તું કોઇના તરફ જોવા લાગે ત્યારે તેનાથી પણ વધારે પોતાની તરફ ભગવાન્ જુવે છે એમ જાણ, તેથી ભયે કરીને સ્વાભાવિકજ તારાં નેત્રો રોકાઇ જશે અન્યથા રોકાઇ શકાશે નહિ. એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે "જે પુરૂષ અકસ્માત્ પાપ કર્મનું ચિંતવન કરે છે, પછી મારી મોટાઈનું સ્મર્ણ કરીને તે કર્મને ત્યાગી દેછે, તે નિઃસંદેહ પરમ સુખને પામે છે.

એ ઉપર એક બીજી વાર્તા છે એક સંતે માર્ગમાં એક રબારીને બકરી ચરાવતાં જોયો ત્યારે તેને કહેવા લાગ્યા કે "તું એક બકરી વેચે છે? ત્યારે અજાપાળે કહ્યું કે "હું તો એનો ચરાવનારો છું અને એનો સ્વામી બીજો છે. પછી તે સંત તેને કહેવા લાગ્યા કે "એનો સ્વામી અહીં તો દેખતો નથી"? તેથી તેને કહી દેવું કે "એ બકરાને વાઘે મારી નાંખ્યું." ત્યારે અજાપાળે કહ્યું કે "જો બકરીયોનો ધણી દેખતો નથી તો શ્રી કૃષ્ણતો સઘળું દેખે છે અને જાણે છે આ વચન સાંભળીને તે સંત રૂદન કરવા લાગ્યા અને બકરીયોના ધણીને બોલાવીને તે દાસને વેચાથી લીધો. પછી તે દાસને મુક્ત કરી દીધો પછી તેને એમ કહેવા લાગ્યા કે "જેમ એ વચને તને અહીં મુક્ત કરાવ્યો તેમજ પરલોક વિષે પણ તને આ વચન નરકોથી બચાવશે. તાત્પર્ય એ કે મેં જે ધ્યાનની સ્તુતિ કરી છે તે ધ્યાન બે પ્રકારનું છે. પણ યથાર્થી પુરૂષોનું ઉત્તમ ધ્યાન એ છે કે તેનું હૃદય ભગવત્‌ની મોટાઈ વિષે લીન રહે છે અને તેની સામર્થ્યતા જાણીને સર્વદા સંકોચાઇને રહે છે. તેથી તેનું મન બીજા કોઇ પદાર્થની તરફ જોઇજ શકતું નથી. તેમાં જેને એવું ધ્યાન પ્રાપ્ત થયું છે, તેની ઇંદ્રિયો પણ સ્વાભાવિકજ સંકોચાઈ જાય છે અને મન

વિનાજ તેને ભોગોની અભિલાષા રહેતી નથી. ત્યારે પાપ કર્મો વિષે શી રીતે વિચરે ?

એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "જે પુરૂષ પ્રાતઃકાળમાં ઉઠીને મહારાજની તરફ દૃઢ ચિત્ત અને સાવધાન થાય, તેનાં સર્વ કાર્ય પોતે શ્રી કૃષ્ણ મહારાજ સિદ્ધ કરી દેછે. તેમાં કેટલાક સંત જન એ ધ્યાન વિષે એવા લીન રહે છે કે કોઇની વાર્તાજ સાંભળતા નથી. અને કોઇને જોતાજ નથી. યદ્યપિ તેમનાં નેત્રો ખુલાં રહે છે, તો પણ તેમનું ચિત્ત સર્વદા સ્થિર હોય છે.

એ ઉપર એક સંતને કોઇએ પૂછ્યું હતું કે તમે તો હવે બજારના માર્ગમાંથી ચાલ્યા આવો છો. પણ કોઇને તમે બજાર વિષે જોયા પણ છે ? ત્યારે તેમણે કહ્યું કે "મેંતો કોઇને જોયા નથી."

એક હરિભક્તે કહ્યું છે કે "મેં અમુક સંતને નગરથી બહાર બેઠેલા જોયા ત્યારે મેં તેમની પાસે જઇને કંઈ વાર્તા પૂછવાની મનસા કરી ત્યારે પ્રથમજ તેમણે કહ્યું કે બીજી વાર્તા કહેવા સાંભળવા કરતાં શ્રી રામકૃષ્ણનું ભજનજ વિશેષ છે." પછી મેં પૂછ્યું કે "પ્રથમ મનુષ્યો વિષે ઉત્તમ કોણ છે ?" ત્યારે તેમણે કહ્યું કે "જેને શ્રી રામ કૃષ્ણજી પોતે વિશેષ કરે તેજ ઉત્તમ પુરૂષ છે."

પછી મેં કહ્યું કે "તમે અહીં એકલાજ રહો છો ?" ત્યારે તેમણે કહ્યું જે "શ્રી કૃષ્ણ સર્વદા મારા સંગી છે. પછી મેં પૂછ્યું કે "સુખનો માર્ગ શો છે ? ત્યારે આકાશ તરફ દૃષ્ટી કરીને ઉઠીને ઉભા થયા.

એક સંતે અમુક સંતને જોયા તો તેના શરીરનું એક રૂવાડું પણ હાલતું નહોતું, અને શ્રી રામ કૃષ્ણ રૂપ અનુપના ધ્યાન વિષે મગ્ન હતા. ત્યારે સંતે પૂછ્યું કે "તમે આવું ધ્યાન કોની પાસેથી શીખ્યા છો ?" ત્યારે તે કહેવા લાગ્યા કે "મેં બિલાડી ને ઉંદરના દર ઉપર એથી પણ અધિક સ્થિર

જોઇ હતી. તેથી હું એ ધ્યાન એની પાસેથી શીખ્યો છું."

એક બીજા સન્તે કહ્યું છે કે મેં અમુક નગર વિષે એક યુવાન અને એક વૃદ્ધ બે પુરૂષોને મહા એકાગ્ર સાંભળ્યા હતા, તેથી હું તેમનાં દર્શન કરવાને ગયો, અને તેમને જોઇને ત્રણવાર પ્રણામ કર્યા પણ તે કંઈ બોલ્યા નહિ. પછી મેં ભગવત્‌ની દુહાઈ દેઇને કહ્યું કે મારી સાથે રામ રામ તો કરો. ત્યારે યુવા પુરૂષે ઉંચું માથું કરીને કહ્યું કે "આ સંસાર વિષે જીવવાનું અલ્પ છે, અને અલ્પમાંથી પણ અલ્પ શેષ રહ્યું છે, તેથી એ થોડા સમય વિષે અધિક લાભને પ્રાપ્ત કરી લ્યો. પણ એવું જાણવામાં આવે છે કે તને પોતાના કાર્યની કંઇ ખબર નથી. એ કારણથી અમારી સાથે રામ રામ કરીને પરીચસ કરવા ચહાય છે. એટલું કહીને પછી તેમણે પોતાના માથાને નીચું કરી લીધું. તે વખતે હું પણ ભૂખ્યો તરશ્યો હતો, પણ મારી ભુખ તરશ હું ભૂલી ગયો અને મારી બધી સુરતી એમનામાં જઇને રહી તેથી હું રાત્રી પર્યંત તેની પાસે ઉભો રહ્યો. પછી મે એમ કહ્યું કે "મને કંઇ ઉપદેશ કરો" ત્યારે યુવા સન્ત કહેવા લાગ્યા કે "અમે દુઃખી લોક છીએ એ કારણથી અમારી રસના ઉપદેશની અધિકારી નથી." એટલું કહીને પછી મૌન કરી રહ્યા એ પ્રમાણે ત્રણ દિવસ પર્યંત મેં જોયું કે તેમણે ઉંઘ અને આહાર ન કર્યો. ત્યારે મેં ભગવત્‌ની દુહાઇ દેઇને કહ્યું કે "મને કંઈ ઉપદેશ સંભળાવો" પછી તેમણે કહ્યું કે જેને દેખવાથી તારા મનમાં ભગવત્ આવે તેનીજ સંગતિ કર. એટલા માટે કે જેની કૃતિજ ઉપદેશ કરે. અને જેની શિક્ષા વિનાજ તને ભય ઉત્પન્ન થાય, તેનીજ સંગતિ કરવી વિશેષ છે. તેમાં યથાર્થી પુરૂષોની અવસ્થા એજ છે. કે સર્વદા તેમનાં ચિત્તની વૃત્તિ શ્રી રઘુનંદના સ્વરૂપ વિષે લીન રહે છે.

(૨) વળી બીજી અવસ્થા જિજ્ઞાસુજનોના ધ્યાનની એ છે કે ભગવત્‌ને અંતર્યામી જાણીને મલીન સંકલ્પોથી સંકોચાઇ રહે છે. પણ તેમના ચિત્તની વૃત્તિ મહારાજના રૂપ વિષે લીન રહેતી નથી. એ કારણથી ઇંદ્રિયાદિક

વ્યવહારોના સંકલ્પથી સંપૂર્ણ મુક્ત થતા નથી. એનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ પોતાના ઘરમાં નગ્ન થઇને કોઇ કાર્ય કરતો હોય, અને અચાનક્જ કોઇ બાળક આવી જાય, ત્યારે તે પુરૂષ સચેત થઇને વસ્ત્ર ઓઢે છે. પણ અત્યંત વિસ્મયવાન્ થતો નથી.

વળી ઉત્તમ પુરૂષોના ધ્યાનનું દૃષ્ટાંત એ છે કે જેમ અકસ્માત્ કોઇના ઘરમાં રાજા આવે અને આગળ તે પુરૂષ નગ્નજ બેઠો હોય ત્યારે રાજાને જોઇને તેની શુદ્ધિ અને બુદ્ધિ ભૂલી જાય છે. અને તેના તેજે કરીને મૂર્છિત થઇ જાય છે તેમજ જ્ઞાનવાન્ પુરૂષ મહારાજના ઐશ્વર્યને જોઇને વિસ્મય અને પ્રાપ્ત થયા છે, અને તેમનામાં મનની ચપળતા કંઇ રહી નથી. પણ જિજ્ઞાસુજનના બધા સંકલ્પ નાશ થયા નથી. તેથી તેની વૃતિ કદી સ્થિર થાય છે, અને કદી વિક્ષેપ પામે છે. એ કારણથી ઘટે છે કે જિજ્ઞાસુ સર્વદા પોતાના મનની તરફ ધ્યાન રાખે. અને સર્વ કૃતિથી બે પ્રકારની દૃષ્ટીથી જોતા રહે, (૧) એક દૃષ્ટી એ છે કે કૃતિ વિષે પ્રથમજ મનના સંકલ્પોને વિચારીને ઓળખે કે આ મનસા મારા ચિત્ત વિષે શા માટે સ્ફુરી છે, તેથી જ્યારે તે મનસા સાત્વિકી અને નિષ્કામ હોય, ત્યારે તેને સંપૂર્ણ કરે. અને જ્યારે માન અને ભોગોની વાસનાનો સંકલ્પ ઉપજ્યો હોય, ત્યારે ધૈર્ય કરી રહે અને શ્રી કૃષ્ણ મહારાજને નિકટ જાણીને ખરાબ કર્મથી લજ્જાવાન્ થાય. વળી પોતાના મનને ધિક્કારે કે તેં આ સંકલ્પ શા માટે કર્યો? અને એથી કરીને તને શો લાભ થશે? વળી સંત જનોએ જે પરલોક વિષે પાપ કર્મોની શિક્ષા કહી છે, તેનું સ્મરણ કરે તેમાં સર્વ કર્મોની આદિમાંજ એવીજ દૃષ્ટી રાખવી સર્વદા પ્રમાણ છે, કે સંકલ્પોના સ્ફુરવાની તરફ ધ્યાન રાખીને પ્રથમજ તેને વિચારી લે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે માણસ જેટલાં કર્મ કરે છે, પરલોક વિષે દેવતા તે સર્વ કૃતિને ભિન્ન ભિન્ન કરીને પૂછે છે અને ત્રણ પ્રકારનાં વચનોએ કરીને આ જીવને ત્રાસ દેખાડે છે (૧) કે અમુક કર્મ તેં કેમ કર્યું? (૨) શી રીતે કર્યું? (૩) શી ઇચ્છાથી કર્યું? તેમાં (૧) પ્રથમ વચનનો અર્થ એ છે કે તારે કર્મ તો સારાંજ કરુ-

ખાધો ? તાત્પર્ય એ કે જેને પોતાના મનપર દોષ દૃષ્ટી ઉપજી છે, તેણે એ પ્રકારે મનને શિક્ષ વિષે રાખ્યું છે. અને તેમણે મનને એવું કુટિલ જાણ્યું છે કે જ્યારે એને કઠીણ સજા નહિ કરીએ ત્યારે અમારા ધર્મનો નાશ કરશે.

યત્નનું વર્ણન.

જે પુરૂષોએ ભજન વિષે મનને આળસ કરતું જોયું છે, ત્યારે તેમણે મનના ઉપર ભજનના નિયમની અધિકતાનો યત્ન રાખ્યો છે જેમ એક સંત ના પુત્રોથી જ્યારે ભજનનો એક પણ નિયમ ખંડિત થયો હતો, ત્યારે તે રાત્રી વિષે તથા બધા દિન પર્યન્ત સુતા નહોતા અને ભજનજ કરતા હતા.

એકવાર એક બીજા સંતનો એક નિયમ ખંડિત થયો, ત્યારે હજારો રૂપીયાનું દાન કર્યું. એ પ્રમાણે જિજ્ઞાસુ જનોની સાક્ષી ઘણી છે. તાત્પર્ય એ કે જ્યારે આ મનુષ્યનુ મન રૂચી સહિત શ્રી રામ કૃષ્ણના નામ સ્મરણ વિષે સાવધાન ન થાય, ત્યારે ઘટે છે કે કોઇ દૃઢ ભજનવાનની સંગતિ વિષે રહે. તેથી તેને જોઇને એના હૃદય વિષે પણ પ્રીતિ ઉત્પન્ન થાય.

એ ઉપર એક હરિ ભક્તે કહ્યું છે કે જ્યારે મારૂં મન ભજન વિષે કંઇ આળસ કરે છે ત્યારે હું અમુક ભજનવાનની તરફ દેખું છું. તો તેની અવસ્થાને જોવાથી સાત દિવસ પર્યંત મારી શ્રદ્ધા નૂતન થઇ રહે છે. પણ જ્યારે એવા પુરૂષોની સંગતિને પામી શકે નહિ ત્યારે ઘટે છે કે તેનાં વચન અને અવસ્થાનું શ્રવણ કરે, અથવા નિત્ય પ્રતિ પાઠ કરતો રહે તો સારૂં છે, એ કારણથી હું પણ કંઇ ભજનાનન્દ પુરૂષોની સાક્ષી કથાનું વર્ણન કરૂં છું.

એક સન્ત અનાજની રોટલી શેકતા નહોતા અને આટો પલાળીને પાન કરી લેતા હતા. તે આ પ્રમાણે કહેતા હતા કે " જેટલી વાર રસોઇ કરવામાં

લાગે છે, તેટલી વારમાં તો હું કેટલાંએ વચનોનો પાઠ કરી લેઉં છું. તેથી એવો સમય વ્યર્થ કેમ ખોઉ? પછી એક પુરૂષે તેમને કહ્યું કે "જે મંદિરમાં તમે બેઠા છો તેનો મોભ ટૂટી ગયો છે," ત્યારે તેમણે કહ્યું કે હું વીશ વર્ષ થયાં અહીંજ રહું છું પણ મેં એના તરફ કદી જોયું નથી. એટલા માટે કે પ્રયોજન વિના દેખવું એ પણ નિંદ્ય છે.

એક બીજા શ્રી રામ કૃષ્ણાનુરાગી પણ કોઇ સ્થાન વિષે બેઠા હતા અને તેમણે ત્રણ પહોર પર્યંત કોઇ તરફ દૃષ્ટિ કરી નહિ ત્યારે લોકોએ પૂછ્યું કે તમે નેત્ર ઉઘાડીને જોતા કેમ નથી? ત્યારે તે કહેવા લાગ્યા કે "શ્રી રામ કૃષ્ણજીએ નેત્રોને એટલા માટે ઉત્પન્ન કર્યાં છે કે આશ્ચર્યકારક પ્રભુની કારીગરીને જોઇને કારીગરનો વિચાર કરે અને તેની સમર્થતા જાણીને વિસ્મિત થાય. વળી જે પુરૂષ વિસ્મય અને વિચારની સાથે દૃષ્ટિ ન કરે તેનું જોવુંજ પાપ રૂપ છે.

એક સંતે કહ્યું છે કે "હું પોતાનું જીવન ત્રણ પદાર્થોએ કરીને પ્રીતમ રાખું છું. તેમાં (૧) એક તો શીતકાળની દીર્ઘ રાત્રીયોમાં શ્રી કૃષ્ણ મહારાજની પાસે દણ્ડવત્ કરવા.

(૨) ગ્રીષ્મ ઋતુના દિવસો વિષે વ્રત કરીને ભૂખ અને તરશ સહન કરવી.

(૩) ત્રીજો પદાર્થ એ છે કે જે પુરૂષોનાં વચન મધુર, યથાર્થ વસ્તુને જણાવનારાં છે, તેની સંગતી કરવી.

વળી એક બીજા યત્નવાન્ જિજ્ઞાસુને લોકોએ કહ્યું હતું કે તમે મનના ઉપર આવું કઠિણ કષ્ટ કેમ રાખો છો? ત્યારે તે કહેવા લાગ્યા કે મારા મનની સાથે મારી અધિક પ્રીતિ છે તેથી તેને એવાં યત્ને કરીને નરકોની આંચથી બચાવવાને ઇચ્છું છું. પછી લોકોએ કહ્યું કે તમે પોતાના બળે કરીને મનને નરકોથી બચાવી શકશો? ત્યારે તે કહેવા લાગ્યા કે હું યથા-

શક્તિ યત્ન સર્વદા કરતો રહું છું. એટલા માટે કે પરલોક વિષે મને એ પશ્ચાતાપ ન થાય કે મેં બળ છતાં સારાં કર્મ કેમ ન કરી લીધાં ?

એક સંતે કહ્યું છે કે મેં અમુક સંત સમાન યત્ન કરનારો કોઈ પુરૂષ નથી જોયો એમની નેવુ વર્ષની ઉંમર થઇ હતી પણ શરીરના મૃતક થયા વિના, તેમણે ધરતીપર લાંબુ આસન ન કર્યું. તેથી હું તેમની અવસ્થાને જોઇને મહા વિસ્મિત છું.

એક સંત એક વર્ષ પર્યંત બોલ્યા નહોતા, અને ચરણ પસારીને સુતા નહિ અને તકિયો લગાવીને બેઠા પણ નથી ત્યારે એક સંતે તેમને કહ્યું કે તમે એવા યત્નનો નિર્વાહ શી રીતે કર્યો. ત્યારે તે કહેવા લાગ્યો કે શ્રી રામ કૃષ્ણજીએ મારા હૃદયની શ્રદ્ધા જોઇને શરીરને પણ પુરૂષાર્થ આપ્યો છે.

કોઇએ એક રામ કૃષ્ણ ભક્તને રૂધિરનાં આંસુ વડે રોતો જોયો હતો. ત્યારે તેને પૂછયું કે તમે એવું રૂદન કેમ કરો છો ?. ત્યારે તેણે કહ્યું કે હું આગળ કેટલીક ઉમર થઇ તેમાં પોતાનાં પાપોપર રૂદન કરતો રહ્યો છું. પણ હવે એટલા માટે રૂધિરનાં આંસુ વડે રૂદન કરૂ છું કે જો આંસુ સકામ નીકળ્યાં હશે, તો તે મારૂં રોવું નિષ્ફળ થયું હશે.

લોકોએ એક સંતને કહ્યું હતું કે તમે પોતાનાં દાઢી અને કેશ ઓળો ત્યારે શું પાપ થાય ? ત્યારે તેમણે કહ્યું કે "જો મને ધર્મનું કર્મ કંઇ ન હોય, તો એ ક્રિયામાં પરચ્યો રહું. પણ હું એવો વિકાર તો કદાચિત્ત કરીશ નહિ. એ સંતે એવો નિયમ કર્યો હતો કે એક રાત્રીમાં તો દિન પર્યંત શ્રી જાનકી જીવનને દંડવત્ કરતા રહેતા હતા. અને એક રાત્રીમાં ઉભા થઇને સ્મરણ કરતા હતા અને એક રાત્રીમાં શ્રી રામ કૃષ્ણના નામ લખતા હતા. એમજ સર્વ આયુષ્યને વ્યતિત કરવા લાગ્યા.

એક સંતનું શરીર યત્નની અધિકતાએ કરીને ક્ષીણ થઇ ગયું હતું ત્યારે માતાએ તેને કહ્યું કે તું પોતાના ઉપર તો કંઈ દયા કર્યા કર ત્યારે તે કહે-

વા લાગ્યા કે મને શ્રી રામ કૃષ્ણજીની દયા જોઇએ, એ કારણથી કંઈ યત્ન કરૂં છું કે કોઇ પ્રકારે અવિનાશી સુખને પ્રાપ્ત થાઉં.

એક બીજા સંતે કહ્યું છે કે હું એક સંતના દરશને ગયો હતો, ત્યારે તે ભજન વિષે સ્થિત હતા. તેથી હું તેમને ભયે કરીને બોલાવી શકયો નહિ, એમજ ત્રણ દિવસ વીતી ગયા કે તેમણે નિદ્રા અને આહાર કંઈ ન કર્યું. પછી ચોથે દિવસે તેનાં નેત્રો વિષે કંઈ ઉંઘ આવી ત્યારે સચેત થઇને કહેવા લાગ્યા કે હે શ્રી કૃષ્ણ મહારાજ હું આ ઉદર સંયમ હીન અને નેત્ર અધિક નિદ્રા ગ્રસિતથી તારી રક્ષા ઇચ્છું છું. એ વચન સાંભળીને મેં એવો વિચાર કર્યો કે મને તો એમનો એટલોજ ઉપદેશ ઘણો છે.

એક બીજા સંતે ચાળીસ વર્ષ પર્યંત લાંબુ આસન કર્યું નહોતું. એ કારણથી એમનાં નેત્રોમાંથી કાળું પાણી ચાલવા માંડયું હતું પણ તે અવસ્થા વીશ વર્ષ પર્યંત પોતાના સંબંધીયોને પણ જણાવતા નહોતા અને ભજનનો નિયમ કદી ખંડિત કર્યો નહિ.

એક સંતે કહ્યું છે કે હું એકવાર રાત્રીને વખતે બીજી સંત બાઈની પાસે ગયો હતો અને તે પોતાના ભજનમાં મગ્ન હતી. તેથી હું પણ ભજન કરવા લાગ્યો, એમજ બધી રાત વીતી ગઇ, પછી જ્યારે દિવસ થયો ત્યારે કહેવા લાગી કે જે મહારાજે મને આવો પુરૂષાર્થ આપ્યો છે, તેના ઉપકારનો ધન્યવાદ શી રીતે કરીએ. વળી એમ કહેવા લાગી કે એ ઉપકારના ધન્યવાદને નિમિત્તે વ્રત રાખવું પ્રમાણ છે.

તાત્પર્ય એ કે યત્નવાન્ પુરૂષોની એવીજ અવસ્થા દૃઢ થઇ છે તેથી ઘટે છે કે જ્યારે મનુષ્ય પોતાના વિષે એવો પુરૂષાર્થ ન દેખે ત્યારે એમનાં વચનોને સાંભળે અને પોતાની નીચતાને ઓળખે, ત્યારે તેના હૃદય વિષે પણ ભલાઇની શ્રદ્ધા ઉપજે અને મનના ઉપર યત્ન રાખવાને સમર્થ થાય.

મનને ઝિડક દેવાનું વર્ણન.

આ મનની આદિ ઉત્પત્તિ વિષે શ્રી કૃષ્ણ મહારાજે આ સ્વભાવ રચ્યો છે કે તે પોતાની ભલાઇથી દૂર નાસે છે. અને ભૂંડાઇને પ્રીતિ સંયુક્ત અંગીકાર કરે છે. અર્થ એ કે ભગવત્‌ના ભજનથી આળસી જાય છે, અને ભોગોને ભોગવવા ઇચ્છે છે. અને જીજ્ઞાસુને આ પ્રમાણે આજ્ઞા થઇ છે કે મનના આ સ્વભાવને ઉલટાવી સીધો કરો. અને કુમારગથી વરજીને સુમારગની તરફ લગાવો. તેમાં એ કાર્ય ત્યારેજ સિદ્ધ થાય છે, કે જ્યારે મનની સાથે કઠોરતા કરીયે અને કંઇ પ્યાર પણ રાખીએ. પણ મનને સમજાવવું એટલા માટે પ્રમાણ કહ્યું છે કે આ મનને મહારાજે સમજવાનું અધિકારી બનાવ્યું છે. તેથી યદ્યપિ આ મન અત્યન્ત કુટિલ છે, પણ જ્યારે કોઇ કાર્ય વિષે નિસ્સન્દેહ પોતાની ભલાઇ દેખે છે, ત્યારે તેના વિષે પ્રીતિ સંયુક્ત સાવધાન પણ થાય છે અને યદ્યપિ આ કાર્ય અત્યન્ત કઠિણ હોય તોપણ તેના ખેદને સહન કરીને સમ્પૂર્ણ કરવાને ઇચ્છે છે, પણ આ મૂર્ખતા અને અચેતતાજ આ મનને મોટો પડદો થયો છે. તેથી જ્યારે જીજ્ઞાસુ મનને અચેતતાની ઉંઘથી સચેત કરે અને સન્તજનોનાં વચનરૂપી દર્પણ એને દેખાડે ત્યારે પોતાની ભલાઇને અંગીકાર કરી લે. એ ઉપર શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું છે કે જિજ્ઞાસુજનોને નિસ્સન્દેહ મારાં વચનોનો વિચાર કરનો એ લાભદાયક થાય છે. તેથી ઘટે છે કે મનને ભલી પ્રકારે સમજાવે, અને કદી એના માથાપરથી શિક્ષાને દૂર ન કરે. અને એને એવું કહે કે હે મન તું પોતાને તો મહા ચતુર જાણે છે, અને જ્યારે કોઇ તને મૂર્ખ કહે છે, ત્યારે તેનાપર ક્રોધવાન્ થાય છે. પણ તારા જેવું બીજું કોણ મૂર્ખ છે? એટલા માટે કે આવા સમય વિષે તું હાંસી અને ખેલ વિષે પરચેલું છે. જેમ કોઇ પુરૂષને પકડવાને નિમિત્તે મોટું લશ્કર આવીને ઉતર્યું હોય અને તેના દૂત તેને બાંધવા માંડે પછી મૂર્ખતા અને અચેતતાએ કરીને એવાં દુ:ખને જાણે નહિ અને હાંસી ખેલ વિષે મગ્ન થઇ રહે, તો તેના સમાન બુદ્ધિહીન કોણ થાય છે? તેમજ જેટલાં મનુષ્ય મરી

ગયાં છે તે તને પકડનારૂં લશ્કર છે અને સ્મશાન ભૂમિ વિષે તેને લેઈ જવાને ઇચ્છે છે. વળી નર્ક અને સ્વર્ગ પણ તારે નિમિત્તેજ રચેલાં છે. અને તું એમ પણ જાણી શકતો નથી કે રખેને આજજ તારો મૃત્યુનો દિવસ હોય; તો તેમાં શું આશ્ચર્ય છે. એટલા માટે જે કાર્ય અવશ્યજ થવાનું હોય તેને હમણાંજ થયું જાણવું. અને કાળે કોઇની સાથે એવું વચન નથી આપ્યું કે હું અમુક દિવસ અથવા અમુક રૂતુ વિષે તારો આહાર કરીશ. શાથી કે અચાનકજ સૌને આવીને પકડે છે. અને આ મનુષ્યને તેની કંઇ ચેતવણીજ હોતી નથી. ત્યારે જ્યારે તું એવા ભયાનક કાળના આવવાથી આગળજ સચેત ન થાય ત્યારે એથી મોટી મૂઢતા શી છે? અને હે મન તું જે સર્વદા પાપકર્મો વિષે આસક્ત રહે છે, તેમાં જ્યારે તું ભગવત્‌ને અંતર્યામી નથી જાણતો, ત્યારે તો તું નિસ્સન્દેહ વિમુખ છે. અને જ્યારે તેને અંતર્યામી જાણીને પછી પાપ કરવાને ઇચ્છે છે, ત્યારે મહા ઢીઢ અને નિર્લજ છે. શાથી કે મહારાજના જોવાથી તને ત્રાસ આવતો નથી. અને હે મન જ્યારે તારો નોકર તારી આજ્ઞાથી વિપર્યય કર્મ કરે છે. ત્યારે તું તેના ઉપર કેવો ક્રોધવાન્ થાય છે? તેમજ તું પણ ભગવત્‌ના કોપથી ત્રાસ કેમ પામતું નથી? તે જ્યારે તું એમ સમજે કે હું પરલોકના દંડને સહી શકીશ, ત્યારે તું હમણાંજ એક આંગળીને અગ્નિપર રાખી જો. અથવા એક મુહૂર્ત્ત ગ્રીષ્મઋતુના તડકામાં સ્થિત થા ત્યારે પોતાની નિર્બળતા અને અધીરતાને ભલી પ્રકારે જાણીશ. અથવા તું આ અનુમાન કરતો હોઇશ કે મને પાપકર્મોએ કરીને સજા નહિ થાય. ત્યારે તું સંતજનોનાં વચનોથી વિમુખ છે અને શ્રીકૃષ્ણ મહારાજે પુણ્ય પાપ જણાવવાને નિમિત્તે સંતજનોને આ સંસાર વિષે મોકલ્યા છે. અને એ આજ્ઞા કરી છે કે "ભુંડું કરનારાં મનુષ્ય ભુંડા ફળોને ભોગવશે." તો તું એ સર્વ વાતોને જુઠી જાણીને નિડર થતો હોઇશ. તો એ પણ તારીજ જડતા છે, અને મૂર્ખતા છે. વળી જ્યારે તું એમ જાણે કે શ્રીરામ કૃષ્ણજી દયાળુ અને કૃપાળુ છે, એ કારણથી મને સજા નહિ કરે, ત્યારે એ પણ વિચાર કરીને જો કે અસંખ્ય જીવોને નાના પ્રકારના ભોગ અને દુઃખ કેમ ભોગવાવે છે?

અને જે પુરૂષ અનાજ વાવતો નથી તે કેમ અનાજ કાપતો નથી ? વળી તું ઇંદ્રિયાદિકનાં સુખોને માટે શા માટે યત્ન કરે છે ? અને માયાની પ્રાપ્તિને નિમિત્તે શા માટે ઉદ્યમ ઉઠાવે છે ? વળી જ્યારે તું એમ કહે કે તમારાં વચન તો યથાર્થ છે, પણ હું વૈરાગ્યાદિક સાધનોનાં દુઃખોને ખેંચી શકતો નથી. ત્યારે તું આ વાર્તાને સમજતો નથી કે જે પુરૂષ મોટાં કષ્ટોને સહન કરી શકતો નથી તેને ઘટે છે કે થોડુંજ દુઃખ ખેંચીને દીર્ઘ દુઃખથી પોતાની રક્ષા કરે. તેમજ જેમણે જપ, તપ રૂપી દુઃખોને અંગીકાર કર્યાં છે, તે નરકોનાં મોટાં કષ્ટથી છૂટે છે. અને જેમણે એ દુઃખોને સહન નથી કર્યાં તે મનુષ્ય ચિરકાળ પર્યંત નરકોના અગ્નિ વિષે બળશે. તેથી જ્યારે તું હમણાં એ અલ્પ દુઃખોને સહન કરી શકતો નથી. ત્યારે પરલોક વિષે અધિક દુઃખોને કેવાં સહન કરીશ ? વળી જ્યારે તું દુઃખોથી ડરે છે, ત્યારે માયાની પ્રાપ્તિને નિમિત્તે ઘણો યત્ન અને ઘણો ખેદ શા માટે ખેંચે છે ? અને શરીરની આરોગ્યતાને નિમિત્તે લોભી વૈદ્યોની આજ્ઞા માનીને બધા સ્વાદોને શા માટે તજી દે છે ? હે મૂર્ખ તું આ વાર્તાને નથી જાણતો કે આ શરીરના રોગો કરતાં નરકોનાં દુઃખ અતિ દીર્ઘ છે. અને આ શરીરના થોડા જીવવા કરતાં પરલોક વિષે ચિરકાળ પર્યંત રહેવાનું છે.

વળી જ્યારે એવું કહે કે હું મારા મન વિષે પાપોને તજવાની મનસા રાખું છું. પણ અમુક કાર્ય સમ્પૂરણ કરીને ધર્મ માર્ગ વિષે ચાલીશ. ત્યારે તને એટલી સમજ પણ નથી આવતી કે જ્યારે અચાનકજ તેને કાળ મારી લે, અને પાપોના ત્યાગવામાં અપ્રાપ્ત રહી જા ત્યારે શું પુરશ્ચરણ કરીશ. તેથી જાણવામાં આવે છે કે પશ્ચાતાપ વિષે પડયો બળીશ. અને જ્યારે તું એવું જાણે કે હમણાં તો પાપોનો ત્યાગ કરવો કઠણ છે, અને કાલેજ કંઇ સુગમ થઇ જશે. ત્યારે એ પણ મોટી મૂર્ખતા છે, શાથી કે તું જેટલી ઢીલ કરે છે, તેટલુંજ પાપો અને ભોગોનો ત્યાગ કરવાનું કઠણ થઇ જાય છે. પણ જ્યારે તું એવું ઇચ્છે કે હું અંતકાળ વિષે ભજન કરી લેઇશ. તો તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ પહાડની ઘાટીપર ચઢવાને વખતે અનાજ અ-

થવા ઘી લાદે ત્યારે ઘોડો તે ઘાટીપર ચઢી શકતો નથી. અને બળવાન્ પણ થતો નથી. અથવા જેમ કોઇ પુરૂષ વિદ્યા પઢવાને નિમિત્તે પરદેશ જાય અને ત્યાં જઇને આળસ કરે એટલા માટે કે હું જ્યારે પોતાના નગર તરફ જઇશ ત્યારે જતી વખતે વિદ્યા પણ ભણી લેઇશ. પછી જ્યારે એટલું ન જાણે કે એક બે દિવસ વિષે તો વિદ્યા ભણવાનું થઈ શકતું નથી. અને કેટલાક કાળે કરીને તેનું ભણવાનું સંપૂર્ણ થાય છે. તેથી એવો અજાણ અને આળસુ પુરૂષ વિદ્યા હીનજ રહે છે. તેમજ આ મન પણ અનેક વિકારોએ કરીને ભરપૂર છે. તે જ્યાંસુધી તેને યત્નરૂપી યંત્ર વિષે નાંખીને ચિરકાળ પર્યંત શુદ્ધ ન કરીએ, ત્યાંસુધી ભગવત્‌ની પ્રીતિ અને તેનાં દર્શનને દેખવાનું અધિકારી થઈ શકતું નથી. તેથી એમજ ઘણો યત્ન કરીને સર્વ ઘાટિયોને ઉતરી જાય ત્યારે પરમ પદને જઈ પહોંચે પણ જ્યારે આ આયુર્બળ વૃથાજ વીતી ગયું ત્યારે અંતકાળ વિષે શી રીતે ભજનમાં સ્થિત થશે. ? એ ઉપર બુદ્ધિમાનોએ કહ્યું છે કે જુવાનીને વૃદ્ધતા પહેલાં, અને સમ્પદાને આપદા પહેલાં, આરોગ્યતાને રોગ પહેલાં, સાવકાશને વિક્ષેપતા પહેલાં, અને જીવવાને મરવા પહેલાં મોટો પદાર્થ જાણવો. પણ હે મન તું ગ્રીષ્મઋતુ વિષે પોતાના દેહને નિમિત્તે શીતકાળની ઋતુનાં કાર્યોને માટે ઉદ્યમ ઉઠાવે છે. અને શ્રીરામ કૃષ્ણજીને દયાળુ જાણીને એવા મનોરથને ત્યાગતો નથી. વળી આળસ કરીને ત્યાગ અને ભજનનું કાર્ય મહારાજની દયાપર રાખે છે. તેમાં એ આળસનું કારણ એ છે કે પરલોકનાં દુઃખ સુખ વિષે તને પ્રતીતિજ નથી. પણ એ વિમુખતાને તું હૃદય વિષે ગુહ્ય રાખે છે, તેથી કરીને તું સદૈવકાળનાં દુઃખોને પ્રાપ્ત થઇશ.

જ્યારે તું યથાર્થના જ્ઞાન વિના મુક્ત થવા ઇચ્છે ત્યારે તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ વસ્ત્ર વિના શીતકાળની શરદીથી પોતાને બચાવવા ઇચ્છે, તો અસંભવ છે. શાથી કે શ્રીરામ કૃષ્ણજીની દયાનો અર્થ એ છે કે શ્રીકૃષ્ણ મહારાજે જેમ શરદઋતુની શરદી રચી છે, તેમજ શરદીને દૂર કરવાને વસ્ત્ર બનાવ્યાં છે પણ જ્યારે તું શ્રીકૃષ્ણ મહારાજની દયાના અર્થને ન સમજે ત્યારે તારીજ મૂઢતા પ્રકટ છે.

વળી તું એવું પણ ન જાણુ કે તારાં પાપોએ કરીને શ્રીરામ કૃષ્ણ ક્રોધવાન્ થાય છે, અને તને એ કારણથી સજા દે છે તો એવું નથી. શાથી કે તારાં પાપોએ કરીને નરકોની અગ્નિનાં બીજ અહિંજ વધતાં જાય છે. જેમ કુપથ્યે કરીને શરીર વિષે રોગ ઉપજી આવે છે, તેમાં જે પ્રકારે શરીરનો રોગ વૈદ્યથી અપ્રસન્નતાએ કરીને ઉપજતો નથી. તેમજ પરલોકનો દંડ પણ શ્રીકૃષ્ણ મહારાજના કોપે કરીને થતો નથી. પણ તારૂં ચિત્ત જે સ્થૂળ પદાર્થોની અભિલાષા વિષે બંધાયમાન થયું છે, તેમાં તે સર્વ દુઃખોનાં બીજ છે. વળી જ્યારે નર્ક સ્વર્ગપર કંઇ પ્રતીતિ નથી, તોપણ એટલું તો જાણે છે કે મરવું અવશ્ય છે. અને મૃત્યુને સમયે સર્વ ભોગ તારાથી દૂર થઇ જશે. તેથી તું તેના વિયોગે કરીને બળતો રહીશ. તેમાં તું જેટલો સ્થૂળ પદાર્થો વિષે પ્રીતિ અધિક દ્દઢ કરીશ તેટલોજ અધિક દુઃખને પ્રાપ્ત થઇશ. એવું સમજીને સચેત થા. અને સંસારનાં સુખોને ભલી પ્રકારે જો કે જો ઉદય અસ્ત પર્યંત તારી આજ્ઞા વરતાય, અને બધા લોક તને દંડવત્ કરે તોપણ થોડા દિવસ પછી તું અને તારા પૂજનારા સ્વપ્ન થઇ જશો. અને કોઇ તને સ્મરણ વિષે પણ લાવશે નહિ. જેમ પૂર્વના ચક્રવર્તી રાજાઓને કોઇ જાણતાજ નથી.

માટે યદ્યપિ આ સંસારનું સુખ તને કંઇક પ્રાપ્ત પણ થાય છે, તોપણ મહા મલીન અને દુઃખોની સાથે મળેલું છે; અને તું મૂઢતાએ કરીને એના ઉપર મોહ પામી અવિનાશી સુખને વેચે છે. જેમ કોઇ ઉત્તમ રત્ન આપીને માટીનું ફુટેલું વાસણ લે તે મહા મૂઢ કહેવાય છે. તેવું જે આ સંસારનું સુખ માટીના વાસણ જેવું છે, અને શીઘ્રજ તેને ફુટતુ જાણવું. વળી જ્યારે એની પ્રીતિ કરીને અવિનાશી રત્નને ખોઇશ ત્યારે દીર્ઘ પશ્ચાતાપને દેખીશ. તાત્પર્ય એ કે જિજ્ઞાસુજન સર્વદા એમજ મનને ઝિડકી દેતો રહે ત્યારે પુરૂષાર્થે કરીને મનને સીધે માર્ગે ચલાવે અને કુમાર્ગથી વરજીત રાખે.

સર્ગ સાતમો.

વિચારના નિરૂપણનું વર્ણન.

આચાર્ય મહા પુરૂષે એવું કહ્યું છે કે "એક વર્ષના ભજન કરતાં એક ઘડીનો વિચાર ઉત્તમ છે." અને મહારાજે પણ પોતાના વચનો વિષે વિચારનેજ વિશેષ કહ્યા છે. બધા વિચારની વિશેષતાને સાંભળે છે, અને માને છે. તોપણ વિચારનો અર્થ કોઇ વિરલાજ સમજે છે. અને આ વાતને પણ કોઇ જાણતું નથી કે વિચારવા યોગ્ય વસ્તુ શી છે? અને વિચારવાનું પ્રયોજન શું છે? અને વિચારનું ફળ શું છે? એ કારણથી એવા ભેદોનો ખુલાસો કરવો અત્યંત પ્રમાણ થયો. તેથી પ્રથમ વિચારની સ્તુતિ કરીશ, પછી વિચારના સ્વરૂપનું વર્ણન કરીશ. તે પછી વિચારનું પ્રયોજન, અને જે વસ્તુ વિષે વિચાર કરવો યોગ્ય છે, તેને પ્રસિદ્ધ કરીને કહિશું.

વિચારની સ્તુતિ.

એક રાત્રી વિષે આચાર્ય મહા પુરૂષ ભજન કરતા છતાં રોવા લાગ્યા, ત્યારે તેમનાં પત્નીએ કહ્યું કે તમારાં પાપ તો મહારાજે ક્ષમા કર્યા છે પછી તમે શા માટે રૂઓ છો? ત્યારે આચાર્ય મહા પુરૂષ કહેવા લાગ્યા કે મને આ પ્રમાણે શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞા થઇ છે કે "આકાશ અને પૃથ્વીની ઉત્પતિ વિષે જેટલાં આશ્ચર્ય મેં રચ્યાં છે, અને જે પ્રકારે રાત્રી દિવસની ભિન્નતા બનાવી છે, તેને ભલી પ્રકારે વિચાર કરીને દેખો. તેથી હું શ્રીકૃષ્ણ મહારાજની કારીગરીનો વિચાર કરીને વિસ્મિત થયો છું, અને રૂદન કરૂં છું. એટલા માટે કે જે પુરૂષ એવાં વચનોનો નિત્ય પ્રતિ પાઠ કરે, અને વિચાર કરીને જુએ નહિ તે મન્દ બુદ્ધિ કહેવાય છે."

વળી એક મહા પુરૂષને લોકોએ કહ્યું હતું કે તમારા સરખુ બીજું કોઈ મનુષ્ય ઉપજ્યું છે? ત્યારે તેમણે કહ્યું કે "જેનું બોલવું બધું ભજન હોય અને જેનું મૌન વિચાર સંયુક્ત હોય, અને જેની દૃષ્ટી ભય સંયુક્ત હોય, તે મારાથી પણ વિશેષ છે.

આચાર્યે મહા પુરૂષે પણ કહ્યું છે કે "પોતાનાં નેત્રોને ભજનથી અપ્રાપ્ત ન રાખો." ત્યારે પ્રીતિમાનોએ પૂછ્યું કે "નેત્રોને શી રીતે ભજનમાં લગાડીએ?" પછી મહા પુરૂષે કહ્યું કે ભગવત્ વાકયનાં પુસ્તકો વાંચવાં, અને ચિત વિષે તેનો વિચાર કરવો, વળી શ્રીકૃષ્ણ મહારાજની કારીગરીને જોઇને વિસ્મયવાન થવું એજ નેત્રોનું ભજન છે.

એ ઉપર એક સંતે કહ્યું છે કે "આ સંસાર વિષે વિચાર સહિત વિચાર કરવાથી પરલોકનાં દુઃખોથી મુક્તિ થાય છે. અને પરલોકનો વિચાર કરવાથી અનુભવ રૂપી ફળ પ્રાપ્ત થાય છે. અને હૃદય શૂરજીત થાય છે.

એક સંત એક રાત્રી વિષે પોતાના મદિર વિષે સ્થિત હતા અને આકાશમાં નક્ષત્રોનું આશ્ચર્ય જોઇને વિચાર કરતા હતા, અને રોતા હતા એવામાંજ મૂર્છિત થઇને પડોશીના ઘરમાં પડી ગયા, ત્યારે પડોશીએ ચોર જાણીને તલવાર પકડી લીધી પછી જ્યારે તેમણે તેને ઓળખ્યા ત્યારે પૂછવા લાગ્યા કે તમને અહીં કોણે પાડી નાંખ્યા? ત્યારે તેમણે કહ્યું કે મને પડવાની કંઇ ખબર નથી. પણ હું તારા મંડળનું આશ્ચર્ય જોઇને વિસ્મિત થઇ રહ્યો છું.

વિચારના સ્વરૂપનું વર્ણન.

જ્ઞાનને ખોળવું એજ વિચારનો અર્થ છે. એથી કે જે વસ્તુ દેખવામાં ન આવે તેનું ઓળખવાનું તેના વિચારે કરીનેજ થાય છે. તેમાં જ્ઞાનને ખોળવાનું આ પ્રમાણે છે કે પ્રથમ બે પ્રકારની સમજણને પરસ્પર એકઠી ક-

રીએ થ રે તેનાથી ત્રીજું જ્ઞાન તરત ઉપજી આવે છે. જેમ સ્ત્રી અને પુરૂષના મેળાપે કરીને પુત્રનું ઉપજવું થાય છે. તેમજ પ્રથમ જે બે પ્રકારની સમજણ કહી છે, તે મૂળની પેઠે થાય છે. અને ત્રીજી સમજણ તેનું ફળ ઉત્પન્ન થાય છે. વળી જ્યારે ત્રીજી સમજણની સાથે બીજી સમજણ મળે છે, ત્યારે તેના સંયોગે કરીને ચોથી સમજ પ્રકટ થાય છે, એ પ્રકારે જ્ઞાનની મેળવણીએ કરીને વિદ્યાની વૃદ્ધિ થાય છે. પણ એ રીતે જો જ્ઞાનને પ્રાપ્ત ન કરી શકે તેમાં તેનું કારણ એ છે કે તે પુરૂષ બે પ્રકારના જ્ઞાનને જાણતો નથી. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષની પાસે પૂંજીજ ન હોય ત્યારે તે વ્યવહાર શી રીતે કરે ? વળી જે પુરૂષ પ્રથથ બે પ્રકારના જ્ઞાનને જાણતો પણ હોય, પણ પોતાનામાં તેને મેળવી ન શકે. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઈ મનુષ્ય પૂંજી શખતો હોય અને વ્યવહારની વિદ્યાને ન જાણે તોપણ તે લાભથી અપ્રાપ્ત રહે છે. તેમજ જે પુરૂષ બેઉ જ્ઞાનને પોતાનામાં મેળવી ન જાણે ત્યારે ત્રીજું જ્ઞાન જે તેનું ફળ છે, તે તેને મળી શકતું નથી. એનું વખાણ કરવામાં પણ અધિક વિસ્તાર થાય છે. તેથી સંક્ષેપે કરીને એક દૃષ્ટાંતનું વર્ણન કરૂં છું. જેમ કોઇ પુરૂષ આ સંસારનાં સુખોથી પરલોકનાં સુખની વિશેષતાન સમજવા ઇચ્છે, ત્યારે પ્રથમ આ વાતને જાણે કે “ નાશવંત વસ્તુ સારી છે ? કે અવિનાશી વસ્તુ સારો છે ? ” વળી એમ પણ જાણે કે “ આ સંસારનું સુખ અવિનાશી છે ? અથવા પરલોકનું સુખ અવિનાશી છે ? ” તેથી જેણે એ બેઉ મૂળોને ભલી પ્રકારે જાણ્યાં છે, ત્યારે સ્વાભાવિકજ ત્રીજું જ્ઞાન ઉત્પન્ન થાય છે, કે આ સંસારના સુખથી પરલોકનું સુખ વિશેષ છે અથવા જેમ કોઇ આ ભેદને સમજવા ઇચ્છે કે “ આ જગત્ અનાદિ છે ? અથવા ઉત્પન્ન કરેલું છે ? ત્યારે પ્રથમ તો આ વિચાર કરે કે આ જગત્ પરિણામી છે, અથવા એક રસ છે. વળી એમ જાણે કે પરિણામી વસ્તુ અનાદિ હોતી નથી. તેથી સુગમજ ત્રીજું જ્ઞાન એવું પ્રકટ થાય છે કે “ આ જગત્ ઉત્પન્ન કરેલું છે. અને અનાદિ નથી. તાત્પર્ય એ કે જ્ઞાનને ખોળવાનું બે પ્રકારની સમજને પ્રથમ એકઠી કરવામાં છે. તેથી આ માર્ગ વિના વિચારની વૃદ્ધિ થતી નથી.

વળી એમ પણ જાણવું જોઇએ કે જેમ ઘોડા અને ઘોડીના સંયોગથી ઘોડોજ થાય છે. અને સ્ત્રી પુરૂષના મેળાપથી મનુષ્ય ઉત્પન થાય છે તેમજ જ્યારે પ્રથમ બે પ્રકારની વ્યવહારિક સમજણ એકઠી કરીએ ત્યારે ત્રીજી વ્યવહારની સમજ ઉપજી આવે છે. અને પરમાર્થની સમજણને એકઠી કરીએ ત્યારે તેના સંયોગ વિષે પરમાર્થનું જ્ઞાન થાય છે.

વિચારના પ્રયોજનનું વર્ણન,

આ માણસની ઉત્પત્તિ અજ્ઞાનરૂપી અંધારામાં થઇ છે, એ કારણથી અવશ્યજ એને પ્રકાશની અપેક્ષા હોય છે એટલા માટે કે જ્યારે વિચારરૂપી પ્રકાશની સાથે મૂર્ખતા રૂપી અંધારામાંથી બહાર નીકળે ત્યારે પોતાના આત્મ ધર્મના કાર્યોમાં સાવધાન થાય. અને આ ભેદને સમજે કે મારે કરવાનું શું છે? અર્થ એ કે આ સંસારમાં આસક્ત થવું સારૂં છે? અથવા ધર્મ માર્ગને અંગીકાર કરવાનું સારૂં છે? વળી દેહાભિમાન વિષે બંધાવું સુખરૂપ છે? અથવા શ્રી રામ કૃષ્ણજીના શરણ વિષે મારૂં કલ્યાણ છે એવું જ્ઞાન વિચારના પ્રકાશ વિના બીજી કોઇ પણ રીતે પ્રાપ્ત થતું નથી.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "પ્રથમ શ્રી કૃષ્ણ મહારાજે સર્વ જીવોને અંધારામાં ઉત્પન્ન કર્યા છે પછી બધાના ઉપર પોતાનો પ્રકાશ નાંખ્યો છે. જેમ કોઇ મનુષ્ય અંધારા વડે દુઃખી થાય અને તેને પ્રસિદ્ધ માર્ગ દૃષ્ટે ન આવે ત્યારે તે યત્ને કરીને પ્રકાશના નિમિત્તે ચકમક પથ્થરને ટકોરા મારે છે, તેથી અગ્નિની ચિનગારી નીકળે છે, ત્યારે તે વડે દીપક સળગાવી લે છે. પછી દીપકના પ્રકાશે કરીને તે પુરૂષની અવસ્થાજ ઉલટી જાય છે અને સર્વ પદાર્થોને ભલી પ્રકારે જોઇ લે છે માર્ગ અને કુમાર્ગને પણ પ્રત્યક્ષ ઓળખે છે વળી તે માર્ગ વિષે ચાલવા માંડે છે. તેમજ જિજ્ઞાસુ જનને ઘટે છે કે પ્રથમ બે પ્રકારની સમજને પોતાનામાં મેળવે એટલા

માટે કે તેને મેળવવી એજ ચકમકના ટકોરાના જેવું છે વળી એના મેળાપે કરીને જે ત્રીજી સમજ ઉપજે છે, તે નિ:સંદેહ અગ્નિવત્ છે અને જ્યારે જ્ઞાનનો પ્રકાશ ઉદય થાય છે, ત્યારે માણુસના મનની શ્રદ્ધા ઉલટી જાય છે. વળી શ્રદ્ધાના ઉલટવાથી કૃતિ પણ ઉલટી જાય છે જ્યારે એમ જાણ્યું કે આત્મ સુખ અવિનાશી છે અને સંસારના ભોગ નાશવંત છે ત્યારે સ્વાભાવિકજ સંસારના ભોગોની તરફ પીઠ દેછે. અને આત્મ સુખની તરફ સન્મુખ થાય છે તેથી પ્રસિદ્ધ થયું કે વિચાર વિષે ત્રણ પ્રયોજન પ્રકટ છે. (૧) પ્રથમ તો યથાર્થને ઓળખવું, (૨) બીજું ચિત્તની અવસ્થાને ઉલટાવવી, (૩) કૃતિને ઉલટાવવી, એટલે અપૂ કર્મોનો ત્યાગ કરીને ભલી કૃતિ કરવી પણ કર્મોને ઉલટાવવાનું ચિત્તની શ્રદ્ધાના સ્વાધિનમાં છે અને ચિત્તની શ્રદ્ધા યથાર્થના ઓળખાણુથી બદલાય છે. વળી યથાર્થની ઓળખાણુ વિચારે કરીને પ્રાપ્ત થાય છે. એ કારણુથી વિચારને સર્વ શુભ ગુણોનું મૂળ અને કુંચી કહ્યો છે.

વિચારના અવકાશનું વર્ણુન.

વિચારના અવકાશ અપાર છે એટલા માટે કે પ્રથમ તો વિદ્યા અને જ્ઞાન પણ અનન્ત પ્રકારનાં હોય છે અને વિંચાર સર્વે વિષે વરતે છે અને જે વિચારનો સમ્બન્ધ ધર્મના માર્ગ સાથે કંઇ નથી તેનો ખુલાસો કરવા વિષે મારે કંઈ પ્રયોજન નથી. અને જે વિચારનો સમ્બન્ધ ધર્મનીજ સાથે છે, તેનો પારાવાર પણ પામી શકાતું નથી. પણ જિજ્ઞાસુને સમજાવવાને નિમિત્તે સંક્ષેપે કરીને કંઇ વર્ણુન કરીશું ધર્મ માર્ગ તેને કહે છે કે જે માર્ગે કરીને આ મનુષ્ય શ્રી રાધા કૃષ્ણુ અને સીતા રામજીનાં દર્શનને પ્રાપ્ત થાય તેથી આ મનુષ્યનો અધિક વિચાર તો શ્રી રામ કૃષ્ણુ વિષે જોઇએ અથવા પોતાના આપ વિષે જોઇએ.

શ્રી કૃષ્ણ મહારાજ વિષે વિચાર કરવો આ પ્રકારે છે કે પ્રથમ તો શ્રી કૃષ્ણ મહારાજના સ્વરૂપનો તથા ગુણોનો વિચાર કરવો અથવા તેમની કારીગરીનો વિચાર કરવો.

આપ વિષે વિચારવાનું એ છે કે પ્રથમ તો પોતાના મલીન સ્વભાવોનો વિચાર કરવો, કેમકે તે મલીન સ્વભાવોથી જીવને શ્રી કૃષ્ણ મહારાજની તરફથી પડદો થાય છે તેને દૂર કરવાનો ઉપાય વિચારવો જેમ વિકાર નિષેધ પ્રકરણ વિષે વિસ્તાર સહિત વર્ણન કર્યું છે. અથવા જે શુભ ગુણોએ કરીને શ્રી કૃષ્ણજીની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, તેના વિષે પણ વિચરવું પ્રમાણ છે તેથી પ્રસિદ્ધ થયું કે ધર્મ માર્ગ વિષે ચાર સ્થાન વિચારનાં પ્રકટ છે. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પ્રેમીનો વિચાર અને ચિંતવન પ્રીતમથી બાહ્ય કદાચિત્ત હોતો નથી. અને જેનું ચિંતવન પ્રીતમ વિના બીજા કોઇ પદાર્થ વિષે સ્પુરવા લાગે, ત્યારે જાણીએ કે તેનો પ્રેમજ નિર્બળ છે. શાથી કે જ્યારે પ્રેમની પ્રબળતા થાય છે, ત્યારે બીજી કોઇ વસ્તુની સુરતી રહેતી નથી તેથી પ્રેમી પુરૂષના વિચાર અને સંકલ્પ અધિક તો પ્રિતમનાં દર્શન અને સુંદરતા વિષે રહે છે. અથવા તેની લીલા અને ગુણોનું ચિંતવન કરતો રહે છે. અને યદ્યપિ તેની સુરતી પોતા વિષે પણ સ્ફુરે છે તોપણ એવાજ ગુણોનું સ્મરણ કરે છે, જેથી કરીને પ્રીતમની પ્રસન્નતા અને રીઝ પ્રાપ્ત થાય એ કારણથી તે ગુણોને પ્રાપ્ત કરવા ઇચ્છે છે અથવા એવા અવગુણોનો વિચાર પણ કરે છે કે જેથી કરીને પ્રીતમનો વિયોગ અને અપ્રસન્નતા થાય છે; તેથી તેને દૂર કરવાને ઇચ્છે છે તાત્પર્ય એ કે યદ્યપિ પ્રેમી પુરૂષને વિચારનાં ચાર સ્થાનજ છે. તોપણ ચારેનું મૂળ પ્રીતમ અને પ્રેમી બેઉનો અવકાશ મુખ્ય છે. તેમજ ભગવત્ ભક્તોના પ્રેમનો માર્ગ એજ છે.

પ્રથમ વિચારના અવકાશનું વર્ણન.

પ્રથમ તો પ્રીતિમાનને એ વિચાર કરવો યોગ્ય છે કે મારામાં ખરાબ સ્વભાવ અને ખરાબ કૃતિ શાં છે? તેથી વિચારે કરીને પોતાને તેનાથી શુદ્ધ કરે તેમાં (૧) એક પાપ સ્થૂળ છે (૨) અને બીજું પાપ સૂક્ષ્મ છે.

જો કે એ પણ અતિવ છે, જેને ગણી શકાતાં નથી તોપણ જેટલાં અપૂ કર્મ શરીર અને ઇંદ્રિયોની સાથે થાય છે, તેને સ્થૂળ પાપમાં વર્ણન કર્યાં છે. અને મનના મલીન સ્વભાવનાં બધાં પાપોને સૂક્ષ્મ કહ્યાં છે. તેમાં એક એક પાપના વિચાર વિષે પણ ત્રણ પ્રકારનું બળ વર્તે છે. પ્રથમ એ કે અમુક સ્વભાવ અથવા કર્મ ખરાબ છે કે સારાં છે? એ વાર્તા પણ વિચાર વિના જાણી શક્તો નથી.

(૨) બીજો પ્રકાર એ છે કે જે ક્રિયા અને સ્વભાવને ખરાબ જાણ્યાં ત્યારે આ પ્રકારે વિચાર કરે કે અમુક અવગુણ અથવા અપૂ કર્મ મારામાં છે કે નથી? શાથી કે મનના સ્વભાવોને પણ દૃઢ વિચાર વિના ઓળખી શક્તો નથી.

(૩) ત્રીજો પ્રકાર વિચારના બળનો એ છે કે જ્યારે પોતાના અવગુણોનો નિશ્ચય કર્યો ત્યારે તેને દૂર કરવાના ઉપાય કરે.

એ પ્રમાણે જિજ્ઞાસુ જન નિત્ય પ્રતિ પ્રાતઃકાળમાં એકત્ર થઇને એ વિચારમાં સાવધાન થાય.

સ્થૂળ પાપોનો વિચાર પ્રથમ આ પ્રમાણે કરવો જોઇએ કે એક એક ઇદ્રિની ક્રિયાને ભિન્ન ભિન્ન વિચારે તેમાં રસનાનો વિચાર આ પ્રમાણે કરે કે બોલવાનું તો અવશ્ય મારે થશે, પણ કોઇ પ્રકારે જુઠ અને નિન્દાથી રહિત થઇએ તો સારૂં છે.

એમજ જ્યારે જોઇએ કે મારી જીવિકા અશુદ્ધ છે ત્યારે તેનો ત્યાગ કરવાનો વિચાર કરે. એ પ્રકારે સર્વ ઇંદ્રિયોનાં કર્મોને ભિન્ન ભિન્ન સ્મરણ

કરે પછી જેટલા ભજનના નિયમ અને ભલી કૃતિ છે તેમાં દ્દઢ વિચાર સહિત સાવધાન થાય, અને એવું જાણે કે આ રસના મને ભજનને નિમિત્તે અને મિષ્ઠ બોલવાને અર્થે મહારાજે આપી છે. તેથી ઘટે છે કે રસનાને ભજન વિષે લગાડો અને સર્વ મનુષ્યની સાથે મીઠું બોલે.

નેત્ર એટલા માટે આપ્યાં છે કે મહારાજની કારીગરીને જોઇને તે કારીગરને ઓળખો અથવા ભાવ સંયુક્ત સંત જનોનાં દર્શન કરો પાપ કર્મિઓને ગ્લાનિની દૃષ્ટિ સાથે દેખો તેથી તમને નીચ સંગતિનો પ્રવેશ નહિ થાય. ત્યારે નેત્રની ઉત્પત્તિ પણ ફળ પામે.

મહારાજે ધનને જીવોના સુખને નિમિત્તે રચ્યું છે તેથી ઘટે છે કે ધનને અર્થીયોના અર્થે વાપરવું. અને જો કે મને પણ એ વસ્તુની અપેક્ષા જરૂરની છે. તોપણ ઘટે છે કે પુરૂષાર્થે કરીને પોતાના અર્થનો ત્યાગ કરૂં. એ પ્રમાણે નિત્ય પ્રતિ જિજ્ઞાસુ જનને વિચાર કરવો પ્રમાણ છે. એટલા માટે કે કદાપિ એક ઘડીના વિચાર વિષે એને શુદ્ધ સંકલ્પ ઉપજી આવે તો તેથી કરીને બધી ઉંમરનાં પાપોથી રહિત થઈ જાય અને પરાભક્તિનો અધિકારી થાય. એ કારણથી આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે " સર્વ આયુષ્ય પર્યંતના ભજનથી એક ઘડીનો વિચાર વિશેષ છે " અર્થ એ કે એને વિચારનો લાભ સર્વદા સુખદાયી અને સહાયક થાય છે.

વળી જ્યારે સ્થૂળ પાપોનો વિચાર કરી રહે અને બહારના શુભ કર્મોનો વિચાર પણ કરી લે. ત્યારે હૃદયના શુદ્ધ સ્વભાવોની તરફ દૃષ્ટી કરે કે મારા ચિત્તમાં કઇ કઇ મલીન વાસના છે.

વળી ધૈર્ય, સંતોષ આદિક મોક્ષ દાયક જેટલાં શુભ કર્મ છે, તેમાં તેને પ્રાપ્ત થવાનો ઉપાય વિચારે.

એવા સંપૂર્ણ ગુણો અને અવગુણોની વાતો પણ ઘણી છે. તેથી હું કંઇ સંક્ષેપે કરીને કહું છું કે કૃપણતા, અભિમાન, અહંકાર, દંભ, ઈર્ષા, ક્રોધ, આહારની અધિકતા, વ્યર્થ બોલવું, ધન અને માનની પ્રીતિ, અજાણ

પણું. કઠોર સ્વભાવ આદિક વિકારોને વિચારીને દૂર કરવા જોઇએ. તેમજ આપોનો ત્યાગ અને દુઃખ વિષે ધૈર્ય કરવું, અને શ્રી કૃષ્ણ મહારાજના ઉપકારોનો ધન્યવાદ કરવો, વળી શ્રી કૃષ્ણ મહારાજનો ભય અને આશાની સમાનતા વિષે સ્થિત થવું અને માયાના પદાર્થોથી વિરક્ત થવું, ભજન વિષે નિષ્કામતા કરવી, સર્વ જીવોની સાથે કોમળ સ્વભાવ રાખવો, એકતા, મહારાજનો ભરોસો, મહારાજની પ્રીતિ પ્રેમ, સન્તોષ આદિક જેટલા શુભ ગુણો છે, તે સૌની પ્રાપ્તિ વિષે વિચારનું બળ અધિક વર્તે છે. પણ એ વિચાર તેના હૃદય વિષે ઉપજી આવે છે, જેણે આવા શુભ ગુણોના ભેદોને ભલી પ્રકારે જાણી લીધા હોય, જેવા કે મોક્ષદાયક પ્રકરણ વિષે કહ્યા છે તેથી જિજ્ઞાસુને ઘટે છે કે શુભ અને અશુભ ગુણોનાં નામ પોતાની પાસે લખી રાખે પછી જ્યારે એક અવગુણને દૂર કરી ચુકયા ત્યારે બીજાને જીતવામાં દૃઢ થાય. અને જ્યારે એક ગુણને પ્રાપ્ત કરી લે ત્યારે બીજા ગુણને પામવાને પુરૂષાર્થ કરે પણ કોઇ પુરૂષ પર કોઈ સ્વભાવ પ્રબળ થાય છે એ કારણથી ઘટે છે કે પ્રથમ પ્રબલ સ્વભાવને દૂર કરવાનો યત્ન કરે, જેમ કોઇ વિદ્યાવાન્ વૈરાગ્ય સંયુક્ત હોય ત્યારે તેને માનની અભિલાષા દૂર કરવી વિશેષ છે, એટલા માટે કે વિદ્યા અને વૈરાગ્યની પ્રાપ્તિએ કરીને માનનો હેતુ અવશ્યજ પ્રકટ થઇ આવે છે. વળી માનના હેતુએ કરીને કોઇનું વચન ખમી શકતો નથી અને પોતાની વિશેષતાને દેખાડવાને ઇચ્છે છે ત્યારે મનમાં ક્રોધ અને ઇર્ષાનો અંકુર ઉપજવા માંડે છે. તેમાં યદ્યપિ એવો સ્વભાવ મહા સૂક્ષ્મરૂપ છે તોપણ નિઃસંદેહ ભોગોની હીનતાનું બીજ છે. તેથી વિદ્યાવાનૂને ઘટે છે કે નિત્ય પ્રતિ માનને દૂર કરવાનો વિચાર કરે અને જગતની સ્તુતિ નિંદાથી વિરક્ત થઇને સમતાના પદની પ્રીતિ વિષે દૃઢ થાય એથી કરીને પ્રસિદ્ધ થયું કે પોતાના અવગુણો અને શુભ ગુણોનો વિચાર કરવાનો પણ અમિત છે તે વચને કરીને સંપૂર્ણ કહી શકતા નથી.

બીજો અવકાશ.

વિચારનો બીજો અવકાશ ભગવત્ છે, તેમાં એક તો શ્રી રામ કૃષ્ણજીના શુદ્ધ સ્વરૂપનો વિચાર છે અને બીજો શ્રી રામ કૃષ્ણજીની વિચિત્ર રચના અને શક્તિનો વિચાર છે. તેમાં યદ્યપિ ઉત્તમ વિચાર અને ચિન્તન શ્રી કૃષ્ણ મહારાજના સુન્દર ઘનશ્યામ સ્વરૂપ અને ગુણોનો થાય છે પણ અલ્પ બુદ્ધિ જીવ તે શ્રી કૃષ્ણ મહારાજના સ્વરૂપનો વિચાર કરી શકતા નથી તેથી ધર્મ શાસ્ત્ર વિષે સ્વરૂપનો વિચાર વર્જિત કર્યો છે. તે શ્રી કૃષ્ણ મહારાજના સ્વરૂપનો વિચાર કંઈ ગુહ્યતાના કારણથી કઠણ નથી પણ તેનો વિચાર એટલા માટે કઠીણ છે કે જીવનાં બુદ્ધિરૂપી નેત્ર મહા મંદ છે. અને શ્રી કૃષ્ણ મહારાજનું સ્વરૂપ પરમ પ્રકાશવાન્ છે. તેથી તેને જોઇ શકતા નથી અને મૂર્છાને પ્રાપ્ત થાય છે. જેમ ચામા ચીડીઆની દ્રષ્ટીની મન્દતાએ કરીને સૂર્યના પ્રકાશ વિષે આડ થઇ શકતી નથી વળી જ્યારે સૂર્યનો પ્રકાશ અસ્ત થાય છે, ત્યારે રાત્રી વિષે તારા મંડળનાં કિંચિત્ પ્રકાશે કરીને નેત્રોને ઉઘાડે છે તેમજ દેહાભિમાની મનુષ્ય પણ મહારાજના શુદ્ધ સ્વરૂપને જોઈ શકતા નથી. ત્યારે તેનો વિચાર શી રીતે કરે, પણ જે સત્પુરૂષ છે, તે ઉત્તમ અવસ્થાવાળા છે. અને તેમણે પ્રકટજ સુંદર સ્વરૂપને જોયું છે પણ સદા એક રસ તે પણ જોઇ શકતા નથી અને તેમની બુદ્ધિ પણ થાકી થાય છે. જેમ આ મનુષ્ય સૂર્યને સારી રીતે જોઇ શકે છે, પણ અધિક દેખાવથી કરીને એમની દ્રષ્ટી પણ મન્દ થઇ જાય છે તેમજ શ્રી કૃષ્ણ મહારાજની છબી અપારના વિચારવામાં પણ એજ ભય થાય છે અને વિસ્મય અને આશ્ચર્ય વડે માણસ આવરો થઈ જાય છે એ કારણથી જે પ્રકારે સંત જન શ્રી કૃષ્ણ મહારાજના સર્વ ગુણોનો ભેદ જાણે છે, તે ઇતર જીવોને ખુલ્લો કરીને સંભળાવતાજ નથી અને શ્રી કૃષ્ણ મહારાજે પણ તેમને આ આજ્ઞા કરી છે કે "સર્વ જીવોને તેમના અધિકારને અનુકુળ ઉપદેશ કરો, અને જે પ્રકારે તે

મની બુદ્ધિ મહારાજના કંઇ ભેદને સમજી શકે તેમજ સમજાવો " તેથી એમ કરો કે " મહારાજ અંતર્યામી છે, અને સર્વ કંઈ દેખે છે, સાંભળે છે, બોલે છે વળી જે કંઈ કરવા ઇચ્છે છે, તે કરી લે છે તાત્પર્ય એ કે અલ્પ બુદ્ધિ જીવ એટલું પણ એટલા માટે સમજે છે, કે એમાં પણ સાંભળવું, બોલવું, દેખવું કંઇક જાણવામાં આવે છે. પણ એને જ્યારે આ પ્રમાણે કહીએ કે શ્રી કૃષ્ણ મહારાજનું બોલવું મનુષ્યોની પેઠે નથી શાથી કે તેમનું વચન શબ્દ અને અક્ષરોથી રહિત અખંડ છે તે આ વાર્તાને જીવો સમજી શકતાં નથી અથવા જ્યારે એમ કહીએ કે શ્રી કૃષ્ણ મહારાજનું સ્વરૂપ મનુષ્યોના જેવું નથી એટલા માટે કે મહારાજનું કોઇ કારણ નથી ને તે કોઇનું કારણ નથી વળી તે કોઇ સ્થાન ઉપર સ્થિત નથી, કોઇ સ્થાનના મધ્યમાં રહેતા નથી, કોઇ દિશા વિષે કહી શકાતા નથી. વળી જગતથી ન્યારા પણ નથી, અને જગત્‌ની સાથે કંઇ સંબંધ પણ નથી રાખતા. તેમજ સંસારથી બહાર પણ નથી અને સંસાર વિષે પણ નથી. જ્યારે આ અલ્પ બુદ્ધિ જીવ એવાં સૂક્ષ્મ વચન સાંભળે છે, ત્યારે તેની પહેલી પ્રીતિ પણ નાશ થઇ જાય છે અને નાસ્તિક થઇ જાય છે તથા શ્રી કૃષ્ણ મહારાજને પોતાના જેવા જાણવા ઇચ્છે છે. અને તેની મોટાઇને જાણતાજ નથી. શાથી કે યદ્યપિ મહારાજને સૌથી મોટા કહે છે તોપણ ચિત્ત વિષે કોઈ મોટા રાજાના જેવા સમજે છે. અને એમ જાણે છે કે પરમેશ્વર પણ રાજાની પેઠે સિંહાસન ઉપર બેશીને સૃષ્ટિનું કાર્ય કરતા હશે. વળી નિઃસંદેહ એમ પણ જાણે છે કે " ભગવત્‌ને પણ મનુષ્યોના જેવું સ્થૂળ શરીર, હાથ, પગ, માથું હશે. એટલા માટે કે જ્યારે અમારે હાથ પગ ન હોય ત્યારે અમે અંગહીન અને દુઃખી થઇએ છીએ, તેમજ જ્યારે પરમેશ્વરને શરીર, નેત્ર, આદિક ઇંદ્રિયો ન હોય, ત્યારે તે પણ અંગહીન રહે છે, તો એવી સ્થૂળ બુદ્ધિથી ભગવત્ રક્ષા કરો, એટલા માટે કે " જ્યારે પક્ષીના હૃદય વિષે એવુંજ જ્ઞાન હોય છે, ત્યારે તે પણ આ પ્રમાણે કહે છે કે જેમ મારા પગ, અને પાંખ છે, તેમજ શ્રી કૃષ્ણ મહારાજને પણ પાંખ હશે શાથી કે હું તો એવો

કરીને સુખથી ઇચ્છા ચાહી ઉઠું છું. અને જ્યારે મારો ઉત્પન્ન કરનારો એવો સ્વેચ્છિત ન હોય, ત્યારે એ વાર્તા અયોગ્ય થાય છે. તેમજ આ માણસ પણ શ્રીકૃષ્ણ મહારાજના ઉપર પોતાનું અનુમાન રાખે છે. એ કારણથી ધર્મશાસ્ત્ર વિષે નિર્ગુણ સ્વરૂપના વિચારથી વરજ્યા છે અને સંતજનોએ પણ આ પ્રમાણે પ્રસિદ્ધ કહ્યું નથી કે "મહારાજ આ સંસારથી વ્યતિરિક્ત છે, અથવા મળેલા છે. તેથી તેમણે પણ એટલુંજ વર્ણન કર્યું છે કે "શ્રીકૃષ્ણ મહારાજના સ્વરૂપના જેવી બીજી કોઇ વસ્તુ નથી. કે જેથી કરીને તેને સમજાવી શકીએ. પણ તે પરેશ શ્રીકૃષ્ણ મહારાજ બધું દેખનાર, સાંભળનાર, જાણનાર અને સમર્થ છે. જો કે એમ કહ્યું છે, તોપણ આ જગતમાં જે રીતે દેખવું, સાંભળવું, જાણવું શ્રીકૃષ્ણ મહારાજનું છે, તેનો ભેદ પ્રસિદ્ધ વર્ણન કર્યો નથી. એટલા માટે કે સ્થુળ બુદ્ધિ મનુષ્ય એવા ભેદોને સમજી શકતું નથી. તાત્પર્ય એ કે પરાત્પર સ્વરૂપને વિચારવાનો અધિકારી કોઇ વિરલો સંતજ થાય છે. અને બીજા જીવોની બુદ્ધિ તેના સ્વરૂપમાં પહોંચી શકતી નથી. તેથી બધા જીવોનો અધિકાર એ છે કે "શ્રીકૃષ્ણ મહારાજની વિચિત્ર રચનાનો વિચાર કરીને તેમની મોટાઇ અને સમર્થતાને ઓળખે. શાથી કે સ્થુળ, સૂક્ષ્મ જેટલા પદાર્થ ઉત્પન્ન થયા છે, તે શ્રીકૃષ્ણ મહારાજના પ્રકાશનું પ્રતિબિંબ છે. પણ એનું દૃષ્ટાંત એ છે કે "જેમ કોઇ પુરૂષ દૃષ્ટિની મન્દતાએ કરીને સૂર્યને દેખી ન શકે ત્યારે ઘટે છે કે તેના તડકાને જોઇને તેના તેજની અધિકતાને ઓળખે તેમજ રચનાની વિચિત્રતાનો વિચાર કરવો તે પણ શ્રીકૃષ્ણ મહારાજની મોટાઇને ઓળખાવે છે.

ત્રીજા અવકાશનું વર્ણન.

બધી સૃષ્ટિ શ્રીકૃષ્ણ મહારાજની રચના છે, અને બધું આશ્ચર્યરૂપ છે. તે જ્યારે વિચાર કરીને જોઇએ ત્યારે બધી પૃથ્વી, અને આકાશનાં જેટલાં અણુ છે, તે સૌ પોતાને ઉત્પન્ન કરનારાના મહીમાને દેખાડે છે. અને કહે છે કે

એવું સામર્થ્ય અને એવી પરમ વિદ્યા પરમેશ્વરનેજ શોભે છે. અને તેની સ્તુતિ એવી અપાર છે કે જો સાતે સમુદ્રની સ્યાહી થઈ જાય, બધી વનસ્પતિની લેખણો થઇ જાય, અને પૃથ્વીને આકાશ વિષે જેટલા જીવ છે, તે લખવા માંડે, તેમનો આવરદા પણ અમિત હોય તોપણ શ્રીકૃષ્ણ મહારાજની આશ્ચર્યતાનો અંત કદાચિત્ આવતો નથી.

સર્વ સૃષ્ટિ પણ શ્રીકૃષ્ણ મહારાજે બે પ્રકારે રચી છે, તેમાં એક સૂક્ષ્મ છે અને બીજી સ્થુળ છે, વળી સૂક્ષ્મ સૃષ્ટિ જે જીવશક્તિ છે. તેનો વિચાર થઇ શકતો નથી. અને જે સ્થુળ સૃષ્ટિ કહી છે, તે પણ બે પ્રકારની રચના છે. એક તો અમારી દૃષ્ટીથી અગોચર છે. જેમકે દેવતાઓ અને તેમનાં સ્થાન અને ભૂત પ્રેતાદિક જે જીવ છે. તો તેમનો વિચાર કરવો એ પણ મહા કઠીણ છે. તેથી બીજી સૃષ્ટી જે અમારી દૃષ્ટી વિષે આવે છે, તેનું કંઇક વર્ણન હું કરૂં છું. તેમાં જોવામાં આકાશ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર આદિ આવે છે. વળી પૃથ્વી ઉપર પહાડ, વનસ્પતિ, નદી, નગર અને મનુષ્ય આદિ જીવ છે તે બધા આશ્ચર્યરૂપ બનાવ્યા છે વળી આકાશ વિષે જે વાદળ, બરફ, કરા, વિજળી, ઇંદ્ર ધનુષ્ય, આદિક જેટલી રચના છે, તે બધાં વિષે વિચારનું બળ વરતે છે. એટલા માટે કે સર્વ પદાર્થોને શ્રીકૃષ્ણ મહારાજે કૌતુકરૂપ રચ્યા છે. તેથી હું સંક્ષેપે કરીને કંઇક તેનું વર્ણન કરીશ. શાથી કે આ સર્વ પદાર્થ શ્રીકૃષ્ણ મહારાજની શક્તિને દેખાડનારા છે. અને જીજ્ઞાસુને એ પ્રમાણે આજ્ઞા થઇ છે કે “ તું મારી રચનાને વિચારની દ્રષ્ટી સાથે સર્વદા જો. ” અને મારી મોટાઇને ઓળખીને વિસ્મિત થા.

પ્રથમ તો મહા આશ્ચર્યરૂપ ભગવતે તને બનાવ્યો છે. અને તારા સમાન તને બીજું કોઈ નિકટ પણ નથી તે માટે જ્યારે તું પોતાનો વિચાર કરે ત્યારે મારી સમર્થતાને અને મોટાઇને તરતજ ઓળખી લેઇશ.

તને પ્રથમ તો પોતાની આદિનો વિચાર કરવો ઘટે છે, કે હું આ સંસાર વિષે કયાંથી આવ્યો છું ? તે જ્યારે વિચારી જોઇએ ત્યારે રજ અને વિ-

વેજ તારી ઉત્પત્તિનું કારણ છે. પછી ક્રમે કરીને માંસનું પૂતળું થાય છે, અને વધતું જાય છે. તે પછી તે માંસ વિષે ભિન્ન ભિન્ન અંગ ઉપજે છે, જેમ માંસ, ત્વચા, નાડી, મેદ અસ્થિ, કેશ, ઉત્પન્ન થાય છે.

વળી તારા અંગોનો આકાર ભિન્ન ભિન્ન ભાંતિ રચ્યો છે, જેમ શીશ, હાથ, પગ, આંગળી, નાસીકા, કાન, દાંત અને નેત્ર બનાવ્યાં છે. અને કેટલાંક બીજાં અંગ તારા શરીરની અંદર રચ્યાં છે. જેમ ઉદર, નાભી, હૃદય, અને એના જેવાં અનેક અંગ છે. તે બધાંનો આકાર, ગુણ અને મર્યાદા ભિન્ન ભિન્ન રચી છે, વળી એક એક અંગ વિષે અનેક સંબંધ મેળવ્યા છે જેમ નેત્રનો જોવામાં એનો આકાર થોડોજ ભાસે છે. તેમાં તેને સાત પરદા મેળવીને બનાવ્યાં છે. અને એક એક પરદાનો ભિન્ન ભિન્ન ગુણ છે, તેમાં જ્યારે એક પરદાને કંઇ ખેદ પહોંચે છે, ત્યારે તારી દ્રષ્ટી મંદ થઇ જાય છે પણ જ્યારે નેત્રોનીજ આશ્ચર્યતાને વિસ્તારે કરીને કહીએ તો કેટલાંએ પાનાં પુસ્તકો લખાઈ જાય. વળી હે જીજ્ઞાસુ જ્યારે તું પોતાના શરીરનાં અસ્થિયોની તરફ ધ્યાન આપે ત્યારે તે પણ બહુ આશ્ચર્યરૂપ છે, પ્રથમ તો શરીરની દ્રઢતા એનાથી થાય છે, અને જળની બુંદમાંથી એવાં કઠોર અસ્થી શી રીતે રચ્યાં છે? વળી એને ભિન્ન ભિન્ન મર્યાદ સહિત ઉપજાવ્યું છે અને ભિન્ન ભિન્ન ગુણોના હેતુ સ્થિત કર્યાં છે. અસ્થિયોને શરીરનો સ્થંભ બનાવ્યો છે. અને બીજાં અંગ તેના ઉપર રાખ્યાં છે. અને જ્યારે બધા શરીર વિષે એકજ હાડ હોત ત્યારે આ મનુષ્ય નમવામાં વિષે દુઃખી થાત. અને જ્યારે ભિન્ન હોત ત્યારે ઉભું થવાત નહિ. તેથી પીઠ ગ્રીવા અને બીજાં હાડકાંને મહોરદાર ઉત્પન્ન કર્યાં છે. અને એક બીજા વિષે મેળવી રાખ્યાં છે એટલા માટે કે નમવામાં, ચાલવામાં અને ઉભા થવામાં મનુષ્ય સમર્થ થાય. વળી અસ્થિયોના મહોરાપર નાડી લપેટી છે. અને તેને ભલી પ્રકારે દ્રઢ કરી છે. તે એકજ શીશને અસ્થિ મેળવીને બનાવ્યું છે. તેમજ કેટલા દાંતની ટોચ તીક્ષ્ણ કરી છે. અને કેટલાકનાં માથાં ચોડાં બનાવ્યાં છે. તેથી એક દાંત અનાજને કાપી નાંખે છે, અને એક દળી નાંખે છે, વળી શરીર વિષે ત્રણ સરોવરમાંથી

નાડીના પ્રવાહ સ્કન્ધો વિષે પસરે છે, અને સ્કન્ધોના માગથી સર્વ શરીરમાં પ્રવેશ કરે છે. તેથી ઇંદ્રિયોને બળ પહોંચે છે અને પોતપોતાના કાર્યમાં સાવધાન થાય છે. એવુંજ બીજું સરોવર જઠર છે. તેમાંથી નાડીના માર્ગે કરીને સર્વ ઇંદ્રિયોને આહાર પહોંચે છે. અને ત્રીજું સરોવર હૃદયસ્થાન છે, તેની નાડીયોએ કરીને સર્વ શરીર સજીવ થાય છે. એમજ તું પોતાના શરીરનાં એક એક અંગને વિચારીને જો કે શ્રી કૃષ્ણ મહારાજે એને કેવી યુક્તિ કરીને રચ્યાં છે ? અને એમાં કેવા કેવા ભેદ અને ગુણ રાખ્યાં છે. જેમ આ નેત્ર કેવાં કૌતુકરૂપ રચ્યાં છે. અને ધુળની રક્ષાને નિમિત્તે એના ઉપર પાંપણ રાખી છે એ વિષે પણ મોટું આશ્ચર્ય એ છે કે દેખવામાં નેત્રોનો આકાર અલ્પ માત્ર ભાસે છે. અને પૃથ્વી આકાશ પર્યંત સર્વ પદાર્થ એની દ્રષ્ટી વિષે સમાઈ જાય છે. તેમજ શ્રવણો વિષે કડવું પાણી રાખ્યું છે એટલા માટે કે એમાં કોઇ કીડા પ્રવેશ કરે નહિ. વળી તેનો આકાર સીપના જેવો રચ્યો છે. તેથી શબ્દને એકઠો કરીને અંદર પહોંચાડી દે છે. પણ જ્યારે એમજ મુખ, હાથ, પગ, અને બીજાં અંગોની આશ્ચર્યતાનાં વખાણ કરીએ તો મોટો વિસ્તાર થાય. તાત્પર્ય એ કે જ્યારે કોઇ રીતે તને એવા વિચારનો માર્ગ ઉઘડે ત્યારે તું ઉત્પન્ન કરનારા મહારાજની મોટાઇ, સમર્થતા, દયા અને તેના જ્ઞાનને ભલી પ્રકારે જાણે. શાથી કે મહારાજે નખશિખ પર્યંત આશ્ચર્યરૂપજ રચ્યું છે. પણ જ્યારે તું કોઇ માણસની ચીત્રેલી મૂર્તિને દેખે છે, ત્યારે તેની સુંદરતા જોઇને વિસ્મયવન્ત થાય છે. અને લખનારાની સ્તુતિ કરે છે, શ્રીકૃષ્ણ મહારાજે વિર્યનીજ બૂંદથી તારા શરીર વિષે કેવી અનૂપ ચિત્રકારી રચી છે. અને આ પણ મોટું આશ્ચર્ય છે કે શરીરનાં અંગોની ચિત્રકારીનો ચિતારો અને કલમ દ્રષ્ટે પડતાં નથી. પણ તું ભગવત્‌ની વડાઇને વિચારીને આશ્ચર્યવાન્ થતો નથી. વળી તેનું પરમજ્ઞાન, પૂર્ણ સમર્થતા, ને જોઇને તું ગાંડો થતો નથી ? અને તેની પરમદયાને પણ તું કદાચિત્ ઓળખતો નથી. શાથી કે જ્યારે શ્રીકૃષ્ણ મહારાજે ગર્ભ વિષે તને આહારનો અધિકારી જોયો, અને એમ પણ જાણ્યું કે જો ગર્ભમાં એનું મુખ ઉઘડશે તો તેમાં રૂધિરનો પ્રવેશ

થશે, તેથી એને દુઃખ થશે. એ કારણથી એવા વિષમસ્થાન વિષે તને ડુંટીને રસ્તેથી આહાર પહોંચાડયો. અને પૂર્ણ અનુગ્રહની સાથે તારૂં પ્રતિપાલન કર્યું છે. વળી જ્યારે તું માતાના ગર્ભમાંથી બહાર નીકળ્યો ત્યારે મહારાજે નાભીના માર્ગને તત્કાળજ બંધ કરી દીધો અને આહારને નિમિત્તે તારૂં મુખ ઉઘાડી દીધું. અને તે ઉપરાંત પણ તારા શરીરની કોમળતા તથા સૂક્ષ્મતા જોઇને તારી માતાનાં સ્તન વિષે દૂધ ઉત્પન્ન કર્યું. અને તે દૂધનો તારે માટે આહાર બનાવ્યો. વળી સ્તનોની ડીંટડી એવી રીતે નાની બનાવી કે તું તેને મુખમાં નાંખીને સુખથીજ ચુશી લે. અને તેનું છિદ્ર અત્યંતની સૂક્ષ્મ બનાવ્યું એટલા માટે કે એકઠો દૂધનો પ્રવાહ તને ખેદ ન આપે અને થોડું થોડું તારા કંઠ વિષે ચાલ્યું જાય. વળી તારી માતાના ઉદર વિષે એવો ધોબી સ્થિત કર્યો કે જે સર્વદા રૂધિરને ધોળું દૂધ બનાવીને મોકલે છે. અને તારી માતાના ચિત્ત વિષે એવી પ્રીતિ ઉત્પન્ન કરી છે કે જ્યારે તું એક ઘડી પણ ભૂખ્યો રહે છે તારે તેના હૃદયનો વિશ્રામ દૂર થઇ જાય છે. વળી જ્યાંસુધી તું દૂધ પીવાનોજ અધિકારી હતો ત્યાંસુધી તારા દાંત ઉત્પન્ન કર્યા નહિ એટલા માટે કે અજાણ હોવાથી જનનીનાં સ્તનને કાપી ન નાંખે. પછી જ્યારે તારૂં શરીર અનાજનું અધિકારી થયું, ત્યારે સમય જોઇને પોતાની મેળે દાંત ઉત્પન્ન થાય છે. તેથી તું કઠોર આહારનું પણ ભક્ષણ કરી લે છે.

પણ આજે તારી મૂર્ખતા અને નેત્રોની હીનતા છે, તેની મર્યાદ પણ કંઇ પામી શકાતી નથી. એટલા માટે કે એટલી વાતોને તું સમજે છે અને પ્રત્યક્ષ દેખે છે, તોપણ ઉત્પન્ન કરનારા મહારાજની મોટાઇને ઓળખીને આશ્ચર્ય પામતો નથી. વળી તેની દયા અને અધિક સુંદરતાને વિચારીને તેની સાથે તું પ્રીતિજ કરતો નથી. તેથી જે પુરૂષ આ પ્રમાણે શ્રીરામ કૃષ્ણજીની રચનાને પોતા વિષે ન દેખે તે મહા અચેત અને પશુઓની પેઠે બુદ્ધિહીન છે. આ મનુષ્ય વિષે શ્રીરામ કૃષ્ણજીએ શુદ્ધ બુદ્ધિનો અધિકાર રાખ્યો છે, તે તેણે વ્યર્થ ખોયો, વળી જે આહાર અને લડાઇ વિના બીજું કાંઇ જાણતો નથી તે નિઃસંદેહ જ્ઞાનરૂપી બાગના તમાસાથી અભાસ રહે છે. તેથી જિજ્ઞાસુજનને સ-

મજવાને વિચારનું વર્ણન એટલુંજ ઘણું છે. એટલા માટે કે જ્યારે એક મનુષ્યોનીજ આશ્ચર્યતાનાં વખાણ કરીએ ત્યારે જેટલું કાંઇ મેં કહ્યું છે, તે તેથી પણ લાખ ગણું અધિક છે.

વળી એમજ શ્રીકૃષ્ણ મહારાજે ધરતી પણ કૌતકરૂપ રચી છે અને એ ધરતીપર બીજાં પણ અનેક આશ્ચર્ય ઉત્પન્ન કર્યાં છે, તે જ્યારે તું પોતે પોતાનો વિચાર કરી લે, ત્યારે ઘટે છે કે ધરતીનાં આશ્ચર્યોનો વિચાર કરે. તેમાં શ્રીકૃષ્ણ મહારાજે આ પ્રમાણે ધરતીને તારે નિમિત્તે કેવું દીર્ઘ બિછાનું બિછાવ્યું છે? કે તું જે દિશા વિષે ચાલ્યો જાય તેનો અંત પામતો નથી વળી આ ધરતીને પહાડરૂપી મેખોની સાથે દ્રઢ કરી સ્થિર કરી છે. અને મહા કઠોર પથ્થરમાંથી પ્રવાહ પ્રકટાવ્યા છે. કે ભલી પ્રકારે સર્વદા પૃથ્વીપર ચાલ્યા કરે છે. તેમાં તે પ્રવાહ એવી રીતે ધૈર્યથી બહાર નીકળે છે કે જ્યારે એકજવારં ઉછળી પડત ત્યારે ધરતીને ડુબાવી લેત. તેથી તેને કઠણ પથ્થરોની નીચે સ્થિર કરી રાખ્યા છે.

તેમજ તું ભલી પ્રકારે વિચારીને જો કે આ મલીન માટી વસન્ત ૠતુ વિષે શી રીતે પ્રપુલ્લિતત થાય છે? અને મેઘોના વર્ષાદની સાથે શી રીતે સજીવ થઇ જાય છે? કે એવી અંધેરી માટી વિષે અનંત પ્રકારનાં રંગીન પુલ ઉપજી આવે છે. શાથી કે ભિન્ન ભિન્નજ પુલ છે, અને તેના ગુણ અને રંગ પણ ભિન્ન ભિન્ન છે. વળી એક બીજાથી અતિ સુંદર છે. તેમજ જ્યારે વૃક્ષોની તરફ જોઇએ ત્યારે તેનું રૂપ, સુગંધ, ફળ અને ગુણ ન્યારા ન્યારાજ રચ્યા છે. વળી જે ઘાસને તું કંઇ વિસાતમાં નથી ગણતો તે ઘાસ તૃણો વિષે પણ અનંત ગુણ અને લાભ ઉત્પન્ન કર્યા છે. અને બધાંના જુદા જુદા રસ છે એક કડવાં છે ને એક મીઠાં છે, એક તીક્ષ્ણ છે, એક રોગને ઉત્પન્ન કરે છે. અને એક દુઃખોને દૂર કરનારાં છે. એમજ એક ત્રણ જીવનરૂપ છે, અને એક મહા વિષરૂપ છે કોઇનો સ્વભાવ શીતળ છે, અને કોઇનો સ્વભાવ ઉષ્ણ છે. વળી એક વાયુ રોગને વધારે છે, અને એક વાયુ રોગને દૂર કરે છે. તેમજ એક નિદ્રાને વધારે છે, અને એક નિન્દ્રાને ઘટાડે છે. એક પ્રસન્નતા ઉપજાવે

છે અને એક શોકવાન કરે છે. વળી એક ઘાસ પશુઓનો આહાર બનાવ્યો છે. અને એક તૃણોનો પક્ષિયોનો આહાર બનાવ્યો છે એક મૃગોની જીવીકાને માટે રચ્યાં છે;

તાત્પર્ય એ કે વનસ્પતિની જાતી પણ પ્રથમ તો અગણિત છે. વળી એક એક વૃક્ષ, તૃણ, અને પુલો વિષે અસંખ્ય ગુણ રાખ્યા છે. તેથી જ્યારે તું એક ચિત્ત થઇને એનો વિચાર કરે ત્યારે શ્રીકૃષ્ણ મહારાજની પૂર્ણ સમર્થતાને પ્રસિદ્ધ ઓળખે અથવા તેની મોટાઇ વિષે:તારી બુદ્ધિ લીન થઇ જાય. એવાજ શ્રીરામ કૃષ્ણજીએ જે કેટલાક ઉતમ પદાર્થ પાહાડો વિષે ઉત્પન્ન કર્યા છે. તેમાં તેનાં વખાણ પણ કરી શકતા નથી. જેમ ચાંદી, સોનું, હીરા, લાલ, પાનાં આદિક જે મનુષ્યોનો શણગાર છે, તે બધાંની ખાણો પર્વતો વિષે રાખી છે. વળી લોઢું, તાંબુ, કલાઈ આદિક ધાતુ જે વાસણોને નિમિત્તે રચી છે, તેજ એની ઉત્પત્તિનું કારણ પણ પહાડ છે. ગંધક, હરતાળ, પારો આદિક જે અનેક ગુણદાયક પદાર્થ છે, તો તે પણ પહાડા વિષે પ્રકટ કર્યા છે. વળી આ લવણ જેને તું સૌથી નીચ જાણે છે, તેમાં સર્વ ભોજનોનો સ્વાદ એથી કરીને થાય છે. તેથી જે દેશ વિષે એક લવણજ ન હોય ત્યારે તે દેશ વિષે બધાં વ્યંજન રસહીન થઇ જાય. અને લોકોને રોગ વધી જાય. એટલા માટે કે લવણ પણ કેટલાક રોગોનો નાશ કરે છે. એ પ્રકારે તું વિચાર કરીને શ્રીરામ કૃષ્ણજીની દયાને ભલી પ્રકારે સમજ કે તારે નિમિત્તે પ્રથમ તો નાના પ્રકારનાં ભોજન રચ્યાં છે, વળી તેના સ્વાદ અને ગુણને નિમિત્તે જળના અંશથી લવણ ઉત્પન્ન કર્યું છે. તેમાં તેનું વખાણ કરવાનું પણ અપાર છે. પણ આ પૃથ્વીના ઉપર અનેક પ્રકારના જીવ ઉપજાવ્યા છે. તો એ પણ મહા આશ્ચર્યરૂપ છે, એક ઉડે છે, અને એક પગે ચાલે છે. એક તિર્યગ્યોનિ છે, કે તેનું ચાલવું ઉર અને ઉદરની સાથે થાય છે. વળી કેટલાકના ચરણ બે બે હોય છે, કેટલાકના ચાર ચરણ છે, તેમજ કેટલાંક ચોવીસ ચરણોએ કરીને ચાલે છે, વળી જ્યારે તું પક્ષિયો અને પૃથ્વીના કીડાઓની તરફ ધ્યાન કરીને જુએ ત્યારે એનું પણ ભિન્ન ભિન્નરૂપ છે. અને ન્યારી ન્યારી ચાલ છે. અને એક

બીજાથી સુંદર બનાવ્યા છે. અને જેને જેને જેની અપેક્ષા હતી તે બધું આપ્યું છે. વળી સૌને પોત પોતાના આહારનો માર્ગ દેખાડયો છે. અને પોત પોતાનાં છોકરાંનું પ્રતિપાલન શીખવ્યું છે. અને પોતાનાં દર અને ઘર બનાવવાની સમજણ આપી છે વળી તું મંકોડાની તરફ દૃષ્ટી કરીને જો કે જે સમયને ઓળખીને પોતાના આહારને શી રીતે એકઠો કરે છે. અને પોતાના દૂર વિષે અનાજના કણ રાખે છે.

ધરતી વિષે એના અંકુર ન હોય એવી કરોળીયાની તરફ જ્યારે તું ભલી પ્રકારે દેખે ત્યારે જાણે કે તે પોતાના ઘરને શી રીતે રચી લે છે. અને શી રીતે પોતાના મુખના થુંકથી સુતર બનાવે છે અને મન્દિરનો ખુણો ખોળીને તે સુતરનો તાણો વાણો કરે છે. વળી તે ઘર વિષે પોતાના બચ્ચાંને રાખે છે અને માખીને પકડવાને નિમિત્તે પોતે તેના ખુણામાં સંતાઇને બેસે છે. વળી જ્યારે માખીને અચાનકજ પકડી લે છે, ત્યારે બધી તરફથી તેને તારના તાંતણાની સાથે લપેટી લે છે, એટલા માટે કે કોઇ પ્રકારે માખી નીકળી ન જાય. એ પ્રમાણે માખીયોને પકડીને સદૈવ પોતાનું ઉદર પૂરણ કરે છે. વળી ભૃંગી માખીની તરફ દૃષ્ટી કરીએ ત્યારે જોઇએ તો તે માખી પણ પોતાનું ઘર કેવું અનૂપ બનાવે છે. તાત્પર્ય એ કે મહારાજે પોતાની દયાએ કરીને કીડાઓ વિષે પણ એવું ઉત્તમ જ્ઞાન, અને અનુભવ રાખ્યાં છે કે તેનું કંઇ પણ વર્ણન કરી શકાતું નથી. જેમ મચ્છરને સમજાવ્યું છે કે શરીરનું રૂધિરજ તારો આહાર છે તેથી તેનો ડંખ તીક્ષ્ણ અને સૂક્ષ્મ છે અને અંદરથી પોલો રચ્યો છે. તે જ્યારે શરીર વિષે તેના ડંખને લગાવે છે, ત્યારે તરતજ રૂધીરને ખેંચી લે છે, વળી તેને એવો ચપળ બનાવ્યો છે કે જ્યારે કોઇ તેને પકડવાને ઇચ્છે ત્યારે તરતજ જાણી લે છે અને નાશી જાય છે વળી પાછો તરતજ આવે છે. તેથી જો આ મચ્છરને બુદ્ધિ અને જીભ (વાચા) હોત તો પોતાને ઉત્પન્ન કરનારા સ્વામીની એટલી સ્તુતિ કરત કે સૌ લોકો સાંભળીને આશ્ચર્યવાન્ થાત પણ જ્યારે વિચારની દૃષ્ટી સાથે જોઇએ ત્યારે તેની અવસ્થાજ શ્રી કૃષ્ણ મહારાજના મહીમાને સ્વતઃ

ઓળખાવે છે એવા આશ્ચર્યકારક જીવ પણ અનંત રચ્યા છે તેથી એટલી સમર્થતા પણ કોઇ માણસમાં જોવામાં આવતી નથી કે જે લાખો કરોડો આશ્ચર્યો વિષે એક આશ્ચર્યને પણ ઓળખે અથવા એક આશ્ચર્યનું વર્ણન કરે.

પણ તારા ચિતમાં એટલો વિચાર પણ ઉપજતો નથી કે સુંદર આકાર અને ઉત્તમ અંગો સહિત જે નાના પ્રકારના જીવ છે, તે બધા પોતાની મેળે ઉત્પન્ન થયા છે? કે તેં તેમને બનાવ્યા છે? કે તારો અને તેનો ઉત્પન્ન કરનાર એક એજ મહારાજ છે? માટે મહારાજની શક્તિ વચનથી અગોચર છે.

જો કે અસંખ્ય પદાર્થ તેના મહીમાને સર્વદા પ્રસિદ્ધ પોતેજ જણાવે છે. પણ તેણે પોતાની માયાએ કરીને આ મનુષ્યનાં નેત્રોને મંદ કરી નાંખ્યા છે કે જે એવાં આશ્ચર્યને જોઇ શકતાં નથી. અને આ જીવની બુદ્ધિ પણ એવી અચેત કરી રાખી છે કે રંચક માત્ર પણ અદ્ભુત રચનાનો વિચાર કરતી નથી જો કે નેત્રો વડે નાના પ્રકારનાં કૌતુક દેખે છે, અને શ્રવણે કરીને અનેક પ્રકારની સ્તુતિ સાંભળે છે, તોપણ જે પ્રકારે શ્રી રામ કૃષ્ણજીનો મહીમા જાણવા યોગ્ય છે, તેવો જાણી શકતો નથી તેથી એવા અલ્પબુદ્ધિ જીવોનું સાંભળવું, દેખવું નિઃસંદેહ પશુઓના જેવું છે, શાથી કે શ્રી કૃષ્ણ મહારાજે કલમ કે કાગળ વિના અનેક પ્રકારનાં આશ્ચર્યરૂપ અક્ષર લખ્યા છે તેને જોઇ શકતા નથી જેમ આ મંકોડો નાનોજ કીડો છે, તે જ્યારે તું તેની તરફ ભલી પ્રકારે ધ્યાન કરે તો તેની અવસ્થારૂપી રસનાજ સર્વદા આ પ્રમાણે કહે છે કે "હે મૂર્ખ મનુષ્ય જ્યારે કોઇ ચીતારો ભીંતપર મૂર્તિ ચિત્રે છે, ત્યારે તું તેને જોઇને ચિતારાની વિદ્યા, ચતુરાઇને સારી રીતે સમજે છે અને વિસ્મિત થાય છે. પણ જ્યારે તું એકચિત્ત થઇને મારા તરફજ દૃષ્ટી કરે ત્યારે ભગવત્‌ની સંપૂર્ણ સમર્થતા, અને પૂર્ણ વિદ્યાને ઓળખે એટલા માટે કે યદ્યપિ મારો આકાર જોવામાં અતિ નાનો છે, પણ કૃપાનિધાન શ્રી કૃષ્ણ મહારાજે મારા એટલાજ શરીર વિષે કેવી રીતે ભિન્ન ભિન્ન અંગ રચ્યાં છે, જેમ હૃદય, ઉદર, શીશ, હાથ, પગ, નેત્ર, શ્રવણ, રસ-

ના અને આહારને પચાવવાનું સ્થાન અને મળને પડવાનું ઠેકાણું ઈત્યાદિક બધી સામગ્રી મને આપી છે વળી મારા શરીર વિષે ચપળતા રાખી છે અને ત્રણ બન્દ સ્થિત કર્યા છે, તેમાં એ ત્રણેને આપસમાં મેળવી રાખ્યા છે અને મારી કટીમાં કમરબન્દ પહેરાવ્યો છે અને મારો શ્યામ બનાવ્યો છે તેમાં યદ્યપિ તું પોતાના મનમાં એવું અનુમાન રાખતો હોઇશ કે હું બધા જીવોમાં વિશેષ છું પણ જ્યારે વિચાર કરીને જુએ ત્યારે તું નિસ્સન્દેહ મારો સેવક છે. એટલા માટે કે તું અનેક યત્નોની સાથે અનાજોને વાવે છે, અને પરી પકવ કરે છે. વળી એકઠું કરીને દૂર રાખે છે અને મારા હૃદય વિષે મહારાજે એવી શક્તિ રાખી છે કે હું સુગંધ લેઇને તરતજ ધરતીના માર્ગ વડે તે અનાજને ઢુંઢી લેઉ છું તેમાં તારી પાસે સંપૂર્ણ વર્ષનું અનાજ રહેતું નથી. અને હું વર્ષભરની જીવિકા કરી રાખું છું વળી તને વર્ષા અને ટાઢની કંઇ ખબર નથી હોતી, તેથી તારા અનાજના ઢગલા પલળી જાય છે, અને પ્રવાહમાં વહી જાય છે. અને મને ભગવત્ અચાનકજ મેઘની ખબર જણાવી દેછે, તેથી હું પ્રથમથીજ પોતાના અનાજને ઉપાડી લેઉં છું, એ કારણથી હુ પોતાના સ્વામી શ્રી કૃષ્ણનો સર્વદા ધન્યવાદ કરૂં છું કે મારા જેવા નીચ પર કૃપા દ્રષ્ટી કરી છે અને તારા જેવો ઉત્તમ સેવક બનાવ્યો છે એજ પ્રમાણે સૂક્ષ્મ, સ્થૂળ, સ્થાવર, જંગમ જેટલા જીવ છે તે પોતાની અવસ્થાની રસનાની સાથે સર્વદાજ શ્રી કૃષ્ણ મહારાજની સ્તુતિ કરે છે. વળી પૃથ્વી અને આકાશનાં અણુપણ સદૈવજ શ્રી રામ કૃષ્ણજીના મહીમાનો ઢંઢેરો દેછે, પણ આ મનુષ્ય અચેતતાએ કરીને તે ઢંઢેરાને કદાચિત્ સાંભળતુંજ નથી. વળી સમુદ્ર વિષે જે આશ્ચર્યરૂપ રચના રચી છે તે પણ સંખ્યાથી પર છે, શાથી કે જેટલી નદિયો અને પ્રવાહ ધરતીપર ચાલે છે તે બધાં સમુદ્રનાં અંગ છે. અને આ ધરતી પણ સમુદ્ર વિષે ટાપુના જેવી છે, ત્યારે ઘટે છે કે તું સમુદ્રોની આશ્ચર્યતાનો ભલી પ્રકારે વિચાર કરે એટલા માટે કે સમુદ્રો વિષે ધરતીથી પણ વિશેષ આશ્ચર્ય ઉત્પન્ન કર્યું છે અને જેટલા જીવ આ ધરતી ઉપર પ્રકટ છે તેટલા પાણીમાં પણ એની પેઠે વિદ્યમાન છે પણ જળ

વિષે એવા પણ અનેક જીવ છે, કે જેના જેવા જીવ ધરતીપર ઉત્પન્ન થયા નથી વળી સમુદ્રો વિષે એક એવા સૂક્ષ્મ જીવ રચ્યા છે, જે જોવામાં પણ આવતા નથી અને એક એવા સ્થૂળ છે કે તેની પીઠને બેટડી જાણીને જહાજોના લોકો જઇને ઉતરે છે. તેમાં એ સમુદ્રની રચના વિષે વિદ્યાવાનોએ કેટલાક ગ્રંથ રચ્યા છે તેથી એનો પણ સંપૂર્ણ વિસ્તાર કરી શકતા નથી. પરંતુ એક ચિત્ત થઇને જો કે સમુદ્ર વિષે પણ એવા જીવ બનાવ્યા છે કે તેનું શરીર સીપજ છે તે જ્યારે વરસાદનો સમય થાય છે, ત્યારે તે સમય તેના ચિત્ત વિષે ત્યાંજ ભાસી આવે છે તેથી સમુદ્રથી બહાર નીકળીને મુખને ઉઘાડે છે, પછી મેઘનાં બુંદને લેઇને મુખને બંધ કરી દેછે અને સમુદ્રની નીચે જઇને બેસે છે તેમાં તે તે બુંદને પોતાના અંતર વિર્યની પેઠે પાળે છે. પછી કંઇક કાળ પછી તે ઉત્તમ મોતી થાય છે અને તે મોતીનો પહેરવેશ માણસ પહેરે છે તેમજ સમુદ્ર વિષે એક પથ્થર થાય છે તેનો ગુચ્છો થાય છે અને નિત્ય પ્રતિ વધતો જાય છે તેથી પરવાળા રૂપી ફળ ઉત્પન્ન થાય છે. વળી બીજાં પણ નાનાં પ્રકારનાં રત્ન જે સમુદ્ર વિષે રચ્યાં છે, તે પણ એક બીજાથી કૌતુકરૂપ છે અને ભિન્ન ભિન્ન ગુણ રાખે છે. તેમજ સમુદ્રો વિષે વહાણો ચાલે છે અને જે પ્રકારે શ્રી કૃષ્ણ મહારાજે વહાણોને ચાલવાને નિમિત્તે ખારવાને સીધા અને ઉલટા પવનનું જ્ઞાન પણ આપ્યું છે. અને જે પ્રકારે નક્ષત્રની વિદ્યા તેમને શીખવી છે જે સમુદ્રો વિષે જહાજોનું ચાલવું, તારામંડળને આશ્રયે થાય છે, એ પણ મોટું આશ્ચર્ય છે શાથી કે તે ઠેકાણા વિષે જળ વિના બીજી કંઇ નિશાની દેખાતી નથી અને તે ઝહાજ દેશ દેશાંતરો વિષે સીધાંજ ચાલ્યાં જાય છે પણ જ્યારે એક જળ તત્ત્વનેજ ભલી પ્રકારે વિચારી જોઇએ, ત્યારે તેનું રૂપ અને નિર્મળતા સ્વાદ, અને સંબંધ પણ આશ્ચર્યરૂપ છે શાથી કે જેટલું જળ એકઠું થતું જાય તેનો સંબંધ તોડયો તૂટતો નથી વળી તે જળચર અને અચરનું જીવનરૂપ છે તેથી જ્યારે કોઇને તૃષાને વખતે તે જળ હાથમાં ન આવે ત્યારે સર્વ સમ્પદા દેઇને પણ પાણીને પીવાને ઇચ્છે છે. વળી જ્યારે તે જળ

શરીર વિષે અટકી જાય તોપણ સર્વ સામગ્રી આપીને તેને બહાર કાઢવા ઇચ્છે છે. એમજ પવન અને મેઘ મંડળની રચના પણ અદ્દભુત રૂપ છે જેમ મેઘ આકાશ વિષે જે આ પવન સદૈવ ચાલતો રહે છે તે પણ સમુદ્રોની પેઠે પડયો ઉછળે છે અને તેનું સ્વરૂપ એવું છે કે નેત્રોએ કરી દેખી શકાતું નથી અને એ પણ શરીરધારી જીવોનું જીવનરૂપ છે એટલા માટે કે અનાજ અને જળની અભિલાષા કોઇ એક સમય વિષે થાય છે, પણ જ્યારે એક પલક પર્યંત એના પ્રાણ રોકાઇ જાય ત્યારે નિસ્સન્દેહ તે વખતે મરવા માંડે છે. તેમાં તમને એ વાર્તાની કંઈ ખબરજ નથી. તેથી એનાં વખાણ કરવાં એ પણ મર્યાદથી રહિત છે. પણ તું ભલી પ્રકારે વિચાર કરી જો કે એ મંડળ વિષે વાદળ, બરફ અને ગરજના અને વિજળી આદિક કેવાં કૌતુક બનાવ્યાં છે જેમ આ વાદળ અચાનકજ એકઠાં થઇને આકાશને આચ્છાદિત કરી લે છે તેનું ઉપજવું ક્યારેક સમુદ્રોમાંથી થાય છે. અને ક્યારેક પહાડોમાંથી ઉપજી આવે છે, અને ક્યારેક કેવળ આકાશથીજ પ્રકટ થાય છે, તેથી જે સ્થાનો વિષે જળની અધિક ચાહ હોય છે, ત્યાં મેઘથી એક એક બુંદ વર્ષાવે છે, તેમાં જે જે જીવ અને જે જે ખેતી અથવા વનસ્પતિમાં જળ પહોંચે છે, ત્યારે મહારાજની આજ્ઞાનુસાર ત્યાંજ જળને પહોંચાડે છે, અને વનસ્પતિનાં ફળોને લીલાંહરાં કરે છે. તે ફળોને સૌ કોઇ સર્વદા ભક્ષણ કરે છે. પણ અચેતાએ કરીને મહારાજની એવી રચનાને ક્યારે પણ વિચારી જોતા નથી. અને તેની સંપૂર્ણ દયાને કોઇ ઓળખતું નથી. વળી જ્યારે બધા લોક મળીને મેઘની બુંદોને ગણવા લાગે, તો કોઇ પ્રકારે તેનો અંત પામી શકતા નથી. વળી એક એવો દેશ છે કે તેમાં બરફજ વરસે છે, વળી બરફને પણ જીવોના પ્રતિપાળને અર્થે ઘણી યુક્તિથી બનાવ્યો છે એટલા માટે કે જયારે કેવળ મેઘોની વૃષ્ટી થાય, ત્યારે તે જળ એકઠુંજ વહી જાય. અને ખેતીવાડીમાં પહોંચી શકે નહિ. તેથી શ્રીકૃષ્ણ મહારાજ તે જળને શરદીની પ્રબલતાની સાથે બરફ બનાવી લે છે વળી તે બરફને સંભાળીને પહાડ઼ા વિષે રાખે છે. તેમાં જેમ જેમ ઉષ્ણતાની ઋતુ આવે છે,

તેમ તેમ તે બરફ સમય પામીને ગળે છે. તેથી ઝરણ અને જળના પ્રવાહો ચાલે છે, તે દેશ દેશાન્તરો પર્યન્ત જીવોનાં કાર્યોને સિદ્ધ કરે છે. તાત્પર્ય એ છે કે શ્રીકૃષ્ણ મહારાજે આ બરફ વિષે એટલી દયા પ્રકટ કરી છે. એજ પ્રમાણે સર્વ પદાર્થો વિષે તેની દયા ભરપૂર છે. તેથી પૃથ્વી અને આકાશનાં જેટલાં અણુ છે, તે બધાં શ્રીકૃષ્ણ મહારાજે પોતાના વિચારને અનુસાર ગુહ્ય અને પ્રયોજનને નિમિત્તે ઉત્પન્ન કર્યાં છે. શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે મેં પૃથ્વી અને આકાશાદિક સર્વ સૃષ્ટિને પોતાના વિચારની નીતિ સાથે ઉત્પન્ન કરી છે. પણ એ ભેદને કોઈ જાણી શકતું નથી

વળી તારામંડળ, દેવતા, અને તેમનાં સ્થાનોને પણ એવાં આશ્ચર્યરૂપ બનાવ્યાં છે કે તેની પાસે પૃથ્વી અને સમુદ્રની રચના નિસ્સન્દેહ તુચ્છ માત્ર છે.

શ્રીકૃષ્ણ મહારાજે તને વારંવાર એ આજ્ઞા કરી છે કે તું તારામંડળ અને નક્ષત્રોનો વિચાર કરીને મારા સામર્થ્યને ઓળખ. કેમકે જ્યારે તુ મારી વિચિત્ર રચનાનો વિચાર ન કરે અને વિચાર વિના નક્ષત્રો અને આકાશની નીલતા તરફ જોતો રહે, ત્યારે એ તારૂં જોવું પશુઓના જેવું થાય છે. પણ તારી તો એવી મંદ બુદ્ધિ છે કે પોતના શરીરની આશ્ચર્યતાની તરફ વિચારી જોતો નથી. ત્યારે આકાશનાં આશ્ચર્યોને શી રીતે ઓળખે જિજ્ઞાસુજનને આ પ્રમાણે ઘટે છે કે શનૈઃ શનૈઃ વિચારે કરીને પોતાની બુદ્ધિને વધારે પ્રથમ તો પોતાના શરીરનાં આશ્ચર્યોનો વિચાર કરે. પછી ધરતીપર જે નાના પ્રકારના જીવ છે, તેનાં આશ્ચર્યોને વિચારની દૃષ્ટી સાથે દેખે તે પછી વનસ્પતિ અને પહાડે.ની રચના જે અદ્‌ભૂતરૂપ છે, તેની તરફ ભલી પ્રકારે ચિત્ત દે. પછી સમુદ્રોની રચનાના વિચાર વિષે સાવધાન થાય એ પછી મેઘમંડળનાં કૌતુકોનો વિચાર કરે. તેમજ પુરિયો અને નક્ષત્રોની આશ્ચર્યતાને ભલી ભાંતે સમજે. વળી આકારવંત જેટલા પદાર્થ છે, તેનાથી ઉલ્લંઘિત થઇને નિરાકાર તત્વોનો વિચાર કરે. ત્યારે એવી યુક્તિએ કરીને શ્રીરામ કૃષ્ણના સ્વરૂપને વિચારવાનો અધિકારી થાય છે. પણ પ્રથમ રચનાના વિચાર વિષે જોઇએ

અને નક્ષત્રોનો વિચાર કરવો આ પ્રમાણે છે કે મહારાજે આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, અને સંહારને નિમિત્તે આશ્ચર્યરૂપ દેવતા, ગ્રહ, નક્ષત્ર રચ્યા છે. અને બાર રાશીને ઉત્પન્ન કરી છે. તે બધાંની મૂર્તિ અને રંગ, સ્વભાવ, અને સ્થાન ભિન્ન ભિન્ન બનાવ્યાં છે. અને ભિન્ન ભિન્ન ક્રિયા વિષે તેમને સ્થિત કર્યા છે. વળી આકાશ વિષે સૌની ગતિ ન્યારી ન્યારી છે તેથી જેમનો એવો તીક્ષ્ણ વેગ છે, કે જે એક માસમાં સંપૂર્ણ આકાશની પ્રદક્ષિણા કરી લે છે.

વળી એક વર્ષ પર્યંત, બાર વર્ષ પર્યંત, અને એકત્રીશ વર્ષ પર્યંત, તેમજ એક એથી પણ અધિક કાળ પર્યંત આકાશની ચારે તરફ ફરી આવે છે. તેમાં એ વિદ્યાની આશ્ચર્યતાનો પણ કંઇ પારાવાર પામી શકાતો નથી. એટલા માટે કે યદ્યપિ તું આ ધરતીનાંજ કૌતુકોને જોઇને આશ્ચર્યવાન્ થાય છે. તેથી તું બીજું સાંભળ શ્રીકૃષ્ણ મહારાજે આકાશ વિષે એથી પણ અનંત ગુણ અધિક કૌતુક રચ્યાં છે. શાથી કે જ્યારે એક સૂર્યનોજ આકાર અને તેના પ્રકાશની મર્યાદાનો વિચાર કરીએ ત્યારે તેના વિષે અમારી બુદ્ધિ થાકી જાય છે. વળી જ્યારે એ બધી વાતનો વિચાર કરીએ કે આ સૂર્ય એક ક્ષણ વિષે કેટલા લાખ યોજનોને ઉલ્લંઘી જાય છે. ત્યારે એ જાણવાનું પણ બુદ્ધિ વિષે સમાઇ શકતું નથી. તેથી એટલુંજ જાણવું જઇએ કે જ્યારે એ સૂર્યના ચાલવાને અને મર્યાદાને સમજવાનું કઠણ છે, ત્યારે આકાશના વિસ્તારને શી રીતે સમજાવાય? અને શી રીતે વર્ણન કરીએ. જો કે આ આકાશ એવું અપાર છે, તો પણ શ્રીકૃષ્ણ મહારાજે પોતાની શક્તિએ કરીને તારાં નેત્રો વિષે અલ્પરૂપ દેખાડયું છે. તાત્પર્ય એ કે એ પ્રકારે રચનાનો વિચાર કરીને શ્રી· રામ કૃષ્ણજીની મોટાઈ અને પૂર્ણ ઐશ્વર્યને ઓળખે. શ્રીકૃષ્ણ મહારાજની શક્તિ એવી અપાર છે કે જેટલી કંઇ વિદ્યા અમને શ્રીકૃષ્ણ મહારાજે કૃપા કરી આપી છે તેમાં જ્યારે તે પ્રમાણે હમેશ કથન કરીએ તો ઘણો કાળ વીતી જાય અને પૂર્ણ ન થાય. અને અમારી બુદ્ધિ વિદ્યાવાનો, અને ઋષિઓની પાસે કંઇ વસ્તુજ નથી. તેમજ વેત્તાઓ અને મહા પુરૂષોનું જ્ઞાન બ્રહ્માદિ-

કોની પાસે તુચ્છરૂપ છે. વળી વિદ્યાવાનો, સર્વ દેવતાઓ, ઋષિ, મહા પુરૂષો, અને બ્રહ્મા વિષ્નુ આદિ ઇશ્વરો અને સર્વ સૃષ્ટિનું જેટલું જ્ઞાન છે તે શ્રીરાધાકૃષ્ણ તથા સીતારામજીના જ્ઞાનની નિકટ નિસ્સન્દેહ અજ્ઞાનતાના સમાન છે. તેથી તે મહારાજજ ધન્ય છે કે જેમણે સર્વ જીવોને એટલા જ્ઞાનની કૃપા કરી છે. અને પછી સર્વના મસ્તકપર અજાણપણાનો દાગ લગાવ્યો છે. પણ આજે યથાબુદ્ધિ સક્ષેપે કરીને મેં વિચારનું વર્ણન કર્યું છે, તેનું પ્રયોજન એ છે કે તું પોતાની અચેતતાને પ્રસિદ્ધ ઓળખે. એટલા માટે કે જ્યારે તું કોઇ રાજાના ઘરની સુંદરતાને દેખે છે. ત્યારે આશ્ચર્યવાન્ થઇને ચીરકાળ પર્યંત તેની સ્તુતિ કરતો રહે છે પણ સર્વદા શ્રીકૃષ્ણ મહારાજના ઘર વિષેજ તારો નિવાસ છે. અને તેને જોઇને તને કદાચિત્ આશ્ચર્ય આવતું નથી. કે આ બ્રહ્માંડરૂપી ઘર કેવું અનુપમ અને વિશાળ છે. કે જેમાં ધરતીરૂપી બિછાનું બિછાવ્યું છે. વળી આ મન્દિરની છત આકાશ છે કે જેને સ્તંભો વિના બનાવ્યું છે. અને ખજાનાનાં સ્થાન પહાડ છે. અને રત્નોના ડબા સમુદ્ર અને નદી છે, અને ચર અચર જીવ આ ઘરની સામગ્રી છે. ચંદ્ર, સૂર્ય અને તારામંડળ પ્રકાશ કરનારા દીપક છે. પણ તું એવા ઘરની આશ્ચર્યતાથી એટલા માટે અચેત છે કે આ ઘર મોટું છે અને તારાં નેત્ર મહા મંદ છે. તેથી તારી દષ્ટિ વિષે એની મોટાઇ અને સુંદરતા સમાઇ શકતી નથી. તો તેનું દષ્ટાંત એ છે કે જેમ રાજાના ઘર વિષે કોઇ કીડા મંકોડાનું ઘર હોય ત્યારે તેને પોતાના દર વિના બીજું કંઇ સુઝતું નથી. તેથી રાજ મહેલની સુંદરતા અને રાજાની મોટાઇને તે કીડી કંઇ જાણતી નથી. તેમજ જ્યારે તું પણ મંકોડા કે કીડીની અવસ્થાને પ્રાપ્ત થવાને ઇચ્છે છે, ત્યારે આ પ્રકારે શરીરના ખાનપાનની ચિન્તા વિષે મગ્ન રહો. અને જ્યારે તું પોતાને મનુષ્ય જાણે છે, ત્યારે વિચારને અંગીકાર કરીને જ્ઞાનરૂપી બાગની શેર કર. અને બુદ્ધિરૂપી નેત્રોને ઉઘાડી મહારાજની વિચિત્ર રચનાને ઓળખે ત્યારે શ્રીરામ કૃષ્ણજીના સ્વરૂપની આશ્ચર્યતા વિષે મગ્ન અને વિસ્મિત થઇ જાય.

સર્ગ આઠમો.

ભરોસો અને એકતાનું નિરૂપણ.

ભરોસો સર્વ ગુણોથી વિશેષ છે, અને શ્રીરામ કૃષ્ણજીના નિકટ વર્તિયોની અવસ્થા છે પણ ભરોસાની વિદ્યાને ઓળખવી મહા કઠિન છે, અને સૂક્ષ્મ છે. તેને સમજવાની કઠણાઇનું કારણ એ છે કે જ્યારે પુરૂષ કોઇ માણસ અથવા દેવતા અથવા બીજા કોઇ જીવ જંતુને શ્રીરામ કૃષ્ણ વિના કર્મોના કર્ત્તા દેખે, ત્યારે જાણીયે કે શ્રીકૃષ્ણજીની એકતાને તેણે ભલી પ્રકારે જાણી નથી. પણ જ્યારે એરોજ નિશ્ચય કરે કે સૌ કંઇ કરનાર અને કરાવનાર એક શ્રીકૃષ્ણ મહારાજ છે, ત્યારે ધર્મશાસ્ત્રો વિષે પુણ્ય પાપનું જે વર્ણન કર્યું છે, તે એવું જાણવાથી તે વચન વ્યર્થ થાય છે. વળી જ્યારે સર્વ પદાર્થોના ગુણ અને અવગુણનાં કારણો ન દેખે ત્યારે પદાર્થોને ઓળખનારી બુદ્ધિ અને સમજ બધું મિથ્યા થાય છે. અને જ્યારે શ્રી રામ કૃષ્ણ વિના બીજા કોઇ પદાર્થના ગુણ અવગુણપર ભરોસો કરે ત્યારે નિઃસંદેહ એકતા ખંડિત થાય છે તેથી જ્યારે બુદ્ધિ અને શાસ્ત્ર અને એકતા સહિત ભરોસાને ભલી પ્રકારે સમજીએ કે જેથી કોઇની ખંડિતતા ન થાય ત્યારે એ પ્રમાણે ભરોસાનું સમજવું મહા ઉત્તમ છે, તે ગુઢથી ગુઢ છે. એ કારણથી સૌ કોઇ એ વિદ્યાને જાણી શકતું નથી તેથી હું પ્રથમ ભરોસાની વિશેષતાનું વર્ણન કરીશ. વળી તેનું સ્વરૂપ કહીશ અને તેથી ઉપરાંત ભરોસાની અવસ્થા અને કૃતિનું વર્ણન કરીશ.

(શ્રદ્ધા) વિશ્વાસ ભરોસાની સ્તુતિનું વર્ણન,

શ્રી કૃષ્ણ મહારાજે સર્વ જીવોને ભરોસોજ કરવાનું કહ્યું છે અને ધર્મનું મૂળ ભરોસોજ વર્ણન કર્યો છે. અને એમ પણ કહ્યું છે કે ભરોસાવાળોજ મારો પ્રીતમ છે.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે "મેં ધ્યાન વિષે કેટલાએ હજાર પુરૂષ એ પ્રકારે જોયા કે જે કષ્ટ અને સાધન વિના સુખથી મુક્ત પદને પામ્યા ત્યારે મેં પૂછયું કે એ પુરૂષ કોણ છે? ત્યારે આકાશ વાણી થઇ કે "જેણે મંત્ર યંત્ર પર પ્રતીતિ કરી નથી અને સર્વથા શ્રી રામ કૃષ્ણપર ભરોસો રાખ્યો છે, તે પુરૂષ એજ છે" વળી એમ પણ કહ્યું છે કે જે રીતે શ્રી કૃષ્ણ મહારાજપર ભરોસો કરવા યોગ્ય છે, તેમાં જ્યારે તમે એવીજ પ્રતીતિ રાખો ત્યારે યત્ન વિનાજ તમારી જીવિકા તમને પહોંચી જાય જેમ પક્ષી નિત્ય ઉઠીને ભૂખ્યાં દોડે છે, અને રાત્રે તૃપ્ત થઇને શયન કરે છે. અને એમ પણ કહ્યું છે કે જે પુરૂષ પોતાના ચિત્ત વિષે એક શ્રી રામ કૃષ્ણનોજ ટેક રાખે છે, તેની સર્વ સમ્પદા શ્રી રામ કૃષ્ણજ હોય છે. અને અચિંત્યજ શ્રી કૃષ્ણ મહારાજ એને આશા અને તૃષ્ણાથી રહિત જીવિકા પહોચાડે છે.

વળી જે પુરૂષ સંસારના પદાર્થનો ટેક રાખે છે ત્યારે મહારાજ તેને પદાર્થના આશ્રયમાંજ છોડી દેછે. એ ઉપર એક વાર્તા છે કે એક શ્રદ્ધાવાન્ સંતને જ્યારે અગ્નિના કુંડ વિષે પેટીમાં નાંખીને નાંખવા લાગ્યા, ત્યારે તે સંત કહેવા લાગ્યા કે શ્રી રામ કૃષ્ણજીની સહાયતા પરમ સુખદાયક છે, તેથી મને એમની આશા છે તે હજુ પણ અગ્નિ કુંડ વિષે પ્રાપ્ત થયો નહોતો ત્યારે માર્ગમાં એક દેવતાએ આવીને એવું કહ્યું કે "તમે કંઈ ઇચ્છો છો? ત્યારે તેણે કહ્યું કે હું તારી પાસેથી તો કંઇ ઇચ્છતો નથી તાત્પર્ય એ કે તે સંતે શ્રી રામ કૃષ્ણજીનેજ સહાયક કહ્યા હતા તો એ વચનના નિર્વાહે કરીને સ્તુતિ યોગ્ય થયો.

વળી એક સંતને આકાશવાણી થઇ હતી કે "હે સાધો જે પુરૂષ એક ચિત્ત થઇને મારોજ ભરોસો કરે, ત્યારે જો કે પૃથ્વી અને આકાશના સર્વ જીવ એની સાથે વિરૂદ્ધતા કરે, તોપણ હું તેને કંઇ ખેદ પહોંચવા દેતો નથી."

એ ઉપર એક અનુરાગીએ કહ્યું છે કે "એકવાર વીંછીએ મારા હાથમાં ડંખ માર્યો ત્યારે મારી માએ શ્રી રામદુહાઇ દેઇને મને કહ્યું કે તું હાથને આગળ રાખ, જે તેના ઉપર મંત્ર ભણીએ ત્યારે મેં બીજા હાથને આગળ ધર્યો અને તેના ઉપર મંત્રી મંત્ર ભણ્યો. એટલા માટે કે મેં આચાર્ય મહા પુરૂષનાં વચન સાંભળ્યાં હતાં કે ભરોસાવાન્ પુરૂષ યંત્ર તંત્ર અને મંત્રોપર પ્રતીતિ રાખતા નથી.

એક સન્ત વૈરાગ્યવાને કહ્યું છે કે મેં એક તપસ્વીને પૂછ્યું હતું કે "તું ખોરાક ક્યાંથી ખાય છે? ત્યારે તપસ્વી કહેવા લાગ્યો કે હું એ વાતને જાણતો નથી. માટે તું જીવિકા દેનારા ભગવન્તને પૂછ કે તે મને જીવિકા ક્યાંથી દછે?

એક ભજનવાનને કોઇએ પૂછ્યું હતું કે તું બધો દિવસ તો ભજન વિષે વ્યતિત કરે છે, ત્યારે તારી ઉદર પૂર્ત્તિ શી રીતે થાય છે? ત્યારે તેણે મુખ અને દાંતોની તરફ સાન કરીને કહ્યું કે જેણે દાંતની ચાકી બનાવી છે, તેજ અનાજ લાવે છે.

એક પ્રીતિમાને એક સંતને પૂછ્યું હતું કે હું કયા નગર વિષે જઇને રહું. ત્યારે તેણે કહ્યું કે તું અમુક નગર વિષે જઇ રહે પછી તે પ્રીતિમાને પૂછ્યું કે ત્યાં મારી જીવિકા શી રીતે થશે. ત્યારે સંતે કહ્યું કે જીવોના હૃદયપર પ્રતીતિની હીનતા અને સંસાર અધિક પ્રબળ થઈ રહ્યો છે. તેથી ઉપદેશનો અંગીકાર કરતા નથી.

ભરોસાનો નીભાવ એકતા ઉપર દ્રઢ થાય છે માટે એકતાના સ્વરૂપનું વર્ણન.

ભરોસો એ આ મનુષ્યના હૃદયની ઉત્તમ અવસ્થા છે અને ઉત્તમ ધર્મનું ફળ છે.

યદ્યપિ ધર્મનું દ્વાર અનંત છે, પણ ભરોસો સૌથી વિશેષ છે, તે ભરોસો ત્યારેજ દ્રઢ થાય છે, કે જ્યારે આ મનુષ્યના હૃદય વિષે બે પ્રકારની પ્રતીતિ દ્રઢ થાય.

(૧) એક તો શ્રી રામ કૃષ્ણજીની એકતાને ભલી પ્રકારે સમજવી અને તેના ઉપર પ્રતીતિ કરવી.

(૨) શ્રી કૃષ્ણ મહારાજને પરમ કૃપાળ દયાળુ અને ઉદાર જાણવા.

એકતાનાં વખાણ કરવાં એજ અમિત છે અને એકતાની વિદ્યા પણ બીજી સર્વ વિદ્યાઓનો અન્ત છે. પણ જેટલી કંઈ એકતા ભરોસાની દ્રઢતાને નિમિત્ત જોઇએ છીએ તેટલાંજ કાંઇક વખાણ કરૂં છું.

એકતા ચાર પ્રકારની છે (૧) એક ફળરૂપ છે (૨) બીજી ફળનો રસ છે (૩) ત્રીજી ત્વચારૂપ છે (૪) ચોથી ત્વચાની પણ ત્વચા છે તેથી પ્રસિદ્ધ થયું કે બે પ્રકારની એકતા ફળરૂપ છે અને બે પ્રકારની એકતા ત્વચાવત્ છે જેમ પીસ્તાં અને બદામની બે ત્વચા છે અને ફળ બે થાય છે તેમાં (૧) ફળ ગિરીનું નામ છે અને બીજું જે ગિરીનો રસ નીકળે છે, તે ફળનું પણ ફળ અને સારરૂપ છે. તેથી કરીને (૧) પ્રથમ એકતા એ છે કે મુખથી એક શ્રી સીતારામ તથા રાધા કૃષ્ણનેજ મૂળ, સમર્થ અને કર્તા કહેવા અને હૃદય વિષે પ્રતીતિ કંઇ રાખવી નહિ તેથી તે એકતા પાખંડીયોની છે.

(૨) વળી બીજી એકતા એ છે કે દેખા દેખીએ કરીને હૃદય વિષે

કંઈ પ્રતીતિ કરવી, અથવા પંડિતોની પેઠે વિદ્યાની યુક્તિયોએ કરીને હૃદય - વિષે પ્રતીતિ રાખવી.

(૩) ત્રીજી એકતા એ છે કે હૃદયનાં નેત્રોની સાથે પ્રત્યક્ષ દેખે જે સૌનું મૂળ એક શ્રી રામ કૃષ્ણજ છે. અને યથાર્થની દષ્ટીએ કરીને સમર્થ અને કર્તા તેજ છે, અને બધા પરાધીન અને તેના પ્રેરેલા ચાલે છે. તેમાં જ્યારે એવા જ્ઞાનનો પ્રકાશ આ મનુષ્યના હૃદય વિષે ઉપજે છે, ત્યારે આ વાર્તા પ્રસિદ્ધ દષ્ટ આવે છે પણ આ અવસ્થા પંડિતો અને સંસારી જીવોના જેવી નથી હોતી શાથી કે તે પ્રતીતિ વચનોની યુક્તિ અને દેખા દેખીએ કરીને થાય છે.

(૩) ત્રીજી એકતા કેવળ હૃદયનો પ્રકાશ છે અને જ્યોતીનું દર્શન છે તે યથાર્થ દર્શન અને વચનોની પ્રતીતિ વિષે મોટો ભેદ છે જેમ કોઇ પુરૂષ આ પ્રમાણે પ્રતીતિ કરે કે અમુક પુરૂષ પોતાના ઘર વિષે નિઃસંદેહ છે એ- ટલા માટે કે મેં અમુક પુરૂષથી સાંભળ્યું છે એ સંસારી જીવોની પ્રતીતિના જેવું છે. જે માતા પિતાથી સાંભળીને શ્રી રામ કૃષ્ણજીને એક માને છે. વળી વિદ્યાવાનોની પ્રતીતિ એવી છે કે જેમ કોઈ પુરૂષ કોઇ પુરૂષના દ્વારપર ઘોડા અને ચાકરને પ્રત્યક્ષ દેખે ત્યારે આ યુક્તિએ કરીને પ્રતીતિ કરે કે તે પુરૂષ પણ નિઃસંદેહ ઘરમાં હશે. અને ત્રીજી વિચારવાનોની એકતા આ પ્ર- માણે છે કે જેમ કોઈ પુરૂષ ઘરવાળા માણસને પ્રકટ જઇને દેખે. તેથી એ ત્રણ પ્રકારની પ્રતીતિ વિષે મોટોજ ભેદ છે. યદ્યપિ આ ત્રીજી એકતા મહા ઉત્તમ અવસ્થા છે. તોપણ નાના પ્રકારે દષ્ટિ વિષે દૂર થતી નથી. એટલા માટે કે પ્રેરકને ભિન્ન જાણે છે. અને સૃષ્ટિને ભિન્ન જાણે છે. તેથી એ પણ પ્રકાર દ્વૈતરૂપ છે (૪) ચોથી એકતા એ છે કે સૌને એકજ દેખે અને કંઇ ભિ- ન્નતા ન રાખે, તો એ એકતા વિષે દ્વૈતનો કંઇ અંશ રહેલો નથી. તેથી સં- તજનોએ એ અવસ્થાને નિરહંકાર પદ કહ્યું છે. એ ઉપર એક વાર્તા છે કેઃ—

એક જ્ઞાનવાન્ પુરૂષે એક ભરોસાવાનને વન વિષે ફરતાં જોયા, ત્યારે

તેમને પૂછવા લાગ્યા કે તું શું સર્વયા વનનું અટન કરે છે? ત્યારે તે ભરોસાવાને કહ્યું કે હું નિરાશ વૃત્તિની સાથે અટન કરીને ભરોસાને દૃઢ કરવા ઇચ્છું છું, પછી જ્ઞાનવાને કહ્યું કે જ્યારે તારી બધી ઉંમર ઉદર પૂર્ત્તિ વિષે વ્યતીત થઇ ત્યારે નિરહંકાર પદ વિષે ક્યારે સ્થિત થઇશ. તેથી પ્રસિદ્ધ થયું કે એકતાના ચાર પ્રકાર છે, તેમાં એક પાખંડીયોની એકતા, બદામની હરિત ત્વચાવત્ છે તે કંઇ કામમાં આવતી નથી. તેથી તેમાં એટલું પ્રયોજન છે કે બીજી ત્વચાને પરિપક્વ થવાને નિમિત્તે સબ્જત્વચા પણ જોઇએ છીએ તેમજ પાખંડીયોની એકતાથી પણ બીજો કંઇ ગુણ ઉપજતો નથી પણ એમાં એટલુંજ કાર્ય છે કે ધર્મ શાસ્ત્રવાળા તેને મારી નાંખતા નથી.

વળી બીજી જે બદામની ત્વચા થાય છે તે સર્વદા ગિરીની ઉપર રહે છે, તેથી ગિરી વિષે કટુતા પ્રવેશ કરતી નથી. તેમાં યદ્યપિ એ બીજી ત્વચાનો ગુણ પ્રકટ છે, તોપણ ગિરીના સ્વાદની સાથે કંઇ નિકટતા રાખતી નથી. તેમજ વિદ્યાવાનોની એકતા અને કર્મ કાંડિયોની પ્રતીતિ યદ્યપિ નરકોની અગ્નિથી બચાવે છે, તોપણ વિચારવાનોના આનંદથી રહિત છે, વળી યદ્યપિ એક ત્રીજી એકતા બદામોની ગિરીવત્ અધિક સ્વાદુ છે તોપણ જ્યારે તેનો રસ કાઢી લેઇએ ત્યારે ગિરી પણ ફોકટ રહી જાય છે. તેમજ ત્રીજી એકતા પણ દ્વૈત દૃષ્ટિથી રહિત હોતી નથી તેથી ચોથીજ એકતા પૂર્ણપદ છે એથી કરીને કે ચોથાપદ વાળો સૌને એકજ દેખે છે અને એકજ માને છે. વળી પોતે પણ એ એકતા વિષે લીન થઇ જાય છે અને જ્યારે તું આ પ્રમાણે પ્રશ્ન કરે કે આ વાર્તા મારી સમજમાં આવતી નથી તેથી મને ખુલ્લી કરીને કહીએ કે ધરતી આકાશાદિક જેટલી કંઇ સૃષ્ટિ છે, તે બધી ભિન્ન ભિન્ન રૂપ છે, તેથી સૌને એકરૂપ શી રીતે સમજીએ તો તેનો ઉત્તર એ છે કે પાખંડિયો અને વિદ્યાવાનોની એકતા તો પ્રકટજ યુક્તિએ કરીને સમજી શકીએ છીએ પણ ત્રીજી અને ચોથી એકતાને સમજવી કઠણ છે. તેમાં ચોથી એકતા ભરોસા સાથે કંઇ સંબંધ રાખતી નથી. તેથી હું ત્રીજી એકતાને જ ખુલાસેથી કહીશ. એટલા માટે કે જેને ચોથી એકતાનું જ્ઞાન પ્રાપ્ત થયું

ન હોય તેને વખાણે કરીને સંભળાવવું પણ કંઇ લાભદાયક નથી થતું પણ હવે આ ઠેકાણા વિષે જે વચન આવી પહોંચ્યું છે તેથી હું સંક્ષેપે કરીને ચોથી એકતાનાં પણ કંઇક વખાણ કરૂં છું કે યદ્યપિ ઘણા પદાર્થ ભિન્ન ભિન્ન રૂપ અને ભિન્ન ભિન્ન ક્રિયા સંયુક્ત થાય છે, પણ વિચારવાન્ પરસ્પર તેનો સંબંધ જોઇને એકજ સ્વરૂપ જાણે છે જેમ મનુષ્યના શરીર વિષે ત્વચા, માસ, અસ્થિ, હાથ, પગ આદિક બીજાં પણ અનેક અંગ હોય છે. પણ વિચારની દૃષ્ટિએ કરીને તેને મનુષ્ય એકજ કહે છે. તેથી મનુષ્યને જોનારા પુરૂષ એવુંજ કહે છે કે મેં અમુક પુરૂષ જોયો છે, પણ તેના અંગોને સ્મરણમાં પણ લાવતો નથી તેમજ પૂર્ણ જ્ઞાનની અવસ્થા પણ એજ પ્રમાણે છે કે જ્ઞાની પુરૂષ યથાર્થની દૃષ્ટિ વિષે સર્વ પદાર્થોને એક રૂપજ દેખે છે. એટલા માટે કે ધરતી, આકાશ અને નક્ષત્ર આદિ જેટલી કંઇ સૃષ્ટિ છે, તે એકજ શરીરની પેઠે છે અને શરીરનાં અંગોની પેઠે સર્વ પદાર્થ પરસ્પર સંબંધ રાખે છે. પણ એ સર્વ પદાર્થોની એકતા પણ એક ભાવે કરીને સમજવી યોગ્ય છે, અને સર્વ પ્રકારે એકતા થઇ શકતી નથી જેમ શરીરનાં સર્વ કર્મો વિષે એક જીવનીજ સત્તા વર્તમાન છે પણ શરીરને સર્વ જીવોની સાથે એકતા કહેવાતી નથી તેમાં આ ભેદને મંદબુદ્ધિ મનુષ્ય સમજી શકતાં નથી. જેમ ભગવતે પણ કહ્યું છે કે "મનુષ્યને પોતાના શરીરની પેઠે બનાવ્યું છે એ કારણથી હું એ વચનને ગુહ્યજ રાખવાને ઇચ્છું છું. કે એવાં વચનો વિષે અલ્પ બુદ્ધિ જીવોનું મન ઉલટું ભ્રામિક થઈ જાય છે તેથી ત્રીજી એકતા જે ભરોસાની દૃઢાવનારી છે તેનું સમજવાનું આ પ્રમાણે છે કે સૂર્ય, ચન્દ્રમા, તારા, પવન, વાદળ, આદિક જેટલા પદાર્થ છે તે સૌ એક પુરૂષને આધિન છે, જેમ લખનારાના હાથમાં કલમ પરાધીન છે કે પોતાની મેળે હાલવાને યોગ્ય કંઈ નથી. તેથી જેમ કલમનું હાલવું ચાલવું પોતાની મેળે જાણવું અયોગ્ય છે તેમજ કોઇ પદાર્થ અથવા કોઇ મનુષ્યની કૃતિ પણ પોતાની મેળે જાણવાનું અયોગ્ય છે એટલા માટે કે મનુષ્ય તો પોતે પોતાની મેળે મહા આધીન અને પ્રેરેલો વર્તે છે જેમ મેં પાછળ પણ કંઇક

વર્ણન કર્યું છે કે જીવિકા કર્મ બળને આશરે છે, અને બળ ઇચ્છાને આધીન છે. વળી ઇચ્છાનું ઉપજવું અને નહિ ઉપજવું જીવને સ્વાધીન નથી તેથી પ્રસિદ્ધ થયું કે આ મનુષ્ય કેવળ પરાધીન છે, પણ તું એ વાર્તાને ત્યારે સમજીશ કે જ્યારે મનુષ્યની બધી કૃતિને ભિન્ન ભિન્ન કરીને કહીએ તે બધાં કર્મ ત્રણ પ્રકારનાં પ્રકટ છે (૧) પ્રથમ તો સ્વભાવનાં કર્મ છે. જેમ નદી જે મનુષ્યને ડુબાવી લે છે, તો તે તેનું સ્વાભાવિક કર્મ કહેવાય છે તેમજ મનુષ્યનો પણ એ આદિ સ્વભાવ છે, કે જ્યારે જળ વિષે ચરણ રાખે ત્યારે નીચેજ ચાલ્યો જાય છે વળી બીજું કર્મ અવશ્યજ કહેવાય છે, જેમ શ્વાસોનું નીકળવું તે શ્વાસ પણ જો કે શ્રદ્ધા સંયુક્ત નીકળે છે તોપણ પોતાના બળે કરીને રોકી શકાતો નથી.

ત્રીજાં કર્મ ઇચ્છાચારી છે જેમ બોલવું, ચાલવું અર્થ એ કે જ્યારે ધારે ત્યારે બોલવું ચાલવું ન થાય.

પણ સ્વાભાવિક કર્મ તો પ્રકટજ પરાધીન સમજવામાં આવે છે કે મનુષ્યનું ડુબવું અને નદીનું ડુબાવવું એ બેઉ ઇચ્છાવડે હોતાં નથી. વળી જ્યારે ભલી પ્રકારે વિચાર કરી જોઇએ ત્યારે આવશ્યક કર્મ પણ પરાધીન છે એટલા માટે કે શ્વાસોના નિકળવા વિષે આ જીવની એવી દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરી છે કે તે કોઈ પ્રકારે રોકાઈ શકતા નથી. જેમ કોઇ માણસની આંખો તરફ સોય સામી ધરીને કોઈ ડરાવે, ત્યારે યદ્યપિ એવું ઇચ્છે કે મારાં નેત્ર ઉઘાડાં રહે તોપણ અવશ્યજ મીચાઇ જાય છે એટલા માટે કે ભગવતે નેત્રો વિષે એવીજ દૃઢ શ્રદ્ધા રાખી છે તેથી એ બેઉ પ્રકારનાં કર્મો વિષે આ મનુષ્યની પરાધીનતા પ્રકટ થઇ વળી ત્રીજા જે ઇચ્છાચારી કર્મ છે, જેમ બોલવું અને ચાલવું એ વિષે પરાધીનતા સમજવી અતિ કઠિણ છે એટલા માટે કે જ્યારે ઇચ્છે ત્યારે બોલે ચાલે છે તેથી તેને પરાધીન કેમ કહીએ તો તેનો ઉત્તર એ છે કે ઇચ્છા ત્યારેજ ઉત્પન્ન થાય છે, કે જ્યારે પ્રથમ બુદ્ધિ આજ્ઞા કરે અને જે કર્મ વિષે અધિક ભલાઇ દેખાડે ત્યારે શીઘ્રજ તેમાં

ઇચ્છા ઉપજે છે. પછી ઇંદ્રિયો હાલવા લાગે છે. જેમ સોયને જોઇને નેત્ર તરત બંધ થાય છે. તે નેત્રોનું બંધ થવું બુદ્ધિ વિષે સર્વદા ભલું ભાસે છે તેથી આ વાર્તા અધિક નિશ્ચય થઇ રહી છે. એ કારણથી આ કર્મનું નામ "આવશ્યક" કહ્યું છે કે એ વાત વિષે વિચારવાની અપેક્ષા કંઇ હોતી નથી. જેમ કોઈ પુરૂષ કોઇને લાકડી લઇને મારવા માંડે ત્યારે તરતજ તે નાસવાને ઇચ્છે છે. પણ જ્યારે તેને તે પુરૂષ છાપરા ઉપર મારતો હોય ત્યારે લાકડીના ભયે કરીને છાપરાપરથી ભૂસકો મારતો નથી, પણ જ્યારે મંદીરની ઉંચાઇ થોડી હોય ત્યારે તરતજ નીચે કૂદી પડે છે. તાત્પર્ય એ કે જ્યારે લાકડીનું દુઃખ અધિક દેખે છે, ત્યારે નીચે કુદી પડે છે અને જ્યારે કુદવાની ચોટનું દુઃખ અધિક દેખે છે ત્યારે તેના પગ ઉપરજ બંધ થઇ રહે છે તેથી પ્રસિદ્ધ થયું કે ઇંદ્રિયો શ્રદ્ધાને આધીન છે અને શ્રદ્ધા બુદ્ધિની આજ્ઞાને વશ છે એ કારણથી જ્યારે બુદ્ધિએ કરીને કોઇ કર્મ વિષે ભલાઇ દેખે છે, ત્યારે તરતજ તે કર્મની શ્રદ્ધા ઉપજી આવે છે અન્યથા ઉપજતી નથી. જેમ ઘણાં મનુષ્ય પોતાની પાસે સર્વ શાસ્ત્ર રાખે છે, તોપણ પોતે પોતાને કોઇ મારી શકતું નથી. તેથી તું જાણે કે યદ્યપિ શ્રદ્ધા બુદ્ધિને આધીન છે પણ જ્યારે ભલી પ્રકારે જોઇએ, ત્યારે બુદ્ધિ પણ પરાધીન છે એટલા માટે કે બુદ્ધિરૂપી દર્પણ છે. અને તેમાં ભલાઇ ભુંડાઇ સ્વાભાવિજ ભાસી આવે છે એ કારણથી પોતાનું મોત ભલું ભાસતું નથી પણ જ્યારે એવીજ પીડાએ કરીને દુઃખી હોય ત્યારે મરવું પણ સુગમ જણાય છે તેથી તે કર્મને ઇચ્છાચારી કહે છે. તેમાં એવી કૃતિજ બુદ્ધિની આજ્ઞાને આધીન હોય છે પણ જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિએ કરીને જોઇએ ત્યારે બુદ્ધિની ઓળખાણ, શ્વાસોનું નીકળવું, નદીમાં ડુબવું આદિ જે ત્રણ કર્મ છે, તે બધાં સ્વભાવનાં કર્મ છે. સ્વભાવનો અર્થ એ છે કે સ્વતઃ પ્રકૃતિએ કરીને સિદ્ધ થાય છે. તેથી નદી વિષે ડુબવાનું પણ મનુષ્યની સ્વતઃ પ્રકૃતિ છે. અને શ્વાસોનું કાઢવું પણ એનો સ્વતઃ સ્વભાવ છે તેમજ બુદ્ધિરૂપી દર્પણ વિષે પણ ભલાઇ ભૂંડાઇનું ભાસવું એ બુદ્ધિની સ્વતઃ પ્રકૃતિ છે, એ પ્રમાણે સર્વ પદાર્થનો સં-

બંધ પરસ્પર મળેલો છે. જેમ સાંકળ વિષે કડીયો હોય છે. એ પદાર્થ પણ અગણિત છે. તેથી બધાની વાત કહી શકાતી નથી. પણ મનુષ્ય વિષે બુદ્ધિનું જે બળ રાખ્યું છે, તે પણ સાંકળની પેઠે એક કડી વત છે. એ કારણથી આ મનુષ્ય બુદ્ધિ અને બળના સ્થાન વિષે પોતાને કર્તા જાણે છે. તો પણ એ મોટી મૂર્ખતા છે. શાથી કે મનુષ્યનો અને બુદ્ધિ બળનો એટલોજ સંબંધ છે કે શ્રીરામ કૃષ્ણજીએ આ મનુષ્યને બુદ્ધિ બળનું સ્થાન બનાવ્યું છે જેમ વૃક્ષને હાલવાનું સ્થાન બનાવ્યું છે. પણ વૃક્ષનું જે હાલવું છે, તે બુદ્ધિ, બળ કે શ્રદ્ધાથી થતું નથી. તેથી વૃક્ષને મનુષ્યના જેવાં કરતા નથી. પણ શ્રીકૃષ્ણ મહારાજના બળ વિષે વૃક્ષ અને મનુષ્ય બેઉપરાધીન છે. એટલા માટે કે શ્રીકૃષ્ણ મહારાજનું બળ માણસની પેઠે કદાચિત્ પરાધીન નથી. તેથી પ્રસિદ્ધ થયું કે મનુષ્ય વૃક્ષના જેવું જડ પણ નથી અને શ્રીરામ કૃષ્ણજીની પેઠે સ્વાધીન પણ નથી. તેથી મનુષ્યને બેઉનું મધ્ય કહ્યું છે. તાત્પર્ય એકે યદ્યપિ આ મનુષ્ય કર્મ કર્તા દષ્ટીમાં આવે છે. તોપણ તેની બુદ્ધિ અને શ્રદ્ધા પોતાના આશ્રયમાં નથી.

વળી જ્યારે જીજ્ઞાસુ આ પ્રમાણે પ્રશ્ન કરે કે જ્યારે એના હાથમાં કાંઇ નથી ત્યારે પુણ્ય પાપ કોને નિમિત્તે છે? અને સંતજનોનું આવવું શા નિમિત્તે છે? ધર્મશાસ્ત્ર શા નિમિત્તે છે,? ત્યારે તેનો ઉત્તર આ છે.

એકતા એ શાસ્ત્રોના વચમાં છે, અને શાસ્ત્ર એકતા વિષે છે, તેના વચમાં અલ્પ બુદ્ધિ ઘણા ડુબે છે. અને તે ડુબવામાંથી તેજ બચે છે કે જે પાણીપર ચાલે અને પાણીપર ન ચાલે તો તરવાનું શીખે. અને ઘણા આ પ્રમાણે પણ બચ્યા છે કે જે પોતાને કોઇ આ નદી વિષે ન ફેંકે ત્યારે ડુબતા નથી. અને અલ્પબુદ્ધિ આ ભેદને જાણતા નથી. તેમનાપર એ દયા કરવાની છે કે તેમને કાંઠે રાખવા ત્યારે તેઓ અચાનક ન ડુબે. અને જે એકતાની નદી વિષે ડુબ્યા છે, તેમાં ઘણા એવા છે કે તેઓ તરવાનું જાણતા નથી. અને એવી સમજ પણ નથી જે તરવાનું શીખે, અને પોતાના અભિ-

માને કરીને કોઇને પૂછતા પણ નથી. તેથી ડુબી જાય છે. અને એમ જાણે છે કે અમારા હાથમાં કંઇ નથી સઘળું ઇશ્વર કરે છે જેના નશીબમાં ભૂંડાઇ લખી છે, તે યત્ને કરીને ઉલટાવી શકતા નથી, અને જેના નશીબમાં ભલાઈ લખી છે, તેને યત્ન કરવાની કંઇ અપેક્ષા હોતી નથી. તો આ પ્રકારે સમજવું એ બધી ભૂલ, અજ્ઞાન, વિનાશ, અને માર્ગથી ભૂલવાનું છે. અને તેનું તાત્પર્ય જાણવું તે એવું નથી જે પુસ્તક વિષે વર્ણન કરીએ પણ જે વચન અત્રે આવી પહોચ્યાં ત્યારે આટલું કહેલું પ્રમાણ છે.

તે જે કહ્યું કે પુણ્ય અને પાપ કોને સારૂ છે? તેનું ઉત્તર એ છે કે "પુણ્ય પાપ એટલા માટે નથી કે તેં એક કૃતિ કરી અને કોઇને તારા ઉપર ક્રોધ આવ્યો ત્યારે તે કર્મ અનુસાર તને તેણે દંડ દીધો. અથવા તારાપર પ્રસન્ન થયા, અને પ્રસન્નતાને અનુસાર કૃપા કરી તો એ બેઉ વાતોથી ભગવત્ ન્યારા છે. પણ જેમ વાયુ, પિત્ત, કે કફે કરીને શરીર વિષે રોગ વધે છે તે જ્યારે ઔષધ કરે અને ઔષધનું બળ મળે ત્યારે આરોગ્યતા ઉત્પન્ન થાય. જ્યારે કામ અને ક્રોધે માણસ ઉપર બળ મેળવ્યું અને તેને આધીન તે થયો, તેણે કરીને અગ્નિ ઉત્પન્ન થયો, પછી તે અગ્નિએ હ્રદય વિષે પ્રવેશ કર્યો તેજ વિનાશનું કારણ છે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે "જે ક્રોધને તેં પોતાના ઉપર પ્રબળ કર્યો છે, તે અગ્નિરૂપ છે અને જે પ્રકારે બુદ્ધિના પ્રકાશની પ્રબળતા કામ ક્રોધના અગ્નિને નિવૃત્ત કરી દે છે. તેમજ ધર્મનો પ્રકાશ નરકની અગ્નિને વિવૃત કરે છે. એ પ્રકારે નરકનો અગ્નિ પ્રીતિમાનના ધર્મના પ્રકાશથી પોકાર કરે છે અને જતો રહે છે. જેમ મચ્છર પવનથી નાશી જાય છે. એ પ્રકારે કામ, ક્રોધાદિકનો અગ્નિ બુધ્ધિના પ્રકાશથી નાશી જાય છે.

તાત્પર્ય એ કે સારૂં નરતું તારામાંજ ઉત્પન્ન થાય છે. અને તું તે પ્રમાણે પડયો ભોગવે છે.

એ પ્રકારે ભગવતે પણ કહ્યું છે કે તમારાં કર્મોને અનુસાર સુખ દુઃખ

થાય છે. તેમાં નરકના અગ્નિનાં બીજ કામ અને ક્રોધ છે. તે તારા અંતઃકરણમાં હોય છે. તે જ્યારે તારા પ્રતિ કામ ક્રોધનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તે વાતને પ્રકટ જાણે છે. જેમ તું વિષનો અંગીકાર કરે ત્યારે તને રોગ ઉત્પન્ન થાય છે. તે કોઇના ક્રોધે કરીને તારો વિનાશ થયો નથી. તેમજ પાપકર્મ અને ભોગ બુધ્ધિનો નાશ કરે છે. તે બુધ્ધિનો નાશ તારા ભાગ્યની હીનતાનું કારણ છે. તો એ હૃદયનો અગ્નિ છે, બહારનો સ્થુળ અગ્નિ નથી. જેમ ચુંબક પત્થર લોઢાને ખેંચી લે છે તે કોઇના ક્રોધે કરીને નહિ. તેમજ ભૂંડાઇ ભલાઇની કૃતિને એ પ્રમાણે સમજી લેવી વળી ખુલાસો કરવાથી વિસ્તાર થાય છે. આ ઉત્તર તારા પ્રશ્નનો છે. કે "પાપ પુણ્ય શા માટે છે?"

હવે ધર્મશાસ્ત્ર શા નિમિત્તે છે? અને સંતજનોનું આવવું શા નિમિત્તે છે? તો તેનું ઉત્તર એ છે કે તું જાણ કે એ બધું પણ સમર્થ શ્રીકૃષ્ણ મહારાજની કરૂણાની પ્રબળતા છે જેના જીવોને શુભ માર્ગમાં લગાડીને નરકથી બચાવી રાખે છે, અને સુખ વિષે પ્રવેશ કરાવે છે. એ પ્રકારે ભગવતે પણ કહ્યું છે કે "દંડે કરીને તમારી રક્ષા કરવામાં આવી છે." એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે "પતંગીયાની પેઠે તમે પોતાને અગ્નિમાં નાંખો છો? અને હું તમને પકડી પકડીને રાખું છું. તો એ સાંકળ ભગવત્‌ની છે. તેની એક કડી સંતજનોનાં વચન છે, તો તે વચનો પ્રમાણે તારા વિષે સમજ ઉત્પન્ન થાય છે, તેથી કરીને માર્ગ કુમાર્ગ ઓળખવામાં આવે છે તો તે વચનોના પ્રતાપે કરીને બુધ્ધિનો મોહ ઉતરી જાય છે. ત્યારે તને એ સમજ પ્રાપ્ત થાય છે, કે પરલોકના માર્ગ વિષે ચાલવું આ સંસારનાં કાર્યોથી વિશેષ છે. ત્યારે એથી કરીને તારા હૃદય વિષે પરલોકના માર્ગે ચાલવાની શ્રધ્ધા ઉત્પન્ન થાય છે. તેમાં એ શ્રધ્ધાએ કરીને તું કૃતિ વિષે સાવધાન થાય છે. કેમકે કૃતિ શ્રધ્ધાને આધીન છે. તેમાં તે સાંકળમાં બાંધીને તને નરકથી બચાવીને ઉત્તમ લોક વિષે પ્રવેશ કરાવે છે. તમે પ્રશ્ન કર્યો હતો, કે જેના [illegible] વિષે ભુંડાઇ લખી છે, તેણે પુરૂષાર્થ

કરવો વ્યર્થ છે. એ વચન એક પ્રકારે તો સત્ય છે. અને બીજે પ્રકારે મિથ્યા છે. કેમકે એ વચન આળસુના નકારનું કારણ છે. અને આ ચિન્હ ભાગ્યહીન થવાનું છે. જેના હૃદય વિષે એવી સમજ ઉત્પન્ન થાય છે તે ભલાં કર્મ વિષે ઉદ્યમ કરતો નથી. જેમ જે કોઇ ખેતી વાવતો નથી તે ખેતી લણતો નથી. જે પુરૂષનું મોત ભૂખે મરવાથી લખ્યું છે, તે એમ સમજે છે કે જ્યારે મારા કર્મ વિષે ભૂખે કરીને મરવાનું લખ્યું છે ત્યારે મને ભોજન ખાવાથી શો લાભ મળશે? તેથી ભોજન કરતો નથી તો મૃત્યુ પામે છે. અને જેના ભાગ્યમાં નિર્ધનતાની આજ્ઞા થઇ છે, ત્યારે તેના હૃદય વિષે એમ ઉપજે છે કે ખેતરમાં અનાજ વાવવાથી મને શો લાભ થશે? તેથી બીજ વાવતો નથી. તે એથી કરીને નિર્ધનજ રહે છે. અને જેના લેખ વિષે ધન સંપદા લખી છે, તે વ્યવહાર અને ખેતી અને ભોજન વિષે ઉદ્યમ કરે છે. તેથી જાણવામાં આવે છે કે ભગવતે જે કર્યું છે, તે વ્યર્થ નથી કર્યું. ભગવતે જેવાં જેવાં કાર્ય જે નિમિત્તે ઉત્પન્ન કર્યા છે તે તેના સંબંધથી સિદ્ધ થાય છે. અન્યથા થતાં નથી એ ઉપર શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે "તમે પોતાના હૃદયનો સ્વભાવ અને કૃતિની તરફ દેખો, કે શી રીતે વર્તે છે." એ કૃતિને અનુસાર પોતાની ભલાઇ ભુંડાઇ છેવટની વાંચી લ્યો. તમને વિદ્યા ભણવાની અભિલાષા ઉપજે તો જાણો કે મારાં ભાગ્યોનું લક્ષણ છે. પણ જ્યારે સંપૂર્ણ યત્ને કરીને વિદ્યા ભણે પણ લેખમાં મૂર્ખતા લખી હોય ત્યારે મારા હૃદય વિષે આ પ્રમાણે વિચાર ઉપજે છે કે વિદ્યાએ કરીને મને શો લાભ થશે? તેથી પોતાની મૂર્ખતા અને અજ્ઞાનનું પત્ર વાંચી લેજો. જેવાં આ સંસારનાં કાર્ય છે તેવું પરલોકનું કામ છે જ્યારે એ પ્રમાણે સમજીએ ત્યારે આ ત્રણે સંશય નિવૃત થાય છે. અને એકતા ઠરી રહે છે. એટલે જાણવામાં આવે છે કે બીજ, બુદ્ધિ અને શાસ્ત્ર અને એકતા વિષે કંઇ ભેદ નથી. પણ જ્યારે મારી બુદ્ધિનાં નેત્ર ઉઘડે ત્યારે સમજાય એથી અધિક આ વાતનો ખુલાસો કરવો આ ગ્રંથ વિષે પ્રમાણ નથી.

શ્રદ્ધાનો જે નિયમ છે તે ધર્મનું બીજું લક્ષણ છે તેનુ વર્ણન.

પાછળ જે કહ્યું છે કે ભરોસો એ નિશ્ચયનું ફળ છે, એક એકતા શ્રીકૃષ્ણચંદ્રજીની તેનો નિર્ણય આગળ કહી ગયા. અને બીજો એ નિશ્ચય રાખે કે ઉત્પન્ન કરનારા તે એક કૃષ્ણ મહારાજ છે. અને બધા તેને આશરે છે. અને સૌ ઉપર શ્રીકૃષ્ણ દયાળ અને કૃપાળ અને સઘળું જાણનારા છે. તેમની દયા અને કૃપા કીડી અને મચ્છર પર્યંત સૌ ઉપર છે. તો માણસની શી વાર્તા છે? માતા અને પિતા જેવી દયા પુત્રપર કરે છે તેથી પણ શ્રીરાધાકૃષ્ણની દયા અધિક છે.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે રાધાકૃષ્ણજીની દયા માત. પિતા કરતાં અધિક છે અને એમ પણ જાણો કે આ જગત્ અને આ જગત વિષે જે ઉત્પન્ન થયાં છે તે સૌને શ્રીકૃષ્ણ મહારાજે પોતાના અનુભવે કરીને એવાં સંપૂર્ણ અને સુંદર બનાવ્યાં છે, કે જે બીજી રીતે બનત નહિ. અર્થાત જે જેવું જોઇએ તેવું બનાવ્યું છે.

એમ પણ જાણો કે શ્રીકૃષ્ણ મહારાજે પોતાની દયાએ કરીને કંઈ ગુપ્ત રાખ્યું નથી જેવા ઉત્પન્ન કર્યા છે તેવાજ બનવાના હતા. જે સર્વ બુદ્ધિમાનોની બુદ્ધિ વિચાર કરે કે આ જગત્ વિષે એક વાળ અને મચ્છરની પાંખ આ પ્રમાણે થવાં જોઇએ નહિં, કે જે પ્રમાણે હમણાં છે. અર્થાત્ કંઇ મોટી ઘાટી હોત અથવા સુંદર કે ખરાબ હોત, તો તેઓ એવી કોઇ વસ્તુ નહિ પામશે. કે જાણશે. કેમકે જેવું બનવું જોઇતું હતું તેવુંજ છે. જે વસ્તુ કુરૂપ છે તેની પૂર્ણતા કુરૂપતા વિષેજ છે. જો કુરૂપ નહોત તો ખોટી હોત. વળી રચનાની વિચિત્રતા રહેત નહિ. શાથી કે જો કુરૂપતા ન હોત ત્યારે સુંદરતાની વિશેષતા ન હોત અને સુંદરતાનો સ્વાદ પણ કોઇને ન આવત. અને જો નીચતા ન હોત તો સંપૂર્ણતા નહોત. ત્યારે પોતાની સંપૂર્ણતાનો સ્વાદ આવત નહિ. તેમાં પૂર્ણ અને નીચ એક બીજાની અપેક્ષાએ કરીને જાણવામાં

આવે છે. જેમ પિતા ન હોત તો પુત્ર નહોત. તે એક બીજાના સંયોગે કરીને જાણવામાં આવે છે. જયારે એવું ન હોય ત્યારે બુંડાઈ અને ભલાઇ ન રહે. આ વાર્તા જગતના લોકોથી ગુહ્ય સારી છે. પણ એ વાર્તા પણ જાણો કે જે કંઇ શ્રીકૃષ્ણ મહારાજે કર્યું છે, તેમાંજ ભલાઇ છે જે કાંઇ બનવા લાયક હતું તેવુંજ મહારાજે કર્યું છે. જગત્ વિષે જે કંઇ રોગ, આધીનતા, પાપ અને મનમુખતા નાશ થવું, ઘટવું, દર્દ જે કંઇ મહારાજે કર્યું છે, તે સર્વ વિષે પ્રયોજન હતું. અને મહારાજે જે કર્યું તે પ્રયોજન વિના કર્યું નથી. જેને નિર્ધન ઉત્પન્ન કર્યા તે તેની ભલાઇ તેમાંજ હતી. અને જો તેને ધન પ્રાપ્ત થાત તો તેની હાની થાત. અને જેને ધનવાન્ કર્યા છે, તેમાં તેની ભલાઇ તે વિષેજ હતી. એ પણ એક દરીયો એકતાના દરિયાથી અપાર છે. અને તેમાં ઘણાં ડુબ્યાં છે. આ ભેદનું ખોલવું પણ પ્રમાણ નથી. જો એનો નિર્ણય કરીએ તો ઘણોજ વિસ્તાર થાય છે. પણ તેનું તાત્પર્ય એ છે કે મનુષ્યને એના ઉપર પ્રતીતિ જોઇએ કે ભરોસો એના ઉપર સિદ્ધ થાય છે.

ભરોસાના રૂપનું વર્ણન.

ભરોસાની અવસ્થા હૃદયની છે, ભરોસાનું ફળ બે ધર્મનું છે. (૧) શ્રીરામ કૃષ્ણજીની એકતાપર પ્રતીતિ દૃઢ કરવી. (૨) બીજું તેની દયાનો નિશ્ચય લાવવો. એ બેઉ ઉપર દૃઢ વિશ્વાસ રાખવાનું ફળ ભરોસો છે. અને એ વિશ્વાસ હૃદયની એક ઉત્તમ અવસ્થા છે તેનો ભાવ એ કે જેમ કોઇ પોતાનું કાર્ય કોઇ બુદ્ધિમાનને સોંપી દે છે, ત્યારે તેનાપર પ્રતીતિ રાખે છે. તેમજ શ્રીકૃષ્ણ મહારાજપર પ્રતીતિ એ જોઇએ કે પોતાની જીવિકાપર દૃષ્ટી ન રાખે જયારે કાંઇ પ્રકટ સંબંધ જીવિકાનો ન દેખે ત્યારે હૃદય વિષે શોકવાન્ ન થાય દૃઢ પ્રતીતિ શ્રીરામ કૃષ્ણપર રાખે કે મારી જીવિકા શ્રી વિશ્વંભરનાથજી પહોંચાડશે. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ મનુષ્યે છળ કરીને કોઇ-

નાપર રાજદ્વારમાં જુઠો દાવો કર્યો હોય ત્યારે તેણે કોઇ બુદ્ધિવાન્‌ને પોતાનો વકીલ કર્યો હોય છે કે જે છળવાળાનો દાવો દૂર કરે. પણ તે વકીલમાં જ્યારે ત્રણ લક્ષણ જોવામાં આવે ત્યારે તેનાપર પ્રતીતિ કરે છે. અને નિર્ભય થાય છે. તે ત્રણ લક્ષણ આ છે.

(૧) એક એ દાવાવાળાનો છળ અને તેની સ્થિતિનો જ્ઞાતા હોય. (૨) બળવાન્ હોય અને વાચાળ શક્તિ વિશેષ રાખતો હોય કે જે વાર્તા જાણે તે ભલી પ્રકારે નિડર થઇને કહી શકે. (૩) દયાળ હોય ભલું ઇચ્છનારો હોય. જ્યારે આ ત્રણ લક્ષણ તેનામાં સંપૂર્ણ હોય એમ ખાત્રી થાય ત્યારે તેનાપર દૃઢ પ્રતીતિ કરે છે. અને પોતાનું શાણપણ અને ચતુરાઇ દૂર કરે છે. એ પ્રકારે જેણે જાણ્યું કે શ્રીરાધાકૃષ્ણના આશ્રયથી સર્વ કંઇ છે અને બીજો કોઈ કરતા નથી. વળી જાણપણું અને બળપણ તેમનામાં સંપૂર્ણ જોવામાં આવે છે. અને દયાળ કૃપાળ પણ તેના સમાન કોઈ નથી. ત્યારે હૃદયે કરીને શ્રી સીતારામજીપર દૃઢ પ્રતીતિ કરે છે, ત્યારે પોતાની ચતુરાઇ અને શાણપણ છોડી દે છે અને આ પ્રમાણે જાણે છે કે મારે માટે જેટલું કંઇ શ્રીરામ કૃષ્ણજીએ લખ્યું છે, તે વખત આવે મને પ્રાપ્ત થશે. અને બીજાં પણ જે મારાં કાર્ય છે, તે મહારાજની દયા સાથે પૂર્ણ થશે. યદ્યપિ તે હૃદય વિષે મહારાજપર એ પ્રતીતિ રાખે છે, તોપણ કૃતિ દ્વારા એવું બળ હોતું નથી. કે જે દૃઢ પ્રતીતિએ કરીને અને બળે કરીને શ્રીરામ કૃષ્ણજીને એવા સમર્થ અને દયાળુ જાણીને નિર્ભય થાય. માણસના હૃદયમાં કંઇ સંશય આવી પહોંચે છે તે એના બળની હીનતા છે. જેમ કોઇ મૃતક મનુષ્યને જોઇને તેની સાથે કોઈ એકલો શયન કરતો નથી. યદ્યપિ જાણે છે કે એ જડ છે. તોપણ ભય પામે છે. તેમજ ભરોસાવાનને હૃદયની પ્રતીતિ પણ દૃઢ હોય અને અને કૃતિ વિષે બળ પણ દૃઢ હોય ત્યારે હૃદયની વિક્ષેપતા દૂર થાય, અને હૃદય સુખી થાય જ્યાંસુધી પ્રતીતિ અને સુખ સંપૂર્ણ નહોય ત્યાંસુધી ભરોસાવાન્‌ સંપૂર્ણ થતો નથી. ભરોસાનો અર્થ એ છે કે સર્વ કાર્યો વિષે શ્રીસીતારામજી ઉપર પ્રતીતિ થાય.

એક સંત દ્રઢ ભરોસાવાન્ થયા છે. તેમણે કહ્યું છે કે હે શ્રીકૃષ્ણ મહારાજ મને નિશ્ચય તો છે. પણ હૃદય પણ વિશ્રામ પામે. તેમાં હૃદય વિષે પ્રથમ વિશ્રામ ઇંદ્રીયો અને સંકલ્પોને આધીન થાય છે. પણ જ્યારે દ્રઢ થઇને અંતર સાક્ષાત્કાર થાય છે ત્યારે કોઇ સંશય રહેતો નથી. અને સહેજજ હૃદય વિશ્રામી થાય છે.

ભરોસાના પદનું વર્ણન.

ભરોસો ત્રણ પ્રકારનો છે,

(૧) પ્રથમ એ કે કોઇએ પોતાના દાવાવાળાના અર્થે પોતાનો વકીલ કર્યો તેમાં તે તે વકીલ ઉપર વિશ્વાસ કરે છે અને નિર્ભય રહે છે.

(૨) બીજો ભરોસો એ છે કે તે બાળકની અવસ્થા જેવો છે. કેમકે બાળકને કંઇ પ્રાપ્ત થાય છે તે માતા સિવાય કોઇ બીજાથી જાણતું નથી. જ્યારે તેને ભૂખ લાગે છે ત્યારે પણ માતાને બોલાવે છે. અને જે તૃષા લાગે છે, તોપણ માતાની તરફ જાય છે. તો તે ભરોસો એવો છે કે પોતાના ભરોસાની પણ ખબર રાખતો નથી. શાથી કે તે માતા વિષે લીન રહે છે. અને પ્રથમ ભરોસાવાળાને પોતાની ખબર રહે છે અને યત્ને કરીને પોતાને ભરોસાપર રાખે છે.

(૩) ત્રીજો ભરોસો એ છે કે તેની અવસ્થા મૃતકના જેવી થાય છે, તે મૃતક પોતાની મેળે કંઇ કરતો નથી. તેની ક્રિયા બીજા જીવ કરે છે. તેમજ આ ત્રીજા ભરોસાવાળો પોતાને મૃતક જાણે છે. અને શ્રીરાઘવજીની આજ્ઞા જે વિધિ તેને ચલાવે છે, તે વિષે ચાલે છે, અને પોતાની સ્ફુરના તેને કંઇ રહેતી નથી. તેમાં જ્યારે કંઇ કામ તેને આવી પડે ત્યારે શ્રીકૃષ્ણ મહારાજ પાસે કંઇ યાચના પણ કરતો નથી તેમ પેલા બાળકની પેઠે કરતો

નથી કે જે અવસર વિષે માતાને બોલાવે છે. પણ તે એવા બાળક જેવો છે કે જેમ બાળક જાણે કે જ્યારે હું માતાને નહિ બોલાવું તોપણ તે પોતે મારી પાસે આવશે. તેવું આ ત્રીજા ભરોસાવાળો જાણે છે. કે જ્યારે હું યાચના ન કરૂં તોપણ શ્રી જાનકીનાથ સર્વ પ્રકારે મારી પ્રતિપાલના કરશે.

આ ત્રીજા ભરોસા વિષે પોતાનો કંઇ પુરૂષાર્થ નથી અને પ્રથમ ભરોસા વિષે પોતાનો પુરૂષાર્થ હોય છે. જેમ વકીલના ગુણને અને સ્વભાવને જાણે છે તેમજ કાર્ય અને પદાર્થોમાં યત્ને કરીને લાગે છે જેમ તે જાણે છે કે જયાં સુધી હું વકીલના સમીપમાં નહિ જાઉં ત્યાં સુધી તે વકીલ મારા નિમિત્તે લઢશે નહિ. ત્યારે અવશ્યજ તેની પાસે જાય છે, તે પછી આ ચિંતા કરે છે કે જોઇએ તે વકીલ શું કરે છે? તેમજ તે પ્રથમ ભરોસાવાળો વ્યવહાર અને ખેતી આદિક ક્રિયા કરે છે ત્યારે એમ જાણે છે કે આ સંયોગ પણ શ્રી કૃષ્ણ મહારાજે બનાવ્યો છે. અને બુદ્ધિ પણ શ્રી કૃષ્ણ મહારાજે દીધી છે તેથી તેનો ત્યાગ કરતો નથી પણ ભરોસાવાળો કહેવાય છે કેમ કે ખેતી આદિક જે કંઇ વ્યવહાર કરે છે તેને વિષે એમ જાણે છે કે જ્યારે કૃષ્ણ મહારાજ ઇચ્છશે ત્યારે લાભ થશે અને જ્યારે નહિ ઈચ્છે ત્યારે નહિ થાય તે જે કંઇ કૃતિ કરે છે તે બધું શ્રી સીતારામજીની તરફથી જાણે છે. એ ઉપર સંત જનોએ કહ્યું છે કે બધું શ્રી કૃષ્ણ મહારાજને આધીન છે. અને તેની પ્રેરણા વિના કંઈ થતું નથી અને બળ પણ શ્રી કૃષ્ણ મહારાજનું છે. એ વચનનું તાત્પર્ય એ છે કે ભરોસાવાળો પોતાની બુદ્ધિ અને બળ શ્રી સીતા રામજીને આધીન જાણે છે પોતાને આશ્રયે કંઈ જાણતો નથી. જ્યારે સ્થૂળ પદાર્થોથી જીજ્ઞાસુની દષ્ટી ઉઠી જાય ત્યારે શ્રી રામ વિના બીજા કોઇને કંઇ જાણતો નથી ત્યારે તે ભરોસાવાન્ થાય છે પણ ભરોસાનું ઉત્તમ પદ એ છે કે જેમ એક સંતને કોઈ જિજ્ઞાસુએ પૂછયું હતું કે ભરોસો શું છે? ત્યારે તેમણે કહ્યું કે તમને કેવું ભાસે છે? ત્યારે તે જિજ્ઞાસુએ કહ્યું કે સંત જનોએ આગળ કહ્યું છે કે જો તેની ડાબી ને જમણી તરફ સર્પ હોય તોપણ ભય ન પામે ત્યારે તે સંતે કહ્યું કે એ વાત તો તુચ્છ જેવી

છે. પણ જ્યારે સર્વ નરકીયોને નરક વિષે દુઃખી દેખે, અને સ્વર્ગ વિષે સ્વર્ગવાળાને સુખી દેખે ત્યારે તેના હૃદય વિષે કંઇ ભેદ સ્ફુરે તો તે ભરોસાવાળો નથી હોતો. તેનું તાત્પર્ય એ કે ભરોસાવાને એવું જાણવું પ્રમાણ છે કે જે કંઇ શ્રી રામ કૃષ્ણ કરે છે તેજ સંપુરણ છે પોતાને કંઇ ચિંતવન ન સ્પુરે તો તે ભરોસો મહા ઉત્તમ છે.

એક ભરોસાવાળો સર્પના દરપર પગ રાખીને શયન કરી રહ્યો હતો, તો તેના હૃદય વિષે સર્પનો કંઈ ભય નહોતો શ્રી સીતા રામની તરફથી સર્વ કાંઇ જાણતો હતો તે આ ભરોસો એ જિજ્ઞાસુના વચનનો છે. પણ જેવો ભરોસો તે જ્ઞાનવાન્ સંતે કહ્યો છે તે ઘણો દુર્લભ છે તે ઉત્તમ ભરોસાવાળાને એવો નિશ્ચય થાય છે કે "શ્રી કૃષ્ણ મહારાજ દયાળુ અને સર્વજ્ઞ છે, તથા ન્યાય કરનારા છે તેથી નર્કનું દુઃખ અને સ્વર્ગનું સુખ જોઇને તેના હૃદય વિષે કંઇ ભેદ સ્પુરતો નથી. તે જાણે છે કે શ્રી રામ કૃષ્ણજીએ સર્વ કંઇ પરીપૂર્ણ કરેલું છે.

ભરોસાવાનોની કૃતિનું વર્ણન.

ધર્મ માર્ગમાં જે સર્વ શુભ ગુણ છે. તે ત્રણ વાતોના આશ્રય વિષે છે.

(૧) સમજ છે, (૨) હૃદયની અવસ્થા અને (૩) ત્રીજી કૃતિ છે.

તેમાં મે પાછળ જ્ઞાન અને અવસ્થાનો નિર્ણય કર્યો છે. હવે કૃતિનો નિર્ણય કરૂં છું, કે કેટલાક એમ કહે છે કે "ભરોસો ત્યારે થાય છે કે જ્યારે પોતાની સર્વ કૃતિ શ્રી સીતા રામજીને અર્પી દે અને પોતે કંઇ કૃતિ ન કરે વ્યવહાર પણ ન કરે, અને બીજા દિવસનો સંચય ન કરે અને સર્પ વિંછી અને સિંહાદિકોથી પણ ન ભાગે જ્યારે એના ઉપર કંઇ રોગ આવે ત્યારે ઔષધ પણ ન કરે" જેઓ એવું સમજ્યા છે, તે બધા ભૂલ્યા છે શાથી કે

ભરોસાનો નિયમ શાસ્ત્રને અનુકૂળ છે અને એ વાર્તા શાસ્ત્રથી વિપર્યય છે તેથી ભરોસો તેજ વિશેષ છે કે જે શાસ્ત્રને અનુસાર હોય તેમાં આ માણુસનો અધિકાર આ ચાર વાર્તાપર છે.

(૧) દ્રવ્ય ઉત્પન્ન કરવું (૨) ધનની રક્ષા કરવી (૩) દુઃખને નિવૃત કરવું, (૪) જેના સંબંધથી દુઃખ પહોંચવાનો ભય હોય તેનાથી પોતાનું રક્ષણ કરવું તેમાં એ સો વિષે ભિન્ન ભિન્ન ભરોસો હોય છે. તેથી હવે તેનો નિર્ણય કરૂં છું.

વ્યવહાર વિષે ધન ઉત્પન્ન કરવું તેના પ્રથમ પ્રકરણનું વર્ણન.

એ પણ ત્રણ પ્રકારનું છે.

(૧) પ્રથમ એ છે કે શ્રી કૃષ્ણ મહારાજે જે પ્રમાણે કાર્યો વિષે મર્યાદ રાખી છે, અને તે અવશ્યમેવ તે વિધિથી થાય છે, તે મર્યાદાને જાણીને તેથી વિપર્યય ચાલવું એ ભરોસો નથી પણ મૂર્ખતા છે જેમ કોઈ ભોજન ન ખાય, અને કહે કે મારા મુખમાં પોતેજ આવીને પડશે અને તેને ભરોસો જાણે ત્યારે તે મૂર્ખતા છે. અને જેમ કોઇ વિવાહ ન કરે અને કહે કે વિના મેળાપે મને પુત્ર થાય તો એ ભરોસો નહિ પણ મૂર્ખતા છે. શાથી કે જે કાર્યના સંબંધ સાથે ભગવતે કાર્ય રાખ્યું છે, તે તે સંબધની સાથેજ થાય છે અન્યથા થતું નથી તે કૃતિનો માર્ગ એવો છે.

ભરોસો હૃદયની અવસ્થા અને સમજ પ્રમાણે થાય છે કૃતિએ કરીને થતો નથી તે સમજ આ છે કે હાથ, અનાજ અને બળ, મુખ અને દાંત એ બધું શ્રી રામ કૃષ્ણજીએ ઉત્પન્ન કર્યું છે. અને અવસ્થા એ કે હૃદયનો વિશ્વાસ શ્રી સીતા રામજીની દયાપર રાખે અનાજ અને હાથોપર ન રાખે શાથી કે હાથ તો કોઇ રોગે કરીને મૃતક પણ થઇ જાય છે. અને અનાજ કોઇ બીજો હરી લેઇ શકે છે તેથી સર્વદા પોતાની દૃષ્ટી શ્રી રામ કૃષ્ણજીની

દયાપર રાખે પોતાના બુદ્ધિ બળની તરફ ન રાખે તેમાં પ્રથમ પ્રકરણ જે કહ્યું હતું કે જે કાર્યનો ગુણ જે પ્રકારે શ્રી કૃષ્ણ મહારાજે રાખ્યો છે તે અવશ્ય તે પ્રમાણે થાય છે. તેમાં એ વર્ણન તો થયું.

(૨) હવે બીજો પ્રકાર એ છે કે તે અવશ્યમેવ નહિ પણ તેની પાસે છે કે તેના વિના કાર્ય સિદ્ધ થતાં નથી અને કદી થઈ પણ જાય છે. જેમ મહા પુરૂષે ખર્ચ અને ભાથું મુસાફરી વિષે સાથે લેવાનું રાખ્યું છે પણ તેમણે ભરોસો ભગવત્ ઉપરજ રાખ્યો છે. શાથી કે ઉત્પન્ન કરનારા ભાથું અને બીજાં કાર્યોના શ્રી કૃષ્ણ મહારાજજ છે. તેથી ભાથાપર ભરોસો ન રાખે પણ ભાથા વિના વનમાં જવું એ ભરોસાની અધિકતા છે અને તે એના જેવું નથી કે ભોજન ન કરે ને તૃપ્ત થવા ઇચ્છે કેમ કે એ ભરોસો નહિ અને ભાથા વિના વન વિષે જાય તે અધિકાર તેનો છે કે જેનામાં આ બે લક્ષણ હોય (૧) પ્રથમ એ કે જેણે શરીરને એવું સાધ્યું હોય કે તે જો સાત દિન પર્યંત ભોજન ન કરે તોપણ એટલાપર ધૈર્ય કરી શકે અને (૨) બીજું જે કન્દમૂળ ફળપર પણ નિર્વાહ કરી લે તે જ્યારે એવું થાય ત્યારે એ વાર્તા પ્રકટ છે કે કન્દ, મૂળ, ફળ વગેરે વન વિષે અવશ્ય થાય છે અને કોઇ ઠેકાણે અનાજ પણ થાય છે.

એક ભરોસાવાળાનો એવો સ્વભાવ હતો કે એકલાજ વન વિષે અટન કરતા હતા અને ભાથુ કંઇ પાસે રાખતા નહોતા પણ એક સોય, ગોદડી અને જળ પાત્ર પાસે રાખતા હતા શાથી કે એ અવશ્ય જોઇએ છીએ અને વનમાં હોતાં નથી તેથી તેના ત્યાગ વિષે ભરોસો થતો નથી ભરોસો એ છે કે હૃદયની પ્રતીતિ શ્રી સીતા રામજીપર રાખે.

કોઇ કોઈ એવા વિષમ સ્થાન વિષે કે પહાડની કન્દરા વિષે જ્યારે જઇને રહે કે જ્યાં ઘાસ પણ ન હોય અને બીજી કઇ પણ ખાવાની વસ્તુ ન હોય અને એમ કહે કે હું અહીં ભરોસો કરીને બેસું છું તો તે મૂર્ખતા છે અને પોતાનો નાશ કરવો છે. માટે જે પ્રકારે શ્રી રામ કૃષ્ણજીએ નિયમ

રાખ્યો છે તેને ભલી પ્રકારે સમજ્યો નહિ તો તે ભરોસો એના જેવો છે કે પોતાનો વકીલ કાર્ય કરે અને એ જાણતો હોય કે હું સમિપમાં નહિ રહુ તો તે કામ કરશે નહિ. અને પછી તેના નિકટમાં ન જાય ત્યારે કાર્ય થતું નથી.

એક ત્યાગી નગરને છોડીને પહાડની કંદરા વિષે જઇને બેઠો અને ભરોસો કર્યો કે ભગવત્ મને અહીંજ ભોજન પહોંચાડી દેશે. પછી તેને સાત દિવસના અપવાસ થયા પણ તેને કંઈ પ્રાપ્ત થયું નહિ ત્યારે એક મહા પુરૂષને આકાશવાણી થઈ કે તું આ ત્યાગીને જઇ કહે કે "હું પોતાની પ્રતિજ્ઞા કરીને કહું છું કે જ્યાં સુધી તું નગર વિષે નહિ જાય ત્યાં સુધી તને હું ભોજન આપીશ નહિ." તે પ્રમાણે તે મહા પુરૂષે જ્યારે એ વાર્તા તેને કહી ત્યારે તે ત્યાંથી ઉઠીને નગર વિષે આવ્યા ત્યારે સૌ કોઈ તેને માટે ભોજન લેઇ આવ્યા ત્યારે તેના હૃદય વિષે સંશય ઉત્પન્ન થયો કે આ શું કારણ થયું. ત્યારે તે મહા પુરૂષને ફરીને આકાશવાણી થઇ કે તુ એ ત્યાગીને કહે કે તું પોતાના ત્યાગે કરીને મારા નિયમને વિપર્યય કરવાને ઇચ્છે છે, તો તે તો નહિ કરૂં અને હું આ વાર્તાને પ્રિયતમ રાખું છું કે મારા જીવોના સંબંધને માર્ગે કોઇને કંઇ મળતું રહે તો એ વાર્તા એથી પણ વિશેષ પ્રિયતમ છે.

જ્યારે નગર વિષે ગુપ્ત બેસે અને ઘરનું બારણું બંધ કરે અને ભરોસો કરે ત્યારે તે પણ પ્રમાણ નથી શાથી કે પોતાનો નાશ કરે છે એ ભરોસો નથી તેથી જે કાર્ય અવશ્યજ કરવાનું હોય છે, તેનો ત્યાગ ન કરે, પણ જો દ્વાર બંધ ન કરે અને ભરોસો કરીને ગૃહ વિષે બેસે તે પ્રમાણ છે. પણ સર્વથી પોતાની દ્રષ્ટી બારણા તરફ ન રાખે કે હવે કોઇ લેઇ આવે છે. અને સર્વથા પોતાનું હૃદય લોકોની તરફ ન રાખે પણ ભગવતની તરફ હૃદય રાખે અને પોતાનો સમય ભજન વિષે વ્યતીત કરે તેથી જ્યારે સ્થૂળ સંબંધ દૂર થાય ત્યારે નિશ્ચય રાખે કે જીવિકા પણ તેની બંધ ન થાય તેમાં એ વાર્તા એવીજ છે. જેમ સંત જનોએ કહ્યું છે કે જયારે આ મનુષ્ય પોતાના પ્રાર-

બ્ધથી નાસે છે ત્યારે તેનું પ્રારબ્ધ તેની પાછળ દોડે છે. અને જ્યારે શ્રી રાઘવજીની યાચના કરે છે, ત્યારે તે મહારાજ કહે છે કે હે મૂર્ખ જ્યારે મેં તને ઉત્પન્ન કર્યો છે ત્યારે શું ભોજન નહિ આપું ? તે જ્યારે એવું જાણ્યું ત્યારે જે પ્રકારે શ્રી કૃષ્ણ મહારાજને નિયમ છે તે માર્ગ પણ ન છોડે, અને ભગવત્ વિના એમ પણ ન જાણે કે આ સંબંધે કરીને કાર્ય થશે તેથી શ્રી સીતા રામજીપર ભરોસો રાખે અને સંબંધોને ત્યાગ પણ ન કરે તેથી સર્વ સૃષ્ટીના દાતા ભોક્તા શ્રી રામ કૃષ્ણજ છે પણ કેટલાક અપમાનની સાથે યાચના કરીને પામે છે, અને કેટલાક દુઃખની સાથે ભોગવે છે, જેમ વ્યવહાર કરનારા બીજા કેટલાક બીજા ઉદ્યમ અને યત્ને કરીને કૃત્ય કરનારા, અને કેટલાક યત્ન વિના સુખેજ પામે છે. જેમ વૈષ્ણવ રામાનુરાગી. તે શ્રી રામ કૃષ્ણની તરફથી જાણે છે અને કોઇ મનુષ્યની તરફ જાણતાં નથી (૩) ત્રીજો પ્રકાર એ છે કે અવશ્ય પણ નહિ અને અવશ્યની પાસે પણ નહિ તે પોતાના યત્ન અને ચતુરાઇએ કરીને જાણે છે એ પ્રમાણ નહિ.

યદ્યપિ ભરોસાવાન્ વ્યવહાર પણ કરે છે તોપણ ભરોસો શ્રી કૃષ્ણ મહારાજ ઉપરને હોય છે પણ પોતાની ચતુરાઇ કે વ્યવહારપર નથી હોતો.

એમજ આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે ભરોસાવાન્ મંત્ર મૂહુર્ત શુકન અપશુકનપર પ્રતીતિ રાખતો નથી.

એવું તો કહ્યું નથી કે વ્યવહાર ન કરો અને નગરને છોડીને વન વિષે જઇ રહો.

ભરોસાનાં ત્રણ પદ છે.

(૧) પ્રથમ એ છે કે જેમ એક ભરોસાવાળા સન્ત ભાથા વિના વન વિષે અટન કરતા હતા તો એ ભરોસો ઉત્તમ છે. પણ એ ભરોસાનું ચિન્હ એવું થાય છે કે ભરોસાવાન્ ભૂખ્યો રહે. અથવા ઘાસપાન ખાઈ લે અને એ પણ જ્યારે પ્રાપ્ત ન થાય ત્યારે મૃત્યુને ભય તેના હૃદયમાં ન હોય. અને

એવું જાણે કે મૃત્યુ થવું એજ મારી ભલાઈ છે, શાથી કે કેટલાક પુરૂષ એવા પણ હોય છે કે જે ભાથું ખર્ચ વગેરે પાસે રાખે છે, પણ તેનું તે ખર્ચ કોઈ ચોર હરી લેછે. અને તે મૃત થઇ જાય છે પણ આ વાર્તા કદી દૈવયોગથી થાય છે. તેથી એથી ઉગરવું પ્રમાણ નથી.

(૨) બીજું પદ ભરોસાનું એ છે કે જે વ્યવહાર પણ નથી કરતો અને વન વિષે પણ જતો નથી નગર વિષેજ રહે છે. પણ પોતાની દૃષ્ટી શ્રી રામ કૃષ્ણજીની દયાપર રાખે છે લોકોપર રાખતો નથી.

(૩) ત્રીજું પદ એ છે કે વ્યવહારને નિમિત્તે પરદેશ જાય અને જે પ્રકારે સંત જનોએ વ્યવહાર કરવો કહ્યો છે, તે પ્રકારે કરે અને પોતાની ચતુરાઇ અને યત્નનો આશ્રય ન કરે. પોતાની જીવિકા વિષે ઘણી ચતુરાઇ અને યત્ન કરે તો ભરોસાવાન્ થતો નથી. પણ વ્યવહારને ત્યાગવો એ પણ ભરોસાની યુક્તિ નથી.

એ ઉપર એક વાર્તા છે કે એક ભરોસાવાન્ હતો પણ વ્યવહારનો ત્યાગ કરતો નહોતો, તે જ્યારે સર્વ પ્રીતિમાનોનો મુખિયો મહંત થયો ત્યારે પણ વસ્ત્ર લેઇને બજાર વિષે આવ્યો, ત્યારે બધાએ મળીને કહ્યું કે આતો પ્રમાણ નથી જે તમે મહન્ત થઇને બજાર વિષે વ્યવહાર કરવાને જાઓ. ત્યારે તેણે કહ્યું કે " મેં મારા સંબંધીયોની શુદ્ધિ (સંભાળ) ન લીધી તો પછી બીજા કોઇનું રક્ષણ શી રીતે કરીશ " ત્યારે બધાએ એ કામ કર્યું કે જે ધનનું કોઇ વારસ ન હોય તે વડે કરીને તેમના સંબંધીયોની પ્રતિપાલ રાખી ત્યારે તે મહંત સર્વ આયુષ્યના અંત સુધી સુખી થઇને પ્રીતિમાનોની રક્ષા કરવા લાગ્યા. તે ભરોસો એ છે કે પોતાને માટે ધનની તૃષ્ણા ન કરે. જે કંઇ લાભ હાની થાય તે શ્રી રામ કૃષ્ણજીની તરફથી જાણે અને પોતાનું ધન બીજાં મનુષ્યોના ધનથી પ્રીતમ ન રાખે.

તાત્પર્ય એ કે ભરોસા વિના વૈરાગ્ય સિદ્ધ થતો નથી.

એક ભરોસાવાળા સંતે કહ્યું છે કે મેં વીશ વર્ષ પોતાના ભરોસાને

ગુપ્ત રાખ્યો છે તે નિત્ય પ્રતિ ત્રણ રૂપિઆં ઉત્પન્ન કરતો હતો પણ તેમાંથી એક પૈસો પોતાને માટે ખર્ચ કરતો નહોતો, બધું રામ કૃષ્ણને હેતુ આપી દેતો હતો. તેમાં એક જ્ઞાનવાન્ સંત તેના છતાં ભરોસાનું વચન કહેતા હતા શાથી કે તે પોતેજ ઉત્તમ ભરોસાવાળા છે.

એક મહન્ત મોટા સ્થાન ઉપર બેસે છે, અને પોતાના ચેલા, શિષ્ય બહાર પરદેશ વિષે મોકલે છે, તોએ ભરોસો તુચ્છ છે અને નિર્બળ છે.

પણ જ્યારે કોઇ ભરોસાવાન્ વ્યવહાર કરે ત્યારે તે તેની ઘણી યુક્તિયો છે પણ જ્યારે આકાશવૃત્તિ થઇ બેસે અને પોતાના શિષ્ય સેવકને પણ કોઇ પાસે ન મોકલે ત્યારે તે ભરોસાની પાસે છે. પણ જ્યારે જે ઠેકાણે બેઠો હોય તે સ્થાન વિખ્યાત થઇ જાય ત્યારે તે પણ બજારની પેઠે થાય છે તાત્પર્ય એ કે તેના ચિત્ત વૃત્તિ તેના ઉપર ઠરી જાય છે પણ જ્યારે ચિત્તની વૃત્તિ તેનાપર ન ઠરે ત્યારે તે ભરોસો વ્યવહારવાળાની પેઠે થાય છે. તાત્પર્ય એ કે એની દ્રષ્ટી શ્રી રામ કૃષ્ણજીપર હોય અને લોકોપર ન હોવી જોઇએ અને બીજા કોઇ કારણપર પણ ન હોય કારણ કે મહા કારણ શ્રી રામ કૃષ્ણ છે.

એક ભરોસાવાળાએ કહ્યું છે કે એકવાર વન વિષે એક ઐશ્વર્યવાન્ સાધુ મને આવી મળ્યા અને મારી સાથે રહેવામાં રાજી હતા પણ મેં તેના સંગનો ત્યાગ કર્યો એટલા માટે કે રખેને મારા હૃદય વિષે તે ઐશ્વર્યવાનનો ભરોસો શ્રી રામ કૃષ્ણપર રહેશે નહિ એક બુદ્ધિમાન સાધુએ એક મજુરની પાસે કંઇ ક્રિયા કરાવી હતી, ત્યારે પોતાના સેવકને કહ્યું કે એને કંઈ વિશેષ મજુરી આપો જ્યારે તે આપવા લાગ્યો ત્યારે તેણે લીધી નહિ પછી જ્યારે તે મજુર ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે તેમણે પોતાના સેવકને કહ્યું કે હવે એની પાસે લેઇ જાઓ હવે લેશે ત્યારે સેવકે પૂછયું કે તે હવે કેમ લેશે? ત્યારે તેમણે કહ્યું કે આગળ તેણે પોતાના હૃદય વિષે લેવાની અભિલાષા કરી ન હતી અને હવે તેના હૃદય વિષે લેવાની મનસા કરી છે તેથી હવે લેશે તાત્પર્ય એ કે વ્યવહાર વિષે ભરોસો એવો હોય કે પોતાના ધન અને સા-

મગ્રીપર પ્રતીતિ ન રાખે તે જ્યારે તેની સામગ્રી ચોર લેઇ જાય ત્યારે શોકવાન્ થાય અને શ્રી રામ કૃષ્ણજીની દયાએ કરીને જાણે કે જ્યારે શ્રી રામ કૃષ્ણ ઇચ્છશે ત્યારે બીજા સંયોગે કરીને આવીને પ્રાપ્ત થશે અને જ્યારે પ્રાપ્ત નહિ થાય તોપણ મારી ભલાઇ એમાં થશે કે જેમાં શ્રી રામ કૃષ્ણજીની આજ્ઞા છે.

ભરોસાની અવસ્થા આવવાના ઉપાયનું વર્ણન.

જ્યારે ધન અને સામગ્રી કોઇનાં ચોર લેઇ જાય અથવા બીજા સંયોગે કરીને નષ્ટ થઇ જાય ત્યારે તેનું હૃદય સ્થિર રહે તોએ ભરોસો દુર્લભ અને ઉત્તમ છે પણ એ વાર્તા ન બને એવી નથી. એ કારણે કરીને શ્રી રામ કૃષ્ણજીની પૂર્ણ કૃપા, દયા અને સમર્થતાપર જો પ્રતીતિ અને નિશ્ચય રાખે અને જાણીલે કે ઘણાં મનુષ્યોને ધન સમ્પદા વિના શ્રીકૃષ્ણ મહારાજ પ્રતિપાલના કરે છે. અને ઘણા ધનવાન્ એવા છે કે તેમને તે ધન નાશતાનું કારણ થાય છે. તેથી મારી ભલાઇ એમાંજ છે. જેમ આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે મનુષ્ય રાત્રી વિષે કોઇ કાર્યનો સંકલ્પ કરે છે, અને તે કાર્ય વિષેજ તેનો નાશ થવાનો હોય છે. ત્યારે શ્રીરામ કૃષ્ણજી પોતાની દયાએ કરીને તેના કાર્યને સિદ્ધ કરતા નથી. ત્યારે તે પુરૂષ શોકવાન્ થાય છે. કે આ કાર્ય કેમ ન થયું ? અને પડોશિયોપર ખરાબ અનુમાન કરે છે. કે તેમણે કોઇ પાસે ચુગલી કરી હશે. પણ એ દયા કેવળ શ્રી રઘુનાથજીની હતી કે જેથી તેનું કાર્ય ન થયું.

એક પ્રીતિમાને કહ્યું છે કે જ્યારે હું પ્રભાત સમયમાં ઉઠું છું ત્યારે જાણું છું કે નિર્ધનતાઈ અથવા ધન હોય તો તેમાં મારી ભલાઇ છે. જેવી શ્રી રઘુનાથજીની આજ્ઞા છે, તેવું થાય છે.

નિર્ધનતાનો ભય અને ભુંડાઇનું અનુમાન આ મનનો સ્વભાવ છે.
શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે મન નિર્ધનતાઇનું વૈરી છે.

વિશ્વાસનું સ્વરૂપ એ છે કે શ્રી સીતારામજીની કૃપાપર દૃષ્ટી રાખે.

પૂર્ણ સમજ એ છે કે જેઓ સમજ્યા કે અમારી જીવિકા વિશેષ કરીને એવા ગુહ્ય માર્ગે કરીને આવે છે, કે જેને કોઇ જાણી શકતું નથી. વળી ગુહ્ય માર્ગ પર પણ વિશ્વાસ ન રાખે. પણ શ્રી સીતારામજી જે તે માર્ગના કર્તા અને કારણ છે તેનો આશરો રાખે શાથી કે તેની જીવિકાના જામીન તેજ છે. એ ઉપર એક વાર્તા છે કે એક ભજનવાન્ એક શુભ સ્થાન વિષે આવી રહ્યો હતો ત્યારે તે સ્થાનના નોકરે કહ્યું કે તમે પોતાની જીવિકાને નિમિત્તે કંઇ વ્યવહાર કરી લ્યો. તો સારૂં છે. ત્યારે ભજનવાને કહ્યું કે એક પડોશીએ અમારી સાથે વચન કર્યું છે કે નિત્ય પ્રતિ બે રોટલી તમને મોકલીશ. ત્યારે ચાકરે કહ્યું કે જો એ વાર્તા છે તો તમને વ્યવહારનું કંઇ પ્રયોજન નથી ત્યારે ભજનવાને કહ્યું કે તું આહરિ મંદિરનો અધિકાર કોઇ બીજાને સમર્પણ કરી દે તો ભલું છે. તું આ અધિકારને યોગ્ય નથી. શાથી કે તારી દૃષ્ટી વિષે તે પડોશીનું વચન શ્રીકૃષ્ણ મહારાજ વિશ્વંભરના સર્વ વિશ્વ પ્રતિપાલન વચનથી વિશેષ પુષ્ટ થયું.

એક સુખિયાએ એક ભજનવાનને પૂછયું કે તારી જીવિકા કયાંથી છે. ત્યારે તે ભજનવાને કહ્યું કે જેટલો ભજનનો નિયમ મેં તમારી સાથે કર્યો છે, તે બધો વ્યર્થ થઇ ગયો. તેથી ફરી આદિથી કરી લેઉં શાથી કે તમને શ્રીકૃષ્ણ મહારાજની વિશ્વંભર બિરદાવલીપર પ્રતીતિ નથી. લૌકિક સંબંધપર દૃષ્ટિ છે. તો જેણે એ બાત સત્ય પ્રતીતિ જાણી છે, તેને સંશય થતો નથી. અને તેમને પ્રત્યક્ષ પરીક્ષા થઇ છે. કે જ્યાંથી કાંઇ આશા રાખતા નહોતા ત્યાંથી તેમને સૌ કાંઇ પ્રાપ્ત થયું છે. તે વિશ્વાસ તેમને શ્રીકૃષ્ણ મહારાજના આ વચનપર છે. શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું છે કે "ધરતીપર જેટલા જીવ છે, તેમને હું જીવિકા પહોંચાડું છું." એ ઉપર એક બીજી વાર્તા છે કે એક પ્રીતિમાનને કોઇએ પૂછયું કે તમે અમુક વૈરાગ્યવાન્ સંતની સંગતિ કરી તે વિષે કયો આશ્ચર્યકારક ગુણ જોયો. ત્યારે તેણે કહ્યું કે એકવાર માર્ગ વિષે

તેની સાથે હતો તે માર્ગમાં બહુ ભૂખ્યા રહ્યા જ્યારે નગર વિષે જઇ પહોં-ચ્યા ત્યારે તેમણે કહ્યું કે "તમે ભૂખવડે બહુ આતુર થયા છો" ત્યારે મેં કહ્યું કે જી એવુંજ છે." જેવું આપે કહ્યું છે. અમે ભૂખે કરીને ઘણા નિર્બળ થયા છીએ ત્યારે સંતે કહ્યું કે "કાગળ અને સ્યાહી લાવો. ત્યારે હું લાવ્યો, ત્યારે તેમણે કાગળ ઉપર શ્રીરામ નામ લખ્યું અને એમ પણ લખ્યું કે અ-મારૂ પ્રયોજન સર્વ સમય વિષે આપજ છો અને કહેવાનું પણ આપની પા-સેજ છે. તે હું સ્તુતિ અને ધન્યવાદ કરનારો અને આપના નામનો જાપક છું અને આપ જન પ્રતિપાલક છો પણ હું ભૂખ્યો પ્યાસો અને નગ્ન છું. તેમાં સ્તુતિ સ્મરણ અને ધન્યવાદ કરવો એ ત્રણ કર્મ મારાં છે. અને આ-હાર, જળ અને વસ્ત્ર આપવું એ આપનો ધર્મ છે. તે હું તો પોતાની કૃતિ વિષે સાવધાન છું. આપ પણ આપના દાની ધર્મ વિષે સાવધાન થશો. તે કાગળ લખીને મને આપ્યો અને કહ્યું કે શ્રીરામ કૃષ્ણ વિના પોતાનું હૃદય બીજાની તરફ ન રાખો પણ જે મનુષ્ય પ્રથમ તમને મળે તેને આ કાગળ આપવો ત્યારે હું ત્યાંથી બહાર આવ્યો અને એક વિજાતીય સવાર મને મ-ળ્યો ત્યારે મેં તે કાગળ તેને આપ્યો. તે સવારે તે કાગળ વાંચ્યો અને રોવા લાગ્યો અને કહેવા લાગ્યો કે એના લખનાર ક્યાં છે? ત્યારે મેં કહ્યું કે અ-મુક સ્થાન વિષે બેઠા છે. ત્યારે તે સવારે એક મહોરની થેલી મને આપી ત્યારે હું તે સંત પાસે લાવ્યો, અને બધી વાર્તા કહી દીધી, ત્યારે તેમણે કહ્યું કે આ થેલી અહીંજ રાખી દ્યો અને ખર્ચ ન કરો. કેમકે એનો દેનારો હમણાં અહીં આવશે. ત્યારે તે વખતે તે સવાર ત્યાં આવ્યો અને તેમનાં ચ-રણોમાં નમી પડ્યો અને ચેલો થયો. ત્યારે સંતે મને કહ્યું કે આ થેલી લેઇ જાઓ. અને તમારા કામમાં વાપરો. પણ પોતે કંઇ અંગીકાર ન કર્યું.

એક બીજી વાર્તા છે કે એક પ્રીતિમાને કહ્યું કે એક સ્થાન વિષે હું દશ દિવસ પર્યંત ભૂખ્યોજ રહ્યો ત્યારે ઘણો નબળો થયો અને ત્યાંથી ઉઠીને બ-હાર આવ્યો. ત્યારે એક ફળ જમીનપર સુંકું પડેલું મેં જોયું ત્યારે મેં ઇચ્છા કરી કે આ લેઇ લઉં ત્યારે મારા હૃદયમાં એમ આવીને સ્ફુર્યું કે દશ દિવસ

•

ભૂખ્યો રહ્યો અને હવે આ સૂકું ફળ તને મળ્યું તે તરૂં પ્રારબ્ધ એવુંજ હતું. ત્યારે મેં તેને ત્યાગીને તે સ્થાનપર આવીને બેઠો, ત્યારે એક મનુષ્ય ત્યાં આવ્યો અને બદામ, પિસ્તા, અને સાકર એક અંગુછો ભરેલો લાવી મારી પાસે મુકયો અને કહેવા લાગ્યો કે હું જહાજ વિષે હતો ત્યારે ત્યાં ઘણો પવન ચાલ્યો ત્યારે હું પ્રસાદ બોલ્યો અને નિયમ કર્યો કે પ્રથમ જે કોઇ અતિથિ મને મળશે ત્યારે હું તેને આપીશ. તો આ તેજ પ્રસાદ છે. ત્યારે મેં ખાવા જેટલું લેઇ લીધું અને બાકીનું તેને પાછું આપ્યું. ત્યારે હું પોતે પોતાને સમજાવવા લાગ્યો કે શ્રીકૃષ્ણ મહારાજે તો તારા પ્રારબ્ધમાં આ મેવો રચ્યો હતો, તેથી પવનને સમુદ્ર વિષે જીવિકા મોકલવાની આજ્ઞા થઇ જે અહી લેઈ આવ્યો. અને તું ભૂલીને બીજા તરફ ખોળે છે, એવી વાર્તાનું સમજવું પ્રતીતિને દઢ કરે છે.

ગૃહસ્થના ભરોસાનું વર્ણન.

ગૃહસ્થને એ પ્રમાણ નથી કે વન વિષે જાય. અને વ્યવહારનો ત્યાગ કરે. શાથી કે એ ભરોસો ગૃહસ્થનું ત્રીજું પદ છે. તો વ્યવહાર કરવાનું આગળ પણ કહ્યું છે. જેમ એક સાચા પુરૂષે કહ્યું છે કે ભરોસાને માટે બે વાર્તા જોઇએ.

(૧) એક એકે ભૂખપર ધૈર્ય કરી શકે અને જે કાંઇ પ્રાપ્ત થાય તેનાપર પ્રસન્ન રહે ગમે તો ઘાસજ મળે.

(૨) બીજું એ કે પ્રતીતિ એવી હોય કે જો મારા પ્રારબ્ધમાં ભૂખ છે, અને મૃત્યુ છે તો મારી ભલાઇ એમાં હશે. પૂર્ણ ભરોસાનો તેજ અધિકારી છે કે જેના વિષે એ બેઉ ગુણ હોય પણ સંબંધિયોને એવા રાખી શકતો નથી.

જ્યારે વિચાર કરીને જોઇએ તો એનું મનજ દઢતાથી રહિત છે તે જ્યારે જુએ કે ભૂખ સહન કરવાનું બળ મારામાં નથી અને આતુરતાથી લેઇ આવે

છે. ત્યારે વ્યવહારનો ત્યાગ કરવો પ્રમાણ નથી. યદ્યપિ ગૃહસ્થવાળા સમ્બન્ધી પણ ભૂખને સહી શકે તોપણ વ્યવહારનો ત્યાગ પ્રમાણ નથી. પણ જ્યારે કોઇને પૂર્ણ વિશ્વાસ હોય, અને વૈરાગ્ય વિષે લાગ્યો રહે અને વ્યવહાર ન કરે તોપણ તેનું પ્રારબ્ધ પહોંચી રહે છે. જેમ બાળક માતાના ઉદર વિષે કંઇ વ્યવહાર કરતું નથી તોપણ નાભીને રસ્તે તેને આહાર પહોંચે છે. જ્યારે ઉદરથી બહાર આવે છે, ત્યારે માતાનાં સ્તનોમાંથી તેને દૂધ મળે છે. જ્યારે એથી મોટો થાય છે. અને આહાર ખાવા માંડે છે, ત્યારે તેના દાંત પ્રકટ થાય છે. જ્યારે તેનાં માતા પિતા મૃત્યુ પામે છે, અને તે બાળક એકલું રહે છે. ત્યારે બીજા મનુષ્યોના હૃદય વિષે શ્રીરામ કૃષ્ણજી દયા મૂકે છે. આગળ દયા કરનારી એક માતા હતી હવે અનેક મનુષ્ય તેનાપર દયા કરે છે જ્યારે મોટો થાય છે, ત્યારે પોતેજ કાર્ય કરવાને સમર્થ થાય છે. ત્યારે તેના વિષે એ શ્રદ્ધા અને બળ શ્રીકૃષ્ણ મહારાજ દે છે કે તેથી પોતાનું પ્રતિપાલન પોતેજ કરવા લાગે છે. જેમ આગળ માતા તેનું પ્રતિપાલન કરતી હતી તેમજ પોતે પોતાની ખબર લે છે જ્યારે પોતાનું પ્રતિપાલન કરવાથી રહિત થાય છે, અને વ્યવહારનો પણ ત્યાગ કરે છે. અને શ્રીરામ કૃષ્ણની તરફ તેનું હૃદય આવે છે ત્યારે સર્વ જીવોના હૃદય વિષે એના ઉપર દયા શ્રીકૃષ્ણ મહારાજ ઉત્પન્ન કરે છે. તે સૌ એમ જાણે છે કે આ શ્રી રઘુનંદનજી સાથે મળેલો છે. તેથી જે કંઇ ઉત્તમ વસ્તુ હોય તે એને આપીએ. અને એની સેવા કરવી પ્રમાણ છે. તેમાં આગળ એમાત્ર એક દયા કરતું હતું હવે સર્વ જીવ એનાપર દયા કરે છે. પણ જ્યારે તે વિકારો વિષે લાગે છે, અને વ્યવહાર કરવાને સમર્થ થઇને વ્યવહાર કરતો નથી. ત્યારે તેનાપર કોઇને દયા આવતી નથી. ત્યારે એવા પુરૂષને વ્યવહારનો ત્યાગ કરીને ભરોસો કરવો પ્રમાણ નથી. જ્યારે પોતાના મનની સાથે મળેલો છે ત્યારે પોતાની જીવિકાની ખબર લેવી એ પોતાનેજ પ્રમાણ છે. તેથી જ્યારે આ મનુષ્ય પોતાનું હૃદય શ્રીકૃષ્ણ મહારાજની તરફ લાવે છે, અને પોતાના પ્રતિપાળથી રહિત થાય છે. ત્યારે શ્રી

રાઘવજી સર્વ જીવોને એનાપર દયાળુ કરી દે છે. એથી કરીને કોઈ વૈરાગી ભૂખવડે મૃત્યુ પામ્યો નથી. તેમાં જેણે આ વાત વિચારી જોઇ છે, કે શ્રી-રામ કૃષ્ણજીએ લોક અને પરલોક વિષે કેવી રીતે સૂત્ર રાખ્યું છે ? અને કેવું સંપૂર્ણ બનાવ્યું છે. ત્યારે અવશ્યજ આ વચનપર દૃઢ પ્રતીતિ થાય છે. શ્રી-કૃષ્ણ મહારાજે કહ્યું છે કે "સર્વ જીવોનું પ્રતિપાલન કરનારો હું છું."

વળી આ સમજી લે છે કે મહારાજે એવી સુંદર રચના બનાવી છે, કે કાંઇ બાકી રહી જતું નથી. અને જે કોઇ નિર્ધન અને રોગી રહે છે તો તેમાં તેની ભલાઇ હોય છે. એ કારણે કરીને નહિ. કે તેણે વ્યવહારનો ત્યાગ કર્યો શાથી કે કેટલાક પુરૂષોની પાસે ધન પણ અધિક હોય છે, અને વ્યવહાર પણ કરે છે છતાં તેનું ધન નાશ થઇ જાય છે અને તે પણ મૃત્યુ પામે છે.

એ ઉપર એક સાધુજને કહ્યું છે કે આ વાર્તા મારાપર પ્રકટ છે, કે જો અધું નગર મારૂં કુટુંબ થઇ જાય અને એક અનાજનો દાણો એક મહોરમાં મળે તોપણ મને કંઇ ભય નથી. શાથી કે પ્રતિપાલન કરનારા શ્રી સીતારા-મજી છે.

એક બીજા ભરોસાવાને કહ્યું છે કે જો આકાશ લોઢાનું થાય અને પૃથ્વી તાંબાની સાથે જડાવી દેવાય તોપણ જીવિકાનો કંઇ ભય નથી. શ્રીકૃષ્ણ મહા-રાજ જે રસ્તે ઇચ્છા કરશે તે માર્ગે જીવિકા પહોંચાડશે.

એક જ્ઞાનવાન્ સંતની પાસે કેટલાક લોક આવ્યા, અને કહેવા લાગ્યા કે અમે આપની જીવિકા ખોળીએ ? અથવા ન ખોળીએ ? ત્યારે તેમણે કહ્યું, જો તમે જાણતા હો કે અમારી જીવિકા અમુક સ્થાન વિષે છે તો ત્યાં ખોળો. પછી પૂછ્યું કે શ્રીકૃષ્ણ મહારાજ પાસે આપની જીવિકા માગીયે ? ત્યારે તે-મણે કહ્યું કે, જ્યારે શ્રીકૃષ્ણ મહારાજ ભૂલી ગયા હોય ત્યારે તમે સ્મરણ ક-રાવો પછી પૂછ્યું કે ભરોસો કરીએ ? અને જોઇએ કે શી રીતે કરશે ? ત્યારે તેમણે કહ્યું કે પરીક્ષા સાથે ભરોસો કરવો પ્રમાણ નથી. ત્યારે તેમણે પૂછ્યું

કે ત્યારે પછી શો ઉપાય છે ? ત્યારે સંતજીએ કહ્યું કે ઉપાયનો ત્યાગ કરવો એજ ઉપાય છે. તાત્પર્ય એ કે પ્રતિપાલક શ્રીરામ કૃષ્ણજીને જાણવા પ્રમાણ છે.

ભરોસાનો સંચય અને રક્ષણ કરવામાં બીજા પદનું વર્ણન.

એક વર્ષથી અધિક ખર્ચને વાસતે જેણે ધન સંચય કર્યું ત્યારે તે ભરોસાથી પડી જાય છે શાથી કે પ્રકટ સ્થુળતાપર દષ્ટી રાખી શ્રીકૃષ્ણ મહારાજનો ગુહ્ય ભેદ કોણ જાણતું નથી. ? પણ જ્યારે પ્રયોજન માત્રપર સંતોષ કરે કે આહાર એટલો જે ભોજન કરી લે. અને વસ્ત્ર એટલુક જેથી નગ્નતાને ઢાંકી લે. ત્યારે તે ભરોસાપર દઢ થયો.

વળી સંતજને ૪૦ ચાળીશ દિવસનો સંચય રાખે તોપણ ભરોસો દૂર થતો નથી.

એક સંતે કહ્યું છે કે ત્યાગી થઇ સંચય કરવો એ ભરોસાની જુઠાઇ છે. એક બીજા સંતે કહ્યું છે કે ચાલીસ દીનથી અધિક સંચય કરે તોપણ ભરોસો જતો નથી. પણ તે સંચયપર આશરો ન રાખે.

એક પ્રાતિમાને કહ્યું કે હું એક ઉત્તમ વૈરાગ્યવાન્ પાસે ગયો હતો ત્યાં એક સંત તેનાં દર્શનને માટે આવ્યા ત્યારે તે વૈરાગીએ મને કહ્યું કે તમે ઉત્તમ ભોજન લઇ આવો ત્યારે હું લાવ્યો. પછી તે સંત અને વૈરાગ્યવાન્ બેઉ મળીને ખાવા લાગ્યા. ત્યારે તે વાત મને આશ્ચર્યવાન્ લાગી કે તે વૈરાગ્યવાને આગળ કદી એવું કહ્યું નહોતું કે આવું ઉત્તમ ભોજન લેઇ આવો અને પ્રસાદ પણ કોઇની સાથે મળીને જમતા નહોતા. જ્યારે ભોજન કરી રહ્યા ત્યારે જે પ્રસાદ વધ્યો હતો તે પેલા સંતે બધો લેઇ લીધો. અને ચાલ્યા ગયા. ત્યારે મને બીજું પણ અચરત લાગ્યું કે વિના પૂછે લેઇ જવું એ કેવું પ્રમાણ છે ? ત્યારે તે વૈરાગ્યવાને કહ્યું કે "એ સંતજન ઉતમ છે" અને દૂ-

સ્થી તમે મળવાને આવ્યા હતા, તેમણે અમે એ શીખામણ આપી કે જેનો ભરોસો દ્રઢ થયો છે તેને સંચય કરવો એમાં કંઇ હાની નથી. તાત્પર્ય એ કે મૂળ ભરોસાનો રસ્તો એ છે કે તે પોતાને નિમિત્તે સંચય ન રાખે અને જ્યારે સંચય રાખે ત્યારે એવું જાણે કે આ ધન અને પદાર્થ શ્રી સીતારામજીના ભંડાર વિષે છે. અને તે સંચયપર ભરોસો ન રાખે ત્યારે તેનો ભરોસો જતો નથી. તો આ વાર્તાનો તેને અધિકાર છે જે એકલોજ હોય અને જો ગૃહસ્થ હોય અને તે વર્ષાસન રાખે તો તેનો ભરોસો જતો નથી. પણ જ્યારે વર્ષથી અધિક સંશય રાખે ત્યારે ભરોસો દૂર થઈ જાય છે.

જેમ આચાર્ય મહા પુરૂષ પણ પોતાના કુટુંબીયોને નિમિત્તે એક વર્ષનો સંચય કરી દેતા હતા. અને પોતાને માટે બીજી વખતનું પણ રાખતા નહોતા. જો રાખત તો તેમનું કંઇ ઓછું ન થાત. કેમકે હોવું ન હોવું ધન સંપદાનું તેમને એક સમાન હતું. પણ બીજા જીવોને સમજાવવાને માટે એમ કરતા હતા.

એકવાર આચાર્ય મહા પુરૂષના મેળાપી સંતનું શરીર છુટ્યું હતું, ત્યારે પાછળથી તેમના વસ્ત્રમાંથી બે રૂપિયા નીકળ્યા, ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે એના માથાપર બે ડામ દ્યો. તો એ વાત બે પ્રકારે કરીને સમજવામાં આવે છે.

એક તો તે લોકોને છળ કરીને પોતાને એકલોજ દેખાડતો હતો, તેથી સંચયના સંબંધે કરીને એકલો દંડ દેવો પ્રમાણ થયો અને બીજું એ કે જ્યારે છળ પણ નહિ કર્યો હોય તોપણ સંચય કરવાથી તેને પરલોક વિષે ઘટાવત પ્રમાણ થયાનું એમ મુખપર ડામ દેવો એ સુંદરતાને ઘટાડે છે.

વળી એક બીજા પ્રીતિમાંનનું શરીર છુટયું હતું ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે પરલોક વિષે એનું મુખ પૂર્ણમાસીના ચંદ્રના જેવું થશે. પણ જો એક અવગુણ એનામાં ન હોત તો એનો પ્રકાશ સૂર્યના જેવો થાત. પછી લોકોએ પૂછયું કે તે શો અવગુણ હતો ત્યારે આચાર્ય મહા

[illegible] કે પોતાને માટે એક વર્ષનાં લુગડાં બીજા વર્ષને માટે રાખતો હતો. તો એ એના નિશ્ચયની કસુર છે. પણ આ વાર્તા પ્રમાણ છે કે જે વાસણ નિત્ય પ્રતિ જોઇએ તેને રાખી લે. અને અનાજ અને વસ્ત્ર તો વર્ષ ઉપરાંત બીજો પણ આવે છે અને તે નિત્ય પ્રતિ કાર્યવાળાં વાસણ આદિક નિત્ય નવાં પેદા થતાં નથી. તો એ નેત ભગવતે રચી છે. તેનું ત્યાગવું પ્રમાણ નથી. પણ વસ્ત્ર ઠંડી કે ગરમી વિષે કામ આવતાં નથી. ત્યારે તેને રાખવાં એ બુદ્ધિના નિશ્ચયની નિબળતા છે હવે જીજ્ઞાસુ તું એમ જાણ કે જ્યારે કોઇ એવો હોય કે સંચય વિના તેના હૃદય વિષે આતુરતા થાય અને બીજા લોકોની આશા રાખે ત્યારે તેને સંચય રાખવો પ્રમાણ છે. શાથી કે જ્યારે ભજન સ્મરણ વિષે ચિત્ત ઠરે નહિ ત્યારે કંઇ પ્રયોજન માત્ર જીવિકાનો સંબંધ રાખે તો સારૂં છે. એટલા માટે કે સર્વ શુભ ગુણોનું પ્રયોજન એ છે કે હૃદય શ્રી રામ કૃષ્ણજીની તરફ રાખે.

એક એવા પુરૂષ થાય છે જે ધનનો સંચય તેને બંધન અને વિક્ષેપતાનો હેતુ થાય છે અને નિર્ધનતાઈ વિષે એકાગ્ર ચિત્ત રહે છે? તો એ મનુષ્ય વિશેષ છે.

અને એક એવાં પુરૂષ છે કે સંચય વિના તેનું ચિત્ત ઠરતું નથી તેમને પ્રયોજન માત્ર સંચય પ્રમાણ છે. પણ જ્યારે રાજસી સ્વભાવ વિષે હૃદય થઇ જાય ત્યારે તે પ્રીતિમાન્ કહેવાતો નથી.

ભરોસાના વિઘ્નને દૂર કરવામાં ત્રીજા પદનું વર્ણન.

જે સંબંધ આવશ્યજ છે, તેનો ત્યાગ કરવો એ ભરોસો નથી જેમ શસ્ત્ર વડે શત્રુને દૂર કરવો એ પણ પ્રમાણ છે. તેમજ શરદ ઋતુ વિષે ટાઢમાં ટાળવાને માટે વસ્ત્ર ધારણ કરવાને ઇચ્છે તે પણ પ્રમાણ છે પણ જ્યારે એમ કરે કે વસ્ત્ર ન પહેરે અને ભોજન અધિક કરી લે, કે માર્ગ વિષે શરદી

વ્યાપશે નહિ તો એ પ્રમાણ નથી અને ભરોસો કહેવાતો નથી. શાથી કે જે પ્રકારે ભગવતે પ્રકટ સંબંધ રાખ્યો છે, તેનો ત્યાગ કરવો પ્રમાણ નથી.

જેમ એક જંગલી પુરૂષ આચાર્ય મહા પુરૂષની પાસે આવ્યો, ત્યારે તેમણે પૂછ્યું કે તમારૂં ઉંટ ક્યાં છે? ત્યારે તેણે કહ્યું કે ભરોસો રાખીને જંગલમાં છોડી દીધું છે. ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "પગ બાંધીને ભરોસો કેવો" પણ જ્યારે કોઇને કોઇ મનુષ્યથી કષ્ટ પહોંચે ત્યારે તેનું સહેવું એજ ભરોસો છે. જેમ ભગવતે પણ કહ્યું છે કે "જ્યારે કોઇ મનુષ્યથી તમને દુ:ખ પહોંચે ત્યારે ભરોસો કરીને તેના દુ:ખને સહેવું પ્રમાણ છે પણ જ્યારે કોઇ સિંહ અથવા સર્પ આવી પડે ત્યારે તેનાથી દૂર રહેવું પ્રમાણ છે. જ્યારે શસ્ત્ર શત્રુને નિવૃત્ત કરવાને નિમિત્તે રાખે પણ આશરો શસ્ત્રોપર ન રાખે તથા બારણાને તાળુ વાસે તો તાળાપર પ્રતીતિ ન રાખે પણ શ્રી રામ કૃષ્ણપર ભરોસો રાખે શાથી કે તાળાં તોડીને પણ કેટલાક ચોર વસ્તુ લેઇ જાય છે ભરોસાવાળાનું લક્ષણ એ છે કે જ્યારે ઘરમાંથી ચોર વસ્તુ લેઇ જાય, ત્યારે શ્રી રામ કૃષ્ણજીની આજ્ઞા જાણીને પ્રસન્ન રહે છે. જેમ ઘરના દરવાજાને તાળું દે ત્યારે હૃદય વિષે એવું કહે કે હે મહારાજ મેં એટલા માટે તાળું નથી દીધું કે તારી આજ્ઞાથી વિપર્યય થાય અને જે તારી આજ્ઞામાં મારૂં ધન કે સામગ્રી કોઈ બીજાની જીવીકા છે, તોપણ હું પ્રસન્ન છું શાથી કે અમારૂં ભલું એમાં થશે જેમ તેં એવું ધાર્યું હોય તો. પણ જ્યારે તાળું દેઇને જાય અને પછી ઘેર આવે અને જુએ કે ઘરનું બારણું ઉઘાડું થયું છે, અને સામગ્રી રહી નથી તેથી કરીને શોકવાન્ થાય ત્યારે જાણે કે ભરોસો પૂર્ણ નથી એ પણ મનનો છળ હતો. પણ જ્યારે ઘરની સામગ્રી જાય અને મુખથી કંઈ કોઈની પાસે કહે નહિ તો તે સંતોષવાનો વિષે ગણાય છે ભરોસાવાન્ થતો નથી વળી જ્યારે મુખેથી પણ કંઈ કહેવા લાગે અને ચોરની તપાસ કરે, ત્યારે સંતોષ અને ભરોસો એ બેથી પડે છે. જ્યારે જાણી લે કે હું ભરોસાવાન્ નથી ને ધૈર્ય કે સંતોષવાન્ નથી ત્યારે આ ગુણ તો હોય છે કે ચોરના સંબંધે કરીને અભિમાન થતો

નથી. વળી જ્યારે કોઇ એવું પ્રશ્ન કરે કે જો એને તે ધનની કંઇ ઇચ્છા નહોતી તો ઘરને તાળું દેત નહિ તે જ્યારે રક્ષા અને ઇચ્છા તે ધનની એને હતી ત્યારે વસ્તુના જવાથી શોકવાન્ શા માટે ન થાય ? ત્યારે તેનો ઉત્તર એ છે કે શ્રી રાઘવજીએ એને ધન આપ્યું છે. તે જ્યાં સુધી એની પાસે રહે ત્યાં સુધી તે જાણે કે મારી ભલાઈ આ ધનમાં છે કેમ કે શ્રી કૃષ્ણ મહારાજે મારા ભલાને સારૂ મને આપ્યું છે. અને જ્યારે ધન જાય ત્યારે જાણે કે મારી ભલાઈ એના વિષે શ્રી કૃષ્ણ મહારાજે જાણી છે તેથી શ્રી કૃષ્ણ મહારાજે લેઇ લીધું છે તેથી બેઉ અવસ્થા વિષે પ્રસન્ન રહે અને પ્રતીતિ દૃઢ રાખે શ્રી રામ કૃષ્ણ જે કંઇ કરે છે તેમાં મારૂં ભલું હોય છે. અને તે વાર્તા શ્રી કૃષ્ણ મહારાજજ ભલી પ્રકારે જાણે છે હું જાણતો નથી. તે પર આ દૃષ્ટાંત છે.

જેમ કોઇ રોગી હોય, અને વૈદ્ય અતિ દયાળુ હોય, તે તેને બળદાયક આહાર આપે, તોપણ પ્રસન્ન થઇને ખાય છે, અને જાણે છે કે તેમણે મને આરોગ્ય જાણ્યો છે, ત્યારે બળદાયક આહાર આપ્યો છે અને જ્યારે એવો આહાર ન આપે ત્યારે એમ જાણે કે એમણે રોગી જાણીને ન આપ્યો. પણ જ્યારે એ પ્રકારે પ્રતીતિ દૃઢ ન હોય ત્યારે તે ભરોસો નહિ એમજ વ્યર્થ વચન કહે છે.

ભરોસાની યુક્તિનું વર્ણન.

ભરોસાવાળામાં છ યુક્તિ જોઇએ.

(૧) પ્રથમ એ કે પોતાના ઘરનાં બારણાં જો બંધ કરે તો ઘણાં જંજીર અને તાળાં ન વાસે અને પડોસિયોને પણ ઘણું ન કહે કે તમે સરત રાખજો સહજ રીતીથી તાળું વાસે.

એક ભરોસાવાળા ગૃહસ્થ કમાડને ધાગો બાંધીને જતા હતા અને કહેતા હતા કે જો કૂતરાનો ભય ન હોત તો હું દોરડો પણ બાંધત નહિ.

(૨) બીજી યુક્તિ એ છે કે કોઇ અધિક મૂલ્યવાળી વસ્તુ ઘરમાં ન રાખે કે ચોરને તેની ઇચ્છા થાય.

એક ભરોસાવાનની પાસે કોઇ ધનવાળાએ કંઇ રૂપિયા મોકલ્યા હતા ત્યારે તેણે લીધા નહિ અને કહેવા લાગ્યા કે એ ધન વડે મનમાં એ સંકલ્પ થાય છે કે ચોર લેઇ જશે, ત્યારે પાપમાં પડાય છે. તેથી હું એવું ઇચ્છતો નથી. આ વાર્તા એક બીજા સંતે સાંભળી, ત્યારે કહેવા લાગ્યા કે એ એની વાત ભરોસાની નિર્બળતાની છે. શાથી કે તે વૈરાગ્યવાન્ હતા. જ્યારે ચોર લેઇ જાત ત્યારે તેમને શો ભય હતો આ વાર્તા તો ઉત્તમ ભરોસાની છે.

(૩) ત્રીજી યુક્તિ એ છે કે જીજ્ઞાસુ જયારે ઘરમાંથી બહાર નીકળે ત્યારે આ મનસા રાખે કે જયારે ચોર લેઈ જાય અને પછી ન આપે ત્યારે મેં તેનાપર કૃપા કરી કેમ કે જયારે તે ચોર અર્થી છે, ત્યારે તેનો અર્થ પૂર્ણ થયો અને જો ધનવાન્ છે તોપણ આ ભલાઇ થઇ કે બીજાઓનું ધન તેણે ન લીધું તેથી અમારૂં ધન બીજાપર ઓળ ગોળ કર્યું. એ વાત મોટી દયાળુતાની છે ચોર ઉપર પણ અને બીજાપર પણ શ્રી કૃષ્ણ મહારાજની આજ્ઞા તો અવશ્યજ થવાની હતી પણ તેને પોતાની ભાવના પ્રમાણે મોટો લાભ થયો કે એક દામનું હજાર ઘણું ફળ થાય છે.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે જયારે કોઇ ભગવતને અર્થે શરીર દેવા જાય, ત્યાર પછી તેનું શરીર છૂટે અથવા રહે તોપણ તેને તે ભાવનાનું ફળ થાય છે શાથી કે તેની ભાવના શીશ દેવાની હતી.

(૪) ચોથી યુક્તિ એ છે કે જયારે કોઇનું ધન જાય ત્યારે શોક ન કરે અને જાણે કે મારૂં ભલું એમાં હતું. જયારે એમ કહે કે શ્રી શ્રી કૃષ્ણાર્પણ ત્યારે તેનો તપાસ પણ ન કરે, અને તે જયારે ફરી આપે તોપણ

અંગીકાર ન કરે કદાપિ અંગીકાર કરે તોપણ વસ્તુ તેની હતી તેથી તેને દોષ ન લાગે. પણ ભરોસાના પદમાં ફરી લેવું એ શોભિત નથી.

એક સંતની ગાય ચોર ચોરી ગયા ત્યારે તેમણે તપાસ કરી પણ જોવામાં આવી નહી ત્યારે કહેવા લાગ્યા કે ભગવત્ નિમિત્તે થઇ. અને પછી ભજન કરવા લાગ્યા પછી કોઈ પુરૂષે આવીને કહ્યું કે તમારી ગાય અમુક સ્થાનમાં છે ત્યારે ઉઠીને ઉભા થયા પછી વિચારીને કહેવા લાગ્યા કે હું ભૂલ્યો છું કેમ કે મેં તો ભગવત્ નિમિત્તે કરી હતી ત્યારે હવે હું શા માટે જાઉં છું ? પછી જવાનું છોડી દીધું.

એક પ્રતિમાને કહ્યું છે કે મેં ધ્યાનના અનુભવમાં મારા એક પ્રીતમને સ્વર્ગમાં જોયો કે તે શોકવાન્ છે. ત્યારે મેં તેને પૂછયું કે "તમે શોકવાન્ કેમ છો ?" ત્યારે તેમણે કહ્યું કે આ મારો શોક અમાપ છે એટલા માટે કે પ્રથમ દેવતાઓએ મને સ્વર્ગમાં ઉત્તમ સ્થાન દેખાડયાં હતાં જેનાથી ઉંચું બીજું કોઇ નહોતું. જ્યારે હું ત્યાં જવા લાગ્યો ત્યારે મને જવા દીધો નહિ શાથી કે એ સ્થાન તેને પ્રાપ્ત થાય છે, કે જે પોતાનાં વચનોનો નિભાવ પણ કરે છે. તે પ્રમાણે તેણે પોતાનાં વચનોનો નિભાવ કર્યો અર્થાત્ તમે કોઇ પદાર્થ ભગવત્ અર્થે કહ્યો હતો તે ફરીને તેનો તમે અંગીકાર કર્યો તે જ્યારે તમે અંગીકાર ન કરત, ત્યારે તમને અહીં સ્થાન મળત.

એક માણુસની રૂપિયાની કોથળી તે સુતો હતો તેવામાં કોઇએ લેઈ લીધી, જ્યારે તે જાગ્યો ત્યારે ખોળવા લાગ્યો, જયારે ન જડી ત્યારે એક ભજનવાનને કહેવા લાગ્યો કે તમે મારી થેલી લાવ્યા છો ? ત્યારે તે ભજનવાન્ તેને પોતાના ઘરમાં લેઇ આવ્યા અને તેને પૂછયું કે તારૂં ધન કેટલું હતું ? તેમાં જેટલું તેણે કહ્યું તેટલુંજ આપી દીધું જ્યારે તે ત્યાંથી લેઇને બહાર આવ્યો ત્યારે કોઇએ કહ્યું કે તમારી કોથળી તમારા મિત્રે હાંસી કરીને લેઇ લીધી હતી, ત્યારે તે પુરૂષ તે રૂપિયા ભજનવાનની પાસે પાછા લાવ્યો ત્યારે તે ભજનવાને અંગીકાર ન કર્યા અને કહેવા લાગ્યા કે મેં તો શ્રી કૃષ્ણાર્પણ

કહીને આપ્યા હતા. તેથી હું તે વાત ફેરવી શકતો નથી પછી તે પુરૂષે કહ્યું કે મારી કોથળી મળી ગઇ હવે હું તમારી પાસેથી શી રીતે દંડ લેઇ શકું ? છેવટે બેઉએ તે થેલી અંગીકાર કરી નહિ. અને અર્થીયોને વહેંચી આપી.

એ પ્રકારે જ્યારે કંઇ ભોજન કોઇ અર્થીને નિમિત્તે કર્યું હોય અને તેની પાસે લેઇ જાય અને તે અર્થી ચાલ્યા ગયા હોય ત્યારે તે ભોજન પાછું પોતાના ઘરમાં લાવવું પ્રમાણ નથી પણ કોઇ બીજા અર્થીને આપી દેવું.

(૫) પાંચમી યુક્તિ એ કે જેણે કોઇ જીજ્ઞાસુનું ધન અને સામગ્રી હરી લીધાં હોય તેને તે નિમિત્તે શાપ દે નહિ. કેમકે શાપ દેવાથી ભરોસો અને વૈરાગ્ય બેઉ નષ્ટ થઇ જાય છે.

એ ઉપર એક વાર્તા છે કે એક સાધુની એક દુઝણી ગાય કોઇએ ચોરી લીધી હતી ત્યારે તે સાધુ કહેવા લાગ્યા કે ગાયને જ્યારે ચોર લેઈ જતા હતા ત્યારે મેં જોયા હતા; ત્યારે લોકોએ પૂછ્યું કે તમે તેમને કેમ ન કાઢ્યા ત્યારે તે સાધુએ કહ્યું કે " હું તે વખત ભજનના રસમાં મગ્ન હતો, તેથી મેં કંઇ કહ્યું નહિ તે સાંભળીને લોકો ચોરને ખરાબ આશીષ દેવા લાગ્યા. ત્યારે સાધુએ કહ્યું કે તમે એને ખરાબ વચન કહેશો નહિ શાથી કે મેં તેને બક્ષિસ કરી છે.

પછી લોકોએ કહ્યું કે તમે એવા તામસી પુરૂષને શાપ દેવા દેતા નથી ? ત્યારે સાધુએ કહ્યું કે તેણે પોતાના ઉપર અન્યાય કર્યો છે, મારા ઉપરતો નથી કર્યો ? તેને પોતાની ભુંડાઇજ ઘણી છે (ગનીમત છે) અમે એને શું કહીએ ?

એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે જે પોતાના શત્રુને શાપ દેછે, ત્યારે પોતાની ભલાઇનો બદલો લેઇ લેછે.

(૬) છઠ્ઠી યુક્તિ એ છે કે જ્યારે હૃદય વિષે શોક લાવે તો તે ચો-

રને નિમિત્તે શોક કરે કે આ બુરાઇ જે એનાથી થઇ છે, એ પાપે કરીને તેનો દંડ થશે. વળી ધન્યવાદ કરે કે મારૂં ધન અને સામગ્રી તેને બીજાએ લીધાં છે મેં તો કોઇનું કંઇ લીધું નથી ? તેથી મારા ધન વિષે આ વિઘ્ને થયું છે, મારા ધર્મ વિષે તો વિઘ્ન થયું નથી ? તેથી જ્યારે કોઇથી પાપ થઈ ગયું અને તે હૃદય વિષે કલેશ ન કરે કે મારાથી ભુંડું થયુ છે, તો પરલોક વિષે દંડનો ભાગી થશે.

એ ઉપર એ વાર્તા છે કે એક સાધુનું વસ્ત્ર કોઇએ ચોરાવ્યું હતું, ત્યારે તે સાધુ રૂદન કરવા લાગ્યા, ત્યારે કોઇએ પૂછયું કે "તમે વસ્ત્રને નિમિત્તે રૂદન કરો છો ?" ત્યારે સાધુએ કહ્યું કે "મને ચોરપર દયા આવે છે, કે જ્યારે તે પરલોક વિષે જશે ત્યારે તેને પૂછશે તો તે શો ઉત્તર આપશે ?

ભરોસાનું ઔષધ કરવું અને વિઘ્ન કર્ત્તાને દૂર કરવો તેના ચોથા પદનું વર્ણન.

એના પણ ત્રણ પ્રકાર છે.

(૧) પ્રથમ એકે ભૂખને નિવૃત્ત કરવી એ અવશ્યમેવ છે, તે ભોજને કરીને થાય છે અને તૃષાને નિવૃત કરવાનું જળે કરીને થાય છે. અને જ્યારે અગ્નિ લાગે ત્યારે તેનાપર જળ રેડવું, તો એનો ત્યાગ કરવો એ ભરોસો થતો નથી એ વાત પ્રમાણ છે.

(૨) બીજું એ જે અવશ્ય પણ ન હોય અને અવશ્યનેજ નિકટ કદાચિત્ કિંચિત્ હોય જેમ મન્ત્ર યન્ત્ર અને કામણ થાય છે. તો એનું ત્યાગવું એજ ભરોસો છે.

(૩) ત્રીજું એના મધ્ય વિષે છે જેમ ફસ ખોલવી, જુલાબ લેવો, ગરમીના રોગની ઔષધી શરદ કરવી અને શરદીના રોગની ગરમ કરવી તો

એનો ત્યાગ કરવો પ્રમાણ નથી. અને એનું કરવું એ ભરોસાની યુક્તિ પણ નથી.

કેટલાક અવસર વિષે ન કરવાથી કરવું વિશેષ છે, અને કેટલાક સમય વિષે ન કરવું વિશેષ છે.

એ ઉપર આચાર્ય મહાપુરૂષની સાક્ષી છે, તે "કહેવું અને કરવું કરવાથી છે" તેમાં કહેવું એ છે કે તેમણે કહ્યું હતું કે હે જીવો શ્રી રામ કૃષ્ણજીની રચેલી ઔષધીને અવશ્ય કરો કેમકે કાળ મૃત્યુના વિના એવો કોઇ રોગ નથી કે જેની ઔષધી ન હોય પણ કોઈ જાણે છે ને કોઇ નથી જાણતું ત્યારે લોકોએ પૂછયું કે "ઔષધી અને મંત્ર શ્રી રામ કૃષ્ણજીની આજ્ઞાને દૂર કરી શકે છે" ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "એ પણ રામ કૃષ્ણની રજાથી છે? અને રૂધિરનો વિકાર વધારવો એ પણ તમારો નાશ કરનાર છે. શ્રી કૃષ્ણ મહારાજની આજ્ઞાથી આ વાર્તા અપ્રમાણ નહિ. રૂધિરને કાઢવું અને સર્પને દૂર કરવો, અગ્નિને નિવૃત્ત કરવો ઇત્યાદિક ન કરે તે એનો વિનાશ કરનારાં છે, કેમ કે એ ન કરવું એ ભરોસો કહેવાતો નથી.

એ ઉપર એક મિલાપીને આચાર્ય મહા પુરૂષે કહ્યું હતું કે શરીરમાં રૂધીર વધ્યું છે માટે પોતાનું રૂધિર કઢાવો વળી એક બીજાની આંખોને દરદ હતું તેને કહ્યું કે ખજુર, ગોળ વગેરે ગરમ પદાર્થ ન ખાશો અને ઠંડો આહાર રાખો. તેમની રહેણી એ હતી કે તેઓ નેત્રામાં અંજન નિત્ય પ્રતિ નાંખતા હતા, પ્રતિ વર્ષ રૂધિર વધે તો તે પણ કઢાવતા હતા, અને જુલાબ પણ લેતા હતા અને જયારે હાથ, પગ અને માથાને કંઈ દુઃખ થતું ત્યારે ઔષધિ કરતા હતા.

એ ઉપર એક વાત છે કે એક સંતને કંઇ રોગ થઇ આવ્યો, ત્યારે લોકોએ કહ્યું કે એ રોગની ઔષધી અમુક છે. અને અમે આગળ પણ કર્યું છે, તમે કરો ત્યારે સંતે કહ્યું કે હું ઔષધી કરતો નથી. પછી જ્યારે તે રોગ અધિક થયો, ત્યારે લોકોએ કહ્યું કે એનું ઓષડ પ્રકટ છે તમે કરો, ત્યારે સંતે કહ્યું કે "ગમે તો એ રોગ અમને રહે પણ ઔષધ નહિ કરીએ

ત્યારે તે સંતને ભગવતની આકાશવાણી થઈ કે " હું પોતાની પ્રતિજ્ઞા કરીને કહું છું કે જ્યાં સુધી તું ઔષધિ નહિ કરૂં ત્યાં સુધી આ રોગ નિવૃત્ત થશે નહિ. પછી તે સંતે ઓષધ કર્યું અને રોગ મટયો. પછી તે સંતના હૃદય વિષે કંઇ સંશય આવ્યો, ત્યારે આકાશવાણી થઈ કે આ વનસ્પતિયો વિષે મેં જે શક્તિ રાખી છે, અને એ ઔષધિયોમાં ગુણ રાખ્યો છે તે તું પોતાના ભરોસાવડે કરીને દૂર કરવાને ઇચ્છે છે.

એક સાધુએ શ્રી કૃષ્ણ મહારાજની આગળ પ્રાર્થના કરી હતી કે મારૂં શરીર નિર્બળ છે. ત્યારે તેને આકાશવાણી થઈ કે દૂધ ઘી આદિક બળદાયક આહાર ખાઓ.

તાત્પર્ય એ કે ઔષધિ કરવી એ રોગને નિવૃત્ત કરવો છે. જેમ ભૂખ અને તૃષાને નિવૃત્ત કરવાને જળ અને અનાજ છે તેમજ ઔષધી પણ છે. પણ હૃદયની પ્રતીતિ શ્રી રામકૃષ્ણપર રાખે.

એક બીજા સંતે મહારાજની પાસે વિનતી કરી હતી કે " રોગ અને આરોગ્યતા કોની પ્રેરણાથી થાય છે ? " ત્યારે આજ્ઞા થઈ કે " બેઉ મારી તરફથી છે." પછી પ્રાર્થના કરી કે " પછી વૈદ્ય શા કામમાં આવે છે ? " ત્યારે આજ્ઞા થઇ કે તેની જીવિકા એ પ્રકારે રચી છે. " અને મારા જીવોને ધૈર્ય દે છે. તે ભરોસો તે બાબતમાં હૃદયની સમજ અને અવસ્થાએ કરીને થાય છે. કે હૃદયની પ્રતીતિ શ્રી રઘુનન્દનજીપર રાખે ઔષધિયોપર ન રાખે. શાથી કે કેટલાક લોક ઔષધિ પણ ખાય છે, અને મરે છે. પણ ડામ દેવો એ ભરોસાને પાડી નાંખે છે. અને ડામ દેવો એ કાંઇ રોગની નિવૃત્તિના નિમિત્તે પ્રમાણ નથી શાથી કે ડામ દેવાથી ઘણું કષ્ટ થાય છે. અને ઔષધિ ખાતાં તેમ થતું નથી.

કયા કયા અવસરોમાં ઔષધિ ન ખાવી એ પ્રમાણ છે, અને આચાર્ય મહા પુરૂષનાં વચન અને કૃતિથી વિપર્યય પણ નહિ તેનું વર્ણન

કેટલાક સંતજનોએ ઔષધી પણ કરી નથી. પણ જ્યારે કોઇ આ પ્રમાણે કહે કે જો ઔષધી ન કરવી એવું પ્રમાણ હોત તો આચાર્ય મહા પુરૂષ ઔષધી કરત નહિ. પણ તેમણે તો ઔષધ કર્યું છે. ત્યારે તેનો ઉત્તર એ છે કે ઔષધ ન કરવામાં પણ છ કારણો હોય છે.

(૧) પ્રથમ એ કે જેણે એ વાત પ્રત્યક્ષ જાણી છે કે મૃત્યુ મારી નિકટમાં આવ્યું છે, ત્યારે તે ઔષધ ખાતો નથી.

જેમ એક સંત રોગી થયો હતો, ત્યારે લોકોએ કહ્યું કે વૈદ્યને કેમ બોલાવતા નથી? ત્યારે તેમણે કહ્યું કે "વૈદ્ય મને છે." એનું કારણ એ કે પોતાનું મોત તેણે જાણ્યું હતું કે મોત પાસે આવ્યું છે.

(૨) બીજો પ્રકાર એ કે જે રોગી જન પરલોકના માર્ગના ભય વિષે હૃદયને લગાડી રાખે છે તેથી ઔષધીની તરફ હૃદય દેતો નથી.

એ ઉપર વાર્તા છે કે એક સાધુને રોગના સમય વિષે કોઇએ રોતા જોઇને પૂછ્યું કે તમે શા માટે રૂદન કરો છો? અને તમારી શી ઇચ્છા છે? ત્યારે તેમણે કહ્યું કે "શ્રી સીતારામજીની દયા ઇચ્છું છું." પછી લોકોએ કહ્યું કે "વૈદ્યને બોલાવીએ ત્યારે તેણે કહ્યું કે વૈદ્યેજ મને રોગી કર્યો છે.

એક બીજા સાધુની આંખોને પીડા હતી. ત્યારે લોકોએ કહ્યું કે "ઔષધ કરતા નથી?" ત્યારે તેમણે કહ્યું કે "ઔષધીથી એક ઉત્તમ ક્રિયા વિષે લાગ્યો છું. તો એનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇને રાજાની પાસે પકડીને લેઇ જાય અને તેને રાજાની શિક્ષાનો ઘણો ભય હોય, પછી તે અવસર વિષે કોઇ તેને કહે કે ભોજન કરી લે ત્યારે તે પુરૂષ કહે છે કે મને ભોજનની રૂચી

શી રીતે થાય ? મને તો શિક્ષા થાય છે. તેનું એ કહેવું યથાર્થ છે. તેમજ જે પુરૂષ પરલોકના ભય વિષે રહે છે. તે ઓષધી કરવાનું ભૂલી જાય છે.

એક સંતને કોઇએ પૂછયું કે તમારો શું આહાર છે ? ત્યારે તેમણે કહ્યું કે શ્રીરામ કૃષ્ણનું નામ સ્મરણ મારો આહાર છે. પછી લોકોએ કહ્યું કે અમે તમારૂં બળ પૂછીએ છીએ. ત્યારે તેમણે કહ્યું કે "શ્રી રઘુનન્દનના અનૂપ રૂપનો વિચાર અમારૂં બળ છે." પછી લોકોએ કહ્યું કે "અમે અન્નનો આહાર પૂછીએ છીએ." ત્યારે તેમણે કહ્યું કે એ વાર્તા શ્રી રાઘવજી સર્વ વિશ્વંભરપર રાખો.

(૩) ત્રીજો પ્રકાર એ છે કે રોગ ઘણા દિવસનો હોય અને રોગી જાણતો હોય કે ઓષધિ ખાવા વિષે સંશય છે. કે રોગ દૂર થાય. અથવા ન થાય. શાથી કે વૈદકના જ્ઞાતા પણ નથી.

જેમ એક અનુરાગીને રોગ થયો અને તેમણે ધાર્યું કે ઓસડ કરૂં, પણ આ વિચાર ઉપજ્યો કે આગળ પણ કેટલા એકે રોગનું ઔષધ કર્યું છે, અને તેમનાં શરીર છુટી ગયાં છે. ત્યારે હું શા માટે ઓષધ કરૂં ? તેમની દૃષ્ટી પ્રત્યક્ષ વાતપર હતી.

(૪) ચોથો પ્રકાર એ કે રામાનુરાગી એ પ્રમાણે નથી ઇચ્છતો કે મારો રોગ નિવૃત્ત થાય. શાથી કે રોગે કરીને મને લાભ થશે. અને બીજી મારા ધૈર્યની પરીક્ષા થશે.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે શ્રી રઘુનાથજી પોતાના દાસોની રોગ વિષે પરીક્ષા લે છે. જેમ સુવર્ણની પરીક્ષા અગ્નિ વિષે લેવાય છે. તેમાં જે સોનું ખરૂં હોય છે, તે નિર્મળ હોય છે. અને જે ખોટું હોય છે, તે કાળું થઇ જાય છે, તેમજ સાચો અનુરાગી રોગના અવસરમાંથી સારી રીતે નીકળે છે, અને કાચો માણસ શ્રીરામજીને ઠપકો દે છે. જેમ એક સાધુ બીજાઓને રોગનું ઔષધ બતાવતા હતા અને પોતે ઔષધી ખાતા નહોતા.

અને કહેતા હતા કે "રોગ સહીત બેશીને ભજન કરવું મને પ્રીતમ છે. અને અરોગ થઈને ઉભો રહીને ભજન કરૂં" એ પ્રીતમ નથી.

(૫) પાંચમો પ્રકાર એ છે કે જો કોઇ જાણે કે મેં ઘણાં પાપ કર્યા છે, અને આ રોગ મારાં પાપોનું પુરશ્ચરણ થાય છે. ત્યારે તે ઓષધી કરતો નથી.

જેમ આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે "મનુષ્યને જે રોગ આવે છે તે તેનું પાપ દૂર કરે છે. અને તે વીજળીની પેઠે શુદ્ધ થાય છે.

એ ઉપર એક સાધુએ કહ્યું છે કે "જેના ઉપર રોગ આવે અને તે પ્રસન્ન ન થાય, ત્યારે જાણવું કે એ વાર્તાને એણે ભલી પ્રકારે જાણી નથી. કે રોગે કરીને મારાં પાપ ક્ષય થાય છે.

એક સંતે એક રોગીને જોયો અને શ્રીકૃષ્ણ મહારાજ પાસે પ્રાર્થના કરી કે હે સ્વામિન એના ઉપર દયા કેમ કરતા નથી? ત્યારે આકાશ વાણી થઇ કે "એના ઉપર એજ મારી દયા છે. કે જેથી રોગે કરીને એનાં પાપ ક્ષીણ થતાં જાય છે અને એનું પદ ઉત્તમ થતું જાય છે.

(૬) છઠ્ઠો પ્રકાર એ કે રોગી એમ જાણે જે શરીરની આરોગ્યતાએ કરીને વિષયોનું સુખ અને અચેતતા થાય છે. અને શ્રી રઘુનંદનજીથી મનમુખતા થાય છે. અને રોગે કરીને મારી અચેતતા દૂર થાય છે, તેથી મારૂ હૃદય શ્રી સીતારામજીની તરફ રહે છે. અને શ્રી રઘુનાથજી જેનું ભલું ઇચ્છે છે, તેને રોગોની સાથે સચેત કરે છે. એ ઉપર સંતજનોએ કહ્યું છે કે અનુરાગી જન ત્રણ વાર્તાથી ખાલી હોતા નથી (૧) નિર્ધનતાઇ (૨) બીજો રોગ (૩) અપમાન.

જેમ આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે, કે શ્રીકૃષ્ણ મહારાજે એમ કહ્યું છે કે નિર્ધનતાઈ અને રોગ મારૂં બંધન છે, તેથી જેને હું વહાલો થાઉં છું તેને તે બંધનમાં નાંખું છું. તેથી આરોગ્યતા પાપોનું કારણ અને રોગ વિષે આ જીવની ભલાઈ છે.

એ ઉપર એક સાધુએ કોઇને પૂછયું હતું કે તમારી શી ખબર છે?" ત્યારે તેણે કહ્યું કે કુશળ છે. ત્યારે સંતે કહ્યું કે જે દિવસે પાપ ન થાય તે દિવસે કુશળ સુખ થાય છે. અને જયારે પાપ કરીએ ત્યારે શાનું સુખ છે?

એક રાજાએ પોતાને ઇશ્વર કહ્યો હતો તેનું કારણ એ હતું કે તેનો આવરદા ચારસો વરસનો થયો હતો છતાં તેને કંઇ રોગ પણ ન થયો, તેથી તે પોતાને ઇશ્વર માનવા લાગ્યો, પણ જયારે એક ક્ષણ પણ તેને રોગ થયો હોત, ત્યારે એવો અભિમાની ન થાત આ મનુષ્ય એક બે વાર રોગી થાય છે છતાં પાપોનો ત્યાગ કરતો નથી ત્યારે તેને ધર્મરાય કહે છે કે "હે અચેત મેં તને રોગરૂપી સંદેશો મોકલ્યો હતો, અને તેં સાંભળ્યો કેમ નહિ.?

એ ઉપર એક સંતજને કહ્યું છે કે હરિભક્ત ચાળીસ દિવસ વિષે આટલી વાતોથી ખાલી ન રહે. શોક, રોગ, ભય અથવા કોઇ ધનનું વિઘ્ન એ ચારેમાંથી કોઇ થાય તો ભલું છે.

એ ઉપર વાર્તા છે કે એક દિવસ આચાર્ય મહા પુરૂષની પાસે કોઇ રોગની ચર્ચા ચલાવતા હતા, ત્યારે એક મનુષ્યે કહ્યું કે "એ કેવી વાર્તા છે? અમે તો રોગને જાણુતા પણ નથી." ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "મારાથી વેગળો જા" અને કહેવા લાગ્યા કે જો કોઇ નારકીને જોવો હોય તો એના તરફ જુઓ.

એક દિવસ એક મહા પુરૂષની સ્ત્રીએ પૂછયું કે સ્વામીજી જે પુરૂષ શ્રીરામ હેતુ શીશ અરપે તેના પદને કોઇ પામે છે?" ત્યારે તે મહા પુરૂષે કહ્યું કે "જે પુરૂષ એક દિવસમાં વીસવાર મોતને મનમાં વિચારે તે એ પદને પામે છે. તો એ વાર્તાનું ચિંતવન રોગી કરે છે એમાં સંશય નથી.

ઓષધ ન કરવાનાં છ કારણોનું વર્ણન.

ઘણા પુરૂષોએ એ છ કારણોએ કરીને ઓસડ કર્યું નથી. અને આચાર્ય મહા પુરૂષ એ છ વાતોથી ઉલ્લંઘિત થયા હતા. એ કારણથી ઓસડ કરતા હતા કે બીજા લોક પણ એ રીતે વરતે. તાત્પર્ય એ કે પ્રત્યક્ષ ઉપાયોનો ત્યાગ કરવો ભરોસાને ખંડિત કરે નહિ.

એક મહા પુરૂષના પ્રીતમ હતા તે કોઈ દેશ તરફ ગમન કરવા લાગ્યા ત્યારે આગળ જતાં કોઇએ કહ્યું કે એ દેશમાં રોગ ઘણો છે અને ઘણા લોક મૃત્યુ પામે છે ત્યારે કોઇએ કહ્યું કે જવું ભગવત્‌ની આજ્ઞામાં ભય કરવો નહિ, અને કોઇએ કહ્યુ કે ન જવું ત્યારે આચાર્ય મહા પુરૂષના પ્રીતમે કહ્યુ ભગવત્‌ની આજ્ઞાએ કરીનેજ ભગવતની આજ્ઞાથી નાસવું પ્રમાણ છે. ત્યારે એક બીજા પ્રીતિમાનને પૂછયું કે તમે આચાર્ય મહા પુરૂષનો સત્સંગ ઘણો કર્યો છે તમે તેમનો મત એ વિષે સંભળાવો ત્યારે તે પ્રીતિમાને કહ્યું કે " એક દિવસ આચાર્ય મહા પુરૂષે એવું કહ્યું હતું કે " જો જો એક જંગલ વિષે લીલું ઘાસ હોય અને એક જંગલ સુકું હોય, ત્યારે લીલી ઘાસનાં જંગલ વિષે ગોવાળ પશુઓને ચરાવવા લેઈ જાય છે તે પ્રમાણ છે. પણ સુકા જંગલ વિષે લેઇ જવાં પ્રમાણ નથી. વળી આચાર્ય મહા પુરૂષે એમ પણ કહ્યું છે કે જ્યાં રોગે કરીને ઘણાં માણસ મરતાં હોય ત્યાં જવું એ પ્રમાણ નથી, પણ જ્યારે પ્રથમથી ત્યાં રહ્યા હોય ત્યારે ત્યાંથી નાસવું એ પણ પ્રમાણ નથી એ સાંભળીને તે પ્રીતિમાને કહ્યું કે સારૂં થયું જે મારી સમજ પણ આ-ચાર્ય મહા પુરૂષના કહેવા પ્રમાણે થઇ અને વિપર્યય ન થઇ ત્યારે તે સૌએ પ્રમાણ કર્યું કે ત્યાં ન જશો કહ્યું છે કે જ્યાં અધિક મૃત્યુ થતાં હોય, અને રોગની અધિકતા હોય અને કોઇ માણુસ આગળથી ત્યાં રહેતો હોય, ત્યારે ત્યાંથી તે જગ્યા છોડીને તેણે બીજે ન જવું એવું કહેવાનું કારણ કે જ્યારે એ ત્યાંથી બીજે જાય ત્યારે ત્યાંના લોકોની ખબર કયારે પણ તે લેશે નહિ.

અને તે દેશની હવા પણ એનામાં પ્રવેશ કરી જાય છે તેથી નાસવું વ્યર્થ છે કેમ કે જ્યાં જશે ત્યાં પણ રોગ ફેલાઇ જશે. માટે ત્યાંથી બીજે જવું પ્રમાણ નથી એટલા માટે કે જે પ્રમાણે રણમાંથી ભાગવામાં બીજા યોદ્ધાઓનું અને ઘાએલોનું મન તૂટી જાય છે તેમજ અહીં રોગીયોનું મન પણ તૂટી જાય છે કે હવે અમારી ચાકરી કરનારૂં પણ કોઇ રહ્યું નહિ. તે રોગીયોનું મરણ પણ અવશ્યજ થાય છે અને ભાગનારાઓ મૃત્યુથી બચી જાય એ સંશય વિષે છે.

તેથી જીજ્ઞાસુ તું જાણ કે રોગને પ્રગટ ન કહેવો એ લક્ષણ ભરોસાનું છે અને રોગને પ્રસિદ્ધ કરવો પ્રમાણ નથી. પણ કોઇ પ્રયોજને કરીને પ્રમાણ છે. જેમ વૈદ્યની પાસે રોગની વ્યથા કહેવી અથવા પોતાની દીનતા કહેવી કે જે અભિમાન અને મનની પ્રબળતાને ઘટાવે.

એક પ્રીતિમાન રોગીને લોકોએ પૂછયું કે આપ કુશળ છો? ત્યારે તેમણે કહ્યું કે ના, ત્યારે તે લોક વિસ્મય થયા ત્યારે તે પ્રીતિમાને કહ્યું કે ભગવત્‌ની સાથે પોતાનું બળ દેખાડવું એ પ્રમાણ નથી તેથી તેને એમ કહેવું પ્રમાણ છે કે જે બળ છતાં પોતાની દીનતા કરતા હતા એ કારણથી શ્રી રઘુનંદજી પાસે પ્રાર્થના કરતા હતા કે "હે મહારાજ મને આપ દયા કરીને એવું ધૈર્ય દેજો જે દુઃખ અને અપમાનને સહન કરૂં."

એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે "ભગવત્ પાસે ક્ષેમ કુશળ માગો દુઃખ ન માગો."

એવાં કારણોએ કરીને રોગને પ્રકટ કરવો પ્રમાણ છે, પણ જ્યારે એવું કારણ ન હોય ત્યારે કહેવું પ્રમાણ નહિ. પણ જ્યારે કહે ત્યારે પણ શ્રી રાઘવજીપર ગ્લાની ન રાખે પણ પોતે ગુહ્ય રાખે એ વિશેષ છે શાથી કે કહેવા વિષે અવશ્યજ કંઇ વધારે કહી બેસે છે. અને લોક જાણે છે કે આ નિંદા કરે છે તેથી ઠંડો શ્વાસ કાઢવો પણ પ્રમાણ નથી એ પણ ગ્લાનિ થાય

છે. વળી કેટલાક વૈષ્ણવો તો એવા થયા છે કે જ્યારે રોગી થતા હતા, ત્યારે ઘરનાં બારણાં બંધ કરી લેતા હતા કે કોઈ પૂછવા ન આવે.

સર્ગ નવમો.

પ્રીતિ, પ્રેમ અને શ્રી રામ કૃષ્ણજીની આજ્ઞાને માનવાનું વર્ણન.

હે જીજ્ઞાસુ તું એમ જાણે કે ભગવત્ ભક્તિ સર્વ અવસ્થાઓથી ઉત્તમ અવસ્થા છે અને સર્વ શુભ ગુણોનું ફળ એજ છે, શાથી કે પાપોનું ત્યાગવું એટલા માટે કહ્યું છે કે એથી કરીને હૃદય શુદ્ધ થાય છે. અને શ્રી રામ કૃષ્ણની ભક્તિ વિષે દ્રઢ થાય છે જેમ ત્યાગ, ભય, વૈરાગ્ય, સંતોષ અને બીજાં જે એના જેવા સર્વ શુભ ગુણ છે, તેણે કરીને શ્રી રામ કૃષ્ણની ભક્તિનો અધિકારી થાય છે વળી પ્રેમ અને શ્રી રામ કૃષ્ણજીની આજ્ઞા માનવી એ ભક્તિનું ફળ છે. આ પુરૂષની પૂર્ણતાઇ એ છે કે પોતાના હૃદય વિષે શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિ પ્રબળ થાય અને બીજા કોઈ પદાર્થની પ્રીતિ ન રહે અને જ્યારે પ્રીતિની એવી પ્રબળતાને પ્રાપ્ત થઇ શકે નહિ ત્યારે ઘટે છે કે બીજા પદાર્થોની પ્રીતિ કરતાં શ્રી રામ કૃષ્ણ વિષે પ્રીતિ અધિક થાય.

શ્રી રામ કૃષ્ણપરની પ્રીતિનું ઓળખાણ એવું કઠણ છે કે પ્રવર્તી પંડિત શ્રી રામ કૃષ્ણજીની પ્રતિને ઓળખતા પણ નથી અને એમ કહે છે કે પ્રીતિ તેની સાથે થાય છે કે જેનું રૂપ મનુષ્યના જેવું હોય અન્યથા થતી નથી તેથી તે પંડિત આ પ્રમાણે કહે છે, કે શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિનો અર્થ એ છે કે શ્રી રામ કૃષ્ણજીની આજ્ઞા માનવી. તેમાં જેનો નિશ્ચય એવો હોય ત્યારે જાણીએ કે તેને ધર્મના મૂળનું જ્ઞાન નથી, તેથી તેનું વર્ણન .

કરવું અધિક પ્રમાણ છે. એ કારણે કરીને પ્રથમ સંત જનોનાં વચનોની સાક્ષી સંયુક્ત શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિ પ્રમાણ કહીશું. વળી પ્રીતિનું રૂપ અને લક્ષણ કહીશું.

પ્રીતિની સ્તુતિનું વર્ણન.

હે જીજ્ઞાસ તું જાણ કે સર્વ સંતોનો મત એ છે કે શ્રી રઘુનંદનજીની સાથે પ્રીતિ કરવી એ અધિક પ્રમાણ છે અને એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે જે પુરૂષ મારી સાથે પ્રીતિ કરે છે, તેની સાથે હું પણ પ્રીતિ કરૂં છું. અને આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે સર્વ જીવોનો ધર્મ ત્યારે દૃઢ થાય છે કે જ્યારે સકળ પદાર્થોથી અધિક શ્રી રઘુનંદનની સાથે પ્રીતિ કરે અને શ્રી કૃષ્ણ મહારાજે પણ શિક્ષા કરીને કહ્યું છે કે " જ્યાં સુધી માતા, પિતા, પુત્ર, ધન, વ્યવહાર, મંદિર અને બીજી સર્વ સામગ્રી સાથે તમારી પ્રીતિ છે, ત્યારે નિઃસંદેહ જાણો કે પુષ્કળ દુઃખને પ્રાપ્ત થશો.

એક પુરૂષે આચાર્ય મહા પુરૂષને કહ્યું હતું કે હું શ્રી કૃષ્ણ મહારાજ અને શ્રી કૃષ્ણ મહારાજના પ્રીતમોને પ્રીતમ રાખું છું. ત્યારે તેમણે કહ્યું તારા ઉપર ઐહિક દુઃખ આવશે એમ જાણ.

એક વાર્તા છે કે એક સંતનો જીવ લેવાને ભગવતના દૂત આવ્યા ત્યારે તેણે કહ્યું કે કદી તમે જોયું છે ? કે કોઇ પ્રીતમનો જીવ કોઇ પ્રીતમે લીધો હોય ? ત્યારે સંતને આકાશવાણી થઇ કે તેં કદી જોયું છે કે પ્રીતમનાં દર્શનને માટે કોઇ પ્રીતમ ઇચ્છતો નથી ? અને પોતાનો જીવ પ્રીતમથી પ્યારો કરી રાખે છે ? એ સાંભળીને સંતે દૂતોને કહ્યું કે " હવે હું પ્રસન્ન છું મારો જીવ શિઘ્રજ કાઢી લ્યો.

આચાર્ય મહા પુરૂષ પણ આ પ્રમાણે પ્રાર્થના કરતા હતા કે " હે મહા-

રાજ અને આપની પ્રીતિ આપો અને આપના પ્રીતમોની પ્રીતિ પણ મને પ્રાપ્ત કરો. અને જે પદાર્થે કરીને હું તમારી પાસે હોઉં; તે પદાર્થની પ્રીતિ પણ મને આપો. અને જેમ ગ્રીષ્મ ઋતુ વિષે પ્યાસા પુરૂષને જળની સાથે પ્રીતિ થાય છે, તેથી પણ આપની અધિક પ્રીતિ મારા હ્રદય વિષે પ્રબળ થાય.

એક જંગલી પુરૂષ આચાર્ય મહા પુરૂષની પાસે આવીને પૂછવા લાગ્યો કે "હે મહારાજના પ્યારા પરલોકનો સમય કયારે આવશે ?" ત્યારે આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "પરલોકનું ભાથું તારી પાસે શું છે ?" ત્યારે તેણે કહ્યું કે "જપ તપ તો મેં ગહુ કર્યાં નથી પણ હું મહારાજને અને તેમના પ્યારાઓને પ્યારા રાખું છું." પછી આચાર્ય મહા પુરૂષે કહ્યું કે "આ લોક વિષે જેની સાથે કોઇની પ્રીતિ છે, તે પરલોક વિષે તેનેજ પ્રાપ્ત થશે.

એક બીજા સંતે કહ્યું છે કે જે પુરૂષે કેવળ શ્રી સીતારામજીની પ્રીતિનો રસ ચાખ્યો છે, તે સર્વ સંસારથી મુક્ત થયા છે અને તેઓ જગતના મેળાપને વિરસ જાણીને ત્યાગ કરે છે, અને તેમનું મન શ્રીકૃષ્ણ મહારાજની પ્રીતિ વિષે લીન થાય છે.

એક બીજા મહાત્માએ કહ્યું છે કે જે પુરૂષે શ્રીરામ કૃષ્ણને ઓળખ્યા તેની પ્રતિ શ્રીરામ કૃષ્ણની સાથેજ થાય છે. અને જે પુરૂષે માયાને છળરૂપ જાણી છે, તેણે માયાનો ત્યાગ કર્યો છે, અને જિજ્ઞાસુ જ્યાંસુધી શ્રીકૃષ્ણ મહારાજથી સચેત થતો નથી ત્યાં સુધી સ્થુળ પદાર્થોથી પ્રસન્ન થાય છે. અને જ્યારે માયાના છળોને વિચારીને દેખે છે. કે એનાથી રહિત થવું કઠણ છે, ત્યારે શોકવાન્ થાય છે.

એક મહા પુરૂષ એક સભા વિષે જઇ પહોંચ્યા અને તેમનાં શરીર બહુ ક્ષીણ જોવા લાગ્યા, ત્યારે તેમને પૂછયું કે "તમે આવા નિર્બળ કેમ થયા છો ?" ત્યારે તેમણે કહ્યું કે "અમે નરકોના ભયે કરીને નિર્બળ થયા છીએ." ત્યારે તે મહા પુરૂષે કહ્યું કે "નિઃસંદેહ મહારાજ તમને નરકોથી બચાવ શે."

ત્યાર પછી બીજી સભા વિષે ગયા અને તેમને તેમનાથી પણ અધિક નિર્બળ જોયા, પછી તેમને પૂછવા લાગ્યા કે "તમે આવી ક્ષીણતાને શા માટે પ્રાપ્ત થયા છો ?" ત્યારે તેમણે કહ્યું કે "અમે સ્વર્ગની ઇચ્છાએ કરીને ક્ષીણ થયા છીએ." પછી તે મહા પુરૂષે કહ્યું કે "ભગવત્ તમને નિઃસંદેહ સ્વર્ગનું સુખ આપશે. ત્યાર પછી આગળ એક બીજા સોબતીમાં ગયા અને તેમના શરીરને એ બેઉના કરતાં પણ અધિક ક્ષીણ જોવા લાગ્યા પણ તેમનું મસ્તક પ્રકાશે કરીને દર્પણવત્ મહા ઉજ્વળ હતું, પછી તેમને પૂછવા લાગ્યા કે તમે આ અવસ્થામાં શી રીતે પ્રાપ્ત થયા છો ? ત્યારે તેમણે કહ્યું કે "અમે શ્રીરામ કૃષ્ણજીની પ્રીતિએ કરીને ક્ષીણ થયા છીએ." ત્યારે આચાર્ય મહા પુરૂષ તેની પાસે બેશી ગયા અને કહેવા લાગ્યા કે તમે શ્રીકૃષ્ણ મહારાજના નિકટ વર્તિ છો અને મને શ્રીકૃષ્ણ મહારાજે તમારી સંગતિ કરવાની આજ્ઞા આપી છે.

એક સંતે કહ્યું છે કે જે જેના પંથ અથવા મત વિષે હશે તેને પરલોક વિષે તેના નામથી બોલાવવામાં આવશે. અને જે કેવળ શ્રી રઘુનંદનના પ્રીતમ છે તેમને "શ્રી રઘુનંદનના પ્યારા" કહીને બોલાવશે. ત્યારે તે શ્રી રઘુનંદનજ નચિત ચન્દનજીની પાસે આવશે અને તેમનું હૃદય પ્રસન્નતાએ કરીને નિર્મળ થશે.

શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું છે કે હું તમને સર્વ રીતે પ્રીતમ રાખું છું તેથી ઘટે છે કે તમે પણ મારી સાથે પ્રીતિ કરો.

પ્રીતિના રૂપનું વર્ણન.

જીજ્ઞાસુ તું જાણ કે આ શુદ્ધ નિર્વિકાર અમાયિક સ્વરૂપની પ્રીતિ એવી કઠણ છે કે કેટલાક પુરૂષોએ તેનો નકાર કર્યો છે. અને કહે છે કે ભગવતની સાથે પ્રીતિ કરવી અસંભવ છે. તેથી તેનો ખુલાસો કરવો એ અધિક પ્રમાણ છે. જો કે એમાં ઘણાં સૂક્ષ્મ વચન આવશે જે સૌ કોઇને સમજવાં કઠણ છે. પણ

હું દષ્ટાંતની સાથે એવાં પ્રસિદ્ધ કરી શકે જો કોઇ એમાં હૃદય દેશે તો સુગમજ તે સમજી લે તેમાં પ્રથમ પ્રીતિનું મૂળ ઓળખવું જોઇએ કે શું છે? અર્થ એ કે જે પદાર્થ પુરૂષને ઇષ્ટ હોય છે, તેના વિષે ચિત્તની વૃત્તિને ખેંચ થાય છે. અને તે ખેંચ જ્યારે દઢ થાય છે, ત્યારે તેને પ્રેમ કહે છે. અને વિપ્રીતનો અર્થ એ છે કે જે પદાર્થ અનિષ્ટ હોય છે, તેમાં ચિત્તની વૃત્તિ ગ્લાનિ પકડે છે. અને જે પદાર્થ વિષે ખેંચ તથા ગ્લાનિ કંઇ ન હોય ત્યાં પ્રીતિ કે વિપ્રીતનું કંઈ પ્રકટ રૂપ હોતું નથી. પણ એમ પણ જાણવું જોઇએ કે ઇષ્ટ અને અનિષ્ટ શું છે? ત્યારે જીજ્ઞાસુ તું જાણ કે સર્વ પદાર્થ ત્રણ પ્રકારના છે. તેમાં (૧) એવા છે કે તે પદાર્થ તારા સ્વભાવને અનુસાર છે. અને તારા ચિત્તની વૃત્તિ તેને ઇચ્છે છે તેને ઇષ્ટ કહે છે.

(૨) અને બીજા આ પ્રકારના છે કે તે તારા સ્વભાવને વિપર્યય છે. તેને અનિષ્ટ કહે છે.

(૩) અને જે પદાર્થ તારા સ્વભાવને અનુસાર અને વિપર્યય ન હોય તેને ઇષ્ટ કે અનિષ્ટ કહેતા નથી.

તેથી એમ પણ જાણવું જોઇએ કે પ્રથમ ત્યાંસુધી તને કોઈ પદાર્થ ઇષ્ટ કે અનિષ્ટ નથી ભાસતા કે જ્યાંસુધી તેનું જ્ઞાન તને પ્રાપ્ત થયું ન હોય. અને સર્વ પદાર્થોની જાણ બુદ્ધિ અને ઇંદ્રિયોએ કરીને થાય છે; તે ઇંદ્રિયો પાંચ છે. અને એક એક ઇંદ્રિનો જુદો જુદો વિષય છે, તે પોતાના વિષયોની પ્રીતિ રાખે છે. અર્થ એ કે ચિત્તને તેમાં ખેંચે છે. જેમ નેત્રોને વિષય સુંદરરૂપ છે, અને નાના પ્રકારનાં પુલ અને બીજું જે એના જેવું છે, તે અવશ્ય નેત્રોને પ્રીતમ લાગે છે અને રસનાનો વિષય સ્વાદ છે; શ્રવણોનો વિષય રાગ છે, અને નાદ છે. અને નાસિકાનો વિષય સુગંધ છે; ત્વચાનો વિષય સ્પર્શ છે. તો એ બધા પદાર્થ ઇંદ્રિયોને ઇષ્ટ છે, અને ચિત્તને ખેંચનારા છે. પણ એ બધા પદાર્થ પશુઓને પણ પ્રાપ્ત થાય છે.

મુખ્ય ઇંદ્રિ બુદ્ધિ છે, તે કેવળ મનુષ્યનાં હૃદય વિષે હોય છે, અને તે

બુદ્ધિને પ્રકાશ, જ્ઞાન, કે બુઝ કહે છે. એ એકજ વસ્તુનું નામ છે. અને એ જ્ઞાને કરીને મનુષ્ય પશુઓથી વિશેષ છે. તેમાં તે જ્ઞાનનો પણ એક વિષય છે, અને તેને એજ વિષય પ્રીતમ છે, જેમ ઇંદ્રિયોને પોત પોતાના વિષય પ્રીતમ છે, તેથી જે મનુષ્ય પશુઓની પેઠે જ્ઞાનથી અચેત છે અને પાંચ ઇંદ્રિયોના વિષય વિના બીજું કાંઇ સમજતું નથી તે પુરૂષ જ્ઞાનનો વિષય જે ભજનનો આનંદ છે તેને સમજતો નથી અને તેને તે પ્રતીતિ પણ હોતી નથી, કે ભજને કરીને પરમાનન્દને પ્રાપ્ત થાય છે અને જે પુરૂષની બુદ્ધિ ઉજવળ હોય છે અને પશુઓના સ્વભાવથી ભિન્ન હોય છે, તે બુદ્ધિનાં નેત્રોએ કરીને શ્રી જાનકી જીવણજીની સુંદરતાઇને જોવાને પ્રીતમ રાખે છે અને તેની સમર્થતાઇ અને સર્વ ગુણોને ઓળખે છે. અને જેમ આ નેત્ર સુંદર રૂપ, બગીચા અને તળાવોને જોઇને પ્રસન્ન થાય છે તેમજ બુદ્ધિમાન્ પુરૂષ શ્રી કૃષ્ણ મહારાજના અગોચર સ્વરૂપની સુંદરતાઇને એથી પણ અધિક પ્રીતમ રાખે છે. શાથી કે જેને શ્રી રઘુનંદજીનું સ્વરૂપ પ્રકટ થઈ જાય છે, તેને સર્વ ઇંદ્રિયોનો રસ વિરસ થઇ જાય છે.

પ્રીતિ ઉત્પન્ન થવાનું કારણ.

તું જાણ કે પાંચ કારણે કરીને પ્રીતિ પ્રકટ થાય છે.

(૧) પ્રથમ કારણ એ છે કે આ પુરૂષ પોતે પોતાને વિશેષ પ્રીતમ રાખે અને પોતાની વડાઇને પણ પ્રીતમ રાખે છે અને કોઇ પ્રકારે પોતાની નાશતાને ઇચ્છતો નથી અને સદૈવ પોતાની સ્થિરતાને ઇચ્છે છે. તે પોતાની સ્થિરતાને એ કારણથી પ્રીતમ રાખે છે કે જે પદાર્થ એના સ્વભાવ અનુસાર હોય છે તેની સાથે પ્રીતિ થાય છે અને કોઇ પદાર્થ પોતાના જીવન અને ગુણોની પૂર્ણતાના સમાન એને પ્રીતમ નથી અને કોઈ પદાર્થ પોતાના નાશ કે પોતાના ગુણોના નાશના સમાન વિરોધી નથી. માટે તેથી પોતાના પુત્રને

પણ પ્રીતમ રાખે છે, કે પુત્રનું હોવું પણ પોતાના હોવા સમાન જાણે છે, શાથી કે આ પુરૂષ સદૈવકાળ પોતાને કાયમ રાખવાને સમર્થ થઇ શકતો નથી તેથી જે પદાર્થ એની સાથે સંબંધ રાખે છે, તેના હોવાને પોતાની સ્થિરતા માને છે. તેથી ભલી પ્રકારે જોઇએ તો સર્વથા પોતાનેજ પ્રીતમ રાખે

અને સકળ સંબંધીયોને પણ એટલા માટે પ્રીતમ રાખે છે કે તેમને પણ

છે. અંગોના જેવાં જાણે છે.

પોતાના

(૨) બી- ીજું કારણ એ છે કે એની સાથે જે કોઇ ઉપકાર કરે છે, તેને

પણ પ્રીતમ રાખે છે.

એ ઉપર સંત જનોએ ે કહ્યું છે કે "આ મનુષ્ય ઉપકાર કરનારનો દાસ

થઇ જાય છે.

આચાર્ય મહા પુરૂષે પણ શ્રી કૃષ્ણ મ- હારાજની પાસે પ્રાર્થના કરી હતી કે "હે મહારાજ કોઇ નીચનો ઉપકાર મારાપર ન થાય તો સારૂં છે." શાથી કે તેના વિષે મારૂં ચિત્ત બન્ધાયમાન થશે અને ઉપકાર કરીને જે મનુષ્ય કોઇને પ્રીતમ રાખે છે, તે વિચાર કરીને જોઇએ તો એ પણ પોતાની સાથે પ્રીતિ થાય છે અને ઉપકાર તેને કહે છે કે જે પ્રકારે એ પુરૂષને સુખ પ્રાપ્ત થાય તેજ ઉપકાર છે.

જેમ આ પુરૂષ પોતાની આરોગ્યતાને પોતાને નિમિત્તેજ ચહાય છે. તેથી વૈદ્યને પણ પ્રીતમ રાખે છે.

(૩) ત્રીજું કારણ એ છે કે જેનો સ્વભાવ ભલો હોય છે, તો તે પુરૂષ પણ અવશ્યજ પ્રીતમ લાગે છે, યદ્યપિ એના ઉપર કંઇ ઉપકાર પણ ન કરે તોપણ પ્રીતમ ભાસે છે. જેમ પશ્ચિમ દિશાના કોઇ રાજા વિષે સાંભળીએ કે તે બુદ્ધિમાન અને ન્યાય કરનારો છે, અને સર્વ લોકોને સુખ દેનારો છે ત્યારે સ્વાભાવિકજ તેની ભલાઈ સાંભળીને ચિત્તને પ્રીતમ લાગે છે, યદ્યપિ જાણે છે કે મારે પશ્ચિમ દિશામાં જવુંજ નથી; અને તેની ભલાઇ અને તેના

ઉપકારને માટે જોવાનાં પણ નથી તોપણ ચિત્તને પ્યારો લાગે છે.

(૪) ચોથું કારણ એ છે કે જે મનુષ્ય સુંદર હોય છે, તેપણ અવશ્યજ ચિત્તને પ્યારૂં લાગે છે. કોઇ પ્રયોજનને સારૂ પ્યારૂં લાગતું નથી પણ તેની જે સુંદરતાઇ છે, તે પોતેજ ચિત્તને ખેંચે છે અને એમ પણ પ્રમાણ છે કે રૂપનું જોવું કેવળ કામાદિક ભોગોને નિમિત્તે નથી હોતું શાથી કે જેમ તળાવ અને બગીચાને જોઇને પ્રીતમ રાખે છે, તો એમાં સ્પર્શના ભોગનું પ્રયોજન નથી કેવળ નેત્રોને તેને જોવામાં પ્રસન્નતા થાય છે શાથી કે એ સુંદરતાઇ પણ નેત્રોને પ્રીતમ છે. ત્યારે જ્યારે આ પુરૂષને શ્રી જાનકી વલ્લભજીનું રૂપ બુદ્ધિ વિષે પ્રત્યક્ષ ભાસે છે ત્યારે નિઃસંદેહ જાણવામાં આવે છે કે તેને અધિકજ પ્રીતમ રાખે અને શ્રી જાનકી જીવણજીના સ્વરૂપની સુંદરતાઇનું હું મારી બુદ્ધિને અનુસાર કંઇક વર્ણન કરીશ.

(૫) પાંચમું કારણ એ છે કે જેને કોઇની સાથે કંઇ સંબંધ થાય છે, તો તે પણ પ્રીતમ લાગે છે. શાથી કે જેની સાથે ચિત્તની વૃત્તિ અને સ્વભાવ મળી જાય છે ત્યારે નિઃસંદેહ પ્રીતમ ભાસે છે યદ્યપિ રૂપવાન્ પણ ન હોય પણ એ સંબંધ જે મેં કહ્યો છે તે આ પ્રમાણે થાય છે. જેમ બાળકની સાથે બાળકની પ્રીતિ થાય છે, અને બજારીની સાથે બજારીની પ્રીતિ થાય છે, વિદ્યાવાન્‌ની પ્રીતિ વિદ્યાવાન્ સાથે છે તે પ્રકટ છે પણ એક એવો પણ સંબંધ થાય છે જે આદિ ઉત્પત્તિ વિષે શરીરના ઉત્પન્ન હોવાથી આગળજ થાય છે. તે પ્રકટ જાણવામાં આવતું નથી.

આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે શરીરથી આગળ પણ જીવોનો આપસ વિષે સંબંધ છે; અને વિરોધ પણ હોય છે. તેમાં જેનો સંબંધ આદિ ઉત્પત્તિ વિષે જેની સાથે થાય છે, તેની સાથે પણ અવશ્યજ પ્રીતિ થાય છે સૂક્ષ્મ સંબંધ તેનું નામ છે.

સુંદરતાઇના અર્થનું વર્ણન.

કે સુંદરતાઇ એ શું છે? ત્યારે તું જાણ કે જે પુરૂષની બુદ્ધિ પશુઓના જેવી હોય છે અને નેત્રોની ઇંદ્રિયો વિના બીજો કોઇ માર્ગ સમજતો નથી તે એમ કહે છે કે સુંદરતાઇ એનું નામ છે કે જેના શરીરનો રંગ ગૌર અને ઉજ્વળ હોય અને તેનું સર્વ અંગ સમાન અને સુંદર હોય ત્યારે તેને સુંદર કહે છે અને એથી અન્યથા સુંદરતાઇ કંઇ સિદ્ધ થતી નથી તો તે વિષે એ પ્રસિદ્ધ થાય છે કે "જ્યાં રંગ અને આકાર ન હોય ત્યાં સુંદરતાઇ પણ હોતી નથી." તો એ એનું કહેવું અયોગ્ય છે શાથી કે બધા બુદ્ધિમાનો એમ કહે છે કે આ લેખ સુંદર છે, ઘોડો સુંદર છે, ઘર સુંદર છે, બાગ સુંદર છે, અમુક નગર કે શેરી સુંદર છે (સરાય) ત્યારે સુંદરતાઇનો અર્થ એ જાણવામાં આવે છે કે જે પદાર્થની પૂર્ણતાઈ અને કાર્ય છે તે તે પદાર્થ વિષે સંપૂર્ણ પામી શકાય ત્યારે તેને સુંદર કહે છે જેમ અક્ષરોની સુંદરતાઇ એ છે કે તે અક્ષર સમ અને શુદ્ધ હોય તો એ નિઃસંદેહ છે કે અક્ષરોની સુંદરતાઇ અને ઘરની સુંદરતાઈ જોવાથી નેત્રોને પ્રસન્નતા થાય છે અને એ પણ પ્રસિદ્ધ છે કે સર્વ પદાર્થોની સુંદરતાઇ, અને પૂર્ણતાઈ ભિન્ન ભિન્ન થાય છે. તેથી સુંદર પદાર્થ તેજ કહેવાય છે, જે સર્વ અંગોથી પરિપૂર્ણ હોય એથી કરીને પ્રકટ થયું કે સુંદરતાઇ કેવળ મુખના રંગપર નથી પણ આ જે બાગ, ઘર અને અક્ષરોનું મેં દૃષ્ટાંત આપ્યું તે સૌ પદાર્થ સાકાર છે. તેથી સ્થૂળ નેત્રોએ કરીને દેખી શકાય છે તેમાં જ્યારે કોઇ તેને પ્રમાણ પણ કરે અને પછી આ પ્રશ્ન કરે કે જે પદાર્થને નેત્રે કરીને દેખી શકાય નહિ તો તે પદાર્થ શી રીતે સુંદર થાય છે. તો એ મૂર્ખતા છે શાથી કે બુદ્ધિમાન એમ પણ કહે છે કે અમુક પુરૂષનો સ્વભાવ ઘણો સુંદર છે, અને વિદ્યા પણ વૈરાગ્ય સંયુક્ત અધિક સુંદર હોય છે. શુરતા ઉદારતા સહિત બહુ સુંદર હોય છે. નિર્લોભતા અને સંયમ સર્વ પદાર્થોથી અતિ સુંદર છે, અને એના જેવા બીજા પણ જે શુભ ગુણ છે તે સ્થૂળ નેત્રોએ કરીને દેખી શકાતા નથી,

પણ બુદ્ધિનાં નેત્રોએ કરીને દેખી શકાય છે. એ વાત આગળ પણ કહી છે. કે સુંદરતાઇ બે પ્રકારની છે. એક સ્થુળ અને બીજી સૂક્ષ્મ ! તેમાં ભલા સ્વભાવની સુંદરતા સૂક્ષ્મ કહેવાય છે, અને ચિતને એ પણ પ્રીતમ લાગે છે. તેની યુક્તિ એ છે કે ઘણા લોકોની પ્રીતિ પાછલા મહાત્માઓમાં થઈ છે. વળી પ્રીતિ એવી છે કે તેની પ્રતીતિ અને પ્રીતિમાં શરીર અને ધનને નિછાવર કરે છે. તો એ પ્રીતિ તેમના શરીરની સુંદરતાને નિમિત્તે થતી નથી. શાથી કે તેમણે તેમનાં શરીરને જોયાં પણ નથી. અને તેમનો આકાર ગુપ્ત થઈ ગયો છે. તેથી એ પ્રીતિ તેમના હૃદયની સુંદરતાઇ, વિદ્યા, વૈરાગ્ય અને શુભ ગુણની છે. અને એ કારણથી આચાર્યો અને અવતારોને ધર્મવાન્ પુરૂષ પ્રીતમ રાખે છે. તેથી કોઇ કોઈ મહા પુરૂષની સાથે પ્રીતિ કરે છે, તેમાં તેની દ્રષ્ટી તેમના શરીર તરફ નથી હોતી. શાથી કે તેની ભાવના તેમના ગુણોની તરફ હોય છે. તે વિદ્યા અને સત્ય જે મહા પુરૂષનાં અંગ છે, તે કદાચિત્ દૂર થતાં નથી. તેમાં એ વાત પ્રસિદ્ધ છે. કે એ લક્ષણોનો રંગ અને આકાર કંઇ નથી. અને તેમની પ્રીતિ ઉત્તમ પુરૂષોને નિઃસંદેહ થાય છે. એજ પ્રમાણે સર્વ સ્વભાવોનો રંગરૂપ કંઇ નથી અને અર્થ વિષે પ્રીતમ એજ ભાસે છે. શાથી કે શરીરની ત્વચા અને માંસ તો પ્રીતિનાં અધિકારીજ નથી. તેથી જે બુદ્ધિમાન્ પુરૂષ હોય છે, તે સૂક્ષ્મ સુંદરતાઇનો નતકાર કરતા નથી અને સ્થુળ સુંદરતાઇને વિરસ જાણે છે. અને હૃદયની સુંદરતાઇને અધિક પ્રીતમ રાખે છે. શાથી કે જો એક પુરૂષની પ્રીતિ કાગળની મૂર્ત્તિની સાથે હોય અને એક બીજા પુરૂષની પ્રીતિ કોઈ સન્તજનની સાથે હોય ત્યારે એ પ્રીતિ અને તે પ્રીતિમાં મોટો ભેદ છે. અને એમ પણ છે કે જ્યારે કોઇ પુરૂષ કોઇ મુએલા પુરૂષની મોટાઇ કરવા માંડે છે, ત્યારે તેનાં નેત્ર અને મુખની સ્તુતિ કરતો નથી. પણ તેની ઉદારતા, વિદ્યા, શુરતા અને ધૈર્યનું સ્મર્ણ કરીને સ્તુતિ કરે છે. અને જ્યારે કોઈની નિન્દા કરે છે, ત્યારે તેના શરીરની કુરૂપતાનું વર્ણન કરતા નથી. એ કારણથી મહા પુરૂષોના પ્રીતમોને સો કોઇ પ્રીતમ રાખે છે, અને જે મનમુખ તેના વિરોધી થયાં છે, તેને ખરાબ જાણે છે. તેથી આ

પ્રસિદ્ધ થયું કે સુંદરતાઈ બે પ્રકારની છે, એક સૂક્ષ્મ છે અને બીજી સ્થુળ છે. તે સૂક્ષ્મ સુંદરતાઇ સ્થુળ રૂપથી પણ અધિક સુંદર છે. પણ જે બુદ્ધિમાન પુરૂષ છે, તેની પ્રીતિ અન્તરીય સૂક્ષ્મ સ્વરૂપ વિષે હોય છે.

સર્વ પ્રકારે પ્રીતિ કરવા યોગ્ય શ્રી સીતારામજી છે તેનું વર્ણન.

જો વિચારીને જોઇએ તો શ્રી જાનકી જીવનજી વિના પ્રીતિ કરવાનું અધિકારી કોઇ નથી. અને જો કોઇ બીજા પદાર્થની સાથે પ્રીતિ કરે છે તો મૂર્ખતા છે. પણ જ્યારે આ મનુષ્યની પ્રીતિ શ્રીરામ કૃષ્ણ નિમિત્તે સંતજનોની સાથે થાય, તો એ પણ મહારાજનીજ પ્રતિ થાય છે. શાથી કે જેની સાથે કોઇની પ્રીતિ થાય છે, ત્યારે તેના પ્રીતમ અને સંદેસા દેનારાને પણ પ્રીતમ રાખે છે. તેથી વિદ્યાવાનો અને વૈરાગીયોની સાથે પ્રીતિ કરવી તો એ પ્રીતિ પણ શ્રી રઘુનંદન સાથે થાય છે. અને આગળ જે કહ્યું હતું કે પ્રીતિ કરવાના અધિકારી શ્રી રાઘવજીજ છે તે હે જીજ્ઞાસુ તને ત્યારે પ્રત્યક્ષ થશે કે જ્યારે તું પ્રથમ પ્રીતિનાં કારણોને વિચારીને જોઇશ.

(૧) પ્રીતિનું પ્રથમ કારણ એ છે કે મનુષ્ય પોતે પોતાને અધિક પ્રીતમ રાખે છે, અને પોતાની પૂર્ણતાઇને પણ ઇચ્છે છે. તે એ કારણે કરીને પ્રમાણ છે કે અવશ્યજ શ્રી રઘુનંદન સાથે પ્રીતિ કરે. શાથી કે એનું હોવું અને એનાં અંગોની પૂર્ણતાઇ શ્રીકૃષ્ણ મહારાજની સત્તાએ કરીને થાય છે. કે જ્યારે શ્રી રાઘવજી પોતાની દયાએ કરીને આ જીવની રક્ષા ન કરે ત્યારે એક ક્ષણ પણ તેનું રહેવાનું થતું નથી. અને જો પ્રથમ પોતાની દયાએ કરીને એને ઉત્પન્નજ ન કરત ત્યારે એનું ઉપજવુંજ ન થાત. અને જ્યારે એનાં અંગ અને ગુણોને પોતાની દયાની સાથે પ્રકટજ ન કરત ત્યારે મહા નીચથી નીચ થાત. તેથી આ મોટું આશ્ચર્ય છે કે જે કોઇ પુરૂષ ગ્રાષ્મરૂતુ વિષે ઉ-

ષ્ણુતાથી નાશીને વૃક્ષની છાયાને પ્રીતમ રાખે અને વૃક્ષને પ્રીતમ ન રાખે અને એમ ન જાણે કે વૃક્ષની છાયા વૃક્ષે કરીનેજ થાય છે. તે મૂર્ખ છે. જેમ વૃક્ષની છાયા વૃક્ષને આશ્રે છે તેમજ આ જીવની સ્થિતિ અને એના ગુણોની સ્થીતિ શ્રીરામ કૃષ્ણને આધિન છે. તેથી જે પુરૂષ પોતે પોતાને પ્રીતમ રાખે તો શ્રીરામ કૃષ્ણને શી રીતે પ્રીતમ ન રાખે પણ જ્યાંસુધી આ વાર્તાને ન સમજે ત્યાંસુધી તેની સાથે શી રીતે પ્રીતિ કરે. તેથી જે મનુષ્ય મૂર્ખ છે તે શ્રી રઘુનાથજીને પ્રીતમ રાખતો નથી શાથી કે શ્રી રઘુનાથજીની પ્રીતિ પણ શ્રી રઘુનાથજીને ઓળખવાનું ફળ છે.

(૨) પ્રીતિનું બીજું કારણ એ છે કે જ્યારે કોઇ પુરૂષ એની સાથે કંઇ ઉપકાર કરે છે, ત્યારે તેને પણ પ્રીતમ રાખે છે તો એ કારણે કરીને પણ શ્રી રઘુનંદન વિના કોઇ બીજાને પ્રીતમ રાખવું, એ પણ મૂર્ખતા છે. શાથી કે જ્યાંસુધી એના ઉપર શ્રી રઘુનંદનની દયા ન હોય ત્યાંસુધી કોઇ પુરૂષ એની સાથે ઉપકાર કરી શકતું નથી અને જેટલા ઉપકાર શ્રી રઘુનાથજીએ પોતાના જીવોપર કર્યા છે તે અગણિત છે. અને શ્રીકૃષ્ણ મહારાજના ઉપકારોનું વર્ણન કંઇ મેં ધન્યવાદના અધ્યાય વિષે કર્યું છે. તેથી જ્યારે કોઇ ઉપકાર ભગવત્ વિના તુ કોઇ બીજાની તરફથી દેખે ત્યારે એ પણ મૂર્ખતા છે. શાથી કે જ્યાં સુધી શ્રીરામ કૃષ્ણજીના પ્રેરણા મનુષ્યના હૃદય વિષે નથી હોતી ત્યાંસુધી તમને કોઇ પુરૂષ કંઇ આપી શકતો નથી. તેમાં શ્રીરામ કૃષ્ણના પ્રેરણા એ છે કે પ્રથમજ મનુષ્યના હૃદય વિષે આ લોક અને પરલોકની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અને જાણે છે કે દેવામાંજ મારૂં ભલું છે ત્યારે પોતાની ભલાઇના નિમિત્તે તને આપે છે. તે વિચારીને જોઇએ ત્યારે તે પોતાને દે છે અને તેણે તને પોતાની ભલાઇનો વશીલો બનાવ્યો છે. અને તેજ પદાર્થ જે તેણે તને આપ્યો છે, તે ભગવતેજ આપ્યો. શાથી કે હૃદયના પ્રેરક ભગવત છે અને ભગવતનુ દેવાનું કોઇ પ્રયોજનને નિમિત્તે થતું નથી.

(૩) પ્રીતિનું ત્રીજું કારણ એ છે કે જો કોઇ પુરૂષ ભલા સ્વભાવ સ

યુક્ત હોય છે. ત્યારે તે પણ પ્રીતમ લાગે છે. યદ્યપિ એમ પણ જાણે છે, કે મારી સાથે કંઇ ઉપકાર કરશે નહિ. જેમ પશ્ચિમ દિશા વિષે કોઇ રાજા દયાવાન છે અને ન્યાય કરનારો છે એવું સાંભળીએ ત્યારે સ્વભાવિકજ ચિત્તને પ્રીતમ લાગે છે. જો કે એમ પણ જાણે છે કે હું એને જોઇશ પણ નહિ. અને તેની ભલાઇની સાથે મારો કંઇ સંબંધ નથી. તે પણ પ્રીતમ લાગે છે. તો એ કારણે કરીને પણ શ્રીરામ કૃષ્ણ વિના કોઇ બીજાની સાથે પ્રીતિ કરવી એ મૂર્ખતા છે. શાથી કે શ્રીરામ કૃષ્ણ વિના ભલાઇ કરનારૂં બીજું કોઈ નથી. જે કોઇ જગત્ વિષે ભલાઇ કરે છે, તે શ્રીરામ કૃષ્ણની પ્રેરણાએ કરીને કરે છે. અને વિચારીને જોઇએ તો આ માણસના હાથમાં કશું નથી. અને શ્રી રઘુનન્દનજીના એવા ઉપકાર છે કે પ્રથમ સર્વ જીવોને ઉત્પન્ન કર્યા અને જે કાંઇ જે કોઇને જોઇતું હતું તે આપ્યું યદ્યપિ કોઇ કોઇ પદાર્થ વિષે કૃતિનું કંઈ પ્રયોજન નહોતું, અને તેમાં કેવળ સુંદરતાઇજ હતી, પણ પોતાની કૃપાએ કરીને એવા પદાર્થ પણ ઘણા આપ્યા છે, અને ભગવત્‌ના ઉપકારોને આ પુરૂષ ત્યારે સમજે છે કે જ્યારે પ્રથમ ધરતી, આકાશ, વનસ્પતિ અને સર્વ જીવ અને જે જે આશ્ચર્યવાળી રચના છે તેને દેખે. અને વિચાર કરે ત્યારે જાણે કે ભગવતે એવા ઉપકાર કર્યા છે.

(૪) પ્રીતિનું ચોથું કારણ સુંદરતાઇ છે તેમાં હૃદયની સુંદરતાઈ ઉત્તમ કહી છે. અને એથી કરીને પણ અવશ્યજ પ્રીતિ થાય છે. જેમ કોઇ પુરૂષ આચાર્ય મહા પુરૂષ અને તેમના પ્રીતમોને પ્રીતમ રાખે તે એ પ્રીતિ તેમના હૃદયની સુંદરતાઇ અને ગુણોની હોય છે. તે હૃદયની સુંદરતાઈ ત્રણ લક્ષણે કરીને સંપૂર્ણ થાય છે.

૧ પ્રથમ સુંદરતાઇ વિદ્યાની હોય છે, તે વિદ્યા અને વિદ્યાવાન્ પુરૂષ અધિક સુંદર હોય છે, તેથી જેટલી જેટલી વિદ્યા વિશેષ હોય છે, તેટલીજ સુંદરતાઇ અધિક થાય છે તે સર્વ વિદ્યાના જાણવાથી ભગવત્‌ને જાણવાની વિદ્યા અધિક વિશેષ છે. અને તે વિદ્યા વેદાંતિયો, સંતજનો અને તેમનાં

અર્થનો વિષે ભરપુર છે. વળી આકાશ, ધરતી અને આ લોક અને પરલોક વિષે પણ ભરપૂર છે. તેથી મહા પુરૂષો અને જિજ્ઞાસુઓની વિશેષતા એ કારણથી છે, કે તેમને એ વિદ્યાનો અનુભવ છે.

(૨) સુંદરતાઇનું બીજું લક્ષણ બળ છે તો સંતજનોનું બળ એવું છે કે તે બળે કરીને પોતાના મનને શુદ્ધ કરે છે અને બીજા જીવોનાં મન શુદ્ધ કરીને પણ સમર્થ થાય છે અને વ્યવહાર અને પરમાર્થ વિષે ધૈર્ય અને બળ સાથે વર્તે છે.

(૩) હૃદયની સુંદરતાનું ત્રીજું લક્ષણ નિર્લેપતા છે કે તે સંતજનો વિકારો અને અવગુણોથી રહિત છે. તેમાં એ લક્ષણ તેમનાં મહા સુંદર છે તેથી એ લક્ષણ જેનામાં અધિક હોય છે, તે પુરૂષ અધિક સુંદર હોય છે અને તેની સાથે અધિક પ્રીતિ લાગે છે તેથી તું હવે આ લક્ષણો વિષે વિચાર કરી જો કે સર્વ પ્રકારે પ્રીતિ કરવાના અધિકારી શ્રી રઘુનંદનસ્વામીજ વિશેષ છે. શાથી કે આ સંપૂર્ણ લક્ષણ તેમનામાં છે અને એ વાર્તાને અલ્પ બુદ્ધિ પણ જાણે છે કે મનુષ્યોની અને દેવતાઓની જે સંપૂર્ણ વિદ્યા છે, તે શ્રી રઘુનાથજીની પાસે બધી અવિદ્યા છે.

એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે મેં તમને અલ્પ માત્રજ વિદ્યા આપી છે તેથી જ્યારે બધા પંડિત એકઠા થાય, અને ભગવત્‌ની જે આશ્ચર્યરૂપ વિદ્યા માખી અને કીડીની ઉત્પત્તિ વિષે પ્રકટ થઈ છે, તેને ઓળખવાને તેઓ ઇચ્છે, તોપણ સમર્થ થઇ શકતા નથી. અને યદ્યપિ કંઇ જાણે પણ છે, તોપણ શ્રી રામ કૃષ્ણનાજ જણાવ્યાથી જાણે છે, વળી સર્વ જગતની જે વિદ્યા છે, તે બધીની ગણત્રી થાય છે અને મૃત્યુ વિષે છે અને શ્રી રામ કૃષ્ણજીની જે વિદ્યા છે, તે સર્વ પ્રકારે ગણત્રી અને મૃત્યુથી રહિત છે, અને જગત્‌ની સર્વ વિદ્યા તેમને આશ્રયે છે. અને તેમની વિદ્યા જગને આશ્રયે નથી વળી જ્યારે તું બળ તરફ દેખે તો બળ પણ અધિક સુંદર છે. જો કે કેટલાક ભગવત્ ભક્તોને ન્યાએ કરીને પ્રીતમ રાખે છે જેમ ભીમસેન

અને મહારાજ યુધિષ્ઠીર થયા છે તે ન્યાય પણ બળે કરીને થાય છે પણ સર્વ જીવોનું બળ પણ શ્રી રઘુનાથજીની પાસે કંઇ વસ્તુ નથી શાથી કે સૌએ પરાધીન છે અને એમનામાં પણ એટલું છે, જેટલું જે કોઇને શ્રી કૃષ્ણ મહારાજે આપ્યું છે. વળી સૌને એવા નિર્બળ બનાવ્યા છે કે જ્યારે માખી એની પાસેથી કંઇ લઈ જાય ત્યારે ફરીને તેની પાસેથી લેવાને સમર્થ થતા નથી અને શ્રી રઘુનાથજીનું બળ અંત વગરનું અને અપાર છે શાથી કે ધરતી અને આકાશ અને જેટલું કાંઇ એને વિષે છે, જેમ દેવતા, મનુષ્ય, પશુ, પક્ષી, ભૂત, પ્રેતાદિક જે છે તે સઘળું શ્રી રઘુનાથજીના બળનું પ્રતિબિંબ છે તેથી જે કોઇ પુરૂષ બળને અરથે શ્રી રામ વિના કોઇને પ્રીતમ રાખે તોપણ અયોગ્ય છે.

વળી જ્યારે નિર્લેપતા અને શુદ્ધતાની તરફ દ્રષ્ટી કરે તોપણ આ મનુષ્ય બધા દોષોથી રહિત ક્યારે રહી શકે છે ? શાથી કે પ્રથમ તો એનામાં આ નીચતા છે કે એ ઉત્પન્ન કરેલો છે, અને પોતે પોતાની મેળે સ્થિત નથી. વળી પોતાના અંતરમાં પણ મૂર્ખ છે ત્યારે બીજા કોઇને ક્યારે જાણી શકે છે ? શાથી કે જ્યારે એક નાડી એના માથા વિષે વિપર્યય થઈ જાય ત્યારે બાવરો બની જાય છે અને એ દુઃખનાં કારણોને પણ જાણી શકતો નથી યદ્યપિ એ રોગનું ઓસડ આ માણસની પાસે પડેલું હોય તોપણ તે જાણી શકતો નથી. તેથી જ્યારે આ મનુષ્યની નિર્બળતા અને મૂર્ખતાનો વિચાર કરીએ ત્યારે તે કંઇ ગણત્રીમાં નથી આવતું. વળી વિદ્યા અને બળ આ જીવમાં કંઇ અલ્પ માત્રજ ભાસે છે યદ્યપિ સિદ્ધ અને આચાર્ય થાય, તોપણ પરાધીન છે તેથી સર્વ દોષોથી રહિત એક શ્રી રામ કૃષ્ણજ છે શાથી કે તેમની વિદ્યા અમિત છે. અને તેમને મૂર્ખતાનો મેલ કદાચિત્ સ્પર્શ કરતો નથી અને તેનું બળ પણ અપાર છે શાથી કે ચૌદે લોક તેમના બળ વિષે સ્થિત છે અને જ્યારે સર્વ બ્રહ્માંડોનો નાશ કરે તોપણ તેમની સાહેબી, ઐશ્વર્ય, અને મોટાઇની કંઈ હીનતા થતી નથી.

વળી જ્યારે બીજાં લાખો બ્રહ્માંડોને કરવાને ઇચ્છે, તો એક ક્ષણ વિષે

સર્વ બ્રહ્માંડોને ઉત્પન્ન કરવાને સમર્થ છે. અને તેને ઉત્પન્ન કરવાથી તેમની મોટાઈ એક રંચ માત્ર પણ અધિક થતી નથી શાથી કે શ્રી રઘુનાથજીના સ્વરૂપ વિષે ઉણતા અને અધિકતાનો પ્રવેશ કદાચિત્ થતો નથી એ કારણે કરીને શ્રી કૃષ્ણ મહારાજ સર્વ દોષોથી નિર્લેપ છે અને સત્ય સ્વરૂપ છે અને તેના સ્વરૂપ અને ગુણ વિષે નાશતાનો પ્રવેશ કદાચિત્ત નથી. તેથી અકસ્માત્ પણ તેની મોટાઈની હાની થઈ શકતી નથી એ કારણથી કહ્યું છે કે જે પુરૂષ શ્રી રામ કૃષ્ણ વિના કોઇ બીજાની સાથે પ્રીતિ કરે છે, એ શ્રી રામ કૃષ્ણને પ્રીતમ રાખતો નથી તે મહા મૂર્ખ છે. તેથી જે પ્રીતિ ઉપકારે કરીને થાય છે તો તેથી પણ તેમના સ્વરૂપની પ્રીતિ અધિક ઉત્તમ છે શાથી કે ઉપકારની પ્રીતિ ક્યારેક વધે છે, અને ક્યારેક ઘટી જાય છે. અને શ્રી રઘુનાથજીને ઓળખીને પ્રીતિ થાય છે, તે સદૈવ એકરસ રહે છે.

એ કારણથી એક મહાત્માને આકાશવાણી થઇ હતી કે "જેની પ્રીતિ ભય અને આશાએ કરીને ન હોય, અને મારૂં ભજન કેવળ એ નિમિત્તે કરે કે મારી મોટાઇને જાણીને સન્મુખ થાય તે પુરૂષ મને પ્રીતમ લાગે છે." શ્રી કૃષ્ણ મહારાજે એમ પણ કહ્યું છે કે એવો ખરાબ પુરૂષ બીજો કોણ છે? કે જે નર્કોનો ભય અને સ્વર્ગની આશાએ કરીને મારૂં ભજન કરે શાથી કે જો હું નર્ક સ્વર્ગને ઉત્પન્ન ન કરત તો ભજન કરાવાના અધિકારી ન હોત.

(૫) વળી પાંચમું કારણ પ્રીતિનો સંબંધ છે તેમાં શ્રી રામ કૃષ્ણજીની સાથે આ જીવનો સંબંધ નિઃસંદેહ છે. જેમ શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે આ બધા જીવ મારી આજ્ઞા અને ઇચ્છા છે અર્થ એ કે જેમ રાજાનો હુકમ રાજાથી ભિન્ન નથી હોતો તેમજ જીવ મારાથી ભિન્ન નથી તો એ વચને કરીને જીવ ઇશ્વરનો સંબંધ પ્રસિદ્ધ થયો અને શ્રી કૃષ્ણ મહારાજે એમ પણ કહ્યું છે કે "મેં આ મનુષ્યને પોતાના રૂપને અનુસાર ઉત્પન્ન કર્યો છે" તો એ પણ એ સંબંધની તરફ લક્ષ છે અને એમ પણ કહ્યું છે કે જ્યારે આ પુરૂષ અધિક પ્રેમે કરીને મારે વિષે લીન થાય છુ

ત્યારે તે મારો પ્રીતમ થાય છે. વળી તેનાં શ્રવણ નેત્ર રસના પણ હુંજ થાઉં છું.

એજ પ્રમાણે એક મહા પુરૂષને પણ શ્રી કૃષ્ણ મહારાજે કહ્યું હતું કે "જ્યારે હું રોગી થયો હતો ત્યારે તું મને પૂછવાને પણ ન આવ્યો ? પછી તે મહા પુરૂષે પ્રાર્થના કરી કે "હે મહારાજ તું તો સર્વ જગતનો ઇશ્વર છે તને રોગ શી રીતે થયો ? ત્યારે મહારાજે કહ્યું કે મારા અમુક ભક્ત જે રોગી થયો હતો તે માનો કે હુંજ રોગી હતો, તેથી જ્યારે તું એની ખબર પૂછવાને જાત તો એ મારી ખબર પૂછી હોત શાથી કે મારામાં અને મારા ભક્તોમાં કંઈ ભેદ નથી એ મારૂંજ સ્વરૂપ છે. પણ એ સંબંધનું કંઇ વર્ણન આગળ કર્યું છે અને સંપૂર્ણ ભેદ ઇશ્વર જીવના સંબંધનો આ ગ્રંથ વિષે કહી શકાતો નથી શાથી કે સૌ કોઇ એ વચનને સમજવાનું બળ રાખતા નથી અને કેટલાક જિજ્ઞાસુએ વચનને વિપર્યય સમજીને માર્ગમાંજ પડી જાય છે જેમ કોઈ પુરૂષ એમ સમજે છે કે જેવો અમારા શરીરનો આકાર છે, તેવાજ શ્રી કૃષ્ણ મહારાજ પણ શરીરવંત સાકાર હશે તેથી એ સંબંધનો અર્થ એમજ સમજે છે.

વળી કોઇ બીજા પુરૂષ આ પ્રમાણે કહે છે કે જેવા અમે ચૈતન્ય સ્વરૂપ છીએ તેવાજ ભગવત્ પણ ચૈતન્ય સ્વરૂપ છે. તેથી જીવાત્મા અને પરમાત્માની એકતા વર્ણન કરે છે તો તે પણ તેમનું સમજવું અયોગ્ય છે શાથી કે ભગવત્ આકારથી વિલક્ષણ છે અને જીવની પેઠે મલીન કે પરાધીન નથી.

વળી મારા કહેવાનું પ્રયોજન એ છે કે જેવાં પાંચ કારણ પ્રીતિનાં મેં કહ્યાં છે, તેને જ્યારે તેં ભલી પ્રકારે ઓળખ્યાં ત્યારે તેથી કરીને એજ સિદ્ધ થયું કે ભગવતના વિના કોઇ બીજા સાથે પ્રીતિ કરવી એ મૂર્ખતા છે. અને જે પુરૂષ ભગવતની પ્રીતિનો નકાર કરે છે, અને કહે છે કે પ્રીતિતો તેની સાથે થાય છે કે જો આ મનુષ્યની પેઠે આકારવન્ત સ્થૂળ હોય તે ભગવત્ આ મનુષ્યની પેઠે આકારવન્ત નથી અને શુદ્ધ સૂક્ષ્મરૂપ છે તેથી ભગવતની સાથે પ્રીતિ થવી અસંભવિત છે.

પ્રિતિનો અર્થ એ છે કે ભગવત્‌ની આજ્ઞા માનવી. તેમાં એવા જે પંડિત :છે, અને આ પ્રીતિના ભેદને સમજતા નથી એ તેમની બુદ્ધિની હીનતા પ્રત્યક્ષ છે. શાથી કે તે પુરૂષ સ્ત્રિયાદિકોની પ્રીતિથી બીજી પ્રીતી સમજી શકતા નથી. આ વાર્તા નિઃસન્દેહ છે. કે એવી સ્થુળ કામાદિક પ્રીતિ ત્યાર સિદ્ધ થાય છે, જે આપસ વિષે એક બીજાની પેઠે થાય છે. પણ જે પ્રીતિનું મેં વર્ણન કર્યું છે તે ત્રિગુણાતીત અમાયિક સ્વરૂપની સુંદરતાઇ અને પૂર્ણતાઇની પ્રીતિ છે, અને એ પ્રીતિ સ્થુળ શરીરના આકાર અને સંબંધથી રહિત છે. શાથી કે જે પુરૂષની પ્રીતિ કોઇ સંતની સાથે થાય છે, તે એ કારણથી નથી થતી કે મારી પેઠે તે સંતનું શરીર, મુખ, હાથ અને પગ છે. તેથી એ પ્રીતિનો સંબંધ પણ સૂક્ષ્મ છે. કે જેમ આ પુરૂષ ચૈતન્ય અને બુદ્ધિવંત અને શ્રદ્ધા કરનાર છે. તેમજ તે સંત પણ એ લક્ષણે સંયુક્ત છે. પણ સંતજનો વિષે એ બધાં લક્ષણ સંપૂર્ણ છે. અને બીજા જીવો વિષે કંઇ અલ્પ માત્ર છે. તે જ્યારે વિચાર કરીએ ત્યારે વસ્તુનો સંબંધ પ્રસિદ્ધ છે અને ગુણોની અધિકતા અને ઉન્નતિ વિષે ભેદ પણ ઘણો છે. તેથી એ ગુણ જેનામાં અધિક હોય છે, તો તેની સાથે પ્રીતિ પણ નિઃસન્દેહ અધિક હોય છે. પણ પ્રીતિનું કારણ જે સંબંધ છે, તે સર્વ જીવો અને સન્તજનો અને ભગવત્‌ વિષે પ્રસિદ્ધ છે. શાથી કે ચૈતન્યતા અને વિદ્યા એકજ વસ્તુ છે. તે સંબંધને સૌ કોઇ પ્રમાણ કરે છે. યદ્યપિ એ વચનના અર્થને જેમનો તેમ સમજતા નથી.

જેમ શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું છે કે મનુષ્યને મેં પોતાના સ્વરૂપના જેવું ઉત્પન્ન કર્યું છે તો સંબંધનો અર્થ એજ છે. પણ તેનો ભેદ સમજવો કઠણ છે.

કોઇ સુખ શ્રીરામ કૃષ્ણરૂપ દર્શનના આનંદ સમાન નથી તેનું વર્ણન.

ત્યારે હે જીજ્ઞાસુ તું જાણ કે સૌ કોઈ મુખથી એમજ કહે છે કે શ્રીરામ કૃષ્ણરૂપ દર્શન વિષે જેવો આનંદ છે, તેવો બીજો કોઇ આનંદ નથી. પણ જ્યારે કોઇ એ વચનના અર્થને પોતાના હૃદય વિષે ખોળે કે જેનું દર્શન કોઇ દિશા વિષે ન થાય. અને તેનો રંગરૂપ પણ કંઇ ન હોય તેના દર્શન વિષે શી રીતે આનંદ થાય છે? જ્યારે એ વાર્તાનો વિચાર કરે ત્યારે તેમના હૃદય વિષે એવા દર્શન અને આનંદનું સ્વરૂપ કંઇ ગુપ્ત ભાસતું નથી. પણ યદ્યપી મુખથી પણ સૌ કોઇ એમજ પ્રમાણ કરે છે. શાથી કે એ વચન ધર્મશાસ્ત્ર વિષે પણ પ્રસિધ્ધ છે પણ તેમના હૃદય વિષે એ દર્શનની પ્રીતિ કંઇ નથી. અને તેની પ્રીતિ એ કારણથી નથી હોતી કે જે પદાર્થની ખબર નથી હોતી તેની સાથે પ્રીતિ પણ લાગતી નથી. તેમાં યદ્યપિ એવા ભેદનું વર્ણન કરવું બહુ કઠણ છે, તોપણ હું પોતાની બુધ્ધિ અનુસાર કંઇક વર્ણન કરીશ.

તેમાં એ વચનનો ભેદ ચાર પ્રકારે કરીને સમજી શકીએ છીએ.

(૧) પ્રથમ એ છે કે આ મનુષ્યના હૃદય વિષે જ્ઞાન અને બુધ્ધે કરીને પ્રસન્નતા અને આનંદ થાય છે. યદ્યપિ તે પ્રસન્નતામાં નેત્ર અને બીજી સર્વ ઇંદ્રિયોને કંઇ સુખ પ્રાપ્ત થતું નથી પણ તે સુખ કેવળ એના હૃદયમાં થાય છે.

(૨) બીજો પ્રકાર એ છે કે એમને જ્ઞાન અને વિદ્યાએ કરીને પ્રસન્નતા થાય છે. ને તેનો રસ સર્વ ઇંદ્રિયોના રસથી અધિક છે.

(૩) વળી ત્રીજો પ્રકાર એ છે કે સર્વ પદાર્થોના જ્ઞાનથી ભગવત્‌ના ઓળખાણનો રસ વિશેષ છે.

(૪) ચોથો પ્રકાર એ છે કે ભગવતના ઓળખાણથી, ભગવતનાં દર્શ-

નનો આનંદ અને રહસ્ય અધિક છે.

જ્યારે તું આ ચાર પ્રકારના ભેદને સમજ્યો ત્યારે તને આ અર્થ પ્રસિદ્ધ થશે કે શ્રીરામ કૃષ્ણજીનાં દર્શન સમાન બીજો કોઇ પદાર્થ નથી. પણ પ્રથમ પ્રકાર એ છે કે પ્રસનતા હૃદયનું જ્ઞાન અને વિદ્યાએ કરીને થાય છે.

તેમાં હે જીજ્ઞાસુ તું એમ જાણ કે હૃદયનો આનંદ વિદ્યાથી થાય છે, તે સર્વ ઇંદ્રિયોથી વિલક્ષણ છે. શાથી કે આ મનુષ્ય વિષે ઘણા સ્વાદ ઉત્પન્ન કર્યા છે. તે બધા પોતપોતાના પ્રયોજનને ગ્રહણ કરે છે અને પ્રીતમ લાગે છે. જેમ ક્રોધને શત્રુઓને જીતવાને તથા પ્રબળતાને નિમિત્તે ઉત્પન્ન કર્યો છે. તે ક્રોધને શત્રુને જીતવા વિષે રસ છે. તેમજ નેત્ર અને શ્રવણ અને સર્વ ઇંદ્રિયોને વિષે ભિન્ન ભિન્ન રસ છે. જેમ કામાદિકનો રસ ક્રોધના રસથી જુદો છે. અને એમ પણ છે કે સર્વ ઇંદ્રિયોનો રસ એક સરખો નથી. કોઇ અતિ પ્રબળ છે, કોઈ એથી નિર્બળ છે. જેમ નેત્રોને વિષે જે સુંદરતાઇ છે, તે નાસિકાના વિષે સુગંધીના રસથી અતિ પ્રબળ છે. તેમજ મનુષ્યના હૃદય વિષે બુધ્ધિ અને વિદ્યા પણ ભગવતે ઉત્પન્ન કરી છે, અને તેનું રૂપ સંકલ્પ અને ઇંદ્રિયો વિષે આવતું નથી. અને જેમ ઇંદ્રિયોને સ્થુળ વિષયોને ગ્રહણ કરવાને ઉત્પન્ન કરી છે તેમજ બુધ્ધિને સૂક્ષ્મ પદાર્થને સમજવાને ઉત્પન્ન કરી છે. અને તે બુધ્ધિએ કરીને એમ પણ જાણે છે કે આ જગત ઉત્પન્ન કરેલું છે. અને આ જગતના ઉત્પન્ન કરનારા ઇશ્વર સમર્થ છે. અને સૌના વેત્તા છે. એ પ્રકારે બુધ્ધિએ કરીને શ્રીરામ કૃષ્ણજીના ગુણો અને આશ્ચર્યતાને ઓળખે છે. તેમાં તે બધા ગુણ એવા સૂક્ષ્મ છે કે એમનું રૂપ સંકલ્પ અને ઇંદ્રિયો વિષે આવતું નથી. અને તેને બુધ્ધિજ ઓળખે છે. અને બુધ્ધિએ કરીને વાણીનો અનુભવ થાય છે. અને વ્યવહારની સિધ્ધતા પણ બુધ્ધિએ કરીને થાય છે. અને બીજી પણ સૂક્ષ્મ વિદ્યા બુધ્ધિની આશ્રિત છે. અને બુધ્ધિને એ બધા વિષે રસ ઉત્પન્ન થાય છે. અને જ્યારે કોઇ નીચ પદાર્થની વિદ્યાએ કરીને એથી સ્તુતિ કરે છે ત્યારે પ્રસન્ન થાય છે અને જ્યારે કોઇ કહે છે કે " આ

વિદ્યાને અમુક પુરૂષ જાણતો નથી, ત્યારે શોકવાન્ થાય છે. તેનું કારણ એ છે કે આ પુરૂષ વિદ્યાનેજ પોતાની પૂર્ણતાઇ જાણે છે. જેમ કોઇ પુરૂષ એક બીજા સાથે પોતપોતામાં શેતરંજ રમતા હોય અને તે એની પાસે જઇને બેસે અને તે પુરૂષ તેને શતરંજની ચાલ બતાવવામાંથી દૂર કરે, ત્યારે પણ પોતાને બીજાને બતાવવામાંથી રાખી શકતો નથી. તેમાં યદ્યપિ શતરંજની વિદ્યા અતિ નીચ છે તોપણ તેની પ્રસન્નતા અને સ્વાદ વિષે પરવશ થઇને તેને બતાવવા માંડે છે અને પોતાની મોટાઈ કરવા ઇચ્છે છે. તે વિદ્યાએ કરીને મોટાઇ અને પ્રસન્નતા શી રીતે ન કરે ? વિદ્યા શ્રી રાઘવજીનું લક્ષણ છે. તેથી આ મનુષ્યને વિદ્યાના સમાન બીજી કંઇ મોટાઈ છે નહિ. કે વિદ્યા શ્રી-રામ કૃષ્ણજીનું લક્ષણ છે. તેથી આ વચનના અર્થે કરીને તેં પ્રસિદ્ધ જાણ્યું કે આ મનુષ્યના હૃદયને સૂક્ષ્મ પદાર્થોની વિદ્યાએ કરીને આનંદ થાય છે. અને તે આનંદ નેત્ર શ્રવણાદિક ઇંદ્રિયોથી ભિન્ન છે.

(૨) બીજો પ્રકાર એ છે કે વિદ્યા અને જ્ઞાનનો જે આનંદ છે. તે ઇંદ્રિયોના રસથી અતિ પ્રબળ છે. જેમ કોઈ પુરૂષને શતરંજ રમવાનો સ્વભાવ હોય તો તે પુરૂષ તે ખેલ વિષે એવો મગ્ન થાય છે કે જ્યારે તેને કોઈ કહે કે તું ભોજન કર, ત્યારે તે પુરૂષ ભોજન કરતો નથી પણ એ ખેલ વિષે લીન થઈ જાય છે. તેથી પ્રસિધ્ધ થયું કે એ પુરૂષને ભોજનના રસથી શતરંજની રમત અધિક પ્રીતમ છે, એ કારણથી ભોજનનો ત્યાગ કરે છે. અને શતરંજની રમતનો ત્યાગ કરી શકતો નથી. તેમાં પ્રબળતા અને નિર્બળતા ત્યારેજ ઓળખવામાં આવે છે, કે જ્યારે બેઉ પદાર્થ એકઠા આવી પહોંચે છે. ત્યારે જે પદાર્થ નિર્બળ હોય છે, તેનો ત્યાગ કરવો સુગમ થાય છે. અને જે પદાર્થનો રસ પ્રબળ હોય છે, તેને અંગીકાર કરે છે. તેથી તું જાણ કે જે પુરૂષ બુદ્ધિમાન અને વ્યવહાર વિષે ચતુર હોય છે, તેમાં ઇંદ્રિયોના રસથી માનનો રસ તેને અધિક હોય છે શાથી કે જ્યારે કોઇ તેને કહે કે ગમે તો તું મિષ્ટાનાદિક ભોજન કર, અથવા તેનો ત્યાગ કરીને પોતાના શત્રુને જીતવાનો ઉપાય કર ત્યારે તારી જીત થશે અને તને મોટાઇ પ્રાપ્ત થશે.

ત્યારે તે પુરૂષ મિષ્ટાનાદિકનો ત્યાગ કરે છે અને પોતાની મોટાઇને નિમિત્તે શત્રુને જીતવાનો ઉપાય કરે છે અને જો એમ ન કરે ત્યારે જાણવું કે તેની બુદ્ધિ અલ્પ છે તેથી જે પુરૂષને ભોજનના રસની તૃષ્ણા હોય તોપણ નિઃસંદેહ ભોજનના રસથી માન અને મોટાઇને અધિક પ્રીતમ રાખે છે. એ કારણથી જાણવામાં આવે છે કે રસનાના સ્વાદથી માનનો સ્વાદ પ્રબળ છે, એમજ વિદ્યા વાનને વ્યવહારની વિદ્યા અને વૈદકની વિદ્યા, ધર્મશાસ્ત્રની વિદ્યા, અને બીજી જે સર્વ વિદ્યા છે તેમાં તેના વિષે એને અધિક રસ પ્રાપ્ત થાય છે. પણ જ્યારે તેની વિદ્યા સંપૂર્ણ થાય ત્યારે સર્વ ભોગો અને માનાદિકથી પણ વિદ્યાના રસને અધિક પ્રીતમ રાખે છે પણ જ્યાં સુધી સંપૂર્ણ વિદ્યાનો વેત્તા ન થાય અને વિદ્યાની મોટાઇને ભલી પ્રકારે ન જાણે ત્યાં સુધી વિદ્યાના રહસ્યને પામતો નથી એથી કરીને પ્રસિદ્ધ થયું કે વિદ્યા અને જ્ઞાનનો આનંદ તે પુરૂષને પ્રબળ થાય છે કે જેની બુદ્ધિ ઉજ્વળ હોય છે અને જેને બેઉ પદાર્થનું જ્ઞાન થાય છે તે આ વાર્તાને તેજ સમજે છે પણ જે બાળકને માનના રસ કરતાં રમવાના રસને વધારે પ્રીતમ રાખે છે ત્યારે એથી કરીને અમને કંઇ એ સંશય થતો નથી કે રમવાનો રસ અધિક છે, અને માનનો રસ અલ્પ છે, શાથી કે એવું જાણવું એ બાળકનીજ બુદ્ધિની નીચતા છે. અને તેણે માનના રસને ભલી પ્રકારે જાણ્યો નથી અને જ્યારે તેને પણ માનના રસનું ઓળખાણ થાય છે ત્યારે રમવાનો ત્યાગ કરીને માન અને મોટાઇને અંગીકાર કરે છે.

(૩) ત્રીજો પ્રકાર એ છે કે બીજા સર્વ પદાર્થોની વિદ્યાથી શ્રી રામ કૃષ્ણના સ્વરૂપનું ઓળખવું મહા ઉત્તમ છે શાથી કે જ્યારે તેં ભલી પ્રકારે જાણ્યું કે વિદ્યા અને જ્ઞાન આનંદદાયક છે ત્યારે આ વાર્તા વિષે પણ સંશય નથી કે કોઇ વિદ્યા નીચ હોય છે, અને કોઇ એથી વિશેષ હોય છે શાથી કે જેવો કોઇ પદાર્થ હોય છે, તેવીજ તેની વિદ્યા હોય છે તેથી જે નીચ પદાર્થ છે, તેની વિદ્યા પણ નીચ છે. અને જે ઉત્તમ પદાર્થ હોય છે, તેની વિદ્યા પણ ઉત્તમ હોય છે જેમ સતરંજના સોકઠાંને રાખવા કરતાં શતરંજ

રમવાની વિદ્યા વિશેષ છે અને જેમ ખેતી અને દરજીની વિદ્યાથી રાજકાજ અને પ્રધાનના કામની વિદ્યા નિઃસંદેહ વિશેષ છે તેમજ ધર્મશાસ્ત્રના અર્થની વિદ્યા, કોષ અને વ્યાકરણની વિદ્યાથી વિશેષ છે.

અને જે બજારીની વિદ્યાથી વજીરીની વિદ્યા અને તેના ભેદનું સમજવું વિશેષ છે તેમજ રાજના ભેદનું જાણવું વજીરીના ભેદથી ઉત્તમ છે તેથી જેટલા કાંઇ જાણવા જેવા ઉત્તમ પદાર્થ હોય છે, તેટલાજ તેના જાણવા વિષે અધિક આનંદ થાય છે. એ કારણથી હે જીજ્ઞાસુ તું વિચાર કરીને જો કે સર્વ સૃષ્ટિ વિષે શ્રી રામ કૃષ્ણજીથી બીજો કયો પદાર્થ વિશેષ, સુંદર અને પૂર્ણ છે? શાથી કે શ્રી રામ કૃષ્ણજી કેવા છે? કે જે સર્વ સુંદરતાઇ અને પૂર્ણતાઇને ઉત્પન્ન કરનારા છે અને જેવી બાદશાહી શ્રી રામ કૃષ્ણજીની છે, તેવો બીજો બાદશાહ કોણ છે? વળી ધરતી અને આકાશ, આલોક, પરલોક જે રીતે શ્રી રામ કૃષ્ણજીએ સ્થિત કર્યા છે તો એવા સમર્થ કોઇ બીજા નથી અને શ્રી રઘુનાથજીના દરબાર સદૃષ સુંદર અને વિશેષ બીજો કયો દરબાર છે? તેથી એવાં શ્રી રઘુનાથજીનાં દર્શન અને દરબારના સમાન બીજા કોઇનો દરબાર કયારે હોય છે? પણ જે પુરૂષની બુદ્ધિનાં નેત્ર ઉજવળ હોય છે, તો તે દર્શનને તેજ દેખે છે કોઇ રાજાનો ને તેના ગુણોનો ભેદ જાણવા કરતાં એવા શ્રી કૃષ્ણ મહારાજનો ભેદ જાણવો અને તેના ગુણ તથા ઇશ્વરતાઇના ભેદોને સમજવા એ સર્વ પદાર્થોની વિદ્યાથી અધિક વિશેષ છે. શાથી કે રામ કૃષ્ણ રૂપી એવો પરમ પદાર્થ છે કે તેના સમાન જાણવા યોગ્ય બીજો કોઇ પદાર્થ નથી.

અને બીજા પદાર્થો કરતાં શ્રી રામ કૃષ્ણજીને વિશેષ કહેવા એ પણ અયોગ્ય છે શાથી કે એવો કયો પદાર્થ છે કે જેની ઉપમા શ્રી રઘુનંદનની સાથે કહિએ અને પછી શ્રી રઘુનંદને વિશેષ કહીએ તેમાં એવું કહેવું એ પણ શ્રી રામ કૃષ્ણજીની મોટાઇ પાસે હીનતા થાય છે તેથી એવું કહેવું પણ અયોગ્ય છે. એ કારણથી જે પુરૂષોએ શ્રી રામ કૃષ્ણજીને ઓળખ્યા છે. તે આ જગત વિષે પણ શ્રી વૈકુંઠ ધામ વિષે સદૈવ બેઠા છે અને તેમનું હૃદય પણ

વૈકુંઠ રૂપ છે તે કેવા છે કે આ ધરતી અને આકાશથી પણ વિસાળ છે શાથી કે આ ધરતી અને આકાશ મૃત્યુ વિષે છે. પણ જે સ્થાન અને જે હૃદય રૂપી બાગ વિષે રામાનુરાગી વિચરે છે તે અમિટ છે અને આ બાગનાં ફળ પણ સર્વ રૂતુ વિષે અટુટ અને અરોક છે. શાથી કે તે ફળ તે હૃદયનો ગુણ છે. અને બીજા જે સ્થૂળ પદાર્થ છે, તે બધા હૃદયથી બહાર છે અને પોતાનું આપજ એને અતિ નિકટ છે તેથી જ્ઞાનનુ પુરૂષોનાં ફળોને કોઈ વિઘ્ન દૂર કરી શકતું નથી વળી કોઇને જેટલું જ્ઞાન અધિક હોય છે. તેટલોજ આનંદ તેને અધિક થાય છે અને જ્ઞાન રૂપ એવું સ્વર્ગ છેડે તે સ્થાન કદાચિત સંકોચિત થતું નથી.

(૪) ચોથો પ્રકાર આ છે કે શ્રી રામ કૃષ્ણ ચંદ્રના સ્વરૂપને જાણવાથી શ્રી રામ કૃષ્ણરૂપ દર્શનનો આનંદ ઘણો વિશેષ છે તેથી તું જાણ કે જાણવું એ પ્રકારનું થાય છે.

(૧) તેમાં એક એ છે કે તેનું રૂપ અને આકાર મનોરાજ વિષે મૂર્તિ-માન સ્થુળ ભાસે છે.

(૨) બીજું એ છે કે તેને બુદ્ધિજ ઓળખે છે. પણ તેનો આકાર સંકલ્પ વિષે આવતો નથી જેમ શ્રી રામચંદ્રજીની સુંદરતાઈ છે અને તેમના જેટલા ગુણ છે, તે બુદ્ધિ એ કરીને અનુભવમાં આવે છે.

વળી આ જીવના પણ કેટલાક એવા સ્વભાવ છે કે તેનો કંઇ આકાર નથી જેમ બળ વિદ્યા, તેમાં એ સૌ અનૂપ છે તેમજ ક્રોધ, કામ, હર્ષ, શોક એ બધાં આકારથી રહિત છે તેથી તેમનું રૂપ સંકલ્પ વિષે આવતું નથી વળી જે પદાર્થ આકારવંત હોય છે, તે પ્રથમ તો તે પદાર્થ સંકલ્પ વિષે પ્રત્યક્ષ ભાસે છે. જેમ તુ કોઇ પુરૂષને ધ્યાન વિષે દેખે ત્યારે તું જાણે છે કે હું એને દેખું છું. તેમાં એ દેખવું સંકલ્પ માત્ર થાય છે તેથી અલ્પ છે અને સંપૂર્ણ થતું નથી.

વળી બીજું એ છે કે જે પદાર્થને નેત્રોએ કરીને દેખે છે, તે દેખવું

અતિ પ્રત્યક્ષ છે અને સંપૂર્ણ છે. એ કારણથી પ્રીતમના ધ્યાન કરતાં પ્રીતમનાં દર્શન વિષે અધિક આનંદ થાય છે તે આ કારણે કરી ને નહિ કે ધ્યાન વિષે તેનું રૂપ કાંઇ બીજું હતું અને જોવામાં કંઇ બીજું છે અથવા સુંદરતાઈ અધિક થઈ છે પણ તેનું પ્રયોજન એ છે કે ધ્યાનમાં તેનું રૂપ સંકલ્પ માત્ર હતું અને દેખવા વિષે અતિ પ્રગટ થાય છે જેમ કોઇ પોતાના પ્રિતમને પ્રભાત સમયે દેખે અને તે પછી તેને ફરીને દિવસના પ્રકાશ વિષે દેખે ત્યારે તેથી અધિક આનંદ ને પ્રાપ્ત થાય છે તે એ કારણથી નહિ કે પ્રભાત વિષે કંઈ બીજું રૂપ હતું, અને પ્રકાશ વિષે કંઇ બીજું રૂપ થયું છે પણ આ વિષે પ્રકટતાનો ભેદ હોય છે. તેમજ જે પદાર્થનું રૂપ સંકલ્પ વિષે આવતું નથી અને બુદ્ધિએ કરીને ઓળખવામાં આવે છે તો તેને પામવાનું પણ એ પ્રકારે કરીને થાય છે.

(૧) એક જ્ઞાન કહેવાય છે (૨ બીજુ દર્શન કહેવાય છે તે જેમ ધ્યાન અને પ્રકટ દેખવામાં ભેદ છે, તેમજ જ્ઞાન અને દર્શન વિષે ભેદ થાય છે અને જેમ નેત્રોની પલકોએ કરીને દર્શન વિષે પડદો થાય છે પણ ધ્યાન વિષે કંઇ પલકોનો પડદો થતો નથી. તેમજ આ જે પાંચ તત્વનું શરીર છે, અને આ શરીરની સાથે જીવનો સંબંધ છે, અને એથી કરીને ઇંદ્રિયોના રસે કરીને આસક્ત છે તો એ દેહાભિમાન શ્રી રામ કૃષ્ણનાં દર્શન વિષે પડદો છે અને તેને જાણવામાં પડદો નથી તેથી જ્યાં સુધી આ જીવને દેહ પણું એટલે હુંપદ અને માન દૂર ન થાય ત્યાં સુધી શ્રી રામ કૃષ્ણરૂપ દર્શનને પ્રાપ્ત થતો નથી. એ કારણથી એક મહા પુરૂષને આકાશવાણી થઈ હતી કે દેહના અભિમાન સંયુક્ત તું મને જોઇ શકીશ નહિ તેથી પ્રસિદ્ધ થયું કે જેમ ધ્યાનના દેખવાથી પ્રત્યક્ષનું જોવું વિશેષ છે તેમજ શ્રી રામ કૃષ્ણજીને ઓળખવાથી દર્શન વિષે અધિક આનંદ છે. તેથી તું જાણ કે દર્શનાનું મૂળ જ્ઞાનજ છે પણ દેહાભિમાન દૂર થતાં તે જ્ઞાનજ એવી સંપૂર્ણતાને પ્રાપ્ત થાય છે કે તે જ્ઞાનાદિ અવસ્થાના જ્ઞાનની પેઠેજ નથી ભાસતું જેમ શરીરની ઉત્પતિ બીજે કરીને થાય છે પણ મનુષ્યનું શરીર અને બીજનું સ્વરૂપ એકસરખાં હોતાં નથી વળી જેમ બીજથી વૃક્ષ થાય છે પણ

બીજના જેવું વૃક્ષનું સ્વરૂપ હોતું નથી. તોપણ તે બીજજ સંપૂર્ણતાઇને પ્રાપ્ત થાય છે ત્યારે વૃક્ષ કહેવાય છે. તેમજ જ્યારે તે જ્ઞાન સંપૂર્ણ થાય છે, ત્યારે તે દર્શન કહેવાય છે. શાથી કે જે પદાર્થની સંપૂર્ણતા પ્રાપ્ત થાય છે, તેમાં દર્શન પણ તેનું નામ છે. તેથી જ્યાંનું ત્યાં સમજવું એ દર્શન છે. એ કારણથી શ્રીરામ કૃષ્ણ દર્શન કોઇ દિશા વિષે મળી શકતું નથી. જેમ બુઝ અને જ્ઞાન પણ સ્થુળ દિશાથી વિલક્ષણ છે. તેમજ એમનું દર્શન પણ દિશા અને સ્થાનથી રહિત છે. પણ દર્શનનું મૂળ જ્ઞાનજ છે તેથી જે પુરૂષને કંઇ જ્ઞાન નથી તેને શ્રીરામ કૃષ્ણનાં દર્શન વિષે પણ મોટો પડદો છે. અને તેને કદાચિત્ દર્શન પ્રાપ્ત થતું નથી. જેમ બીજના વિના ખેતી ઉત્પન્ન થતી નથી. અને જેને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું છે, તો તેને સંપૂર્ણ દર્શન પ્રાપ્ત થયું છે. પણ આ દર્શન વિષે સૌ પુરૂષ સમાન હોતા નથી. શાથી કે જેનામાં અધિક જ્ઞાન છે, તેને દર્શનનો આનંદ પણ અધિક છે. અને જેને અલ્પ જ્ઞાન છે તેને દર્શનાનન્દ પણ અલ્પ છે. એ ઉપર શ્રીકૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે હું સૌ લોકોને તેમના અધિકાર પ્રમાણે દર્શન દેઇશ. અને કેવળ દર્શન સંતજનોને દેઇશ. તો તેનું તાત્પર્ય એ છે કે બીજ દર્શનનું જ્ઞાન છે તે જ્ઞાન સંતોના હૃદયમાં હોય છે. તેથી તેમને શુદ્ધ સચ્ચિદાનંદનું દર્શન પ્રકટ થાય છે. અને બીજા જીવોને એવું દર્શન થતું નથી. શાથી કે તેમનામાં જ્ઞાનરૂપી બીજ નથી. મળતું. એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે અમુક પ્રીતિમાનની વિશેષતા ઘણું ભજન, તપ, અને વ્રતોએ કરીને નથી પણ તેમની વિશેષતા જ્ઞાનથી છે. અને બુઝ છે તેજ જ્ઞાન છે. તેથી સર્વ જીવોને જે ભગવતનાં દર્શન પોતપોતાના અધિકાર પ્રમાણે થાય છે તો તેનું દૃષ્ટાંત એ છે કે જેમ ઘણાં દર્પણ હોય અને કોઇ મલીન હોય, કોઇ ઉજળાં હોય, અને કોઇ ઘણાં ઉજ્વળ હોય, કોઇ અતિ મલીન હોય જો કે એમના વિષે સ્વરૂપનું પ્રતિબિમ્બ ભાસે છે તોપણ તેનો આકાર ભિન્ન ભિન્ન દેખાઇ આવે છે. શાથી કે જે દર્પણ સીધું હોય છે તેના વિષે સિધોજ આકાર ભાસે છે. અને જે દર્પણ વાંકું હોય છે તેમાં સુંદરરૂપ પણ કુરૂપ ભાસે છે. જેમ તરવારની લંબાઇ વિષે

સુંદર મુખનો આકાર પણ લાંબો નજરે પડે છે. તેમજ પરલોક વિષે-જે પુ·
રૂષનુ હૃદયરૂપી દર્પણ મલીન અને વાંકું હોય છે ત્યારે તેને નિઃસંદેહ સુખ-
દાયક પદાર્થ પણ દુઃખદાયક ભાસે છે. તેથી તું એમ સમજ કે શ્રીરામ કૃષ્ણ-
રૂપ દર્શન વિષે જેવો. સંતજનોને આનંદ થાય છે, તેવો બીજા જીવોને પ્રાપ્ત
થતો નથી. અને જેવું રહસ્ય વિદ્યાવાનોમાં હોય છે, તેવું વિદ્યા હીન જીવોમાં
નથી હોતું. વળી જેવું સુખ વિદ્યાવાન, વૈરાગી અને પ્રેમીને પ્રાપ્ત થાય છે, તે
બીજા વિદ્યાવાનોને થતું નથી. તેથી જે પુરૂષે શ્રીરામ કૃષ્ણને ઓળખ્યા છે
અને શ્રીરામ કૃષ્ણનીજ સાથે જેની અધિક પ્રીતિ છે અને જેણે શ્રીરામજીને
ઓળખ્યા પણ તેની પ્રીતિ અલ્પ છે. તે બેઉના આનંદમાં મોટો ભેદ છે. ય-
દ્યપિ તેમને દર્શન દેખવા વિષે સમાનતા છે, તોપણ તેમને આનંદ વિષે સ-
માનતા નથી. તો એ ભેદ સુખ વિષે છે, દર્શન વિષે નથી. શાથી કે રૂપ
એકજ છે.

વળી દર્શનનું બીજ જ્ઞાન છે, અને જ્ઞાનરૂપી બીજ બેઉમાં છે, તો તેનુ
દૃષ્ટાંત એ છે કે જેમ બે પુરૂષ હોય અને બેઉની દૃષ્ટી સમાન હોય તેઓ
કોઇ સુંદર પુરૂષને જુએ પણ તેમનામાં એટલો ભેદ હોય કે એક પુરૂષ તેને
અધિક પ્રીતિની સાથે દેખે, અને બીજા પુરૂષની પ્રીતિ થોડી હોય ત્યારે તે-
મના દેખવા વિષે કંઇ ભેદ હોતો નથી. પણ આનંદ વિષે ઘણો ભેદ થાય છે.
તેથી પ્રસિદ્ધ થયું કે પ્રેમ સાથે જોનારા પુરૂષને અધિક આનંદ થાય છે, અને
જે પુરૂષ પ્રીતિથી રહિત છે, તેને એવો આનંદ પ્રાપ્ત થતો નથી. તેનું તાત્પર્ય
એ છે કે કેવળ જ્ઞાને કરીને પણ જીવને ઉત્તમ ભાગ્યની સંપૂર્ણતા પ્રાપ્ત થતી
નથી. તેથી જ્યારે પ્રેમ અને જ્ઞાન બેઉ હોય ત્યારે ઉત્તમ ભાગ્યને પ્રાપ્ત થાય
છે. અને પ્રેમની પ્રબલતા ત્યારે થાય છે કે પ્રથમ આ માણુસના હૃદયમાંથી
માયાની પ્રીતિ સંપૂર્ણ દૂર થાય. શ્રી રઘુપતિ ચરણની પ્રીતિ વૈરાગ્ય વિના
સિદ્ધ થતી નથી એ કારણે કરીને જ્ઞાની વૈરાગીને અધિક આનંદ થાય છે.

વળી જ્યારે કોઇ આ પ્રમાણે પ્રશ્ન કરે કે જ્યારે દર્શનનો આનંદ પણ

જ્ઞાનના આનંદના જેવો છે, ત્યારે આ આનંદ કંઇ અધિક દેખાતો નથી. તેમાં તેનો ઉત્તર એ છે કે આ પ્રકારનાં પ્રશ્ન તું ત્યાંસુધી કરે છે, કે જ્યાંસુધી તેં જ્ઞાનના આનંદને જાણ્યો નથી અને કેટલાંક શાસ્ત્રોનાં વચન ભણીને અથવા શીખીને કંઠે કર્યાં છે તેમાં તેને તેં જ્ઞાન જાણ્યું છે. તેથી એ રીતે કરવાથી તને તે આનંદ કોઇ પ્રકારે પ્રાપ્ત થશે નહિ. જેમ કોઇ પુરૂષ આટાને પલાળીને ખાય અને ઇચ્છે કે એણે કરીને મને મિઠાઇનો સ્વાદ આવે. ત્યારે કદાચિત્ તે મિઠાઇના સ્વાદને પ્રાપ્ત થતો નથી. અને જે પુરૂષને જ્ઞાનનો રસ જેવોને તેવો આવ્યો છે ત્યારે તેને આ જગત્ વિષે એવો આનંદ થાય છે કે તે આનંદને સ્વર્ગના સુખથી અધિક પ્રીતમ રાખે છે.

, યદ્યપિ જ્ઞાનનું સુખ એવું છે કે તેના જેવું બીજું કોઇ સુખ નથી. તોપણ શ્રીરામ કૃષ્ણરૂપ દર્શનનો આનંદ એવો અમિત છે કે એની પાસે જ્ઞાનનો આનંદ પણ તુચ્છજ ભાસે છે પણ આ વચનનો ભેદ દૃષ્ટાંત વિના પ્રકટ સમજી શકતા નથી. તેથી તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ સુંદર પુરૂષની સાથે કોઇની પ્રીતિ અધિક થાય અને પ્રભાતના સમયમાં પોતાના પ્રિતમને જુએ અને હજુ સૂર્યનો પ્રકાશ પ્રકટ થયો ન હોય. વળી તે જોનારા પુરૂષને વીંછી અને માખ્યો પણ કરડતાં હોય અને તે સમય વિષે કોઇના ભયે કરીને ડરતો પણ હોય, અને બીજા કોઈ કામની ચિંતા પણ કરતો હોય, ત્યારે આ વાર્તા નિઃસંદેહ છે કે જ્યાં એટલાં વિઘ્ન એકઠાં હોય ત્યારે તે પ્રેમી પુરૂષને પોતાના પ્રીતમના દર્શનનું સુખ સંપૂર્ણ પ્રાપ્ત થતું નથી. પણ જ્યારે અચાનકજ સૂર્ય ઉદય થાય, અને પ્રકાશ અધિક પ્રકટ થાય, વળી જેના ભયે કરીને ડરતો હતો તેનો ભય પણ દૂર થાય. અને કોઇ કાર્યની ચિંતા પણ ન થાય. વળી માખી અને વિંછીનું ડસવું પણ દૂર થઇ જાય. ત્યારે નિઃસંદેહ તે પ્રેમી પુરૂષને પોતાના પ્રિતમનાં દર્શનનો આનંદ અધિક અધિક થાય છે. અને વિઘ્નોને દૂર થતાં તે આનંદ સંપૂર્ણતાને પ્રાપ્ત થાય છે તેમજ આ પુરૂષ જ્યાંસુધી દેહના અભિમાન વિષે બાંધ્યો રહે છે. ત્યાંસુધી એટલાં વિઘ્ન આ જીવને લાગેલાં છે. કે જ્ઞાનની અલ્પજ્ઞતા અંધારા જેવી છે, અથવા પરદાના જેવી

છે. વળી વિંછી અને માખ્યોનું ડસવું પણ ઇંદ્રિયોના રસોની ખેંચ છે. અને સહેવકાળ શરીરની નાશતાનો ભય રહે છે. અને નાના પ્રકારનો શોક અને દુઃખ ચિત્તને વિક્ષેપતા દેનારાં છે. અને સર્વદા આહારની ઉત્પત્તીની ચિંતા રહે છે. પણ જ્યારે આ જીવનો દેહાભિમાન નાશ થાય છે. ત્યારે આ બધા પરદા દૂર થઇ જાય છે. અને તે દર્શનની પ્રીતિ સમ્પૂર્ણતાને પ્રાપ્ત થાય છે અને પ્રકાશ પ્રકટ થવાથી તે અંધારૂં પણ દૂર થઇ જાય છે. વળી માયાના વ્યવહારની વિક્ષેપતા પણ નાશ થઇ જાય છે. એ કારણે કરીને તે દર્શનનો આનંદ અધિકતાને પ્રાપ્ત થાય છે. અને જેમ તે દેહાભિમાન વિષે જ્ઞાનનો આનંદ અલ્પ હતો તેમજ દેહાભિમાનને દૂર થતાં તે આનંદ સંપૂર્ણ થાય છે. જેમ અનાજની સુગંધીનું સુખ ભૂખ્યા પુરૂષને કંઇ અલ્પજ હોય છે, તેમજ તે જ્ઞાન જ્યાંસુધી દેહાભિમાન યુક્ત હોય છે, ત્યાંસુધી તેનો આનંદ અલ્પ માત્ર થાય છે. અને દેહાભિમાન દૂર થતાં તે જ્ઞાનજ દર્શનરૂપ થાય છે. અને તેનો આનંદ પણ અતિ અધિક થાય છે વળી જ્યારે તુ આ પ્રમાણે પ્રશ્ન કરે કે તમે તો જ્ઞાનનીજ સંપૂર્ણતાઇને દર્શન કહો છો તે જ્ઞાન હૃદય વિષે થાય છે, અને દર્શનનું દેખવું નેત્રોને વિષે થાય છે. તેથી જ્ઞાન અને દર્શનની એકતા શી રીતે જાણીએ ત્યારે તું એમ જાણ કે દર્શનનું નામ દર્શન એટલા માટે કહે છે કે જે પદાર્થનું સ્વરૂપ સંકલ્પ વિષે દૃઢ થાય છે. તે દર્શન વિષે તેની પ્રકટ પ્રાપ્તિ થાય છે. તેથી તેને દર્શન કહે છે. એ કારણથી પ્રસિદ્ધ થયું કે સંપૂર્ણ પ્રાપ્તિનું નામ દર્શન છે. અને નેત્રોના જોવાથી દર્શન કહેવાતું નથી. જેમ કોઇ પુરૂષ પુલ કે બેન્ડને જુએ પણ જ્યાંસુધી તેની સુગંધ ન લે અને બેન્ડના શબ્દનું શ્રવણ ન કરે ત્યાંસુધી સુગંધ અને રાગના દર્શનને પ્રાપ્ત થતો નથી. અર્થ એ કે યદ્યપિ તેને નેત્રોથી દેખે પણ છે, તોપણ તેના રહસ્યને પામતો નથી તેથી એ નિઃસંદેહ છે કે શ્રીરામ કૃષ્ણચંદ્રજી જ્યારે દર્શનનું દેખવું મસ્તક વિષે ઉત્પન્ન કરત તોપણ તેને દર્શનજ કહેત. તેથી કેવળ નેત્રોએ કરીને દેખવાનેજ દર્શન સમજવું એ પણ બુદ્ધિની હીનતા છે પણ યદ્યપિ દર્શનના અર્થને તું નેત્રોનું જોવુંજ સમજે છે,

તોપણ તેને દર્શનજ કહે તેથી કેવળ નેત્રોએ કરીને દેખવાનેજ દર્શન સમજવું એ પણ બુદ્ધિની હીનતા છે પણ યદ્યપિ દર્શનના અર્થને તું નેત્રોને જાવું સમજે છે તોપણ તને એવી પ્રતીતિ જોઇએ કે શ્રી રામ કૃષ્ણના દર્શન પણ પરલોક વિષે નેત્રોએ કરીને પ્રકટ દષ્ટે પડશે પણ તે નેત્ર આ સ્થૂળ નેત્રના જેવાં હશે નહિ શાથી કે આ શરીરનાં નેત્ર સ્થૂળ દૃષ્ટિ વિના દેખી શકતાં નથી અને તે સૂક્ષ્મ નેત્ર એવાં છે કે તેનું દેખવું દિશા અને સ્થાનથી રહિત છે પણ એથી અધિક એવાં વચનની ચર્ચા અને વખાણ કરવાં અયોગ્ય છે શાથી કે બધાની બુદ્ધિ એવા ભેદને સમજી શકતી નથી જેમ સુંદર ચિત્રકારની ક્રિયા વાંદરાથી થઇ શકતી નથી.

વળી યદ્યપિ કોઇ પુરૂષ વિદ્યાવાન્ પણ હોય અને તે કર્મકાંડ અને વ્યાકરણ અને બીજા વિષે ચતુર હોય ત્યારે પણ એવાં સૂક્ષ્મ વચનોમાં તેની બુદ્ધિનું પહોંચવું પણ કઠણ થાય છે અને જે પંડિત નાના પ્રકારનાં વચનોનો નિર્ણય કરનારા છે તે પણ એવા ભેદોને પામી શકતા નથી શાથી કે એ પ્રકૃતિ પંડિત સંસારી જીવોના ધર્મના કોટવાળ છે અર્થ એ કે પાપ, પુણ્ય અને સ્વર્ગ નર્કનો નિશ્ચય સંસારી જીવોના હૃદયમાં દૃઢ કરાવે છે અને જે મન મતિ લમ્પટ મનસુખ છે તેમનાં વિધ્નોને તે પંડિત દૂર કરે છે અને ચર્ચા કરીને તેના મતનું ખંડન કરે છે પણ આ જ્ઞાનની જે વાર્તા છે, તેનો તો માર્ગજ ભિન્ન છે અને તેના સમજનારા જ્ઞાનવાન્ પુરૂષ દુર્લભ છે તેથી એ વચનનું વર્ણન કરવું આવા ગ્રંથમાં થોડુંજ પ્રમાણ છે એ કારણે કરીને મેં એને અહીં સંપૂર્ણ કર્યું છે. વળી જ્યારે તું આ પ્રમાણે પ્રશ્ન કરે કે તમે તો જ્ઞાન અને દર્શનના આનંદની એવી વિશેષતા કહી છે કે એ સુખની પાસે સ્વર્ગનું સુખ પણ તુચ્છ માત્ર થઇ જાય છે. તો આ વચનનો અર્થ મારા હૃદયમાં પ્રત્યક્ષ ભાસતો નથી અને યદ્યપિ એ અર્થમાં સંત જનોનાં વચન ઘણાં છે પણ મારી બુદ્ધિ એવા સૂક્ષ્મ ભેદને સમજી શકતી નથી અને આ સંશય ઉત્પન્ન થાય છે કે એવું સુખ કયું હશે ? કે જે સુખની આગળ સ્વર્ગનું સુખ પણ વિરસ થઇ જાય છે અને જ્યાં સુધી આ સંશય દૂર ન

થાય ત્યાં સુધી હૃદયની પ્રતીતિ અને નિશ્ચય પણ દૃઢ થતો નથી તો તેનો ઉત્તર એ છે કે એ વચનના અર્થનો ભેદ ત્રણ પ્રકારે કરીને તારી બુદ્ધિમાં પ્રત્યક્ષ ભાસશે.

તેમાં પ્રથમ એ છે કે તને આ અર્થ પ્રકટ ભાસશે જ્યારે તું ઘણો વખત ભલી પ્રકારે એ વચનોનો અર્થ જે અમે કહ્યો છે તેનું મનન અને વિચાર કરીશ શાથી કે જે વચન એકજવાર સાંભળવામાં આવે છે, ત્યારે તે ચિત્તમાં ઠરતું નથી.

તેથી એ વચનનો વિચાર વારંવાર કરવો પ્રમાણ છે.

વળી બીજો ઉપાય એ છે કે મનુષ્યમાં બધા સ્વાદ એકઠા ઉત્પન્ન કર્યા નથી તેથી પોત પોતાના સમય અનુસાર પ્રકટ થાય છે જેમ બાળકને પ્રથમ આહારની તૃષ્ણા થાય છે અને આહારથી બીજા કોઈ પદાર્થને જાણતું નથી. પછી જ્યારે સાત વર્ષનું થાય છે ત્યારે તેને રમવાની તૃષ્ણા ઉત્પન્ન થાય છે અને તે રમવાના રસમાં એવું લીન થાય છે કે આહારનું સ્મરણ પણ કરતું નથી પછી જ્યારે દશ વર્ષનું થાય છે, ત્યારે તેને શ્રૃંગાર અને સુંદર સ્ત્રીની અભિલાષા થાય છે અને સુંદરતાઇના સ્વાદે કરીને રમવાનો પણ ત્યાગ કરે છે પછી જ્યારે જોબન અવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે કામાદિક ભોગોની પ્રબળતા થાય છે અને કામની અભિલાષા વિષે એવો મગ્ન થાય છે કે તેથી કરીને આહાર અને રમત અને શ્રૃંગારની અભિલાષા નષ્ટ થઇ જાય છે. પછી જ્યારે વીશ વર્ષનો થાય છે, ત્યારે એ માણસમાં માન અને મોટાઇની તૃષ્ણા ઉત્પન્ન થાય છે. તેમાં એ માન મોટાઇનો સ્વાદ એવો છે કે માયાના સર્વ પદાર્થ વિષે પ્રબળ છે.

જેમ પ્રભુનાં વચનો વિષે પણ આવ્યું છે કે આ સંસાર વિષે આ જીવને એટલુંજ પ્રાપ્ત થાય છે, કે રમત, સુંદરતાઇ, માન, સમ્પદા અને દુર્વાસના આ સંસારમાં એજ પદાર્થ છે પણ જ્યારે આ પુરૂષ માયાના પદાર્થોએ કરીને મલીન, રોગી અને આસક્ત ન થાય ત્યારે તે પછી સર્વ જગતને

ઉત્પન્ન કરનારા જે ભગવત્ છે તેમની વિદ્યા અને જ્ઞાનનો આનંદ આ જીવને પ્રકટ થાય છે,

ભગવતને જાણવાનું રહસ્ય એવું છે કે જેમ માનના સ્વાદ વિષે માયાના સર્વ પદાર્થ લીન થઇ જાય છે. તેમજ ભગવતને ઓળખવાના આનંદ વિષે માન અને મોટાઇનો આનંદ પણ વિરસ થઈ જાય છે અને આ વાર્તા પ્રસિદ્ધ છે કે સ્વર્ગ વિષે પણ આહાર અને રૂપના સુખથી બીજું કોઇ અધિક સુખ નથી શાથી કે ત્યાં પણ બાગો વિષે ક્રિડા કરે છે અને તેનાં ફળોનો આહાર કરે છે અને પુલ, જળ, સુંદર મંદિર વગેરેને જોઇને પ્રસન્ન થાય છે તો એ બધા ભોગ આ સંસાર વિષે માનના ભોગની અભિલાષાની પાસે તુચ્છ રૂપ થઇ જાય છે તેથી જ્ઞાનના આનંદ વિષે સ્વર્ગના ભોગોનું વિસ્મરણ થવું કેવું કઠણ થશે? શાથી કે માનની તૃષ્ણાએ કરીને આ મનુષ્ય એવું કઠણ તપ કરે છે કે પ્રથમ એકાંત ઠેકાણા વિષે પોતાનું બંદીખાનું બનાવે છે અર્થ એ કે કદી બહાર નીકળતો નથી. વળી નિત્ય પ્રતિ એકજ દાણાનો આહાર કરે છે, અને સર્વ રાત્રી જાગરણ કરે છે યદ્યપિ એવું તપ કરે છે, કે સર્વ ભોગોનો ત્યાગ કરે છે તોપણ માનનો ત્યાગ કરી શકતો નથી તેથી પ્રસિદ્ધ થયું કે સ્વર્ગનું સુખ જે ઇંદ્રિયાદિક ભોગ છે, એથી માન અને મોટાઇના સુખને અધિક પ્રીતમ રાખે છે તે જેમ ઐશ્વર્ય અને માનની અભિલાષા ઇંદ્રિયાદિક ભોગોના રસને વિરસ કરી નાંખે છે. તેમજ જ્ઞાનના રસે કરીને ઐશ્વર્ય અને માનનો રસ પણ વિરસ થઇ જાય છે તો આ બધી વાતો તારી બુદ્ધિ વિષે નિઃસંદેહ પ્રત્યક્ષ ભાસે છે શાથી કે એ માનાદિક રસોને તું ભલી પ્રકારે જાણે છે, પણ બાળકની બુદ્ધિ વિષે જે માનના રસનો સ્વાદ નથી દેખાતો તેથી તે માનના રસની પ્રતીતિ પણ કરી શકતો નથી અને હવે તું બાળકને માન અને મોટાઇના રસને સમજાવવા ઇચ્છે, તો જ્યાં સુધી તેની બુદ્ધિ વિષે પોતેજ તેનો સ્વાદ ન ભાસે ત્યાં સુધી એ વચનોએ કરીને સમજાવવું કઠણ હોય છે તેમજ જ્યાં સુધી તને જ્ઞાનના આનંદનું સ્વરૂપ પ્રપ્ર

ન ભાસે ત્યાં સુધી જ્ઞાનવાન્ પણ પોતાનાં વચનોએ કરીને તને સમજાવી શકતો નથી જેમ તું બાળકને સમજાવવામાં સમર્થ થઈ શકતો નથી તેમ

(૩) વળી ત્રીજો ઉપાય એ છે કે જ્યારે તું જ્ઞાનવાનોની અવસ્થાને દેખે અને તેનાં વચનોનું શ્રવણ કરે અને તેમની સાથે પ્રશ્નોત્તરે કરીને પોતાના સંશયોને દૂર કરે ત્યારે તારા ચિત્ત વિષે આ વચનનો અર્થ અવશ્યજ પ્રકટ થશે.

જેમ નપુંસક પુરૂષ કામાદિક ભોગોના રસને પોતે કરી જાણતો નથી પણ જ્યારે કામી પુરૂષોને દેખે છે, કે તે પોતાની સર્વ સામગ્રી આ ભોગની પ્રબળતા વિષે ખર્ચે છે ત્યારે તેને પણ એટલું ભાસવા લાગે છે કે એ કામાદિક ભોગોનો રસ મહા પ્રબળ છે તેમજ જ્યારે તું જ્ઞાનવાનોની અવસ્થાને દેખે અને તેના પરમાનંદને ઓળખે ત્યારે તને પણ એવી પ્રતીતિ દૃઢ થઈ જશે કે તેના હૃદયમાં નિઃસંદેહ મોટું સુખ છે.

એ ઉપર મીરાંબાઈની વાર્તા છે કે તેને કોઈ પુરૂષે કહ્યું હતું કે સ્વર્ગને ઇચ્છે છે? ત્યારે તેણે કહ્યું કે મારી પ્રીતિ ઘરવાળાની સાથે છે તેથી હું ઘરને ઇચ્છતી નથી. અર્થ એ કે મારે પ્રીતિ ભગવત્ની છે એ કારણથી હું સ્વર્ગ રૂપી ઘરને ઇચ્છતી નથી.

એક સંતે પણ કહ્યું છે કે શ્રી રામ કૃષ્ણજીના એવા પ્રીતમ છે કે તેમને સ્વર્ગની આશા, અને નરકોનો ભય આસક્ત કરી શકતાં નથી તો આ લોકનાં સુખ તો અલ્પ માત્ર છે ત્યારે તેમાં તે શી રીતે આસક્ત થાય? એ કારણથી સર્વ વાસનાને દૂર કરીને શ્રી રઘુપતિ ચરણની પ્રીતિ વિષે મગ્ન રહે છે.

વળી એક બીજા સંતને પણ કોઈ પ્રીતમે કહ્યું હતું કે "તમને સર્વ સંસાર અને માયાથી જે વૈરાગ્ય પ્રાપ્ત થયો છે, અને એકાંત ઠેકાણે ભજન વિષે જે સ્થિત થયા છો, તો તેનું કારણ શું છે?" તાત્પર્ય એ કે તમને કાળનો ભય સ્મરણમાં આવ્યો છે? અથવા નરકોનો ભય છે? કે સ્વર્ગની

આશા છે ? તેનો ઉત્તર મને કહો. ત્યારે સંતે કહ્યું કે કાળનો ભય શું છે ? નર્કોનો ભય શું છે ? અને સ્વર્ગનું અસલ શું છે ? પણ એક એવા પરેશ પ્રભુ છે, કે જેના હાથમાં આ લોક અને પરલોક છે, માટે જ્યારે તું તેમની પ્રીતિનો રસ ચાખીશ ત્યારે એ બધો ડર અને આશા વિસ્મરણ થઇ જશે અને જ્યારે તને તેમનું ઓળખાણ થશે ત્યારે એ સર્વ પદાર્થોથી તું લજ્જાયમાન થઇશ.

વળી એક બીજા મહાત્માને કોઇએ સ્વપ્ન વિષે જોયા હતા ત્યારે તેણે પૂછયું કે અમુક સંતની પરલોક વિષે શી ગતિ થઇ છે ? ત્યારે તેમણે કહ્યું કે હમણાંજ હું તેમને સ્વર્ગ વિષે અમૃત ફળોનો આહાર કરતાં જોઇ આવ્યો છું. પછી તે પુરૂષે પૂછયું કે તમારી શી અવસ્થા છે ? ત્યારે તેમણે કહ્યું કે શ્રીરામ કૃષ્ણજી મારા હૃદયના અંતર્યામી છે, તેમણે હમણાં જાણ્યું કે એને સ્વર્ગનાં ખાનપાનની કંઈ અભિલાષા નથી. ત્યારે શ્રીકૃષ્ણ મહારાજે પોતાની દયાએ કરીને મને દર્શન દીધાં.

એક બીજા સંતે પણ કહ્યું છે કે મેં સ્વપ્ન વિષે સ્વર્ગને જોયું હતું અને તે સ્વર્ગ વિષે ઘણા લોકોને મેં ભોગ ભોગવતાં જોયા.

ત્યારે મેં એક બીજા પુરૂષને જોયો કે તે શુદ્ધસ્થાન વિષે બેઠો છે, અને તેની આંખો ઉઘાડી છે, અને મતવારાની પેઠે સ્થિત છે. ત્યારે મેં સ્વર્ગવાસીઓને પૂછયું કે આ પુરૂષ કોણ છે ? ત્યારે તેમણે કહ્યું કે આ મારૂતીજી છે. તે એવા મહા પુરૂષ છે કે તેમણે નરકનો ભય અને સ્વર્ગની આશાએ કરીને શ્રી રાઘવજીનું ભજન કર્યું નથી. અને નિષ્કામ થઇને શ્રીરામ નામ સ્મરણ વિષે દ્રઢ થયા છે તો એમને શ્રીરામજીનાં દર્શન થયાં છે. અને સ્વર્ગના ભોગોથી વિરક્ત ચિત્ત છે.

વળી દારાઇ સંતે પણ કહ્યું છે કે જો કોઇ પુરૂષ આ લોક વિષે પોતાના શરીરના ભોગોની સાથે રચ્યો પચ્યો છે. તેમાં પરલોક વિષે પણ શરીરના ભોગો વિષે આસક્ત રહેશે અને જે પુરૂષ આ લોક વિષે શ્રીરામ ભ-

જનની સાથે રચ્યો પચ્યો છે તે પરલોક વિષે તે રામજીનાં સુખરૂપ દર્શનને પ્રાપ્ત થશે.

એક બીજા સંતે પણ કહ્યું છે કે એકવાર મેં એક સંતને જોયા હતા કે તે સંધ્યાકાળથી લેઇને પ્રભાત સમય પર્યંત પલાંઠીવાળીં બેશી રહ્યા અને ધ્યાન વિષે નેત્રો મીચી લીધાં પછી ધરતીપર મસ્તક મૂકીને ઉઠીને ઉભા થયા અને પ્રાર્થના કરવા લાગ્યા કે હે મહારાજ જે પુરૂષોએ આપનું ભજન કર્યું છે. ત્યારે આપે તેમને સિદ્ધતાનું બળ આપ્યું છે. તેથી તે પુરૂષ સુખેથી પાણીપર તરી જાય છે. અને આકાશ વિષે ઉડવા માંડે છે. પણ હું એ સીદ્ધિયો કરતાં પોતાની રક્ષા ઇચ્છું છું.

વળી એક એવા પુરૂષ થયા છે કે તેમને દાટેલા ખજાના મળ્યા છે. અને એક એવા થયા છે કે તે એકજ રાત્રી વિષે સહસ્ત્ર યોજનોના માર્ગને ઉલ્લંઘી ગયા છે અને એ સિદ્ધતા વિષે પ્રસન્ન થયા છે. પણ હું એથી પણ રક્ષા ઇચ્છું છું, એટલું કહીને તે સંતે પોતાની પાછળ જોયું અને મને જોઇને કહેવા લાગ્યા કે તું અહીંજ બેઠો હતો ? ત્યારે મેં કહ્યું કે હા સ્વામીજી હું અહીંજ બેઠો હતો, પછી તેમણે કહ્યું કે ક્યારનો બેઠો છે ? ત્યારે મેં કહ્યું કે જી મને અહીં બેઠાં ઘણો વખત થયો અને મેં એમ પણ કહ્યું કે હે સ્વામીજી આપની અવસ્થાનું વર્ણન કંઈ મને પણ સંભળાવો, ત્યારે તેમણે કહ્યું. બીજું કંઈ તારા અધિકારને અનુસરતું હું કંઇક વર્ણન કરૂં છું. પછી કહેવા લાગ્યા કે હું એકવાર આકાશ વિષે દેવતાઓના સ્થાનોમાં ગયો હતો ત્યારે ત્યાં સ્વર્ગ વૈકુંઠાદિક સર્વ લોકોને જોવા લાગ્યો, અને ત્યાં મને આકાશવાણી થઇ કે જે પદાર્થની તને ઇચ્છા હોય તે હવે માગી લ્યો એટલે હું તમને તે પદાર્થ આપું. પછી મેં પ્રાર્થના કરી કે હે દીન દયાળ તારા વિના મને કોઇ પદાર્થની ઇચ્છા નથી; ત્યારે સ્વામીએ કહ્યું કે તું મારોજ દાસ છે.

વળી એક મહાત્માના એક જિજ્ઞાસુ હતા તેઓ હૃદયની એકાગ્રતા વિષે લીન રહેતા હતા, ત્યારે એકવાર મહાત્માએ તે જિજ્ઞાસુને કહ્યું કે તું અમુક

મહાત્માનું દર્શન કરે તો સારૂં છે. પછી તેણે કહ્યું કે હું પોતાના હૃદય વિષે પરચેલો છું. ત્યારે મહાત્માએ કેટલીકવાર તેને ફરીથી પણ કહ્યું કે તને તેમનાં દર્શન કરવાં એ અધિક પ્રમાણ છે. પછી તેણે કહ્યું કે હું તેમના પણ સ્વામીને નિત્ય પ્રતિ દેખું છું ત્યારે મને તેમને જોવાની ઇચ્છા શી રીત થાય? પછી મહાત્માએ તેને કહ્યું કે જો તું એકવાર એમનું દર્શન કરે તે સત્તરવાર પ્રભુને દેખવા કરતાં તેમનું દર્શન તને વિશેષ છે. ત્યારે તે જિજ્ઞાસુ આશ્ચર્યમાન થઇને કહેવા લાગ્યા કે હે સ્વામીજી તમે આ વચન શી રીતે કહ્યું? ત્યારે તેમણે કહ્યું કે હે ભાઇ હવે જે તું પ્રભુને દેખે છે તે પોતાના અધિકાર પ્રમાણે દેખે છે. અને જ્યારે તું તેમની પાસે જઇશ ત્યારે તું પ્રભુને તેમની અવસ્થાને અનુસાર દેખીશ. ત્યારે તે જીજ્ઞાસુએ તે વચનને સમજીને કહ્યુ કે હે સ્વામીજી તમે પણ મારી સાથે ચાલો એટલે ત્યાં જઇને એમનાં દર્શન કરીએ. પછી બેઉ ગુરૂ શિષ્ય બીજા મહાત્માજીની પાસે ગયા, ત્યારે તેઓ જંગલ વિષે ગયા હતા, પછી જ્યારે પોતાના ઘરમાં આવ્યા અને તે જિજ્ઞાસુએ તેમને જોયા ત્યારે બીજા મહાત્માને જોતાંજ તે જિજ્ઞાસુએ કહ્યું કે ભલે આવ્યા છો. પછી એટલું કહીને તે જિજ્ઞાસુનું શરીર છુટી ગયું. ત્યારે તેના ગુરૂએ કહ્યું કે હે મહા પુરૂષજી તમે આ જિજ્ઞાસુને એકજ દૃષ્ટીવડે સમાપ્ત કર્યો,? ત્યારે તેમણે કહ્યું કે એ સાચો જિજ્ઞાસુ હતો અને એના હૃદય વિષે એક ગુહ્ય ભેદ હતો, તે ભેદ એનાથી પોતાની મેળે ખુલતો નહોતો અને જ્યારે મને એણે જોયો ત્યારે તે ભેદ એને પ્રકટ થયો છે. પણ તેના હૃદય વિષે તે ભેદને રાખી લેવાનું બળ નહોતું તેથી શરીર છુટી ગયું. અને વળી એમ પણ કહ્યું છે કે યદ્યપિ મોટા મહા પુરૂષો સમાન ભરોસો, પ્રાર્થના, દિવ્યતા તને મળે તોપણ ઘટે છે કે તુ શ્રીરામ કૃષ્ણ વિના બીજા કોઈ પદાર્થનો અંગીકાર કરીશ નહિ. શાથી કે જ્ઞાનવાનોની અવસ્થા એથી પણ પર છે.

એ ઉપર એક વાર્તા છે કે એક મહાત્માને એક પ્રીતિમાને કહ્યું કે મારાં ત્રીશ વર્ષ આ પ્રમાણે વીત્યાં છે કે રાત્રી વિષે ભજન કરૂં છું, અને દિવસે

મત રાખું છું. પણ જેવાં જ્ઞાનનાં વચન તમે કહો છે. તે મને તેની સમજ કંઇપણ પ્રકટ ભાસતી નથી. ત્યારે તેમણે કહ્યું કે જ્યારે તું ત્રણસેં વર્ષ પર્યંત એવુંજ કઠણ તપ કરે ત્યારે પણ અમારાં વચનોના ભેદને સમજી શકીશ નહિ. પછી તે પુરૂષે કહ્યું કે એ ભેદને હું શા માટે સમજી શકતો નથી ? ત્યારે તેમણે કહ્યું કે તને પોતાના માનનો અને અહંકારનો પડદો છે ? પછી તે પુરૂષે પૂછ્યું કે તેનો શો ઉપાય છે ? ત્યારે તેમણે કહ્યું કે તું એનો ઉપાય કરી શકીશ નહિ. પછી તેણે કહ્યું કે તમે દયા કરીને મને બતાવો એટલે હું ઉપાય કરીશ, ત્યારે તેમણે કહ્યું કે પ્રથમ તું પોતાની ડાઢીને કાઢી નંખાવ અને નગ્ન થઇને રાણનો કોથળો ગળામાં નાંખી લે અને બજારમાં જઇને કહે કે જો કોઈ બાળક મને એક મુષ્ટિકા મારે તો હું તેને એક અખરોટ આપું ? વળી રાજસભાના પંડિતોની પાસે એ પ્રકાર કહે ત્યારે તારા અહંકારનો પડદો દૂર થઇ જશે. પછી જ્યારે એ વચન એ પુરૂષે સાંભળ્યાં ત્યારે કહેવા લાગ્યો કે એથી ભગવત્ રક્ષા કરે. તમે એ વચન કેવાં કહ્યાં ? ત્યારે પેલા મહાત્મા તેને કહેવા લાગ્યા કે એ વચન જે તેં કહ્યું છે, તે એથી કરીને તું મનમુખ થયો છું. શાથી કે યદ્યપિ મુખથી તું એમ કહે છે કે ભગવન્ત જે નિર્લેપ છે, તે મારી રક્ષા કરે. પણ એ કહેવા વિષે તું પોતાની મોટાઇને ઇચ્છે છે તેથી તું મનમુખ છે. પછી તે પુરૂષે કહ્યું કે તમે મને કંઇ બીજા ઉપાય બતાવો. તો કરીશ. અને આજે તમે આગળ કહ્યું છે તે મારાથી થઇ શકતું નથી ત્યારે તેમણે કહ્યું કે તારૂં ઓસડ એજ છે. વળી તેણે કહ્યું કે એ તો મારાથી થઇ શકતું નથી ત્યારે તેમણે કહ્યું કે મેં તો તને પ્રથમજ કહ્યું હતું. કે તારો જે ઉપાય છે, તે તું કરી શકીશ નહિ. પણ મહાત્માએ એ ઉપાય એને એ કારણે કરીને કહ્યો હતો કે તે પુરૂષ માન અને મોટાઈની અભિલાષા વિષે આસક્ત હતો અને તેને માનનોજ રોગ હતો તેથી તેનું ઔષધ નિર્માણ થવું જોઇતું હતું.

એક મહા પુરૂષને આકાશવાણી થઇ હતી કે જે મનુષ્યના હૃદય વિષે

લોક અને પરલોકની અભિલાષા દેખતો નથી ત્યારે તેના હૃદય વિષે હું પોતાની પ્રીતિને રાખું છું અને સર્વ પ્રકારે તેની રક્ષા કરૂં છું.

એક મહાત્માએ મહારાજની આગળ પ્રાર્થના કરી હતી કે હે પ્રભુ તું ભલી પ્રકારે જાણે છે કે જેવી તમારી પ્રીતિ અને ભજનનું રહસ્ય તમે મને પોતાની દયાથી દીધાં છે. તે કરતાં સ્વર્ગના સુખનું મૂલ મચ્છરની પાંખો જેવું પણ લાગતું નથી.

આચાર્ય મહારાજનાં પત્નીને કોઇ પુરૂષે પૂછ્યું હતું કે તમે આચાર્ય મહા પુરૂષને પ્રિતમ રાખો છો ? ત્યારે તેમણે કહ્યું કે એવો પુરૂષ કોણ છે કે જે આચાર્ય મહા પુરૂષને પ્રીતમ ન રાખે ? પણ મને ભગવતની પ્રીતિએ એવી લીન કરી છે કે બીજા કોઇની પ્રીતિ મારા હૃદયમાં રહી નથી.

એક બીજા મહા પુરૂષને લોકોએ પૂછ્યું હતું કે ઉત્તમ કૃતિ કોણ છે ? ત્યારે તેમણે કહ્યું કે શ્રીરામ કૃષ્ણુજીની પ્રીતિ અને તેમની આજ્ઞામાં પ્રસન્ન રહેવું એજ ઉત્તમ કૃતિ છે. તાત્પર્ય એ કે સંતજનોની સાક્ષીયો પણ એવી ઘણી છે. પણ તેમની અવસ્થાએ કરીને જાણવામાં આવે છે કે સ્વર્ગના સુખ કરતાં શ્રી રઘુનંદનજીની પ્રીતિ અને તેમના ઓળખાણનો આનંદ અધિક હોય છે તેથી ઘટે છે કે તું એવાં વચનોનો વિચાર કરે ત્યારે તને પણ એ વચનોનો અર્થ પ્રત્યક્ષ ભાસે.

શ્રીરામ કૃષ્ણુજીનું ઓળખાણ શા માટે ગુપ્ત છે? જે પદાર્થનું ઓળખાણ કઠણ હોય છે તે બે કારણે કરીને હોય છે.

(૧) પ્રથમ એ છે કે જે પદાર્થ અતિ ગુહ્ય હોય છે, તેને ઓળખી શકતા નથી.

(૨) બીજું કારણ એ છે કે જે પદાર્થ અતિ પ્રકટ અને અધિક પ્રકાશ-

માન હોય છે, ત્યારે તેને પણ નેત્રોએ કરીને જોઇ શકતા નથી. જેમ ચિમગોદર સૂર્યને જોઇ શકતું નથી. પછી જ્યારે રાત્રીનો સમય થાય છે, ત્યારે આંખો ઉઘાડીને દેખે છે. તેનું કારણ એ છે કે દિન વિષે સૂર્યનો પ્રકાશ અધિક હોય છે અને ચામાચડીયું દ્દષ્ટી મંદ છે, તેથી અંધકાર વિષે નેત્રોને ઉઘાડીને દેખે છે. તેમજ ભગવતને ઓળખવાની કઠણાઇ પણ અતિ પ્રકટતાએ કરીને છે. કે ભગવત્ અતિ પ્રકાશવાન્ અને અતિ પ્રત્યક્ષ છે. તેથી બુદ્ધિરૂપી નેત્ર તેમને જોઇ શકતાં નથી. અને શ્રીરામ કૃષ્ણજીનો પ્રકાશ અને તેમની પ્રકટતા આ પ્રમાણે જાણવામાં આવે છે કે જેમ તું કોઇના સુંદર અક્ષર દેખે અથવા કોઇ વસ્ત્રને શીવેલું દેખે ત્યારે તું નિઃસંદેહ દરજીની વિદ્યાને અને શ્રદ્ધાને સુગમજ ઓળખી લે છે. અને કારીગરીની ક્રિયાને જોઇને તેની વિદ્યા પ્રત્યક્ષ ભાસી આવે છે, તેમજ શ્રીરામ કૃષ્ણજી જ્યારે આ જગત વિષે એકજ પક્ષી અથવા એકજ વૃક્ષ ઉત્પન્ન કરત ત્યારે જે કોઇ તેને દેખત તે નિઃસંદેહ તેને ઉત્પન્ન કરનારા શ્રીકૃષ્ણ મહારાજની બુદ્ધ અને સમર્થતાઇ અને મોટાઇને સુગમજ ઓળખત. શાથી કે એ મહારાજની રચના એવી છે, કે જે વસ્ત્ર તથા અક્ષરોના જેવી નથી. એ કારણથી કે વસ્ત્ર અને અક્ષરોની કારીગરી આરંભ, યત્ન અને સામગ્રીવડે સિદ્ધ થાય છે. અને આ ધરતી, આકાશ પશુ, વૃક્ષ, પર્વત અને બીજી જે એના જેવી સૃષ્ટી છે, અને જે કંઇ મનના સંકલ્પ વિષે આવે છે, તે બધી શ્રીકૃષ્ણ મહારાજની કારીગરી છે. અને તે કારીગરીને શ્રીકૃષ્ણ મહારાજે આરંભ, યત્ન અને સામગ્રી વિના ઉત્પન્ન કરી છે. તેથી આ બધા પદાર્થ શ્રીકૃષ્ણ મહારાજની મોટાઇને જણાવનારા છે. અને યદ્યપિ એટલા પદાર્થ જણાવનારા છે, તોપણ અતિ પ્રકટતાએ કરીને તેમનું ઓળખાણ ગુહ્ય રહ્યું છે. શાથી કે જ્યારે એક પદાર્થ શ્રીકૃષ્ણ મહારાજે ઉત્પન્ન કર્યો હોત, અને એક બીજો પદાર્થ કોઇ બીજાએ બનાવ્યો હોત, તો નિઃસંદેહ શ્રીકૃષ્ણ મહારાજની વડાઇને ઓળખી શકત. પણ જ્યારે સર્વ સૃષ્ટિના ઉત્પન્ન કરનારા એક પોતે શ્રીકૃષ્ણ મહારાજજ છે એ કારણથી જાણ્યા જતા નથી. તેનું દૃષ્ટાંત એ છે કે જેમ સૂર્યના સમાન આ જગત વિષે બીજો

કોઇ પદાર્થ પ્રકાશમાન નથી શાથી કે સર્વ પદાર્થોને સૂર્યજ ઓળખાવે છે. પણ જ્યારે તે સૂર્ય પણ રાત્રીને વખતે અસ્ત ન થાત અથવા મેઘોના આવર્ણ વિષે સૂર્યને પડદો ન થાત. ત્યારે કોઇ મનુષ્ય આ પ્રકાશને સૂર્યને આશ્રયે જાણત નહિ. અને એમ જાણત કે આ બધો રંગ પોતાની મેળે પ્રકાશી રહ્યા છે. પણ સૌ કોઇ જે રંગોને ઓળખાવનારા પ્રકાશને ઓળખે છે. તે એ કારણે કરીને જાણે છે કે રાત્રીને સમયે બધા રંગ ઢંકાઈ જાય છે. અને પ્રકાશ વિના કોઇ રંગ દેખાઇ શકતો નથી. તેથી જાણવામાં આવે છે કે રંગ ભિન્ન છે. અને પ્રકાશ ભિન્ન છે. તે પ્રકાશને ઓળખાવનાર અંધકાર છે. શાથી કે વિરોધી પદાર્થને વિરોધે કરીનેજ જાણ્યો જાય છે. તેમજ સર્વ જગતને ઉત્પન્ન કરનારા જે ભગવન્ત છે, તો તે પણ કોઇ કાળ વિષે સૂર્યની પેઠે જ્યારે અલોપ થઇ જાત અથવા નાશતાને પ્રાપ્ત થાત. ત્યારે ધરતી અને આકાશ નાશ થઇ જાઇ. તેથી કરીને ભગવતને સૌ કોઇ સુગમજ ઓળખી લેત. પણ તે ભગવન્ત જે નાશતા અને આવર્ણાદિકથી રહિત છે. અને સર્વ પદાર્થ તેમને જણાવનારા છે. અને સર્વદા એમનો પ્રકાશ અખંડ છે. તેથી અધિક પ્રકાશે કરીને છુપાઇ રહ્યા છે. વળી એમ પણ છે કે બાળ અવસ્થાથી લેઇને જ્યારે માણસમાં બુદ્ધિજ નહોતી ત્યારથી સર્વ સૃષ્ટિને દેખે છે. અને સૃષ્ટિને ઉત્પન્ન કરનારાને બુદ્ધિએ કરીને ઓળખી શકે છે. તે બુદ્ધિથી આગળજ સૃષ્ટિને જોવામાં માણસનાં નેત્રોની વૃત્તિ દ્રઢ થઇ ગઇ છે અને સ્વાભાવિક થઇ ગયું છે. તેથી નાના પ્રકારનાં ચરિત્ર જોઇને પણ તને આશ્ચર્ય ભાસતું નથી. વળી જ્યારે અચાનક કોઇ અપૂર્વ પક્ષી અથવા વૃક્ષને દેખે છે, ત્યારે જાણે છે કે એનો ઉત્પન્ન કરનાર ઇશ્વર સમર્થ છે. અને હે જીજ્ઞાસુ તું એમ કહે છે કે ; જેણે એને બનાવ્યાં છે, તે મહારાજનો મહીમા અપાર છે. અને તે અપૂર્વ આશ્ચર્યને જોઇને ભગવતની કારીગરી તને પ્રત્યક્ષ ભાસી આવે છે. તેથી જે પુરૂષની બુદ્ધિનાં નેત્રના દ્રષ્ટી ઉજ્વળ છે, તે સર્વ પદાર્થોને આશ્ચર્યરૂપજ દેખે છે. અને ભગવતની કારીગરીને ઓળખે છે. અને પોતાની વાસનાએ કરીને કોઇ પદાર્થને દેખતા નથી. જેમ કોઇ પુરૂષ સુંદર અક્ષરોને દેખે ત્યારે તે પુરૂષ

જો વિદ્યાહીન હોય છે, તો શ્યાહી અને કાગળને દેખે છે. અને જે વિદ્યાવન્ હોય છે, તે સુંદર અક્ષરોને જોઇને લખનારાની કારીગરીને ઓળખે છે. અને વાણીએ કરીને વાણીના બનાવનારાની વિદ્યાને સમજે છે. તેમજ જે બુધિમાન પુરૂષ છે, તે સર્વ પદાર્થો વિષે ભગવત્‌ની સત્તાને દેખે છે. અને જે પુરૂષ બુદ્ધિહીન છે, તે આ સંસારને પોતાની વાસના અને તૃષ્ણા યુક્ત દેખે છે. અને બુદ્ધિમાન પુરૂષ આ પ્રમાણે જાણે છે કે કોઇ પદાર્થ ભગવત્‌ની સત્તાથી ભિન્ન નથી. તેથી તેને સર્વ કાંઇ આશ્ચર્યજ ભાસે છે, એ કારણે કરીને બધા પદાર્થ ભગવત્‌ની મોટાઇ અને સમર્થતાને પ્રકટ દેખાડે છે. તેથી આ જગત્ વિષે ભગવત્‌ના સમાન બીજો કોઇ પદાર્થ પ્રકાશમાન્ અને ઉજ્વળ નથી પણ આ જીવ પોતાની બુદ્ધિની હીનતાએ કરીને તેને ઓળખી શકતો નથી.

પ્રીતિને પ્રાપ્ત થવાના ઉપાયનું વર્ણન.

ત્યારે તું જાણ કે ભગવત્‌ની પ્રીતિ સર્વ પદોથી ઉત્તમ પદ છે. અને તેને પ્રાપ્ત થવાનો ઉપાય સમજવો અતિ પ્રમાણ છે. તે એ પ્રીતિને ઉપજવાનું દ્રષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ કોઇ સુંદર પુરૂષની સાથે પ્રીતિ કરવા ઇચ્છે, ત્યારે તેનો ઉપાય એ છે કે પ્રથમ પોતાના પ્રીતમ વિના બીજા સર્વ પદાર્થોથી વિરક્ત થાય પછી તે પ્રીતમને સર્વદા પ્રીતિ સંયુક્ત દેખતો રહે અને તેનાં સર્વ અંગોને જોવાની અભિલાષા વધારે ત્યારે જેટલી જેટલી તેની સુંદરતાઇને જુએ છે તેટલીજ તેના હૃદય વિષે પ્રીતિ દ્રઢ થતી જાય છે. જ્યારે તે પુરૂષ એ પ્રીતિના સ્વભાવ વિષે દ્રઢ થાય છે, ત્યારે નિઃસંદેહ તેને પ્રીતિની અધિકતા થાય છે તેમજ શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિનો ઉપાય પણ એજ છે કે પ્રથમ માયાના સર્વ રસોથી વિરક્ત થાય શાથી કે મહારાજની પ્રીતિ વિષે માયાની પ્રીતિ પડદો નાંખે છે તે માયાની પ્રીતિને દૂર કરવાનું એવું છે કે જેમ કાંઇ કાંટાઓને દૂર કરીને ધરતીને શુદ્ધ

કરે છે, વળી તે પછી રામ કૃષ્ણજીના ઓળખાણને ગ્રહણ કરે શાથી કે જ્યાં સુધી આ પુરૂષ રામ કૃષ્ણજીને નથી ઓળખતો ત્યાં સુધી તેને શ્રી રઘુનંદજીની પ્રીતિ થતી નથી તેથી એ વાર્તા પ્રસિદ્ધ છે કે હ્રદયની સુંદરતાઇ અને પૂર્ણતાઇ પોતેજ ચિત્તને ખેંચે છે, અને પ્રીતમ છે તે જ્યારે આ પુરૂષ તેને ઓળખે છે, ત્યારે નિઃસંદેહ તેને પ્રીતમ રાખે છે. જેમ કોઈ પુરૂષ કોઇ મહાત્માની વિશેષતાને જાણે ત્યારે અવશ્યજ તેની સાથે પ્રીતિ કરે છે, શાથી કે તેમાં શુભ ગુણોની સુંદરતાઇને પ્રકટ દેખે છે તેથી તેને સ્વાભાવિકજ પ્રીતિ દૃઢ થાય છે તેમજ જ્યારે પુરૂષ શ્રી રામ કૃષ્ણજીને ઓળખે છે ત્યારે સહજજ પ્રીતિ ઉત્પન્ન થાય છે તો એ ઓળખવાનું બીજની પેઠે થાય છે. વળી ઘટે છે કે સર્વ કાળ શ્રી રામ કૃષ્ણ ભજનમાં સ્થિત થાય, તે ભજન વિષે સ્થિત થવું જળ સિંચવાના જેવું છે. તે એમ પણ છે કે જે કોઈ કોઇનું અધિક સ્મરણ કરે છે ત્યારે એથી કરીને પણ અધિક પ્રીતિ થાય છે તેથી તું જાણ કે યદ્યપિ સાત્વિકી મનુષ્યોનાં હ્રદય વિષે શ્રી કૃષ્ણ મહારાજની પ્રીતિ અવશ્ય થાય છે; પણ સૌને સમાન નથી થતી કોઇને અલ્પ અને કોઇને અધિક થાય છે તેમાં અધિકતા અને અલ્પતાનો ભેદ ત્રણ કારણોથી થાય છે.

(૧) પ્રથમ કારણ એ છે કે જેનું મન માયાના વ્યવહાર વિષે અધિક પસરેલું છે, ત્યારે તેને શ્રી રામ કૃષ્ણના ચરણમાં થોડી પ્રીતિ થાય છે શાથી કે એક પદાર્થની પ્રીતિ બીજા પદાર્થની પ્રીતિને મંદ કરે છે.

(૨) બીજું કારણ એ છે કે ઓળખાણ વિષે પણ ભેદ હોય છે, જેમ કોઇ પુરૂષ વિદ્યાહીન હોય ત્યારે તે પંડિતોને એટલુંજ જાણે છે કે અમુક પંડિત ઘણું ભણેલો છે અને જે પોતે પણ વિદ્યાવાન્ હોય તે તે પંડિતની નાના પ્રકારની વિદ્યાને ઓળખે છે અને તે પંડિતની સાથે જેની પ્રીતિ હોય છે, ત્યારે તે તેના હ્રદયના ગુણોને પણ ઓળખે છે અને શુભ ગુણોની સુંદરતાઇને જોઇને અધિક પ્રીતમ રાખે છે તેમજ જે પુરૂષ શ્રી રામ કૃષ્ણજીને ભલી પ્રકારે ઓળખે છે, ત્યારે તેની સાથે અધિક પ્રીતિ કરે છે.

(૩) ત્રીજું કારણ એ છે કે ભજન સ્મરણે કરીને જે રહસ્ય પ્રાપ્ત થાય છે, તેમાં પણ મોટો ભેદ હોય છે શાથી કે કોઇ પુરૂષ ભજનની સાવધાનતા વિષે દૃઢ હોય છે અને કોઈ અલ્પ દૃઢ હોય છે.

તેથી તું સમજ કે પ્રીતિની અધિકતા અને અલ્પતાનો ભેદ એ ત્રણ કારણોએ કરીને થાય છે પણ જે જીવની પ્રીતિ શ્રી રામ કૃષ્ણજીની સાથે કંઇ હોતી નથી ત્યારે જાણવામાં આવે છે કે તેણે રામ કૃષ્ણ ચંદ્રજીને ઓળખ્યા જ નથી પણ જેમ શરીરની સુંદરતાઈ ચિત્તને ખેંચે છે, તેમજ ગુણોની સુંદરતાઇને જે પુરૂષ દેખે છે, ત્યારે તેને અવશ્યજ પ્રીતિ પ્રકટ થાય છે તેથી એ પ્રીતિ પણ શ્રી રામ કૃષ્ણ સર્વ દિવ્ય, ભવ્ય, ગુણસાગરને ઓળખવાનું ફળ છે અને રામજીની ઓળખાણનું પ્રાપ્ત થવું પણ બે કારણોથી થાય છે.

(૧) તેમાં એક યોગી જનોનો માર્ગ છે, કે તે પ્રથમ તપ. કરે છે, પછી ભજન કરીને હૃદયને શુદ્ધ અને એકત્ર રાખે છે અને પોતાનું તથા બીજા સર્વ પદાર્થોનું વિસ્મરણ કરે છે, તે પછી તેમના હૃદય વિષે એવી અવસ્થા પ્રકટ થાય છે કે તેણે કરીને શ્રી રામ કૃષ્ણજીની મોટાઇને પ્રત્યક્ષ દેખે છે પણ એ માર્ગનું દૃષ્ટાંત એવું છે કે જેમ કોઇ પારધી જાળને પસારે ત્યારે તેના ફાંસામાં મૃગ પક્ષી ફસે છે અથવા નથી પણ ફસતાં, અથવા ભૂસ તે ફાંસી વિષે આવીને ફસે છે, બાજ પણ આવી પડે છે, તેમજ જે માર્ગની સાધના વિષે પણ અવસ્થાનો મોટો ભેદ હોય છે જેમ કોઇનું વચન સ્ફુરવા માંડે છે, કોઇને મોટાઇનું બળ હોય છે અને કોઇને પૂર્ણ જ્ઞાન પણ થાય છે.

(૨) બીજો માર્ગ વિચારનો છે, તે સત્સંગ અને બ્રહ્મ વિદ્યાએ કરીને પ્રાપ્ત થાય છે, અને શ્રી રામ કૃષ્ણજીની વિચિત્ર રચનાનો વિચાર કરવો એ તેનું મૂળ છે વળી શ્રી રઘુનન્દન જનચિત ચન્દનના અંગ અને તેમના સ્વરૂપનો વિચાર પ્રકટ થાય છે ત્યારે શ્રી રામ કૃષ્ણજીના પૂર્ણતાઇ અને મોટાઇને પ્રત્યક્ષ દેખે છે તેમાં એ વિચારની વિદ્યાનો અંત નથી પણ બુદ્ધિમાન પુરૂષ એને સુગમજ પ્રાપ્ત થાય છે અને આ માર્ગ વિષે જ્ઞાનવાન્ સદ્‌ગુરૂની

સહાયતા જાઇએ પણ જે પુરૂષની બુદ્ધિ નીચ હોય, અને તેનું હૃદય મલીન હોય ત્યારે તે એ માર્ગ વિષે પહોંચી શકતો નથી.

આ વિચારની વિદ્યા જાળ ફેલાવવાના જેવી નથી, તેથી તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ પુરૂષ વ્યવહાર અથવા ખેતી કરે, અથવા કંઇ મજુરી કરે ત્યારે તેથી કરીને નિઃસન્દેહ લાભ પામે છે પણ જ્યારે કંઈ અકસ્માત વિઘ્ન આવી પડે ત્યારે હાની પણ થાય છે તોપણ એ વ્યવહાર વિષે લાભની પ્રાપ્તિ અધિક છે અને હાની થવી અકસ્માત્ છે તેથી વિચારનો માર્ગ વિશેષ કહ્યો છે અને જ્યારે કોઇ પુરૂષ વિચાર વિના શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિને પ્રાપ્ત થવાને ઇચ્છે, તો તે પણ અસંભવ છે અને વિચારની પ્રાપ્તિ પણ આ બેઉ માર્ગ વિના સિદ્ધ થતી નથી.

જો કોઈ એમ જાણે કે શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિ વિના હું પરલોકમાં સુખી થઇશ તો એ મૂર્ખતા છે શાથી કે આ પુરૂષ રામ કૃષ્ણજીની પ્રીતિ વિના પરલોક વિષે સુખ પામતો નથી તેનું કારણ એ છે કે શ્રી રામ કૃષ્ણજીની પાસે પહોંચવાનું નામજ પરલોક છે, તેથી જે પુરૂષની પ્રીતિ પ્રથમજ કોઇ પદાર્થ સાથે હોય છે તે યદ્યપિ અકસ્માત્ કોઇના સંયોગે કરીને તે પદાર્થથી દૂર પણ રહે છે, તોપણ તેના ચિત્ત વિષે એજ પ્રીતિ દૃઢ રહે છે પછી જ્યારે તે પદાર્થ પ્રાપ્ત થાય છે ત્યારે સ્વાભાવિકજ પરમાનંદને પામે છે અને ઉત્તમ ભક્તિ એનું નામ છે પણ જ્યારે પ્રથમજ તે પદાર્થ સાથે જેની પ્રીતિ કંઇ હોતી નથી ત્યારે તેને તે પદાર્થની પ્રાપ્તિ વિષે કંઇ સુખ પણ પ્રાપ્ત થતું નથી અને જ્યારે પ્રીતિ અલ્પ થાય છે, ત્યારે તેની પ્રાપ્તિ વિષે સુખ પણ અલ્પ માત્ર થાય છે તેથી પ્રસિદ્ધ થયું કે પરલોકની ભલાઇ અને સુખ આ જીવને પ્રીતિ પ્રમાણે થાય છે ભગવત્ એથી રક્ષા કરો કે જ્યારે આ માણસનું હૃદય એવું મલીન થઇ જાય કે શ્રી રામ સિવાય બીજા પદાર્થો સાથે એની પ્રીતિ હોય અને સર્વથા ચિત્તની વૃત્તિ સ્થૂળતા વિષે પસરી જાય ત્યારે તે પુરૂષ નિઃસંદેહ પરલોક વિષે પરમ દુઃખ પામે છે અને

જે પદાર્થને પામીને ગુરૂમુખ પ્રસન્નતાને પામે છે, તો તે પદાર્થને મનમુખી જ્યારે પામે છે, ત્યારે પ્રીતિની હીનતાએ કરીને તે નિઃસન્દેહ દુઃખી થાય છે તો તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઇ ચાંડાળ બજાર વિષે ગાંધીની પાસે આવ્યો અને સુગંધીની અધિકતાએ કરીને મૂર્છિત થઇને પડી ગયો ત્યારે તે ગાંધી તેને જાગૃત કરવાને નિમિત્તે તે ચાંડાળપર ગુલાબજળ આદિક નાંખવા લાગ્યો પણ તે ચાંડાળ સુગંધીએ કરીને અધિક મૂર્છિત થયો ત્યારે અચાનકજ એક બીજો ચાંડાલ ત્યાં આવી ચડયો અને તેણે એ હકીકત જાણી ત્યારે તે વિષ્ટાને ઓગાળીને તે મૂર્છિત ચાંડાળને સુંઘાવવા લાગ્યો, ત્યારે તે ચાંડાળ શીઘ્રજ જાગી ઉઠયો અને કહેવા લાગ્યો કે આ ભલી સુગંધ છે. તેમજ જે પુરૂષની પ્રીતિ માયાની સાથે અધિક દૃઢ થઇ છે, અને તે સર્વથા માયાને પ્રીતમ જાણે છે, તે એ ચાંડાળના જેવો છે શાથી કે જેમ ચાંડાળનો સ્વભાવ દુર્ગંધતાની સાથે દૃઢ હતો અને ગાંધીઓના બજાર વિષે તેને દુર્ગંધ પ્રાપ્ત ન થઇ તેથી મૂર્છાને પ્રાપ્ત થયો, તેમજ પરલોક વિષે પણ આ જીવને માયાનું સુખ કાંઇ થશે નહિ તેથી જે કાંઇ પરલોક વિષે આ જીવને પ્રાપ્ત થાય છે, તો તે મનમુખના સ્વભાવથી વિરોધી થાય છે એ કારણથી પરલોક વિષે વિષયી પુરૂષ મહા દુઃખી થાય છે અર્થ એ કે પરલોક પણ ચૈતન્યાતાના પ્રકટ થવાનું નામ છે એ ચૈતન્યતા વિષે ભગવતનું સ્વરૂપ પણ પ્રકટ થાય છે તેથી બડભાગી પુરૂષ તેજ છે કે જેની પ્રીતિ આ લોક વિષે પણ રામ કૃષ્ણજીની સાંથે દૃઢ થઇ છે અને જેનું ચિત્ત ચૈતન્ય પુરૂષની સાથે સંબંધી થયું છે, તે ધન્ય છે શાથી કે સર્વ તપ અને ભજનોનું પ્રયોજન શ્રી રઘુપતિ ચરણની પ્રીતિ છે અને સંબંધ પણ પ્રીતિનું નામ છે.

એ ઉપર શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે "જે ઉત્તમ પુરૂષ છે તે નિઃસંદેહ પરમ શુદ્ધતાનેજ પ્રાપ્ત થાય છે, અને જેટલાં પાપકર્મ અને માયાના ભોગ છે, તે શ્રી રામ કૃષ્ણની પ્રીતિના સંબંધ વિષે વિરોધી છે."

જેમ શ્રી કૃષ્ણ મહારાજે પણ કહ્યું છે કે "જે પુરૂષની પ્રીતિ ભુંડાઇની સાથે થાયછે, તે અવશ્યજ ભુંડાઇનેજ પ્રાપ્ત થાય છે."

તેથી જે પુરૂષનાં બુદ્ધિરૂપી નેત્ર ઉઘડયાં છે, તે આ ભેદને પ્રત્યક્ષ દેખે છે અને સંત જનોનાં હૃદયની નિર્મળતાઈને પ્રકટજ ઓળખે છે અને યદ્યપિ તે સંતજન પોતાનું બળ અને ઐશ્વર્ય દેખાડતા નથી. તોપણ બુધ્ધિમાન્ પુરૂષ તેમના હૃદયની શુધ્ધતાને હસ્તામલવત્ દેખે છે. જેમ કે જે પુરૂષ વૈદ્યક વિદ્યાના વેત્તા હોય છે, તે સુગમજ વૈદ્યને ઓળખી લે છે. અને જે પુરૂષ પાખંડ કરીને પોતાને વૈદ્ય કરવા ઇચ્છે છે, તો તેને પણ વિદ્યાવાન્ ઓળખી લેછે કે આ પાખંડી છે તેમજ સંત જન અને દંભીને બુદ્ધિમાન પુરૂષ પ્રકટજ ઓળખી લેછે. અને એમ પણ જોઇએ કે જ્યાં સુધી આ જીવનાં બુદ્ધિરૂપી નેત્ર ઉઘડયાં ન હોય, ત્યાં સુધી સંત જનોનાં વચન અને અવસ્થા અનુસાર ઓળખે અને પ્રતીતિ કરે.

પણ જ્યા સુધી આ જીવની દૃષ્ટી બળ અને ઐશ્વર્યપર હોય છે, ત્યાં સુધી જેના વિષે કંઈ સિદ્ધતાનું બળ દેખે છે, તેને સંત જાણે છે, તો એ અયોગ્ય છે શાથી કે સિદ્ધતાનું બળ સંત જનોને પણ હોય છે અને વરદાને કરીને અથવા જાદુએ કરીને પણ હોય છે તો એ ભેદની સમજણ હૃદયની શુદ્ધતા વિના કઠીણ છે તેથી એ પરીક્ષાજ જુઠી છે.

પ્રીતિનાં લક્ષણોનું વર્ણન.

શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિરૂપી રત્ન મહા દુર્લભ છે, અને અભિમાન કરવો અયોગ્ય છે શાથી કે શ્રી રામ કૃષ્ણજીની પ્રીતિનાં પણ સાત લક્ષણ છે તેથી ઘટે છે કે આ મનુષ્ય તે સાત લક્ષણ પોતાના હૃદયમાં દ્રઢ કરે.

(૧) તેમાં પ્રથમ એ છે કે પ્રીતિમાન પુરૂષ કામના ભયે કરીને કદાચિત્ ડરતો નથી શાથી કે શરીરનું મૃત્યુ થવા વડે કરીને તે જાણે છે કે મને મારા પ્રીતમનાં દર્શન થશે તેથી પ્રેમી પુરૂષ સર્વદા પ્રીતમનાં દર્શન ઇચ્છે છે.

એ ઉપર આચાર્ય મહા પુરૂષે કહ્યું છે કે જો પુરૂષ શ્રી રામ કૃષ્ણજીનાં દર્શનને ઇચ્છે છે, તો તેને પણ શ્રી રામ કૃષ્ણજી ચહાય છે.

એક હરિજને કોઇ તપસ્વીને પૂછયું હતું કે તમે મૃત્યુને પ્રીતમ રાખો છો ? ત્યારે તે તપસ્વી મૌન કરી રહ્યા. પછી તેમને હરીજને કહ્યું કે જ્યારે તમને સાચી પ્રીતિ હોત ત્યારે તું નિઃસંદેહ મૃત્યુને પ્રીતમ રાખત પણ એ વિષે એટલો ભેદ છે કે પ્રીતિમાન્ પુરૂષ મૃત્યુ થવામાં ગ્લાનિ કરતા નથી. પણ મૃત્યુની શીઘ્રતાથી ગ્લાની કરે છે શાથી કે તેમને પરલોક માર્ગનું ભાથું બનાવવાની અધિક અભિલાષા હોય છે તેથી કંઇક કાળ જીવવાને પણ ઇચ્છે છે પણ એની પરીક્ષા એ છે કે એવો પુરૂષ પરલોકનાં કાર્ય વિષે અતિ દૃઢ થાય છે અને કદાચિત્ અચેત રહેતો નથી.

(૨) પ્રીતિનું બીજું લક્ષણ એ છે કે જે પદાર્થ વિષે રામ કૃષ્ણજીની પ્રસન્નતા અને નિકટતા પ્રાપ્ત થાય છે, તો પ્રીતિમાન પુરૂષ તેને અંગીકાર કરે છે અને જે પદાર્થે કરીને રામજીથી વિયોગ થાય છે, ત્યારે તેનો ત્યાગ કરે છે પણ એવી અવસ્થા તે પુરૂષની થાય છે કે જેની સંપૂર્ણ પ્રીતિ શ્રી રામ કૃષ્ણજીની સાથે થાય છે પણ જે પુરૂષથી અકસ્માત્ કંઇ પાપ પણ થઇ જાય ત્યારે તેને સર્વથા પ્રીતિથી હીન પણ કહેવાતો નથી પણ એમ કહેવાય છે કે એને સંપૂર્ણ પ્રીતિ નથી.

એ ઉપર એક સંતે કહ્યું છે કે જ્યારે કોઇ પુરૂષ તમને પૂછે કે તું પ્રીતિમાન છે ? ત્યારે તારે મૌન કરવુંજ સારૂં છે શાથી કે જ્યારે તું એમ કહે કે હું રામ કૃષ્ણજીને પ્રીતમ રાખતો નથી ત્યારે મનમુખતા થાય છે, અને જ્યારે તું કહે કે હું પ્રીતિમાન છું, ત્યારે પ્રીતિમાનોનાં લક્ષણોને પ્રાપ્ત થવું કઠણ છે.

(૩) વળી ત્રીજું લક્ષણ એ છે કે પ્રીતિમાનનું હૃદય સર્વદાજ ભજનના રસ વિષે સ્થિત રહે છે તો એ વાર્તા પ્રસિદ્ધ છે કે જેની સાથે કોઇની પ્રીતિ હોય છે, ત્યારે સ્વાભાવિકજ તેનું સ્મરણ કરે છે, અને જ્યારે સંપૂર્ણ

પ્રીતિ થાય છે, ત્યારે પ્રીતમને કદાચિત્ વિસ્મરણ કરતો નથી અને જ્યારે એમ હોય કે યત્ને કરીને મનને ભજન વિષે લગાવે ત્યારે જાણીયે કે એની પ્રીતિ કોઇ બીજા પદાર્થની સાથે અધિક છે અને શ્રી રામ કૃષ્ણજીની સાથે અલ્પ છે પણ શ્રી રામ કૃષ્ણજીને પ્રીતમ રાખે છે, ત્યારે ઇચ્છે છે કે મારી પ્રીતિ શ્રી રામ કૃષ્ણજીની સાથે દૃઢ થાય.

(૪) ચોથું લક્ષણ એ છે કે સંત જન અને તેમનાં વચનો વિષે પ્રીતિ કરે અને જેની સાથે પોતાના પ્રીતમનો કંઇક સંબંધ હોય ત્યારે તેને પણ પ્રીતમ રાખે એ કારણથી કહ્યું છે કે જ્યારે એની પ્રીતિ શ્રી રામ કૃષ્ણજીની સાથે સંપૂર્ણ થાય છે ત્યારે સર્વ જીવોને પ્રીતમ રાખે છે અને જાણે છે કે આ બધા જીવ મારા સ્વામીના પેદા કરેલા છે, તેથી સર્વ સૃષ્ટિને ભાવ સંયુક્ત દેખે છે જેમ કોઇ મનુષ્યની સાથે કોઈની પ્રીતિ હોય છે, તો તે પોતાના પ્રીતમની વાણી અને તેના અક્ષરોને પ્રીતમ રાખે છે તેમજ પ્રીતિમાન પુરૂષ સર્વ સૃષ્ટિને પ્રીતમ રાખે છે.

(૫) પાંચમું લક્ષણ એ છે કે પ્રીતિમાન પુરૂષને એકાંત અને પ્રાર્થનાની અધિક અભિલાષા થાય છે અને ઇચ્છે છે કે જો રાત્રીનો સમય આવે તો સારૂ કેમ કે રાત્રી વિષે વ્યવહારની વિક્ષેપતા દૂર થાય છે અને કેવળ એકાંતે કરીને ભજન વિષે દૃઢ થઇ શકે છે અને જ્યાં સુધી જગતના મેળાપને રાત્રીની એકાંત કરતાં વધારે પ્રીતમ રાખે ત્યારે જાણીએ કે એની પ્રીતિ મંદ છે.

એ ઉપર એક સંતને આકાશવાણી થઇ હતી કે "જે પુરૂષ પોતાને પ્રીતિમાન્ કહે છે અને રાત્રી વિષે નિદ્રા કરીને સુઇ રહે છે, તે જુઠો છે શાથી કે પ્રીતિમાન પુરૂષ પોતાના પ્રીતમનાં દર્શનનો શી રીતે ત્યાગ કરી શકે છે? તેથી જો કોઇ મને ખોળે છે, ત્યારે હું તેની પાસે છું.

એક મહા પુરૂષે પ્રાર્થના કરી હતી કે હે શ્રી કૃષ્ણ મહારાજ તને ક્યાં ખોળું? ત્યારે આકાશવાણી થઇ કે જ્યારે તારા હૃદય વિષે ખોળવાની મનસા

દ્રઢ થઇ ત્યારે તું નિઃસંદેહ મને પામ્યો.

શ્રી કૃષ્ણ મહારાજે એક અનુરાગીને એમ પણ કહ્યું છે કે જગત વિષે તું કોઇની સાથે પ્રીતિ ન કર ત્યારે મારાથી દૂર નહિ થાઉં, શાથી કે એ પુરૂષ નિઃસંદેહ મારાથી દૂર થાય છે.

(૧) એક એકે પુણ્યના ફળની સિદ્ધતાને શીઘ્રજ પ્રાપ્ત થવાને ઇચ્છે અને જ્યારે તે ફળની પ્રાપ્તિ વિષે કંઇ ઢીલ થઇ જાય, ત્યારે પુણ્ય કર્મનો ત્યાગ કરે.

(૨) બીજો એ કે મને વિસારીને શરીરનાં સુખો વિષે મગ્ન થઇ રહે ત્યારે હું પણ તેને વિસારી મુકું છું. તેથી તે જગત્ વિષેજ દુઃખી રહે છે એથી કરીને પ્રસિદ્ધ થયું કે જ્યારે સંપૂર્ણ પ્રીતિ થાય છે ત્યારે કોઇ બીજા પદાર્થની અભિલાષા રહેતી નથી.

એ ઉપર એક વાર્તા છે કે એક તપસ્વી હતા તે જે વૃક્ષ ઉપર પક્ષી શબ્દ કરતાં હતાં ત્યારે તે વૃક્ષની નીચે જઇને ભજન કરવા લાગ્યા ત્યારે શ્રી કૃષ્ણ મહારાજે તે તપસ્વીને કહ્યું કે હવે તારી સુરતી પક્ષીઓની તરફ ગઈ છે, તેથી તું પોતાના પદથી પડયો છે અને જ્યાં સુધી આ વૃક્ષનો ત્યાગ નહિ કરૂં ત્યાં સુધી કોઈ પ્રકારે તે પદને પહોંચીશ નહિ. અને કેટલાક સંત જનોની અવસ્થા ભજન અને વિનય પ્રાર્થના વિષે એવી દ્રઢ થઇ છે કે જ્યારે તેમના ઘરમાં આગ લાગી તોપણ તેમણે જાણ્યું નહિ.

કોઇ બીજા સંતના ચરણ વિષે કંઇ રોગ હતો તે જ્યારે તે સંત ભજન વિષે સ્થિત થયા ત્યારે વૈદ્યોએ તેનો પગ કાપી નાંખ્યો અને તે સંતને પીડાની કંઇ ખબર પડી નહિ.

(૬) પ્રીતિનું છઠું લક્ષણ એ છે કે પ્રીતિમાનૂને ભજન કરવાનું સુગમ હોય છે કંઇ યત્ન કે આળસ તેને થતી નથી.

એ ઉપર એક સંતે કહ્યું છે કે જ્યારે મેં ભજન કર્યું ત્યારે પ્રથમ વિશ

વર્ષ પર્યંત મને યત્ન કરવો પડયો હતો પછી હમણાં વિશ વર્ષ થયાં છે, ત્યારથી ભજન કરવું એજ મને સુખરૂપ થયું છે. તાત્પર્ય એ કે જ્યારે રામ કૃષ્ણજીની પ્રીતિ સંપૂર્ણ થાય છે, ત્યારે શ્રીરામ કૃષ્ણ ભજનજ એ પુરૂષને સર્વથા સુખરૂપ ભાસે છે. અને કોઇ પદાર્થ સુખદાયક ભાસતો નથી. અને કઠીનતા પણ દૂર થઇ જાય છે.

(૭) સાતમું લક્ષણ એ છે કે પ્રીતિમાન પુરૂષનો મેળાપ અને સંબંધ સાત્વિકી મનુષ્યોની સાથે થાય છે. અને સર્વ જીવોપર દયા દૃષ્ટી રાખે છે. અને કુસંગીયોનો સંગ કદાચિત્ કરતો નથી. જેમ કોઇ સંતે શ્રીકૃષ્ણ મહારાજને વિનતિ કરીને પૂછયું કે હે શ્રીકૃષ્ણ મહારાજ તારા પ્યારા સંતજન કેવા છે? ત્યારે શ્રીકૃષ્ણ મહારાજે તેને આજ્ઞા કરી કે જેવી બાળકની પ્રીતિ માતાની સાથે હોય છે, તેમજ જેની પ્રીતિ મારી સાથે છે, અને જેમ પક્ષી પોતાના માળામાં વિશ્રામ પામે છે તેમજ જે પુરૂષ મારા ભજનમાં વિશ્રામ પામે છે, અને જેમ સિંહ નિર્ભય થઇને કોઇના ઉપર કોપ કરે છે તેમજ કુસંગીયોની તરફ જેને કોપ દૃષ્ટી થાય છે. એવા પુરૂષ મને મહા પ્રીતમ છે.

એ પ્રકારે બીજાં પણ પ્રીતિનાં અનેક લક્ષણ છે, પણ જેને સંપૂર્ણ પ્રીતિ હોય છે, તેના હૃદય વિષે સંપૂર્ણ લક્ષણ આવીને સ્થિત થાય છે. અને જેનામાં કંઇ લક્ષણ હોય છે ને કંઇ નથી હોતાં ત્યારે જાણવું કે તેની પ્રીતિજ અલ્પ છે.

પ્રેમ અને ઉત્કંઠાના રૂપનું વર્ણન.

જે પુરૂષ પ્રીતિને પ્રમાણ કરતા નથી તે પ્રેમ અને ઉત્કંઠાને માનતા નથી. અને મહારાજે આ પ્રકારે પ્રસિદ્ધ કહ્યું છે કે ઉત્તમ પુરૂષોની ચાહ અને પ્રેમ મારે વિષેજ આધક છે. અને હું તેને એથી પણ અધિક ચાહું છું. તેથી પ્રેમનો અર્થ અવશ્ય જાણવો જોઇએ. પ્રીતિજ પ્રેમ અને ઉત્કંઠાનું અંગ છે,

એ કારણથી જે પુરૂષને કંઇ પ્રીતિ નથી હોતી તેને પ્રેમ અને ઉત્કંઠા પણ હોતી નથી. અને જે પુરૂષ પોતાના પ્રીતમને પ્રકટ દેખે છે, ત્યારે ત્યાં પણ પ્રેમ અને ઉત્કંઠાનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખા દેતું નથી. અને સમાપ્ત થઈ જાય છે. તેથી પ્રેમનું સ્વરૂપ ત્યાંજ પ્રકટ ભાસે છે કે જ્યાં તે પદાર્થ એક પ્રકારે કરીને પ્રસિધ્ધ થાય. અને એક ભાવે કરીને તેજ પદાર્થ ગુપ્ત હોય. જેમ પ્રીતમનું દેખવું ધ્યાન વિષે પ્રકટ થાય છે, અને નેત્રોથી દૂર હોય છે. ત્યારે પ્રેમી પુરૂષ એમજ ઇચ્છે છે કે જે પ્રીતમને હું ધ્યાન વિષે દેખું છું તો તેનું દર્શન પણ શી રીતે નેત્રો સાથે દેખું. ત્યારે મને પ્રીતમની સંપૂર્ણ પ્રાપ્તિ થાય. તો એવી ખેંચનું નામ ઉત્કંઠા અને પ્રેમ છે.

વળી તેમજ તું જાણ કે જ્યાંસુધી આ જીવનો સંબંધ શરીરની સાથે છે ત્યાંસુધી સંપૂર્ણ પ્રેમને પ્રાપ્ત થતો નથી શાથી કે યદ્યપિ બુદ્ધિએ કરીને શ્રીરામ કૃષ્ણજીને ઓળખે છે. તોપણ દર્શનથી દૂર છે. તેથી પ્રસિદ્ધ થયું કે પ્રેમની સંપૂર્ણતા દેહાભિમાનના દૂર થવાથી પ્રાપ્ત થાય છે. અને એક બીજા ભાવે કરીને જોઇએ તો દેહાભિમાન દૂર થતાં પણ પ્રેમનું અંગ કદાચિત્ આવતું નથી. શાથી કે દેહાભિમાનના આવરણનું એવું વર્ણન કર્યું છે, કે જેમ કોઇ પોતાના પ્રીતમને મેલા વસ્ત્રના પરદા વિષે દેખે અથવા પ્રભાત સમય દેખે. તેમજ દેહાભિમાન વિષે મહારાજને ઓળખવાનું એવુંજ હોય છે.

અર્થ એ કે યદ્યપિ દેખે પણ છે, તોપણ અતિ પ્રત્યક્ષ દેખતો નથી. તેમાં દેહાભિમાનને દૂર થવાથી એ પરદો તો દૂર થઇ જાય છે. પણ એક ભાવે કરીને પ્રેમ અને ઉત્કંઠાની અધિકતા રહે છે. જેમ પ્રેમી પુરૂષે પ્રીતમનું મુખ જોયું હોય અને તેની તરફ અંગ ન દીઠું હોય અને એમ પણ જાણતો હોય કે મારા પ્રીતમનું સર્વ અંગ સુંદર છે, ત્યારે તેને સર્વ અંગોને જોવાની અભિલાષા રહે છે. તેમજ ચૈતન્યરૂપ જે શ્રીરામ કૃષ્ણજી છે, તેમનો કંઇ અંત નથી તેથી જે કોઇ તેમને બહુજ જાણે છે. તોપણ તેની સંપૂર્ણતાને પામી શકતો નથી શાથી કે શ્રીરામ કૃષ્ણ રૂપ અપાર છે. અને મર્યાદાથી રહિત છે,

તેથી પ્રસિદ્ધ થયું કે જ્યારે તેમને સંપૂર્ણ ઓળખી શકાતા નથી, ત્યારે સંપૂર્ણ જોવાનું પણ બની શકતું નથી. એ કારણે કરીને કહ્યું છે કે આ જીવ સ્થુળ દેશ વિષે અને સૂક્ષ્મ દેશ વિષે પણ શ્રીરામ કૃષ્ણજીના સંપૂર્ણ ભેદને જાણી શકતો નથી. પણ એમ છે કે સુક્ષ્મ દેશ વિષે જેટલો શ્રીકૃષ્ણ મહારાજને અધિક દેખે છે તેટલોજ અધિક આનંદને પામે છે. તેમનું દર્શન અંત વગરનું છે, પણ કોઇએ જેટલા જોયા છે, તેના ચિત્તની વૃતિ તે દર્શન વિષે લીન રહે. ત્યારે તેનું નામ મેળાપ છે. અને જેટલું દેખવાનું શેષ રહે છે, તે જયારે ચિત્તની વૃત્તિ એ અભિલાષા વિષે થાય ત્યારે તેનું નામ પ્રેમ અને ઉત્કંઠા છે. તેથી પ્રકટ થયું કે આ લોક અને પરલોક વિષે ઉત્કંઠા અને મેળાપનો અંત કદી આવતો નથી પણ આ જીવ પરલોક વિષે જે દેખે છે, તે શ્રીરામ કૃષ્ણના રૂપના પ્રકાશને દેખે છે. તોપણ દર્શનની સંપૂર્ણતાઇને ચહાતોજ રહે છે. પણ એ વાર્તા નિઃસંદેહ છે કે શ્રીરામ કૃષ્ણજ પોતે પોતાને જેવા છે તેવા જાણે છે. અને બીજું કોઇ એવું સમર્થ નથી કે જે રામકૃષ્ણ સ્વરૂપને સંપૂર્ણ જાણી શકે. અને જ્યારે સંપૂર્ણ ઓળખવાનુંજ કઠણ છે, ત્યારે તેને પહોંચી શકતો નથી. પણ ત્યાં સંતજનોની અવસ્થા એવી થાય છે કે તેમને સદા સર્વદા દર્શનની અધિકતા ખુલતી જાય છે. અને એ કારણે કરીને આત્મ સુખને અપાર કહ્યું છે કે તેનો પાર કદી આવતો નથી. અને વધતુંજ જાય છે. તો જયારે તે સુખ એવું નહોત ત્યારે તેની મર્યાદા હોત. અને કેટલાક કાળ પછી આનંદ દેખાત નહિ. શાથી કે જે આનંદ મર્યાદા વિષે હોય છે, ત્યારે તેની સાથે ચિત્તની વૃતિ તે સ્વભાવને પકડી લે છે તેથી તે આનંદ ભાસતો નથી. અને આનંદ ત્યાં સુધીજ ભાસે છે કે જ્યારે તેની અવસ્થા વધતી જાય છે. તે આત્મ સુખ એવું છે કે તેનો આનંદ સદાય નૂતન છે, અને વધતો જાય છે. વળી જ્યારે આ વચનના નિર્ણય વિષે તેં મિલાપ અને પ્રેમના અર્થને જાણ્યો કે પ્રાપ્ત વસ્તુની પ્રસન્નતાનું નામ મિલાપ છે, અને શેષ વસ્તુની અભિલાષાનું નામ પ્રેમ અને ઉત્કંઠા છે. ત્યારે તું એમ સમજ કે પ્રેમી પુરૂષ આ લોક અને પરલોક વિષે મિલાપ અને ઉ-

ત્કંઠા વિષેજ રહે છે. એ ઉપર શ્રીકૃષ્ણ પ્રભુએ એક સંતને કહ્યું હતું કે હે સંત આ મારો સંદેસો જીવોને પહોંચાડો. કે જે મારી સાથે પ્રીતિ કરે છે, તેને હું પણ પ્રીતમ રાખું છું અને હું તેનો સંગી છું, જે એકાંત વિષે મારીજ સાથે રહે છે. તેનો હું મિત્ર છું. જે નિર્વાસના થઈ મારાજ ભજનમાં પરચે છે, તે મારા પ્યારા છે.

જેમણે મારા પ્રેમે કરીને સર્વ કંઇ વિસ્મરણ કર્યું છે, અને જે મારા આજ્ઞાકારી છે, તેનો હું પણ આજ્ઞાકારી છું. તેથી જે પુરૂષે મને પ્રીતમ કર્યો છે, તો નિઃસંદેહ મેં તેને પ્રીતમ અને વિશેષ કર્યો છે. અને જે કોઇ મને ખોળે છે, તે અવશ્યજ પામે છે. અને જે પુરૂષ કોઇ બીજા પદાર્થને ખોળે છે, તે મને પામી શકતો નથી. તેથી તમને ઘટે છે કે જે માયાનાં કાર્યો વિષે તમે આસક્ત થયા છો અને છળ્યા ગયા છો તો તેનો ત્યાગ કરીને પોતાનું મુખ મારા તરફ લાવો. અને મારી સાથેજ પ્રેમ કરો એટલે મારા પ્રેમી થશો. અને જેટલા મારા પ્રીતમ છે, તેમને મેં મારા પ્રકાશમાંથી ઉત્પન્ન કર્યા છે. અને પોતાના તેજ વડે કરીનેજ મેં તેમને પાળ્યા છે.

કોઈ એક સંતને આકાશ વાણી થઇ હતી કે જેની પ્રીતિ મારી સાથે છે, તેને હું પણ પ્રીતમ રાખું છું. અને જે મને ચહાય છે તેને હું પણ ચહાઉં છું. અને જે મારૂં સ્મરણ કરે છે, તેનું સ્મરણ હું પણ કરૂં છું. અને જેની દ્રષ્ટી મારા તરફ છે, તેના તરફ હું પણ દેખું છું. માટે તું પણ તેમના માર્ગ વિષે ચાલીશ ત્યારે મારો પ્રેમી થઇશ. અને જ્યારે વિપરીત માર્ગ વિષે ચાલીશ ત્યારે મારાથી વિમુખ થઇશ.

એ પ્રકારનાં વચન પ્રીતિ અને પ્રેમના નિર્ણય વિષે ઘણાં આવ્યાં છે. તેથી એટલુંજ વર્ણન ઘણું છે.

આજ્ઞા માનવાનું ને આજ્ઞાનો અર્થ સમજવાનું વર્ણન.

શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞા માનવી એ ઉત્તમ પદ છે. અને એના જેવી કે એથી વિશેષ બીજી અવસ્થા નથી. શાથી કે યદ્યપી પ્રીતિની અવસ્થા પણ મહા ઉત્તમ છે, પણ મહારાજની આજ્ઞા માનવી એ સાચીજ પ્રીતિનું ફળ છે. એ ઉપર આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે શ્રી રઘુનાથજીને પ્રાપ્ત થવાનું પરમ દ્વાર એ છે કે શ્રી રઘુનાથજીની આજ્ઞા માનવી. અને પરમસુખનું દ્વાર પણ એજ છે.

આચાર્ય મહા પુરૂષે કોઈને પૂછયું હતું કે તેમના ધર્મનું ચિન્હ શું છે ? ત્યારે તેમણે કહ્યું કે અમે દુઃખ વિષે સન્તોષ કરીએ છીએ. અને સુખમાં ધન્યવાદ કરીએ છીએ. અને સર્વકાળ વિષે મહારાજની આજ્ઞાંપર પ્રસન્ન રહીએ છીએ. ત્યારે આચાર્ય મહા પુરૂષે તેમને કહ્યું કે તમે બુદ્ધિમાન અને વિદ્વાન છો. તથા સંતજનોના નિંકટ વર્તી છો. વળી એમ પણ કહ્યું કે પરલોક વિષે એક મનુષ્ય એવાં થશે કે જે પરમસુખના સ્થાન વિષે આનંદવાન્ થશે. અને તેમને દંડ કે શિક્ષા નહિ થાય. વળી તેમને દેવતા પૂછશે કે તમે આવી અવસ્થાને શી રીતે પ્રાપ્ત થયા છો ? ત્યારે તે કહેશે કે અમે બે કૃતિ કરી છે; તેમાં.

(૧) એક એ કે અમે એકાંત વિષે પણ શ્રીરામ કૃષ્ણજીના ભયે કરીને પાપકર્મનો ત્યાગ કરીએ છીએ.

(૨) બીજું એકે જેવું અમારૂં પ્રારબ્ધ રામકૃષ્ણજીએ રચ્યું હતું, તેમાં અમે પ્રસન્ન રહેતા હતા. ત્યારે દેવતા કહેશે કે તમે એવાજ સુખના અધિકારી છો અને ધન્ય છો.

વળી એક મહા પુરૂષે મહારાજની પાસે પ્રાર્થના કરી હતી કે " હે મહારાજ તું શી કૃતિએ કરીને પ્રસન્ન થાય છે ? તે જણાવ કે તેથી અમે તે

કૃતિ કરી તને પ્રસન્ન કરીએ" ત્યારે આકાશવાણી થઇ કે જ્યારે તું મારી આજ્ઞા વિષે પ્રસન્ન થઇશ ત્યારે હું પણ તમારા ઉપર પ્રસન્ન થઇશ. બીજા એક સંતને પણ આકાશવાણી થઇ હતી કે જે મારા સન્તજન છે, તે કોઇ માયાના પદાર્થનો શોક કરતા નથી. એ કારણથી તેમના ભજનની પ્રસન્નતા કદાચિત્ ખંડિત થતી નથી. તેથી હે સંત મારો પ્રીતમ તેજ છે કે જેનું હૃદય પોતાના પોતાજ વિષે સ્થિત થયું છે. અને કોઇ પદાર્થે કરીને તેને શોક અને મોહ થતો નથી.

આચાર્ય મહા પુરૂષે પણ કહ્યું છે કે શ્રીકૃષ્ણ મહારાજે આ પ્રમાણે પોતાનાં વચનો વિષે કહ્યું છે કે હું એવો સમર્થ ઇશ્વર છું કે મારા જેવો બીજો કોઇ સમર્થ નથી. તેથી જે મનુષ્ય દુઃખ વિષે સન્તોષ કરતો નથી અને સુખ વિષે મારો ધન્યવાદ કરતો નથી, અને મારી આજ્ઞા વિષે પ્રસન્ન રહેતો નથી ત્યારે તેને ઘટે છે કે તે પોતાનો ઇશ્વર કોઇ બીજો ખોળે વળી એમ પણ કહ્યું છે કે મેં સર્વ કાર્યોના નિયમ રચ્યા છે. અને સર્વ કાંઇ સમજીને દૃઢ કર્યું છે. અને સર્વ વિષે મારી આજ્ઞા વર્તમાન છે. તેથી જે કોઇ મારા કરેલા કામો ઉપર પ્રસન્ન છે, ત્યારે તેનાપર હું પણ પ્રસન્ન છું. અને જે કોઇ પુરૂષ મારા કરેલા કામો ઉપર પ્રસન્ન રહેતો નથી ત્યારે હું પણ તેનાપર અપ્રસન્ન રહું છું. અર્થ એ કે મને દુઃખદાયક સમજે છે ત્યારે તે દુઃખી રહે છે.

શ્રીકૃષ્ણ મહારાજે એમ પણ કહ્યું છે કે સારૂં અને નઠારૂં સર્વ મેં ઉત્પન્ન કર્યું છે, પણ જે પુરૂષની પ્રીતિ ભલાઇ વિષે છે, તે સુખી રહે છે. અને જે પુરૂષને ભુંડાઇ કરવી સુગમ ભાસે છે, અને મારી આજ્ઞાથી વિમુખ છે. તે અભાગી છે.

એક સંતના ઉપર વીશ વર્ષ પર્યંત ભૂખ અને નિર્ધનતાઇનું દુઃખ ઘણું રહ્યું હતું. અને જ્યારે કંઇ શ્રીકૃષ્ણ મહારાજ પાસે માગતા હતા તોપણ તેને પ્રાપ્ત થતું નહોતું. પછી તેને આકાશવાણી થઇ કે જ્યારે આદિમાંજ જગ-

તને મેં ઉપજાવ્યું ત્યારે તારૂં પ્રારબ્ધ એ પ્રકારે રચ્યું હતું. તે હવે તું ઇચ્છે છે કે હું તારે નિમિત્તે પોતાના નિયમને વિપર્યય કરૂં? અને તારી ઇચ્છા પ્રમાણે તને સુખી કરૂં.? અને જે પ્રકારે મારી આજ્ઞા છે, તે વ્યર્થ થાય? તેથી હું પોતાની દુહાઇ કરીને કહું છું કે જો તેં મારી આજ્ઞાથી વિમુખ થઇને કઇ બીજી ઇચ્છા કરી તો તને તારા પોતના પદથી પાડી નાંખીશ. પછી તે સંતે કહ્યું કે વીશ વર્ષ પર્યંત હું આચાર્ય મહા પુરૂષની સેવામાં રહ્યો હતો, પણ તેમણે મને શિક્ષા કરીને કદી ન કહ્યું કે અમુક કાર્ય તેં શા માટે કર્યું છે. અને અમુક કાર્ય શા માટે ન કર્યું. પણ જ્યારે કોઇ મને દુઃખ દેતું અને હું પણ તેની સાથે કંઈ વિવાદ કરતો, ત્યારે મને શિક્ષા કરીને કહેતા કે જયારે તું રામ આજ્ઞાને જાણતો હોત તો પોતાના શત્રુની સાથે વિવાદ ન કરત. અને મૌન કરીને રહેત.

વળી એક સંતને પણ આકાશવાણી થઇ હતી કે હે સંત એક તારી ઇચ્છા છે અને એક મારી ઇચ્છા છે, પણ તે કાર્ય સિદ્ધ થાય છે કે જેને હું સિદ્ધ કરૂં છું. તેથી જ્યારે તું પોતાનું આપ સમર્પણ કરીશ ત્યારે સુખી થઇશ. અને જ્યારે મારી આજ્ઞાથી વિપર્યય થઇશ ત્યારે પોતાની ઇચ્છા વિષે દુઃખી થઇશ.

એક બીજા સંતનું વચન છે કે જેવો નિયમ શ્રીકૃષ્ણ મહારાજે રચ્યો છે, તેમાં હું પણ પ્રસન્ન છું. અને સર્વદા મારી દૃષ્ટી તેની આજ્ઞા વિષેજ રહે છે. પછી જ્યારે તે સંતને કંઇ રોગ ઉત્પન્ન થયો ત્યારે લોકોએ પૂછ્યું કે તમે શું ઇચ્છો છો? ત્યારે તેમણે કહ્યું કે હું તેજ ઇચ્છુ છુ કે જે કાંઇ શ્રીકૃષ્ણ મહારાજ ઇચ્છે છે.

એક બીજા સંતે કહ્યું છે કે જે કાર્ય પ્રભુએ કર્યું હોય, ત્યારે તે વિષે જ્યારે અભાવ કરૂં ત્યારે તે વિમુખતાથી મને વિષ ખાવું સુગમ ભાસે છે.

વળી કોઇ તપસ્વીએ ચિરકાળ પર્યંત તપ કર્યું હતું. ત્યારે ઘણા કાળ

પછી તેને આકાશ વાણી થઇ કે તને અમુક બાઇનું દર્શન કરવું વિશેષ છે. ત્યારે તે તપસ્વી તે બાઇની પાસે ગયો, અને ઇચ્છવા લાગ્યો કે હું તેનું ભજન અને તપ જોઉં. પછી તપસ્વીએ રાત્રી વિષે તેને જાગતાં પણ ન જોઇ અને દિવસે વ્રત પણ ન જોયું, ત્યારે તેને પૂછવા લાગ્યા કે તમારી કૃતિ શી છે? ત્યારે બાઇએ કહ્યું કે મારી કૃતિ એજ છે કે જેવી તેં દીઠી છે. પછી તપસ્વીએ ઘણી વિનતિ કરીને પૂછયું ત્યારે બાઇએ કહ્યું કે મારો એક એવો પણ સ્વભાવ છે કે જ્યારે મને કાંઇ રોગ કે કષ્ટ થાય છે, ત્યારે હું આરોગ્યતાના સુખને ઇચ્છતી નથી. અને જ્યારે તડકામાં હોઉં છું ત્યારે હું છાયાની અભિલાષા કરતી નથી. અને જ્યારે છાયા વિષે હોઉં છું ત્યારે ધુપને ઇચ્છતી નથી. અને જે પ્રકારે શ્રી જાનકીનાથની આજ્ઞા થાય છે, ત્યારે હું તેમાં પ્રસન્ન રહું છું. પછી તે તપસ્વીએ દંડવત્ કરીને કહ્યું કે આ તમારો સ્વભાવ ઉત્તમ છે.

શ્રીકૃષ્ણુ મહારાજની આજ્ઞા માનવાનું વર્ણુન.

કેટલાક પુરૂષ આ પ્રમાણે પણ કહે છે કે "દુઃખમાં પ્રસન્ન રહેવું એ અસંભવ છે. શાથી કે દુઃખમાં સંતોષ તો કરી શકીએ છીએ, પણ દુઃખમાં પ્રસન્ન થવું એ બુદ્ધિમાં આવતું નથી," આ તેમનું કહેવું પ્રમાણ નથી શાથી કે જ્યારે આ પુરૂષની પ્રીતિ સંપૂર્ણ હોય છે, ત્યારે બે પ્રકારે દુઃખમાં પ્રસન્નતા થાય છે.

(૧) પ્રથમ એ કે પ્રેમી પુરૂષ પ્રેમમાં એવા લીન થાય છે, કે તેને દુઃખની શુદ્ધિ રહેતી નથી. જેમ યુદ્ધમાં શુરો પુરૂષ એવો અચેત થાય છે કે યદ્યપિ યુદ્ધમાં તેનું શરીર ઘાયલ થાય છે, તોપણ તે તે પીડાને જાણતો

નથી. અને તેના ચિત્તની વૃત્તિ શત્રુને જીતવામાં મગ્ન થઇ જાય છે. પછી જ્યારે તે ઘાને દેખે છે ત્યારે જાણે છે કે હું ઘાયલ થયો છું. અને જ્યારે કોઈ ધનની તૃષ્ણાએ કરીને કોઇ કામમાં દોડે છે, અને તેના પગમાં કાંટો પેશી જાય છે. ત્યારે તેને પણ જાણતો નથી. અને એ પણ પ્રસિદ્ધ છે કે વ્યવહારની અધિકતા વિષે ભૂખ તરશ લાગતી નથી. તેથી પ્રકટ થયું કે જ્યારે સ્થુળ શરીર અને વ્યવહારની પ્રીતિ વિષે એટલાં દુઃખોનું ભાન નથી રહેતું ત્યારે શ્રીરામ કૃષ્ણજીની પ્રીતિ અને પ્રેમ વિષે દુઃખો ન જણાય એમાં શું અસંભવ છે? શાથી કે આ સ્થુળરૂપની સુંદરતાઇથી દિવ્યરૂપની સુંદરતાઇને જોવી એ બહુ વિશેષ છે. અને આ જે શરીર છે, તે મળમુત્રનું ઘર છે. અને ચામડાથી વીંટાએલું છે. અને તેને જોનારાં નેત્ર પણ ક્ષણભંગુર છે. અને જે બુદ્ધિરૂપી નેત્રોએ કરીને દિવ્ય સ્વરૂપની સુંદરતાઇ જોઇ શકે છે, તે દૃષ્ટી મહા સૂક્ષ્મ અને ઉજ્વળ છે, અને આ જે સ્થુળ નેત્ર છે, તેની દૃષ્ટિ વિપરીત છે. શાથી કે મોટા ને નાનું ને નાનાને મોટું દેખે છે. વળી જે વસ્તુ દૂર હોય છે, તે નજીક ભાસે છે, અને જે નિકટ છે તે દૂર ભાસે છે. તેથી પ્રસિદ્ધ થયું કે સ્થુળરૂપના જોવામાં તુચ્છ માત્ર સુખ છે અને સૂક્ષ્મ સુંદરતાઇને દેખવામાં પરમાનંદ સ્વરૂપ છે. એ કારણથી એવા આનંદ વિષે દુઃખનું વિસ્મરણ થવું કઠિણ નથી.

(૨) બીજો પ્રકાર એ છે કે યદ્યપિ પ્રેમી પુરૂષને કંઇ દુઃખ પણ થાય છે, તોપણ તે એમ જાણે છે કે મારા પ્રીતમની આજ્ઞા એ પ્રકારની છે. તેથી તેનું હૃદય પ્રસન્ન થઇ જાય છે. અને તે દુઃખને દુઃખ જાણતો નથી.

જેમ કોઇ મિત્ર પોતાના મિત્રનું રૂધિર કઢાવે, અથવા કડવી ઔષધી ખવડાવે ત્યારે તે ઔષધી ખાનારો કંઇ ખેદ માનતો નથી અને પોતાનું ભલુંજ સમજે છે. તેમજ જે પુરૂષ શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞાને ઓળખે છે તે નિર્ધનતાઇ અને બીજા દુઃખે કરીને શોકવાન્ થતો નથી.

જેમ તૃષ્ણાવાન્ પુરૂષ વ્યવહારને નિમિત્તે મોટાં મોટાં દુઃખોને ખેંચે છે, પણ ધનની આશાએ કરીને તેને દુઃખ જાણતો નથી. તેમજ જિજ્ઞાસુ અનુરાગી પણ જ્યારે એવું જાણે છે કે શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞાને પ્રસન્ન થઇને માનવાથી શ્રીકૃષ્ણ મહારાજ પ્રસન્ન થાય છે. ત્યારે તેમની પ્રસન્નતાને નિમિત્તે દુઃખને દુઃખ જાણતો નથી. તેમાં ઘણા સજ્જન એ અવસ્થાને પ્રાપ્ત થયા છે. જેમ એક બાઇની વાર્તા આગળ કહી હતી કે તે પડી ગઇ હતી અને તેના પગના અંગુઠાનો નખ ઉતરી ગયો હતો ત્યારે તે હસવા લાગી. પછી લોકોએ તેને પૂછયું કે તમને દુઃખ પ્રાપ્ત થયું નથી ? ત્યારે તેણે કહ્યું કે દુઃખ વિષે પ્રસન્ન થવાનું ફળ જે છે, તેની આશાએ કરીને મને દુઃખ ભાસ્યું નહિ.

વળી એક સંતને કંઇ રોગ હતો, તે તેનો ઉપાય કરતો નહોતો, ત્યારે કોઇએ કહ્યું કે તમે રોગનો ઉપચાર કેમ કરતા નથી ? ત્યારે તેમણે કહ્યું કે હે ભાઇ તું નથી જાણતો કે પોતાના પ્રીતમની ચોટે કરીને દુઃખ અને પીડા થતી નથી.

વળી એક સન્તે પણ કહ્યું છે કે મેં મારા સદગુરૂને આ વાર્તા પૂછી હતી કે હે સ્વામીજી શરીરનાં દુઃખ વિષે પ્રેમી પુરૂષ પણ દુઃખી થાય છે ? ત્યારે તેમણે કહ્યું કે પ્રેમી દુઃખી થતા નથી, પછી મેં પૂછયું કે જ્યારે તેને તરવારની ચોટ લાગે ત્યારે શી રીતે કહે છે ? ત્યારે તેમણે કહ્યું કે એક તરવારની ચોટ શું છે ? જો તેને સત્તર ચોટ લાગે તોપણ તેને દુઃખ ભાસતું નથી.

એક સંતે એવું કહ્યું છે કે જે કાંઈ રામકૃષ્ણજી ઇચ્છે છે, હું પણ તેજ ઇચ્છું છું. તેથી જ્યારે મને નરકમાં નાંખે તોપણ હું પ્રસન્ન છું. અને તે નરકજ હું ભલું જાણું છું.

એક બીજા મહાત્માએ કહ્યું છે કે કોઇ માણસથી કંઇ અવજ્ઞા થઇ હતી

ત્યારે લોકોએ તેને સહસ્ર લાકડીયો મારી પણ તેણે પોકાર ન કર્યો ત્યારે મેં તેને પૂછયું કે તેં પોકાર કેમ ન કર્યો? પછી તેણે કહ્યું કે જ્યારે એ લોક મને લાકડી મારતા હતા ત્યારે મારો પ્રીતમ મારા સામો ઉભો હતો અને મારા તરફ જોતો હતો, અને મારી નજર પણ તેના તરફ હતી તેથી હું પોકાર કરવાનું ભૂલી ગયો. ત્યારે મેં તે પુરૂષને કહ્યું કે હવે તો તારી પ્રીતિ સ્થુળ મનુષ્યની સાથે છે. પણ જો સર્વ સૌન્દર્ય સાગર શ્રી રઘુનન્દન મહારાજના રૂપ અનૂપની છબિ છટાને દેખત ત્યારે શુ કરત. પછી એટલું સાંભળીને ઉંચો પોકાર કરીને હાય કરી અને શરીર છોડી દીધું.

વળી તેજ મહાત્માએ કહ્યું છે કે પ્રથમ અવસ્થા વિષે હું વનમાં ગયો હતો અને ત્યાં જઇને ભજન વિષે દ્રઢ થયો, પછી મેં એક પુરૂષને જોયો કે તે બાવરાની પેઠે ધરતીપર પડેલો હતો અને કીડીયો તેના માંસને કરડતી હતી ત્યારે મેં દયા કરીને તેનું માથું મારા ખોળામાં લીધું પછી જ્યારે તે ભાનમાં આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે તું એવી દયા કરીને મારી અને સ્વામીની વચ્ચે પરદો શા માટે નાંખે છે? અને આ વાર્તા તો પ્રસિદ્ધ છે કે એક નગરની સ્રીયોએ જ્યારે પ્રદ્યુમનને જોયા તો તેમની સુંદરતાને જોઇને લીંબુને બદલે પોતાની આંગળીયો કાપી નાંખી અને તેને પીડાની ખબર ન થઇ

વળી તે નગર વિષે દુર્ભિક્ષ પડયો હતો ત્યારે નગરના લોક જ્યારે ભૂખ્યા થતા હતા ત્યારે આવીને એક સુંદર મહાત્માને જોતા હતા અને તેઓ ભૂખને ભૂલી જતા હતા. આ તો સ્થુળ રૂપની મગ્નતાઇ પણ એવી પ્રબળ છે, પણ જેણે પરમ શોભા સાગર શ્રી જાનકીવરજીની સુંદરતાઇને જોઇ છે, તો તેને દુ:ખનું વિસ્મરણ થવું એમાં શું આશ્ચર્ય છે?

એ ઉપર એક વાર્તા છે કે એક પુરૂષ વન વિષે રહેતો હતો અને સર્વદા એમ કહેતો હતો કે સર્વ પ્રકારે શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞા વિષેજ કુશળ છે. વળી તેના ઘર વિષે એક કુતરૂં હતું તે રાત્રિ વિષે ચોરથી રક્ષા કરતું હતું.

અને એક બળદ હતો તે તેનો ભાર ઉપાડતો હતો, અને એક પક્ષી હતું તે તેને જગાડતું હતું, પછી અચાનક સિંહે આવીને બળદને મારી નાંખ્યો ત્યારે તેણે કહ્યું કે એથી પણ કંઇ ભલું થશે. પછી કુતરાએ પક્ષીને મારી નાંખ્યું અને તે કુતરૂં પણ મરી ગયું, ત્યારે પણ તેણે કહ્યું કે એથી પણ ભલું થશે. પણ તેવી સ્રી શોક કરીને કહેવા લાગી કે તમે આ કેવું વચન બોલો છો? ત્યારે પણ તેમણે કહ્યું કે એમાં પણ કુશળ હશે. પછી જ્યારે બીજે દિવસ થયો, ત્યારે શું જુઓ છો કે તેની પાસે જે ગામ હતાં તે બધાં ચોરોએ લૂંટી લીધાં અને ગામવાશીયોને મારી નાંખ્યા, ત્યારે તેણે પોતાની સ્રીને કહ્યું કે જો કુતરૂં ને બળદ આપણા ઘરમાં હોત અને રાત્રે બોલત તો નિઃસંદેહ શબ્દ સાંભળીને ચોર અમારી પાસે આવીને લૂંટી લેઇ જાત અને પ્રાણ પણ બચત નહિ. માટે સર્વ પ્રકારે ભગવત્ ભલું કરે છે, પણ કોઇ જાણી શકતું નથી.

વળી હે જીજ્ઞાસુ તું એમ જાણ કે કેટલાક પુરૂષ આ પ્રમાણે પણ કહે છે કે "શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞા માનવાનો અર્થ એ છે કે શ્રીકૃષ્ણ મહારાજની પાસે પ્રાર્થના કે યાચના પણ ન કરે. અને પાપકર્મને જોઇને ગ્લાની ન કરે, શાથી કે એ પણ ભગવત્‌ની આજ્ઞાએ કરીને થાય છે. વળી જે નગરમાં પાપ, કલેશ, કે કોઇ બીજા દુઃખની અધિકતા થાય ત્યારે તેનો ત્યાગ પણ ન કરે શાથી કે એમાં શ્રી રામજીની આજ્ઞાથી વિમુખતા થાય છે." તો આ તેમનું કહેવું મોટી મૂર્ખતા છે. શાથી કે મહા પુરૂષ પણ શ્રીકૃષ્ણ મહારાજની પાસે પ્રાર્થના કરતા હતા. અને એમ કહેતા હતા કે પ્રાર્થના કરવી એ પણ ઉત્તમ ભજન છે. તો એનું કારણ એ છે કે પ્રાર્થનામાં કોમળતા, દીનતા, નમ્રતા અને ચિત્તની એકાગ્રતા અને નિરાભિમાનતા પ્રકટ થાય છે. એ બધા સાત્વિકી ગુણ છે. વળી જેમ તૃષા દૂર કરવાને નિમત્તે જળ પીએ અથવા ભૂખને નિમિત્તે ભોજન કરે, અથવા શીતને નિમિત્તે વસ્ર પહેરે

ત્યારે એથી કરીને શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞાથી વિમુખતા થતી નથી. તેમજ મહારાજની પાસે પ્રાર્થના કરવાથી આજ્ઞા માનવાનું સ્વરૂપ ખંડિત થતું નથી. શાથી કે જે કાર્યની સાથે જે જે પદાર્થનો સંબંધ શ્રીરામ કૃષ્ણજીએ રચ્યો છે. તેથી વિપર્યય કર્મ કરવું એજ આજ્ઞાથી વિમુખતા થાય છે. એટલા માટે કે કાર્ય અને કારણનો સંબંધ શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞાએ કરીને થયો છે. પણ જ્યારે પાપકર્મ વિષે પ્રસન્ન થઇને વર્તે અને તેને શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞા જાણે ત્યારે તે અયોગ્ય છે. શાથી કે પાપકર્મોથી શ્રીકૃષ્ણ મહારાજે વર્જિત કર્યાં છે. અને એમ કહ્યું છે કે "જે પુરૂષ કોઇને પાપકર્મની આજ્ઞા આપે ત્યારે તે પણ પાપનો ભાગી થાય છે. અને યદ્યપિ પાપકર્મ પણ શ્રી-રામ કૃષ્ણજીએજ ઉત્પન્ન કર્યાં છે, તો પણ પાપકર્મનું મુખ બે તરફ હોય છે. તેમાં એક શ્રીકૃષ્ણ મહારાજની તરફ છે, અને બીજું મુખ જીવની તરફ છે. પણ જીવની તરફ જે કર્મનું મુખ કહ્યું છે, તે એ છે કે જીવનાજ પુરૂ-ષાર્થ અને શ્રદ્ધાએ કરીને સિદ્ધ થાય છે.

વળી ભગવત્‌ની તરફ કર્મનું મુખ આ રીતે કહ્યું છે કે શુભ અને અ-શુભ કર્મ શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞા અને નિયમે કરીને રચેલાં છે. તેથી આ પ્રમાણે કહીએ તો પ્રમાણ છે કે આ સંસાર પાપકર્મોથી રહિત થઇ શકતો નથી. શાથી કે સંસારને ભગવતે ગુણદોષ મિશ્રિત રચ્યો છે. પણ જ્યારે જી-વની તરફ દ્દષ્ટી કરીએ કે કર્મનો સંબંધ જીવના પુરૂષાર્થની સાથે થાય છે. ત્યારે એમ જાણવું જોઇએ કે આ જીવ પાપકર્મે કરીને વિમુખ થાય છે. અને ભગવતના કોપને દેખે છે. તેથી પાપ કરવાની ભગવત્‌ની આજ્ઞા નથી. અને પાપનો ત્યાગ કરવો એ આજ્ઞાથી વિમુખતા પણ નથી. શાથી કે કર્મનો જે સંબંધ આગળ વર્ણન કર્યો છે, કે ઇશ્વરની આજ્ઞા અને જીવના પુરૂષાર્થે ક-રીને કર્મ સિદ્ધ થાય છે. તેનું દ્દષ્ટાંત એ છે કે જેમ કોઇ આ પુરૂષનો શત્રુ હોય અને તેના શત્રુનો પણ કોઇ શત્રુ હોય ત્યારે તેના મરણ વિષે આ પુ-રૂષને એક પ્રકારનો શોક થાય છે. અને એક ભાવથી પ્રસન્ન થાય છે. તો જેમ તે શત્રુનું મરવું બેઉ તરફ સંબંધ રાખે છે. તેમજ કર્મોનો સંબંધ પણ

એક તરફ હોય છે. તેથી પાપકર્મોનો ત્યાગ કરવો એ અવશ્યજ પ્રમાણ છે. તેમજ જે નગર વિષે પાપની અધિકતા હોય ત્યારે તેનો ત્યાગ કરવો પણ યોગ્ય છે. શાથી કે પાપે કરીને જે વિઘ્ન આવે છે. તેનો પણ પ્રવેશ થઇ જાય છે. તેથી જે ઠેકાણા વિષે અચાનકજ નેત્ર પરસ્ત્રીની તરફ જઇ પડે ત્યારે તે ઠેકાણાનો ત્યાગ કરવો પણ પ્રમાણ છે. તો એથી કરીને શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞાથી વિમુખતા થતી નથી. તેમજ જે નગર વિષે કલેશ અને દુર્ભિક્ષ હોય ત્યારે તેનો ત્યાગ કરવો પણ યોગ્ય છે. પણ જે ઠેકાણે રોગની અધિકતા થઇ ગઇ હોય, ત્યારે તેનો ત્યાગ કરવાનું સંતજનોએ વિવર્જિત કરેલો છે. શાથી કે જ્યારે અરોગી પુરૂષ રોગીયોને ત્યાગી દે ત્યારે તે રોગી મૃત્યુને પ્રાપ્ત થશે. માટે જે જે પ્રકારે શ્રીરામજીનો નિયમ થયો છે, તો તે પ્રમાણે વર્તવું જોઇએ. અને આજ્ઞા માનવાનો અર્થ પણ એજ છે. કે સર્વ પ્રકારે શ્રીરામ કૃષ્ણજીની આજ્ઞાને ઓળખીને ચિત્તની પ્રસન્નતા વિષે દૃઢ થાય, અને તેમાં પોતાની ભલાઇ જાણે.

જેમ એક મહા પુરૂષે કોઈ પુરૂષને જોયો હતો કે "આંધળો, લંગડો અને પાંગળો પડેલો હતો અને કહેતો હતો કે શ્રીરામ કૃષ્ણજીનો ધન્યવાદ છે. કે જેણે સર્વ દુઃખોથી મારી રક્ષા કરી. ત્યારે તે મહા પુરૂષે તેને કહ્યું કે એવું શું દુઃખ છે કે જે તને પ્રાપ્ત થયું નથી? પછી તેણે કહ્યું કે જે મનુષ્યને ધન્યવાદની કંઇ બુઝ નથી ત્યારે તેનાથી હું વધારે સુખી છું. પછે તે મહા પુરૂષે તેના નેત્રોને તથા શરીરને પણ સુંદર અરોગ કરી દીધાં.

એક બીજા પ્રીતિમાનને વિમુખોએ બંદીખાને નાંખ્યો હતો તે જ્યારે તેના મિત્રો મળવાને આવ્યા ત્યારે તેણે પરીક્ષાને નિમિત્તે તેમને પથ્થર માર્યા ત્યારે તે નાશી ગયા ત્યારે તેણે કહ્યું કે તમે જુઠા મિત્ર છો. શાથી કે મિત્રના દુઃખ વિષે મિત્રને દુઃખ જણાતું નથી.

ઇતિશ્રી પારસ ભાગનું મોક્ષદાયક નામનું ચોથું પ્રકરણ સમાપ્ત.

સમાપ્ત.